વીતરાગ પ્રશ્નોત્તરમાળા



॥ શ્રી સીમંધરસ્વામીને નમઃ ॥

॥ નમામિ નિત્યં દાદા ભગવાનમ્ ॥

વીતરાગ પ્રશ્નોત્તરમાળા

(એક સમકિતધારીની તમન્ના)

: સંકલન :

સર્વજ્ઞશ્રી દાદા ભગવાન દીક્ષિત આપ્તપુત્ર

શ્રી કમલેશ કાન્તિલાલ દવે.

પ્રકાશક	:	"સંયમ ધામ" નાગર બાગ, ગામ સિગોંદ, વાયા-કડોદ, તાલુકો-બારડોલી, જિલ્લો-સુરત પીન કોડ : ૩૯૪૩૩૫
આવૃત્તિ	:	પ્રથમ
પ્રત	:	૧૦૦૦
વર્ષ	:	તારીખ : ૨૪/૧/૧૯૯૬ (વસંત પંચમી)
મૂલ્ય	:	પરમ વિનય અને હું કંઈજ જાણતો નથી એ ભાવ.
પ્રાપ્તિસ્થાન	:	"સંયમધામ" નાગર બાગ, ગામ : સિગોંદ, તાલુકો : બારડોલી, જિલ્લો : સુરત, પીન કોડ : ૩૯૪૩૩૫
ટાઈટલ પેજ ડિઝાઈન	:	કાંતિલાલ એસ. પંચાલ (કલેન્દ્ર) આચાર્ય, સી. એન. કોલેજ ઓફ ફાઈન આર્ટસ્, આંબાવાડી, અમદાવાદ.
મુદ્રક	:	કિરીટ ગ્રાફીક્સ, ૨૦૮/આનંદ શોપીંગ સેન્ટર, ૪થે માળ, રતન પોળ, અમદાવાદ-૧ ● ફોન : ૫૩૫૨૬૦૨

મંગલાચરણ

(૧) સંસાર વિઘ્નો નિવારક ત્રિમંત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં ॥ ૧ ॥
ૐ નમો ભગવતે વાસુદેવાય ॥ ૨ ॥
ૐ નમઃ શિવાય ॥ ૩ ॥

(૨) પ્રત્યક્ષ "દાદા ભગવાન" ની સાક્ષીએ વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન "શ્રી સીમંધર સ્વામીને" અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૩) ભરતક્ષેત્રે હાલ વિચરતા સર્વજ્ઞ "શ્રી દાદા ભગવાનને" નિશ્ચયથી અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૪) પ્રત્યક્ષ "દાદા ભગવાન" ની સાક્ષીએ છ દેવલોકમાં રહેલા સર્વે દેવી-દેવતાઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૫) પ્રત્યક્ષ "દાદા ભગવાન" ની સાક્ષીએ મહાવીર શાસનના રક્ષક દેવી-દેવતાઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

જય સચ્ચિદાનંદ

પ્રસ્તાવના

(પ્રાસ્તાવિક કથન)

વર્તમાન કાળે બુદ્ધિશાળી વર્ગ ઉત્તરોત્તર વધતો જાય છે પરંતુ કોમ્પ્રેસ થયેલા કર્મોની ગાંસડીઓ લઈને આવેલા આ જીવોને ઘડીની નવરાશ નથી અને પળની ફુરસદ નથી. બાકી આ કાળમાં શાસ્ત્રો કે ધર્મગ્રંથોની કોઈ કમી નથી પરંતુ આ કળીકાળના જીવોને લાંબું લચક વાંચવાની, વિચારવાની ફુરસદ નથી, ઉપરાંત કેટલાક જીવો આવા વ્યાખ્યાન, આખ્યાન અને ભાષણો વાંચીને-સાંભળીને ઉબાઈ ગયા છે, સખત કંટાળો અનુભવી રહ્યા છે. આવા જીવોને અલ્પ સમયમાં બોધકળાનો આસ્વાદ મળે તે આ દિવ્ય ગ્રંથની એક આગવી વિશેષતા છે. આ ગ્રંથ સર્વજ્ઞ શ્રી દાદા ભગવાનના મુખે નીકળેલી વ્યવહાર સબંધી વાતોનું પ્રતિપાદન કરતો જડીબૂટ્ટી રૂપ ગૂટકો છે. જીવમાત્રની આકુળતા, વ્યાકુળતા સમી જાય એવી અદ્‌ભૂત ચમત્કારીક રસાયણ ઔષધિ આ ગ્રંથમાં છે. કોઈપણ પ્રકારના પક્ષાપક્ષી રહિત જ્ઞાની પુરૂષની સ્યાદવાદ વાણી પ્રશ્નોત્તર રૂપે સંકલના પામી છે.

કળિયુગ તથા દુઃષમકાળ જેને જ્ઞાની વિકરાળ કાળની ઉપમા આપે છે તેવા કાળના પ્રભાવે વિપુલ ધર્મ શાસ્ત્રો આજના માનવીને અણીના સમયે કામ લાગતા નથી. ગમે તેવી મૂલ્યવાન દવા હોય તો પણ એની એક્સપાયરી ડેટ વીતી જાય એટલે એની રોગ નિર્મૂળ કરવાની મૌલીક તાકાત કાળક્રમે આપોઆપ જ ખલાસ થઈ જાય છે. એટલે જ્ઞાનીએ ''કેવળદર્શન'' માં જોઈને કરૂણાભાવે કહ્યું કે ''પહેલાનાં શાસ્ત્રો આજે આ કાળમાં કામ નહીં લાગે, લોકો જ એને અભરાઇએ ચઢાવી દેશે અને આ કાળને અનુરૂપ નવાં શાસ્ત્રો રચાશે''. જ્ઞાનીએ શાસ્ત્રની વ્યાખ્યા આપતા કહ્યું કે ''પબ્લીકને એડજેસ્ટેબલ થાય એનું નામ શાસ્ત્ર'' આ બંન્ને વાક્યમાં રહેલા બ્રહ્માંડી વચનબળને કારણે જ એમની અપાર કૃપા દષ્ટ્રિને વરેલા એક સમકિતધારી આપ્તપુત્રને પૂજ્ય દાદાશ્રીને શ્રીમુખેથી નીકળેલ વ્યવહાર વાણીને પ્રશ્નોત્તરી રૂપે ટૂંકમાં રજૂ કરવાની એક તમન્ના પ્રગટ થઈ જેના ફળ સ્વરૂપે તથા વર્તમાન કાળના જિજ્ઞાસુ તથા મુમુક્ષુ જીવોની ઉત્કૃષ્ટ પુણ્યના પ્રતાપે આ વીતરાગ પ્રશ્નોત્તરમાળા (એક સમકિતધારીની તમન્ના) નામક ગ્રંથની સંકલના થવા પામી છે.

તમન્ના એટલે તેની પરિપૂર્તિ માટે બધું જ હોડમાં મૂકવામાં આવે !!! તન, મન, ધન... દિવસ-રાત અંદર આજ ચાલ્યા કરે કે કેમ કરીને સત્વરે આ કાર્ય પરિપૂર્ણ થાય અને જ્ઞાનીના જગત કલ્યાણના કાર્યમાં આ ગ્રંથ ઉત્કૃષ્ટ નિમિત્ત કેમ કરીને બને ! જેથી જ્ઞાનીની વાણી દ્વારા જગત શાશ્વત શાંતિ અને સુખ સહજ રીતે ઘેર બેઠાં પામે અને આ તમન્ના તથા તેણે એકલા હાથે ઉઠાવેલ જબરજસ્ત પુરૂષાર્થ, એ આ આપ્તપુત્રની આથમતી ઈચ્છાના ફળ રૂપે છે. એની પાછળ એ આપ્તપુત્રના પૂર્વના અનંત ભવોનો જગત કલ્યાણનો ઘૂંટેલો સંકલ્પ નિગૂઢ રીતે રહેલો મહેસૂસ થાય છે અને ટૂંક સમયમાંજ નિશ્ચયનું પ્રતિપાદન કરતી જ્ઞાનીની વાણીનો અદ્‌ભૂત બીજો ગ્રંથ પણ વાંચકવર્ગને પ્રાપ્ત થશે.

એક સિદ્ધાંત છે કે તીર્થંકર ભગવંતોના ગણધરો મોટાભાગે બ્રાહ્મણ કુળમાં જ જન્મેલા હોય. અત્યારે જે ચરમ તીર્થંકર મહાવીરનું શાસન છે તેના અગિયાર ગણધરો બ્રાહ્મણ કુળમા જન્મેલા હતા. આ ગણધરો દ્વારાજ શાસ્ત્રોની રચના થતી હોય છે. તેમજ દ્વાદશાંગી આ ગણધરો દ્વારા જ રચાય છે. કુદરતી રચનાના આયોજન અનુસાર પ્રસ્તુત ગ્રંથનું સંકલન જેના નિમિતે થયું તે આપ્તપુત્ર શ્રી કમલેશ ઉચ્ચ બ્રાહ્મણ કુળમાં જન્મેલ છે. વળી પૂર્વજન્મના બળવત્તર સંસ્કારોને કારણે આ આપ્તપુત્રને આ

જ ભવમાં ઘણીબધી વિદ્યાઓ લબ્ધિ કે સિદ્ધિ સ્વરૂપે પ્રાપ્ત થયેલી છે. જ્ઞાનીના કથન મુજબ આ આપ્તપુત્રને કલમ, કડછી, બરછી તરવું, તસ્કરવું અને તંતરવું આ છ વિદ્યાઓ સિદ્ધ થયેલી છે. વધુમાં આ આપ્તપુત્ર જ્યોતિષ, આર્યુવેદ, વેદાંત, કર્મકાંડ, રસોઈ, સૌંદર્ય સાધના, માર્સલ આર્ટ (કરાટે) તથા ઘણા બધા લૌકીક ધર્મો તથા દર્શનો વિશે ઉડાંણમાં માહિતગાર છે.

પ્રસ્તુત ગ્રંથ બે ખંડોમાં વિભાજીત થયો છે. (૧) બ્રહ્માંડ રહસ્ય (૨) વ્યવહાર વિજ્ઞાન. જેમાંનો પ્રથમ ખંડ **"બ્રહ્માંડ રહસ્ય"** પંદર અધ્યાયમાં અને બીજો ખંડ **"વ્યવહાર વિજ્ઞાન"** ચોવીસ પ્રકરણોમાં વિભૂષીત થયેલ છે. એની અંતરગત વિભિન્ન પ્રકૃતિને પરિતૃપ્ત કરે તેવા નેવું જેટલા વિષયોના લક્ષ્યાંકો ૨૦૬૯ પ્રશ્નોના ઉત્તર સ્વરૂપે જ્ઞાનીની કૃપાથી વહ્યા છે, આ અમૂલ્ય સર્જનની પાછળ એક માત્ર જ્ઞાનીની કૃપાજ કાર્યાન્વીત રહી છે. જ્ઞાનીની કૃપા વગર આ શક્ય જ નથી એટલે તો આ સંકલન સહેજાસહેજ કુદરતી રીતે સર્જન પામ્યું છે.

આખું જગત ઇતિહાસ-ભૂગોળમાં અટવાયેલું છે. ઇતિહાસ-ભૂગોળથી બહાર પોતાનું અલગ અસ્તીત્વ છે તે સમજી શકવા માટે આજના કાળનો માનવી અસર્મથ રહ્યો છે. ત્યારે અહીં પ્રથમ ખંડમાં આ બ્રહ્માંડના સૂક્ષ્મતમ રહસ્યો પ્રથમ અધ્યાયમાં કાળના સ્વરૂપથી આરંભ કરી અંતે બ્રહ્માંડની અજાયબી નામના પંદરમા અધ્યાયમાં વિવરણ પામેલા છે. જેમાં સમગ્ર જીવ સૃષ્ટિને રહેવા માટેની વિવિધ પૃથ્વીઓનુ (૪૫ ક્ષેત્રોનું) વર્ણન છે. આ વિભિન્ન પ્રકારની પૃથ્વી ઉપર વસતા જીવોનું વર્ણન છે અને તેમાંય આ બ્રહ્માંડના ત્રેસઠ શલાકા પુરૂષોની વિશિષ્ટ લાક્ષણિકતાઓનું વર્ણન છે તથા તેમના વિષેનો વૈજ્ઞાનિક અભિગમ રજૂ થયો છે. આ ઉપરાંત વિદ્યાઓના જાણનાર વિદ્યાધરો તથા દેવલોક, નરક તથા સિદ્ધક્ષેત્રનું વર્ણન છે. આગમો અને શાસ્ત્રોનો ટૂંક પરિચય, સિદ્ધિ અને લબ્ધીઓનું બયાન અને અંતે બ્રહ્માંડની અજાયબીઓનું સાંગોપાંગ નિરૂપણ પ્રશ્નોતરી રૂપે સંકલીત થયું છે. પ્રથમ ખંડમાં બાવીસ વિષય ઉપર અદભૂત ઐતીહાસીક વીવરણ થયેલું છે.

વીતરાગ પ્રશ્નોત્તરમાળા ગ્રંથનો બીજો ખંડ **"વ્યવહાર વિજ્ઞાન"**માં જીવન જીવવાની કળા (બોધકળા) અંગે જ્ઞાની પુરૂષના મુખેથી નીકળેલ વ્યવહાર સંબંધી ખુલાસાઓ પ્રશ્નોત્તરી રૂપે પ્રસ્તુતી પામ્યા છે. શુદ્ધ વ્યવહારને પ્રગટાવવા માટે જડીબુટ્ટી રૂપ ટૂંકાણમાં જે વ્યવહાર સંબંધી દ્રષ્ટ્રિકોણ અદ્‌ભૂત રીતે સંકલિત થયું છે, રોજબરોજના જીવનમાં ઉદ્‌ભવતા અનેકવિધ અટપટા પ્રશ્નોના જીવનદોરી સમાન યથાર્થ ખુલાસાઓ આ વિભાગમાં અત્ર-તત્ર સમાવિષ્ટ થવા પામ્યા છે. આ ખંડમાં અડસઠ વિષયોનું નિરૂપણ છે.

કુદરત શબ્દથી કોણ અજાણ છે આમ છતાં કુદરતનાં ગુહ્યત્તમ રહસ્યોનો ઘટસ્ફોટ એક માત્ર જ્ઞાની જ આપી શકે. ક્લેશ ભાંગ્યો એ ભગવાન પદમાં આવ્યો. જેમ છે તેમ ન બોલવું તે કપટ. કુસંગનો પાસ અનંત જન્મોની કમાણીને ઘડીના છઠ્ઠા ભાગમાં ધૂળધાણી કરી નાંખે છે. "આટલી કોમનસેન્સ નથી?" એવું વારંવાર એકબીજાને કહેતા આપણે સાંભળીએ છીએ પણ ખરેખર કોમનસેન્સ કોને કહેવાય, એ જ્ઞાનીના શબ્દોમા સાંભળીએ-સમજીએ તો જ ખરેખર કંઇક કોમનસેન્સ ખીલે. જીવમાત્ર આહાર નામની સંજ્ઞા ધરાવે છે. પરંતુ આહાર સંબંધી વૈજ્ઞાનિક સમજ ન હોવાને કારણે બિનજરૂરી અભક્ષ્ય આહાર શરીરમાં દાખલ કરી "પહેલું સુખ તે જાતે નર્યા" આ શાસ્ત્ર કથનને ખંડીત કરીને શારીરિક રીતે પરવશ જીવન ગુજારતા નિહાળવા મળે છે. ખોરાક અંગેનું વિજ્ઞાન બીજા પ્રકરણમાં સંકલિત થયું છે. વિપુલ સુખ સગવડની સામગ્રી વિદ્યમાન હોવા છતાં આજનો માનવી ચિંતાથી એવો ચીમળાઇ જઇ જીવતી લાશની જેમ ચીતા ઉપર સૂઇ રહ્યો હોય તેવો દેખાય છે. કર્તાભાવ

હોય તેથી ચિંતા થાય એવું ઇગંત કરી જ્ઞાની પુરૂષ ચિંતાનો ઉકેલ ખૂબ સરળ ભાષામાં ચોથા પ્રકરણમાં નિર્દેશ કરે છે. જગતમાં રહેતા માનવોને જગત શું છે અને જગતનું બેઝમેન્ટ શું છે એની સાચી પૂર્ણ સમજ નથી એ તો જ્ઞાની પુરુષ કહે ત્યારે જ ખબર પડે કે જગત એ કોઇ વસ્તુ નથી પણ આત્માનો વિકલ્પ છે. બ્રહ્માંડના આકાશમંડળમાં રહેલા ગ્રહો માનવીને નડતા નથી પરંતુ ''પીંડે સો બ્રહ્માંડે'' એ ઉક્તિ અનુસાર શરીરની ભીતર રહેલા ગ્રહો [આગ્રહ, દુરાગ્રહ(મંગળ), હઠાગ્રહ(શની), મિથ્યાગ્રહ, કદાગ્રહ, મતાગ્રહ, સત્યાગ્રહ, પરિગ્રહ, અભિગ્રહ] જ માણસને નડે છે. મનુષ્ય માત્ર ગ્રહોથી ગ્રહાયેલો હોવાથી જીવન પીડાકારી બને છે. ટેવ, ટીકા, ટ્રીક, ટેન્સન અને ત્રાગુ જેવા સામાન્ય શબ્દો અંગેની જ્ઞાની દ્વારા થયેલી છણાવટ વિચારણીય છે. કોઇ જ્ઞાનીએ પૈસાનો વ્યવહાર, તથા પતિ-પત્ની કે બાળકો સાથેના વ્યવહાર વિષે આટલું વિષદ કહ્યું હોય તેવું મારી જાણમાં નથી. મોક્ષમાર્ગે આગળ વધવામાં વ્યવહાર નડતો નથી પણ મનુષ્યની પોતાની આડાઇઓ, લાલચ, કપટ, શંકા-કુશંકા, ઘાટ, મમતા, મોહ આદિ જે નડતર રૂપ છે તે બાબતે સ્પષ્ટ સમઝ આ દ્વિતિય ખંડમાં નિરૂપાયેલ છે. વ્યવહારમાં કેમ ખાવું, કેમ સુવું, કેમ કપડાં પહેરવાં વગેરે બાબતો અંગે પણ વૈજ્ઞાનિક અભિગમ આ ખંડમાં રજૂ થયેલ છે. આ ઉપરાંત પણ કેટકેટલુંય આ ગ્રંથમાં પડેલું છે જેનું આકલન કરવા આ વાણી 'અસમર્થ' છે.

પૃથ્વીના વ્યાપક ફલકના અલગ અલગ ક્ષેત્રે, અલગ અલગ સમયે વિવિધ નિમિત્તોને આધિન સહજ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અપ્રતિબદ્ધ રીતે વિચરતા જ્ઞાનીના શ્રીમુખેથી પ્રશ્નોત્તર રૂપે નિકળેલ અલભ્ય વાણીના વિવિધ મુક્તકોને એક સૂત્રમાં પરોવી ''માળા'' રૂપે વ્યક્ત કરવાનો પ્રસંશનીય પ્રયાસ સદરહું ગ્રંથમાં થયો છે. જ્ઞાની પુરુષના શ્રીમુખેથી દેશના રૂપે વહેલ સ્યાદ્વાદ વાણીના અપૂર્વ બ્રહ્મ વાક્યોની તુલના આ બ્રહ્માંડના શ્રેષ્ઠ રત્નો કે મૌક્તિકો સાથે કરવી એ જ્ઞાનીની વાણીનું અવમૂલ્યન થયું ગણાય આમ છતાં પણ કાળ અને ભિન્ન ભિન્ન વ્યક્તિઓની અપેક્ષાએ જુદા જુદા સમયે અને જુદા જુદા સ્થળે નીકળેલ આ બ્રહ્મવાક્યોની અલૌકિક માળા ગુંથાઇ છે. આ અમૂલ્ય સર્જનની પાછળ જ્ઞાનીની કૃપા જ કાર્યાન્વિત રહી છે.

પ્રથમ ખંડમાં જે ''અધ્યાય'' શબ્દ પ્રયોજાયો છે તે આપણી આર્ય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે શાસ્ત્રોક્ત પદ્ધતિ અનુસાર પ્રયોજાયો છે. જ્યારે બીજા ખંડમાં ચોવીસ પ્રકરણો આવેલાં છે. અહિં પ્રકરણ શબ્દ પ્રયોજવા પાછળનું રહસ્ય જાણવા જેવું છે. પ્રકરણ એટલે વિશેષ પ્રકારની કૃતિ અને આ કૃતિ મન, વચન, કાયા રૂપી ત્રણ કરણોના માધ્યમ દ્વારા જ સંભવિત છે તે ૨૪(પ્રકરણ)×૩(કરણ) = ૭૨. સર્વ ધર્મોના મુખ સમાન તથા જેમના થકી આ અવસર્પિણી કાળમાં ધર્મની શરૂઆત થઇ તે આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને બોતેર કળાઓ જેને આ અક્રમ આપ્યું હતું એવા પોતાના પુત્ર શ્રી ભરત ચક્રવર્તીને શીખવી હતી. જે કળાઓના નામ તથા તે ઉપરાંતની બોધકળાઓ આ ગ્રંથમાં સમાવિષ્ટ થઇ છે જેના પારાયણ થકી શુભ અને શુદ્ધ વ્યવહાર પ્રગટ થઇ શકે.

અત્રે એક બાબત ખાસ ઉલ્લેખનીય છે કે, પ્રસ્તુત ગ્રંથનાં પ્રથમ ખંડમાં જે પ્રશ્નો સમાવિષ્ટ થયેલા છે, તેમાં સંકલન કર્તાએ જૈન દર્શનનો આધાર લીધેલ છે, જ્યારે બીજા ખંડમાં જે પ્રશ્નો સમાવિષ્ટ થયા છે તેમા જ્ઞાની પુરુષ 'દાદા ભગવાનની' વાણીનો આધાર લીધેલ છે.

મહાત્મા

શ્રી જયંતીભાઇ વી. શાહ

આત્મીય નિવેદન

આ દેહ કે જેનું નામ કમલેશ છે, તેનો જન્મ તારીખ : ૮/૧૦/૧૯૫૫ ના રોજ ઉચ્ચ બ્રાહ્મણ કુળમાં વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં થયેલ. બાળપણથી જ મા બાપ દ્વારા ઉચ્ચ સંસ્કારોનું સિંચન થયેલ અને તેથી ધર્મ અને અધ્યાત્મમાં રૂચિ ઉત્પન્ન થયેલ. કમલેશનું બાળપણ અને યુવાની તથા સમગ્ર ભણતર [**બી. કોમ., એલ. એલ. બી.**] અમદાવાદ શહેરમાં પુરુ થયેલ. પૂર્વના પુણ્ય ઉદયથી બાવીસ વર્ષની ઉંમરે તારીખ : ૧૨/૫/૧૯૭૭ ના રોજ ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ નામની અર્ધ સરકારી સંસ્થામાં નોકરી મળેલ. પુણ્યાનું બંધી પુણ્યને કારણે ચોવીસ વર્ષની ઉંમરે વ્યવહારના ગુરુ શ્રી નટુભાઈ શેઠના નિમિત્તે જ્ઞાની પુરુષ સર્વજ્ઞ શ્રી દાદા ભગવાનનો ભેટો થયો અને તેમના દ્વારા તારીખ : ૨૭/૫/૧૯૭૯ ના રોજ **જ્ઞાન દીક્ષા**ની પ્રાપ્તિ થઈ. બીજા શબ્દોમાં કહીએ તો અજન્માં અમર એવો નવો જંન્મ જ્ઞાની દ્વારા આ દિવસે થયો. જ્ઞાની પુરુષની અદ્‌ભૂત કરૂણાને કારણે તારીખ : ૪/૧૨/૧૯૮૨ ના રોજ **બ્રહ્મચર્ય વ્રતની દીક્ષા** પ્રાપ્ત થઈ તથા આ શરીરને પ્રારબ્ધ કર્માનુસાર તારીખ ૨/૫/૧૯૯૩ ના રોજ **સર્વસંગ પરિત્યાગ** ઉદયમાં આવેલ અને ત્યાર પછી સર્વજ્ઞ શ્રી દાદા ભગવાનની આજ્ઞા અનુસાર પૂજ્ય દાદાશ્રીએ નક્કી કરેલ સિંગોદ ગામની પવિત્ર ભૂમિ ઉપર બંધાયેલ **"સંયમધામ"** માં રહેવાનો સંયોગ પ્રાપ્ત થયો. આ ક્ષેત્રમાં જ્ઞાનીની આજ્ઞા પાળવાના ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરતાં જગત કલ્યાણના કાર્યમાં નિમિત્ત બની શકાય તે માટે જ્ઞાનીની વાણીને પ્રશ્નોત્તરી રૂપે સંકલિત કરવાનો એક દિવ્ય સંકેત પ્રજ્ઞા શક્તિ દ્વારા પ્રાપ્તિ થયો અને તે સંકેત મુજબ સૌ પ્રથમ જ્ઞાનીની વ્યવહાર સબંધી વાણી ઉપરાંત જૈન દર્શનની ઈતિહાસ-ભૂગોળ સબંધી વાતો પણ આ ગ્રંથમાં પ્રશ્નોત્તરી રૂપે સંકલના થવા પામી છે. દીક્ષા પર્યાયના પ્રથમ બે વર્ષ જેટલા ટૂંકા સમયમાં જ આ ગ્રંથ તથા નિશ્ચય(આત્મા)સબંધી વાણીનો ગ્રંથ એમ કુલ બે ગ્રંથ તૈયાર થઈ શક્યા છે, તે પાછળ જ્ઞાનીની સૂક્ષ્મ કૃપા અને દેવીદેવતાઓનો રાજીપોજ કામ કરી રહ્યો છે એ ચોક્કસ વાત છે. આ ગ્રંથમાં સંકલિત થયેલી કોઈ વાત વાંચતાં, કોઈને પોતાની પ્રકૃતિ મુજબ તે પસંદ ન પડે અથવા કિંચિતમાત્ર પણ

દુઃખ થાય તો તેની અમો ક્ષમા માગીએ છીએ તથા અમારું વાચકવર્ગને એક નમ્ર નિવેદન છે કે અમારી કોઇ ભૂલ જણાય. તો વિના સંકોચે અમોને લખી જણાવશો તો અમે આપનો ખુબ આભાર માનીશું. અહિં વાચકવર્ગને જણાવતા અમો હર્ષ અનુભવીએ છીએ કે ટૂંક સમયમાંજ જ્ઞાનીની નિશ્ચય(વીતરાગ વિજ્ઞાન)સબંધી વાણીનો પ્રશ્નોત્તરી રૂપે ગ્રંથ બહાર પડશે. જેનો લાભ જિજ્ઞાસુ તથા મુમુક્ષુ વર્ગને રણમાં મીઠી વીરડી સમ પ્રાપ્ત થશે. અત્રે એક અન્ય નિવેદન છે કે આ ગ્રંથની કોઇપણ પ્રકારે અશાતના ના થાય તે બાબતનું વાંચકવર્ગ હંમેશા ધ્યાન અને સાવધાની રાખે. આ ગ્રંથ તૈયાર કરવાના કાર્યમાં સિંગોદ ગામના યુવકોએ જે સહકાર આપ્યો છે તે બદલ તેમનો હું આભારી છું અને તેમાંય ખાસ કરીને શ્રી સંજય પટેલ, શ્રી રાજુ પટેલ તથા શ્રી વિમલ શાહ, આ ત્રણ યુવાનોએ જે સહકાર આપ્યો છે તે ક્યારેય ભૂલી શકાય તેમ નથી. પ્રસ્તુત ગ્રંથ છપાવવા માટે જે દાનવીર મહાત્માઓએ જ્ઞાન દાનનો પ્રવાહ વહેવડાવીને આર્થીક સહાયતા પુરી પાડેલ છે, તે તમામ દાતા મહાત્માઓનો હું ખુબ ખુબ ઋણી છું.

કમલેશ કે. દવેના લઘુત્તમભાવે
જય સચ્ચિદાનંદ

પ્રથમ ખંડ

બ્રહ્માંડ રહસ્ય

પ્રથમ ખંડ - અનુક્રમણિકા

અધ્યાય	વિષય	પ્રશ્નસંખ્યા	પૃષ્ઠ
૧	કાળનું સ્વરૂપ	૭૦	૩
૨	લોકાલોક અને અઢીદ્વીપ	૮૭	૨૬
૩	મહાવિદેહક્ષેત્ર	૨૭	૬૨
૪	જીવ-તત્ત્વ	૬૭	૭૬
૫	નવતત્ત્વ	૪૧	૧૦૭
૬	તીર્થંકરો, ગણધરો, કેવળી	૨૪૭	૧૪૦
૭	ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બળરામ	૮૩	૨૩૧
૮	વિદ્યા અને વિદ્યાધરો	૧૫	૨૫૨
૯	દેવલોક	૨૧૦	૨૫૬
૧૦	નરક	૫૭	૩૦૫
૧૧	સિદ્ધક્ષેત્ર	૨૨	૩૧૮
૧૨	આગમ પરિચય	૭૪	૩૨૬
૧૩	શાસ્ત્ર પરિચય	૪૪	૩૫૯
૧૪	સિદ્ધિઓ, લબ્ધિઓ	૨૩	૩૭૦
૧૫	બ્રહ્માંડની અજાયબીઓ	૯	૩૮૦
	કુલ પ્રશ્નો	૧૦૭૬	

અધ્યાય પહેલો
કાળનું સ્વરૂપ

પ્ર : ૧ કાળ કોને કહે છે ?

ઉ : ૧ જીવાજીવ દ્રવ્યોના પર્યાયને કાળ કહેવાય. દરેક કાળ અણુના અનંત સમય પર્યાય છે. નવાને જૂનું કરે તેનું નામ કાળ. કપિલમુનિ કાળની વ્યાખ્યા આપતાં જણાવે છે કે "ગુણોની જેમાં સામ્યાવસ્થા હોય છે. અને નામરૂપાદિ વિભાગોથી જે રહિત હોય છે, નિર્વિશેષ એવી પ્રકૃતિને જેનાથી ચેષ્ટા પ્રાપ્ત થાય છે, ગુણોની સામ્યાવસ્થા ત્યજી જેને લીધે પ્રકૃત્તિ જુદા જુદા વિકાર પામે છે તેને કાળ કહે છે."

પ્ર : ૨ કાળ દ્રવ્ય કોને કહે છે ?

ઉ : ૨ પોતપોતાની અવસ્થારૂપે સ્વયમ્ પરિણમતા જીવાદિ દ્રવ્યોનાં પરિણમનમાં જે નિમિત્ત હોય તેને કાળ દ્રવ્ય કહે છે. જેમ કે, કુંભારના ચાકને ફરવા માટે લોઢાનો ખીલો અથવા તો જે દ્રવ્યોના પરિણમનમાં સહકારી હોય અર્થાત્ જે નવાને જીર્ણ કરે અને જીર્ણને નષ્ટ કરે. દા.ત. કાતર અને કાપડ. જેવી રીતે કાતર કાપડનું (વસ્ત્રનું) પરિવર્તન કરવામાં સહકારી થાય છે. તેવી રીતે ધર્માસ્તિકાય આદિ પાંચેય દ્રવ્યોના પરિવર્તનમાં કાળ સહાયક છે.

પ્ર : ૩ કાળ દ્રવ્યને કાળાણું કેમ કહે છે ?

ઉ : ૩ કાળ દ્રવ્ય એક પ્રદેશી છે અથવા પરમાણુ માત્ર પ્રમાણવાળો છે તેથી તેને કાળાણું કહે છે.

પ્ર : ૪ કાળાણું કોને કહે છે ?

ઉ : ૪ અણુ પ્રમાણ કાળદ્રવ્યને કાળાણું કહે છે. આ નિશ્ચય કાળદ્રવ્ય છે સમયમાં જે સૌથી ઓછો હોય તેને પણ કાળાણું કહે છે.

પ્ર : ૫ કાળ દ્રવ્યને એક પ્રદેશીપણું કેવી રીતે સિદ્ધ થાય છે ?

ઉ : ૫ જો કાળદ્રવ્ય એક પ્રદેશ માત્ર ન હોય તો સમય પર્યાયની ઉત્પત્તિ ન સંભવી શકે. એક પરમાણું એક કાળાણુંથી બીજા કાળાણું પર મંદગતિથી ગમન કરે ત્યાં સમય પર્યાયની પ્રસિદ્ધિ થાય છે. જો કાળદ્રવ્ય બહુ પ્રદેશી હોત તો એક સમયની નિષ્પત્તિ ન બની શકત. હવે એક પ્રદેશી હોવા છતાં પુદ્ગલ-પરમાણુને અસ્તિકાયપણાની સિદ્ધિ કરે છે.

પ્ર : ૬ કાળના કેટલા પ્રકાર છે ?

ઉ : ૬ કાળના ચાર પ્રકાર છે :-

(૧) પ્રમાણકાળ (વખત બતાવનાર) (૨) આયુષ્ય નિવૃત્તિકાળ (આયુષ્ય ભોગવાય તે કાળ) (૩) મરણકાળ (૪) અદ્ધાકાળ (સમયકાળ)

[૧] **પ્રમાણકાળ** :- તેના બે ભેદ છે : દિવસ-પ્રમાણ કાળ અને રાત્રિ-પ્રમાણ કાળ. ચાર પ્રહરનો દિવસ અને ચાર પ્રહરની રાત્રિ હોય છે. ત્રણ કલાકનો એક પ્રહર ગણાય છે.

(અ) અષાઢી પૂનમને દિવસે સૂર્ય કર્ક રાશિમાં આવીને પ્રથમ માંડલામાં ચાલે છે એ દિવસે ૧૮ મુહૂર્તનો ઉત્કૃષ્ટ દિવસ અને ૧૨ મુહૂતની જઘન્ય રાત્રિ હોય છે. ૧૪ કલાક ૨૪ મિનિટનો દિવસ અને ૯ કલાક ૩૬ મિનિટની રાત્રિ.

(બ) પોષ મહિનાની પૂનમને દિવસે ૧૮ મુહૂર્તની ઉત્કૃષ્ટ રાત્રિ અને ૧૨ મુહૂર્તનો જઘન્ય દિવસ હોય છે. અર્થાત્ ૧૪ કલાક ૨૪ મિનિટની રાત્રિ અને ૯ કલાક ૩૬ મિનિટનો દિવસ હોય છે.

(ક) ચૈત્રી પૂનમ અને આસોની પૂનમનો સૂર્ય મધ્ય માંડલામાં આવે છે ત્યારે ૧૫ મુહૂર્તનો દિવસ અને ૧૫ મુહૂર્તની રાત્રિ હોય છે. અર્થાત્ ૧૨ કલાકનો દિવસ અને ૧૨ કલાકની રાત્રિ હોય છે.

[૨] **આયુષ્ય નિવૃત્તિકાળ** :- નારકી, દેવતા, મનુષ્ય અને તીર્યંચ્ તથા સર્વ સંસારી જીવ પોતપોતાનાં બાંધેલાં આયુષ્ય ભોગવે છે તેને આયુષ્ય નિવૃત્તિકાળ કહેવાય છે.

[૩] **મરણ કાળ** :- જીવ શરીરથી અને શરીર જીવથી જુદાં પડે તેને મરણકાળ કહેવાય છે.

[૪] **અદ્ધાકાળ (સમયકાળ)** :- આજ, આવતીકાલ, માસ, વર્ષ આદિ અનેક પ્રકારે અદ્ધાકાળ છે. સમય, આવલિકા આદિને અદ્ધાકાળ કહે છે.

અદ્ધાકાળના અનેક ભેદ છે. જે નીચે મુજબ છે :-

(૧) સૂક્ષ્મમાં સૂક્ષ્મ અવિભાજ્ય કાળ = એક સમય

(૨) અસંખ્ય સમય = એક આવલિ

(૩) ૨૫૬ આવલિકા = એક ક્ષુલ્લક ભવ (નિગોદીઆનો)

(૪) ૧૭ થી અધિક ક્ષુલ્લક ભવ =એક શ્વાસોચ્છ્વાસ

(૫) ૪૩૫૨ થી વધારે આવલિ =એક શ્વાસોચ્છ્વાસ

(૬) સાત શ્વાસોચ્છ્વાસ = એક સ્તોક
(૭) સાત સ્તોક = એક લવ
(૮) ૭૭ લવ (૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ) = એક મુહૂર્ત
(૯) ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ = એક મુહૂર્ત
(૧૦) ૨ ઘડી (૪૮ મિનિટ) = એક મુહૂર્ત
(૧૧) ૧, ૬૭, ૭૭, ૨૧૬ આવલિકા = એક મુહૂર્ત
(૧૨) ૨ થી ૯ સમય = એક સમય પૃથક્ત્વ્ (એક જઘન્ય અંત મુહૂર્ત)
(૧૩) ૧ સમય ન્યૂન મુહૂર્ત = ૧ ઉત્કૃષ્ટ અંતમુહૂર્ત
(૧૪) ૧૫ મુહૂર્ત = ૧ દિવસ
(૧૫) ૧૫ મુહૂર્ત = ૧ રાત (રાત્રિ)
(૧૬) ૩૦ મુહૂર્ત = ૧ અહોરાત્રિ [૧ દિવસ અને ૧ રાત (ચોવીસ કલાક)]
(૧૭) ૧૫ અહોરાત્રિ = ૧ પક્ષ
(૧૮) ૨ પક્ષ = ૧ માસ (એક મહિનો)
(૧૯) ૨માસ (૨ મહિના) = એક ઋતુ
(૨૦) ૬ માસ (૩ ઋતુ) = એક અયન (ઉત્તરાયન અથવા દક્ષિણાયન)
(૨૧) ૧૨ માસ (બે અયન) = એક વર્ષ
(૨૨) પાંચ વર્ષ = એક યુગ
(૨૩) વીસ યુગ = સો વર્ષ (૧વર્ષ શત)
(૨૪) ૧૦ વર્ષ શત = એક હજાર વર્ષ (૧ વર્ષ સહસ્ત્ર)
(૨૫) ૧૦૦ વર્ષ સહસ્ત્ર = એક લાખ વર્ષ (૧ વર્ષ શત સહસ્ત્ર)
(૨૬) ૮૪ લાખ વર્ષ = એક પૂર્વાંગ
(૨૭) ૮૪ લાખ પૂર્વાંગ = એક પૂર્વ
(૨૮) ૮૪ પૂર્વ = એક ત્રુટિતાંગ
(૨૯) ૮૪ ત્રુટિતાંગ = એક ત્રુટિત
(૩૦) અસંખ્ય વર્ષ = એક પલ્યોપમ
(૩૧) ૧૦ કોડાકોડી પલ્યોપમ = એક સાગરોપમ
(૩૨) ૧૦ કોડાકોડી સાગરોપમ = એક ઉત્સર્પિણી અથવા એક અવસર્પિણી
(૩૩) ૨૦ કોડાકોડી સાગરોપમ = એક કાળચક્ર
(૩૪) અનંત કાળચક્રો = પુદ્ગલ પરાવર્તન કાળ

(૩૫) જઘન્ય અન્તમુહૂર્ત = ૯ સમયનો કાળ

(૩૬) મધ્યમ અન્તમુહૂર્ત = ૧૦ સમયથી મુહૂર્તના છેલ્લા સમય પહેલાના એક સમય સુધીનો કાળ

(૩૭) ઉત્કૃષ્ટ અન્તમુહૂર્ત = મુહૂર્તમાં માત્ર એક જ સમય બાકી રહે તેવો કાળ

પ્ર : ૭ કાળ શું ખાય છે?

ઉ : ૭ તેનો ત્રણ પ્રકારે ઉત્તર છે :

સામાન્ય ઉપદેશમાં તે પ્રાણી માત્રનું આયુષ્ય ખાય છે. વ્યવહારનયથી કાળ "જૂનું" ખાય છે. નિશ્ચયનયથી કાળ માત્ર પદાર્થને રૂપાંતર આપે છે, પર્યાયાંતર કરે છે. નિશ્ચયનયથી કોઈપણ પદાર્થ કોઈપણ કાળમાં નાશ પામતો જ નથી. માટે કાળ ખાતો નથી પણ રૂપાંતર કરે છે.

પ્ર : ૮ શ્રીમદ્ ભાગવતમાં સમય અંગે જે કોષ્ટક આપેલ છે તે જણાવો ?

ઉ : ૮ (૧) ૨ પરમાણુ = ૧ અણુ (૨) ૩ પરમાણુ = ૧ ત્રસરેણું

(૩) ૩ ત્રસરેણુ = ૧ ત્રુટિ (૪) ૧૦૦ ત્રુટિ = ૧ વેધ

(૫) ૩ વેધ = ૧ લવ (૬) ૩ લવ = ૧ નિમિષ

(૭) ૩ નિમિષ = ૧ ક્ષણ (૮) ૫ ક્ષણ = ૧ કાષ્ઠા

(૯) ૧૫ કાષ્ઠા = ૧ લઘુ (૧૦) ૧૫ લઘુ = ૧ ઘડી (૨૪ મિનિટ)

(૧૧) ૨ ઘડી = ૧ મુહૂર્ત (૧૨) ૭॥ ઘડી=૧ પ્રહર (ત્રણ કલાક)

(૧૩) ૮ પ્રહર=૧ રાત્રિ-દિવસ (ચોવીસ કલાક)

(૧૪) ૧૫ રાત્રિ-દિવસ = ૧ પક્ષ

(૧૫) ૨ પક્ષ = ૧ માસ (૧૬) ૨ માસ = ૧ ઋતુ

(૧૭) ૩ ઋતુ = ૧ અયન (૧૮) ૨ અયન = ૧ વર્ષ

(૧૯) ૧ વર્ષ = દેવોનો એક દિવસ (દેવોનો રાત્રિ-દિવસ)

(૨૦) ૩૬૦ વર્ષ = દેવોનું એક વર્ષ

(૨૧) ૧૨૦૦૦ દેવોનાં વર્ષ = ૧ મહાયુગ

(૨૨) ૭૧ મહાયુગ = ૧ મન્વન્તર (મનુ)

(૨૩) ૧૪ મન્વન્તર = ૧ કલ્પ

(૨૪) ૫૦ કલ્પ = ૧ પરાર્ધ

(૨૫) ૨ પરાર્ધ = ૧ મહાકલ્પ (બ્રહ્માના પૂર્ણ આયુષ્યનાં વર્ષો)

(૨૬) ૧ મહાકલ્પ = ૧ પૌરૂષ નિમેષ, [કાલાત્મા ભગવાનની એક ક્ષણ]

પ્ર : ૯ સમયના અન્ય કોષ્ટક જણાવો ?

ઉ : ૯ (૧) ૬૦ પ્રતિવિપળ = ૧ વિપળ
(૨) ૨॥ વિપળ (અઢી વિપળ) = ૧ સેકન્ડ
(૩) ૬૦ વિપળ = ૧ પળ
(૪) અઢી પળ = ૧ મિનિટ
(૫) ૬૦ પળ = ૧ ઘડી (૨૪ મિનિટ)
(૬) ૨ ઘડી = ૧ મુહૂર્ત
(૭) ૨॥ ઘડી = ૧ કલાક
(૮) ૭॥ ઘડી = ૧ પ્રહર
(૯) ૩ કલાક = ૧ પ્રહર
(૧૦) ૮ પ્રહર = ૧ દિવસ-રાત્રિ
(૧૧) ૬૦ ઘડી = ૧ દિવસ-રાત્રિ
(૧૨) ૩૦ મુહૂર્ત = ૧ દિવસ-રાત્રિ

પ્ર : ૧૦ જ્યોતિષ ગણિતમાં સમયની ગણતરીનું કોષ્ટક જણાવો ?

ઉ : ૧૦ (૧) ૧૫ વિકળા = ૧ સેકન્ડ
(૨) ૬૦ વિકળા = ૧ કળા
(૩) ૪ સેકન્ડ = ૧ કળા
(૪) ૧૫ કળા = ૧ મિનિટ
(૫) ૬૦ કળા = ૧ અંશ
(૬) ૪ મિનિટ = ૧ અંશ
(૭) ૧૫ અંશ = ૧ કલાક
(૮) ૩૦ અંશ = ૧ રાશિ
(૯) ૨ કલાક = ૧ રાશિ
(૧૦) ૧૨ રાશિ = ૧ ચક્ર
(૧૧) ૨૪ કલાક = ૧ ચક્ર
(૧૨) ૩૬૦ અંશ = ૧ ચક્ર
(૧૩) ૨૦૦ કળા = ૧ નવાંશ
(૧૪) ૮૦૦ કળા = ૧ નક્ષત્ર
(૧૫) ૯૦૦ કળા = ૧ કલાક

પ્ર : ૧૧ શાસ્ત્રોમાં કળિયુગ, સતયુગ, દ્વાપરયુગ અને ત્રેતાયુગ કેટલાં વર્ષનાં જણાવેલ છે ?

ઉ : ૧૧ શાસ્ત્ર મુજબ નીચે પ્રમાણે જણાવેલ છે.

(૧) સતયુગ -	૧૭,૨૮,૦૦૦ વર્ષ
(૨) દ્વાપરયુગ -	૮,૬૪,૦૦૦ વર્ષ
(૩) ત્રેતાયુગ -	૧૨,૯૬,૦૦૦ વર્ષ
(૪) કળિયુગ -	૪,૩૨,૦૦૦ વર્ષ
	૪૩,૨૦,૦૦૦ વર્ષ

હાલમાં ૨૮-માં કલ્પના ૭-માં વૈવસ્વત મનુના ૨૮-માં મહાયુગના કળિયુગનું ૫૦૯૭ મું વર્ષ ચાલે છે. કળિયુગ સં. ઇ. પૂ. ૩૧૦૨માં શરૂ થયો.

પ્ર : ૧૨ સમય કોને કહેવાય ?

ઉ : ૧૨ કાળના અવિભાજ્ય ભાગને સમય કહેવાય. કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ તે સમય. સેકન્ડના નાનામાં નાના ભાગને સમય કહેવાય. સમય સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. એક પુદ્ગલ પરમાણુંને આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી મંદ ગતિએ જવામાં જેટલીવાર લાગે તેટલા વખતને સમય કહે છે. અથવા તો એક પરમાણુ એનો અવકાશ ભાગ છોડી જેટલા કાળમાં બીજા અવકાશ ભાગમાં પેસે (પ્રવેશે) એટલા કાળને સમય કહે છે.

પ્ર : ૧૩ અશૂન્યકાળ એટલે શું ? તે કેટલો છે ?

ઉ : ૧૩ નરકમાંથી કોઇ જીવ બહાર ન નીકળે અને નવો કોઇ જીવ નરકમાં દાખલ થાય નહીં તે કાળ નરકની અપેક્ષાએ અશૂન્યકાળ કહેવાય છે. આ અશૂન્યકાળ બાર મુહૂર્તનો (૯ કલાક ૩૬ મિનિટનો) છે તેને વિરહકાળ કહેવાય છે.

પ્ર : ૧૪ અબાધાકાળ એટલે શું ?

ઉ : ૧૪ કર્મ બાંધ્યા પછી તે ઉદયમાં આવે એટલે કે તેનાં ફળ ભોગવવાં પડે ત્યાં સુધીનો કાળ તે અબાધાકાળ કહેવાય અર્થાત્ કર્મ બાંધવું અને તે ભોગવવું એ બેની વચ્ચેનો કાળ તે અબાધાકાળ કહેવાય છે. ટૂંકમાં જ્યાં સુધી કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધીનો સમય અબાધાકાળ કહેવાય છે. અબાધાકાળ એટલે કર્મની બાધા પીડા ન ઉપજાવનારો કાળ. ઉત્કૃષ્ટ અબાધાકાળ ૭૦૦૦ વર્ષનો હોય છે તેમ જઘન્ય અબાધાકાળ અંતમુહૂર્તનો [આઠ સમયથી વધારે

અને બે ઘડી (૪૮ મિનિટ)ની અંદરનો] હોય છે. મોહનીય કર્મનો અબાધાકાળ ૭૦૦૦ વર્ષનો હોય છે અને જ્ઞાનાવરણીય કર્મનો અબાધાકાળ ૩૦૦૦ વર્ષનો હોય છે.

પ્ર : ૧૫ અપૂર્વ કાળ કોને કહેવાય ?

ઉ : ૧૫ સવારના સાડા ચારથી સાડા છ વાગ્યા સુધીનો સમય એ અપૂર્વકાળ કહેવાય છે. તે જ સતયુગનો સમય (ટાઇમ) છે.

પ્ર : ૧૬ સ્વસમય કોને કહેવાય ?

ઉ : ૧૬ સ્વ(આત્મા) માટે એક સમય કાઢવો તેને સ્વસમય કહેવાય. એક જ સમય સ્વસમયમાં ગયો તો બહુ થઇ ગયું.

પ્ર : ૧૭ ભૂતકાળ એટલે શું ?

ઉ : ૧૭ ભૂલ્યો ભૂલાતો નથી અને યાદ કર્યો કરાતો નથી એનું નામ ભૂતકાળ. જગત આખાની ઇચ્છા તો ધણીય છે કે ભૂતકાળ ભૂલી જવાય પણ જ્ઞાન વગર જગતની વિસ્મૃતિ થાય નહી.

પ્ર : ૧૮ કળિયુગ એટલે શું ?

ઉ : ૧૮ કોઇ દહાડો કળ વળે નહીં એનું નામ કળિયુગ. કળિયુગ એટલે લપસણો કાળ. વહુ સારી હોય ત્યારે સાસુ માર મારે અને સાસુ સારી હોય ત્યારે વહુ માર મારે, એનું નામ કળિયુગ. વાવવું ગુલાબ અને ઊગે ડુંગળી ઇચ્છા ના હોય તોય કાર્ય થાય છે અને ઇચ્છા હોય તોય ના થાય એનું નામ જ કળિયુગ. કળિયુગ એટલે જ ડીસ એડજસ્ટમેન્ટ. કળિયુગમાં દુર્જનોનું પ્રમાણ વધારે હોય. કળિયુગ એટલે કુસંગીઓનું સામ્રાજ્ય. મોંઢે બોલે જુદું, મનમાં વિચારે જુદું અને વર્તન કરે જુદું તેનું નામ કળિયુગ. કળિયુગ એટલે સંપુર્ણ દગાનો વેપાર.

પ્ર : ૧૯ દુષમકાળ એટલે શું ?

ઉ : ૧૯ દુષમ શબ્દનો અર્થ દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય એવો થાય છે. મહા દુઃખે કરીને પણ સમતા ના રહે તેને દુઃષમકાળ કહેવાય. હિતાહિતનું ભાન જ મનુષ્યને ખલાસ થઇ જાય એનું નામ દુઃષમકાળ. એક પાંજરામાં ધણિયાણી હોય અને બીજા સામેના પાંજરામાં ધણી ઊભો હોય અને છોકરો વકીલ હોય તેનું નામ દુઃષમકાળ. દુઃષમકાળ એટલે ૯૯% દુઃખ અને એક ટકો સુખ. આ કાળમાં પરમાર્થ માર્ગનું વિશેષે કરીને દુર્લભપણું છે.

પ્ર : ૨૦ કલ્પ એટલે શું ?

ઉ : ૨૦ કલ્પ એટલે દસ લાખ વર્ષ અને તેમા એક જ જ્ઞાની અક્રમનું જ્ઞાન આપનાર પાકે અને આ દસ લાખ વર્ષમાં વ્યવસ્થિત શબ્દનું જ્ઞાન એક જ જણ આપી શકે. આ વ્યવસ્થિત શબ્દ શોધવામાં અમારો મોક્ષ અટકયો હતો. એવું પુજ્ય દાદાશ્રી કહેતા હતા.

પ્ર : ૨૧ ભગવાન મહાવીરના સમયમાં કેવા ઘડિયાળ હતાં ?

ઉ : ૨૧ આજથી આશરે પચ્ચીસો (૨૫૦૦ વર્ષ) વર્ષ પહેલાં ભગવાન મહાવીરના સમયમાં દસ કાંટાનાં ઘડિયાળ હતા. છેલ્લામાં છેલ્લો સમયનો કાંટો હતો. અત્યારના માણસો જડ જેવા થઇ ગયા છે તે ઘડિયાળ ત્રણ કાંટાનાં થયાં અને છેલ્લો કાંટો સેકન્ડનો કર્યો.

પ્ર : ૨૨ કાળ વશ કેવી રીતે થાય ?

ઉ : ૨૨ ભૂતકાળ વિસારે પડી ગયો. ભવિષ્યકાળ વ્યવસ્થિતનાં હાથમાં છે માટે વર્તમાનમાં રહો એટલે કાળ વશ થાય. વર્તમાનમાં કાયમ રહે તેને કાળ વશ થાય. વર્તમાને વર્તે સદા એ જ્ઞાની. સામાયિકમાં બેસો છો ત્યારે સંપૂર્ણ વર્તમાનમાં રહો છો. વર્તમાનમાં જ રહે એનું નામ અમરપદ. આપણું અક્રમનું સામાયિક કરતાં કરતાં વર્તમાન કાળને પકડતા આવડે. તમે કલાક વિધિ કરીને સામાયિકમાં બેસો છો ત્યારે વર્તમાનમાં રહો છો. વર્તમાનમાં રહેવું એટલે જે ક્રિયા કરતા હો તેમાં ચિત્તને હાજર રાખીને ક્રિયા થાય તે જોવી.

પ્ર : ૨૩ પલ્યોપમ એટલે શું ?

ઉ : ૨૩ પલ્ય + ઉપમ = પલ્યોપમ. પલ્ય એટલે કૂવો. જેને કૂવાની ઉપમા આપવામાં આવી હોય તે પલ્યોપમ. ઉદાહરણ. એક યોજન (૪ ગાઉ) લાંબો, પહોળો અને ઊંડો કૂવો હોય તેમાં યુગલિયા મનુષ્યના (મુંડાયેલા માથાના ૧ થી ૭ દિવસના) વાળના અતિ સૂક્ષ્મ ઝીણા ઝીણા કટકા (ખંડ) કરી કૂવામાં એવી રીતે ઠાંસી ઠાંસીને ભરવામાં આવે કે એ ભરેલા કૂવા ઉપરથી ચક્રવર્તીનું આખું સૈન્ય પસાર થઇ જાય તો પણ એક વાળ જેટલી જગ્યા દબાય નહી એવા કૂવામાંથી દર સો વર્ષે એક એક વાળ કાઢતાં અને કૂવો ખાલી થતાં જે સમય થાય તે સમયને એક પલ્યોપમ કહે છે.

પ્ર : ૨૪ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ એટલે કેટલો સમય ?

ઉ : ૨૪ દેવકુરુ અને ઉતરકુરુ જેવા યુગલિક ક્ષેત્રમાં કે જયાં કાયમ પહેલો આરો પ્રવર્તે છે, ત્યાં જન્મેલા સાત દિવસ સુધીના ઘેટાંના એક ઉત્સેધાંગુલ

પ્રમાણવાળા વાળના સાત વખત આઠ આઠ કકડા (ખંડ) કરવાથી તે કકડા વીસ લાખ સત્તાણુ હજાર એકસો બાવન થાય છે. આટલા વાળ એક ઉત્સેધાંગુલમાં સમાઇ રહે છે. હવે એક યોજન લાંબા, પહોળા અને ઊંડા કૂવામાં આવા વાળ કે જેમની સંખ્યા ૩૩૦૭૬૨૧૦૪૨૪૬૫૬૫૫૪૨૧ ૯૯૬૦૯૭૫૩૬૦૦૦૦૦૦૦૦ વાળ સમાય છે. હવે તેમાંથી પ્રતિ સમયે એક એક વાળ કાંઢતાં જતાં જેટલા કાળે તે કૂવો સર્વથા ખાલી થઇ જાય તેટલા કાળનો તે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ થાય છે.

પ્ર : ૨૫ એક મુહૂર્તમાં નિગોદિયાનો જીવ કેટલા ક્ષુલ્લક ભવ કરે છે ?

ઉ : ૨૫ એક મુહૂર્તમાં એટલે કે ૪૮ મિનિટમાં નિગોદિયાનો જીવ ૬૫૫૩૬ ક્ષુલ્લક ભવ કરે છે.

પ્ર : ૨૬ ઉત્સર્પિણી અને અવસર્પિણી એટલે શું ?

ઉ : ૨૬ ઉત્સર્પિણી એટલે ચઢતો કાળ જેમાં આયુષ્ય, બળ, સંઘયણ, શુભ વર્ણાદિ અનેક ભાવોની અનુક્રમે વૃધ્ધિ થાય જયારે અવસર્પિણી એટલે ઊતરતો કાળ. જેમાં આયુષ્ય, બળ, સંઘયણ, શુભ વર્ણાદિ અનેક ભાવોની અનુક્રમે હાનિ થાય છે.

પ્ર : ૨૭ એક કાળચક્રમાં કેટલા આરા થાય તેના નામ જણાવો ?

ઉ : ૨૭ એક કાળચક્રમાં બાર આરા થાય છે. પૃથ્વી ઉપરનાં પંદર ક્ષેત્રોમાં પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરાવત ક્ષેત્રમાં અવસર્પિણી તથા ઉત્સર્પિણી એમ બે પ્રકારનો કાળ હોય છે. અવસર્પિણી એ પડતો કાળ છે અને ઉત્સર્પિણી એ ચઢતો કાળ છે. અવસર્પિણીના છ આરા અને ઉત્સર્પિણીના છ આરા એમ કુલ બાર આરા મળીને એક કાળચક્ર કહેવાય છે. જેમ ચક્ર એટલે પૈડામાં આરા હોય છે તેમ આ કાળરૂપી ચક્રના આરા હોવાથી કાળચક્ર કહેવાય છે.

ઉત્સર્પિણી કાળના છ આરાનાં નામ નીચે મુજબ છે. :-

(૧) દુ:ષમ-દુ:ષમ (૨) દુ:ષમ (૩) દુ:ષમ-સુષમ (૪) સુષમ-દુ:ષમ (૫) સુષમ (૬) સુષમ-સુષમ

અવસર્પિણી કાળના છ આરાનાં નામ નીચે મુજબ છે. :-

(૧) સુષમ-સુષમ (૨) સુષમ (૩) સુષમ-દુ:ષમ (૪) દુ:ષમ-સુષમ (૫) દુ:ષમ (૬) દુ:ષમ-દુ:ષમ

પ્ર : ૨૮ હાલમાં ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળનો પાંચમો આરો ચાલે છે તો અવસર્પિણી કાળના છ આરા વિશે સંક્ષિપ્ત વર્ણન કરો ?

ઉ : ૨૮ અવસર્પિણી કાળના છ આરાનું સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ છે :-

(૧) **સુષમ-સુષમ :** અવસર્પિણી કાળનો આ પ્રથમ આરો છે, જેમાં સર્વે ગર્ભજ પંચેન્દ્રિયો (જીવો) યુગલિયા હોય છે. યુગલિયા એટલે જોડકુ જ જન્મે. તેમાં એક છોકરો અને એક છોકરી હોય. તેઓ જ મોટા થતાં પતિ-પત્ની બને. તેઓને પણ એક જોડકું જ જન્મે. તેઓ પોતાના બાળકનું ૪૯ દિવસ સંતતિપાલન કરે છે. આ યુગલિયા મનુષ્યોના શરીરની ઊંચાઇ ૩ ગાઉ જેટલી હોય છે. તેઓનું આયુષ્ય ત્રણ પલ્યોપમ જેટલું હોય છે તેઓ પોતાના જીવનની આવશ્યક ચીજ વસ્તુઓ દસ પ્રકારના કલ્પવૃક્ષો પાસેથી મેળવે છે. તેઓને શરીરમાં ૨૫૬ પાંસળી હોય છે. તેઓ ત્રણ દિવસના આંતરે તુવેરના દાણા જેટલા પ્રમાણમાં આહાર લે છે. આ આરાના જીવો મરીને દેવગતિમાં જનારા હોય છે. આ પહેલો આરો ૪ કોડાકોડી-સાગરોપમ પ્રમાણનો છે. (ખાસ નોંધઃ ઉત્સર્પિણી કાળમાં આ છઠ્ઠો આરો ગણાય છે. અર્થાત્ કે છઠ્ઠો આરો ત્યાં સુષમ સુષમ હોય છે.)

(૨) **સુષમ :** અવસર્પિણી કાળનો આ બીજો આરો છે, જેમા સર્વે યુગલિયા જીવો હોય છે. તેઓ પોતાના બાળકનું ૬૪ દિવસ સંતતિપાલન પોષણ કરે છે. આ યુગલિયા મનુષ્યોની ઊંચાઇ ૨ ગાઉ જેટલી હોય છે તથા તેઓનું આયુષ્ય બે પલ્યોપમ જેટલું હોય છે. તેઓ પણ પોતાના જીવનની આહાર પાણી આદિ જીવન જરૂરિયાતની વસ્તુઓ દસ પ્રકારનાં કલ્પવૃક્ષો પાસેથી મેળવે છે. તેઓના શરીરમાં ૧૨૮ પાંસળીઓ હોય છે. તેઓ બે દિવસનાં આંતરે બોર જેટલા પ્રમાણનો આહાર લે છે. આ બીજા આરાના જીવો પણ નિયમથી જ મરીને દેવગતિમાં જાય છે. આ આરો ૩ કોડાકોડી સાગરોપમ પ્રમાણનો ગણાય છે.

(**ખાસ નોંધ :** ઉત્સર્પિણી કાળમાં આ પાંચમો આરો ગણાય છે. અર્થાત્ કે ઉત્સર્પિણી કાળના પાંચમા આરામાં આ પ્રમાણે હોય છે.)

(૩) **સુષમ-દુઃષમ :** અવસર્પિણી કાળનો આ ત્રીજો આરો છે, જેમાં પણ યુગલિયા જીવો હોય છે. જેઓ પોતાના બાળકનું ૭૯ દિવસ સંતતિ પાલન-પોષણ કરે છે. આ યુગલિયા મનુષ્યોની ઉંચાઇ ૧ ગાઉ જેટલી હોય છે. તથા તેઓનું આયુષ્ય એક પલ્યોપમ જેટલું હોય છે. તેઓ પોતાની જીવન

જરૂરીયાતની વસ્તુઓ દસ પ્રકારનાં કલ્પવૃક્ષો પાસેથી મેળવે છે. તેઓના શરીરમાં ૬૪ પાંસળીઓ હોય છે. તેઓ એક દિવસના આંતરે આંબળા જેટલા પ્રમાણનો આહાર લે છે. આ આરાના જીવો પણ મરીને દેવગતિમાં જાય છે. આ આરો ૨ કોડાકોડી સાગરોપમ પ્રમાણનો ગણાય છે. આ આરામાં પ્રથમ તીર્થંકર જન્મે છે અને આ આરાના જ નેવ્યાસી પખવાડિયા બાકી રહે ત્યારે આ પ્રથમ તીર્થંકર સિદ્ધપદને (મોક્ષને) પામે છે.

(૪) દુઃષમ-સુષમ : અવસર્પિણી કાળનો આ ચોથો આરો છે. આ આરાનાં મનુષ્યોની ઉંચાઇ પાંચસો ધનુષ્યની હોય છે તથા આયુષ્ય પૂર્વ ક્રોડ વર્ષનું હોય છે. આ આરાના મનુષ્યોનો આહાર અનિયત હોય છે. આ આરામાં બાકીના ત્રેવીસ તીર્થંકર ભગવંતો થાય છે અને આ આરામાં મનુષ્યના શરીરમાં બત્રીસ પાંસળીઓ હોય છે. આ આરાના ૮૯ પખવાડિયા બાકી રહે (એટલે કે ૩ વર્ષ આઠ મહિના અને પંદર દિવસ) ત્યારે છેલ્લા તીર્થંકર સિદ્ધપદને (મોક્ષને) પામે છે. આ આરો એક કોડાકોડી સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ન્યૂન (ઓછા) પ્રમાણનો ગણાય છે.

(૫) દુઃષમ : અવસર્પિણી કાળનો આ પાંચમો આરો દુઃષમ તરીકે ઓળખાય છે. આ આરાના મનુષ્યોની ઉંચાઇ આરાની શરૂઆતમાં ૭ હાથની હોય છે. આયુષ્ય ૧૩૦ વર્ષનું ગણાય છે તે આરાનાં વર્ષો પસાર થતાં થતાં ઘટતું જાય છે. આ પાંચમા આરાના મનુષ્યો ઉઘાંડી આંખે ઉંઘે છે. આ આરાના જીવો બધા પૂર્વ વિરાધક જીવો છે એટલે ગુરુથી જો પ્રકૃતિના દોષે કરીને ભૂલચૂક થઇ જાય તો અવળુ દેખે અને લોકવિરાધના કરી નાંખે. આ આરો કુલ ૨૧૦૦૦ વર્ષનો છે, જેમાંથી અત્યારે લગભગ ૨૫૦૦ વર્ષ પૂરાં થઇ ગયા છે. હવે ૧૮૫૦૦ વર્ષ બાકી છે. આ પાંચમાં આરાને ભટ્ઠીકાળ કહ્યો છે તેમાં લોકો ભટ્ઠીની જેમ ચારે બાજૂથી સેકાઇ જાય છે. આ આરામાં ગામડા સ્મશાન જેવા થશે. શહેરો પ્રેતલોક જેવા, કુટુંબીઓ દાસ જેવા અને રાજાઓ યમદંડ જેવા થશે, લોકો સ્વાર્થમાં તત્પર, પરમાર્થવિમુખ અને સત્ય, લજ્જા તથા દાક્ષિણ્યતાથી રહિત તેમજ સ્વજનોના વિરોધી થશે. શિષ્યો ગુરુની આરાધના કરશે નહી. ધર્મમાં મંદ-બુદ્ધિ થશે. પૃથ્વી ઘણા પ્રાણીઓથી આકુળ-વ્યાકુળ થશે. આ આરાના અંતે ધર્મનો નાશ થાય છે.

(૬) દુઃષમ-દુઃષમ : અવસર્પિણી કાળનો આ છઠ્ઠો આરો દુઃષમ-દુઃષમ તરીકે ઓળખાય છે. આ આરાના મનુષ્યો ગંગા અને સિંધુ નદીના તટ ઉપર વૈતાઢ્ય પર્વતની જે ૭૨ ગુફાઓ (બીલો) આવેલી છે. તેમાં વાસ કરનારા (રહેનારા) હોય છે તેઓ માછલીનું ભોજન લે છે. આ આરાના મનુષ્યોની ઉંચાઇ બે હાથ જેટલી હોય છે તથા આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે. આ જીવો ખરાબ રૂપવાળા, ક્રુર અધ્યવસાયવાળા, બીલમાં રહેનારા અને મરીને નરક અથવા તિર્યંચ રૂપ કુગતિમાં જનારા હોય છે. આ છઠ્ઠો આરો ૨૧૦૦૦ વર્ષનો છે. આ છઠ્ઠા આરાના મનુષ્યો લજ્જારહીત, વસ્ત્રરહીત-નગ્ન, કઠોર વચન બોલનારા, પિતા-પુત્ર વગેરેની સ્થિતિ મર્યાદા રહીત એટલે પિતા-પુત્ર, સ્ત્રી-પુરુષ, ભાઇ-બહેન વગેરેની મર્યાદા વિનાના, સ્વતંત્ર વર્તણુંકવાળા થશે. સ્ત્રીઓ છ વર્ષની વયે (ઉંમરે) ગર્ભને ધારણ કરનારી, અતિ દુઃખે ગર્ભનો પ્રસવ કરનારી અને ઘણાં છોકરાવાળી હોય છે. દશ વર્ષની ઉંમરે તો બાપ થઇ જાય અને તેર-ચૌદ વર્ષની ઉમરે તો દાદો થઇ જાય. માણસ દોઢ ફુટની ઉંચાઇના હોય. રાત-દિવસ કઠોર અને ધણી રજવાળા અનિષ્ટ પવનો વાયા કરશે, તેમજ દિશાઓ ધૂમ્રવર્ણી થવાથી ભયંકર લાગશે, ચંદ્ર અત્યંત શીતળતા મૂકશે અને સૂર્ય અતિ ઉષ્ણતાથી તપશે તેવા અતિ શીત અને અતિ ઉષ્ણતાથી પરાભવ પામેલા આ આરાના મનુષ્યો અત્યંત ક્લેશ પામશે. તે સમયે વિરસ થયેલા મેઘ ક્ષાર, આમ્લ, વિષ, અગ્નિ અને વજ્રમય થઇ તે તે રૂપે વૃષ્ટિ કરશે જેથી લોકોમાં કાંસ, શ્વાસ, શૂળ, કષ્ટ, જળોદર, જ્વર, શીરોવ્યથા અને બીજા પણ કેટલાક રોગો ઉત્પન્ન થશે. જળચર, સ્થળચર અને ખેચર તિર્યંચો પણ મહાદુઃખે રહેશે. પુરુષોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૦ વર્ષ અને સ્ત્રીનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૬ વર્ષનું રહેશે. દિવસે ભયંકર અગ્નિ વરસતી હોવાથી લોકો ગુફામાં ભરાઇ રહેશે. રાત્રે બહાર નીકળી ગંગા સીંધુનો પ્રવાહ જે માત્ર રથના પૈડા જેટલો જ રહેશે તેમાંથી માંછલા કાઢી પત્થર ઉપર મૂકી રાખશે. દિવસે સૂર્યની ગરમીથી શેકાઇ જાય એટલે રાત્રે તેનું ભક્ષણ કરશે. આમ રાત્રિ ભોજનનાં ક્રમવાળા જીવો અપાર દુઃખ કષ્ટ વેઠતા હશે.

પ્ર : ૨૯ વર્તમાન અવસર્પિણી કાળના પાંચમા દુઃષમ કાળમાં છેલ્લા કોણ સાત્વીક પુરુષો થશે ?

ઉ : ૨૯ છેલ્લા દુઃપ્રસહ નામે આચાર્ય, ફાલ્ગુની નામે સાધ્વી, નાગીલ નામે શ્રાવક, સત્વશ્રી નામે શ્રાવિકા, વિમળ વાહન નામે રાજા અને સમુખ નામે મંત્રી થશે.

પ્ર : ૩૦ ઉત્સર્પિણી કાળના છ આરાનું સંક્ષિપ્તમાં વર્ણન કરો ?

ઉ : ૩૦ વર્તમાન અવસર્પિણી કાળના છ આરા પૂરા થયા પછી ઉત્સર્પિણી કાળના છ આરાની શરુઆત થશે જેનું વર્ણન નીચે મુજબ છે.

(૧) **દુઃષમ-દુઃષમ :** ઉત્સર્પિણી કાળનો આ પ્રથમ આરો છે. આ આરો ૨૧૦૦૦ વર્ષનો છે. આ આરાના મનુષ્યો ૨ હાથની ઉંચાઇ ધરાવતા તથા ઉત્કૃષ્ટ ૨૦ વર્ષનું આયુષ્ય ધરાવતા માછલીનું ભોજન કરનારા તથા વૈતાઢ્ય પર્વતની બોતેર ગુફાઓમાં રહેતા તદ્દન જંગલી જીવન જીવતા હોય છે. વિગતવાર વર્ણન અવસર્પિણી કાળના છઠ્ઠા આરા જેવું જ સમજવાનું છે.

(૨) **દુઃષમ :** ઉત્સર્પિણીના પ્રથમ દુઃષમ દુઃષમ પૂરો થતાં જુદા જુદા સમયે પાંચ જાતિના મેઘ સાત સાત દિવસ સુધી વરસશે. તેમાં પ્રથમ પુષ્કર નામે મેઘ સાત દિવસ સુધી વર્ષી પૃથ્વીને તૃપ્ત કરી દેશે. બીજો ક્ષીરમેઘ સાત દિવસ સુધી વર્ષી ધાન્ય ઉત્પન્ન કરશે. ત્રીજો મેઘ ઘૃતમેઘ ચિકાસ પેદા કરશે. ચોથો અમૃતમેઘ સાત દિવસ સુધી વર્ષી ઔષધિઓને ઉત્પન્ન કરશે. પાંચમો રસમેઘ સાત દિવસ સુધી વર્ષી પૃથ્વી વગેરેને રસમય કરશે. આ પ્રમાણે કુલ પાંત્રીસ દિવસ સુધી શાંતપણે સતત વૃષ્ટિ થયા કરશે પછી વૃક્ષ, ઔષધિ, લતા, વલ્લી વગેરે લીલોતરીઓ જોઇ બીલમાં (ગુફામાં) રહેનારા મનુષ્યો હર્ષ પામીને બહાર નીકળશે ત્યારથી ભારત વર્ષની ભૂમિ પુષ્પ ફલવતી થશે. એટલે પછી મનુષ્યો માંસનું ભક્ષણ બંધ કરશે. માંસને છોડી દેશે પછી જેમ કાળ વૃદ્ધિ પામે તેમ તેમ મનુષ્યોના રૂપમાં, શરીરના બાંધામાં, આયુષ્યમાં અને ધાન્યમાં વધારો થતો જશે. અનુક્રમે સુખાકારી પવન વાશે. અનુકૂળ ઋતુઓ થશે. નદીઓનાં જળ વૃદ્ધિ પામશે એટલે તિર્યંચો અને મનુષ્યો નિરોગી થવા માંડશે. આ આરો ૨૧૦૦૦ વર્ષનો છે. જેમ જેમ વર્ષો પસાર થવા માંડશે તેમ તેમ મનુષ્યની ઉંચાઇ સાત હાથ જેટલી વધુમાં વધુ અને વધુમાં વધુ આયુષ્ય ૧૩૦ વર્ષનું થશે. શરીરમાં પાંસળી ૧૬ થશે.

(૩) **દુઃષમ-સુષમ :** આ આરો ઉત્સર્પિણીનો ત્રીજો આરો છે. આ આરાની શરૂઆતમાં ભૂમિ ઉપર સાત કુલકરો થશે. પહેલો વિમલવાહન, બીજો સુદામ, ત્રીજો સંગમ, ચોથો સુપાર્શ્વ, પાંચમો દત, છઠ્ઠો સુમુખ અને સાતમો સંમુચિ. વિમલવાહન જાતિસ્મરણ જ્ઞાન વડે રાજ્યને માટે ગામો અને શહેરો વસાવશે.

ગાય, હાથી અને અશ્વનો સંગ્રહ કરશે અને શિલ્પ, વ્યાપાર, લિપિ (લેખન) અને ગણિતાદિ વ્યવહાર લોકોમાં ચલાવશે. પછી દૂધ, ધાન્ય, દહીં અને અગ્નિ ઉત્પન્ન થશે ત્યારે તે પ્રજા હીતેચ્છુ રાજા લોકોને અન્ન રાંધીને ખાવાનો આદેશ કરશે. આ આરાના ૮૯ પખવાડિયા પસાર થયા પછી પ્રથમ તીર્થંકર ભગવાન શ્રેણીક રાજાનો જીવ પદ્મનાભ નામે જન્મે છે. જેમનું આયુષ્ય ૭૨ વર્ષનું હોય છે. આ આરો જેમ જેમ પસાર થાય છે તેમ તેમ શરીરની ઉંચાઇ ૫૦૦ ધનુષ્યની આયુષ્ય પૂર્વ કોડ વર્ષ સુધીનું થતું જાય છે. આ આરામાં બધા તીર્થંકરો થાય છે. આ આરાનું પ્રમાણ એક કોડાકોડી સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ન્યૂન જેટલું ગણાય છે.

(૪) **સુષમ-દુઃષમ** : ઉત્સર્પિણી કાળનો આ ચોથો આરો છે. આ આરાના ૮૯ પખવાડિયા પૂરા થતાં એટલે કે આ આરાની શરુઆત થયાને ૩ વર્ષ આઠ મહિના અને પંદર દિવસ પૂરા થતાં છેલ્લા તીર્થંકરનો જન્મ થાય છે. તેઓ સિદ્ધપદે તે જ આરામાં જાય છે. ત્યારપછી અનુક્રમે આયુષ્ય ઉંચાઇ વધતું જાય છે. આ આરાનાં અંતે ઉંચાઇ ૧ ગાઉ જેટલી તથા આયુષ્ય ૧ પલ્યોપમ જેટલું હોય છે. તથા ખોરાકનું પ્રમાણ એક દિવસના આંતરે આંબળા જેટલું હોય છે.

(૫) **સુષમ** : ઉત્સર્પિણી કાળનો આ પાંચમો આરો છે. આ આરામાં યુગલિયા મનુષ્યો જન્મે છે. જેમની ઉંચાઇ બે ગાઉ, આયુષ્ય બે પલ્યોપમ તથા આહાર પ્રમાણ બે દિવસના આંતરે બોર જેટલું હોય છે તેઓ પોતાના બાળકનું ૬૪ દિવસ પાલન પોષણ કરે છે. તેઓને શરીરમાં ૧૨૮ પાંસળી હોય છે. આ યુગલિઆ મનુષ્યો એક જોડકાને જન્મ આપ્યા પછી છ માસમાં મૃત્યુ પામે છે તેઓ મરીને દેવલોકમાં જાય છે.

(૬) **સુષમ–સુષમ** : ઉત્સર્પિણી કાળનો આ છઠ્ઠો આરો છે. આ આરામાં યુગલિયા મનુષ્યો જન્મે છે. જેમની ઉંચાઇ ત્રણ ગાઉ, આયુષ્ય ત્રણ પલ્યોપમ તથા આહાર-પ્રમાણ ત્રણ દિવસે તુવેરના દાણા જેટલું હોય છે તેઓ પોતાના બાળકનું ૪૯ દિવસ પાલન પોષણ કરે છે.. તેઓ પોતાની જરૂરિયાત દસ પ્રકારનાં કલ્પવૃક્ષો પાસેથી મેળવે છે. તેઓના શરીરમાં ૨૫૬ પાંસળીઓ હોય છે. આ યુગલિઆ મનુષ્યો એક યુગલિક જોડકાને જન્મ આપી છ મહિના પછી મૃત્યુ પામી દેવલોકમાં જાય છે. આ આરો ૪ કોડાકોડી સાગરોપમ પ્રમાણનો ગણાય છે.

પ્ર : ૩૧ પ્રથમ આરો કાયમ માટે ક્યાં હોય છે ?

ઉ : ૩૧ દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રમાં અવસર્પિણી કાળનો પહેલો આરો સુષમ-સુષમ કાયમ માટે હોય છે. અર્થાત્ સુષમ-સુષમ નામના પહેલા આરાનાં પ્રારંભ જેવો કાળ સદા વર્તે છે. આ ક્ષેત્રમાં સ્વભાવથી જ શર્કરા જેવી સ્વાદિષ્ટ રેતી છે. શરદઋતુની ચંદ્રિકા જેવા નિર્મળ જળ છે અને રમણીય ભૂમિઓ છે. યુગલિયા મનુષ્યો ત્યાં રહે છે, જેમના શરીરની ઉંચાઇ ત્રણ ગાઉ જેટલી હોય છે. ૨૫૬ પાંસળીઓ હોય છે, ત્રણ પલ્યોપમ આયુષ્ય હોય છે, ત્રણ દિવસે તુવેર પ્રમાણ આહાર લે છે. આયુષ્યના અંતે એક યુગલિકનું જોડકું થાય છે. તેનું ૪૯ દિવસ સુધી પાલન પોષણ કરે છે. કલ્પવૃક્ષો દ્વારા વાંછિત પદાર્થ મેળવે છે અને મૃત્યુ પછી દેવલોકમાં જાય છે.

પ્ર : ૩૨ બીજો આરો કાયમ માટે ક્યાં હોય છે ?

ઉ : ૩૨ હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રમાં અવસર્પિણી કાળના સુષમ નામના બીજા આરાના આરંભ કાળ જેવો કાળ સદા વર્તે છે. ત્યાં યુગલિકો હોય છે, જેમના શરીરની ઉંચાઇ ૨ ગાઉ, આયુષ્ય ૨ પલ્યોપમ અને શરીરમાં ૧૨૮ પાંસળીઓ હોય છે. બે દિવસે બોર જેટલો આહાર લે છે. આયુષ્યના અંતે એક યુગલિકને જન્મ આપે છે, તેનું ૬૪ દિવસ પાલન પોષણ કરે છે. કલ્પવૃક્ષો દ્વારા ઇચ્છિત પદાર્થ મેળવે છે અને મૃત્યુ પછી દેવલોકમાં જાય છે.

પ્ર : ૩૩ ત્રીજો આરો કાયમ માટે ક્યાં હોય છે ?

ઉ : ૩૩ હેમવંત અને ઐરણ્યવત ક્ષેત્રમાં અવસર્પિણી કાળના સુષમ-દુઃષમ નામના ત્રીજા આરાના આરંભકાળ જેવો કાળ સદા વર્તે છે. ત્યાં યુગલિકો હોય છે, જેમના શરીરની ઉંચાઇ ૧ ગાઉ, શરીરમાં પાંસળીઓ ૬૪, આયુષ્ય ૧ પલ્યોપમ હોય છે, ૧ દિવસે આંબળા જેટલો આહાર લે છે. આયુષ્યના અંતે એક યુગલિક જોડકાને જન્મ આપે છે તેનું ૭૯ દિવસ પાલન પોષણ કરે છે. છ માસ પછી મૃત્યુ પામી દેવલોકમાં જાય છે.

પ્ર : ૩૪ ચોથો આરો કાયમ ક્યાં હોય છે ?

ઉ : ૩૪ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં અવસર્પિણી કાળનો ચોથો આરો દુઃષમ-સુષમ જેવો અર્થાત્ ચોથા આરાના આરંભ કાળ જેવો કાળ સદા વર્તે છે. શરીરની ઉંચાઇ ૫૦૦ ધનુષ્યની, આયુષ્ય પૂર્વ ક્રોડ વર્ષનું, આહાર અનિયત અને શરીરમાં ૩૨ પાંસળી હોય છે.

પ્ર : ૩૫ કયા ક્ષેત્રમાં આરા બદલાતા રહે છે ?

ઉ : ૩૫ પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરાવત ક્ષેત્ર આ દસ કર્મભૂમિમાં આરા બદલાતા રહે છે.

પ્ર : ૩૬ કાળ દ્રવ્યની ઉપમા સમજાવો ?

ઉ : ૩૬ (૧) ઝીણામાં ઝીણો રજકણ = પરમાણુ (૨) અનંત સૂક્ષ્મ પરમાણુ = એક વ્યવહાર પરમાણુ (૩) અનંત વ્યવહાર પરમાણુ = એક ઉષ્ણ-સ્નિગ્ધ પરમાણુ (૪) અનંત ઉષ્ણ-સ્નિગ્ધ પરમાણુ = એક શીત સ્નિગ્ધ પરમાણુ (૫) ૮ શીત સ્નિગ્ધ પરમાણુ= ૧ ઊર્ધ્વ રેણુ (૬) ૮ ઊર્ધ્વ રેણુ = ૧ ત્રસ રેણુ (૭) ૮ ત્રસરેણુ = ૧ રથ રેણુ (૮) ૮ રથરેણુ = ઉતર દેવકુરુ મનુષ્યનો ૧ વાલાગ્ર (૯) ઉતરકુરુના ૮ વાલાગ્ર = હરિ-રમ્યક ક્ષેત્રના મનુષ્યનો વાલાગ્ર (૧૦) હરિ-રમ્યક ક્ષેત્રના મનુષ્યના આઠ વાલાગ્ર= હિરણ્યવંત ક્ષેત્રના મનુષ્યનો ૧ વાલાગ્ર (૧૧) હેમવંત-હિરણ્યવંત મનુષ્યના આઠ વાલાગ્ર = પૂર્વ-પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યનો ૧ વાલાગ્ર (૧૨) પૂર્વ-પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રના આઠ વાલાગ્ર = ભરત-ઐરાવત ક્ષેત્રના મનુષ્યનો એક વાલાગ્ર (૧૩) ભરત-ઐરાવત ક્ષેત્રના મનુષ્યના ૮ વાલાગ્ર=૧ લીખ (૧૪) ૮ લીખ = ૧ જૂ (૧૫) ૮ જૂ = ૧ અર્ધજવ (૧૬) ૮ અર્ધજવ = ૧ ઉત્સેધ આંગળ (૧૭) ૬ ઉત્સેધ આંગળ = ૧ પગનું પહોળાપણું (૧૮) ૨ પગનું પહોળાપણું = ૧ વેંત (૧૯) ૨ વેંત= ૧ હાથ (૨૦) ૨ હાથ = ૧ કુક્ષી (૨૧) ૨ કુક્ષી = ૧ ધનુષ્ય (૨૨) ૨૦૦૦ ધનુષ્ય=૧ ગાઉ (૨૩) ચાર ગાઉ = ૧ યોજન

પ્ર : ૩૭ લંબાઈના માપ વિષેનું કોષ્ટક જણાવો ?

ઉ : ૩૭ (૧) ૮ યવ=૧ અંગુલ (૨) ૪ અંગુળ=૧ મુઠ્ઠી (૩) ૨ મુઠ્ઠી = ૧ વેંત (૪) ૨ વેંત = ૧ હાથ (૫) ૨ હાથ = ૧ દંડ (૬) ૨ દંડ = ૧ ધનુષ્ય (૭) ૨ થી ૯ ધનુષ્ય =ધનુષ્ય પૃથક્ત્વ (૮) ૨૦૦૦ ધનુષ્ય = ૧ ગાઉ (કોશ) (૯) ૨ થી ૯ ગાઉ = ગાઉ પૃથક્ત્વ (૧૦) ૪ ગાઉ = ૧ યોજન (૧૧) ૨ થી ૯ યોજન = યોજન પૃથક્ત્વ (૧૨) અસંખ્ય યોજન = ૧ રજ્જુ (રાજુ) (૧૩) ૧૪ રજ્જુ (રાજુ) = લોક.

પ્ર : ૩૮ એક રજ્જુનું પ્રમાણ શું ગણાય છે ?

ઉ : ૩૮ એક દેવ સૌધર્મ દેવલોકથી ક્રીડાપૂર્વક એક હજાર ભારનો લોઢાનો ગોળો પોતાના સમગ્ર બળથી ભૂમિ ઉપર ફેંકે તો તે ગોળાને પૃથ્વી ઉપર આવતાં ૬ માસ, ૬ દિવસ, ૬ પ્રહર, ૬ મુહૂર્ત, ૬ ઘડી અને ૬ પળ જેટલો સમય લાગે છે આ પ્રમાણને એક રજ્જુ કહેવાય છે.

પ્ર : ૩૯ ભારનું પ્રમાણ શું છે ?

ઉ : ૩૯ ત્રણ કરોડ, એક્યાસી લાખ, બાર હજાર, નવસો સીત્તેર મણનો એક ભાર થાય છે.

પ્ર : ૪૦ યોજનનું પ્રમાણ શું છે ?

ઉ : ૪૦ પ્રત્યેક યુગના પ્રમાણે પુરુષના જે આંગુલ હોય છે તે આંગુલથી ૧૨ આંગુલની વેંત અને ૨૪ આંગુલનો એક હાથ, ૯૬ આંગુલનો એક ધનુષ્ય અને ૨૦૦૦ ધનુષ્યનો એક ગાઉ, અને ચાર ગાઉનો એક યોજન થાય છે. આ એક સાધારણ પ્રત્યેક યુગનું માપ છે. પ્રત્યેક યુગના સાચા માપની જાણકારી માટે ભગવાને ત્રણ પ્રકારના આંગુલ બતાવ્યા છે.

પ્ર : ૪૧ પૂર્વ કોને કહે છે ?

ઉ : ૪૧ લાખ વર્ષનો એક-પૂર્વાંગ થાય અને ૮૪ લાખ પૂર્વાંગનો એક પુર્વ થાય છે. અર્થાત્ સીત્તેર લાખ, છપ્પન હજાર કરોડ વર્ષનો એક પૂર્વ થાય છે. (૭૦,૫૬,૦૦૦૦૦૦૦૦૦).

પ્ર : ૪૨ અન્ય મતે કાળ દ્રવ્યના કેટલા ભેદ છે ?

ઉ : ૪૨ દિગમ્બર મત અનુસાર કાળ દ્રવ્યના બે ભેદ છે :-

(૧) નિશ્ચયકાળ(નિયત કાલ) : નિયત વર્તના રૂપ જે કાળ તે જ નિયત-કાળ એટલે કે નિશ્ચયકાળ છે. કાળદ્રવ્યને નિશ્ચયકાળ કહે છે.

(૨) વ્યવહાર કાળઃ દિવસ, કલાક, ઘડી, માસ વગેરેને વ્યવહારકાળ કહે છે.

પ્ર : ૪૩ સિદ્ધ તિથિઓ કઈ ગણાય છે ?

ઉ : ૪૩ નીચે જણાવેલ તિથિઓ પ્રમાણે સામે લખેલ વાર હોય તો તે સિદ્ધ તિથિઓ ગણાય છે આ તિથિએ શરુ કરેલ કામ અવશ્ય સિદ્ધ થાય છે. અર્થાત્ કાર્ય સફળ થાય છે. માટે હંમેશાં શુભ કાર્ય કરતાં પહેલાં નીચે જણાવેલ તિથિ-વારનું કોષ્ટક ખાસ જોવું.

તિથિઓ	વાર
ત્રીજ, આઠમ, તેરસ	મંગળવાર
બીજ, સાતમ, બારસ	બુધવાર
પાંચમ, દશમ, પુનમ	ગુરુવાર
એકમ, નોમ, અગીયારસ	શુક્રવાર
ચોથ, નોમ, ચૌદશ	શનિવાર

પ્ર : ૪૪ અશુભ તિથિઓ કઈ ગણાય છે ?

ઉ : ૪૪ નીચે જણાવેલ તિથિઓએ તેની સામે લખેલ વાર આવતો હોય તો તે દગ્ધ, વિષ અથવા હુતાશન સંજ્ઞાવાળી તિથિઓ કહી શકાય. આ તિથિઓને દિવસે શરુ કરેલું કોઈપણ કામ કયારેય પણ સારું ફળ આપતી નથી માટે આ તિથિઓએ અમુક સારા કાર્યોની શરુઆત ન કરવી.

તિથિઓ	**વાર**
ચોથ, બારસ	રવિવાર
છઠ્ઠ, અગિયારસ	સોમવાર
પાંચમ, સાતમ	મંગળવાર
ત્રીજ, આઠમ	બુધવાર
છઠ્ઠ, આઠમ, નોમ	ગુરુવાર
આઠમ, દશમ	શુક્રવાર
સાતમ, અગિયારસ	શનિવાર

પ્ર : ૪૫ કયા મહિનામાં કઈ તિથિઓ અશુભ તિથિઓ ગણાય છે ?

ઉ : ૪૫ નીચે જણાવેલ કોષ્ટક પ્રમાણેની તિથિઓ અશુભ ગણાય છે.

મહિનો	તિથિઓ
ચૈત્ર -	બંને પક્ષની આઠમ અને નોમ.
વૈશાખ -	બંને પક્ષની બારસ.
જેઠ -	સુદ તેરસ, વદ ચોથ.
અષાઢ -	સુદ સાતમ, વદ છઠ્ઠ.
શ્રાવણ -	બંને પક્ષની બીજ અને ત્રીજ
ભાદરવો -	બંને પક્ષની એકમ અને બીજ.
આસો -	બંને પક્ષની દસમ અને અગિયારસ.
કારતક -	સુદ ચૌદશ, વદ પાંચમ.
માગશર -	બંને પક્ષની સાતમ, આઠમ.
પોષ -	બંને પક્ષની ચોથ અને પાંચમ.
મહા -	સુદ છઠ્ઠ, વદ પાંચમ.
ફાગણ -	સુદ ત્રીજ, વદ ચોથ.

પ્ર : ૪૬ કઈ તિથિઓ ચારિત્રતિથિ, જ્ઞાનતિથિ તથા દર્શનતિથિ તરીકે ઓળખાય છે ?

ઉ : ૪૬ (૧) બે ચૌદસ, બે આઠમ, પુનમ, અમાસ આ છ દિવસ ચારિત્રતિથિ કહેવાય.

(૨) બે બીજ, બે પાંચમ, બે અગિયારસ-આ છ દિવસ જ્ઞાન તિથિ કહેવાય.

(૩) બાકીની બધી તિથિઓ અર્થાત્ બાકીના ૧૮ દિવસ દર્શન તિથિ કહેવાય.

પ્ર : ૪૭ જન્મ માટે કઇ તિથિ ઉત્તમ ગણાય છે ?

ઉ : ૪૭ જન્મ માટે ચૌદસની તિથિ પવિત્ર ગણાય છે.

પ્ર : ૪૮ આખા વર્ષમાં ઉત્તમમાં ઉત્તમ દિવસ કયો ?

ઉ : ૪૮ આખા વર્ષમાં ઉત્તમમાં ઉત્તમ દિવસ માગસર સુદ અગિયારસ છે તે દિવસે ઉત્તમ પ્રકારની ધર્મ સાધના કરવાથી ઘણુ શ્રેષ્ઠતમ ફળ મળે છે. આ દિવસે તીર્થંકર ભગવંતોના કુલ દોઢસો કલ્યાણક થાય છે. આ દિવસે ઉપવાસ અચૂક કરવો. આ એકાદશીએ સાચી અગિયારસ કરવાથી અર્થાત્ પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને અગિયારમું મન આ અગિયારને આ દિવસે સંપૂર્ણ નિરાહારી રાખવા (આહાર ન આપવાથી) તો ફરી જન્મ થતો નથી. તેથી આ એકાદશીને મોક્ષ એકાદશી કહે છે. આ દિવસે સાચા દિલથી અને ભાવથી મોક્ષના હેતુથી કોઇ પણ પ્રકારનું ધાર્મિક અનુષ્ઠાન થાય તો ઉત્કૃષ્ટ પ્રકારનું ફળ આપનાર થાય છે. આ દિવસને મૌન એકાદશી પણ કહેવાય છે.

પ્ર : ૪૯ દેવોના એક નાટકમા કેટલો કાળ વ્યતીત થાય ?

ઉ : ૪૯ વિશેષશતક નામના ગ્રંથમાં લખેલ છે કે દેવોના એક નાટકની અંદર ચાર હજાર વર્ષ જેટલો કાળ વ્યતીત થઇ જાય.

પ્ર : ૫૦ કયા દિવસે નવો ધાર્મિક અભ્યાસ કરવાનો નિષેધ છે ?

ઉ : ૫૦ આઠમ અને ચૌદશે ધાર્મિક નવો અભ્યાસ કરવાનો નિષેધ ગણાય છે.

પ્ર : ૫૧ કાળની ઉત્પત્તિ ક્યાંથી થયેલી માનવામાં આવે છે ?

ઉ : ૫૧ શ્રી જ્યાતિષ્કરંડક નામના ગ્રંથમાં કહ્યું છે કે લોકના અનુભાવથી આ જ્યોતિષચક્ર ઉત્પન્ન થયેલું છે. અને તેની જ ગતિ વિશેષથી વિવિધ પ્રકારનો કાળ ઉત્પન્ન થયેલો છે એમ જિનેશ્વરો કહે છે.

પ્ર : ૫૨ કાળનો ઉપકાર શું છે ?

ઉ : ૫૨ વર્તના, પરિણામ, ક્રિયા અને પરાપરત્વ એ ચારે કાળના ઉપકાર છે.

પ્ર : ૫૩ કાળ શબ્દના અગીયાર નિક્ષેપા કયા કયા તે જણાવો ?

ઉ : ૫૩ કાળ શબ્દના અગીયાર નિક્ષેપા નીચે મુજબ છે. :-

(૧) **સન્નામ કાળ :** સચેતન કે અચેતન કોઇ પણ પદાર્થનું કાળ એવું નામ પાડ્યું હોય તે સન્નામ કાળ કહેવાય.

(૨) **સ્થાપના કાળ :** કોઇપણ પદાર્થની કાળ રૂપે સ્થાપના કરી હોય તેં સ્થાપના કાળ કહેવાય છે.

(૩) **દ્રવ્ય કાળ :** સચેતન કે અચેતન દ્રવ્ય જ દ્રવ્ય કાળ કહેવાય છે. સચિત અને અચિત દ્રવ્યોની જે સાંદિશાંત વગેરે ચાર પ્રકારની સ્થિતિ છે તે દ્રવ્ય કાળ કહેવાય છે.

(૪) **અધ્ધા કાળ :** સૂર્યાદિકની ક્રિયાએ પ્રગટ કરેલો અને ગાયોને દોહવા વગેરેની ક્રિયાની અપેક્ષા રહિત જે મનુષ્યક્ષેત્રમાં વર્તતો કાળ તે અધ્ધા કાળ કહેવાય છે.

(૫) **યથાયુષ્ક કાળ :** જે જીવે તીર્યંચ, મનુષ્ય વગેરેનું જે આયુષ્ય ઉપાર્જન કર્યું હોય તે આયુષ્યના અનુભવનો જે કાળ છે તે કાળ યથાયુષ્ક કાળ કહેવાય છે.

(૬) **ઉપક્રમ કાળ :** જેના વડે ઉપક્રમ કરાય એટલે દૂર રહેલી વસ્તુને તે તે પ્રકારની ક્રિયાઓએ કરીને પાસે નજદીક લાવવામાં આવે તે ઉપક્રમ કહેવાય છે. ઉપક્રમનો કાળ પણ ઉપચારથી ઉપક્રમ કાળ કહેવાય છે. તે ઉપક્રમ કાળ સમાચારી અને યથાયુષ્ક એમ બે પ્રકારનો કહ્યો છે.

(૭) **દેશ કાળ :** શુભ કે અશુભ કાર્યનો જે અવસર સ્ફુટ રીતે જોવામાં આવતો હોય તે દેશ કાળ કહેવાય છે. ધુમાડા રહિત ગામને જોઈને, સ્ત્રીઓ રહિત કુવાને જોઈને તથા ઘર ઉપર કાગડાને ઉડતા જોઈને ભિક્ષાનો અવસર થયો છે તેમ સાધુ જાણે. એ દેશ કાળનું દૃષ્ટાંત સમજવું.

(૮) **કાળ કાળ :** જે જેનો મૃત્યુ સમય હોય તે તેનો કાળ કાળ કહેવાય છે. કાળને પામ્યો એટલે મરણ પામ્યો એમ લોક રૂઢીથી કહેવાય છે.

(૯) **પ્રમાણ કાળ :** આ અધ્ધા કાળનો જ એક ભેદ છે. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ તે પ્રમાણ કાળ કહેવાય છે.

(૧૦) **વર્ણ કાળ :** પાંચ વર્ણોના મધ્યમાં જે શ્યામ કાંતિ વાળો વર્ણ છે. તે દશમો વર્ણ કાળ કહેવાય છે. તે સચિત અને અચિત એમ બે પ્રકારનો છે.

(૧૧) **ભાવ કાળ :** ઔદયિકાદિક ભાવોની સાદિશાંત વિગેરે ભાંગા વડે જે સ્થિતિ છે તે ભાવ કાળ કહેવાય છે.

અન્ય અપેક્ષાએ કાળના ત્રણ પ્રકારનો ઉલ્લેખ જોવા મળે છે. જે નીચે મુજબ જાણવો.

સંખ્યાત : એક સમયથી આરંભીને શીર્ષ પ્રહેલિકા સુધીનો કાળ સંખ્યાત કાળ કહેવાય.

અસંખ્યાત : પલ્યોપમ વિગેરે અસંખ્યાત કાળ કહેવાય.

અનંત કાળ : પુદ્ગલ પરાવર્તાદિક અનંત કાળ કહેવાય.

પ્ર : ૫૪ યુગનો પ્રારંભ ક્યારે થાય છે ?

ઉ : ૫૪ જ્યોતિષકરંડકમાં કહ્યું છે કે શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની પ્રતિપદા (એકમને) ને દિવસે બાલવ નામના કરણ અને અભિજિત નક્ષત્રના પ્રથમ સમયે સર્વ ક્ષેત્રોમાં યુગનો પ્રારંભ થાય છે.

પ્ર : ૫૫ આયુષ્યના સાત ભેદ કાળની અપેક્ષાએ વર્ણવો ?

ઉ : ૫૫ આયુષ્યના સાત ભેદ કાળની અપેક્ષાએ નીચે મુજબ જાણવા :-

(૧) ચાલતા ભવનું આયુષ્ય પૂર્ણ થયા પહેલાં પરભવનું આયુષ્ય બાંધે તે આયુષ્યનો બંધ કાળ કહેવાય.

(૨) આયુષ્ય બાંધ્યા પછી જેટલો કાળ ગયા થકો આયુષ્ય ઉદય આવે તેના વચમાનો કાળ તે અબાધા કાળ કહેવાય.

(૩) ભોગવાતું આયુષ્ય જે સમયે પૂર્ણ થાય છે તે અંત કાળ કહેવાય.

(૪) ઘણા કાળે વેદવા યોગ્ય આયુષ્યને થોડા સમયમાં વેદિયે તે અપવર્તન કાળ કહેવાય.

(૫) જે આયુષ્ય જેટલે કાળે વેદવાનું છે તે આયુષ્ય તેટલે જ કાળે વેદાય તે અનપવર્તન કાળ કહેવાય.

(૬) જેણે કરી આયુષ્ય ઓછું કરીએ તે સોપક્રમ કાળ કહેવાય.

(૭) કારણ મળ્યા છતાં પણ આયુષ્ય ઘટે નહીં તે અનુપક્રમ કહેવાય અથવા નિરૂપક્રમ કાળ કહેવાય.

પ્ર : ૫૬ કયા દિવસે અને કયા નક્ષત્રમાં બિમાર પડનાર વ્યકિત રોગમાંથી ભાગ્યે જ સાજો થાય ?

ઉ : ૫૬

વાર (દિવસ)	નક્ષત્ર	વાર (દિવસ)	નક્ષત્ર
રવિવાર	મઘા	ગુરૂવાર	કૃતિકા
સોમવાર	વિશાખા	શુક્રવાર	રોહિણી
મંગળવાર	આર્દ્રા	શનિવાર	હસ્ત
બુધવાર	મૂલ(મૂળ)		

પ્ર : ૫૭ કયા દિવસે અને કયા નક્ષત્રમાં રોગ થાય તો અવશ્ય મૃત્યુ જ આવે?

ઉ : ૫૭

વાર (દિવસ)	નક્ષત્ર	વાર (દિવસ)	નક્ષત્ર
રવિવાર	અનુરાધા	ગુરૂવાર	મૃગશિર
સોમવાર	ઉત્તરા	શુક્રવાર	આશ્લેષા
મંગળવાર	મઘા	શનિવાર	હસ્ત
બુધવાર	અશ્વિની		

નોંધ : મઘા, ભરણી, હસ્ત તથા મૂળ નક્ષત્રમાં તાવ આવે તો અવશ્ય મરણ આવે.

(૪) **અધ્ધા કાળ :** સૂર્યાદિકની ક્રિયાએ પ્રગટ કરેલો અને ગાયોને દોહવા વગેરેની ક્રિયાની અપેક્ષા રહિત જે મનુષ્યક્ષેત્રમાં વર્તતો કાળ તે અધ્ધા કાળ કહેવાય છે.

(૫) **યથાયુષ્ક કાળ :** જે જીવે તીર્યંચ, મનુષ્ય વગેરેનું જે આયુષ્ય ઉપાર્જન કર્યું હોય તે આયુષ્યના અનુભવનો જે કાળ છે તે કાળ યથાયુષ્ક કાળ કહેવાય છે.

(૬) **ઉપક્રમ કાળ :** જેના વડે ઉપક્રમ કરાય એટલે દૂર રહેલી વસ્તુને તે તે પ્રકારની ક્રિયાઓએ કરીને પાસે નજદીક લાવવામાં આવે તે ઉપક્રમ કહેવાય છે. ઉપક્રમનો કાળ પણ ઉપચારથી ઉપક્રમ કાળ કહેવાય છે. તે ઉપક્રમ કાળ સમાચારી અને યથાયુષ્ક એમ બે પ્રકારનો કહ્યો છે.

(૭) **દેશ કાળ :** શુભ કે અશુભ કાર્યનો જે અવસર સ્ફુટ રીતે જોવામાં આવતો હોય તે દેશ કાળ કહેવાય છે. ધુમાડા રહિત ગામને જોઈને, સ્ત્રીઓ રહિત કુવાને જોઈને તથા ઘર ઉપર કાગડાને ઉડતા જોઈને ભિક્ષાનો અવસર થયો છે તેમ સાધુ જાણે. એ દેશ કાળનું દૃષ્ટાંત સમજવું.

(૮) **કાળ કાળ :** જે જેનો મૃત્યુ સમય હોય તે તેનો કાળ કાળ કહેવાય છે. કાળને પામ્યો એટલે મરણ પામ્યો એમ લોક રૂઢીથી કહેવાય છે.

(૯) **પ્રમાણ કાળ :** આ અધ્ધા કાળનો જ એક ભેદ છે. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ તે પ્રમાણ કાળ કહેવાય છે.

(૧૦) **વર્ણ કાળ :** પાંચ વર્ણોના મધ્યમાં જે શ્યામ કાંતિ વાળો વર્ણ છે. તે દશમો વર્ણ કાળ કહેવાય છે. તે સચિત અને અચિત એમ બે પ્રકારનો છે.

(૧૧) **ભાવ કાળ :** ઔદયિકાદિક ભાવોની સાદિશાંત વિગેરે ભાંગા વડે જે સ્થિતિ છે તે ભાવ કાળ કહેવાય છે.

અન્ય અપેક્ષાએ કાળના ત્રણ પ્રકારનો ઉલ્લેખ જોવા મળે છે. જે નીચે મુજબ જાણવો.

સંખ્યાત : એક સમયથી આરંભીને શીર્ષ પ્રહેલિકા સુધીનો કાળ સંખ્યાત કાળ કહેવાય.

અસંખ્યાત : પલ્યોપમ વિગેરે અસંખ્યાત કાળ કહેવાય.

અનંત કાળ : પુદ્ગલ પરાવર્તાદિક અનંત કાળ કહેવાય.

પ્ર : ૫૪ યુગનો પ્રારંભ ક્યારે થાય છે ?

ઉ : ૫૪ જ્યોતિષકરંડકમાં કહ્યું છે કે શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની પ્રતિપદા (એકમને) ને દિવસે બાલવ નામના કરણ અને અભિજિત નક્ષત્રના પ્રથમ સમયે સર્વ ક્ષેત્રોમાં યુગનો પ્રારંભ થાય છે.

પ્ર : ૫૫ આયુષ્યના સાત ભેદ કાળની અપેક્ષાએ વર્ણવો ?

ઉ : ૫૫ આયુષ્યના સાત ભેદ કાળની અપેક્ષાએ નીચે મુજબ જાણવા :-

(૧) ચાલતા ભવનું આયુષ્ય પૂર્ણ થયા પહેલાં પરભવનું આયુષ્ય બાંધે તે આયુષ્યનો બંધ કાળ કહેવાય.

(૨) આયુષ્ય બાંધ્યા પછી જેટલો કાળ ગયા થકો આયુષ્ય ઉદય આવે તેના વચમાનો કાળ તે અબાધા કાળ કહેવાય.

(૩) ભોગવાતું આયુષ્ય જે સમયે પૂર્ણ થાય છે તે અંત કાળ કહેવાય.

(૪) ઘણા કાળે વેદવા યોગ્ય આયુષ્યને થોડા સમયમાં વેદિયે તે અપવર્તન કાળ કહેવાય.

(૫) જે આયુષ્ય જેટલે કાળે વેદવાનું છે તે આયુષ્ય તેટલે જ કાળે વેદાય તે અનપવર્તન કાળ કહેવાય.

(૬) જેણે કરી આયુષ્ય ઓછું કરીએ તે સોપક્રમ કાળ કહેવાય.

(૭) કારણ મળ્યા છતાં પણ આયુષ્ય ઘટે નહીં તે અનુપક્રમ કહેવાય અથવા નિરૂપક્રમ કાળ કહેવાય.

પ્ર : ૫૬ કયા દિવસે અને કયા નક્ષત્રમાં બિમાર પડનાર વ્યકિત રોગમાંથી ભાગ્યે જ સાજો થાય ?

ઉ : ૫૬

વાર (દિવસ)	નક્ષત્ર	વાર (દિવસ)	નક્ષત્ર
રવિવાર	મઘા	ગુરૂવાર	કૃતિકા
સોમવાર	વિશાખા	શુક્રવાર	રોહિણી
મંગળવાર	આર્દ્રા	શનિવાર	હસ્ત
બુધવાર	મૂલ(મૂળ)		

પ્ર : ૫૭ કયા દિવસે અને કયા નક્ષત્રમાં રોગ થાય તો અવશ્ય મૃત્યુ જ આવે?

ઉ : ૫૭

વાર (દિવસ)	નક્ષત્ર	વાર (દિવસ)	નક્ષત્ર
રવિવાર	અનુરાધા	ગુરૂવાર	મૃગશિર
સોમવાર	ઉત્તરા	શુક્રવાર	આશ્લેષા
મંગળવાર	મઘા	શનિવાર	હસ્ત
બુધવાર	અશ્વિની		

નોંધ : મઘા, ભરણી, હસ્ત તથા મૂળ નક્ષત્રમાં તાવ આવે તો અવશ્ય મરણ આવે.

પ્ર : ૫૮ પાંચમા આરામાં ગામો સ્મશાન તુલ્ય થશે તેવું ક્યાં લખેલ છે ?

ઉ : ૫૮ "શ્રી પંચકલ્પ ભાષ્યમાં" શ્રી સંઘદાસગણી મહારાજ સાહેબે આ વાતનો ઉલ્લેખ કરેલ છે.

પ્ર : ૫૯ વર્તમાન ચોવીસીના કયા સમયમાં તીર્થનો વિચ્છેદ થયેલ ?

ઉ : ૫૯ નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથથી સોળમાં તીર્થંકર શ્રીશાંતિનાથ પ્રભુ સુધીના સાત આંતરામા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા રૂપ શ્રી તીર્થનો સર્વથા વ્યવચ્છેદ થયો હતો.

પ્ર : ૬૦ પાણીનો કાળ કઈ ઋતુમાં કેટલો ગણાય ?

ઉ : ૬૦ શ્રી લઘુ પ્રવચન સારોદ્ધારમા જણાવ્યા મુજબ વર્ષાઋતુમાં ત્રણ પહોર, શીયાળામાં ચાર પહોર, ઉનાળામાં પાંચ પહોરનો ગણાય.

પ્ર : ૬૧ નવીન પ્રસવ થયેલ ગાય આદિનું દૂધ કેટલા દિવસ ન કલ્પે ?

ઉ : ૬૧ તાજેતરમાં પ્રસવ થયેલ ગાયનું દૂધ પાંચ દિવસ, બકરીનું દૂધ આંઠ દિવસ અને ભેંસનું દૂધ દસ દિવસ સુધી ન કલ્પે.

પ્ર : ૬૨ શ્રુતજ્ઞાન આરાધન કરવાની તિથિઓ કઈ કઈ ?

ઉ : ૬૨ બીજ, પાંચમ, આંઠમ, એકાદશી અને ચૌદશ આ પાંચ તિથિઓ શ્રુતજ્ઞાન આરાધન કરવા માટે શ્રેષ્ઠ ગણાય.

પ્ર : ૬૩ પર્વ તિથિઓ કઈ ?

ઉ : ૬૩ મહીનામાં બે આંઠમ, બે ચૌદશ, અમાવસ્યા, પૂર્ણિમા આ છ પર્વ તિથિઓ કહેવાય.

પ્ર : ૬૪ કયા નક્ષત્રમાં લોચ કરવો ?

ઉ : ૬૪ પુનર્વસુ, પુષ્ય, શ્રવણ અને ધનિષ્ઠા આ ચાર નક્ષત્રોમાં લોચકર્મ કરવું જ્યારે ભરણી, કૃતિકા, વિશાખા, અને મઘા આ ચાર નક્ષત્રોમાં લોચ નકરવું.

પ્ર : ૬૫ પુષ્યનક્ષત્ર જૈન દર્શનમાં ક્યાં શ્રેષ્ઠ બતાવેલું છે ?

ઉ : ૬૫ શ્રીજ્ઞાતાસૂત્રના આઠમાં અધ્યયનમાં કહ્યું છે "પુષ્યનક્ષત્ર ગમનમાં શ્રેષ્ઠ છે."

પ્ર : ૬૬ કયા નક્ષત્રો જ્ઞાનની વૃદ્ધિ કરનારા ગણાય છે ?

ઉ : ૬૬ સમવાયાંગ સૂત્રમાં કહ્યું છે કે નીચે મુજબના દશ નક્ષત્રો જ્ઞાનની વૃદ્ધિ કરનારા છે. (૧) મૃગશિર્ષ (૨) પુષ્ય (૩) આર્દ્રા (૪) પૂર્વા ફાલ્ગુની (૫) પૂવાષાઢા (૬) પૂર્વા ભાદ્રપદ (૭) મૂળ (૮) આશ્લેષા (૯) હસ્ત (૧૦) ચિત્રા.

પ્ર : ૬૭ પુરુષ અને સ્ત્રીએ એકબીજાના આસન ઉપર કેટલા સમય સૂધી ન બેસવું?

ઉ : ૬૭ શ્રી હરિભદ્રસૂરિમહારાજે સંબોધ પ્રકરણમાં કહેલ છે કે ''પુરુષના આસન ઉપર પુરુષ ઉઠ્યા પછી ત્રણ પહોર સુધી બ્રહ્મચર્યવતી સ્ત્રીએ ન બેસવું અને સ્ત્રીના આસન ઉપર પુરુષે અંતમૂર્હત સુધી ન બેસવું.

પ્ર : ૬૮ ત્રણ દિવસનો કાયોત્સર્ગ ક્યારે કરવો ઉત્તમ ગણાય ?

ઉ : ૬૮ આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનની નિર્યુક્તિમાં શ્રી ભદ્રબાહુસ્વામીજી તથા વ્યવહાર સૂત્રના સાતમા ઉદેશાની ટીકામાં શ્રી મલયગીરીમહારાજ સાહેબ જણાવે છે કે ''ચૈત્રસુદ અગિયારસથી તેરસ અથવા ચૈત્રસુદ બારસ, તેરસ, ચૌદશ આ ત્રણ દિવસ અથવા ચૈત્રસુદ તેરસ, ચૌદશ, પૂર્ણિમા આ ત્રણ દિવસ કાયોત્સર્ગ માટે ઉત્તમ ગણાય.

પ્ર : ૬૯ કયા દિવસે દાન પૂન્ય કરવાથી વિશેષ લાભ થાય ?

ઉ : ૬૯ એક માન્યતા અનુસાર સતયુગનો પ્રારંભ કારતક સુદ નોમે થયો, ત્રેતાયુગનો પ્રારંભ વૈશાખ સુદ ત્રીજે, દ્વાપરયુગનો પ્રારંભ ભાદરવા વદ તેરસ અને કળીયુગનો પ્રારંભ માઘવદ અમાસે થયો છે, તેથી આ ચાર દિવસોએ દાન પૂન્ય કરવાથી વિશેષ લાભ થાય.

પ્ર : ૭૦ કયા નક્ષત્રને કઈ સંજ્ઞા આપવામાં આવી છે, તથા તે નક્ષત્રમાં કરેલ કાર્યનું ફળ કેવું આવે તે જણાવો ?

ઉ : ૭૦

નક્ષત્રનું નામ	સંજ્ઞા	ફળ
(૧) ધનીષ્ઠા, શતભીષા, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતી.	પંચક	આ નક્ષત્રોમાં કોઇ શુભ કાર્ય શરુ ન કરવું જોઇએ
(૨) જયેષ્ઠા, આશ્લેષા, મઘા, મૂળ, અશ્વિની.	મૂળ	આ નક્ષત્રમાં જન્મેલ બાળકની ગ્રહ શાંતિ કરાવવી જોઇએ
(૩) ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, રોહિણી.	ધ્રુવ	આ નક્ષત્રમાં શરુ કરેલ કાર્યમાં વિઘ્ન આવે છે.
(૪) સ્વાતી, પૂનર્વસુ, શ્રવણ, ધનિષ્ઠા, શતભીષા.	ચર	આ નક્ષત્રમાં શરૂ કરેલ કાર્ય અનુસાર ફળ આવે.

卐

અધ્યાય બીજો
લોકાલોક અને અઢીદ્વીપ

પ્ર : ૧ લોક અને અલોક કેવા છે ?

ઉ : ૧ લોક અને અલોક અનાદિ અનંત છે અને શાશ્વત છે. દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે અને પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. છ અવિનાશી તત્ત્વોમાંથી પાંચ અવિનાશી તત્વો જેવા કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ અને આત્મા આ તત્વો જેટલા આકાશમાં રહે છે તેને લોક કહેવાય છે અને બાકીના આકાશને અલોક કહેવાય છે.

પ્ર : ૨ લોકનો આકાર કેવો છે ?

ઉ : ૨ લોકનો આકાર સુપ્રતિષ્ઠિતના આકારે છે. સરાવલા એક ઉલટું એના ઉપર એક સુલટું એના ઉપર એક ઉલટું એ પ્રમાણે છે. અન્ય મતે સાત પુરુષો એકની પાછળ એક એમ ઊભા રહે તથા હાથ કમર ઉપર રાખે અને પગ પહોળા રાખે ત્યારે જે આકાર તેમનો થાય તેવો આકાર લોકનો છે. શાસ્ત્રની ભાષામાં વૈશાખ સંસ્થાન કહેવાય છે એટલે કે આ લોકનો આકાર કેડે હાથ દઈને પગ પહોળા કરીને ઊભા રહેલા પુરૂષ જેવો છે.

પ્ર : ૩ અલોકનો આકાર કેવો છે ?

ઉ : ૩ અલોકનો આકાર પોલા ગોળાના આકારે છે.

પ્ર : ૪ લોકમાં બધા મળીને કેટલા પ્રદેશ છે ?

ઉ : ૪ લોકમાં બધા મળીને અસંખ્યાત પ્રદેશ છે.

પ્ર : ૫ લોકનાં અસંખ્યાત પ્રદેશોમાં અનંતાનંત જીવો, અનંતાનંત પુદ્ગલો, એક ધર્મદ્રવ્ય, એક અધર્મ-દ્રવ્ય, અસંખ્યાત કાળદ્રવ્ય એ બધા કયા પ્રકારે સમાઈ જાય છે ?

ઉ : ૫ જેમ કે એક દીપકના પ્રકાશમાં અનેક દીપકના પ્રકાશ સમાઈ જાય છે તેમ આકાશમાં અને બીજા દ્રવ્યોમાં પણ અનેક દ્રવ્યો સમાઈ જવાની યોગ્યતા છે તેથી અનેક દ્રવ્યોનું અવગાહન લોકમાં થઈ જાય છે.

પ્ર : ૬ લોકનું વિસ્તાર-ક્ષેત્ર કેટલું છે ?

ઉ : ૬ લોકનો વિસ્તાર ૩૪૩ ઘન રાજુ (રજ્જુ) છે. એક રજ્જુ અસંખ્યાત યોજનનો થાય છે એક યોજન ૨૦૦૦ ગાઉનો થાય છે. એક ગાઉ લગભગ અઢી માઈલનો થાય છે. લોકનો વિસ્તાર લોકના ત્રણ ભાગ કરીને વિશેષપણે સમજવો.

પ્ર : ૭ આ ત્રણસો તેત્તાલીસ ઘન રજ્જુ પ્રમાણ કોના આધાર ઉપર રહેલો છે ?

ઉ : ૭ આ લોકની ચારે બાજુએ ઘનોદધિવાતાવલય છે તેના પછી ઘનવાતવલય છે તેના પછી તનુવાતવલય છે અને આ વાત-વલયોના આધારે લોક રહેલો છે. આ વાતાવલય પણ લોકનો જ એક ભાગ છે. વાતવલય વાયુરૂપ હોવાથી તેને કોઈનો આધાર નથી, માત્ર આકાશનો જ આધાર છે.

પ્ર : ૮ લોક કેટલો મોટો છે ?

ઉ : ૮ ચૌદ રજ્જુ પ્રમાણ છે ઉત્તર અને દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં મૂળ પહોળાઈ સાત (૭) રજ્જુ (રાજુ) છે. પછી ક્રમથી ઘટતાં ઘટતાં ઠીક મધ્યભાગમાં ૭ રજ્જુ ની ઉંચાઈ પર એક રજ્જુની પહોળાઈ છે. પછી ક્રમથી વધતાં વધતાં ૧૦॥ રજ્જુની ઉંચાઈ પર પાંચ રાજુ છે. પછી ક્રમશઃ ઘટતા ઘટતા અંતમાં ૧૪ રજ્જુની ઉંચાઈ પર ૧ રજ્જુની પહોળાઈ છે એ પ્રમાણે સંપૂર્ણ લોક નીચેથી ઉપર સુધી સીધો ૧૪ રજ્જુ લાંબો છે. ઘનાકારના માપથી ૩૪૩ રજ્જુ પરિમાણ (પ્રમાણ) છે. (અર્થાત્ સંપૂર્ણ લોકના વિષમ સ્થાનને સમ કરવાથી ચોરસ ૭ રજ્જુ લાંબા, ૭ રજ્જુ પહોળા અને ૭ રજ્જુ ઉંચા એ પ્રમાણે ૭ × ૭ × ૭ = ૩૪૩ રજ્જુ થાય છે.) તાત્પર્ય એ છે કે જો એક રાજુ લાંબા એક રાજુ પહોળા અને એક રજ્જુ ઊંચા ખંડની કલ્પના કરવામાં આવે તો સંપૂર્ણ લોકના બધા ખંડો ૩૪૩ થાય છે. લોકની વિશાળતાનું ઉદાહરણ અસત્ કલ્પનાથી આપેલ છે. જેમ કે મેરુ પર્વતની ચૂલિકા ઉપર ચારે દિશાઓમાં છ દેવ ઊભા રહે, નીચે ચાર દિશા કુમારીઓ હાથમાં બલિપિંડ લઈને ઊભી રહે. તે એકી સાથે ચારે દિશાઓમાં બલિપિંડ ફેકે, તે સમયે તે દેવો બલિપિંડોને નીચે પડયા પહેલા જ પકડી લે. એટલી શકિતવાળા દેવ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઊર્ધ્વ અને અધોદિશામાં તીવ્ર ગતિથી જાય તે સમયે એક ગૃહસ્થીને ઘરે એક હજાર વર્ષના આયુષ્યવાળા પુત્રનો જન્મ થાય અને તે પોતાનું આયુષ્ય પૂર્ણ કરી લે એ રીતે હજાર વર્ષની આયુની તેમની સાત પેઢીઓ સમાપ્ત થઈ જાય તેમના નામ પણ મટી જાય એટલા

કાળ સુધી દેવ ચાલતાં જ રહે તો પણ લોકનો અંત ના આવે આટલો મોટો લોક છે. (નોંધ : રાજુ (રજ્જુ) એક જાતનું લંબાઇનું માપ છે.)

પ્ર : ૯ રજ્જુનું પરિમાણ શું છે ?

પ્ર : ૯ એક હજાર ભારનો ગોળો ઊર્ધ્વલોકથી ઇન્દ્ર યા કોઇ દેવ જોરથી નીચે ફેકે તે ૬ માસ, ૬ દિવસ, ૬ પ્રહર, ૬ ઘડી, ૬ પલમાં જેટલું અંતર કાપે તેટલા ક્ષેત્રને એક રજ્જુ ક્ષેત્ર કહેવાય છે.

પ્ર : ૧૦ ભારનું પરિમાણ શું છે ?

ઉ : ૧૦ ૩,૮૧,૧૨,૯૩૦ (ત્રણ કરોડ, એક્યાસી લાખ, બાર હજાર, નવસો ત્રીસ) મણનો એક ભાર થાય છે.

પ્ર : ૧૧ લોક સ્થિતિ કેટલાં પ્રકારની છે ?

ઉ : ૧૧ લોક સ્થિતિ આઠ પ્રકારની છે :-

(૧) આકાશને આધારે તનવાયુ અને તનવાયુને આધારે ઘનવાયુ છે. (૨) વાયુના આધારે પાણી છે. (૩) પાણીના આધારે પૃથ્વી છે. (૪) પૃથ્વીના આધારે ત્રસ, સ્થાવર જીવો રહેલ છે. (૫) જીવ-અજીવનો સંગ્રહ (૬) જીવે કર્મનો સંગ્રહ કરી રાખ્યો છે. (૭) જીવ-અજીવનો સંગ્રહ કરે છે અર્થાત્ જીવ ભાષામન પણે પુદ્ગલોનો સંગ્રહ કરે છે. (૮) જીવ કર્મો નવા ઊભાં કરે છે.

પ્ર : ૧૨ લોક કેટલા પ્રકારના છે ?

ઉ : ૧૨ લોક ચાર પ્રકારના છે :-

(૧) દ્રવ્યલોક (૨) ક્ષેત્રલોક (૩) કાળલોક, (૪) ભાવલોક.

પ્ર : ૧૩ ક્ષેત્ર લોક કેટલા પ્રકારના છે ?

ઉ : ૧૩ ક્ષેત્ર લોક ત્રણ પ્રકારના છે.

(૧) અધોલોક (૨) મધ્યલોક (તીરર્છા લોક) (૩) ઉર્ધ્વલોક.

પ્ર : ૧૪ અધોલોક કેટલા પ્રકારના છે ?

ઉ : ૧૪ અધોલોક સાત પ્રકારના છે, જેને વેદાંત સાત પાતાળ અને જૈન દર્શન સાત નરકો કહે છે. જેમાં ૮૪ લાખ નરકાવાસા છે અને ૭ કરોડ ૭૨ લાખ ભવનપતિ દેવોનાં ભવનો છે.

પ્ર : ૧૫ મધ્યલોકના (તીરર્છાલોક) કેટલા પ્રકાર છે ?

ઉ : ૧૫ અસંખ્યાતા પ્રકારના છે. જંબૂદ્વીપ આદિ અસંખ્યાત દ્વીપ છે. લવણ સમુદ્રથી લઇ સ્વયંભુરમણ સમુદ્ર સુધી અસંખ્યાત સમુદ્ર છે.

પ્ર : ૧૬ ઊર્ધ્વલોક કેટલા પ્રકારના છે ?

ઉ : ૧૬ ઊર્ધ્વલોક પંદર પ્રકારના છે.

(૧) સૌધર્મ દેવલોકથી અચ્યુત દેવલોક સુધી	૧૨
(૨) નવ ગ્રૈવેયક વિમાન	૧
(૩) ચાર અનુતર વચ્ચે સ્વાર્થ સિદ્ધ	૧
(૪) ઈષત્પ્રાગભારા પૃથ્વી (સિદ્ધશિલા)	૧
	૧૫

પ્ર : ૧૭ અધોલોક, તીરર્છાલોક અને ઉર્ધ્વલોકનો આકાર કેવો છે ?

ઉ : ૧૭ અધોલોકનો આકાર તિપાઈના આકારે છે. તીરર્છાલોક (મધ્યલોક) નો આકાર ઝાલરના આકારે છે. ઊર્ધ્વલોકનો આકાર ઊભા ઢોલકના આકારે છે.

પ્ર : ૧૮ અધોલોક કયા ભાગને કહે છે ? અધોલોક ક્યાંથી શરુ થાય છે ? અધોલોકનો વિસ્તાર કેટલો છે ?

ઉ : ૧૮ દ્રષ્ટાંતમાં જેમ મનુષ્યની નાભિથી નીચેનો વિસ્તાર છે તે રીતે લોકના ઠીક મધ્યબિંદુથી નીચેનો જેટલો વિસ્તાર છે તેટલા ભાગને અધોલોક કહે છે. મેરુપર્વત પાસેની સમભુમિથી ૯૦૦ યોજન નીચેથી અધોલોક શરુ થાય છે. અધોલોકની ઊંચાઈ ઉપરથી નીચે સાત રજ્જુ છે. સૌથી નીચે પૂર્વ-પશ્ચિમ દિશાનો વિસ્તાર (જાડાઈ) સાત રજ્જુ છે અને ઉપર ઘટતો ઘટતો સૌથી ઉપર એક રજ્જુ થઈ જાય છે. દક્ષિણ-ઉત્તરનો વિસ્તાર (લંબાઈ) સર્વત્ર સાત-સાત રજ્જુ છે. આ પ્રમાણે અધોલોકનો કુલ વિસ્તાર. ૪ રજ્જુ × ૭ રાજ્જુ × ૭ રાજ્જુ = ૧૯૬ ઘન રાજુ પ્રમાણ થાય છે. તેમા ભવનપતિદેવો અને નારકી રહે છે.

પ્ર : ૧૯ મધ્યલોક (ત્રિરર્છાલોક) ક્યાં છે ? તેનો વિસ્તાર કેટલો છે ?

ઉ : ૧૯ ઊર્ધ્વલોકથી નીચે અને અધોલોકથી ઉપર ૧૮૦૦ યોજનની ઉંચાઈ વાળો એક રજ્જુ પ્રમાણ લાંબો પહોળો મધ્યલોક છે. અર્થાત્ લોકના મધ્યભાગથી ઉપર એક લાખ ચાળીસ યોજનો સુધી તથા આડી દિશામાં ચારે બાજુ અસંખ્યાત યોજનો સુધી અર્થાત્ પુર્વથી પશ્ચિમ, અને ઉત્તરથી દક્ષિણ સુધી એક રજ્જુ પ્રમાણ મધ્યલોક છે.

પ્ર : ૨૦ ઊર્ધ્વલોક ક્યાંથી શરુ થાય છે ? તેનો વિસ્તાર કેટલો છે ?

ઉ : ૨૦ મેરુપર્વત પાસેની સમ ભુમિથી ૯૦૦ યોજન ઊંચેથી ઊર્ધ્વલોકની શરુઆત થાય છે. ઊર્ધ્વલોકની ઉંચાઇ સાત રજ્જુ પ્રમાણ છે. તેનો પુર્વ-પશ્ચિમ વિસ્તાર (પહોળાઇ) મધ્યલોકની ઉપર એક રજ્જુ પ્રમાણે, ઉપર બીજા સાડા ત્રણ રજ્જુ જઇએ ત્યારે પાંચ રજ્જુ પ્રમાણ અને બીજા સાડા ત્રણ રજ્જુ પ્રમાણ છે. વિસ્તાર સર્વત્ર સાત સાત રજ્જુ પ્રમાણ છે. હવે ઊર્ધ્વલોકનું કુલ ક્ષેત્રફળ નીચે મુજબ જાણવું. :-

૫ + ૧ = ૬; ૬ ÷ ૨ = ૩; ૩ × ૩$\frac{૧}{૨}$ = ૧૦$\frac{૧}{૨}$

૧૦$\frac{૧}{૨}$ × ૭ = ૭૩$\frac{૧}{૨}$ + ૭૩$\frac{૧}{૨}$ + ૭૩$\frac{૧}{૨}$ = ૧૪૭ ધન રજ્જુ

પ્રમાણનો ઉર્ધ્વલોકનો વિસ્તાર છે.

પ્ર : ૨૧ ત્રણેલોકનો મળીને કુલ વિસ્તાર કેટલો થાય ?

ઉ : ૨૧ અધોલોકના ૧૯૬ ધનરજ્જુ અને ઊર્ધ્વલોકના ૧૪૭ ધનરજ્જુ એમ બન્નેનો મળીને કુલ વિસ્તાર ૩૪૩ ધનરજ્જુ છે અને આ ત્રણે લોકનો કુલ વિસ્તાર જાણવો.

પ્ર : ૨૨ મધ્યલોકનો વિસ્તાર ગણતરીમાં કેમ ન લીધો ?

ઉ : ૨૨ મધ્યલોકની ઉંચાઇ રજ્જુની ગણતરીમાં નથી, આ કારણથી તેને જુદી રીતે ગણ્યો નથી. મધ્યલોકનો જે અલ્પ અંશ છે તે ઊર્ધ્વલોકના સૌથી નીચેના અંશની ગણતરીમાં આવી જાય છે.

પ્ર : ૨૩ અધોલોકમાં કેવી રચના છે ?

ઉ : ૨૩ દક્ષિણ અને ઉત્તરમાં ત્રણ ત્રણ રજ્જુ ક્ષેત્ર છોડીને લોકના મધ્યમાં ચૌદ રજ્જુ પ્રમાણ ઉંચાઇવાળી એક ત્રસનાડીમાં સાત નરકોની રચના છે નરકની સાત પૃથ્વીઓ ગણાય છે.

પ્ર : ૨૪ મધ્યલોકમાં કેવી રચના છે ?

ઉ : ૨૪ મધ્યલોકમાં એક રજ્જુ તિરછો વિસ્તારવાળો છે. અને તેના બરાબર મધ્યમાં સુદર્શન નામનો મેરુપર્વત છે. તે પર્વત જંબૂદ્વીપના ઠીક મધ્યમાં છે. જેમા આપણે રહીએ છીએ, તે આ જ જંબૂદ્વીપ છે જેનો વિસ્તાર એક લાખ યોજન છે. આ દ્વીપની દક્ષિણ દિશામાં કિનારા ઉપર જંબૂદ્વીપના$\frac{૧}{૧૯૦}$ભાગમાં

ભરતક્ષેત્ર છે. આ ભરતક્ષેત્રના આર્યખંડમાં આપણે રહીએ છીએ. આની ઉત્તરમાં અને $\frac{૨}{૧૯૦}$ વિસ્તારમાં હિમવાન પર્વત છે. $\frac{૪}{૧૯૦}$ વિસ્તારમાં હૈમવંતક્ષેત્ર છે. જેમાં હંમેશા જઘન્યભોગભૂમિ રહે છે. $\frac{૮}{૧૯૦}$ વિસ્તારમાં મહાહિમવાન પર્વત છે. $\frac{૧૬}{૧૯૦}$ વિસ્તારમાં હરિક્ષેત્ર છે. જ્યાં સદા મધ્યભોગ ભૂમિ રહે છે. $\frac{૩૨}{૧૯૦}$ વિસ્તારમાં નિષધ પર્વત છે. $\frac{૬૪}{૧૯૦}$ વિસ્તારમાં મહાવિદેહ ક્ષેત્ર છે તેના દેવકુરુ અને ઉતરકુરુનામના થોડા ક્ષેત્રને છોડીને કે જેમાં ઉત્તમ ભોગભૂમિ સદાય રહે છે. મહા- વિદેહક્ષેત્રથી શાશ્વત મોક્ષમાર્ગ ચાલ્યા કરે છે અને અનેક ભવ્ય જીવો મુકત થતાં રહે છે. તીર્થંકર ભગવંતો પણ અહી હંમેશા હોય છે. આ પછી ઉત્તરની બાજુ $\frac{૩૨}{૧૯૦}$ વિસ્તારમાં નીલપર્વત છે. $\frac{૧૬}{૧૯૦}$ વિસ્તારમાં રમ્યક ક્ષેત્ર છે. અહીં સદા મધ્યમ ભોગ ભૂમિ રહે છે. $\frac{૮}{૧૯૦}$ વિસ્તારમાં રુકમિ પર્વત છે. $\frac{૪}{૧૯૦}$ વિસ્તારમાં હૈરણ્યવત ક્ષેત્ર છે જયાં સદાય મધ્યભોગ ભૂમિ રહે છે. $\frac{૨}{૧૯૦}$ વિસ્તારમાં શિખરી પર્વત છે. $\frac{૧}{૧૯૦}$ વિસ્તારમાં ઐરાવત ક્ષેત્ર છે. જેમા ભરતક્ષેત્ર જેવી રચના રહેલી છે. ભરત ઐરાવત ક્ષેત્રોમાં વચ્ચે વિજયાર્ધ પર્વત પણ છે. વિદેહમાં નિષધ અને નીલથી માંડીને મેરુની નજીક સુધી બબ્બે ગજદન્ત પર્વતો છે. કુલાચલ વગેરે પર્વતો ઉપર અકૃત્રિમ જિનભવન અને જિનચૈત્યો છે.

પ્ર : ૨૫ ઊર્ધ્વલોકમાં શું રચના છે ?

ઉ : ૨૫ સુદર્શન મેરુપર્વતની તળેટીથી માંડીને ઉપર લોકના અંત સુધી ઊર્ધ્વલોક કહેવાય છે. જેમાની સાત રજ્જુ પ્રમાણ ત્રસનાડીમાં દેવોનો આવાસ છે અને સૌથી ઉપર સિદ્ધલોક છે. ઊર્ધ્વલોકની ત્રસનાડીમાં પહેલા એકબીજાથી ઉપર ઉપર આઠ કલ્પોમાં સોળ સ્વર્ગ છે. તેની ઉપર ગ્રૈવેયક વિમાન છે. તેની ઉપર અનુદિશ વિમાન તેની ઉપર અનુતર વિમાન તેની ઉપર સિદ્ધશિલા અને તેની ઉપર સિદ્ધલોક છે.

પ્ર : ૨૬ ચૌદ રાજલોકનો મધ્યપ્રદેશ ક્યાં છે ?

ઉ : ૨૬ રત્નપ્રભા ૧,૮૦,૦૦૦ યોજનની છે તેની નીચે ૨૦,૦૦૦ યોજન ધનોદધિ છે. તેની નીચે અસંખ્ય યોજન ઘનવાયુ, અસંખ્ય યોજન તનવાયુ અને અસંખ્ય યોજન આકાશ છે. તે આકાશના અસંખ્યાતમાં ભાગમાં ચૌદ રાજલોકનો મધ્યભાગ છે.

પ્ર : ૨૭ અધોલોકનો મધ્યપ્રદેશ ક્યાં છે ?

ઉ : ૨૭ પંકપ્રભા નામના ચોથા નરકના નીચેના આકાશ પ્રદેશ સાધિકમાં અધોલોકનો મધ્યપ્રદેશ છે.

પ્ર : ૨૮ તિરર્છાલોકનો મધ્યપ્રદેશ ક્યાં છે ?

ઉ : ૨૮ તિરર્છાલોકનો મધ્યપ્રદેશ મેરુપર્વતના રુચક પ્રદેશોમાં છે.

પ્ર : ૨૯ ઊર્ધ્વલોકનો મધ્યપ્રદેશ ક્યાં છે ?

ઉ : ૨૯ બ્રહ્મ દેવલોકમાં બીજા રીષ્ટ પ્રતરમાં ઊર્ધ્વલોકનો મધ્યપ્રદેશ છે.

પ્ર : ૩૦ તિરર્છાલોક (મધ્યલોક) વિશે વિગતવાર સમજાવો ?

ઉ : ૩૦ ચૌદ રાજલોકના મધ્યમાં તિરછાલોક આવેલો છે. તેને મધ્યલોક પણ કહેવાય છે. તેનો આકાર ઘંટીના પડ જેવો વર્તુળાકાર છે. તેની લંબાઇ પહોળાઇ એક રજ્જુ (અસંખ્યાત યોજનની) ની છે અને ઉંચાઇ ૧૮૦૦ યોજનની છે. આ તિરછાલોકમાં મનુષ્યો, તીર્યંચ અને દેવો રહે છે. આ તિરછાલોકમાં અસંખ્ય સમુદ્રો અને અસંખ્ય દ્વીપો આવેલા છે. સંખ્યાતા દ્વીપોમાં પહેલો જંબૂદ્વીપ, બીજો ધાતકીખંડ એમ અસંખ્ય દ્વીપો છે અહી એક દ્વીપ પછી તરત બીજો દ્વીપ નથી પરંતુ દરેક દ્વીપને ફરતો સમુદ્ર છે. અને સમુદ્રને ફરતો દ્વીપ છે. ફકત છેલ્લા સમુદ્ર સ્વયંભુરમણ સમુદ્રને ફરતો દ્વીપ નથી. પ્રથમનાં બે દ્વીપને ફરતા જે બે સમુદ્ર કહ્યા છે તે જ બે સમુદ્ર દ્વીપથી જુદા નામવાળા છે. બાકીના બધા સમુદ્રોનાં નામ દ્વીપ પ્રમાણે જ જાણવા મનુષ્યની વસ્તી પહેલાં બે દ્વીપ અને બે સમુદ્ર પછી ત્રીજા પુષ્કર દ્વીપ તેના અડધા ભાગમાં જ છે તે પછીના દ્વીપ કે સમુદ્રોમાં મનુષ્યની વસ્તી નથી. તેથી આ અઢી દ્વીપને મનુષ્ય ક્ષેત્ર કહેવાય છે.

પ્ર : ૩૧ મધ્યલોકમાં આવેલા કેટલાક દ્વીપોના નામ તથા તેઓના વિસ્તારનાં માપ જણાવો ?

ઉ : ૩૧

દ્વીપનું નામ.	વિસ્તાર (યોજન પ્રમાણે)
(૧) જંબૂદ્વીપ	૧ લાખ
(૨) ધાતકી ખંડ	૪ લાખ
(૩) પુષ્કરવર દ્વીપ	૧૬ લાખ
(૪) વારુણીવર દ્વીપ	૬૪ લાખ

(૫) ક્ષીરવર દ્વીપ	૨૫૬ લાખ
(૬) ઘૃતવર દ્વીપ	૧૦૨૪ લાખ
(૭) ઇક્ષુરસ દ્વીપ	૪૦૯૬ લાખ
(૮) નંદીશ્વર દ્વીપ	૧૬૩૮૪ લાખ
(૯) અરુણ દ્વીપ	૬૫૫૩૬ લાખ
(૧૦) અરુણવર દ્વીપ	૨૬૨૧૪૪ લાખ
(૧૧) અરુણવરાવ ભાસ દ્વીપ	૧૦૪૮૫૭૬૦ લાખ

આ પછી કુંડલદ્વીપ, કુંડલવર દ્વીપ, કુંડલવરાવ ભાસ દ્વીપ, અરુણોપપાત દ્વીપ, અરુણો પપાતવર દ્વીપ, અરુણો પપાતવરાવભાસ દ્વીપ એ પ્રમાણે શંખ, રુચક, ભુજંગ, કુશ, ક્રૌંચ, આદિ દ્વીપોને વિષે ત્રિપ્રત્યવતાર કરવો. દરેક દ્વીપની પછી તે નામનો સમુદ્ર જાણવો. એ પ્રમાણે અસંખ્યાતા દ્વીપ ગયા પછી સુરવરાવભાસ નામે દ્વીપ આવે ત્યારપછી બીજો જંબૂદ્વીપ આવે ત્યારપછી બીજો ધાતકીખંડ એમ ફરીથી અસંખ્યાતા દ્વીપ જાય ત્યારે બીજો સુરવરાવભાસ દ્વીપ આવે ત્યારપછી ત્રીજો જંબૂદ્વીપ આવે એ પ્રમાણે એક એક નામવાળા અસંખ્યાતા દ્વીપો જાણવા. એટલે અસંખ્યાતા જંબૂદ્વીપો છે. અસંખ્યાતા ધાતકીખંડો છે તેમા છેલ્લી અસંખ્યાતમી વાર સુરવરાવભાસ દ્વીપ આવે ત્યારપછી એક એક નામ વાળા દેવ દ્વીપ, નાગદ્વીપ, યક્ષદ્વીપ, ભુતદ્વીપ અને સ્વયંભુરમણ દ્વીપ એ છેલ્લો દ્વીપ જાણવો.

પ્ર : ૩૨ મધ્યલોકમાં આવેલા અસંખ્ય દ્વીપોની ફરતા જે અસંખ્યાતા સમુદ્રો આવેલા છે તેમાનાં કેટલાક સમુદ્રના નામ તેના પાણીનો સ્વાદ તથા તે સમુદ્રનાં વિસ્તાર બાબતે જણાવો ?

ઉ : ૩૨ સમુદ્રનું નામ વિસ્તાર યોજન પ્રમાણ. પાણીનો સ્વાદ.

(૧) લવણ સમુદ્ર	૨ લાખ	ખારુ (ખારો)
(૨) કાલોદધિ	૮ લાખ	શુદ્ધ મીઠા પાણી જેવો.
(૩) પુષ્કરવર	૩૨ લાખ	શુદ્ધ મીઠા પાણી જેવો.
(૪) વારુણીવર	૧૨૮ લાખ	દારુ જેવા સ્વાદનું
(૫) ક્ષીરવર	૫૧૨ લાખ	દૂધ જેવા સ્વાદનું
(૬) ઘૃતવર	૨૦૪૮ લાખ	ઘી જેવા સ્વાદનું
(૭) ઇક્ષુરસ	૮૧૯૨ લાખ	શેરડીના રસ જેવા સ્વાદનું
(૮) નંદીશ્વર	૩૨૭૬૮ લાખ	શેરડીના રસ જેવા સ્વાદનું

સમુદ્રનું નામ	વિસ્તાર યોજન પ્રમાણ	પાણીનો સ્વાદ.
(૯) અરુણ	૧૩૧૦૭૨ લાખ	શેરડીના રસ જેવા સ્વાદનું
(૧૦) અરુણવર	૫૨૪૨૮૮ લાખ	શેરડીના રસ જેવા સ્વાદનું
(૧૧) અરુણવરાવભાસ	૨૦૯૭૧૫૨ લાખ	શેરડીના રસ જેવા સ્વાદનું

બાકીના બધા (અસંખ્યાતા) સમુદ્રોના પાણીનો સ્વાદ શેરડીના રસ સમાન સ્વાદવાળો જાણવો તથા તે સમુદ્રોના નામ પણ અગાઉ જણાવેલ દ્વીપના નામ મુજબ જ જાણવા.

પ્ર : ૩૩ અઢી દ્વીપનું ટુંકમાં વર્ણન કરો ?

ઉ : ૩૩ મધ્યલોક જ્યાં મનુષ્યો, તીર્યંચો તથા જયોતિષ્ક દેવોનો વાસ છે તેમાં એક લાખ યોજન લાંબો પહોળો જંબૂદ્વીપ છે. તેની ચારે બાજુ ફરતો બે લાખ યોજનનો લવણ સમુદ્ર છે. તેને ફરતો ૪ લાખ યોજનનો સંપુર્ણ ઘાતકીખંડ છે તેની ચારે બાજુ ફરતો આઠ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર છે તેને ફરતો અર્ધ પુષ્કરવર દ્વીપ આઠ લાખ યોજનનો છે. (આખો પુષ્કરવર દ્વીપ ૧૬ લાખ યોજનનો છે) એ પ્રમાણે બે સમુદ્ર સહિત અઢી દ્વીપ ગણાય છે. ત્યાં જંબૂદ્વીપ ૧ લાખ યોજન અને તેની બે બાજુએ (બે સમુદ્ર સહિતનો દોઢ દ્વીપનો વિસ્તાર ૨૨ લાખ, ૨૨ લાખ યોજન ગણતાં) મનુષ્ય ક્ષેત્રના ૪૫ લાખ યોજન થાય. એટલે મનુષ્યનું ક્ષેત્ર આ અઢી દ્વીપમાં ૪૫ લાખ યોજન પ્રમાણ છે. આ અઢી દ્વીપમાં પંદર કર્મભુમિ અને ત્રીસ અકર્મભુમિ એમ કુલ ૪૫ ભુમિ તથા ૫૬ અંતરદ્વીપ આવેલા છે. આ અઢી દ્વીપમાં જ મનુષ્યોનો વસવાટ છે અન્ય અસંખ્યાત દ્વીપો તથા સમુદ્રોમાં મનુષ્યોનો વસવાટ ન હોવાથી આ અઢી દ્વીપનું નામ મનુષ્યક્ષેત્ર છે.

પ્ર : ૩૪ પંદર કર્મભુમિ કેવી રીતે ગણાય છે તે સમજાવો ?

ઉ : ૩૪ કર્મભૂમિ એટલે જયાં અસિ (શસ્ત્રો), મસિ (સાહી દ્વારા લેખન કાર્ય) અને કૃષિ (ખેતીવાડી, વ્યાપાર) જેવા વ્યવહાર હોય છે તેને કર્મભૂમિ કહેવાય છે. એટલે કે જયાં ધર્મ, કર્મ અને રાજ્યાદિની વ્યવસ્થા હોય તે કર્મભૂમિ કહેવાય છે. મનુષ્યોને જીવન ચલાવવા આરંભ-સમારંભની અનેકવિધ પ્રવૃત્તિઓ વ્યવહાર અને વ્યાપારાદિ હોય છે. અને તેના દ્વારા પુણ્ય-પાપ બંધાય છે. બીજી વિશેષતા એ છે કે કર્મભૂમિમાં (કર્મક્ષેત્રમાં) મોક્ષમાર્ગ પામવાના દેવાધિ

શુદ્ધ ધર્મના અવલંબનો પણ પ્રાપ્ત થાય છે. ધર્મની ઉત્કૃષ્ટ આરાધના વડે આ કર્મભૂમિમાંથી જીવ મોક્ષે જઇ શકે છે. આવી પંદર કર્મભૂમિ અથવા પંદર ક્ષેત્રો અઢી દ્વીપમાં આવેલાં છે જેનું કોષ્ટક નીચે મુજબ જાણવું. પાંચ ભરતક્ષેત્ર, પાંચ મહાવિદેહ ક્ષેત્ર અને પાંચ ઐરાવત ક્ષેત્ર એમ કુલ મળી પંદર ક્ષેત્ર અથવા પંદર કર્મભૂમિ ગણાય છે.

દ્વિપનું નામ	ભરતક્ષેત્ર	ઐરાવત ક્ષેત્ર	મહાવિદેહ ક્ષેત્ર
જંબૂદ્વીપમાં	૧	૧	૧
ધાતકીખંડમાં	૨	૨	૨
અર્ધપુષ્કરવર દ્વીપમાં	૨	૨	૨
	૫	૫	૫

ઉપરના કોષ્ટક પ્રમાણે જંબૂદ્વીપમાં ત્રણ કર્મભૂમિ છે જેમા ભરતક્ષેત્ર ૧, મહાવિદેહ ક્ષેત્ર ૧, અને ઐરાવત ક્ષેત્ર ૧ એમ જંબૂદ્વીપમાં કુલ ત્રણ ક્ષેત્રો આવેલા છે. આ જ રીતે ધાતકીખંડમાં ૨ ભરતક્ષેત્ર, ૨ મહાવિદેહ ક્ષેત્ર, ૨ ઐરાવતક્ષેત્ર એમ ધાતકીખંડમાં કુલ ૬ કર્મભૂમિ અર્થાત્ છ ક્ષેત્રો આવેલાં છે. આ જ રીતે અર્ધ પુષ્કરવર દ્વીપમાં પણ ૨ ભરતક્ષેત્ર, ૨ ઐરાવત ક્ષેત્ર અને ૨ મહાવિદેહ ક્ષેત્ર એમ કુલ ૬ કર્મભૂમિ અર્થાત્ છ ક્ષેત્રો આવેલાં છે. આમ અઢી દ્વીપમાં કુલ ૧૫ કર્મભૂમી અર્થાત્ ૧૫ ક્ષેત્રો આ મુજબ જાણવાં.

પ્ર : ૩૫ અકર્મભૂમિ એટલે શું ? તે ક્યાં આવેલી છે ? તે કેટલી છે ? તેની ગણતરી કેવી રીતે ગણાય છે ?

ઉ : ૩૫ અકર્મભૂમિમાં મનુષ્યને કર્મ પ્રવૃત્તિ કરવી પડતી નથી એટલે કે જ્યાં અસિ, મસિ કે કૃષિનું પ્રયોજન નથી. અહીં રહેતા મનુષ્યો ''યુગલિક'' કહેવાય છે. યુગલિક એટલે જોડીયા જન્મેલાં ભાઇ-બ્હેન જ મોટા થતાં પતિ-પત્ની ભાવથી રહે છે તે અકર્મભૂમિ કે ભોગ ભૂમિ કહેવાય છે. તેઓના શરીર સર્વાંગ સુંદર અને સુલક્ષણવંતા હોય છે. અને આ પ્રજા ખુબ સુખી હોય છે. તેઓ પોતાના જીવનની ખાવા-પીવાની તેમજ ભોગ ઉપયોગની સર્વ સામગ્રી દસ પ્રકારનાં કલ્પવૃક્ષો દ્વારા મેળવતાં હોય છે આ જીવો ઘણા સરળ હૃદયી હોવાથી મૃત્યુ પછી દેવલોકમાં જાય છે આવી કુલ ત્રીસ (૩૦) અકર્મભૂમિ અઢી દ્વીપનાં છ ક્ષેત્રોમાં નીચે જણાવેલા કોષ્ટક મુજબ આવેલી છે.

દ્વિપનુંનામ	હિમવંત	હિરણ્યવંત	હરિવર્ષ	રમ્યક	દેવકુરુ	ઉત્તરકુરુ
જંબૂદ્વીપમાં	૧	૧	૧	૧	૧	૧
ધાતકીખંડમાં	૨	૨	૨	૨	૨	૨
અર્ધ પુષ્કરવરદ્વીપમાં	૨	૨	૨	૨	૨	૨
કુલ =	૫	૫	૫	૫	૫	૫

ઉપર કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે જંબૂદ્વીપમાં કુલ છ અકર્મભૂમિ તથા ધાતકીખંડમાં કુલ બાર અકર્મભૂમિ અને અર્ધ પુષ્કરવર દ્વીપમાં કુલ બાર અકર્મભૂમિ એમ કુલ મળી ૩૦ અકર્મભૂમિ છ ક્ષેત્રોમાં આવેલી છે.

પ્ર : ૩૬ અંતરદ્વીપ એટલે શું ? તે કેટલા છે ? ક્યાં આવેલા છે ?

ઉ : ૩૬ સમુદ્રમાં રહેલા દ્વીપને અંતરદ્વીપ કહેવાય છે. જંબૂદ્વીપમાં આવેલા હીમવંત અને શિખરી નામના બે પર્વત છે આ બન્ને પર્વતની પુર્વ અને પશ્ચિમ દિશામાંથી ચાર ચાર દાઢાઓ (શાખાઓ) નીકળી લવણ સમુદ્રમાં જાય છે એટલે કે બે પર્વતની કુલ આઠ શાખાઓ થઇ તે દરેક શાખાઓ ઉપર સાત દ્વીપો આવેલા છે તેથી કુલ ૭ × ૮ = ૫૬ અંતરદ્વીપો છે. જેમાં યુગલિક મનુષ્યો રહે છે.

પ્ર : ૩૭ જંબૂદ્વીપનું ટુંકમાં વર્ણન કરો ?

ઉ : ૩૭ જંબૂદ્વીપ ચૌદ રાજલોકની મધ્યમાં આવેલો છે. તે એક લાખ યોજનનો લાંબો અને પહોળો છે. તે વર્તુળ તેલના પુડલાને આકારે છે. (વર્તુળ રથના પૈડાને આકારે છે, વર્તુળ કમળની કર્ણિકાને આકારે છે, વર્તુળ પુર્ણ ચંદ્રમાને આકારે છે.) તેની આજુબાજુ લવણ સમુદ્ર આવેલો હોવાથી તે દ્વીપ કહેવાય છે. આ જંબૂદ્વીપમાં જંબૂના વૃક્ષના આકારનું પૃથ્વીકાયમય શાશ્વત સ્થિર અકૃત્રિમ મહાજંબૂ વૃક્ષ છે તેની આસપાસ ૧,૨૦,૫૦,૧૨૦ બીજા નાના શાશ્વત જંબૂવૃક્ષોનું બનેલું જમ્બૂવન છે. આ દ્વીપનો અધિષ્ઠાતા અનાદત દેવ આ જંબૂવૃક્ષની ઉપર રહે છે. તેથી આ દ્વીપનું નામ જંબૂદ્વીપ છે. આ જંબૂદ્વીપની વચ્ચે મેરુ પર્વત આવેલો છે. આ મેરુ પર્વત ૯૯,૦૦૦ યોજન ઉંચો છે અને ૧,૦૦૦ યોજન જમીનમાં ઉંડો છે. જંબૂદ્વીપનું ક્ષેત્રફળ ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ યોજન, ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ, ૬૦ અંગુલ છે. જંબૂદ્વીપની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન ૩ ગાઉ, ૧૨૮ ધનુષ અને ૧૩॥ (સાડા તેર) અંગુલથી અધિક છે. જંબૂદ્વીપમાં એક ભરતક્ષેત્ર,

૧ ઐરાવત ક્ષેત્ર, ૧ મહાવિદેહ ક્ષેત્ર, એમ ત્રણ કર્મભૂમિ અને ૧ રમ્યક ક્ષેત્ર, ૧ દેવુકુરુ ક્ષેત્ર, ૧ ઉત્તરકુરુક્ષેત્ર, ૧ હરિવર્ષ ક્ષેત્ર, ૧ હેમવંતક્ષેત્ર, ૧ હિરણ્યવંત ક્ષેત્ર આ છ અકર્મભૂમિ એમ કુલ મળીને નવક્ષેત્રો આવેલા છે. તેમાં મુખ્ય સાત વાસ ક્ષેત્રો ગણાય છે. દેવુકુરુ અને ઉત્તરકુરુમા પર્વતો આવેલા છે. જંબૂદ્વીપમાં ભરતક્ષેત્ર જેવા ૧૯૦ ખંડો આવેલા છે. જંબૂદ્વીપમાં ૨૬૯ પર્વતો આવેલાં છે. જંબૂદ્વીપમાં ૧૦૨ તીર્થ સ્થળો આવેલા છે. જંબૂદ્વીપમાં ૧૩૬ શ્રેણીઓ આવેલી છે. જંબૂદ્વીપમાં ૩૪ વિજયો આવેલી છે. જંબૂદ્વીપમાં ૧૬ દ્રહ આવેલા છે. જંબૂદ્વીપમાં કુલ ૯૦ નદીઓ આવેલી છે આ નદીઓનો પરિવાર ૧૪,૫૬,૦૦૦ થાય છે તેમાં ભરત અને ઐરાવત ક્ષેત્રની પરિવાર નદીઓ ૫૬,૦૦૦ અશાશ્વતી છે અને બાકીની ૧૪,૦૦,૦૦૦ (૧૪ લાખ) નદીઓ શાશ્વતી છે. આમ છતાં ભરત અને ઐરાવત ક્ષેત્રની કુલ ચાર નદીઓ શાશ્વતી છે. જેવી કે ગંગા, સિંધુ, રકતા, રકતવતી. જંબૂદ્વીપમાં ૫૨૫ કૂટ આવેલા છે. જંબૂદ્વીપમાં બે સૂર્ય અને બે ચંદ્ર હોય છે જે ચંદ્ર-સૂર્ય આજે ઉગ્યો હોય તે બીજે દિવસે ન ઉગતાં ત્રીજે દિવસે ઊગે છે. દરેક ચંદ્રનો ૨૮ નક્ષત્ર ઈત્યાદી પરિવાર હોવાથી બમણો પરિવાર (૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ, ૧૩૩૯૫૦ કોડા કોડી તારા) જંબૂદ્વીપમાં છે. જંબૂદ્વીપને ફરતો એક કોટ છે જે મૂળમાં ૧૨ યોજન પહોળો ઉપર ૪ યોજન પહોળો અને આઠ યોજન ઉંચો અને દ્વિપની પરિધિ જેટલી લંબાઈવાળો વલયાકારે કહેલો છે. તેને જગતી કહે છે. તેને વિજય, વીજયંત, જયંત અને અપરાજીત એ ચાર નામવાળા પૂર્વાદિક દિશામાં ચાર મોટા દરવાજા છે. આ આખો કોટ વજ્રમય છે. આ કોટના ચારેય દરવાજા વચ્ચે ૭૯૦૫૨ યોજન અને ૧ ગાઉ ૧૫૩૨ ધનુષ, ૩ અંગુલ અને ૩ યવ થાય એટલું એક દ્વારથી બીજા દ્વારનું અંતર જાણવું. કારણ કે જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭ યોજન છે તેમાંથી ૧૮ યોજન બાદ કરતાં (એક એક દ્વાર ચાર યોજન પ્રમાણ પહોળું હોવાથી ચાર દ્વારના સોળ યોજન તથા એક એક દ્વારને બે બે બારસાખ હોવાથી ચાર દ્વારની આઠ બારસાખ છે. અને દરેક બારસાખ એક એક ગાઉની હોવાથી બે યોજન થાય તે મળીને ૧૮ યોજન થાય છે) ૩૧૬૨૦૯ યોજન થાય તેને ચાર વડે ભાગતાં ૭૯૦૫૨ યોજન ૧ ગાઉ ૧૫૩૨ ધનુષ ૩ અંગુલ અને ૩ યવ આટલું દરેક દ્વારનું અંતર થાય. દક્ષિણમાં લવણ સમુદ્ર અને હીમવંત પર્વતની વચ્ચે ભરતક્ષેત્ર આવેલ છે

અને તેના જ જેટલું ઉત્તરમાં લવણ સમુદ્ર અને શિખરી પર્વત વચ્ચે ઐરાવત ક્ષેત્ર આવેલું છે. જંબૂદ્વીપમાં આવેલા બે સૂર્યના ૧૮૪ માંડલા છે અને ૧૮૩ આંતરા છે. તથા ચંદ્રના ૧૫ માંડલા છે અને ૧૪ આંતરા છે. એક સૂર્ય અને ચંદ્ર નિષધ પર્વતે ઉદય પામે છે. અને બીજો સૂર્ય ચંદ્ર નીલવંત પર્વતે ઉદય પામે છે.

પ્ર : ૩૮ જંબૂદ્વીપમાં આવેલા ૧૯૦ ખંડો કેવી રીતે ગણાય છે ?

ઉ : ૩૮

અનુક્રમ નંબર	ક્ષેત્ર કે પર્વતનું નામ	ખંડની સંખ્યા	માપ. યોજનમાં
૧	ભરતક્ષેત્ર	૧	૫૨૬ $\frac{૬}{૧૯}$
૨	ચુલહિમવંત પર્વત	૨	૧૦૫૨ $\frac{૧૨}{૧૯}$
૩	હિમવંત ક્ષેત્ર	૪	૨૧૦૫ $\frac{૫}{૧૯}$
૪	મહાહિમવંત પર્વત	૮	૪૨૧૦ $\frac{૧૦}{૧૯}$
૫	હરીવર્ષ ક્ષેત્ર	૧૬	૮૪૨૧ $\frac{૧}{૧૯}$
૬	નિષધ પર્વત	૩૨	૧૬૮૪૨ $\frac{૨}{૧૯}$
૭	મહાવિદેહ ક્ષેત્ર	૬૪	૩૩૬૮૪ $\frac{૪}{૧૯}$
૮	નીલવંત પર્વત	૩૨	૧૬૮૪૨ $\frac{૨}{૧૯}$
૯	રમ્યક ક્ષેત્ર	૧૬	૮૪૨૧ $\frac{૧}{૧૯}$
૧૦	રુક્મિ પર્વત	૮	૪૨૧૦ $\frac{૧૦}{૧૯}$
૧૧	હિરણ્યવંત ક્ષેત્ર	૪	૨૧૦૫ $\frac{૫}{૧૯}$
૧૨	શીખરી પર્વત	૨	૧૦૫૨ $\frac{૧૨}{૧૯}$
૧૩	ઐરાવત ક્ષેત્ર	૧	૫૨૬ $\frac{૬}{૧૯}$
		૧૯૦	૧,૦૦,૦૦૦ યોજન

પ્ર : ૩૯ જંબૂદ્વીપમાં કુલ ૨૬૯ પર્વતો આવેલા છે તે કેવી રીતે ગણાય છે ?

ઉ : ૩૯

પર્વતનું નામ	પર્વતની સંખ્યા
૧ વર્ષધર પર્વતો	૬
૨ મેરુ પર્વત	૧
૩ ચિત્ર પર્વત	૧
૪ વિચિત્ર પર્વત	૧

પર્વતનું નામ	પર્વતની સંખ્યા
૫ યમક પર્વત	૨
૬ કંચનગિરિ પર્વત	૨૦૦
૭ ગજદંત પર્વત	૪
૮ વૃક્ષસ્કાર (વખારા) પર્વત	૧૬
૯ લાંબા વૈતાઢય પર્વત	૩૪
૧૦ વૃત (વર્તુળ) વૈતાઢય પર્વત	૪
	૨૬૯

પ્ર : ૪૦ જંબૂદ્વીપમાં આવેલા છ વર્ષધર પર્વતો ક્યાં આવેલા છે તે બાબતે વિગતવાર જણાવો ?

ઉ : ૪૦ વર્ષ એટલે ક્ષેત્ર, તેની મર્યાદાને ધર એટલે ધારણ કરનારા એટલે બે ક્ષેત્રોની વચ્ચે સરહદો ઉપર રહેલા એવો શબ્દાર્થ સમજવો તેઓ કયા કયા ક્ષેત્રોની વચ્ચે આવેલા છે વિગેરે વિગતો નીચે મુજબના કોષ્ટકથી સમજવી :-

પર્વતનું નામ	પર્વતનું સ્થાન	પર્વતનો આકાર	પર્વતનો રંગ	પર્વત શેનો બનેલો છે
૧ ચુલ(લઘુ) હિમવંતપર્વત	ભરતક્ષેત્ર અને હિમવંત ક્ષેત્રની મધ્યમાં	લંબચોરસ	પીળો	સુવર્ણનો
૨ મહાહિમવંત પર્વત	હિમવંતક્ષેત્ર અને હરીવર્ષ ક્ષેત્રની મધ્યમાં	લંબચોરસ	પીળો	સુવર્ણનો
૩ નિષધપર્વત	હરિવર્ષ ક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્રની મધ્યમાં	લંબચોરસ	લાલ તપનીય	સુવર્ણનો
૪ નીલવંતપર્વત	મહાવિદેહ ક્ષેત્ર અને રમ્યક ક્ષેત્રની મધ્યમાં	લંબચોરસ	લીલો	રત્નનો
૫ રૂક્મિપર્વત	રમ્યક ક્ષેત્રની અને હિરણ્યવંત ક્ષેત્રની મધ્યમા	લંબચોરસ	સફેદ	રુપાનો (ચાંદીનો)
૬ શિખરીપર્વત	હિરણ્યવંત ક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રની મધ્યમાં	લંબચોરસ	પીળો	સુવર્ણનો

પ્ર : ૪૧ જંબૂદ્વીપમાં ચાર વૃત વૈતાઢ્ય પર્વતો ક્યાં આવેલા છે ?

ઉ : ૪૧ જંબૂદ્વીપમાં આવેલા ચાર વૃત્ત વૈતાઢ્યપર્વતો નીચે મૂજબ જાણવા :-

પર્વતનું નામ	પર્વતનું સ્થાન	પર્વતનો આકાર અને રંગ	શાના બનેલા છે	તેના દેવનુ નામ
૧ શબ્દાપાતી પર્વત	હિમવંત ક્ષેત્રની વચ્ચે	ગોળ પ્યાલા જેવો સફેદ	રત્નનો	સ્વાતિ
૨ વિકટાપાતી પર્વત	હિરણ્યવંત ક્ષેત્રની વચ્ચે	ગોળ પ્યાલા જેવો સફેદ	રત્નનો	અરુણ
૩ ગંધાપાતી પર્વત	હરિવર્ષ ક્ષેત્રની વચ્ચે	ગોળ પ્યાલા જેવો સફેદ	રત્નનો	પદ્મદેવ
૪ માલ્યવંત પર્વત	રમ્યક ક્ષેત્રની વચ્ચે	ગોળ પ્યાલા જેવો સફેદ	રત્નનો	પ્રભાસ

પ્ર : ૪૨ જંબૂદ્વીપમાં આવેલ એક મહાવિદેહ ક્ષેત્રમાં કુલ કેટલા પર્વતો આવેલા છે ?

ઉ : ૪૨ જંબૂદ્વીપમાં આવેલ એક મહાવિદેહ ક્ષેત્રમાં કુલ ઓગણપચાસ (૪૯) પર્વતો આવેલા છે જેનું વર્ણન નીચે મુજબ છે :-

અનુ નંબર	પર્વતનું નામ	પર્વતની સંખ્યા	પર્વતનો રંગ	પર્વત શેના બનેલાં છે.
(૧)	૩૨ વિજયોમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વત	૩૨	સફેદ	રૂપાનાં
(૨)	વૃક્ષસ્કાર (વખારા) પર્વત	૧૬	પીળો	સોનાના (સુર્વણના)
(૩)	એક મેરુ પર્વત	૧	પીળો	સુર્વણનો
		૪૯		

પ્ર : ૪૩ જંબૂદ્વિપમાં આવેલ એક ઐરાવતક્ષેત્ર અને એક ભરત ક્ષેત્રમાં આવેલ બે દીર્ઘ વૈતાઢ્ય પર્વતનું વર્ણન આપો ?

ઉ : ૪૩ જંબૂદ્વિપમાં આવેલ બે દીર્ઘ વૈતાઢ્ય પર્વતમાં એક પર્વત ભરતક્ષેત્રની મધ્યમાં છે અને એક પર્વત ઐરાવત ક્ષેત્રની મધ્યમાં છે આ દરેક પર્વતને નવ શિખર છે. તેનું વર્ણન નીચે મુજબ છે :-

પર્વતનું નામ	ઊંચાઈ યોજનમાં	વિસ્તાર યોજનમાં	આકાર	રંગ	શાના બનેલાં છે
૧ દીર્ઘ વૈતાઢ્ય	૨૫	૫૦	લંબચોરસ	સફેદ	રૂપાના
૨ દીર્ઘ વૈતાઢ્ય	૨૫	૫૦	લંબચોરસ	સફેદ	રૂપાના

પ્ર : ૪૪ જંબૂદ્વીપમાં આવેલ અકર્મભૂમિ દેવકુરુક્ષેત્રમાં કેટલા પર્વત આવેલાં છે ?

ઉ : ૪૪ જંબૂદ્વીપમાં દેવકુરુક્ષેત્રમાં કુલ ૧૦૪ પર્વતો આવેલાં છે :-

પર્વતનું નામ	પર્વતની સંખ્યા	પર્વતનો રંગ	પર્વત શેના બનેલા છે
(૧) ચિત્ર-વિચિત્ર પર્વતો	૨	પીળો	સુવર્ણના
(૨) કંચનગિરિ પર્વતો	૧૦૦	પીળો	સુવર્ણના
(૩) ગજદંત પર્વત	૨		
(૧) સૌમનસ		લાલ,પીળો	સુવર્ણના
(૨) વિદ્યુતપ્રભ		સફેદ,લીલો	રત્નના
કુલ : ૧૦૪			

પ્ર : ૪૫ જંબૂદ્વિપમાં આવેલ ઉત્તરકુરુક્ષેત્રમાં કેટલા પર્વત આવેલાં છે તે જણાવો?

ઉ : ૪૫ જંબૂદ્વિપમાં આવેલ ઉત્તરકુરુક્ષેત્રમાં કુલ ૧૦૪ પર્વતો છે :-

પર્વતનું નામ	પર્વતની સંખ્યા	પર્વતનો રંગ	પર્વત શેના બનેલા છે
(૧) જમક પર્વત	૧	પીળો	સુવર્ણનો
(૨) યમક પર્વત	૧	પીળો	સુવર્ણનો
(૩) કંચનગિરિ પર્વતો	૧૦૦	પીળો	સુવર્ણના
(૪) ગજદંત પર્વતો	૨		
(૧) માલ્યવંત		લાલ, લીલો	સુવર્ણના
(૨) ગંધમાદન		પીળો, સફેદ	રત્નોના
	કુલ : ૧૦૪		

પ્ર : ૪૬ જંબૂદ્વિપમાં આવેલાં કુલ ૨૬૯ પર્વતો ઉપર કુલ કેટલાં શિખરો (કૂટો) આવેલાં છે તે જણાવો ?

ઉ : ૪૬ જંબૂદ્વિપમાં આવેલાં કુલ ૨૬૯ પર્વતો ઉપર કુલ ૫૨૫ (કૂટો) શિખરો આવેલાં છે. જે નીચે મુજબ જાણવાં. જેમાં ૪૬૭ શિખરો પર્વત ઉપર છે. અને બાકીના ૫૮ શિખરો ભૂમિ ઉપરના છે.

અ **પર્વત ઉપરનાં ૪૬૭ શિખરોનું વર્ણન :-**

(૧) ૩૪ લાંબા (દીર્ઘ) વૈતાઢ્યપર્વતતે દરેકના **શિખરો**
ઉપર નવ નવ શિખર ૩૪ × ૯ = ૩૦૬

(૨) છ વર્ષ ધરમાંના નિષધ પર્વત, નીલવંત પર્વત,
મેરુપર્વત, આ ઉપરાંત ગજદંત પર્વતના બે
વિદ્યુતપ્રભ અને માલ્યવંત પર્વત આ બધાના નવ નવ કૂટ ૫ × ૯ = ૪૫

(૩) છ વર્ષધરમાંના લઘુ હિમવંત પર્વત અને શિખરી પર્વત આ
બંને પર્વત ઉપર ૧૧, ૧૧ શિખર એટલે ૨ × ૧૧ = ૨૨

(૪) છ વર્ષધરમાંના મહા હિમવંત પર્વત અને રૂપી પર્વત આ બન્ને પર્વત
ઉપર આઠ, આઠ શિખર છે એટલે ૨ × ૮ = ૧૬

(૫) સોળ વૃક્ષસ્કાર (વખારા) પર્વતો તે દરેક ઉપર ચાર, ચાર શિખરો
૧૬ × ૪ = ૬૪

(૬) ગજદંત પર્વતના બે પર્વત સૌમનસ અને ગંધમાદન એ બંને ઉપર
સાત સાત શિખરો છે. ૨ × ૭ = ૧૪

કુલ ૪૬૭

બ બાકીના ૫૮ શિખરો જે ભૂમિ ઉપર છે. તેનું વર્ણન નીચે મુજબ છે.

(૧) ભરતક્ષેત્રમાં આવેલ દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપરનું એક શિખર
ઋષભકૂટ (એક શિખર) ૧

(૨) ઐરાવતક્ષેત્રમાં આવેલ દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપરનું એક શિખર
ઋષભકૂટ (એક શિખર) ૧

(૩) મહાવિદેહક્ષેત્રમાં આવેલ ૩૨ વિજયોના ૩૨ દીર્ઘ વૈતાઢ્ય પર્વત
ઉપરના કુલ બત્રીસ ઋષભકૂટ (બત્રીસ શિખર) ૩૨

(૪) મેરુ પર્વતની ચારે બાજુ ધરતી પર જે ભદ્રશાલ નામનું વન છે.
જેમાં દિગ્હસ્તિ આઠ કૂટ છે. (આંઠ શિખર) ૮

(૫) જંબૂવૃક્ષનાં આઠ કૂટ (આંઠ શિખર) ૮

(૬) શાલ્મલીવૃક્ષના આઠ કૂટ (આંઠ શિખર) ૮

ભૂમિ ઉપરના કુલ ૫૮

પ્ર : ૪૭ તીર્થ એટલે શું ? જંબૂદ્વિપમાં કુલ કેટલાં તીર્થ છે ?

ઉ : ૪૭ તીર્થ એટલે જળાશયમાં ઉતરવાનો ઢાળ અથવા ઓવારો. જળાશયમાં પ્રવેશ
કરવાનો માર્ગ એવો અર્થ સમજવાનો છે. જે સ્થળે નદી સમુદ્રને મળે છે

તે સ્થાનને તીર્થ કહેવામાં આવે છે. જંબૂદ્વિપમાં કુલ એકસો બે (૧૦૨) તીર્થો આવેલાં છે. તેની ગણતરી નીચે મુજબ ગણાય છે :-

(૧) મહાવિદેહક્ષેત્રમા ૩૨ વિજયોમાં કુલ (ત્રણ તીર્થ માગધ, તીર્થનીસંખ્યા વરદામ અને પ્રભાસ એટલે ૩૨×૩) = ૯૬

(૨) ઐરાવતક્ષેત્રમાં ૧વિજયના કુલ ત્રણ તીર્થ માગધ, વરદામ અને પ્રભાસ = ૩

(૩) ભરતક્ષેત્રમાં ૧ વિજયના કુલ ત્રણ તીર્થ માગધ, વરદામ અને પ્રભાસ = ૩

કુલ તીર્થો = ૧૦૨

પ્ર : ૪૮ ભરતક્ષેત્રમાં ત્રણ તીર્થ ક્યાં આવેલાં છે ?

ઉ : ૪૮ ભરતક્ષેત્રમાં ગંગા અને સિંધુ નદીના સમુદ્ર સાથેના સંગમ સ્થાને એટલે કે જ્યાંથી લવણ સમુદ્રમાં ઉતરાય છે તે માગધ અને પ્રભાસ નામનાં બે તીર્થો છે. ઉપરાંત વચ્ચે લવણ સમુદ્રમાં ઉતરવાનું વરદામ નામનું તીર્થ છે.

પ્ર : ૪૯ જંબૂદ્વિપમાં કેટલી શ્રેણીઓ છે? તેની ગણતરી કેવી રીતે થાય છે ?

ઉ : ૪૯ જંબૂદ્વિપમાં કુલ ૧૩૬ શ્રેણીઓ છે તેની ગણતરી નીચે મુજબ થાય છે:-

(૧) મહાવિદેહક્ષેત્રમાં : ૩૨ વૈતાઢ્ય પર્વતો ઉપર દક્ષિણ અને ઉત્તર શ્રેણીએ પંચાવન, પંચાવન નગરો છે. આ વિદ્યાધરની શ્રેણી ૩૨×૨ = ૬૪

આ વિદ્યાધરની શ્રેણીથી ૧૦ યોજન ઉપર જઈએ એટલે આભિયોગિક દેવની બે શ્રેણી ૩૨×૨ = ૬૪

(૨) ભરતક્ષેત્રમાં : વૈતાઢ્ય પર્વત ઉપર ૧૦ યોજન ચઢતાં દક્ષિણે ૫૦ નગર અને ઉત્તરે ૬૦ નગર વિદ્યાધરની શ્રેણી ૧×૨ = ૨

આ વિદ્યાધરની શ્રેણીથી ૧૦ યોજન ઉપર ચઢતાં આભિયોગિક દેવની બે શ્રેણી ૧×૨ = ૨

(૩) ઐરાવત ક્ષેત્રમાં : આ ક્ષેત્રમાં આવેલ એક વૈતાઢ્ય પર્વત ઉપર ૧૦ યોજન ચઢતાં દક્ષિણે ૬૦ નગર અને ઉત્તરે ૫૦ નગરની શ્રેણી ૧×૨ = ૨

વિદ્યાધરની શ્રેણીથી ૧૦ યોજન ઉપર ચઢતાં આભિયોગિક દેવની શ્રેણી ૧×૨ = ૨

કુલ શ્રેણીઓ = ૧૩૬

મહાવિદેહ ક્ષેત્રના વૈતાઢ્ય ઉપર ૩૨ વૈતાઢ્ય
પર્વતના ઉત્તર અને દક્ષિણ બંને શ્રેણીએ પંચાવન,
પંચાવન નગરો. એટલે ૧૧૦×૩૨ = ૩૫૨૦ નગરો
ભરતના વૈતાઢ્ય ઉપર ૬૦+૫૦ = ૧૧૦ નગરો
ઐરાવતના વૈતાઢ્ય ઉપર ૬૦+૫૦ = ૧૧૦ નગરો
કુલ = ૩૭૪૦ નગરો

પ્ર : ૫૦ જંબૂદ્વિપમાં કુલ કેટલાં દ્રહ (સરોવર) આવેલાં છે ?

ઉ : ૫૦ જંબૂદ્વિપમાં કુલ ૧૬ દ્રહ આવેલાં છે. એમાનાં છ મોટા દ્રહ (સરોવરો) ૬ વર્ષધર પર્વત ઉપર આવેલાં છે. અન્ય પાંચ દ્રહ દેવકુરુમાં છે અને બીજા પાંચ દ્રહ ઉત્તરકુરુક્ષેત્રમાં છે. એમ કુલ મળી સોળ દ્રહ આવેલાં છે.

પ્ર : ૫૧ જંબૂદ્વિપમાં આવેલાં છ વર્ષધર પર્વતો ઉપર આવેલાં છ દ્રહ (સરોવરો)નું વર્ણન કરો ?

ઉ : ૫૧ જંબૂદ્વિપના છ વર્ષધર પર્વતો ઉપર આવેલા છ સરોવરનું વર્ણન નીચેના કોષ્ટક પ્રમાણે જાણવું :-

પર્વતનું નામ	પર્વતની ઉંચાઇ યોજનમાં	સરોવરનું નામ	સરોવરની લંબાઇ યોજનમાં	સરોવરની પહોળાઇ યોજનમાં	સરોવરની ઊંડાઇ યોજનમાં
હિમવંત	૧૦૦	પદ્મ દ્રહ	૧૦૦૦	૫૦૦	૧૦
શિખરી	૧૦૦	પુંડરીક દ્રહ	૧૦૦૦	૫૦૦	૧૦
મહાહિમવંત	૨૦૦	મહાપદ્મ દ્રહ	૨૦૦૦	૧૦૦૦	૧૦
રૂક્મિ	૨૦૦	મહાપુંડરીક	૨૦૦૦	૧૦૦૦	૧૦
નિષધ	૪૦૦	તિગિછ દ્રહ	૪૦૦૦	૨૦૦૦	૧૦
નીલવંત	૪૦૦	કેસરીદ્રહ	૪૦૦૦	૨૦૦૦	૧૦

પ્ર : ૫૨ દેવકુરુ ક્ષેત્રમાં આવેલાં દ્રહોનાં નામ જણાવો ?

ઉ : ૫૨ દેવકુરુ ક્ષેત્રમાં આવેલાં પાંચ દ્રહો (સરોવરો) નાં નામ નીચે મુજબ છે:-

(૧) નિષધ દ્રહ
(૨) દેવકુરુ દ્રહ
(૩) સૂર્ય દ્રહ
(૪) સુલસ દ્રહ
(૫) વિદ્યુતપ્રભ દ્રહ.

} આ પાંચ સરોવરો દેવકુરુ ક્ષેત્રમાં સીતોદા નદીની વચ્ચે છે.

પ્ર : ૫૩ ઉત્તરકુરુ ક્ષેત્રમાં આવેલા દ્રહોનાં નામ જણાવો ?

ઉ : ૫૩ ઉત્તરકુરુ ક્ષેત્રમાં આવેલાં પાંચ દ્રહો (સરોવરો) નાં નામ નીચે મુજબ છે:-

(૧) નીલવંત દ્રહ
(૨) ઉત્તર કુરુ દ્રહ
(૩) ચંદ્ર દ્રહ
(૪) ઐરાવત દ્રહ
(૫) માલવંત દ્રહ.

} આ પાંચ સરોવરો ઉત્તરકુરુ ક્ષેત્રમાં સીતા નદીને મધ્ય ભાગે આવેલાં છે.

પ્ર : ૫૪ જંબૂદ્વિપમાં આવેલાં છ વર્ષધર પર્વતો ઉપર આવેલાં સરોવરોમાં રહેનારી દેવીઓ તથા તેમનાં કમળોનું વર્ણન કરો ?

ઉ : ૫૪ જંબૂદ્વિપના છ વર્ષધર પર્વતો ઉપર આવેલાં છ સરોવરોમાં જે જે દેવીઓ રહે છે, તે છ દેવીઓ ભુવનપતિ નિકાયની છે. તેમનું આયુષ્ય એક પલ્યોપમનું હોય છે. અને દ્રહમાં (સરોવરમાં) આવેલાં ઉત્તમ કમળો ઉપર આવેલાં ઉપવનોમાં વસનારી છે. આ સઘળાં (બધાં) કમળો રત્નમય છે. આ કમળનું મૂળ વજ્રમય છે, કંદ અરિષ્ટ રત્નમય છે અને નાળ વૈડૂર્ય રત્નમય છે. તથા મધ્યનાં પત્ર રક્ત સુવર્ણમય છે. અને બહારનાં પત્ર તપાવેલાં પીળાં સુવર્ણમય છે તથા રક્તવર્ણવાળાં કેશરી છે. આ બધાં કમળ પૃથ્વીકાયમય છે વનસ્પતિકાય નથી. દરેક સરોવરની મધ્યનું કમળ તેમાં દેવીનો વાસ હોય છે. તેની ફરતે અન્ય કમળો કુલ ૧,૨૦,૫૦,૧૨૦ હોય છે. હવે દરેક દેવીના કમળ રૂપી આવાસનો વિસ્તાર તથા જાડાઈનો ખ્યાલ નીચેના કોષ્ટક ઉપરથી આવશે :-

સરોવરનુ નામ	દેવીનું નામ	જળ ઉપર ગાઉમાં	સરોવરનો વિસ્તાર યોજનમાં	કમળનો વિસ્તાર યોજનમાં	કમળની જાડાઈ યોજનમાં
પદ્મ	શ્રીદેવી	૨	૫૦૦	૧	૦॥
પુંડરીક	લક્ષ્મીદેવી	૨	૫૦૦	૧	૦॥
મહાપદ્મ	હ્રી દેવી	૨	૧૦૦૦	૨	૧
મહાપુંડરીક	બુદ્ધિદેવી	૨	૧૦૦૦	૨	૧
તિગિચ્છ	ધીદેવી	૨	૨૦૦૦	૪	૨
કેસરી	કીર્તિદેવી	૨	૨૦૦૦	૪	૨

પ્ર : ૫૫ સરોવરોમાં આવેલ કમળો રૂપી આવાસમાં રહેનારી દેવીઓનાં કમળરૂપી ભુવનો વિશે વિગતવાર વર્ણન કરો ?

ઉ : ૫૫ આ દરેક કમળની મધ્યમાં કર્ણિકા આવેલી છે અને તે કર્ણિકા ઉપર દેવીનું ભવન આવેલું છે. આ કર્ણિકા સોનાની હોય છે. મૂળ કમળનો જેટલો વિસ્તાર છે તેનાથી અર્ધ પ્રમાણ પહોળી અને ચોથા ભાગ જેટલી ઉંચી આ કર્ણિકા હોય છે. અનેક સ્તંભો છે. તેની ઘડાઈ સુવર્ણે કરેલી તે જોવા યોગ્ય છે. તે ભુવનને ત્રણ બારણાં છે. પૂર્વમાં એક, દક્ષિણે બીજું અને ઉત્તરે ત્રીજું તે બારણાં ૫૦૦ ધનુષ ઊંચાં છે. અઢીસો ધનુષ પહોળાં છે. તે ભુવનોમાં એક મણિ પીઠિકા છે તે ૫૦૦ ધનુષ લાંબી ને પહોળી છે ને ૨૫૦ ધનુષ ઊંચી છે. તે મણિ પીઠિકા ઉપર એક દેવશય્યાનો પલંગ છે. હવે દરેક કમળની કર્ણિકા અને દેવીનાં ભવનોનો વિસ્તાર નીચે મુજબ જાણવોઃ-

સરોવરનું નામ અને દેવીનું નામ	કમળનો વિસ્તાર યોજનમાં	કર્ણીકાનો વિસ્તાર યોજનમાં	કર્ણીકા ઉંચી યોજનમાં	ભવન પહોળાઈ ગાઉ	ભવનની લંબાઈ ગાઉ	ભવનની ઉંચાઈ ધનુષમાં
(૧) પદ્મ (શ્રી દેવી)	૧	૦॥	૦।	૦॥	૧	૧૪૪૦
(૨) પુંડરીક (લક્ષ્મી)	૧	૦॥	૦।	૦॥	૧	૧૪૪૦
(૩) મહાપદ્મ (હ્રીં દેવી)	૨	૧	૦॥	૦॥	૧	૧૪૪૦
(૪) મહાપુંડરીક (બુદ્ધિ)	૨	૧	૦॥	૦॥	૧	૧૪૪૦
(૫) તિગિચ્છ (ધીદેવી)	૪	૨	૧	૦॥	૧	૧૪૪૦
(૬) કેસરી (કીર્તિદેવી)	૪	૨	૧	૦॥	૧	૧૪૪૦

પ્ર : ૫૬ જંબૂદ્વિપમાં આવેલાં ૧૬ મોટાં સરોવરોમાં કુલ કેટલાં પૃથ્વીકાય કમળો આવેલાં છે?

ઉ : ૫૬ જંબૂદ્વિપમાં આવેલાં ૧૬ મોટાં સરોવરો છે હવે અહીં એક દેવીનાં કુલ કમળોનું કોષ્ટક નીચે મુજબ જાણવું :-

તે મુજબ એક સરોવરમાં કુલ ૧,૨૦,૫૦,૧૨૦ કમળો હોય છે તે પ્રમાણે ૧૬ સરોવરોનાં ગણતાં ૧,૨૦,૫૦,૧૨૦ × ૧૬ = ૧૯,૨૯,૦૧,૯૨૦ કમળો છે જે શાશ્વતા છે. હવે દરેક દેવીનાં કમળો કેવી રીતે ગણાય છે. તે

માટે એક દેવીનાં કુલ કમળોનું કોષ્ટક નીચે મુજબ જાણવું :-

	સ્થાપના	**કમળની સંખ્યાં**
(૧)	મૂળ કમળ	૧
(૨)	આભરણનાં કમળ (ભંડારીના) પહેલાં વલયમાં	૧૦૮
(૩)	મહતરીકાના કમળ (બીજા વલયમાં)	૪
(૪)	અણિકાના અધિપતિનાં કમળ (બીજા વલયમાં)	૭
(૫)	સામાનિક દેવનાં કમળ (બીજા વલયમાં)	૪૦૦૦
(૬)	આભ્યંતર પર્ષદાનાં કમળ (બીજા વલયમાં)	૮૦૦૦
(૭)	મધ્ય પર્ષદાનાં કમળ (બીજા વલયમાં)	૧૦૦૦૦
(૮)	બાહ્ય પર્ષદાનાં કમળ (બીજા વલયમાં)	૧૨૦૦૦
(૯)	આત્મરક્ષક દેવનાં કમળ (ત્રીજા વલયમાં)	૧૬૦૦૦
(૧૦)	આભિયોગિક દેવનાં કમળ (ચોથા વલયમાં)	૩૨,૦૦,૦૦૦
(૧૧)	આભિયોગિક દેવનાં કમળ (પાંચમાં વલયમાં)	૪૦,૦૦,૦૦૦
(૧૨)	આભિયોગિક દેવનાં કમળ (છઠ્ઠા વલયમાં)	૪૮,૦૦,૦૦૦
		૧,૨૦,૫૦,૧૨૦

પ્ર : ૫૭ જંબૂદ્વિપમાં આવેલી કુલ નદીઓ અને તેનાં પરિવારની સંખ્યા કેટલી છે?

ઉ : ૫૭ જંબૂદ્વિપમાં મુખ્ય નદીઓ કુલ નેવુ (૯૦) આવેલી છે. અને આ નેવુ નદીઓનો કુલ પરિવાર ૧૪,૫૬,૦૦૦ નો થાય છે. આ નેવુ નદીઓ છ વર્ષધર પર્વતો ઉપર આવેલાં મુખ્ય છ સરોવરોમાંથી નીકળે છે. અને છેલ્લે લવણ સમુદ્રમાં જઈને મળે છે. આ નદીઓનું કોષ્ટક નીચે મુજબ જાણવું:-

ક્ષેત્રનું નામ	**મહાનદીનું નામ**	**નદીની સંખ્યા**	**પરિવાર નદીની સંખ્યા**
ભરત ક્ષેત્ર	ગંગા	૧	૧૪૦૦૦
	સિંધુ	૧	૧૪૦૦૦
ઐરાવત ક્ષેત્ર	રક્તા	૧	૧૪૦૦૦
	રક્તવતી	૧	૧૪૦૦૦
હિમવંત ક્ષેત્ર	રોહિતાશા.	૧	૨૮૦૦૦
	રોહિતા	૧	૨૮૦૦૦
હિરણ્યવંત ક્ષેત્ર	સુર્વણકુલા	૧	૨૮૦૦૦
	રૂપ્યકુલા	૧	૨૮૦૦૦

ક્ષેત્રનું નામ	મહાનદીનું નામ	નદીની સંખ્યા	પરિવાર નદીની સંખ્યા
હરિવર્ષ ક્ષેત્ર	હરિકાંતા	૧	૫૬૦૦૦
	હરિસલીલા	૧	૫૬૦૦૦
રમ્યક ક્ષેત્ર	નરકાંતા	૧	૫૬૦૦૦
	નારીકાંતા	૧	૫૬૦૦૦
દેવકુરુ ક્ષેત્ર	સીતોદા	૧	૮૪૦૦૦
ઉત્તરકુરુ ક્ષેત્ર	સીતા	૧	૮૪૦૦૦
મહાવિદેહ ક્ષેત્ર	બત્રીસ વિજયની સીતોદા, સીતા	૬૪	૮૯૬૦૦૦
	અંતર નદી	૧૨	
	(૬૪ × ૧૪૦૦૦)	૯૦	૧૪૫૬૦૦૦

પ્ર : ૫૮ ભરતક્ષેત્રની મુખ્ય બે મહાનદીઓ ક્યાંથી નીકળે છે? અને ક્યાં મળે છે?

ઉ : ૫૮ ભરતક્ષેત્રની મુખ્ય બે મહાનદીઓ ગંગા અને સિંધુ લઘુ હિમવંત પર્વત ઉપરના પદ્મ સરોવરમાંથી નીકળી ૧૪૦૦૦ બીજી નાની નદીઓ સાથે અનુક્રમે પૂર્વ અને પશ્ચિમ તરફ વહી લવણ સમુદ્રને મળે છે.

પ્ર : ૫૯ ઐરાવતક્ષેત્રની મુખ્ય નદીઓ ક્યાંથી નીકળી ક્યાં મળે છે?

ઉ : ૫૯ ઐરાવતક્ષેત્રની રક્તા અને રક્તવતી નદી શિખરી પર્વત ઉપરના પુંડરીક સરોવરમાંથી નીકળી ૧૪૦૦૦ બીજી નાની નદીઓ સાથે અનુક્રમે પૂર્વ અને પશ્ચિમ તરફ વહી છેવટે લવણ સમુદ્રને જ મળે છે.

પ્ર : ૬૦ મહાવિદેહ ક્ષેત્રમાં આવેલી બાર અંતર નદીઓનાં નામ જણાવો ?

ઉ : ૬૦ પૂર્વ મહાવિદેહમાં ગ્રાહવતી, દ્રહવતી, પંકવતી, તપ્તજલા, મનજલા, ઉન્મતજલા, નામની છ નદીઓ આવેલી છે. તેજ રીતે પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં ક્ષીરોદા, સિંહસ્ત્રોતા, અન્તવાર્હિની, ઉન્માલિની અને ફેનમાલિની તથા ગંભીરમાલિની નામની છ નદીઓ આવેલી છે એટલે કુલ મળીને બાર અંતર નદીઓ મહાવિદેહ ક્ષેત્રમાં છે.

પ્ર : ૬૧ મહાવિદેહ ક્ષેત્રની કુલ સંપૂર્ણ નદીઓ કેટલી ગણાય ?

ઉ : ૬૧ જંબૂદ્વિપમાં આવેલ એક મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨ વિજયોમાં મુખ્ય બે નદી લેખે ૬૪ નદી ઉપરાંત બાર અંતર નદી એટલે કુલ ૭૬ નદીઓ મુખ્ય છે. અને

દરેક નદીની પરિવાર શાખા ૧૪૦૦૦ ગણતાં ૧૪૦૦૦ × ૭૬ = ૧૦,૬૪,૦૦૦ નદીઓ સંપૂર્ણ ગણાય છે.

પ્ર : ૬૨ જંબૂદ્વિપમાં જિનભવનો ક્યાં આવેલાં છે ?

ઉ : ૬૨ જંબૂદ્વિપમાં છોત્તેર કૂટો ઉપર એટલે છ વર્ષધર પર્વતોનાં ૬ કૂટ, ચાર ગજદંતનાના ૪ કૂટ, ચૌત્રીસ વૈતાઢ્યના ૩૪ કૂટ, સોળ વૃક્ષસ્કારના ૧૬ કૂટ, જંબૂવૃક્ષ અને શાલ્મલી વૃક્ષના આઠ, આઠ મળીને ૧૬ કૂટ એમ સર્વ મળીને ૭૬ કૂટ (શિખરો) ઉપર જિનભવનો છે તથા મેરુપર્વતની ઉપર આવેલી ચૂલિકાને વિષે મેરુના નંદનવન વગેરે ચાર વનને વિષે તથા જંબૂવૃક્ષ અને શાલ્મલી વૃક્ષ એ બે વૃક્ષો ઉપર જિનેશ્વરનાં ભવનો (ચૈત્યો) આવેલાં છે. બાકીનાં શિખરો અને સ્થાનોએ પોત પોતાના સ્થાનના નામવાળાં દેવોનાં ભવનો છે.

પ્ર : ૬૩ જંબૂદ્વીપનાં કુલ ૩૪ વૈતાઢ્ય પર્વતોની ગુફાઓનું વર્ણન કરો ?

ઉ : ૬૩ દરેક વૈતાઢ્ય પર્વતની તમિસ્ત્રા ગુફા અને ખંડપ્રપાતા ગુફા નામવાળી બે મોટી ગુફાઓ હોય છે. આ રીતે જંબૂદ્વીપમાં આવેલા કુલ ૩૪ વૈતાઢય પર્વતોની કુલ ૬૮ ગુફાઓ ગણી શકાય. આ ગુફાઓ ચક્રવર્તીના રાજ્ય વખતે ઉઘાડી રહે છે. અને તે સિવાયના વખતમાં સદાકાળ બંધ રહે છે. આ ગુફા ૧૨ યોજન પહોળી, ૮ યોજન ઊંચી અને ૫૦ યોજન લાંબી હોય છે. ચક્રવર્તી એક ગુફામાં થઇ કાંકીણી રત્નથી બંને બાજુએ ભીંત ઉપર સૂર્યની જેવા આકારવાળા ૪૯ + ૪૯ = કુલ ૯૮ પ્રકાશમંડળો ચિતરી બીજી બાજુ નીકળી તે બાજુના ત્રણ અનાર્ય ખંડ જીતી, બીજી બાજુ નીકળી તે બાજુની બીજી ગુફામાં થઇ તેમાં પણ તે જ પ્રમાણે પ્રકાશ મંડળો ચિતરી પાછા વળી પોતાના ખંડમાં આવે છે. એ રીતે ગુફાઓમાં પ્રકાશ મંડળોના પ્રકાશથી ચક્રવર્તીના લશ્કરને બીજી બાજુના ખંડોમાં આવવા જવાનો વ્યવહાર સુલભ થાય છે. તમિસ્ત્રા ગુફાનો અધિષ્ઠાયક દેવ કૃતમાલ દેવ છે. અને ખંડપ્રપાતા ગુફાનો અધિષ્ઠાયક દેવ નૃતમાલ દેવ છે. આ બંને ગુફામાં ઉન્મગ્ના અને નિમગ્ના નામની નદીઓ આવેલી છે. એ નદીઓ ઉપર ચક્રવર્તીનું વાર્ધકી રત્ન પૂલ બાંધે છે આ બન્ને ગુફાઓ ચક્રવર્તી જીવતા હોય અને જયાં સુધી દીક્ષા ન લીધી હોય ત્યાં સુધી ઉઘાડા દ્વારવાળી રહે છે. ત્યાર પછી તે ગુફાનાં દ્વાર બંધ થઇ જાય છે.

પ્ર : ૬૪ વૈતાઢય પર્વતમાં આવેલ બીલ (નાની ગુફાઓ) નું વર્ણન કરો ?

ઉ : ૬૪ વૈતાઢય પર્વતની દક્ષિણ બાજુ અને ઉત્તર બાજુએ ગંગા, સિંધુ આદિ મહાનદીના બે બે પડખે નવ નવ, બીલ હોવાથી એક વૈતાઢયમાં ૭૨ બીલ એટલે બોત્તેર નાની ગુફાઓ આવેલી હોય છે. જેથી ભરત અને ઐરાવત ક્ષેત્રના બે વૈતાઢય પર્વતની મળીને કુલ ૧૪૪ બીલ છે. અવસપિર્ણીના છઠ્ઠા આરામાં જયારે અત્યંત તાપ અને તાઢ તથા અતિ વરસાદના ઉપદ્રવથી મનુષ્ય તથા પશુઓનો સંહાર કાળ આવશે તે વખતે એ બીલોમાં ભરાઇ ગયેલા મનુષ્યો અને પશુઓ જ જીવતાં રહેશે અને તે આરાના ૨૧,૦૦૦ વર્ષ તથા ઉત્સર્પિણીના પ્રથમ આરાના ૨૧,૦૦૦ વર્ષ એમ ૪૨,૦૦૦ વર્ષ પછી પુનઃ મનુષ્યની વૃદ્ધિ અને પશુઓની વૃદ્ધિ થશે.

પ્ર : ૬૫ જંબૂદ્વીપમાં ઓછામાં ઓછા એક સમયે કેટલા તીર્થંકરો હોય છે અને વધુમાં વધુ એક સમયે કેટલા તીર્થંકરો હોય છે ?

ઉ : ૬૫ જંબૂદ્વીપમાં જઘન્યથી અર્થાત્ ઓછામાં ઓછા ચાર તીર્થંકરો અને ઉત્કૃષ્ટથી અર્થાત્ વધારેમાં વધારે ચોત્રીસ તીર્થંકરો હોય છે. કેમ કે એક મહાવિદેહ ક્ષેત્રની બત્રીસ વિજય અને ભરત તથા ઐરાવત એ ચોત્રીસ ક્ષેત્રમાં એક સાથે એક એક તીર્થંકર હોય છે તેથી તે વખતે ઉત્કૃષ્ટથી ચોત્રીસ તીર્થંકર હોય છે. તથા જઘન્યથી મહાવિદેહ ક્ષેત્રની ચાર વિજયોમાં એક એક તીર્થંકર હોય ત્યારે ચાર તીર્થંકર હોય છે. અત્યારે જંબૂદ્વીપમાં આવેલ એક મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સિમંધરસ્વામી, શ્રી યુગમંધરસ્વામી, શ્રી બાહુસ્વામી, અને શ્રી સુબાહુસ્વામી એમ ચાર તીર્થંકરો વિચરતા છે, તેમાંના શ્રી સિમંધરસ્વામીને આપણે જે ભરત ક્ષેત્રમાં રહીએ છીએ તે ક્ષેત્ર સાથે વિશેષ ઋણાનુબંધ છે.

પ્ર : ૬૬ જંબૂદ્વીપમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલા વાસુદેવ, બળદેવ અને ચક્રવર્તી હોય છે ?

ઉ : ૬૬ જંબૂદ્વીપમાં જઘન્યથી ચાર ચાર વાસુદેવ, બળદેવ અને ચક્રવર્તી હોય અને ઉત્કૃષ્ટથી ત્રીશ ત્રીશ હોય છે. જે ક્ષેત્રમાં જે વખતે ચક્રવર્તી હોય તે ક્ષેત્રમાં તે વખતે વાસુદેવો હોતા નથી એમ નિશ્ચય છે અને જઘન્યથી ચાર ચક્રવર્તી અને ચાર વાસુદેવ હોય છે. એમ કહ્યું એટલે કે જે વખતે ચાર ચક્રવર્તીઓ હોય, તે ક્ષેત્રોમાં તે વખતે વાસુદેવો હોય નહીં તે સિવાયના ત્રીસ ક્ષેત્રોમાં વાસુદેવ હોય અને જે ચાર ક્ષેત્રમાં વાસુદેવો હોય તેમાં ચક્રવર્તીઓ હોય

નહીં તે સિવાયના ત્રીસ ક્ષેત્રોમાં ચક્રવર્તી હોય તેથી ઉત્કૃષ્ટપણે ચક્રીઓ અને વાસુદેવો ત્રીશ ત્રીશ જ હોય એમ કહ્યું છે. અહીં ક્ષેત્ર શબ્દે મહાવિદેહની બત્રીસ વિજય અને ભરત તથા ઐરાવત મળી ચોત્રીસ ક્ષેત્ર સમજવાં.

પ્ર : ૬૭ જંબૂદ્વીપના બંને સૂર્યો કેટલો પ્રકાશ આપે છે ?

ઉ : ૬૭ જંબૂદ્વીપના બંને સૂર્ય નીચે અને ઊંચે મળીને ઓગણીશો (૧૯૦૦) યોજન પ્રકાશ આપે છે.

પ્ર : ૬૮ જંબૂદ્વીપમાં કયા નક્ષત્ર સિવાય બાકીના સતાવીશ નક્ષત્રો વડે વ્યવહાર ચાલે છે ?

ઉ : ૬૮ જંબૂદ્વીપમાં અભિજીત સિવાય બાકીનાં સતાવીશ નક્ષત્રો વડે વ્યવહાર ચાલે છે.

પ્ર : ૬૯ ભરત ક્ષેત્રનું નામ ભરત કેમ પડયું ?

ઉ : ૬૯ ભરત ક્ષેત્રના અધિષ્ઠાયક દેવનું નામ ભરત હોવાથી તે ભરત ક્ષેત્ર તરીકે ઓળખાય છે. અને તે દેવનું આયુષ્ય એક પલ્યોપમનું જાણવું.

પ્ર : ૭૦ લવણ સમુદ્ર વિષે માહિતી આપો ?

ઉ : ૭૦ લવણ સમુદ્રનો આકાર ગોતીર્થ જેવો વૃત્ત અને વલયના આકારનો છે. લવણ સમુદ્રનો ચક્રપાલ વિષ્કંભ બે લાખ યોજનનો છે. તેનો ઘેરાવો ૧૫,૮૧,૧૩૯ યોજન ઉપરાંત થોડો ઘણો વધતો ઓછો છે. તેનો ઉધ્વેગ એક હજાર યોજન છે તેનો ઉત્સેધ સોળ હજાર અને તેનું સર્વાગ્ર ૧૭ હજાર યોજન છે.

પ્ર : ૭૧ લવણ સમુદ્રમાં કેટલા કળશો હોય છે ?

ઉ : ૭૧ લવણ સમુદ્રમાં પૂર્વ દિશામાં વડવામુખ નામનો, દક્ષિણ દિશામાં કેયૂપ નામનો, પશ્ચિમ દિશામાં યૂપ નામનો અને ઉત્તર દિશામાં ઈશ્વર નામનો એમ કુલ ચાર મહા પાતાળ કળશો આવેલા છે. તે પાતાળ કળશો એક હજાર યોજન જાડા, તથા તેનાથી દશ ઘણા એટલે દશ હજાર યોજન નીચે-તળીએ અને ઉપર કાંઠે પહોળા છે તથા મધ્યે (મધ્ય ભાગમાં) એક લાખ યોજન પહોળા છે. આ ઉપરાંત ૭૮૮૪ નાના પાતાળ કળશો પણ આવેલા છે. સમુદ્રમાં આઠમ, ચૌદશ, અમાસ અને પૂનમને દિવસે પાતાળ કળશોમાં રહેલા વાયુ વિક્ષોભથી ભરતી આવે છે. સર્વ પાતાળ કળશોમાં અર્ધા ભાગમાં વાયુ છે. મધ્ય ભાગમાં જળ અને વાયુ છે તથા ઉપરના ભાગમાં ફક્ત જળ છે. તેઓ એક અહોરાત્રિમાં એટલે કે ૨૪ કલાકમાં બે વાર ખળભળે છે ત્યારે

ત્યારે ભરતી આવે છે. કુલ ૧,૭૪,૦૦૦ દેવો આ ભરતીને જંબૂદ્વીપમાં ઘુસી ના જાય કે પેલી બાજુ ધાતકીખંડમાં ઘુસી ન જાય તે માટે તે પાણીને રોકે છે તેઓ નાગકુમાર જાતિના ભુવનપતિ દેવો છે. તેઓને વેલંધર દેવો કહેવાય છે. કારણ કે તે વેલને નિવારે છે અટકાવે છે.

પ્ર : ૭૨ છપ્પન અંતરદ્વીપો ક્યાં આવેલા છે ?

ઉ : ૭૨ હિમવાન પર્વતના પૂર્વ પશ્ચિમના બંને છેડાથી દરેક દિશામાં બંબે દાઢાઓ (શાખાઓ) નીકળેલી છે તે દાઢાઓ વિદિશામાં ગયેલી છે. તે ઇશાન આદિ વિદિશામાં ગયેલી ચાર દાઢાઓ ઉપર સાત સાત અંતરદ્વીપો છે એટલે ચાર દાઢા ઉપર કુલ અઠ્યાવીશ અંતરદ્વીપો આવેલા છે. જંબૂદ્વીપની જગતીથી ત્રણસો યોજન લવણ સમુદ્રમાં ઇશાન ખૂણામાં એકોરૂક, અગ્નિ ખૂણામાં આભાસિક, નૈર્ઋત્ય ખૂણામાં વૈષાણિક અને વાયવ્ય ખૂણામાં લાંગૂલિક નામના ચાર અંતરદ્વીપો આવેલા છે. ત્યારપછી ચારસો યોજન લવણ સમુદ્રમાં જઇએ ત્યારે બીજા ચતુષ્કમાં હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ અને શષ્કુલીકર્ણ એ નામના ચાર અંતરદ્વીપો ઇશાનાદિકથી આરંભીને જાણવા. ત્યારપછી પાંચસો યોજન અંદર જઇએ ત્યારે આદર્શમુખ, મેંઢમુખ, અયોમુખ અને ગોમુખ નામના ચાર દ્વીપો ત્રીજા ચતુષ્કમાં જાણવા. પછી છસો યોજન આગળ જતાં હયમુખ, ગજમુખ, હરિમુખ અને વ્યાઘ્રમુખ એ ચાર દ્વીપો ચોથા ચતુષ્કમાં જાણવા. પછી સાતસો યોજન આગળ જતાં અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણ અને કર્ણ પ્રાવરણ એ નામના ચાર દ્વીપો પાંચમાં ચતુષ્કને વિશે જાણવા. પછી જગતીથી આઠસો યોજન આગળ જતા. ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ અને વિદ્યુદંત એ નામના ચાર દ્વીપો છઠ્ઠા ચતુષ્કને વિષે જાણવા તથા જગતીથી નવસો યોજન લવણ સમુદ્રમાં જતા ઘનદંત, લષ્ટદંત, ગૂઢદંત અને શુદ્ધદંત એ નામના ચાર દ્વીપો સાતમા ચતુષ્કને વિષે જાણવા. આ જ રીતે શિખરી પર્વતને વિશે પણ અઠ્ઠાવીશ અંતરદ્વીપો જાણવા. તે સર્વ મળીને છપ્પન અંતરદ્વીપો થાય છે.

પ્ર : ૭૩ અંતરદ્વીપોમાં રહેતા મનુષ્યોનું વર્ણન કરો ?

ઉ : ૭૩ છપ્પન અંતરદ્વીપોમાં તે તે અંતરદ્વીપોના નામવાળા યુગલિયા (યુગલિક) મનુષ્યો તે અંતરદ્વીપોમાં રહે છે. તેમના શરીરની ઉંચાઇ ૮૦૦ ધનુષ્યની હોય છે. તથા તેઓના શરીરમાં ૬૪ પાંસળીઓ હોય છે. તેઓને

વ્રજઋષભનારાચ સંઘયણ તથા સમચતુરસ્ર સંસ્થાન હોય છે. તેમનું આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે હોય છે. જયારે તેમનું આયુષ્ય છ મહિના જેટલું બાકી રહે છે ત્યારે તે એક યુગલ સંતાનને જન્મ આપે છે અને ૭૯ દિવસ તેઓ સંતાનનું પાલન પોષણ કરે છે તેઓ અલ્પકષાયી, સરળ અને સંતોષી હોય છે. ત્યાં આગળ દસ પ્રકારનાં કલ્પવૃક્ષો હોય છે જેમાંથી તેઓ ઇચ્છીત પદાર્થો મેળવે છે. ત્યાનું આયુષ્ય ભોગવીને તેઓ દેવપણે ઉત્પન્ન થાય છે. આ યુગલિયા બત્રીસ લક્ષણોયુકત હોય છે. એકાંતરા એક દિવસના અંતરથી આહાર કરે છે. છીક કે બગાસુ લેતાં જ કાળ કરી જાય છે. આયુષ્ય પૂર્ણ કરીને ભુવનપતિ કે વાણવ્યંતર દેવોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં હાથી-ઘોડા હોય છે પરંતુ એના ઉપર કોઇ સવારી કરતા નથી. ગાયો-ભેંસો પણ હોય છે પરંતુ યુગલિકોના કામમાં આવતી નથી. સિંહ સર્પાદિ પણ હોય છે પરંતુ તે કોઇને દુઃખ દેતા નથી. ત્યાં અસી, મસી અને કૃષિના વેપાર હોતા નથી.

પ્ર : ૭૪ અઢી દ્વીપમાં કુલ કેટલા સૂર્ય-ચંદ્ર આવેલા છે ?

ઉ : ૭૪ અઢી દ્વીપમાં કેટલા સૂર્ય અને ચંદ્ર આવેલા છે તે નીચેના કોષ્ટક ઉપરથી જાણવું :-

નામ	જંબૂદ્વીપમાં	લવણ સમુદ્રમાં	ધાતકી ખંડમાં	કાલોદધિ સમુદ્રમાં	અર્ધ પુષ્કરદ્વીપમાં	કુલ
સૂર્ય	૨	૪	૧૨	૪૨	૭૨	૧૩૨
ચંદ્ર	૨	૪	૧૨	૪૨	૭૨	૧૩૨
નક્ષત્રો	૫૬	૧૧૨	૩૩૬	૧૧૭૬	૨૦૧૬	૩૬૯૬
ગ્રહો	૧૭૬	૩૫૨	૧૦૫૬	૩૬૯૬	૬૩૩૬	૧૧૬૧૬
તારાની કોડાકોડી	૧૩૩૯૫૦	૨૬૭૯૦૦	૮૦૩૭૦૦	૨૮૧૨૯૫૦	૪૮૨૨૨૦૦	૮૮૪૦૭૦૦

નોંધ :- (૧) આ નક્ષત્ર, ગ્રહ અને તારાની સંખ્યા એક ચંદ્રના પરિવારભૂત ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ, અને ૬૬૯૭૫ કોડાકોડી તારાની સંખ્યાને ૨, ૪, ૧૨, ૪૨ અને ૭૨ વડે ગુણતાં આવેલ છે.

(૨) પુષ્કરદ્વીપમાં કુલ ૧૪૪ સૂર્ય અને ૧૪૪ ચંદ્ર છે. પરંતુ અર્ધ પુષ્કરદ્વીપ ગણવાથી ૭૨ સૂર્ય અને ૭૨ ચંદ્ર ગણીએ છીએ જે ચર છે. બાકીના અર્ધ પુષ્કર દ્વીપમાં રહેલા ૭૨ સૂર્ય અને ૭૨ ચંદ્ર સ્થિર છે.

પ્ર : ૭૫ ઘાતકીખંડનું ટૂંકમાં વર્ણન કરો ?

ઉ : ૭૫ ઘાતકીખંડમાં બે ભરતક્ષેત્ર, બે મહાવિદેહક્ષેત્ર અને બે ઐરાવતક્ષેત્ર એમ કુલ ૬ ક્ષેત્રો (કર્મભૂમિ) આવેલા છે તેમજ બાર અકર્મભૂમિ આવેલી છે. આ ખંડ ચાર લાખ યોજન વલયાકારે પહોળો છે. તે ઘાતકીખંડના મુખ્ય બે વિભાગ છે પૂર્વ ઘાતકીખંડ અને પશ્ચિમ ઘાતકીખંડ. તે બે વિભાગ ઘાતકીખંડમાં આવેલા ઈષુકાર નામના બે પવર્ત કર્યા છે. તે બે ઈષુકાર પર્વતો લવણ સમુદ્રના વૈજયંત અને અપરાજિત નામના દ્વાર સુધી લાંબા છે. એટલે કે લવણસમુદ્રના છેડાથી નીકળી કાલોદધિ સમુદ્રના અગ્રભાગ સુધી લાંબા છે. તે બાણને આકારે હોવાથી ઈષુકાર કહેવાય છે. તે પર્વતો દક્ષિણ-ઉત્તર ઘાતકીખંડ જેટલા એટલે ચાર લાખ યોજન લાંબા છે. ભૂમિથી શિખર સુધી એક સરખા એક હજાર યોજન પહોળા છે અને પાંચસો યોજન ઊંચા છે. ઘાતકીખંડમાં બે મેરુ પર્વત છે. આ બંને મેરુ પર્વતો જંબૂદ્વીપ કરતાં નાના છે. જંબૂદ્વીપનો મેરુ કુલ ૧ લાખ યોજનનો છે જ્યારે ઘાતકીખંડના બે મેરુ કુલ ૮૫૦૦૦ યોજન ઊંચા છે. મેરુ સિવાયના બાકીના પર્વતોની ઊંચાઈ જંબૂદ્વીપનાં જેટલી જ છે. ઘાતકીખંડમાં જંબૂદ્વીપની નદીઓ, દ્રહો, કમળો તથા નદીઓનું ઉંડાપણું છે તેનાથી બમણું છે.

પ્ર : ૭૬ ઘાતકી ખંડનો ચાર લાખ યોજન વિસ્તાર કેવી રીતે વહેંચાયેલો છે ?

ઉ : ૭૬ ઘાતકી ખંડનો ચાર લાખ યોજન વિસ્તાર નીચે મુજબ વહેંચાયેલો છે:-

નામ	યોજન વિસ્તાર
(૧) છ અંતર નદી	૧,૫૦૦
(૨) એક મેરુ બે બાજુના ભદ્રશાલવન	૨,૨૫,૧૫૮
(૩) આઠ વૃક્ષસ્કાર પર્વતો	૮,૦૦૦
(૪) બે વન મુખ	૧૧,૬૮૮
(૫) સોળ વિજય	૧,૫૩,૬૫૪
	૪,૦૦,૦૦૦

પ્ર : ૭૭ કાલોદધિ સમુદ્રનું વર્ણન કરો ?

ઉ : ૭૭ ઘાતકીખંડની જગતી ફરતો આઠ લાખ યોજનના વિસ્તારવાળો વલયને આકારે રહેલો કાલોદધિ સમુદ્ર છે. તે સમુદ્ર સર્વ ઠેકાણે એક હજાર યોજન ઊંડો છે. તથા તે વેલ રહીત છે એટલે તેમાં જળની વૃદ્ધિ-હાનિ (ભરતી-ઓટ) થતી

નથી. કારણ કે લવણસમુદ્રની જેમ વેલની વૃદ્ધિ કરનાર પાતાળ કળશો આ સમુદ્રમાં નથી. આ સમુદ્રના કાળ અને મહાકાળ નામના બે અધિપતિ દેવો છે. તે પૂર્વ અને પશ્ચિમ દિશામાં ગૌતમદ્વીપ સરખા બે દ્વીપોને વિશે રહે છે. ધાતકીખંડની જગતીથી બાર હજાર યોજન કાલોદધિમાં જઈએ તે ઠેકાણે પૂર્વ દિશામાં બેતાળીશ ચંદ્રોના અને પશ્ચિમ દિશામાં બેતાળીશ સૂર્યોના કુલ ૮૪ દ્વીપો છે. આ દ્વીપો ચારે તરફના પાણીના ઉપર બે કોશ ઊંચા છે.

પ્ર : ૭૮ માનુષોત્તર પર્વતનું વર્ણન કરો ?

ઉ : ૭૮ કાલોદધિ સમુદ્રની બહાર ફરતો વલયને આકારે સોળ લાખ યોજનના વિસ્તારવાળો પુષ્કરવર નામનો દ્વીપ છે. તેની મધ્ય ભાગમાં એટલે દ્વીપમાં આઠ લાખ યોજન જતાં વલયને આકારે માનુષોત્તર (અહીં સુધી જ મનુષ્યોની ઉત્પત્તિ હોવાથી, મનુષ્ય ક્ષેત્રની હદ બાંધતો હોવાથી માનુષોત્તર કહેવાય છે) પર્વત છે. તે પર્વત સુવર્ણનો છે. આ પર્વત મૂળમાં ૧૦૨૨ યોજન પહોળો છે. શિખર પર ૪૨૪ યોજન પહોળો છે અને ૧૭૨૧ યોજન ઊંચો છે. આ પર્વતનો આકાર બેઠેલા સિંહના જેવો છે. આ માનુષોત્તર પર્વતની બહાર મનુષ્યોનું જન્મ મરણ થતુ નથી તેની બહાર ગયેલા ચારણમુનિ આદિ પણ બહાર મરણ પામતા નથી. તે લબ્ધિધારી મુનિઓ પણ અંત સમય નજીક આવતા માનુષોત્તર પર્વતની અંદરની બાજુએ અર્થાત્ અઢી દ્વીપમાં પાછા આવતા રહે છે. ટૂંકમાં માનુષોત્તર પર્વતની બહાર મનુષ્યોની વસ્તી પણ નથી અને ત્યાં જન્મ-મરણ પણ થતાં નથી. તેથી પણ તેનું નામ માનુષોત્તર પડેલ છે તે સાર્થક છે.

પ્ર : ૭૯ અર્ધ પુષ્કરવર દ્વીપનું વર્ણન કરો ?

ઉ : ૭૯ આ અર્ધ પુષ્કરવર દ્વીપમાં પણ બે મહાવિદેહ ક્ષેત્ર, બે ભરતક્ષેત્ર અને બે ઐરાવત ક્ષેત્ર એમ કુલ છ ક્ષેત્રો (છ કર્મભૂમિ) છે અને બાર અકર્મભૂમિ આવેલી છે. ધાતકીખંડના પર્વતો જેવા જ પર્વતો અર્ધ પુષ્કરવર દ્વીપમાં છે. મેરુ તથા ઇષુકાર પર્વતોનું પ્રમાણ પણ ધાતકીખંડની જેમ જ જાણવું. આ અર્ધ પુષ્કરવર દ્વીપમાં બે ઉત્તરકુરુ છે. તેમાં પૂર્વ તરફના પુષ્કરાર્ધના ઉત્તર-કુરુમાં પદ્મવૃક્ષ અને પશ્ચિમ તરફના ઉત્તરકુરુમાં મહાપદ્મ નામે વૃક્ષ છે આ બંને વૃક્ષોનું સ્વરૂપ જંબૂવૃક્ષ સરખું જાણવું. પુષ્કરાર્ધમાં ૫૪૦ પર્વતો છે.

પ્ર : ૮૦ નંદીશ્વર દ્વીપનું વર્ણન કરો ?

ઉ : ૮૦ આઠમો દ્વીપ નંદીશ્વર દ્વીપ સ્વર્ગના જેવો છે. નંદી એટલે સમૃદ્ધિ વડે ઈશ્વર એટલે વૈભવવાળો દીપતો જે દ્વીપ તે નંદીશ્વર દ્વીપ છે. આ દ્વીપમાં પૂર્વાર્ધનો અધિપતિ કૈલાસ નામે દેવ છે અને પશ્ચિમાર્ધનો અધિપતિ હરિવાહન નામે દેવ છે. આ આઠમો દ્વીપ ૧૬૩ કરોડ અને ૮૪ લાખ યોજન લાંબો-પહોળો છે. આ દ્વીપમાં મધ્ય ભાગમાં ચાર દિશામાં શ્યામ વર્ણવાળા અંજનરત્નના ચાર અજંનગિરિ પર્વતો ૮૫,૦૦૦ યોજન ઊંચા છે તેમાંથી ૧,૦૦૦ યોજન જમીનમાં ઊંડા છે આ દરેક અંજનગિરિ ઉપર એક એક જિન ભવન છે એમ ચાર અંજનગિરિ ઉપર ચાર જિનભવન જાણવાં. ટૂંકમાં, પૂર્વમાં દેવરમણ નામે અંજનગિરિ છે. દક્ષિણમાં નિયોધાત નામે, પશ્ચિમમાં સ્વયંપ્રભ નામે અને ઉત્તરમાં રમણીય નામે ચાર અંજનગિરિ છે. આ દરેક અંજનગિરિ ઉપર ૭૨ યોજન ઊંચા શાશ્વત અરિહંત ભગવાન (ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન અને વારીષેણ) નાં ચૈત્યો છે એટલે કે આ ચાર અંજનગિરિ (મેરુ પર્વતો) ઉપર શાશ્વત ચાર જિનાલયો છે. આ દરેક અંજનગિરિ (મેરુ પર્વતો) થી ચારે દિશામાં ચાર ચાર લાખ યોજન દૂર જઈએ ત્યારે લાખ યોજન લાંબી પહોળી ચાર ચાર વાવો હોવાથી કુલ ૧૬ વાવો છે. આ વાવોના મધ્ય ભાગમાં સ્ફટીક રત્નનો ૬૪,૦૦૦ યોજન ઊંચો ધાન્યના પાલાના આકારે એક એક દધિમુખ પર્વત હોવાથી ૧૬ દધિમુખ પર્વત છે. આ દરેક દધિમુખ પર્વત ઉપર એક એક શાશ્વત ચૈત્ય હોવાથી ૧૬ શાશ્વત ચૈત્યો જાણવાં.

ઉપર કહેલ અંજનગિરિને ફરતી ચાર વાવોના ચાર આંતરામાં બે બે રતિકર પર્વતો હોવાથી ચારે અંજનગિરિને ફરતા બધા મળીને બત્રીસ રતીકર પર્વતો છે તે પદ્મરાગ મણિના છે. આ બત્રીસ રતીકર પર્વતો ઉપર પણ એક એક શાશ્વત ચૈત્ય હોવાથી બત્રીસ શાશ્વત ચૈત્યો જાણવા- એ પ્રમાણે (૪ + ૧૬ + ૩૨ = ૫૨) કુલ બાવન શાશ્વત જિનાલયો નંદીશ્વર દ્વીપમાં આવેલાં છે.

ઉપર કહેલ પ્રત્યેક અંજનગિરિની ચારે દિશાએ લાખ લાખ યોજનના પ્રમાણવાળી વાપિકાઓ છે. કુલ સાત વાપિકા છે. અશોક, સપ્તછંદ, ચંપક અને આમ્ર નામવાળા મોટા ચાર ઉદ્યાનો છે.

આ દ્વીપ પ્રભુની પૂજામાં આસકત થયેલા દેવતાઓના આવાગમનથી સુંદર છે. આ નંદીશ્વર દ્વીપમાં રહેલા બાવન જિન શાશ્વત ચૈત્યોમાં સર્વ ઋધ્ધિવાળા દેવતાઓ પરિવાર સહિત અરિહંત ભગવંતોના કલ્યાણક મહોત્સવ વખતે પાછા ફરતા આ દ્વીપમાં આવે છે અને અષ્ટાહ્નિયક ઉત્સવ કરે છે. આ દ્વીપ દેવી-દેવતાઓ માટે ઘણો જ પ્રસન્નતા ઉપજાવનાર ગણાય છે.

પ્ર : ૮૧ અઢી દ્વીપમાં રહેલા શાશ્વત પદાર્થોનું વર્ણન કરો ?

ઉ : ૮૧ અઢી દ્વીપમાં રહેલા શાશ્વત પદાર્થો નીચેના કોષ્ટક પ્રમાણે જાણવાઃ-

અનુ. નંબર	પદાર્થોના નામ	જંબૂદ્વીપમાં	ધાતકી ખંડમાં	અર્ધપુષ્કરવર દ્વીપમાં	કુલ
૧	વર્ષધર ક્ષેત્રો	૭	૧૪	૧૪	૩૫
૨	વર્ષધર પર્વતો (મેરુ સહિત)	૭	૧૪	૧૪	૩૫
૩	પાંચ મેરુ પર્વતના પાંડુકવનમાં રહેલી શિલાઓ	૪	૮	૮	૨૦
૪	શિલા ઉપર રહેલા જન્માભિષેક માટેનાં સિંહાસનો	૬	૧૨	૧૨	૩૦
૫	શાશ્વતા કુલ પર્વતો	૨૬૯	૫૩૮	૫૪૦	૧૩૪૭
૬	પર્વતો ઉપરનાં શિખરો	૪૬૭	૯૩૪	૯૩૪	૨૩૩૫
૭	ઋષભકૂટ (ચક્રવર્તી નામ લખે છે તે)	૩૪	૬૮	૬૮	૧૭૦
૮	કોટિ શિલા (વાસુદેવ ઉપાડે છે તે)	૩૪	૬૮	૬૮	૧૭૦
૯	વૈતાઢયમાં રહેલી ગુફાઓ (તમિસ્ત્રા-ખંડપ્રપાતા)	૬૮	૧૩૬	૧૩૬	૩૪૦
૧૦	વૈતાઢયમાં રહેલ બીલ (ભરત અને ઐરાવતના)	૧૪૪	૨૮૮	૨૮૮	૭૨૦
૧૧	માગધ, વરદામ, પ્રભાસ તીર્થ	૧૦૨	૨૦૪	૨૦૪	૫૧૦
૧૨	ખંડો (ભરત, ઐરાવત અને ૩૨ વિજયનાં છ છ)	૨૦૪	૪૦૮	૪૦૮	૧૦૨૦

અનુ. નંબર	પદાર્થોના નામ	જંબૂદ્વીપમાં	ધાતકી ખંડમાં	અર્ધપુષ્કરવર દ્વીપમાં	કુલ
૧૩	છ ખંડમાં મળીને ૩૨૦૦૦ દેશો છે તે(૩૪ માં મળીને)	૧૦૮૮૦૦૦	૨૧૭૬૦૦૦	૨૧૭૬૦૦૦	૫૪૪૦૦૦૦
૧૪	૩૪ વિજયની નગરી	૩૪	૬૮	૬૮	૧૭૦
૧૫	૩૪ વિજયના આર્યદેશ ૨પા પ્રમાણે	૮૬૭	૧૭૩૪	૧૭૩૪	૪૩૩૫
૧૬	વૈતાઢય ઉપરની શ્રેણીઓ ચાર-ચાર(૨ વીદ્યાધરની ૨ આભિયોગિકની)	૧૩૬	૨૭૨	૨૭૨	૬૮૦
૧૭	મોટા છ છ દ્રહો અને ઉત્તર-દેવકુરુક્ષેત્રના ૧૦-૧૦	૧૬	૩૨	૩૨	૮૦
૧૮	મોટા દ્રહોમાં દેવીઓ અને નાના દ્રહોમાં દેવો.	૧૬	૩૨	૩૨	૮૦
૧૯	દરેક મહાદ્રહોમાં કમળોનાં છ છ વલયો.	૬ દ્રહમાં	૧૨ દ્રહમાં	૧૨ દ્રહમાં	૩૦દ્રહમાં ૧૮૦
૨૦	દરેક છ વલયમાં રહેલાં કમળો.	૧૨૦૫૦૧૨૦	૧૨૦૫૦૧૨૦	૧૨૦૫૦૧૨૦	૩૬૧૫૦૩૬૦
૨૧	ગંગા-સિંધુ વગેરે મહાનદીઓ	૧૪	૨૮	૨૮	૭૦
૨૨	મહાનદીના પ્રપાત કુંડો	૧૪	૨૮	૨૮	૭૦
૨૩	મહાનદીની પરિવારભૂત નદીઓ.	૧૪૫૬૦૦૦	૨૯૧૨૦૦૦	૨૯૧૨૦૦૦	૭૨૮૦૦૦૦
૨૪	જંબૂ વિગેરે મોટાં વૃક્ષો પૃથ્વીકાયમય	૨	૪	૪	૧૦
૨૫	તેની ફરતાં વલયો	૬-૬	૧૨-૧૨	૨૪-૨૪	૧૫૬
૨૬	દરેક વૃક્ષ ફરતાં વલયોનાં કુલ વૃક્ષો.	૧૨૦૭૦૧૨૦	૨૪૧૦૦૨૪૦	૪૮૨૦૦૪૮૦	૮૪૩૭૦૮૪૦
૨૭	અંતર નદીઓ	૧૨	૨૪	૨૪	૬૦

અનુ. નંબર	પદાર્થોના નામ	જંબૂદ્વીપમાં	ધાતકી ખંડમાં	અર્ધપુષ્કરવર દ્વીપમાં	કુલ
૨૮	વૃક્ષસ્કાર પર્વતો	૧૬	૩૨	૩૨	૮૦
૨૯	સીતા-સીતોદાના બે બાજુના મુખવન	૪	૮	૮	૨૦
૩૦	મેરુ સબંધી વન ભદ્રસાલ, નંદન, સૌમનસ, પાંડુકવન.	૪	૮	૮	૨૦
૩૧	ગજદંતગિરિ	૪	૮	૮	૨૦
૩૨	ઇષુકાર પર્વત	૦	૨	૨	૪
૩૩	વૃત્ત, વૈતાઢય અને દીર્ઘ વૈતાઢય	૪-૩૪	૮-૬૮	૮-૬૮	૨૦-૧૭૦
૩૪	યમક, સમક, ચિત્ર અને વિચિત પર્વતો	૪	૮	૮	૨૦
૩૫	કંચનગિરિ	૨૦૦	૪૦૦	૪૦૦	૧૦૦૦
૩૬	યુગલિક ક્ષેત્રો	૬	૧૨	૧૨	૩૦
૩૭	અંતરદ્વીપો હિમવાન અને શિખરીની ૮ દાઢાઓ ઉપર લવણ સમુદ્રમાં.	૫૬	૦	૦	૫૬
૩૮	વિહરમાન પ્રભુની વિહારની વિજયો, પુષ્કલાવતી, વત્સ,નલિનાવતી, વપ્રા.	૪	૮	૮	૨૦
૩૯	શાશ્વત ચૈત્યો*	૬૩૫	૧૨૭૨	૧૨૭૨	૩૧૭૯
૪૦	સૂર્ય અને ચંદ્ર	૨-૨ ૪-૪	૧૨-૧૨ ઘા લવણ	૭૨-૭૨ ૪૨-૪૨ કા. પુષ્કરાર્ધ	૧૩૨-૧૩૨ સૂર્ય ચંદ્ર

પ્ર : ૮૨ જંબૂવૃક્ષનું વર્ણન કરો ?

ઉ : ૮૨ ઉત્તરકુરુ ક્ષેત્રના પૂર્વાધને વિષે રકતસુવર્ણમય જંબૂપીઠ છે. તે પીઠના મધ્ય ભાગમાં આઠ યોજનના વિસ્તારવાળી, ચાર યોજન ઉંચી મણીપીઠીકા ઉપર જંબૂવૃક્ષ આવેલું છે. આ વૃક્ષના મૂળ વજ્ર રત્નમય છે. તેનો કંદ [થડ-પૃથ્વીમાં રહેલું] અરિષ્ટ રત્નમય છે. અને સ્કંધ [પૃથ્વી ઉપર રહેલું શાખા

* આ સિવાય નંદીશ્વર દ્વીપે ૬૮, કુંડલદ્વીપમાં ૪, રૂચકદ્વીપમાં ૪, માનુષોતરે ૪ એમ કુલ ૮૦ બીજા શાશ્વત ચૈત્યો ઉમેરતાં (૩૧૭૯+૮૦=૩૨૫૯) તિર્ચ્છાલોકના કુલ ૩૨૫૯ શાશ્વત ચૈત્યો થાય છે.

નીકળે ત્યાં સુધીનું થડ] વૈડૂર્ય રત્નમય છે. આ વૃક્ષની મુખ્ય શાખાઓ સુવર્ણમય પીળા વર્ણવાળી છે. પ્રશાખાઓ જાતરૂપમય એટલે કાંઇક શ્વેતવર્ણવાળા સુવર્ણમય છે. પાંદડાઓ નીલવર્ણવાળા વૈડૂર્યરત્નમય છે. વૃત્તો [પાંદડાના ડીંટ] તપાવેલાં સુવર્ણમય છે. અને નવાંકુરો રકતવર્ણવાળાં સુવર્ણમય છે. તે જંબૂવૃક્ષ રજતમય પ્રવાલવાળો છે. એટલે કે તેનાં નવ પલ્લવ-પાંદડા રૂપામય છે. રૂપામય ઉર્ધ્વ શાખાવાળો છે. તથા વિવિધ રત્નમય પુષ્પવાળો અને ફળવાળો છે. આ જંબૂવૃક્ષ બે કોંશ ભૂમિમાં ઊંડો છે. તથા થડ, મુખ્ય શાખા અને વચ્ચેની ઊર્ધ્વ શાખાનો વિષ્કંભ-જાડપણું બે કોશ છે. આ જંબૂવૃક્ષના થડની લંબાઇ આઠ ગાઉની છે. મુખ્ય ચાર શાખાઓની લંબાઇ પંદર ગાઉની છે અને વચલી ઉર્ધ્વ શાખાની લંબાઇ ચોવીસ ગાઉની છે. તેમાં ચાર દિશામાં નીકળેલી ચાર મુખ્ય શાખાઓ ઉપર શ્રીદેવીનાં ભવન જેવાં ભવન છે. અને ઉપર વચ્ચેની ઉર્ધ્વ શાખા ચૈત્યગૃહ સહિત એટલે શ્રીગૃહ જેવાં જિનભવન સહિત છે. એટલે તે ભુવન તથા ચૈત્ય એક કોશ લાંબુ, અર્ધો કોશ પહોળુ અને ૧૪૪૦ ધનુષ ઊંચુ છે. પૂર્વ દિશાએ રહેલી શાખાના ઉપર આવેલા ભવનમાં જંબૂદ્વીપના અધિષ્ઠાયક અનાદત નામના દેવની શય્યા છે અને બાકીની ત્રણ શાખાઓના ભવનો તે દેવના આસનો એટલે કે બેસવા માટેનાં સિંહાસનો છે. આ જંબૂવૃક્ષ અનુક્રમે બાર વેદિકા વડે વીંટાએલું છે. જેમ સરોવરમાં મૂળ કમળને ફરતા બીજા કમળોનો પરિવાર હોય છે તેમ અહી જંબૂવૃક્ષને પણ પરિવારરૂપ બીજા નાનાં જંબૂવૃક્ષો આવેલાં છે. કમળોમાં રહેનારી દેવીઓને ચાર મહતરિકા કહી છે. તેમ અહીં જંબૂવૃક્ષમાં રહેનાર દેવને ચાર અગ્ર મહિષીઓ હોય છે.

પ્ર : ૮૩ શાલ્મલી વૃક્ષનું વર્ણન કરો ?

ઉ : ૮૩ દેવકુરુક્ષેત્રના પશ્ચિમાર્ધમાં રૂપામય પીઠ ઉપર ગરુડદેવનું શાલ્મલી નામનું વૃક્ષ છે. તે પણ જંબૂવૃક્ષના જેવા જ પરિમાણ અને પરિવારવાળું છે

પ્ર : ૮૪ યુગલિક ક્ષેત્રો (૩૦ અકર્મ ભૂમિમાં) માં આવેલાં કલ્પવૃક્ષોનું વર્ણન કરો?

ઉ : ૮૪ જંબૂદ્વીપમાં ૬ યુગલિક ક્ષેત્રો (હેમવંત ક્ષેત્ર, હિરણ્યવંત ક્ષેત્ર, હરિવર્ષ ક્ષેત્ર, રમ્યક ક્ષેત્ર, ઉત્તરકુરુ ક્ષેત્ર અને દેવકુરુ ક્ષેત્ર) આજ રીતે ઘાતકીખંડમાં જંબૂદ્વીપથી બમણા આજ નામનાં ૧૨ યુગલિક ક્ષેત્રો અને તે જ પ્રમાણે અર્ધ પુષ્કરવર દ્વીપમાં પણ ૧૨ યુગલિક ક્ષેત્રો એમ અઢી દ્વીપમાં કુલ ૩૦ યુગલિક ક્ષેત્રો

(અકર્મ ભૂમિ) આવેલાં છે. આ ક્ષેત્રોમાં જે યુગલિયા જીવો (મનુષ્યો) રહે છે તે પોતાની જીવન જરુરિયાતની ચીજવસ્તુઓ તે તે ક્ષેત્રમાં આવેલાં દસ પ્રકારનાં કલ્પવૃક્ષો પાસેથી મેળવે છે. આ કલ્પવૃક્ષોનું વર્ણન નીચે મુજબ છે.

	કલ્પવૃક્ષનું નામ	**તેના દ્વારા મળતા પદાર્થો**
૧	મતંગ	: દ્રાક્ષાપાન વિગેરે પીવાની વસ્તુઓ આપે છે.
૨	ભૃંગ	: સુવર્ણના થાળી, વાટકા વિગેરે પાત્રો (વાસણો) આપે છે.
૩	તૂર્યાંગ	: વાંજિત્ર સહિત બત્રીશ પાત્ર બધ્ધ નાટક વગેરે દેખાડે છે.
૪	જ્યોતિરંગ	: રાત્રે પણ સૂર્યના પ્રકાશ જેવી પ્રભાને પ્રગટ કરે છે.
૫	દીપાંગ	: ઘરની અંદર દીવાના જેવી પ્રભાને પ્રગટ કરે છે.
૬	ચિત્રાંગ	: વિચિત્ર જાતિનાં પંચ વર્ણનાં સુગંધી પુષ્પો તથા માળા વગેરે આપે છે.
૭	ચિત્ર રસાંગ	: મનોહર ષડરસ મિષ્ટાન્નાદિક આહાર આપે છે.
૮	મણિતાંગ	: મણિ, મુકુટ, કુંડળ, કેયૂર વગેરે આભૂષણો આપે છે.
૯	ગેહાકાર	: વિચિત્ર પ્રકારની ચિત્રશાળા વગેરે સહિત સાત માળના, પાંચ માળના અને ત્રણ માળના વિગેરે ઘરો આપે છે.
૧૦	અનિયત	: દેવદૂષ્ય વિગેરે વસ્ત્રો અને ભદ્રાસન વગેરે આસનો તથા શય્યા આપે છે.

પ્ર : ૮૫ સિદ્ધાચલજી (પાલિતાણા) તીર્થક્ષેત્ર આરા પ્રમાણે કેટલા યોજનનો હોય છે?

ઉ : ૮૫ સિદ્ધાચલજી પહેલા આરે ૮૦ યોજન, બીજા આરે ૭૦ યોજન, ત્રીજા આરે ૬૦ યોજન, ચોથા આરે ૫૦ યોજન, પાંચમા આરે ૧૨ યોજન, છઠ્ઠા આરે ૭ હાથ જેટલો હોય છે.

પ્ર : ૮૬ અષ્ટાપદ પર્વત ક્યાં આવેલો છે ?

ઉ : ૮૬ અષ્ટાપદ પર્વત હિમાલય પર્વત ઉપર બરફથી ઢંકાયેલો છે એમ માનવામાં આવે છે.

પ્ર : ૮૭ જંબૂદ્વીપમાં જેમ મેરુની ચારે તરફ જ્યોતિષચક્ર ભ્રમણ કરે છે તેમ અન્ય દ્વિપમાં છે કે કેમ ?

ઉ : ૮૭ જંબૂદ્વીપમાં જેવી રીતે મેરુથી ૧૧૨૧ યોજન મૂકી જ્યોતિષચક્ર ભમે છે તેવીજ રીતે અન્ય દ્વિપમાં પણ સંભવે છે.

卐

અધ્યાય ત્રીજો
મહાવિદેહક્ષેત્ર

પ્ર : ૧ અઢી દ્વીપમાં કુલ કેટલાં મહાવિદેહ ક્ષેત્રો આવેલાં છે ?

ઉ : ૧ જંબૂદ્વીપમાં એક મહાવિદેહ ક્ષેત્ર, ધાતકીખંડમાં બે મહાવિદેહક્ષેત્ર અને અર્ધપુષ્કરવર દ્વીપમાં બે મહાવિદેહક્ષેત્ર એમ અઢી દ્વીપમાં કુલ મળીને પાંચ મહાવિદેહક્ષેત્ર આવેલાં છે.

પ્ર : ૨ મહાવિદેહ ક્ષેત્ર કેવું છે ?

ઉ : ૨ મહાવિદેહ ક્ષેત્ર એટલે એવી જગ્યા કે જ્યાં મહાન વિશિષ્ટ પ્રકારના દેહ ધરાવતા મનુષ્યો રહે છે **અર્થાત્ ત્યાં રહેતા મનુષ્યો મન, વચન, કાયાની એકતા ધરાવે છે.** એટલે કે જેવું મનમાં હોય તેવું જ વાણીમાં બોલે છે અને જેવું વાણીમાં બોલે તેવું જ તેમનું વર્તન હોય છે. મહાવિદેહ ક્ષેત્રમાં ભરતક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રનાં અવસર્પિણી કાળના ચોથા આરાના પ્રારંભ કાળ જેવો કાળ સદા વર્તે છે. ટૂંકમાં મહાવિદેહ ક્ષેત્રમાં કાયમ માટે (સદાને માટે) અવસર્પિણી કાળના ચોથા આરાના પ્રારંભ જેવો કાળ હંમેશા હોય છે. મહાવિદેહ ક્ષેત્રમાં આરા બદલાતા નથી. આ ક્ષેત્રની વિશેષતા એ છે કે મહાવિદેહ ક્ષેત્રમાં હંમેશા તીર્થંકર ભગવંતો વિચરતા હોય છે એટલે કે ઓછામાં ઓછા પાંચ મહાવિદેહમાં કુલ વીસ તીર્થંકર ભગવંતો કાયમ હોય છે અને વધુમાં વધુ પાંચ મહાવિદેહમાં કુલ એકસો સાઈઠ (૧૬૦) [દરેક મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજયોમાં એક એક એટલે કે ૩૨×૫=૧૬૦] તીર્થંકર ભગવંતો વિચરતા હોય છે. અને જ્યાં તીર્થંકર ભગવંતો વિચરતા હોય (કાયમને માટે) એ ક્ષેત્રનાં તો વાત જ ન્યારી છે. એનુ શબ્દોમાં વર્ણન ન થઈ શકે. તીર્થંકર ભગવંતોને ચોત્રીસ અતિશયો હોય છે. એટલે એમની હાજરી માત્રથી જ વાતાવરણ દિવ્ય અને પવિત્ર બને છે. બાકી મહાવિદેહ ક્ષેત્રમાં અહીં ભરતક્ષેત્રની જેમ ખેતીવાડી, વ્યાપાર, રાજ્ય વ્યવસ્થા, ટૂંકમાં અસિ, મસિ અને કૃષિ ત્યાં પણ છે. પરંતુ ત્યાંનાં મનુષ્યો મન, વચન, કાયાની એકાત્મતાનો યોગ ધરાવે છે, તેથી ત્યાં કાયમ દ્વાપરયુગ જેવું વાતાવરણ હોય છે.

પ્ર : ૩ જંબૂદ્વીપમાં આવેલ એક મહાવિદેહક્ષેત્ર આપણા ભરતક્ષેત્રથી કેટલું દૂર છે?

ઉ : ૩ જંબૂદ્વીપમાં આવેલ એક મહાવિદેહક્ષેત્ર આપણા ભરતક્ષેત્રથી ઉત્તર દિશાએ લગભગ ૧૯,૩૧,૫૦,૦૦૦ (ઓગણીસ કરોડ, એકત્રીસ લાખ, પચાસ હજાર) કિલોમિટરના અંતરે "મહાવિદેહ ક્ષેત્ર" ની સીમા મર્યાદાનો પ્રારંભ થાય છે.

પ્ર : ૪ મહાવિદેહ ક્ષેત્ર (જંબૂદ્વીપમાં આવેલ) કેટલું લાંબુ પહોળું છે ?

ઉ : ૪ મહાવિદેહ ક્ષેત્ર ઉત્તર-દક્ષિણ લગભગ ૧૯,૬૦,૦૦,૦૦૦ કિલોમિટર અને પૂર્વ પશ્ચિમ લગભગ ૫૮,૧૭,૦૦,૦૦૦ કિલોમિટરનું અતિ વિશાળ ક્ષેત્ર છે. તેમાં લગભગ ૯,૮૦,૦૦,૦૦૦ કિલોમિટર લાંબી અને લગભગ ૩૬,૩૬,૨૫૦ કિલોમિટર પહોળી એવી બત્રીસ વિજયો આવેલી છે.

પ્ર : ૫ જંબૂદ્વીપમાં આવેલ મહાવિદેહ ક્ષેત્રની પુષ્કલાવતી નામની વિજય ભરતક્ષેત્રથી કેટલી દૂર છે ?

ઉ : ૫ ભરતક્ષેત્રથી પૂર્વ અને ઉત્તરની વચ્ચે ઈશાન ખૂણામાં લગભગ ૩૩,૬૦,૦૦,૦૦૦ (તેત્રીસ કરોડ સાઈઠ લાખ) કિલોમિટર દૂર પુષ્કલાવતી નામની વિજય આવેલી છે.

પ્ર : ૬ મહાવિદેહ ક્ષેત્રમાં આવેલી બત્રીસ વિજયોના નામ જણાવો ?

ઉ : ૬

પૂર્વ મહાવિદેહમાં સોળ વિજયો		પશ્ચિમ મહાવિદેહમાં સોળ વિજયો	
(૧) કચ્છ	(૯) વચ્છ	(૧) પદ્મ	(૯) વપ્ર
(૨) સુકચ્છ	(૧૦) સુવચ્છ	(૨) સુપદ્મ	(૧૦) સુવપ્ર
(૩) મહાકચ્છ	(૧૧) મહાવચ્છ	(૩) મહાપદ્મ	(૧૧) મહાવપ્ર
(૪) કચ્છાવતી	(૧૨) વચ્છાવતી	(૪) પદ્માવતી	(૧૨) વપ્રાવતી
(૫) આવર્ત	(૧૩) રમ્ય	(૫) શંખ	(૧૩) વલ્ગું
(૬) મંગલાવર્ત	(૧૪) રમ્યક	(૬) કુમુદ	(૧૪) સુવલ્ગું
(૭) પુષ્કલા	(૧૫) રમણીય	(૭) નલિન	(૧૫) ગંધિલ
(૮) પુષ્કલાવતી	(૧૬) મંગલાવતી	(૮) નલિનાવતી	(૧૬) ગંધિલાવતી
ઉત્તર દિશામાં	દક્ષિણ દિશામાં	દક્ષિણ દિશામાં	ઉત્તર દિશામાં

નોંધ : જંબૂદ્વીપમાં એક મહાવિદેહમાં આ પ્રમાણે બત્રીસ વિજયો છે તેજ નામવાળી ધાતકીખંડમાં બે મહાવિદેહ હોવાથી ચોસઠ વિજયો અને અર્ધ પુષ્કરદ્વીપમાં પણ બે મહાવિદેહ હોવાથી ચોસઠ વિજયો જાણવી.

પ્ર : ૭ મહાવિદેહ ક્ષેત્રમાં આવેલી ૩૨ વિજયોમાં આવેલ નગરીઓનાં નામ જણાવો?

ઉ : ૭

પૂર્વ મહાવિદેહમાં સોળ નગરીઓ		પશ્ચિમ મહાવિદેહમાં સોળ નગરીઓ	
(૧) ક્ષેમા	(૯) સુસીમા	(૧) અશ્વપુરા	(૯) વિંજયા
(૨) ક્ષેમપુરા	(૧૦) કુંડલા	(૨) સિંહપુરા	(૧૦) વૈજયંતી

(૩) અરિષ્ટા	(૧૧) અપરાવતી	(૩) મહાપુરા	(૧૧) જયંતી
(૪) અરિષ્ટાવતી	(૧૨) પ્રભંકરા	(૪) વિજયપુરા	(૧૨) અપરાજિતા
(૫) ખડ્ગી	(૧૩) અંકાવતી	(૫) અપરાજિતા	(૧૩) ચક્રપુરા
(૬) મંજૂષા	(૧૪) પદ્માવતી	(૬) અપરા	(૧૪) ખડ્ગપુરા
(૭) ઔષધિપુરી	(૧૫) શુભા	(૭) અશોકા	(૧૫) અવધ્યા
(૮) પુંડરીકિણી	(૧૬) રત્નસંચયા	(૮) વીતશોકા	(૧૬) અયોધ્યા

પ્ર : ૮ હાલમાં અઢી દ્વીપમાં આવેલ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં જે વીસ અરિહંત તીર્થંકર ભગવંતો વિચરે છે તેના બાબતે જણાવો ?

ઉ : ૮

તીર્થંકરનું નામ	દ્વીપનું નામ	ક્ષેત્રનું નામ	વિજયનો ક્રમાંક અને વિજયનું નામ
(૧) શ્રીસીમંધરસ્વામી	જંબૂદ્વીપ	પૂર્વ મહાવિદેહ	૮-પુષ્કલાવતી
(૨) શ્રીયુગમંધરસ્વામી	જંબૂદ્વીપ	પશ્ચિમ મહાવિદેહ	૨૫-વપ્ર
(૩) શ્રીબાહુસ્વામી	જંબૂદ્વીપ	પૂર્વ મહાવિદેહ	૯-વચ્છ
(૪) શ્રીસુબાહુસ્વામી	જંબૂદ્વીપ	પશ્ચિમ મહાવિદેહ	૨૪-નલીનાવતી
(૫) શ્રીસુજાતસ્વામી	ધાતકી ખંડ	પૂર્વ મહાવિદેહ	૮-પુષ્કલાવતી
(૬) શ્રીસ્વયંપ્રભસ્વામી	ધાતકી ખંડ	પશ્ચિમ મહાવિદેહ	૨૫-વપ્ર
(૭) શ્રીઋષભાનનસ્વામી	ધાતકી ખંડ	પૂર્વ મહાવિદેહ	૯-વચ્છ
(૮) શ્રીઅનંતવીર્યસ્વામી	ધાતકી ખંડ	પશ્ચિમ મહાવિદેહ	૨૪-નલીનાવતી
(૯) શ્રીસુરપ્રભસ્વામી	ધાતકી ખંડ	પૂર્વ મહાવિદેહ	૮-પુષ્કલાવતી
(૧૦) શ્રીવિશાલપ્રભસ્વામી	ધાતકી ખંડ	પશ્ચિમ મહાવિદેહ	૨૫-વપ્ર
(૧૧) શ્રીવ્રજધરસ્વામી	ધાતકી ખંડ	પૂર્વ મહાવિદેહ	૯-વચ્છ
(૧૨) શ્રીચંદ્રાનનસ્વામી	ધાતકી ખંડ	પશ્ચિમ મહાવિદેહ	૨૪-નલીનાવતી
(૧૩) શ્રીચંદ્રબાહુસ્વામી	અર્ધપુષ્કરવરદ્વીપ	પૂર્વ મહાવિદેહ	૮-પુષ્કલાવતી
(૧૪) શ્રીભુજંગદેવસ્વામી	અર્ધપુષ્કરવરદ્વીપ	પશ્ચિમ મહાવિદેહ	૨૫-વપ્ર
(૧૫) શ્રીઈશ્વરસ્વામી	અર્ધપુષ્કરવ દ્વીપ	પૂર્વ મહાવિદેહ	૯-વચ્છ
(૧૬) શ્રીનેમીપ્રભુસ્વામી	અર્ધપુષ્કરવરદ્વીપ	પશ્ચિમ મહાવિદેહ	૨૪-નલીનાવતી
(૧૭) શ્રી વીરસેન સ્વામી	અર્ધપુષ્કરવરદ્વીપ	પૂર્વ મહાવિદેહ	૮-પુષ્કલાવતી
(૧૮) શ્રી મહાભદ્ર સ્વામી	અર્ધપુષ્કરર દ્વીપ	પશ્ચિમમહાવિદેહ	૨૫-વપ્ર

તીર્થંકરનું નામ	દ્વીપનું નામ	ક્ષેત્રનું નામ	વિજયનો ક્રમાંક અને વિજયનું નામ
(૧૯) શ્રી દેવસેન સ્વામી (શ્રી દેવયસ સ્વામી)	અર્ધપુષ્કરવર દ્વીપ	પૂર્વ મહાવિદેહ	૯-વચ્છ
(૨૦) શ્રી અજિતવીર્ય સ્વામી	અર્ધપુષ્કરવર દ્વીપ	પશ્ચિમ મહાવિદેહ	૨૪-નલીનાવતી

પ્ર : ૯ મહાવિદેહ ક્ષેત્રની એક લાખ યોજન લંબાઈનો વિસ્તાર કેવી રીતે વહેંચાયેલો છે તે જણાવો ?

ઉ : ૯ મહાવિદેહ ક્ષેત્રની એક લાખ યોજન લંબાઈ નીચે જણાવ્યા પ્રમાણે વહેંચાયેલી છે

નામ	યોજન
(૧) સોળ વિજયોનો વિષ્કંભ	૩૫,૪૦૬
(૨) બે વનમુખનો વિષ્કંભ	૫,૮૪૪
(૩) છ અંતરનદીનો વિષ્કંભ	૭૫૦
(૪) મેરુનો વિષ્કંભ	૧૦,૦૦૦
(૫) બે બાજુના ભદ્રશાલ વનનો વિષ્કંભ	૪૪,૦૦૦
(૬) આઠ વૃક્ષસ્કાર પર્વતોનો વિષ્કંભ	૪,૦૦૦
કુલ	૧,૦૦,૦૦૦

પ્ર : ૧૦ જંબૂદ્વીપમાં આવેલ એક મહાવિદેહ ક્ષેત્રમાં આવેલ વિજયની પહોળાઈ કેટલી ?

ઉ : ૧૦ દરેક વિજયની પહોળાઈ ૨૨૧૨$\frac{૭}{૮}$ યોજન થાય છે એટલે સોળ વિજયની કુલ પહોળાઈ ૩૫૪૦૬ યોજન થાય છે.

પ્ર : ૧૧ જંબૂદ્વીપમાં આવેલ એક મહાવિદેહ ક્ષેત્રમાં આવેલ મેરુ પર્વતનું વર્ણન કરો?

ઉ : ૧૧ મેરુપર્વત કે જેના શાસ્ત્રોમાં સોળ નામ જણાવેલા છે. (મંદર, મેરુ, મનોરમ, સુદર્શન, સ્વયંપ્રભ, ગિરિરાજ, રત્નોચ્ચય, તિલકોપમ, લોકમધ્ય, લોકનાભિ, રત્ન, સૂર્યાવર્ત, સૂર્યાવરણ, ઉત્તમ, દિશાદિ, અવતંસ,) તે મેરુ પર્વત મહાવિદેહ ક્ષેત્રની બરોબર વચ્ચે આવેલો છે. તે ગોળાકારે છે. તેની ઉંચાઈ એક લાખ યોજનની છે. તેમાં ૧ હજાર યોજન ધરતીમાં ઉંડો છે. (તેમાં પ્રથમ ૨૫૦ યોજન પૃથ્વિમય માટી છે, ૨૫૦ યોજન પાષાણ છે, ૨૫૦ યોજન વજ્ર હીરામય છે, ૨૫૦ યોજન કાંકરા છે) અને ૯૯ હજાર યોજન બહાર છે એટલે કે જમીન ઉપર છે. તેના શિખર ઉપર એક હજાર યોજનની પહોળાઈ છે

અને પૃથ્વિ તળ દસ હજાર યોજન પહોળાઇ છે. જમીનમાં જે ઉંડો છે તેને મેરુનો પ્રથમ કાંડ સમજવો. પછી ભૂમિથી ઉપર સોમનસ નામનું વન આવે ત્યાં સુધી સ્ફટીકરત્ન, અંકરત્ન, રૂપુ, અને સુવર્ણ એ ચારમય ત્રેસઠ હજાર યોજનનો આ બીજો કાંડ છે તથા સોમનસ વનથી શિખર સુધીનો રક્ત સુવર્ણમય છત્રીસ હજાર યોજનનો ત્રીજો કાંડ છે. આ ત્રણ કાંડનું કોષ્ટક આ પ્રમાણે જાણવું:-

	યોજન
(૧) **મેરુનો પ્રથમ કાંડ**- જમીનની નીચે ૨૫૦ યોજન માટી, ૨૫૦ યોજન પાષાણ, ૨૫૦ યોજન હીરા, ૨૫૦ યોજન કાંકરા	૧,૦૦૦
(૨) **મેરુનો બીજો કાંડ**- ભૂમિ ઉપર સોમનસ વન સુધી ૧૫૭૫૦ યોજન સ્ફટીક રત્ન, ૧૫૭૫૦ અંક રત્ન, ૧૫૭૫૦ રૂપુ, અને ૧૫૭૫૦ યોજન સોનુ	૬૩,૦૦૦
(૩) **મેરુનો ત્રીજો કાંડ**- સોમનસ વનથી શિખર સુધી ૩૬૦૦૦ યોજન રક્ત સુવર્ણનો	૩૬,૦૦૦
કુલ ઊંચાઇ	૧,૦૦,૦૦૦

આ મેરુપર્વતને ચાર વન છે:-(૧) ભદ્રસાલ વન. (૨) નંદનવન. (૩) સોમનસ વન (૪) પાંડુકવન. **ભદ્રસાલ વન** તે મેરુની ચારે બાજુ ધરતી ઉપર છે. તે પૂર્વ પશ્ચિમે ૨૨૦૦૦ યોજન લાંબુ છે. અને ૨૫૦ યોજન ઉત્તર દક્ષિણે પહોળું છે. અહીં ભદ્રસાલ વનમાં મેરુની ચારે દિશાઓ શીતોદા અને શીતા એ બે નદીઓના પ્રવાહે રૂંધી છે તેથી ચાર દિશામાં ચાર જિનભવનો નથી પરંતુ નદીના કિનારાની પાસે જિનભવનો છે. અને ચાર પ્રાસાદો ગજદંત ગિરિની પાસે છે તથા તે ભવનો અને આઠ પ્રાસાદોના આઠ આંતરાને વિશે આઠ કરિકૂટ છે અહી પણ ચાર વિદિશાઓમાં ચાર ચાર વાવો છે. તેનાં નામ આ પ્રમાણે છે. ઈશાન ખૂણામાં પદ્મા, પદ્માભા, કુમુદા અને કુમુદાભા, અગ્નિ ખૂણામાં ઉત્પલ ભૌમા, નલીના, ઉત્પલોજ્વલા અને ઉત્પલા. નૈર્ઋત્ય ખૂણામાં ભૃંગા, ભૃંગીની, ભંજની અને કજ્જલપ્રભા અને વાયવ્ય ખૂણામાં શ્રીકાંતા, શ્રીમહીતા, શ્રીનંદા, અને શ્રીનીલયા એ નામની વાવો છે (ચારે દિશામાં મેરુ પર્વતથી ૫૦ યોજન જતાં આ વાવો આવેલી છે.) તે દરેક વાવ ૫૦ યોજન લાંબી અને ૨૫ યોજન પહોળી છે અને ૧૦ યોજન ઊંડી છે તે ચારેય વાવોના મધ્યમાં એક એક મહેલ છે ને તે દક્ષિણની બે બાજુના એટલે કે અગ્નિ અને નૈર્ઋત્ય ખૂણાના શક્રેન્દ્રના અને ઉતરની બે બાજુના એટલે કે

ઈશાન અને વાયવ્ય ખૂણાના ઈશાનેન્દ્રના મહેલ છે તે ચારે મહેલ પાંચસો પાંચસો યોજનના ઊંચા છે અને અઢીસો અઢીસો યોજનના લાંબા અને પહોળા છે. તથા ઊંચા શિખરબંધ છે.

ભદ્રસાલ વનથી પાંચસો યોજન મેરુ પર્વત ઉપર જઈએ ત્યાં **નંદનવન** આવે છે. તે નંદનવન ૫૦૦ યોજન ચક્રવાલ વિષ્કંભપણે ફરતું વર્તુળ વલયને આકારે છે. નંદનવનનો બહારનો વિષ્કંભ ૯૯૫૪ $\frac{૬}{૧૧}$ યોજનનો થાય છે. આ નંદનવનમાં ઘણા દેવ દેવાંગના હાસ્ય રતિ ખેલે છે. આ વનમાં પણ ચારે દિશામાં ચાર જિનભવન અને વિદિશામાં દિક્કુમારીના આઠ કૂટો આવેલા છે. તે કૂટો પાંચસો યોજન ઉંચા છે. આ દરેક કૂટની ઉપર રહેલા પોતપોતાના ભવનોને વિશે આઠ દીક્કુમારિકાઓ જેવી કે મેંઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલીની, સુવત્સા, વત્સમિત્રા, બલાહકા, અને વારિષેણા નામની તે ભવનોમાં રહે છે. આ વનમાં પણ પ્રાસાદની ચારે બાજુએ ઈશાન, અગ્નિ, નૈર્ઋત્ય અને વાયવ્ય એ દરેક ખૂણામાં ચાર-ચાર એટલે કે કુલ સોળ વાવો આવેલી છે. આ વનમાં નવમો બલકૂટ આવેલો છે તે એક હજાર યોજન ઊંચો છે તેથી સહસ્રાંક કૂટ કહેવાય છે.

હવે નંદનવનથી સાડી બાસઠ હજાર જોજન ઊંચા જઈએ ત્યાં **સૌમનસ** વન આવે છે. એટલે કે મેરુપર્વતના શિખરની નીચે ૩૬૦૦૦ યોજન ઊતરીએ એટલે મેરુના મૂલથી ૬૪૦૦૦ યોજન ઊંચે આવીએ ત્યારે ત્યાં ૫૦૦ યોજન પહોળી વલયને આકારે મેખલા છે. તે મેખલામાં ૫૦૦ યોજન પહોળું વલયને આકારે સૌમનસ નામનું વન છે. આ સૌમનસ વનમાં ચાર દિશાએ ચાર જિનભવન, ચાર વિદિશાએ ચાર પ્રાસાદ છે અને દરેક પ્રાસાદની ચારે દિશાએ ચાર ચાર વાવો છે. તે વાવોનાં નામ આ પ્રમાણે ઈશાન ખૂણાનાં પ્રાસાદની ફરતી સુમના, સૌમનસા, સૌમનસ્યા, અને મનોરમા. અગ્નિ ખૂણાના પ્રાસાદની ફરતી ઉત્તરકુરા, દેવકુરા, વારિષેણા અને સરસ્વતી નૈર્ઋત્ય ખૂણાના પ્રાસાદની ફરતી વિશાલા, માઘભદ્રા, અભયસેના, અને રોહિણી વાયવ્ય ખૂણાના પ્રાસાદની ફરતી ભદ્રોતરા, ભદ્રા, સુભદ્રા અને ભદ્રાવતી આ નામની કુલ સોળ વાવો છે.

હવે સૌમનસ વનથી ૩૬૦૦૦ યોજન ઊંચે જઈએ ત્યાં મેરુના શિખર ઉપર **પાંડુકવન** આવે છે. તે ૪૯૪ યોજન ચક્રવાલ વિષ્કંભપણે ફરતું વર્તુળ વલયને આકારે છે. એક લાખ યોજન ઊંચા તે મેરુ પર્વતની ટોચે એક

ચૂલિકા છે. તે ચૂલિકા ૪૦ યોજન ઊંચી છે. ગોળાકાર છે. મૂળમાં બાર યોજન પહોળી અને ઉપર ચાર યોજન પહોળી છે વૈડૂર્ય રત્નની છે. તે ચૂલિકા ઉપર જિનભવન આવેલું છે. તે જિનભવન શ્રીદેવીના ભવન જેટલું એટલે ૧ ગાઉ લાબું, ૦॥ ગાઉ પહોળું અને ૧૪૪૦ ધનુષ ઊચું છે. આ ચૂલિકાને વીંટીને રહેલું પાંડુકવન છે. તે મેરુની ચૂલિકાને ફરતું ચારેબાજુ વલયાકારે આવેલું છે. તેની વલયાકાર પહોળાઇ ૪૯૪ યોજન પ્રમાણ છે. કારણકે મેરુનું શિખર એક હજાર યોજન ગોળાકારે પહોળું છે. તેમાં વચ્ચે ગોળાકાર બાર યોજન પહોળી ચૂલિકા છે. તે હજારમાંથી બાદ કરતા ૯૮૮ યોજન બાકી રહે. ચૂલિકા વચમાં હોવાથી બંને બાજુ તેના અર્ધ પ્રમાણ એટલે ૪૯૪ યોજન પ્રમાણ ગોળાકારે તે પાંડુકવન જાણવું. વળી તે વનમાં આવેલા કુંડોમાં ઘણું જળ છે. તેમ જ તે વનને ચારે બાજુ ફરતી વેદિકા છે. આ પાંડુકવનમાં ચૂલિકાની ચારે દિશામાં ચૂલિકાથી ૫૦ યોજન દૂર એક એક જિનભવન આવેલું છે. એટલે ચારે દિશામાં થઇને ચાર જિનભવન છે. તથા ચૂલિકાની વિદિશામાં સૌધર્મ ઇન્દ્રના અને ઇશાન ઇન્દ્રના ચાર વાવો વડે યુક્ત પ્રાસાદો આવેલા છે. એટલે કે અગ્નિ અને નેર્ઋત્ય ખૂણામાં શક્રેન્દ્રના બે પ્રાસાદો આવેલા છે. અને તે દરેકની દિશાએ ચાર વાવડીઓ છે. વાયવ્ય અને ઇશાન ખૂણામાં ઇશાનેન્દ્રના બે પ્રાસાદો છે. તે દરેકની ચારે દિશાએ ચાર વાવડીઓ છે. આ જિનભવનો ૫૦ યોજન લાંબાં, ૨૫ યોજન પહોળાં અને ૩૬ યોજન ઊંચા છે તથા પ્રાસાદો ૨૫૦ યોજન લાંબા, પહોળા અને ૫૦૦ યોજન ઊંચા છે. હવે આ દરેક પ્રાસાદની ચારે દિશાએ જે એક એક વાવ છે તે વાવ ૨૫ યોજન પહોળી અને ૫૦ યોજન લાંબી છે. એટલે કુલ સોળ વાવો છે.

પાંડુકવનના જિનભવનની બહારની દિશામાં ૫૦૦ યોજન લાંબી અને ૨૫૦ યોજન પહોળી અને ચાર યોજન ઊંચી તથા અર્ધચંદ્રના આકારવાળી અને વેદિકા સહિત ચાર શ્વેત સુવર્ણની શિલાઓ છે. પાંડુકવનમાં **પૂર્વ દિશામાં પાંડુકબલા નામની શિલા છે** અને **પશ્ચિમ દિશામાં રક્તકંબલા નામની શિલા છે.** તે બંને શિલા ઉપર બે બે સિંહાસનો છે. કારણ કે આ બે સિંહાસનો ઉપર મહાવિદેહમાં જન્મેલા તીર્થંકર ભગવંતોનો અભિષેક થાય છે અને ત્યાં બે તીર્થંકરો એક એક દિશામાં એક સાથે ઊપજે છે. તે સિંહાસનો ૫૦૦ ધનુષ લાંબા, ૨૫૦ ધનુષ પહોળા અને ૪ ધનુષ ઊંચા હોય છે. **દક્ષિણ દિશાએ અતિપાંડુકંબલા નામની અને ઉત્તર દિશાએ**

અતિરક્તકંબલા નામની શિલાઓ છે તે બંને શિલાઓ ઉપર અગાઉ જણાવ્યા પ્રમાણેના માપનું એક એક સિંહાસન છે. તે ચારે શિલાઓ ઉપર પોતપોતાના સિંહાસનની તરફ રહેલી દિશામાં જન્મેલા તીર્થંકરનો જન્માભિષેકનો મહોત્સવ થાય છે. પાંડુકંબલા અને રક્તકંબલા ઉપર બે બે સિંહાસન છે કારણ કે પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહમાં એકી વખતે બે બે તીર્થંકરોનો જન્મ થાય તે વખતે એકી સાથે ચારે તીર્થંકરોનો જન્માભિષેક થઇ શકે છે અને અતિપાંડુકંબલા તથા અતિરક્તકંબલા એ બે શિલા ઉપર એક એક સિંહાસન છે. તેથી ભરત અને ઐરાવત ક્ષેત્રમાં એકી વખતે એકેક તીર્થંકરનો જન્મ થાય ત્યારે તે બન્નેનો સ્નાત્ર મહોત્સવ પણ એકી સાથે થઇ શકે છે તેથી સર્વ મળીને છ સિંહાસનો છે.

પ્ર : ૧૨ મહાવિદેહ ક્ષેત્રની પહોળાઇ કેટલી છે ?

ઉ : ૧૨ મહાવિદેહ ક્ષેત્રની પહોળાઇ ૩૩૬૮૪ યોજન અને ૪ કલા પ્રમાણ કહી છે.

પ્ર : ૧૩ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરો કેટલા હોય છે ?

ઉ : ૧૩ મહાવિદેહ ક્ષેત્રમાં હંમેશા અવસર્પિણી કાળના ચોથા આરાના પ્રારંભ જેવો કાળ પ્રવર્તે છે. ત્યાં મોક્ષમાર્ગ નિરંતર ખુલ્લો છે. મહાવિદેહ ક્ષેત્રમાં (પાંચ) જઘન્ય (ઓછામાં ઓછા) વીસ તીર્થંકરોથી કદી પણ ઓછા તીર્થંકરો હોય જ નહીં એટલે વર્તમાનમાં વીસ તીર્થંકરો ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરીને મોક્ષે જાય તે પછી એ જ વખતે બીજા ૨૦ તીર્થંકર પદને પ્રાપ્ત થવા જ જોઇએ. (નિયમથી) આ પ્રમાણે મહાવિદેહ ક્ષેત્રમાં એક તીર્થંકર ગૃહવાસમાં એક લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરે ત્યારે બીજા ક્ષેત્રમાં બીજા તીર્થંકરનો જન્મ થઇજ જવો જોઇએ તેઓ પણ એક લાખ પૂર્વના થાય ત્યારે અન્ય ક્ષેત્રમાં ત્રીજા તીર્થંકરનો જન્મ પણ થઇ જ જવો જોઇએ આ પ્રમાણે મહાવિદેહ ક્ષેત્રમાં કોઇ ૧ લાખ પૂર્વના આયુષ્યવાળા કોઇ બે લાખ પૂર્વના આયુષ્યવાળા તીર્થંકરો એજ પ્રમાણે કોઇ ઠેઠ ૮૩ લાખ પૂર્વના આયુષ્યવાળા તીર્થંકરો ગૃહવાસમાં રહેલ હોય એમ એક એક તીર્થંકરની પાછળ ૮૩-૮૩ તીર્થંકરો ગૃહવાસમાં રહે છે. અને એક તીર્થંકર ૮૪ માં તીર્થંકર પદ (અરીહંત પદ) ભોગવતા હોય છે. જ્યારે આ ૮૪ માં તીર્થંકર પદ ભોગવતા તીર્થંકર મોક્ષે જાય ત્યારે ૮૩ માં તીર્થંકર અન્યક્ષેત્રમાંથી તીર્થંકર પદને (અરિહંત પદને) પ્રાપ્ત કરે છે. અને કોઇ અન્ય ક્ષેત્રમાં એક તીર્થંકરનો જન્મ થાય છે. એમ એક એક તીર્થંકર પાછળ ૮૩-૮૩ તીર્થંકરો ગૃહવાસમાં (ગૃહસ્થ અવસ્થામાં) હોવાથી ૨૦ તીર્થંકરો

પાછળ ૮૩×૨૦= કુલ ૧૬૬૦ તીર્થંકરો ગૃહસ્થ અવસ્થામાં હોય છે. અને ૨૦ તીર્થંકરો (અરિહંત પદ) ભોગવતા હોય છે. આમ મહાવિદેહ ક્ષેત્રમાં કુલ ૧૬૮૦ તીર્થંકરો ઓછામાં ઓછા એક જ વખતે (સમકાળે) હોવા જોઈએ. [ઉત્કૃષ્ટ સંખ્યાની વાત તો વળી જુદી જ છે] આટલા બધા તીર્થંકરો વિચરતા હોવા છતાં પણ આશ્ચર્યની વાત એ છે કે તેઓ ક્યારેય પરસ્પર મળતા નથી કારણ કે કોઈપણ બે તીર્થંકરો ક્યારેય પરસ્પર મળે નહીં એ સિદ્ધાંત છે. એ પ્રમાણે અનાદિકાળથી ચાલ્યું આવે છે. અને ભવિષ્યમાં પણ અનંતકાળ સુધી એ જ પ્રમાણે ચાલતુ રહેશે.

પ્ર : ૧૪ જંબૂદ્વીપમાં આવેલ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી સીમંધર સ્વામી વિશે પરિચય આપો ?

ઉ : ૧૪ **પ્રભુનુ નામ** : શ્રી સીમંધર સ્વામી

પિતાશ્રીનું નામ : શ્રી શ્રેયાંસ મહારાજા.

માતુશ્રીનું નામ : શ્રી સત્યકી દેવી

શરીરની ઉંચાઈ : ૫૦૦ ધનુષ.

શરીરનો રંગ : કંચન વર્ણ - સુર્વણ વર્ણ

લાંછન : વૃષભ

પ્રભુજીનો જન્મ : વર્તમાન ચોવીસીના સતરમા તીર્થંકર શ્રી કુંથુનાથજીનું શાસન હતું અને અઢારમાં તીર્થંકર અરનાથજીના જન્મ પહેલાં.

જન્મ કલ્યાણક : ચૈત્ર વદ દશમ (વૈશાખ વદ દશમ મારવાડી તિથિ)

જન્મ નક્ષત્ર : ઉત્તરાષાઢા.

જન્મ સમય : મધ્ય રાત્રિએ.

જન્મ રાશિ : ધન

વિજયનું નામ : આઠમી વિજય પુષ્કલાવતી.

નગરીનું નામ : પુંડરીકીણી.

પત્નીનું નામ : શ્રી ઋકમણી દેવી.

દીક્ષા કલ્યાણક : ફાગણ સુદ ત્રીજ.

કેવળજ્ઞાન કલ્યાણક : ચૈત્ર સુદ તેરસ.

ગૃહવાસ : ૮૩ લાખ પૂર્વ.

કેવળજ્ઞાન કાળ	:	૧ લાખ પૂર્વ.
ગણધરો	:	૮૪
કેવળજ્ઞાની મુનિવરો	:	૧૦ લાખ (દસ લાખ)
સાધુ	:	૧૦૦ કરોડ (એક અબજ)
સાધ્વીઓ	:	૧૦૦ કરોડ (એક અબજ)
શ્રાવકો	:	૯૦૦ કરોડ (નવ અબજ)
શ્રાવિકઓ	:	૯૦૦ કરોડ (નવ અબજ)
શાસન દેવ	:	શ્રી ચાંદ્રાયણ યક્ષ દેવ.
શાસન દેવી	:	શ્રી પંચાંગુલી દેવી.
છદ્મસ્થ પર્યાય	:	૧૦૦૦ પૂર્વ વર્ષ
આયુષ્ય	:	૮૪ લાખ પૂર્વ.
ચ્યવન કલ્યાણક	:	અષાઢ વદ એકમ (શ્રાવણ વદ એકમ)
જન્મ કલ્યાણક	:	ચૈત્ર વદ દશમ (વૈશાખ વદ દશમ)
દીક્ષા કલ્યાણક	:	ફાગણ સુદ ત્રીજ
કેવળજ્ઞાન કલ્યાણક	:	ચૈત્ર સુદ તેરસ
મોક્ષ કલ્યાણક	:	શ્રાવણ સુદ ત્રીજ.
ક્ષેત્રનું નામ	:	પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર.

નોંધ : ચ્યવન કલ્યાણક અને જન્મ કલ્યાણકની તિથિ બાબતે જુદા જુદા મત પ્રર્વતે છે. સનાતન સત્ય કેવળી ગમ્ય.

પ્ર : ૧૫ ભગવાન શ્રી સીમંધરસ્વામીએ દીક્ષા ક્યારે લીધેલી ?

ઉ : ૧૫ ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસીના વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીના પ્રવર્તતા શાસનમાં આઠમાં બળરામ શ્રી રામચંદ્રના જન્મ પહેલાં અયોધ્યા નગરીના રાજ સિંહાસને શ્રી દશરથ મહારાજા રાજધૂરાને વહન કરતા હતા તે સમયે ફાગણ સુદ ત્રીજના દિવસે દીક્ષા લીધી હતી.

પ્ર : ૧૬ ભગવાન શ્રી સીમંધર સ્વામી તથા અન્ય બીજા અરિહંત તીર્થંકર ભગવંતો એટલે કે કુલ વીસ તીર્થંકરો ક્યારે મોક્ષપદને (સિદ્ધ પદને) પામશે ?

ઉ : ૧૬ ભરતક્ષેત્રની આવતી ચોવીશીના સાતમા તીર્થંકર શ્રી ઉદયસ્વામીજી મોક્ષમાં ગયા પછી અને આઠમા તીર્થંકર શ્રી પેઢાલ સ્વામીજીના જન્મ પહેલાં શ્રાવણ સુદ ત્રીજને દિવસે શ્રી સીમંધરસ્વામીજી સહિત વીસ વિહરમાન તીર્થંકરો મોક્ષમાં જશે.

પ્ર : ૧૭ મહાવિદેહ ક્ષેત્રમાંથી કેટલા જીવો પાછા અહીં ભરતક્ષેત્રમાં આવતા હશે?

ઉ : ૧૭ લાખે સો એક માણસ અહીં આવે. બહું ઓછા અહી પાછા આવે.

પ્ર : ૧૮ મહાવિદેહ ક્ષેત્રમાં જવા માટેના નિયમ શું ?

ઉ : ૧૮ મહાવિદેહ ક્ષેત્ર ઉત્તર દિશા અને પૂર્વ દિશાની વચ્ચે ઇશાન ખૂણામાં આવેલું છે. જેને અહિં ભરતક્ષેત્રમાં શુદ્ધાત્માનું લક્ષ બેઠું હોય તે અહીં ભરતક્ષેત્રે રહી શકે જ નહીં. જેને આત્માનું લક્ષ બેઠેલું હોય તે મહાવિદેહમાં જ પહોંચી જાય એવો નિયમ છે. અહીં આ દુઃષમકાળમાં રહી શકે જ નહીં. આ શુદ્ધાત્માનું લક્ષ બેઠું તે મહાવિદેહમાં એક અવતાર કે બે અવતાર કરી તીર્થંકરોના દર્શન કરી મોક્ષે ચાલ્યો જ જાય. આર્તધ્યાન, રૌદ્રધ્યાન બંધ થાય તે અહીં આ ક્ષેત્રમાં રહી શકે નહીં, એને મહાવિદેહ ક્ષેત્ર જ ખેંચી લે. કોઇ લઇ જનારો નથી. ક્ષેત્ર જ ખેંચે છે. અહીં જે જીવો મન, વચન, કાયાની એકતા વાળા થયા, જેનાં આર્તધ્યાન રૌદ્રધ્યાન બંધ થયાં તે જીવો સ્વભાવે કરીનં જ મહાવિદેહ ક્ષેત્રમાં ખેંચાઇ જાય છે એવો નિયમ છે.

પ્ર : ૧૯ વર્તમાનમાં વિચરતા વીસ તીર્થંકરો હોવા છતાં તેમાં શ્રી સીમંધર સ્વામિની ભક્તિ કેમ થાય છે ?

ઉ : ૧૯ જંબૂદ્વીપમાં આવેલ મહાવિદેહમાં પૂર્વ મહાવિદેહમાં આઠમી વિજયમાં તથા પુંડરીકીણી નગરીમાં હાલ શ્રી સીંમધરસ્વામિ પ્રભુ વિચરે છે. તેઓને જંબૂદ્વીપમાં આવેલ આ ભરતક્ષેત્ર સાથે ઋણાનુબંધ છે તેથી અહિં તેમની ભક્તિ વધારે થાય છે, વળી તેઓ અરિંહત હોવાને નાતે તેમનામાં સંપૂર્ણ કષાયનો (ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષનો) અભાવ છે. જ્યારે આપણે આ કષાયોને પાતળા પાડવાના છે માટે તેમની ભક્તિ કરવી જોઇએ ઉદાઃ જેમ દૂધ જોઇતું હોય તો દૂધની દુકાને મળે, કાપડ જોઇતું હોય તો કાપડની દુકાને જ મળે અને કરિયાણું કરિયાણાની જ દુકાને મળે તેમ આપણને દુઃખદાયી આ ક્રોધ, માન, માયા, લોભને આપણે ખલાસ કરવા હોય, નિર્મૂળ કરવા હોય તો જેમણે આ કષાયોને નિર્મૂળ કરી નાંખ્યા છે એવા ભગવાનની ભક્તિ કરવી જોઇએ તે ન્યાયે પણ આપણે અરિહંત પરમાત્મા શ્રી સિમંધરસ્વામિની ભક્તિ કરવી જોઇએ અને તેમને ખાસ તો આ ક્ષેત્ર (ભરતક્ષેત્ર) સાથે ઋણાનુબંધ છે તેથી જ અહીં આ ક્ષેત્રમાં તેમની ભક્તિ થાય છે.

પ્ર : ૨૦ શ્રી અરિહંત પરમાત્મા શ્રી સીમંધર સ્વામિની ભક્તિ કેવી રીતે કરવી ?

ઉ : ૨૦ દરરોજ સવારે સાડા ચારથી સાડા છ ની વચ્ચે બ્રહ્મમુર્હૂતમાં નીચે મુજબ ચાલીસ વખત નમસ્કાર કરવા. પૂજ્ય શ્રી દાદા ભગવાનની સાક્ષીએ ચાલીસ(૪૦) વખત નમસ્કાર કરવાથી આ નમસ્કાર પ્રત્યક્ષ ત્યાં પહોંચે છે અને પ્રત્યક્ષ નમસ્કાર કર્યાનું ફળ મળે છે. ''પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામિને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું''

પ્ર : ૨૧ શ્રી સીમંધર સ્વામિ પ્રભુને શી પ્રાર્થના કરવાની ?

ઉ : ૨૧ પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામિને અત્યંત ભક્તિપૂર્વક વારંવાર કોટી કોટી નમસ્કાર કરી પ્રાર્થના કરું છું કે હે શ્રી સીમંધર સ્વામિ પ્રભુ પ્રાપ્ત મન, વચન, કાયામાં રહેલા તમામ પ્રકારના સ્થૂલ, સુક્ષ્મ, સુક્ષ્મતર, અને સુક્ષ્મતમ કષાયો સંપૂર્ણ પણે નિર્મૂળ થાય. અને પ્રાપ્ત મન, વચન, કાયા જગત કલ્યાણના કાર્યમાં નિમિત્ત રૂપે વપરાય તથા દેહ છૂટ્યા પછી આપની પાસે આપના ચરણોમાં મહાવિદેહ ક્ષેત્રમાં સ્થાન પ્રાપ્ત થાય અને આપનાં દર્શન કરીને મોક્ષે જવાય તેવી અપાર શક્તિ અને કરૂણાનો ધોધ નિરંતર મારા ઉપર વર્ષાવો.

હે શ્રી સીમંધરસ્વામિ પ્રભુ સંસાર ભજવવાના આરંભકાળથી આજ દિનની અદ્યક્ષણ પર્યંત આ જગતના જીવોની કંઈપણ શંકા-કુશંકા કરી કરાવી કે અનુમોદી હોય, કંઈપણ અપરાધ કર્યા, કરાવ્યા કે કર્તા પ્રત્યે અનુમોદ્યા હોય, કંઈપણ વિરાધનાઓ કરી, કરાવી કે અનુમોદી હોય, કંઈપણ અંતરાયો કર્યા, કરાવ્યા કે કર્તા પ્રત્યે અનુમોદયા હોય, છ મહાવ્રતોના ભંગે કરીને અઢાર પાપસ્થાનકોએ કંઈપણ અવિનય, અવિવેક અભક્તિ, અપકાર્ય કે દોષ જાણે અજાણે કર્યા કરાવ્યા કે કર્તા પ્રત્યે અનુમોદ્યા હોય તો તે સર્વ દોષોની હું ક્ષમા માંગુ છું, આલોચના પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન કરુ છું મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો, અને તે મારા સર્વ પ્રકારના દોષો, દુષ્કૃત્યો મિથ્યા થાય એવી અપાર શક્તિ અને કરૂણાનો ધોધ નિરંતર મારા ઉપર વર્ષાવો.

પ્ર : ૨૨ શ્રી સીમંધર સ્વામિ પાસે શું માંગવાનું ?

ઉ : ૨૨ હે પ્રભુ નિરંતરનું આપનું શરણું આપો. આ એક જ માંગણી કરવા જેવી છે.

પ્ર : ૨૩ શ્રી સીમંધર સ્વામિની આરાધનાનો મૂલમંત્ર કયો છે ?

ઉ : ૨૩ પરમ પૂજ્ય આચાર્ય શ્રી લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજ સાહેબના મતે શ્રી સીમંધર સ્વામીની આરાધનાનો મૂલમંત્ર નીચે મુજબ છેઃ- આ મંત્રનો પરમોલ્લાસથી અને સાચા હૃદયથી એક લાખ જપ કરવાથી ભવ સ્થિતિનો નિર્ણય થાય અથવા મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઇ આઠમા વર્ષે ચારિત્ર અંગીકાર કરી નવમા વર્ષે કેવળજ્ઞાની બને. તે મૂલમંત્ર નીચે મૂજબ છે.

॥ ''ૐ ર્હ્રીં શ્રી અર્હ્રં શ્રીં સીમન્ધરસ્વામિને નમઃ ર્હ્રીં સ્વાહા'' ॥

પ્ર : ૨૪ શ્રી સીમંધર સ્વામિની કીર્તન ભકિતનો મંત્ર જણાવો ?

ઉ : ૨૪ '' અહો સ્વામી સીમંધર અરિહંતા જિનેશ્વર
વર્તમાને ઉપકારી અચર સચર દેરાસર''

પ્ર : ૨૫ શ્રી સીમંધર સ્વામિની આરતી લખી જણાવો ?

ઉ : ૨૫ જય સીમંધર સ્વામિ, પ્રભુ તીર્થંકર વર્તમાન
મહાવિદેહ ક્ષેત્રે વિચરતા, (૨) ભરત ઋણાનુબંધ.....જય
દાદા ભગવાન સાક્ષીએ, પહોચાડું નમસ્કાર ..... (સ્વામી)
પ્રત્યક્ષ ફળ પામુ હું (૨), માધ્યમ જ્ઞાન અવતાર.....જય
પહેલી આરતી સ્વામીની, ૐ પરમેષ્ટિ પામે ..... (સ્વામી)
ઉદાસીન વૃત્તિ વહે (૨), કારણ મોક્ષ સેવે .....જય
બીજી આરતી સ્વામીની, પંચ પરમેષ્ટિ પામે ..... (સ્વામી)
પરમહંસ પદ પામી (૨), જ્ઞાન અજ્ઞાન લણે.....જય
ત્રીજી આરતી સ્વામીની ગણધર પદ પામે ..... (સ્વામી)
નિરાશ્રિત બંધન છુટે (૨), આશ્રિત જ્ઞાની થયે.....જય
ચોથી આરતી સ્વામીની, તીર્થંકર ભાવિ ..... (સ્વામી)
સ્વામી સત્તા ''દાદા'' કને (૨), ભરત કલ્યાણ કરે.....જય
પંચમી આરતી સ્વામીની, કેવળ મોક્ષ લહે ..... (સ્વામી)
પરમ જ્યોતિ ભગવંત હું (૨), અયોગી સિદ્ધ પદે.....જય
એક સમય સ્વામી ખોળે જે માથું ઢાળી નમશે ..... (સ્વામી)
અનન્ય શરણું સ્વીકારી (૨), મુકિત પદને વરે.....જય.

પ્ર : ૨૬ અઢીદ્વિપમાં આવેલ પાંચ મહાવિદેહક્ષેત્રમાં જે વીસ વિહરમાન અરિહંત ભગવંતો વિચરીરહ્યા છે તે દરેક વિષે જણાવો ?

ઉ : ૨૬

	તીર્થંકરનું નામ	પિતાનું નામ	માતાનું નામ	પત્નિનું નામ	લાંછન
(૧)	સીમંધરસ્વામી	શ્રેયાંસ	સત્યકી	રૂક્ષમણિ	વૃષભ
(૨)	યુગમંધરસ્વામી	સુસઢ	સુતારા	પ્રિયંગમા	હાથી
(૩)	બાહુસ્વામી	સુગ્રીવ	વિજયા	મોહના	હરણ
(૪)	સુબાહુસ્વામી	નિષેધ	ભૂનંદા	કિંપૂરીયા	કપી
(૫)	સુજાતપ્રભુ	દેવસેન	દેવસેના	જયસેના	સૂર્ય
(૬)	સ્વયમ્પ્રભસ્વામી	ચિત્રભુવન	સુમંગલા	વિરસેના	ચંદ્ર
(૭)	ઋષભાનનસ્વામી	કીર્તિરાજા	વીરસેના	જયવંતિ	સિંહ
(૮)	અનંતવીર્યસ્વામી	મેઘરાજા	મંગલા	વિજયવર્તકી	હસ્તી
(૯)	સુરપ્રભસ્વામી	નાગરાજા	ભદ્રા	નિર્મળા	ચંદ્ર
(૧૦)	સુવિશાલપ્રભસ્વામી	વિજય	વિજયા	નંદસેના	સૂર્ય
(૧૧)	વ્રજધરસ્વામી	પદ્મસ્થ	સરસ્વતી	વિજયા	શંખ
(૧૨)	ચંદ્રાનનસ્વામી	વાલ્મિક	પદ્માવતી	લિલાવતી	વૃષભ
(૧૩)	ચંદ્રબાહુસ્વામી	દેવકર	યશોજ્વલ	સુધરા	કમળ
(૧૪)	ભુજંગદેવસ્વામી	કુલસેન	યશોજ્વલા	ભદ્રાવતી	કમળ
(૧૫)	ઈશ્વરસ્વામી	મહાબલ	મહીમાવતી	ગર્વસેના	ચંદ્ર
(૧૬)	નેમિપ્રભુસ્વામી	વિરસેન	સેનાદેવી	મોહનાદેવી	સૂર્ય
(૧૭)	વીરસેનસ્વામી	ભૂમિપાલ	ભાનુમતિ	રાજસેના	વૃષભ
(૧૮)	મહાભદ્રસ્વામી	દેવસેન	ઉમાદેવી	સૂર્યકાંતા	હસ્તી
(૧૯)	દેવયશસ્વામી	સર્વાનુભૂતિ	ગંગાદેવી	પદ્માવતી	ચંદ્ર
(૨૦)	અજીતવીર્યસ્વામી	રાજપાલ	કનની	રત્નમાલા	સ્વસ્તીક

પ્ર : ૨૭ ભારતમાં વીશ વિહરમાન અરિહંત ભગવંતોની પ્રતિમાઓ કઈ જગ્યાએ સ્થાપિત કરેલી છે ?

ઉ : ૨૭ પાલિતાણા જતાં કીર્તિધામ નામનું સ્થળ આવે છે ત્યાં આ વીશ વિહરમાન અરિહંત ભગવંતોની પ્રતિમાઓ સ્થાપિત કરેલી છે.

卐

અધ્યાય ચોથો
જીવ-તત્વ

પ્ર : ૧ જીવ કોને કહેવાય ? જીવ એટલે શું ?

ઉ : ૧ જે જીવે છે તે જીવ. અથવા જે પ્રાણોને ધારણ કરે છે તે જીવ. અથવા જેનામાં ચેતના હોય તે જીવ. ચેતના લક્ષણયુક્ત તત્વ કે પદાર્થ તે જીવ છે. દર્શન જ્ઞાન ઉપયોગ સહિત જીવ છે તે મનુષ્ય વગેરે.

પ્ર : ૨ જીવના મુખ્ય બે પ્રકાર કયાં કયાં ?

ઉ : ૨ જીવના મુખ્ય બે પ્રકાર : (૧) સિદ્ધ (૨) સંસારી.

[૧] **સિદ્ધ** : જે સર્વથા કર્મથી મુક્ત છે તે સિદ્ધ છે. જે જીવના આઠે કર્મો સંપૂર્ણપણે નાશ થઇ અષ્ટ મહાગુણ પ્રગટ્યા છે તે સિદ્ધ છે. જે જીવોને હવે સંસારમાં પુનઃ જન્મમરણ નથી તે સિદ્ધ છે. સાદી અનંત અનંતકાળ સુધી કેવળ સ્વરૂપસ્થ રહેવાના છે તે મુક્તજીવો ઉપદ્રવરહીત છે. રોગ-શોક રહિત છે અચળ છે. અક્ષય સ્થિતિવાળા છે. અશરીરી છે. અરૂપી છે. જન્મ-મરણાદિથી સર્વથા મુક્ત છે અને લોકાગ્રે સિદ્ધ શિલા ઉપર સ્થિત છે. સિદ્ધના જીવો સ્વરૂપથી એક પ્રકારે છે. પૂર્વવર્તી અવસ્થાએ પંદર ભેદ જણાવ્યા છે, જે નીચે મુજબ છેઃ-

(૧) જિનસિદ્ધ : તીર્થંકર થઇને સિદ્ધ થાય દાતઃ શ્રી અરિહંત પરમાત્મા.

(૨) અજિનસિદ્ધ : તીર્થંકર ન થાય સામાન્ય કેવળી થઇને મોક્ષે જાય
ઉદાહરણ : પુંડરીકસ્વામી, ગૌતમસ્વામી વગેરે

(૩) તીર્થસિદ્ધ : તીર્થની સ્થાપના પછી મોક્ષે જાય ઉદાઃ ગણધરાદિ કેવળીઓ વગેરે

(૪) અતીર્થસિદ્ધ : તીર્થની સ્થાપના થયા પહેલા મોક્ષે જાય.
ઉદાહરણ : મરૂદેવામાતા.

(૫) ગૃહસ્થલિંગે સિદ્ધ : ગૃહસ્થવેશમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જાય
ઉદાહરણઃ શ્રી ભરત ચક્રવર્તી

(૬) અન્યલિંગે સિદ્ધ : તાપસ આદિ અન્ય ધર્મના વેશમાં મોક્ષે જાય.
ઉદાહરણઃ વલકલચીરી વિગેરે.

(૭) સ્વલિંગે સિદ્ધ : સાધુવેશમાં મોક્ષે જાય. ઉદાહરણઃ જૈન મુનિ

(૮) સ્ત્રીલિંગે સિદ્ધ : સ્ત્રી પર્યાય છતાં મોક્ષે જાય ઉદાહરણઃ ચંદનબાળા, રાજીમતિ વગેરે

(૯) પુરૂષલિંગે સિદ્ધ : પુરૂષ પર્યાયે મોક્ષે જાય. ઉદાહરણઃ ગજસુકુમાર વગેરે.

(૧૦) નપુંસકલિંગે સિદ્ધ : શાપને કારણે કે અન્ય રીતે કૃત્રિમ નપુંસક થયેલા ઉદાઃ ગાંગેય

(૧૧) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ : પૂર્વના આરાધનાના સંસ્કારે વર્તમાનમાં કોઇ નિમિત્ત મળતાં વૈરાગ્ય પામી મુનિ થાય. કેવળી થઇ મોક્ષે જાય ઉદાહરણઃ કરકુંડુંરાજા

(૧૨) સ્વયંબુદ્ધ સિદ્ધ : કર્મસ્થિતિ લઘુ થવાથી સ્વયંસ્ફુરણા થઇ વૈરાગ્ય પામી મોક્ષે જાય ઉદાહરણઃ કપિલ કેવળી.

(૧૩) બુદ્ધ બોધિત સિદ્ધ : ગુરૂના ઉપદેશથી બોધ પામી દીક્ષા લઇ મોક્ષે જાય ઉદાહરણઃ વાયુભૂતિ આદિ ગણધર.

(૧૪) એકસિદ્ધ : એક જ સમયમાં એક જ મોક્ષે જાય ઉદાહરણઃ ભગવાન મહાવીર.

(૧૫) અનેકસિદ્ધ : એક જ સ્થળેથી એક જ સમયે એકથી વધુ અનેક સિદ્ધ થાય ઉદાહરણઃ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની સાથે અષ્ટાપદ પર્વત ઉપરથી એક સાથે ૫૦૦ ધનુષની કાયાવાળા ૧૦૮ જીવો એક સાથે સિદ્ધ થયા (મોક્ષે ગયા.)

[૨] **સંસારી** : સર્વ સંસારી જીવ દેહ સહિત છે. સર્વ સંસારી જીવનો દેહ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત છે. સંસારી જીવના અનેક ભેદો છે, તેમાં મુખ્ય ભેદો ૫૬૩ છે. જીવ અનાદિથી છે અને સંસાર અનાદિથી છે. સર્વથા કર્મોનો નાશ થતાં જીવ સિદ્ધ થાય છે.

પ્ર : ૩ સંસારી જીવોને ઉપજવાનાં સ્થાન કેટલાં છે ?

ઉ : ૩ સંસારી જીવોને ઉપજવાના સ્થાનને યોનિ કહે છે. યોનિ એટલે જીવોની ઉત્પત્તિનું સ્થાન. ઉત્પતિના સ્થાનો અનેક છે પરંતુ જે જે સ્થાનોમાં અમુક અમુક સમાનતા છે તેઓનું એક સ્થાન ગણીને તેનાં ચોરાસી લાખ સ્થાનો નક્કી ગણાય છે. અમુક પ્રકારના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને આકાર જેનો સમાન હોય તેવા ઘણા ઉત્પત્તિ સ્થાનો હોય તો પણ તે સર્વ એક યોનિ ગણાય એ રીતે કુલ ચોર્યાસી (૮૪) લાખ યોનિ છે તેમાં જૈનદર્શન વધુ સ્પષ્ટ વીગત દર્શાવે છે. તે મત મુજબ નીચે પ્રમાણે ચોર્યાસી (૮૪) લાખ યોનિ ગણાય છેઃ-

[અ] જૈન મત મુજબ

જીવોનાં નામ	**યોનિની સંખ્યા**
(૧) પૃથ્વિકાય (ઇંદ્ર સ્થાવર કાય)	૭ લાખ
(૨) અપકાય (બ્રહ્મ સ્થાવર કાય)	૭ લાખ

જીવોનાં નામ	યોનિની સંખ્યા
(૩) તેજસ કાય (શિલ્પ સ્થાવર કાય)	૭ લાખ
(૪) વાયુકાય (સુમતિ સ્થાવર કાય)	૭ લાખ
(૫) પ્રત્યેક વનસ્પતિકાય	૧૦ લાખ
(૬) સાધારણ વનસ્પતિકાય	૧૪ લાખ
(૭) બે ઈન્દ્રિય જીવો	૨ લાખ
(૮) ત્રણ ઇન્દ્રિય જીવો	૨ લાખ
(૯) ચાર ઇન્દ્રિય જીવો	૨ લાખ
(૧૦) તિર્યંચ પંચેન્દ્રિય જીવો	૪ લાખ
(૧૧) દેવ લોકો	૪ લાખ
(૧૨) નારકો	૪ લાખ
(૧૩) મનુષ્યયોનિ	૧૪ લાખ
	કુલ ૮૪ લાખ

[બ] અન્ય મતે ૮૪ લાખ યોનિ

જીવોનાં નામ	યોનિની સંખ્યા
(૧) સ્થાવર જીવો	૩૦ લાખ
(૨) પશુ (જાનવરો)	૨૦ લાખ
(૩) કૃમિ (નાના જીવજંતુઓ)	૧૧ લાખ
(૪) પક્ષીઓ	૧૦ લાખ
(૫) જલચર	૯ લાખ
(૬) મનુષ્યો	૪ લાખ
	કુલ ૮૪ લાખ

[ક] અન્ય મતે ૮૪ લાખ યોનિ

જીવોનાં નામ	યોનિની સંખ્યા
(૧) ઉદ્ભિજ	૨૦ લાખ
(૨) સ્વેદજ	૮ લાખ
(૩) અંડજ	૧૦ લાખ
(૪) જલચર	૧૨ લાખ
(૫) સરીસૃપ	૮ લાખ

(૬) પક્ષી	૧૦ લાખ
(૭) પિંડજ	૧૨ લાખ
(૮) મનુષ્ય	૪ લાખ
કુલ	૮૪ લાખ

પ્ર : ૪ સંસારી જીવની યાત્રાનો પ્રારંભ કેવી રીતે થાય છે ?

ઉ : ૪ ચૌદ રાજલોકમાં જીવમાત્રની યાત્રા રહસ્યપૂર્ણ ઘટના છે. છદ્મસ્થના જ્ઞાનમાં સમાય નહીં તેવું આ રહસ્ય છે. લોકાકાશનો એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં સૂક્ષ્મ જીવો કે નિગોદિયાનો વાસ ન હોય, જે ચક્ષુ ગોચર નથી. આ મધ્યલોકમાં એકપણ જીવની વધઘટ થતી નથી. જીવ એક યોનિમાંથી બીજી યોનિમાં, બીજીમાંથી ત્રીજીમાં એમ અસંખ્ય (અનંતવાર) ચોર્યાસી લાખ યોનિઓમાં નિરંતર ભટકે છે. જ્યારે અહીં મધ્યલોકમાંથી અર્થાત્ અઢી દ્વીપ કે જે મનુષ્ય ક્ષેત્ર ગણાય છે, ત્યાંથી કોઇ જીવ આઠેય કર્મોનો ક્ષય થતાં સિધ્ધક્ષેત્રમાં અર્થાત્ મોક્ષે જાય છે. મુક્ત થાય છે ત્યારે નિયમથી જ અવ્યવહાર રાશી (નિગોદ) માંથી એક જીવ અહીં વ્યવહાર રાશિમાં પ્રવેશ કરે છે એટલે કે તેને નામ મળે છે ત્યાર પછી તેની વિકાસ યાત્રાનો પ્રારંભ અત્યતં મંદ ગતિવાળો હોય છે. મનુષ્યનું શરીર ધારણ કરે ત્યાં સુધી ક્રમસર પ્રગતિ થાય છે. પરંતુ મનુષ્ય જન્મ મળ્યા પછી કર્મને આધારે પાછો ફરીથી તીર્યંચ કે અન્ય યોનિઓમાં વક્રગતિને પણ પામે છે અને જો ઉપાદાન જાગ્રત હોય અને તીર્થંકર ભગવંતોનું નિમિત મળે તો કદાચ તે મનુષ્ય સ્વપુરૂષાર્થ દ્વારા આઠેય કર્મોનો સર્વથા સંપૂર્ણપણે ક્ષય કરી મોક્ષે પણ જાય છે.

પ્ર : ૫ જીવમાત્રનાં લક્ષણ કયાં કયાં ?

ઉ : ૫ જીવમાત્રનાં છ લક્ષણ છે :

(૧) જ્ઞાન : જાણવાની ક્રિયા (વિશેષ ઉપયોગ)
(૨) દર્શન : જોવાની ક્રિયા (સામાન્ય ઉપયોગ)
(૩) ચારિત્ર : પ્રવૃત્તિરૂપ ક્રિયા.
(૪) વીર્ય : શક્તિ, બળ, પુરૂષાર્થ
(૫) તપ : ઇચ્છાશક્તિ
(૬) ઉપયોગ : જ્ઞાન-દર્શનરૂપ

નિગોદ તથા સૂક્ષ્મ જીવોથી માંડીને સર્વ જીવ ચૈતન્ય સ્વરૂપ હોવાથી જીવમાત્રમાં જ્ઞાન-દર્શન અર્થાત્ મતિ તથા શ્રુતજ્ઞાનનો ઉપયોગ અલ્પાંસે પણ પ્રગટપણે હોય.

જીવોનાં નામ	યોનિની સંખ્યા
(૩) તેજસ કાય (શિલ્પ સ્થાવર કાય)	૭ લાખ
(૪) વાયુકાય (સુમતિ સ્થાવર કાય)	૭ લાખ
(૫) પ્રત્યેક વનસ્પતિકાય	૧૦ લાખ
(૬) સાધારણ વનસ્પતિકાય	૧૪ લાખ
(૭) બે ઈન્દ્રિય જીવો	૨ લાખ
(૮) ત્રણ ઇન્દ્રિય જીવો	૨ લાખ
(૯) ચાર ઇન્દ્રિય જીવો	૨ લાખ
(૧૦) તિર્યંચ પંચેન્દ્રિય જીવો	૪ લાખ
(૧૧) દેવ લોકો	૪ લાખ
(૧૨) નારકો	૪ લાખ
(૧૩) મનુષ્યયોનિ	૧૪ લાખ
	કુલ ૮૪ લાખ

[બ] અન્ય મતે ૮૪ લાખ યોનિ

જીવોનાં નામ	યોનિની સંખ્યા
(૧) સ્થાવર જીવો	૩૦ લાખ
(૨) પશુ (જાનવરો)	૨૦ લાખ
(૩) કૃમિ (નાના જીવજંતુઓ)	૧૧ લાખ
(૪) પક્ષીઓ	૧૦ લાખ
(૫) જલચર	૯ લાખ
(૬) મનુષ્યો	૪ લાખ
	કુલ ૮૪ લાખ

[ક] અન્ય મતે ૮૪ લાખ યોનિ

જીવોનાં નામ	યોનિની સંખ્યા
(૧) ઉદ્ભિજ	૨૦ લાખ
(૨) સ્વેદજ	૮ લાખ
(૩) અંડજ	૧૦ લાખ
(૪) જલચર	૧૨ લાખ
(૫) સરીસૃપ	૮ લાખ

(૬) પક્ષી	૧૦ લાખ
(૭) પિંડજ	૧૨ લાખ
(૮) મનુષ્ય	૪ લાખ
કુલ	૮૪ લાખ

પ્ર : ૪ સંસારી જીવની યાત્રાનો પ્રારંભ કેવી રીતે થાય છે ?

ઉ : ૪ ચૌદ રાજલોકમાં જીવમાત્રની યાત્રા રહસ્યપૂર્ણ ઘટના છે. છદ્મસ્થના જ્ઞાનમાં સમાય નહીં તેવું આ રહસ્ય છે. લોકાકાશનો એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં સૂક્ષ્મ જીવો કે નિગોદિયાનો વાસ ન હોય, જે ચક્ષુ ગોચર નથી. આ મધ્યલોકમાં એકપણ જીવની વધઘટ થતી નથી. જીવ એક યોનિમાંથી બીજી યોનિમાં, બીજીમાંથી ત્રીજીમાં એમ અસંખ્ય (અનંતવાર) ચોર્યાસી લાખ યોનિઓમાં નિરંતર ભટકે છે. જ્યારે અહીં મધ્યલોકમાંથી અર્થાત્ અઢી દ્વીપ કે જે મનુષ્ય ક્ષેત્ર ગણાય છે, ત્યાંથી કોઇ જીવ આઠેય કર્મોનો ક્ષય થતાં સિધ્ધક્ષેત્રમાં અર્થાત્ મોક્ષે જાય છે. મુક્ત થાય છે ત્યારે નિયમથી જ અવ્યવહાર રાશી (નિગોદ) માંથી એક જીવ અહીં વ્યવહાર રાશિમાં પ્રવેશ કરે છે એટલે કે તેને નામ મળે છે ત્યાર પછી તેની વિકાસ યાત્રાનો પ્રારંભ અત્યતં મંદ ગતિવાળો હોય છે. મનુષ્યનું શરીર ધારણ કરે ત્યાં સુધી ક્રમસર પ્રગતિ થાય છે. પરંતુ મનુષ્ય જન્મ મળ્યા પછી કર્મને આધારે પાછો ફરીથી તીર્યંચ કે અન્ય યોનિઓમાં વક્રગતિને પણ પામે છે અને જો ઉપાદાન જાગ્રત હોય અને તીર્થંકર ભગવંતોનું નિમિત મળે તો કદાચ તે મનુષ્ય સ્વપુરૂષાર્થ દ્વારા આઠેય કર્મોનો સર્વથા સંપૂર્ણપણે ક્ષય કરી મોક્ષે પણ જાય છે.

પ્ર : ૫ જીવમાત્રનાં લક્ષણ કયાં કયાં ?

ઉ : ૫ જીવમાત્રનાં છ લક્ષણ છે :

(૧) જ્ઞાન : જાણવાની ક્રિયા (વિશેષ ઉપયોગ)
(૨) દર્શન : જોવાની ક્રિયા (સામાન્ય ઉપયોગ)
(૩) ચારિત્ર : પ્રવૃત્તિરૂપ ક્રિયા.
(૪) વીર્ય : શક્તિ, બળ, પુરૂષાર્થ
(૫) તપ : ઇચ્છાશક્તિ
(૬) ઉપયોગ : જ્ઞાન-દર્શનરૂપ

નિગોદ તથા સૂક્ષ્મ જીવોથી માંડીને સર્વ જીવ ચૈતન્ય સ્વરૂપ હોવાથી જીવમાત્રમાં જ્ઞાન-દર્શન અર્થાત્ મતિ તથા શ્રુતજ્ઞાનનો ઉપયોગ અલ્પાંસે પણ પ્રગટપણે હોય.

પ્ર : ૬ સંસારી જીવોના કુલ ભેદ (પ્રકારો) કેટલા છે ?

ઉ : ૬ સંસારી જીવોના કુલ ભેદ ૫૬૩ છે. જે નીચે મુજબ જાણવા.

[૧] એકેન્દ્રિયના કુલ ભેદ- ૨૨

	પૃથ્વિ કાય	અપ કાય	વાયુ કાય	તેઉ કાય	વનસ્પતિ કાય(સાધારણ)	પ્રત્યેક વનસ્પતિકાય	પર્યાપ્તા	અપર્યાપ્તા
સુક્ષ્મ	૧	૧	૧	૧	૧	૦	૫	૫
બાદર	૧	૧	૧	૧	૧	૧	૬	૬
							કુલ ૧૧ +	૧૧

[૨] વિકલેન્દ્રિયના ભેદ-૬

જીવોનો પ્રકાર	પર્યાપ્તા	અપર્યાપ્તા	કુલ
બેઇન્દ્રિય	૧	૧	૨
ત્રણ ઇન્દ્રિય	૧	૧	૨
ચાર ઇન્દ્રિય	૧	૧	૨
			૬

[૩] તિર્યંચ પંચેન્દ્રિયના ભેદ - ૨૦

જીવોનો પ્રકાર	પર્યાપ્તા	અપર્યાપ્તા	કુલ
જલચર	૧	૧	૨
સ્થલચર	૩	૩	૬
ખેચર	૧	૧	૨
સમૂર્ચ્છિમ	૦	૫	૫
ગર્ભજ	૫	૦	૫
			૨૦

[૪] મનુષ્યના ભેદ - ૩૦૩

૧૫	કર્મભૂમિના	ગર્ભજ પર્યાપ્તા મનુષ્ય	૧૦૧
૩૦	અકર્મભૂમિના	ગર્ભજ અપર્યાપ્તા મનુષ્ય	૧૦૧
૫૬	અંતરદ્વીપના	સમૂર્ચ્છિમ અપર્યાપ્તા	૧૦૧
૧૦૧			કુલ ૩૦૩

[૫] દેવલોકના ભેદ - ૧૯૮

(૧) ભવનપતિ - ભવનપતિ ૧૦

પરમાધામી ૧૫ ૨૫

(૨) વ્યંતર - વ્યંતર ૮

	વાણ વ્યંતર	૮	
	તિર્યંક જાંભૃક	૧૦	૨૬
(૩) જ્યોતિષી -	સ્થિર	- ૫	
	અસ્થિર	- ૫	૧૦
(૪) વૈમાનિક -	દેવલોક	-૧૨	
	ગ્રૈવેયક	- ૯	
	લોકાંતીક	- ૯	
	અનુતર	- ૫	
	કિલ્બિષિયા	-૩	૩૮
			૯૯

૯૯ પર્યાપ્તા + ૯૯ અપર્યાપ્તા = ૧૯૮

[૬] **નારકના કુલ ભેદ - ૧૪**

સાત નરકના - પર્યાપ્તા - અપર્યાપ્તા

૭ + ૭ = ૧૪

સારાંશ

જીવોના પ્રકાર	**ભેદ**
(૧) અકેન્દ્રિય જીવો	૨૨
(૨) વિકલેન્દ્રિય જીવો	૬
(૩) તિર્યંચ પંચેન્દ્રિય જીવો	૨૦
(૪) મનુષ્યો	૩૦૩
(૫) દેવો	૧૯૮
(૬) નારક જીવો	૧૪
	કુલ ૫૬૩

પ્ર : ૭ પ્રાણ, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તા, સંજ્ઞી અને અસંજ્ઞી આ શબ્દોના અર્થ સમજાવો ?

ઉ : ૭ (૧) **પ્રાણ :** સંસારી જીવને જીવવાનું સાધન તે પ્રાણ.

(૨) **સૂક્ષ્મ :** બાહ્ય ચક્ષુથી જે દેખાય નહીં, તેમજ છેદનભેદનને જે યોગ્ય ન હોય એવા એક અથવા અનેક જીવોનો જે સમુદાય તે સૂક્ષ્મ જીવો.

(૩) **બાદર :** બાહ્ય ચક્ષુથી જે દેખાય (ગ્રાહ્ય હોય) છેદનભેદનને જે યોગ્ય હોય એવા એક અથવા અનેક જીવોનો જે જથ્થો તે બાદર જીવો.

(૪) **પર્યાપ્તા :** જે જીવો પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરીને મરે તે પર્યાપ્તા જીવો કહેવાય.

(૫) **અપર્યાપ્તા :** જે જીવો પોતાને યોગ્ય પર્યાપ્તીઓ પૂરી કર્યા વિના મરે તે અપર્યાપ્તા જીવો કહેવાય.

(૬) **સંજ્ઞી :** જે જીવોને મન હોય તે જીવોને સંજ્ઞી જીવ કહેવાય.

(૭) **અસંજ્ઞી :** જે જીવોને મન ન હોય તે જીવોને અસંજ્ઞી જીવ કહેવાય.

પ્ર : ૮ પ્રાણ એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ : ૮ સંસારી જીવને જીવવાનું સાધન તે પ્રાણ છે. પ્રાણ બે પ્રકારના છેઃ- (૧) દ્રવ્ય પ્રાણ (૨) ભાવ પ્રાણ સિદ્ધના જીવને ફક્ત શુદ્ધ ભાવપ્રાણ હોય છે જ્યારે સંસારી જીવને ભાવપ્રાણ અને દ્રવ્યપ્રાણ બંને હોય છે. દ્રવ્યપ્રાણ દસ છે અને ભાવપ્રાણ ચાર છે. સંસારી જીવના ભાવપ્રાણ, દ્રવ્યપ્રાણથી આવરાયેલા છે. જો કે જીવ અનંતગુણ વાળો હોવાથી ભાવપ્રાણ પણ અનેક પ્રકારે છે.

(૧) **દ્રવ્ય પ્રાણ દસ પ્રકારના છે.**	**સંખ્યા**
અ પાંચ ઈન્દ્રિયો, - ચામડી, જીભ, નાક, આંખ, કાન	૫
બ ત્રણ બળ - મનોબળ, વચનબળ અને કાયાબળ	૩
ક શ્વાસોચ્છ્વાસ	૧
ડ આયુષ્ય	૧
	૧૦

(૨) **ભાવ પ્રાણ ચાર પ્રકારના છે.**	
અ જ્ઞાન	૧
બ દર્શન	૧
ક ચારિત્ર (ક્રિયા)	૧
ડ વીર્ય	૧
	૪

પ્ર : ૯ સંસારી જીવને કેટલી પર્યાપ્તિઓ હોય છે ?

ઉ : ૯ પુદ્ગલજન્ય પરમાણુઓના સમૂહના સંયોગથી એટલે કે પુદ્ગલની સહાયથી બનેલી આત્માની એક વિશિષ્ટ શક્તિ અથવા સંસારી જીવને જીવવાની એક જીવન શક્તિ તેને પર્યાપ્તી કહે છે. જીવને ભવાંતરે બીજું જીવન પ્રાપ્ત કરવા જે સામગ્રી મેળવવા શક્તિ પેદા થાય તે પર્યાપ્તિ છે. આહારાદિ પુદ્ગલોનાં

પરિણામ કરવા માટે ઉત્પત્તિ સમયથી માંડીને દર સમયે સમયે મળતાં પુદ્ગલોનાં સમૂહમાંથી આત્મા જીવન ક્રિયાઓ ચલાવવાને જે સાધનો ઊભા કરી લે છે તે પર્યાપ્તિ છે. તેના છ પ્રકાર નીચે મુજબ છે.

(૧) **આહાર પર્યાપ્તિ** :- ઉત્પતિ સ્થાને રહેલા પુદ્ગલજન્ય આહારને જે શક્તિ વડે ગ્રહણ કરી તેને મળ મૂત્રાદિ રસ રૂપે પરિણમાવે તે આહાર પર્યાપ્તિ. આ પયાપ્તિ એક સમયની હોય છે.

(૨) **શરીર પર્યાપ્તિ** :- આહાર પર્યાપ્તિ વડે થયેલા રસ યોગ્ય જે પુદ્ગલો છે તે પુદ્ગલોને જે શક્તિ વડે જીવ સાત ધાતુ વડે રચે તે શરીર પર્યાપ્તિ. તેનો કાળ દરેક જીવને આશ્રયીને અંતરમૂર્હુતનો હોય છે.

(૩) **ઇન્દ્રિય પર્યાપ્તિ** :- રસરૂપે પરિણમેલાં પુદ્ગલો તથા શરીરરૂપે થયેલાં પુદ્ગલોમાંથી ઇન્દ્રિયોને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી ઇન્દ્રિય પણે પરિણમાવવાની શક્તિ તે ઇન્દ્રિય પર્યાપ્તિ. મનુષ્ય અને તીર્યંચને અનુસરીને તેનો કાળ એક અંતરમુર્હુતનો હોય છે.

(૪) **શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ** :- જે શક્તિ વડે જીવ, શ્વાસોચ્છ્વાસને યોગ્ય વર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી શ્વાસોચ્છ્વાસ રૂપે પરિણમાવી તેને છોડે તે શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ. તિર્યંચ, મનુષ્યને આશ્રયીને તેનો કાળ અંતરમૂર્હુતનો હોય છે અને દેવ તથા નારકીને આશ્રયીને એક સમયનો હોય છે.

(૫) **ભાષા પર્યાપ્તિ** :- જીવ જે શક્તિ વડે ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી ભાષારૂપે પરિણમાવી તેને વિસર્જન કરે તે ભાષા પર્યાપ્તિ છે. તેનો કાળ મનુષ્ય અને તીર્યંચને માટે અંતરમૂર્હુતનો અને દેવ તથા નારક માટે એક સમયનો હોય છે.

(૬) **મન પર્યાપ્તિ** :- જે શક્તિ વડે જીવ મનને યોગ્ય પુદગલોને ગ્રહણ કરી મનરૂપે પરિણમાવી તેને વિસર્જન કરે તે મન પર્યાપ્તિ છે તેનો કાળ ભાષા પર્યાપ્તિ પ્રમાણે જાણવો.

ખાસ નોંધ : કોઇપણ જીવ આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ અને ઇન્દ્રિય પર્યાપ્તિ આ પ્રથમ ત્રણ પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના મરે નહીં.

પ્ર : ૧૦ કયા જીવને કેટલી ઇન્દ્રિય, કેટલા પ્રાણ અને કેટલી પર્યાપ્તિઓ હોય છે તે જણાવો ?

ઉ : ૧૦ કયા જીવને કેટલી ઇન્દ્રિય, કેટલા પ્રાણ અને કેટલી પર્યાપ્તિઓ હોય છે તે નીચેના કોષ્ટક પ્રમાણે જાણવું:-

જીવ	ઇન્દ્રિય	પ્રાણ	પર્યાપ્તિ
એકેન્દ્રિય	સ્પર્શેન્દ્રિય(૧)	સ્પર્શેન્દ્રિય (૪) કાયબળ શ્વાસોચ્છ્વાસ આયુષ્ય	આહાર (૪) શરીર ઇન્દ્રિય શ્વાસોચ્છ્વાસ
બેઇન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૨) રસનેન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૬) રસનેન્દ્રિય કાયબળ, વચનબળ, શ્વાસોચ્છ્વાસ આયુષ્ય	આહાર (૫) શરીર ઇન્દ્રિય શ્વાસોચ્છ્વાસ ભાષા
તેઇન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૩) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૭) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય કાયબળ, વચનબળ શ્વાસોચ્છ્વાસ આયુષ્ય	આહાર (૫) શરીર ઇન્દ્રિય શ્વાસોચ્છ્વાસ ભાષા
ચઉરિન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૪) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુઇન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૮) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુઇન્દ્રિય કાયબળ,વચનબળ શ્વાસોચ્છ્વાસ આયુષ્ય	આહાર (૫) શરીર ઇન્દ્રિય શ્વાસોચ્છ્વાસ ભાષા
પંચેન્દ્રિય (અસંજ્ઞી)	સ્પર્શેન્દ્રિય (૫) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુઇન્દ્રિય શ્રોત્રેન્દ્રિય	પાંચ ઇન્દ્રિય (૯) વચનબળ, કાયબળ શ્વાસોચ્છ્વાસ આયુષ્ય	આહાર (૫) શરીર ઇન્દ્રિય શ્વાસોચ્છ્વાસ ભાષા

પંચેન્દ્રિય	પાંચઇન્દ્રિય	પાંચ ઇન્દ્રિય (૧૦)	આહાર (૫)
(સંજ્ઞી)		વચનબળ	શરીર
		કાયબળ	ઇન્દ્રિય
		મનબળ	શ્વાસોચ્છ્વાસ
		શ્વાસોચ્છ્વાસ	ભાષા
		આયુષ્ય	

પ્ર : ૧૧ સંસારી જીવનાં પાંચ પ્રકારનાં શરીરનું વર્ણન કરો ?

ઉ : ૧૧ જે કર્મના ઉદયથી પાંચ પ્રકારનાં શરીરોની પ્રાપ્તિ થાય તે શરીર. આવા શરીર પાંચ પ્રકારનાં છે,

(૧) **ઔદારિક શરીર** : સ્થૂલ પુદ્ગલોનું બનેલું શરીર. તે મનુષ્ય અને તીર્યંચને હોય છે.

(૨) **વૈક્રિય શરીર** : વિવિધ રૂપોવાળુ તેમજ નાનું મોટું થઇ શકે તેવું શરીર. વિવિધ પ્રક્રિયાથી બનેલુ શરીર તે દેવ અને નારકીને જન્મથી હોય છે.

(૩) **આહારક શરીર** : ચૌદપૂર્વી, તીર્થંકર ભગવાનને સશંય પૂછવા કે ઋદ્ધિ-સમૃદ્ધિ જોવા જે અતિ વિશિષ્ટ રૂપવાળુ એક હાથનું શરીર બનાવે તે આહારક શરીર કહેવાય.

(૪) **તૈજસ શરીર** :- સર્વ સંસારી જીવને હોય છે. શરીરને કાંતિ આપે છે. પાચન શક્તિ અને રક્તભ્રમણમાં ઉપયોગી બને. અનાદિ કાળથી જીવ સાથે રહેલ તૈજસ દ્રવ્યોનો સમૂહ કે જેના દ્વારા આહારનું પાચન વિગેરે થઇ શકે અને જેનાથી તપોલબ્ધિ ઉતપન્ન થતાં તેજોલેશ્યા પ્રગટી શકે તે.

(૫) **કાર્મણ શરીર** : જીવ સાથે લાગેલ કર્મનો જથ્થો. જે આઠ કર્મના વિકારરૂપ અને સર્વ શરીરનું કારણભૂત બને છે. કાર્મણ શરીર સૂક્ષ્મ છે.

પ્ર : ૧૨ સંસારી જીવના સંસ્થાન બાબતે જણાવો ?

ઉ : ૧૨ સંસ્થાન એટલે શરીરની આકૃતિ. સંસ્થાનના છ પ્રકાર છે, જે નીચે મુજબ છેઃ-

(૧) **સમચતુરસ્ત્ર સંસ્થાન** : પર્યંકાસને બેઠેલા અને ચારે છેડા એકસરખા હોય તેવા પ્રકારનું નિરોગી અને સુંદર શરીર અથવા સામુદ્રિકશાસ્ત્ર અનુસારે લક્ષણયુક્ત સુંદર હુષ્ટપુષ્ટ શરીર તે.

(૨) **ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન** : (ન્યગ્રોધ=વડલો) નાભિ ઉપરના અંગો (હાથ, પગ, છાતી, પેટ, માંથુ) શુભ લક્ષણોવાળાં હોય અને પ્રમાણયુક્ત

હોય તેવા પ્રકારનું શરીર તે ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન કહેવાય.

(૩) **સાદિ સંસ્થાન** : નાભિ નીચેના અંગો શુભ લક્ષણોવાળાં અને પ્રમાણયુક્ત હોય તે સાદિ સંસ્થાન કહેવાય છે.

(૪) **કુબ્જ સંસ્થાન** : જેના ઉદયથી કુંબડાપણું મળે દાતઃ રાજા શ્રીપાળ.

(૫) **વામન સંસ્થાન** : જેના ઉદયથી ઠીંગણાપણું મળે.

(૬) **હુંડક સંસ્થાન** : જેના ઉદયથી બધા અંગો હિનાધિક તથા બેડોળ હોય (ઊંટ જેવાં) તેવા પ્રકારનું શરીર મળે તે.

પ્ર : ૧૩ જીવના સંઘયણ બાબતે જણાવો ?

ઉ : ૧૩ સંઘયણ એટલે શરીરનાં હાડકાંની રચના અને મજબૂતપણું. સંઘયણ છ પ્રકારનાં હોય છેઃ-

(૧) **વજ્ર ઋષભનારાચ સંઘયણ** : અત્યંત મજબૂત હાડકાનો બાંધો. હાડકાના સાંધાને બે બાજુ મર્કટબંધ તેના ઉપર હાડકાનો પટ્ટો અને વચમાં આરપાર હાડકાની ખીલી.

(૨) **ઋષભનારાય સંઘયણ** : અસ્થિ સાંધામાં બે બાજુ મર્કટબંધ તેના ઉપર પટ્ટો પણ વચમાં ખીલી નહિં.

(૩) **નારાચ સંઘયણ** : હાડકાને ખાલી બે બાજુ મર્કટબંધ હોય.

(૪) **અર્ધનારાચ સંઘયણ** : જેમાં એક તરફ મર્કટબંધ હોય અને બીજી તરફ ખીલી બંધ હોય.

(૫) **કીલિકા સંઘયણ** : જેમાં અસ્થિમાત્ર ખીલીના બંધથી બંધાયેલા હોય.

(૬) **સેવાર્ત (છેવટું) સંઘયણ** : જેમા હાડકાના સાંધા માત્ર છેડે અડીને રહેલા હોય. જલ્દી ભાગી જાય તેવા અને હંમેશા તેલમાલીસ વગેરેની અપેક્ષા રાખે. આપણુ હમણાનું સંઘયણ છેવટું છે.

પ્ર : ૧૪ ત્રસ અને સ્થાવર જીવો એટલે શું?

ઉ : ૧૪ ત્રસ જીવોઃ સુખ કે દુઃખના પ્રયોજનથી સ્વયંમ્ હાલી ચાલી શકે. ગરમી, ઠંડી કે ભય જેવા કારણોથી સ્થળાંતર કરી શકે તેવા જીવોને ત્રસ જીવો કહેવાય. ટૂંકમાં જે ત્રાસ પામે હેરાન થાય તે ત્રસ જીવો કહેવાય. બે ઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, તમામ પંચેન્દ્રિય જીવો.

સ્થાવર જીવો : સુખ કે દુઃખનું કારણ છતાં સ્વયમ્ હાલી ચાલી શકે નહી, ભય જેવા કે અન્ય કારણો હોવા છતાં ખસી ન શકે તે સ્થાવર જીવો કહેવાય દાતઃ પૃથ્વિકાય, અપકાય, વાયુકાય, તેઉકાય, વનસ્પતિકાય.

પ્ર : ૧૫ છ કાય જીવોનાં નામ આપો ?

ઉ : ૧૫ (૧) ઇંદ્ર સ્થાવર કાય.
(૨) બ્રહ્મ સ્થાવર કાય.
(૩) શિલ્પ સ્થાવર કાય.
(૪) સુમતિ સ્થાવર કાય.
(૫) પ્રજાપતિ સ્થાવર કાય
(૬) જંગમ કાય.

પ્ર : ૧૬ છ કાય જીવોનાં ગોત્ર જણાવો ?

ઉ : ૧૬ (૧) પૃથ્વિકાય (૨) અપ્કાય (૩) તેજસ્કાય (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય (૬) ત્રસકાય.

પ્ર : ૧૭ પૃથ્વિકાય જીવો વિશે સમજાવો ?

ઉ : ૧૭ કાય એટલે સમૂહ અથવા શરીર. જે જીવોનું શરીર પૃથ્વિ છે અથવા પૃથ્વિરૂપ શરીરમાં રહેલા જીવોનો જે સમૂહ તે પૃથ્વિકાય જીવો કહેવાય. પૃથ્વિકાય જીવોના બે ભેદ (૧) સૂક્ષ્મ પૃથ્વિકાય (૨) બાદર પૃથ્વિકાય.

સૂક્ષ્મ પૃથ્વિકાય : તે આખા લોકમાં ભર્યા છે. હણ્યા હણાય નહી, માર્યા મરે નહી, અગ્નિમાં બળે નહીં, પાણીમાં ડૂબે નહીં, નજરે દેખાય નહીં બે ભાગ થાય નહીં તેને સૂક્ષ્મ પૃથ્વિકાય કહેવાય.

બાદર પૃથ્વિકાય : લોકના દેશભાગમાં ભર્યા છે. હણ્યા હણાય, માર્યા મરે, અગ્નિમાં બળે, પાણીમાં ડૂબે, નજરે દેખાય, બે ભાગ થાય તેને બાદર પૃથ્વિકાય કહેવાય. તેના કુલ પચાસ ભેદ નીચે મુજબ જાણવા :-

(૧) **સુંવાળી માટીના સાત ભેદ** : કાળી માટી, નીલી માટી, રાતી માટી, પીળી માટી, ધોળી માટી, ગોપીચંદનની માટી, પરપડી માટી.

(૨) **ખરખરી માટીના સોળ ભેદ** : ખાણની માટી, મરડીયા પાષાણની માટી, મોટી વેળુની માટી, પથ્થરના કટકાની માટી, મોટી શિલાઓની માટી, ખારની માટી, લૂણની માટી, તરવાની માટી, હરિયાલની માટી, હિંગળોકની માટી, મણસિલની માટી, પારાની માટી, સૂરમાની માટી, પ્રવાલાનીમાટી, અબરખની માટી, અબરખના રજની માટી.

(૩) **સાત ધાતુઓના સાત ભેદ** : સોનુ, રૂપુ(ચાંદી), ત્રાંબુ, કલાઇ, સીસુ, જસત, લોઢુ(લોખંડ)

(૪) **અઢાર જાતિનાં રત્ન તેના અઢાર ભેદ** : ગોમીચ રત્ન, રૂચક રત્ન, અંક રત્ન, સ્ફટીક રત્ન, લોહિતાક્ષ રત્ન, મરકત રત્ન, મસારગલ રત્ન, ભુઈમુચક્ રત્ન, ઇંદ્રનીલ રત્ન, ચંદ્રનીલ રત્ન, ગેરૂડી રત્ન, હંસગર્ભ રત્ન, પોલાક રત્ન, સૌગંધિક રત્ન, ચંદ્રપ્રભ રત્ન, વેરૂડી રત્ન, જલકાન્ત રત્ન, સુરકાન્ત રત્ન.

(૫) **અન્ય બે ભેદ** : પારેવો (અરણેટો)એક જાતના પોચા પત્થર અને **તેજંતૂરી માટી** : (આ માટી લોઢાના રસમાં નાંખવાથી સોનું બને છે.)

આ ઉપરાંત પણ ઘણા પૃથ્વિકાય જીવો છે. ખાણ કે જમીનમાંથી તરતના નીકળેલા અને તેમાં રહેલા તમામ પદાર્થો જીવંત હોય છે.

ભવ : પૃથ્વિકાય જીવો મરીને એક અંતરમુર્હૂતમાં ૧૨૮૨૪ ભવ કરે છે.

જીવો : એક જુવારના દાણા જેટલા પૃથ્વિકાયનાં કણમાં અસંખ્યાત બાદર પર્યાપ્તા જીવો હોય છે.

આકાર : પૃથ્વિકાય જીવોનો આકાર મસુરની દાળ જેવો છે.

ભેદ : સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અર્પ્યાપ્તા હોય છે.

ઇન્દ્રિય : પૃથ્વિકાય જીવોને એક સ્પર્શેન્દ્રિય હોય છે.

કુળ : પૃથ્વિકાય જીવોનું કુળ બાર લાખ કરોડ છે.

આયુષ્ય : ઓછામાં ઓછું અંતરમુર્હૂત અને વધુમાં વધુ ૨૨૦૦૦ વર્ષનું હોય છે. તેમજ જુદી જુદી માટીનુ ઉત્કૃષ્ટ આયુષ્ય નીચે મુજબ જાણવું.

પૃથ્વિકાય જીવોનાં નામ	ઉત્કૃષ્ટ આયુષ્ય
(૧) સોનાનું	૧૦૦૦ વર્ષ
(૨) શુધ્ધ માટીનું (ખડીનું, ગોપીચંદનાદિ)	૧૨૦૦૦ વર્ષ
(૩) વેળુ રેતીનું (નદીની રેતી)	૧૪૦૦૦ વર્ષ
(૪) મણસિલનું	૧૬૦૦૦ વર્ષ
(૫) કાંકરાનું (હરતાલ, સૂરમાદિક)	૧૮૦૦૦ વર્ષ
(૬) વજ્ર, હીરા, મણિ, રત્ન તથા ધાતુનું આયુષ્ય	૨૨૦૦૦ વર્ષ

[નોંધઃ ઉપરોક્ત આયુષ્ય નિરાબાધ સ્થાનમાં હોય ત્યારે સમજવું]

પ્ર : ૧૮ અપ્કાય જીવોનું વર્ણન વિગતવાર સમજાવો ?

ઉ : ૧૮ પાણી શરીર છે જે જીવોનું તે જીવો અપ્કાય છે. વિજ્ઞાનની પરિભાષામાં હાઇડ્રોજનના બે પરમાણુ અને ઓકસીજનના એક પરમાણુના સંયોજનથી પાણી બને છે. અપ્કાય જીવોના બે ભેદ છે. સૂક્ષ્મ અને બાદર. બાદર અપ્કાયના સત્તર ભેદ છેઃ જેવા કે, ઠારનું પાણી, હિમનું પાણી(બરફનું

પાણી), ભૂમિનું પાણી(કૂવા, નદી, તળાવનું પાણી), વરસાદનું પાણી, તૃણ ઉપર જામે તે પાણી(ઝાકળ), કરાનું પાણી, દરિયા કે ઝરણાનું પાણી, ટાઢું પાણી, ઉનું પાણી, ખારું પાણી, ખાટું પાણી, લવણ સમુદ્રનું પાણી, મધુર રસ સરખું પાણી, દૂધ સરખું પાણી, ઘી જેવું પાણી, શેલડીના રસના સ્વાદ જેવું પાણી, સર્વ રસદ સરખું પાણી. આ ઉપરાંત અપ્કાયના ઘણા ભેદ છે.

ભવ : એક અંતરમુર્હૂતમાં અપ્કાયના જીવો ૧૨૮૨૪ ભવો કરે.

સંખ્યા : એક પાણીના ટીપામાં ૩૬૪૫૦ ત્રસ જીવો હોય છે.

આકાર : અપ્કાય જીવોનો આકાર પરપોટા જેવો હોય છે.

સ્વભાવ : સ્વભાવે શીતળ છે. રેચક, પાચક, ભારે, હલકું, મોળું, મીઠું, ખારું અને ફીકકું હોય છે.

ભેદ : સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા હોય છે.

ઇંન્દ્રિય : એક સ્પર્શેન્દ્રિય હોય છે.

કુળ : અપ્કાય જીવોનું કુળ સાત લાખ કરોડ છે. પાણીના એક બિંદુમાં અસંખ્યાતા જીવ શ્રી ભગંવતે કહ્યા છે તેમાંથી એકેકો જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા કરે તો એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે તેમાં સમાય નહીં.

આયુષ્ય : અપ્કાય જીવોનું જઘન્ય (ઓછામાં ઓછું) આયુષ્ય અંતરમુર્હૂતનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય સાત હજાર વર્ષનું(૭૦૦૦ વર્ષનું) છે.

પ્ર : ૧૯ તેઉકાય (અગ્નિકાય) જીવોનું વિગતવાર વર્ણન કરો ?

ઉ : ૧૯ જે જીવોનું શરીર અગ્નિ છે તે તેઉકાયના જીવો છે. તેઉકાયના બે ભેદ છેઃ સૂક્ષ્મ અને બાદર. બાદર તેઉકાય અઢી દ્વીપમાં છે તેના ચૌદ ભેદ છેઃ-

(૧) અંગારનો અગ્નિ સળગતા કોલસા, ઝાળ, ભડકો.
(૨) ભરહાડનો અગ્નિ
(૩) ટૂટતી જવાલાનો અગ્નિ
(૪) અખંડ જવાલાનો અગ્નિ
(૫) ઉંબાડાનો અગ્નિ
(૬) ચકમકનો અગ્નિ
(૭) વીજળીનો અગ્નિ
(૮) તારાનો અગ્નિ
(૯) અરણીનો અગ્નિ
(૧૦) વાંસનો અગ્નિ
(૧૧) કાટકાનો અગ્નિ
(૧૨) સૂર્ય સામા ચશ્મા ધરે તેમાંથી ઝરે તે અગ્નિ
(૧૩) દાવાનળનો અગ્નિ
(૧૪) નિભાડાનો અગ્નિ

આ ઉપરાંત ઘણી જાતના અગ્નિ છે. એક તણખામાં અસંખ્યાતા જીવ ભગવાને કહ્યા છે.

આકાર : તેઉકાય જીવોનો આકાર સોયના જથ્થા જેવો હોય છે.
ભવ : તેઉકાય જીવો એક અંતરમુર્હૂતમાં ૧૨૮૨૪ ભવો કરે.
ભેદ : સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તા હોય છે.
ઇંન્દ્રિય : એક સ્પર્શેન્દ્રિય હોય છે.
કુળ : તેઉકાયનું કુળ ત્રણ લાખ કરોડ છે.
આયુષ્ય : તેઉકાયનુ જઘન્ય આયુષ્ય અંતરમુર્હૂત અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ દિવસ-રાત (ત્રણ અહોરાત્રિ) ગણાય છે.

પ્ર : ૨૦ વાયુકાયના જીવોનું વિગતવાર વર્ણન કરો ?

ઉ : ૨૦ પવન પોતે જેનું શરીર છે તે વાયુકાયના જીવો છે. બાદર વાયુકાયના સત્તર ભેદ છે. જેવા કે પૂર્વ દિશાનો પવન, પશ્ચિમ દિશાનો પવન, ઉત્તર દિશાનો પવન, દક્ષિણ દિશાનો પવન, ઊર્ધ્વ દિશાનો પવન, અધો દિશાનો પવન, તિર્યક દિશાનો પવન, વિદિશાનો પવન, ઉત્કલિક પવન, (નીચે ભમતો વાયુ), મંડળી પવન(ચકાવા લેતો વાયુ), સંવર્તક વાયરો (ઊંચે ચઢતો વાયુ ઘાસ કે તણખલા જેવી હલકી ચીજને ઉંચે ભમાવે છે તે), વાયુ ઝામી પવન, ગુજ પવન, ઝુઝ પવન, ઘન પવન (ઘાટો પવન), તનવાત (પાતળો પવન), શુદ્ધ પવન (ધીમે ધીમે વાતો પવન), આ ઉપરાંત વાયુકાયના ઘણા ભેદ છે.

ઉઘાડે મોઢે બોલતાં, ચપટી વગાડતાં, ટચાકા ફોડતાં, વીઝણે વા નાંખતા, રેંટીયો ફેરવતાં, ફાળકો ફુંકારતા, સુપડે સોતાં, ખાંડણીયે ખાંડતાં, ઘંટીએ દળતાં, કલબલિયા વગાડતાં, ઢોલકું વગાડતા, પીપૂડું વગાડતા ઇત્યાદિક અનેક પ્રકારે પવનના અસંખ્યાતા જીવોનો ઘાત થાય છે.

આકાર : વાયુકાય જીવોનો આકાર ધજા જેવો છે.
જીવો : એક વડના બીજ જેવડા સ્થાનમાં અસંખ્યાત્ જીવો હોય છે.
ભવ : એક બાદર વાયુકાય જીવ અંતરમુર્હૂતમાં ૧૨૮૨૪ ભવો કરે છે.
ભેદ : સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તા છે.
ઇંન્દ્રિય : એક સ્પર્શેન્દ્રિય છે.
કુળ : સાત લાખ કરોડનું છે.
આયુષ્ય : જઘન્ય અંતરમુર્હૂતનું અને ઉત્કૃષ્ટ ૩૦૦૦ હજાર વર્ષનું હોય છે.

પ્ર : ૨૧ વનસ્પતિકાય જીવ એટલે શું તેના કેટલા ભેદ છે ?

ઉ : ૨૧ વનસ્પતિ જીવનું જે શરીર છે તે વનસ્પતિ કાય જીવો કહેવાય છે. બાદર વનસ્પતિકાય જીવોના મુખ્ય બે ભેદ છે.

(૧) **પ્રત્યેક વનસ્પતિકાય :** જેના એક શરીરમાં એક જીવ હોય તે. દાતઃ ફળ, ફુલ, છાલ, થડ, પાંદડા, બીજ વગેરે.

(૨) **સાધારણ વનસ્પતિકાય :** જેના એક શરીરમાં અનંતા જીવો હોય તે. દાતઃ ડુંગળી (કાંદો), બટાકો, અંકુરા, કુંપળો, પણગ, શેવાળ, ભૂમિસ્ફોટ (બીલાડીના ટોપ), લીલાં આદુ, હળદર, થોર, ગુગળ, ગળો વગેરે.

પ્ર : ૨૨ પ્રત્યેક વનસ્પતિકાય જીવોનું વિગતવાર વર્ણન કરો ?

ઉ : ૨૨ પ્રત્યેક વનસ્પતિકાય એટલે જેના એક શરીરમાં એક જીવ હોય તે. આ પ્રત્યેક વનસ્પતિકાયના બાર ભેદ છે.

(૧) **વૃક્ષઃ** વૃક્ષના બે ભેદ છે (૧) એક અઠ્ઠી (૨) બહુ અઠ્ઠી. **એક અઠ્ઠીઃ** એટલે તે એક ફળમાં એક બીજ હોય તેને એક અઠ્ઠી કહેવાય. જેવા કે હરડે, બહેડાં, આંબળા, અરીઠા, ભીલામા, આસોપાલવ, આંબો, મહુડો, રાયણ, જાંબુ, બોર અને લીંબોળી. આ ઉપરાંત એક અઠ્ઠિના ઘણા ભેદ છે. (૨) **બહુ અઠ્ઠીઃ** બહુ અઠ્ઠી એટલે એક ફળમાં વધારે બીજ હોય તેને બહુ અઠ્ઠી કહેવાય. જેવાકે જામફળ, સીતાફળ, દાડમ, બીંલા, કોઠા, કેંડા, લીંબુ, વડનાટેટા, પીપળના ટેટાં, એ આદિ બહુ અઠ્ઠી ના ઘણા ભેદ છે.

(૨) **ગુછ :** જે નીચા અને ગોળ ઝાડ (વૃક્ષ) હોય તેને ગુછ કહેવાય છે. જેવાકે રીંગણી, ભોરીંગણી, જવાસા, કપાસ, તુલસી, આવચીબાવચી, ઈત્યાદિક ગુછના ઘણા ભેદ છે.

(૩) **ગુલ્મ :** ફુલની જાતને ગુલ્મ કહેવાય છે જેવા કે મોગરો, જાઇ, જુઈ, ડમરો, મરવો, કેતકી, કેવડો એ આદિ ગુલ્મના ઘણા ભેદ છે.

(૪) **લતા :** નાગલતા, અશોકલતા, ચંપકલતા, ભોંઇલતા, પદ્મલતા, વગેરે લતાના ઘણા ભેદ છે.

(૫) **વેલા :** જે વનસ્પતિના વેલા ચાલે તેને વેલા કહીએ. જેવા કે તુરીયાના વેલા, કારેલાના વેલા, કંકોડાના વેલા, કોળાના વેલા, કોઠીંબડાના વેલા, તુંબડાના વેલા, નઈના વેલા, ચણકચીભડીના વેલા, ચણોઠીના વેલા એ આદિ વેલાના ઘણા ભેદ છે.

(૬) **પાવગ :** જે ગાંઠાળાં ઝાડ હોય તેને પાવગ કહીએ. જેવાં કે શેરડી, એરડી, સરકઠ, સાંઠો, નેતર, વાંસ એ આદિ પાવગના ઘણા ભેદ છે.

(૭) **તૃણ :** ડાભડાના તૃણ, આરાતારાના તૃણ, ડાભ, ધ્રો, કડવાળીના તૃણ, ઝેઝવાના તૃણ, ધરોના તૃણ, કાલિયાના તૃણ એ આદિ તૃણના ઘણા ભેદ છે.

(૮) **વલિયા** : ઉંચા અને ગોળ ઝાડ હોય તેને વલિયા કહેવાય છે. જેવાં કે સોપારીનાં ઝાડ, ખારેકનાં ઝાડ, ખજૂરનાં ઝાડ, કેળનાં ઝાડ, તજનાં ઝાડ, ઇલાયચીનાં ઝાડ, લવીંગનાં ઝાડ, તાડનાં ઝાડ, તમાલનાં ઝાડ, નાળિયેરીનાં ઝાડ એ આદિ વલિયાના ઘણા ભેદ છે.

(૯) **હરિતકાય** : ભાજીની જાતિને હરિતકાય કહેવાય છે. મૂળાની ભાજી, મેથીની ભાજી, તાંદળજાની ભાજી, સવાની ભાજી, લુણીની ભાજી, વથવાની ભાજી એ આદિ હરિતકાયના ઘણા ભેદ છે.

(૧૦) **ઔષધિ** : ચોવીસ જાતના ધાન્યને ઔષધિ કહેવાય છે. તે ધાન્યના બે ભેદ (૧) લાસા (૨) કઠોળ. તેમાં **લાસા** એટલે ઘંઉ, જવ, ચોખા, જુવાર, બાજરી, વરી, બંટી, બાવટો, કાંગ, કોદરા, મકાઇ અને ચિણ્યોઝિંણો એ આદિ લાસાના ઘણા ભેદ છે. બીજું **કઠોળ,** તેમાં મગ, મઠ, અડદ, તુવેર, વટાણા, વાલ, ચોળા, ઝાલર, ચણા, લાંગ, મસુર, અળસી, કળથી વગેરે કઠોળના અનેક ભેદ છે.

(૧૧) **જલવૃક્ષ** : તે પોયણાં, કમલ પોયણાં, ધીતેલાં, સિંગોડા, સેવાળ, કમળકાંકડી એ આદિ જલવૃક્ષના ઘણા ભેદ છે. પાણીમાં થતી અનેક પ્રકારની વનસ્પતિ જલવૃક્ષ છે.

(૧૨) **કોસંડા** : તે બીલાડીની બલી, બિલાડીના ટોપ, એ આદિ ભૂમિ ભેદી બહાર નીકળે તેવા કોસંડાના ઘણા ભેદ છે.

પ્રત્યેક વનસ્પતિકાય જીવોમાં પાકા ફળમાં સંખ્યાતા જીવો અધવધરામાં અસંખ્યાતા જીવ છે. કુમળામાં, ઉગતામાં, ચક પડે તેમાં અનંતા જીવ છે. પ્રત્યેક વનસ્પતિનો વૃક્ષ દશ બોલે કરીને શોભે તે દશ બોલ (૧) મૂળ (૨) કંદ (૩) સ્કંધ (૪) ત્વચા (૫) શાખા (૬) પ્રવાલા (૭) પત્ર (૮) ફુલ (૯) ફળ (૧૦) બીજ. એ દસ બોલે કરીને શોભે.

આકાર : જુદા જુદા અનેક આકાર હોય છે.

ભવ: પ્રત્યેક વનસ્પતિકાય જીવો એક અંતરમુહૂર્તમાં ૩૨૦૦૦ ભવો કરે છે.

ઇન્દ્રિય : એક સ્પર્શેન્દ્રિય હોય છે.

પ્ર : ૨૩ સાધારણ વનસ્પતિકાય વિશે વિગતવાર સમજાવો ?

ઉ : ૨૩ જેના એક શરીરમાં અનંતા જીવો હોય તે સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. જેની નસો, સાંધા અને ગાંઠો ગુપ્ત હોય જેને ભાગવાથી સરખા બે

ભાગ થતા હોય, તાંતણા વગરનું હોય અને કાપવા છતાં ફરી જે ઊગી શકે તેને સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. સાધારણ વનસ્પતિકાયને અનંતકાય પણ કહેવાય છે. બત્રીસ પ્રકારના અનંતકાય (કંદમૂળ) સાધારણ વનસ્પતિકાય ગણાય છે જેવા કે, બટાકા, સુરણ, લસણ, લીલી હળદર, લીલો કચુરો, સતાવરી, કીરલી કંદ, કુંવર, થોર, ગળો, સક્કરિયા, વાંસ-કારેલા, ગાજર, લુણી, લોઢી, ગરમળ, કુંમળા પાંદડા, ખરસૈયા, થેગની ભાજી, લીલી મોથ, લુણીના ઝાડની છાલ, ખીલોડા, અમૃતવેલી, મૂળાનાં કંદ, નવા અંકુરા, અલાડીના ટેટા, વથ્થુલાની ભાજી, સુવરવેલ, રતાળુ, ડુંગળી, કુણી આંબલી, પાલકાની ભાજી વગેરે.

આ ઉપરાંત પણ ઘણી જાતની સાધારણ વનસ્પતિ છે. આ વનસ્પતિ (સાધારણ વનસ્પતિકાય) કાય જીવો એક સોયના અગ્રભાગ જેટલી જગ્યામાં પણ અનંતા જીવો રહી શકે છે. સાધારણ વનસ્પતિકાયનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતરમુર્હૂત અને પ્રત્યેક વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦૦૦૦ વર્ષનું હોય છે. તેનું કુળ ૨૮ લાખ કરોડ જાણવું.

પ્ર : ૨૪ સ્થાવર એકેન્દ્રિયના કુલ ભેદો જણાવો ?

ઉ : ૨૪ સ્થાવરના ભેદો

	પૃથ્વિ કાય	અપ કાય	વાયુ કાય	તેઉ કાય	સાધા. વન.	પ્રત્યેક વન.	કુલ
પર્યાપ્તા સૂક્ષ્મ	૧	૧	૧	૧	૧	-	૫
પર્યાપ્તા બાદર	૧	૧	૧	૧	૧	૧	૬
અપર્યાપ્તા સૂક્ષ્મ	૧	૧	૧	૧	૧	-	૫
અપર્યાપ્તા બાદર	૧	૧	૧	૧	૧	૧	૬
	૪	૪	૪	૪	૪	૨	૨૨

એટલે કે સ્થાવર એકેન્દ્રિયના કુલ બાવીસ ભેદ છે.

પ્ર : ૨૫ સાધારણ વનસ્પતિકાય વિશે વિગતવાર સમજાવો ?

ઉ : ૨૫ સાધારણ વનસ્પતિકાયના જીવો એક શરીર બાંધીને એકી સાથે અનંતા ઉત્પન્ન થાય છે એટલે કે અનંત જીવોવાળા એક શરીર તે સાધારણ વનસ્પતિકાય છે. તેઓ આહાર અને શ્વાસોચ્છ્વાસ એકી સાથે લે છે. કેમકે અનંતકાય જીવોને એક જ શરીર હોય છે. સાધારણ વનસ્પતિકાય બાદર અને સૂક્ષ્મ બન્નેય પ્રકારે હોય છે. સાધારણ વનસ્પતિકાય છ રીતે ઊગે છે:-

(૧) અગ્રબીજ : કોરંટક, નાગવલ્લિની માફક જેના અગ્રભાગ વાવવાથી ઊગે છે.
(૨) મૂળબીજ : ઉત્કલકંદ, કેળ વગેરેની માફક જેના મૂળ વાવવાથી ઊગે છે.
(૩) સ્કન્ધબીજ : સલ્લકી, અરુણી વગેરેની જેમ, જેની ડાળ વાવવાથી ઊગે છે.
(૪) બીજરુહ : ડાંગર, ઘઉં વગેરેની જેમ જેનાં બીજ વાવવાથી ઊગે છે.
(૫) પર્વબીજ : શેરડી, વાંસ, નેતર વગેરેની જેમ જેની ગાંઠો વાવવાથી ઊગે છે.
(૬) સમૂર્ચ્છનજ : સિંગોડા વગેરેની જેમ વાવ્યા વગર ઊગે.

પ્ર : ૨૬ વનસ્પતિઓ પાંચેય ઇન્દ્રિયોના વિષયો ગ્રહણ કરવાની શક્તિ ધરાવે છે તે દૃષ્ટાંત આપી સમજાવો ?

ઉ : ૨૬ (૧) **શબ્દ ગ્રહણ શક્તિ :** કંડલ અને કુંદલ વગેરે વનસ્પતિઓ મેઘ ગર્જનાથી પલ્લવિત થાય છે.

(૨) **રૂપ ગ્રહણ શક્તિ :** વેલાઓ અને લતાઓ પોતાને ટેકો દેવાના ભીંતો વગેરે આશ્રય તરફ ફરીને વધે છે.

(૩) **ગંધ ગ્રહણ શક્તિ :** કેટલીક વનસ્પતિઓ ધૂપની સુગંધથી વધે છે.

(૪) **રસ ગ્રહણ શક્તિ :** શેરડી, નારીયેળી. કેટલીક વનસ્પતિઓ જમીનમાંથી મીઠો, ખારો રસ વધારે ચૂસે છે.

(૫) **સ્પર્શ ગ્રહણ શક્તિ :** લજામણી જેવી લજ્જાળુ વનસ્પતિનો છોડ સ્પર્શ કરવાથી સંકોચાઇ જાય છે.

પ્ર : ૨૭ વનસ્પતિઓ અમુક સંજ્ઞા ધરાવે છે તે દૃષ્ટાંત આપી સમજાવો ?

ઉ : ૨૭ (૧) **રાગ-પ્રેમ :** અશોક અને ફણસ જેવાં વૃક્ષો ઝાંઝરના ઝમકાર સહિત સ્ત્રીના પગની પાટુ લાગવાથી ફળે છે.

(૨) **લોભ :** ધોળા આંકડા, ખાખરા, બિલીવૃક્ષ વગેરેના મૂળ ભોયમાં રહેલા ધનના નિધિઓ ઉપર ફેલાઇ જાય છે.

(૩) **ક્રોધ :** કોકનંદનું ઝાડ હુંકારાનો અવાજ કરે છે.

(૪) **માન :** રુદન્તી નામની વેલમાંથી હંમેશા રસનાં ટપકાં ઝરતાં રહે છે. આ વેલડીના રસથી સુવર્ણસિદ્ધિ થાય છે. આ વેલના રસને પુષ્યનક્ષત્રને દિવસે વિધિ સહિત પારામાં ઉમેરવામાં આવે તો તે પારાનું સુવર્ણમાં રૂપાંતર થાય છે. આ વેલડી એમ કહે છે કે હું આ લોકમાં હોવા છતાં આટલી નિર્ધનતા કેમ ! એવી અભિમાન સંજ્ઞાથી રુદન કરવાનું અનુમાન છે. માટે માન સંજ્ઞા છે.

(૫) **મૈથુન** : કુરુબક નામનુ વૃક્ષ સ્ત્રીના આલિંગનથી ફળે છે અથવા યુવાન સ્ત્રીના મુખમાંથી તે સ્ત્રી તાંબુલ છાંટે તો ફળે છે. પપૈયા વગેરેના ઝાડ અને માદા ઝાડ સાથે હોય તો જ ફળે છે.

પ્ર : ૨૮ વનસ્પતિ કયા કાળમાં અલ્પાહારી, અને કયા કાળમાં મહા આહારી હોય છે ?

ઉ : ૨૮ (૧) પ્રાવૃસ ઋતુ (શ્રાવણ-ભાદરવો) અને વર્ષાઋતુ (આસો-કારતક) માં સર્વથી મહા આહારી હોય છે.

(૨) શરદ ઋતુ (માગશર-પોષ), હેમંત ઋતુ (મહા-ફાગણ), અને વસંત ઋતુ (ચૈત્ર-વૈશાખ) માં અનુક્રમે અલ્પાહારી હોય છે ટૂંકમાં ઉનાળામાં અલ્પાહારી હોય છે.

(૩) ગ્રીષ્મ ઋતુ (જેઠ-અષાઢ) માં સર્વથી અલ્પાહાર હોય છે.

પ્ર : ૨૯ વલ્લી, લતા અને હરિતકાયના કેટલા ભેદ છે ?

ઉ : ૨૯ (૧) ચાર વલ્લીના-૪૦૦ ભેદ છે. (૨) આઠ લતાના-૮૦૦ ભેદ છે.

(૩) ત્રણ હરિતકાયના-૩૦૦ ભેદ છે.

પ્ર : ૩૦ યુકેલિપ્ટસ (નીલગીરી) ના વૃક્ષની વિશેષતા શું ?

ઉ : ૩૦ યુકેલિપ્ટસ તો વર્ષે વર્ષે કપડા બદલે એટલે કે પોતાના ઝાડની છાલ જેમ સાપ કાંચળી ઉતારે તેમ દર વર્ષે ઉતારે છે.

પ્ર : ૩૧ સ્થાવર એકેન્દ્રિય જીવોની અવગાહના તથા જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુ સ્થિતિ વર્ણવો ?

ઉ : ૩૧

જીવના નામ	અવગાહના	જઘન્ય આયું	ઉત્કૃષ્ટ આયું
(૧) પૃથ્વિકાય	ધનાંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ	અંતરમુર્હૂત	૨૨૦૦૦
(૨) અપકાય	,,	અંતરમુર્હૂત	૭૦૦૦
(૩) અગ્નિકાય	,,	અંતરમુર્હૂત	ત્રણ અહોરાત્રિ
(૪) વાયુકાય	,,	અંતરમુર્હૂત	૩૦૦૦
(૫) પ્રત્યેક વનસ્પતિકાય (ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન)	,,	અંતરમુર્હૂત	૧૦૦૦૦

પ્ર : ૩૨ પૃથ્વિકાયનો કયો જીવ મૈથુન નામની સંજ્ઞા ધરાવે છે ?

ઉ : ૩૨ પારો-ધાતુ કામ (મૈથુન) નામની સંજ્ઞા ધરાવે છે. પારાને ખાણમાંથી બહાર લાવવા માટે કુંવારી છોકરીને ઘોડા ઉપર બેસાડી તેનું મુખપ્રતિબિંબ પારામાં

પડે તે રીતે ઘોડાને અંદર લઇ જવામાં આવે છે પારામાં કુંવારી છોકરીના મુખનું પ્રતિબિંબ પડ્યા પછી ધીમે ધીમે તે ઘોડાને પાછા પગે ખાણમાંથી બહાર લાવતાં પારો એની મેળે સ્વયમ્ બહાર આવે છે.

પ્ર : ૩૩ પેટ્રોલ એ શું છે ?

ઉ : ૩૩ પેટ્રોલ એ નર્યા જીવો જ છે, તે તેઉકાય (અગ્નિકાય) જીવો છે તે મોટરમાં પુરાય છે અને વ્યવહાર રાશિમાં આવે છે. આમાં કોઇને લેવા દેવા નથી. સંયોગી પુરાવાને આધારે ભેગા થઇ બહાર આવે છે. અવ્યવહારિક કે જે ક્યારેય પણ નિકળ્યા નહોતા તે બહાર આવે છે તેમના વપરાશથી વાપરનારાઓને તે નીચે લઇ જાય છે નીચે ધકેલે છે અને પોતે ઊંચે આવે છે. સિધ્ધાંત : દરેક કળિયુગમાં પાતાળમાં પડી રહેલા જીવો ઉપરના જીવોને નીચી ગતિમાં લઇ જાય છે.

પ્ર : ૩૪ ત્રસકાય જીવો એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ : ૩૪ ત્રસકાય તે કે જે હાલી-ચાલી શકે. તડકેથી છાંયે જાય અને છાંયેથી તડકે જાય તેને ત્રસકાય કહેવાય. ત્રસકાય જીવોના મુખ્ય ચાર ભેદ છે.

(૧) બેઇન્દ્રિય (૨) તેઇન્દ્રિય (૩) ચઉરિન્દ્રિય (૪) પંચેન્દ્રિય

પ્ર : ૩૫ બેઇન્દ્રિય જીવ વિશે વિગતવાર જણાવો ?

ઉ : ૩૫ જેને સ્પર્શેન્દ્રિય (શરીર) અને રસનેન્દ્રિય (જીભ) આ બે ઇન્દ્રિય હોય તેને બેઇન્દ્રિય જીવ કહેવાય છે. આ જીવો કેટલાક પાણીમાં, જમીન ઉપર કે વાસી ભોજનમાં અથવા શરીરમાં ઉત્પન્ન થાય છે. (કાચાં દૂધ, દંહી, અને છાશની સાથે કઠોળ જેવા કે મગ, ચણા, અડદ, મઠ, ચોળા આદિ ચીજ મિશ્રણ થવાથી તરત જ બેઇન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે માટે જૈન દર્શન દ્વીદળ સાથે કાચા દૂધ, દંહી કે છાશ ખાવાની ના પાડે છે. એમાં આશય હિંસાના દોષથી બચવાનો છે). બેઇન્દ્રિય જીવોના અસંખ્ય પ્રકાર છે, જેવા કે શંખ, અળશિયા, લાળીયા જીવ (વાસી વસ્તુઓમાં ઉત્પન્ન થાય), કરમિયા-ચરમિયા (જે પેટમાં, શરીરના બીજા ભાગમાં, મસામાં તથા સ્ત્રીની યોનિમાં એક જાતના જંતુઓ હોય છે તે), મામણમંડા (લાકડામાં થાય છે), પોરા (લાલકે સફેદ રંગના હોય તે પાણીમાં થાય છે છીપવાળા), ચૂડેલ, કોડા, જળો, કીડા, ઇયળ, છીપ, વાંતરાં, ચંદનક, વગેરે અનેક પ્રકારના છે.

અવગાહના : ૧૨ યોજન (૪૮ ગાઉ) ઉત્કૃષ્ટ

ભવ : બે ઇન્દ્રિય જીવો એક મુહૂર્તમાં વધારેમાં વધારે ૮૦ ભવ કરે છે.

કુળ : સાત લાખ કરોડ છે.

આયુષ્ય : જઘન્ય અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટ બાર વર્ષનું હોય છે.

પ્ર : ૩૬ તેઇન્દ્રિય જીવો વિશે વિગતવાર સમજાવો ?

ઉ : ૩૬ જે જીવોને કાયા(શરીર), જીભ(રસનેન્દ્રિય), નાક(ઘ્રાણેન્દ્રિય) હોય એટલે કે ત્રણ ઇન્દ્રિય હોય તે જીવોને તેઇન્દ્રિય (ત્રિઇન્દ્રિય) કહેવાય છે. આ જીવો પર્યાપ્તા તેમજ અપર્યાપ્તા એમ બે પ્રકારે હોય છે. જૂ, લીખ, માંકડ, ચાંચડ, કીડી, કંથવા, ધનેડા, માટલા, મંકોડા, જુવા, ઇતડી, ગીંગોડા, ધીમેલ, ગધૈયા, કાનખજૂરા, ઉધઇ, સવા, ઝીમેલ, ભુંડ, મમોલા, ઇયળ, ગોકળગાય, કાળી જૂ, વિષ્ટાના કીડા, ઇન્દ્રગોપ, એ આદિ તેઇન્દ્રિયના ઘણા ભેદ છે. સામાન્ય રીતે તેઇન્દ્રિય જીવોને ચાર, છ કે વધુ પગ હોય છે. મોઢા આગળ તેઇન્દ્રિય જીવોને બે વાળ હોય છે.

ભવ : તેઇન્દ્રિય જીવો એક મુહૂર્તમાં વધારેમાં વધારે ૬૦ ભવ કરે.

ઉત્કૃષ્ટ : અવગાહના : ૩ ગાઉ (અઢી દ્વીપની બહાર)

કુળ : આઠ લાખ કરોડ છે.

આયુષ્ય : જઘન્ય અંતમુહૂર્તનું અને ઉત્કૃષ્ટ ઓગણપચાસ દિવસનું હોય છે.

પ્ર : ૩૭ ચઉરિન્દ્રિય (ચૌઇન્દ્રિય) જીવો વિશે સમજાવો ?

ઉ : ૩૭ જે જીવોને કાયા(શરીર), જીભ(રસનેન્દ્રિય), નાક(ઘ્રાણેન્દ્રિય), આંખ(ચક્ષુઇન્દ્રિય) એટલે કે ચાર ઇન્દ્રિય હોય તેને ચઉરિન્દ્રિય કહેવાય છે. ચઉરિન્દ્રિય જીવોના નામ જેવા કે માંખી, મસલાં, ડાંસ, મચ્છર, ભમરા, ભમરી, તીડ, પતંગ, કરોળિયા, કંસારી, ખડમાંકડી, ધુડીયાં, વીંછી, બગાઇ, ફુંદા, તમરાં, ખપેડી, રૂપેલી, ઢીઢણ, પતંગિયા, વાંદો એ આદિ ચોઇન્દ્રિયના ઘણા ભેદ છે. ચઉરિન્દ્રિય જીવોને ૬ કે ૮ પગ હોય છે. મોઢા આગળ શીંગડા જેવા બે વાળ પ્રાયઃ હોય છે.

ભવ : ચઉરિન્દ્રિય જીવો એક મુહૂર્તમાં વધારેમાં વધારે ૪૦ ભવો કરી શકે.

કુળ : નવ લાખ કરોડ છે.

આયુષ્ય : જઘન્ય અંતમુહૂર્તનું અને ઉત્કૃષ્ટ છ મહિનાનું હોય છે.

ઉત્કૃષ્ટ અવગાહના : ૪ ગાઉ (અઢી દ્વીપની બહાર)

પ્ર : ૩૮ બે ઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિન્દ્રિય ત્રણે માટે એક શબ્દ કયો કહેવાય છે ?

ઉ : ૩૮ આ ત્રણેય જીવો માટે એક શબ્દ વિકલેન્દ્રિય કહેવાય છે. આ વિકલેન્દ્રિય જીવો મન વગરના-અસંજ્ઞી હોય છે તથા નપુંસક કહેવાય છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા હોય છે.

પ્ર : ૩૯ પંચેન્દ્રિય જીવો વિશે સમજાવો ?

ઉ : ૩૯ જે જીવોને શરીર, જીભ, નાક, આંખ અને કાન એ પાંચેય ઇન્દ્રિયો હોય તેને પંચેન્દ્રિય કહેવાય. પંચેન્દ્રિયની ચાર જાત (૧) નારકી (૨) તિર્યંચ (૩) મનુષ્ય (૪) દેવતા.

પ્ર : ૪૦ તિર્યંચ પંચેન્દ્રિય જીવોનું વર્ણન કરો?

ઉ : ૪૦ તિર્યંચ એટલે જાનવર. જે જાનવરો પાંચેય ઇન્દ્રિયો ધરાવે છે તે તિર્યંચ પંચેન્દ્રિય કહેવાય છે. તિર્યંચ પંચેન્દ્રિય જીવોના ત્રણ પ્રકાર છે :-

(૧) જળચર (૨) સ્થલચર (૩) ખેચર

[૧] **જળચર જીવો :** પાણીમાં ચાલનાર જીવો તે જલચર જીવો ગણાય છે. જળમાં તેમની શક્તિ ઘણી હોય છે. જળચર જીવોનાં નામ જેવા કે મગર, માછલી, આઠપગો, વ્હેલ, દેડકો, કાચબો વગેરે અનેક પ્રકારના છે. એમ કહેવાય છે કે ચૂડી (બંગડી) અને નળીયા સિવાય જગતમાં જેટલા આકાર છે તે દરેક પ્રકારના જળચર જીવો હોય છે. આમ છતા નીચેના પાંચ જીવોમાં ઘણા જીવોનો સમાવેશ થાય છેઃ-

અ સુસુમાર : દરિયાઇ મોટા કદવાળા જીવો.

બ મત્સ્ય : અનેક રંગ અને આકારવાળા માંછલા અને માછલીઓ.

ક કચ્છવ : કાચબો, કઠણ પીઠવાળા જીવોની ગણના.

ડ ગાહ : ઝુંડ તાંતણા જેવા શરીર સાથે શક્તિશાળી જીવો.

ઇ મગર : દાંત અને લાંબા પૂંછડાવાળા જીવો.

નોંધઃ અઢીદ્વીપની બહારના સમુદ્રમાં અતિશય મોટા કદ અને આયુષ્યવાળા જળચર જીવો હોય છે.

[૨] **સ્થલચર જીવો :** ભૂમિ ઉપર ચાલનારા જીવોને સ્થલચર જીવો કહેવાય છે તેના મુખ્ય ત્રણ ભેદ છે.

(૧) **ચતુષ્પદ :** ચાર પગવાળા પૃથ્વિ ઉપર ચાલતા જીવો. જેવા કે ગાય, ઘોડો, હાથી, ભેંસ, ઉંટ, કૂતરા, બિલાડી વિગેરે.

(૨) **ઉર પરિસર્પ :** પેટથી ચાલનારા જીવોને ઉરપરિસર્પ કહેવામાં આવે છે જેવા કે સાપ, નાગ, અજગર.

(૩) **ભુજ પરિસર્પ :** હાથની મદદથી ચાલનારા જીવો જેવાકે ઉંદર, નોળિયો, વાંદરા, ગરોળી વગેરે.

[૩] **ખેચર :** આકાશમાં ઉડનારાં પક્ષીઓ (પંખીઓ) ને ખેચર કહેવામાં આવે છે આ જીવો લાંબા સમય સુધી આકાશમાં ઉડી શકે છે તેથી તે પક્ષી કહેવાય તેના બે ભેદ છે.

અ રોમજ પક્ષી : જેની પાંખો રૂંવાટીવાળી છે તે પક્ષીઓને રોમજ પક્ષી કહેવાય છે જેવા કે પોપટ, પારેવા, હંસ, કાગડો વિગેરે.

બ ચર્મજ પક્ષી : જેની પાખોં ચામડાની છે. તે પક્ષીઓને ચર્મજ પક્ષી કહેવાય છે. જેવા કે ચામાચિડિયા,વડવાગોળ વિગેરે.

નોધઃ અઢીદ્વીપની બહાર બે જાતનાં પક્ષીઓ હોય છે તેમાં સમુદ્ગક પક્ષી કે જે પક્ષીઓની પાંખો હમેંશા બીડાયેલી (સંકોચાયેલી) હોય છે અને વિતત પક્ષી કે જેની પાંખો હંમેશા પહોળી (ખુલ્લી) હોય છે.

પ્ર : ૪૧ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયના જન્મ અંગે જણાવો ?

ઉ : ૪૧ જે જીવો જન્મ પહેલાં અમુક સમય ગર્ભરૂપે રહી યોગ્યકાળે જન્મ લે અથવા પક્ષીઓ ઇંડારૂપે રહી યોગ્ય કાળે જન્મ લે તે ગર્ભજ કહેવાય. ગર્ભજ તીર્યંચ પંચેન્દ્રિયના જન્મના મુખ્ય ત્રણ ભેદ છે.

(૧) **અંડજ :** જે જીવો જન્મ પૂર્વે ઇંડારૂપે હોય પછી અમુક સમયે ઇંડાનું સેવન થયા પછી જન્મ લે. ચકલી, કબૂતર, મોર, ગરોળી.

(૨) **જરાયુજ :** જે જીવો જન્મ પૂર્વે ઓરમાં વીંટળાયેલા હોય, મનુષ્ય, બકરી, વાછરડું વગેરે.

(૩) **પોતજ :** જે જીવો સીધા બચ્ચારૂપે જન્મે. હાથીનું બચ્ચું વગેરે.

પ્ર : ૪૨ તિર્યંચ પંચેન્દ્રિય જીવોને કોને બચ્ચું થાય અને કોને ઇંડુ હોય તેની નિશાની શું ?

ઉ : ૪૨ જે તિર્યંચ પંચેન્દ્રિય જીવોને કાન બહાર દેખાતા હોય તે તિર્યંચ પંચેન્દ્રિયને બચ્ચુ આવે અને જે તીર્યંચ પંચેન્દ્રિયને કાનને સ્થાને કાણું હોય તે જીવોને ઇંડા થાય અને તેમાંથી પછી બચ્ચુ બહાર આવે.

પ્ર : ૪૩ તિર્યંચ પંચેન્દ્રિય જીવોની અવગાહના જણાવો ?

ઉ : ૪૩ તિર્યંચ પંચેન્દ્રિય જીવનુ નામ | **ગર્ભજ તિર્યંચ** | **સંમૂર્ચ્છિમ તિર્યંચ**

(૧) જલ ચર	૧૦૦૦ યોજન	૧૦૦૦ યોજન
(૨) સ્થલચર : ચતુષ્પદ	૬ ગાઉ	૨ થી ૯ ગાઉ
ઉર પરિસર્પ	૧૦૦૦ યોજન	૨ થી ૯ યોજન (યોજન પૃથકત્વ)
ભુજ પરિસર્પ	૨ થી ૯ ગાઉ	૨ થી ૯ ધનુષ (ગાઉ પૃથકત્વ)
(૩) ખેચર	૨ થી ૯ ધનુષ	૨ થી ૯ ધનુષ

નોંધ : આ અવગાહના અર્થાત્ શરીરની ઉંચાઇ ઉત્કૃષ્ટ ઉંચાઇ છે અને તે પણ અઢી દ્વીપની બહારના જીવોની સમજવી.

પ્ર : ૪૪ તિર્યંચ પંચેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવો ?

ઉ : ૪૪ તિર્યંચ પંચેન્દ્રિય જીવનુ નામ | **ઉત્કૃષ્ટ આયુષ્ય**

(૧) ગર્ભજ જલચર	પૂર્વ ક્રોડ વર્ષ
(૨) ગર્ભજ ઉરપરિસર્પ	પૂર્વ ક્રોડ વર્ષ
(૩) ગર્ભજ ભુજ પરિસર્પ	પૂર્વ ક્રોડ વર્ષ
(૪) ગર્ભજ ચતુષ્પદ	૩ પલ્યોપમ્
(૫) ગર્ભજ ખેચર	પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ
(૬) સંમૂર્ચ્છિમ જલચર	પૂર્વ ક્રોડ વર્ષ
(૭) સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ	૫૩ હજાર વર્ષ
(૮) સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ	૪૨ હજાર વર્ષ
(૯) સંમૂર્ચ્છિમ ચતુષ્પદ	૮૪ હજાર વર્ષ
(૧૦) સંમૂર્ચ્છિમ ખેચર	૭૨ હજાર વર્ષ

પ્ર : ૪૫ સંમૂર્ચ્છિમ જીવો એટલે શું ? તેની ઉત્પતિ વિશે જણાવો ?

ઉ : ૪૫ ગર્ભજ જીવોનાં મળ, મૂત્ર, કફ, પ્રસ્વેદ(પરસેવો), પિત્ત, રકત, વીર્ય, વમન(ઉલટી), કે શબ જેવા પદાર્થોમાં કે બાહ્ય સંજોગો મળતા જે જીવો ઉત્પન્ન થાય છે તેને સંમૂર્ચ્છિમ જીવો કહે છે. પ્રથમના ચાર ઇન્દ્રિયવાળા જીવો તો સંમૂર્ચ્છિમ હોય છે. પંચેન્દ્રિય તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય અને સંમૂર્ચ્છિમ બંને હોય છે.

(૧) એકેન્દ્રિય તથા બે ઇન્દ્રિય જીવો પોતાના દેહની ઉત્પતિને લાયક સંયોગો થતાં અર્થાત્ પોતાની સ્વજાતિની આસપાસ ઉત્પન્ન થાય છે.

(૨) તેઇન્દ્રિય જીવો સ્વજાતિના જીવોના મળ વિષ્ટા વગેરેમાંથી ઉત્પન્ન થાય છે. (છાણ જેવા પ્રકારે)

(૩) ચારઇન્દ્રિયવાળો જીવો. સ્વજાતિની લાળ કે મળ વગેરેમાંથી ઉત્પન્ન થાય છે. આ જીવોનું શરીર અંગુલના અસંખ્યતામાં ભાગ જેટલું હોય છે અને અપર્યાપ્તા હોય છે.

(૪) તિર્યંચ પંચેન્દ્રિય જીવો ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બે પ્રકારે હોય. આ બંને સંમૂર્ચ્છિમ જીવો મળ મૂત્રાદિમાં ઉત્પન્ન થાય છે.

પ્ર : ૪૬ ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ મનુષ્યો ક્યાં ક્યાં ઊપજે ?

ઉ : ૪૬ ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ મનુષ્યો નીચેના સ્થાનકોએ ઊપજે છેઃ-

(૧) વડીનીત (ઝાડા)- સંડાસમાં ઊપજે.
(૨) લઘુનીત (પેશાબ) માં ઊપજે.
(૩) બળખો (ગળફો) માં ઊપજે.
(૪) નાકની લીટમાં ઊપજે.
(૫) ઉલટી (વમનમાં) ઊપજે.
(૬) લીલા-પીળા પિત્તમાં ઊપજે.
(૭) શોણિત (રૂધિર-લોહી) માં ઊપજે.
(૮) વીર્યમાં ઊપજે.
(૯) વીર્યાદિકના સુકાયેલ પુદ્ગલ ભીના થાય તેમાં ઊપજે.
(૧૦) પરૂમાં ઊપજે.
(૧૧) જીવ ગયા પછી રહેલા શબમાં ઊપજે.
(૧૨) સ્ત્રી, પુરૂષના સંયોગથી ઊપજે.
(૧૩) નગરની ખાળમાં (ગટરમાં) ઊપજે.
(૧૪) શરીરમાં થતો પરસેવો, કાનનો મેલ વગેરે મનુષ્યના અંગથી દૂર થયેલ ગંદકીમાં ઊપજે.

પ્ર : ૪૭ વિકલેન્દ્રિય (બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય) જીવોને કેટલા જ્ઞાન હોય છે ?

ઉ : ૪૭ વિકલેન્દ્રિય જીવોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે.

પ્ર : ૪૮ અસંજ્ઞી મનુષ્યો (સંમૂર્ચ્છિમ મનુષ્યો) કેટલી સંખ્યામાં હોય છે ?

ઉ : ૪૮ અસંજ્ઞી મનુષ્યો જે મનુષ્યના ૧૪ અપવિત્ર સ્થાનોમાં ઉત્પન્ન થાય છે તે આ જગતમાં સર્વ જ્ઞાએ અસંખ્યાતા હોય છે.

પ્ર : ૪૯ તીર્યંચ પંચેન્દ્રિય જીવોના આયુષ્ય બાબતે જણાવો ?

ઉ : ૪૯ (૧) હાથી, સિંહ, અષ્ટાપદ વગેરેનું આયુષ્ય મનુષ્ય જેટલું
(૨) ઘોડા, ખચ્ચર, વગેરેનું આયુષ્ય મનુષ્યના ચોથા ભાગનું
(૩) ઘેંટા, બકરા, વગેરેનું આયુષ્ય મનુષ્યના આઠમા ભાગ જેટલું
(૪) બળદ, પાડા, ઉંટ, ગધેડા, વગેરેનું આયુષ્ય મનુષ્યનાં પાંચમા ભાગ જેટલું
(૫) કુતરા વગેરેનું આયુષ્ય મનુષ્યના દસમાં ભાગ જેટલું

પ્ર : ૫૦ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવડું કયું ?

ઉ : ૫૦ "થેકસસ" નામનું જીવડું સૂક્ષ્મમાં સુક્ષ્મ છે, આ જીવડા સોયની અણીના અગ્રભાગ ઉપર એક લાખ જેટલા આરામથી બેસી શકે છે.

પ્ર : ૫૧ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ કેટલા ગુણસ્થાનક સુધી જઈ શકે ?

ઉ : ૫૧ સંજ્ઞી પંચેન્દ્રિય તીર્યંચ પાંચમા ગુણસ્થાનક (દેશ વિરતિ) સુધી પહોંચી શકે.

પ્ર : ૫૨ જીવને ઉપજવાની યોનિઓમાં કેટલા પ્રકાર છે ?

ઉ : ૫૨ (૧) સચિત (૨) અચિત (૩) સચિતાચિત (૪) સંવૃત (૫) અસંવૃત (૬) સંવૃતાસંવૃત (૭) શિત (૮) ઉષ્ણ (૯) શિતોષ્ણ એમ નવ પ્રકારે જીવને ઉપજવાની યોનિ હોય છે.

પ્ર : ૫૩ સ્વકાયશસ્ત્ર, પરકાયશસ્ત્ર, ઉભયકાયશસ્ત્ર એટલે શું ?

ઉ : ૫૩ (૧) ઠંડા પાણીમાં ગરમ પાણી રેડવાથી ઠંડા પાણીનાં જીવોનો જે નાશ થાય છે તે સ્વકાયશસ્ત્ર કહેવાય.
(૨) પાણીને અગ્નિથી ગરમ કરીએ તેનાથી પાણીના જીવોનો જે નાશ થાય તે પરકાયશસ્ત્ર કહેવાય.
(૩) જળ-અગ્નિ ભેગા કરવાથી અથવા માટી (કાચી) અને પાણી ભેગા થવાથી બન્નેના જીવો નાશ પામે છે તેને ઉભયકાયશસ્ત્ર કહેવાય.

પ્ર : ૫૪ પાંચ જ્ઞાનેન્દ્રિય અને તેના અભ્યંતર આકાર, જાડાઈ, લંબાઈ વિશે સમજાવો ?

ઉ : ૫૪ પાંચ જ્ઞાનેન્દ્રિયો, કાન, આંખ, નાક, જીભ, ચામડી.
(૧) **કાન :** કાનનો અભ્યંતર આકાર કદંબ વૃક્ષના ફુલ જેવો છે. જેની

જાડાઇ અંગુલના અસંખ્યાતમા ભાગની છે. તેની લંબાઇ પણ અંગુલના અસંખ્યાતમા ભાગની છે. કાન વધારેમાં વધારે બાર યોજન દૂરથી આવતા શબ્દને સાંભળી શકે છે.

(૨) **આંખ :** આંખનો આકાર મસુરની દાળ જેવો છે. તેની જાડાઇ તથા લંબાઇ અંગુલના અસંખ્યાતમાં ભાગની છે. આંખ વધારેમાં વધારે એક લાખ યોજન દૂર રહેલા રૂપને જોઇ શકે છે.

(૩) **નાક :** નાકનો આકાર ધમણ જેવો અથવા તો અગથીયાના ફુલ જેવો છે. તેની લંબાઇ તથા જાડાઇ અંગુલના અસંખ્યાતમા ભાગની છે. નાક નવ યોજન દૂરથી આવતી ગંધને સૂંઘી શકે છે.

(૪) **જીભ :** જીભનો આકાર અસ્ત્રા જેવો અથવા છૂરપલાની ધાર જેવો છે. જીભની જાડાઇ અંગુલના અસંખ્યાતમા ભાગની છે. લંબાઇ જંઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અને ઉત્કૃષ્ટ બે થી ૯ અંગુલ વિસ્તારવાળી હોય છે. જીભ નવ યોજન દૂરથી આવતા રસને ગ્રહણ કરે છે.

(૫) **ચામડી:** ચામડીનો આકાર ભિન્ન ભિન્ન હોય છે. ચામડીનુ જાડાપણુ અંગુલના અસંખ્યાતમા ભાગનુ અને લંબાઇ જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગની અને ઉત્કૃષ્ટ હજાર યોજનથી કાંઇક વિશેષ. ચામડી નવ યોજન દૂરથી આવતા સ્પર્શને ગ્રહણ કરે છે.

પ્ર : ૫૫ મનુષ્યના જીવને સ્ત્રીના ગર્ભમાં કેવું દુઃખ હોય છે ?

ઉ : ૫૫ સોયને અગ્નિમા તપાવીને તેને રોમેરોમમાં ખોસવામાં આવે અને તેનાથી જેવું અને જેટલુ દુઃખ થાય તેનાથી આઠ ગણુ દુઃખ જીવને ગર્ભમાં છે. અને ગર્ભમાંથી નીકળતી સમયે તેનાથી લાખ ગણુ અથવા કોટી ગણુ દુઃખ થાય છે.

પ્ર : ૫૬ જીવ ગર્ભસ્થાનમાં કેટલા દિવસ, કેટલી રાત્રિ, કેટલા મુહૂર્ત રહે છે ?

ઉ : ૫૬ જીવ ગર્ભસ્થાનમા બસોને સાડી સતોતેર અહોરાત્રિ રહે છે. (૨૭૭૧/૨દિવસ) એટલે કે નવ મહિના અને સાડા સાત દિવસ ગર્ભમાં રહે છે. વાસ્તવિક રીતે જોતાં એટલો જ ગર્ભનો કાળ છે. તે જીવ આઠ હજાર ત્રણસોને પચ્ચીસ મુહૂર્ત ગર્ભસ્થાનમાં રહે છે. (૮૩૨૫ મુહૂર્ત). તે જીવ ચૌદ લાખ દસ હજાર બસો પચ્ચીસ શ્વાસોચ્છ્વાસ લે છે [૧૪,૧૦,૨૨૫] તેમ છતાં વધઘટ થતી જણાય છે તે સર્વ કર્મ વિપાકનો વ્યાઘાત સમજવો.

પ્ર : ૫૭ ગર્ભમાં આવેલ જીવ પુત્ર કે પુત્રી કેવી રીતે જાણી શકાય ?

ઉ : ૫૭ માતાની જમણી કૂખે પુત્ર અને ડાબી કૂખે પુત્રી અને બે કૂખની વચ્ચે

નપુંસક પાકે છે.

પ્ર : ૫૮ મનુષ્યનો ગર્ભ ગર્ભાસયમાં વધારેમા વધારે કેટલા વર્ષો સુધી રહી શકે છે?

ઉ : ૫૮ ગર્ભ ઉત્કૃષ્ટ બાર વર્ષ ગર્ભમાં જીવતો રહી શકે છે તે પછી મરે છે પણ શરીર રહે છે તે શરીર ચોવીસ વર્ષ સુધી રહી શકે છે તે સૂકા શરીરમાં ચોવીસમે વર્ષે નવો જીવ ઊપજે તો મહામુસીબતે જન્મે અને ના જન્મે તો માતા મરી જાય છે.

પ્ર : ૫૯ જીવ ગર્ભમાં આવ્યા પછી કેટલામે મહીને માતાને દોહદ-ભાવ થાય છે ?

ઉ : ૫૯ જીવ ગર્ભમા આવ્યા પછી ત્રીજે મહિને તે પાકી કેરી જેવો થાય છે તે વખતથી માતાને દોહદ-ભાવ થાય છે. અર્થાત્ સારે ગર્ભે ઊંચા ભાવ અને નરસે ગર્ભે નીચા મનોરથ થાય છે અને તે કર્મ પ્રમાણે ફળ આપે છે.

પ્ર : ૬૦ જીવ ગર્ભમાં આવ્યા પછી વિકાસ ક્રમ કઇ રીતે હોય છે ?

ઉ : ૬૦ (૧) સાત દિવસમાં ચોખાના ધોવણ જેવો તોલદાર થાય છે.

(૨) ચૌદમા દિવસ સુધીમાં પાણીના પરપોટા જેવા આકારમાં આવે છે.

(૩) એકવિસમાં દિવસ સુધીમાં નાકના શ્લેષમ જેવો થાય છે.

(૪) અઠાવીશમા દિવસ સુધીમાં અડતાળીશ માસા જેટલો વજનદાર થાય.

(૫) પૂરે મહિને બોરના ઠળિયા જેવડો અથવા નાની કેરીની ગોટલી જેવો થાય છે.

(૬) બીજે મહિને કાચી કેરી જેવો થાય.

(૭) ત્રીજે મહિને પાકી કેરી જેવો થાય છે.

(૮) ચોથે મહિને કણકના પીંડા જેવો થાય છે. તેથી માતાનું શરીર પુષ્ટિ પામે છે.

(૯) પાંચમે મહિને પાંચ અંકુરા ફુટે તેમા બે હાથ, બે પગ અને પાંચમું મસ્તક.

(૧૦) છઠ્ઠે મહિને લોહી, તથા રોમ, નખ, અને કેશની વૃદ્ધિ થાય છે. તેમાં સાડા ત્રણ કરોડ રોમ છે તેમાંથી બે કરોડ, એકાવન લાખ ગળા ઉપર અને નવાણુ લાખ ગળા નીચે છે.

(૧૧) સાતમે મહિને ૭૦૦ શિરા એટલે રસહરણી નાડિયો બંધાય છે. તેમાંની સ્ત્રીને ૬૭૦. નપુંસકને ૬૮૦ અને પુરૂષને ૭૦૦ પૂરી હોય છે.

(૧૨) આઠમે મહિને સર્વ અંગ ઉપાંગ પૂર્ણ નિપજી રહે છે.

(૧૩) નવમે મહિને ૭૨૦૦૦ નાડી સાથે સર્વ અવયવ સાથે શરીર મજબૂત થઇ જાય છે.

પ્ર : ૬૧ શરીરના ૧૦૮ મર્મસ્થાન ક્યા ?

ઉ : ૬૧ પાંચ પ્રકારના મર્મસ્થાન ગણાય છે, જે નીચે મુજબ છે :-

(૧)	માંસમર્મ	૧૧
(૨)	શીરા મર્મ	૪૧
(૩)	સ્નાયુમર્મ	૨૮
(૪)	અસ્થિમર્મ	૮
(૫)	સંધિમર્મ	૨૦
		૧૦૮

પ્ર : ૬૨ ભારંડ પક્ષી કેવા હોય છે ?

ઉ : ૬૨ ભારંડ પક્ષીમાં જીવ બે અને શરીર એક હોય છે તેને એક પેટ અને બે મુખ તથા ત્રણ પગ હોય છે. તે મનુષ્યની ભાષા બોલે છે અને હંમેશા અપ્રમતપણે રહેનારા હોય છે. એક શરીરમાં બે જીવ હોવાથી જ્યારે બન્નેને જુદા-જુદા ફળની ઇચ્છા થાય તો તે પક્ષીનું મૃત્યું થાય છે. આ ઉલ્લેખ કલ્પસૂત્રની કિરણાવલી નામની વૃત્તિમાં છે.

પ્ર : ૬૩ શુકલ પાક્ષિક જીવો અને કૃષ્ણ પાક્ષિક જીવો કોને કહેવાય ?

ઉ : ૬૩ સ્થાનાંગસૂત્રના પહેલા ગણાની ટીકામાં કહ્યું છે કે જે જીવોનો સંસાર પરિભ્રમણ કાળ અર્ધપુદ્ગુલ પરાવર્તન બાકી રહેલ છે તે શુક્લ પાક્ષિક જીવો કહેવાય અને જે જીવોનો સંસાર પરિભ્રમણકાળ અર્ધપુદ્ગલ પરાવર્તન કરતાં અધિક બાકી છે તે કૃષ્ણપાક્ષિક જીવો કહેવાય.

પ્ર : ૬૪ સ્ત્રીના ગર્ભાશયનું મુખ કેટલા દિવસ ખુલ્લું હોય છે ?

ઉ : ૬૪ માસિકધર્મ અગાઉના સાત દિવસ અને માસિકધર્મ ના ત્રણ દિવસ ગયા પછીના સાત દિવસ એમ કુલ ચઉદ(૧૪) દિવસ ખુલ્લું હોય છે.

પ્ર : ૬૫ પાંચ સ્થાવર જીવોના ભાંગા કેટલા ?

ઉ : ૬૫ પૃથ્વિકાયના ચોવીશ ભાંગા, અપકાયના વીશ ભાંગા, તેઉકાયના બાર ભાંગા, વાયુકાયના પંદર ભાંગા, સાધરણવનસ્પતિકાયના સોળ ભાંગા અને પ્રત્યેક વનસ્પતિકાયના ચઉદ ભાંગા ગણાય છે.

પ્ર : ૬૬ મનુષ્યની ચામડીના સાત પડ કયા કયા ?

ઉ : ૬૬ મનુષ્યની ચામડીના સાત પડ નીચે મુજબ હોય છે :-

પડનું નામ		ગુણધર્મ
(૧) અવભાષિની	:	તેમાં સિદમ નામનો કોઢ પેદા થાય છે.
(૨) લોહિતા	:	તે તલ અને કાળા કોઢની જન્મભૂમિ છે.
(૩) શ્વેતા	:	તે ચર્મદળ નામના કુષ્ઠરોગની જન્મભૂમિ છે.
(૪) તામ્રા	:	તે પડમાં કીલાસ નામનો કુષ્ઠરોગ ઉત્પન્ન થાય છે.
(૫) વેદિની	:	તે સંપૂર્ણ કુષ્ઠની જન્મભૂમિ છે.
(૬) રોહિણી	:	તે ગાંઠ, ગડમાળ અને અર્બુદરોગને પેદા થવાનું સ્થાન છે.
(૭) સ્થૂલા	:	તે વિધધિ, અર્શ, ભગંદર વગેરે રોગ થવાનું સ્થાન છે.

આ સાત પડની જાડાઇ ડાંગરના બે ફોતરા જેટલી હોય છે.

પ્ર : ૬૭ જીવના દસ પરિણામ કયા કયા તે જણાવો ?

ઉ : ૬૭ જીવના દસ પરિણામ નીચે મુજબ જાણવા :-

(૧) ગતિ :- નારકાદિ ગતિઓમાં પરીભ્રમણ કરતો હોવાથી તેને ગતિ પરિણામી કહે છે.

(૨) ઇન્દ્રિય :- એકેન્દ્રિયાદિ-સ્પર્શેન્દ્રિયાદિ ઇન્દ્રિયોનું પરિવર્તન થાય છે એટલે ઇન્દ્રિય પરિણામી છે.

(૩) કષાય :- કષાયોમાં ભાવોનું પરિવર્તન થતું હોવાથી કષાય પરિણામી છે.

(૪) લેશ્યા :- લેશ્યાઓમાં ભાવોનું પરિવર્તન થતું હોવાથી લેશ્યા પરિણામી.

(૫) યોગ :- ત્રણે યોગોમાં રમણ કરતો હોય છે એટલે યોગ પરિણામી

(૬) ઉપયોગ :- દ્વાદશ ઉપયોગમાં રમણ કરતો હોવાથી ઉપયોગ પરિણામી

(૭) જ્ઞાન :- જ્ઞાનમાં રમણ કરતો હોવાથી જ્ઞાન પરિણામી

(૮) દર્શન :- દર્શનમાં રમણ કરતો હોવાથી દર્શન પરિણામી.

(૯) ચારિત્ર :- ચારિત્રમાં રમણ કરતો હોવાથી ચારિત્ર પરિણામી

(૧૦) વેદ :- પુરુષ, સ્ત્રી અને નુપુંસક વેદમાં પરિવર્તન પામતો હોવાથી વેદ પરિણામી

卐

અધ્યાય પાંચમો
નવ તત્ત્વ પરિચય

પ્ર : ૧ નવ તત્ત્વના નામ, રૂપી અરૂપી ભેદોની સંખ્યા તથા જ્ઞેય, ઉપાદેય, હેય કેટલા તે જણાવો ?

ઉ : ૧ નવ તત્ત્વનાં નામ, રૂપી અરૂપી ભેદોની સંખ્યા તથા જ્ઞેય, ઉપાદેય કે હેય કેટલા તે નીચેના યંત્ર ઉપરથી જાણી શકાશે.

અંક	નામ	રૂપી ભેદ	અરૂપી ભેદ	હેય/જ્ઞેય/ઉપાદેય
૧	જીવ	૧૪	સિધ્ધ	જ્ઞેય
૨	અજીવ	૪	૧૦	જ્ઞેય
૩	પુણ્ય	૪૨	૦	ઉપાદેય, હેય
૪	પાપ	૮૨	૦	હેય
૫	આશ્રવ	૪૨	૦	હેય
૬	સંવર	૦	૫૭	ઉપાદેય
૭	નિર્જરા	૦	૧૨	ઉપાદેય
૮	બંધ	૪	૦	હેય
૯	મોક્ષ	૦	૯	ઉપાદેય

પ્ર : ૨ નવ તત્ત્વની શ્રધ્ધા માટે વિવેકના ત્રણ પ્રકાર કયા ?

ઉ : ૨ નવ તત્ત્વની શ્રધ્ધા માટે વિવેકના ત્રણ પ્રકાર છેઃ-

(૧) જ્ઞેય (૨) ઉપાદેય (૩) હેય

નામ	વ્યાખ્યા	તત્વ
જ્ઞેય	જાણવા યોગ્ય	જીવ અને અજીવ તત્વ
ઉપાદેય	આદરવા યોગ્ય	પુણ્ય, સંવર, નિર્જરા, મોક્ષ
હેય	ત્યાગ કરવા યોગ્ય	પાપ,આશ્રવ,બંધ

ખાસ નોધઃ- નિશ્ચયનયથી તો પુણ્ય ત્યાગવા યોગ્ય છે. પરંતુ ધર્મમાર્ગમાં ઉપયોગી માનવદેહ અને અન્ય સંયોગો પુણ્યના નિમિત્તે મળે છે. વળી અશુભ ભાવથી દૂર રહેવા પ્રથમ શુભભાવ હોય છે.

તેથી કેવળ તે ભોમિયારૂપ છે. માર્ગ મળ્યા પછી તેની ઉપયોગિતા ન હોય ત્યારે તે સ્વયમ્ દૂર થઇ જાય છે. પુણ્ય મોક્ષનું સાધન છે. સાધ્ય નથી. મોક્ષનું સાધન શુદ્ધ ઉપયોગ છે. એટલે પ્રથમ પ્રશ્નમાં પુણ્યને વ્યવહારની અપેક્ષાએ ઉપાદેય એટલે કે આદરવા યોગ્ય બતાવ્યું છે. અને નિશ્ચય નયથી તે હેય અર્થાત્ ત્યાગ કરવા યોગ્ય છે. સમકિત થયા પછી પુણ્ય અને પાપ બંન્ને હેય બને છે. જેને મોક્ષે જવું છે. તેને માટે પુણ્ય અને પાપ બંન્નેય હેય સમાન છે અર્થાત્ ત્યાગવા યોગ્ય છે.

પ્ર : ૩ જીવ તત્ત્વ એટલે શું ? તેના ભેદો વિસ્તારથી કહો ?

ઉ : ૩ ચૈતન્ય સહિત છે, જીવે છે, પ્રાણોને ધારણ કરે છે, જ્ઞાનદર્શન ઉપયોગ સહિત છે, સુખ દુઃખનો વેદક છે, અસંખ્યાત પ્રદેશી છે અને અરૂપી હોય તેને જીવ તત્ત્વ કહેવાય. તેના ચૌદ ભેદ નીચે પ્રમાણે છેઃ-

એક પ્રકારે : જીવનો એક ભેદ છે કારણકે સકળ જીવોનું ચૈતન્ય લક્ષણ એકજ પ્રકારે છે તે માટે સંગ્રહનયે કરીને એક ભેદે જીવ કહીએ.

બે પ્રકારે : ત્રસ અને સ્થાવર અથવા સિધ્ધ અને સંસારી

ત્રણ પ્રકારે : સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસક વેદ

ચાર પ્રકારે : નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ અથવા ચક્ષુદર્શની, અચક્ષુ-દર્શની, અવધિદર્શની, કેવલદર્શની

પાંચ પ્રકારે : એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, **અથવા** સજોગી, મનજોગી, વચનજોગી, કાયજોગી, અજોગી.

છ પ્રકારે : પૃથ્વિકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય **અથવા** સકષાયી, ક્રોધકષાયી, માન કષાયી, માયા કષાયી, લોભ કષાયી, અકષાયી

સાત પ્રકારે : નારકી, તિર્યંચ, તિર્યંચાણી, મનુષ્ય, મનુષ્યાણી, દેવ, દેવી(દેવાંગના)

આઠ પ્રકારે : સલેશી, કૃષ્ણલેશી, નીલલેશી, કાપોતલેશી, તેજોલેશી, પદ્મલેશી, શુકલલેશી, અલેશી,

નવ પ્રકારે : પૃથ્વિકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય.

દસ પ્રકારે : એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય એ પાંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ કુલ દસ.

અગિયાર પ્રકારે : એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, નારકી, તિર્યંચ, મનુષ્ય, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક

બાર પ્રકારે : પૃથ્વિકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય એ છ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ કુલ બાર.

તેર પ્રકારે : કૃષ્ણલેશી, નીલલેશી, કાપોતલેશી, તેજોલેશી, પદ્મલેશી, શુકલલેશી એ છના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે બાર અને તેરમુ અલેશી.

ચૌદ પ્રકારે : સૂક્ષ્મ એકેન્દ્રિયના અપર્યાપ્ત, સૂક્ષ્મ એકેન્દ્રિયના પર્યાપ્ત, બાદર એકેન્દ્રિયના અપર્યાપ્ત, બાદર એકેન્દ્રિયના પર્યાપ્ત, બેઇન્દ્રિયના અપર્યાપ્ત, બેઇન્દ્રિયના પર્યાપ્ત, તેઇન્દ્રિયના અપર્યાપ્ત, તેઇન્દ્રિયના પર્યાપ્ત, ચઉરિન્દ્રિયના અપર્યાપ્ત, ચઉરિન્દ્રિયના પર્યાપ્ત, અસંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્ત, અસંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્ત

વિસ્તાર નયે કરીને જીવના ૫૬૩ ભેદ છે. ચૌદ ભેદ નારકીના, અડતાળીશ ભેદ તિર્યંચના, ત્રણસો ત્રણ ભેદ મનુષ્યના અને એકસો અઠ્ઠાણુ ભેદ દેવના.

નોંધ : અધ્યાય ચોથામાં વિગતવાર વર્ણન કરેલ છે.

પ્ર : ૪ અજીવ તત્વ એટલે શું ? તેના ભેદ જણાવો ?

ઉ : ૪ અજીવ તત્વ એટલે જડ લક્ષણ, ચૈતન્ય રહિત, વર્ણઆદિક રૂપ સહિત અને રહિત, સુખ દુઃખને ન વેદે તેને અજીવ તત્વ કહીએ. અજીવ એટલે કે જેનામાં જીવ નથી તે. આ અજીવ તત્વ એટલે પુદ્ગલ, ખાટલા, પાટલા, વસ્ત્ર, પાત્ર, ટેબલ, ખુરશી, ઘર, નગર ઇત્યાદિ અનેક વસ્તુઓ. ઉપરાંત સૃષ્ટિમાં કોઇ અજીવ તત્વો એવા પણ હોય છે કે જે આપણે ચક્ષુ દ્વારા જોઇ શકતા નથી. તેઓ આપણને મૂક સેવક તરીકે સહાય કરે છે અને સમસ્ત વિશ્વમાં વ્યાપી રહ્યા છે તે અજીવ દ્રવ્ય તરીકે પણ પ્રસિદ્ધ છે. તેના ભેદ નીચે મુજબ જાણવા :-

અજીવ તત્વના નામ	રૂપી ભેદ	અરૂપી ભેદ	ભેદના નામ
(૧) ધર્માસ્તિકાય	૦	૩	સ્કંધ, દેશ, પ્રદેશ
(૨) અધર્માસ્તિકાય	૦	૩	સ્કંધ, દેશ, પ્રદેશ
(૩) આકાશાસ્તિકાય	૦	૩	સ્કંધ, દેશ, પ્રદેશ
(૪) કાળ	૦	૧	પ્રદેશ
(૫) પુદગલાસ્તિકાય	૪	૦	સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણું
	૪	૧૦	

અજીવ તત્વના ચાર રૂપી અને દસ અરૂપી એમ કુલ ચૌદ ભેદ છે.

પ્ર : ૫ અસ્તિકાય, સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ એ શબ્દોનો અર્થ સમજાવો ?

ઉ : ૫ (૧) **અસ્તિકાયઃ** અસ્તિ એટલે પદાર્થ અથવા પ્રદેશ અને કાય એટલે સમૂહ. અસ્તીકાય એટલે પ્રદેશોનો સમૂહ અર્થાત્ પ્રદેશના સમૂહને અસ્તિકાય કહે છે.

(૨) **સ્કંધઃ** વસ્તુનો આખો ભાગ. દા.તઃ આખો લાડુ(બુંદીનો લાડું)

(૩) **દેશઃ** વસ્તુનો અમુક ભાગ દા.તઃ લાડવાનો અમુક કટકો.

(૪) **પ્રદેશઃ** વસ્તુમા રહેલો અવિભાજ્ય અંશ (કેવલી ભગવંતની દૃષ્ટિએ પણ જેના બે ભાગ ન થઇ શકે તેવો) દા.તઃ લાડવામાં રહેલો એક દાણો (કણ)

(૫) **પરમાણુઃ** વસ્તુથી છૂટો પડેલો અવિભાજ્ય અંશ્ (દા.તઃ લાડવામાંથી છૂટો પડેલો દાણો)

પ્ર : ૬ વિસ્તાર નયે કરીને અજીવના કુલ કેટલા ભેદ છે ?

ઉ : ૬ વિસ્તાર નયે કરીને અજીવના કુલ ૫૬૦ ભેદ છે. એમાના પ્રથમ ૩૦ ભેદ અરૂપી અજીવના છે અને બાકીના ૫૩૦ ભેદ રૂપી અજીવના છે. હવે પ્રથમ્ અજીવ તત્વના અરૂપી ૩૦ ભેદ નીચે પ્રમાણે જાણવા :-

(૧) **ધર્માસ્તિકાયઃ**	દ્રવ્યથી એક	(૫)	૧
	ક્ષેત્રથી લોક પ્રમાણ		૧
	કાળ થકી આદિ અંતરહિત		૧
	ભાવ થકી અરૂપી		૧
	ગુણ થકી ચલણ (ગતિમાં) સહાય		૧
(૨) **અધર્માસ્તિકાયઃ**	દ્રવ્યથી એક	(૫)	૧
	ક્ષેત્રથી લોક પ્રમાણે		૧

	કાળ થકી આદિ અંતરહિત		૧
	ભાવ થકી અરૂપી		૧
	ગુણ થકી સ્થિર સહાય		૧
(૩) **આકાશાસ્તિકાય :**	દ્રવ્યથી એક	(૫)	૧
	ક્ષેત્રથી લોકાલોક પ્રમાણે		૧
	કાળ થકી આદિ અંત રહિત		૧
	ભાવ થકી અરૂપી		૧
	ગુણ થકી અવગાહના દાન તથા વિકાસ લક્ષણ		૧
(૪) **કાળ :**	દ્રવ્યથી અનેક	(૬)	૧
	ક્ષેત્રથી અઢી દ્વીપ પ્રમાણે		૧
	કાળ થકી આદિ અંત રહિત		૧
	ભાવ થકી અરૂપી		૧
	ગુણ થકી વર્તનના લક્ષણ અને પ્રદેશ		૨
(૫) **ધર્માસ્તિકાય :**	સ્કંધ, દેશ, પ્રદેશ	(૩)	૩
(૬) **અધર્માસ્તિકાય :**	સ્કંધ, દેશ, પ્રદેશ	(૩)	૩
(૭) **આકાશાસ્તિકાય :**	સ્કંધ, દેશ, પ્રદેશ	(૩)	૩
	કુલ અરૂપી ભેદ :		૩૦

પ્ર : ૭ વિસ્તારનયે કરીને અજીવના રૂપી ૫૩૦ ભેદનું વિગતવાર વર્ણન કરો ?

ઉ : ૭ અજીવતત્વના રૂપી ૫૩૦ ભેદ નીચે મુજબ જાણવાઃ-

(૧) **પાંચ વર્ણ** :કાળો, નીલો, રાતો, પીળો અને ધોળો એક એક વર્ણમાં વીશ વીશ ભેદ-તે બે ગંધ, પાંચ રસ, પાંચ સંસ્થાન, આઠ સ્પર્શ એટલે વીશ પંચા સો (૨૦×૫ = ૧૦૦) ૧૦૦

(૨) **બે ગંધ** : સુરભિ ગંધ, દુરભિ ગંધ, એક એક ગંધ માંહી ત્રેવીસ ત્રેવીસ ભેદ તે પાંચ વર્ણ, પાંચ રસ, પાંચ સંસ્થાન, આઠ સ્પર્શ એટલે ત્રેવીસ દુ છેતાંળિશ (૨૩×૨ = ૪૬) ૪૬

(૩) **પાંચ રસ** : તીખો, કડવો, કસાયેલો(તૂરો), ખાટો અને મીઠો(ગળ્યો), એક એક રસમાંહી વીસ વીસ ભેદ તે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ સંસ્થાન, આઠ સ્પર્શ એટલે વીશ પંચા સો (૨૦×૫ =૧૦૦) ૧૦૦

(૪) **પાંચ સંસ્થાન :** પરિમંડલ સંસ્થાન તે ચૂડીને આકારે, વર્તુલ સંસ્થાન તે લાડવાના આકારે, ત્રંશ સંસ્થાન તે ત્રિખુણા સિઘોડાને આકારે, ચતુરસ્ત્ર સંસ્થાન. તે ચોરસાને આકારે, આયત સંસ્થાન તે લાંબી લાકડીને આકારે એક એક સંસ્થાનમાં વીસ વીસ ભેદ તે પાંચવર્ણ, બેગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ એટલે વીસ પંચા સો (૨૦×૫) ૧૦૦

(૫) **આઠ સ્પર્શ :** કર્કશ, સુવાળો, હલકો, ભારે, ઠંડો, ઉન્હો, લુખો, ચીકણો એક એક સ્પર્શમાં ત્રેવીસ ત્રેવીસ ભેદ લાભે તે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, પાંચ સંસ્થાન, છ સ્પર્શ (કારણકે હલકો હોય ત્યારે ભારે ન હોય અથવા ઠંડો હોય ત્યારે ગરમ ન હોય) એટલે ત્રેવીસ અઠા એકસોચોર્યાશી (૨૩×૮) ૧૮૪

અજીવ તત્વના કુલ ભેદ ૫૩૦

આમ રૂપી અજીવતત્વના કુલ ભેદ ૫૩૦ (પાંચસોને ત્રીસ) જાણવા.

પ્ર : ૮ અરૂપીને કોઇ પણ ન જોઇ શકે ?

ઉ : ૮ આ અરૂપી દ્રવ્યો ચક્ષુથી ન જોઇ શકાય. ચક્ષુ દર્શનની અપેક્ષાએ અરૂપી છે. જ્ઞાનદૃષ્ટિમાં તો અરૂપી પણ રૂપી છે. જ્ઞાનના વિષય તો છે જ. એટલે પ્રત્યક્ષ જ્ઞાની પુરૂષો જોઇ શકે છે.

પ્ર : ૯ શું પરમાણુને જોઇ શકાય ?

ઉ : ૯ અત્યંત સૂક્ષ્મ હોવાથી તે દેખાતો નથી એના કાર્યથી એને જાણી શકાય છે.

પ્ર : ૧૦ પુદ્ગલ દ્રવ્યના સ્કંધ અને અન્ય દ્રવ્યોના (ધર્માસ્તિકાયાદિના) સ્કંધો વચ્ચે કોઇ તફાવત છે ?

ઉ : ૧૦ હા, પુદ્ગલ દ્રવ્યના સ્કંધોમાંથી પ્રદેશો છૂટા પડી શકે છે. જયારે અન્ય દ્રવ્યોના સ્કંધોમાંથી પ્રદેશો છુટા પડી શકતા નથી.

પ્ર : ૧૧ ધર્માસ્તિકાય એટલે શું ?

ઉ : ૧૧ જીવ અને પુદ્ગલને જે ચાલવામાં (ગતિ કરવામાં) સહાય કરે તે ધર્માસ્તિકાય. બીજા શબ્દોમાં કહીએ તો ગતિ સહાયક તત્વ જે અવિનાશી છે, તેને ધર્માસ્તિકાય કહેવાય. દા.તઃ માછલાને પાણીમાં તરવાની શકિત છે છતાં પણ તરવાની ક્રિયામાં (કારણ) પાણીની જરૂર રહે છે. જેમ માછલાને ગતિ કરતાં પાણીનો આધાર અને પાંગળાને લાકડીનો આધાર તેમ જીવ તથા પુદગલને ગતિ પરિણમ્યાને ધર્માસ્તિકાયનો આધાર છે.

પ્ર : ૧૨ અધર્માસ્તિકાય એટલે શું ?

ઉ : ૧૨ જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં સહાય કરે તે અધર્માસ્તિકાય. બીજા શબ્દોમાં કહીએ તો સ્થિતિ સહાયક તત્વ જે અવિનાશી છે તેને અધર્માસ્તિકાય કહેવાય. દા.તઃ તડકામાં થાકી ગયેલા મુસાફરને વિશ્રામ કરવામાં વૃક્ષની છાયા કારણ છે તેમ.

પ્ર : ૧૩ આકાશાસ્તિકાય એટલે શું ?

ઉ : ૧૩ બધા દ્રવ્યોને જે અવકાશ (જગ્યા) આપે છે તે આકાશાસ્તિકાય. દા.તઃ દૂધમા પતાસુ સમાઇ જાય છે. જેમ ઓરડામાં એક દીવાની જ્યોતિના પરમાણુ સમાય છે. અને હજાર દીવાની પ્રભા પણ સમાય અથવા ભીંતમાં ખીલો પેસે તેનુ કારણ આકાશાસ્તિકાયની અવગાહના ધન શકિત છે. જે વસ્તુમાં આકાશ તત્વ ખુબ જ ઓછું હોય તે વસ્તુ ઘણીજ મજબૂત હોય. દા.તઃ હીરો તેમાં આકાશ તત્વ ઘણુ જ ઓછું છે તેથી તે વધારે કઠણ અને જલ્દી ભાંગી શકાતો નથી.

પ્ર : ૧૪ પુદ્ગલાસ્તિકાય એટલે શું ?

ઉ : ૧૪ પરમાણુ અને તેના બનેલા સ્કંધોને પુદ્ગલ તરીકે ઓળખવામાં આવે છે. વ્યુત્પતિશાસ્ત્રની દૃષ્ટિએ પૂરણ (વૃદ્ધિ) અને ગલન (હ્રાસ) દ્વારા રૂપાંતર પામતુ દ્રવ્ય તે પુદ્ગલ. પુદ્ગલ આણવિક છે. તેનું સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપ પરમાણું છે. પુદ્ગલ શુદ્ધ ભૌતિક જડ દ્રવ્ય છે. તેનું વિશ્લેષણ કે સંશ્લેષણ શક્ય નથી. પુદ્ગલ રસ, સ્વાદ, ગંધ અને રૂપના ગુણો ધરાવે છે. કર્મપુદ્ગલોથી આત્મા બંધાય છે. નિર્જરા દ્વારા કર્મપુદ્ગલનો નાશ કરી આત્મા મુક્તિ પ્રાપ્ત કરી શકે છે.

પ્ર : ૧૫ પુદ્ગલનાં વિશેષ લક્ષણો કયાં છે ?

ઉ : ૧૫ પુદ્ગલનાં વિશેષ લક્ષણો દસ નીચે મુજબ છે :-

(૧) **શબ્દ :** અવાજ, ધ્વનિ, નાદના વિવિધ પ્રકારો. શબ્દના મુખ્ય ત્રણ પ્રકાર છે. (૧) સચિત શબ્દ : જીવ મુખ વડે બોલે તે સચિત શબ્દ (૨) અચિત શબ્દ : પત્થર, વાસણ જેવી વસ્તુઓ પરસ્પર અથડાવાથી નીકળતો શબ્દ તે અચિત શબ્દ છે (૩) મિશ્ર : જીવના પ્રયત્ન વડે મૃદંગ, વાંસળી કે માઇક જેવી વસ્તુઓ દ્વારા નીકળતો શબ્દ મિશ્ર છે.

(૨) **અંધકાર :** પુદ્ગલનો પ્રકાર છે. વસ્તુને જોવામાં આવરણ કરનાર પુદ્ગલોનું પરિણમન તે અંધકાર એ ઘ્રાણેન્દ્રિયને ગાહય છે : દાત : રાત્રિના અંધકારમા અમુક જંતુઓ અંધકારને ગંધરૂપે જાણે છે.

(૩) **ઉદ્યોત :** શિત વસ્તુનો શ્વેત શિત પ્રકાશ. ચંદ્રાદિ નક્ષત્રો આગિયા, ચંદ્રકાંત મણિ આ સર્વ પોતે શીત છે તેનો પ્રકાશ શીત છે તે પુદ્ગલના સ્કંધો છે.

(૪) **આતપ :** શીત વસ્તુનો ઉષ્ણ પ્રકાશ. સૂર્યના વિમાનમાં રહેલા સ્થૂલ પર્યાપ્ત પૃથ્વિકાય જીવોના શરીરનો પ્રકાશ છે. તથા સૂર્યકાંત મણિનો પ્રકાશ તે બંને શીત છે પણ તેનો પ્રકાશ ઉષ્ણ છે. અગ્નિનો ઉષ્ણ પ્રકાશ તે આતપ નથી તે બંને પ્રકાશ પુદ્ગલ સ્કંધોનો સમુદાય છે.

(૫) **પ્રભા:** સૂર્ય-ચંદ્રના પ્રકાશ કિરણોથી નીકળતો જે ઉપ પ્રકાશ તે પ્રભા છે. તે પ્રકાશના પુદ્ગલોમાંથી આછો આછો વહેતો પ્રકાશનો પ્રવાહ છે. જે અપ્રકાશિત સ્થાનમાં રહેલા પદાર્થને પણ દર્શાવે છે. એટલે સાક્ષાત્ પ્રકાશરૂપ નહીં પણ અવ્યક્ત આછો પ્રકાશ. જેનાથી ઘર વગેરેમાં અજવાળું પડે છે કે જ્યાં સીધાં કિરણો પ્રવેશતા નથી. ત્યાં આ ઉપ પ્રકાશથી પદાર્થો જોઇ શકાય છે.

(૬) **છાયા :** દર્પણમાં પડતું પ્રતિબીંબ કે પ્રકાશમાં પડતો પડછાયો તે પુદ્ગલરૂપ છે. પુદ્ગલ સ્કંધોનો સમૂહ પ્રકાશાદિના નિમિત્તથી તદાકાર પ્રતિબિંબત થાય છે તે છાયા છે.

(૭) **વર્ણ :** પાંચ પ્રકારના મુખ્ય રંગ, સફેદ, લાલ, પીળો, લીલો, કાળો. આ વર્ણોના સંયોગથી બીજા રંગ બને છે.

(૮) **ગંધ :** સુગંધ અને દુર્ગંધ બે પ્રકારે છે તે પુદ્ગલરૂપ છે.

(૯) **રસ :** પાંચ પ્રકારના રસ. તીખો, કડવો, ખારો, ખાટો, તૂરો, મીઠો, આ પણ પુદ્ગલરૂપ છે.

(૧૦) **સ્પર્શ :** ચાર યુગલ થઇને આઠ પ્રકાર છે તે પુદ્ગલરૂપ છે. શીત-ઉષ્ણ, ચીકણો-લૂખો, લઘુ-ભારે, મૃદુ-કર્કશ. આ દરેક પુદ્ગલમાં હોય છે.

ઉપરનાં એકથી છ લક્ષણો પરમાણુ કે સૂક્ષ્મ સ્કંધોમાં નથી તે તેના વૈભાવિક લક્ષણો છે. વર્ણાદિ ચાર પુદ્ગલના સ્વાભાવિક લક્ષણો છે. તે પરમાણુ અને સ્કંધોમાં હોય છે. તેમાં પણ લઘુ-ગુરુ, મૃદુ-કર્કશ આ ચાર સ્કંધમાં હોય, બીજામા નથી તેથી વૈભાવિક છે. આ લક્ષણો રૂપી પુદ્ગલ દ્રવ્યમાં જ હોય છે અરૂપી દ્રવ્યમાં હોતાં નથી.

પ્ર : ૧૬ પુદ્ગલ દ્રવ્યનાં કાર્ય કયા કયા ?

ઉ : ૧૬ પુદ્ગલ દ્રવ્યનાં અનેક કાર્ય છે. પુદ્ગલનાં કાર્યોને પુદ્ગલના ઉપકાર કહેવામાં આવ્યા છે. અલબત્ પુદ્ગલ દ્રવ્ય અચેતન છે. તે અકર્તા છે, છતાં એ ઉપકાર કરે છે આવો વાકયપ્રયોગ જે કરવામાં છે. તે માત્ર ઔપચારિક છે. જીવાત્મા જે મૃદુ-કઠોર આદિ સ્પર્શ અનુભવે છે, ખારો મીઠો વિગેરે રસ અનુભવે છે. સુગંધ-દુર્ગંધ અનુભવે છે. લાલ-પીળો આદિ વર્ણ જુએ છે. ધીમો-તીવ્ર આદિ શબ્દ સાંભળે છે તે બધા પુદ્ગલ દ્રવ્યના ઉપકાર છે. કર્મપુદ્ગલોનો આત્મ પ્રદેશો સાથે ક્ષીર-નીર ન્યાયે જે બંધ થાય છે તે પણ પુદ્ગલ દ્રવ્યનું જ કાર્ય છે. અનંત પ્રદેશી પુદ્ગલ સ્કંધોનું સૂક્ષ્મ થવું અને સ્થૂલ થવું એ પુદ્ગલનાં કાર્ય છે. આકાશમાં જે વાદળ થાય છે, ઈન્દ્ર ધનુષ રચાય છે, વગેરે પુદ્ગલ દ્રવ્યોનાં કાર્ય છે. જીવન પર અનુગ્રહ કરનારા ઘી-દૂધ વગેરે પુદ્ગલો અને મૃત્યુના કારણભૂત દ્રવ્યો ઝેર વિગેરે પણ પુદ્ગલ દ્રવ્યનાં કાર્ય છે. આ બધાં પુદ્ગલ દ્રવ્યના કાર્યો સ્કંધરૂપે પરિણત પુદ્ગલ દ્રવ્યનાં કાર્યો છે. પરમાણુ દ્રવ્યનાં નહી. પુદ્ગલ દ્રવ્યો જીવ સાથે જોડાય છે, ત્યારે જ આ કાર્ય કરી શકે છે.

પ્ર : ૧૭ છ અવિનાશી દ્રવ્યોમાં કયાં દ્રવ્યો અનંત છે?

ઉ : ૧૭ છ અવિનાશી દ્રવ્યોમાં સમગ્ર લોકમાં ધર્માસ્તિકાય એક જ છે. અધર્માસ્તિકાય એક જ છે અને આકાશાસ્તિકાય પણ એક જ છે. આ ત્રણ દ્રવ્યો એક એકની સંખ્યામાં છે, અરૂપી છે અને અખંડ છે. જ્યારે બાકીનાં ત્રણ દ્રવ્યો જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ દ્રવ્ય અનંત-અનંત છે. જીવો અનંત છે પુદ્ગલો અનંત છે. અને કાળ અનંત છે.

પ્ર : ૧૮ કાળ દ્રવ્ય અનંત કેવી રીતે કહેવાય?

ઉ : ૧૮ ભૂતકાળ અને ભવિષ્યકાળની અપેક્ષાએ કાળ અનંત છે. ભૂતકાળ અનંત વીત્યો છે અને ભવિષ્યકાળ અનંત ઊભો છે. વર્તમાનકાળ તો એક સમયનો જ હોય છે. કાળના સમયો અનંત છે એ અપેક્ષાએ કાળને અનંત કહેવાય.

પ્ર : ૧૯ પુણ્ય તત્વ કોને કહેવાય? પુણ્ય કયા નવ પ્રકારે બંધાય છે?

ઉ : ૧૯ શુભ કમાણીએ કરી, શુભ કર્મના ઉદયે કરી જેનાં ફળ આત્માને ભોગવતાં મીઠાં લાગે તેને પુણ્ય તત્ત્વ કહેવાય. પુણ્ય નીચેના નવ પ્રકારે બંધાય છેઃ-

(૧) સુપાત્ર વ્યકિતને આહાર, ઔષધ તથા રહેવાની જગ્યાનું દાન કરવાથી.
(૨) સુપાત્ર વ્યકિતને શયનનાં સાધનો આપવાથી.
(૩) સુપાત્ર વ્યકિતને વસ્ત્ર, ઉપકરણાદિ આપવાથી.
(૪) મન વડે શુભ ભાવના ભાવવાથી.
(૫) વાણી સત્ય, પ્રિય, હિતકારી, મધુર અને મીત એટલે ટૂંકમાં બોલવાથી.
(૬) કાયા વડે શુભ પ્રવૃત્તિ પરોપકારાદિ કરવાથી.
(૭) દેવગુરુ આદિ પૂજ્ય જનોની સેવા ભકિત, વંદનાદિ કરવાથી.
(૮) તપ-જપ-ધર્મની આરાધના કરવાથી.
(૯) મન, વચન, કાયાથી લોકોને સુખ આપવાથી.

પ્ર : ૨૦ પુણ્યથી મળતા સુખના બેંતાલીશ પ્રકારોનું વિગતવાર વર્ણન કરો ?

ઉ : ૨૦ પુણ્ય પ્રકૃતિ બેંતાલીશ છે. જે પુદ્ગલકર્મ આત્મા સાથે જોડાઈને સુખનો અનુભવ કરાવે તેને પુણ્ય પ્રકૃતિ કહેવાય છે. અથવા તો પુણ્યથી મળતા સુખના બેંતાલીશ પ્રકારો પણ કહી શકાય, જે નીચે મુજબ છેઃ-

(૧) **સાતાવેદનિય** : આ કર્મના ઉદયથી શરીરનું સુખ મળે.
(૨) **ઉચ્ચ ગોત્ર** : આ કર્મના ઉદયથી ઉચ્ચ ગોત્રમાં જન્મ થાય.
(૩) **દેવ આયુષ્ય** : દેવગતિનું આયુષ્ય મળે.
(૪) **મનુષ્ય આયુષ્ય** : મનુષ્ય ગતિનું આયુષ્ય મળે.
(૫) **તિર્યંચનું આયુષ્ય** : તિર્યંચ ગતિનું આયુષ્ય મળે.
(૬) **મનુષ્ય ગતિ** : મનુષ્ય ગતિમાં જન્મ મળે.
(૭) **મનુષ્ય આનુપૂર્વી** : આ કર્મ જીવને મનુષ્ય ગતિમાં લઇ આવે.
(૮) **દેવ ગતિ** : દેવ ગતિમાં જન્મ મળે.
(૯) **દેવ આનુપૂર્વી** : આ કર્મ જીવને દેવ ગતિમાં લઇ આવે.
(૧૦) **પંચેન્દ્રિય જાતિ** : જીવને પંચેન્દ્રિયપણું મળે.
(૧૧) **ઔદારિક શરીરઃ** મનુષ્ય અને તિર્યંચના શરીર ઔદારિક પુદ્ગલોથી બને. આ કર્મના ઉદયથી જીવ પોતાના શરીર યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે છે.
(૧૨) **વૈક્રિય શરીરઃ** દેવ અને નારકોને શરીર વૈક્રિય પુદ્ગલોનાં બને. આ કર્મના ઉદયથી વિવિધ ક્રિયા કરી શકે એવા શરીરની પ્રાપ્તિ થાય.
(૧૩) **આહારક શરીરઃ** આ કર્મનો ઉદય સંયમવંત જ્ઞાની મહર્ષિને હોય. તેઓ તીર્થંકરનું સમવસરણ જોવા, શંકાનું સમાધાન કરવા એક હાથ પ્રમાણનું આહારક શરીર બનાવીને તીર્થંકર પાસે જાય.

(૧૪) **તૈજસ શરીરઃ** આ કર્મના ઉદયથી આહાર પચાવનાર અને તેજોલેશ્યામાં હેતુભૂત શરીરની પ્રાપ્તિ થાય.

(૧૫) **કાર્મણ શરીરઃ** સર્વ શરીરોના મૂળ કારણરુપ અને આઠ કર્મોના વિકારરુપ કાર્મણ શરીર પ્રાપ્ત થાય.

(૧૬) **ઔદારિક અંગોપાંગઃ** ઔદારિક શરીરના અંગોપાંગ મળે.

(૧૭) **વૈક્રિય અંગોપાંગઃ** વૈક્રિય શરીરનાં અંગોપાંગ મળે.

(૧૮) **આહારક અંગોપાંગઃ** આહારક શરીરનાં અંગોપાંગ મળે.

(૧૯) **વજ્ર ઋષભનારાય સંઘયણઃ** બે બાજુ મર્કટબંધ, ઉપર પાટો તેના ઉપર ખીલી. આવું હાડકાનું બંધારણ આ કર્મના ઉદયથી મળે.

(૨૦) **સમચતુરસ્ત્ર સંસ્થાનઃ** પર્યંકાસને પલાઠી વાળીને બેસતાં જે શરીરની ચારે બાજુ સરખી હોય તેવી શરીર આકૃતિ.

(૨૧) **શુભ વર્ણઃ** શરીરના શ્વેત, પીત વગેરે શુભ રંગની પ્રાપ્તિ થાય.

(૨૨) **શુભ ગંધઃ** શરીરની ગંધ શુભ પ્રાપ્ત થાય.

(૨૩) **શુભ રસઃ** શરીરનો સ્વાદ શુભ હોય.

(૨૪) **શુભ સ્પર્શઃ** શરીરનો સ્પર્શ હળવો, સુંવાળો અને પ્રિય હોય.

(૨૫) **અગુરુ લઘુઃ** બહુ ભારે નહીં, બહુ હલકુ નહીં એવુ મધ્યમ વજનદાર શરીર મળે.

(૨૬) **પરાઘાતઃ** બળવાનને પણ જીતવા સમર્થ બને.

(૨૭) **શ્વાસોચ્છ્વાસઃ** શ્વાસોચ્છ્વાસ સુખરુપ લઈ શકાય.

(૨૮) **આતપઃ** સૂર્યની જેમ પોતે શીતળ હોય અને બીજાને તાપ આપે.

(૨૯) **ઉદ્યોતઃ** ચંદ્ર જેવા શીતળ અને પ્રકાશવાળા શરીરની પ્રાપ્તિ થાય.

(૩૦) **શુભ વિહાયો ગતિઃ** હાથી-હંસ જેવી સારી ચાલ મળે.

(૩૧) **નિર્માણઃ** સુથારે ઘડેલી પુતળીની જેમ અંગોપાંગ યોગ્ય સ્થળે ગોઠવાય.

(૩૨) **ત્રસઃ** બેઇન્દ્રિયાદિ શરીરની પ્રાપ્તિ થાય.

(૩૩) **બાદરઃ** ચર્મચક્ષુથી જોઇ શકાય એવું મોટું શરીર મળે.

(૩૪) **શુભઃ** નાભિ ઉપરનું શરીર પ્રમાણોપેત મળે.

(૩૫) **પર્યાપ્તઃ** પોતાની પર્યાપ્તિ પૂરી કરે.

(૩૬) **પ્રત્યેકઃ** એક શરીરમાં એક જીવપણું મળે.

(૩૭) **સ્થિરઃ** હાડકાં, દાંત વગેરે સ્થિર રહે.

(૩૮) **સૌભાગ્ય** : લોકપ્રિયતા મળે, જ્યાં પગલાં પડે ત્યાં લોકોને ગમે.

(૩૯) **સુસ્વર** : વાણી મધુર અને પ્રિય મળે.

(૪૦) **આદેય** : લોકોમાં વચન માન્ય થાય.

(૪૧) **યશ** : લોકોમાં યશ કીર્તિ ફેલાય.

(૪૨) **તીર્થંકર** : ત્રિભુવન-પૂજ્ય તીર્થંકર બને.

પ્ર : ૨૧ પાપ તત્વ એટલે શું ? પાપ કયા અઢાર પ્રકારે બંધાય છે ? અઢાર પાપ સ્થાનકોનાં નામો જણાવો?

ઉ : ૨૧ અશુભ કમાણીએ કરી, અશુભ કર્મના ઉદયે કરી અશુભ મેલા પુદ્ગલનો બંધ પડે, જેનાં ફળ આત્માને ભોગવતાં કડવાં લાગે તેને પાપ તત્ત્વ કહીએ નીચે જણાવેલ અઢાર પ્રકારે પાપ બંધાય છે. બીજા શબ્દોમાં કહીએ તો અઢાર પાપ સ્થાનકોનાં નામો નીચે મુજબ છે, એટલે કે પાપને રહેવાનાં અઢાર સ્થાનો નીચે મુજબ જાણવાં :-

(૧) **પ્રાણાતિપાતઃ** હિંસા, કોઇ પણ જીવના પ્રાણનો ઘાત કરવો. પીડા ઉપજાવવી, માનસિક ત્રાસ આપવો દ્રવ્યહિંસા છે. સવિશેષપણે રાગાદિ ભાવો વડે આત્મગુણને દબાવવા કે ઘાત કરવો તે ભાવ હિંસા છે.

(૨) **મૃષાવાદઃ** અસત્ય બોલવું, છળ, કપટ, માન અને માયા જેવા મિથ્યા ભાવ સહિત બોલવું ધન, ધાન્ય કે પરિવારના લાભ કે લોભને અર્થે અસત્ય વચન બોલવાં. જુઠ્ઠી સાક્ષી પૂરવી.

(૩) **અદત્તાદાનઃ** અદત્ત-ચોરી કરવી, આદાન-લેવું, ચોરીને છૂપાવીને લેવું, આપ્યા કે પૂછયા વગર લેવું અન્યની વસ્તુ પોતાની કરી લેવી. રાજ્યના કર આદિ છૂપાવવા તે ચોરી છે. એક પરમાણુ માત્રનું ગ્રહણ કરવું તે પરમાર્થે અદત્તાદાન છે.

(૪) **મૈથુનઃ** વિષયભોગ, કામવાસના, ઇન્દ્રિયોનો અસંયમ, અર્થાત્ પાંચે ઇન્દ્રિયોના ભોગોની લોલૂપતા, સવિશેષ વિજાતીય જાતિની ભોગવાસના.

(૫) **પરિગ્રહઃ** ધન, ધાન્યાદિનો સંગ્રહ કરી તેમાં માન, મોટાઇ મમત્વ કરવું. આવશ્યક કરતાં ઘણું મેળવવાની તૃષ્ણા.

(૬) **ક્રોધઃ** ગુસ્સો, આવેશ, આક્રોશ, અનાદર અને રીસ.

(૭) **માનઃ** અહંકાર, અહંમ્ અભિમાન તથા આઠ પ્રકારના મદ, જાતિ, કુળ, બળ, માન, તપ, જ્ઞાન, રુપ અને ઐશ્વર્ય આદિના પ્રકારે જીવ અહમ્ સેવે છે.

(૮) **માયાઃ** છળ, કપટ, પ્રપંચ, મલીનતા, માયા એક શલ્ય મનાય છે.

(૯) **લોભઃ** તૃષ્ણા, અસંતોષ, લાલચ અને લોભ. લોભ એ તમામ દોષોનો અને પાપનો બાપ મનાય છે.

(૧૦) **રાગઃ** મોહ, મમતા, આસકિત અને ગારવતા.

(૧૧) **દ્વેષઃ** ઈર્ષા, અસૂયા, અદેખાઈ

(૧૨) **કલહઃ** ઝઘડા, કજીયા, કંકાસ કરવો.

(૧૩) **અભ્યાખ્યાનઃ** કોઈને ખોટાં આળ ચઢાવવાં, આરોપ મૂકવો.

(૧૪) **પૈશુન્યઃ** ચાડી-ચુગલી કરવી.

(૧૫) **રતિ-અરતિઃ** હર્ષ, શોક, ગમો, અણગમો.

(૧૬) **પરપરિવાદઃ** પારકી નિંદા-કૂથલી કરવી.

(૧૭) **માયા મૃષાવાદઃ** માયાપૂર્વક અસત્ય વચન બોલવાં, અન્યને છેતરવાની બુદ્ધિવાળાં વચન બોલવાં.

(૧૮) **મિથ્યાત્વશલ્યઃ** નિદાન, પરપદાર્થના સુખની અભિલાષાથી પુણ્યના બદલાની વાસના, વિપરીત બુદ્ધિ તે શલ્ય મનાય છે.

પ્ર : ૨૨ પાપનાં ફળ કયા બ્યાંસી પ્રકારે ભોગવાય છે? પાપ પ્રકૃતિના બ્યાંસી ભેદનું વર્ણન કરો ?

ઉ : ૨૨ પાપનાં ફળના બ્યાંસી (૮૨) પ્રકારો નીચે મુજબ જાણવાઃ-

(૧) **મતિજ્ઞાનાવરણઃ** મતિ જ્ઞાનને ઢાંકે.

(૨) **શ્રુતજ્ઞાનાવરણઃ** શ્રુત જ્ઞાનને ઢાંકે.

(૩) **અવધિજ્ઞાનાવરણઃ** અવધિજ્ઞાનને ઢાંકે.

(૪) **મનઃ પર્યવજ્ઞાનાવરણઃ** મનઃ પર્યવજ્ઞાનને ઢાંકે.

(૫) **કેવળ જ્ઞાનાવરણઃ** કેવળ જ્ઞાનને ઢાંકે.

(૬) **ચક્ષુ દર્શનાવરણઃ** ચક્ષુ દર્શનને ઢાંકે.

(૭) **અચક્ષુ દર્શનાવરણઃ** અચક્ષુ દર્શનને ઢાંકે.

(૮) **અવધિ દર્શનાવરણઃ** અવધિ દર્શનને ઢાંકે.

(૯) **કેવળ દર્શનાવરણઃ** કેવળ દર્શનને ઢાંકે.

(૧૦) **નિંદ્રાઃ** એવી નિંદ્રા આવે કે નિંદ્રામાંથી સુખે કરીને જાગે.

(૧૧) **નિંદ્રા નિંદ્રાઃ** એવી નિંદ્રા આવે કે જે નિંદ્રામાંથી પરાણે જાગે.

(૧૨) **પ્રચલાઃ** બેઠાં બેઠાં અને ઊભા ઊભા નિંદ્રા આવે.

(૧૩) **પ્રચલા પ્રચલાઃ** ચાલતાં ચાલતાં ઉંઘ આવે.

(૧૪) **થિણદ્વિઃ** દિવસે ચિંતવેલું કામ રાત્રે નિંદ્રામાંથી જાગતાની જેમ કરે પણ સવારે તેને પોતાને કશી જ ખબર ન હોય.

(૧૫) **મિથ્યાત્વ મોહનીયઃ** વીતરાગના વચન પર શ્રદ્ધા ન થાય.

(૧૬ **થી** ૧૯) અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ, તે સમ્યકત્વને રોકે.

(૨૦ **થી** ૨૩) અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ, તે દેશવિરતિને રોકે.

(૨૪ **થી** ૨૭) પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ, તે સર્વ વિરતિને રોકે.

(૨૮ **થી** ૩૧) સંજવલન ક્રોધ, માન, માયા અને લોભ, તે યથાખ્યાત ચારિત્રને રોકે.

(૩૨) **હાસ્યઃ** જેના ઉદયથી હાસ્ય આવે.

(૩૩) **રતિઃ** જેના ઉદયથી ખુશી થાય.

(૩૪) **અરતિઃ** જેના ઉદયથી અરુચિ અણગમો થાય.

(૩૫) **ભયઃ** જેના ઉદયથી ભય લાગે.

(૩૬) **શોકઃ** જેના ઉદયથી શોક આક્રન્દ આદિ થાય.

(૩૭) **જુગુપ્સાઃ** જેના ઉદયથી બીજા તરફ ઘૃણા થાય.

(૩૮) **પુરુષવેદઃ** જેના ઉદયથી સ્ત્રી સાથે મૈથુન સેવવાની ઇચ્છા થાય.

(૩૯) **સ્ત્રીવેદઃ** જેના ઉદયથી પુરુષ સાથે મૈથુન સેવવાની ઇચ્છા થાય.

(૪૦) **નપુસંકવેદઃ** જેના ઉદયથી સ્ત્રી-પુરુષ બંને સાથે મૈથુન સેવવાની ઇચ્છા થાય.

(૪૧) **દાનાન્તરાયઃ** આ કર્મના ઉદયથી પોતાના ઘરમાં આપવા યોગ્ય વસ્તુ હોવા છતાં દાનનું ફળ જાણવા છતાં દાન આપી શકે નહીં.

(૪૨) **લાભાન્તરાયઃ** આ કર્મના ઉદયથી દાતાની પાસે વસ્તુ હોવા છતાં, માગનાર પાત્ર હોવા છતાં ઇચ્છિત વસ્તુ મળે નહીં.

(૪૩) **ઉપ ભોગાન્તરાયઃ** યુવાન અને સુરૂપ હોવા છતાં આ કર્મના ઉદયથી ઉપભોગ્ય વસ્તુ પાસે હોવા છતાં ભોગવી શકે નહીં.

(૪૪) **વીર્યાન્તરાયઃ** આ કર્મના ઉદયથી જીવ નિવીર્ય થાય.

(૪૫) **તિર્યંચ ગતિઃ** તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય.

(૪૬) **તિર્યંચ આનુપૂર્વિઃ** તિર્યંચની ગતિમાં લઇ આવે.

(૪૭) **ભોગાન્તરાયઃ** આ કર્મના ઉદયથી પોતે યુવાન અને સુરૂપ હોવા છતાં તથા ભોગ્ય વસ્તુ મળવા છતાં ભોગવી ન શકે.

(૪૮) **નરક ગતિઃ** નરક ગતિમાં ઉત્પન્ન થાય.

(૪૯) **નરક આનુપૂર્વિઃ** નરક ગતિમાં લઇ આવે.

(૫૦) **એકેન્દ્રિય જાતિઃ** એકેન્દ્રિયમાં જન્મ મળે.

(૫૧) **બેઇન્દ્રિય જાતિઃ** બેઇન્દ્રિયમાં જન્મ મળે.

(૫૨) **તેઇન્દ્રિય જાતિઃ** ત્રણઇન્દ્રિયમાં જન્મ મળે.

(૫૩) **ચઉરિન્દ્રિય જાતિઃ** ચાર ઇન્દ્રિયમાં જન્મ મળે.

(૫૪) **અશુભ વિહાયોગતિઃ** ઊંટ, ગધેડા જેવી ચાલવાળી અશુભ ગતિ મળે.

(૫૫) **ઉપઘાતઃ** પોતાના અવયવ વડે પોતે જ હણાય. રસોળી, પડજીભી વગેરે.

(૫૬) **અશુભ વર્ણઃ** શરીરનો વર્ણ અશુભ મળે.

(૫૭) **અશુભ ગંધઃ** શરીરની ગંધ અશુભ મળે.

(૫૮) **અશુભ રસઃ** શરીરનો રસ અશુભ મળે.

(૫૯) **અશુભ સ્પર્શઃ** શરીરનો સ્પર્શ અશુભ મળે.

(૬૦) **ઋષભનારાચ સંઘયણઃ** હાડકાનાં બાંધા ખીલી વિનાના મળે.

(૬૧) **નારાચ સંઘયણઃ** હાડકાનાં બાંધા ખીલી અને પાટા વિનાનાં મળે.

(૬૨) **અર્ધનારાય સંઘયણઃ** હાડકાનો બાંધો એક તરફ જ હોય.

(૬૩) **કીલિકાઃ** હાડકાનો બાંધો માત્ર એક ખીલીના આધારે હોય.

(૬૪) **છેવટ્ઠુંઃ** હાડકાં માત્ર પરસ્પર અડીને રહેલાં હોય

(૬૫) **ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાનઃ** નાભિ ઉપરનું શરીર લક્ષણ યુકત હોય.

(૬૬) **સાદિ સંસ્થાનઃ** નાભિ નીચેનું શરીર લક્ષણયુકત હોય.

(૬૭) **વામન સંસ્થાનઃ** પેટ છાતી લક્ષણયુકત હોય. હાથ, પગ, માથુ, ડોક પ્રમાણ રહિત હોય.

(૬૮) **કુબ્જ સંસ્થાનઃ** હાથ, પગ, માથું, ડોક પ્રમાણસર હોય. પેટ, છાતી, પીઠ પ્રમાણ રહિત હોય.

(૬૯) **હુંડક સંસ્થાનઃ** સર્વ અવયવો પ્રમાણ રહિત હોય.

(૭૦) **સ્થાવરઃ** સ્થાવરપણું હોય.

(૭૧) **સૂક્ષ્મઃ** આંખે ન દેખાય તેવા સૂક્ષ્મ જીવત્વની પ્રાપ્તિ થાય.

(૭૨) **અપર્યાપ્તઃ** પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી ન કરે.
(૭૩) **સાધારણઃ** અનંત જીવોને ભેગું એક શરીર મળે.
(૭૪) **અસ્થિરઃ** દાંત આદિ અવયવો અસ્થિર મળે.
(૭૫) **અશુભઃ** નાભિથી નીચેનું અંગ બીજાને અડવાથી અશુભ લાગે.
(૭૬) **દુર્ભાગ્યઃ** લોકોને અપ્રિય લાગે.
(૭૭) **દુસ્વરઃ** કાગડા, ગર્દભ જેવો ખરાબ સ્વર મળે.
(૭૮) **અનાદેયઃ** લોકોમાં વચન માન્ય ન થાય.
(૭૯) **અપયશઃ** લોકોમાં અપકીર્તિ થાય.
(૮૦) **નરક આયુષ્યઃ** નરક ગતિનું આયુષ્ય મળે.
(૮૧) **અશાતા વેદનીયઃ** શારીરિક દુઃખ મળે.
(૮૨) **નીચ ગોત્રઃ** નીચ કૂળમાં જન્મ મળે.

પ્ર : ૨૩ આશ્રવ એટલે શું ? આશ્રવના મુખ્ય પાંચ પ્રકારો કયા ?

ઉ : ૨૩ પુણ્ય, પાપ, શુભાશુભ કર્મનું જેના દ્વારા આવવું તે આશ્રવ છે. જેમ તળાવમાં નાળા દ્વારા પાણી આવે છે. તેમ સંસારી જીવમાં સમયે સમયે કર્મનો પ્રવાહ આવ્યા કરે છે તે આશ્રવ છે. જેનાથી આત્મામાં કર્મ પ્રવાહ આવે અથવા તો કર્મબંધના હેતુઓ તેને આશ્રવ કહે છે. મન, વચન, કાયાના આ ત્રણ યોગથી જે જે ક્રિયા થાય છે તેમાં તન્મયાકાર થવાથી આશ્રવ થાય છે. મનમાં ખરાબ વિચાર આવે તે ઉદયભાવ છે. તે વિચારમાં આત્મા તન્મયાકાર થયો તો તે આશ્રવ થયો કહેવાય. જો એ અતિક્રમણનું તરત જ પ્રતિક્રમણ થઇ જાય તો તે ભૂસાઇ જાય અને પ્રતિક્રમણ ન થાય તો બંધ પડી જાય. મનમાં જે કાંઇ વિચાર આવે તેનો જ્ઞાતા-દ્રષ્ટ્રા રહે તો આશ્રવ થાય નહીં. આ મન, વચન, કાયાનો યોગ જ્યારે શુભ હોય ત્યારે પુણ્યાશ્રવ બને છે અને અશુભ હોય પાપાશ્રવ બને છે. હોડી પાણીમાં હોય અને હોડીમાં છીદ્ર (કાંણુ) પડયું હોય અને તે કાણાં દ્વારા પાણી હોડીમાં દાખલ થાય તેને આશ્રવ કહે છે.

આશ્રવનાં મૂળ પાંચ પ્રકાર છે જે નીચે મુજબ છે. તેને રોકવા જોઇએ કારણકે તે કર્મબંધનાં કારણો છે.

(૧) **મિથ્યાત્વઃ** સતદેવ, સતગુરુ અને સતધર્મમાં અશ્રદ્ધા. અસતદેવ, કુગુરુ, અધર્મમાં શ્રદ્ધા, દેહાદિમાં સુખની માન્યતા, તત્ત્વની વિપરીત માન્યતા તે મિથ્યાત્વ છે.

(૨) **અવિરતિ** : વ્રત, પચ્ચખ્ખાણ રહિત અસંયમ.
(૩) **કષાય** : ક્રોધ, માન, માયા, લોભ.
(૪) **યોગ** : મન, વચન, કાયાની શુભાશુભ પ્રવૃત્તિ.
(૫) **પ્રમાદ** : ધર્મમાં અનાદર, અરુચિ, વિષય કષાયમાં રતિ, રાગકથા અને નિંદ્રા તે પ્રમાદ કહેવાય.

પ્ર : ૨૪ આશ્રવના બેંતાલીશ ભેદનું સવિસ્તાર વર્ણન કરો ?

ઉ : ૨૪ આશ્રવના બેંતાલીશ ભેદ નીચે મુજબ જાણવા.

		ભેદ
(૧)	પાંચ ઇન્દ્રિયોનો અસંયમ	૫
(૨)	ચાર કષાયોનું સેવન	૪
(૩)	હિંસાદિ પાંચ અવ્રત	૫
(૪)	મન, વચન, કાયાના અશુભ યોગ	૩
(૫)	કાયિકી આદિ ક્રિયાઓ	૨૫
		૪૨

(૧) પાંચ ઇન્દ્રિયોના અસંયમથી આશ્રવ થાય છેઃ- (૫)

અ સ્પર્શેન્દ્રિયના આઠ પ્રકારમાંથી જે જે સ્પર્શ અનુકૂળ હોય તેની પ્રાપ્તિમાં રાગ થાય અને પ્રતિકૂળ હોય તેમાં દ્વેષ થાય આવા પરિણામથી આત્મા સાથે કર્મનું જે આવવું તે સ્પર્શેન્દ્રિય સંબંધી આશ્રવ છે.

બ રસનેન્દ્રિયના પાંચ રસમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા થવાથી જે કર્મનું આવવું તે રસનેન્દ્રિય સંબંધી આશ્રવ છે.

ક ઘ્રાણેન્દ્રિયના બે વિષયમાં રાગ-દ્વેષ થવાથી જે કર્મનું આવવું તે ઘારણેન્દ્રિય સંબંધી આશ્રવ છે.

ડ વર્ણના પાંચ ભેદમાં રાગ-દ્વેષનો ભાવ થવાથી જે કર્મનું આવવું તે આશ્રવ છે. તેમાં નાટક, ખેલ વગેરેનો સમાવેશ થાય છે.

ઇ શ્રોતેન્દ્રિયના ત્રણ પ્રકારના શબ્દમાં રાગ-દ્વેષ થવાથી કર્મનું આવવું તે શ્રોતેન્દ્રિય સંબંધી આશ્રવ છે.

(૨) ચાર કષાયો દ્વારા આશ્રવ (૪)

અ **ક્રોધઃ** ગુસ્સો, ખેદ, ઈર્ષા, દ્વેષ, ઉદ્વેગ અલ્પાધિક માત્રામાં પરિણામ થવાથી કર્મનું આવવું તે આશ્રવ છે.

બ માનઃ અહંકાર, મદ, અભિમાન, ગર્વ થવાથી જે કર્મનું આવવું તે આશ્રવ છે.

ક માયાઃ છળ, કપટ, પ્રપંચ, જાળ, શલ્યરુપ છે તેવાં પરિણામ થવાથી જે કર્મનું આવવું તે આશ્રવ છે.

ડ લોભઃ અસંતોષ, પરિગ્રહની મૂર્છારુપ છે. તેવા પરિણામથી જે કર્મનું આવવું તે આશ્રવ છે.

(૩) હિંસાદિ પાંચ અવ્રત દ્વારા આશ્રવ (૫)

અ પ્રાણાતિપાતઃ હિંસા, પ્રમાદ કે સ્વાર્થ વૃત્તિથી થતા ભાવ કે જીવ હિંસા.

બ મૃષાવાદઃ સ્વાર્થ કે પરના અહિત અર્થે સત્ય કે અસત્ય બોલવું તે અર્થાત્ અપ્રિય કે અહિતકર વાણી બોલવી.

ક અદતઃ ચોરી, આપ્યા કે પૂછયા વગર લેવું, રાજ્યની કરચોરી વગેરે.

ડ મૈથુનઃ અબ્રહ્મચર્ય, કામવાસના.

ઈ પરિગ્રહઃ ધન, ધાન્યાદિકમાં સંગ્રહવૃત્તિ અને મૂર્છા.

(૪) મન, વચન, કાયાનાં યોગ દ્વારા આશ્રવ (૩)

અ મનોયોગઃ મનોયોગનું પ્રવર્તવું તે આશ્રવ. પર પદાર્થનું મનન ચિંતન તથા બીજાના માટે ખરાબ વિચાર કરવા અને તે વિચારમાં તન્મયાકાર થવું.

બ વચનયોગઃ વાણી દ્વારા કઠોર વચન બોલવા અથવા તન્મયતા પૂર્વક બોલવું.

ક કાય યોગઃ શરીરનો જે વ્યાપાર, વર્તના તેના દ્વારા થતો આશ્રવ.

(૫) કાયિકી આદિ ક્રિયાઓ દ્વારા આશ્રવ (૨૫)

આત્મા જે પરિણામ કે પ્રવૃત્તિ વડે શુભાશુભ કર્મને ગ્રહણ કરે તેને ક્રિયા કહેવાય છે. આવી ૨૫ ક્રિયાઓ દ્વારા આશ્રવ થાય છે, જે નીચે મુજબ છેઃ-

૧ કાયિકી ક્રિયાઃ ઉપયોગ રહિત અયત્નાપૂર્વક વર્તવું. અજયણાથી વર્તવું તે. જોયા, પ્રમાર્જ્યા વગર ઉપયોગ વિંના સુવા બેસવાની કાયા દ્વારા જે ક્રિયાઓ થાય તે.

૨ અધિકરણિકી ક્રિયાઃ જીવનાશક વસ્તુ કે પ્રવૃત્તિથી થતી ક્રિયા. જેમ કે છરી, તલવાર, ચપ્પુ, ભાલો જેવા નાના મોટા હથિયાર બનાવવા, અથવા તેને લગતાં સાધનો બનાવેલાં હોય તેને જોડીને તૈયાર કરવામાં જે પાપ ક્રિયા લાગે.

૩ પ્રાદ્વેષિકી ક્રિયાઃ જીવ કે અજીવ ઉપર દ્વેષ કરવાથી જે ક્રિયા લાગે. કાંટો કે પત્થર વાગવાથી થતો દ્વેષ તે અજીવ પ્રત્યેની ક્રિયા છે.

૪ પારિતાપનિકી ક્રિયાઃ પોતાને કે પરને તાડન-પીડનથી પીડા ઉપજાવનારી ક્રિયા. સ્વજનના વિયોગથી છાતી કે માથુ કૂટવું તે સ્વપીડન અને અન્યને મારવું તે પરપીડન છે.

૫ **પ્રાણાતિપાત ક્રિયાઃ** જીવોના પ્રાણની હિંસાથી લાગે તે ક્રિયા.

૬ **આરંભિકી ક્રિયાઃ** સાંસારિક વ્યાપાર અને વ્યવહારના કાર્યનો આરંભ કરતાં થતી ક્રિયા ખેતી વગેરે.

૭ **પરિગ્રહિકી ક્રિયાઃ** ધન, ધાન્ય વગેરેના સંગ્રહમાં મૂર્છા થવાથી થતી ક્રિયા. ધાન્ય, ઢોર, દાસ, દાસી, સજીવ પરિગ્રહ અને ધન, વસ્ત્ર, પાત્ર, અલંકાર, સોનું, ચાંદી વગેરે અજીવ પરિગ્રહ કરી તેમાં મોહ કરવો તે.

૮ **માયા પ્રત્યયિકી ક્રિયાઃ** માયા, છળ, કપટ દ્વારા બીજાને છેતરવા તે ખોટા લેખ કે ખોટી સાક્ષી પૂરી અન્યને છેતરવા (ઠગવા) તે.

૯ **મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયાઃ** અરિહંત પરમાત્માએ બતાવેલાં પદાર્થોને તે રૂપે ન માનતા વિપરીત માને તેમના વચન ઉપર અશ્રદ્ધા રાખવાથી જે ક્રિયા લાગે તે.

૧૦ **અપ્રત્યાખ્યાનિકી ક્રિયાઃ** પચ્ચક્ખાણ ન લેવા. નિયમ ન કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૧ **દૃષ્ટિ-કી ક્રિયાઃ** ગમતા કે અણગમતા સજીવ કે અજીવ પદાર્થોમાં સરાગ દૃષ્ટિ કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૨ **સ્પૃષ્ટિકી ક્રિયાઃ** જીવ કે અજીવને રાગાદિક ભાવે સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે તે. બાળકને, સ્ત્રીને કે વસ્ત્ર, ગાય, ભેંસ કે ઓશિકા જેવા પદાર્થોના સ્પર્શમાં રાગ કરવો તે.

૧૩ **પ્રાતિત્યકી ક્રિયાઃ** બીજાની રિદ્ધિ-સિદ્ધ જોઇ રાગ-દ્વેષ કરવાથી જે ક્રિયા લાગે તે.

૧૪ **સામંતોપનિ પાતિકી ક્રિયાઃ** પોતાની ગણાતી સજીવ-નિર્જીવ વસ્તુ અથવા રિદ્ધિ-સિદ્ધિ, સંપદા વગેરેને લોકો જુએ અને પ્રશંસા કરે તો ખુશ થાય અને અપ્રશંસાથી દુઃખ થતાં લાગે તે ક્રિયા.

૧૫ **નૈશસ્ત્રકિ ક્રિયાઃ** રાજા વગેરેની આજ્ઞાથી બીજા પાસે શસ્ત્ર બનાવડાવવાથી લાગતી ક્રિયા અથવા યંત્ર વડે કૂવામાંથી પાણી કાઢવું અને ધનુષ્યથી બાણ ફેકવું તેમાં લાગતી ક્રિયા.

૧૬ **સ્વ હસ્તિકી ક્રિયાઃ** પોતે સ્વયમ્ આપઘાત કરે અથવા પોતાના હાથ વડે શસ્ત્ર દ્વારા અન્યને મારવાની જે ક્રિયા લાગે તે.

૧૭ આજ્ઞાપનિકી ક્રિયા: બીજાને આજ્ઞા આપી પાપવ્યવહાર કરાવવાથી જે ક્રિયા લાગે તે.

૧૮ વિદારણિકી ક્રિયા: જીવ કે અજીવ વસ્તુ (ફોટા-મૂર્તિ) ને ભાંગવા-ફોડવાથી કે કોઈને ગાળ, કલંક દેવાથી જે ક્રિયા લાગે તે.

૧૯ અનાભોગિકી ક્રિયા: ઉપયોગ રહીત શૂન્ય ચિત્તે ક્રિયા કરવાથી જે ક્રિયા લાગે. ઉપયોગ રહીત વસ્ત્ર, પાત્રાદિ લેવા મુકવા તેમાં થતી ક્રિયા.

૨૦ અનવકાંક્ષા પ્રત્યયિકી ક્રિયા: પોતાના કે પરના હિતનો વિચાર કર્યા વગર આલોક કે પરલોક વિરુદ્ધ આચરણ કરવાથી જે ક્રિયા લાગે તે.

૨૧ પ્રાયોગિકી ક્રિયા: મન, વચન, કાયાના અશુભ વ્યાપાર દ્વારા જે ક્રિયા લાગે તે.

૨૨ સામુદાયિકી ક્રિયા: સમૂહમાં મળીને હિંસાદિ કરવાથી, સીનેમા જોવા કે યુદ્ધ કરવાથી જે સમૂહની ક્રિયા લાગે તે.

૨૩ પ્રેમિકી ક્રિયા: માયા કે લોભને વશ થઇ પ્રેમ કરવાથી અથવા પ્રેમ ઉપજે તેવાં વચન બોલવાની કે તેવી પ્રવૃત્તિ કરવાથી જે ક્રિયા લાગે તે.

૨૪ દ્વેષિકી ક્રિયા: ક્રોધ કે માનનાં વશથી દ્વેષ કે ક્રોધ કરવાથી અથવા બીજાને દ્વેષ ઉત્પન્ન થાય તેવાં વચન બોલવાથી કે તેવી પ્રવૃત્તિ કરવાથી જે ક્રિયા લાગે તે.

૨૫ ઈર્યાપથિકી ક્રિયા: ગમનાગમન કરવાથી જે ક્રિયા લાગે તે. માત્ર કેવળીને આ ક્રિયા લાગે છે.

આમ ઉપર જણાવેલ **૧૭** અસંયમ તથા **૨૫** ક્રિયાઓ એમ મળી કુલ આશ્રવના **૪૨ (૧૭+૨૫)** ભેદ છે.

પ્ર : ૨૫ આશ્રવ તત્ત્વ ઉપર ટૂંકમાં કહો ?

ઉ : ૨૫ આશ્રવ તત્ત્વના ભેદ સર્વજ્ઞ પ્રરૂપિત તત્ત્વના રહસ્યથી સમજાય છે. જીવ અજ્ઞાનદશામાં શુભાશુભ કર્મનો બંધ કેવી રીતે કરે છે તે આશ્રવ તત્ત્વથી સમજાય છે. ઘરના બારી-બારણાં ખુલ્લા મૂકે અને કચરો તથા પશુ-પક્ષી પ્રવેશ કરી જાય તેમ મન, વચન, કાયા અર્થાત પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોનાં દ્વારો વિષયમાં ખુલ્લા રહે તો આશ્રવની ક્રિયાઓ થતી રહે છે અને જીવ કર્મ સાથે બંધાય છે.

અશુભ પ્રવૃત્તિ કરે અશુભનો બંધ પડે અને સુદેવ, સુગુરુ, સંઘ, સુધર્માદિકની પ્રવૃત્તિ કરવાથી શુભ ભાવના કારણે શુભબંધ પડે અને શુભાશુભ ભાવના રોકવાથી કે રાગાદિના રોકવાથી આશ્રવ રોકાય છે. કર્મબંધના હેતુઓને આશ્રવ કહે છે. આશ્રવ જીવને ચારે ગતિમાં ભ્રમણ કરાવનારું છે. માટે તમામ આશ્રવનો ત્યાગ કરી સંવર માર્ગમાં પ્રવેશ કરવો.

પ્ર : ૨૬ સંવર એટલે શું? તેના ભેદ કેટલા છે?

ઉ : ૨૬ આશ્રવનો નિરોધ તે સંવર. કર્મના આવતા પ્રવાહને રોકનારી આત્મશકિત તે સંવર. આશ્રવ વડે કર્મનો પ્રવાહ આવે છે. સંવર વડે કર્મનો પ્રવાહ રોકાય છે. કર્મ બંધાય નહીં તે સંવર કહેવાય. સંવર એટલે નવા કર્મોનો બંધ થતો અટકતો હોય તે. સંવર એટલે અકર્તાપણાનું ભાન. સંવર એટલે ચાર્જ થતું બંધ થઇ જવું તે, હું ચંદુલાલ છું એ ભાન છે ત્યાં સુધી આશ્રવ અને બંધ બંનેય ચાલુ રહે છે. અને હું શુદ્ધાત્મા છું એ ભાન અને ધ્યાન રહ્યું કે સંવર રહે. સંવર એટલે કર્મને ડાટો લાગી જાય તે. ચાર્જ બંધ થાય તે સંવર. ક્રિયા બધી જ નિરંતર થાય પણ જેને હું કરું છું એવું ભાન નાં રહે તેને સંવર કહેવાય. સંવરના બે પ્રકાર છે (૧) દ્રવ્ય સંવર (૨) ભાવ સંવરઃ-

દ્રવ્ય સંવરઃ જ્ઞાનાવરણાદિ કર્મના પ્રવાહનું રોકાઇ જવું

ભાવ સંવરઃ રાગાદિ ભાવનું રોકાઇ જવું.

વિસ્તારથી જોતાં સંવર તત્વના સત્તાવન (૫૭) ભેદ છે.

પ્ર : ૨૭ સંવર તત્વના સત્તાવન (૫૭) ભેદનું વિગતવાર વર્ણન કરો.

ઉ : ૨૭ સંવર તત્વના સત્તાવન ભેદ નીચે મુજબ જાણવાઃ-

	ભેદ
(૧) પાંચ સમિતિ	૫
(૨) ત્રણ ગુપ્તિ	૩
(૩) બાવીસ પ્રકારના પરિષહ	૨૨
(૪) દસ પ્રકારના યતિધર્મ	૧૦
(૫) બાર ભાવના	૧૨
(૬) પાંચ ચારિત્ર	૫
	૫૭

[૧] **પાંચ સમિતિઃ** શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞા પ્રમાણે સમ્યક્ પ્રવૃત્તિ કરવી અથવા યતના (જયણા) વડે પ્રવૃત્તિ કરવી. બીજા શબ્દોમાં કહીએ તો ઉપયોગ પૂર્વક એટલે કે ઉપયોગસહિત પ્રવૃત્તિ કરવી તેને સમિતિ કહે છે. તેના પાંચ પ્રકાર છે :-

(અ) ઈર્યા સમિતિ: ઈર્યા એટલે ગમનાગમન. ઉપયોગપૂર્વક હરવું-ફરવું. સજીવ ભૂમિને છોડીને યત્નપૂર્વક ચાલવું, જવું આવવું. સાડા ત્રણ હાથ નીચી દૃષ્ટિ રાખીને ચાલવું.

(બ) ભાષા સમિતિ: સમ્યક પ્રકારે નિરવધ અને નિર્દોષ વચન બોલવાં. મુહપતિનો ઉપયોગ કરવો.

(ક) એષણા સમિતિ: નિર્દોષ આહાર ગ્રહણ કરવો. સાધુ મહારાજ બેતાલીશ દોષ રહિત આહાર લે છે તે.

(ડ) આદાન ભંડમત નિક્ષેપણા સમિતિ: કોઈપણ વસ્તુ લેતાં કે મૂકતાં જીવની વિરાધના ન થાય એ રીતે પુંજી-પ્રમાર્જી લેવી કે મૂકવી.

(ઈ) પારિષ્ઠાપનિકા સમિતિ: કફ, મળમૂત્ર કે સદોષ આહારાદિ નિર્જીવ સ્થળે જયણાપૂર્વક ભૂમિ ઉપર મૂકવા, તેનો ત્યાગ કરવો તે.

[૨] **ગુપ્તિ:** શુભ કાર્યમાં પ્રવૃત્તિ અને અશુભ કાર્યથી નિવૃત્તિ તેને ગુપ્તિ કહે છે. તે ત્રણ પ્રકારે છે:-

(અ) મન ગુપ્તિ: ખરાબ વિચારોને છોડી સારા વિચારો કરવા તે. આર્ત કે રૌદ્રધ્યાનના વિચારોનો ત્યાગ કરવો અને ધર્મધ્યાન કે શુક્લધ્યાન ચિંતવવું અંતે વ્યર્થ મનો વ્યાપારનો સર્વથા ત્યાગ કરવો.

(બ) વચન ગુપ્તિ: બીજાને દુઃખ થાય કે અહિત થાય એવા અપ્રિય, અહિતકારી સાવદ્ય વચનનો ત્યાગ કરી પ્રિય, હિતકારી, સત્ય તથા મીત વચન બોલવું અથવા મૌન ધારણ કરવું તે. આંખ, હાથની ચેષ્ટા જેવી સંજ્ઞાના ત્યાગપૂર્વકનું મૌન રાખવું.

(ક) કાય ગુપ્તિ: કારણ વગર કાયાની ચપળતાનો ત્યાગ કરી, કાયાને સંયમમાં રાખવી. શાસ્ત્રોકત્ વિધિ પ્રમાણે ગમનાગમન કરવું.

નોંધ: પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ તેને અષ્ટ પ્રવચન માતા કહેવાય છે. પાપથી બચવા આ અષ્ટ પ્રવચન માતાનું નિર્મળ રીતે પાલન કરવું જોઈએ. આ આઠ પ્રવચનરૂપી માતા સંવર રૂપ પુત્રને જન્મ આપે છે.

[૩] **પરિષહ:** આવતાં કષ્ટોને સમભાવે સહન કરવાં તેને પરિષહ કહે છે તે બાવીસ પ્રકારના નીચે મુજબ છે:-

(૧) ક્ષુધા: નિર્દોષ આહારની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સદોષ આહાર લેવાની ઈચ્છા ન કરવી પણ ભૂખને સહન કરવી તે.

(૨) **તૃષાઃ** તરસ ઘણી લાગી હોય છતાં સચિત પાણી પીવાની ઇચ્છા ન કરવી પણ તરસને સહન કરવી.

(૩) **શીતઃ** સખત ઠંડી પડતી હોય છતાં વધારે ઉપકરણોનો ઉપયોગ તેમજ અગ્નિથી તાપવા વિગેરેનો વિચાર પણ ન કરે પરંતુ ઠંડીને સહન કરે.

(૪) **ઉષ્ણઃ** સખત ગરમી પડતી હોય છતાં તાપથી પીડીત થઇને સ્નાન, વાયુ કે પંખો બરફ વિગેરેનો ઉપયોગ ન કરે. ગરમી સહન કરે તે.

(૫) **દંશઃ** મચ્છર, ડાંસ, માંકડ વગેરેના ત્રાસથી ખીન્ન ન થવું પણ સહન કરવું.

(૬) **અચેલકઃ** સાધુએ જરુર પૂરતાં ઉપકરણો રાખવા પણ અતિ કિંમતી કે પ્રમાણથી વધારે ઉપકરણો ન રાખવાં અને જીર્ણ કે મલીન વસ્ત્ર મળે છતાં ખેદ ન કરવો તે.

(૭) **અરતિઃ** ગમે તેવું દુઃખ આવી પડે કે મનગમતી વસ્તુ ન મળે તો મનમાં ખેદ ન કરે તે.

(૮) **સ્ત્રીઃ** સ્ત્રીઓના મનોહર રૂપ, રંગ, હાવભાવ જોઇ ચિત્તમાં ક્ષોભ ન કરવો તે.

(૯) **ચર્યાઃ** પવનની જેમ અપ્રતિબદ્ધ વિહાર કરવો અથવા વિહારમાં આવતી પ્રતિકૂળતા સહન કરવી તે.

(૧૦) **નિષધાઃ** સ્મશાન કે નિર્જન સ્થાનમાં વિગેરેમાં કાઉસગ્ગ્ ધ્યાને રહેતા અનેક પ્રકારે ઉપસર્ગ આવી પડે તો ચિત્તને ચલાયમાન ન કરવું.

(૧૧) **શય્યાઃ** ઊંચી-નીચી, ખાડા-ધૂળવાળી જગ્યા હોય, હવા-ઉજાસ વિનાની જગ્યા હોય અને ત્યાં સંથારો કરવો પડે તો ખેદ ન પામવો.

(૧૨) **આક્રોશઃ** કોઇ પોતાને કઠોર વચન બોલે તે છતાં દઢ પ્રહારીની જેમ સહન કરે પણ ક્રોધ ન કરે તે.

(૧૩) **વધઃ** કોઇ લાકડી કે પત્થરથી મારે તો પણ ખંધકસૂરીના શિષ્યોની જેમ સહન કરવું પણ સામા ઉપર દ્વેષ ધારણ ન કરવો તે.

(૧૪) **યાચનાઃ** સાધુઓ સંયમ ઉપયોગી વસ્તુઓ ગૃહસ્થને ઘેર માંગતા શરમ ન રાખે તે.

(૧૫) **અલાભઃ** અંતરાય કર્મના ઉદયથી નિર્દોષ ભિક્ષાનો લાભ ન થાય તો પણ ઢંઢણ ઋષિની જેમ મનમાં ઉદ્વેગ ન કરવો તે.

(૧૬) **રોગઃ** અશાતાવેદનીય કર્મના ઉદયે રોગ આવી પડે તો દવાની અપેક્ષા રાખ્યા વિના સનતકુમારની જેમ સહન કરે પણ હાયવોય ન કરે.

(૧૭) **તૃણ સ્પર્શઃ** હાલતાં-ચાલતાં કે સંથારા વિગેરેમાં કાંટા, ડાભ આદિનો સ્પર્શ દેહને પીડા કરે તો ઉદ્વેગ ન કરવો.

(૧૮) **મલઃ** શરીર મેલથી મલીન બન્યું હોય કે પરસેવાથી ભીંજાઇ ગયું હોય તો પણ સ્નાન કરવાની ઇચ્છા ન કરે તે.

(૧૯) **સત્કારઃ** ભકત વર્ગ તરફથી સારી રીતે સત્કાર મળતો હોય તો પણ હર્ષ ન કરવો તે.

(૨૦) **પ્રજ્ઞાઃ** બુદ્ધિશાળી હોવાથી જ્ઞાન ઘણું હોય તો પણ ગર્વ ન કરવો તે.

(૨૧) **અજ્ઞાનઃ** જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી ઉદ્યમ કરવા છતાં જ્ઞાન ન આવડે તો મનમાં દુઃખ ન લાવવું પણ પોતાના કટુકર્મના વિપાકનું આ ફળ છે એમ વિચારવું.

(૨૨) **સમ્યકત્વઃ** શ્રી જિનેશ્વરના વચનમાં શંકા ન કરવી. શાસ્ત્ર રહસ્યો ગમે તેવાં સૂક્ષ્મબુદ્ધિગમ્ય હોય તો પણ સમજવા પ્રયત્ન કરે પણ સંદેહ ન કરે

[૪] **દશ પ્રકારના યતિ ધર્મઃ**

(૧) **ક્ષમા(સમતા)ઃ** ગમે તેવા પ્રસંગોમાં પણ ક્રોધ ન કરવો સમતા રાખવી તે.

(૨) **માર્દવ (મૃદુતા)ઃ** નમ્રતા, વિનય, લઘુતા આદિ ગુણો કેળવવા. અહંકારનો ત્યાગ કરવો.

(૩) **આર્જવ (સરળતા)ઃ** માયા કપટનો ત્યાગ કરી સરળતા રાખવી.

(૪) **મુકિત (નિર્લોભતા)ઃ** લોભનો ત્યાગ કરી સંતોષ રાખવો.

(૫) **તપઃ** ઇચ્છાનો નિરોધ કરવો તે તપ. બાહ્ય અને અભ્યંતર ભેદથી બાર પ્રકારે તપ કરવું તે.

(૬) **સંયમઃ** ઇન્દ્રિયોનો સંયમ પાળવો. વ્રત પાળવાં. પ્રાણાતિપાત આદિથી વિરામ પામવું તે. ક્રોધ, માન, માયા, લોભનો સંયમ રાખવો.

(૭) **સત્યઃ** બીજાને પ્રિય અને હિતકારી લાગે તેવું તથા ટૂંકમાં સત્ય બોલવું.

(૮) **શૌચઃ** મન, વચન, કાયાથી પવિત્ર આચરણ કરવું. સર્વ જીવોને સુખ ઊપજે એવી રીતે વર્તવું.

(૯) **અકિંચનત્વઃ** મમત્વ રૂપ સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો. અંતર, બાહ્ય સર્વ પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો.

(૧૦) **બ્રહ્મચર્યઃ** વિષય વાસનાનો ત્યાગ કરી સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવું. આત્મ રમણતા કરવી તે બ્રહ્મચર્ય.

[૫] **બાર ભાવનાઃ** જીવ જેવા ભાવ કે પરિણામ કરે તે પ્રમાણે શુભાશુભ કર્મનો બંધ થાય છે. તે બંધરૂપ ભાવ કે પરિણામને રોકવા વીતરાગ ભાવના પ્રગટ કરવા આ બાર ભાવના કહેલી છે જેનું ચિંતન મનન સંવર પ્રત્યે લઈ જાય છે.

(૧) **અનિત્ય ભાવનાઃ** સંસારના સર્વ પદાર્થો અનિત્ય છે. ક્ષણભંગુર છે. વિનાશી છે. કાયા, માયા, હાટ, હવેલી, સતા, સંપત્તિ, યૌવન, રૂપ, આયુષ્ય વગેરે બધું અનિત્ય છે. આ સર્વ દૃશ્યમાન પદાર્થો વીજળી જેવા ચપળ, ક્ષણિક અને નાશવંત છે તે ત્યજવા યોગ્ય છે. નિત્ય શુદ્ધ આત્મા જ ભાવવા યોગ્ય છે.

(૨) **અશરણ ભાવનાઃ** જન્મ, જરા અને મૃત્યુના ભયરુપ આ સંસારમાં પ્રાણીને કોઈ શરણભૂત નથી. માત્ર ધર્મ એક જ શરણભૂત છે એમ વિચારવું.

(૩) **સંસાર ભાવનાઃ** આ સંસારમાં જીવ અનાદિ કાળથી અનંત વાર ચોર્યાસી લાખ યોનિઓમાં જન્મ, જરા અને મૃત્યુની અનંત યાતનાઓ સહન કરી રહ્યો છે. ખરેખર જ આ સંસાર દુઃખમય છે. આવા અસાર સંસાર ઉપર કેમ અણગમો થતો નથી? એમ વિચારવું તે.

(૪) **એકત્વ ભાવનાઃ** આ જીવ એકલો જ આવ્યો છે અને એકલો જ જવાનો છે. મારું આ દુનિયામાં કોઈ નથી. છતાં મારું મારું કેમ કરી રહ્યો છું? એવી ભાવના ભાવવી તે.

(૫) **અન્યત્વ ભાવનાઃ** દેહથી મારો આત્મા જુદો છે. પિતા, પુત્ર, સ્ત્રી ધન વગેરે કોઈ કોઈનાં નથી. એક પરમાણુ પણ જીવનું થઈ શકે તેમ નથી. હું કેવળ સ્વસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છું એમ ભાવના ભાવવી તે.

(૬) **અશુચિ ભાવનાઃ** સાત ધાતુથી બનેલું આ શરીર મલમૂત્ર વિગેરે અશુચિ પદાર્થોથી ભરેલું છે. પુરુષના નવ અને સ્ત્રીના બાર કાણાંમાંથી નિરંતર અશુચિ વહ્યા જ કરે છે એમાં મોહ પામવા જેવું શું છે. એમ ચિંતવવું તે.

(૭) **આશ્રવ ભાવનાઃ** સંસારમાં રહેલા સર્વ જીવો નિરંતર મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને મન, વચન, કાયાના યોગથી નિરંતર કર્મ બાંધ્યા કરે છે અને તેથી જ આ અનાદિ સંસારમાં ભટકવાનું ચાલુ જ છે એમ વિચારવું તે. આત્મા આશ્રવથી જૂદો છે.

(૮) **સંવર ભાવનાઃ** આશ્રવ દ્વારા આવતાં કર્મોના પ્રવાહને રોકવાનું સાધન તે સંવર છે. જે આત્મશકિત દ્વારા કર્મ રોકાય છે તે સંવર છે. સંવર તત્ત્વ ભાવથી જ્ઞાનીને વર્તે છે. રાગાદિ ભાવના નિરોધથી કર્મો અટકે છે. કર્મબંધના હેતુઓને અટકાવવાના ઉપાયરૂપ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ આદિનું પાલન છે અને તે સંવર ધર્મરૂપ છે એમ વિચારવું તે.

(૯) **નિર્જરા ભાવનાઃ** કર્મોનું ખરી જવું. ઇચ્છા નિરોધ કે બાર પ્રકારનાં તપ દ્વારા પૂર્વ કર્મોનું દૂર થવું. રાગાદિ ભાવનો નાશ થતાં આત્મશકિત પ્રગટવાથી ક્રમે ક્રમે કર્મનો નાશ થાય છે એમ ચિંતવવું તે.

(૧૦) **લોકસ્વરુપ ભાવનાઃ** લોકનું સ્વરૂપ ચિંતવી લોકથી અસંગ થઇ લોકાગ્રે જવાની ભાવના. આ ચૌદ રાજલોકનું સ્વરૂપ કમ્મર પર બે હાથ રાખી બે પગ પહોળા કરી ઉભેલા પુરુષની આકૃત્તિ જેવું છે. તેમાં છ દ્રવ્યો અવિનાશી છે. અનંતા પદાર્થોથી પોતે અસંગ છે. એમ ચિંતવવું તે.

(૧૧) **બોધિ દુર્લભ ભાવનાઃ** જીવ અનાદિકાળના ભવભ્રમણમાં મનુષ્યાદિપણું કે દેવપણુ પામ્યો હશે. પરંતુ ભવભ્રમણનો અંત થાય તેવું સમકિત પામ્યો નહીં. વિપરીત શ્રધ્ધાનને કારણે તેની પ્રાપ્તિ દુર્લભ રહી છે. તેની પ્રાપ્તિ માટે સત પુરૂષાર્થ કરવો અને એક રત્નત્રયજ ઉપાદેય છે તેમ ભાવના કરવી.

(૧૨) **ધર્મ ભાવનાઃ** દુસ્તર એવા આ સંસાર સાગરથી પાર ઊતરવામાં વહાણ સમાન શ્રી અરિહંત પરમાત્મા પ્રણીત ધર્મ જ છે. આ પ્રમાણે ચારિત્ર ધર્મનું ચિંતવન કરવું અથવા ધર્મના ઉપદેશક શ્રી અરિહંત પરમાત્માનો યોગ થવો અતિ દુર્લભ છે એમ વિચારવું તે.

[૬] **પાંચ ચારિત્રઃ** સર્વ સાવદ્ય (પાપ) વ્યાપારનો ત્યાગ કરી નિર્દોષ જીવન જીવવું તે ચારિત્ર છે. ચારિત્ર પાંચ પ્રકારના છેઃ-

(૧) **સામાયિક ચારિત્રઃ** જેના વડે સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રનો લાભ થાય તે તથા વિષમ પરિસ્થિતિમાંથી સમતામાં આવવું તે સામાયિક. શુદ્ધિપૂર્વક પવિત્ર પંચાચારનું પાલન કરવું તે સામાયિક ચારિત્ર છે. લઘુ દીક્ષાને સામાયિક ચારિત્ર કહે છે.

(૨) **છેદોપસ્થાપનીય ચારિત્રઃ** સામાયિક ચારિત્રના પર્યાયનો છેદ કરી પાંચ મહાવ્રતોનો સ્વીકાર તે છેદોપસ્થાપનીય ચારિત્ર વડી દીક્ષા. આ પ્રકાર પહેલાં અને છેલ્લા તીર્થંકરના સમયમાં હોય છે. વચ્ચેના બાવીશ તીર્થંકરોના સમયમાં આ નથી.

(૩) **પરિહાર વિશુદ્ધિ ચારિત્રઃ** નવ સાધુઓ ગચ્છની બહાર નીકળી અઢાર માસ માટે પરિહાર કલ્પ સ્વીકારે, ૪ સાધુઓ છ માસ તપ કરે, ૪ સાધુઓ તેમની વૈયાવસ્ય કરે અને એક સાધુ વાચનાચાર્ય ગુરુ થાય પછીના છ માસ વૈયાવચ્ચવાળા સાધુઓ તપ કરે એવા વિશિષ્ટ પ્રકારનું ચારિત્ર તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર.

(૪) **સૂક્ષ્મ સંપરાય ચારિત્રઃ** દશમા ગુણસ્થાનકને પામેલા સાધુને અલ્પ કષાય (લોભ) હોય છે. તેવા સાધુઓનું જે નિર્મળ ચારિત્ર તે સૂક્ષ્મ સંપરાય ચારિત્ર છે.

(૫) **યથાખ્યાત ચારિત્રઃ** કષાયોનો સર્વથા ઉપશમ કે ક્ષય થતાં સાધુઓને જે નિર્મળ ચારિત્ર હોય છે તે. આ ચારિત્ર વીતરાગને જ અગિયારમા, બારમા, તેરમા અને ચૌદમાં ગુણઠાણે હોય છે.

પ્ર : ૨૮ નિર્જરા એટલે શું? તેના કેટલા ભેદ છે ?

ઉ : ૨૮ નિર્જરા એટલે કર્મોનો આંશિક અથવા સર્વથા ક્ષય. કર્મનું ખપવું, નાશ પામવું કે ઝરી જવું એનુ નામ નિર્જરા. નિર્જરા એટલે કર્મો ખરી પડે તે. નિર્જરા એટલે કર્મફળ આપીને ચાલ્યું જાય. કડવું-મીઠું ફળ આપીને પછી ખ્યોર થઇને ચાલ્યું જાય એને નિર્જરા કહેવાય. નિર્જરાને આપણે ડીસ્ચાર્જ કહીએ છીએ. નિર્જરા એ નોકર્મ છે. તમે શુદ્ધ ઉપયોગમાં રહો એટલે એની મેળે સંવર સાથે નિર્જરા થયા જ કરે. પાંચ આજ્ઞા પાળી એનું નામ શુદ્ધ ઉપયોગ કર્મ ભોગવી ક્ષય કરી દીધા તે નિર્જરા કહેવાય. નિર્જરાના બે પ્રકાર છેઃ-

(૧) **અકામ નિર્જરાઃ** કર્મ વિપાકના ફળ સ્વરૂપે દુઃખ પડે ત્યારે જીવ આકુળ થાય. પરવશતાથી કે દીનતાથી દુઃખ સહે તે અકામ નિર્જરા. ઉદય કર્મ નાશ પામે પણ પાછળ નવું કર્મ બંધાય તેથી તે અકામ નિર્જરા છે. આ જાનવરોને અકામ નિર્જરા હોય છે.

(૨) **સકામ નિર્જરાઃ** મોક્ષના હેતુથી જે નિર્જરા થાય તો તે સકામ નિર્જરા છે. આત્મા બુદ્ધિપૂર્વક અને સ્વેચ્છાએ કષ્ટ સહન કરી સમતાભાવે કષ્ટ સહી લે ત્યારે જે કર્મ ખપી જાય તે સકામ નિર્જરા છે. જે પ્રકારે ઉદય કર્મ આવે તેવું ને તેવું કર્મ પુનઃ ન બંધાય તે સકામ નિર્જરા છે. એ જ્ઞાન સહિત હોય છે. બાર પ્રકારના તપે કરી સંયમી થઇ કષ્ટ સહન કર્યાથી જે કર્મ પરમાણુનું ક્ષય થાય તે સકામ નિર્જરા કહેવાય છે. નિર્જરાના અન્ય બે ભેદ પણ ગણાય છેઃ-

(૧) **દ્રવ્ય નિર્જરાઃ** આત્માના પ્રદેશોથી કર્મ પુદ્ગલોનું ખરી જવું (જ્ઞાનવરણીયાદિ) તે દ્રવ્ય નિર્જરા છે.

(૨) **ભાવ નિર્જરાઃ** આત્માના તપશ્ચર્યાદિવાળા શુદ્ધ પરિણામ તે વાસ્તવિક નિર્જરા છે. ઇચ્છાનો નિરોધ તે તપ છે. આત્માના શુદ્ધ પરિણામે કરી કર્મની સ્થિતિ જે પોતાની મેળે પાકે અથવા બાર પ્રકારના તપે કરી નિરસ કર્યા એવા જે કર્મ પરમાણુ ક્ષય પામે તે ભાવ નિર્જરા છે.

પ્ર : ૨૯ સંવર સાથે નિર્જરા ક્યારે થાય ?

ઉ : ૨૯ શુદ્ધ ઉપયોગમાં રહ્યા કે સંવર સાથે નિર્જરા થયા જ કરે. પાંચ આજ્ઞા પાળી એનું નામ જ શુદ્ધ ઉપયોગ. પાંચમાંથી એક આજ્ઞા પાળી તોય એ શુદ્ધ ઉપયોગ જ છે. સંવર પૂર્વકની નિર્જરા એટલે ફાઇલોનો સમભાવે નિકાલ થયો તે. તે પછી નવી ફાઇલ ઊભી ના થાય. 'હું શુદ્ધાત્મા છું'- એ લક્ષ્યપૂર્વક જેને નિર્જરા થાય એને સંવરપૂર્વકની નિર્જરા કહી છે. સંવર એટલે કર્મને આવતાં અટકાવવા તે. એટલે નિર્જરા થાય પણ નવો બંધ ના પડે. સંવર પૂર્વકની નિર્જરાનું ફળ મોક્ષ છે.

પ્ર : ૩૦ નિર્જરા ક્યારે થાય?

ઉ : ૩૦ દરેક અવસ્થા આવે ત્યારે અવસ્થા માત્ર કુદરતી રચના છે એ જ્ઞાન હાજર રહ્યું તો નિર્જરા થઇ જાય. ને આપણે બુદ્ધિ કેવી વપરાય એ જોવાની.

આ તો જેવો માલ ભર્યો હશે તેવો જ નીકળશે. મન, વચન, કાયાની તમામ સંગી ક્રિયાઓથી હું તદ્દન અસંગ જ છું. આ પછી મન, વચન, કાયાની ટેવો અને તેના સ્વભાવને હું જાણું છું અને મારા સ્વ સ્વભાવને પણ હું જાણું છું. પુણ્યાચાર અને પાપાચાર બંને ભ્રાંતિ છે. બંને મોક્ષે જતાં તો અનાચાર જ છે. આ જ્ઞાન વાકયો હાજર રહે તો નિરંતર નિર્જરા થયા જ કરે અને નવો બંધ ના પડે.

પ્ર : ૩૧ કર્મની નિર્જરા માટે શું સાધન શાસ્ત્રમાં બતાવેલ છે?

ઉ : ૩૧ બાર પ્રકારના તપથી કર્મોની નિર્જરા થાય છે. ઇચ્છાના નાશ માટેના સાધન તે પણ આ બાર પ્રકારનાં તપ છે. તેમાં છ બાહ્ય અને છ અભ્યંતર તપ છે. બાહ્ય તપ છ પ્રકારનાં નીચે મુજબ છેઃ-

(૧) **અનશનઃ** આહારનો ત્યાગ કરવો.

(૨) **ઉણોદરીઃ** આહાર થોડો ઉણો લેવો અર્થાત્ ભૂખ હોય છતાં થોડું ઓછું જમવું.

(૩) **રસ પરિત્યાગઃ** છ વિગઇ એટલે કે સારા સારા રસનો ત્યાગ કરવો.

(૪) **વૃત્તિ સંક્ષેપ:** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી આજીવિકાનો સંક્ષેપ કરવો એટલે અભિગ્રહ તથા નિયમાદિક ધારવાં.

(૫) **કાય કલેશ:** તપ, લોચાદિક કષ્ટ સહન કરવું. કાઉસગ્ગ કરવો.

(૬) **પ્રતિ સંલીનતા:** અંગ, ઉપાંગને સંવરવું. ગોપન કરવું. અર્થાત્ પદ્માસન કે વજ્રાસન જેવાં આસનો દ્વારા અંગોને કેળવવાં.

અભ્યંતર તપ છ પ્રકારનાં નીચે મુજબ છે:-

(૧) **પ્રાયશ્ચિત:** થયેલા અપરાધની ગુરુ પાસે આલોચના કરવી અને પ્રાયશ્ચિત દ્વારા અપરાધની શુદ્ધિ કરવી.

(૨) **વિનય:** ગુરુ આદિની ભકિત કરવી આશાતના ટાળવી તે.

(૩) **વૈયાવચ્ચ:** સાધુ સાધ્વી આચાર્યને અન્ન, પાણી, વસ્ત્ર, ઔષધ વગેરે પૂરા પાડવા સેવા કરવી તે.

(૪) **સ્વાધ્યાય:** શાસ્ત્ર ભણવાં, ભણાવવાં, શંકાનું સમાધાન કરવું, સંદેહ પૂછવો. જે ભણ્યા હોય તેનું પુનરાવર્તન કરવું, જે ભણ્યા હોય તેનું ચિંતન મનન કરવું. ધર્મ સંબંધી કથા કહેવી.

(૫) **ધ્યાન:** આર્તધ્યાન, રૌદ્રધ્યાન ટાળી ધર્મધ્યાન અને શુકલધ્યાનથી કર્મોનો ક્ષય કરવો.

(૬) **કાઉસગ્ગ:** કાયા હલાવવી નહીં તે કાઉસગ્ગ. સર્વથા દેહભાવનો ત્યાગ કરવો અને પોતાનું શુદ્ધ સ્વરૂપ ચિંતવવું તે કાયોત્સર્ગ.

ઉપરના બાર તપમાંથી પહેલા ચાર આહાર શુદ્ધિ માટેના છે. પાંચ અને છ કાયા શુદ્ધિ માટેના છે. અભ્યંતર તપમાં પ્રથમના ચાર મન શુદ્ધિ માટેના છે. છેલ્લા બે આત્મ શુદ્ધિ માટેના છે.

પ્ર : ૩૨ બંધ તત્ત્વ એટલે શું? તેના કેટલા પ્રકાર છે?

ઉ : ૩૨ આત્માના પ્રદેશો સાથે કાર્મણ વર્ગણા (કર્મરજો) નું દૂધ પાણીની જેમ એક મેક થઇ જવાનો સ્વભાવ તે બંધ કહેવાય છે, બંધના મુખ્ય ચાર પ્રકાર છે:-

(૧) પ્રકૃત્તિ બંધ (૨) સ્થિતિ બંધ (૩) અનુભાગ બંધ (૪) પ્રદેશ બંધ

(૧) **પ્રકૃત્તિ બંધ:** આઠ પ્રકારનાં કર્મોનો સ્વભાવ અને તેના પરિણામને પ્રકૃતિબંધ કહે છે. જેમ સૂંઠનો લાડુ હોય તો વાયુને હરે અને જીરાનો લાડુ હોય તો પિત્તને હરે તેમ પ્રકૃત્તિ બંધનો કોઇ પ્રકાર જ્ઞાનગુણને આવરે એટલે કે આવરણ કરે.

કોઇ દર્શનગુણને આવરણ કરે. જેમ કે જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ જ્ઞાનને રોકવાનો છે. દર્શનાવરણીય કર્મનો સ્વભાવ દર્શનને રોકવાનો છે. અનંત અવ્યાબાધ સુખને ટાળવાનો વેદનીય કર્મનો સ્વભાવ છે. સમ્યકત્વ તથા ચારિત્રને ટાળવાનો મોહનીય કર્મનો સ્વભાવ છે. અક્ષય સ્થિતિને ટાળવાનો આયુ કર્મનો સ્વભાવ છે. શુદ્ધ અવગાહનાને ટાળવાનો નામ કર્મનો સ્વભાવ છે. આત્માના અગુરુ લઘુ ગુણને ટાળવાનો ગોત્ર કર્મનો સ્વભાવ છે. અને અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ તથા અનંત વીર્યને ટાળવાનો અંતરાય કર્મનો સ્વભાવ છે. ટૂંકમાં પ્રકૃતિ બંધ એટલે કર્મનો સ્વભાવ.

(૨) **સ્થિતિ બંધ:** સ્થિતિ બંધ એટલે આઠ કર્મની સ્થિતિના કાળનું માન. ટૂંકમાં કાળનીમર્યાદા. કયું કર્મ આત્માની સાથે કેટલો સમય રહેશે તેને સ્થિતિ બંધ કહે છે. જે સમયે જે કર્મ બંધાય તે કર્મ આત્મ પ્રદેશની સાથે જેટલો સમય રહે તેની મર્યાદા તે સ્થિતિ બંધ કહેવાય છે. જેમ કોઇ લાડુ એક મહિનો રહે. કોઇ લાડુ પંદર દિવસ રહે. એટલે કે પંદર દિવસ સુધી બગડે નહીં. તે જ સ્થિતિમાં ટકી રહે. જેમ કે જ્ઞાનાવરણીય કર્મનો ૩૦ કોડાકોડી સાગરોપમ ટકવાનો કાળ છે. તેમ મોહનીય કર્મ જેવું કર્મ વધુમાં વધુ ૭૦ કોડાકોડી સાગરોપમ સુધી રહે. કોઇ તેથી અલ્પ રહે જેમ કે ઓછામાં ઓછું અંતરમુર્હૂત પણ ટકે.

(૩) **અનુભાગ બંધ:** કર્મની શુભાશુભ ફળ આપવાની તીવ્રતા કે મંદતા તેને અનુભાગ બંધ કહે છે. જેમ કે કોઇ કર્મ તીવ્ર કે મંદ સુખ કે દુઃખ રૂપે વેદાય. જેમ કોઇ લાડુમાં ગોળ કે સાકરના પ્રમાણથી મીઠો વધારે લાગે. કોઇ લાડુમાં મેથી વધારે હોય અને ગોળ ઓછો હોય તો કડવો લાગે. કોઇને શારીરિક ઉદયમાં શરીરને અશકત બનાવી દે. બીજાને તેવી વેદના લાંબો વખત ચાલે છતાં તેને શાતા રહે. પહેલા પ્રકારમાં જીવે અશાતા વેદનીય કર્મ તીવ્રપણે બાંધેલું છે. બીજા પ્રકારમાં મંદરસપણે બાંધેલું છે. રસબંધ કષાયની તીવ્રતા કે મંદતા પર આધારિત છે.

(૪) **પ્રદેશ બંધ:** કર્મ પુદ્ગલોના પ્રદેશોનું પ્રમાણ કે પ્રદેશ બંધ એટલે કે કર્મ પરમાણુઓનો સંચય-દળ કે જથ્થો તે પ્રદેશ બંધ. કર્મ બંધાય ત્યારે તેના સ્કંધોનો જથ્થો રસ પ્રમાણે ગ્રહણ થાય. જેમ કે કોઇ લાડુ પાશેરનો, કે અર્ધોશેરનો કે શેર પ્રમાણનો હોય તેમ કોઇ કર્મ પુદ્ગળના દળ થોડા હોય છે અને કોઇના વધારે હોય છે તેનું પરિમાણ પ્રમાણ તે પ્રદેશબંધ.

પ્ર : ૩૩ બંધ અને અનુબંધ શું છે તે સમજાવો ?

ઉ : ૩૩ અનુબંધથી આપણને કર્મ ઉદયમાં આવે. કવિરાજ અને તમે ભેગા થાવ તે અનુબંધથી થયા. હવે તે ઘડીએ જો કર્તાપદ રહે તો પાછો ફરી બંધ પડે. અને એમાં જો ફેરફાર થઇ ગયો અને હું શુદ્ધાત્મા છું અને કર્તા વ્યવસ્થિત છે એ સમજાયું તો બંધ ના પડે અનુબંધ છે છતાં બંધ ના પડે.

પ્ર : ૩૪ આશ્રવ અને બંધની વચ્ચે લક્ષ્મણરેખા કેવી રીતે જાણવી ?

ઉ : ૩૪ વિચારોમાં તન્મયાકાર થયા તો તે પ્રમાદ કહેવાય. ક્રોધ, માન, માયા, લોભ થાય એ આશ્રવ કહેવાય, પછી જો પસ્તાવો થાય તો બંધ ના પડે પરંતુ પાછળ પસ્તાવો ના કરે અને એમ કહે કે આ કરવા જેવું જ છે તો સજ્જડ બંધ પડે. વિચારોના જ્ઞાતા-દ્રષ્ટા રહ્યા તો બંધ ન પડે.

પ્ર : ૩૫ મોક્ષ એટલે શું ?

ઉ : ૩૫ મોક્ષ એટલે સર્વ કર્મથી સર્વથા મુકિત. સંપૂર્ણ કર્મનો ક્ષય થવો એટલે મોક્ષ. આત્માનું સ્વાભાવિક જે સ્વરૂપ તે જ મોક્ષ છે. સકલ કર્મના ક્ષયથી આ શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ છે.

પ્ર : ૩૬ મોક્ષનાં નવ દ્વારો કહે છે તે શું છે ?

ઉ : ૩૬ મોક્ષની નવ દ્વારોથી વિચારણા તેને મોક્ષના નવ દ્વાર કહે છે જે નીચે મુજબ છેઃ-

(૧) **સત્પદ પ્રરૂપણાઃ** મોક્ષ એ સત્ વિદ્યમાન છે જ. અનાદિકાળ પહેલાં પણ હતો આજે પણ છે અને અનાદિકાળ પછી પણ રહેવાનો જ. આકાશના ફૂલની જેમ નથી. વાસ્તવિકમાં છે.

(૨) **દ્રવ્ય પ્રમાણ પ્રરૂપણાઃ** દ્રવ્ય પ્રમાણથી સિદ્ધના જીવો અનંત છે એવી વિચારણા કરવી તે.

(૩) **ક્ષેત્ર પ્રરૂપણાઃ** સિદ્ધના જીવોને રહેવા માટે લોકાગ્રે સિદ્ધશિલા આવેલી છે, જે ૪૫ લાખ યોજન લાંબી છે. તેટલી જ પહોળી છે. મધ્યે આઠ યોજન જાડી છે. ઊતરતા છેડે માખીની પાંખ કરતા પાતળી છે. સાફ સોના સરખી શંખ, ચંદ્ર, અંક, રત્ન, રૂપાનાં પટ મોતીના હાર સરખી ક્ષીર સાગરના પાણી કરતાં ઘણી ઉજળી છે. તેની ફરતી પરિધિ ૧,૪૨,૩૦,૨૪૯ યોજન ૧ ગાઉ, ૧૭૬૬ ધનુષ પોણા છ આંગળ ઝાંઝેરી છે. સિદ્ધને રહેવાનું સ્થાનક તે સિદ્ધ શિલા ઉપર એક યોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગમાં છે. એટલે

કે ૩૩૩ ધનુષ ૩૨ આંગળ પ્રમાણે એટલા ક્ષેત્રમાં સિદ્ધ ભગવંતો રહ્યા છે. ટૂંકમાં સિદ્ધના જીવો લોકના અસંખ્યાતમાં ભાગમાં રહેલા છે.

(૪) **સ્પર્શના પ્રરૂપણાઃ** સિદ્ધના જીવો લોકના અસંખ્યાતા ભાગમાં સ્પર્શીને રહેલા છે. સિદ્ધના જીવો કેટલા આકાશ પ્રદેશોને સ્પર્શીને રહેલા છે તેની વિચારણા કરવી તે.

(૫) **કાળ પ્રરૂપણાઃ** મોક્ષમાં ગયેલા જીવો ત્યાં કેટલા કાળ સુધી રહે તેની વિચારણા કરવી તે. જેમ એક સિદ્ધના જીવની અપેક્ષાએ સાદિ અનંતકાળ અને સર્વ સિદ્ધોનાં જીવોની અપેક્ષાએ અનાદિ અનંતકાળ.

(૬) **અંતર પ્રરૂપણાઃ** મોક્ષમાં ગયેલા જીવો પુનઃ જન્મ લેતાં નથી તેથી તે જીવોને અંતર નથી.

(૭) **ભાવ પ્રરૂપણાઃ** સિદ્ધાત્મા જીવો કેટલામાં ભાગે છે તેની વિચારણા કરવી તે જેમ સર્વ જીવોના અનંતમાં ભાગે સિદ્ધના જીવો છે.

(૮) **ભાવ પ્રરૂપણાઃ** સિદ્ધાત્માના જીવો પાંચ ભાવોમાંથી કયા ભાવમાં હોય છે. તેની વિચારણા કરવી તે સિદ્ધના જીવોને ક્ષાયિક અને પારિણામિક ભાવ હોય છે. ક્ષાયિક ભાવમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન હોય. પારિણામિક ભાવમાં જીવતત્ત્વ હોય.

(૯) **અલ્પ બહુત્વઃ** કયા જીવો મોક્ષે ઓછા જાય અને કયા જીવો વધારે જાય તેની વિચારણા કરવી તે. સૌથી ઓછા નપુંસક લિંગે સિદ્ધ થાય. તેનાથી ઓછા સંખ્યાત ગુણા સ્ત્રી લિંગે સિદ્ધ થાય તેનાથી ઓછા સંખ્યાત ગુણાં પુરુષ લિંગે સિદ્ધ થાય. એક સમયે નપુંસક ૧૦ સિદ્ધ થાય. સ્ત્રી ૨૦ સિદ્ધ થાય પુરુષ ૧૦૮ સિદ્ધ થાય.

પ્ર : ૩૭ બાંસઠ માર્ગણામાંથી કેટલી માર્ગણામાં જ મોક્ષની પ્રાપ્તિ થાય છે ?

ઉ : ૩૭ બાંસઠ માર્ગણામાંથી મનુષ્યગતિ, પંચેન્દ્રિય, જાતિ, ત્રસકાય (જીવ), કેવલજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, કેવલદર્શન, ભવ્ય, ક્ષાયિક સમ્યકત્વ, સંજ્ઞી અને અણાહાર આ દશ માર્ગણામાં મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પ્ર : ૩૮ ઓછામાં ઓછી અને વધુમાં વધુ કેટલી અવગાહના તથા ઉંમરવાળો જીવ મોક્ષે જાય છે ?

ઉ : ૩૮ ઓછામાં ઓછી બે હાથ ઉંચાઇ અને વધુમાં વધુ ૫૦૦ ધનુષની ઉંચાઇ ધરાવતો જીવ મોક્ષે જાય. ઓછામાં ઓછી નવ વરસની ઉંમરનો અને વધુમાં વધુ પૂર્વ કરોડ વર્ષના આયુષ્યવાળો જીવ મોક્ષે જઇ શકે છે.

પ્ર : ૩૯ કયા ચૌદ બોલનો ઘણી મોક્ષે જાય છે ?

ઉ : ૩૯ ત્રસપણે, બાદર પણે, સંજ્ઞી પણે, વજ્ર ઋષભનારાચ-સંઘયણપણે, શુકલધ્યાન પણે, મનુષ્ય ગતિ, ક્ષાયિક સમકિત, યથાખ્યાતચારિત્ર, પંડિતવીર્ય, કેવળજ્ઞાન, કેવળદર્શન, ભવ્ય સિદ્ધિક, પરમશુકલલેશી અને ચરમ શરીરી એ ચૌદ બોલનો ઘણી મોક્ષે જાય.

પ્ર : ૪૦ નવ તત્ત્વના ૨૭૬ ભેદોનો કોઠો જણાવો ?

ઉ : ૪૦ નવ તત્ત્વના ૨૭૬ ભેદોનો કોઠો નીચે મુજબ છે.

તત્ત્વ	જીવ-અજીવ	રુપી-અરુપી	હેય	જ્ઞેય	ઉપાદેય
(૧) જીવ	૧૪ - ૦	૧૪ - ૦	૦	૧૪	૦
(૨) અજીવ	૦ - ૧૪	૪ - ૧૦	૦	૧૪	૦
(૩) પુણ્ય	૦ - ૪૨	૪૨ - ૦	૦	૦	૪૨
(૪) પાપ	૦ - ૮૨	૮૨ - ૦	૮૨	૦	૦
(૫) આશ્રવ	૦ - ૪૨	૪૨ - ૦	૪૨	૦	૦
(૬) સંવર	૫૭ - ૦	૦ - ૫૭	૦	૦	૫૭
(૭) નિર્જરા	૧૨ - ૦	૦ - ૧૨	૦	૦	૧૨
(૮) બંધ	૦ - ૪	૪ - ૦	૪	૦	૦
(૯) મોક્ષ	૯ - ૦	૦ - ૯	૦	૦	૯
	૯૨+૧૮૪	૧૮૮+૮૮	૧૨૮	૨૮	૧૨૦
	૨૭૬	૨૭૬	૧૨૮+૨૮+૧૨૦ =૨૭૬		

પ્ર : ૪૧ નવતત્ત્વની યથાર્થ સમજણ શું ફળ આપે ?

ઉ : ૪૧ નવતત્ત્વની યથાર્થ સમજણ જીવને સમકિત પ્રાપ્ત થવામાં ઘણીજ મદદ કરનાર પૂરવાર થાય છે. એમાં કોઇ શંકાને સ્થાન નથી.

卐

અધ્યાય છઠ્ઠો
તીર્થંકરો, ગણધરો, કેવળી

પ્ર : ૧ તીર્થંકર કોને કહેવાય ?

ઉ : ૧ તીર્થંકર શબ્દનો અર્થ એવો થાય છે કે એ જયાં જયાં ફર્યા (વિચર્યા) એ ભૂમિ તિર્થ ભૂમિ થઇ જાય. તીર્થંકર એટલે જેના દર્શનથી જ કલ્યાણ થઇ જાય. તેમણે બે અવતાર પહેલાં જગતના કલ્યાણ માટેની ઉત્કૃષ્ટ ભાવના ભાવી હોય તેનું અત્યારે રૂપક આવે તે તીર્થંકર. તીર્થંકર એટલે જે ચતુર્વિધ સંઘની સ્થાપના કરે તે અર્થાત્ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચારની સંઘરૂપે સ્થાપના કરનાર અને ધર્મ તીર્થને પ્રવર્તાવનાર તેને તીર્થંકર કહેવાય. જેમનાં કલ્યાણક હોય છે, જેમનું સમોશરણ હોય છે. જે સાચા ધર્મનો ઉપદેશ આપે છે, જે પોતે તરે છે અને બધાને તરવાનો માર્ગ બતાવે છે તેઓ તીર્થંકર કહેવાય છે.

પ્ર : ૨ તીર્થંકર ગોત્ર કેવી રીતે બંધાય છે?

ઉ : ૨ તીર્થંકર નામ કર્મ બંધાય છે તે માટે જુદા જુદા મતે મુખ્યત્વે ત્રણ ઉપાય દર્શાવેલાં છે. જે નીચે મુજબ છેઃ-

[૧] એક જ માણસને જે અવળો ચાલતો હોય તેને સિદ્ધિઓ વાપરીને સવળે રસ્તે વાળે (મોક્ષ માર્ગે) તો તે તીર્થંકર નામ કર્મ બાંધે. સંસારના એક જ જીવને ધર્મમાં વાળી મોક્ષ માર્ગે લાવે તે તીર્થંકર નામ કર્મ બાંધે. જેને કેવળ નિરંતર જગત કલ્યાણની (જગત કલ્યાણ કરવાની) જ ભાવના રહેતી હોય અને સંસારનો કોઇ મોહ ના રહ્યો હોય બધુ ડ્રામેટિક કરતો હોય, બીજી કોઇ જ ભાવના ના હોય ખાવાનું જે મળે, સૂવાનું જે મળે, જમીન ઉપર સૂવાનું મળે તોય પણ નિરંતર એક જ ભાવના હોય કે કેમ કરીને જગતનું કલ્યાણ થાય, પોતાનું કલ્યાણ થઇ ગયું હોય તેને આ ભાવના ઉત્પન્ન થાય. જ્ઞાની પુરુષ મળે અને સ્વરૂપનું ભાન થાય ત્યારબાદ આવી ભાવના ઉત્પન્ન થાય કે આ મને જે અંદર આનંદ થયો છે અને મને જે સુખ વર્તે છે એવું આખા જગતને કેમ સુખ વર્તે તથા બધા જગતનું કેમ કરીને આવું પુણ્ય જાગે આ એક જ ભાવના. આખા જગતને સુખ

વર્તે અને આખા જગતના જીવમાત્રનું કલ્યાણ કરવાની ઉત્કૃષ્ટ ભાવના નિરંતર રહે ત્યારે તીર્થંકર નામ કર્મ બંધાય છે.

[૨] જૈન દર્શન મુજબ નીચે જણાવેલા વીસ સ્થાનકો પૈકી એક અથવા વધારે સ્થાનકોની ઉત્કૃષ્ટ આરાધનાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે તેવા વીસ સ્થાનકો નીચે મુજબ છેઃ-

(૧) **અરિહંત પદઃ** અરિહંત પરમાત્માની મન, વચન, કાયાની એકાગ્રતાથી પૂજા, સ્તવના ભકિત કરવાથી.

(૨) **સિદ્ધ પદઃ** સિદ્ધ સ્થાનમાં રહેલા સિદ્ધ ભગવંતોની મન, વચન, કાયાની એકાગ્રતાથી પૂજા, સ્તવના ભકિત કરવાથી.

(૩) **પ્રવચન પદઃ** યતિઓનો અનુગ્રહ કરવાથી તેમનો રાજીપો મેળવવાથી તથા પ્રવચનનું વાત્સલ્ય કરવાથી.

(૪) **આચાર્ય પદઃ** જેઓ આચાર પાળે છે અને બીજાને આચાર પળાવડાવે છે તથા જેમને ક્ષાયક સમકિત વર્તે છે તેવા આચાર્યની કોઇ પણ પ્રકારની ઇચ્છા કે ઘાટ વગર આહાર-પાણી, ઔષધ, વસ્ત્ર વગેરેના દાન વડે વાત્સલ્ય કરવાથી.

(૫) **સ્થવિર પદઃ** વીસ વર્ષની દીક્ષા પર્યાયવાળા અથવા ૬૦ વર્ષની ઉંમરવાળા વડીલ સાધુ અને સમવાયાગ સૂત્રને ધારણ કરવાવાળા એવા સાધુની સર્વ પ્રકારે ભકિત કરવાથી.

(૬) **ઉપાધ્યાય પદઃ** જે સાધુ પોતે આગમો ભણે છે. બીજાને ભણાવડાવે છે તથા જેમને ક્ષાયક સમકિત વર્તે છે તેવા ઉપાધ્યાયની વસ્ત્ર, આહાર-પાણી, ઔષધ વગેરેના દાન દ્વારા ઉલ્લાસ અને ઉમંગભેર કોઇપણ પ્રકારના બદલાની અપેક્ષા વિના વાત્સલ્ય કરવાથી.

(૭) **સાધુ પદઃ** આત્મા દશા સાધતા અને ઉત્કૃષ્ટ પ્રકારના તપ અને સંયમનું પાલન કરતા સાધુઓનું વાત્સલ્ય કરવાથી.

(૮) **જ્ઞાન પદઃ** નિરંતર આગમો તથા અરિહંત પરમાત્માની વાણી તથા તેમના કહેલા જ્ઞાન વાકયોનું આરાધન કરવાથી.

(૯) **દર્શન પદઃ** જ્ઞાની પુરુષની આજ્ઞા પાલનથી તથા તેમના પાસેથી મળેલ સમ્યક્ દર્શનના આધારે જીવમાત્રમાં શુદ્ધાત્માના દર્શન કરવાથી.

(૧૦) **વિનય પદઃ** જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ (ઉપચાર) એ ચાર પ્રકારના વિનયને આત્મસાત કરવાથી.

(૧૧) ચારિત્ર પદ: ઇચ્છા, મિથ્યાકરણાદિક દશવિધ સમાચારીના યોગમાં અને આવશ્યકમાં અતિચાર રહિતપણે પ્રયત્ન કરવો તે.

(૧૨) શીલવ્રત પદ: અહિંસાદિક મૂળ ગુણોમાં અને સમિત્યાદિક ઉત્તર ગુણોમાં અતિચાર રહિત પ્રવૃત્તિ કરવી તે.

(૧૩) સમાધિ પદ: ક્ષણે ક્ષણે અને લવે લવે પ્રમાદનો ત્યાગ કરીને શુભ ધ્યાનમાં પ્રવર્તવું તે.

(૧૪) તપ પદ: મન અને શરીરને બાધા પીડા ન થાય તેવું યથાશકિત તપ કરવો તે.

(૧૫) દાન પદ: મન, વચન, કાયાથી શુદ્ધિપૂર્વક તપસ્વીઓને અન્ન આદિનું યથાશકિત દાન આપવું તે.

(૧૬) વૈયાવચ્ચ પદ: આત્મદશા સાધતા તમામ પ્રકારના સાધુનું અન્ન, પાણી, વસ્ત્ર વગેરેથી વૈયાવૃત્ય કરવું તે, સેવા કરવી તે.

(૧૭) સંયમ પદ: કષાયોને કંટ્રોલેબલ કરવા કષાયોને મંદ કરવા, પાતળા કરી દેવા તથા ચતુર્વિધ સંઘના સર્વ વિઘ્નો દૂર કરવાથી મનને સમાધિ ઉત્પન્ન કરવી તે.

(૧૮) અભિનવ જ્ઞાન પદ: અપૂર્વ એવા સૂત્ર, અર્થ અને તે બંનેનું પ્રયત્નથી ગ્રહણ કરવું તે.

(૧૯) શ્રુત પદ: શ્રધ્ધાથી, ઉલ્લાસથી અરિહંતની વાણી સાંભળવી તથા અરિહંતોની દેશના જેમાં સમાઇ છે તેમાં આગમો સાંભળવા. શ્રુતજ્ઞાનની ભકિત કરવી તે.

(૨૦) તીર્થ પદ: વિદ્યા, નિમિત, કવિતા, વાદ અને ધર્મકથા વગેરેથી શાસનની પ્રભાવના કરવી તે.

[૩] દિગંબર મત અનુસાર સોલહકારણ ભાવના ભાવવાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે તે સોલહકારણ ભાવના નીચે મુજબ છે:-

(૧) દર્શન વિશુદ્ધિ ભાવના: સમ્યક્ દર્શનના દોષને ટાળવા અને શ્રધ્ધાનને દૃઢ કરવું.

(૨) વિનય સમ્પન્નતા ભાવના: પૂજ્ય પુરુષો પ્રત્યે વિનયપૂર્વક વ્યવહાર રાખવો અને લોક વ્યવહારમાં પણ વિનયપૂર્વક વર્તન કરવું.

(૩) શીલવૃત અનતિચાર ભાવના: બ્રહ્મચર્યનું પાલન કરવું. પરસ્ત્રીને માતા કે બહેન સમાન સમજવી.

(૪) અભિક્ષણ જ્ઞાનોપયોગ ભાવના: પોતાનો ઉપયોગ નિરંતર જ્ઞાનમય રાખવો.

(૫) **સંવેગ ભાવનાઃ** સંસારથી ભયભીત રહેવું તે.

(૬) **શકિત સત્યાગ ભાવનાઃ** યથાશકિત દાન આપવું તે.

(૭) **શકિત સ્તપ ભાવનાઃ** યથાશકિત ઉપવાસાદિ તપ કરવાં તે.

(૮) **સાધુ સમાધિ ભાવનાઃ** સાધુઓનાં વિઘ્ન આદિ દૂર કરવાં તે.

(૯) **વૈયાવૃત્ય ભાવનાઃ** રોગી તથા વૃદ્ધ મુનિઓની સેવા કરવી.

(૧૦) **અર્હદ ભકિત ભાવનાઃ** અરિહંત ભગવાનની ભકિત કરવી તે.

(૧૧) **આચાર્ય ભકિત ભાવનાઃ** દીક્ષા આપવાવાળા આચાર્યોની ભકિત કરવી તે.

(૧૨) **બહુશ્રુત ભકિત ભાવનાઃ** ઉપાધ્યાયની ભકિત કરવી તે.

(૧૩) **પ્રવચન ભકિત ભાવનાઃ** જીનવાણીની ભકિત કરવી તે.

(૧૪) **આવશ્યક પરિહાણી ભાવનાઃ** સામાયિકાદિ છ આવશ્યક ક્રિયાઓમાં અવિનય હાનિ નહીં કરવી તે.

(૧૫) **માર્ગ પ્રભાવનાઃ** જૈન ધર્મની પ્રભાવના કરવી તે.

(૧૬) **વાતસલ્ય ભાવનાઃ** ધર્માત્માઓ પ્રત્યે ગાય અને વાછરડાનાં પ્રેમ જેવો સ્નેહ રાખવો તે.

પ્ર : ૩ તીર્થંકર તરીકે જન્મનાર વૈમાનિક દેવલોકમાંથી ચ્યવીને માતાનાં ગર્ભમાં આવે ત્યારે શું ઘટના બને છે?

ઉ : ૩ જે રાત્રિએ તીર્થંકર પ્રભુ ચ્યવીને પ્રભુની માતાનાં ઉદરમાં આવે તે રાત્રિએ તીર્થંકરની માતા ચૌદ સ્વપ્નો જુએ છે અર્થાત્ ચૌદ મહા સ્વપ્નો પોતાના મુખમાં દાખલ થતાં જુવે છે. અને ઇંદ્રનાં આસનો કંપાયમાન થાય છે. ઇંદ્ર ઉપયોગ મૂકતાં ભગવાનનાં ચ્યવનની હકીકત જાણી એટલે તત્કાળ સંકેત કરેલા મિત્રોની જેમ એકઠા થઇ સર્વે ઇન્દ્રો ભગવાનની માતાને સ્વપ્નાર્થ (સ્વપ્નનો અર્થ) કહેવા માટે ત્યાં આવે છે. પછી અંજલિ જોડી તેમની માતાને પોતાની ઓળખાણ આપી વિનયપૂર્વક તીર્થંકરની માતાને આવેલ ચૌદ સ્વપ્નોનો અર્થ કહે છે. જે નીચે મુજબ છેઃ-

(૧) બળદ જોયો તેથી તમારો પુત્ર મોહરૂપી પંકમાં (કાદવમાં) ખુંચી ગયેલા ધર્મરૂપી રથનો ઉદ્ધાર કરવામાં સમર્થ થશે.

(૨) હાથી જોયો તેથી તમારો પુત્ર મહંત પુરુષોનો પણ ગુરુ અને ઘણા બળના એક સ્થાનરૂપ થશે.

(૩) સિંહ જોયો તેથી તમારો પુત્ર પુરુષોમાં સિંહરૂપ, ધીર, નિર્ભય, શૂરવીર અને અસ્ખલિત પરાક્રમવાળો થશે.

(૪) લક્ષ્મીદેવીનાં દર્શન થયાં તેથી સર્વ પુરુષોમાં ઉત્તમ તેવો તમારો પુત્ર ત્રૈલોક્યની સામ્રાજ્ય લક્ષ્મીનો પતિ (માલિક) થશે.

(૫) પુષ્પમાળા જોઇ તેથી તમારો પુત્ર પુણ્ય દર્શનવાળો થશે અને અખિલ જગત તેની આજ્ઞાને માળાની પેઠે મસ્તક ઉપર ચઢાવશે અર્થાત્ તેમની આજ્ઞા પાળશે.

(૬) હે જગન્માતા તમે પૂર્ણ ચંદ્ર દીઠો તેથી તમારો પુત્ર મનોહર અને નેત્રને આનંદ આપનાર થશે.

(૭) સૂર્ય જોયો તેથી તમારો પુત્ર મોહરૂપી અંધકારનો નાશ કરી જગતમાં પ્રકાશ કરનાર થશે.

(૮) મહાધ્વજ જોયો તેથી તમારો આત્મજ આપના વંશમાં મોટી પ્રતિષ્ઠાવાળો ધર્મધ્વજ થશે.

(૯) પૂર્ણ કુંભ જોયો તેથી તમારો પુત્ર સર્વ અતિશયોનું પૂર્ણ પાત્ર થશે.

(૧૦) પદ્મ સરોવર જોયું તેથી તમારો સૂત સંસારરૂપી અટવીમાં પડેલા મનુષ્યોનાં પાપરૂપ તાપને હરશે.

(૧૧) સમુદ્ર જોયો તેથી તમારો પુત્ર ન ઘસારો કરી શકાય તેમ છતાં સર્વ જનો તેની સમીપ જવા પ્રયત્ન કરશે.

(૧૨) અદ્દભુત વિમાન જોયું તેથી તમારો પુત્રો વૈમાનિક દેવોથી પણ સેવાશે અર્થાત્ વૈમાનિક દેવો તેમની સેવા કરશે.

(૧૩) અદ્દભુત કાંતિવાળો રત્નોનો ઢગલો જોયો તેથી તમારો પુત્ર સર્વ ગુણોની ખાણ સમાન થશે.

(૧૪) અગ્નિ જોયો તેથી તમારો પુત્ર અન્ય તેજસ્વીઓના તેજને દૂર કરનારો થશે. હે સ્વામિની તમે ચૌદ મહા સ્વપ્નો જોયાં છે તે એવું સૂચવે છે કે તમારો પુત્ર ચૌદ રાજલોકનો સ્વામિ થશે આવી રીતે સ્વપ્નાર્થ કહીને તેમની માતાને પ્રણામ કરીને સર્વ ઇન્દ્રો પોત પોતાને સ્થાનકે ચાલ્યા જાય છે.

ખાસ નોંધ: (૧) દરેક તીર્થંકરની માતાને આ ચૌદ મહા સ્વપ્નો આવે છે. (૨) જો તીર્થંકર ભગવાન નરકમાંથી આવેલ હોય તો બારમાં સ્વપ્નમાં તીર્થંકરની માતાને મોટો મહેલ અર્થાત ભુવન દેખાય છે અને જો તીર્થંકર ભગવાન દેવલોકમાંથી અવીને આવ્યા હોય તો ઉપર જણાવ્યા મુજબ તેમની માતાને અદ્દભુત વિમાન સ્વપ્નમાં દેખાય છે.

પ્ર : ૪ તીર્થંકર ભગવાન માતાનાં ગર્ભમાં આવે પછી દેવી-દેવતાઓ કેવી રીતે કાર્ય કરે છે?

ઉ : ૪ તીર્થંકર ભગવાન માતાના ગર્ભમાં આવે એટલે ઇન્દ્રનાં આસન કંપાયમાન થાય અને અવધિ જ્ઞાનનો ઉપયોગ મૂકી ભગવાનનું ચ્યવન જાણી તે પોતે

અન્ય ઇન્દ્રો સાથે તેમની માતા પાસે જઇ માતાને આવેલા ચૌદ સ્વપ્નોનું ફળ કહે છે તથા ઇન્દ્ર કુબેરને આજ્ઞા કરી તે રાજયમાં તે નગરીને સુવર્ણ ધન, ધાન્ય અને વસ્ત્રોથી પરિપૂર્ણ કરવા જણાવે છે. ઇન્દ્રની આજ્ઞાથી વૈમાનિક અને ભુવનવાસી દેવોની પત્નીઓ તીર્થંકરની માતાની સેવા કરે છે. વાયુકુમાર દેવતાની રમણીઓ દરરોજ આવી અને તેમની માતાનાં કક્ષમાંથી રજ, કાષ્ટ અને તૃણાદિક દૂર કરે છે. મેઘકુમાર દેવતાની દેવીઓ દાસીની જેમ તેમના મહેલના આંગણાની ભૂમિનું ગંધોદક જળથી સિંચન કરવા લાગે છે. જયોતિષ્ક દેવતાની દેવીઓ સમયને અનુકુળ તેમજ સુખાકારી લાગે તે પ્રમાણે પ્રકાશ કરે છે. વનદેવીઓ દાસીની જેમ તોરણો વગેરે રચવા લાગે છે. દેવાંગનાઓ ભૂલોકની સ્ત્રીઓની જેમ તીર્થંકરની માતાની સ્તુતિ કરે છે. અન્ય સર્વ દેવીઓ દરરોજ જુદી જુદી સેવાઓ કરે છે. અને તીર્થંકરની માતાનું લાવણ્ય સોળે કળાએ ખીલી ઊઠે છે.

પ્ર : ૫ તીર્થંકર ભગવાનનો માતાની કુખે જન્મ થતાં શું ઘટના બને છે તથા જન્મોત્સવ દેવી-દેવતાઓ કેવી રીતે ઊજવે છે તેનું વિગતવાર વર્ણન કરો?

ઉ : ૫ તીર્થંકર ભગવાનનો જન્મ થતાંની સાથે જ પૃથ્વી, પાતાળ, આકાશ ત્રણે લોકમાં મનુષ્યો, જાનવરો, નરક ગતિના જીવો, દેવી-દેવતાઓને એક ક્ષણ માટે સુખ (આનંદ) ઉત્પન્ન થાય છે.

સૌ પ્રથમ છપ્પન (૫૬) દિક્કકુમારીઓનાં આસન કંપાયમાન થાય છે તેઓ અવધિજ્ઞાનના ઉપયોગથી તીર્થંકર ભગવાનનો જન્મ થયાનું જાણી અનુક્રમે જન્મ સ્થળે હાજર થાય છે.

સૌ પ્રથમ ગજદંતા પર્વતની નીચે રહેનારી અધોલોકમાંથી ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, પુષ્પમાલા, અને અનિંદિતા નામની આઠ દિક્કકુમારીઓ પોતાના વિમાનમાં પરિવાર સહીત તત્કાળ ત્યાં આવે છે અને વિમાન સહીત ત્રણ પ્રદક્ષિણા કરી, જમીનથી ચાર આંગળ ઊંચા ઇશાન ખૂણામાં તે વિમાનને સ્થાપિત કરી, તેમાંથી ઊતરી ભગવાનનાં સૂતિકાગૃહ પ્રત્યે આવી તીર્થંકરની માતાને ત્રણવાર પ્રદક્ષિણા કરી વંદના કરીને તેઓ કહે છે કે હે જગન્માતા અમે તમને નમસ્કાર કરીએ છીએ અમે અધોલોકમાં નિવાસ કરનારી આઠ દિક્કકુમારિકાઓ પવિત્ર એવા તીર્થંકરના જન્મને અવધિજ્ઞાનથી જાણીને તેમના પ્રભાવથી તેમનો મહિમા કરવાને માટે અહીં આવ્યાં છીએ તેથી તમે અમારાથી ભય પામશો નહીં. પછી તેઓ પૂર્વ

દિશા તરફ મુખવાળું એક હજાર સ્તંભવાળુ સૂતિકાગૃહ રચે છે. પછી સંવર્તક નામના વાયુથી સૂતિકાગૃહની ચોતરફ એક યોજન સુધી કાંકરા અને કાંટા વગેરે દૂર કરી સંવર્તક વાયુને સંહરી ભગવાનને પ્રણામ કરી ગીત ગાતી તેમની નજીક ઊભી રહે છે.

તે જ રીતે આસનના કંપવા વડે પ્રભુનો જન્મ જાણી મેરુપર્વત ઉપર નંદનવનમાં રહેનારી ઉર્ધ્વલોકવાસી મેઘકરા, મેઘવતી, સુમેધા, મેઘમાલિની, તોયધરા, વિચિત્રા, વારિષેણા અને બલાહકા નામની આઠ દીક્કકુમારિકાઓ ત્યાં આવી જિનેશ્વર તથા જિનેશ્વરની માતાને નમસ્કાર કરી સ્તુતિ કરી, આકાશમાં અલૌકિક વાદળ રચી, તે વાદળ વડે સુગંધી જળની વૃષ્ટિ કરીને સૂતિકાગૃહની ચારે બાજુ એક યોજન સુધી રજનો નાશ કરે છે અને ઢીંચણ સુધી પગ ખૂંપી જાય તેટલા પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરી જાણે જાતજાતના ચિત્રોવાળી પૃથ્વી હોય તેમ પૃથ્વીને સુશોભિત કર્યા પછી તીર્થંકરના નિર્મળ ગુણોનું ગાન કરતી પોતાના ઉચિત સ્થાને ઊભી રહે છે.

રૂચક નામના તેરમાં દ્વીપમાં પર્વત ઉપર પૂર્વ ભાગમાં રહેનારી નંદા, નંદોતરા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા નામની આઠ દિક્કકુમારીઓ પણ પોતાના વિમાનમાં બેસી ત્યાં આવી ભગવાનને તથા તેમની માતાને નમસ્કાર કરી પોતાના હાથમાં રત્નના દર્પણો રાખી માંગલિક ગીત ગાતી ગાતી પૂર્વ દિશા તરફ ઊભી રહે છે.

રૂચક નામના તેરમાં દ્વીપમાં પર્વત ઉપર દક્ષિણ ભાગમાં રહેનારી સમાહારા, સુપ્રદતા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા નામની આઠ દિક્કુમારીઓ ઉપર મુજબ જ જિનેશ્વરને તથા તેમની માતાને નમસ્કાર કરી હાથમાં કળશ ધારણ કરી દક્ષિણ દિશામાં ગાયન કરતી ઊભી રહે છે. રૂચક નામના તેરમાં દ્વીપમાં પર્વત ઉપર પશ્ચિમ ભાગમાં રહેનારી ઇલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, અનવમિકા, ભદ્રા અને અશોકા (શીતા) નામની આઠ દિક્કકુમારીઓ પૂર્વની પેઠે ભગવાનને તથા તેમની માતાને નમી વિજ્ઞપ્તિ કરી હાથમાં સુંદર પંખા ધારણ કરી ગીત ગાતી પશ્ચિમ દિશામાં ઊભી રહે છે.

રૂચક નામના તેરમાં દ્વીપમાં પર્વત ઉપર ઉત્તર ભાગમાં રહેનારી અલમ્બુસા, મિશ્રકેશિ, પુંડરિકા, વારૂણી, હાસા, સર્વપ્રભા, શ્રી અને હ્રીઁ નામની આઠ દિક્કકુમારીઓ ઉપર જણાવ્યા મુજબ ભગવાનને તથા તેમની માતાને

નમસ્કાર કરી પોતાનું કાર્ય વિદિત કરી હાથમાં ચામર ગ્રહણ કરી ગાયન કરતી ઉત્તર દિશામાં ઊભી રહે છે.

વિદિશામાં રહેલા રૂચક પર્વતથી ચિત્રા, ચિત્રકનકા, સતેરા, સૂત્રામણી (વસુદામિની) નામની ચાર દિક્કકુમારીઓ ત્યાં આવી ભગવાનને તથા ભગવાનની માતાને નમસ્કાર કરી પોતાનું કાર્ય જણાવી હાથમાં દીપક રાખી ઇશાન વગેરે વિદિશાઓમાં ગાતી ગાતી ઊભી રહે છે.

રૂચક દ્વીપથી રૂપા, રૂપાસિકા, સુરૂપા અને રૂપકાવતી નામની ચાર દિક્કકુમારીઓ પણ તત્કાળ ત્યાં આવી તેઓએ ભગવાનના નાભિનાલને ચાર અંગુલ રાખી છેદન કર્યું પછી એક ખાડો ખોદી તેમાં તે મૂકી ખાડાને રત્ન અને વજ્રથી પૂરી દીધો અને તેના ઉપર દુર્વા (ધ્રો) થી પીઠિકા બાંધી પછી ભગવાનના જન્મગૃહને લગતા પૂર્વ, દક્ષિણ અને ઉત્તરમાં તેઓએ લક્ષ્મીના ગૃહરૂપ ત્રણ કદલીગૃહ (કેળના પાનના ઘર) કર્યા તે દરેક ગૃહમાં, તેઓએ વિમાનમાં હોય તેવા વિશાળ અને સિહાસનથી ભૂષિત ચોક રચ્યા પછી જિનેશ્વર ભગવાનને પોતાના હસ્તકમળમાં લઇ જિનમાતાને ચતુર દાસીની પેઠે હાથનો ટેકો આપી તેઓ દક્ષિણ તરફના ચોકમાં લઇ ગઇ ત્યાં બંનેને સિંહાસન ઉપર બેસાડીને વૃદ્ધ મર્દન કરનારી અનુભવી સ્ત્રીની જેમ તેઓ સુગંધી લક્ષપાક તેલથી અભ્યાંગન કરવા લાગી. તેના અમદ આમોદની ખુશબોથી દિશાઓને પ્રમુદિત કરી દિવ્ય અત્તરથી તેઓએ ભગવાન તથા તેમની માતાને સ્નાન કરાવ્યું. પછી પૂર્વ દિશાના ચોકમાં લઇ જઇ શુદ્ધ જળથી સ્નાન કરાવ્યું અને સુગંધી કાષાય વસ્ત્રો વડે તેમના અંગ લૂછીને ગોશીર્ષ ચંદનના રસથી તેમને ચર્ચિત કર્યા અને બંનેને દિવ્ય વસ્ત્રો તથા વિઘૃતના ઉદ્યોત્ જેવા વિચિત્ર આભરણો (આભૂષણો) પહેરાવ્યાં પછી ભગવાન તથા ભગવાનની માતાને ઉત્તર દિશાના ચોકમાં લઇ જઇ સિંહાસન ઉપર બેસાડયા ત્યાં તેઓએ આભિયોગિક દેવતાઓ પાસે લઘુ હીમંવત પર્વતથી ગોશીર્ષ ચંદનના કાષ્ટ જલ્દી મંગાવ્યાં. અરણિના બે કાષ્ટથી અગ્નિ ઉત્પન્ન કરી હોમવા યોગ્ય કરેલા ગોશીર્ષ ચંદનના કાષ્ટથી તેઓએ હોમ કર્યો. તે અગ્નિથી થયેલી ભસ્મની તેઓએ રક્ષા પોટલી કરી ભગવાન તથા ભગવાનની માતાને બંનેના હાથે બાંધી, તેઓ પ્રભુને "તમે પર્વતની જેવા આયુષ્યવાળા થાઓ" એવુ પ્રભુના કાનમાં કહી પાષાણના બે ગોળાનું તેઓએ આસ્ફાલન કર્યું પછી પ્રભુને તથા પ્રભુની માતાને સૂતિકા ભવનમાં લઇ જઇ શય્યા ઉપર સુવાડી તેઓ માંગલિક ગીત ગાવા લાગી.

હવે સૂતિકર્મ કરીને દિક્કકુમારિકાઓ પરિવાર સહિત સ્વ સ્થાનકે ગઇ, તે સમયે સર્વ વાજિંત્રો એક સાથે વાગે તેમ સ્વર્ગમાં શાશ્વત ઘંટાઓનો એક સાથે ઊંચો ધ્વની થયો અને પર્વતોના શિખરની પેઠે અચળ એવા ઇન્દ્રોનાં આસનો સંભ્રમ વડે હૃદય કંપ તેમ કંપાયમાન થયાં, તે વખતે સૌધર્મ દેવલોકના પતિ સૌધર્મેન્દ્ર અતિ ગુસ્સે થઇ જાય છે, પરંતુ પછી અવધિજ્ઞાનથી જોયું તો જિનેશ્વર ભગવાનનો જન્મ તેમના જાણવામાં આવ્યો. પછી પસ્તાવો કરે છે કે મે ખોટો ક્રોધ કર્યો મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. પછી ઇન્દ્રાસનનો ત્યાગ કરી, સાત-આઠ પગલાં ભગવંતની સન્મુખ ચાલી સાષ્ટાંગ નમસ્કાર કરી સ્તુતિ કરે છે. પછી પોતાના સેનાધિપતિ નૈગમિષી નામનાં દેવને આજ્ઞા કરે છે કે ભગવાનના જન્મોત્સવ માટે સર્વ દેવતાઓને બોલાવો. એ પ્રમાણે ઇન્દ્રની આજ્ઞા શ્રવણ કરી તેણે એક યોજનના વિસ્તારવાળી અને અદ્દભુત ધ્વનિવાળી સુઘોષા નામની ઘંટા ત્રણ વખત વગાડી આ ઘંટાનો અવાજ થતા ૩૨ લાખમાં એક ઓછી એવી બીજા સર્વ વિમાનોની ઘંટાઓ વાગવા લાગે છે અને ત્યારબાદ સેનાપતિ મેઘના નિર્દોષ જેવા ગંભીર શબ્દ વડે સર્વને જન્મોત્સવમાં જવા માટે ઉતાવળ કરવાનું કહે છે અને ત્યારબાદ બધા દેવી-દેવતાઓ ઇન્દ્ર પાસે આવી પહોંચે છે.

ત્યારપછી પાલક નામના આભિયોગિક દેવને સુરપતિએ એક અસંભાવ્ય અને અપ્રિતમ વિમાન રચવાની આજ્ઞા કરી. સ્વામિની આજ્ઞા પાળનાર તે દેવે તત્કાળ ઇચ્છાનુગામી વિમાન રચ્યું આ વિમાન પાંચસો યોજન ઉંચું અને એક લાખ યોજન વિસ્તારવાળું હતું તેમાં સામાનિક દેવતાઓનાં ચોરાશી હજાર ભદ્રાસનો હતાં. આઠ ઇંદ્રાણીઓનાં આઠ આસનો હતાં. સભાના સભાસદોનાં બાર હજાર ભદ્રાસનો હતાં. અન્ય મધ્ય ભાગના સભાસદોનાં ચૌદ હજાર ભદ્રાસનો હતા. પર્ષદાના સોળ હજાર, દેવતાઓનાં સોળ હજાર ભદ્રાસનો હતાં. સેનાપતિ દેવતાઓનાં સાત આસનો હતા. આત્મરક્ષક દેવતાઓનાં ચારે દિશામાં ચોરાશી, ચોરાશી હજાર આસનો હતાં કુલ ચાર લાખ બાસઠ હજાર પંદર આસનોવાળું પરિપૂર્ણ શક્ર વિમાન રચીને આભિયોગિક દેવતાઓએ ઇન્દ્રને જાણ કરી.

ત્યાર પછી ઇન્દ્રે તત્કાળ ઉત્તર વૈક્રીય રૂપ કર્યું. ઇચ્છા મુજબ રૂપ કરવું એ દેવતાઓનો સ્વભાવ છે પછી ઇન્દ્ર આઠ પટ્ટરાણીઓ સહિત આ વિમાનને પ્રદક્ષિણા દઇ પૂર્વ તરફના પગથિયાના માર્ગથી વિમાનમાં જઇ પોતાના આસને

બેઠા ત્યારપછી બધા દેવતાઓ પોત પોતાના આસને આવી બેસી ગયા. બધા દેવતાઓ બેસી ગયા પછી વિમાન ઇન્દ્રની ઇચ્છાથી સૌધર્મ દેવલોકના મધ્યમાં થઇને ચાલ્યું અને ભગવાનના સૂતિકાગૃહ પાસે પહોંચી તેની પ્રદક્ષિણા કરી અને પછી ઘરના ખૂણામાં ઇશાન ખૂણામાં સ્થાપન કર્યું.

ત્યારબાદ સૂતિકાગૃહમાં પ્રવેશ કરી પ્રભુને તથા તેમની માતાને પ્રણામ કરી પોતાનો પરિચય આપી હું સૌધર્મ દેવલોકનો ઇન્દ્ર છું માટે ભય રાખવો નહીં એમ કહીને તેમની માતા ઉપર અવસ્વાપિની નામની નિંદ્રા નિર્માણ કરી અને પ્રભુનું એક પ્રતિબિંબ કરીને તેમના પાર્શ્વ ભાગમાં મૂકયું. ત્યારપછી ઇન્દ્રે પોતાનાં પાંચ રૂપ કર્યા કેમ કે તેવી શકિતઓવાળા પોતાના અનેક રૂપે પ્રભુની યોગ્ય ભકિત કરવામાં ઇચ્છાવાન હોય છે. તેમાંથી એક રૂપે ભગવાનની સમીપે આવી પ્રણામ કરી વિનયથી નમ્ર થઇ ભગવાનને પ્રાર્થના કરી કે હે ભગવાન આપ આજ્ઞા આપો એમ કહી ગોશીર્ષ ચંદનથી ચર્ચેલા પોતાના બે હાથથી ભગવાનને ગ્રહણ કર્યા. બીજા રૂપે ભગવાન ઉપર છત્ર ધર્યું. ત્રીજા રૂપે અને ચોથા રૂપે ભગવાનની બંને બાજુ ચામરો ધારણ કર્યાં અને પાંચમા રૂપે દ્વારપાળ બની વજ્ર ધારણ કરી ભગવાનની આગળ રહ્યા અને જયઘોષ કરતા આકાશમાર્ગે મેરુપર્વત ઉપર પાંડુકવનમાં લઇ જાય છે. ત્યાં દક્ષિણ ચૂલિકા ઉપર રહેલી અતિ પાંડુકબલા નામની શિલા પાસે આવે છે. અને રત્નસિંહાસન ઉપર પોતાના ખોળામાં પ્રભુને લઇને પૂર્વાભિમુખ બેસે છે. જે વખતે સૌધર્મેન્દ્ર મેરુપર્વત ઉપર આવ્યા તે જ વખતે બીજા દેવલોકમાં રહેલા ઇશાનેંદ્રની આજ્ઞાથી મહાઘોષા ઘંટાના નાદથી પ્રબોધિત થયેલ તેમના પુષ્પક વિમાનમાં તમામ દેવી-દેવતાઓ સાથે મેરુપર્વત ઉપર આવે છે. આ રીતે ઊર્ધ્વલોકમાં રહેલા નીચે મુજબના ઇન્દ્રો પોત પોતાના વિમાન અને દેવી-દેવતાઓ સાથે મેરુપર્વત ઉપર આવે છે તે લોકોનાં વિમાનનાં નામ તથા તેઓ સાથે આવેલ દેવતાઓની સંખ્યા નીચે મુજબ જાણવીઃ-

ઇન્દ્રનું નામ	ઘંટનું નામ	વિમાનનું નામ	દેવતાઓની સંખ્યા
(૧) સૌધર્મેન્દ્ર	સુઘોષા	અપ્રિતમ	૩૨ લાખ
(૨) ઇશાનેન્દ્ર	મહાઘોષા	પુષ્પક	૨૮ લાખ
(૩) સનત્કુમાર	સુઘોષા	સુમન	૧૨ લાખ

ઈન્દ્રનું નામ	ઘંટનું નામ	વિમાનનું નામ	દેવતાઓની સંખ્યા
(૪) મહેન્દ્ર	મહાઘોષા	શ્રીવત્સ	૮ લાખ
(૫) બ્રહ્મેન્દ્ર	સુઘોષા	નેદ્યાવર્ત	૪ લાખ
(૬) લાતંક	મહાઘોષા	કામગવ	૫૦,૦૦૦
(૭) શુક્ર	સુઘોષા	પીતિગમ	૪૦,૦૦૦
(૮) સહસ્ત્રાર	મહાઘોષા	મનોરમ	૬,૦૦૦
(૯) આનત	સુઘોષા	વિમલ	૪૦૦
(૧૦) પ્રાણત	મહાઘોષા		
(૧૧) આરણ	સુઘોષા	સર્વતોભદ્ર	૩૦૦
(૧૨) અચ્યુત	મહાઘોષા		

આમ બાર દેવલોકનાં ઈન્દ્રો તથા દેવી દેવતાઓ નંદીશ્વર પર્વત ઉપર આવી અગ્નિ ખુણામાં રતીકર પર્વત ઉપર પોતાના વિમાનોને સંક્ષિપ્ત કર્યા પછી ત્યાંથી મેરુ પર્વત ઉપર આવે છે. આ બાર દેવલોક (ઊર્ધ્વલોકના) નાં ઈન્દ્ર સહિત તમામ દેવી-દેવતાઓ મેરુ પર્વત ઉપર પહોંચે છે. તે જ વખતે રત્નપ્રભા પૃથ્વીના જાડપણાની અંદર નિવાસ કરનારા ભુવનપતિ અને વ્યંતર ઈન્દ્રોનાં આસનો કંપાયમાન થાય છે. ત્યારે ચમરચંચા નામની નગરીમાં બેઠેલ ઈન્દ્રે ભગવાનનો જન્મ અવધિ જ્ઞાનથી જાણી પોતાના દ્રુમ નામના સેનાપતિ પાસે ઓઘઘોષા નામે ઘંટ વગડાવ્યો. ત્યારપછી ચોસઠ હજાર સામાનિક દેવતાઓ-ત્રેત્રીશ ત્રાયસ્ત્રિશંક (ગુરુ સ્થાનને યોગ્ય) દેવો, ચાર લોકપાળ, પાંચ અગ્રમહિષીઓ-અભ્યંતર-મધ્ય-બાહ્ય એ ત્રણ પર્ષદાના દેવો, સાત પ્રકારનું સૈન્ય, સાત સેનાપતિઓ અને ચારેય દિશાએ રહેનારા ચોસઠ હજાર આત્મરક્ષક દેવો વિમાનમાં બેસીને મેરુ પર્વત ઉપર આવે છે. આજ રીતે બલિચંચા નામે નગરીનો બલિ નામનો ઈન્દ્ર પણ મહૌઘસ્વરા નામનો દિવ્ય ઘંટ વગડાવીને મહાદ્રુમ નામના સેનાપતિના બોલાવવાથી આવેલા સાઈઠ હજાર સામાનિક દેવતાઓ તેથી ચાર ઘણા અંગરક્ષક દેવતાઓ તથા બીજા ત્રાયસ્ત્રિશંક દેવતાઓ સહિત મેરુ પર્વત ઉપર આવે છે. નાગકુમારનો ધરણ નામે ઈન્દ્ર મેઘસ્વરા નામની ઘંટા વગડાવીને ભદ્રસેન નામના પોતાની પાયદળ સેનાના અધિપતિએ પ્રબોધ કરેલા છ હજાર સામાનિક દેવતાઓ તેથી ચાર ઘણા આત્મરક્ષક દેવતાઓ છ પોતાની પટ્ટરાણીઓ અને બીજા પણ નાગકુમાર દેવોથી યુકત પચ્ચીસ હજાર યોજનવાળા અને અઢીસો યોજન ઊંચા વિમાનમાં બેસીને મેરુ પર્વત પર આવે છે.

ભૂતાંનંદ નામે નાગેન્દ્ર પોતાની મેઘસ્વરા નામની ઘંટા વગડાવીને દક્ષ નામના સેનાપતિએ બોલાવેલા સામાનિક વગેરે દેવતાઓ સહિત આભિયોગિક દેવતાઓએ રચેલ વિમાનમાં બેસીને મેરુ પર્વત ઉપર આવે છે.

વિદ્યુતકુમારના ઇન્દ્ર હરિ અને હરિસ્સહ (ઘંટા-કૌંચસ્વરા), સુર્વણકુમારના ઇન્દ્ર વેણુદેવ અને વેણુઘરી (ઘંટા-હંસ સ્વરા) અગ્નિકુમારના ઇન્દ્ર અગ્નિશીખ અને અગ્નિમાણવ (ઘંટા-મંજુસ્વરા) વાયુકુમારના ઇન્દ્ર વેલંબ અને પ્રભંજન (ઘંટા-નંદીસ્વરા) સ્તનીતકુમારના ઇન્દ્ર સુઘોષ અને મહાઘોષ (ઘંટા-મેઘ સ્વરા) ઉદધિકુમારના ઇન્દ્ર જલકાંત અને જલપ્રભ (ઘંટા-સુસ્વરા) દ્વીપકુમારના ઇન્દ્ર પૂર્ણ અને અવશિષ્ટ (ઘંટા-મધુ સ્વરા) દિક્કુમારના ઇન્દ્ર અમિત અને અમિતવાહન (ઘંટા-મંજુઘોષા) ઉપરના જેમ જ પોત પોતાના પરિવાર દેવી-દેવતાઓ સહિત મેરુ પર્વત ઉપર આવે છે.

વ્યંતરોમાં પિચાશના ઇન્દ્ર કાળ અને મહાકાળ, ભૂતના ઇન્દ્ર સુરૂપ અને પ્રતિરૂપ, યજ્ઞના ઇન્દ્ર પૂર્ણભદ્ર અને મણિભદ્ર, રાક્ષસોના ઇન્દ્ર ભીમ અને મહાભીમ, કીન્નરોના ઇન્દ્ર કીન્નર અને કિંપુરુષ, કિંપુરુષના ઇન્દ્ર સત્પુરુષ અને મહાપુરુષ, મહોરગના ઇન્દ્ર અતિકાય અને મહાકાય અને ગંધર્વોના ઇન્દ્ર ગીતરતિ અને ગીતયશા આમ આઠ વ્યંતરોના સોળ ઇન્દ્રો પોતાના સેનાપતિઓ દ્વારા મંજુસ્વરા અને મંજુઘોષા ઘંટા વગડાવીને સૌ દેવી-દેવતાઓના પરિવાર એકઠા થયા પછી બધા મેરુ પર્વત ઉપર આવે છે.

વાણ વ્યંતરોમાં અપ્રજ્ઞપ્તિના ઇન્દ્ર સંનિહીત અને સમાનક, પંચપ્રજ્ઞપ્તિના ઇન્દ્ર ધાતા અને વિધાતા, ઋષિવાદિતના ઇન્દ્ર ઋષિ અને ઋષિપાલક, ભૂતવાદિતના ઇન્દ્ર ઇશ્વર અને રતિ, કંદીતના ઇન્દ્ર સુવત્સક અને વિશાલક મહાકંદીતના ઇન્દ્ર હાસ અને હાસરતી, કુષ્માંડના ઇન્દ્ર શ્વેત અને મહાશ્વેત, પાવકના ઇન્દ્ર પવક અને પવકપતિ, આ રીતે વાંણવ્યંતરોના સોળ ઇન્દ્રો પણ પરિવાર સહીત બધા મેરુ પર્વત ઉપર આવે છે.

જયોતિષ્કોના અસંખ્યાતા સૂર્ય અને ચંદ્ર એ બે નામના જ ઇન્દ્રો આ રીતે વૈમાનિક દેવલોકના ૧૦ ઇન્દ્રો, ભુવનપતિની દશ નિકાયના ૨૦ ઇન્દ્રો, વ્યંતરોના ૧૬ ઇન્દ્રો, વાણ વ્યંતરોના ૧૬ ઇન્દ્રો, અને જયોતિષ્કોના ૨ ઇન્દ્રો એમ કુલ ૬૪ ઇન્દ્રો પોત પોતાના પરિવાર સહીત મેરુ પર્વત ઉપર આવે છે.

આ સર્વ ઇન્દ્રો મેરુ પર્વત ઉપર આવી ગયા પછી વૈમાનિક દેવલોકના અગિયારમા અને બારમા દેવલોકના અચ્યુત ઇન્દ્રે જિનેશ્વર ભગવાનના જન્મ ઉત્સવને માટે ઉપકરણો લાવવાની આભિયોગીક દેવતાઓને આજ્ઞા કરી એટલે તેઓએ ઇશાન દિશા તરફ જઇ વૈક્રિય સમુદ્ઘાત વડે ક્ષણવારમાં ઉત્તમ પુદ્ગલોનું આકર્ષણ કરીને સોનાના, ચાંદીના, રત્નના, સોના-ચાંદીના, સોના રત્નના, સોનુ ચાંદી અને રત્નના, ચાંદીના-રત્નના, અને માટીના એમ આઠ પ્રકારના એક યોજન ઊંચા એવા પ્રત્યેકના આંઠ-આંઠ હજાર એટલે કુલ ચોંસઠ હજાર (૬૪,૦૦૦) કળશો બનાવ્યા તેમજ આ કળશો (કુંભો) ની સંખ્યા પ્રમાણે તે જ પ્રમાણેની આઠ પ્રકારની ઝારીઓ, દર્પણ, રત્નના કરંડિયા, ડાબલા, થાળ, પાત્રિકા, અને પુષ્પની ચગેરીઓ બનાવીને ત્યાં લાવ્યાં.

ત્યારબાદ આ કળશો (કુંભો) દેવી-દેવતાઓએ પોતાની શકિતથી ક્ષીર સમુદ્રમાંથી ભરી લીધા અને તે સમુદ્રમાંથી પુંડરિક, ઉત્પલ અને કોકનંદ જાતના કમળો પણ ત્યાંથી લેતા આવ્યા. અન્ય દેવોએ પુષ્કરવર સમુદ્રમાંથી પુષ્કર જાતના કમળો લીધાં. અન્ય દેવી દેવતાઓએ જુદા જુદા ક્ષેત્રના જુદા જુદા પર્વતો અને સરોવરોમાંથી ગંધ દ્રવ્ય અને જળને એકઠાં કરીને તત્કાળ મેરુ પર્વત ઉપર લાવ્યાં.

હવે આરણાચ્યુત દેવલોકનો ઇન્દ્ર પવિત્ર થઇને ભગવાનને સ્નાન કરાવવાને ઉદ્યમવંત થયો. પ્રથમ અચ્યુત ઇન્દ્રે ઉતરાસંગ કરી નિઃસંગ ભકિતથી વિકાસ પામેલા પારિજાત વગેરે પુષ્પોની અંજલિ ગ્રહણ કરી અને સુગંધી ધૂપના ધૂમ્રથી ધૂપિત કરી ત્રિજગતપતિની પાસે તેણે તે કુસુમાંજલિ મૂકી એટલે દેવતાઓએ ભગવંતનું સાનિધ્યપણું પામવાના અદ્ભુત આનંદથી જાણે હસતા હોય તેવા અને પુષ્પમાળાથી અર્ચિત કરેલા સુગંધી જળોના કળશો ત્યાં લાવીને મૂકયા પછી અચ્યુત ઇન્દ્રે પ્રભુના મસ્તકે તે કળશો દ્વારા અભિષેક શરુ કર્યો. અન્ય દેવતાઓએ તરત જ પોત પોતાનાં વાજિંત્રો વગાડવાનું શરુ કર્યું. કેટલાક દેવતાઓ શંખ વગાડવા લાગ્યા. ચારણ મુનિઓ હે જગન્નાથ, હે સિદ્ધિગામી, હેકૃપાર્ણવ, હે ધર્મ પ્રવર્તક તમે જય પામો, આનંદ પામો એમ બોલવા લાગ્યાં. આ રીતે અભિષેક ચાલી રહ્યો છે. સમગ્ર મેરુ પર્વત પર આ જળની ધારા વહેવા લાગી. કેટલાંક દેવી-દેવતાઓ આ જળ પોતાના માથે ચઢાવવા લાગ્યાં, કેટલાક તે જળનું પાન કરવા લાગ્યાં, કેટલાક તે જળ પોતાના શરીર ઉપર છાંટતા હતાં. અન્ય દેવી દેવતાઓ કુંભોમાં જળ ખાલી થતાં તરત જ બીજા

કુંભો ઇન્દ્રને આપતા હતા. આવી રીતે અચ્યુતેંદ્રે ચોસઠ હજાર (૬૪,૦૦૦) કળશોનો અભિષેક પ્રભુના મસ્તકે કર્યો. ત્યારબાદ આરણ અને અચ્યુત દેવલોકના સ્વામી અચ્યુતેંદ્રે દિવ્ય ગંધ કષાયી વસ્ત્ર વડે પ્રભુના અંગને ઉન્માર્જિત કર્યું (અંગ લુછયું) તે સાથે પોતાના આત્માનું પણ માર્જન કર્યું. પછી આભિયોગિક દેવતાઓએ ગોશીર્ષ ચંદનના રસનો કર્દમ, સુંદર અને વિચિત્ર રકાબીઓમાં ભરીને અચ્યુતેંદ્ર પાસે મૂકયો. ત્યારબાદ ઇંદ્રે પ્રભુના અંગે વિલેપન કરવાનો પ્રારંભ કર્યો. ત્યારે કેટલાક દેવતાઓ હાથમાં ધૂપ રાખીને કેટલાંક શ્વેત છત્રો ધારણ કરીને ઊભા રહ્યા હતા. કેટલાક ફૂલોની વૃષ્ટિ કરતા હતા. કેટલાક ચામર, પંખા વિંઝતા નૃત્ય કરતા હતા. આમ દરેક દેવતાઓ અનેક જાતના આનંદના પોકારો કરે છે. આ રીતે અચ્યુતેંદ્રે ભગવાનના અંગ ઉપર વિલેપન કર્યું પછી પૂજા કરી પુષ્પથી ભકિત કરી ભગવાનને વંદન કર્યું મોટાભાઇની જેમ પાછળ બીજા સહોદરની જેમ બીજા બાસઠ ઇંદ્રોએ અને તેના પરિવારે પણ તેવી જ રીતે સ્નાત્ર તથા વિલેપન વડે ભગવાનની પૂજા કરી.

ત્યારપછી સુધર્મ ઇન્દ્રની પેઠે ઇશાન ઇંદ્રે પોતાના પાંચ રૂપ કર્યાં તેમાંના એક રૂપે ભગવાનને ઉત્સંગમાં ગ્રહણ કર્યા એક રૂપે મોતીની ઝાલરીઓ લટકવાથી નૃત્ય કરતું હોય તેવું શ્વેત છત્ર પ્રભુ ઉપર ધારણ કર્યું. બીજા બે રૂપે જિનેશ્વરની બંને બાજુ ઉપર ચામર વીંઝવા લાગ્યા. અને એક રૂપે હાથમાં ત્રિશૂળ રાખી દ્વારપાળની જેમ પ્રભુની આગળ ઊભા રહ્યા. પછી સૌધર્મ કલ્પના ઇંદ્રે ભગવાનની ચારે દિશાએ ચાર સ્ફટિક મણિના ઊંચા વૃષભ બનાવ્યા. અને આ ચાર વૃષભોના આઠ શૃંગોથી (શિંગડાઓમાંથી) નીકળતા જળ વડે શકેન્દ્રે તીર્થંકર ભગવાનને સ્નાન કરાવ્યું. પછી ઇંદ્રજાલિક જેમ પોતાની ઇંદ્રજાલનો ઉપસંહાર કરે તેમ ઇન્દ્રે તે ચાર વૃષભોનો ઉપસંહાર કર્યો.

સ્નાન કરાવ્યા પછી દેવદૂષ્ય વસ્ત્રથી પ્રભુના શરીરને રત્નના દર્પણની જેમ લૂછયું. રત્નમય પાટલાની ઉપર નિર્મળ અને રૂપાના અખંડ અક્ષત વડે પ્રભુની પાસે અષ્ટમંગળ આલેખ્યા પછી ભગવાનના અંગે વિલેપન કરી પૂજા કરી અને પ્રભુના મસ્તક ઉપર વજ્ર માણિકયનો સુંદર મુકુટ સ્થાપન કર્યો. પછી બે કાને સુવર્ણ કુંડલો ભગવાનને પહેરાવ્યાં. દિવ્ય મોતીની માળા ભગવાનનાં કંઠમાં આરોપણ કરી. પ્રભુના બે બાહુદંડ ઉપર સુવર્ણના બે બાજુબંધ પહેરાવ્યા. ગોળાકાર મોતીઓના મણિમય કંકણો પ્રભુના મણિબંધ

ઉપર આરુઢ કર્યા. ભગવાનના કટિભાગમાં સુવર્ણનું કટિસૂત્ર પહેરાવ્યું અને બંને પગમાં માણિકયના તોડા પહેરાવ્યા. પછી ઇન્દ્રે પારિજાતનાં પુષ્પો વડે ભગવાનની પૂજા કરી. આરતી કરી વંદન કરી સ્તુતિ કરી.

સ્તુતિ કર્યા પછી શકેન્દ્રે પ્રથમ પ્રમાણે પાંચ રુપ કર્યાં તેમાં એક રૂપે ઇશાન ઇન્દ્રના ઉત્સંગમાંથી ભગવાનને પોતાના હૃદય ઉપર ગ્રહણ કર્યા. બીજા ચાર રૂપો અગાઉ જણાવ્યા તે પ્રમાણે કાર્યાન્વિત થયાં. પછી પોતાના દેવતાઓથી પરિવૃત શકેન્દ્ર ત્યાંથી આકાશમાર્ગે ચાલી ભગવાનની માતાના કક્ષમાં આવી ત્યાં મૂકેલું તીર્થંકરનું પ્રતિબિંબ ઉપસંહૃત કરીને તે જ સ્થાનકે માતાની પાસે પ્રભુને મૂકયા. પછી અવસ્થાપીની નિદ્રા દૂર કરી ઉજ્જવળ, દિવ્ય, રેશમી, વસ્ત્ર યુગલ ભગવાનના ઓશિકે મૂકયું. રત્નમય કુંડલયુગલ પણ પ્રભુને ઓશિકે મૂકયું અને તેવી જ રીતે સોનામાં જડેલા રત્નના હાર તથા સૂર્ય સમાન પ્રકાશવંત શ્રીદામગંડ (ગેડીદડો) પણ પ્રભુની દૃષ્ટિના વિનોદ ખાતર ભગવાનના ચંદરવાની સાથે લટકતો સ્થાપન કર્યો.

ત્યારબાદ ઇન્દ્રે કુબેરને આજ્ઞા કરી કે બત્રીસ કરોડ હિરણ્ય તેટલું જ સુવર્ણ, બત્રીશ બત્રીશ નંદાસન, ભદ્રાસન તથા બીજી પણ અતિ મનોહર વસ્ત્ર નેપથ્ય વગેરે સાંસારિક સુખને ઉત્પન્ન કરનારી મહામૂલ્યવાન વસ્તુઓ મેઘ જેમ જળ વરસાવે તેમ ભગવાનના ભુવનમાં મૂકો. કુબેરે તીર્યક્જાભૃક દેવતાઓ પાસે તત્કાળ તે પ્રમાણે વરસાવ્યું કેમ કે પ્રચંડ પુરુષોની આજ્ઞા વચનની સાથે જ સિદ્ધ થાય છે.

ત્યારપછી ઇન્દ્રે આભિયોગિક દેવતાઓને આજ્ઞા કરી કે તમે ચારે નિકાયના દેવોમાં ઉદ્ઘોષણા કરો કે અરિહંત ભગવાનનું કે તેમની માતાનું જે કોઇ અશુભ ચિંતવશે તેનું મસ્તક અર્જકમંજરીની પેઠે સાત પ્રકારે ભેદાશે. (અર્જકમંજરી એક જાતના વૃક્ષની માંજર છે તે જ્યારે પકવ થઇને ફૂટે છે ત્યારે તેના સાત ભાગ થઇ જાય છે.) ત્યારે આભિયોગિક દેવતાઓએ ભુવનપતિ, વ્યંતર, વૈમાનિક અને જયોતિષ્ક દેવતાઓને વિષે તે પ્રમાણે ઉદ્ઘોષણા તરત જ કરી દીધી.

ત્યારબાદ સૂર્ય જેમ વાદળામાં જળનો સંક્રમ કરે તેમ ઇન્દ્રે ભગવાનના અંગુષ્ઠમાં અનેક પ્રકારના રસે ભરેલી અમૃતમય નાડી સંક્રમાવી અર્થાત પગના અંગુષ્ઠમાં અમૃતનો સંચાર કર્યો. અરિહંતો સ્તનપાન કરતા નથી તેથી જ્યારે

તેમને ક્ષુધા ઉત્પન્ન થાય છે ત્યારે તેઓ પોતાની મેળે જ અમૃત રસને વર્ષાવનાર અંગુષ્ઠ મુખમાં લઈને ચૂસે છે. પછી પ્રભુનું સર્વ પ્રકારનું ધાત્રિકર્મ કરવાને માટે ઈન્દ્રે પાંચ અપ્સરાઓને ધાત્રી (ધાવમાતા) થઈને ત્યાં રહેવાની આજ્ઞા કરી ત્યારબાદ ઈન્દ્ર પોતાનાં સ્વ સ્થાનકે જાય છે.

ઈન્દ્ર જ્યારે મેરુ પર્વત ઉપરથી ભગવાનને મૂકવા જાય છે ત્યારે બાકીના ઈન્દ્રો પરિવાર સહિત મેરુ પર્વતથી નંદીશ્વર દ્વીપે જાય છે ત્યાનાં ચાર પર્વતો ઉપર શાશ્વત અરિહંતોની શાશ્વતિ પ્રતિમાઓ છે તેની પૂજા-ભકિત અને અષ્ટાહ્નિકા મહોત્સવ ઊજવે છે અને ત્યારબાદ પોત પોતાના સ્થાનકે જાય છે.

પ્ર : ૬ જિનેશ્વર પ્રભુને જન્મ મહોત્સવ વખતે કુલ કેટલા કળશોથી અભિષેક થાય છે?

ઉ : ૬ જિનેશ્વર પ્રભુને કુલ એક કરોડ સાઈઠ લાખ કળશથી અભિષેક થાય છે.

પ્ર : ૭ તીર્થંકર ભગવાનને જન્મ સમયે જે એક કરોડ સાઈઠ લાખ કળશોનો (કુંભોનો) અભિષેક થાય છે તેની ગણત્રી કેવી રીતે ગણવામાં આવે છે?

ઉ : ૭ તીર્થંકર ભગવાનને મેરુ પર્વત ઉપર લઈ ગયા પછી જે એક કરોડ સાઈઠ લાખ (૧,૬૦,૦૦,૦૦૦) કળશોનો અભિષેક થાય છે તેની ગણત્રી નીચે મુજબ થાય છે.

(૧) ભુવનપતિના	૨૦	ઈન્દ્રો
વ્યંતરના અને વાણ વ્યંતરના	૩૨	ઈન્દ્રો
વૈમાનિકના	૧૦	ઈન્દ્રો
મનુષ્ય ક્ષેત્રના		
જ્યોતિષીક દેવોના ઈન્દ્રો	૧૩૨	ઈન્દ્રો
	૧૯૪	
(૨) અસુરકુમારની	૧૦	ઈન્દ્રાણીઓ
નાગકુમારની		
૬ દક્ષિણ તથા ૬ ઉત્તર દિશાની		
એમ કુલ મળી	૧૨	ઈન્દ્રાણીઓ
વ્યંતરની	૪	ઈન્દ્રાણીઓ
જ્યોતીષીની	૪	ઈન્દ્રાણીઓ
સૌધર્મ ઈશાનની	૧૬	ઈન્દ્રાણીઓ
	૪૬	

(૩)	સામાનિક દેવોનો	૧
	ત્રાયત્રીશંક દેવોનો	૧
	લોકપાલોના	૪
	અંગ રક્ષક દેવોનો	૧
	વર્ષદ દેવતાઓનો	૧
	અનિકાધિપતિ દેવોનો	૧
	પ્રકીર્ણક દેવોનો	૧
		૧૦
ઈન્દ્રોનાં		૧૯૪
ઈન્દ્રાણીઓના		૪૬
સામાનિક તથા અન્ય દેવોના		૧૦
		૨૫૦

એક એક અભિષેકમાં એક એક જાતિના આઠ આઠ હજાર કળશો એવા સુર્વણાદિ આઠ જાતિના મળીને ચોસઠ હજાર કળશો હોય છે જે નીચે મુજબ ગણાય છે.

૧.	સુર્વણના (સોનાના) કળશો	૮૦૦૦
૨.	રૂપાના (ચાંદીના) કળશો	૮૦૦૦
૩.	રત્નના કળશો	૮૦૦૦
૪.	સોના-ચાંદીના કળશો	૮૦૦૦
૫.	સોના-રત્નના કળશો	૮૦૦૦
૬.	ચાંદીના-રત્નના કળશો	૮૦૦૦
૭.	સોના, ચાંદી, રત્નના કળશો	૮૦૦૦
૮.	માટીના કળશો	૮૦૦૦
		૬૪૦૦૦

કુલ ૬૪૦૦૦ કળશો × ૨૫૦ અભિષેક = ૧,૬૦,૦૦,૦૦૦ કળશોનો અભિષેક થાય છે.

નોંધ :- આ દરેક કળશ ૨૫ યોજન ઉંચા ૧૨ યોજન પહોળા તથા એક યોજનનું નાળચુ એ રીતે ઘણા વિશાળકાય હોય છે.

પ્ર : ૮ પ્રભુનાં જન્મ અભિષેક બાદ ઈન્દ્ર પ્રભુના ઘેર પાંચ અપ્સરાઓને પાંચ ધાવમાતા તરીકે મૂકે છે તેમના નામ અને કાર્ય જણાવો ?

ઉ : ૮ આ પાંચ ધાવમાતાઓના નામ તથા કાર્ય નીચે મુજબ જાણવાં :-

(૧) ક્ષીરધાત્રિ - જે બાળકને દૂધ પીવડાવે તે.
(૨) મજ્જન ધાત્રિ - જે બાળકને સ્નાન કરાવે તે.
(૩) મંડન ધાત્રિ - જે બાળકને કપડાં અને ઘરેણાં પહેરાવી શણગારે તે.
(૪) ક્રીડન ધાત્રિ - જે બાળકને રમાડે તે.
(૫) અંક ધાત્રિ - જે બાળકને ખોળામાં સુવડાવે તે.

પ્ર : ૯ તીર્થંકર ભગવાનને જન્મ થતાની સાથે કેટલા અતિશયો હોય છે?

ઉ : ૯ તીર્થંકર ભગવાનને ચોત્રીસ અતિશય પ્રાપ્ત થાય છે તેમાંથી ચાર અતિશયની પ્રાપ્તિ તો જન્મની સાથે જ થાય છે જે નીચે મુજબ છેઃ-

(૧) તેમનું શરીર પ્રસ્વેદ, રોગ, મલથી રહિત સુગંધીવાળું સુંદર આકારવાળું અને મનોહર હોય છે.
(૨) તેમના શરીરના માંસ અને રુધિર ગાયના દૂધની ધારા જેવા ઉજ્જવળ અને દુર્ગંધ વિનાનાં હોય છે.
(૩) તેમના આહાર નિહારનો વિધિ ચર્મ ચક્ષુને અગોચર હોય છે.
(૪) તેમના શ્વાસની ખુશબો વિકસિત થયેલા કુમુદની સુગંધ જેવી હોય છે.

પ્ર : ૧૦ તીર્થંકર ભગવાનને જન્મ થતાની સાથે કેટલાં જ્ઞાન હોય છે ?

ઉ : ૧૦ તીર્થંકર ભગવાનને જન્મ થતાની સાથે શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે જો કે આ ત્રણેય જ્ઞાન ભગવાનને ગર્ભમાં પણ હોય છે.

પ્ર : ૧૧ તીર્થંકર ભગવાનના લગ્ન સંબંધી વ્યવસ્થા કોણ કરે છે ?

ઉ : ૧૧ તીર્થંકર ભગવાનનાં લગ્ન સંબંધી તમામ પ્રકારની ઉત્કૃષ્ટ વ્યવસ્થા દેવી-દેવતાઓ જ કરે છે.

પ્ર : ૧૨ તીર્થંકર ભગવાનના રાજ્યાભિષેકની વ્યવસ્થા કોણ કરે છે ?

ઉ : ૧૨ અરિહંત ભગવાનના રાજ્યાભિષેક પ્રસંગે પણ સ્વર્ગપતિ ઇન્દ્રનું સિંહાસન કંપાયમાન થાય છે. પછી સૌધર્મ કલ્પના ઇન્દ્રે સુવર્ણની વેદિકા કરીને એક સિંહાસન રચી રાજ્યાભિષેક કરે છે તથા તેમને રાજા તરીકે રહેવા સુંદર નગરી બનાવવા માટે કુબેરને આજ્ઞા કરે છે.

પ્ર : ૧૩ તીર્થંકર ભગવાનમાં કેટલું બળ હોય છે ?

ઉ : ૧૩ તીર્થંકર ભગવાનના બળ માટે નીચેનું કોષ્ટક સમજવું પડશેઃ-

(૧) ૧૨ શૂરવીર યોદ્ધાનું બળ = ૧ આખલામાં
(૨) ૧૦ આખલાનું બળ = ૧ ઘોડાનું બળ.

(૩) ૧૨ ઘોડાનું બળ = ૧ પાડાનું બળ.
(૪) ૫૦ પાડાનું બળ = ૧ હાથીનું બળ.
(૫) ૫૦૦ હાથીનું બળ = ૧ સિંહનું બળ.
(૬) ૨૦૦૦ સિંહનું બળ = ૧ અષ્ટાપદનું બળ. (એક પ્રકારનું આઠ પગવાળું પ્રાણી).
(૭) ૧૦ લાખ અષ્ટાપદનું બળ = ૧ બળદેવનું બળ.
(૮) ૨ બળદેવનું બળ = ૧ વાસુદેવનું બળ.
(૯) ૨ વાસુદેવનું બળ = ૧ ચક્રવર્તિનું બળ.
(૧૦) ૧ લાખ ચક્રવર્તિનું બળ = ૧ નાગલોકના અધિપતિ ધરણેન્દ્રનું બળ.
(૧૧) ૧ કરોડ નાગાધિપતિનું બળ = ૧ વૈમાનિક ઇન્દ્રનું બળ.
(૧૨) અનંત ઇન્દ્રોનું બળ = શ્રી તીર્થંકર ભગવાનની એક અંગુલીમાં હોય છે.

એટલે શ્રી તીર્થંકર ભગવાનની એક અંગુલી માત્રમાં અનંત ઇન્દ્રોનું બળ રહેલું હોય છે.

પ્ર : ૧૪ તીર્થંકર ભગવાનનો દીક્ષાકાળનો સમય એક વર્ષ જેટલો બાકી રહેતાં શું ઘટના બને છે?

ઉ : ૧૪ તીર્થંકર ભગવાનના દીક્ષાકાળને એક વર્ષ જેટલો સમય બાકી રહે ત્યારે નિયમથી જ લોકાન્તિક દેવો પ્રભુ પાસે આવી પ્રાર્થના કરે છે હે ભગવાન આપ સ્વયં બુદ્ધ છો તેથી અમે કાંઇ આપને બોધ આપવા લાયક નથી તથાપિ એટલું યાદ આપીએ છીએ કે આપ ધર્મતીર્થ પ્રવર્તાવો. આમ આટલું કહી પ્રભુના ચરણ પ્રત્યે નમન કરી પોતાના દેવલોકમાં પાછા જતા રહે છે.

પ્ર : ૧૫ તીર્થંકર ભગવાન જે સોના મહોરોનું દાન કરે છે તે તેમના ધન ભંડારમાં કેવી રીતે આવે છે?

ઉ : ૧૫ જ્યારે તીર્થંકર ભગવાન દીક્ષા અંગીકાર કરવાનો સંકલ્પ કરે ત્યારે ઇન્દ્રનું આસન ચલાયમાન થાય. આસન ચલન થવાથી ઇન્દ્ર અવધિજ્ઞાનથી તેનું કારણ જુવે. તીર્થંકર ભગવાનનો દીક્ષા સંબંધીનો સંકલ્પ જાણી તેઓ કુબેર ભંડારીને બોલાવી જણાવે છે કે ચોરી કે ખાતર પાડયા વગર સાત પેઢીનો ખર્ચવાવાળો ન હોય તેવું ધન કુબેરે પ્રેરેલા તિર્યક જાંભુક દેવતાઓ ભ્રષ્ટ થયેલા, નષ્ટ થયેલા, સ્વામી વિનાના, ચિહ્ન વિનાના, અધિપતિ વિનાના,

પૂર્વતની ગુફામાં રહેલા, સ્મશાનમાં રહેલા અને ભવનાંતરમાં દટાઇ ગયેલા સુવર્ણને એકઠું કરી તીર્થંકરના ભંડારમાં લાવે છે. જ્યારે તે ભરાયાના સમાચાર મળે ત્યારે વિલાસ ભોગવવાવાળા વૈશ્રમણ દેવતાઓને બોલાવીને કહે છે કે સોળ સોળ માસાની સોનામહોરો બનાવી તેના ઉપર તીર્થંકર ભગવાનનું નામ તેના માતા-પિતાનું નામ તથા નગરીનું નામ છાપજો. આ કાર્ય આ દેવતાઓ આઠ સમયમાં પુરુ કરે છે. જ્યારે સૂચના પ્રમાણે કાર્ય થયાના સમાચાર મળે ત્યારે ઇન્દ્ર મહારાજ જ્યોતિષી દેવની મારફત વૈતાઢય પર્વત ઉપરથી ઉદ્‌ઘોષણા કરાવે છે કે તીર્થંકર ભગવાન આવતી કાલે સૂર્યોદયથી સવા પહોર સુધી દાન આપશે અને એ રીતે દાનની શરુઆત થાય છે.

પ્ર : ૧૬ તીર્થંકર ભગવાન જે સોના મહોરોનું દાન આપે છે તેની ગણતરી કેવી રીતે ગણાય છે ?

ઉ : ૧૬ ચાર મધુકરનો એક સફેદ સરસવ થાય. બે સરસવનો એક અડદ, બે અડદનો એક વાલ, બે વાલની એક રતી, સોળ રતીનો એક માંસો, સોળ માંસાની એક સોનામહોર. ત્રીસ સોનામહોરનો એક શેર, ચાલીસ શેરનો એક મણ, અને ચાલીસ મણનું એક ગાડુ એવા બસો પચ્ચીસ (૨૨૫) ગાડા ભરીને સોનામહોરો તીર્થંકર ભગવાન પ્રતિદિન દાન કરે છે.

પ્ર : ૧૭ તીર્થંકર ભગવાન રોજનું કેટલું દાન કરે છે ?

ઉ : ૧૭ તીર્થંકર ભગવાન દીક્ષા અંગીકાર કરવાના હોય તેનાથી એક વર્ષ પહેલાં દાનની શરુઆત કરે. દરરોજ સવારે સૂર્યોદય થયા પછી ૩ કલાક અને ૪૫ મિનિટ સુધી દરરોજ એક કરોડ આઠ લાખ સોનામહોર દાનમાં આપે છે. આટલું એક વર્ષ સુધી દાન કરે એટલે ત્રણ અબજ અઠયાસી કરોડ અને એંસી લાખ સોનામહોરોનું કુલ દાન થાય છે. તેનું વજન બત્રીસ લાખ ચાલીસ હજાર મણ થાય.

નોંધ :- શ્રી જ્ઞાતાસૂત્રમાં મલ્લીનાથ સ્વામીના અધિકારમાં આ સમય બે પ્રહર (છ કલાકનો) પણ જણાવેલ છે.

પ્ર : ૧૮ તીર્થંકર ભગવાન દાન આપવા બેસે ત્યારે દેવતાઓ કેવી સેવા પૂરી પાડે છે અથવા તીર્થંકરના દાનના છ અતિશય કયા કયા છે?

ઉ : ૧૮ (૧) તીર્થંકર ભગવાન સિંહાસન ઉપર બેસી દાન આપે ત્યારે દાન આપતી

વખતે પ્રભુના હાથમાં સૌધર્મેન્દ્ર દ્રવ્ય આપે છે જેથી પ્રભુને દાન આપતાં શ્રમ ન પડે.

(૨) ઈશાનેન્દ્ર હાથમાં સોનાની યષ્ટિકા લઈને ઊભો રહે છે. તે ચોસઠ ઈન્દ્રો સિવાય બીજા દેવોને દાન લેતા અટકાવે છે. અને દાન લેનારનું જેવું ભાગ્ય હોય (નસીબ હોય) તેવી જ માંગણી દાન લેનાર પાસે કરાવે છે.

(૩) ચર્મન્દ્રે અને બલિઈન્દ્ર પ્રભુની મુઠ્ઠીમાં રહેલી સોનામહોરો દાન લેનારની ઈચ્છાનુસાર અર્થાત્ તેના પ્રારબ્ધ અનુસાર વધઘટ કરે છે.

(૪) બીજા ભવનપતિ દેવો ભરતખંડમાં જન્મેલા મનુષ્યોને પ્રભુના હાથનું દાન લેવા માટે ખેંચી લાવે છે.

(૫) વાણ વ્યતંર દેવતાઓ દાન લઈને જનારા માણસોને ચોર લુંટારાથી રક્ષણ કરી સુખ સમાધિએ તેમના નિશ્ચિત સ્થાને નિર્વિઘ્ને પહોચાડવાનું કાર્ય કરે છે.

(૬) જયોતિષ્ક દેવો વિદ્યાધરોને વાર્ષિક દાનનો સમય જણાવે છે.

પ્ર : ૧૯ તીર્થંકર ભગવાનના હાથે મળેલ સોનામહોરોનું દાન શું ફળ આપે છે? તેનો મહિમા કેવો છે?

ઉ : ૧૯ (૧) ચોસઠ (૬૪) ઈન્દ્રો પ્રભુના હાથનું દાન લે છે તેથી એ દાનના પ્રભાવથી બે વર્ષ સુધી તેમના જીવનમાં કોઈ કલહ થતો નથી.

(૨) ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, માંડલિક રાજાઓ જો દાન મેળવે તો તેઓનો ભંડાર બાર વર્ષ સુધી અક્ષય રહે છે.

(૩) શેઠ, સેનાપતિ મેળવે તો તેમની કીર્તિ વધે છે.

(૪) રોગી માણસો આ દાન મેળવે તો જૂનો રોગ મટી જાય છે અને નવો રોગ બાર વર્ષ સુધી થતો નથી.

પ્ર : ૨૦ તીર્થંકર પ્રભુ જ્યારે સંવત્સરી દાન આપે છે ત્યારે તેમના પિતા શું કરે છે?

ઉ : ૨૦ તીર્થંકરના પિતા પણ આ સમયે ત્રણ મોટી શાળાઓ કરાવે છે એક શાળામાં ભરતખંડમાં જન્મેલા મનુષ્યો આવે તેને અન્ન આદિ વગેરે આપે છે. બીજી શાળામાં વસ્ત્ર આપે છે અને ત્રીજી શાળામાં આભૂષણ દાનમાં આપે છે.

પ્ર : ૨૧ તીર્થંકર ભગવાનના દીક્ષા કલ્યાણક મહોત્સવનું વર્ણન આલેખો?

ઉ : ૨૧ તીર્થંકર ભગવાન વર્ષીદાન પછી માતા-પિતાની અનુજ્ઞા લઈને દીક્ષા લે છે. દીક્ષાના દિવસે સ્વજનો આખાય નગરને ધ્વજાપતાકાઓ તોરણો વગેરે ઠાઠ-માઠથી શણગારે છે. તે અવસરે આસન કંપ થવાથી ચોસઠ ઈન્દ્રો ત્યાં આવે

છે. અને ઇન્દ્ર આઠ જાતના કળશ તથા ઉપકરણો આઠ આઠ હજાર કરાવે છે. પ્રભુનાં કુટુંબીજનો પણ આઠ પ્રકારના કળશ કરાવે છે. ત્યારબાદ ઇન્દ્રો તથા સ્વજનો દેવતાઓએ લાવેલ તીર્થ જળથી પ્રભુને અભિષેક કરે છે. પછી ગંધ કષાય વસ્ત્ર વડે પ્રભુનાં અંગને લુછે છે. ત્યારબાદ લક્ષ્ય મૂલ્યના સદંશ વસ્ત્ર અને મૂલ્યવાન અલંકારો પહેરાવે છે.

એ બાદ પ્રભુ સેંકડો રત્નમય સ્તંભવાળી ઇન્દ્રની આજ્ઞાથી દેવતાઓ દ્વારા રચીત દિવ્ય પાલખી (શિબિકા) માં મૂકેલા સિંહાસન પર પૂર્વ બાજુ મોં રાખી બેસે છે. ડાબી બાજુ હંસના ચિત્રવાળુ વસ્ત્ર હાથમાં લઇને ધાવમાતા બેસે છે. પાછળના ભાગે એક યુવાન તરૂણ કુમારિકા છત્ર ધરીને બેસે છે. ઇશાન ખૂણામાં એક સુંદરી પૂર્ણ કળશ લઇને બેસે છે. પછી સ્વજનની આજ્ઞાથી સરખેસરખા વેશ અને શરીરવાળા હજારો પુરુષો જાતે પાલખીને ઉપાડે છે. તે સમયે શિબિકાની દક્ષિણ તરફની ઉપલી બાંહ્ય શક્રેન્દ્ર વહન કરે છે. ઉત્તર તરફની ઉપલી બાંહ્ય ઇશાનેન્દ્ર વહન કરે છે. દક્ષિણ તરફની નીચલી બાંહ્ય ચમરેન્દ્ર વહન કરે છે. અને ઉત્તર તરફની નીચલી બાંહ્ય બલિઇન્દ્ર વહન કરે છે. બાકીના દેવતાઓ પંચવર્ણની પુષ્પવૃષ્ટિ કરતા કરતા આગળ ચાલે છે.

આવા ભવ્ય દિવ્ય અને અલૌકિક મહોત્સવથી પ્રભુ દીક્ષા લેવા નીકળે છે. ત્યારે નગરજનો અને અન્ય મનુષ્યો તેમની વિવિધ પ્રકારે સ્તુતિ કરે છે. આ પ્રમાણે સૌ પ્રભુની સાથે વનમાં આવે છે. ત્યાં અશોક વૃક્ષ (આસોપાલવનું ઝાડ) નીચે પાલખી ઉતારવામાં આવે છે. પ્રભુ તેમાંથી બહાર નીકળી આભૂષણો ઉતારે છે. તે સમયે કુળની વડીલ સ્ત્રી હંસના લક્ષણવાળા વસ્ત્રમાં તે આભૂષણો લઇ લે છે. આભૂષણો ઉતાર્યા બાદ એક મુષ્ટીથી દાઢી-મુંછના અને ચાર મુષ્ટીથી મસ્તકના કેશનો લોચ કરે છે. પાંચ ઇન્દ્રિય તથા ચાર કષાય એમ નવ પ્રકારનો ભાવ લોચ કરે છે. અને કેશના ત્યાગરૂપ દસમો દ્રવ્ય લોચ કરે છે. વૈમાનિક પ્રથમ સૌધર્મ દેવલોકનો શક્રેન્દ્ર તે કેશ લઇને પ્રભુને જાણ કરીને ક્ષીરસાગરમાં તે કેશ પધરાવીને તરત જ પાછા ત્યાં આવે છે. ત્યારબાદ લક્ષમૂલ્યનું દેવદૂષ્ય વસ્ત્ર ઇન્દ્ર પ્રભુના સ્કંધ ઉપર મૂકે છે. ત્યારબાદ પ્રભુ નમો સિધ્ધાણમ્ બોલી સામાયિકનો પાઠ ભણે છે. આ રીતે ચારિત્ર લીધા બાદ તુરત જ પ્રભુને ચોથું મનઃ પર્યવજ્ઞાન ઊપજે છે. સંયમ લીધા પછી પ્રભુ તે જ દિવસે વિહાર કરે છે. અને દેવતાઓ

પાછા ફરતા નંદીશ્વર દ્વીપે જઈ ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કરી પોત પોતાના સ્થાન પ્રત્યે પાછા જાય છે. એ પછી પ્રભુ પ્રથમ પારણું જેને ત્યાં કરે તેને ત્યાં દેવતાઓ પાંચ દિવ્ય જેવા કે સુગંધીજળનો છંટકાવ, સુગંધી પુષ્પની વૃષ્ટિ, સુંદર વસ્ત્રની વૃષ્ટિ, સાડા બાર લાખ સૌનેયાની વૃષ્ટિ અને આકાશમાં દુંદુભિનો દિવ્ય સ્વર ગુંજી ઉઠે છે.

પ્ર : ૨૨ તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થાય છે ત્યારે શું ઘટના બને છે ?

ઉ : ૨૨ તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થાય એટલે સર્વ ઇન્દ્રોનાં આસન કંપાયમાન થાય છે. અને દરેક ઇન્દ્ર પોત પોતાના દેવલોકના દેવતાઓને બોલાવવામાં ઉદ્યત થયા હોય તેમ દેવલોકમાં સુંદર શબ્દવાળી ઘંટાઓ વાગવા લાગે છે પછી સૌ ઇન્દ્રો (૬૪ ઇન્દ્રો) પોત પોતાના પરિવાર સહિત જે સ્થળે પ્રભુને કેવળજ્ઞાન ઉપજ્યું હોય તે સ્થળે પહોંચી જાય છે.

વાયુકુમાર દેવતાઓ સમવસરણને માટે એક યોજન પૃથ્વીની ભૂમિનું માર્જન કરે છે અર્થાત્ એક યોજન વિસ્તારમાંથી કાંકરા, કાંટા વગેરે દૂર કરે છે. મેઘકુમારના દેવતાઓ સુગંધી જળની વૃષ્ટિ કરી તે એક યોજન વિસ્તારને જળથી સીંચે છે. છ ઋતુના અધિષ્ઠાયક દેવી-દેવતાઓ પુષ્પ વડે તે ભૂમિને પૂજે છે અર્થાત તેટલી ભૂમિને પુષ્પોથી આચ્છાદિત કરે છે.

વ્યંતર દેવો ધરતીથી સવા કોશ ઊંચુ સુવર્ણ, માણેક અને રત્નના ઢગલાથી પીઠ (ભૂમિતળ) રચે છે એ પછી ભુવનપતિ દેવો પૃથ્વીથી દશ હજાર પગથિયા જેટલો ઊંચો સુવર્ણના કાંગરાવાળો રૂપાનો કિલ્લો રચે છે. એક એક પગથિયું એક હાથ પહોળું અને એક હાથ ઊંચુ હોય છે. તેથી પહેલો ગઢ (કિલ્લો) પૃથ્વીથી સવા કોશ ઊંચો થાય છે. તે રૂપાના કિલ્લાની ભીંત પાંચસો ધનુષ્ય પ્રમાણ જાડી અને તેત્રીશ ધનુષ અને બત્રીસ આગળ પહોળી હોય છે. આ કિલ્લામાં ચાર પુતળિયો અને આઠ માંગલિકવાળાં ચાર દ્વાર હોય છે. કિલ્લાના ચારે ખુણે જમીન ઉપર વાપિકા રચે છે. પહેલા ગઢના પૂર્વ દ્વાર ઉપર તુંબર નામે દેવ દ્વારપાળ હોય છે. પશ્ચિમ દ્વારે કપાળી નામે દેવ દ્વારપાળ હોય છે. ઉત્તર દ્વારે જટા મુગટધારી નામે દેવ દ્વારપાળ હોય છે. પહેલા ગઢની મધ્યમાં ચારે દ્વાર પાસે સરખી ભૂમિ હોય છે. આ ગઢમાં અંદર દેવતાઓનાં તથા મનુષ્યોનાં વાહનો રહે છે.

બીજો સુવર્ણનો ગઢ રત્નમય કાંગરાથી જયોતિષ્ક દેવો રચે છે. આ ગઢ પાંચસો પગથિયા જેટલો ઊંચો હોય છે. આ ગઢના પૂર્વ દ્વારે હાથમાં

અભય મુદ્રા ધરનારી શ્વેત વર્ણની જયા નામે બે દેવીઓ રહે છે. દક્ષિણ દ્વારે રત્ન જેવા વર્ણવાળી વિજયા નામે બે દેવીઓ હાથમાં અંકુશ લઈને ઊભી રહે છે. પશ્ચિમ દ્વારે પીળા વર્ણવાળી અને હાથમાં પાશ ધરનારી અજિતા નામે બે દેવીઓ રહે છે. અને ઉત્તર દ્વારે નીલવર્ણવાળી અને હાથમાં મગર નામે શસ્ત્ર ધારણ કરનારી અપરાજિતા નામે બે દેવીઓ રહે છે. પચાસ ધનુષ પ્રમાણે તે ગઢમાં ગયા પછી પણ સમાન ભૂમિ હોય છે. તે ગઢમાં સિંહ, વાઘ, મૃગ અને અન્ય તીર્યંચો આવીને બેસે છે. અહીં ઈશાન દિશામાં દેવછંદો રચવામાં આવે છે વ્યાખ્યાનના ઉત્તરકાળે દેવતાઓએ સેવેલા પ્રભુ તે ઉપર આવીને બેસે છે. તેની ઉપર પાંચ હજાર સોપાન (પગથિયા) ચઢીએ ત્યારે પૂર્વની જેટલી ભીંતની જાડાઈના તથા ઉંચાઈના પ્રમાણવાળો અને ચાર દ્વારવાળો મણિમય કાંગરાથી સુશોભિત રત્નનો ત્રીજો ગઢ વૈમાનિક દેવતાઓ રચે છે. તેના પૂર્વ દ્વારે સોમ નામે પીત વર્ણવાળો વૈમાનિક દેવ હાથમાં ધનુષ્ય લઈને દ્વારપાળ થઈને ઊભો રહે છે. દક્ષિણ દ્વારે હાથમાં દંડ રાખનાર ગૌરવર્ણી યમ નામે વ્યંતર દેવતા ઊભા રહે છે. પશ્ચિમ દ્વારે રકતવર્ણી પાશધારી વરૂણ નામે જયોતિષી દેવ ઊભા રહે છે. અને ઉત્તર દ્વારે શ્યામવર્ણી કુબેર નામે ભુવનપતિ દેવ હાથમાં ગદા લઈને દ્વારપાળ બની ઊભા રહે છે. આ ગઢમાં દેવી-દેવતાઓ અને મનુષ્યો બેસે છે.

આ ત્રણેય ગઢના દરેક દ્વાર ઉપર વ્યંતર દેવોએ મૂકેલા ધૂપના પાત્રોમાંથી ધૂપ સુગંધ ફેલાયા કરે છે.

ત્રીજા ગઢમાં જે પ્રથમ સરખું ભૂતળ કહ્યું તેની મધ્યમાં મણિરત્નમય પીઠ વ્યંતર દેવતાઓ પ્રભુના દેહ પ્રમાણે ઊંચુ ચાર દ્વારવાળું અને ચારે દિશામાં સોપાનવાળું હોય છે. લંબાઈ અને પહોળાઈમાં બસો ધનુષ પ્રમાણ હોય છે. અને પૃથ્વીથી અઢી કોશ ઊંચુ હોય છે. એટલે કે એકેક હાથ ઉંચા વીશ હજાર પગથિયા ચડયાં પછી પ્રભુનું સિંહાસન આવે છે તેથી જમીનથી તે અઢી કોશ ઊંચું થાય છે.

આ મણિરત્નમય પીઠના મધ્ય ભાગમાં વ્યંતર દેવતાઓ એક યોજન વિસ્તારવાળો અશોકવૃક્ષ રચે છે તે જિનેશ્વર ભગવંતના શરીરના માપથી બાર ગણો ઊંચો હોય છે. ભગવાનને જે વૃક્ષ નીચે કેવળજ્ઞાન ઉપજ્યું હોય તે વૃક્ષ ચૈત્યવૃક્ષ કહેવાય છે તે અશોક વૃક્ષની ઉપર રહે છે. અશોક વૃક્ષની નીચે

અરિહંતના દેવછંદો હોય છે. ત્યાં ચારે દિશાએ સુવર્ણનાં ચાર સિંહાસનો આવેલા હોય છે. તેમની આગળ એક એક રત્નમય પાદપીઠ હોય છે. તેની ઉપર પ્રભુ ચરણ ધરે ત્યારે તે ઉલ્લસિત થાય છે. દરેક સિંહાસન ઉપર ત્રણ ત્રણ છત્રો હોય છે તે બધા મોતીની શ્રેણીથી શણગાર્યા હોય છે. દરેક સિંહાસનની બંને બાજુ બબ્બે ચામરધારી દેવતા ઊભા રહે છે. સિંહાસનની આગળ ચારે દિશાએ સુવર્ણકમળ ઉપર સૂર્યના તેજને જીતે એવું એક એક ધર્મચક્ર હોય છે. આ ઉપરાંત ચારે દિશામાં હજાર હજાર યોજન ઊંચા નાની નાની ઘંટડીઓવાળા ચાર મહાધ્વજ હોય છે. તેમાં પૂર્વમાં ધર્મધ્વજ, દક્ષિણમાં માનધ્વજ, પશ્ચિમમાં ગજધ્વજ, અને ઉત્તરમાં સિંહધ્વજ હોય છે.

ઉપર પ્રમાણેનું અલૌકિક ગોળાકાર સમવસરણ ચારેય નિકાયના દેવતાઓ ભેગા મળીને રચે છે.

બીજે દિવસે સૂર્યોદય સમયે વૈમાનિક દેવતાઓ હર્ષથી સિંહનાદ અને દુંદુભિના શબ્દો કરે છે. તે સમયે અરિહંત ભગવાન કરોડો દેવતાઓથી વીંટળાયેલા સમવશરણમાં પ્રવેશ કરવાને માટે ચાલે છે. તે વખતે દેવતાઓ હજાર પાંખડીવાળા સુવર્ણનાં નવ કમળો રચીને અનુક્રમે પ્રભુની આગળ આગળ મુકતા હોય છે. તેમાંના બે બે કમળ ઉપર પ્રભુ પાદ ન્યાસ કરવા લાગ્યા અને દેવતાઓ તે કમળોને આગળ આગળ સંચરવા લાગે છે. જગત્પતિ સમવસરણના પૂર્વ દ્વારથી પ્રવેશ કરી. ચૈત્યવૃક્ષની પ્રદક્ષિણા કરી અને પછી તીર્થને નમસ્કાર કરી પૂર્વાભિમુખ સિંહાસન ઉપર આરુઢ થાય છે. એટલે વ્યંતર દેવો બીજી ત્રણ દિશાએ ત્રણ સિંહાસન ઉપર ભગવંતનાં ત્રણ પ્રતિબિંબો રચે છે. આ વખતે ચારે બાજુએ દુંદુભિ વાગવા લાગે છે. ત્યારપછી બધા સમવસરણમાં આવી પ્રભુને વંદન કરી સમવસરણમાં બેસે છે ત્યારબાદ સૌધર્મ કલ્પનો ઇન્દ્ર સ્તુતિ કરે છે ત્યારબાદ પ્રભુ દેશના આપે છે.

પ્ર : ૨૩ સમવસરણની પર્ષદામાં બેઠક વ્યવસ્થા કેવી હોય છે ?

ઉ : ૨૩ દેશના સાંભળવાની સ્પૃહાવાળી અને મન, વચન, કાયાનાં પ્રશસ્ત યોગથી પ્રકાશિત એવી બાર પર્ષદા સમવસરણમાં પોત પોતાના સ્થાનકે બેસે છે.

જયેષ્ઠ અને બીજા ગણધરો પ્રભુની સમીપે પણ અગ્નિ ખૂણામાં સૌની આગળ બેસે છે. કેવળી શ્રમણો ભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરી તીર્થને વાંદી પોતાનું ગૌરવ સાચવીને પદસ્થ ગણધરોની પાછળ બેસે છે. કેવળીની પાછળ લબ્ધિવાળા અને લબ્ધિ વગરના સર્વ સાધુઓ અરિહંત, તીર્થ અને ગણધર

આદિને નમીને અનુક્રમે વિનયથી બેસે છે. તેમની પાછળ વૈમાનિક દેવતાઓની દેવીઓ અરિહંત આદિને પ્રણમીને બેસે છે. અને તેમની પાછળ સાધ્વીઓ બેસે છે. આ ત્રણ પર્ષદા પૂર્વ દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરીને અરિહંતને પ્રદક્ષિણા કરી અગ્નિ ખૂણે બેસે છે.

ભવનપતિ, જ્યોતિષ અને વ્યંતરની દેવીઓ એમ આ ત્રણ પર્ષદા દક્ષિણ દ્વારથી પ્રવેશીને નૈર્ઋત્ય ખૂણામાં ઊભી રહે છે.

ભવનપતિ, જ્યોતિષ અને વ્યંતર દેવતાઓ આ ત્રણ પર્ષદા પશ્ચિમ દ્વારથી પ્રવેશીને વાયવ્ય દિશામાં બેસે છે.

વૈમાનિક દેવતાઓ, નર-નારીઓ આ ત્રણ પર્ષદા ઉત્તર દ્વારથી દાખલ થઇ અરિહંત આદિને પ્રણમીને ઇશાન ખૂણામાં બેસે છે.

બીજા ગઢની અંદર તિર્યંચો આવીને બેસી જાય છે. ત્રીજા ગઢની અંદર સર્વનાં વાહનો અને ત્રીજા ગઢની બહારના ભાગમાં કેટલાક તિર્યંચો, મનુષ્યો, અને દેવતાઓ પ્રવેશ કરતાં અને બહાર નીકળતાં જણાય છે.

ભગવાનના પ્રભાવથી બાળ, વૃધ્ધ, બિમાર કોઇને પણ સમવસરણના પગથિયા ચઢતા જરા પણ શ્રમ પડતો નથી. કોઇના મનમાં વેરભાવ જાગતો નથી. બીજા વચલા ગઢમાં તો તિર્યંચો પોતાનું સ્વાભાવિક જાતિવેર ભૂલીને એક પંગતમાં બેસીને પ્રભુની દેશના સાંભળવા ઉત્સુક હોય છે.

આ રીતે સમવસરણની બેઠક વ્યવસ્થા ગોઠવાયા પછી સૌધર્મ કલ્પનો ઇન્દ્ર શક્રેન્દ્ર અંજલિ જોડી પ્રભુને નમસ્કાર કરી સ્તુતિ કરે છે. તીર્થંકરના પ્રભાવથી કરોડો પ્રાણીઓ નિરાબાધપણે સમવસરણમાં સમાઇ શકે છે.

ત્યારબાદ સર્વ ભાષાઓને સ્પર્શ કરનારી પાંત્રીસ અતિશયવાળી અને યોજનગામીની વાણીથી પ્રભુ દેશના આપે છે. શ્રી જિનેશ્વર ભગવંત પહેલી પોરસી પૂર્ણ થતાં સુધી ધર્મદેશના આપે છે. દેશના પૂરી થાય પછી મનુષ્યો, દેવતાઓ પ્રભુ પાસેથી વ્રત ગ્રહણ કરે છે. અને ત્યારબાદ પ્રભુ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. એટલે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ એમ ચતુર્વિધ સંઘ શરૂ થાય છે. પછી પ્રભુ ગણધરોને ઉત્પાદ, વ્યય અને ધૌવ્ય એ નામની પવિત્ર ત્રિપદીનો ઉપદેશ કરે છે. તેના આધારે ગણધરો ચતુર્દશ પૂર્વ (ચૌદ પૂર્વ) અને દ્વાદશાંગીની રચના કરે છે.

પ્ર : ૨૪ દેશના પૂરી થાય ત્યાર પછી શું ઘટના બને છે ?

ઉ : ૨૪ દેશના પૂરી થયા પછી વર્ધાપન વિધિ થાય છે. કલમશાળીના ચોખા અત્યંત સુગંધી, ફોતરા વગરના, ઉજ્જવળ અને અખંડિત ચાર પ્રસ્થ પ્રમાણ અથવા

એક આઢક પ્રમાણ શુદ્ધ જળથી ધોઇને રાંધવા વડે અર્ધા ફૂલેલા હોય તેવા કલમશાળી ચોખા રત્નના થાળમાં ભરીને સોળે શણગાર સજેલી સુવાસિની સ્ત્રી તે થાળને પોતાના માથા ઉપર ઉચકે. તેમાં દેવતાઓ સુગંધી દ્રવ્ય નાંખે જેથી તે બલિ અત્યંત સુગંધી થાય. પછી શ્રાવકો તે બલિ વાજતે-ગાજતે પ્રભુ પાસે લઇ જાય. બલિનું પાત્ર આવતાં પ્રભુ તેના પ્રત્યે દૃષ્ટિ નાંખે ત્યારે ચક્રવર્તી પ્રમુખ શ્રાવકો તે બલિ સાથે ત્રણ પ્રદક્ષિણા દઇને પ્રભુના ચરણ પાસે આવે. ત્યાં પૂર્વ દિશામાં ઊભા રહી સર્વ દિશાઓમાં મુઠીએ મુઠીએ તે ચોખા ઉછાળે તેમાંથી અર્ધ ભાગ ભૂમિ ઉપર પડે તે પહેલા જ તે ચોખા આકાશમાંથી દેવતાઓ ગ્રહણ કરી લે છે. બાકીના અર્ધમાંથી અર્ધભાગ તે બલિના કર્તા કે આગેવાન હોય તે લે અને પછી જે બાકી વધે તે બીજા લોકો જેમ મળે તેમ લે છે. આમ આ વર્ધાપન વિધિ પૂરો થાય છે. આ બલિનો એક દાંણો પણ માથે મૂકવાથી તમામ રોગ મટી જાય છે અને છ માસ સુધી નવો એક પણ રોગ થતો નથી.

પછી શ્રી જિનેશ્વર ભગવંત પ્રથમ ગઢમાંથી ઉતરી બીજા ગઢમાં ઇશાન ખૂણામાં દેવછંદા ઉપર આવી અનેક દેવતાઓ દ્વારા પરિવૃત થઇને સુખેથી બેસે છે. બીજી પોરસીમાં રાજા વગેરેએ લાવેલા સિંહાસન ઉપર અથવા પ્રભુના પાદપીઠ ઉપર બેસી ગણધર ભગવાન ધર્મદેશના આપે છે. બીજી પોરસી પૂરી થતાં સૌ પોતપોતાના સ્થાનકે જાય છે. પુનઃ પાછલી પોરસીએ પ્રભુ સિંહાસન ઉપર બેસી દેશના આપે છે.

પ્ર : ૨૫ તીર્થંકર ભગવંતોને કેટલા અતિશયો હોય છે ?

ઉ : ૨૫ તીર્થંકર ભગવંતોને ચોત્રીસ(૩૪)અતિશયો હોય છે. જે નીચે મુજબ જાણવાઃ-

[અ] ચાર મૂળ અતિશય જન્મથી

(૧) તીર્થંકર પ્રભુનું શરીર ખુબજ સુંદર અદ્‌ભુત લાવણ્યમય અને સુગંધવાળું શરીર પરસેવો આદિ થાય નહીં.

(૨) પ્રભુનો શ્વાસોચ્છ્વાસ કમળની સુગંધ જેવો સુગંધી હોય.

(૩) પ્રભુના શરીરના લોહી અને માંસ ગાયના દૂધની ધારા સમાન ધવલ અને દુર્ગંધ વિનાનાં હોય.

(૪) પ્રભુના આહાર અને નિહાર આંખોથી કોઇ જોઇ શકે નહીં (માત્ર અવધિજ્ઞાની આદિ જોઇ શકે)

[બ] ઘાતિકર્મોનો ક્ષય થતાં પ્રગટ થતા અગિયાર અતિશયો.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિ કર્મોનો ક્ષય થતાં કેવળજ્ઞાન પછી અગિયાર અતિશયો પ્રગટ થાય છે.

(૧) માત્ર એક યોજન જેટલી ભૂમિમાં મનુષ્યો, દેવો અને તિર્યંચો કરોડોની સંખ્યામાં સમવસરણમાં બાંધા પીડા વગર સમાય શકે. (બેસી શકે છે.)

(૨) પાંત્રીસ ગુણવાણી અર્ધ માગધીભાષામાં અપાતિ પ્રભુની દેશનાને દેવ, મનુષ્ય અને પક્ષી-પશુઓ પોત પોતાની ભાષામાં સમજાય તે રીતે સાંભળે આ દેશના એક યોજન સુધી સર્વ દિશામાં પ્રસરે છે.

(૩) પ્રભુના મસ્તક પાછળ સૂર્ય કરતાં બાર ગણુ તેજસ્વી ભામંડલ શોભતું હોય છે. તેમાં ભગવંતનું અનંત તેજ સમાયેલું હોઇ તેમના દુર્લભ દર્શન નિર્વિધ્ને થાય છે.

(૪) પ્રભુ જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં ચારે દિશામાં સો સો ગાઉ અને ઉપર-નીચે પચ્ચીસ, પચ્ચીસ ગાઉની સીમામાં પહેલા થયેલા રોગો ઉપશાંત થાય અને નવા ન થાય.

(૫) પૂર્વભવમાં બાંધેલા કે જન્મજાત વૈર જીવોને પરસ્પર સમવસરણની ભૂમિમાં જાગતા નથી.

(૬) પ્રભુ જ્યાં વિચરે ત્યાં તીડ-ઉંદર આદિનો ઉપદ્રવ હોતો નથી.

(૭) પરમાત્મા જ્યાં વિચરતા હોય ત્યાં મરકી આદિ ઉત્પાત અને અકાલ મૃત્યુનો ભય રહેતો નથી.

(૮) ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં અતિવૃષ્ટિ (લીલો દુકાળ) ન થાય.

(૯) ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં અનાવૃષ્ટિ (સુકો દુકાળ) ન થાય.

(૧૦) ભિક્ષા ન મળે તેવો ધાન્યનો અભાવ ન થાય.

(૧૧) સ્થાનિક રાજા કે અન્ય બીજા દેશના રાજાઓ તરફથી ભય ઊભો ન થાય.

[ક] દેવકૃત ઓગણીસ અતિશયો.

(૧) ભગવાન જ્યાં વિચરે ત્યાં દેદીપ્યમાન ધર્મચક્ર આકાશમાં ફરતું રહે છે.

(૨) સુંદર શ્વેત ચામરોની જોડી વીંઝાયા કરે.

(૩) આકાશમાર્ગે નિર્મળ સ્ફટિક રત્નનું પાદપીઠ (પગ મૂકવાનો બોજોઠ) અને સિંહાસન ચાલે પ્રભુજી જ્યાં બીરાજવાના હોય ત્યાં એની મેળે ગોઠવાઇ જાય.

(૪) ત્રણ છત્રો આકાશમાં અધ્ધર પ્રભુનાં મસ્તક ઉપર રહે છે.

(૫) રત્નમય ધ્વજ (મહેન્દ્ર ધ્વજ) અનેક નાની ધ્વજાઓથી શોભતો આકાશમાંહોય. (ઉપરોકત પાંચેય અતિશય પ્રભુજી વિચરે ત્યારે આકાશમાર્ગે સાથે ચાલતાં

હોય અને બિરાજે ત્યારે ઉચિત રીતે ગોઠવાઇ જઇ અપૂર્વ શોભા અને પ્રભાવ ઉત્પન્ન કરે છે.)

(૬) સોનાના અતિ સુંવાળા કમળ ઉપર પગ મૂકતાં પ્રભુજી વિચરે, બે કમળ પગ નીચે અને સાત પાછળ હોય એક પરથી પ્રભુ પગ ઉપાડે કે તરત પાછળથી એક કમળ આગળ આવીને ઊભું રહે આવું અવિરત બન્યાં કરે.

(૭) રત્ન, સોના અને ચાંદીના ત્રણ ગઢ સ્વરૂપ સમવસરણ રચવામાં આવે છે. પ્રભુ પાસેનો પ્રથમ ગઢ ઉત્તમ રત્નોનો હોય છે તેને વૈમાનિક દેવો બનાવે છે. બીજો વચલો ગઢ સોનાનો જ્યોતિષ્ક દેવો અને ત્રીજો ચાંદીનો ગઢ ભુવનપતિ દેવો બનાવે છે.

(૮) સમવસરણમાં સિંહાસન ઉપર પ્રભુજી પોતે પૂર્વ દિશા તરફ મુખ રાખીને બિરાજે છે. બીજી ત્રણ બાજુની દિશાઓમાં પ્રભુજી જેવા ત્રણ પ્રતિબિંબો દેવતાઓ રચે છે. જે ચામર, છત્ર, સિંહાસનાદિથી યુકત હોય છે અને પ્રભુ સ્વયમ દેશના આપતા હોય તેમ લાગે છે.

(૯) પ્રભુજી સમવસરણમાં જ્યાં દેશના આપવા બિરાજે છે ત્યાં ચારે સિંહાસન વચ્ચે થઇ ઉપર ફેલાયેલા અશોકવૃક્ષની (આસોપાલવના વૃક્ષની) રચના દેવો કરે છે. આ અશોકવૃક્ષ જિનેશ્વર પ્રભુનાં શરીરની ઊંચાઇ કરતાં બારગણો ઊંચો રચવામાં આવે છે.

(૧૦) જ્યાં પ્રભુ વિચરે છે ત્યાં કાંટા ઊંધા મુખે થઇ જાય છે. એટલે કે કાંટાઓની અણીઓ વળી જાય છે.

(૧૧) પ્રભુ વિહાર કરી જતા હોય ત્યારે માર્ગમાં રહેલાં વૃક્ષો નમી જતાં હોય છે. વૃક્ષો પ્રભુને નમન કરે છે.

(૧૨) પ્રભુ જ્યાં હોય ત્યાં મધુર સ્વરે દુંદુભિ વાગ્યા કરે છે.

(૧૩) પ્રભુની વિહારભૂમિમાં એક યોજન પ્રમાણ ક્ષેત્રમાં સંવર્તક નામનો વાયુ કાંટા-કચરો દૂર કરે છે. આ વાયુ મંદ-સુગંધ અને શીતળ હોઇ સુખકારી લાગે છે.

(૧૪) પરમાત્મા વિચરતા હોય ત્યારે મોર, પોપટ, કોયલ, ચાસ વગેરે પક્ષીઓ મંગળ ધ્વનિ કરતા પ્રદક્ષિણા ફરતા હોય છે.

(૧૫) પ્રભુજી જ્યાં બિરાજવાના હોય ત્યાં સુગંધીજળની વૃષ્ટિ મેઘકુમાર દેવો કરે છે.

(૧૬) સમવસરણની અંદર ચંપા, બકુલ, પ્રમુખ પાંચ વર્ણના સુગંધી ફૂલોની ઢીંચણ સુધી પગ ખૂપી જાય તેટલી દેવો વર્ષા કરે છે. આ પુષ્પો જળમાં અને સ્થળમાં

ઉત્પન્ન થયેલા હોય છે. તીર્થંકર પરમાત્માના મહા મહિમાવંતા અતિશયના પ્રભાવે આ પુષ્પોને જરાય પીઠા, સંઘટન થવા છતાં થતી નથી એટલું જ નહીં પણ અમૃતના ફૂવારા વચ્ચે હોય તેવો અતિ ઉલ્લાસ અનુભવે છે.

(૧૭)દીક્ષા સમયથી નિર્વાણ પર્યન્ત કેશ, રોમ, દાઢી અને નખ વધતાં નથી.

(૧૮)પરમાત્માની પાસે હંમેશા ઓછામાં ઓછા એક કરોડ દેવો ઉપસ્થિત જ હોય (વધુ હોય પણ ઓછા નહીં).

(૧૯)વસંત આદિ છ એ ઋતુના ફળ-ફૂલ આદિ સમકાળે મળી શકે. એ ઋતુ પણ સર્વને અનુકૂળ હોય.

પ્ર : ૨૬ અરિહંત ભગવાન કયા અઢાર દોષોથી રહિત હોય છે?

ઉ : ૨૬ અરિહંત ભગવાન નીચેના અઢાર દોષોથી રહિત હોય છે.

(૧) ક્ષુધા (ભૂખ)	(૭) ચિંતા	(૧૩) મદ
(૨) તૃષા (તરસ)	(૮) જરા	(૧૪) રતિ
(૩) ભય	(૯) રોગ	(૧૫) વિસ્મય
(૪) ક્રોધ	(૧૦) મૃત્યુ	(૧૬) નિંદ્રા
(૫) રાગ	(૧૧) પરસેવો	(૧૭) જન્મ
(૬) મોહ	(૧૨) ખેદ	(૧૮) ઉદ્વેગ

પ્ર : ૨૭ તીર્થંકર ભગવાનની વાણીના પાંત્રીસ ગુણ કયા કયા ?

ઉ : ૨૭ તીર્થંકર ભગવાનની વાણીના પાંત્રીસ ગુણો નીચે મુજબ જાણવાઃ-

(૧) **સંસ્કારત્વઃ** સભ્યતા, વ્યાકરણ શુદ્ધિ આદિ ઉત્તમ સંસ્કારોથી યુકત.

(૨) **ઔદાત્યઃ** ઉચ્ચ સ્વરે બોલાતી હોય.

(૩) **ઉપચાર પરિતતાઃ** અગ્રામ્યતા અને વિશદતાયુકત ગામડીયાપણું ન જણાય તેવી શોભાયુકત.

(૪) **મેઘ ગંભીર ઘોષત્વઃ** મેઘની જેમ ગંભીર અવાજવાળી.

(૫) **પ્રતિનાદવિધાયિતાઃ** પડઘો પાડનારી મધુર, કર્ણપ્રિય અને પ્રતિધ્વનિ જેવી.

(૬) **દક્ષિણત્વઃ** સરળતા યુકત.

(૭) **ઉપનીતરાગત્વઃ** માલકૌંશ વગેરે રાગોથી યુકત.

(ઉપરોકત સાત ગુણો શબ્દની અપેક્ષાએ)

(૮) **મહાર્થતાઃ** મહાન અર્થવાળી, વ્યાપક અને ગંભીર અર્થવાળી.

(૯) **અવ્યાહતત્ત્વઃ** પૂર્વા પર વાકયોના અર્થમાં વિરોધ ન આવે તેવી.

(૧૦)**શિષ્ટત્વ:** વકતાની સજ્જનતાને દર્શાવનારી તથા સિધ્ધાંતના અર્થને કહેનારી.

(૧૧)**સંશય રહિત:** સંદેહ વિનાની.

(૧૨)**નિરાકૃતાન્યોતરત્વ:** કોઇ પણ પ્રકારનાં દૂષણો વિનાની.

(૧૩)**હૃદયગંમતા:** હૃદયને પ્રસન્ન કરનાર, મનોહર મનને આનંદ ઉપજાવનારી.

(૧૪)**મિથ: સાકાંક્ષતા:** પદો અને વાકયોની પરસ્પર અપેક્ષાવાળી.

(૧૫)**પ્રસ્તાવૌચિષ્ય:** દેશ અને કાળને અનુરૂપ (ઉચિત).

(૧૬)**તત્વનિષ્ઠા:** તત્વને અનુરૂપ, વસ્તુના સ્વરૂપને સમજાવનારી.

(૧૭)**અપ્રકીર્ણપ્રસુતત્વ:** સુસંબધ્ધ અને વિષયાંતર વિનાની અર્થાત ત્રુટકપણા વિનાની અને અતિ વિસ્તાર વિનાની.

(૧૮)**અસ્વ શ્લાધાન્યનિન્દતા:** સ્વ પ્રશંસા અને પરનિંદાથી રહિત.

(૧૯)**આભિજાત્ય:** કહેવા યોગ્ય વિષયને ઉત્તમ રીતે વર્ણવનારી.

(૨૦)**અતિ સ્નિગ્ધ મધુરત્વ:** અતિશય સ્નિગ્ધ અર્થાત સ્નેહ અનેમધુરતાવાળી.

(૨૧)**પ્રશસ્યતા:** ગુણોની વિશેષતાને કારણે પ્રશંસા કરવા યોગ્ય.

(૨૨)**અમર્મવેધિતા:** અન્યના હૃદયને દુ:ખ ન ઉપજાવે તેવી.

(૨૩)**ઔદાર્ય:** ઉદારતાવાળી, તુચ્છપણા વિનાની.

(૨૪)**ધર્માર્થ પ્રતિબધ્ધતા:** ધર્મ અને અર્થના સંબંધવાળી અને ધર્માર્થ યુકત.

(૨૫)**કારકાદિ અવિપર્યાસ:** વિભકિત, કાળ, વચન, લિંગ વગેરેના લગતા વ્યાકરણના દોષોથી રહિત.

(૨૬)**વિભ્રમાદિવિયુકતતા:** વિભ્રમ, વિક્ષેપ વિગેરે મનનાં દોષોથી રહિત.

(૨૭)**ચિત્રકૃત્ય:** સાંભળનાર શ્રોતાઓમાં આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી.

(૨૮)**અદ્‌ભુત:** સાંભળનારને અપૂર્વપણું જણાય તેવી પૂર્વે કયારેય ન સાંભળી હોય તેવી.

(૨૯)**અનતિ વિલંબીતા:** બે શબ્દો, બે પદો કે એ બે વાકયો વચ્ચેના વિલંબ વિનાની.

(૩૦)**અનેકજાતિ વૈચિત્રય:** વર્ણવવા યોગ્ય વસ્તુને વિવિધ રીતે વર્ણવનારી.

(૩૧)**આરોપિત વિશેષતા:** બીજા વકતાઓ કરતાં જેમાં વિશેષતા જણાય તેવી વિશિષ્ટ પ્રકારની.

(૩૨)**સત્વ પ્રધાનતા:** સત્વગુણની પ્રધાનતાવાળી, શૌર્ય ઉત્પન્ન કરનારી.

(૩૩)**વર્ણ પદ વાકય વિવિકતતા:** અક્ષર, પદ, વાકય સ્પષ્ટ સમજાય તેવી સ્પષ્ટ ઉચ્ચારવાળી.

(૩૪) **અવ્યુચ્છિતિ:** અખંડ ધારાબધ્ધ તથા વિવક્ષિત અર્થ સહિત પરિપૂર્ણ અર્થાત ઇચ્છિત વસ્તુ સિધ્ધ ન થાય ત્યાં સુધી વિચ્છેદ નહી પામનારી.

(૩૫) **અખેદિત્વ:** સાંભળનારને સાંભળતા ખેદ કે શ્રમ ન ઉપજાવે તેવી.

પ્ર : ૨૮ શ્રી અરિહંત ભગવાનનાં બાર ગુણો સમજાવો?

ઉ : ૨૮ શ્રી અરિહંત ભગવાનનાં બાર ગુણો નીચે મુજબ છે:-

(૧) **અશોકવૃક્ષ:** દેવતાઓ સમવસરણમાં પ્રભુના શરીરથી બાર ગણુ ઊંચુ અશોકવૃક્ષ રચે છે.

(૨) **પુષ્પવૃષ્ટિ:** દેવતાઓ સમવસરણમાં ચાર ગાઉ અર્થાત એક યોજન સુધી પુષ્પવૃષ્ટિ કરે છે.

(૩) **દિવ્ય ધ્વનિ:** દેવતાઓ વીણા, વાંસળી આદિ વાજિંત્રો વડે દિવ્ય ધ્વનિ પ્રગટાવે છે.

(૪) **ચામર:** દેવતાઓ ભગવાનને ચામર વીંઝે છે.

(૫) **આસન:** દેવતાઓ ભગવાનને બેસવા માટે રત્નજડિત સોનાનું સિંહાસન રચે છે જે ભગવાન સાથે આકાશમાર્ગે આગળ ચાલતું રહે છે. અને ભગવાન જ્યાં બેસવાના હોય ત્યાં આગળ ગોઠવાઇ જાય છે.

(૬) **ભામંડળ:** દેવતાઓ ભગવાનનાં મસ્તકની પાછળ તેજનું માંડલુ (કુંડાળું) રચે છે જે ભગવાનના મુખના તેજને સંહરી લે છે જો તે માંડલું ન હોય તો ભગવાનનાં મુખ સામું જોઇ શકાય નહી.

(૭) **દુદુંભિ:** દેવતાઓ દુંદુભિ નામનું વાજિંત્ર વગાડે છે. તેમાંથી હે ભવ્ય જીવો! શિવપુરના સથવારા તુલ્ય આ ભગવાનને સેવો એવો અવાજ નીકળે છે. એવું આપણને લાગે.

(૮) **છત્ર:** દેવતાઓ ભગવાન જ્યાં જ્યાં વિચરે ત્યાં તેમના મસ્તક ઉપર આકાશમાં હીરા, માણેક અને મોતીનાં હારોથી સુશોભિત ત્રણ ત્રણ છત્રો રચે છે.

[ઉપરના આઠ ગુણોને પ્રાતિહાર્ય કહેવાય. પ્રાતિહાર્ય એટલે પ્રભુની સાથે રહેનારી શોભા.]

(૯) **અપાયાપગ માતિશય:** ભગવાનને રાગ-દ્વેષ રૂપ અપાયનો નાશ થવાથી સર્વ જીવો પ્રત્યે અનુપમ કરૂણા અને સમભાવ હોય છે. અને તેથી ભગવાન જ્યાં જ્યાં વિચરે ત્યાં દરેક દિશામાં સવાસો યોજન સુધીમાં રોગ, મરકી, દુકાળ વગેરે થતું નથી.

(૧૦) **જ્ઞાનાતિશયઃ** ભગવાન લોકાલોકને સંપૂર્ણ રીતે જાણે છે.

(૧૧) **પૂજાતિશયઃ** ભગવાનની પૂજા દેવતા, ઇંદ્રો વગેરે બધા કરે છે.

(૧૨) **વચનાતિશયઃ** ભગવાનની પાંત્રીસ ગુણ યુકત વાણી દેવ, મનુષ્ય, તિર્યંચ પોત-પોતાની ભાષામાં સમજી શકે છે. અને તે વાણી એક યોજન સુધી અસ્ખલિત અને એક સરખી રીતે બધાને સંભળાય છે.

પ્ર : ૨૯ તીર્થંકર ભગવાનનું નિર્વાણ કલ્યાણક દેવી દેવતાઓ કેવી રીતે ઉજવે છે?

ઉ : ૨૯ તીર્થંકર ભગવાનનું નિર્વાણ થતાં દેવતાઓના ઇન્દ્રોના આસનો કંપાયમાન થાય છે. અવધિજ્ઞાનથી કારણ જાણી ઇન્દ્ર પોતાના પરિવાર સાથે નિર્વાણ સ્થળે આવે છે અને આંસુ તરબોળ આંખે વિલાપ કરે છે અને શોકના આઘાતમાં પણ અંત્યેષ્ટિ વિધિ માટે સક્રિય બને છે.

ઇન્દ્ર આભિયોગિક દેવતાઓ પાસે નંદનવનમાંથી (મેરુ પર્વત ઉપર આવેલ) ગોશીર્ષ ચંદનનાં ઘણા કાષ્ટ મંગાવે છે. આ ચંદનકાષ્ટથી અરિહંત માટે, ગણધર માટે અને સાધુઓ માટે એમ ત્રણ ચિતાઓ રચે છે. અરિહંત ભગવંતની ચિતા પૂર્વ દિશામાં વર્તુલાકારે કરે છે. ગણધરોની ચિતા દક્ષિણ દિશામાં ત્રિકોણાકારે કરે છે અને સાધુઓ માટે પશ્ચિમ દિશામાં ચોરસ ચિતા તૈયાર કરાવે છે.

ચિતા ગોઠવ્યા બાદ ઇન્દ્ર ક્ષીરસાગરમાંથી લાવેલા જળથી પ્રભુનાં દેહને સ્નાન કરાવે છે. ચંદનથી વિલેપન કરે છે. હંસ લક્ષણવાળા વસ્ત્ર પહેરાવે છે. અને સર્વ અલંકારોથી વિભૂષિત કરે છે. બીજા દેવતાઓ એ જ પ્રમાણે ગણધરો અને મુનિઓનાં શરીરને નવરાવીને પૂંજે છે. એ પછી ઇન્દ્રના આદેશથી દેવતાઓ ત્રણ પાલખી તૈયાર કરે છે.

એક પાલખીમાં ઇન્દ્ર પોતે પ્રભુનાં દેહને સ્થાપે છે. બીજા દેવતાઓ ગણધર તથા મુનિઓના દેહને અન્ય પાલખીમાં સ્થાપે છે. ઇન્દ્ર તથા દેવતાઓ ત્રણે પાલખી ઉપાડીને અનુક્રમે ત્રણે ચિતાઓ ઉપર મહોત્સવ સાથે મૂકે છે. શક્રની આજ્ઞાથી અગ્નિકુમાર દેવતા આંસુ દદળતી આંખે ચિતામાં અગ્નિ મૂકે છે. વાયુકુમાર દેવતાઓ પોતાના ઇન્દ્રની આજ્ઞાથી અગ્નિને પ્રદીપ્ત કરવા માટે ચિતામાં ઘી હોમે છે. દેહ અગ્નિમાં ભસ્મ થઇ જતા માત્ર અસ્થિ રહે છે. ત્યારે ઇન્દ્રની આજ્ઞાથી મેઘકુમાર દેવતા તે ચિતાને ક્ષીરસમુદ્રાદિકના જળથી વૃષ્ટિ કરી ઠારે છે. ત્યારબાદ શક્રેન્દ્ર પ્રભુની જમણી

તરફની ઉપરની દાઢાં ગ્રહણ કરે છે. ચમરેન્દ્ર જમણી તરફની નીચેની દાઢાં ગ્રહણ કરે છે. ઈશાનેન્દ્ર ઉપરની ડાબી તરફથી દાઢાં ગ્રહણ કરે છે અને બલેન્દ્ર ડાબી તરફની નીચેની દાઢાં લે છે. બાકીના દેવતાઓ તેમના અવશિષ્ટ અસ્થિને ગ્રહણ કરે છે. વિદ્યાધર વગેરે ભસ્મ ગ્રહણ કરે છે. આ અસ્થિ અને ભસ્મ વિગ્રહને શાંત કરે છે. એ વિધિ પતી ગયા પછી શક્રેન્દ્ર તે સ્થળોએ ત્રણ ચૈત્યરૂપ સ્તૂપ બનાવે છે.

આ તમામ વિધિપૂર્ણ થયા બાદ સૌ દેવતાઓ નંદીશ્વર દ્વીપ જાય છે. અને ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ ઊજવે છે એ ઉત્સવ પૂરો થતાં સૌ પોત પોતાના સ્થાનકે જાય છે. શક્રેન્દ્ર પોતાના સ્થાનકમાં પ્રભુની દાઢાઓને પોત-પોતાની સુધર્મા સભામાં માણવક ચૈત્ય સ્તંભને અવલંબીને રહેલા દાંબડામાં મૂકે છે અને રોજ તેની પૂજા કરે છે. પ્રભુની અશાતના ના થાય તે માટે તેઓ સુધર્મા સભામાં કામક્રીડા પણ કરતા નથી.

પ્ર : ૩૦ વર્તમાનમાં વીસ અરિહંત તીર્થંકરો કયા ખંડમાં છે?

ઉ : ૩૦ વર્તમાનમાં વીસ અરિહંત તીર્થંકર ભગવંતોમાં

જંબૂદ્વીપમાં	અરિહંત ભગવાન -	૪
ધાતકીખંડમાં	અરિહંત ભગવાન -	૮
અર્ધ પુષ્કરવર દ્વીપમાં	અરિહંત ભગવાન -	૮
		૨૦

(નોંધઃ વધુ વિગત અધ્યાય ત્રણમાં જણાવેલ છે)

પ્ર : ૩૧ વર્તમાન ચોવીસીમાં વધુમાં વધુ તીર્થંકરો કોના વખતમાં થયેલા?

ઉ : ૩૧ વર્તમાન ચોવીસીના બીજા તીર્થંકર શ્રી અજીતનાથ ભગવાનના વખતમાં તીર્થંકર પરમાત્માઓની ઉત્કૃષ્ટ સંખ્યા એકસો સીત્તેર (૧૭૦) ની હતી. એ સમયે પાંચ તીર્થંકરો ભરતક્ષેત્રમાં અર્થાત્ પાંચ ભરતક્ષેત્રમાં પાંચ તીર્થંકરો, તેવી જ રીતે પાંચ ઐરાવત ક્ષેત્રોમાં પાંચ તીર્થંકરો અને પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં કુલ એકસો સાઈઠ તીર્થંકરો વિચરતા હતા (એક મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજયમાં ૩૨ અરિહંત ભગવંતો એટલે પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨×૫ = ૧૬૦ થાય).

તે વખતે ભરતક્ષેત્રમાં	**ઐરાવતક્ષેત્રમાં**
(૧) શ્રી અજિતનાથ (જંબૂદ્વીપમાં)	(૧) શ્રી શીતળનાથ
(૨) શ્રી સિધ્ધાંતનાથ (ધાતકીખંડ પૂર્વ)	(૨) શ્રી પુષ્પદંત

(૩) શ્રી કરણનાથ (ધાતકીખંડ પશ્ચિમ) (૩) શ્રી જિન સ્વામી
(૪) શ્રી પ્રભાસનાથ (અર્ધ પુષ્કરવર દ્વીપ પૂર્વાધ) (૪) શ્રી અક્ષપાસ સ્વામી
(૫) શ્રી પ્રભાવકનાથ (અર્ધ પુષ્કરવર દ્વીપ પશ્ચિમ) (૫) શ્રી નવલશા સ્વામી

પ્ર : ૩૨ ચાર શાશ્વત તીર્થંકર ભગવંતોનાં નામ આપો?

ઉ : ૩૨ ચાર શાશ્વત તીર્થંકર ભગવંતોનાં નામ નીચે મુજબ છેઃ-

(૧) શ્રી ઋષભાનન સ્વામિ.
(૨) શ્રી ચન્દ્રાનન સ્વામિ.
(૩) શ્રી વારિષેણ સ્વામિ.
(૪) શ્રી વર્ધમાન સ્વામિ.

આ ચાર શાશ્વત તીર્થંકર ભગવંતોના ચૈત્યો નંદીશ્વર દ્વીપમાં આવેલા છે. તીર્થંકર ભગવંતોના પાંચેય કલ્યાણક મહોત્સવ પછી બધા જ દેવી-દેવતાઓ હંમેશા નંદીશ્વર દ્વીપમાં જાય છે ત્યાં મહોત્સવ ઉજવે છે અને ત્યારબાદ જ પોતાના સ્થાનકે પાછા જાય છે.

પ્ર : ૩૩ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રની અતીત ચોવીસી, વર્તમાન ચોવીસી અને અનાગત (આવતી) ચોવીસીનાં તીર્થંકરોના નામ જણાવો.

ઉ : ૩૩

અતીત ચોવીસી (ભૂતકાળની)	વર્તમાન ચોવીસી (હાલની)	અનાગત ચોવીસી (આવતી ચોવીસી)
(૧) શ્રી કેવળજ્ઞાની	શ્રી ઋષભદેવ	શ્રી પદ્મનાભ
(૨) શ્રી નિવાણી	શ્રી અજીતનાથ	શ્રી સુરદેવ
(૩) શ્રી સાગર	શ્રી સંભવનાથ	શ્રી સુપાર્શ્વ
(૪) શ્રી મહાયજ્ઞ	શ્રી અભિનંદન	શ્રી સ્વયંપ્રભ
(૫) શ્રી વિમલનાથ	શ્રી સુમતિનાથ	શ્રી સર્વાનુભૂતિ
(૬) શ્રી સર્વાનુભૂતિ	શ્રી પાર્શ્વપ્રભુ	શ્રી દેવશ્રુત
(૭) શ્રીધર સ્વામી	શ્રી સુપાર્શ્વનાથ	શ્રી ઉદયપ્રભ
(૮) શ્રીદત તીર્થ	શ્રી ચંદ્ર પ્રભુ	શ્રી પેંઢાલ
(૯) શ્રી દામોદર	શ્રી સુવિધિનાથ (પુષ્પદંત)	શ્રી પોટ્ટીલ
(૧૦) શ્રી સુતેજ	શ્રી શિતલનાથ	શ્રી શતકીર્તિ
(૧૧) શ્રી સ્વામિનાથ	શ્રી શ્રેયાંસનાથ	શ્રી સુવ્રત
(૧૨) શ્રી મુનિસુવ્રત	શ્રી વાસુપૂજ્ય	શ્રી અમમનાથ

(૧૩) શ્રી સુમતિ	શ્રી વિમલનાથ	શ્રી નિષ્કષાય
(૧૪) શ્રી શિવગ્રતિ	શ્રી અનંતનાથ	શ્રી નિષ્પુલાક
(૧૫) શ્રી અસત્યાગ	શ્રી ધર્મનાથ	શ્રી નિર્મમનાથ (શ્રીનિર્મળનાથ)
(૧૬) શ્રી નેમીશ્વર	શ્રી શાંતિનાથ	શ્રી ચિત્રગુપ્ત
(૧૭) શ્રી અનીલ	શ્રી કુંથુનાથ	શ્રી સમાધિ
(૧૮) શ્રી યશોધર	શ્રી અરનાથ	શ્રી સંવર
(૧૯) શ્રી કૃતાર્થ	શ્રી મલ્લિનાથ	શ્રી યશોધર
(૨૦) શ્રી જિનેશ્વર	શ્રી મુનિસુવ્રત	શ્રી વિજય
(૨૧) શ્રી શુધ્ધમતિ	શ્રી નમિનાથ	શ્રી મલ્લિ
(૨૨) શ્રી શિવંકર	શ્રી નેમિનાથ	શ્રી દેવજિત
(૨૩) શ્રી સ્વનંદન	શ્રી પાર્શ્વનાથ	શ્રી અનંતવીર્ય
(૨૪) શ્રી સમ્પ્રતિ	શ્રી મહાવીર સ્વામિ	શ્રી ભંડકૃત (શ્રી ભડંકર)

પ્ર : ૩૪ વર્તમાન ચોવિસીના તીર્થંકરોના પૂર્વભવના દીક્ષા ગુરુના નામ જણાવો ?

ઉ : ૩૪ તીર્થંકર ભગવાન પોતે સ્વયમ્ દીક્ષિત હોય છે તેમના કોઇ ગુરુ હોતા નથી. તેમને જન્મથી જ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે અને સ્વયમ્ દીક્ષિત થતા જ તેમને ચોથુ મનઃ પર્યવજ્ઞાન પ્રગટ થાય છે. તીર્થંકર ભગવાનને પૂર્વના મનુષ્યભવમાં દીક્ષાગુરુ હોય છે. શ્રી ઋષભદેવથી મહાવીર સ્વામી સુધીના વર્તમાન ચોવીસીના તીર્થંકરોના પૂર્વભવના દીક્ષાગુરુ અનુક્રમે નીચે પ્રમાણે છેઃ-

(૧) વજ્રસેન	(૯) સર્વજગદાનંદ	(૧૭) સંવર
(૨) અરિદમન	(૧૦) સસ્તાધ	(૧૮) સાધુ સંવર
(૩) સંભ્રાન્ત	(૧૧) વજ્રદત	(૧૯) વરધર્મ
(૪) વિમલવાહન	(૧૨) વજ્રનાભ	(૨૦) સુનંદ
(૫) સીમંધર	(૧૩) સર્વગુપ્ત	(૨૧) નંદ
(૬) પિહિતાશ્રવ	(૧૪) ચિત્રરથ	(૨૨) અતિશય
(૭) અરિદમન	(૧૫) વિમલવાહન	(૨૩) દામોદર
(૮) યુગંધર	(૧૬) ધનરથ	(૨૪) પોટીલાચાર્ય

પ્ર : ૩૫ વર્તમાન ચોવિસીના તીર્થંકરોના માતા-પિતાનું નામ જન્મ સ્થળ અને લાંછન જણાવો ?

ઉ : ૩૫

તીર્થંકરનું નામ	પિતાનું નામ	માતાનું નામ	જન્મ સ્થાન	લાંછન
(૧) શ્રી ઋષભદેવ	નાભિ રાજા	મરુદેવી	અયોધ્યા	વૃષભ
(૨) શ્રી અજિતનાથ	જિતશત્રુ રાજા	વિજયાદેવી	અયોધ્યા	હાથી
(૩) શ્રી સંભવનાથ	જિતારી રાજા	સેનાદેવી	શ્રાવસ્તિ	અશ્વ
(૪) શ્રી અભિનંદન	સંવર રાજા	સિધ્ધાર્થાદેવી	અયોધ્યા	વાંદરો
(૫) શ્રી સુમતિનાથ	મેઘરથ રાજા	સુમંગલાદેવી	અયોધ્યા	કૌંચ પક્ષી
(૬) શ્રી પદ્મપ્રભ	શ્રીધર રાજા	સુસીમાદેવી	કૌશામ્બી	પદ્મ
(૭) શ્રી સુપાર્શ્વનાથ	સુપ્રતિષ્ઠ રાજા	પૃથ્વીદેવી	કાશી	સ્વસ્તિક
(૮) શ્રી ચંદપ્રભ	મહાસેન રાજા	લક્ષ્મણાદેવી	ચંદ્રપુરી	ચંદ્ર
(૯) શ્રી સુવિધિનાથ	સુગ્રીવ રાજા	શ્યામાદેવી	કાકંદી	મગર
(૧૦) શ્રી શિતળનાથ	દઢરથ રાજા	નંદાદેવી	ભદ્દીલપુર	શ્રીવત્સ
(૧૧) શ્રી શ્રેયાંસનાથ	વિષ્ણુ રાજા	વિષ્ણુદેવી	સિંહપુર	ગેંડો
(૧૨) શ્રી વાસુપૂજ્ય	વસૂપૂજ્ય રાજા	જયાદેવી	ચંપાનગરી	પાડો
(૧૩) શ્રી વિમલનાથ	કૃતવર્મ રાજા	શ્યામાદેવી	કંપિલપુર	સુવર
(૧૪) શ્રી અનંતનાથ	સિંહસેન રાજા	સુયશાદેવી	અયોધ્યા	બાજ
(૧૫) શ્રી ધર્મનાથ	ભાનુ રાજા	સુવ્રતાદેવી	રત્નપુર	વજ્ર
(૧૬) શ્રી શાંતિનાથ	વિશ્વસેન રાજા	અચિરાદેવી	હસ્તિનાપુર	મૃગ
(૧૭) શ્રી કુંથુનાથ	સૂર રાજા	શ્રી દેવી	હસ્તિનાપુર	બોકડો
(૧૮) શ્રી અરનાથ	સુદર્શન રાજા	દેવીરાણી	હસ્તિનાપુર	નંદાવર્ત
(૧૯) શ્રી મલ્લિનાથ	કુંભ રાજા	પ્રભાવતીદેવી	મિથિલા	કળશ
(૨૦) શ્રી મુનિસુવ્રત	સુમિત્ર રાજા	પદ્માદેવી	રાજગૃહી	કાચબો
(૨૧) શ્રી નમીનાથ	વિજયરાજા	વપ્રાદેવી	મિથિલા	નિલકમલ
(૨૨) શ્રી નેમિનાથ	સમુદ્રવિજયરાજા	શિવાદેવી	શૌરીપુર	શંખ
(૨૩) શ્રી પાર્શ્વનાથ	અશ્વસેનરાજા	વામાદેવી	વારાણસી	સર્પ
(૨૪) શ્રી મહાવીર	સિધ્ધાર્થરાજા	ત્રિશલાદેવી	ક્ષત્રીયકુંડ	સિંહ

પ્ર : ૩૬ વર્તમાન ચોવીસીના તીર્થંકરોના નામ તેમના ગણધરોની સંખ્યા, પ્રમુખ ગણધરનું નામ, જ્ઞાનવૃક્ષ, યક્ષ, અને યક્ષિણીનાં નામ જણાવો ?

ઉ : ૩૬ નીચેના કોષ્ટક મુજબ ગણધર સંખ્યા, જ્ઞાનવૃક્ષ તથા શાસન દેવ અને દેવીનાં નામ જાણવા :-

તીર્થંકરનું નામ	ગણધરની સંખ્યા અને પ્રમુખ ગણધરનુ નામ	જ્ઞાનવૃક્ષ	શાસનદેવ (યક્ષ)	શાસનદેવી (યક્ષિણી)
(૧) શ્રી ઋષભદેવ	૮૪/ પુંડરીક	વટવૃક્ષ	ગોમુખ	ચક્રેશ્વરી
(૨) શ્રી અજિતનાથ	૧૦૨/ સિંહસેન	સપ્તપર્ણ	મહાયક્ષ	અજિતબલા
(૩) શ્રી સંભવનાથ	૧૦૨/ ચારૂ	શાલ	ત્રિમુખ	દુરિતારિ
(૪) શ્રી અભિનંદન	૧૦૦/વજ્રનાભ	પ્રિયાલ	યક્ષેશ	કાલિ
(૫) શ્રી સુમતિનાથ	૧૧૬/ચમરગુણી	રાયણ	તુંબરુ	મહાકાલી
(૬) શ્રી પદ્મપ્રભ	૧૦૭/ સુદ્યોત	છત્રાભ	કુસુમ	શ્યામા
(૭) શ્રી સુપાર્શ્વનાથ	૧૦૭/ વિદર્ભ	શિરીષ	માતંગ	શાંન્તા
(૮) શ્રી ચંદ્રપ્રભુ	૮૮/ દિન્નગણી	પુન્નાંગ	વિજય	જ્વાલા(ભ્રૂકુટી)
(૯) શ્રી સુવિધિનાથ	૮૮/ વરાહ	માલુર	અજિત	સુતારિકા
(૧૦) શ્રી શિતલનાથ	૮૧/ નંદ	રાયણ	બ્રાસા	અશોકા.
(૧૧) શ્રી શ્રેયાંસનાથ	૭૬/ કચ્છપ	તિંદુક	યક્ષરાજ	માનવી(શ્રીવત્સા)
(૧૨) શ્રી વાસુપૂજ્ય	૬૬/ સુભૂમ	પારલ	સુરકુમાર	ચંડી
(૧૩) શ્રી વિમલનાથ	૫૭/ મંદર	જંબૂ	ષણ્મુખ	વિદિતા(વિજ્યા)
(૧૪) શ્રી અનંતનાથ	૫૦/ જશ	પીપલ	પાતાલ	અંકુશા
(૧૫) શ્રી ધર્મનાથ	૪૩/ અરિષ્ટ	દધિપર્ણ	કિન્નર	કંદર્પા
(૧૬) શ્રી શાંતિનાથ	૬૨/ ચક્રયુદ્ધ	નંદી	ગરૂડ	નિર્વાણી
(૧૭) શ્રી કુંથુનાથ	૩૫/ સાંબ	તિલક	ગંધર્વ	અચ્યુંતા
(૧૮) શ્રી અરનાથ	૩૩/ કુંભ	આમ્ર	યક્ષરાજ	ધારિણી
(૧૯) શ્રી મલ્લિનાથ	૨૮/અભિક્ષક	અશોક	કુબેર	વૈરોપ્યા
(૨૦) શ્રી મુનિસુવ્રત	૧૮/ મલ્લી	ચંપક	વરૂણ	નરદત્તા
(૨૧) શ્રી નમીનાથ	૧૭/ શુભ	બકુલ	ભ્રૂકુટી	ગાંધારી
(૨૨) શ્રી નેમિનાથ	૧૧/ વરુદત્ત	વેતસ	ગોમેધ	અંબા
(૨૩) શ્રી પાર્શ્વનાથ	૮/ શુભ	ધાતકી	પાર્શ્વ	પદ્માવતી
(૨૪) શ્રી મહાવીર	૧૧/ ઇન્દ્રભૂતિ	શાલ	માતંગ	સિદ્ધાયિકા

નોંધ : અમુક ગ્રંથોમાં પાર્શ્વનાથના ગણધરોની સંખ્યા દસ લખેલ છે.

પ્ર : ૩૭ વર્તમાન ચોવીસીના તીર્થંકરોના સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓમાં પ્રમુખ હોય તેના નામ તથા તેમની સંખ્યા વર્ણવો. ?

ઉ : ૩૭ વર્તમાન ચોવીસીના ચતુર્વિધ સંઘનું કોષ્ટક નીચે મુજબ છે :-

તીર્થંકરનું નામ	સાધુની સંખ્યા પ્રમુખ સાધુનું નામ	સાધ્વીની સંખ્યા પ્રમુખ સાધ્વીનું નામ	શ્રાવકની સંખ્યા પ્રમુખ શ્રાવકનુ નામ	શ્રાવિકાની સંખ્યા પ્રમુખ શ્રાવિકાનું નામ
(૧) શ્રી ઋષભદેવ	૮૪૦૦૦/ ઋષભસેન	૩,૦૦,૦૦૦ બ્રાહ્મી	૩,૦૫,૦૦૦ શ્રેયાંસ	૫,૫૪૦૦૦ સુભદ્રા
(૨) શ્રી અજિતનાથ	૧,૦૦,૦૦૦ સિંહસેન	૩,૦૩,૦૦૦ ફાલ્ગુની	૨,૯૮,૦૦૦ સગર ચક્રવર્તી	૫,૪૫૦૦૦
(૩) શ્રી સંભવનાથ	૨,૦૦,૦૦૦ ચારૂ	૩,૩૬,૦૦૦ શ્યામા	૨,૯૩,૦૦૦	૬,૩૬,૦૦૦
(૪) શ્રી અભિનંદન	૩,૦૦,૦૦૦ વ્રજનાભ	૬,૩૦,૦૦૦ અજીતા	૨,૮૮,૦૦૦	૫,૨૭,૦૦૦
(૫) શ્રી સુમતિનાથ	૩,૨૦,૦૦૦ ચમરગણી	૫,૩૦,૦૦૦ કાશ્યપી	૨,૮૧,૦૦૦	૫,૧૬,૦૦૦
(૬) શ્રી પદ્મપ્રભ	૩,૩૦,૦૦૦ સુદ્યોત	૪,૨૦,૦૦૦ રતી	૨,૭૬,૦૦૦	૫,૦૫,૦૦૦
(૭) શ્રી સુપાર્શ્વનાથ	૩,૦૦,૦૦૦ વિદર્ભ	૪,૩૦,૦૦૦ સોમા	૨,૫૭,૦૦૦	૪,૯૩,૦૦૦
(૮) શ્રી ચંદ્રપ્રભુ	૨,૫૦,૦૦૦ દીન્નગણી	૩,૮૦,૦૦૦ સુમતા	૨,૫૦,૦૦૦	૪,૯૧,૦૦૦
(૯) શ્રી સુવિધિનાથ	૨,૦૦,૦૦૦ વરાહ	૧,૨૦,૦૦૦ વારુણી	૨,૨૯,૦૦૦	૪,૭૧,૦૦૦
(૧૦) શ્રી શિતલનાથ	૧,૦૦,૦૦૦ નંદ	૧,૦૬,૦૦૦ સુયશા	૨,૮૯,૦૦૦	૪,૫૮,૦૦૦
(૧૧) શ્રી શ્રેયાંસનાથ	૮૪૦૦૦/ કચ્છપ	૧,૦૩,૦૦૦ ધારણી	૨,૭૯,૦૦૦	૪,૪૮,૦૦૦
(૧૨) શ્રી વાસૂપૂજ્ય	૭૨૦૦૦/ સુભૂમ	૧,૦૦,૦૦૦ ધરણી	૨,૧૫,૦૦૦	૪,૩૬,૦૦૦

તીર્થંકરનું નામ	સાધુની સંખ્યા પ્રમુખ સાધુનું નામ	સાધ્વીની સંખ્યા પ્રમુખ સાધ્વીનું નામ	શ્રાવકની સંખ્યા પ્રમુખ શ્રાવકનુ નામ	શ્રાવિકાની સંખ્યા પ્રમુખ શ્રાવિકાનું નામ
(૧૩) શ્રી વિમલનાથ	૬૮,૦૦૦/ મંદર	૧,૮૦,૦૦૦ ધરા	૨,૦૮,૦૦૦	૪,૨૪,૦૦૦
(૧૪) શ્રી અનંતનાથ	૬૬,૦૦૦/ જશ	૬૨,૦૦૦ પદ્મા	૨,૦૬,૦૦૦	૪,૧૪,૦૦૦
(૧૫) શ્રી ધર્મનાથ	૬૪,૦૦૦/ અરિષ્ટ	૬૨,૪૦૦ શિવા	૨,૦૪,૦૦૦	૪,૧૩,૦૦૦
(૧૬) શ્રી શાંતિનાથ	૬૨,૦૦૦/ ચક્રયુદ્ધ	૮૯,૦૦૦ શુચિ	૨,૯૦,૦૦૦	૩,૯૩,૦૦૦
(૧૭) શ્રી કુંથુનાથ	૬૦,૦૦૦/ સાંબ	૬૦,૬૦૦ દામિની	૧,૭૯,૦૦૦	૩,૮૧,૦૦૦
(૧૮) શ્રી અરનાથ	૫૦,૦૦૦/ કુંભ	૬૦,૦૦૦ રક્ષિકા	૧,૮૪,૦૦૦	૩,૭૨,૦૦૦
(૧૯) શ્રી મલ્લિનાથ	૪૦,૦૦૦/ અભિક્ષક	૫૫,૦૦૦ બંધુમતી	૧,૮૪,૦૦૦	૨,૬૫,૦૦૦
(૨૦) શ્રી મુનિસુવ્રત	૩૦,૦૦૦/ મલ્લી	૫૦,૦૦૦ પુષ્પવતી	૧,૭૨,૦૦૦	૩,૫૦,૦૦૦
(૨૧) શ્રી નમીનાથ	૨૦,૦૦૦/ શુભ	૪૧,૦૦૦ અનીલા	૧,૧૦,૦૦૦	૩,૪૮,૦૦૦
(૨૨) શ્રી નેમીનાથ	૧૮,૦૦૦/ વરૂદત્ત	૪૦,૦૦૦/ યક્ષદત્તા	૧,૬૯,૦૦૦ નંદ	૩,૩૬,૦૦૦ મહાસુવ્રતા
(૨૩) શ્રી પાર્શ્વનાથ	૧૬,૦૦૦/ કેશીગણધર	૩૮,૦૦૦/ પુષ્પચુલા	૧,૬૪,૦૦૦ સુદ્યોત	૩,૨૭,૦૦૦ સુનંદા
(૨૪) શ્રી મહાવીર	૧૪,૦૦૦/ સુધર્મા	૩૬,૦૦૦/ ચંદનબાળા	૧,૫૯,૦૦૦ કામદેવ	૩,૧૮,૦૦૦ સુલસા

ખાસનોંધ :- અમુક તીર્થંકર ભગવંતોના સાધ્વી, શ્રાવક, શ્રાવિકા જે પ્રમુખ અર્થાત્ મુખ્ય ગણાય તેના નામ ન મળી શકવાને ઉપરોક્ત કોષ્ટકમાં જણાવેલ નથી પરંતુ દરેકની સંખ્યા ઉપલબ્ધ હોવાથી જણાવેલ છે.

પ્ર : ૩૮ વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકર ભગવંતોના પૂર્વભવ, શરીરની ઊંચાઈ, શરીરનો વર્ણ, અને તેમનું આયુષ્ય કેટલું હતુ તે જણાવો ?

ઉ : ૩૮ નીચેના કોષ્ટક મુજબ ઉપરોક્ત માહિતી જાણવી :-

તીર્થંકરનું નામ	તેમના પૂર્વભવ	શરીરની ઊંચાઈ	વર્ણ	આયુષ્ય
(૧) શ્રી ઋષભદેવ	૧૩	૫૦૦ ધનુષ્ય	કાંચન	૮૪ લાખ પૂર્વ
(૨) શ્રી અજિતનાથ	૩	૪૫૦ ધનુષ્ય	કાંચન	૭૨ લાખ પૂર્વ
(૩) શ્રી સંભવનાથ	૩	૪૦૦ ધનુષ્ય	કાંચન	૬૦ લાખ પૂર્વ
(૪) શ્રી અભિનંદન	૩	૩૫૦ ધનુષ્ય	કાંચન	૫૦ લાખ પૂર્વ
(૫) શ્રી સુમતિનાથ	૩	૩૦૦ ધનુષ્ય	કાંચન	૪૦ લાખ પૂર્વ
(૬) શ્રી પદ્મપ્રભ્	૩	૨૫૦ ધનુષ્ય	લાલ	૩૦ લાખ પૂર્વ
(૭) શ્રી સુપાર્શ્વનાથ	૩	૨૦૦ ધનુષ્ય	કાંચન	૨૦ લાખ પૂર્વ
(૮) શ્રી ચંદ્રપ્રભ	૭	૧૫૦ ધનુષ્ય	શ્વેત	૧૦ લાખ પૂર્વ
(૯) શ્રી સુવિધિનાથ	૩	૧૦૦ ધનુષ્ય	શ્વેત	૨ લાખ પૂર્વ
(૧૦) શ્રી શિતળનાથ	૩	૯૦ ધનુષ્ય	કાંચન	૧ લાખ પૂર્વ
(૧૧) શ્રી શ્રેયાંસનાથ	૩	૮૦ ધનુષ્ય	કાંચન	૮૪ લાખ વર્ષ
(૧૨) શ્રી વાસુપૂજ્ય	૩	૭૦ ધનુષ્ય	લાલ	૭૨ લાખ વર્ષ
(૧૩) શ્રી વિમલનાથ	૩	૬૦ ધનુષ્ય	કાંચન	૬૦ લાખ વર્ષ
(૧૪) શ્રી અનંતનાથ	૩	૫૦ ધનુષ્ય	કાંચન	૩૦ લાખ વર્ષ
(૧૫) શ્રી ધર્મનાથ	૩	૪૫ ધનુષ્ય	કાંચન	૧૦ લાખ વર્ષ
(૧૬) શ્રી શાંતિનાથ	૧૨	૪૦ ધનુષ્ય	કાંચન	૧ લાખ વર્ષ
(૧૭) શ્રી કુંથુનાથ	૩	૩૫ ધનુષ્ય	કાંચન	૯૫ હજાર વર્ષ
(૧૮) શ્રી અરનાથ	૩	૩૦ ધનુષ્ય	કાંચન	૮૪ હજાર વર્ષ
(૧૯) શ્રી મલ્લિનાથ	૩	૨૫ ધનુષ્ય	નીલ	૫૫ હજાર વર્ષ
(૨૦) શ્રી મુનિસુવ્રત	૯	૨૦ ધનુષ્ય	શ્યામ	૩૦ હજાર વર્ષ
(૨૧) શ્રી નમિનાથ	૩	૧૫ ધનુષ્ય	કાંચન	૧૦ હજાર વર્ષ
(૨૨) શ્રી નેમિનાથ	૯	૧૦ ધનુષ્ય	શ્યામ	૧ હજાર વર્ષ
(૨૩) શ્રી પાર્શ્વનાથ	૧૦	૯ હાથ	નીલ	૧૦૦ વર્ષ
(૨૪) શ્રી મહાવીર	૨૭	૭ હાથ	કાંચન	૭૨ વર્ષ

પ્ર : ૩૯ વર્તમાન ચોવીસીના તીર્થંકર ભગવંતો ક્યા દેવલોકથી ચ્યવન પામેલા અને તેઓએ કયા ભવમાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરેલું તે જણાવો ?

ઉ : ૩૯ ઉપરોક્ત વિગતો નીચેના કોષ્ટક પ્રમાણે જાણવી :-

તીર્થંકરનું નામ	કયા દેવલોકથી ચ્યવન	તીર્થંકર નામકર્મ ઉપાર્જન
(૧) શ્રી ઋષભદેવ	સર્વાર્થ સિદ્ધ વિમાન	વ્રજનાભના ભવમાં
(૨) શ્રી અજિતનાથ	વિજય (અનુતર વિમાન)	વિમલવાહનના ભવમાં
(૩) શ્રી સંભવનાથ	ગૈવેયક	વિપૂલબલના ભવમાં
(૪) શ્રી અભિનંદન	જયંત (અનુતર વિમાન)	મહાબલના ભવમાં
(૫) શ્રી સુમતિનાથ	જયંત (અનુતર વિમાન)	અતિબલના ભવમાં
(૬) શ્રી પદ્મપ્રભ	ગૈવેયક	અપરાજિતના ભવમાં
(૭) શ્રી સુપાર્શ્વનાથ	ગ્રૈવેયક	નંદિષેણના ભવમાં
(૮) શ્રી ચંદ્રપ્રભ	વૈજયંત (અનુતર વિમાન)	પદ્મના ભવમાં
(૯) શ્રી સુવિધિનાથ	આનત (૯ મો દેવલોક)	મહા પદ્મના ભવમાં
(૧૦) શ્રી શિતળનાથ	પ્રાણત (૧૦ મો દેવલોક)	પદ્મના ભવમાં
(૧૧) શ્રી શ્રેયાંસનાથ	અચ્યુત (૧૨ મો દેવલોક)	નલિનગુલ્મના ભવમાં
(૧૨) શ્રી વાસુપૂજ્ય	પ્રાણત (૧૦ મો દેવલોક)	પ્રશ્નોતરના ભવમાં
(૧૩) શ્રી વિમલનાથ	સહસ્રાર (૮ મો દેવલોક)	પદ્મસેનના ભવમાં
(૧૪) શ્રી અનંતનાથ	પ્રાણત (૧૦ મો દેવલોક)	પદ્મરથના ભવમાં
(૧૫) શ્રી ધર્મનાથ	વિજય (અનુતર વિમાન)	દઢરથના ભવમાં
(૧૬) શ્રી શાંતિનાથ	સર્વાર્થ સિદ્ધ વિમાન	મેઘરથના ભવમાં
(૧૭) શ્રી કુંથુનાથ	સર્વાર્થ સિદ્ધ વિમાન	સિંહાવહના ભવમાં
(૧૮) શ્રી અરનાથ	સર્વાર્થ સિદ્ધ વિમાન	ધનપતિના ભવમાં
(૧૯) શ્રી મલ્લિનાથ	જયંત (અનુતર વિમાન)	વૈશ્રમણના ભવમાં
(૨૦) શ્રી મુનિસુવ્રત	અપરાજિત (અનુતર વિમાન)	શ્રીવર્માના ભવમાં
(૨૧) શ્રી નમિનાથ	પ્રાણત (૧૦ મો દેવલોક)	સિદ્ધાર્થના ભવમાં
(૨૨) શ્રી નેમિનાથ	અપરાજિત (અનુતર વિમાન)	સુપ્રતિષ્ઠિતના ભવમાં
(૨૩) શ્રી પાર્શ્વનાથ	પ્રાણત (૧૦ મો દેવલોક)	આનંદના ભવમાં
(૨૪) શ્રી મહાવીર	પ્રાણત (૧૦ મો દેવલોક)	નંદનઋષીના ભવમાં (નંદનકુમારના)

પ્ર : ૪૦ વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરો કેટલો સમય ગર્ભમાં રહયા, કેટલો સમય છદ્મસ્થ અવસ્થામાં અને કેટલો સમય ગૃહસ્થ અવસ્થામાં રહ્યા તે જણાવો ?

ઉ : ૪૦ ઉપરોક્ત વિગતો નીચેના કોષ્ટક પરથી જાણવી.

તીર્થંકરનું નામ	ગર્ભકાળ મહિના	ગર્ભકાળ દિવસ	ગૃહસ્થ અવસ્થા	છદ્મસ્થ અવસ્થા
(૧) શ્રી ઋષભદેવ	૯	૮	૮૩ લાખ પૂર્વ	૧ હજારવર્ષ
(૨) શ્રી અજિતનાથ	૮	૨૫	૭૧ લાખ પૂર્વ અને ૧ પૂર્વાંગ	૧૨ વર્ષ
(૩) શ્રી સંભવનાથ	૯	૬	૫૯ લાખ પૂર્વ અને ૪ પૂર્વાંગ	૧૪ વર્ષ
(૪) શ્રી અભિનંદન	૮	૨૮	૪૯ લાખ પૂર્વ અને ૮ પૂર્વાંગ	૧૮ વર્ષ
(૫) શ્રી સુમતિનાથ	૯	૬	૩૯ લાખ પૂર્વ અને ૧૨ પૂર્વાંગ	૨૦ વર્ષ
(૬) શ્રી પદ્મપ્રભુ	૯	૬	૨૯ લાખ પૂર્વ અને ૧૬ પૂર્વાંગ	૬ મહિના
(૭) શ્રી સુપાર્શ્વનાથ	૯	૧૯	૧૯ લાખ પૂર્વ અને ૨૦ પૂર્વાંગ	૯ મહિના
(૮) શ્રી ચંદ્રપ્રભ	૯	૭	૯ લાખ પૂર્વ અને ૨૪ પૂર્વાંગ	૬ મહિના
(૯) શ્રી સુવિધિનાથ	૮	૨૬	૧ લાખ પૂર્વ અને ૨૮ પૂર્વાંગ	૪ મહિના
(૧૦) શ્રી શિતળનાથ	૯	૬	૧ લાખ પૂર્વમાં પોણો પાદ ઓછો	૩ મહિના
(૧૧) શ્રી શ્રેયાંસનાથ	૯	૬	૬૩ લાખ વર્ષ	૨ મહિના
(૧૨) શ્રી વાસુપૂજ્ય	૮	૨૦	૧૮ લાખ વર્ષ	૧ મહિનો
(૧૩) શ્રી વિલમનાથ	૮	૨૧	૪૫ લાખ વર્ષ	૨ મહિના
(૧૪) શ્રી અનંતનાથ	૯	૬	૨૨,૫૦,૦૦૦ વર્ષ	૩ વર્ષ
(૧૫) શ્રી ધર્મનાથ	૮	૨૬	૭૫૦૦૦ વર્ષ	૨ વર્ષ

તીર્થંકરનું નામ	ગર્ભકાળ મહિના	ગર્ભકાળ દિવસ	ગૃહસ્થ અવસ્થા	છદ્મસ્થ અવસ્થા
(૧૬) શ્રી શાંતિનાથ	૯	૬	૧ લાખમા પોણો પાદ ઓછો	૧ વર્ષ
(૧૭) શ્રી કુંથુનાથ	૯	૫	૭૧૨૫૦ વર્ષ	૧૬ વર્ષ
(૧૮) શ્રી અરનાથ	૯	૮	૬૩૦૦૦ વર્ષ	૩ વર્ષ
(૧૯) શ્રી મલ્લિનાથ	૯	૭	૧૦૦ વર્ષ	૧ પ્રહર
(૨૦) શ્રી મુનિસુવ્રત	૯	૮	૨૨૫૦૦ વર્ષ	૧૧ મહિના
(૨૧) શ્રી નમિનાથ	૯	૮	૭૫૦૦ વર્ષ	૯ મહિના
(૨૨) શ્રી નેમિનાથ	૯	૮	૩૦૦ વર્ષ	૫૪ દિવસ
(૨૩) શ્રી પાર્શ્વનાથ	૯	૬	૩૦ વર્ષ	૮૩ દિવસ
(૨૪) શ્રી મહાવીર	૯	૭	૩૦ વર્ષ	૧૨વર્ષ, છમહિના, ૧૫ દિવસ

પ્ર : ૪૧ વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરો કયા ગોત્રના હતા ?

ઉ : ૪૧ (૧) વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામી } ગૌતમ ગોત્ર
(૨) બાવીસમા તીર્થંકર શ્રી નેમીનાથ
(૩) બાકીના બાવીસ તીર્થંકરો------ કાશ્યપ ગોત્ર ધરાવતા હતા.

પ્ર : ૪૨ વર્તમાન ચોવીસીના કેટલા તીર્થંકરો ચક્રવર્તી પણ હતા ?

ઉ : ૪૨ વર્તમાન ચોવીસીના સોળમાં, સત્તરમા અને અઢારમાં તીર્થંકરો ચક્રવર્તી પણ હતા.

૧૬ મા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાન
૧૭ મા તીર્થંકર શ્રી કુંથુનાથ ભગવાન } આ ત્રણેય ચક્રવર્તી પણ હતા.
૧૮ મા તીર્થંકર શ્રી અરનાથ ભગવાન

પ્ર : ૪૩ વર્તમાન ચોવીસીના કેટલા તીર્થંકરો અવિવાહિત હતા ?

ઉ : ૪૩ ૧૨ મા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામિ
૧૯ મા તીર્થંકર શ્રી મલ્લીનાથ ભગવાન
૨૨ મા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાન
૨૩ મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન

નોંધ : અન્ય સ્થાનકે શ્રી વાસુપૂજ્ય સ્વામિ અને પાર્શ્વનાથ ભગવાન પરણ્યાનો અધિકાર છે. સનાતન સત્ય અને તત્ત્વ તો કેવળીગમ્ય છે.

પ્ર : ૪૪ વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકર ભગવંતો દીક્ષા વખતે ક્યા નામવાળી શિબિકામાં બેસી કયા વનમાં દીક્ષા લેવા માટે ગયેલાં ?

ઉ : ૪૪ ઉપરોક્ત વિગત નીચેના કોષ્ટક મુજબ જાણવી :-

તીર્થંકરનું નામ	શિબિકાનું નામ	ઉદ્યાનનું નામ
(૧) શ્રી ઋષભદેવ	સુદર્શના	સિદ્ધાર્થ
(૨) શ્રી અજિતનાથ	સુપ્રભા	સહસ્રામ્રવન
(૩) શ્રી સંભવનાથ	સિદ્ધાર્થા	સહસ્રામ્રવન
(૪) શ્રી અભિનંદન	અર્થસિદ્ધા	સહસ્રામ્રવન
(૫) શ્રી સુમતિનાથ	અભયંકરા	સહસ્રામ્રવન
(૬) શ્રી પદ્મપ્રભ	નિવૃત્તિકરી (સુખકારી)	સહસ્રામ્રવન
(૭) શ્રી સુપાર્શ્વનાથ	મનોહરા	સહસ્રામ્રવન
(૮) શ્રી ચંદ્રપ્રભ	મનોરમા	સહસ્રામ્રવન
(૯) શ્રી સુવિધિનાથ	સૂરપ્રભા	સહસ્રામ્રવન
(૧૦) શ્રી શિતળનાથ	ચંદ્રપ્રભા	સહસ્રામ્રવન
(૧૧) શ્રી શ્રેયાંસનાથ	વિમળપ્રભા	સહસ્રામ્રવન
(૧૨) શ્રી વાસુપૂજ્ય	પૃથ્વી	વિહારગૃહ વનમાં
(૧૩) શ્રી વિમલનાથ	દેવદત્તા	સહસ્રામ્રવન
(૧૪) શ્રી અનંતનાથ	સાગરદત્તા	સહસ્રામ્રવન
(૧૫) શ્રી ધર્મનાથ	નાગદત્તા	વપ્રકાંચન
(૧૬) શ્રી શાંતિનાથ	સર્વાર્થા	સહસ્રામ્રવન
(૧૭) શ્રી કુંથુનાથ	વિજયા	સહસ્રામ્રવન
(૧૮) શ્રી અરનાથ	વૈજયંતી	સહસ્રામ્રવન
(૧૯) શ્રી મલ્લિનાથ	જયંતી	સહસ્રામ્રવન
(૨૦) શ્રી મુનિસુવ્રત	અપરાજિતા	નીલગુફા (નીલગુહા)
(૨૧) શ્રી નમિનાથ	દેવકુરુ	સહસ્રામ્રવન
(૨૨) શ્રી નેમિનાથ	ઉત્તરકુરુ (દ્વારવતી)	સહસ્રામ્રવન
(૨૩) શ્રી પાર્શ્વનાથ	વિશાલા	આમ્રપદ (આશ્રમપદ)
(૨૪) શ્રી મહાવીર	ચંદ્રપ્રભા	શાતખંડ

ખાસનોંધ : (૧) વર્તમાન ચોવીસીના બાવીસ તીર્થંકરોને તેઓએ જે ઉદ્યાનમાં દીક્ષા લીધી હતી તેજ ઉદ્યાનમાં કેવળજ્ઞાન ઉપજેલ.

(૨) શ્રી ઋષભદેવ ભગવાનને શકટમુખ નામના ઉદ્યાનમાં અને શ્રી મહાવીર પ્રભુને ઋજુવાલિકા નદીના તટ ઉપર સાલતરુની નીચે કેવળજ્ઞાન ઉપજેલ.

પ્ર : ૪૫ કેટલા તીર્થંકર ભગવંતોના શરીરનો વર્ણ સફેદ હતો ?

ઉ : ૪૫ આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભ સ્વામિ અને નવમાં તીર્થંકર શ્રી સુવિધિનાથ (પુષ્પ દંત) આ બે તીર્થંકરોનાં શરીરનો વર્ણ સફેદ હતો.

પ્ર : ૪૬ કેટલા તીર્થંકર ભગવંતોના શરીરનો વર્ણ લાલ હતો ?

ઉ : ૪૬ છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુ અને બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામિ આ બે તીર્થંકરોના શરીરનો વર્ણ લાલ હતો.

પ્ર : ૪૭ કેટલા તીર્થંકર ભગવંતોના શરીરનો વર્ણ લીલો હતો ?

ઉ : ૪૭ ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ અને ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનના શરીરનો વર્ણ નીલ (લીલો) હતો.

પ્ર : ૪૮ કેટલા તીર્થંકર ભગવંતોના શરીરનો વર્ણ શ્યામ હતો ?

ઉ : ૪૮ વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામિ અને બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના શરીરનો વર્ણ શ્યામ હતો.

પ્ર : ૪૯ કેટલા તીર્થંકરોનાં લાંછન પંચેન્દ્રિય જીવ છે ?

ઉ : ૪૯ પહેલા, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, નવમા, અગિયારમાં, બારમા, તેરમા, ચૌદમા, સોળમા, સત્તરમાં, અઢારમાં, વીસમાં, તેવીસમાં અને ચોવીસમા એમ સોળ તીર્થંકર ભગવંતોનાં લાંછન પંચેન્દ્રિય જીવ છે.

પ્ર : ૫૦ કેટલા તીર્થંકરોના શરીરનો વર્ણ કાંચન (સુવર્ણ જેવો) છે ?

ઉ : ૫૦ સોળ તીર્થંકરોના શરીરનો વર્ણ કાંચન (સુવર્ણ જેવો) છે.

પ્ર : ૫૧ કયા તીર્થંકરો પદ્માસનેથી મોક્ષે ગયા ?

ઉ : ૫૧ શ્રી આદિનાથ, શ્રી વાસુપૂજ્ય સ્વામિ અને શ્રી પાર્શ્વનાથ ભગવાન આ ત્રણ તીર્થંકરો પદ્માસનેથી મોક્ષે ગયા.

પ્ર : ૫૨ જંબૂદ્વીપમાં ઓછામાં ઓછા અને વધુમાં વધુ તીર્થંકરો એક સમયે કેટલા હોઈ શકે ?

ઉ : ૫૨ જંબૂદ્વીપમાં આવેલ મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા ચાર તીર્થંકરો હોય છે અને વધુમાં વધું એક મહાવિદેહ ક્ષેત્રની ૩૨વિજયના ૩૨ તીર્થંકરો, ૧ ભરતક્ષેત્રમા અને એક ઐરાવત ક્ષેત્રમાં એટલે કુલ ચોત્રીસ તીર્થંકરો હોઈ શકે.

પ્ર : ૫૩ કયા આરામાં પહેલા અને છેલ્લા તીર્થંકરની ઉત્પત્તિ તથા નિર્વાણ થાય છે?

ઉ : ૫૩ ઉત્તસર્પિણીની વિષે ત્રીજા આરાના ૮૯ પખવાડિયા જાય ત્યારે પ્રથમ તીર્થંકર જન્મે અને તેના જ ચોથા આરાના ૮૯ પખવાડિયા જાય ત્યારે છેલ્લા તીર્થંકર જન્મે.

અવસર્પિણીમાં ત્રીજા આરાના ૮૯ પખવાડિયા બાકી રહે ત્યારે પહેલાં તીર્થંકર સિદ્ધપદને પામે અને તેના ચોથા આરાના ૮૯ પખવાડિયા બાકી રહે ત્યારે છેલ્લા તીર્થંકર સિદ્ધપદને પામે.

પ્ર : ૫૪ દીક્ષા વખતે ઇન્દ્ર, ભગવાનના ખભા ઉપર જે દેવદુષ્ય વસ્ત્ર મૂકે છે તે કેવા રંગનુ હોય છે ?

ઉ : ૫૪ સફેદ રંગનું હોય છે.

પ્ર : ૫૫ ચોવીસ તીર્થંકર ભગવંતોની સ્તુતિનું ફળ શું ?

ઉ : ૫૫ દર્શન વિશુદ્ધિ થાય છે.

પ્ર : ૫૬ સર્વજ્ઞની શકિત કેટલી ?

ઉ : ૫૬ પહાડ જેવા પાપના પુંજને એક ક્ષણમાં ભસ્મ કરી નાંખે તેવી સર્વજ્ઞ પ્રભુની અજબ શકિત છે. જેની કૃપા દ્રષ્ટિના કટાક્ષથી દોષના દરિયા પણ સુકાઇ જાય છે. એની એક જ અમૃતધારાથી અનાદિના આધિ વ્યાધિ ઉપાધિના તાપ છેદાઇ જાય છે. અનાદિના શંસયો નિવૃત થાય છે અને કલ્યાણના થર બંધાય છે.

પ્ર : ૫૭ તીર્થંકરના પૂર્વભવની શરૂઆત ક્યાંથી થાય છે ?

ઉ : ૫૭ તીર્થંકરોનાં જીવનના પૂર્વભવનું વર્ણન આવે છે. તેમાં પૂર્વભવની શરૂઆત ત્યાંથી જ થાય છે કે જ્યાંથી તેમને સમ્યકત્વ પ્રાપ્ત થયું હોય.

પ્ર : ૫૮ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન જે અષ્ટાપદ પર્વત ઉપરથી મોક્ષે ગયા તે પર્વતનાં બીજાં નામ કયાં છે ?

ઉ : ૫૮ અષ્ટાપદ પર્વતને હરાદ્રિ, કૈલાસ અને સ્ફટિકાદ્રિ એવાં નામોથી પણ ઓળખવામાં આવે છે. આ પર્વત ઉપર આદિનાથ પ્રભુ માઘ વદ ત્રયોદશીના દિવસે પર્યાંકાસને બેઠેલ અવસ્થામાં નિર્વાણ પામ્યાં હતાં.

પ્ર : ૫૯ ઋષભદેવ ભગવાનના પ્રથમ ગણધર શ્રી પુંડરીક કયા ક્ષેત્રથી મોક્ષે ગયા ?

ઉ : ૫૯ ઋષભદેવ ભગવાનના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામિ શત્રુંજય (પાલિતાણા) તીર્થક્ષેત્રેથી મોક્ષે ગયા હતાં. ભરત ચકવર્તિએ આ ક્ષેત્રે રત્ન શિલામય એક ચૈત્ય કરાવ્યું હતું. જેમાં પુંડરીકજીની પ્રતિમા સહિત ભગવાન ઋષભ સ્વામિની પ્રતિમા સ્થાપન કરી હતી.

પ્ર : ૬૦ નિરોગી શરીરવાળા કોણ થાય છે ?

ઉ : ૬૦ તીર્થંકર ભગવાનને અપાતી ભિક્ષા જે જુવે છે તેઓ પણ દેવતાઓની જેમ નિરોગી શરીરવાળા થાય છે.

પ્ર : ૬૧ તીર્થંકર ભગવંતો દીક્ષા લીધા પછી છઠ્ઠના તપનું પારણું જે ઘેર કરે ત્યાં શું ઘટના બને છે ?

ઉ : ૬૧ તીર્થંકર ભગવંતો દીક્ષા લીધા પછી છઠ્ઠના તપનું પારણું જે ઘેર કરે છે ત્યાં દેવી-દેવતાઓ પાંચ દિવ્ય પ્રગટ કરે છે (૧) તે ઘર ઉપર સુગંધી જળની વૃષ્ટિ થાય. (૨) પુષ્પની વૃષ્ટિ થાય (૩) વસ્ત્રની વૃષ્ટિ થાય (યેલોત્ક્ષેપ) (૪) વસુધારા દ્રવ્યની વૃષ્ટિ થાય (૫) આકાશમાં દુંદુભિનો ગંભીર ધ્વનિ થાય છે.

પ્ર : ૬૨ વર્તમાન ચોવીસીના કેટલા તીર્થંકરોને એક જ જગ્યાએ દિક્ષા અને કેવળજ્ઞાન થયેલ ?

ઉ : ૬૨ વર્તમાન ચોવીસીના અઢાર (૧૮) તીર્થંકરોને સહસ્રામ્રવનમાં દીક્ષા અને એ જ વનમાં કેવળજ્ઞાન થયેલ.

પ્ર : ૬૩ વર્તમાન ચોવીસીના કયા તીર્થંકરને દીક્ષા લીધી તે જ દિવસે કેવળજ્ઞાન ઉપજેલ?

ઉ : ૬૩ વર્તમાન ચોવીસીના ઓગણીસમાં તીર્થંકર શ્રી મલ્લિનાથ જે સ્ત્રી હતાં તેમણે સહસ્રામ્રવનમાં દીક્ષા લીધેલ તે જ દીવસે તે જ ઉદ્યાનમાં તેમને કેવળજ્ઞાન થયું.

પ્ર : ૬૪ કેટલા તીર્થંકરોએ રાજ્ય ભોગવ્યા પછી દીક્ષા લીધી હતી ?

ઉ : ૬૪ ઓગણીસ તીર્થંકરોએ રાજ્ય ભોગવ્યા પછી દીક્ષા લીધી હતી.

પ્ર : ૬૫ વર્તમાન ચોવીસીના કેટલા તીર્થંકરોને સૂર્યોદય સમયે કેવળજ્ઞાન પ્રાપ્ત થયુ હતું?

ઉ : ૬૫ વર્તમાન ચોવીસીના ત્રેવીશ તીર્થંકરોને સૂર્યોદય સમયે કેવળજ્ઞાન પ્રાપ્ત થયુ હતું.

પ્ર : ૬૬ વર્તમાન ચોવીસીના તીર્થંકરો પૂર્વભવમાં શું હતા અને કયું જ્ઞાન ધરાવતા હતા ?

ઉ : ૬૬ ભરતક્ષેત્રની અવસપિર્ણીમાં થયેલા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન સિવાય બાકીના ત્રેવીસ તીર્થંકરો પૂર્વ ભવમાં માંડલીક રાજાઓ હતા અને તેઓ અગ્યાર અંગના જાણકાર હતા.

પ્ર : ૬૭ કયા બે તીર્થંકરો ત્રીસ વર્ષ ગૃહવાસમા રહીને પ્રવજીત થયા ?

ઉ : ૬૭ વર્તમાન ચોવીસીના છેલ્લા બે તીર્થંકરો શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીર સ્વામિ પ્રભુ ત્રીસ વર્ષ ગૃહવાસમાં રહીને પછી દીક્ષીત થયા.

પ્ર : ૬૮ વર્તમાન ચોવીસીના પ્રથમ અને છેલ્લા તીર્થંકર ક્યારે નિર્વાણ પામ્યા ?

ઉ : ૬૮ વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર આ અવસર્પિણીના ત્રીજા આરાને છેડે ૮૯

પખવાડિયા બાકી રહ્યાં ત્યારે નિર્વાણ પામ્યા જ્યારે ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામિ ચોથા આરાના ૮૯ પખવાડિયા બાકી રહ્યાં ત્યારે નિર્વાણ પામ્યા.

પ્ર : ૬૯ પ્રત્યેક બુદ્ધ કોના વખતમાં કેટલા થયેલાં ?

ઉ : ૬૯ નિમિત મળતાં સાધુ બની કેવળી થઇ મોક્ષે જાય તે પ્રત્યેક બુદ્ધ કહેવાય.

(૧) ૨૨ માં તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના વખતમાં	૨૦
(૨) ૨૩ માં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનના વખતમાં	૧૫
(૩) ૨૪ માં તીર્થંકર શ્રી મહાવીર ભગવાનના વખતમાં	૧૦
	૪૫

પ્ર : ૭૦ પ્રચલિત ધર્મગ્રંથ રામાયણનું મુખ્ય પાત્ર શ્રી રામ કોના વખતમાં થયેલ ?

ઉ : ૭૦ વર્તમાન ચોવીસીના વીસમાં તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામિના વખતમાં શ્રી રામ થયા હતાં.

પ્ર : ૭૧ આ અવસર્પિણીમાં છેલ્લા કેવળી કોણ થયેલ ?

ઉ : ૭૧ મહાવીર પ્રભુના ગણધર શ્રી સુધર્મા સ્વામિના શિષ્ય શ્રી જંબૂસ્વામિ છેલ્લા કેવળી થઇ મોક્ષે ગયા. મહાવીર પ્રભુના નિર્વાણ પછી દસ વર્ષે સુધર્મા સ્વામિએ જંબૂસ્વામિને ગણધરની પદવી આપી હતી. અને શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ પછી ૬૪ વર્ષે જંબૂ સ્વામિએ પ્રભવ સ્વામિને ગણધર પદવી આપી હતી. જંબૂસ્વામિ વણિક હતા.

પ્ર : ૭૨ પ્રથમ તીર્થંકરના સાધુ તેમજ છેલ્લા તીર્થંકરના સાધુ કેવા હોય છે ?

ઉ : ૭૨ પ્રથમ તીર્થંકરના સાધુ ભોળા અને જડ હોય છે જ્યારે છેલ્લા તીર્થંકરના સાધુ વાંકા અને જડ હોય છે. વાંકા એટલે અર્થનો અનર્થ કરે ઉત્તરને દક્ષિણ માને અને જડ એટલે ક્રિયાઓને જ આત્મા માને છે.

પ્રથમ અને અંતીમ તીર્થંકરના સાધુ માત્ર સફેદ વસ્ત્ર ધારણ કરે છે. પ્રથમ અને અંતીમ તીર્થંકરના વખતમાં પાંચ મહાવ્રત હોય છે.

વચ્ચેના બાવીસ તીર્થંકરોના સાધુ વિચક્ષણ અર્થાત્ ઋજુપ્રાજ્ઞ હોય છે તરત જ પ્રતિક્રમણ કરી નાંખે. દોષ થાય કે તરત જ ધોઇ નાંખે. વચ્ચેના બાવીસ તીર્થંકરોના સાધુ પાંચે વર્ણના વસ્ત્ર રાખે છે. વચ્ચેના બાવીસ તીર્થંકરોના વખતમાં ચાર મહાવ્રત હોય છે.

પ્ર : ૭૩ ઋષભદેવ ભગવાનના કેટલા સાધુ-સાધ્વીઓ મોક્ષે ગયા ?

ઉ : ૭૩ ઋષભદેવ ભગવાનના ૨૦,૦૦૦ સાધુઓ, ૪૦,૦૦૦ સાધ્વીઓ મોક્ષે ગયા હતાં. અને ૨૨,૯૦૦ સાધુઓ આગામી ભવમાં મોક્ષે જનારા હતા.

પ્ર : ૭૪ ભગવાન ઋષભદેવની પારિવારિક સંપદા કેટલી હતી ?

ઉ : ૭૪ ૮૪ ગણધર ૪,૭૫૦ ચૌદ પૂર્વી
૮૪,૦૦૦ સાધુઓ ૯,૦૦૦ અવધિજ્ઞાની
૩,૦૦,૦૦૦ સાધ્વીઓ ૨૦,૦૦૦ કેવળજ્ઞાનીઓ
૩,૦૫,૦૦૦ શ્રાવકો ૨૦,૬૦૦ વૈક્રિય લબ્ધીવાળા મુનિઓ
૫,૫૪,૦૦૦ શ્રાવિકાઓ ૧૨,૬૫૦ વિપુલમતિ મનપર્યવજ્ઞાની

પ્ર : ૭૫ વિદ્યાધર રાવણે તીર્થંકર ગોત્ર ક્યાં બાંધ્યું હતું ?

ઉ : ૭૫ અષ્ટાપદ પર્વત ઉપર પ્રભુભક્તિ કરતા રાવણની વીણાનો તાર તૂટતાં પોતાના શરીરની એક નસ ખેંચી કાઢી તે તારની જગ્યાએ લગાડી વીણાવાદન ચાલુ રાખ્યું તે વખતે મંદોદરી પ્રભુ સમક્ષ નૃત્ય કરતી હતી તેને રૂકાવટ ન આવે એટલી ઝડપથી વિદ્યાધરે આ કાર્ય કર્યુ તે થકી તેને તીર્થંકર નામકર્મ બંધાયું.

પ્ર : ૭૬ પાર્શ્વનાથ ભગવાનને કમઠ સાથે કેટલા ભવોથી વેર હતું ?

ઉ : ૭૬ વિશ્વભૂતિ પુરોહિત અને અનુધ્ધરા નામની સ્ત્રીથી બે પુત્રો થયેલ.

(૧) કમઠ અને મરૂભૂતિ (પાર્શ્વનાથ ભગવાનનો જીવ)
(૨) કુક્કૂટ જાતિનો સર્પ અને યૂથપતિ હાથી થયો.
(૩) પાંચમી નર્ક સહસ્ત્રાર દેવલોકમા
૧૭ સાગરોપમ ૧૭ સાગરોપમ
(૪) મોટો સર્પ થયો કીરણવેગ
(૫) છઠ્ઠી નરક ૨૨ સાગરોપમ બારમા દેવલોકમા ૨૨ સાગરોપમ
(૬) કુરગલ ભિલ્લ થયો વ્રજનાભ રાજા.
(૭) સાતમી નરક મધ્યગ્રૈવેયકમાં લલીતાંગ નામે પરમર્ધિક દેવ
(૮) સિંહ થયો સુર્વણબાહુ રાજા
(૯) ચોથીનર્ક-૧૦ સાગરોપમ દસમા દેવલોકમાં ૧૦ સાગરોપમ
(૧૦) કમઠ તાપસ પાર્શ્વનાથ

આમ તેમને નવ ભવથી વેર હતું.

પ્ર : ૭૭ ચોવીસ તીર્થંકર ભગવંતોનું શું વરદાન છે ?

ઉ : ૭૭ ચોવીસ તીર્થંકર ભગવંતોનું વરદાન છે કે જો તું જ્ઞાની પુરૂષ પાસે ગયો તો તારે કશું કરવાનું બાકી નથી.

પ્ર : ૭૮ બધાય તીર્થંકરોની કઈ વાત કે મન હોય ?

ઉ : ૭૮ "રાગ-દ્વેષ ના કરો" તે બધાય તીર્થંકરોની સરખી જ વાત કહેવાય.

પ્ર : ૭૯ કયા તીર્થંકર ભગવાનની વીતરાગતા ખુલ્લી દેખાય છે ?

ઉ : ૭૯ ભગવાન પાર્શ્વનાથ ઉપર કમઠ ઉપસર્ગ કરે છે તો તેના ઉપર કિંચિત માત્ર પણ દ્વેષ થતો નથી. અને ઉપકારી ધરણેન્દ્ર દેવ જે માથે છત્ર રચે છે, તથા દેવીઓ નીચે કમળ રચે છે તેમના ઉપર કિંચિત માત્ર પણ રાગ થતો નથી એવા વીતરાગ પાર્શ્વનાથ ઉઘાડી વીતરાગ મુદ્રામાં સ્થિત દેખાય છે. એમની વીતરાગતા ખુલ્લી દેખાય છે. ગજબની વીતરાગતામાં રહે છે. ચોવીસેય તીર્થંકરોની મૂર્તિઓમાં વીતરાગતાના દર્શન માટે પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ ગજબની છે.

પ્ર : ૮૦ પચ્ચીસમાં તીર્થંકર કોણ કહેવાય છે ?

ઉ : ૮૦ શાસ્ત્રોમાં સંઘ એ પચ્ચીસમો તીર્થંકર છે એમ કહ્યું છે.

પ્ર : ૮૧ કેવળી કોણ થયા ? કેવળી કોને કહેવાય ?

ઉ : ૮૧ તીર્થંકર ભગવાન જેના પર રાજી થઇ ગયા એ થયા કેવળી. અવસ્થા બદલાય પણ પોતે એકંજ રહે તે કેવળી કહેવાય, કેવળ એક આત્મ ભાવમાં રહે તે કેવળી.

પ્ર : ૮૨ બધાજ તીર્થંકરના જ્ઞાનનો જવાબ શું ?

ઉ : ૮૨ મોક્ષ.

પ્ર : ૮૩ કૃષ્ણ ભગવાન અને રાવણ કેટલામાં તીર્થંકર થવાના છે ?

ઉ : ૮૩ કૃષ્ણ ભગવાન બારમા તીર્થંકર છે અને રાવણ અઢારમા તીર્થંકર થવાના છે.

પ્ર : ૮૪ તીર્થંકરોનાં લાંછન કેવી રીતે નક્કી થાય છે ?

ઉ : ૮૪ તીર્થંકરોને પગના તળિયા નીચે લાંછન હોય જ. તેના આધારે લાંછન નક્કી થાય છે. દીગંબર મત અનુસાર જન્મકલ્યાણના અભિષેક સમયે મેરૂપર્વત ઉપર ઇન્દ્ર ભગવાનના જમણા પગના અંગુઠાના ચિન્હ પરથી તે લાંછન નક્કી થાય છે. અન્ય સ્થાનકે ભગવાનની સાથળ ઉપર જે નિશાન હોય તેના આધારે લાંછન નક્કી થાય છે તેમ જણાવેલ છે. સનાતન સત્ય કેવળી ગમ્ય.

પ્ર : ૮૫ જ્ઞાની અને તીર્થંકરની કૃપા શેના મારફતે નીકળે ?

ઉ : ૮૫ જ્ઞાની અને તીર્થંકરની કૃપા તેમની આંખ મારફતે નીકળે.

પ્ર : ૮૬ કેવળજ્ઞાની અને તીર્થંકરમાં શો ભેદ છે ?

ઉ : ૮૬ કેવળજ્ઞાની અને તીર્થંકર બન્ને જ્ઞાનાદિ શકિતમાં સમાન છે. પરંતુ તીર્થંકરને તીર્થંકર નામ કર્મનો ઉદય હોવાથી તીર્થની સ્થાપના કરે છે તેમજ આઠ પ્રાતિહાર્ય, વાણીના ૩૫ ગુણ, ચોત્રીસ અતિશય વગેરે ઋધ્ધિ તીર્થંકરને હોય છે.

પ્ર : ૮૭ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કોને કહેવાય ?

ઉ : ૮૭ અરિહંતના ત્રણ અર્થ છે.

(૧) અરિહંત એટલે ચાર ઘાતીકર્મોનો નાશ કરી કેવલજ્ઞાન પામી ભવ્ય જીવોને ઉપદેશ આપે છે તે.

(૨) ૧૮ દોષોથી રહિત, ૧૨ ગુણોથી યુક્ત, ૩૪ અતિશયો સહિત, અને વાણીના ૩૫ ગુણોથી યુક્ત તીર્થના સ્થાપક તે અરિહંત.

(૩) અરિ=શત્રુ અને હંત=હણનાર (નાશ કરનાર)
જેમણે કામ, ક્રોધ, લોભ, માન, માયા, રાગ-દ્વેષ વગેરે અંતરશત્રુઓને હણી નાંખ્યા છે તે અરિહંત.

સિદ્ધ : આઠેય કર્મોનો નાશ કરી જે મોક્ષે ગયા તે.

આચાર્ય : જે આચાર પાળે અને બીજાને પળાવડાવે અને જેમને ક્ષાયક સમકિત હોય તે.

ઉપાધ્યાય : જે પોતે આગમો, શાસ્ત્રો ભણે અને બીજાને ભણાવડાવે તથા ક્ષાયક સમકિત હોય તે.

સાધુ : આત્મદસા સાધે તે સાધુ.

પ્ર : ૮૮ સિદ્ધ ભગવંતો આઠેય કર્મોનો નાશ કરી મોક્ષે ગયેલા હોય છે છતાં અરિહંત ભગવંતોને પહેલા શા માટે નમસ્કાર કરવાના ?

ઉ : ૮૮ સિદ્ધ ભગવાનને ઓળખાવનાર અરિહંત ભગવાન છે. કેમકે તેમના થકીજ સિદ્ધ ભગવંતોની સાચી ઓળખાણ થાય છે. વળી અરિહંત ભગવાન હાજર છે તેમના થકી અસંખ્ય જીવોનું કલ્યાણ થાય છે. તે પ્રત્યક્ષ ઉપકારી છે. માટે અરિહંત ભગવાનને પહેલા નમસ્કાર કરીએ છીએ.

પ્ર : ૮૯ તીર્થંકર પરમાત્માને પાંચ જ્ઞાન કેવી રીતે થાય છે ?

ઉ : ૮૯ તીર્થંકર ભગવાનને જન્મતાની સાથે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે. દીક્ષા લે છે ત્યારે તરત જ ચોથું જ્ઞાન મનઃપર્યવજ્ઞાન થાય છે અને ચાર ઘાતી કર્મોનો ક્ષય થતાં કેવલજ્ઞાન થાય છે આમ પાંચ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

પ્ર : ૯૦ ચાર પ્રકારના જિન કયા કયા ?

ઉ : ૯૦ (૧) **નામ જિન** : શ્રી જિનેશ્વર ભગવાનનું નામ

(૨) **સ્થાપના જિન** : શ્રી જિનેશ્વર પ્રભુની પ્રતિમા

(૩) **દ્રવ્ય જિન** : જેઓ ભવિષ્યમાં તીર્થંકર થવાના છે તે.

(૪) **ભાવ જિન** : જેઓ હાલ વર્તમાનમાં વિચરતા હોય તે

પ્ર : ૯૧ તીર્થંકરના પ્રભા મંડળમાં જોનારને પોતાના સાત ભવ દેખાય છે તેમ કહે છે તે શું સાચું છે ?

ઉ : ૯૧ હા. તીર્થંકર ભગવાનના પ્રભામંડળમાં ભવ્ય જીવને પોત પોતાના સાત ભવ દેખાય છે તે સાત ભવોમાં ત્રણ ભૂતકાળના, ત્રણ ભવિષ્યકાળના અને એક વર્તમાન ભવ દેખાય છે.

પ્ર : ૯૨ તીર્થંકરની માતાનો મોક્ષ ક્યારે થાય છે ?

ઉ : ૯૨ તીર્થંકર ભગવાનને જન્મ આપનારી માતા પણ અલ્પકાળમાં (ત્રીજા ભવે) મોક્ષ પ્રાપ્ત કરે છે.

પ્ર : ૯૩ તીર્થંકરોનું ઓછામાં ઓછું આયુષ્ય અને દેહમાન કેટલું હોય અને વધારેમાં વધારે કેટલું હોય ?

ઉ : ૯૩ તીર્થંકરોનું ઓછામાં ઓછું આયુષ્ય ૭૨ વર્ષનું એથી ઓછું હોય જ નહી અને વધુમાં વધુ આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું એથી વધારે પણ ન હોય. તીર્થંકરોનું દેહમાન (શરીરની ઉંચાઇ) ઓછામાં ઓછી સાત હાથની હોય છે એથી ઓછી હોય જ નહી અને વધુમાં વધુ ૫૦૦ ધનુષ્યની હોય એથી વધારે પણ ન થાય. અને સામાન્ય રીતે તો તીર્થંકરો પોત પોતાની આંગળીના પ્રમાણથી ૧૦૮ આંગળ ઉંચા હોય છે.

પ્ર : ૯૪ તીર્થંકરને દીક્ષા અંગીકાર કરતાની સાથે તપ અને સંયમના પ્રભાવથી કેટલી રિધ્ધિઓ સિદ્ધ થાય ?

ઉ : ૯૪ તીર્થંકરને દીક્ષા અંગીકાર કરતાંની સાથે નીચે મુજબની આઠ સિદ્ધિઓ પ્રગટે છે:

(૧) **બુદ્ધિ રિદ્ધિ** : જ્ઞાન રિદ્ધિ.

(૨) **ચારણ ક્રિયા રિદ્ધિ** : જ્યાં ચાહે ત્યાં ગમન કરવાની શકિત.

(૩) **વિક્રિયા ઋદ્ધિ** : શરીરના નાના પ્રકારના રૂપ બનાવી લેવા તે.

(૪) **તપ ઋદ્ધિ** : જેથી કઠીન તપ કરી શકાય તે.

(૫) **બલ ઋદ્ધિ** : જેના વડે મન, વચન, કાયાનું બળ મન માન્યુ કરી શકાય.

(૬) **ઔષધિ ઋદ્ધિ** : જેના વડે શરીરને સ્પર્શ કરેલી હવા વડે લોકોના રોગ દૂર થઇ જાય તે.

(૭) **રસ ઋદ્ધિ** : જેના બળથી લુખું સુકું ભોજન પણ રસમય અને પૌષ્ટિક થઇ જાય.

(૮) **અક્ષીણ મહાન ઋદ્ધિ** : જેના પ્રભાવથી ભોજનસામગ્રી અથવા સ્થાન વૃધ્ધિ શકે તે.

પ્ર : ૯૫ અઢી દ્વીપમાં એક સમયે ઓછામાં ઓછા અને વધુમાં વધુ કેટલા તીર્થંકરો હોઇ શકે ?

ઉ : ૯૫ અઢી દ્વીપમાં એક સમયે ઓછામાં ઓછા ૨૦ અને વધુમાં વધુ ૧૭૦ તીર્થંકરો હોઇ શકે. ક્યારેય પણ વીસથી ઓછા ન હોય અને ૧૭૦ થી વધુ ન હોય.

પ્ર : ૯૬ ચરમશરીરી એટલે શું ?

ઉ : ૯૬ છેવટનું શરીર કે જેના પછી હવે ફરીથી નવું શરીર ધારણ ન કરવું પડે તે ચરમશરીર. ચરમશરીર જલ્દીથી બળે નહી, કપાય નહી, એટલે મજબૂત હોય છે. ચરમશરીરી તે જ ભવમાં મોક્ષે જાય છે.

પ્ર : ૯૭ શૈલૈશી અવસ્થા કોને કહે છે ?

ઉ : ૯૭ શીલ+ઇશ. શીલ એટલે સમાધિ ઇશ એટલે મોટી છેવટની સમાધિ. બીજો અર્થ શીલ=પત્થર, ઇશ=મોટો મેરુપર્વત જેવી અડગ સમાધિ. શૈલેશી અવસ્થા એટલે અડોલ અવસ્થા, મનોયોગ, વચનયોગ, કાયાયોગ, અને શ્વાસોચ્છવાસ રુંધી તે આત્મા સાવ નિષ્કંપ બને છે. અને આવી ઉચ્ચ દશા પામ્યા પછી તરત જ તે જીવ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે. શૈલીશીકરણ ૧૪ મા ગુણસ્થાને થાય છે. કેવળી ભગવાનને દેહ છોડતી વખતે એ સમાધિ હોય છે. માત્ર અ, ઇ, ઉ, ઋ, ૢ એ પાંચ હ્રસ્વ સ્વર બોલીએ એટલો જ વખત એ રહે છે.

પ્ર : ૯૮ તીર્થંકરને ગુરુ હોય ?

ઉ : ૯૮ તીર્થંકરને ગુરુ ના હોય. દીક્ષાપૂર્વે તીર્થંકરોને નિયમથી જ વૈરાગ્ય પ્રેરક જાતિ સ્મરણ જ્ઞાન થાય છે. તીર્થંકર "નમો સિદ્ધેભ્યઃ" મંત્રોચ્ચાર દ્વારા સ્વયમ્ દીક્ષિત થાય.

પ્ર : ૯૯ વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં વિચરતા ૨૦ અરિહંત તીર્થંકર ભગવંતોનાં નામ આપો ?

ઉ : ૯૯

(૧) શ્રી સીમંધર સ્વામી	(૧૧) શ્રી વજ્રધર
(૨) શ્રી યુગમંધર સ્વામી	(૧૨) શ્રી ચંદ્રાનન
(૩) શ્રી બાહુ સ્વામી	(૧૩) શ્રી ચંદ્રબાહુ
(૪) શ્રી સુબાહુ સ્વામી	(૧૪) શ્રી ભુજંગ
(૫) શ્રી સુજાત સ્વામી	(૧૫) શ્રી ઇશ્વર
(૬) શ્રી સ્વયંપ્રભ	(૧૬) શ્રી નેમિપ્રભ
(૭) શ્રી ઋષભાનન	(૧૭) શ્રી વીરસેન
(૮) શ્રી અનંતવીર્ય	(૧૮) શ્રી દેવયશા
(૯) શ્રી સુરપ્રભ	(૧૯) શ્રી ચંદ્રયશા
(૧૦) શ્રી વિશાલ	(૨૦) શ્રી અજિતવીર્ય

પ્ર : ૧૦૦ વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકર ભગવંતોના ચાર કલ્યાણક ક્યારે થયેલાં તે જણાવો ?

ઉ : ૧૦૦ વર્તમાન ચોવીસીના તીર્થંકરોના ચાર કલ્યાણકો નીચે મુજબ જાણવા.

તીર્થંકરનું નામ	ચ્યવન કલ્યાણક	જન્મ કલ્યા.	દીક્ષા કલ્યા.	કેવળજ્ઞાન કલ્યા.
(૧) શ્રી ઋષભદેવ	જેઠ વદ ૪	ફાગણ વદ ૮	ફાગણ વદ ૮	મહાવદ ૧૧
(૨) શ્રી અજિતનાથ	વૈશાખ સુદ ૧૩	મહા સુદ ૮	પોષ વદ ૯	માગસર વદ ૧૧
(૩) શ્રી સંભવનાથ	ફાગણ સુદ ૮	મહા સુદ ૧૪	માગસરસુદ૧૫	આસો વદ ૫
(૪) શ્રી અભિનંદન	વૈશાખ સુદ ૪	મહા સુદ ૨	મહા સુદ ૧૨	માગસર સુદ ૧૪
(૫) શ્રી સુમતિનાથ	શ્રાવણ સુદ ૨	વૈશાખ સુદ ૮	વૈશાખ સુદ ૯	ચૈત્ર સુદ ૧૧
(૬) શ્રી પદ્મ પ્રભ	પોષ વદ ૬	આસો વદ ૧૨	આસો વદ ૧૩	ચૈત્ર સુદ ૧૫
(૭) શ્રી સુપાર્શ્વનાથ	શ્રાવણ વદ ૧૨	જેઠ સુદ ૧૨	જેઠ સુદ ૧૩	મહા વદ ૩
(૮) શ્રી ચંદ્ર પ્રભુ	ફાગણ વદ ૫	માગશરવદ૧૨	માગસરવદ૧૩	મહા વદ ૭
(૯) શ્રી સુવિધિનાથ	મહા વદ ૯	કારતક વદ ૫	કારતક વદ ૬	કારતક સુદ ૩
(૧૦) શ્ર શિતળનાથ	ચૈત્ર વદ ૬	પોષ વદ ૧૨	પોષ વદ ૧૨	માગશર વદ ૧૪
(૧૧) શ્રી યાંસનાથ	વૈશાખ વદ ૩	મહા વદ ૧૨	મહા વદ ૧૩	પોષ વદ ૩
(૧૨) શ્રી વાસુપૂજ્ય	જેઠ સુદ ૬	મહા વદ ૧૪	મહા વદ ૩૦	મહા સુદ ૨
(૧૩) શ્રી વિમલનાથ	વૈશાખ સુદ ૧૨	મહા સુદ ૩	મહા સુદ ૪	પોષ સુદ ૬
(૧૪) શ્રી અનંતનાથ	અષાઢ વદ ૭	ચૈત્ર વદ ૧૩	ચૈત્ર વદ ૧૪	ચૈત્ર વદ ૧૪
(૧૫) શ્રી ધર્મનાથ	વૈશાખ સુદ ૭	મહા સુદ ૩	મહા સુદ ૧૩	પોષ સુદ ૧૫
(૧૬) શ્રી શાંતિનાથ	શ્રાવણ વદ ૭	વૈશાખ વદ૧૩	વૈશાખ વદ૧૪	પોષ સુદ ૯
(૧૭) શ્રી કુંથુનાથ	અષાઢ વદ ૯	ચૈત્ર વદ ૧૪	ચૈત્ર વદ ૫	ચૈત્ર સુદ ૩
(૧૮) શ્રી અરનાથ	ફાગણ સુદ ૨	કારતક વદ૧૦	માગશરસુદ૧૧	કારતક સુદ ૧૨
(૧૯) શ્રી મલ્લિનાથ	ફાગણ સુદ ૪	માગશરસુદ૧૧	માગશરસુદ૧૧	માગશર સુદ ૧૧
(૨૦) શ્રી મુનિસુવ્રત	શ્રાવણ સુદ ૧૫	વૈશાખ વદ ૮	ફાગણ સુદ ૧૨	મહા વદ ૧૨
(૨૧) શ્રી નમિનાથ	આસો સુદ ૧૫	અષાઢ વદ ૮	જેઠ વદ ૯	માગશર સુદ ૧૧
(૨૨) શ્રી નેમિનાથ	આસો વદ ૧૨	શ્રાવણ સુદ૧૫	શ્રાવણ સુદ ૬	ભાદરવા વદ ૩૦
(૨૩) શ્રી પાર્શ્વનાથ	ફાગણ વદ ૪	માગશરવદ૧૦	માગશરવદ૧૧	ફાગણ વદ ૪
(૨૪) શ્રી મહાવીર	અષાઢ સુદ ૬	ચૈત્ર સુદ૧૩	કારતક વદ૧૦	વૈશાખ સુદ ૧૦

ખાસનોંધ : (૧) અમુક તિથિઓમાં અન્ય જગ્યાએ થોડા ફેરફાર છે. સનાતન સત્ય કેવળી ગમ્ય.
(૨) ચોવીસે તીર્થંકરોનો જે સ્થળે જન્મ થયો છે તે જ સ્થળે તેમના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક થયાં છે.(મહાવીર સ્વામિ સિવાય)

પ્ર : ૧૦૧ વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરોનાં નિર્વાણ કલ્યાણકની તિથી તથા નિર્વાણ સ્થળ જણાવો ?

ઉ : ૧૦૧ ઉપરોક્ત વિગતો નીચેના કોષ્ટક મુજબ જાણવી

તીર્થંકરનું નામ	નિર્વાણ તિથિ	નિર્વાણ સ્થળ
(૧) શ્રી ઋષભદેવ	પોષ વદ ૧૩	અષ્ટાપદ પર્વત
(૨) શ્રી અજિતનાથ	ચૈત્ર સુદ ૫	સમ્મેતશિખર
(૩) શ્રી સંભવનાથ	ચૈત્ર સુદ ૫	સમ્મેતશિખર
(૪) શ્રી અભિનંદન	વૈશાખ સુદ ૮	સમ્મેતશિખર
(૫) શ્રી સુમતિનાથ	ચૈત્ર સુદ ૯	સમ્મેતશિખર
(૬) શ્રી પદ્મપ્રભ	કારતક વદ ૧૧	સમ્મેતશિખર
(૭) શ્રી સુપાર્શ્વનાથ	મહા વદ ૭	સમ્મેતશિખર
(૮) શ્રી ચંદ્રપ્રભ	શ્રાવણ વદ ૭	સમ્મેતશિખર
(૯) શ્રી સુવિધિનાથ	કારતક વદ ૬	સમ્મેતશિખર
(૧૦) શ્રી શીતળનાથ	ચૈત્ર વદ ૨	સમ્મેતશિખર
(૧૧) શ્રી શ્રેયાંસનાથ	અષાઢ વદ ૩	સમ્મેતશિખર
(૧૨) શ્રી વાસુપૂજ્ય	અષાઢ સુદ ૧૪	ચંપાપુરી
(૧૩) શ્રી વિમલનાથ	જેઠ વદ ૭	સમ્મેતશિખર
(૧૪) શ્રી અનંતનાથ	ચૈત્ર સુદ ૫	સમ્મેતશિખર
(૧૫) શ્રી ધર્મનાથ	જેઠ સુદ ૧૫	સમ્મેતશિખર
(૧૬) શ્રી શાંતિનાથ	વૈશાખ વદ ૧૩	સમ્મેતશિખર
(૧૭) શ્રી કુંથુનાથ	ચૈત્ર વદ ૧	સમ્મેતશિખર
(૧૮) શ્રી અરનાથ	માગશર સુદ ૧૦	સમ્મેતશિખર
(૧૯) શ્રી મલ્લિનાથ	ફાગણ સુદ ૧૨	સમ્મેતશિખર
(૨૦) શ્રી મુનિસુવ્રત	વૈશાખ વદ ૯	સમ્મેતશિખર
(૨૧) શ્રી નમિનાથ	ચૈત્ર વદ ૧૦	સમ્મેતશિખર
(૨૨) શ્રી નેમિનાથ	અષાઢ સુદ ૮	ગિરનાર
(૨૩) શ્રી પાર્શ્વનાથ	શ્રાવણ સુદ ૮	સમ્મેતશિખર
(૨૪) શ્રી મહાવીર	આસો વદ અમાસ	પાવાપુરી

ખાસનોંધ :- (૧) વર્તમાન ચોવીસીના ૨૦ તીર્થંકરો સમ્મેત શિખર તીર્થક્ષેત્ર ઉપરથી મોક્ષે ગયા.

(૨) શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી વાસુપૂજ્ય સ્વામી, શ્રી નેમિનાથ અને શ્રી મહાવીર સ્વામિ, પ્રભુ જુદા જુદા સ્થળેથી નિર્વાણ પામી મોક્ષે ગયા.

પ્ર : ૧૦૨ આવતી ચોવીસી (હવે પછીની ચોવીસી) ના તીર્થંકરો કોનો જીવ છે હાલ ક્યાં છે તે જણાવો ?

ઉ : ૧૦૨ આવતી ચોવીસીના તીર્થંકરોના નામ તે કોનો જીવ છે અને હાલ તે ક્યાં છે તે નીચે મુજબ જાણવું :-

તીર્થંકરનું નામ	**તે કોનો જીવ છે**	**હાલ ક્યાં છે તે**
(૧) શ્રી પદ્મનાભ	શ્રેણીક રાજા	પહેલા નરકમાં
(૨) શ્રી સુરદેવ (મહાવીરના કાકા)	સુપાર્શ્વ શ્રાવક	ત્રીજા દેવલોકમાં
(૩) શ્રી સુપાર્શ્વ	કોણીક પુત્ર ઉદાચીરાજા	ત્રીજા દેવલોકમાં
(૪) શ્રી સ્વયંપ્રભ	પોટ્ટીલ શ્રાવક	ચોથા દેવલોકમાં
(૫) શ્રી સર્વાનુભૂતિ	દ્રઢાયું	બીજા દેવલોકમાં
(૬) શ્રી દેવશ્રુત	કાર્તિક શેઠ	પહેલા દેવલોકમાં
(૭) શ્રી ઉદયપ્રભ	શંખ શ્રાવક	બારમા દેવલોકમાં
(૮) શ્રી પેઢાલ	આનંદ શ્રાવક	પહેલા દેવલોકમાં
(૯) શ્રી પોટ્ટીલ	સુનંદ	પાંચમા દેવલોકમાં
(૧૦) શ્રી શતકીર્તિ	શતક શ્રાવક	ત્રીજા નરકમાં
(૧૧) શ્રી સવ્રત	દેવકી (શ્રી કૃષ્ણની માતા)	આઠમા દેવલોકમાં
(૧૨) શ્રી અમમ નાથ	શ્રી કૃષ્ણ વાસુદેવ	ત્રીજા નરકમાં
(૧૩) શ્રી નિષ્કષાય	સત્યકી મહાદેવ	પાંચમા દેવલોકમાં
(૧૪) શ્રી નિષ્પુલાક	બળભદ્ર (કૃષ્ણનો ભાઈ)	છઠ્ઠા દેવલોકમાં
(૧૫) શ્રી નિર્મમ (નિર્મલ)	સુલસા શ્રાવિકા	પાંચમા દેવલોકમાં
(૧૬) શ્રી ચિત્રગુપ્ત	રોહિણી (બળરામની માતા)	બીજા દેવલોકમાં
(૧૭) શ્રી સમાધિ	રેવતી શ્રાવિકા	બારમા દેવલોકમાં
(૧૮) શ્રી સંવર	સતાલી(રાવણનો જીવ)	બારમા દેવલોકમાં
(૧૯) શ્રી યશોધર	દ્વૈપાયન ઋષિ	અગ્નિકુમાર દેવ
(૨૦) શ્રી વિજય	કરણ (કર્ણ)	બારમા કુમાર દેવ
(૨૧) શ્રી મલ્લ	આઠમા નારદ	પાંચમા દેવલોકમાં
(૨૨) શ્રી દેવજિત	અંબડ પરિવ્રાજક	બારમા દેવલોકમાં
(૨૩) શ્રી અનંતવીર્ય	અમરકુમાર (બ્રહ્મદત્ત)	નવમાં ગ્રેવેયકમાં
(૨૪) શ્રી ભદ્રકર (ભદ્રકૃત)	સ્વાતિ બુધ્ધ	સર્વાર્થ સિધ્ધ

નોંધ :- અન્ય સ્થાનકે જુદી વાત લખેલ હોય પણ સનાતન સત્ય તો કેવળી ગમ્ય જાણવું.

પ્ર : ૧૦૩ આવતી ચોવીસીના ચોવીસ તીર્થંકરો કયા ક્ષેત્રેથી મોક્ષે જશે ?

ઉ : ૧૦૩ આવતી ચોવીસીના ચોવીસ તીર્થંકરો ગીરનાર તીર્થ ક્ષેત્રથી નિર્વાણ પામી મોક્ષે જશે. શેત્રુંજય તીર્થક્ષેત્ર ગિરિરાજ ગણાય છે તેથી ક્યારેક ભ્રમ ઊભો થાય. આમ છતાં પણ સનાતન સત્ય તો કેવળી ગમ્ય જાણવું.

પ્ર : ૧૦૪ મહાવીર ભગવાન ક્યારે ગર્ભમાં આવ્યા ?

ઉ : ૧૦૪ ચોથો આરો જ્યારે ૭૬ વર્ષ ૫ મહિના અને બાવીસ દિવસ બાકી હતો ત્યારે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં દસમા દેવલોકમાંથી ૨૦ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને ચ્યવીને અષાઢ સુદ છઠ્ઠને મધ્યરાત્રીએ તેઓ દેવાનંદાની કુક્ષીના ગર્ભમાં આવ્યા હતાં.

પ્ર : ૧૦૫ ભગવાન મહાવીર પ્રભુનો ગર્ભ કયા દેવે બદલ્યો ?

ઉ : ૧૦૫ સૌધર્મ દેવલોકમાં ઇન્દ્રે હરિણૈગમૈષી નામના દેવોને આજ્ઞા કરી કે પ્રભુ મહાવીરનો ગર્ભ દેવાનંદા નામની બ્રાહ્મણીના કુક્ષીમાંથી ત્રિશલાદેવીની કુક્ષીમા સ્થાપન કરો. ૮૨ દિવસ પછી પદાતિ સૈન્યના નાયક સેનાપતિ એવા હરિણૈગમૈષી નામના દેવે આ કાર્ય આસાનીથી પાર પાડ્યુ હતું. (આ ગર્ભ ૮૨ દિવસ દેવાનંદાની કુક્ષીમાં રહ્યો)

પ્ર : ૧૦૬ ભગવાન મહાવીરનાં પાંચ કલ્યાણક કયા નક્ષત્રમાં થયા ?

ઉ : ૧૦૬

ચ્યવન કલ્યાણક	ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં
જન્મ કલ્યાણક	ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં
દીક્ષા કલ્યાણક	ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં
કેવળજ્ઞાન કલ્યાણક	ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં
નિર્વાણ કલ્યાણક	સ્વાતિ નક્ષત્રમાં

પ્ર : ૧૦૭ ભગવાન મહાવીરનો જન્મ ક્યારે થયેલ ?

ઉ : ૧૦૭ ભગવાન મહાવીરનો જન્મ ક્ષત્રિય કુંડ નગરમાં ત્રિશલારાણીની કુખેથી ચૈત્ર સુદી તેરસ તારીખ ૨૭મી માર્ચ ઇ. સ. પૂર્વે ૫૯૯ ના રોજ થયેલ.

પ્ર : ૧૦૮ વર્તમાન ચોવીસીના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી પ્રભુ વિશે ટુંકમાં જણાવો ?

ઉ : ૧૦૮ શ્રી મહાવીર સ્વામી પ્રભુનો જન્મ પૂર્વ ભરતક્ષેત્રમાં આવેલ ભરતદેશમાં ક્ષત્રિયકુંડ નગરમાં ત્રિશલારાણીની કુખે થયેલ. તેમના પિતાશ્રીનું નામ સિધ્ધાર્થ રાજા હતું. તેમનું લાંછન સિંહ હતું. કારણ કે, તેમની માતાએ

પ્રથમ સ્વપ્નમાં સિંહ જોયો હતો. મહાવીર પ્રભુના શરીરનો રંગ સુર્વણ જેવો હતો. તથા શરીરની ઉંચાઇ સાત હાથ હતી. તેનું ચ્યવન કલ્યાણક ગુજરાતી તિથિ પ્રમાણે અષાઢ સુદ છઠ્ઠ હતું. તેઓ પ્રાણત નામના દસમા દેવલોકમાંથી ચ્યવીને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચ્યવન પામ્યા હતા. તેમણે ૨૬ ભવ કર્યા પછી તીર્થંકર તરીકે જન્મ લીધો હતો. તીર્થંકર નામ કર્મની નિકાચનાનો ભવ નંદન તરીકેનો હતો. તેમના પૂર્વભવની નગરીનું નામ અહિછત્રા હતું. તથા પૂર્વ ભવનું આયુષ્ય ૨૦ સાગરોપમનું હતું. તેમનું જન્મ કલ્યાણક ગુજરાતી તિથિ પ્રમાણે ચૈત્ર સુદ તેરસ તથા જન્મ નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની. તેમની જન્મ રાશિ કન્યા તથા ગણ માનવ હતો. તેઓ ઇક્ષ્વાકું વંશમાં તથા કાશ્યપ ગોત્રમાં જન્મ્યા હતાં. તેમની પત્નીનું નામ યશોમતી (યશોદા) હતું તથા પુત્રીનું નામ પ્રિયદર્શના હતું. તેમણે જ્ઞાનખંડવન નામની દીક્ષા ભૂમિ તથા ક્ષત્રિયકુંડ નામની નગરીમાં બે દિવસનું તપ કર્યા પછી બપોરના સમયે ગુજરાતી તિથિ પ્રમાણે કારતક વદ અગિયારસને દિવસે દીક્ષા લીધી હતી. દીક્ષા વખતે બેઠેલા તે શિબિકાનું નામ ચંદ્રપ્રભા હતું. દીક્ષા પછી કોલ્લાક નામની નગરીમાં ખીર ખાઇને તપનું પારણું કર્યુ હતું. અને આ પ્રથમ ભિક્ષા દાતા શ્રી બહુલક્ષીજ હતા. ભગવાનનો છદ્મસ્ત સુધીનો કાળ ૧૨ વર્ષ સાડા છ માસ હતો. તેઓને ઋજુવાલિકા નદી તટે જૃંભિકા નગરી બહાર શાલ નામના વૃક્ષ નીચે (કે જે વૃક્ષની ઉંચાઇ ૨૧ ધનુષ્યની હતી તે વૃક્ષ નીચે) બે દિવસના તપ પછી ગુજરાતી તિથિ પ્રમાણે વૈશાખ સુદ દસમને દિવસે કેવળ જ્ઞાન થયું હતું. આ અગાઉ તેઓએ ૬ માસનું ઉત્તકૃષ્ટ તપ કર્યુ હતું. કેવળજ્ઞાન પછી તેઓએ પ્રથમ દેશના આપી જેનો મુખ્ય વિષય યતીધર્મ, ગૃહસ્થ ધર્મ અને ગણધરવાદ હતો જો કે કાળની વિચિત્રતાને કારણે ભગવાન મહાવીરની આ પ્રથમ દેશનામાં માત્ર દેવલોકો જ હાજર રહ્યા હતા. એકપણ મનુષ્ય તે વખતે હાજર ન હતો. સર્વ વિરતિને લાયક એકપણ મનુષ્ય હાજર ન હતો એમ સમજવાનું છે. તેમને મુખ્ય અગીયાર ગણધરો હતા. તેમનો પ્રથમ શિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમ હતો. તથા પ્રથમ શિષ્યા ચંદનબાળા હતી. તેમનો ભક્ત શ્રેણિક રાજા હતો. તેમના ૭૦૦ કેવળજ્ઞાની, ૫૦૦ મનઃ પર્યવજ્ઞાનીઓ ૧૩૦૦ અવધિજ્ઞાનીઓ, ૩૦૦ ચૌદ પૂર્વધર મુનિઓ, ૭૦૦ વૈક્રિય લબ્ધિધારી, ૧૪૦૦૦ સાધુ,

૩૬૦૦૦ સાધ્વીઓ, ૪૦૦ વાદી મુનિઓ, ૧૫૯૦૦૦ શ્રાવકો, ૩૧૮૦૦૦ શ્રાવિકાઓ હતાં. તેમનો કુલ દીક્ષા પર્યાય ૪૨ વર્ષનો હતો. ભગવાન મહાવીરના યક્ષ શ્રી માતંગ તથા યક્ષિણી શ્રી સિધ્ધાયિકા દેવી હતા. તેમની માતાની ગતિ મહેન્દ્ર દેવલોકમાં થયેલ ભગવાન બે દિવસના તપ પછી તુલા રાશિમાં તથા સ્વાતિ નક્ષત્રમાં પર્યકાસનમાં બેઠેલ અવસ્થામાં પાવાપુરી તીર્થક્ષેત્રમાં ૭૨ વર્ષની વયે રાત્રિના પાછલા ભાગે આસો વદ અમાસને દિવસે નિર્વાણ પામ્યા. જે તેમનું નિર્વાણ કલ્યાણક ગણાય. તેઓની વિશિષ્ટતાં એ છે કે દીક્ષા સમયે પણ તેઓ એકલા જ હતા અને મોક્ષે ગયા ત્યારે પણ તેઓ સાથે અન્ય કોઇ જીવ મોક્ષે ગયો નથી. તેમનું શાસન ૨૧૦૦૦ હજાર વર્ષનું ગણાય તેમાનાં લગભગ ૨૫૦૦ વર્ષ પૂરાં થયેલ છે અને હવે ૧૮૫૦૦ વર્ષ બાકી રહેલ ગણી શકાય. ચોવીસ તીર્થંકરોમાં ભગવાન મહાવીરનું શાસન અજોડ ગણાય છે.

પ્ર : ૧૦૯ ભગવાન મહાવીરને કયા ભવમાં સમકિત પ્રાપ્ત થયું હતું ?

ઉ : ૧૦૯ જંબૂદ્વિપમા આવેલ પશ્ચિમ મહાવિદેહમા મહાવ્રપ નામના વિજયમાં જયંતી નગરી આવેલ છે તેમાં પૃથ્વી પ્રતિષ્ઠાન નામના ગામના નયસાર નામે ગ્રામસેવક હતો. તેણે કેટલાક ક્ષુધા તૃષાથી પીડિત સાધુ મુનિઓને અન્નપાણીથી લાભિત કર્યા પછી તેમની પાસેથી ધર્મ સાંભળ્યો ત્યારે તેમને સમકિત પ્રાપ્ત થયેલ.

પ્ર : ૧૧૦ સમકિત થયા પછીના મહાવીર પ્રભુના ભવોનું વર્ણન કરો ?

ઉ : ૧૧૦ સમકિત થયા પછીના મહાવીર પ્રભુના ભવોનું વર્ણન નીચે મુજબ છે :-

(૧) **નયસાર** - ગ્રામ સેવક લાકડાં કાપવાનું કામ.
(૨) **સૌધર્મ દેવલોક** - ૧ પલ્યોપમવાળા આયુષ્યવાળા દેવતાં.
(૩) **મરિચી** - ભરત ચક્રવર્તીનો પુત્ર, ત્રિદંડી સાધુ. (૮૪લાખ પૂર્વ આયુ)
(૪) **દેવલોકમાં** - ૧૦ સાગરોપમના આયુષ્યવાળો દેવ.
(૫) **કૌશિક નામે બ્રાહ્મણ** - ૮૦ લાખ પૂર્વ આયુષ્યવાળો.
(૬) **પુષ્પમિત્ર નામે બ્રાહ્મણ** - ૭૨ લાખ પૂર્વ આયુષ્યવાળો.
(૭) **સૌધર્મ દેવલોક** - મધ્યમ સ્થિતિવાળો દેવ.
(૮) **અગ્નુદ્યોત બ્રાહ્મણ** - ૬૪ લાખ પૂર્વના આયુષ્યવાળો
(૯) **ઈશાન દેવલોકમાં** - મધ્યમ આયુષ્યવાળો દેવતા.
(૧૦) **અગ્નિભૂતિ બ્રાહ્મણ** - ૫૬ લાખ પૂર્વના આયુષ્યવાળો ત્રિદડી.

(૧૧) **સનતકુમાર દેવલોકમાં** - મધ્યમ આયુવાળો દેવતા.
(૧૨) **ભારદ્વાજ બ્રાહ્મણ** - ૪૪ લાખ પૂર્વના આયુષ્ય વાળો.
(૧૩) **માહેન્દ્ર દેવલોક** - મધ્યમ આયુવાળો દેવતા.
(૧૪) **સ્થાવર બ્રાહ્મણ** - ૩૪ લાખ પૂર્વનું આયુષ્ય.
(૧૫) **દેવલોકમાં** - મધ્યમ આયુવાળો દેવતાં. (પાંચમાં દેવલોકમાં)
(૧૬) **વિશ્વભૂતિ રાજા** - કરોડ વર્ષનું આયુષ્ય મુનિ થાય છે.
(૧૭) **મહાશુક્ર દેવલોકમાં** - ઉત્કૃષ્ટ આયુવાળો દેવતા.
(૧૮) **ત્રિપૃષ્ટ પ્રથમ વાસુદેવ** - ૪ લાખ વર્ષનું આયુષ્ય.
(૧૯) **સાતમું નરક**-
(૨૦) **કેશરી સિંહ**-
(૨૧) **ચોથું નરક**- પંકપ્રભા નરકમાં અંજના નરકાવાસમાં.
(૨૨) **પ્રિયમિત્ર નામે ચક્રવર્તિ** - મહાવિદેહ ક્ષેત્રમાં દીક્ષા લીધી. ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય.
(૨૩) **મહા શુક્ર દેવલોકે** - સર્વાથ નામના વિમાનનો દેવતા.
(૨૪) **નંદન રાજા** - ભરતક્ષેત્રમાં દીક્ષા લીધી. તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યુ. ૨૫ લાખ વર્ષનું આયુષ્ય.
(૨૫) **પ્રાણત નામના દશમા દેવલોકમાં** - પુષ્પોતર નામના વિમાનમાં ૨૦ સાગરોપમ આયુષ્યવાળો દેવ.
(૨૬) **દેવાનંદાની કુક્ષીમાં** - ૮૨ દિવસ.
(૨૭) **ત્રિશલાદેવીની કુક્ષીમાં વર્ધમાન મહાવીર** - ૭૨ વર્ષનું આયુષ્ય.

પ્ર : ૧૧૧ મહાવીર ભગવાને કેટલી તપશ્ચર્યા કરી હતી ?

ઉ : ૧૧૧ કુલ બાર વર્ષ છ મહિના અને પંદર દિવસની તપશ્ચર્યા નીચે મુજબ જાણવીઃ-

તપનો પ્રકાર	સંખ્યા	દિવસો
(૧) છ માસી તપ	૧	૧૮૦
(૨) છ માસી તપમાં પાંચ દિવસ ઓછા	૧	૧૭૫
(૩) ૪ માસી તપ (૧૨૦×૯)	૯	૧૦૮૦
(૪) અઢી માસી તપ	૨	૧૫૦
(૫) બે માસી તપ	૬	૩૬૦
(૬) દોઢ માસી તપ	૨	૯૦
(૭) ત્રણ માસી તપ	૨	૧૮૦
(૮) માસ ક્ષમણ તપ	૧૨	૩૬૦

(૯) પાખમણ તપ	૭૨	૧૦૮૦
(૧૦) ભદ્ર પ્રતિમા	૧	૨
(૧૧) મહાભદ્ર પ્રતિમા	૧	૪
(૧૨) સર્વતો ભદ્ર પ્રતિમા	૧	૧૦
(૧૩) છઠ્ઠનો તપ	૨૨૯	૪૫૮
(૧૪) અઠ્ઠમનો તપ	૧૨	૩૬
(૧૫) પારણાના	૩૪૯	૩૪૯
(૧૬) એક દિવસનું દીક્ષા તપ	૧	૧
		કુલ ૪૫૧૫

૧૧ વરસ છ મહિના ૨૬ દિવસ તપના	૪૧૬૬
૧૧ માસ ૧૯ દિવસ પારણાના	૩૪૯
કુલ	૪૫૧૫

પ્ર : ૧૧૨ દીક્ષા પછીનું પ્રથમ પારણું ક્યાં કર્યું હતું ?

ઉ : ૧૧૨ ભગવાન મહાવીરે દીક્ષા પછીનું પ્રથમ પારણું કોલ્લાંગ સન્નિવેશમાં બહુલ બ્રાહ્મણે વહોરાવેલી ખીરથી કર્યુ હતું. તે વેળા દેવતાઓએ કલ્પ પ્રમાણે પંચ દિવ્ય પ્રગટ કર્યા હતા. એમા ૧૨ લાખ સૌનૈયાનો વરસાદ વરસાવ્યો હતો. [નોંધ : ઓછામાં ઓછા ૧૨ લાખ અને વધુમાં વધુ ૧૨ કરોડ સૌનૈયાનો વરસાદ વરસાવવો એવો આચાર છે]

પ્ર : ૧૧૩ દીક્ષા પછી કેટલા દિવસે ભગવાન મહાવીર સંપૂર્ણ નિવસ્ત્ર થયા હતા ?

ઉ : ૧૧૩ દીક્ષા પછીના તેર મહિના પછી પ્રભુ સંપૂર્ણ વસ્ત્ર રહિત અને પાત્ર રહિત કરપાત્રી થયા હતા.

પ્ર : ૧૧૪ ભગવાન મહાવીરે પારણા માટે કેવો અભિગ્રહ લીધેલો ?

ઉ : ૧૧૪ ભગવાન મહાવીરે પારણા માટે તેર બોલનો અભિગ્રહ લીધો હતો જે નીચે મુજબ જાણવા :-

(૧) રાજકન્યા હોય.
(૨) દાસીપણું હોય.
(૩) અવિવાહિત હોય.
(૪) અઠ્ઠમ તપ કરેલ હોય.
(૫) મસ્તકે મુંડન કરેલ હોય.
(૬) હાથમાં કોઈ અલંકાર ન હોય

(૭) પગમાં બેડી હોય.
(૮) કછોટો વાળેલો હોય
(૯) એક પગ ઉંબરામાં બીજો પગ બહાર હોય.
(૧૦) હાથમાં સૂપડું હોય
(૧૧) સૂપડામાં અડદના બાકળા હોય.
(૧૨) ઉત્કૃષ્ટ ભાવ હોય.
(૧૩) આંખમાં આંસુ હોય.

આ તેર વસ્તુઓ હોય તો જ પારણું કરવું .એવો અભિગ્રહ કરેલો નહિતર છ મહિના સુધી પારણું ન કરવું.

પ્ર : ૧૧૫ ભગવાન મહાવીરના તેર બોલના અભિગ્રહનું પારણું કેટલા દિવસે અને કોણે કરાવેલ ?

ઉ : ૧૧૫ ભગવાન મહાવીરના તેર બોલના અભિગ્રહનું પારણું ૧૭૫ માં દિવસે ચરમશરીરી રાજકન્યા ચંદનબાળાના હાથે થયું હતું.

પ્ર : ૧૧૬ ભગવાન મહાવીરના સમયમાં સાધ્વીઓ કયું અધ્યયન કરતી હતી ?

ઉ : ૧૧૬ ભગવાન મહાવીરના સમયમા સાધ્વીઓ અંગિયાર અંગોનું અધ્યયન કરતી હતી. શ્રેણિક રાજાની પત્નીઓએ પણ અગિયાર અંગનું અધ્યયન કર્યુ હતું.

પ્ર : ૧૧૭ મહાવીર ભગવાનના સમયમા બીજા કયાં પાંચ સંપ્રદાયો હતા ?

ઉ : ૧૧૭ મહાવીર ભગવાનના સમયમા બીજા પાંચ સંપ્રદાયો હતા.

(૧) ગૌશાલક - ગૌશાલ પંથ - નિયતિવાદ.
(૨) પૂરણ કાશ્યપ.
(૩) અજિત કેશ કંબલી.
(૪) પ્રકુધકાત્યાયન.
(૫) સંજયબેલ દ્વીપુત.

આજે આ પાંચેય પંથો નામશેષ થઇ ગયા છે. આમ છતાં ગૌશાલકના નિયતિવાદનો નાદ કેટલાક ભારતીયોના હૃદયમા જામેલો પડેલો છે "જે થવાનું છે તે થશે" એવી નિયતિવાદ માન્યતા હજી પણ ઘર કરી ગયેલી જોવા મળે છે.

પ્ર : ૧૧૮ ભગવાન મહાવીરના નિર્વાણને આજે કેટલો સમય થયો ?

ઉ : ૧૧૮ ઇ. સ. ૧૯૯૪ સુધી ગણીએ તો ભગવાન મહાવીરના નિર્વાણને આજે ૨૫૨૦ વર્ષ પુરાં થયા છે તેમ કહી શકાય.

પ્ર : ૧૧૯ ભગવાન મહાવીરનો પરિવાર કેટલો હતો ?

ઉ : ૧૧૯ ૧૪,૦૦૦ સાધુઓ ૭૦૦ કેવળી ભગવંતો
૩૬,૦૦૦ સાધ્વીઓ ૧,૬૦૦ અનુતર વિમાને જનારા
૩૦૦ ૧૪પૂર્વધારી મુનિઓ ૫૦૦ મનઃપર્યવ જ્ઞાનીઓ
૧,૩૦૦ અવધિજ્ઞાનીઓ ૪૦૦ વાદી
૭૦૦ વૈક્રિય લબ્ધિધારી ૧,૫૯,૦૦૦ શ્રાવકો
૧૧ ગણધરો ૩,૧૮,૦૦૦ શ્રાવિકાઓ.

પ્ર : ૧૨૦ કયા દેવે ભગવાન મહાવીર સ્વામિ ઉપર છ મહિના સુધી ઉપસર્ગ કર્યા હતા ?

ઉ : ૧૨૦ ''સંગમ'' નામના દેવે મહાવીર સ્વામિ ઉપર છ મહિના સુધી ઉપસર્ગ કર્યા હતા. એક વખત તો એક જ રાત્રિમાં સંગમદેવે ૨૦ મોટા ઉપસર્ગ કર્યા હતા તે પછી બે ઘડી ભગવાનને નિંદ્રા આવી હતી.

પ્ર : ૧૨૧ પ્રભુ મહાવીરને જે ઉપસર્ગો થયા તેમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ઉપસર્ગ કયા કયા ?

ઉ : ૧૨૧ (૧) કરપૂતના નામની વ્યંતરીએ કરેલો શીત ઉપસર્ગ - જઘન્ય.
(૨) સંગમ દેવે ભગવાનના માથા ઉપર કાળચક્ર ફેકેલું તે - મધ્યમ.
(૩) ગોવાળ દ્વારા પુળાના બરુના રાડા (ખીલીઓ જેવા) બંન્ને કાનમાં ખોંસી દીધા હતા એ કાઢતાં જે પીડા થઇ તે ઉપસર્ગ - ઉત્કૃષ્ટ.

પ્ર : ૧૨૨ શૂલપાણી યક્ષે ભગવાન મહાવીર ઉપર ઉપસર્ગ કરેલા ત્યારબાદ ક્ષણિક નિંદ્રા આવતાં ભગવાન મહાવીરને આવેલ દસ સ્વપ્નો કયા હતાં ?

ઉ : ૧૨૨ શૂલપાણી યક્ષે ભગવાન મહાવીર ઉપર ઉપસર્ગ કરેલા ત્યારબાદ ક્ષણિક નિંદ્રા આવતાં ભગવાન મહાવીરને આવેલ દસ સ્વપ્નો નીચે મુજબ છેઃ-

(૧) પહેલા સ્વપ્નમાં ભગવાને જોયું કે, એક વિશાળ શરીરવાળા અને તેજસ્વી રૂપવાળા તથા તાડવૃક્ષ સમાન લાંબા પિચાશને ભગવાને પરાજિત કર્યો એનુ ફળ એ થયું કે ભગવાને મોહનીય કર્મનો સમૂળગો નાશ કર્યો.

(૨) બીજા સ્વપ્નમાં સફેદ પાંખવાળા પુરૂષ કોયલને જોયો. એનુ ફળ એ થયું કે ભગવાન મહાવીર સ્વામિએ શીઘ્ર શુકલધ્યાન પ્રાપ્ત કર્યું.

(૩) ત્રીજા સ્વપ્નમાં ભગવાને વિચિત્ર રંગોની પાંખવાળી કોયલને જોઇ એનુ ફળ ભગવાને વિવિધ વિચારયુક્ત સ્વ સિદ્ધાત પર સિદ્ધાતને બતાવતી દ્વાંદશાંગી વાણી પ્રરૂપી.

(૪) ચોથા સ્વપ્નમાં સર્વ રત્નમય એકસરખી બે માળાઓને જોઇ એનું ફળ એ થયું કે ભગવાને કેવળજ્ઞાની થઇને દેશવિરતિ (શ્રાવક ધર્મ) અને સર્વ વિરતિ (સાધુ ધર્મ) એ બે ધર્મ ફરમાવ્યા.

(૫) પાંચમા સ્વપ્નમાં સફેદ ગાયોનું વિશાળ ધણ જોયું એનું ફળ એ થયું કે ભગવાને કેવળજ્ઞાની થઇ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

(૬) છઠ્ઠા સ્વપ્નમાં ભગવાને ચારે તરફથી ખીલેલાં ફૂલોવાળું એક વિશાલ પદ્મ સરોવર જોયું એનું ફળ એ થયું કે ભગવાને ભુવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક ચારે પ્રકારના દેવોને પ્રતિબોધ દીધો.

(૭) સાતમાં સ્વપ્નમાં ભગવાને અગાધ સમુદ્રને પોતાની ભુજાઓથી તરીને સામે પાર પહોચેલા જોયા. એનું ફળ એ થયું કે ભગવાને અનાદિ સંસાર સમુદ્ર પાર કરી મોક્ષને પ્રાપ્ત કર્યો.

(૮) આઠમા સ્વપ્નમાં અતિ તેજ યુક્ત સૂર્યને જોયો જેનું ફળ એ કે ભગવાનને અનંત પ્રધાન આવરણ રહિત સમગ્ર અને પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થઇ.

(૯) નવમા સ્વપ્નમાં ભગવાને માનુષોતર પર્વતને નીલ વૈર્ડ્ય મણિની માફક પોતાના આંતરડાની ચારે તરફથી ઘેરાયેલો જોયો એનું ફળ એ થયું કે ત્રણે લોકમાં ભગવાનની યશ કીર્તિ થઇ.

(૧૦) દસમા સ્વપ્નમાં ભગવાને પોતે પોતાને મેરૂપર્વત ચુલિકા ઉપર શ્રેષ્ઠ સિંહાસન પર બેઠેલા જોયા. એનું ફળ એ થયું કે કેવળજ્ઞાની થઇને બાર પ્રકારની પર્ષદામાં બેસી દેશના વહાવી.

ખાસનોંધ :- અમુક ગ્રંથોમાં ઉપરોક્ત દશ સ્વપ્ન ભગવાનને કેવળજ્ઞાન ઉપજ્યું તેની આગળની રાત્રિએ આવ્યાં તેમ જણાવ્યું છે.

પ્ર : ૧૨૩ પાર્શ્વનાથ ભગવાન અને મહાવીર ભગવાન વચ્ચે મોક્ષનું અંતર કેટલું ?

ઉ : ૧૨૩ પાર્શ્વનાથ ભગવાન મોક્ષે ગયા પછી ૨૫૦ વર્ષ પછી મહાવીર ભગવાન મોક્ષે ગયેલા એટલે વચ્ચેનું અંતર ૨૫૦ વર્ષનું હતું.

પ્ર : ૧૨૪ ભગવાન બુદ્ધ, ભગવાન મહાવીરથી કેટલા મોટા હતા ?

ઉ : ૧૨૪ ભગવાન બુદ્ધ મહાવીર પ્રભુથી ૨૧ વર્ષ મોટા હતા.

પ્ર : ૧૨૫ ભગવાન મહાવીર સ્વામિના કુટુંબમાં બધાનું આયુષ્ય કેટલું હતું ?

ઉ : ૧૨૫ ઋષભદત્ત બ્રાહ્મણ (પિતા) ૧૦૦ વર્ષનું આયુષ્ય
દેવાનંદા બ્રાહ્મણી (માતા) ૧૦૫ વર્ષનું આયુષ્ય

સિધ્ધાર્થ રાજા (પિતા)	૮૭ વર્ષનું આયુષ્ય
ત્રિશલા રાણી (માતા)	૫૮ વર્ષનું આયુષ્ય
નંદીવર્ધન (મોટાભાઇ)	૯૮ વર્ષનું આયુષ્ય
સુપાર્શ્વરાજા (કાકા)	૯૦ વર્ષનું આયુષ્ય
મહાવીર પ્રભુ	૭૨ વર્ષનું આયુષ્ય
મહાવીર ભગવાનની પત્ની યશોદા	૧૦૦ વર્ષનું આયુષ્ય
પુત્રી પ્રિયદર્શના	૮૫ વર્ષનું આયુષ્ય

પ્ર : ૧૨૬ ભગવાન મહાવીરના માતા-પિતા સ્વર્ગે ગયા ત્યારે પ્રભુની ઉંમર કેટલી હતી ? કઇ ઉંમરે દીક્ષા લીધેલી ?

ઉ : ૧૨૬ ભગવાન મહાવીરના માતા-પિતા સ્વર્ગે ગયા ત્યારે પ્રભુની ઉંમર ૨૮ વર્ષની હતી. પછી મોટાભાઇના કહેવાથી બે વર્ષ વધુ ગૃહસ્થાશ્રમમાં રોકાયા ત્યારબાદ ૩૦ વર્ષની ઉમરે દીક્ષા લીધી.

પ્ર : ૧૨૭ ભગવાન મહાવીરને કેટલાં વર્ષે કેવળજ્ઞાન થયું હતું ?

ઉ : ૧૨૭ ૪૨ વર્ષ, છ મહિના અને ૧૫ દિવસની ઉંમરે કેવળજ્ઞાન થયેલું.

પ્ર : ૧૨૮ શ્રી પાર્શ્વનાથ પ્રભુની ચોથી પાટે થયેલ કેશિ સ્વામી અને ભગવાન મહાવીરના ગણધર શ્રી ગૌતમસ્વામી બંને ક્યાં ભેગા થયેલાં ?

ઉ : ૧૨૮ તિંદુક નામના વનમા ભેગા થયા હતા.

પ્ર : ૧૨૯ મહાવીર સ્વામિ પ્રભુની પ્રથમ શિષ્યાનું નામ શું ?

ઉ : ૧૨૯ ચંદનબાળા.

પ્ર : ૧૩૦ મહાવીર દેવના શાસનમાં કેટલા જીવો પ્રવચન નિહ્વવ થશે ?

ઉ : ૧૩૦ ઠાણાગસૂત્રમાં કહ્યું છે કે " શ્રમણ ભગવાન મહાવીર શાસનમાં સાત વ્યકિતઓ પ્રવચન નિહ્વવ થશે. "

(૧) જમાલિ	બહુ સમયે કાર્યવાદી	
(૨) તિસ્ત્રગુપ્ત	છેલ્લા પ્રદેશે જીવવાદી	
(૩) આષાઢ સૂરીના શિષ્ય	અવ્યક્તવાદી	નિર્વાણ પછી ૨૧૪ વર્ષે આ નિહ્વવ થયેલાં.
(૪) મુનિ અશ્વમિત્ર	પ્રતિ સમયે ઉચ્છેદવાદી	નિર્વાણ પછી ૨૩૦ વર્ષે
(૫) મુનિ ગંગદત્ત	એક સમયે બે ક્રિયાવાદી	નિર્વાણ પછી ૨૨૮ વર્ષે

(૬) રોહગુપ્ત — ત્રિરાશિક — નિર્વાણ પછી ૫૪૪ વર્ષે
જીવ, અજીવ, નોજીવ

(૭) ગોષ્ઠામાહિલ — અવસ્થિતિક — સ્પૃષ્ટ કર્મ માનનાર

પ્ર : ૧૩૧ ભગવાન મહાવીરના કેટલા શિષ્યો મોક્ષે ગયા ?

ઉ : ૧૩૧ ભગવાન મહાવીરના ૭૦૦ સાધુઓ, ૧૪૦૦ સાધ્વીઓ, મોક્ષે ગયા અને ૮૦૦ મુનિવરો અનુતર વિમાનમાં દેવ થયાં.

પ્ર : ૧૩૨ ભગવાન મહાવીરના નિર્વાણ પછી કઇ દસ વસ્તુઓ વિચ્છેદ પામી ?

ઉ : ૧૩૨ (૧) મનઃપર્યવજ્ઞાન
(૨) પરમાવધિજ્ઞાન
(૩) પુલાકલબ્ધિ - જેના વડે ચક્રવર્તિના શૈન્યનો નાશ થઇ શકે
(૪) આહારક શરીર
(૫) ક્ષપક શ્રેણી
(૬) ઉપશમ શ્રેણી
(૭) જિન કલ્પ
(૮) પરિહાર વિશુદ્ધિ - સૂક્ષ્મ સંપરાય - યથાખ્યાત ચારિત્ર
(૯) કેવળજ્ઞાન
(૧૦) મોક્ષ

પ્ર : ૧૩૩ ભગવાન મહાવીરની પ્રથમ દેશના ક્યાં નીકળેલી ?

ઉ : ૧૩૩ વિપુલ ગિરિ પહાડ ઉપર ભગવાન મહાવીરની પ્રથમ દેશના નીકળેલી. હાલમાં તે સ્થાન પર આરસ પહાણના પત્થર (માર્બલ્સ) ઉપર લખેલું છે કે "In communication of the great event of the delivery of the first discussion by Lord Mahavir"

જે દેશના નિષ્ફળ ગયેલી અર્થાત્ આ દેશના વખતે એક પણ મનુષ્ય હાજર નહોતો. માત્ર દેવલોકો હતા. અર્થાત્ સર્વ વિરતિને લાયક એકપણ મનુષ્ય ન હતો.

પ્ર : ૧૩૪ ભગવાન મહાવીરની અંતિમ દેશના ક્યારે અને ક્યાં નીકળેલી ?

ઉ : ૧૩૪ ભગવાન મહાવીર દેવે પોતાના શરીરના આયુષ્યના સોળ પ્રહર (૪૮ કલાક) બાકી રહ્યા હતા ત્યારે ભવ્ય જીવોના હિતને ખાતર અપાપાનગરીમાં હસ્તિપાલ રાજાની લેખક શાળામાં જ્યાં અઢાર ગણ રાજાઓ એકઠાં થયાં છે ત્યાં લગાતાર ૧૬ પહોર સુધી પોતાની અમૃતવાણી રૂપી દેશના વહેવડાવી હતી. જે "શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર " નામથી ખ્યાતિ પામેલ છે. જેમાં છત્રીસ (૩૬)

અધ્યયનો છે અને જૈન દર્શનના દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને કથાનુયોગ તેમાં સમાવિષ્ટ થઇ જાય છે.

પ્ર : ૧૩૫ ગોળાશાએ ભગવાન મહાવીર ઉપર તેજોલેશ્યા ફેંકી ત્યારે કોણ બળીને ભસ્મિભૂત થઇ ગયા હતા ?

ઉ : ૧૩૫ ગોળાશાએ ભગવાન મહાવીર ઉપર તેજોલેશ્યા ફેંકી ત્યારે સર્વાનુભૂતિ તથા સુનક્ષત્ર મુનિ બળીને ભસ્મ થઇ ગયા હતા તથા પ્રભુનું ચરમશરીર હોવાને કારણે પ્રભુ બચી ગયા. આમ છતાં તેના પ્રભાવે પ્રભુને છ મહિના સુધી સંડાસમાં લોહી પડ્યું હતું.

પ્ર : ૧૩૬ ભગવાન મહાવીર ક્યારે નિર્વાણ પામ્યા ?

ઉ : ૧૩૬ ભગવાન મહાવીર ૭૨ વર્ષની વયે પાવાપુરી તીર્થક્ષેત્રે (બિહાર રાજ્યમાં) આસો વદ અમાસ તારીખ ૧૫ મી ઑક્ટોમ્બર ઇ. સ. પૂર્વે ૫૨૭ દિવસે (દિવાળીના દિવસે) નિર્વાણ પામ્યા.

પ્ર : ૧૩૭ મહાવીર ભગવાન કેવળજ્ઞાનમાં શું જોઇ શકે ?

ઉ : ૧૩૭ (૧) એક પરમાણુને જોઇ શકતા હતા.
(૨) એક સમયને જોઇ શકતા હતા.
(૩) એક પ્રદેશને જોઇ શકતા હતા.

પ્ર : ૧૩૮ મહાવીર પ્રભુ નિરંતર શેના ઉપયોગમાં રહેતા ?

ઉ : ૧૩૮ મહાવીર પ્રભુ નિરંતર પોતાના એક પુદગલને જ જોયા કરતા હતા.

પ્ર : ૧૩૯ મહાવીર ભગવાનના માર્ગને ક્યારે પામ્યો કહેવાય ?

ઉ : ૧૩૯ જ્યારે રોજ પોતાના સો સો દોષ દેખાય અને સો સો પ્રતિક્રમણ થાય ત્યાર પછી મહાવીરના માર્ગમાં આવ્યો કહેવાય.

પ્ર : ૧૪૦ મહાવીર જેવા કોણ થઇ શકે ?

ઉ : ૧૪૦ જેણે આ જગતના શિષ્ય થવાની દૃષ્ટિ વેદી છે તે જગતમાં મહાવીર થઇ શકે.

પ્ર : ૧૪૧ મહાવીરની વાત કેટલા સમજેલા ?

ઉ : ૧૪૧ મહાવીરની વાત એક લાખ ચાલીસ હજાર માણસ સમજેલા.

પ્ર : ૧૪૨ મહાવીરના સમયમા કેટલા મન, વચન, કાયાની એકતાવાળા થયેલાં ?

ઉ : ૧૪૨ મહાવીરના સમયમા તેમના અગિયાર ગણધરો અને બારમા મહાવીર પ્રભુ પોતે એમ કુલ બાર જણા જ મન, વચન, કાયાથી એકતાને પામેલા. તેરમી વ્યકિત નહી થયેલી. માત્ર બાર જ જણ થયેલાં.

પ્ર : ૧૪૩ ભગવાન મહાવીરે કયા બે પંથ રાખવાના કહ્યા હતાં ?

ઉ : ૧૪૩ મહાવીર ભગવાને બે માર્ગ - બે પંથ રાખવાના કહેલા.

(૧) અણુવ્રત ધારી

(૨) પૂર્ણવ્રત ધારી

તેના અત્યારે ચોર્યાસી ગચ્છ (ચોર્યાસી પંથ) જોવા મળે છે.

પ્ર : ૧૪૪ ભાવિ તીર્થંકર શું કહેવાય ?

ઉ : ૧૪૪ ભાવિ તીર્થંકરો મોક્ષ માર્ગના ભોમિયા કહેવાય છે અને ઘાલમેલ સ્વભાવ હોવાથી પોતાનું કલ્યાણ થયેલું હોવાથી બીજાનું કલ્યાણ કરવાની ઇચ્છા છે અને સર્મથતા પણ છે.

પ્ર : ૧૪૫ ગણધર ગૌતમે ભગવાન મહાવીરને પૂછયું હતું કે પ્રભુ તમારી આ પાટની શુ દશા થશે ?

ઉ : ૧૪૫ ભગવાન મહાવીર બોલ્યા હતા સાધુઓ અને આચાર્યો આ પાટ ઉપર વાંકા અને જડ થશે. (વંક જડાય પછીમાં) અને આ જૈનો તો નવ નવડા નર્કે જશે (૯૯ કરોડ, ૯૯ લાખ, ૯૯ હજાર, નવસો નવ્વાણું) અને તેના ગુણ્યા નવ ગાંડા મેન્ટલ હોસ્પિટલ જેવા થશે.

પ્ર : ૧૪૬ ભગવાન મહાવીર સુધી કેટલા ભાવિ તીર્થંકર પદ અપાઇ ગયેલાં ?

ઉ : ૧૪૬ ભગવાન મહાવીર સુધી ભાવિ તીર્થંકર સાહેબના પંદર પદ અપાઇ ગયેલા અને અમારા હાથે બીજા નવ તીર્થકર પદો અપાશે. એમ સર્વજ્ઞ શ્રી દાદા ભગવાને કહેલું.

પ્ર : ૧૪૭ ભગવાન મહાવીરે કયા નવ જણને ભાવિ તીર્થંકર પદ આપેલ ?

ઉ : ૧૪૭

(૧) સતી સુલસા	૧૫મા તીર્થંકર	નિર્મમનાથ
(૨) શ્રેણિક રાજા	૧ લા તીર્થંકર	પદ્મનાભ
(૩) પોટ્ટીલ શ્રાવક	૪થા તીર્થંકર	સ્વયમ્પ્રભ
(૪) રેવતી શ્રાવિકા	૧૭મા તીર્થંકર	સમાધિ
(૫) સુપાર્શ્વ શ્રાવક	૨ જા તીર્થંકર	સુરદેવ
(૬) શંખ શ્રાવક	૭ મા તીર્થંકર	ઉદયપ્રભ
(૭) દ્રઢાયુ	૫ મા તીર્થંકર	સર્વાનુભૂતિ
(૮) કોણિક પુત્ર ઉદાયી રાજા	૩ જા તીર્થંકર	[illegible]પાર્શ્વ
(૯) શતક શ્રાવક (પુષ્કલી)	૧૦ મા તીર્થંકર	[illegible]ર્તિ

નોંધ : સ્થાનાંગ સૂત્રના નવમા સ્થાનમાં ઉપર મુજબ જણાવેલ છે. અન્ય ગ્રંથોમાં પોટ્ટીલ શ્રાવકની જગ્યાએ અંબડતાપસનું નામ અને દ્રઢાયુની જગ્યાએ આનંદ શ્રાવકનું નામ છે. સનાતન સત્ય કેવળી ગમ્ય

પ્ર : ૧૪૮ શ્રી મહાવીર પ્રભુના મુખ્ય પ્રમુખ સાધુ, સાધ્વી શ્રાવક અને શ્રાવિકાના નામ જણાવો ?

ઉ : ૧૪૮ શ્રી મહાવીર પ્રભુના મુખ્ય સાધુ ગૌતમ સ્વામી, સાધ્વી ચંદનબાળા, શ્રાવક આનંદ અને શ્રાવિકા સુલસા મુખ્ય ગણાય છે.

પ્ર : ૧૪૯ શ્રી મહાવીર પ્રભુનાં બીજા નામ જણાવો ?

ઉ : ૧૪૯ વીર, વર્ધમાન, ચરમજિન, સિદ્ધાર્થનંદન, વગેરે નામ પ્રભુ મહાવીરના પ્રચલિત છે.

પ્ર : ૧૫૦ હવે પછીની ચોવીસીના પ્રથમ તીર્થંકર જે શ્રેણિક રાજાનો જીવ ગણાય છે તેમણે તીર્થંકર નામ કર્મ કેવી રીતે બાંધ્યુ હતું તે જણાવો ?

ઉ : ૧૫૦ શ્રેણિક મહારાજાએ તીર્થંકર ગોત્ર બાંધ્યુ તે માટે ત્રણ મત અનુસાર જુદી જુદી કથાઓ જુદા જુદા ગ્રંથોમાં વર્ણવવામાં આવેલ છે. આ ત્રણેય કથાઓ તેમને તીર્થંકર નામકર્મ બંધાવામાં નિમિત્ત છે તેમ જાણવું.

(૧) શ્રેણિક મહારાજા ભગવાન મહાવીરના દર્શન કરવા પધારે છે પછી પ્રભુને પૂછે છે કે "આપના પરિવારમાંથી નિત્ય એવા આત્મ સ્વરૂપના લક્ષે ઘોર કરણીના કરનાર કોણ છે?" આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીર કહે છે કે "આ ચૌદ હજાર સાધુ મોક્ષગામી છે પરંત તેમાં ધન્ના અણગાર મહાશ્રીમંત નો પુત્ર છે શરીરે કોમળ છે. સુવાળુ શરીર છે. માખણના પીંડા જેવું કોમળ છે. તે છઠ્ઠ-છઠ્ઠના પારણા કરે છે. અને તેણે તેવો જાવ-જીવનો નિયમ લીધો છે એટલે કે દેહ છુટી જાય ત્યાં સુધી છઠ્ઠનો તપ પારણુ કર્યા પછી ફરીથી છઠ્ઠનો તપ ચાલુ થઇ જાય. પારણે આહાર એવો કરે છે કે ઉખડિયા આહારના પારણા કરે છે. પચ્ચકખાણ લેતી વખતે આવા આહારથી મારો નિર્વાહ કેમ ચાલશે તેવો વિકલ્પ પણ આવ્યો નથી. આ તપની પાછળ ધન્ના અણગારના ઉડતા વેગના ભગવાને વખાણ કર્યા છે તેને તો ગમે તેવો આહાર મળ્યો હોયતો પણ મન બગાડ્યું નથી. હે શ્રેણિક તેમના પારણાનો આહાર એવો નીરસ હોય છે કે તેના પર માખી પણ ન બેસે. આ વાંત સાંભળતા શ્રેણિક રાજાનું માથું ઝુકી ગયું તે પોતે ધન્ના અણગાર પાસે જાય છે તેની તપશ્ચર્યાના વખાણ કરે છે ત્યાં રાજાએ તીર્થંકર ગોત્ર

બાંધી લીધું છે. સ્થવીરના, સંયમીના તપના વખાણ કરતાં કરતાં સહેજા-સહેજે તીર્થંકર નામ ગોત્ર બાંધી લીધું છે.

(૨) શ્રેણિક મહારાજ દરરોજ સોના-રૂપાના જવથી પ્રભુ સન્મુખ બેસી સ્વસ્તિક પૂરતાં નંદાવર્ત બનાવતા અને ભાવથી ભકિત કરતાં તેમને તીર્થંકર ગોત્ર બાંધ્યું તેવી માન્યતા પણ પ્રચલિત છે.

(૩) શ્રેણિક મહારાજાએ ધર્મની દલાલી કરી હતી તેથી તેમને તીર્થંકર નામ કર્મ બંધાયેલ અર્થાત્ શ્રી શ્રેણિક મહારાજાએ નગર ઢંઢેરો પીટાવીને એવી ઘોષણા કરાવેલી કે જેમનો પુત્ર કે પુત્રી ભગવાન મહાવીર પાસેથી દીક્ષા ગ્રહણ કરશે તેના માતા-પિતાના ભરણપોષણની જવાબદારી રાજ્યની રહેશે. આવી રીતે ઉત્કૃષ્ટ ભાવથી ધર્મ પ્રત્યે રૂચી પ્રગટતાં તીર્થંકર નામ કર્મ બંધાયેલ.

પ્ર : ૧૫૧ પ્રભુશ્રી મહાવીર દેવના નિર્વાણથી કેટલો સમય વીત્યા બાદ રાજા શ્રેણિક પ્રથમ તીર્થંકર થશે ?

ઉ : ૧૫૧ ૮૪૦૦૭ વર્ષ પાંચ મહિના વીત્યા બાદ શ્રેણિક રાજા ભરતક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ રૂપે જન્મ લેશે. તેનું ગણિત નીચે મુજબ જાણવું :-

(૧) અવસર્પિણીના ચોથા આરાનાં ૩ વર્ષ, ૮ મહિના, ૧૫ દિવસ

(૨) અવસર્પિણીના પાંચમા અને છઠ્ઠા આરાનાં ૪૨૦૦૦ વર્ષ

(૩) ઉત્સપિણીના પહેલા અને બીજા આરામાં ૪૨૦૦૦ વર્ષ

(૪) ઉત્સર્પિણીના ત્રીજા આરાનાં ૩ વર્ષ, ૮ મહિના ૧૫ દિવસ

એટલે કુલ ૮૪૦૦૭ વર્ષ પાંચ મહિના થાય. પ્રભુ મહાવીરના નિર્વાણ પછી આટલા વર્ષે પ્રથમ તીર્થકર શ્રી પદ્મનાભ ભરતક્ષેત્રમાં જન્મ લેશે.

પ્ર : ૧૫૨ હવે પછીની ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ (શ્રેણિક રાજાનો જીવ) ક્યાં જન્મ લેશે ?

ઉ : ૧૫૨ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આવેલ વૈતાઢ્યગિરિ પર્વતની તળેટીમાં આવેલ પુંડદેશ ના શતદ્વાર નગરમાં સાતમા કુલકર શ્રી સુમતિકુલકરની પત્ની ભદ્રારાણીની કુક્ષીમાં પુત્ર રૂપે આવશે. ગર્ભમાં નવ મહિના સાડા સાત દિવસ વિતાવ્યા બાદ જન્મ થશે. જન્મ થયા બાદ બાર કુંભ પ્રમાણ જેટલા કમળ ની વૃષ્ટિ થવાથી માતા-પિતા બારમે દિવસે મહાપદ્મ એવું નામ પાડશે. આઠ વર્ષની ઉમરે રાજ ગાદીએ બેસી રાજા થશે. તે સમયે પૂર્ણભદ્ર અને મણિભદ્ર નામના બે મર્હધિક દેવો તેમની સેનાનું કામ કરશે તે ઘટના જોઇ લોકો આશ્ચર્ય પામી તેમનું

"દેવસેન " એવું બીજું નામ પાડશે. કેટલાંક સમય પછી ચાર દાંતવાળો હાથી પ્રગટ થશે તેના ઉપર રાજા સવારી કરી નીકળશે. આ આશ્ચર્ય પામી લોકો તેમનું " વીમલ વાહન " એવું ત્રીજું નામ પાડશે. અનુક્રમે માતા-પિતા દેવલોક પામ્યા પછી ૩૦ વર્ષની ઉંમરે વડિલોની આજ્ઞા લઇ સંવત્સરી દાન દઇ ઉદ્યાનમાં જઇ દીક્ષા લેશે. દેવદૂષ્ય વસ્ત્ર ધારણ કરી મૂંડ થઇ સંયમ ધારણ કરશે. ત્યારબાદની વિગત શ્રી મહાવીર પ્રભુ જેવી જ જાણવી. તીર્થોદગાલિય પયન્નામાં આ બાબતનો ઉલ્લેખ છે.

ગૃહસ્થ પર્યાય : ૩૦ વર્ષ

છદ્મસ્થ પર્યાય : ૧૨ વર્ષ ૬ મહિના ૧૫ દિવસ

કેવળી પર્યાય : ૨૯ વર્ષ ૫ મહિના ૧૫ દિવસ

આયુષ્ય : ૭૨ વર્ષનું

ગણધર સંખ્યા : અગીયાર (૧૧)

પ્ર : ૧૫૩ ઉત્તસર્પિણી કાળના આ પ્રથમ તીર્થંકર મહાપદ્મ (પદ્મનાભ) ના પ્રથમ ગણધર કોણ હશે ?

ઉ : ૧૫૩ કુમારપાળ રાજા પ્રથમ ગણધર બનશે.

પ્ર : ૧૫૪ મહાવીર પ્રભુને ક્યાં આગળ અગિયાર ગણધરો ભેગા થયેલા ?

ઉ : ૧૫૪ ભગવાન મહાવીર પ્રભુ અપાપા નગરીના મહાસેન નામના ઉદ્યાનમાં પધાર્યા ત્યાં પ્રભુની બીજી દેશનાનો પ્રારંભ થયો એ દરમ્યાન ઇન્દ્રભૂતિ ગૌત્તમ આદિ મહાપંડિતો ક્રમશઃ ભગવાન પાસે આવ્યા તેમની શંકાઓનું સમાધાન થયું અને તે સર્વ ભગવાન પાસે દીક્ષિત બન્યા.

પ્ર : ૧૫૫ ભગવાન મહાવીરના અગિયાર ગણધરો ક્યારે મુક્તિને પામ્યા ?

ઉ : ૧૫૫ વીર ભગવાનના નવ ગણધરો ભગવાનની હાજરીમાં જ રાજગૃહ નગરીમાં એક એક મહિનાની સંલેખના કરીને શ્રી સિધ્ધગતિને પામ્યા. શ્રી ગૌતમ સ્વામી ભગવાનના નિર્વાણ બાદ પાવાપુરીથી ૬ માઇલ દૂર આવેલ ગુણીયાજી તીર્થક્ષેત્રેથી ભગવાનના નિર્વાણ બાદ ૧૨ વર્ષે સિધ્ધ થયા. તેઓનો મોટો અતિશય એ હતો કે તેઓ જેને દીક્ષા આપે તે પ્રત્યેક મુનિ મોક્ષને પામે. પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામી પણ વીર નિર્વાણ પછી ૨૦ વર્ષે સિધ્ધપદને પામ્યા.

પ્ર : ૧૫૬ ભગવાન મહાવીરના અગિયાર ગણધર વિષે જણાવો ?

ઉ : ૧૫૬ ભગવાન મહાવીરના અગિયાર ગણધરની વિગતો નીચે મુજબ જાણવી :-

અનુ. નંબર	નામ	સંશય	શિષ્ય પરિવાર	જન્મ ભૂમિ	જન્મ નક્ષત્ર	જન્મ રાશિ	પિતાનું નામ	માતાનું નામ	ગોત્રનું નામ	ગૃહસ્થ પર્યાય	છદ્મસ્થ પર્યાય	કેવળી પર્યાય	આયુષ્ય વર્ષ
૧	ઇન્દ્રભૂતિ	જીવનો	૫૦૦	મગધદેશ ગોબરગામ	જયેષ્ઠા	વૃશ્ચિક	વસુભૂતિ	પૃથ્વિ	ગૌતમ	૫૦	૩૦	૧૨	૯૨
૨	અગ્નિભૂતિ	કર્મનો	૫૦૦	ગોબરગામ	કૃતિકા	વૃષભ	વસુભૂતિ	પૃથ્વિ	ગૌતમ	૪૬	૧૨	૧૬	૭૪
૩	વાયુભૂતિ	શરીર અને જીવ જુદો નથી	૫૦૦	ગોબરગામ	સ્વાતિ	તુલા	વસુભૂતિ	પૃથ્વિ	ગૌતમ	૪૨	૧૦	૧૮	૭૦
૪	વ્યકત	પંચ મહાભૂત	૫૦૦	કૌલાક	શ્રવણ	મકર	ધનમિત્ર	વારૂણી	ભારદ્વાજ	૫૦	૧૨	૧૮	૮૦
૫	સુધર્મા	જે અહીં જેવો તે મરી તેવો જ થાય	૫૦૦	કૌલાક	ઉ. ફાલ્ગુની	કન્યા	ધમ્મીલ	ભદીલા	અગ્નિ વૈશ્યાય	૫૦	૪૨	૮	૧૦૦
૬	મંડિત	બંધ અને મોક્ષ	૩૫૦	મોર્ય	મઘા	સિંહ	ધનદેવ	વિજયાદેવી	વશિષ્ટ	૫૩	૧૪	૧૬	૮૩
૭	મોર્યપુત્ર	દેવલોક	૩૫૦	મૌર્ય	મૃગશીર્ષ	વૃષભ	મૌર્ય	વિજયાદેવી	કાશ્યપ	૬૫	૧૪	૧૬	૯૫
૮	અકંપિત	નારકીનો	૩૦૦	મિથિલા	ઉતરાષાઢા	મકર	દેવ	જયંતી	ગૌતમ	૪૮	૯	૨૧	૭૮
૯	અચલભ્રાતા	પુણ્ય-પાપનો	૩૦૦	કૌશલા નગરી	મૃગશીર્ષ	મિથુન	વસુ	નંદા	હારિત	૪૬	૧૨	૧૪	૭૨
૧૦	મેતાર્ય	પરલોકનો	૩૦૦	વચ્છદેશમાં તુગીક	અશ્વિની	મેષ	દત	વરૂણદેવા	કૌન્ડિન્ય	૩૬	૧૦	૧૬	૬૨
૧૧	પ્રભાસ	નિર્વાણનો	૩૦૦	રાજગૃહી	પુષ્ય	કર્ક	બલ	અતીભદ્રા	કૌન્ડિન્ય	૧૬	૯	૧૬	૪૦

પ્ર : ૧૫૭ ભગવાનના કયા ગણધરે પ્રભુને ખુબ પ્રશ્નો પૂછેલ ?

ઉ : ૧૫૭ ભગવાનના ઇન્દ્રભૂતિ ગૌત્તમ નામના ગણધરે પ્રભુને ઘણાજ પ્રશ્નો પૂછેલ છે જેમાં ૪૫ આગમોમાંથી પાચમું આગમ ભગવતી સૂત્ર રચાયું છે.

પ્ર : ૧૫૮ સુધર્મા સ્વામી વિષે જણાવો ?

ઉ : ૧૫૮ સુધર્મા સ્વામિ ભગવાન મહાવીરનાં પાંચમા ગણધર હતા. કૌલ્લાંગ સન્નિવેશ ગામમાં ઘમ્મીલ બ્રાહ્મણની પત્ની ભદ્દીલાની કુખે તેમનો જન્મ થયેલ. તેઓ ગૃહસ્થપણે ચૌદ વિદ્યાઓના પારગામી હતા. તેમણે પ્રભુ પાસે ૫૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધેલી. પછી ૩૦ વર્ષ પ્રભુની સેવા કરી. પ્રભુના નિર્વાણ પછી ૧૨ વર્ષે એટલે કે ૯૨ વર્ષની ઉમરે કેવળજ્ઞાન થયું. તે પછી ૮ વર્ષ કેવળી અવસ્થામાં રહી પુરા ૧૦૦ વર્ષે તેઓ સિધ્ધપદને પામ્યા.

પ્ર : ૧૫૯ જંબૂસ્વામી વિષે જણાવો ?

ઉ : ૧૫૯ સુધર્મા સ્વામિનો કાશ્યપ ગોત્રી શિષ્ય જંબૂ સ્વામિ ભગવાના મહાવીરના નિર્વાણ પછી ૬૪મા વર્ષે સિધ્ધને પામ્યા. ૧૬ વર્ષ ગૃહસ્થ. ૨૦ વર્ષ છદ્મસ્થ અને ૪૪ વર્ષ કેવળીપણે વિચરી ૮૦ મા વર્ષે આયુષ્ય પૂર્ણ કરી સિધ્ધપદને પામ્યા. તેમણે ૧૬ વર્ષની ઉંમરે સુધર્મા સ્વામિ પાસેથી દીક્ષા લીધેલી ૨૦ વર્ષ પછી એટલે કે ૩૬ વર્ષની ઉંમરે તેમને કેવળજ્ઞાન થયેલું અને ૪૪ વર્ષ કેવળી અવસ્થામાં રહી ૮૦ મા વર્ષે મોક્ષે ગયા.

પ્ર : ૧૬૦ કેવળી કેટલા પ્રકારના હોય છે તે વિગતવાર જણાવો ?

ઉ : ૧૬૦ મુખ્યત્વે સાત પ્રકારના કેવળી હોય છે.

(૧) **સામાન્ય કેવળી :-** કોઇ વિશેષતા ન હોતાં સામાન્ય મનુષ્ય સંયમ ધારણ કરીને ચાર ઘાતીયા કર્મોનો નાશ કરે છે તેને સામાન્ય કેવળી કહે છે. તેમની વાણી ખરતી નથી. તેમના સમોશરણની રચના થતી નથી. તેમને પાંચ કલ્યાણક પણ હોતાં નથી તેમને તીર્થંકર પ્રકૃતિનો બંધ થતો નથી.

(૨) **તીર્થંકર કેવળી :-** જેમના પાંચ કલ્યાણક થાય છે. અને તીર્થંકર પ્રકૃતિનો ઉદય થાય છે. કેવળજ્ઞાન થતાં સમોશરણની રચના દેવો કરે છે. તેમણી વાણી ખરે છે. મહાવિદેહ ક્ષેત્રમાં બે યા ત્રણ કલ્યાણક થાય છે.

(૩) **અંતકૃત કેવળી :-** જે જીવ સંયમ ધારણ કરીને અંતઃ મુર્હૂત એટલે કે ૪૮ મિનિટમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે. તેને અંતકૃત કેવલી કહે છે જેવા કે ભરત ચક્રવર્તી.

(૪) **ઉપસર્ગ કેવળી :-** સંયમ ધારણ કર્યા પછી ઉપસર્ગ બાદ જેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેને ઉપસર્ગ કેવળી કહે છે. જેવા કે પાંડવ.

(૫) **મૂક કેવળી :-** જે કેવળીની વાણી કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ ખરતી નથી તેમને મૂક કેવળી કહે છે.

(૬) **સમુદ્‌ઘાત કેવળી :-** જે કેવળીનું આયુષ્ય પૂરૂ થવા આવ્યુ હોય પણ અન્ય કર્મ, નામ, ગોત્ર, વેદનીય બાકી રહી ગયાં તેમને પૂરા કરવા માટે કેવળી ભગવાન જે સમુદ્‌ઘાત કરે છે તેને સમુદ્‌ઘાત કેવળી કહે છે.

(૭) **અનુબધ્ધ કેવળી :-** એક કેવળી મોક્ષે જાય તેની સાથે સાથે જ બીજા કેવળીનું થવું એ બંનેમાં અંતર ન રહેવુ તેને અનુબધ્ધ કેવળી કહે છે.

પ્ર : ૧૬૧ કેવળી અને શ્રુતકેવળી એ બેમાં ફેર શું ?

ઉ : ૧૬૧ કેવળી એ તીર્થંકર ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલું છે. એટલે કે તીર્થંકર ભગવાનની કૃપાનું ફળ છે અને શ્રુતકેવળી એ પુરૂષાર્થનું ફળ છે. શ્રુતકેવળી એટલે આખુ શ્રુતજ્ઞાન જેને હાજર છે. અને તે આત્મા પ્રગટ કરે તેવું છે. શ્રુતકેવળી એટલે આ તમામ શાસ્ત્રોનું જે રહસ્ય છે તે જેને બધુ સમજમાં આવી ગયેલુ ફીટ થયેલું છે તે શ્રુત કેવળી.

પ્ર : ૧૬૨ અશોચ્યા કેવળી એટલે શું ?

ઉ : ૧૬૨ અશોચ્યા કેવળી એ માગધી ભાષાનો શબ્દ છે. કોઇ જ્ઞાની પાસે કે કેવળજ્ઞાની પાસે સાંભળ્યા વગર જ જ્ઞાન થયેલું જેને સ્વયમ્‌બુધ્ધ કહે છે એના જેવું જ આ અશોચ્યા કેવળી છે. અશ્રુત એટલે કંઇ સાંભળ્યા કર્યા સિવાય કેવળ ઉત્પન્ન થયેલું તે.

પ્ર : ૧૬૩ ભગવાન મહાવીરના માતા-પિતા કયા દેવલોકે ગયા ?

ઉ : ૧૬૩ આંચારાંગસૂત્રમાં બારમે દેવલોકે ગયા છે એમ જણાવ્યું છે જ્યારે અન્ય મતે ચોથે દેવલોકે ગયાની હકીકત છે.

પ્ર : ૧૬૪ મહાવીર પ્રભુનો ગર્ભ ખસેડયાની વિગત શેમાં છે ?

ઉ : ૧૬૪ ભગવતી સૂત્રમાં હરિણૈગમેષિ દેવ દ્વારા આ ઘટના થયેલ તેમ વર્ણવ્યુ છે.

પ્ર : ૧૬૫ મહાવીર પ્રભુના શાસનમા કેટલા પ્રત્યેક બુધ્ધો હતા તથા બીજાઓના શાસનમાં કેટલા હતા ?

ઉ : ૧૬૫ પ્રભુ મહાવીરના શાસનમા ચૌદ હજાર પ્રત્યેક બુધ્ધો હતા તથા વૃષભદેવ વિગેરેને જેટલા સાધુઓ હતા તેટલા બધા પ્રત્યેક બુધ્ધો હતા.

પ્ર : ૧૬૬ મહાવીર પ્રભુના નિર્વાણ વખતે કયુ નક્ષત્ર અને તિથિ હતી ?

ઉ : ૧૬૬ અમાવાસ્યા તિથિ (આસો વદ અમાસ) તથા સ્વાતિ નક્ષત્ર હતું.

પ્ર : ૧૬૭ મહાવીર પ્રભુ અને પ્રથમ ગણધર ગૌતમને આગળના કયા ભવમા સબંધ હતો ?

ઉ : ૧૬૭ પાંચમુ આગમ ભગવતી સૂત્રના ચૌદમા શતકના સાતમા ઉદેશાની ટીકામાં ઉલ્લેખ છે કે ત્રીપૃષ્ટ વાસુદેવના ભવમાં શ્રી ગૌતમ તેમના રથના સારથી હતા.

પ્ર : ૧૬૮ તીર્થનો વિચ્છેદ ક્યારે થયેલ ?

ઉ : ૧૬૮ નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથથી સોળમાં શ્રી શાંતિનાથ પ્રભુ સુધીના સાત આંતરામા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ શ્રી તીર્થનો સર્વથા વ્યવછેદ થયો હતો.

પ્ર : ૧૬૯ પ્રભુ મહાવીરે જે સાડા બાર વર્ષ જે તપ કર્યુ હતું તેમાં પાણી વાપર્યું છે કે નહી ?

ઉ : ૧૬૯ પ્રભુ મહાવીરે દીક્ષા લીધી તે દિવસથી આરંભીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયુ ત્યાં સુધી તપના દિવસોમાં પાણી વાપર્યું નથી પરંતુ પારણામાં તો પાણી વાપર્યુ છે.

પ્ર : ૧૭૦ ઈન્દ્ર વ્યાકરણની રચના કોણે અને ક્યારે કરી ?

ઉ : ૧૭૦ મહાવીરને તેમના માતા-પિતા પંડીત પાસે આઠ વર્ષની ઉમરે વિદ્યા ભણાવવા લઈ જાય છે ત્યારે ઈન્દ્ર આસન કંપ થવાથી ઈન્દ્ર ત્યાં આવે છે મહાવીર પ્રભુને પંડીતના આસન ઉપર બેસાડે છે અને પોતે સામે બેસી પ્રશ્નો પૂછે છે તે બધાના જે જવાબો પ્રભુએ આપ્યા તે ઈન્દ્ર વ્યાકરણ તરીકે ઓળખાય છે. આ પ્રશ્નો તથા ઉત્તરો ત્યાં ઉપિસ્થીત પંડીતે ધારણ કરી રાખ્યા અને પછી ઈન્દ્ર વ્યાકરણની રચના કરી.

પ્ર : ૧૭૧ એક તીર્થંકર મોક્ષમા જાય પછી બીજા તીર્થંકર મોક્ષમાં જાય તે વચ્ચે ઉત્કૃષ્ટ કેટલો કાળ જાય ?

ઉ : ૧૭૧ નંદીસૂત્ર, સિધ્ધ પ્રાભૃત પયન્ના તથા સિધ્ધપંચાશિકમાં, જણાવ્યા મુજબ મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સહસ્ત્રપૃથકત્વ પૂર્વ કાળ અને ભરત તથા ઐરાવત ક્ષેત્રની અપેક્ષાએ ૧૮ કોડા કોડી સાગરોપમનો કાળ હોય છે.

પ્ર : ૧૭૨ ભગવાન મહાવીર જે રાત્રીએ મોક્ષે ગયા ત્યારે રાત્રી કેટલી બાકી હતી ?

ઉ : ૧૭૨ કલ્પસૂત્ર મુજબ અમાવાસ્યાની રાત્રીએ ''સર્વાર્થ સિદ્ધ'' મુહૂતમાં ભગવાન મોક્ષે ગયા એક અહોરાત્રીના ૩૦ મુહૂત હોય છે તેમા સર્વાર્થ સિદ્ધ મુહૂત ઓગણત્રીસમુ (૨૯) મુહૂત છે અને એક મુહૂત બે ઘડીનું હોય છે તેથી તે સવાર્થસિદ્ધ મુહૂત રાત્રી ચાર ઘડી બાકી હોય તે જ અવસરે શરૂ થાય એ ઉપરથી એમ કહી શકાય કે તે વખતે ચાર ઘડી રાત્રી શેષ બાકી હતી.

પ્ર : ૧૭૩ શ્રી તીર્થંકર ભગવંતોના જન્મ સમયે ૫૬ દીક્કકુમારીકાઓ આવે છે તે વ્યંતરની કે ભુવનપતિ નીકાયની હોય છે ?

ઉ : ૧૭૩ આવશ્યક સૂત્રના વિવરણમાં સૂરિપુરંદર શ્રી મલયગીરી મહારાજ સાહેબ લખે છે કે તે ભુવનપતિ નિકાયની દેવીઓ છે.

પ્ર : ૧૭૪ ઋષભદેવ ભગવાને ગૃહસ્થાવસ્થામાં કયો આહાર કર્યો અને કયુ પાણી પીધુ હતુ ?

ઉ : ૧૭૪ વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ જ્યા સુધી ગૃહસ્થાવસ્થામાં હતા એટલે કે દીક્ષા લીધી ત્યાં સુધી શકેન્દ્રની આજ્ઞાથી દેવતાઓ દેવકુરૂ અને ઉત્તરકૂરુ ક્ષેત્રમાં રહેલ કલ્પવૃક્ષોના ફળો અને ક્ષીરોદક સમુદ્રનુ પાણી લાવીને હાજર કરતા હતા તે જ આહાર અને પાણી પ્રભુએ વાપર્યા હતા.

પ્ર : ૧૭૫ તીર્થંકર ભગવંત માતાના ગર્ભમાં આવે તે ગર્ભ સામાન્ય સ્ત્રીની જેમ લોકોના જાણવામા આવે યા નહિ ?

ઉ : ૧૭૫ આવશ્યક સૂત્રની ચૂર્ણિ અનુસાર તીર્થંકરની માતાઓ ગુપ્ત ગર્ભાઓ હોય છે. એટલે કે ગર્ભથી માતાનું ઉદર વૃદ્ધિ પામતુ નથી જેથી લોકોના જાણવામાં આવે નહી.

પ્ર : ૧૭૬ વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકર ભગવંતોને શ્રુતજ્ઞાન સરખુ જ હતું કે વધારે ઓછું ?

ઉ : ૧૭૬ આવશ્યક સૂત્રની વૃતિમાં આચાર્યદેવ મલયગીરી મહારાજ સાહેબે લખ્યું છે કે પૂર્વભવમાં અર્થાત જે ભવમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યુ તે ભવમાં જે ભગવાનને જેટલુ શ્રુતજ્ઞાન હોય તેટલું જ શ્રુતજ્ઞાન તીર્થંકરના ભવમા પણ હોય. આ નીયમ મુજબ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવને દ્વાદશાંગીનું જ્ઞાન હતું જ્યારે બાકીના ૨૩ તીર્થંકર ભગવંતોને અગીયાર અંગોનું જ્ઞાન હતું.

પ્ર : ૧૭૭ વર્તમાન ચોવીસીના કેટલા તીર્થંકરો અનાર્યદેશમાં વિચર્યા છે ?

ઉ : ૧૭૭ આવશ્યક સૂત્રની ટીકામાં મલયગીરી મહારાજ સાહેબ લખે છે કે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન બાવીસમાં તીર્થંકર શ્રી નેમીનાથ ભગવાન ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ અને ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીર સ્વામી પ્રભુ આ ચાર તીર્થંકર ભગવંતો અનાર્ય ક્ષેત્રને વિષે પણ વિચર્યા છે.

પ્ર : ૧૭૮ ભગવાન મહાવીરે પોતાના પચ્ચીસમાં શ્રી નંદનઋષીના ભવમાં કેટલા માસ ક્ષમણ કર્યા હતા ?

ઉ : ૧૭૮ અગીયાર લાખ, એંસી હજાર છસોને પીસતાળીસ માસક્ષમણ અને ઉપર પાંચ દિવસનો તપ કરેલ છે.

પ્ર : ૧૭૯ તીર્થંકર ભગવંતોના લાંછન કેવી રીતે નક્કી થાય છે ?

ઉ : ૧૭૯ તીર્થંકર ભગવંતોના જન્મ સમયે તેમના સાથળમાં રૂવાંડાઓની રચના થાય અર્થાત સાથળના ભાગમાં જે ચીન્હ હોય તેના આધારે લાંછન નક્કી થાય છે.

પ્ર : ૧૮૦ શ્રેણીક રાજાનો જીવ હવે પછીની ચોવીસીમા પ્રથમ તીર્થંકર થશે ત્યારે તેના માતા પિતાનુ નામ શું હશે?

ઉ : ૧૮૦ તીર્થોદ્ગાલિય પયન્નામાં કહ્યું છે કે, શતદ્વાર નામના નાગરમાં સુમુચી નામના રાજાની ભદ્રા નામની રાણીના પુત્ર તરીકે શ્રી પદ્મનાભ સ્વામીનો પ્રથમ તીર્થંકર રૂપે જન્મ થશે.

પ્ર : ૧૮૧ સુપાર્શ્વનાથ ઉપર કેટલી ફણા હોય છે અને શ્રી પાર્શ્વનાથ ઉપર કેટલી ફણા હોય છે?

ઉ : ૧૮૧ સુપાર્શ્વનાથ ઉપર એક, પાંચ કે નવ ફણા હોય છે. જ્યારે પાર્શ્વનાથ ઉપર ત્રણ, સાત કે અગીયાર ફણા હોય છે. ધરણેન્દ્રે દેવે સાત ફણાવાળું ફણીધરનું રૂપ ધરી ભગવાનની ઉપર છત્ર કર્યું હતું.

પ્ર : ૧૮૨ મહાવીર પ્રભુએ પ્રથમ દેશના ક્યાં આપી હતી? તે નીષ્ફળ જવાનું કારણ?

ઉ : ૧૮૨ જાંભૃક ગામની બહાર ઋજુવાલુકા નદીના કાંઠા ઉપર આવેલા " શ્યામાક" નામના ગૃહપતિના ક્ષેત્રમાં " ગોદોહિક" આસને આતાપના લેતા મહાવીર પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. અહીં સર્વ વિરતિને યોગ્ય કોઇ જીવ નથી એમ જાણતા છતા પણ પોતાનો કલ્પ છે એમ જાણીને બે ઘડી સુધી ત્યાં સમવસરણમાં બેસીને દેશના આપી. મનુષ્યો તો ત્યાં આવ્યા જ હતા. માત્ર ઉપકારને યોગ્ય વિરતિનો સ્વીકાર કરનાર કોઇ લાયક જીવ (મનુષ્ય) ન હતા એજ કારણથી દેશના નીષ્ફળ ગઇ.

નોંધ : પ્રવચન સારોદ્ધારના ૧૩૮માં દ્વારની ટીકામાં તથા કલ્પસૂત્રની કીરણાવલીમાં આ વાત જણાવેલ છે.

પ્ર : ૧૮૩ ઇન્દ્રની શંકા દૂર કરવા ચરણના અંગૂઠાથી મેરૂ કંપાવ્યો એ વાત ક્યાં લખી છે ?

ઉ : ૧૮૩ ભગવાન મહાવીરના મસ્તક ઉપર એક કરોડ સાઇઠ લાખ કળશોનો અભિષેક કરવાનો છે ત્યારે ઇન્દ્રને શંકા ઉત્પન્ન થાય છે કે, પ્રભુ આ સહન કરી શકશે કે કેમ? તેમની શંકા દૂર કરવા પ્રભુએ પોતાના ડાબા

ચરણનાં અંગૂઠાથી મેરુને દબાવ્યો તો મેરુ કંપવા લાગ્યો આ વાત મહાનિશીથ સૂત્રના ત્રીજા અધ્યયનમાં જણાવેલ છે.

પ્ર : ૧૮૪ તીર્થકર દેવોએ ચાર્તુમાસમાં દીક્ષા અંગીકાર કરી છે ?

ઉ : ૧૮૪ વર્તમાન ચોવીસીના છઠ્ઠા તીર્થકર શ્રી પદ્મપ્રભુ સ્વામીએ આસો વદિ તેરસને દિવસે તથા બાવીસમાં તીર્થકર શ્રી નેમીનાથ ભગવાને શ્રાવણ સુદી છઠ્ઠને દિવસે દીક્ષા અંગીકાર કરી હતી તથા નીચેના તીર્થકરોને ચાર્તુમાસમાં કેવળ જ્ઞાન ઉપજ્યું હતું

	નક્ષત્ર
ત્રીજા તીર્થકર શ્રી સંભાવનાથ સ્વામી આસો વદ પાંચસ-	મૃગશીર્ષ
૯માં તીર્થકર શ્રી સુવિધીનાથ સ્વામી કારતક સુદ ત્રીજ-	મૂળ
૧૮ માં તીર્થકર શ્રી અરનાથ સ્વામી કારતક સુદ બારસ-	રેવતી
૨૨ માં તીર્થકર શ્રી નેમીનાથ સ્વામી ભાદરવા વદ અમાસ-	ચીત્રા

નોધ: કેવળજ્ઞાન થયા પછી નીયમથી જ તીર્થકર ભગવંતો ધર્મતીર્થની સ્થાપના કરે છે અને તીર્થની સ્થાપના દીક્ષા આપ્યા વિના તો થઇ શકતી નથી તેથી તેઓએ ચાર્તુમાસમાં દીક્ષા પણ આપી છે.

પ્ર : ૧૮૫ મહાવીર પ્રભુએ ચતુર્વિધ સંધની સ્થાપના ક્યારે કરેલી ?

ઉ : ૧૮૫ ૨૫૫૧ વર્ષ પૂર્વે વૈશાખ સુદ અગીયારસના દિવસે મહાવીર પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હતી.

પ્ર : ૧૮૬ આદીનાથ (ઋષભદેવ) ભગવાનના તેર ભવો કયા કયા તે જણાવો ?

ઉ : ૧૮૬ આદીનાથ ભગવાનના તેર ભવો નીચે મુજબ જાણવા.

(૧) ધન નામના સાર્થવાહ તરીકેનો. આજ ભવમાં ધર્મઘોષ નામના ગુરુ પાસેથી તેમના સાધુઓને ઘીનું દાન આપવા વડે સમકિત પામ્યા હતા.
(૨) યુગલિક (ઉત્તરકુરુ ક્ષેત્રમાં)
(૩) સૌધર્મનામના પહેલા દેવલોકમાં
(૪) મહાબળ નામે રાજા (મહાવિદેહ ક્ષેત્રમાં)
(૫) ઇશાન નામના બીજા દેવલોકમાં લલિતાંગ નામના દેવ
(૬) વજ્રજંઘ નામે રાજા.
(૭) યુગલિક.
(૮) સૌધર્મ દેવલોકમાં દેવ.
(૯) વૈદ્ય તરીકે (જીવાનંદ નામના વૈદ્ય તરીકે)

(૧૦) અચ્યુત દેવલોકમાં દેવ.
(૧૧) વજ્રનાભ નામે ચક્રવર્તી - (તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.)
(૧૨) સર્વાથસિદ્ધ નામના વિમાનમાં દેવ.
(૧૩) ઋષભદેવ તરીકેનો

પ્ર : ૧૮૭ અજીતનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૮૭ (૧) વિમલવાહન રાજા આ જ ભવમાં અરિદમન નામના મુનિની પાસે પ્રવજ્યા ગ્રહણ કરી અને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરેલ.
(૨) વિજય નામના અનુત્તર વિમાનમાં.
(૩) ત્રીજો ભવ અજિતનાથ તરીકેનો.

પ્ર : ૧૮૮ સંભવનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૮૮ (૧) વિપુલબલ રાજા, આ જ ભવમાં સ્વયંપ્રભ (સંભ્રાન્ત) નામના ગુરુ પાસે પ્રવજ્યા ગ્રહણ કરી. અને તીર્થંકર નામ કર્મ બાંધેલ.
(૨) આનંતકલ્પ નામના દેવલોકમાં.
(૩) સંભવનાથ તરીકેનો.

પ્ર : ૧૮૯ અભિનંદનસ્વામીના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૮૯ (૧) મહાબળ રાજા, આ જ ભવમાં વિમલસૂરિની પાસે વ્રતગ્રહણ કર્યું.
(૨) વિજય નામના અનુત્તર વિમાનમાં દેવ.
(૩) અભિનંદનસ્વામી તરીકેનો.

પ્ર : ૧૯૦ સુમતિનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૯૦ (૧) પુરુષસિંહકુમાર, આ જ ભવમાં વિજયનંદનગુરુ પાસે પ્રવજ્યા ગ્રહણ કરી.
(૨) વૈજયન્ત નામના અનુત્તર વિમાનમાં.
(૩) સુમતિનાથ તરીકેનો.

પ્ર : ૧૯૧ પદ્મપ્રભપ્રભુના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૯૧ (૧) અપરાજિતનામનો રાજા, આ જ ભવમાં પિહિતાશ્રુવ નામના સૂરિની પાસે દીક્ષા ગ્રહણ કરી. અને તીર્થંકર નામ કર્મ બાંધેલ.
(૨) નવમા ગ્રૈવેયકમાં.
(૩) પદ્મપ્રભ તરીકેનો.

પ્ર : ૧૯૨ સુપાર્શ્વનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૯૨ (૧) નંદિષેણનામના રાજા, આ જ ભવમાં અરિદમન આચાર્ય પાસેથી દીક્ષા ગ્રહણ કરી.

(૨) છઠ્ઠા ગ્રૈવેયકમાં.
(૩) સુપાર્શ્વનાથ તરીકેનો.

પ્ર : ૧૯૩ ચંદ્રપ્રભસ્વામીના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૯૩ (૧) પદ્મરાજા, આ જ ભવમાં યુગંધરગુરુની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું.
(૨) વૈજયન્ત નામના અનુત્તર વિમાનમાં.
(૩) ચંદ્રપ્રભ તરીકેનો.

પ્ર : ૧૯૪ સુવિધિનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૯૪ (૧) મહાપદ્મરાજા, આ જ ભવમાં જગન્નંદગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરી.
(૨) વૈજયન્ત નામના અનુત્તર વિમાનમાં.
(૩) સુવિધિનાથ તરીકેનો.

પ્ર : ૧૯૫ શીતળનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૯૫ (૧) પદ્મોત્તર રાજા, આ જ ભવમાં અસ્તાધગુરુની પાસે દીક્ષા ગ્રહણ કરી.
(૨) પ્રાણત દેવલોકમાં.
(૩) શીતળનાથ તરીકેનો.

પ્ર : ૧૯૬ શ્રેયાંસનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૯૬ (૧) નલિનગુલ્મ રાજા, આ જ ભવમાં વજ્રદત્ત નામના ઋષિએ દીક્ષા આપી.
(૨) શુક્ર નામના દેવલોકમાં.
(૩) શ્રેયાંસનાથ તરીકેનો.

પ્ર : ૧૯૭ વાસુપૂજ્ય સ્વામીના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૯૭ (૧) પદ્મોત્તરરાજા, આજ ભવમાં વજ્રનાભ નામના ઋષિપાસે દીક્ષા લીધી.
(૨) પ્રાણત નામના દેવલોકમાં.
(૩) વાસુપૂજ્ય સ્વામી તરીકેનો.

પ્ર : ૧૯૮ વિમલનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૯૮ (૧) પદ્મસેન રાજા, આ જ ભવમાં સર્વગુપ્ત ગુરુની પાસે દીક્ષા લીધી.
(૨) સહસ્ત્રાર નામના દેવલોકમાં.
(૩) વિમલનાથ તરીકેનો.

પ્ર : ૧૯૯ અનંતનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૧૯૯ (૧) પદ્મરથ રાજા, આ જ ભવમાં ચિત્તરક્ષ ગુરુ પાસે દીક્ષા લીધી.
(૨) પ્રાણત નામના દેવલોકમાં.
(૩) અનંતનાથ તરીકેનો.

પ્ર : ૨૦૦ ધર્મનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૨૦૦ (૧) દ્રઢરથ રાજા, આ જ ભવમાં વિમલવાહન ગુરુ પાસે વ્રત ગ્રહણ કર્યું.
(૨) વૈજયન્ત નામના અનુત્તર વિમાનમાં.
(૩) ધર્મનાથ તરીકેનો.

પ્ર : ૨૦૧ શાંતિનાથ ભગવાનના બાર ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૨૦૧ (૧) શ્રીષેણ રાજા તરીકેનો
(૨) યુગલિક
(૩) સૌધર્મ દેવલોકમાં દેવ.
(૪) વૈતાઢ્ય પર્વત ઉપર અમિતતેજ રાજા.
(૫) પ્રાણત દેવલોકમાં દેવ
(૬) મહાવિદેહક્ષેત્રમાં અપરાજિત નામે બળદેવ.
(૭) અચ્યુત્ત નામના દેવલોકમાં ઇન્દ્ર.
(૮) વજ્રાયુદ્ધ નામના ચક્રવર્તી.
(૯) ત્રીજા ગ્રૈવેયકમાં દેવ. (અમુક ગ્રંથોમાં નવમાં ગ્રૈવેયકમાં દેવ)
(૧૦)મેઘરથ નામે રાજા. (તીર્થંકર નામકર્મ બાંધેલ)
(૧૧)સર્વાથસિદ્ધ વિમાનામાં દેવ.
(૧૨)શાંતિનાથ તરીકે.

પ્ર : ૨૦૨ કુંથુનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૨૦૨ (૧) સિંહાવહ રાજા, આ જ ભવમાં વત્સરાચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી.
(૨) સર્વાથસિદ્ધ વિમાનમાં દેવ.
(૩) કુંથુનાથ તરીકેનો.

પ્ર : ૨૦૩ અરનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૨૦૩ (૧) ધનપતિ નામનો રાજા, આ જ ભવમાં સંવરનામના મુનિ પાસે વ્રત લીધું.
(૨) નવમાં ગ્રૈવેયકમાં.
(૩) અરનાથ તરીકેનો.

પ્ર : ૨૦૪ મલ્લિનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૨૦૪ (૧) મહાબળ નામનો રાજા, આજ ભવમાં વરધર્મ ગુરુ પાસે દીક્ષા લીધી
(૨) વૈજયન્ત નામના અનુત્તર વિમાનમાં.
(૩) મલ્લિનાથ તરીકેનો.

પ્ર : ૨૦૫ મુનિસુવ્રતસ્વામી ના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૨૦૫ (૧) સુરશ્રેષ્ઠ નામનો રાજા, આ જ ભવમાં સુનંદમુનિ પાસે વ્રત લીધું.
(૨) પ્રાણત દેવલોકમાં.
(૩) મુનિસુવ્રત તરીકેનો.

પ્ર : ૨૦૬ નમિનાથ ભગવાનના ત્રણ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૨૦૬ (૧) સિદ્ધાર્થરાજા, આ જ ભવમાં સુદર્શન મુનિ પાસે દીક્ષા લીધી.
(૨) અપરાજિત નામના અનુત્તર વિમાનમાં દેવ.
(૩) નમિનાથ તરીકેનો.

પ્ર : ૨૦૭ નેમિનાથ ભગવાનના નવ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૨૦૭ (૧) ધનનામનો રાજા.
(૨) સૌધર્મ દેવલોકમાં દેવ તરીકે.
(૩) ચિત્રગતિનામનો વિદ્યાધર રાજા.
(૪) માહેન્દ્ર નામના દેવલોકમાં.
(૫) અપરાજિત નામનો રાજા.
(૬) આરણ નામના દેવલોકમાં,
(૭) શંખ નામનો રાજા.
(૮) અપરાજિત નામના અનુત્તર વિમાનમાં દેવ.
(૯) નેમિનાથ તરીકેનો.

નોંધ :- નેમિનાથના ભવમાં જે રાજીમતિ (રાજુલ) હતી તે અગાઉના આઠ ભવોમાં પણ સાથે હતી તે દરેક ભવમાં જે નામ હતા તે આ મુજબ જાણવા : ધનવતી, દેવી, રત્નાવતી, દેવી, પ્રીતિમતી, દેવી, યશોમતિ, દેવી,

પ્ર : ૨૦૮ પાર્શ્વનાથ ભગવાનના દસ ભવ કયા કયા તે જણાવો ?

ઉ : ૨૦૮ (૧) મરુભૂતિ નામે બ્રાહ્મણ.
(૨) યુથપતિ હાથી.
(૩) સહસ્ત્રાર નામના દેવલોકમાં.
(૪) કિરણવેગ નામે રાજા.
(૫) બારમાં દેવલોકમાં.
(૬) વજ્રનાભ નામનો રાજા.
(૭) મધ્ય ગ્રૈવેયકમાં લલિતાંગ નામે દેવ.
(૮) સુવર્ણબાહુ નામનો રાજા.
(૯) દસમાં દેવલોકમાં.
(૧૦) પાર્શ્વનાથ તરીકે.

નોંધ :- અમુક ગ્રંથોમાં ૧૧ભવ પણ વર્ણવવામાં આવેલ છે. સનાતન સત્ય કેવળીગમ્ય.

પ્ર : ૨૦૯ મહાવીરપ્રભુના સત્યાવીશ ભવો કયા કયા તે જણાવો ?

ઉ : ૨૦૯ (૧) નયસાર નામના ગ્રામ સેવક તરીકેનો, જે ભવમાં તેમણે સાધુઓને ગોચરી વ્હોરાવવાથી તથા જૈન મુનિના બોધથી સમકિત પ્રાપ્ત થયેલ.

(૨) સૌધર્મ દેવલોકમાં.

(૩) મરીચી.

(૪) દસ સાગરોપમના આયુષ્યવાળો દેવ.

(૫) કૌશિક નામે બ્રાહ્મણ.

(૬) પુષ્પમિત્ર નામે બ્રાહ્મણ.

(૭) સૌધર્મ દેવલોકમાં.

(૮) અગ્નુદ્યોત નામે બ્રાહ્મણ.

(૯) ઈશાન દેવલોકમાં.

(૧૦)અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ.

(૧૧)સનતકુમાર દેવલોકમાં.

(૧૨)ભારદ્વાજ નામે બ્રાહ્મણ.

(૧૩)માહેન્દ્ર દેવલોકમાં.

(૧૪)સ્થાવર નામે બ્રાહ્મણ.

(૧૫)મધ્યમઆયુ વાળો દેવતા.

(૧૬)વિશ્વભૂતિ નામે રાજા.

(૧૭)મહાશુક્ર નામના દેવલોકમાં.

(૧૮)ત્રિપુષ્ટ નામના પ્રથમ વાસુદેવ.

(૧૯)સાતમી નર્કમાં.

(૨૦)કેસરીસિંહ

(૨૧)ચોથી નરકમાં.

(૨૨)પ્રિયમિત્ર નામે મહાવિદેહક્ષેત્રમાં ચક્રવર્તી.

(૨૩)મહાશુક્ર નામના દેવલોકમાં.

(૨૪)નંદન નામે રાજા. (આ ભવમાં તીર્થંકર નામ કર્મ બાંધેલ)

(૨૫)પ્રાણત નામના દસમાં દેવલોકમાં.

(૨૬)દેવાનંદા નામે બ્રાહ્મણની સ્ત્રીની કુક્ષિમાં. (૮૨ દિવસ)

(૨૭) મહાવીર તરીકેનો.

પ્ર : ૨૧૦ તીર્થંકર ભગવાનને જન્મથી જે અવધિજ્ઞાન હોય છે તે લોકપર્યન્તનું હોય કે અમુક ક્ષેત્ર પુરતું જ હોય છે ?

ઉ : ૨૧૦ જે દેવલોકથી અથવા જે નરકથી ચ્યવનપામીને આવ્યા હોય ત્યાં જેટલું અવધિજ્ઞાન હોય તેટલું તે લઈને આવે, ત્યાર બાદ અહીં તીર્થંકરના ભવમાં આત્મીકગુણો વધતાં મનુષ્યનું ગુણ પ્રત્યયિક અવધિ હોવાથી તે દિન-પ્રતિદિન વધતું જાય. જેમ પ્રભુ મહાવીરસ્વામી ભગવાનની દીક્ષા બાદ તેમના પૂર્વભવની અપમાનિત સ્ત્રી વ્યંતરી બનેલી હતી તેણીએ પ્રભુને શીત જલનો ખૂબ ઉપસર્ગ કર્યો. પ્રભુએ સમભાવથી એ ઉપસર્ગ સહન કર્યો ત્યારે તેઓશ્રીને લોકાવધિ ઉત્પન્ન થયું આ વાત સાબિત કરે છે કે મનુષ્ય ભવમાં જ લોકાવધિ ઉત્પન્ન થાય છે.

પ્ર : ૨૧૧ તીર્થંકર ભગવાનના જન્મકલ્યાણકનો મહોત્સવ કરવા ઈન્દ્ર પોતાના વિમાનમાં કઈ કઈ ચીજો સાથે લઈને જતા હશે ?

ઉ : ૨૧૧ અષ્ટમંગળ, હજાર નાની ધ્વજા યુક્ત એક-એક હજાર યોજન પ્રમાણનો મહેન્દ્રધ્વજ આદિ વસ્તુઓ સાથે લઈને જાય છે.

પ્ર : ૨૧૨ શ્રી તીર્થંકર ભગવાનનો જન્માભિષેક કરતી વખતે દેવો નીચે બેસે છે કે નહીં ?

ઉ : ૨૧૨ દેવો ઉભા-ઉભા જ શ્રી જિનેશ્વર ભગવંતનો જન્માભિષેક કરે છે.

પ્ર : ૨૧૩ તીર્થંકર ભગવંતો ગૃહસ્થપણામાં પ્રભુ પૂજા કરતા હોય છે ?

ઉ : ૨૧૩ શ્રી મલ્લિનાથ ચરિત્ર મુજબ શ્રી તીર્થંકરભગવાન સિદ્ધપરમાત્માની મૂર્તિની પૂજા ગૃહસ્થપણામાં કરે છે. શ્રી શત્રુંજયમહાત્મ્યમાં શ્રી અજિતનાથ ભગવાને પૂજા કરી હતી તેવો ઉલ્લેખ છે એટલે ગૃહસ્થ પણામાં પ્રભુ પૂજા કરતા હોય છે. પરંતુ તે મૂર્તિ સિદ્ધ ભગવાનની હોવી જોઈએ.

પ્ર : ૨૧૪ તીર્થંકર પ્રભુ સંવત્સરી દાન દે છે તે સૂવર્ણમુદ્રાનું વજન કેટલું હોય છે?

ઉ : ૨૧૪ આ સુવર્ણમુદ્રાનું વજન એશીં(૮૦)રતી હોય છે. એક દિવસમાં નવહજાર મણ જેટલી સુવર્ણમુદ્રાઓ સંવત્સરી દાનમાં વપરાય છે.

પ્ર : ૨૧૫ સમવસરણમાં તીર્થંકર પ્રભુ પધારે ત્યારે "નમો તિત્થસ્સ" કહે છે તે શા માટે ?

ઉ : ૨૧૫ તીર્થની સેવા કરવાથી પ્રભુ તીર્થંકર બન્યા છે માટે તેઓ "**नमो तित्थस्स**" કહે છે.

પ્ર : ૨૧૬ તીર્થંકર ભગવાન પોતાની લબ્ધિવડે અષ્ટાપદની યાત્રા કરવા જાય ખરા?

ઉ : ૨૧૬ શ્રી તીર્થંકર પ્રભુ પોતેજ યાત્રા સ્વરૂપ છે. તેથી તેઓશ્રીને યાત્રા કરવા જવાનું હોતું નથી તેમજ તેઓ લબ્ધિનો ઉપયોગ કરતા નથી, કારણ કે લબ્ધિનો ઉપયોગ એ પ્રમતદશા છે અને શ્રી તીર્થંકર પ્રભુ હંમેશા અપ્રમતદશામાં હોય છે.

પ્ર : ૨૧૭ ચોવીશે તીર્થંકર ભગવંતોના સમયમાં સમવસરણનું પ્રમાણ એક સરખું હશે ?

ઉ : ૨૧૭ ચોવીશે તીર્થંકર ભગવંતોના સમવસરણનું પ્રમાણ એક સરખું હોતું નથી શ્રી ઋષભદેવ પ્રભુનું બાર યોજન અને ત્યાર પછી શ્રી નેમીનાથ ભગવાન સુધી બે-બે ઓછા કરતાં જવાં. એટલે શ્રી નેમીનાથ ભગવાનનું સમવસરણ દોઢ યોજન, શ્રી પાર્શ્વનાથ ભગવાનનું પાંચ ગાઉ અને શ્રી મહાવીરસ્વામી ભગવાનનું ચાર ગાઉનું સમવસરણ સમજવું.

પ્ર : ૨૧૮ સમવસરણમાં દેવછંદા કેટલા હોય છે ?

ઉ : ૨૧૮ સમવસરણની બહાર ઈશાન ખુણામાં દેવછંદો એકજ હોય છે.

પ્ર : ૨૧૯ તીર્થંકરભગવાન કેવળજ્ઞાન થયા પછી કયા ટાઈમે દેશના આપે છે ?

ઉ : ૨૧૯ સૂર્યોદયથી એક પ્રહર અને સૂર્યાસ્ત પહેલા એક પ્રહર એમ દિવસમાં કુલ બે પ્રહર દેશના આપે છે.

પ્ર : ૨૨૦ સમવસરણમાં ઉભી ઉભી કઈ પર્ષદા પ્રભુની દેશના સાંભળે છે ?

ઉ : ૨૨૦ ચાર પ્રકારના દેવોની દેવીઓ અને સાધ્વીઓ ઉભી ઉભી પ્રભુજીની દેશના સમવસરણમાં સાંભળે આમ શ્રી આવશ્યકવૃત્તિમાં કહેલ છે, જ્યારે તેનીજ ચૂર્ણીમાં વૈમાનિકદેવીઓ અને સાધ્વીઓ ઉભી ઉભી સાંભળે તેમ જણાવેલ છે.

પ્ર : ૨૨૧ સમવસરણની ચાર દિશામાં જે ધર્મધ્વજ હોય તે દરેકના નામ જણાવો?

ઉ : ૨૨૧ પૂર્વદિશામાં ધર્મધ્વજ, દક્ષિણદિશમાં માનધ્વજ, પશ્ચિમદિશામાં ગજધ્વજ અને ઉત્તર દિશામાં સિંહધ્વજ હોય છે.

પ્ર : ૨૨૨ સમવસરણમાં દેવોએ કરેલી પુષ્પોની વૃષ્ટિ સચિત્ત કે અચિત્ત ?

ઉ : ૨૨૨ તીર્થંકરના સમવસરણમાં દેવો જે ફૂલોની વૃષ્ટિ કરે છે તે સચિત્ત હોય છે, પરંતુ તીર્થંકર ભગવાનના અતીશયને કારણે તે ફૂલોની કિલામણા થતી નથી માટે સાધુઓને તે ફૂલો ઉપર ચાલવામાં દોષ લાગતો નથી.

પ્ર : ૨૨૩ પ્રભુના સમવસરણમાં અભવ્ય જીવ જાય ખરા ?

ઉ : ૨૨૩ ખુશીથી જાય. કાલસૌકરિક નામનો કસાઇ અભવ્ય હોવા છતાંય શ્રી મહાવીરપ્રભુના સમવસરણમાં જતો હતો.

પ્ર : ૨૨૪ સમવસરણમાં કોઇ આહારક શરીર બનાવીને ત્યાં આવ્યું હોય તો તેને કોઇ જોઇ શકે ખરા ?

ઉ : ૨૨૪ સોપ યોગીને આહારક શરીર દેખાય.

પ્ર : ૨૨૫ પાર્શ્વનાથ ભગવાન કયા આસને મોક્ષે ગયા ?

ઉ : ૨૨૫ પાર્શ્વનાથ ભગવાન ઉભા ઉભા કાયોત્સર્ગધ્યાને મોક્ષે ગયા એમ શ્રી કલ્પસૂત્ર ફરમાવે છે.

પ્ર : ૨૨૬ શ્રી મહાવીરસ્વામી પ્રભુએ શ્રીનંદનમુનિના ભવમાં એક લાખ વર્ષના દીક્ષા પર્યાયમાં ૧૧,૮૦,૬૪૫(અગિયારલાખ એશીંહજાર છસ્સો પિસ્તાલીસ) અને પાંચ દિવસનો તપ કેવી રીતે કર્યો તે ગણિત કરી સમજાવો ?

ઉ : ૨૨૬ શ્રીનંદનમુનિના ભવમાં એકલાખ વર્ષનો દીક્ષા પર્યાય સૂર્યસંવત્સરથી લેવાનો છે અને એક સૂર્યસંવત્સરના ત્રણસો છાસઠ દિવસ થાય છે. તે દિવસોથી એક લાખ ને ગુણવા જે સંખ્યા આવે તેને એકત્રીસે ભાગવા એટલે ઉપરોક્ત સંખ્યા આવી જશે : ૧,૦૦,૦૦૦ × ૩૬૬ = ૩,૬૬,૦૦,૦૦૦

૩૧)૩૬૬૦૦૦૦૦(૧૧૮૦૬૪૫

૩૬૫૯૯૯૯૫

૦૦૦૦૦૦૦૫

પ્ર : ૨૨૭ મહાવીર ભગવાન કયા આસને મોક્ષે ગયા એમ ગણાય છે ?

ઉ : ૨૨૭ પલ્યંકાસને મોક્ષે ગયા.

પ્ર : ૨૨૮ મહાવીર પ્રભુના સાસુ-સસરાનું નામ શું હતું ?

ઉ : ૨૨૮ મહાવીર પ્રભુના સસરાનું નામ સમરવીર હતું અને સાસુનું નામ યશોદયા હતું.

પ્ર : ૨૨૯ ભગવાન મહાવીરના માતા-પિતા કયા દેવલોકમાં ગયા હતા ?

ઉ : ૨૨૯ આચારાંગ સૂત્રમાં ભગવાન મહાવીરના માતા-પિતા બારમે દેવલોકે ગયા તેવો ઉલ્લેખ છે, અન્ય મતે ચોથે દેવલોકે ગયાની હકીકત પણ જાણવા મળેલ છે. સનાતન સત્ય કેવળીગમ્ય.

પ્ર : ૨૩૦ મહાવીરપ્રભુના નિર્વાણ સમયે કયું નક્ષત્ર, કઇ તિથિ, કયું મુહૂર્ત હતું તે જણાવો ?

ઉ : ૨૩૦ મહાવીરપ્રભુના નિર્વાણ સમયે સ્વાતિનક્ષત્ર, અમાવસ્યા(અમાસ) તિથિ અને સર્વાર્થસિદ્ધ નામનું મુહૂર્ત હતું.

પ્ર : ૨૩૧ મહાવીરસ્વામીની આજ્ઞા કેટલી અને કઇ-કઇ ?

ઉ : ૨૩૧ મહાવીરસ્વામીની આજ્ઞા બે પ્રકારની છે શક્તિ સમ્પન્ન જીવે સર્વવિરતિ અને ઓછી શક્તિવાળા જીવે દેશવિરતી ધારણ કરવી જોઇએ.

પ્ર : ૨૩૨ તીર્થંકર ભગવંતો બાલ્યાવસ્થામાં પોતાની માતાનું કે ધાવમાતાનું સ્તનપાન કરે છે કે નહીં ?

ઉ : ૨૩૨ આવશ્યકસૂત્રની ચૂર્ણિ અનુસાર તીર્થંકર ભગવંતો જ્યારે તૃષા અથવા ક્ષુધા લાગે ત્યારે પોતાના પગનો અંગુઠો મુખમાં રાખે છે કારણ કે તેમાં ઇન્દ્ર સર્વભક્ષ્ય પરિણમાવે છે. તેથી તેઓ સ્તનપાન કરતા નથી.

પ્ર : ૨૩૩ ગણધર ભગવંતોને કેટલા જ્ઞાન હોય છે ?

ઉ : ૨૩૩ ગણધર ભગવંતો નિયમથી જ ચારજ્ઞાન ધારણ કરવા વાળા હોય છે.

પ્ર : ૨૩૪ ગણધર ભગવંતોનું તેજ કેટલું હોય છે ?

ઉ : ૨૩૪ ગણધર ભગવંતોનું તેજ અનુત્તર દેવલોકના દેવોથી પણ અધિક હોય છે, પરંતુ તે ગણધર પદ પામ્યા પછી ઉદયમાં આવે છે તે પહેલા સત્તામાંજ પડેલું હોય છે અને તે પુણ્યથી ઉદયમાં આવે છે લબ્ધિથી નહીં.

પ્ર : ૨૩૫ ગણધરભગવંતોની દેશનામાં કેવળજ્ઞાનીઓ બેસે કે નહીં ?

ઉ : ૨૩૫ સામાન્યરીતે કેવળજ્ઞાનીઓ બેસે છે, ક્યારેક ઉઠી પણ જાય પરંતુ બેસેજ છે એમ ન કહી શકાય.

પ્ર : ૨૩૬ સમવસરણમાં ગણધરો ક્યાં બેસે છે ?

ઉ : ૨૩૬ સમવસરણમાં ગણધરો ભગવાનની સન્મુખ સૌથી પ્રથમ બેસે છે. તેમની પાછળ કેવળી ભગવંતો બેસે છે.

પ્ર : ૨૩૭ વર્તમાન ચોવીસીમાં થયેલાં આઠ અભવ્ય જીવો કે જે વધારે ખ્યાતિ પામેલા તેઓના નામ જણાવો ?

ઉ : ૨૩૭ સંગમદેવ, કાલસૌકરિક કસાઇ, કપીલા નામની દાસી, અંગારમર્દક નામના આચાર્ય, કૃષ્ણ મહારાજાનો "પાલક" નામનો પુત્ર, શ્રી સ્કંધકસૂરીના ૫૦૦

શિષ્યોને ઘાણીમાં પીલનાર દંડક રાજાનો "પાલક" નામનો મંત્રી, પૌષધમાં રહેલા ઉદાયી મહારાજાને મારી નાંખનાર વિનયરત્ન, દ્વારીકા નગરીનો ધનવંતરી નામનો વૈદ્ય આ આઠ અભવ્ય જીવો વધારે ખ્યાતિ પામેલ.

પ્ર : ૨૩૮ મહાવીર ભગવાનના જમાઈ રાજ "જમાલીના" કેટલા ભવ કહેલાં છે?

ઉ : ૨૩૮ ભગવતી સૂત્રમાં કર્ણિકા વૃત્તિમાં "જમાલીના" પંદર ભવ જણાવેલાં છે.

પ્ર : ૨૩૯ ભવનપતિમાંથી કોઈ દેવ આવીને તીર્થંકર થાય ?

ઉ : ૨૩૯ પ્રજ્ઞાપના સૂત્રના ૨૦માં પદની વૃત્તિમાં કહેલું છે કે ઐરાવત ક્ષેત્રમાં આ ચોવીસીના થયેલાં ચોવીસમાં તીર્થંકર નાગકુમારમાંથી નીકળીને થયા છે. શ્રી સેન પ્રશ્નના બીજા ઉલ્લાસમાં કહેલ છે કે, હવે પછીની ચોવીસીમાં થનાર બીજા તથા ત્રીજા તીર્થંકર ભગવંતો જેવા કે, શ્રી મહાવીર ભગવાનના કાકા સુપાર્શ્વનો જીવ તથા શ્રી શ્રેણિક મહારાજાના પૌત્ર પૌષધમાં કાલધર્મ પામ્યા હતા, તે ઉદાયીરાજાનો જીવ આ બન્ને ભવનપતિમાંથી નીકળીને તીર્થંકર થશે.

પ્ર : ૨૪૦ ગૌતમ બુદ્ધ અને મહાવીર ભગવાન વચ્ચે કેટલી ઉંમરનો તફાવત હતો?

ઉ : ૨૪૦ ગૌતમ બુદ્ધ જ્યારે બાવીસ વર્ષના હતા ત્યારે મહાવીર પ્રભુનો જન્મ થયો હતો, તેથી બન્ને વચ્ચે ૨૧ વર્ષનો તફાવત ગણાય. ગૌતમ બુદ્ધ જ્યારે ૩૦ વર્ષના હતા, ત્યારે મહાવીર પ્રભુ ૮ વર્ષના હતા. અને ગૌતમ બુદ્ધ ૫૨ વર્ષના હતા ત્યારે મહાવીર પ્રભુએ ૩૦માં વર્ષે દીક્ષા લીધી હતી.

પ્ર : ૨૪૧ મહાવીર પ્રભુ ગૌતમ ગણધરને વારંવાર કઈ બાબત અંગે ચેતવતા હતા?

ઉ : ૨૪૧ મહાવીર પ્રભુ ગૌતમ ગણધરને હંમેશા "સમયં ગોયમ મા પમાયએ!" અર્થાત્ "હે ગૌતમ એકક્ષણનો પ્રમાદ સેવીશ નહિ."

પ્ર : ૨૪૨ વર્તમાન ચોવીસીના તીર્થંકરોના વખતોમાં કેટલા ભવ્ય પુણ્યાત્મા જીવોએ તીર્થંકર નામકર્મ બાંધેલ ?

ઉ : ૨૪૨ (૧) ઋષભદેવના તીર્થમાં :- મરીચિ

(૨) સુપાર્શ્વનાથના તીર્થમાં :- વર્મારાજા

(૩) શીતલનાથના તીર્થમાં :- હરિષેણ અને વિશ્વભૂતિ

(૪) શ્રેયાંસનાથના તીર્થમાં :- શ્રીકેતુ, ત્રિપુષ્ઠ, ધન, મરૂભૂતિ, અમિત, તેજ,

(૫) વાસુપૂજ્યના તીર્થમાં :- નંદ-નંદન, શંખ, સિદ્ધાર્થ

(૬) મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં :- શ્રી વર્મા, રાવણ, નારદ
(૭) નેમિનાથના તીર્થમાં :- શ્રી કૃષ્ણ
(૮) પાર્શ્વનાથના તીર્થમાં :- અંબડ તાપસ, સત્યકી, આનંદ શ્રાવક
(૯) મહાવીરના તીર્થમાં :- શ્રેણીક, સુપાર્શ્વ, પોટ્ટીલ, ઉદાયી, દ્રઢાયુ, શંખ, શતક, સુલસા શ્રાવિકા, રેવતીશ્રાવિકા

પ્ર : ૨૪૩ મહાવીર સ્વામીનો પરિવાર વર્ણવો ?

ઉ : ૨૪૩ માતા - દેવાનંદા બ્રાહ્મણી
પિતા - ઋષભદત્ત બ્રાહ્મણ
માતા - ત્રિશલાદેવી
પિતા - સિદ્ધાર્થ રાજા
મોટા ભાઈ - નંદીવર્ધન
ભાભી - જ્યેષ્ઠા
બ્હેન - સુદર્શના
પત્ની - યશોદા
પૂત્રી - પ્રિયદર્શના
જમાઈ - જમાલી
પૌત્રી - શેષવતી

સસરા - સમરવીર
સાસુ - યશોદયા
કાકા - સુપાર્શ્વ
ફુવા - જીતશત્રુ
નાના - કેકરાજા
નાની - યશોમતિ
મામા - ચેડારાજા
મામી - પૃથ્વીરાણી
માસા - શતાનિકરાજા
માસી - મૃગાવતી

પ્ર : ૨૪૪ મહાવીર પ્રભુના નિવાર્ણ સમયે પુણ્યપાલ રાજાને આવેલ આઠ સ્વપ્ન અને તેનુ ફળ શું તે જણાવો ?

ઉ : ૨૪૪

સ્વપ્ન	ફળ
(૧) હાથી	- ક્ષણિક સુખ માટે મહા દુઃખરૂપ સંસાર નહિ છોડે.
(૨) વાંદરો	- ધર્માચાર્યો ચંચળ પરિણામિ થશે.
(૩) ક્ષીરવૃક્ષ	- શ્રાવકોને અન્યધર્મીઓ ઘેરી લેશે.
(૪) કાક પક્ષી	- ગચ્છની વ્યવસ્થા તૂટી જશે.
(૫) સિંહ	- જિનધર્મની અન્યધર્મી કરતા સ્વધર્મી જ હેલના કરશે
(૬) કમળ	- ધર્મી ખરાબ સોબતથી ભ્રષ્ટ થશે.
(૭) બીજ	- પાત્રાપાત્રનો વિચાર કર્યા વિના ધર્મનું શ્રવણ કરાવશે તેથી પરિણામ સારું નહિ આવે.
(૮) કુંભ	- ક્ષમાદિ ગુણયુક્ત સાધુ થોડા હશે.

પ્ર : ૨૪૫ ભગવાન મહાવીરે સંયમી જીવનમા કરેલ બેતાલીસ (૪૨) ચાર્તુમાસ કઈ કઈ નગરીમા કરેલા તે જણાવો ?

ઉ : ૨૪૫

રાજગૃહી (નાલંદાપાડામાં) -	૧૪	શ્રાવસ્તી નગરી -	૧
મિથિલા નગરી -	૬	વજ્જભૂમિ (અનાર્ય ભૂમિ) -	૧
વૈશાલી નગરી -	૧૨	અપાપાપુરી (પાવાપૂરી) -	૧
પૃષ્ક્રચંપા નગરી -	૩	ભદ્રીકા નગરી -	૨
આલંબિકા નગરી-	૧	અસ્થિક ગ્રામ -	૧

પ્ર : ૨૪૬ ભગવાન મહાવીર શાસનના છ શ્રુતકેવળી વિશે જણાવો ?

ઉ : ૨૪૬

નામ	આયુષ્ય	ગોત્ર	વિશેષમાહિતી
(૧) શ્રી પ્રભવ સ્વામી	૧૦૫	કાત્યાયન	ત્રીજા પટ્ટધર
(૨) શ્રી સ્વંયભવસૂરિ	૮૫	વસ્સ	ચોથા પટ્ટધર, દશવૈકાલિક સૂત્રના રચયિતા
(૩) શ્રી યશોભદ્ર	૮૬	લુંગિકાયન	-
(૪) શ્રી આર્યસંભૂતિવિજય	૮૦	માઢર	૧૨ શિષ્યસંપદા
(૫) શ્રી સ્થવિર ભદ્રબાહુ	૭૬	પ્રાચીન	ઉવસગ્ગહરંના રચયિતા
(૬) શ્રી સ્થુલભદ્રજી	૯૯	ગૌતમ	૮૪ ચોવિશી નામ રહેશે

પ્ર : ૨૪૭ ભગવાન મહાવીરના શાસનમાં થયેલ દશ પૂર્વધર મુનીઓના નામ જણાવો?

ઉ : ૨૪૭

(૧) શ્રી આર્ય મહાગિરી
(૨) શ્રી આર્ય સુહસ્તિ
(૩) શ્રી ગુણસુંદરસૂરિ
(૪) શ્રી શ્યામાર્ય
(૫) શ્રી સ્કંદિલાચાર્ય
(૬) શ્રી રેવતીમિત્રસૂરિ
(૭) શ્રી ધર્મ
(૮) શ્રી ભદ્રગુપ્ત
(૯) શ્રી શ્રીગુપ્ત
(૧૦) શ્રી વજ્રસ્વામી

卐

અધ્યાય સાતમો
ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બળરામ

પ્ર : ૧ શલાકા પુરૂષો કોને કહેવાય ?

ઉ : ૧ શલાકા એટલે શ્લાધ્ય અર્થાત્ પ્રખ્યાત અને આ બ્રહ્માંડના શ્રેષ્ઠ પુરૂષો. આ શલાકા પુરૂષો અવસર્પિણીના છ આરામાં ભરતક્ષેત્રમાં કુલ ત્રેસઠ શલાકા પુરૂષો થાય છે. તેમની ગણત્રી નીચે મુજબ ગણવામાં આવે છે.

(૧) તીર્થંકરો	૨૪
(૨) ચક્રવર્તીઓ	૧૨
(૩) વાસુદેવ	૯
(૪) પ્રતિ વાસુદેવ	૯
(૫) બળરામ	૯
	૬૩

આ ૬૩ શલાકા પુરૂષો મોક્ષગામી હોય છે.

પ્ર : ૨ ચક્રવર્તી કોને કહેવાય ?

ઉ : ૨ થાળી સરખું ગોળ અને ચારે બીજુ તીક્ષ્ણ ધાર અને દાંતાવાળું તથા વજ્રરત્નનું ચક્રરત્ન નામનું મુખ્ય શસ્ત્ર જેની પાસે હોય અને જે છ ખંડને જીતે. વળી શરીરમાં રહેલા ચક્રો ઉપર પણ જે વિજય પ્રાપ્ત કરે અર્થાત્ તે ચક્રોને સાધે (ભેદે) તેને ચક્રવર્તી કહેવાય. [વાસુદેવ પાસે પણ ચક્રરત્ન હોવા છતાં તે ત્રણ જ ખંડને જીતે છે માટે તે ચક્રવર્તી ન ગણાય.]

પ્ર : ૩ વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા બાર ચક્રવર્તીઓ કયા ગોત્રના હતા ?

ઉ : ૩ વર્તમાન અવસર્પિણી કાળમા થયેલાં બાર ચક્રવર્તીઓ કાશ્યપ ગોત્રી હતા.

પ્ર : ૪ ચક્રવર્તીની માતાને ચક્રવર્તીના ગર્ભમા આવતાં કેટલા સ્વપ્ન આવે છે ? કયાં કયાં ?

ઉ : ૪ ચક્રવર્તી જ્યારે ગર્ભમાં આવે છે ત્યારે તીર્થંકરની માતાની જેમ ચક્રવર્તીની માતાને પણ નીચે મુજબના ચૌદ સ્વપ્નો આવે છે, પરંતુ આ સ્વપ્નો કંઇક અંશે તીર્થંકરની માતાની અપેક્ષાએ ઝાંખા દેખાય છે. આ ચૌદ સ્વપ્નો નીચે મુજબ જાણવા :- (૧) હાથી (૨) બળદ(વૃષભ) (૩) કેસરિ સિંહ (૪) લક્ષ્મી દેવી (૫) ફૂલની માળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કળશ (કુંભ) (૧૦) પદ્મ સરોવર (૧૧) રત્નનો ઢગલો (૧૨) વિમાન (૧૩) ધૂમાડા વિનાની અગ્નિ શિખા (૧૪) સમુદ્ર

પ્ર : ૫ વર્તમાન અવસર્પિણીમા થયેલા બાર ચક્રવર્તીઓ વિષે જણાવો ?

ઉ : ૫ બાર ચક્રવર્તીઓનું કોષ્ટક નીચે મુજબ જાણવું :-

ચક્રવર્તીનું નામ	કોના સમયમા થયેલ	શરીરની ઉંચાઇ	આયુષ્ય વર્ષનું
(૧) ભરત	પ્રથમ તીર્થંકર વૃષભદેવના	૫૦૦ ધનુષ	૮૪ લાખ પૂર્વ
(૨) સગર	બીજા તીર્થંકર અજિતનાથ	૪૫૦ ધનુષ	૭૨ લાખ પૂર્વ
(૩) મઘવા	પંદરમા તીર્થંકર ધર્મનાથ અને	૪૨॥ ધનુષ	૫ લાખ વર્ષ
(૪) સનતકુમાર	સોળમા તીર્થંકર શાંતિનાથ વચ્ચેના વખતમાં	૪૧॥ ધનુષ	૩ લાખ વર્ષ
(૫) શાંતિનાથ	આ પોતે ચક્રવર્તી પણ હતા	૪૦ ધનુષ	૧ લાખ વર્ષ
(૬) કુંથુનાથ	અને તેજ ભવમાં ૧૬,૧૭,૧૮માં	૩૫ ધનુષ	૯૫૦૦૦ વર્ષ
(૭) અરનાથ	તીર્થંકર પણ હતા.	૩૦ ધનુષ	૮૪૦૦૦ વર્ષ
(૮) સુભૂમ	૧૮ મા અને ૧૯મા તીર્થંકરના વચ્ચેના સમયમાં	૨૮ ધનુષ	૬૦૦૦૦ વર્ષ
(૯) મહા પદ્મ	૨૦ મા તીર્થંકરના સમયમાં	૨૦ ધનુષ	૩૦૦૦૦ વર્ષ
(૧૦) હરિષેણ	૨૧ મા તીર્થંકરના સમયમાં	૧૫ ધનુષ	૧૦૦૦૦ વર્ષ
(૧૧) જય	૨૧ મા તીર્થંકરના સમયમાં	૧૨ ધનુષ	૩૦૦૦ વર્ષ
(૧૨) બ્રહ્મદત્ત	૨૨ મા તીર્થંકરના સમયમાં	૭ ધનુષ	૭૦૦ વર્ષ

નોધ :- ઉપરોક્ત બાર ચક્રવર્તીમાંથી ત્રીજા અને ચોથા નંબરના ચક્રવર્તી (મઘવા, સનતકુમાર) દેવલોકમાં ગયેલા છે. આંઠમા ચક્રવર્તી સુભુમ અને બારમાં ચક્રવર્તી બ્રહ્મદત્ત નરકમાં ગયેલા છે. અને બાકીના આઠ ચક્રવર્તીઓ મોક્ષમાં ગયેલા છે.

પ્ર : ૬ ચક્રવર્તી પાસે કેટલાં રત્નો હોય છે ?

ઉ : ૬ ચક્રવર્તી પાસે કુલ ચૌદ રત્નો હોય છે. તેમાંના સાત રત્નો એકેન્દ્રિય હોય છે અને બાકીનાં સાત રત્નો પંચેન્દ્રિય હોય છે જે નીચે મુજબ જાણવા :-

(૧) ચક્ર રત્ન :- આ રત્ન ચક્રવર્તીની આયુધશાળામાં ઊપજે છે. ખંડ જીતવા માટે આગળ માર્ગ બતાવે છે. ચાર હાથનું હોય છે. (ચાર હાથ પ્રમાણનું)

(૨) છત્ર રત્ન :- આ રત્ન ચક્રવર્તીની આયુધશાળામાં ઊપજે છે. આ રત્ન ૪૮ કોશ (ગાઉ) અર્થાત્ ૧૨ યોજન પ્રમાણે છાયા કરે છે. તે ચાર હાથ પ્રમાણનું હોય છે.

(૩) ચર્મ રત્ન :- આ રત્ન ચક્રવર્તીના લક્ષ્મીના ભંડારમાં ઊપજે છે. ચર્મ રત્ન તે નદી આદિ પાર ઉતારે છે. તે બે હાથ પ્રમાણે હોય છે.

(૪) **દંડ રત્ન** :- આ રત્ન ચક્રવર્તીની આયુધશાળામાં ઊપજે છે. આ દંડ રત્ન દ્વારા તે તમીસ્ત્રા અને ખંડ પ્રપાતા ગુફાના દ્વાર ઉઘાડે છે. તે ચાર હાથ પ્રમાણનું હોય છે.

(૫) **અસિ રત્ન** :- આ રત્ન ચક્રવર્તીની આયુધશાળામાં ઊપજે છે. અર્થાત્ ઉત્પન્ન થાય છે. તે શત્રુને હણે છે. ખડ્ગ કહેવાય છે, જે ૫૦ આંગળ લાંબુ, ૧૬ આંગળ પહોળુ અને અર્ધ આંગળ જાડું હોય છે.

(૬) **મણિ રત્ન** :- આ રત્ન ચક્રવર્તીના લક્ષ્મીના ભંડારમાં ઊપજે છે. તે રત્ન પ્રકાશ ફેલાવે છે. ચાર અંગુલ લાંબુ અને ૨ અંગુલ પહોળું હોય છે.

(૭) **કાંગણિ રત્ન** :- કાંગણિ રત્ન તે તમિસ્ત્રા અને ખંડપ્રપાતા ગુફામાં ૪૯ માંડલા (વર્તુળ) આલેખે તથા તોલા-માપ વધારે આઠ સૌનેયા ભારનું હોય છે. કાંકિણી રત્ન તરીકે પણ ઓળખાય છે. લક્ષ્મીના ભંડારમાં ઉપજે છે.

(૮) **સેનાપતિ** :- આ રત્ન ચક્રવર્તીના પોતાના નગરમાં ઊપજે છે. જે દેશ જીતવામાં ચક્રવર્તીને મદદ કરે છે તે સેનાપતિની ઉંચાઇ ચક્રવર્તી જેટલી જ હોય છે.

(૯) **ગાથાપતિ** :- આ રત્ન ચક્રવર્તીના પોતાના નગરમાં ઊપજે છે. જે ધાન અને રસવૃતિ નીપજાવે. તે ચક્રવર્તીના ઘેર રસોઇ બનાવે છે. તેની ઊંચાઇ પણ ચક્રવર્તી જેટલી જ હોય છે.

(૧૦) **વાર્ધકિ રત્ન** :- આ રત્ન ચક્રવર્તીના પોતાના નગરમાં ઊપજે છે. તે આવાસ અને ઘર નીપજાવે છે. તેમની ઉંચાઇ ચક્રવર્તી જેટલી જ હોય છે.

(૧૧) **પુરોહિત રત્ન** :- આ રત્ન ચક્રવર્તીને પોતાના નગરમાં ઊપજે છે. જે ઇજાગ્રસ્ત ધાવને સાજા કરે તથા શાંતી કર્મ કરે, વિઘ્ન ટાળે જેની ઉંચાઇ પણ ચક્રવર્તી જેટલી જ હોય છે.

(૧૨) **સ્ત્રી રત્ન** :- આ સ્ત્રી રત્ન વિદ્યાધરની શ્રેણીમાં ઊપજે છે. આ સ્ત્રીની ઉંચાઇ ચક્રવર્તીથી ૪ આંગળ નીચી હોય છે. જે ચક્રવર્તીના ભોગ સાધનના કામમાં આવે છે.

(૧૩) **અશ્વ રત્ન** :- આ રત્ન વૈતાઢ્ય પર્વતની તળેટીમાં ઊપજે છે. સવારી કરવાના કામમા આવે છે. ૧૦૮ અંગુલ લાંબો અને ૮૦ અંગુલ ઊંચો હોય છે.

(૧૪) **ગજ રત્ન** :- આ રત્ન વૈતાઢ્ય પર્વતમાં જ ઊપજે છે. સવારી અને યુધ્ધ વખતે કામમાં આવે છે. ચક્રવર્તીની ઊંચાઇથી બમણો ઊંચો હોય છે.

પ્ર : ૭ ચક્રવર્તી કેવુ દૂધ પીતા હોય છે ?

ઉ : ૭ હજારો ગાયોનું દૂધ પી જાય છે એટલે શકિત જબરજસ્ત હોય. સારી જાતિની પસંદ કરેલી (સીલેક્ટેડ) હજાર ગાયોનું દૂધ કાઢવામાં આવે તે ઉચ્ચ ક્વોલીટીની સો ગાયોને પાવામાં આવે તે સો ગાયોનું જે દૂધ નીકળે તે પાછી દસ ગાયોને પાવામાં આવે. આ દસ ગાયોનું જે દૂધ નીકળે તે પાછી ચક્રવર્તીની ખાસ એક ગાયને પાવામાં આવે અને આ એક ગાયનું જે દૂધ નીકળે તેમાં કેટલાય મસાલા નાંખીને ઉકાળવામાં આવે અને તે તૈયાર થયેલું દૂધ ચક્રવર્તી પીતા હોય છે. તેમના હાથમા એટલી તાકાત હોય છે કે તાંબાનો ઘડો તેમના હાથમાં આપવામાં આવે તો તે હાથમાં ઝાલીને તેને રોલીંગ મીલની જેમ પતરું કરીને પાછો આપી શકે.

પ્ર : ૮ ચક્રવર્તીની તાકાત હોર્સ પાવરના કોષ્ટક મુજબ કેટલી તે જણાવો ?

ઉ : ૮ ચક્રવર્તીની તાકાત બે વાસુદેવ જેટલી હોય છે. જે નીચેના કોષ્ટક મુજબ ગણવી :-

૧૨ શૂરવીર યોધ્ધાનું બળ	=	૧ આખલામાં
૧૦ આખલાનું બળ	=	૧ ઘોડાનું બળ
૧૨ ઘોડાનું બળ	=	૧ પાડાનું બળ
૫૦ પાડાનું બળ	=	૧ હાથીનું બળ
૫૦૦ હાથીનું બળ	=	૧ સિંહનું બળ
૨૦૦૦ સિંહનુ બળ	=	૧ અષ્ટાપદનું બળ
૧૦ લાખ અષ્ટાપદનું બળ	=	૧ બળરામનું બળ
૨ બળરામનું બળ	=	૧ વાસુદેવમાં બળ હોય
૨ વાસુદેવનું બળ	=	૧ ચક્રવર્તીમાં હોય

પ્ર : ૯ ચક્રવર્તીના વાસણ સાફ કરનારી દાસીની તાકાત કેટલી ?

ઉ : ૯ જે વાસણમાં ચક્રવર્તી માટેનું દૂધ ઉકાળવામાં આવેલુ હોય તે વાસણમાં ખપરડા બાઝેલાં હોય તે ખપરડા આ દાસી ખાય એટલે તે દાસીની તાકાત પણ જોરાવર બને. આ વાસણ સાફ કરનારી દાસી પણ તાંબાની ડગરીને પતરું બનાવી દે. આ દૂધ બીજાને પચે નહી.

પ્ર : ૧૦ ચક્રવર્તીના શરીરે ચંદન ઘસવાવાળી દાસીની તાકાત કેટલી ?

ઉ : ૧૦ આ ચંદન ઘસવાવાળી સ્ત્રી વજ્ર હીરાને ચપટીમાં ચોળીને ચૂર્ણ કરી શકે છે.

પ્ર : ૧૧ ચક્રવર્તીની પોતાની સ્ત્રી રત્ન ગણાતી પત્નીની તાકાત કેટલી હોય છે ?

ઉ : ૧૧ ચક્રવર્તીની પોતાની સ્ત્રી રત્ન ગણાતી પત્ની હીરાને પોતાની હથેળીમાં મસળી તેનુ ચૂર્ણ કરી સ્વસ્તિક પૂરે છે અને ચક્રીને તે હીરાના ચૂર્ણનું તિલક કરે છે.

પ્ર : ૧૨ સર્વે ચક્રવર્તીઓને કેવો હાર હોય છે ?

ઉ : ૧૨ સર્વે ચક્રવર્તીઓને ચોસઠ સેરવાળો મુક્તામણિનો હાર હોય છે.

પ્ર : ૧૩ દરેક ચક્રવર્તીને કેટલી કળાઓ હોય છે ?

ઉ : ૧૩ દરેક ચક્રવર્તીને બોતેર જેટલી કળાઓ આવડતી હોય છે આ બોતેર કળાઓનાં નામ નીચે મુજબ જાણવા :-

(૧) લેખન	(૧૯) શાસ્ત્રાભ્યાસ	(૩૭) આગમ	(૫૫) રસવતી
(૨) ગણિત	(૨૦) રસ	(૩૮) સંહિતા	(૫૬) સર્વકરણી
(૩) ગીત	(૨૧) મંત્ર	(૩૯) ઇતિહાસ	(૫૭) પ્રાસાદ લક્ષણ
(૪) નૃત્ય	(૨૨) તંત્ર	(૪૦) સામુદ્રિક	(૫૮) જુગાર
(૫) વાદ્ય	(૨૩) વિષ	(૪૧) વિજ્ઞાન	(૫૯) ચિત્રોપલ
(૬) પઠન	(૨૪) ખનિજ પદાર્થ	(૪૨) આર્ચાયકવિદ્યા	(૬૦) લેપ
(૭) શિક્ષા	(૨૫) ગંધવાદ	(૪૩) રસાયન	(૬૧) ચર્મકર્મ
(૮) જ્યોતિષ	(૨૬) પ્રાકૃત	(૪૪) કપટ	(૬૨) પત્રચ્છેદ્ય
(૯) છંદ	(૨૭) સંસ્કૃત	(૪૫) વિદ્યાનુવાદ	(૬૩) નખરછેદ્ય
(૧૦) અલંકાર	(૨૮) પૈશાચિક	(૪૬) દર્શન સંસ્કાર	(૬૪) પત્રપરીક્ષાં
(૧૧) વ્યાકરણ	(૨૯) અપભ્રંશ	(૪૭) ધૂર્તશંબલક	(૬૫) વશીકરણ
(૧૨) નિરૂકિત	(૩૦) સ્મૃતિ	(૪૮) મણિકર્મ	(૬૬) કાષ્ઠધન
(૧૩) કાવ્ય	(૩૧) પુરાણ	(૪૯) વૃક્ષના રોગનું ઓસડ જાણવાની વિદ્યા	(૬૭) દેશભાષા
(૧૪) કાત્યાયન	(૩૨) અનુષ્ઠાન	(૫૦) ખેચરી કલા	(૬૮) ગારૂડ
(૧૫) શબ્દકોશ	(૩૩) સિધ્ધાન્ત	(૫૧) અમરી કલા	(૬૯) યોગાંગ
(૧૬) અશ્વારોહણ	(૩૪) તર્ક	(૫૨) ઇન્દ્રજાળ	(૭૦) ધાતુ કર્મ
(૧૭) ગજારોહણ	(૩૫) વૈદ્યકળા	(૫૩) પાતાલસિધ્ધ	(૭૧) કેવલવિધિ
(૧૮) હાથીઘોડા કેળવવાની વિદ્યા	(૩૬) વેદ	(૫૪) યંત્રક	(૭૨) દેશકાળને અનુરૂપ વિદ્યાઓ

પ્ર : ૧૪ ચક્રવર્તીની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયા પછી રાજા શું કરે છે?

ઉ : ૧૪ રાજા સમાચાર મળતાં જ આયુધશાળામાં પ્રવેશ કરે છે. ત્યાં ચક્રનું અવલોકન થતાં જ રાજા તેને પ્રણામ કરે છે. પછી મોરપીંછીથી ચક્રનું માંર્જન કરે છે જોકે આ સુંદર ચક્ર રત્ન ઉપર રજ હોતી નથી. પછી રાજા પવિત્ર જળ વડે ચક્રને સ્નાન કરાવે છે પછી ગોશીર્ષ ચંદનથી તિલક કરે છે. પછી. પુષ્પ, ગંધ, વાસચૂર્ણ, વસ્ત્ર વગેરેથી પૂજન કરે છે. પછી તેની આગળ ચાંદીના અક્ષત વડે અષ્ટમંગલ આલેખે છે. અને પાંચ વર્ણોના પુષ્પોનો ઉપહાર ધરી ધૂપ કરે છે. ત્યારબાદ ત્રણ પ્રદક્ષિણા કરી સાત આઠ પગલાં પાછળ ચાલી નીચે નમીને ચક્રને નમસ્કાર કરે છે પછી અંષ્ટાન્હિકા ઉત્સવ કરે છે . બીજા ધનાઢ્ય લોકો પણ પછી ચક્રનું પૂજન કરે છે.

પ્ર : ૧૫ ચક્રવર્તી સેના લઈને નીકળે છે ત્યારે દરરોજ ચક્ર કેટલી ગતી કરે છે ?

ઉ : ૧૫ ચક્રવર્તી સેના લઈને નીકળે છે ત્યારે ચક્ર આકાશમાં અધ્ધર સેનાની આગળ ચાલે છે. દરરોજ એક યોજન ચક્ર ચાલે પછી સ્થિતિ કરે એટલે કે ઊભુ રહે એથી ચક્રવર્તી હંમેશા એક એક યોજનના પ્રમાણથી ચાલે છે.

પ્ર : ૧૬ ચક્રવર્તી છ ખંડ જીતવાની શરૂઆત ક્યાંથી અને કેવી રીતે કરે છે ?

ઉ : ૧૬ ચક્રવર્તીનું ચક્ર આગળ ચાલી માગધ તીર્થ પાસે અટકે છે. અર્થાત્ ચક્રવર્તી છ ખંડ જીતવાની શરૂઆત માગધતીર્થથી કરે છે. માગધતીર્થ પહોંચ્યા પછી ત્રણ દિવસનું (અક્રમ તપ) કરે છે. તપ કર્યા પછી પૌષધવ્રત કરે છે. ત્યારબાદ સમુદ્ર તટે રથ લઈ જઈ રથના પૈડા અડધા ડૂબે તેટલો રથ સમુદ્રમાં લઈ જઈ પોતાના નામથી અંકીત કરેલું એક બાણ ભાંથામાંથી કાઢી માગધતીર્થના અધિપતિ ઉપર છોડે છે. આ બાણ બાર યોજનનું અંતર કાપી માગધપતિની સભામાં જઈ પડે છે. ત્યારે માગધપતિ અતિ કોધિત થાય છે. ત્યારે મંત્રી આ બાણ જોઈને તેને તપાસે છે. આ અક્ષરો જોઈ મંત્રી અવધિજ્ઞાનથી જુએ છે પછી રાજાને વાત કરે છે. આપણે ચક્રવર્તીને પ્રણામ કરવા ચાલવા માટે સમજાવે છે પછી માગધપતિ તે બાણ તથા ભેંટ સોગાંદ (ભેટણું) લઈને ચક્રવર્તી પાસે પ્રણામ કરી તેમનું સેવકપદ સ્વીકારે છે ત્યાર પછી ચક્રવર્તી તેમનુ અક્રમનું પારણું કરે છે. આમ પૂર્વ દિશામાં માગધતીર્થ જીતી લીધા પછી આજ પ્રમાણે દક્ષિણ દિશામાં વરદામ તીર્થના અધિપતિ દેવ વરદામ પતિની સભામાં તીર મોકલે છે. ત્યારબાદ એજ રીતે પ્રભાસ તીર્થ તરફ ચાલે છે. આ ત્રણ તીર્થના અધિપતિ દેવને પોતાના સેવક બનાવીને પછી

પશ્ચિમ-દક્ષિણ સિંધુ નદીનો વિસ્તાર જીતી લે છે. પછી ઉત્તર-પૂર્વમાં વૈતાઢ્ય પર્વતનો વિસ્તાર જીતી લે છે. ત્યારબાદ તમિસ્ત્રા નામની ગુફા પાસે આવી તેના અધિષ્ઠાયક દેવ કૃતમાલ ને મનમાં ધારણ કરી અઠ્ઠમ તપ કરે છે. ત્યારબાદ પોતાના દંડ રત્ન વડે તમિસ્ત્રા ગુફાનાં દ્વાર ખોલે છે. ત્યારબાદ - હિમાલય વિસ્તારને જીતી લઇ ગંગાદેવીનો વિસ્તાર જીતી લઇ વૈતાઢ્ય ગિરિના પ્રદેશને પછી ખંડ પ્રપાતા ગુફામાંથી પસાર થઇ આગળના પ્રદેશો જીતી લઇ કાંકીણી રત્ન વડે ઋષભકૂટ ઉપર પોતાનું નામ લખે છે. અને એમ કરતાં કરતાં છ ખંડ જીતી લઇ પાછા ફરે છે.

પ્ર : ૧૭ ચક્રવર્તીને જે ચક્ર રત્ન પ્રાપ્ત થાય છે તેની વિશેષતા શું છે ?

ઉ : ૧૭ ચક્રવર્તીનું ચક્ર સામાન્ય રીતે સગોત્રી એટલે એક જ ગોત્રના પુરુષ ઉપર ચાલી શકે નહી. એ આ ચક્રની ખાસ વિશેષતા હોય છે.

પ્ર : ૧૮ જંબૂદ્વીપમાં ઓછામાં ઓછા અને વધુમાં વધું એક સમયે કેટલા ચક્રવર્તી હોઇ શકે?

ઉ : ૧૮ જંબૂદ્વીપમાં ઓછામાં ઓછા એક સમયે ૪ ચક્રવર્તી અને વધુમાં વધુ ત્રીસ ચક્રવર્તી હોઇ શકે. જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજયોમાંથી ૪ વિજયોમાં ૪ ચક્રવર્તી હોય છે અને વધુમાં વધુ ત્રીસ કેવી રીતે ? તો ૩૨ વિજયોમાંની ૨૮ વિજયોમાં ૨૮ ચક્રવર્તી અને એક ચક્રવર્તી ભરતક્ષેત્રમાં તથા એક ચક્રવર્તી ઐરાવતક્ષેત્રમાં એમ કુલ મળી ૩૦ ચક્રવર્તી હોઇ શકે. ૩૨ વિજય હોવા છતાં બત્રીસે વિજયમાં ચક્રવર્તી કેમ ના હોય ? તો નિયમ એવો છે કે જ્યારે વાસુદેવ વિજયમાં હોય ત્યારે ચક્રવર્તી ના હોય અને જ્યારે ચક્રવર્તી હોય ત્યારે તે વિજયમાં વાસુદેવ ના હોય. નિયમ મુજબ જંબૂદ્વીપમાં ઓછામાં ઓછામાં ૪ ચક્રવર્તી, ૪ વાસુદેવ, ૪ બળરામ હોય જ છે. ચક્રવર્તી અને વાસુદેવ એક વિજયમાં સાથે ક્યારેય ના હોય.

પ્ર : ૧૯ વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા બાર ચક્રવર્તીઓમાંથી કેટલા ત્યાગી થયેલા?

ઉ : ૧૯ બાર ચક્રવર્તીઓમાંથી દસ ચક્રવર્તીઓ ૬૪૦૦૦ રાણીઓને બળખાની માફક ફગાવીને ત્યાગના પંથે ચાલી નીકળેલા.

પ્ર : ૨૦ ચક્રવર્તીના સૈન્યને પણ જમીનમાં ગરકાવી લેનાર કોણ ?

ઉ : ૨૦ એક અંતરમુર્હૂત આયુષ્યવાળા અને ઉત્પન્ન થતાં જ તુરત બાર યોજન શરીરના લાંબા થઇ તુરત મરણ પામતાં પૃથ્વીમાં તેવડો મોટો ખાડો પડી

જાય છે. આ આસાલીક જાતિના સર્પને શાસ્ત્રમાં ઉર પરિસર્પ તિર્યંચ કહે છે અને આટલો મોટો ખાડો પડી જતાં ચક્રવર્તીના સૈન્યને પણ જમીનમાં ગરકાવી દઈ શકે છે.

પ્ર : ૨૧ ચક્રવર્તીને ચૌદ રત્નો કેવી રીતે પ્રાપ્ત થાય છે ?

ઉ : ૨૧ ચક્રવર્તીને આયુધશાળામાં ચક્રવર્તીના પ્રથમ ચિન્હરૂપ ચક્ર રત્ન ઉત્પન્ન થાય છે ત્યારબાદ બીજા છ એકેન્દ્રિય રત્નો અનુક્રમે છત્રરત્ન, મણિરત્ન, દંડરત્ન, અસીરત્ન, (ખડ્ગ રત્ન), ચર્મરત્ન, કાંકિણી રત્ન એમ કુલ સાત રત્નો આયુધશાળા અને લક્ષ્મી ભંડારમાં ઉત્પન્ન થાય છે. તે સિવાયના સાત પંચેન્દ્રિય રત્નો ચક્રવર્તીના પોતાના નગરમાં અને તેનુ પોતાનું સ્ત્રી રત્ન વિદ્યાધર શ્રેણીમાં ઊપજે છે.

પ્ર : ૨૨ ચક્રવર્તીની રિધ્ધિનું વર્ણન કરો ?

ઉ : ૨૨ મનુષ્યમાં ઇન્દ્ર અથવા નરદેવ એવા ચક્રવર્તીની રિધ્ધિ ઘણી છે. જે નીચે મુજબ જાણવી :-

(૧) ચૌદ રત્નો
(૨) નવ નિધાન
(૩) ૮૪ લાખ હાથી
(૪) ૮૪ લાખ ઘોડા
(૫) ૮૪ લાખ રથ
(૬) ૯૬ કરોડનું પાય દળ
(૭) ૩૨૦૦૦ મુકુટબંધી રાજાઓ
(૮) ૩૨૦૦૦ સામાનિક રાજા
(૯) ૧૬૦૦૦ દેવતાઓ સેવા કરે.
(૧૦) ૬૪૦૦૦ સ્ત્રીઓ
(૧૧) ૩૬૦ રસોઇયા
(૧૨) ૨૦૦૦ સોનાના આગાર
(૧૩) ૭૨૦૦૦ મોટા નગરો
(૧૪) ૯૯૦૦૦ દ્રોણમુખના અધિપતિ
(૧૫) ૪૮૦૦૦ પટ્ટણોના ઉપરી
(૧૬) ૯૬ કરોડ ગામોના સ્વામિ
(૧૭) ૪૯ કુરાજ્યોના નાયક
(૧૮) ૫૬ અંતરદ્વીપોના પાલક.

પ્ર : ૨૩ ચક્રવર્તીનો વૈભવ કેવો હોય છે ?

ઉ : ૨૩ ચક્રવર્તીની મુખ્ય પટ્ટરાણી અર્થાત્ ચક્રવર્તીના સ્ત્રી રત્નની એક હજાર દેવતાઓ સેવા કરતા હોય છે. આવો ગજબનો વૈભવ હોય છે. અને ચક્રવર્તીની પોતાની સોળ હજાર દેવતાઓ સેવા કરતા હોય છે.

પ્ર : ૨૪ કોને ચક્રવર્તી જેવી સગવડ મળે ?

ઉ : ૨૪ આત્મહેતું માટે જે વ્યકિત કંઇપણ કરે તેને ચક્રવર્તી જેવી સગવડ મળે.

પ્ર : ૨૫ ચક્રવર્તીના નવ નિધાન કોને કહે છે ?

ઉ : ૨૫ સર્વમાન્ય નવ નિધાનના નામ નીચે મુજબ કહે છે :-

(૧) મહાપદ્મ (૨) પદ્મ (૩) શંખ (૪) મકર (૫) કચ્છપ (૬) મુકુંદ

(૭) કુંદ (૮) નીલ અને (૯) ચર્ચસ (ચર્ચા)

જૈન દર્શન મુજબ નવ નિધાન અને એના અર્થ નીચે મુજબ છે :-

(૧) **નૈસર્પ** : ગામ, નગર આદિનો વ્યવહાર જેનાથી થાય તે

(૨) **પાંડુક** : નાણાં અને મેય દ્રવ્યોનો વ્યવહાર જેનાથી થાય તે

(૩) **પિંગલક** : પુરુષ, સ્ત્રી, ઘોડા, હાથી વગેરેના આભરણ વિધિનો વ્યવહાર જેનાથી થાય તે

(૪) **સર્વરત્ન** : ચક્રવર્તીના ૧૪ અન્ય એકેન્દ્રિયાદિ રત્નોની ઉત્પત્તિ જેનાથી થાય તે.

(૫) **મહાપત** : શ્વેત અને રંગીન વસ્ત્રોની ઉત્પત્તિ જેનાથી થાય તે.

(૬) **કાળ** : વર્તમાન આદિ કાળનું અને બધી કળાઓનું જ્ઞાન જેનાથી થાય તે

(૭) **મહાકાળ** : લોહ આદિ સમગ્ર ધાતુઓ તથા સ્ફટિક મણિ વગેરેની ઉત્પત્તિ જેનાથી થાય તે

(૮) **માણવક** : યુદ્ધ નીતિ અને દંડ નીતિ તથા યુદ્ધનાં આયુધો વગેરેની ઉત્પત્તિ જેનાથી થાય તે

(૯) **શંખ** : સંગીત, નૃત્ય, અને વાદ્યોની ઉત્પત્તિ જેનાથી થાય તે.

પ્ર : ૨૬ ચક્રવર્તી મરીને કઈ ગતિમાં જાય ?

ઉ : ૨૬ આયુષ્યનો બંધ પડ્યા પહેલાં સર્વ રુદ્ધિનો ત્યાગ કરી દીક્ષા લઈ દીક્ષિત બને તો મોક્ષે જાય. આયુષ્યનો બંધ પડ્યા પછી દીક્ષા લે તો દેવલોકમાં જાય અને દીક્ષા ન લે અને ચક્રવર્તીપણામાં જ મૃત્યુ પામે તો અવશ્ય નરકે જાય છે.

પ્ર : ૨૭ હવે પછીના ઉત્તસર્પિણી કાળના છ આરામાં જે બાર ચક્રવર્તીઓ થવાના છે તેના નામ જણાવો ?

ઉ : ૨૭ હવે પછીના ઉત્તસર્પિણી કાળના છ આરામાં જે બાર ચક્રવર્તીઓ થવાના છે તેમનાં નામ નીચે મુજબ જાણવા :-

(૧) દીર્ઘદંત	(૫) શ્રી ભૂમિ	(૯) દશમ
(૨) ગુઢદંત	(૬) શ્રી સોમ	(૧૦) વિમલ
(૩) શુદ્ધદંત	(૭) પાસ	(૧૧) વિમલવાહન
(૪) શ્રી ચંદ્ર	(૮) મહાપાસ	(૧૨) અરિષ્ટ

પ્ર : ૨૮ વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા બાર ચક્રવર્તીઓમાં વિશેષ ખ્યાતિ કોણ પામેલ ?

ઉ : ૨૮ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર શ્રી ભરત ચક્રવર્તી વધુ ખ્યાતિ પામેલા.

પ્ર : ૨૯ ચક્રવર્તીના વૈક્રીય શરીરથી સંતાન થાય કે નહી ?

ઉ : ૨૯ ચક્રવર્તીના વૈક્રીય શરીરથી સંતાનની ઉત્પતિ સંભવતી નથી માત્ર ઔદારિક શરીર-થીજ સંભવે છે.

પ્ર : ૩૦ કઇ કઇ ગતિમાંથી આવેલા જીવો ચક્રવર્તી થાય?

ઉ : ૩૦ ભગવતી સૂત્રમાં બારમા શતકના નવમાં ઉદેશામાં કહેલ છે કે નરક તથા દેવગતીમાંથી આવેલા જીવો ચક્રવર્તી થાય છે પરંતુ મનુષ્ય તથા તીર્યંચમાંથી આવેલા જીવો ચક્રવર્તીપણુ ન પામે. (સંગ્રહણી સૂત્રમાં પણ આ પ્રમાણે ઉલ્લેખ છે.)

પ્ર : ૩૧ ચક્રવર્તી પોતાના મૂળ શરીરથી સ્ત્રીરત્ન સીવાય અન્ય પોતાની પત્નીઓ સાથે ભોગ ભોગવી શકે ખરા ?

ઉ : ૩૧ ચક્રવર્તી પોતાના મૂળ શરીરથી બીજી પત્નીઓ સાથે ભોગ ન ભોગવે તેવુ નથી પણ જ્યારે એકી સાથે તમામ સ્ત્રીઓ સાથે ભોગ ભોગવે તે વખતે મૂળ શરીરથી સ્ત્રીરત્નની પાસે રહે છે અને બીજી સ્ત્રીઓ પાસે વૈક્રિય શરીરથી રહે છે.

પ્ર : ૩૨ વાસુદેવ જ્યારે ગર્ભમાં આવે છે ત્યારે તેમની માતાને કેટલાં સ્વપ્ન આવે છે?

ઉ : ૩૨ ચૌદ મહા સ્વપ્નોમાંથી સાત મહા સ્વપ્નો, જેવાં કેઃ હાથી, સિંહ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, લક્ષ્મી, અને સમુદ્ર આ સાત સ્વપ્ન નિયમથી જ વાસુદેવ જ્યારે ગર્ભમાં આવે છે ત્યારે તેમની માતાને દેખાય છે.

પ્ર : ૩૩ વર્તમાન અવસર્પિણી કાળના છ આરા દરમ્યાન થયેલ નવ વાસુદેવ કયા ગોત્રના હતા?

ઉ : ૩૩ આઠમા વાસુદેવ લક્ષ્મણ (શ્રી રામચંદ્રના ભાઇ) તે કાશ્યપ ગોત્રી હતા, બાકીના આઠ વાસુદેવ ગૌતમગોત્રી હતા.

પ્ર : ૩૪ વર્તમાન અવસર્પિણી કાળના છ આરા દરમ્યાન થયેલ નવ વાસુદેવ વિશે જણાવો ?

ઉ : ૩૪ વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલ નવ વાસુદેવની વિગતો નીચે મુજબ છે :-

વાસુદેવનું નામ	કોના વખતમાં થયેલ	ઉંચાઈ	આયુષ્ય(વર્ષમાં)
(૧) ત્રિપુષ્ટ	૧૧માં તીર્થંકર શ્રેયાંસનાથના	૭૬ ધનુષ	૮૪ લાખ
(૨) દ્વિપુષ્ટ	૧૨માં તીર્થંકર વાસુપૂજ્યના	૭૦ ધનુષ	૭૨ લાખ
(૩) સ્વયંભૂ	૧૩માં તીર્થંકર વિમલનાથના	૬૦ ધનુષ	૬૦ લાખ
(૪) પુરુષોત્તમ	૧૪માં તીર્થંકર અનંતનાથના	૫૦ ધનુષ	૩૦ લાખ
(૫) પુરુષસિંહ	૧૫માં તીર્થંકર ધર્મનાથના	૪૫ ધનુષ	૧૦ લાખ
(૬) પુરુષ પુંડરીક	૧૮માં તીર્થંકર અરનાથ અને ૧૯માં તીર્થંકર મલ્લિનાથના વચ્ચેના ગાળામાં	૨૯ ધનુષ	૬૫૦૦૦
(૭) દત્ત	૧૯માં તીર્થંકર મલ્લિનાથ અને ૨૦માં તીર્થંકર મુનિસુવ્રત ના વચ્ચેના ગાળામાં	૨૬ ધનુષ	૫૬૦૦૦
(૮) લક્ષ્મણ	૨૦માં તીર્થંકર મુનિસુવ્રત અને ૨૧માં તીર્થંકર નમિનાથના વચ્ચેના ગાળામાં	૧૬ ધનુષ	૧૨૦૦૦
(૯) કૃષ્ણ	૨૨માં તીર્થંકર નેમિનાથ ના	૧૦ ધનુષ	૧૦૦૦

ખાસનોંધ :- વાસુદેવ હંમેશા મૃત્યુ પછી નરકે જ જાય છે. પહેલા વાસુદેવ સાતમી નરકે, બીજાથી છઠ્ઠા સુધીના પાંચ વાસુદેવ છઠ્ઠી નરકે, સાતમા વાસુદેવ પાંચમી નરકે, આઠમા વાસુદેવ ચોથી નરકે અને નવમા વાસુદેવ ત્રીજી નરકે ગયેલા.

પ્ર : ૩૫ વાસુદેવ કોને કહેવાય ?

ઉ : ૩૫ વાસુદેવ એટલે કે જે નરમાંથી નારાયણ થાય જેમની પાસે ચક્રરત્ન હોય તથા જે ત્રણ ખંડને જીતે અને શરીરમાં રહેલાં ત્રણ ચક્રોને સાધે તેને વાસુદેવ કહેવાય. બીજાનું કલ્યાણ કરવાની ઈચ્છા કરે એ વાસુદેવ.

પ્ર : ૩૬ વાસુદેવ પાસે કયાં સાત રત્નો હોય છે ?

ઉ : ૩૬ (૧) સુદર્શન ચક્ર
(૨) શાર્ઙ્ગ ધનુષ્ય
(૩) કૌમુદકી ગદા
(૪) પાંચ્ચજન્ય શંખ
(૫) કૌસ્તુભ મણિ
(૬) નંદક નામનું ખડ્ગ
(૭) વનમાળા નામની એક માળા

પ્ર : ૩૭ વાસુદેવના તાબામાં કેટલા દેવો હોય ?

ઉ : ૩૭ વાસુદેવના તાબામા આઠ હજાર દેવો હોય અર્થાત્ આઠ હજાર દેવો તેમની સેવા કરતા હોય.

પ્ર : ૩૮ પ્રથમ વાસુદેવ ત્રિપુષ્ટને ક્યારે સમકિત પ્રાપ્ત થયુ હતું ?

ઉ : ૩૮ પ્રથમ વાસુદેવ ત્રિપુષ્ટ કે જે મરીચીનો જીવ (ભરત ચક્રવર્તીનો પુત્ર) હતો તેને અગિયારમા તીર્થંકર ભગવાન શ્રી શ્રેયાંસપ્રભુની દેશના સાંભળીને સમકિત પ્રાપ્ત થયુ હતું.

પ્ર : ૩૯ બીજા વાસુદેવ દ્વિપુષ્ટ અને ત્રીજા વાસુદેવ સ્વયંભૂને ક્યારે સમકિત પ્રાપ્ત થયેલ ?

ઉ : ૩૯ વર્તમાન ચોવીસીના બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામીની દેશના સાંભળીને બીજા વાસુદેવ દ્વિપુષ્ટને તથા તેરમાં તીર્થંકર શ્રી વિમલનાથ પ્રભુની દેશના સાંભળીને ત્રીજા વાસુદેવ સ્વયંભૂને સમકિત પ્રાપ્ત થયેલ.

પ્ર : ૪૦ મગધ દેશમા જે કોટીશીલા છે તે દરેક વાસુદેવોએ ક્યાં સુધી ઊંચી કરેલી ?

ઉ : ૪૦ એક યોજન લાંબી અને એક યોજનના વિસ્તારવાળી ભરતાર્ધવાસી દેવી-દેવતાઓથી અધિષ્ઠિત કોટિશિલા નામે એક શિલા મગધ દેશમાં છે તે શિલા દરેક વાસુદેવોએ ક્યા સુધી ઊંચી કરેલ તે નીચે મુજબ જાણવું :-

(૧) પ્રથમ વાસુદેવ ત્રિપુષ્ટ ડાબા હાથે ભૂજાના અગ્રભાગ સુધી ઉંચી કરેલ
(૨) બીજા વાસુદેવ દ્વિપુષ્ટે ડાબા હાથે મસ્તક સુધી ઊંચી કરેલ
(૩) ત્રીજા વાસુદેવ સ્વયંભૂએ ડાબા હાથે કંઠ સુધી ઊંચી કરેલ
(૪) ચોથા વાસુદેવ પુરૂષોત્તમે ડાબા હાથે ઉરઃ સ્થળ સુધી ઊંચી કરેલ
(૫) પાંચમા વાસુદેવ પુરૂષસિંહે ડાબા હાથે હૃદય સુધી ઊંચી કરેલ
(૬) છઠ્ઠા વાસુદેવ પુરૂષપુંડરીકે ડાબા હાથે કટિ સુધી ઊંચી કરેલ
(૭) સાતમા વાસુદેવ દત્તે ડાબા હાથે સાથળ સુધી ઊંચી કરેલ
(૮) આઠમા વાસુદેવ લક્ષ્મણે ડાબા હાથે જાનું (ઘુંટણ) સુધી ઊંચી કરેલ
(૯) નવમા વાસુદેવ કૃષ્ણે ડાબા હાથે પૃથ્વીથી ચાર આંગળ જેટલી ઊંચી કરેલ

પ્ર : ૪૧ વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા નવ વાસુદેવોમાં વધુ ખ્યાતી કોણ પામેલા ?

ઉ : ૪૧ વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા નવ વાસુદેવોમાં છેલ્લા નવમાં વાસુદેવ શ્રી કૃષ્ણ વધુ ખ્યાતિ પામેલા.

પ્ર : ૪૨ કૃષ્ણ ભગવાન જે છેલ્લા વાસુદેવ તરીકે ખ્યાતિ પામેલ તેમને મુખ્ય કેટલી પટ્ટરાણીઓ હતી ?

ઉ : ૪૨ તેમને મુખ્ય આઠ પટ્ટરાણીઓ હતી :-

(૧) રૂક્મણી (૫) સુસીમાં
(૨) સત્યભામા (૬) ગાંધારી
(૩) જાંબવતી (૭) પદ્માવતી
(૪) લક્ષ્મણા (૮) ગૌરી

પ્ર : ૪૩ કૃષ્ણ વાસુદેવ કેટલાં યુદ્ધો લડ્યા હતાં ?

ઉ : ૪૩ કૃષ્ણ વાસુદેવ ત્રણસો સાઈઠ (૩૬૦) યુદ્ધો લડ્યા હતા.

પ્ર : ૪૪ કૃષ્ણ ભગવાને ક્યારે ક્ષાયિક સમકિત અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું?

ઉ : ૪૪ નેમીનાથ ભગવાનના ૧૮૦૦૦ સાધુઓને ભગવાનની આજ્ઞાથી ભાવપૂર્વક વંદના કરવાથી ક્ષાયિક સમકિત અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું તથા સાતમા નર્કના યોગ્ય કર્મ પુદગળોને ખપાવીને ત્રીજા નરકને યોગ્ય આયુષ્ય બાંધ્યું.

પ્ર : ૪૫ કૃષ્ણ વાસુદેવની દ્વારિકા નગરી કોણે બાળી નાંખી હતી ?

ઉ : ૪૫ કૃષ્ણ વાસુદેવની દ્વારિકા નગરી દ્વૈપાયન ઋષિએ બાળી નાંખી હતી. તેમાં સાઠ કુળકોટી અને બોતેર કુળકોટી યાદવો ભસ્મ થઇ ગયા હતા માત્ર કૃષ્ણ અને બળભદ્ર બચી ગયા હતા કારણ કે દ્વૈપાયન ઋષિએ તેઓને કહેલું કે તમને બે જણને જ બચવા દઈશ. કૃષ્ણ અને બળરામે પોતાના માતા-પિતાને બચાવવા બહુ પ્રયત્ન કર્યા પણ અગ્નિકુમારમાં દેવ થયેલ દ્વૈપાયન ઋષિએ તે લોકોને કહ્યું કે મેં તમને બે જણને જ બચવા માટેનુ વચન આપેલું છે. તેથી તમારા બે સિવાય કોઇ બચી શકશે નહી. છ મહિના સુધી દ્વારિકા બળતી રહી.

પ્ર : ૪૬ કૃષ્ણ ભગવાનનો પ્રથમ પુત્ર કોની કુક્ષીમાં ઉત્પન્ન થયેલ ?

ઉ : ૪૬ કૃષ્ણ ભગવાનનો પ્રથમ પુત્ર વાસુદેવનું સ્ત્રી રત્ન ગણાતી રૂક્મણીના ગર્ભમાં ઉત્પન્ન થયેલ, જેનું નામ પ્રદ્યુમ્ન હતું. તેનું જન્મતાની સાથે અપહરણ થયેલ અને વિદ્યાધર શ્રેણીમાં ૧૬ વર્ષ તે રહેલ. પ્રદ્યુમ્ન જેવો પરાક્રમી પુત્ર જાંબવતીના ગર્ભમાં પણ આવેલ જેનું નામ શાંબ હતું.

પ્ર : ૪૭ કૃષ્ણ વાસુદેવના કુટુંબમાં વડીલ કોણ હતું ?

ઉ : ૪૭ કૃષ્ણ વાસુદેવના કુટુંબમાં અંધક વૃષ્ણિ રાજા વડીલ હતા.

પ્ર : ૪૮ કૃષ્ણ વાસુદેવના કુટુંબમાં (પરિવારમાં) કેટલા મોક્ષે ગયા ?

ઉ : ૪૮ (૧) દેવકીનાં સાત સંતાનો (કૃષ્ણ વાસુદેવના સાત ભાંડુઓ)
અનીકયશા, અનંતસેન, જિતસેન, નિહતશમ, દેવયશા, શીતસેન, ગજસુકુમાર

(૨) કૃષ્ણ વાસુદેવની આઠ પટ્ટરાણીઓ
રૂક્મણી, સત્યભામા, જાંબવતી, લક્ષ્મણા, સુસીમાં, પદ્માવતી, ગૌરી, ગાંધારી

(૩) કૃષ્ણ વાસુદેવના પોતાના ત્રણ પુત્રો
પ્રદ્યુમન, શાંબ, ઢંઢણમુનિ

(૪) કૃષ્ણ વાસુદેવના મોટાભાઇ બળભદ્રનો પુત્ર
કુબજવારક.

(૫) કૃષ્ણ વાસુદેવના કાકાના દીકરા નેમીનાથ ભગવાનના પરિવારમાં
રથનેમિ, રાજીમતી, કનકવતી.

પ્ર : ૪૯ કૃષ્ણ વાસુદેવના મૃત્યુનું નિમિત કોણ બન્યું ?

ઉ : ૪૯ હરિવંશરૂપી સાગરમાં ચંદ્ર જેવા દશમા દશાર્હ વાસુદેવની સ્ત્રી જરાદેવીના ઉદરથી જન્મેલા જરાકુમાર શિકારને માટે જંગલમા ભટકતા હતા. ત્યારે કૃષ્ણ વાસુદેવને સુતેલા જોયા. દુરથી તેને મૃગ સમજીને તેમના ચરણ કમળમાં તીક્ષ્ણ બાણ માર્યું અને કૃષ્ણ વાસુદેવનો દેહ ૧૦૦૦ વર્ષનું આયુષ્ય પૂરૂ કરીને ત્રીજા નરક વાલુકા પ્રભામાં ગયા (તેમનો પોતાનો નાનો ભાઇ નિમિત બન્યો.)

પ્ર : ૫૦ વાસુદેવ મરીને ક્યાં જાયછે?

ઉ : ૫૦ વાસુદેવ નીયમથીજ મૃત્યુ પામ્યા પછી હંમેશા નરકમા જાય છે. તીર્થંકર પ્રભુ ભેગા થયા હોવા છતાં પણ તેમને નરકમાં જવુ જ પડે છે ત્યાં ભયંકર પશ્ચાત્તાપ થાય છે. જાતિ સ્મરણ જ્ઞાન પણ થાય છે.

પ્ર : ૫૧ ઉત્સર્પિણી કાળમાં હવે પછી જે નવ વાસુદેવ થવાનાછે તેમના નામ જણાવો?

ઉ : ૫૧ હવે પછીના ઉત્સર્પિણી કાળમા જે નવ વાસુદેવ થવાના છે તેમના નામ નીચે મુજબ જાણવા.

(૧) નંદિ (૬) મહાબળ
(૨) નંદિમિત્ર (૭) બળ
(૩) સુંદરબાહુ (૮) દ્વિપુષ્ટ
(૪) મહાબાહુ (૯) ત્રિપુષ્ટ
(૫) અતિબળ

પ્ર : ૫૨ વાસુદેવની કેટલા દેવતાઓ સેવા કરે છે?

ઉ : ૫૨ વાસુદેવની ૮૦૦૦ દેવતાઓ સેવા કરે છે.

પ્ર : ૫૩ વાસુદેવો જે કોટિ શિલા ઉપાડે છે તેનું નામ કોટિશિલા કેમ રાખવામાં આવ્યું છે ?

ઉ : ૫૩ મગધદેશમાં દશાર્ણપર્વતની પાસે ઉત્સેધ અંગુલના માપથી એક યોજન લાંબી અને એક યોજન પહોળી તથા એક યોજન ઉંચી એક ગોળ શીલા છે આ શીલા ઉપરથી કરોડો મુનીવરો સિદ્ધીપદને(મોક્ષને) પામ્યા હોવાથી તે શિલાને કોટિશિલા કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે :

(૧) શાંતિનાથ ભગવાનના ગણધર સહીત ૩૨ પાટ સુધી એક કરોડ મુનિવરો
(૨) કુંથુનાથ ભગવાનના ૨૮ પાટ સુધી કરોડ મુનિવરો.
(૩) અરનાથ ભગવનાના ૨૪ પાટ સુધી બાર કરોડ મુનિવરો.
(૪) મલ્લિનાથભગવાનના ૨૦ પાટ સુધી છ કરોડ મુનિવરો.
(૫) મુનિસુવ્રત ભગવાનના ત્રણ કરોડ મુનિવરો.
(૬) નમિનાથ ભગવાનના એક કરોડ મુનિવરો.

નોધ :- વિશેષશતકમાં શ્રી સમયસુંદરજી ઉપાધ્યાયે ઉપર મુજબ જણાવેલ છે.

પ્ર : ૫૪ છેલ્લા વાસુદેવ શ્રી કૃષ્ણભગવાનના પાંચ ભવો કયા ગણાય છે ?

ઉ : ૫૪ પહેલો કૃષ્ણનો, બીજો નારકીનો, ત્રીજો મનુષ્યનો, ચોથો પાંચમા દેવલોકમાં અને પાંચમો ભવ હવે પછીની ચોવીશીમાં બારમાં તીર્થંકર શ્રીઅમમનાથ તરીકે ગણાય છે.

પ્ર : ૫૫ પ્રતિવાસુદેવ કોને કહેવાય?

ઉ : ૫૫ વાસુદેવના પ્રતિપક્ષીને પ્રતિવાસુદેવ કહેવાય છે. તે પણ ત્રણ ખંડના અધિપતિ હોય છે, તેમની પાસે પણ ચક્ર રત્ન નામનું શસ્ત્ર હોય છે.

પ્ર : ૫૬ પ્રતિવાસુદેવ ગર્ભમાં આવતા તેમની માતાને કેટલા સ્વપ્ન આવે છે?

ઉ : ૫૬ પ્રતિવાસુદેવ ગર્ભમાં આવે ત્યારે તેમની માતાને ત્રણ મહાસ્વપ્નો દેખાયછે.

નોંધ :- સપ્તતિશતક સ્થાનકમાં (પ્રશ્નોત્તર પ્રદીપ પ્રકાશપૃષ્ટ ૫૩) અને શાંતિચરિત્રમાં આ અંગે નોંધ છે.

પ્ર : ૫૭ વર્તમાન અવસર્પિણીકાળમા થયેલા નવ પ્રતિવાસુદેવના વિશે જણાવો ?

ઉ : ૫૭

પ્રતિવાસુદેવનું નામ	આયુષ્ય વર્ષ	પ્રતિવાસુદેવનું નામ	આયુષ્ય વર્ષ
(૧) અશ્વગ્રીવ	૮૫ લાખ	(૬) બળ (બલિ)	૭૦૦૦૦
(૨) તારક	૭૫ લાખ	(૭) પ્રહલાદ	૬૦૦૦૦
(૩) મેરક	૬૦ લાખ	(૮) દસમુખ (રાવણ)	૧૪૦૦૦
(૪) મધુ	૩૦ લાખ	(૯) મગધેશ્વર (જરાસંધ)	૧૨૦૦
(૫) નિષ્કુંભ (નિશુંભ)	૧૦ લાખ		

પ્ર : ૫૮ વાસુદેવ અને પ્રતિવાસુદેવના નામ જણાવો?

ઉ : ૫૮

વાસુદેવનુ નામ	પ્રતિવાસુદેવનુ નામ
(૧) ત્રિપુષ્ટ	અશ્વગ્રીવ
(૨) દ્વિપુષ્ટ	તારક
(૩) સ્વયંભૂ	મેરક
(૪) પુરૂષોતમ	મધુ
(૫) પુરૂષ સિંહ	નિષ્કુભ (નિશુંભ)
(૬) પુરૂષ પુંડરીક	બળ (બલિ) (જાલંધર)
(૭) દત્ત	પ્રહલાદ
(૮) લક્ષ્મણ (રામાયણની કથામા આવતા રામના નાનાભાઈ)	રાવણ (દસમુખ)
(૯) કૃષ્ણ	જરાસંધ (મગધેશ્વર)

પ્ર : ૫૯ વાસુદેવ અને પ્રતિવાસુદેવ વચ્ચેના યુધ્ધમાં કોણ જીતે છે?

ઉ : ૫૯ વાસુદેવ અને પ્રતિવાસુદેવ વચ્ચે ભીષણ યુધ્ધ થાય છે અંતે થાકી જઈ પ્રતિવાસુદેવ પોતાનુ ચક્ર રત્નવાસુદેવ તરફ ફેકે છે પ્રતિવાસુદેવનુ ફેકેલુ ચક્ર રત્ન વાસુદેવ પાસે આવી સ્થિર થઈ જાય છે તેજ ચક્ર રત્ન વાસુદેવ પ્રતિવાસુદેવ તરફ ફેકી પ્રતિવાસુદેવની હત્યા કરે છે એટલે કે પ્રતિવાસુદેવ પોતાના શસ્ત્રથી જ હણાય છે.

પ્ર : ૬૦ પ્રતિવાસુદેવમાં કોણ વધારે ખ્યાતિ પામેલ?

ઉ : ૬૦ પ્રતિવાસુદેવમાં ભગવાન મુનીસુવ્રતના સમયમા થયેલ શ્રી રામ (જેમના જીવન પ્રસગો ઉપરથી રામાયણ ગ્રંથની રચના થઈ) ના સમયમાં થયેલ રાવણ (દસમુખ) વધારે ખ્યાતિ પામેલ.

પ્ર : ૬૧ પ્રતિવાસુદેવ રાવણ પાસે કેટલી વિદ્યાઓ હતી ?

ઉ : ૬૧ પ્રતિવાસુદેવ રાવણ પાસે એક હજાર વિદ્યાઓ હતી અર્થાત એક હજાર વિદ્યાઓ તેમને વશ હતી રાવણ એક મહાન વિદ્યાધર ગણાય છે

પ્ર : ૬૨ પ્રતિવાસુદેવ રાવણ માટે શાસ્ત્રમા કેવી ઉપમા વપરાઈ છે ?

ઉ : ૬૨ "કેવો હતો રાવણ શાસ્ત્રવેતા, નવે ગ્રહો નિકટમા રહેતા" આ રાવણને ઘણીજ વિદ્યાઓ સિધ્ધ થયેલી હતી ભવિષ્યમાં અર્થાત્ આવતી ચોવીસીમા તે તીર્થંકર થવાનો છે એટલે તે ભાવિ તીર્થંકર ગણાય લોકો અજ્ઞાન વશ આ મહાન વિદ્યાધરના પૂતળા બાળે છે તેથી હિન્દુસ્તાનમાંથી બધી વિદ્યાઓ નાશ પામી છે.

પ્ર : ૬૩ પ્રતિવાસુદેવ મરીને ક્યાં જાય છે?

ઉ : ૬૩ પ્રતિવાસુદેવ મરીને હંમેશા નરકમા જ જાય છે કારણકે પૂર્વે એવું નિયાણું બાધ્યુ હોય છે તેથી જપ, તપ તમામ પ્રકાર નું પુણ્ય પ્રતિવાસુદેવ બનવામા વપરાઈ જાય છે અને યુધ્ધો લડવાથી નિયમ પ્રમાણેજ મૃત્યુ પામ્યા પછી નરકમા જ જાય છે પરિગ્રહની મૂર્છા એ પાપનું મૂળ છે

પ્ર : ૬૪ હવે પછીના ઉત્સર્પિણી કાળમા થનારા નવ પ્રતિવાસુદેવના નામ આપો?

ઉ : ૬૪ હવે પછી ભવિષ્યમા થનારા પ્રતિવાસુદેવના નામ નીચે મુજબ જાણવા .

(૧) તિલક
(૨) લોહજંઘ
(૩) વજ્ર જંઘ
(૪) કેસરિ
(૫) બલિ
(૬) પ્રહલાદ
(૭) અપરાજિત
(૮) ભીમ
(૯) સુગ્રીવ

પ્ર : ૬૫ બળરામ (બલભદ્ર) કોને કહે છે ?

ઉ : ૬૫ વાસુદેવના મોટા ભાઈને બળરામ કહે છે અને આ બે ભાઈઓનો પ્રેમ એવો હોય છે કે આ દુનિયામા ક્યાય જોવા ન મળે. આશ્ચર્યની વાત એ છે કે નિયમ મુજબ જ વાસુદેવ અને બળરામનો પિતા એક જ હોય છે પરંતુ માતા બંનેની જુદી જુદી હોય છે. બંને એક જ માતાના સંતાન ન હોવા છતાં ગજબનો પ્રેમ હોય છે.

પ્ર : ૬૬ બળરામનો જન્મ થાય ત્યારે તેમની માતાને કેટલા સ્વપ્ન આવેછે?

ઉ : ૬૬ બળભદ્ર ગર્ભમા આવતા તેમની માતાને ચાર સ્વપ્નો આવે છે.જેમા હાથી, સિંહ, સૂર્ય અને સમુદ્ર એ ચાર સ્વપ્નો આવે છે.

પ્ર : ૬૭ બળરામ પાસે કેટલા શસ્ત્ર હોયછે.?

ઉ : ૬૭ બળરામ પાસે ત્રણ મુખ્ય શસ્ત્ર હોયછે .

(૧) સંવર્તક નામે હળ
(૨) સોનંદ નામે મુશળ
(૩) ચંદ્રીકા નામની ગદા

પ્ર : ૬૮ વર્તમાન અવસપિર્ણી કાળમા થયેલા નવ બલરાંમ વિશે જણાવો?

ઉ : ૬૮ વર્તમાન અવસપિર્ણી કાળમા થયેલા નવ બલરામ વિશે નીચે મુજબ જાણવુ

બળરામનુ નામ	આયુષ્ય(વર્ષમાં)	ક્યાં ગયા
(૧) અચળ	૮૫ લાખ વર્ષ	મોક્ષે ગયા
(૨) વિજય	૭૫ લાખ વર્ષ	મોક્ષે ગયા
(૩) ભદ્ર	૬૫ લાખ વર્ષ	મોક્ષે ગયા
(૪) સુપ્રભ	૫૫ લાખ વર્ષ	મોક્ષે ગયા
(૫) સુદર્શન	૧૭ લાખ વર્ષ	મોક્ષે ગયા
(૬) આનંદ	૮૫૦૦૦ વર્ષ	મોક્ષે ગયા
(૭) નંદન	૬૫૦૦૦ વર્ષ	મોક્ષે ગયા
(૮) રામ	૧૫૦૦૦ વર્ષ	મોક્ષે ગયા
(૯) બળભદ્ર	૧૨૦૦ વર્ષ	પાચમાં દેવલોકમાં

પ્ર : ૬૯ બળરામની કેટલા દેવતાઓ સેવા કરે છે ?

ઉ : ૬૯ બળરામની ચાર હજાર દેવતાઓ સેવા કરે છે.

પ્ર : ૭૦ વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા કયા બળરામ ખ્યાતિ પામેલ ?

ઉ : ૭૦ વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતના સમયમાં થયેલ આઠમા બળરામ શ્રી રામ (રામાયણ ગ્રંથનું મુખ્ય પાત્ર) વધુ ખ્યાતિ પામેલ છે. તેઓ વાસુદેવ શ્રી લક્ષ્મણના મોટાભાઈ થાય છે.

પ્ર : ૭૧ કયા બળરામ પોતાના ભાઈના શબને છ મહિના સુધી ખભા ઉપર રાખીને ભમ્યા હતા ?

ઉ : ૭૧ નવમા બળરામ શ્રી બલભદ્ર જે કૃષ્ણ વાસુદેવના મોટાભાઈ થાય. તેઓ પોતે કૃષ્ણના શબને છ મહિના સુધી ખભા ઉપર રાખીને ભમ્યા કર્યુ હતું. અને રોજ તે શબની અક્ષત, કુંકું પુષ્પાદિથી પૂજા કરતા હતા.

પ્ર : ૭૨ બળરામના કયા બાર પુત્રો એકાવતારી સવાર્થ સિધ્ધ વિમાનમાં ગયા છે ?

ઉ : ૭૨ છેલ્લા બળરામ શ્રી બલભદ્ર કે જે કૃષ્ણ વાસુદેવના મોટાભાઇ થાય તેમના નીચે જણાવેલ બાર પુત્રો એકાવતારી થઇ સવાર્થ સિધ્ધ વિમાનમાં ગયેલ છે.

(૧) નિષધ કુમાર
(૨) અનિય કુમાર
(૩) વહ કુમાર
(૪) વહેલ કુમાર
(૫) પ્રગતિ કુમાર
(૬) યુકિત કુમાર
(૭) દશરથ કુમાર
(૮) દઢરથ કુમાર
(૯) મહાધનુ કુમાર
(૧૦) સપ્તધનું કુમાર
(૧૧) દશધનુ કુમાર
(૧૨) શતધનુ કુમાર

પ્ર : ૭૩ બળરામના મૃત્યુ પછી તે ક્યાં જાય છે ?

ઉ : ૭૩ બળરામને પોતાના નાના ભાઇ વાસુદેવ પ્રત્યે નિયમથી જ અગાઢ પ્રેમ હોય છે તેથી વાસુદેવનું મૃત્યુ થતાં તેમને તીવ્ર વૈરાગ્ય પેદા થાય છે. અને પછી દીક્ષિત થઇ મોટાભાગે મોક્ષે જાય છે. ક્યારેક એવું બને કે દેવલોકમાં પણ જાય છે.

પ્ર : ૭૪ હવે પછીના ઉત્સર્પિણી કાળમા થનારા નવ બળરામના નામ આપો ?

ઉ : ૭૪ હવે પછીના ઉત્સર્પિણી કાળમા થનારા નવ બળરામનાં નામ નીચે મુજબ જાણવા:-

(૧) જયંત
(૨) અજિત
(૩) ધર્મ
(૪) સુપ્રભ
(૫) સુદર્શન
(૬) આનંદ
(૭) નંદન
(૮) પાસ
(૯) સંકર્ષણ

પ્ર : ૭૫ વાસુદેવના સમયમા થતાં નવ નારદનાં નામ આપો ?

ઉ : ૭૫ વાસુદેવના સમયમા થતા નવ નારદના નામ નીચે મુજબ જાણવા :-

(૧) ભીમ
(૨) મહાભીમ
(૩) રુદ્ર
(૪) મહારુદ્ર
(૫) કાલ
(૬) મહાકાલ
(૭) અનલ
(૮) પ્રભાસ
(૯) વિષ્ણુ

નારદ પણ વાસુદેવની જેમ નરકે જ જાય છે.

પ્ર : ૭૬ અગિયાર રૂદ્રના નામ જણાવો?

ઉ : ૭૬ (૧) ભિમાવલી — શ્રી ઋષભદેવ ભગવાનના વખતમાં થયેલ
(૨) જિતશત્રુ — શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં થયેલ
(૩) રુદ્ર (ભદ્ર) — શ્રી સુવિધિનાથ ભગવાનના સમયમાં થયેલ
(૪) વૈશ્વાનર (વિશ્વાહલ) — શ્રી શીતલનાથ ભગવાનના સમયમાં થયેલ
(૫) સુપ્રતિષ્ઠ — શ્રી શ્રેયાંસનાથ ભગવાનનાં સમયમાં થયેલ
(૬) અચલ — શ્રી વાસુપૂજ્ય ભગવાનનાં સમયમાં થયેલ
(૭) પુંડરિક (પુરુરીક) — શ્રી વિમલનાથ ભગવાનનાં સમયમાં થયેલ
(૮) અજિતધર (જિતધર) — શ્રી અનંતનાથ ભગવાનનાં સમયમાં થયેલ
(૯) જિતનાભ (અજિતનાથ) — શ્રી ધર્મનાથ ભગવાનનાં સમયમાં થયેલ.
(૧૦) પેઢાલ — શ્રી શાંતિનાથ ભગવાનનાં સમયમાં થયેલ.
(૧૧) સત્યકી મહાદેવ — શ્રી મહાવીર ભગવાનના સમયમાં થયેલ.

નોધ :- .રૂદ્ર પણ મરીને નરકે જાય છે. સાતથી દશ સુધીના રૂદ્રના નામ અન્ય ગ્રંથોમાં ભિન્ન દર્શાવેલ છે. સનાતન સત્ય કેવળી ગમ્ય.

પ્ર : ૭૭ કામદેવ કેટલા હોયછે મુખ્ય કામદેવના નામ જણાવો ?

ઉ : ૭૭ કામદેવ ચોવીસ હોય છે.
(૧) બાહુબલી
(૨) હનુમાન
(૩) શાંતિનાથ
(૪) કુંથુનાથ
(૫) અરનાથ

નોધ :- કામદેવમા શ્રી હનુમાન વધુ પ્રસિધ્ધિ(ખ્યાતિ)પામેલા કામદેવ મૃત્યુપછી સ્વર્ગે અથવા મોક્ષે જાય છે.

પ્ર : ૭૮ અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ અને બળરામની માતાની યોનિ કેવા પ્રકારની હોય છે ?

ઉ : ૭૮ આ શલાકા પુરુષોની માતાની યોનિ ''કુર્મોન્નતા'' કહેવાય છે. કાચબાની પીઠ સરખી ઉંચી હોય તેવી હોય છે.

પ્ર : ૭૯ ચક્રવર્તીની પત્ની (સ્ત્રી રત્ન)ની યોનિ કેવી હોય છે ?

ઉ : ૭૯ ચક્રવર્તીની પત્નીની યોનિ ''શંખાવર્તા'' કહેવાય છે. તેને હતગર્ભા યોનિ પણ કહેવાય છે. તેમા ઉપજેલો ગર્ભ અત્યંત અગ્નિ તાપથી મરણ પામે છે.

પ્ર : ૮૦ છ ખંડ જીતતા દિગ્વિજય દરમ્યાન ચક્રવર્તી કુલ કેટલા અઠ્ઠમ તપ કરે છે?

ઉ : ૮૦ છ ખંડ જીતતા ચક્રવર્તી કુલ તેર વખત અઠ્ઠમ તપ કરે છે.

પ્ર : ૮૧ ચક્રવર્તી પોતાના નામથી અંકિત કરેલું બાણ કેટલી વખત તીર્થ તરફ મોકલે છે ?

ઉ : ૮૧ ચક્રવર્તી માગધ, વરદામ, અને પ્રભાસ એ ત્રણ તીર્થમાં અને ચોથું હિમવંત પર્વતે પોતે પોતાના નામથી અંકિત કરેલું બાણ ફેંકે છે. એમ કુલ ચાર વખત બાણ ફેંકે છે.

પ્ર : ૮૨ વર્તમાન ચોવીસીમાં થયેલાં પ્રથમ ચક્રવર્તી શ્રી ભરતને ક્યાં કેવળજ્ઞાન થયેલ ?

ઉ : ૮૨ વર્તમાન ચોવીસીમાં થયેલ પ્રથમ ચક્રવર્તી પોતે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર હતા. તેઓને અરિસા ભવનમાં પોતાના હાથની એક આંગળી ઉપર રહેલ વીંટી ન જોતા વિચારોની ક્ષપક શ્રેણીએ ઉત્તરોત્તર ચઢતાં કેવળજ્ઞાન ઉપજેલ.

પ્ર : ૮૩ વર્તમાન ચોવીસીમાં થયેલ કયા વાસુદેવે ચૌદ વર્ષ બ્રહ્મચર્ય પાળેલ ?

ઉ : ૮૩ વર્તમાન ચોવીસીના વીસમાં તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામિના સમયમાં થયેલ આઠમા વાસુદેવ શ્રી લક્ષ્મણે કે જેઓ શ્રી રામના નાના ભાઇ હતા તેમણે ચૌદ વર્ષ સુધી સતત બ્રહ્મચર્ય પાળ્યું હતું.

卐

અધ્યાય આઠમો
વિદ્યા અને વિદ્યાધરો

પ્ર : ૧ વિદ્યા કોને કહેવાય અને મંત્ર કોને કહેવાય ?

ઉ : ૧ જેની અધિષ્ઠાયક દેવી હોય તેને વિદ્યા કહેવાય અને જેનો અધિષ્ઠાયક દેવ હોય તેને મંત્ર કહેવાય.

પ્ર : ૨ માંત્રિક અને તાંત્રિક વિદ્યા શું છે ?

ઉ : ૨ મંત્ર ઉપરથી માંત્રિક થયું આ વિદ્યા સૂક્ષ્મ છે એટલે બધાને ના આવડે. પહેલાના કાળમાં વિમાનો માંત્રિક હતાં. ઇચ્છે તે સ્થળે ઉતારી શકે. ચાલુ કરવાનો મંત્ર, સ્થિર કરવાનો મંત્ર, એમ મંત્ર વિદ્યા વડે ચાલતાં.

તંત્ર ઉપરથી તાંત્રિક આવ્યું. આ સ્થૂલ વિદ્યા છે. આ વિદ્યા સંપૂર્ણ શીખી શકાય છે. પૂજ્ય દાદાશ્રીએ એક દિવસ કાગળની તાવડીમાં ભજિયાં તળીને મિત્રોને ખવડાવેલાં.

પ્ર : ૩ વિદ્યાધરો ક્યાં રહે છે ?

ઉ : ૩ વૈતાઢ્ય પર્વત ઉપર દસ યોજન ઊંચા જઇએ ત્યારે દસ યોજન પહોળાઇની અને વૈતાઢ્ય જેટલી લાંબી ઉત્તર અને દક્ષિણે બે મેખલા (સપાટ પ્રદેશ) આવે છે તેમાં ઉત્તર તરફના સપાટ પ્રદેશ ઉપર રથનું પુર વગેરે ૬૦ શહેરો (નગરો) અને દક્ષિણ તરફના સપાટ પ્રદેશમાં ગગનવલ્લભ વગેરે ૫૦ નગરો (શહેરો) છે. તેમાં વિદ્યા દેવીઓની મદદથી મન ધાર્યાં કામો કરવાની શક્તિવાળા વિદ્યાધર જાતના મનુષ્યો રહે છે. [ભરતક્ષેત્રમાં] એજ રીતે ઐરાવત ક્ષેત્રમાં મેરૂ તરફ પર્વતની લંબાઇ વધારે હોવાથી દક્ષિણ દિશાએ ૬૦ નગરો અને ઉત્તર તરફ ૫૦ નગરો એ વૈતાઢ્ય પર્વત ઉપર છે. અને ત્યાં વિદ્યાધરો રહે છે.

એજ રીતે મહાવિદેહ ક્ષેત્રમાં દરેક વિજયના વૈતાઢ્ય પર્વત ઉપર બંને મેખલા ઉપર પંચાવન-પંચાવન નગરો આવેલાં છે, જ્યાં વિદ્યાધરો હોય છે.

પ્ર : ૪ વિદ્યાધરો વિષે જણાવો ?

ઉ : ૪ આજથી પાંચ હજાર વર્ષ પહેલાં હિન્દુસ્તાનમાં ત્રણ હજાર વિદ્યાધરો હતાં. તે વખતે યાંત્રિક કે તાંત્રિક સાધનો ન હતાં પણ માંત્રિક સાધનો હતાં. અને તેય નિરાલંબ સાધનો હતાં. તે વિદ્યાધરો ૮૦૦૦ ફૂટની ઊંચાઇએ હિમાલયમાં

રહેતા હતા. તેઓ આર્ય હતા. હનુમાન જેવો કોઇ સાયન્ટીસ્ટ થયો નથી તે હનુમાન નહી પરંતુ અનુમન્ત હતા. અણુ સુધી જોઇ શકતા હતાં. પ્રતિવાસુદેવ રાવણ પણ મોટો વિદ્યાધર હતો.

પ્ર : ૫ હિન્દુસ્તાનમાંથી બધી વિદ્યાઓ કેમ નાશ પામી છે ?

ઉ : ૫ ભગવાન મહાવીરે લોકો દુરૂપયોગ કરશે. તેવું જાણવાથી ૮૪ લાખ વિદ્યાઓનો નાશ કરીને પછી નિર્વાણ પામેલા. આ ઉપરાંત હિન્દુસ્તાનમાં રાવણ જેવા મહાન વિદ્યાધર કે જે ભાવિ તીર્થંકર છે તેમનાં, અજ્ઞાનવશ ઠેર ઠેર પુતળાઓ બાળે છે. તેથી બધી વિદ્યાઓ નાશ પામી છે.

પ્ર : ૬ કોને બધી વિદ્યાઓ આવડે ?

ઉ : ૬ જે માણસ કોઇને દુઃખ આપતો નથી. અને બધાનો હિતકારી છે. બધાના હિતમાં કામ કરે છે એને બધી વિદ્યાઓ આવડે છે.

પ્ર : ૭ રૂપનું પરાવર્તન કરે તેવી વિદ્યાનું નામ શું ?

ઉ : ૭ ''રોમુષી'' નામની વિદ્યા દ્વારા રૂપનું પરાવર્તન કરી શકાય છે.

પ્ર : ૮ દસ મહાવિદ્યાના નામ જણાવો ?

ઉ : ૮ (૧) કમલા (કમળા) (૬) બગલી (બગલામુખી)
(૨) કાલી (૭) ભુવનેશ્વરી
(૩) છીન્નમસ્તા (૮) ભૈરવી
(૪) તારા (૯) માતંગી
(૫) ધૂમાવતી (૧૦) ષોડશી

આ દસ મહાવિદ્યાઓ સિદ્ધ કરવા માટેની વિધિ દેવી ઉપાસના નામના પુસ્તકમાં સરળ રીતે આપેલી છે. આ પુસ્તકના લેખક ડાહ્યાભાઇ રામચન્દ્ર મહેતા છે.

પ્ર : ૯ પ્રથમ વાસુદેવ ત્રિપૃષ્ટ અને તેમના ભાઇ બળરામ (શ્રી અચલ) આ બંને ભાઇઓને જવલનજટી વિદ્યાધર પાસેથી કેટલી વિદ્યાઓ શીખી હતી ?

ઉ : ૯ પ્રથમ વાસુદેવ ત્રિપૃષ્ટ અને તેમના મોટાભાઇ બળરામ (શ્રી અચલ) જવલનજટી વિદ્યાધર પાસેથી નીચેની બત્રીસ વિદ્યાઓ શીખ્યા હતા :-

(૧) ગારૂડી (૨) રોહિણી (૩) ભુવન ક્ષોભિણી
(૪) કૃપાણ સ્તંભની (૫) સ્થામ શુંભની (૬) વ્યોમ ચારિણી
(૭) નાના રૂપીણી (૮) લોહ શૃંખલા (૯) કાલ રાક્ષસી
(૧૦) છત્ર દશદિકા (૧૧) ક્ષણ શૂબિની (૧૨) તમિશ્રકારિણી
(૧૩) સિંહત્રાસિની (૧૪) વૈભાગિ ગામિની (૧૫) વૈરી મોહિની

(૧૬) દિવ્ય કામિની (૧૭) રંધ્રવાસિની (૧૮) ચંદ્રમૌલિ
(૧૯) રક્ષમાલિનિ (૨૦) સિધ્ધ તાડનિકા (૨૧) પિંગનેત્રા
(૨૨) વનપેશળા (૨૩) કૃથાનુવર્ષિણી (૨૪) નાગવાસિની
(૨૫) વારિશોષણી (૨૬) ધરિત્રવારિણી (૨૭) બંધ મોચની
(૨૮) વિમુક્ત કુતળા (૨૯) ધ્વનિતા (૩૦) અહિફણા
(૩૧) ઘોષિણી (૩૨) ભિરુભીષણા

પ્ર : ૧૦ સોળ પ્રકારની વિદ્યા દેવીઓનાં નામ લખો ?

ઉ : ૧૦ (૧) રોહિણી (૫) ચક્રેશ્વરી (૯) ગૌરી (૧૩) વૈરુચ્યા
(૨) પ્રજ્ઞપ્તિ (૬) નરદત્તા (૧૦) ગાંધારી (૧૪) અચ્છુપ્તા
(૩) વ્રજ શૃંખલા (૭) કાલિ (૧૧) મહાજ્વાલા (૧૫) માનસી
(૪) વ્રજાંકુશી (૮) મહાકાલિ (૧૨) માનવી (૧૬) મહા માનસી

પ્ર : ૧૧ એકસઠ પ્રકારની વિદ્યાઓનાં નામ આપો ?

ઉ : ૧૧ (૧) પ્રજ્ઞપ્તિ (૨) રોહિણી (૩) ગૌરી
(૪) ગાંધારી (૫) નભઃસંચારિણી (૬) કામદાયિની
(૭) કામગામિની (૮) અણિમા (૯) લઘિમા
(૧૦) અક્ષોભ્યા (૧૧) મનઃસ્તંભનકારિણી (૧૨) સુવિધાના
(૧૩) તપોરૂપા (૧૪) દહની (૧૫) વિપુલોદરી
(૧૬) શુભપ્રદા (૧૭) રજોરૂપા (૧૮)દિનરાત્રિ વિદ્યાયિનિ
(૧૯) વજ્રોદરી (૨૦) સમાકૃષ્ટિ (૨૧) અદર્શની
(૨૨) અજતમરા (૨૩) અનલસ્તંભની (૨૪) તોય સ્તંભની
(૨૫) ગિરિદારણા (૨૬) અવલોકિની (૨૭) વહનિ
(૨૮) ધોરા (૨૯) વીરા (૩૦) ભુજંગિની
(૩૧) વારિણી (૩૨) ભુવના (૩૩) અવંધ્યા
(૩૪) દારૂણી (૩૫) મદનાશની (૩૬) ભાસ્કરી
(૩૭) રૂપ સંપન્ના (૩૮) રોશની (૩૯) વિજયા
(૪૦) જયા (૪૧) વર્ધની (૪૨) મોચની
(૪૩) વારાહી (૪૪) કુટિલાકૃતિ (૪૫) ચિતોદભવકરી
(૪૬) શાંતિ (૪૭) કૌબરી (૪૮) વશકારિણી
(૪૯) યોગેશ્વરી (૫૦) બલોત્સાહી (૫૧) ચંડા
(૫૨) ભીતિ (૫૩) પ્રધર્ષિણી (૫૪) દુર્નિવારા

(૫૫) જગત કંપકારીણી (૫૬) ભાનુમાલિની (૫૭) સંવૃદ્ધિ
(૫૮) જાંભૃણિ (૫૯) સર્વાહારિણી (૬૦) વ્યોમગામિની
(૬૧) આકાશ ગામિની

પ્ર : ૧૨ મંત્ર વિદ્યા અને તેની પ્રતિવિદ્યા કઇ કઇ ?

ઉ : ૧૨ વીંછી વિદ્યા - મોરવિદ્યા ડુક્કર વિદ્યા - સિંહ વિદ્યા
સર્પ વિદ્યા - નોળિયા વિદ્યા કાગડા વિદ્યા - ઘૂવડ વિદ્યા
ઉંદર વિદ્યા - બિલાડા વિદ્યા સમળી વિદ્યા - બાજ વિદ્યા
હરિણ વિદ્યા - વાઘ વિદ્યા

પ્ર : ૧૩ આ કાળમાં ઝડપથી શીખી શકાય તેવી પ્રચલીત વિદ્યા કઇ છે ?

ઉ : ૧૩ વર્તમાન કાળમાં જ્યોતીષનો વ્યવસાય કરતાં તાંત્રિક જ્યોતીષીઓ''કર્ણ પિશાચીની'' નામની વિદ્યા જાણતા હોય છે આ વિદ્યાના માધ્યમ દ્વારા વ્યંતરની દેવી પિશાચીની વ્યક્તિના જીવનમાં ભૂતકાળમાં બનેલી તમામ હકીકતોનું જેમ છે તેમ વર્ણન કરી સાધકના કાનમાં તે વાત કહે છે. આ વિદ્યા દ્વારા ભૂતકાળ જાણી શકાય છે. આવા જ્યોતિષશાસ્ત્રીઓ વ્યક્તિનો ભૂતકાળ જાણી લઇ તેને ભવિષ્ય સબંધી પણ ''હું'' સચોટ આગાહી કરી શકુ છુ એમ જણાવી છેતરતા હોય છે.

પ્ર : ૧૪ વિદ્યાની પ્રાપ્તિ અને ફળશ્રુતિ માટે કયો ગુણ આવશ્યક છે ?

ઉ : ૧૪ વિદ્યાની પ્રાપ્તિ અને ફળશ્રુતિ માટે ''વિનય'' ગુણ અતિ આવશ્યક છે.

પ્ર : ૧૫ વિદ્યાધરો વધારેમાં વધારે દશ દિશામાં ક્યાં સુધી જઇ શકે ?

ઉ : ૧૫ વિદ્યાધરો તીર્ચ્છાલોકમાં આવેલ સૌથી છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અને ઉંચે મેરુપર્વત પર પાંડુક વન સુધી તેમજ અધોલોકમાં નીચે કુબડીવિજય સુધી જઇ શકે છે. તેઓ ખુશીથી ગમેતે સ્થળે રૂપ બદલી યાત્રાએ જઇ શકે છે કારણ કે તે લોકોના વિમાન માંત્રિક હોય છે. કાળની અસર મંત્રો ઉપર પડતી નથી તેથી તેઓ નિર્વિઘ્ને હરીફરી શકે છે.

卐

અધ્યાય નવમો
દેવલોક

પ્ર : ૧ દેવલોક વિશે સામાન્ય પરિચય આપો ?

ઉ : ૧ **દેવલોકનો જન્મ** :- ફૂલની શય્યામાં સૌંદર્ય સહિત યૌવનપણે પીડા રહિત ઉપપાત જન્મ થાય છે. તેમનું શરીર વૈક્રિય હોય છે. નાનું, મોટું થઇ શકે છે.

દેવલોકનું સુખ :- ભૌતિક કે પૌદ્‌ગલિક દૃષ્ટ્રિએ દેવલોકમાં મનુષ્યલોક કરતાં ઘણા સુખ વૈભવના સાધનો ઉપલબ્ધ હોય છે. આયુષ્ય લાંબાં અને દેહ નિરોગી હોય છે.

દેવગતિનું કારણ : બાળતપ,સામાન્ય પ્રકારનાં વ્રત,સરાગ સંયમ, દાનાદિ પ્રવૃતિ દેવગતિનું કારણ છે

દેવગતિમાં દુઃખ : પોતાના વૈભવનાં સાધનો કરતાં ઉપરના દેવોનો અતિ વૈભવ જોઇ ઈર્ષાથી દુઃખી થાય છે. ઈર્ષાનુ દુઃખ હોય છે મૃત્યુ પહેલા છ માસ રહે ત્યારે કંઠમા રહેલી માળા કરમાવાથી મૃત્યુના ભયથી અને નીચી કોટીમાં જન્મ મળવાનો છે તે જાણવાથી દુઃખ થાય છે જે દેવો પાસે સમક્તિ નથી તે દેવો પ્રાયે અતિ સુખભોગની તૃષ્ણાના પરિણામે તિર્યંચમાં જન્મ લે છે. મનુષ્ય જન્મ થાય તો પણ ગર્ભનુ દુઃખ ભોગવવું પડે છે. જે દેવો સમક્તિ છે તે દેવ લોકના સુખમા અતિ લુબ્ધ થતા નથી અને પોતે ભાવના કરે છે કે મનુષ્ય જન્મ પામી, સંયમ પાળી શાશ્વત સુખ પામીશું.

પ્ર : ૨ દેવોના મુખ્ય કેટલા પ્રકાર છે?

ઉ : ૨ દેવોના મુખ્ય ચાર પ્રકાર છે.

(૧) ભવનપતિ દેવો.
(૨) વ્યંતર દેવો.
(૩) જ્યોતિષ્ક દેવો.
(૪) વૈમાનિક દેવો.

પ્ર : ૩ દેવોના પેટા ભેદો કુલ કેટલા છે?

ઉ : ૩ (૧) **ભવનપતિ દેવો** :

અ ભવનપતિ-	૧૦	ભેદસંખ્યા
બ પરમાધામિ	૧૫	૨૫

(૨) વ્યંતર દેવો :	વ્યંતર દેવો-	૮	
	વાણવ્યંતર દેવો-	૮	
	તિર્યંક જાંભૃક દેવો-	૧૦	૨૬
(૩) જ્યોતિષી દેવો : (જ્યોતિષ્ક દેવો)	સૂર્ય,ચંદ્ર,તારા,ગ્રહ અને નક્ષત્ર એમ કુલ પાંચ તેમાં		
	સ્થિર	૫	
	અસ્થિર	૫	૧૦
(૪) વૈમાનક દેવો :	દેવલોક	૧૨	
	ગ્રૈવેયક	૯	
	લોકાંતિક	૯	
	અનુતર	૫	
	કિલ્બિષિયા	૩	૩૮
		કુલ	૯૯

૯૯ પર્યાપ્તા+૯૯ અપર્યાપ્તા = ૧૯૮

એટલે કે દેવોના પેટા ભેદો કુલ એકસો અઠ્ઠાણુ છે દેવોને પર્યાપ્તિ શરૂ અને પૂરી કર્યાનો વચ્ચેનો સમય અપર્યાપ્ત સમજવો.

પ્ર : ૪ ભવનપતિ દેવો કોને કહેવાય? તેમના વિશે જણાવો ?

ઉ : ૪ આ દેવોના આવાસો વિશાળ ભવન જેવા હોય છે. તેઓ તેમા રહેતા હોવાથી ભવનપતિ કહેવાય છે. સામાન્ય રીતે આ દેવો સ્વભાવે મૃદુભાષી, મધુર ગતિવાળા અને ક્રીડાશીલ હોય છે. દેખાવમાં સૌંદર્યવાન અને કુમાર અવસ્થા જેવા હોય છે. તેથી કુમાર પણ કહેવાય છે. તેઓને જન્મતાની સાથે જ અવધિજ્ઞાન હોય છે. તે દેવોના શરીરની અવગાહના (ઊંચાઇ) ઓછામાં ઓછી (જઘન્ય) આંગુલના અસંખ્યાતમાં ભાગની અને ઉત્કૃષ્ટ સાત હાથની હોય છે. તેઓના શરીરનો આકાર સમચતુરસ્ત્ર હોય છે. તેઓને ક્રોધ, માન, માયા, લોભ ચાર કષાય હોય છે. તેઓને ચાર સંજ્ઞા (આહાર, ભય, પરિગ્રહ, મૈથુન) હોય છે. ભવનપતિ દેવોમાં ચાર પ્રકારની લેશ્યા (કૃષ્ણ, નીલ, કાપોત, તેજો) જોવા મળે છે. ભવનપતિ દેવોમાં પાંચ સમુદ્ઘાત હોય છે જેવા કે વેદનીય,

કષાય, મારણાંતિક, વૈક્રિય અને તૈજસ. ભવનપતિ દેવોમાંથી આવીને મનુષ્યમાં જાય અથવા તીર્યંચમાં પણ જાય આ દેવો છ દિશીનો આહાર લે છે. બે પ્રકારે આહાર લે, ઓજ આહાર અને રોમ આહાર, તે પણ શુભ અને અચિત હોય તેવો આહાર લે છે.

પ્ર : ૫ દસ ભવનપતિ દેવોના નામ તથા તેમનાં ભવનોની સંખ્યા જણાવો ?

ઉ : ૫ દસ ભવનપતિ દેવોના નામ તથા તેમના ભવનોની સંખ્યા નીચે મુજબ જાણવી.

ભવનપતિનું નામ	ભવનોની સંખ્યા	દક્ષિણે(લાખ)	ઉતરે(લાખ)
(૧) અસુરકુમાર	૮૪,૦૦,૦૦૦	૪૪	૪૦
(૨) નાગકુમાર	૬૪,૦૦,૦૦૦	૩૪	૩૦
(૩) વિદ્યુતકુમાર	૭૬,૦૦,૦૦૦	૪૦	૩૬
(૪) સુર્વણકુમાર	૭૨,૦૦,૦૦૦	૩૮	૩૪
(૫) અગ્નિકુમાર	૭૬,૦૦,૦૦૦	૪૦	૩૬
(૬) દ્વીપકુમાર	૭૬,૦૦,૦૦૦	૪૦	૩૬
(૭) ઉદધિકુમાર	૭૬,૦૦,૦૦૦	૪૦	૩૬
(૮) દિશિકુમાર	૯૬,૦૦,૦૦૦	૫૦	૪૬
(૯) વાયુકુમાર (પવનકુમાર)	૭૬,૦૦,૦૦૦	૪૦	૩૬
(૧૦)સ્તનિતકુમાર (મેઘકુમાર)	૭૬,૦૦,૦૦૦	૪૦	૩૬
	૭,૭૨,૦૦,૦૦૦	૪૦૬	૩૬૬

પ્ર : ૬ દસ ભવનપતિ દેવોનાં કુલ કેટલાં ભવનો છે ?

ઉ : ૬ દસ ભવનપતિ દેવોના કુલ સાત કરોડ બોતેર લાખ ભવનો (મહેલો) છે.

પ્ર : ૭ ભવનપતિ દેવોનાં આ ભવનો ક્યાં આવેલાં છે ?

ઉ : ૭ ભવનપતિ દેવનાં આ ભવનો એક લાખ એંસી હજાર યોજનની જાડાઇ વાળી રત્નપ્રભા નામની પૃથ્વીની વચગાળે આવેલ વિસ્તારમાં આવેલા છે. અર્થાત્ ભવનપતિ દેવો આ તિરછીલોકની રત્નપ્રભા નામની પૃથ્વીના વિસ્તારમાં દક્ષિણ અને ઉત્તર દિશામાં આવેલા ભવનોમાં રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો રત્નપ્રભા નામની નારક પૃથ્વીના ૧,૮૦,૦૦૦ યોજનના જાડા થરમાંથી ઉપર અને નીચેના એક એક હજાર યોજન બાદ કરતાં બાકી રહેલા વચ્ચેના ૧,૭૮,૦૦૦ (એક લાખ ઇઠ્યોતેર હજાર) યોજનમાં તેર પ્રતરના થરના બાર આંતરામાં આ ભવનપતિ દેવો ઘર જેવા ભવનો અને માંડવા જેવા આવાસોમાં રહે છે.

પ્ર : ૮ ભવનપતિ દેવોનાં ચિન્હો તેમના શરીરનો રંગ તથા તેઓના વસ્ત્રોનો રંગ જણાવો ?

ઉ : ૮ ભવનપતિ દેવોનાં ચિન્હો તેમના શરીરનો રંગ તથા તેઓના વસ્ત્રોનો રંગ નીચે મુજબ જાણવો :-

ભવનપતિ દેવનું નામ	ચિન્હ	શરીરનો રંગ	વસ્ત્રોનો રંગ (વર્ણ)
(૧) અસુરકુમાર	ચુડામણી	કાળો	રાતો
(૨) નાગકુમાર	સર્પની ફણા	ગૌર	નીલ
(૩) સુવર્ણકુમાર	ગરૂડ	સુવર્ણ	ધવલ (ઉજ્જવળ)
(૪) વિદ્યુતકુમાર	વજ્ર	રાતો	નીલ
(૫) અગ્નિકુમાર	કળશ	રાતો	નીલ
(૬) દ્વિપકુમાર	સિંહ	રાતો	નીલ
(૭) ઉદધિકુમાર	અશ્વ	ગૌર	નીલ
(૮) દિશિકુમાર	હાથી	સુવર્ણ	ધવલ
(૯) પવનકુમાર	મગર	નીલ	સંધ્યાના રંગ જેવો
(૧૦) સ્તનિત(મેઘ)કુમાર	સરાવસંપુટ	સુવર્ણ	ધવલ

ખાસ નોંધ :- (૧) અમુક ગ્રંથોમાં અગ્નિકુમારનું મુકુટનું ચિન્હ ઘેટાંનું, ઉદધિકુમારનું મકર અને વાયુ કુમારનું અશ્વ અને સ્તનિતકુમારનું વર્ધમાન દર્શાવેલ છે.

પ્ર : ૯ ભવનપતિ દેવોના ઇન્દ્રોના નામ જણાવો ?

ઉ : ૯

ભવનપતિ દેવનું નામ	ઇન્દ્રોના નામ	
	દક્ષિણ શ્રેણી	ઉત્તર શ્રેણી
(૧) અસુરકુમાર	ચમરેન્દ્ર	બલિન્દ્ર
(૨) નાગકુમાર	ધરણ	ભૂતાનંદ
(૩) સુવર્ણકુમાર	વેણુદેવ	વેણુધરી
(૪) વિદ્યુતકુમાર	હરિ	હરિસ્સહ
(૫) અગ્નિકુમાર	અગ્નિશીખ	અગ્નિમાણવ
(૬) દ્વિપકુમાર	પૂર્ણ	અવશિષ્ટ
(૭) ઉદધિકુમાર	જલકાંત	જલપ્રભ
(૮) દિશિકુમાર	અમિત	અમિતવાહન
(૯) પવનકુમાર	વેલંબ	પ્રભંજન
(૧૦) સ્તનિત(મેઘ)કુમાર	સુઘોષ	મહાઘોષ

પ્ર : ૧૦ ભવનપતિ દેવોના કુલ ઈન્દ્રો કેટલા ?

ઉ : ૧૦ દસ ભવનપતિ દેવો તે દરેક નિકાયના બે ઈન્દ્રો એટલે કુલ વીસ ઈન્દ્રો ભવનપતિ દેવોના ગણાય છે.

પ્ર : ૧૧ ભવનપતિ દેવોના આ વીસ ઈન્દ્રોની ઈન્દ્રાણીઓ કેટલી ?

ઉ : ૧૧ અસુર કુમાર નિકાયના બે ઈન્દ્રો તે બન્ને ઈન્દ્રોને

(૧) પાંચ પાંચ ઈન્દ્રાણી હોય છે તેથી ૨×૫ = ૧૦ ઈન્દ્રાણીઓ.

(૨) બાકીની નવ નિકાયના ૧૮ ઈન્દ્રો તે દરેક ઈન્દ્રોને છ, છ, ઈન્દ્રાણી હોય છે તેથી ૧૮×૬ = ૧૦૮ ઈન્દ્રાણીઓ

(૩) કુલ દસ નિકાયના ૨૦ ઈન્દ્રોની ૧૦+૧૦૮ = ૧૧૮ ઈન્દ્રાણીઓ થાય. ભવનપતિ દેવોના કુલ વીસ ઈન્દ્રોની ઈન્દ્રાણીઓની કુલ સંખ્યા એકસો અઢારની થાય.

પ્ર : ૧૨ અસુરકુમાર નિકાયના દક્ષિણ શ્રેણીના ઈન્દ્ર ચમરેન્દ્રની પાંચ અગ્રમહિષીઓ (પાંચ ઈન્દ્રાણીઓ) નાં નામ આપો ?

ઉ : ૧૨ (૧) કાલિ (૨) રાજી (૩) રજનિ (૪) વિદ્યૂત (૫) મેઘા.

પ્ર : ૧૩ અસુરકુમાર નિકાયના ઉત્તર શ્રેણીના ઈન્દ્ર બલિન્દ્રની પાંચ અગ્રમહિષીઓ (પાંચ ઈન્દ્રાણીઓ)ના નામ આપો ?

ઉ : ૧૩ (૧) નિશુભા (૨) રંભા (૩) નિરંભા (૪) શુંભા (૫) મદના.

પ્ર : ૧૪ નાગકુમાર નિકાયના દક્ષિણ શ્રેણીના ઈન્દ્ર ધરણની છ અગ્રમહિષીઓનાં નામ આપો ?

ઉ : ૧૪ (૧) ઈલા (૨) સતેરા (૩) સૌદામિની (૪) ઈન્દ્રા (૫) ધના (૬) વિધૃતા.

પ્ર : ૧૫ નાગકુમાર નિકાયના ઉત્તર શ્રેણીના ઈન્દ્ર ભૂતાનંદની છ અગ્રમહિષીઓનાં નામ આપો?

ઉ : ૧૫ (૧) રુચા (૨) સુરુચા (૩) રુચાંસા (૪) રુચકાવતી (૫)રુચકાંતા(૬) રુચપ્રભા.

પ્ર : ૧૬ ભવનપતિના વીસ ઈન્દ્રોના સામાનિક દેવતાઓ અને આત્મરક્ષક દેવતાઓની સંખ્યા જણાવો ?

ઉ : ૧૬

ઈન્દ્રનું નામ	સમાનિક દેવતાઓ નીસંખ્યા	આત્મરક્ષક દેવતાઓ નીસંખ્યા
(૧) ચરમેન્દ્ર	૬૪,૦૦૦	૨,૫૬,૦૦૦
(૨) બલિન્દ્ર	૬૦,૦૦૦	૨,૪૦,૦૦૦
(૩) ધરણ	૬,૦૦૦	૨૪,૦૦૦

ઈન્દ્રનું નામ	સમાનિક દેવતાઓ નીસંખ્યા	આત્મરક્ષક દેવતાઓ નીસંખ્યા
(૪) ભૂતાનંદથી મહાઘોષ સુધીના દરેક ઈન્દ્રના	૬,૦૦૦	૨૪,૦૦૦

નોંધ :- ભુવનવાસીના દરેક ઈન્દ્રોને જેટલા સામાનિક દેવતાઓ હોય તેનાથી ચારઘણા આત્મરક્ષક દેવતાઓ હોય છે. પ્રથમના બે ઈન્દ્ર સિવાયના બાકીના ૧૮ ઈન્દ્રો દરેકના સામાનિક દેવતાઓ છ હજાર અને તેથી ચારગણા આત્મરક્ષક દેવતાઓ જાણવા.

પ્ર : ૧૭ ભુવનવાસી (ભવનપતિ) દેવો વૈમાનિક દેવોમાં ક્યાં સુધી જઈ શકે ?

ઉ : ૧૭ ભવનપતિ દેવો અને વૈમાનિક દેવોને અંદરો અંદર ભવ પ્રત્યયીક વેર હોય છે. તેથી તેઓ વૈમાનિક દેવલોકમાં બારમાં દેવલોક જેનું નામ અચ્યુત છે. ત્યા સુધી જવાનું સામર્થ્ય ધરાવે છે પરંતુ આજદિન સુધી ત્યા બારમાં દેવલોક સુધી કોઈ ગયું નથી. વધુમાં વધુ પહેલા દેવલોક કે જેનુ નામ સૌધર્મ દેવલોક છે ત્યા સુધી ગયા છે.

પ્ર : ૧૮ ચમરેન્દ્રનું સૌધર્મ દેવલોકમાં જવાનુ અચ્છેરૂ (આશ્ચર્ય) કોના સમયમાં બનેલું ?

ઉ : ૧૮ ભગવાન મહાવીર (ચોવીસમાં તીર્થંકર) સુસમાર પુરની બહાર એક રાત્રી કી પ્રતિમા (કાઉસગ્ગ) માં રહ્યા હતા ત્યારે ચમરેંદ્ર સૌધર્મ દેવલોકમાં જઈ ત્યાંના ઈન્દ્રને ગમે તેમ ધમકાવી અપશબ્દો બોલી આવ્યો. સૌધર્મેન્દ્ર ગુસ્સે થતાં તેની પાછળ વજ્ર ફેંક્યું ત્યારે ચમરેન્દ્ર ભગવાન મહાવીરના બે પગની વચ્ચે નાનુ શરીર કરીને સંતાઈ ગયેલ.

પ્ર : ૧૯ ભવનપતિ દેવો નીચે કેટલાં નરકો સુધી જઈ શકે છે ?

ઉ : ૧૯ ભવનપતિ દેવો પોતાના સ્થાનથી નીચે સાતમાં નરક સુધી જઈ શકે છે. પરંતુ આજ દિન સુધી ત્યાં સુધી કોઈ ગયું નથી. જશે નહીં અને જતા પણ નથી, પરંતુ માત્ર ત્રીજા નરક સુધી જાય છે, ગયા છે, અને જશે પણ ખરા. પોતાના જૂના શત્રુને દુઃખ આપવા અથવા પોતાના જૂના મિત્રને સુખી કરવા તેઓ ત્રીજા નરક સુધી ગયા છે, જાય છે, અને જશે.

પ્ર : ૨૦ ભવનપતિ દેવો ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવલોકમાં શાથી જાય છે?

ઉ : ૨૦ પોતાના વેરને કારણે ત્યાં જાય છે અને ત્યાંના આત્મરક્ષક દેવોને ત્રાસ ઉપજાવે છે તથા નાના નાના રત્નોને લઈ ઉજ્જડ ભાગમાં ચાલ્યા જાય છે ઊંચે ગયા

પછી તે અસુરકુમારો ત્યાંની (વૈમાનિક દેવલોકની) અપ્સરાઓ જો તેમનો આદર કરે અને તેમને પોતાના સ્વામિ તરીકે સ્વીકારે તો તેમની સાથે તેઓ ભોગો ભોગવી શકે છે નહીં તો નહીં.

પ્ર : ૨૧ ભવનપતિ દેવોને વિષય સુખ કેવા પ્રકારનું હોય છે ?

ઉ : ૨૧ ભવનપતિ દેવોને એકવાર વિષય સુખ ભોગવતાં પાંચસો વર્ષ (૫૦૦ વર્ષ) વીતી જાય છે. તેઓ મનુષ્યની જેમ વિષય સુખ માણતા હોય છે.

પ્ર : ૨૨ દસ ભવનપતિ દેવો ક્યાં રહે છે ?

ઉ : ૨૨ પહેલી રત્નપ્રભા નામના નરકના ૧૩ પાથડા છે અને બાર આંતરા છે. તે આંતરા માહેનું પહેલુ અને છેલ્લું આંતરુ ખાલી છે અને વચ્ચેના દસ આંતરામાં દસે નિકાયના ભવનપતિ દેવો અલગ અલગ રહે છે.

પ્ર : ૨૩ ભવનપતિ દેવો કુમાર કેમ કહેવાય છે ?

ઉ : ૨૩ તેઓ કુમારની માફક દેખાવમાં મનોહર, સુકુમાર, તથા મૃદુ મધુર ગતિવાળા અને ક્રીડાશીલ હોય છે. તેથી તેઓ કુમાર કહેવાય છે.

પ્ર : ૨૪ ભવનપતિ દેવોને આહાર કેવો હોય છે?

ઉ : ૨૪ ભવનપતિ દેવો એક એક દિવસ વચમાં છોડીને આહાર લે છે.

પ્ર : ૨૫ ભવનપતિ દેવોમાં સર્વથી અધિક બળવાન અને ઋદ્ધિવાન કોણ ગણાય છે?

ઉ : ૨૫ ભવનપતિ દેવોમાં અસુરકુમાર જાતિના દેવો અધિક બળવાન અને ઋદ્ધિવાન હોય છે.

પ્ર : ૨૬ ભવનપતિ દેવોનું ઓછામાં ઓછું (જઘન્ય) અને ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું હોય છે ?

ઉ : ૨૬ ભવનપતિ દેવોનુ ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષ (૧૦,૦૦૦ વર્ષ) અને વધુમાં વધુ એક સાગરોપમનું હોય છે. દક્ષિણ દિશાના અસુરકુમારના દેવની જઘન્ય આયુસ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ ૧ સાગરોપમની અને તેમની દેવીની જઘન્ય આયુ સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ સાડા ત્રણ પલ્યોપમની હોય છે. બાકીની નવ નિકાયના દેવની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની ઉત્કૃષ્ટ દોઢ પલ્યોપમની અને તેની દેવીની સ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ પોણા પલ્યોપમની. ઉત્તર દિશાના અસુર કુમારના દેવની જઘન્ય આયુસ્થિતિ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ એક સાગરોપમ ઝાઝેરી તેની દેવીની સ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષની ઉત્કૃષ્ટ સાડા ચાર પલ્યોપમની.

તેના નવ નિકાયના દેવની જઘન્ય આયુ સ્થિતિ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ બે પલ્યોપમમાં દેસ ઓછી. તેમની દેવીની સ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમમાં દેસ ઓછી. અસુરકુમારનું એક સાગર, નાગકુમારનું ત્રણ પલ્ય, સુર્વણકુમારનું અઢી પલ્ય, દ્વીપકુમારનું બે પલ્ય અને બાકીના છ કુમારોનું દોઢ દોઢ પલ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય જાણવું.

પ્ર : ૨૭ ભવનપતિ દેવ-દેવીની અવગાહના કેટલી હોય છે ?

ઉ : ૨૭ ભવનપતિ દેવ-દેવીની અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતના ભાગની ઉત્કૃષ્ટ સાત હાથની હોય છે.

પ્ર : ૨૮ પંદર પ્રકારના પરમાધામી દેવોનાં નામ જણાવો ?

ઉ : ૨૮ પંદર પ્રકારના પરમાધામી દેવોનાં નામ તથા તેઓના કાર્ય નીચે મુજબ જાણવા .

(૧) **અંબ** : નરકના જીવોને ઊંચે આકાશમાં લઇ જઇને એકદમ નીચે પછાડે છે.

(૨) **અંબરીષ** : નારકી જીવોના છરી-ચપ્પુ આદિથી નાના નાના ટૂકડા કરીને ભઠ્ઠીમાં પકવવા યોગ્ય બનાવે છે.

(૩) **શામ** : દોરડાથી અથવા લાત આદિથી નારકી જીવોને મારે છે અને ભયંકર સ્થાનમાં ફેકી દે છે.

(૪) **સબલ** : શરીરના આંતરડા, નસો અને કાળજુ આદિને બહાર ખેંચી કાઢે છે.

(૫) **રુદ્ર** : ભાલા આદિ શસ્ત્રોમાં નારકીના જીવોને પરોવે છે.

(૬) **મહારુદ્ર** : નારકીના અંગોપાગને તોડી નાંખે છે.

(૭) **કાળ** : નારકી આદિ જીવોને કડાઇ આદિમાં તળાવે છે પકાવે છે.

(૮) **મહાકાળ** : નારકી જીવોના માંસના ટુકડે ટુકડા કરી નાંખે છે અને તેને ખવડાવે છે.

(૯) **અશિપત્ર** : વૈક્રિય શકિત દ્વારા તલવારના આકારવાળા પાંદડાથી યુક્ત વનની વિકુર્વણા કરીને તેમાં બેઠેલા નારકી જીવો ઉપર તલવાર જેવા પાંદડાને ફેકીને તેમના શરીરના તલ-તલ જેવા નાના નાના ટુકડા કરી નાંખે છે.

(૧૦) **ધનુષ્ય** : વિકુર્વણાથી બનાવેલ ધનુષ્યમાંથી બાણ છોડીને નારકી જીવોના કાન આદિ અંગો કાપે છે.

(૧૧) **કુંભ** : તલવાર આદિ દ્વારા કાપેલા નારકી જીવોને કુંભીઓમાં પકાવે છે.

(૧૨) **વાલુક** : વૈક્રિય શકિત દ્વારા બનાવેલ કદમ્બ પુષ્પના આકારવાળી અથવા વજ્રસમાન વેળુ રેતીમાં નારકી જીવોને ચણાની જેમ ભૂંજે છે- શેકે છે.

(૧૩) **વૈતરણી :** વૈક્રિય શકિતથી ગરમ કરેલા માંસ, રૂધીર, રસી, તાંબુ, સીસુ વગેરે પદાર્થોથી ઉકળતી નદીમાં નારકી જીવોને ફેકીને તરવાને માટે કહેવામાં આવે છે.

(૧૪) **ખરસ્વર :** વજ્રસમાન કાંટાવાળા શાલ્મલી વૃક્ષો ઉપર નારકી જીવોને ચઢાવીને કઠોર અવાજ કરતાં થકી અથવા કરૂણ રૂદન કરતા થકી નારકી જીવોને ખેચે છે.

(૧૫) **મહાઘોષ:** મહાઘોષ ડરથી ભાગતા નારકી જીવોને પશુઓની જેમ વાડામા પૂરી દે છે અને જોરથી ખીજાતા ખીજાતા તેઓને ત્યાં જ રોકી રાખે છે.

પ્ર : ૨૯ પરમાધામી દેવો વિશે સમજાવો ?

ઉ : ૨૯ પરમાધામી દેવો ત્રીજી નરક સુધીનાં નારકી જીવોને વિવિધ પ્રકારનાં દુઃખો આપે છે. આ દેવો હલકા કૃત્ય કરનારા અધમવૃત્તિવાળા હોય છે. ખાસ કરીને કુતૂહલવશ અને પૂર્વ કર્મકૃત વૈરભાવથી નરકમાં જઇ નારકી જીવોને અસહ્ય દુઃખ આપે છે. મારવા, કાપવા, ખાંડવા વગેરે પ્રકારે અત્યંત પીડા ઉપજાવે છે. અત્યંત ક્રૂર પરિણામી આ જીવો દેવનું આયુષ્ય પુરૂ થતાં એકેન્દ્રીયપણે ઊપજે છે. સમુદ્રની અંધકારમય ગુફામાં જન્મીને મહાદુઃખ પામે છે.

પ્ર : ૩૦ પરમાધામી દેવો ભવનપતિના દસ ભેદમાંથી કયા ભેદમાં સમાય છે ?

ઉ : ૩૦ પરમાધામી દેવો અસુરકુમાર નિકાયમાં સમાય છે.

પ્ર : ૩૧ તીર્થંકર ભગવાનના જન્મ સમયે જે છપ્પન દિક્કકુમારીકાઓ આવે છે તે વ્યંતરની કે ભુવનપતિ નીકાયની ગણાય છે ?

ઉ : ૩૧ આવશ્યકસૂત્રના વિવરણમાં સૂરિપુરંદર શ્રીમલયગિરિ મહારાજ લખે છે કે તે ભુવનપતિ નીકાયની દેવીઓ છે.

પ્ર : ૩૨ પરમાધામી દેવો મનુષ્યલોકમાં આવે છે કે નહીં ?

ઉ : ૩૨ પરધામી દેવોની ઇચ્છા થાય તો મનુષ્યલોકમાં આવી શકે પરંતુ આવતા નથી.

પ્ર : ૩૩ પરમાધામી દેવો નારકીના જીવોને દુઃખ પહોંચાડે છે તો તેમની પોતાની મરણ પછી કઇ ગતિ થાય ?

ઉ : ૩૩ પરમાધામી દેવો મરણ પામ્યા પછી અંડકોષીયા મચ્છ તરીકે પેદા થાય છે.

પ્ર : ૩૪ વ્યંતર અને વાણ વ્યંતર દેવો એટલે શું ?

ઉ : ૩૪ વિવિધ પ્રકારના અંતરે રહેનારા તથા વનોમા રહેનારા હોવાથી વ્યંતર અને

વાણવ્યંતર કહેવાય છે. મધ્યલોકમાં અને અધોલોકમાં તેઓનું આવાગનમ હોય છે. મિત્રભાવે કોઇ જીવને સહાય કરે અને વૈરભાવે હેરાન પણ કરે. ભૂત પ્રેત જેવા નામથી લોકમાં પ્રસિદ્ધ છે. વિવિધરૂપ ધારણ કરી શકે છે. તીર્થંકર, ચક્રવર્તી જેવા પુણ્યશાળી પુરૂષોની સેવામાં હાજર રહે છે. ભકિત કરનાર ઉપર પ્રસન્ન થઇ વરદાન આપે અને વેર લેવા શાપ પણ આપે. આ જાતિમાં તિર્યંકજાંભૃક દેવો પણ ગણાય છે. તે તીર્થંકર ભગવાનના ચ્યવન કે જન્માદિ કલ્યાણકો વખતે ધન ધાન્યાદિથી તેમના ભંડારો ભરપૂર કરી દે છે.

પ્ર : ૩૫ વ્યંતર દેવો કેટલા છે ? તેમના નામ જણાવો ?

ઉ : ૩૫ વ્યંતર દેવો આઠ પ્રકારના છે તેમના નામ નીચે મુજબ જાણવા.

(૧) પિશાચ (૫) કિન્નર
(૨) ભૂત (૬) કિંપુરૂષ
(૩) યક્ષ (૭) મહોરગ
(૪) રાક્ષસ (૮) ગંધર્વ

પ્ર : ૩૬ પંદરપ્રકારના પિશાચના નામ જણાવો ?

ઉ : ૩૬ (૧) કુષ્માંડ (૨) પટક (૩) જોષ (૪) આન્હિક (૫) કાલ (૬) મહાકાલ (૭) ચોક્ષ (૮) અચોક્ષ (૯) તાલપિશાચ (૧૦) મુખપિશાચ (૧૧) અધસ્તારક (૧૨) દેહ (૧૩) મહાદેહ (૧૪) તૂદશ્નીક (૧૫) વનપિશાચ.

પ્ર : ૩૭ નવ પ્રકારના ભૂતના નામ જણાવો ?

ઉ : ૩૭ (૧) સ્વરૂપ (૨) પ્રતિરૂપ (૩) અતિરૂપ (૪) ભૂતોતમ (૫) સ્કંદિક (૬) મહાસ્કંદિક (૭) મહાવેગ (૮) પ્રતિછત્રા (૯) આકાશગા.

પ્ર : ૩૮ તેર પ્રકારના યક્ષના નામ જણાવો ?

ઉ : ૩૮ (૧) પૂર્ણભદ્ર (૨) મણિભદ્ર (૩) શ્વેતભદ્ર (૪) હરિભદ્ર (૫) સુમનોભદ્ર (૬) વ્યતિપાકભદ્ર (૭) સુભદ્ર (૮) સર્વતોભદ્ર (૯) મનુષ્યયક્ષ (૧૦) ધનાધિપ (૧૧) ધનાહાર (૧૨) રૂપયક્ષ (૧૩) યક્ષોત્તમ.

પ્ર : ૩૯ સાત પ્રકારના રાક્ષસના નામ જણાવો ?

ઉ : ૩૯ (૧) ભીમ (૨) મહાભીમ (૩) વિઘ્ન (૪) વિનાયક (૫) જલરાક્ષસ (૬) યક્ષરાક્ષસ (૭) બ્રહ્મરાક્ષસ.

પ્ર : ૪૦ દશ પ્રકારના કિન્નરના નામ જણાવો ?

ઉ : ૪૦ (૧) કિન્નર (૨) કિંપુરુષ (૩) કિંપુરુષોત્તમ (૪) હૃદયગમ (૫) રૂપશાલિન (૬) અનિંદિત (૭) કિન્નરોત્તમ (૮) મનોરમ (૯) રતિપ્રીય (૧૦) રતિશ્રેષ્ઠ.

પ્ર : ૪૧ દસ પ્રકારના કિંપુરુષના નામ જણાવો ?

ઉ : ૪૧ (૧) પુરુષ (૨) સત્પુરુષ (૩) મહાપુરુષ (૪) પુરુષવૃષભ (૫) પુરુષોત્તમ (૬) અતિપુરુષ (૭) મહાદેવ (૮) મરુત (૯) મેરૂપ્રભ (૧૦) યશસ્વંત.

પ્ર : ૪૨ દસ પ્રકારના મહોરગના નામ જણાવો ?

ઉ : ૪૨ (૧) ભૂજંગ (૨) ભોગશાલિન (૩) મહાકાય (૪) અતિકાય (૫) સ્કંધસાખિન (૬) મનોરમ (૭) મહાવેગ (૮) મહેશ્વક્ષ (૯) મેરૂકાંત (૧૦) ભાસ્વંત.

પ્ર : ૪૩ બાર પ્રકારના ગંધર્વોના નામ જણાવો ?

ઉ : ૪૩ (૧) હાહા (૨) હૂહૂ (૩) તુંબરુ (૪) નારદ (૫) ઋષિવાદક (૬) ભૂતવાદક (૭) કાદંબ (૮) મહાકાદંબ (૯) રૈવત (૧૦) વિશ્વાવસુ (૧૧) ગિતરતિ (૧૨) ગિતયશ

પ્ર : ૪૪ આઠ પ્રકારના વ્યંતર દેવોના શરીરના રંગ અને તેમની ધ્વજામાં કયું ચીન્હ હોય છે તે જણાવો ?

ઉ : ૪૪

વ્યંતરદેવનું નામ	શરીરનો રંગ	ધ્વજામાં ચિન્હ
(૧) પિશાચ	શ્યામ	કદંબવૃક્ષનું
(૨) ભૂત	કાળો	સુલસવૃક્ષનું
(૩) યક્ષ	શ્યામ	વડવૃક્ષનું
(૪) રાક્ષસ	ધવલ	તાપસનાપાત્રનું
(૫) કિન્નર	નીલ	અશોકવૃક્ષનું
(૬) કિંપુરુષ	ધવલ	ચંપકવૃક્ષનું
(૭) મહોરગ	શ્યામ	નાગવૃક્ષનું
(૮) ગંધર્વ	શ્યામ	તુંબરાના વૃક્ષનું

પ્ર : ૪૫ વ્યંતર દેવોનાં નામ તેમના ચિન્હ તથા તેમના ઈન્દ્રોનાં નામ જણાવો ?

ઉ : ૪૫

વ્યંતર દેવનું નામ	તેમનુંચિન્હ	ઈન્દ્રના નામ
(૧) પિશાચ	કદંબવૃક્ષ	કાળ અને મહાકાળ
(૨) ભૂત	સુલસવૃક્ષ	સુરૂપ અને પ્રતિરૂપ
(૩) યક્ષ	વટવૃક્ષ	પૂર્ણભદ્ર અને મણિભદ્ર
(૪) રાક્ષસ	ખટ્વાંગ	ભીમ અને મહાભીમ
(૫) કિન્નર	અશોકવૃક્ષ	કિન્નર અને કિંપુરુષ
(૬) કિંપુરુષ	ચંપકવૃક્ષ	સત્પુરુષ અને મહાપુરુષ
(૭) મહોરગ	નાગડુવૃક્ષ	અતિકાય અને મહાકાય
(૮) ગંધર્વ	તુબરુવૃક્ષ	ગીતરતિ અને ગીતયશા.

પ્ર : ૪૬ વાણવ્યંતર દેવો કેટલા છે ? તેમના નામ જણાવો ?

ઉ : ૪૬ વાણવ્યંતર દેવો આઠ પ્રકારના છે તેમના નામ નીચે મુજબ જાણવા :-

(૧) આણ પન્ની (૫) કંદીય
(૨) પાણ પન્ની (૬) મહાકંદીય
(૩) ઈસીવાઇ (૭) કોહડ
(૪) ભૂઈવાઇ (૮) પતંગ (પયંગ)

પ્ર : ૪૭ વાણવ્યંતરોના નામ તથા તેઓનાં ઈન્દ્રોના નામ જણાવો ?

ઉ : ૪૭

વાણવ્યંતરો દેવોનાં નામ	ઈન્દ્રોના નામ
(૧) અપ્રજ્ઞપ્તિ	સંનિહિત અને સમાનક
(૨) પંચપ્રજ્ઞપ્તિ	ધાતા અને વિધાતા
(૩) ઋષિવાદિત	ઋષિ અને ઋષિપાલક
(૪) ભૂતવાદિત	ઈશ્વર અને મહેશ્વર
(૫) કંદિત	સુવત્સક અને વિશાલક
(૬) મહા કંદિત	હાસ અને હાસરતિ
(૭) કુષ્માંડ	શ્વેત અને મહાશ્વેત
(૮) પાવક	પંવક અને પવકપતિ

પ્ર : ૪૮ તિર્યંક જાંભૃક દેવો કેટલા છે ? તેમનાં નામ જણાવો ?

ઉ : ૪૮ તિર્યંક જાંભૃક દેવો દસ પ્રકારના છે જેમના નામ નીચે મુજબ જાણવાં :-

(૧) **અન્ન જાંભૃક** :- ભોજનના પરિમાણને વધારવા-ઘટાડવા સરસ-નિરસ કરવાની આદિ શકિતવાળા

(૨) **પાણ જાંભૃક** :- પાણીને ઘટાડવા-વધારવાવાળા દેવ

(૩) **વસ્ત્ર જાંભૃક** :- વસ્ત્રને ઘટાડવા વધારવાની શકિતવાળા દેવ

(૪) **લયન જાંભૃક** :- સુવર્ણાદિક ધાતુઓ વધારવા-ઘટાડવાવાળા તથા ઘર આદિની રક્ષા કરવાવાળા દેવ

(૫) **શયન જાંભૃક** :- શય્યા આદિની રક્ષા કરવાવાળા દેવ

(૬) **પુષ્પ જાંભૃક** :- પુષ્પોની (ફૂલોની) રક્ષા કરવાવાળા દેવ

(૭) **ફળ જાંભૃક** :- ફળોની રક્ષા કરવાવાળા દેવ

(૮) **પુષ્પ ફળ જાંભૃક** :- પુષ્પ અને ફળ બંન્નેની રક્ષા કરવાવાળા દેવ

(૯) **વિદ્યા જાંભૃક** :- વિદ્યાઓની રક્ષા કરવાવાળા દેવ.

(૧૦) **અવિયત જાંભૃક** :- ભાજીપાલાના રખેવાળ તથા સામાન્ય રૂપથી બધા પદાર્થોની રક્ષા કરવાવાળા.

આ જાંભૃક દેવો તિરર્છાલોકના પહેરેગીર જેવા છે. જો તેઓ ન હોય તો વાણવ્યંતર દેવતાઓ વસ્તુઓનું હરણ કરી લે છે તેથી આ દેવતાઓ સવાર, બપોર, સાંજ નિરંતર ચોકી પહેરો કરે છે. ત્રણે કાળમાં તેઓ નિરંતર ફરતા રહે છે.

પ્ર : ૪૯ આ દેવોને જાંભૃક શા માટે કહેવાય છે?

ઉ : ૪૯ આ દેવો સદા ક્રીડામાં લીન રહે છે. તથા દિવસ-રાત્રિ સદા નિરંતર ફરતા રહે છે. માટે તેમને જાંભૃક કહેવાય છે.

પ્ર : ૫૦ વ્યંતર અને વાણવ્યંતર દેવો ક્યાં રહે છે ?

ઉ : ૫૦ રત્નપ્રભા નામની નારક પૃથ્વીના એક લાખ એસી હજાર યોજનના જાડા થરમાંથી ઉપર અને નીચેના એક એક હજાર યોજન બાદ કરતા બાકી રહેલા એક લાખ ઇઠ્યોતેર હજાર યોજનમાં તેર પ્રતરના થરના બાર આંતરામાં ભવનપતિ દેવો વસે છે.

રત્નપ્રભા નામની નારક પૃથ્વીના ઉપર જણાવ્યા મુજબ છોડેલા ૧૦૦૦ યોજનના દળમાંથી નીચેના અને ઉપરના સો સો યોજન છોડીને બાકીના ૮૦૦ યોજનમાં આઠ વ્યંતર દેવો વસે છે.

તેવી જ રીતે ઉપર છોડેલા સો યોજનમાં ઉપર અને નીચેના દસ દસ યોજન છોડીને વચ્ચેના ૮૦ યોજન વિસ્તારમાં વાણવ્યંતર દેવો વસે છે.

પ્ર : ૫૧ વ્યંતર અને વાણવ્યંતર દેવો વિશે વિશેષ પરિચય આપો ?

ઉ : ૫૧ વ્યંતર અને વાણવ્યંતર દેવોને ત્રણ પ્રકારના શરીર હોય છે (વૈક્રિય, તૈજસ, કાર્મણ). આ બંને પ્રકારના દેવોની ઓછામાં ઓછી (જઘન્ય) અવગાહના (ઊંચાઇ) આંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ સાત હાથની હોય છે. વૈક્રિય કરે તો વધારેમાં વધારે એક લાખ યોજનની કરી શકે છે. ચારે કષાય હોય છે. પરંતુ લોભ વવારે હોય છે. ચારે સંજ્ઞા હોય છે પરંતુ તેમા પરિગ્રહ સંજ્ઞા વધારે હોય છે. ચાર લેશ્યા હોય છે. (કૃષ્ણ, નીલ, કાપોત, તેજો) પાંચ સમુદ્ઘાત હોય છે. બે વેદ-પુરુષ વેદ અને સ્ત્રી વેદ હોય છે. પાંચ પર્યાપ્તી હોય છે. ચક્ષુ દર્શન અચક્ષુ દર્શન અને અવધિ દર્શન એમ ત્રણ દર્શન હોય છે. આહાર છ દિશીનો તથા બે પ્રકારે ઓજ અને રોમ તથા શુભ અને અચિત આહાર લે છે. તેઓ ચ્યવીને પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય અને તિર્યંચ એ પાંચ દંડકમાં જાય અને મૃત્યુ પામીને મનુષ્ય તથા તિર્યંચમાં જાય.

પ્ર : ૫૨ વ્યંતર-વાણવ્યંતર દેવો તથા દેવીઓનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું?

ઉ : ૫૨ વ્યંતર-વાણવ્યંતર દેવોનું જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમનું હોય છે. તથા તેમની દેવીનું જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટ અર્ધ પલ્યોપમનું હોય છે.

પ્ર : ૫૩ વ્યંતર અને વાણવ્યંતર દેવોના ઇન્દ્રોને કેટલી ઇન્દ્રાણીઓ હોય છે ?

ઉ : ૫૩ વ્યંતર દેવો આઠ પ્રકારના છે તે દરેકના બે ઇન્દ્રો એટલે કુલ સોળ ઇન્દ્રો તેમજ વાણવ્યંતર દેવો આઠ પ્રકારના અને તે દરેકના બે ઇન્દ્રો એટલે તેમના સોળ ઇન્દ્રો આમ વ્યંતર અને વાણવ્યંતર દેવોના કુલ ઇન્દ્રો બત્રીસ ગણાય છે. તે દરેક ઇન્દ્રને ચાર ચાર ઇન્દ્રાણી હોય છે. એટલે વ્યંતર અને વાણવ્યંતર દેવોની કુલ ઇન્દ્રાણીઓ (૩૨×૪ =૧૨૮) એકસો અઠ્યાવીસ ગણાય છે.

પ્ર : ૫૪ વાણવ્યંતર દેવોને વિષય સબંધી કેવો વ્યવહાર હોય છે ?

ઉ : ૫૪ વ્યંતર દેવો મનુષ્યની જેમ જ પોતાની દેવી સાથે અત્યંત પ્રેમ હોવાથી વિષયસુખ માણતા હોય છે. તેમને એક વિષય ભોગવતા હજાર વર્ષ વીતી જાય છે.

પ્ર : ૫૫ તિર્યંકજાંભૃક દેવો કોની આજ્ઞામા રહે છે ?

ઉ : ૫૫ તિર્યંકજાંભૃક દેવો કુબેરની આજ્ઞામા રહે છે.

પ્ર : ૫૬ તિર્યંકજાંભૃક દેવો ક્યાં રહે છે ?

ઉ : ૫૬ વૈતાઢ્ય પર્વત ઉપર ૨૦ યોજન ઊંચે જઇએ ત્યારે ૧૦ યોજન વિસ્તારવાળી વૈતાઢ્યની બંને બાજુએ બીજા બે સપાટ પ્રદેશવાળી મેખલાઓ આવેલી છે. ત્યાં આ દેવો રહે છે. ભરતક્ષેત્રમાં આવેલ વૈતાઢ્ય ઉપર સૌધર્મ ઇન્દ્રના લોકપાલોના આભિયોગિક (સેવક તરીકે કામ કરતા) તિર્યંકજાંભૃક દેવો રહે છે.

પ્ર : ૫૭ વાણવ્યંતરના ભવનોમાં સૂર્યનો પ્રકાશ કેવી રીતે પહોંચતો હશે કે ત્યાં ઘોર અંધકાર રહે છે ?

ઉ : ૫૭ વાણવ્યંતરોના નગરોમાં રત્ન જડીત મોટા મોટા નિવાસ સ્થાન છે તે બધા સૂર્ય સમાન દેદીપ્યમાન હોય છે. તથા દેવ-દેવીઓના આભરણાદિકનો પણ અત્યંત પ્રકાશ હોય છે જેથી ત્યાં અંધકાર હોતો નથી.

પ્ર : ૫૮ વ્યંતર અને વાણવ્યંતરના જે બત્રિસ ઈન્દ્રો છે તે દરેકના સામાનિક દેવતાઓ અને અંગરક્ષક દેવતાઓ કેટલા છે તે જણાવો ?

ઉ : ૫૮ વ્યંતર અને વાણવ્યંતરના જે બત્રિસ ઈન્દ્રો છે તે દરેક ઈન્દ્રને ૪૦૦૦ સમાનિક દેવતાઓ અને ૧૬,૦૦૦ અંગરરક્ષક દેવતા હોય છે એટલે કે બત્રીસ ઈન્દ્રોના કુલ સામાનિક દેવતાઓની સંખ્યા ૧,૨૮,૦૦૦ થાય અને બત્રીસે ઈન્દ્રોના કુલ અંગરક્ષક દેવતાઓની સંખ્યા ૫,૧૨,૦૦૦ થાય.

પ્ર : ૫૯ સરસ્વતી દેવી તે કયા દેવની પત્ની છે ?

ઉ : ૫૯ સરસ્વતી દેવી વ્યંતરેન્દ્ર ગીતરતિની અગ્ર મહિષી દેવી છે. સરસ્વતી દેવી સમક્તિધારી ગણાય છે.

પ્ર : ૬૦ જાંભૃકદેવો કયા નિકાયમાં ગણાય છે, અને તેમનું આયુષ્ય કેટલું ?

ઉ : ૬૦ જાંભૃકદેવો વ્યંતર નિકાયમાં ગણાય છે. અને તેમનુ આયુષ્ય એક પલ્યોપમનું ગણાય છે.

પ્ર : ૬૧ જ્યોતિષ્ક (જ્યોતિષી) દેવો કોને કહેવાય ?

ઉ : ૬૧ જ્યોતિષ્ક દેવો એટલે કે જેમનાં વિમાનો એક પ્રકારનો પ્રકાશ ફેલાવતા હોઇ તેમને જ્યોતિષ્ક દેવો કહેવાય છે. આ દેવલોકના વિમાનો સ્ફટિક રત્નના હોય છે. અને તેથી તે વિમાનમાંથી પ્રકાશ આવે છે. એટલે દેવોનો પોતાનો પ્રકાશ હોતો નથી પરંતુ તેમના વિમાનો સ્ફટિક રત્નના હોવાથી તેમાંથી પ્રકાશ ફેલાય છે. લવણ સમુદ્રમાં રહેલા જ્યોતિષી દેવોના વિમાનો જળ સ્ફટિક રત્નમય હોય છે તે ઊંચે પણ પ્રકાશ કરે છે.

પ્ર : ૬૨ જ્યોતિષી દેવો કેટલા પ્રકારના છે ?

ઉ : ૬૨ જ્યોતિષી દેવો પાંચ પ્રકારના છે.

(૧) સૂર્ય (૨) ચંદ્ર (૩) તારા (૪) ગ્રહ (૫) નક્ષત્ર

આમ મુખ્ય પાંચ પ્રકારના જ્યોતિષી દેવો છે. અઢી દ્વીપની અંદર કે જ્યાં મનુષ્યની વસ્તી છે, ત્યાં આગળ આ સૂર્ય ચંદ્ર વગેરે મેરુપર્વતની ફરતે પ્રદક્ષિણા કરતા હોવાથી ચર કહેવાય છે. અને અઢી દ્વીપની બહાર પણ અસંખ્યાત સૂર્ય, ચંદ્ર, તારા વગેરે છે પરંતુ તેઓ સ્થિર હોવાથી અચર કહેવાય છે. એટલે પાંચ જ્યોતિષી દેવો ચર અને પાંચ પ્રકારના જ્યોતિષી દેવો અચર એટલે કુલ દસ જ્યોતિષી દેવો ગણી શકાય.

પ્ર : ૬૩ જ્યોતિષી દેવો વિશે વિગતવાર જણાવો ?

ઉ : ૬૩ જ્યોતિષી દેવોને વૈક્રિય, તેજસ અને કાર્મણ એમ ત્રણ શરીર હોય છે. શરીરની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અને ઉત્કૃષ્ટ સાત હાથની હોય છે. ઉત્તર વૈક્રિય કરે તો વધુમા વધુ એક લાખ યોજનની થઇ શકે. ક્રોધ, માન, માયા, લોભ એ ચારે કષાય હોય છે. આહાર, નિંદ્રા, મૈથુન અને પરિગ્રહ એ ચારેય સંજ્ઞા હોય છે. તેજો લેશ્યા એકલી હોય છે. પાંચેય સમુદ્ઘાત હોય છે. સંજ્ઞી ગણાય છે પણ ભાષા અને મન ભેગાં બાંધે. અવધિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન એ ત્રણ જ્ઞાન હોય છે. છ દિશીનો આહાર લે તે ઓજ અને રોમ બે પ્રકારે તે પણ શુભ અને અચિત આહાર લે છે. અગિયાર યોગ હોય છે. બે પ્રકારનાં મરણ હોય છે. સમોહિયા અને અસમોહિયા મરણ હોય છે. ચવણ તે ચવીને પાંચ દંડકમાં જાય તે પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય અને તિર્યંચ. મૃત્યુ પામ્યા પછી બે ગતિમાં જાય મનુષ્ય અને તિર્યંચ દશ પ્રાણ હોય છે. જ્યોતિષ દેવો મનુષ્ય અને તિર્યંચમાંથી જ આવે છે.

પ્ર : ૬૪ અઢી દ્વીપમાં કુલ કેટલા સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, ગ્રહો અને તારાઓ આવેલાં છે તે જણાવો ?

ઉ : ૬૪ અઢી દ્વીપમાં કુલ કેટલા જ્યોતિષી દેવો છે તે નીચેના કોષ્ટક ઉપરથી જાણી શકાય તેમ છે.

જ્યોતિષી દેવનું નામ	જંબૂદ્વીપમાં કેટલી સંખ્યા	લવણ સમુદ્રમાં સંખ્યા	ઘાતકી ખંડમાં સંખ્યા	કાલોદધિ સમુદ્રમાં સંખ્યા	અર્ધ પુસ્કરદ્વીપમાં સંખ્યા	કુલ સંખ્યા
(૧) સૂર્ય	૨	૪	૧૨	૪૨	૭૨	૧૩૨
(૨) ચંદ્ર	૨	૪	૧૨	૪૨	૭૨	૧૩૨
(૩) નક્ષત્રો	૫૬	૧૧૨	૩૩૬	૧૧૭૬	૨૦૧૬	૩૬૯૬
(૪) ગ્રહો	૧૭૬	૩૫૨	૧૦૫૬	૩૬૯૬	૬૩૩૬	૧૧૬૧૬
(૫) કોડાકોડી તારાની	૧૩૩૯૫૦	૨૬૭૯૦૦	૮૦૩૭૦૦	૨૮૧૨૯૫૦	૪૮૨૨૨૦૦	૮૮૪૦૭૦૦

નોંધ : (૧) અઢી દ્વીપમાં સૂર્યની કુલ સંખ્યા ૧૩૨
ચંદ્રની કુલ સંખ્યા ૧૩૨

(૨) નક્ષત્ર, ગ્રહ અને તારાની સંખ્યા એક ચંદ્રના પરિવાર ભૂત ૨૮ નક્ષત્ર,

૮૮ ગ્રહ, અને ૬૬૯૭૫ કોડાકોડી તારાની સંખ્યાને ૨,૪,૧૨,૪૨,અને ૭૨ વડે ગુણતાં આવેલ છે.

(૩) પુષ્કરવર દ્વીપમાં કુલ ૧૪૪ સૂર્ય અને ૧૪૪ ચંદ્ર છે. પરંતુ અર્ધ પુષ્કરવર દ્વીપમાં ગણવાથી ૭૨ સૂર્ય અને ૭૨ ચંદ્ર ગણીએ છીએ, જે ચર છે.

(૪) બાકીના અર્ધ પુષ્કરવર દ્વીપમાં રહેલા ૭૨ સૂર્ય અને ૭૨ ચંદ્ર અચર છે.

(૫) અઢી દ્વીપની બહાર આવેલા તમામ દ્વીપો અને સમુદ્રોમાં રહેલા સુર્યો અને ચંદ્રો તથા નક્ષત્રો, ગ્રહો, તારાઓ સ્થિર છે અર્થાત્ અચર છે.

પ્ર : ૬૫ જ્યોતિષી દેવોના કુલ કેટલા ઈન્દ્રો છે ?

ઉ : ૬૫ જ્યોતિષી દેવોના કુલ બે ઈન્દ્રો છે. જેમાં એક સૂર્ય અને બીજો ચંદ્ર આ બંન્ને જ્યોતિષી દેવોના ઈન્દ્ર ગણાય છે.

પ્ર : ૬૬ સૂર્યને કેટલી ઈન્દ્રાણી હોય છે તેના નામ આપો ?

ઉ : ૬૬ સૂર્યને ચાર ઈન્દ્રાણી હોય છે. તેમના નામ આ પ્રમાણે જાણવા.

(૧) સૂરપ્રભા (૨) આતપા (૩) અર્ચીમાલી (૪) પ્રભંકરા

પ્ર : ૬૭ ચંદ્રને કેટલી ઈન્દ્રાણી હોય છે તેમનાં નામ આપો ?

ઉ : ૬૭ ચંદ્રને ચાર ઈન્દ્રાણી હોય છે. તેમના નામ આ પ્રમાણે જાણવાં.

(૧) ચંદ્રપ્રભા (૨) દોષીનાભા (૩) અર્ચીમાલી (૪) પ્રભંકરા

પ્ર : ૬૮ જ્યોતિષી દેવો-દેવીઓના જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલા હોય છે ?

ઉ : ૬૮

	જ્યોતિષી દેવનું નામ	જઘન્ય આયુષ્ય	ઉત્કૃષ્ટ આયુષ્ય
(૧)	સૂર્ય	પા પલ્યોપમ	૧ પલ્યોપમ અને એક હજાર વર્ષ
	સૂર્યની દેવીઓ	પા પલ્યોપમ	અર્ધોપલ્યોપમ અને પાંચસો વર્ષ
(૨)	ચંદ્ર	પા પલ્યોપમ	એકપલ્યોપમ અને એક લાખ વર્ષ
	ચંદ્ર ની દેવીઓ	પા પલ્યોપમ	અર્ધોપલ્યોપમઅને પચ્ચાસહજારવર્ષ
(૩)	ગ્રહો	પા પલ્યોપમ	એક પલ્યોપમ
	ગ્રહોની દેવીઓ	પા પલ્યોપમ	અર્ધો પલ્યોપમ
(૪)	નક્ષત્રો	પા પલ્યોપમ	અર્ધો પલ્યોપમ
	નક્ષત્રોની દેવીઓ	પા પલ્યોપમ	પા પલ્ય ઝાઝેરી
(૫)	તારા	પલ્યોપમનો	પા પલ્યોપમ
	તારાની દેવીઓ	આઠમો ભાગ	પા પાલ્યોપમનાં આઠમો ભાગ ઝાંઝેરી

પ્ર : ૬૯ જ્યોતિષી દેવોમાં સૌથી વધારે ઋદ્ધિ કોની ગણાય છે?

ઉ : ૬૯ જ્યોતિષી દેવોમાં ચંદ્ર સૌથી વધારે ઋદ્ધિવાળો ગણાય છે તેમની સૌથી મંદ ગતિ છે. ચંદ્રના વિમાનનુ નામ મૃગાંક છે.

પ્ર : ૭૦ જ્યોતિષી દેવો ક્યાં રહે છે ?

ઉ : ૭૦ તીરર્છા લોકની મધ્યમાં બરાબર વચ્ચે મેરુ પર્વત છે. અને મેરુપર્વતના મૂળમાં રૂચક પ્રદેશવાળી સમભૂતલા નામની એક સપાટ જમીનનો વિસ્તાર છે. તે સમભૂતલાથી ૭૯૦ યોજન ઉપર જઈએ ત્યાંથી તે ૯૦૦ યોજન સુધી એટલે કે વચ્ચેના ૧૧૦ યોજનની ઊંચાઈમાં જ્યોતિષી દેવોનાં વિમાનો રહેલાં છે.

પ્ર : ૭૧ જ્યોતિષી દેવોના વિમાનો ક્યાં ક્યાં આવેલા છે ?

ઉ : ૭૧ (૧) સમભૂતલાથી ૭૯૦ યોજન ઉપર જઈએ એટલે **તારાનાં** વિમાનો આવેલાં છે.

(૨) પછી ૧૦ યોજન ઉપર જઈએ એટલે કે સમભૂતલાની ૮૦૦ યોજન ઉપર જઈએ ત્યાં **સૂર્યનું** વિમાન આવેલું છે.

(૩) પછી ૮૦ યોજન ઉપર જઈએ એટલે કે સમભૂતલાથી ૮૮૦ યોજન ઉપર જઈએ ત્યાં **ચંદ્રનાં** વિમાનો આવેલાં છે.

(૪) પછી ૪ યોજન ઉપર જઈએ એટલે કે સમભૂતલાથી ૮૮૪ યોજન ઉપર જઈએ ત્યાં **નક્ષત્રોનાં** વિમાનો આવેલાં છે.

(૫) પછી ૧૬ યોજનો ઉપર જઈએ એટલે કે સમભૂતલાથી ૯૦૦ યોજને પહોચીયે ત્યાં **ગ્રહોનાં** વિમાનો આવેલાં છે.

(૬) નક્ષત્ર મંડળ પછી ૪ યોજન ઉપર જઈએ એટલે કે સમભૂતલાથી ૮૮૮ યોજન ઉપર જઈએ ત્યાં **બુધ** ગ્રહનું વિમાન છે.

(૭) પછી ૩ યોજન ઉમેરતા ૮૯૧ યોજન ઉપર **શુક્ર** ગ્રહનું વિમાન છે.

(૮) પછી ૩ યોજન ઉમેરતા ૮૯૪ યોજન ઉપર **ગુરૂ** ગ્રહનું વિમાન છે.

(૯) પછી ૩ યોજન ઉમેરતા ૮૯૭ યોજન ઉપર **મંગળ** ગ્રહનું વિમાન છે.

(૧૦) પછી ૩ યોજન ઉમેરતા ૯૦૦ યોજન ઉપર **શનિ** ગ્રહનું વિમાન છે.

પ્ર : ૭૨ રાહુ ગ્રહ વિષે તથા ગ્રહણ વિષે જણાવો ?

ઉ : ૭૨ રાહુ મહાઋદ્ધિવાળો, મહાસુખવાળો,ઉત્તમ વસ્ત્રો, ઉત્તમ પ્રકારની માળા, ઉત્તમ સુગંધ અને ઉત્તમ આભૂષણ ધારણ કરનાર દેવ છે. તે રાહુદેવનાં નવ નામ છેઃ (૧) શૃંગાટક (૨) જટિલક (૩) ક્ષત્રક (૪) ખર (૫) દર્દુર (૬) મકર (૭) મત્સ્ય (૮) કચ્છપ (૯) કૃષ્ણસર્પ તે રાહુ દેવનાં વિમાનો પાંચ

વર્ણવાળાં છે કાળા,લીલા,પીળા,લાલ,સફેદ તેમાં રાહુનુ જે કાળુ વિમાન છે તે કાજળના જેવા વર્ણવાળું છે. જે લીલા રંગનુ વિમાન છે તે કાચા તુંબડાના રંગ જેવું છે. જે લાલ રંગનુ વિમાન છે તે મજીઠના રંગ જેવું છે. જે પીળું વિમાન છે તે હળદરના રંગ જેવું છે અને જે ધોળું વિમાન છે તે રાખના ઢગલાના વર્ણ જેવું છે.જ્યારે આવતો કે જતો વિવિધરૂપ ધારણ કરતો કે કામક્રીડા કરતો રાહુ પૂર્વમા રહેલા ચંદ્રના પ્રકાશને આવરીને પશ્ચિમ તરફ જાય ત્યારે ચંદ્ર પૂર્વમાં દેખાય છે અને રાહુ પશ્ચિમમા દેખાય છે એ પ્રમાણે અન્ય દિશાઓનું પણ જાણવું

પરંતુ જ્યારે આવતો કે જતો વિવિધરૂપ ધારણ કરતો રાહુ ચન્દ્રની જ્યોત્સ્નાનું આવરણ કરતો કરતો સ્થિતિ કરે છે ત્યારે મનુષ્યલોકમાં મનુષ્ય કહે છે રાહુ ચંદ્રને ગ્રસે છે (ગ્રહે છે) એ પ્રમાણે જ્યારે રાહુ આવતો કે જતો ચંદ્રના પ્રકાશને આવરીને પાસે થઈને નીકળી જાય ત્યારે મનુષ્યલોકના મનુષ્યો કહે છે કે ચંદ્રે રાહુની કુક્ષિ ભેદી અર્થાત રાહુની કુક્ષિમાં પ્રવેશ કર્યો. એ પ્રમાણે જ્યારે રાહુ ચંદ્રની લેશ્યાને ઢાંકીને પાછો વળે ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે કે રાહુએ ચંદ્રને વમ્યો. એ પ્રમાણે જ્યારે રાહુ ચંદ્રના પ્રકાશને ચારે દિશાએ આવરીને રહે ત્યારે મનુષ્યો કહે છે કે રાહુએ ચંદ્રને ગ્રસ્યો.

રાહુ બે પ્રકારના છે. ધ્રુવ (નીત્ય) રાહુ તે કૃષ્ણ પક્ષના પડવાથી માંડીને પ્રતિ દિવસ પોતાના પંદરમા ભાગ વડે ચંદ્ર બિમ્બના પંદરમા ભાગને ઢાંકતો રહે છે. તેજ રીતે શુકલ (સુદ) પક્ષના પડવાથી માંડીને દરરોજ રાહુ ચંદ્રની લેશ્યાના પંદરમા ભાગને વધુને વધુ દેખાડતો જાય છે. પર્વ રાહુ તો ઓછામાં ઓછા છ માસે ચંદ્રને કે સૂર્યને ઢાંકે છે અને વધારેમાં વધારે ૪૨ માસે ચંદ્રને અને વધારેમાં વધારે ૪૮ વર્ષે સૂર્યને ઢાંકે છે.

પ્ર : ૭૩ ચંદ્રનો પરિવાર કેટલો ?

ઉ : ૭૩ એક ચંદ્રનો પરિવાર ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો અને ૬૬,૯૭૫ કોડાકોડી તારા એટલો પરિવાર છે.

પ્ર : ૭૪ જ્યોતિષી દેવોના આભિયોગિક દેવતાઓની સંખ્યા જણાવો?

ઉ : ૭૪	સૂર્ય-ચંદ્રના	૧૬,૦૦૦	આભિયોગિક દેવતાઓ
	ગ્રહના	૮,૦૦૦	આભિયોગિક દેવતાઓ

નક્ષત્રના	૪,૦૦૦	આભિયોગિક દેવતાઓ
તારાઓના	૨,૦૦૦	આભિયોગિક દેવતાઓ

પ્ર : ૭૫ જ્યોતિષના બે ઇન્દ્રોના સામાનિક દેવતાઓ અને અંગરક્ષક દેવતાઓની સંખ્યા જણાવો ?

ઉ : ૭૫ જ્યોતિષના સૂર્ય અને ચંદ્ર નામના બે ઇન્દ્રો છે. દરેક ઇન્દ્રને ૪૦૦૦ સામાનિક દેવતાઓ અને ૧૬,૦૦૦ અંગરક્ષક દેવતા હોય છે.એટલે કે બે ઇન્દ્રોના મળીને ૮,૦૦૦ સામાનિક દેવતાઓ અને ૩૨,૦૦૦ અંગરક્ષક દેવતાઓ ગણાય

પ્ર : ૭૬ સૂર્યના રથને કેટલા અશ્વો જોડેલા હોય છે ?

ઉ : ૭૬ સૂર્યના રથને સાત અશ્વો જોડેલા હોય છે.

પ્ર : ૭૭ સૂર્યનું વિમાન કેવડું છે ?

ઉ : ૭૭ સમભૂતલાથી ૮૦૦ યોજન ઊંચે સૂર્યનું વિમાન આવેલું છે. અને તે એક યોજનના ૬૧ ભાગ માંહેલા ૪૮ ભાગનું લાંબુ પહોળુ અને ૨૪ ભાગનું ઊંચુ છે.

પ્ર : ૭૮ ચંદ્રનું વિમાન ક્યાં આવેલું છે અને કેવડું છે?

ઉ : ૭૮ સૂર્ય વિમાનથી ૮૦ યોજન ઉપર અર્થાત સમભૂતલાથી ૮૮૦ યોજન ઊંચે ચંદ્રનુ વિમાન આવેલું છે તે એક યોજનના ૬૧ ભાગ માંહેલા ૫૬ ભાગનું લાબું પહોળું તથા ૨૮ ભાગનું ઊંચું છે

પ્ર : ૭૯ નક્ષત્ર મંડળનાં વિમાન કેટલાં લાબાં પહોળાં છે?

ઉ : ૭૯ ચંદ્રના વિમાન થી ૪ યોજન ઉપર એટલે કે સમભૂતલાથી ૮૮૪ યોજન ઊંચે એક કોશના લાબાં-પહોળા તથા અર્ધા કોશના ઊંચા નક્ષત્રનાં વિમાનો છે.

પ્ર : ૮૦ ગ્રહોના વિમાનો કેવડાં છે?

ઉ : ૮૦ ગ્રહોના વિમાનો બે કોશ લાંબા-પહોળાં અને એક કોશ ઊચાં હોય છે.

પ્ર : ૮૧ રાહુ અને કેતુનાં વિમાનો ક્યાં આવેલાં છે ?

ઉ : ૮૧ સૂર્યના વિમાનથી એક યોજન નીચે અર્થાત્ સમભૂતલાથી ૭૯૯ યોજનની ઊંચાઇ પર કેતુનું વિમાન આવેલું છે જ્યારે ચંદ્રના વિમાનથી એક યોજન નીચે અર્થાત્ સમભૂતલાથી ૮૭૯ યોજનની ઊંચાઇ પર રાહુનું વિમાન આવેલું છે.

પ્ર : ૮૨ જ્યોતિષી દેવતાઓ કેટલા છે?

ઉ : ૮૨ અસંખ્યાતા.

પ્ર : ૮૩ જ્યોતિષીના વિમાન ઝાઝા કે દેવતા?

ઉ : ૮૩ જ્યોતિષીના દેવતાઓની સંખ્યા વધારે છે કારણ કે એકેક વિમાનમાં ઘણા દેવ-દેવીઓ વસે છે.

પ્ર : ૮૪ જ્યોતિષીમાં દેવતા વધારે કે દેવીઓ?

ઉ : ૮૪ જ્યોતિષીમાં દેવીઓની સંખ્યા વધારે છે કારણ કે પ્રત્યેક દેવતાને ઓછામાં ઓછી ચાર દેવીઓ તો હોય જ.

પ્ર : ૮૫ ભૌતિક વિજ્ઞાનની નજરે સૂર્ય સબંધી માહિતી જણાવો?

ઉ : ૮૫

(૧) સૂર્યના બીજા નામો	:	અરૂણ, દિનકર, આદિત્ય, દિનેશ, દિવાકર, પૂષા, ભાનું, રવિ, વિવસ્વાન સન, સૂરજ, સોલ.
(૨) સૂર્યનો વ્યાસ	:	૧૩,૯૩,૦૦૦ કિ.મી(૮,૬૫,૪૦૦ માઈલ)
(૩) પૃથ્વીથી અંતર	:	૧૪,૯૭,૩૫,૦૦૦ કિ.મી (૯,૩૦,૦૩,૦૦૦ માઈલ)
(૪) ધરી ઉપર ફરવાનો સમય	:	૨૪.૬૪ દિવસ
(૫) કદ	:	પૃથ્વી કરતાં ૧૩ લાખ ગણું
(૬) દ્રવ્ય	:	પૃથ્વી કરતાં ૩,,૩,૩૪૧૪ ગણું
(૭) ગુરૂત્વાકર્ષણ	:	પૃથ્વી કરતાં ૨૮ ગણું
(૮) તેજસ્વિતા	:	-૨૬.૭ પરિમાણ.
(૯) ઘનતા	:	પાણી કરતા ૧.૫ ગણી, પૃથ્વી કરતા ૦.૨૬ ગણી.
(૧૦) બિંબની પહોળાઇ	:	૦॥ અંશ
(૧૧) ઉષ્ણતામાન	:	સપાટી ઉપર ૬૦૦૦સે.(૧૧.૦૦૦° ફે.)
(૧૨) ફરતા ગ્રહો	:	નવ.
(૧૩) પૃથ્વી પર પ્રકાશ પહોચતાં લાગતો સમય	:	૪૯૮.૬ સેકન્ડ
(૧૪) તેની સપાટી ઉપર જણાયેલ તત્વોની સંખ્યા	:	૬૦
(૧૫) આવરણો	:	તેજાવરણ, વર્ણાવરણ, કિરીટ
(૧૬) કલંકોનો વ્યાસ	:	૮૦૦ થી ૮૦,૦૦૦ કિ.મી.

(૧૭) સૂર્યની સપાટી : પૃથ્વી કરતાં ૧૨,૦૦૦ ગણી.
(૧૮) બળતણ : આર્દ્રવાયુ
(૧૯) ઉંમર : ૧૦ અબજ વર્ષ
(૨૦) આયુષ્ય : ૨૦ અબજ વર્ષ
(૨૧) અવકાશમાં ગતિ : પ્રતિ સેકન્ડે ૨૦ કિ.મી.

પ્ર : ૮૬ ભૌતિક વિજ્ઞાનની દૃષ્ટિએ ચંદ્ર વિશેની માહિતી?

ઉ : ૮૬ (૧) ચંદ્રનાં બીજાં નામો : આત્રેય, ચંદ્રમાં, ચાંદો, નિશાપતિ, મૂન, લ્યુના, શશાંક, શશિ, સોમ.
(૨) ઉંમર : ૪ અબજ વર્ષ
(૩) વ્યાસ : ૩,૪૭૮ કિ.મી. (૨,૧૬૦ માઇલ)
(૪) પૃથ્વીથી અંતર : ૩,૫૬,૫૫૫ થી ૪,૦૬,૮૬૩ કિ.મી. (૨,૨૧,૪૬૩ થી ૨,૫૨,૭૧૦ માઇલ)
(૫) પૃથ્વીની પ્રદક્ષિણાનો સમય : ૨૭.૩૨૨ દિવસ.
(૬) ધરી પર ફરવાનો સમય : ૨૭.૩૨૨ દિવસ
(૭) અમાસ થી અમાસનો ગાળો : ૨૯ દિવસ ૧૨ કલાક ૪૪ મિનિટ ૨.૭૮ સેકન્ડ.
(૮) કક્ષાનું નમન : પં ૮'
(૯) કક્ષામાં ગતિ : દર સેકન્ડે ૧.૦૧ કિ.મી (૦.૬૩ માઇલ)
(૧૦) કદ : પૃથ્વીના ૧/૨૫૦
(૧૧) દ્રવ્ય : પૃથ્વીના ૩/૨૫૦
(૧૨) ગુરૂત્વાકર્ષણ : પૃથ્વીના ૧/૬
(૧૩) તેજસ્વિતા : ૧૨.૬ પરિમાણ
(૧૪) ઘનતા : પાણીથી ૩.૩ ગણી
(૧૫) ધરીનુ નમન : ૬.૭ અંશ
(૧૬) બિંબની પહોળાઇ : ૦॥ અંશ
(૧૭) ઉષ્ણતામાન : ૯૭.૭૫°સે/૨૦૮°ફે. પૃથ્વીથી ૪ ગણું
(૧૮) પરાવર્તન શક્તિ : ૦.૦૭, પૃથ્વીના ૦। ભાગની

પ્ર : ૮૭ કયા નક્ષત્રો એક એક તારાવાળાં છે.

ઉ : ૮૭ આદ્રા, સ્વાતિ અને ચિત્રા આ ત્રણ નક્ષત્રો એક એક તારાવાળાં છે.

પ્ર : ૮૮ કયા નક્ષત્રો બે બે તારાવાળાં છે. ?

ઉ : ૮૮ (૧) પૂર્વા ફાલ્ગુની (૨) ઉતરા ફાલ્ગુની (૩) પૂર્વા ભાદ્રપદ અને(૪) ઉત્તરા ભાદ્રપદ આ ચાર નક્ષત્રો બે બે તારાવાળાં કહ્યાં છે.

પ્ર : ૮૯ કયા નક્ષત્રો ત્રણ ત્રણ તારાવાળાં છે?

ઉ : ૮૯ (૧) મૃગશીર્ષ (૨) પુષ્ય (૩) અભિજિત (૪) જ્યેષ્ઠા (૫) શ્રવણ (૬) અશ્વિની (૭) ભરણી આ સાત નક્ષત્રો ત્રણ ત્રણ તારાવાળાં છે.

પ્ર : ૯૦ કયા નક્ષત્રો ચાર ચાર તારાવાળાં છે?

ઉ : ૯૦ (૧) અનુરાધા (૨) પૂર્વાષાઢા (૩) ઉત્તરા ષાઢા આ ત્રણ નક્ષત્રો ચારચાર તારાવાળાં છે.

પ્ર : ૯૧ કયાં નક્ષત્રો પાંચ પાંચ તારાવાળાં છે. ?

ઉ : ૯૧ (૧) રોહિણી (૨) પુનર્વસુ (૩) હસ્ત (૪) વિશાખા (૫) ધનિષ્ઠા આ પાંચ નક્ષત્રો પાંચ પાંચ તારાવાળાં છે.

પ્ર : ૯૨ કયાં નક્ષત્રો છ-છ તારાવાળાં છે?

ઉ : ૯૨ (૧) કૃતિકા (૨) આશ્લેષા આ બે નક્ષત્રો છ-છ તારાવાળાં છે.

પ્ર : ૯૩ કયા નક્ષત્રના સાત તારા છે?

ઉ : ૯૩ મઘા નક્ષત્રના સાત તારા છે.

પ્ર : ૯૪ કયા નક્ષત્રને અગિયાર તારા છે?

ઉ : ૯૪ મૂળ નક્ષત્રને અગિયાર તારા છે.

પ્ર : ૯૫ કયા નક્ષત્રને બત્રીસ તારાઓ છે. ?

ઉ : ૯૫ રેવતી નક્ષત્રને બત્રીસ તારાઓ છે.

પ્ર : ૯૬ કયા નક્ષત્રને સો તારાઓ છે?

ઉ : ૯૬ શતભિષક નક્ષત્રને સો તારાઓ છે.

પ્ર : ૯૭ કયો ગ્રહ ઓગણીશ નક્ષત્રો સાથે ચાલે છે?

ઉ : ૯૭ શુક્ર નામનો ગ્રહ ઓગણીશ નક્ષત્રો સાથે ચાલે છે.

પ્ર : ૯૮ કયા નક્ષત્રથી કયા નક્ષત્ર સુધીના કુલ તારાઓ કેટલા છે ?

ઉ : ૯૮ રેવતી નક્ષત્રથી જ્યેષ્ઠા નક્ષત્ર સુધીના ઓગણીશ નક્ષત્રોના કુલ અઠ્ઠાણુ તારાઓ છે.

પ્ર : ૯૯ જ્યોતિષી દેવોને વિષય-સબંધી કેવો વ્યવહાર હોય છે. ?

ઉ : ૯૯ જ્યોતિષી દેવોને મનુષ્ય લોકના જેવાજ વિષય સબંધી વ્યવહાર પોતાની દેવીઓ સાથે હોય છે. તેઓને એકવાર વિષય ભોગવતા દોઢ હજાર વર્ષ વીતી જાય છે.

પ્ર : ૧૦૦ સૂર્ય, ચંદ્ર, ગ્રહ અને નક્ષત્રના વિમાનને કેટલા દેવો વહન કરે છે ?

ઉ : ૧૦૦ (૧) સૂર્યના વિમાનને પૂર્વમાં સિંહસ્વરૂપે ૧૬,૦૦૦ દેવો વહન કરે છે.
(૨) ચંદ્રના વિમાનને દક્ષિણે હાથીસ્વરૂપે ૧૬,૦૦૦ દેવો વહન કરે છે.
(૩) ગ્રહના વિમાનને પશ્ચિમે વૃષભરૂપે ૮,૦૦૦ દેવો વહન કરે છે.
(૪) નક્ષત્રના વિમાનને ઉત્તરે ઘોડાસ્વરૂપે ૪,૦૦૦ દેવો વહન કરે છે.

પ્ર : ૧૦૧ સૂર્ય અને ચંદ્રના વિમાનમાં કેટલા દેવો હશે ?

ઉ : ૧૦૧ આ બન્ને વિમાનોમાં સંખ્યાતા દેવો હોય છે.

પ્ર : ૧૦૨ સૂર્ય અને ચંદ્ર તથા નવ ગ્રહો સમક્તિ છે કે કેમ ?

ઉ : ૧૦૨ સૂર્ય અને ચંદ્ર એ બન્ને નિયમથીજ સમક્તિ દૃષ્ટિ હોય છે. જ્યારે નવ ગ્રહો સમક્તિ દૃષ્ટિ પણ હોય અને કેટલાક મિથ્યાદૃષ્ટિ પણ હોય.

પ્ર : ૧૦૩ સૂર્ય અને ચંદ્રના વિમાનોમાં શાશ્વતિ પ્રતિમાઓ ખરી ?

ઉ : ૧૦૩ શ્રી સકલતીર્થસૂત્ર મુજબ આ વિમાનોમાં શાશ્વતિ પ્રતિમાઓ હોય છે.

પ્ર : ૧૦૪ જંબૂદ્વિપમાં એક તારાથી બીજા તારા વચ્ચેનું ઉત્કૃષ્ટ અંતર કેટલું હોય?

ઉ : ૧૦૪ જંબૂદ્વિપમાં એક તારાથી બીજા તારા વચ્ચેનું ઉત્કૃષ્ટ અંતર ૧૨,૨૪૨ યોજન હોય છે.

પ્ર : ૧૦૫ વૈમાનિક દેવો કોને કહેવાય છે?

ઉ : ૧૦૫ વૈમાનિક દેવો એટલે જે દેવો અદ્‌ભુત વિમાન જેવા આવાસોમાં રહે છે તેમને વૈમાનિક દેવો કહેવામાં આવે છે.

પ્ર : ૧૦૬ વૈમાનિક દેવોના મુખ્ય કેટલા ભેદ છે ?

ઉ : ૧૦૬ વૈમાનિક દેવોના મુખ્ય બે ભેદ છે :-

(૧) **કલ્પોપપન્ન (કલ્પવાસી):** જ્યા ઇન્દ્ર (રાજા),સામાનિક, ત્રાયસ્ત્રિંશક, સેનાપતિ, સભા વગેરે પ્રકારની વ્યવસ્થા હોય છે તેને કલ્પોપપન્ન કહેવાય છે. જે કલ્પમાં રહે છે તે કલ્પોપપન્ન અથવા કલ્પવાસી કહેવાય છે. જ્યારે પૃથ્વી ઉપર મનુષ્ય લોકમાં કોઇપણ નિમિત્તથી જવાનું થાય તો આ કલ્પવાસી દેવો જ જાય છે. મનુષ્યલોકમાં તીર્થંકર ભગવાનનો જન્મ થતાં તેમના ઉત્સવો તથા તેમના કલ્યાણકોના પ્રસંગે સેવા માટે જે દેવો જાય છે તેમને કલ્પવાસી દેવો કહેવાય છે. સૌધર્મ, ઇશાન, સનતકુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્ત્રાર, આણત, પ્રાણત, આરણ, અચ્યુત આ બારદેવ લોકવાસી દેવો કલ્પવાસી કહેવાય છે.

(૨) **કલ્પાતીત :** કલ્પાતીત એટલે કલ્પથી પર, વ્યવહારથી પર એવા દેવો કલ્પાતીત દેવો સ્થાન છોડી ક્યાંય જતા નથી. ત્યાં સ્વામિ-સેવક ભાવ જેવી

કોઈ વ્યવસ્થા હોતી નથી. ત્યાં તો બધા ઈન્દ્ર જેવી જ સત્તા ધરાવતા હોવાથી અહમિન્દ્ર કહેવાય છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુતર વિમાનમાં રહેનારા દેવો કલ્પાતીત કહેવાય છે.

પ્ર : ૧૦૭ વૈમાનિક દેવો કેટલા પ્રકારના છે?

ઉ : ૧૦૭ વૈમાનિક દેવોના આડત્રીસ (૩૮) પ્રકાર નીચે મુજબ જાણવા :-

(૧) દેવલોક	૧૨
(૨) ગ્રૈવેયક	૯
(૩) લોકાંતિક	૯
(૪) અનુતર	૫
(૫) કિલ્બિષિયા	૩
	૩૮

પ્ર : ૧૦૮ વૈમાનિક દેવોના બાર દેવલોકના નામ તેમના દેવોના મુકુટમાં રહેલ ચિન્હ તથા તેઓના ઈન્દ્રોનાં નામ જણાવો?

ઉ : ૧૦૮

દેવલોકનું નામ	તે દેવલોકના દેવોના મુંકુટમાં ક્યુ ચિન્હ હોય તે	તે દેવલોકના ઈન્દ્રનું નામ
(૧) સૌધર્મ	મૃગનું	સૌધર્મેન્દ્ર (શકેન્દ્ર)
(૨) ઈશાન	મહિષી(ભેંસનું)	ઈશાનેદ્રં
(૩) સનતકુમાર	વરાહ(સૂઅર)	સનતેન્દ્ર
(૪) માહેન્દ્ર	સિંહનું	મહેન્દ્ર
(૫) બ્રહ્મલોક	બકરાનું	બ્રહ્મેન્દ્ર
(૬) લાંતક	ઢંકનું	લાંતક
(૭) મહાશુક્ર	ઘોડાનું	મહાશુક્ર
(૮) સહસ્ત્રાર	હાથીનું	સહસ્ત્રાર
(૯) આણત	ભુજંગનું	આણતેન્દ્ર
(૧૦) પ્રાણત	મેંઢાનું	
(૧૧) આરણ	બળદનું	અચ્યુતેન્દ્ર (અચ્યુત ઈન્દ્ર)
(૧૨) અચ્યુત	બિડિમ (એક પ્રકારનુ મૃગ)	

પ્ર : ૧૦૯ બાર દેવલોકમાં કુલ કેટલા ઈન્દ્રો હોય છે?

ઉ : ૧૦૯ પ્રથમના આઠ દેવલોકના દરેકના એક એક ઈન્દ્ર, પછીના નવમા અને દશમા દેવલોકના એક ઈન્દ્ર અને અગિયારમા અને બારમા દેવલોકના એક ઈન્દ્ર એમ કુલ મળી દસ ઈન્દ્રો હોય છે.

પ્ર : ૧૧૦ વૈમાનિક દેવલોકોના કેટલા ઈન્દ્રો હોય છે?

ઉ : ૧૧૦ વૈમાનિક દેવલોકોના કુલ દસ ઈન્દ્રો હોય છે.

પ્ર : ૧૧૧ નવ ગ્રૈવેયક અને પાંચ અનુતર વિમાનમાં કેટલા ઈન્દ્ર હોય છે ?

ઉ : ૧૧૧ આ બધા દેવો સ્વતંત્ર છે. પ્રત્યેક દેવ સ્વયમ્ ઈન્દ્રની સમાન છે તે માટે બધા અહમેન્દ્ર (અહમિન્દ્ર) ગણાય છે.

પ્ર : ૧૧૨ નવ ગ્રૈવેયકનાં નામ જણાવો ?

ઉ : ૧૧૨ નવ ગ્રૈવેયકનાં નામ નીચે મુજબ જાણવા :-

(૧) ભદ્દે (ભદ્ર) (સુદર્શન)
(૨) સુભદ્દે (સુભદ્ર) (સુપ્રબુદ્ધ)
(૩) સુજાએ (સુજાત) (મનોરમ)
(૪) સુમાણસે (સુમાનસ) (સર્વભદ્ર)
(૫) સુદંસણે (સુદર્શન) (સુવિશાળ)
(૬) પ્રિયદંસણે (પ્રિયદર્શન) (સુમન)
(૭) આમોહે (અમોઘ) (સૌમનસ)
(૮) સુપડિબધ્ધે (સુપ્રતિબુદ્ધ) (પ્રીતિકર)
(૯) જશોધરે (યશોધર) (આદિત્ય)

ખાસનોંધ :- જુદાં જુદાં ગ્રંથોમાં નવ ગ્રૈવેયકનાં જુદાં જુદાં નામ જણાવેલાં છે. અહીં દરેક ગ્રૈવેયકનાં ત્રણ ત્રણ નામ લખેલ છે જેથી વિકલ્પ ઊભા ન થાય.

પ્ર : ૧૧૩ બાર દેવલોક ઉપરના દેવોને ગ્રૈવેયક કેમ કહે છે ?

ઉ : ૧૧૩ લોકનો આકાર પુરુષાકારે મનાય છે તેમાં આ દેવોના વિમાનો ગ્રીવા-ગળાના ભાગમાં રહેતા હોવાથી તેને ગ્રૈવેયક કહેવાય છે.

પ્ર : ૧૧૪ નવ લોકાંતિક દેવોનાં નામ જણાવો ?

ઉ : ૧૧૪ નવ લોકાંતિક દેવોનાં નામ નીચે મુજબ જાણવાં :-

(૧) સારસ્વત (૨) આદિત્ય
(૩) વિન્હી (વહીય) (૪) વરુણ
(૫) ગર્દતોયા (૬) તુષિત (તોષિતા)
(૭) અવ્યાબાધ (૮) અગિચ્ચા (અંગિત્ય), આગ્નેય, મરૂત.
(૯) રિઠ્ઠા (રિષ્ટ), અરિષ્ઠ

પ્ર : ૧૧૫ આ દેવોને લોકાંતિક કેમ કહે છે ?

ઉ : ૧૧૫ પાંચમા બ્રહ્મ દેવલોકના રિષ્ટ પ્રતરમાં તિર્યગ્ અંતમાં અર્થાત્ બાજુમાં

રહે છે માટે તેને લોકાંતિક કહે છે. અથવા લોક ઔદયિક ભાવરૂપ સંસાર, તેના અંતે રહેલા છે માટે લોકાંતિક કહેવાય. અર્થાત્ તેના સ્વામિદેવ પ્રાયઃ એક ભવાવતારી હોય છે. એટલા માટે તેને લોકાંતિક કહેવાય છે.

નોંધ : સ્થાનંગસૂત્રના ત્રીજા સ્થાનના પ્રથમ ઉદ્દેશાની ટીકામાં અભયદેવસૂરીશ્વરજી મહારાજે કહ્યું છે કે લોકાંતિક દેવો એક અવતારી હોય છે જ્યારે પ્રવચન સારોદ્ધારના ૨૬૭માં દ્વારમાં કહેલ છે કે સાત અથવા આંઠ ભવે જેમના સંસારનો અન્ત છે તે લોકાંતિક દેવો જાણવા. સનાતનસત્ય કેવળીગમ્ય

પ્ર : ૧૧૬ લોકાંતિક દેવોનાં માન-સન્માન કેવાં હોય છે ?

ઉ : ૧૧૬ લોકાંતિક દેવોનાં માન-સન્માન ઘણાં જ હોય છે. તેના મુખ્ય દેવ સમ્યક્ દૃષ્ટિ જ હોય છે. તીર્થંકર દેવને દીક્ષા લેવાનો સમય નજીક આવે છે ત્યારે લોકાંતિક દેવો મનુષ્ય લોકમાં આવીને તીર્થંકર પ્રભુને પ્રાર્થના કરે છે કે હે ભગવાન! આપ પ્રવજ્યા અંગીકાર કરો. અને જગતના જીવોના કલ્યાણને માટે ધર્મતીર્થની સ્થાપના કરો. જો કે તીર્થંકર દેવો તો સ્વયંબુદ્ધ જ હોય છે છતાં લોકાંતિક દેવોનો આ પ્રકારનો જીતાચાર છે.

પ્ર : ૧૧૭ પાંચ અનુતર દેવોના નામ જણાવો ?

ઉ : ૧૧૭ (૧) વિજય (૨) વિજયંત (૩) જયંત (૪) અપરાજિત (૫) સર્વાર્થ સિદ્ધ

પ્ર : ૧૧૮ તે વિમાનોને અનુત્તર વિમાન શા માટે કહેવામાં આવે છે ?

ઉ : ૧૧૮ તે વિમાન અનુત્તર અર્થાત્ સર્વોત્તમ છે. આ વિમાનોમાં રહેવાવાળા દેવોના શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ સર્વશ્રેષ્ઠ હોય છે તેથી તે વિમાનોને "અનુત્તર વિમાન" કહે છે. આ વિમાનમાં રહેનારા બધા દેવો સમ્યક્દૃષ્ટિ જ હોય છે. પ્રથમ ચાર અનુત્તર વિમાનમાં રહેનાર દેવ જઘન્ય એક ભવમાં અને ઉત્કૃષ્ટ ૧૩ ભવમાં મુક્તિ પામે છે. સવાર્થ સિદ્ધ વિમાનના દેવ એક ભવ કરીને મોક્ષે જનારા હોય છે. અનુત્તર વિમાનના દેવોનું સુખ બધા દેવોના સુખથી અધિક હોય છે.

[નોંધ : અન્ય જગ્યાએ અનુત્તર વિમાનનાં પ્રથમ ચાર વિમાનમાં રહેનાર દેવો બે ભવો કરીને મોક્ષે જનારા હોય છે તેમ પણ વર્ણવેલ છે.]

પ્ર : ૧૧૯ ત્રણ કિલ્વિષિક દેવનાં નામ જણાવો ?

ઉ : ૧૧૯ (૧) **ત્રણ પલીયા** : જે કિલ્વિષિક દેવોની આયુ સ્થિતિ ત્રણ પલ્યોપમની છે તે ત્રણ પલીયા કહેવાય છે.

(૨) **ત્રણ સાગરિયા** : જે કિલ્વિષિક દેવોની આયુસ્થિતિ ત્રણ સાગરોપમની છે તે ત્રણ સાગરિયા કહેવાય છે.

(૩) **તેર સાગરિયા** : જે કિલ્વિષિક દેવોની આયુ સ્થિતિ તેર સાગરોપમની છે તે તેર સાગરિયા કહેવાય છે.

પ્ર : ૧૨૦ કિલ્વિષિક દેવોમાં પ્રાય : કેવા જીવ ઉત્પન્ન થાય છે?

ઉ : ૧૨૦ કિલ્વિષિક દેવોને કોઇક જગ્યાએ કિલ્બિષિયા પણ કહેવાય છે. જિનેશ્વર દેવોની વાણીના ઉત્થાપક,તીર્થંકર દેવોની અશાતના કરવાવાળા, જિનજ્ઞાના વિરાધક, તપ સંયમની ચોરી કરવાવાળા, આચાર્ય ઉપાધ્યાયનાં અવર્ણવાદ બોલવાવાળા જીવો કિલ્વિષિક દેવો માં ઉત્પન્ન થાય છે.

પ્ર : ૧૨૧ કિલ્વિષિક દેવોનાં માન સન્માન કેવાં હોય છે?

ઉ : ૧૨૧ અહી મનુષ્યલોકમાં જેવી રીતે ભંગી,ચાંડાલ આદિના માન-સન્માન નથી તેમ આ દેવોના માન-સન્માન થતાં નથી. તેઓ પોતાના આવાસથી નજીકના દેવોની સભામાં આમંત્રણ વિના જાય છે અને દૂર બેસે છે. તેની ભાષા કોઇને સારી લાગતી નથી. અને છતાં પોતે વચ્ચે બોલે તો ''માભાષ દેવા'' એમ કહીને તેને બોલતા અટકાવી દે છે.

પ્ર : ૧૨૨ વૈમાનિક દેવલોકના કુલ વિમાનોની સંખ્યા કેટલી છે.

ઉ : ૧૨૨ વૈમાનિક દેવલોકના કુલ વિમાનોની સંખ્યા નીચે મુજબ જાણવી :-

(૧) દેવલોક :	**વિમાનોની સંખ્યા**
પ્રથમ સોધર્મ દેવલોક	૩૨,૦૦,૦૦૦
બીજો ઇશાન દેવલોક	૨૮,૦૦,૦૦૦
ત્રીજો સનતકુમાર દેવલોક	૧૨,૦૦,૦૦૦
ચોથો માહેન્દ્ર દેવલોક	૮,૦૦,૦૦૦
પાંચમાં બ્રહ્મ દેવલોક	૪,૦૦,૦૦૦
છઠ્ઠો લાતંક દેવલોક	૫૦,૦૦૦
સાતમો શુક્ર દેવલોક	૪૦,૦૦૦
આઠમો સહસ્રાર દેવલોક	૬,૦૦૦
નવમો આનત દેવલોક દશમો પ્રાણત દેવલોક	૪૦૦
અગિયારમો આરણ દેવલોક બારમો અચ્યુત દેવલોક	૩૦૦
	૮૪,૯૬,૭૦૦

(૨) નવગ્રૈવેયક	(૧) ભદ્દે,સુભદ્દે અને સજાએ એ નીચલી ત્રીકમા (પહેલી)	૧૧૧
	(૨) સુમાણસે,સુદંસણે,પ્રિયદંસણે એ વચલી,મધ્યમ ત્રિકમાં(બીજી)	૧૦૭
	(૩) આમોહે, સુપડિબધ્ધે અને યશોધરે એ ઉપલી ત્રિકમાં (ત્રીજી)	૧૦૦
(૩) અનુતર	(૧) વિજય એક વિમાન	૧
	(૨) વૈજયંત એક વિમાન	૧
	(૩) જયંત એક વિમાન	૧
	(૪) અપરાજિત એક વિમાન	૧
	(૫) સર્વાર્થ સિદ્ધ એક વિમાન	૧
		૮૪,૯૭,૦૨૩

કુલ વિમાનો ચોર્યાસી લાખ, સતાણું હજાર અને ત્રેવીસ ગણાય છે.

પ્ર : ૧૨૩ વૈમાનિક દેવલોકમાં જે દસ પ્રકારની સામાજિક વ્યવસ્થા હોય છે તે બાબતે જણાવો ?

ઉ : ૧૨૩ વૈમાનિક દેવલોકમાં પ્રથમ જે બાર દેવલોક છે જેઓ કલ્પોપપન્ન ગણાય છે ત્યાં દસ પ્રકારની સામાજિક વ્યવસ્થા નીચે મુજબ હોય છે.

(૧) **ઈન્દ્ર** : દેવતાઓના રાજા (અધિપતિને)ને ઈન્દ્ર કહેવાય છે.

(૨) **સામાનિક** : ઈન્દ્રની જેવા ઋદ્ધિવાળા પણ ઈન્દ્ર પણે વર્જિત તે સામાનિક દેવતા કહેવાય.

(૩) **ત્રાયસ્ત્રિશંક** : ઈન્દ્રના મંત્રી અને પુરોહિત જેવા તે ત્રાયસ્ત્રિશંક કહેવાય.

(૪) **પાર્ષદ્ય** : ઈન્દ્રના મિત્ર સરખા છે તે પાર્ષદ્ય દેવતા કહેવાય.

(૫) **આત્મરક્ષક** : ઈન્દ્રની રક્ષા કરવાવાળા દેવો તે આત્મરક્ષક દેવો કહેવાય.

(૬) **લોકપાલ** : ઈન્દ્રના દેવલોકની રક્ષા કરવાવાળા દેવો.

(૭) **અનિક** : સેના સમાન તે અનિક દેવતા કહેવાય છે. (કટકના દેવતા)

(૮) **પ્રકીર્ણક** : પ્રજા વર્ગની જેવા તે પ્રકીર્ણક દેવતા કહેવાય.

(૯) **આભિયોગિક** : સેવક સરખા છે તે આભિયોગિક દેવતા કહેવાય.

(૧૦) **કિલ્વિષિક** : ચંડાળ જાતિના જેવા ભંગી જેવા જે છે તે કિલ્વિષિક દેવતા કહેવાય

પ્ર : ૧૨૪ કયા પ્રકારના દેવોમાં ત્રાયસ્ત્રિશંક અને લોકપાલ નથી હોતા?

ઉ : ૧૨૪ જ્યોતિષી (જ્યોતિષ્ક) અને વ્યંતર દેવોમાં ત્રાયસ્ત્રિશંક એટલે કે મંત્રી કે પુરોહિત તેમજ લોકપાલ એટલે કે તે દેવલોકની રક્ષા કરવા માટે ફરનારા દેવતાઓ હોતા નથી

પ્ર : ૧૨૫ સૌધર્મ દેવલોકના ઈન્દ્ર શકેન્દ્રને કેટલી ઈન્દ્રાણી હોય છે?

ઉ : ૧૨૫ સૌધર્મ દેવલોકના ઈન્દ્ર શકેન્દ્રને આઠ ઈન્દ્રાણીઓ હોય છે જે ઈન્દ્રાણીઓનાં નામ નીચે મુજબ જાણવાં :-

(૧) પદ્મા (૨) શિવા (૩) સચી (૪) અંજૂ (૫) રોહિણી (૬) નવમિકા (૭) અચલા (૮) અપ્સરા.

પ્ર : ૧૨૬ ઈશાન દેવલોકના ઈન્દ્ર ઈશાનેન્દ્રને કેટલી ઈન્દ્રાણીઓ હોય છે ?

ઉ : ૧૨૬ ઈશાન દેવલોકના ઈન્દ્ર ઈશાનેન્દ્રને આઠ ઈન્દ્રાણીઓ હોય છે જે ઈન્દ્રાણીઓનાં નામ નીચે મુજબ જાણવાં.

(૧) કૃષ્ણા (૨) રાજી (૩) શમા (૪) રામરક્ષિતા (૫) વસુ (૬) વસુગુપ્તા (૭) વસુમિત્રા (૮) વસુધારા.

પ્ર : ૧૨૭ ચોસઠ ઈન્દ્રો કેવી રીતે ગણાય છ?

ઉ : ૧૨૭ (૧) ભવનપતિ દેવો : દસ નિકાય દરેક ઈન્દ્રો
નિકાયના બે ઈન્દ્ર ૧૦×૨= ૨૦

(૨) વ્યંતરદેવો અને વાણવ્યતર દેવો
આઠવ્યંતર દેવોના બે ઈન્દ્ર ૮×૨= ૧૬
આઠ વાણવ્યંતર દેવોના દરેકના બે ઈન્દ્ર ૮×૨= ૧૬ ૩૨

(૩) જ્યોતિષી દેવો : સૂર્ય અને ચંદ્ર એમ બે ઈન્દ્ર ૨

(૪) વૈમાનિક દેવો : એકથી આઠ દેવવોક સુધીના આઠ ઈન્દ્રો પછી નવમા અને દસમા દેવલોકનો ભેગો એક ઈન્દ્ર અને અગિયારમા તથા બારમા દેવલોકનો ભેગો એક ઈન્દ્ર એમ બાર દેવલોકના કુલ દસ ઈન્દ્રો થાય.= ૧૦

કુલ ૬૪

ખાસનોધ : પૃથ્વી ઉપર તીર્થંકરનાં પાંચ કલ્યાણકોમાંથી ચાર કલ્યાણકના પ્રસંગોમા અને તેમાંય ખાસ કરીને જન્મ કલ્યાણક પ્રસંગે ચોસઠે ઈન્દ્રો પોતાના પરિવાર સહિત મેરુપર્વત ઉપર ભેગા થાય છે.

પ્ર : ૧૨૮ કુલ્ર ચાર દેવલોકોના ૬૪ ઈન્દ્રોની ઈન્દ્રાણીઓ કેટલી થાય છે?

ઉ : ૧૨૮ કુલ ઈન્દ્રાણીઓની ગણત્રી નીચે મુજબ જાણવી.

		ઈન્દ્રાણીઓ
(૧) ભુવનવાસી દેવો	(૧) અસુરકુમારમા ૨ઈન્દ્રની×૫=	૧૦
	(૨) નવનિકાયના ૧૮ ઈન્દ્રની×૬=	૧૦૮
(૨) વાણ વ્યંતરના	(૧) વ્યંતરના ૧૬ ઈન્દ્રો×૪=	૬૪
	(૨) વાણ વ્યંતરના ૧૬ ઈન્દ્રો ×૪=	૬૪
(૩) જ્યોતિષી દેવો	(૧) સૂર્યની ૧ ઈન્દ્ર×૪=	૪
	(૨) ચંદ્રની ૧ ઈન્દ્ર×૪=	૪
(૪) વૈમાનિક દેવો	(૧) સૌધર્મનો ૧ ઈન્દ્ર ×૮=	૮
	(૨) ઈશાનેન્દ્ર ૧ ઈન્દ્ર×૮=	૮

પ્ર : ૧૨૯ બાર દેવલોકના કલ્પવાસી દેવોને વિષય સબંધી કેવો વ્યવહાર હોય છે?

ઉ : ૧૨૯ (૧) પ્રથમ સૌધર્મ અને બીજા ઈશાન દેવલોકના દેવતાઓ મનુષ્યની જેમ દેવીઓ સાથે કામભોગમાં લીન થાય છે. તેમને એક વખતના વિષયમાં બે હજાર વર્ષ વીતી જાય છે.

(૨) ત્રીજા સનતકુમાર અને ચોથા માહેન્દ્ર દેવલોકના દેવતાઓ સ્પર્શમાત્રથી વિષયનો આનંદ મેળવે છે.

(૩) પાંચમા બ્રહ્મલોક અને છઠ્ઠા લાંતક દેવલોકના દેવતાઓ રૂપ જોવાથી વિષયનો આનંદ મેળવે છે. બીજા શબ્દોમા કહીએ તો દૃષ્ટિમાત્રથી વિષય સુખ મેળવે છે.

(૪) સાતમા અને આઠમાં મહાશુક્ર અને સહસ્ત્રાર દેવલોકના દેવતાઓ શબ્દ શ્રવણથી વિષયનો આનંદ મેળવે છે.

(૫) આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એટલે કે નવમા, દશમા, અગિયારમા અને બારમાં દેવલોકના દેવતાઓ માત્ર મન વડે ચિંતવવાથી વિષયને સેવન કરનારા છે.

પ્ર : ૧૩૦ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવલોકોના વિષય બાબતે શું વ્યવહાર છે?

ઉ : ૧૩૦ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનોનાં દેવલોકો વિષય સબંધી બિલકુલ પ્રવિચાર રહિત છે.

પ્ર : ૧૩૧ દેવીઓની ઉત્પત્તિ ક્યાં સુધી છે? તે કેટલા દેવલોક સુધી જઈ શકે છે?

ઉ : ૧૩૧ દેવીઓની ઉત્પત્તિ બીજા ઈશાન દેવલોક સુધી જ છે. આ દેવીઓ આઠમા દેવલોક સુધી જઈ શકે છે.

નોધ : નવમાંથી બારમા દેવલોક સુધીના દેવલોકના દેવતાઓની કામ સુખ તૃપ્તિ ફક્ત દેવીઓના ચિંતન માત્રથી જ થઇ જાય છે.

પ્ર : ૧૩૨ વૈમાનિક દેવલોકના દેવી-દેવતાઓની જઘન્ય તથા ઉત્કૃષ્ટ અવગાહના કેટલી હોય છે ?

ઉ : ૧૩૨ વૈમાનિક દેવલોકનુ નામ	જઘન્ય ઊંચાઇ	ઉત્કૃષ્ટ ઊંચાઇ
(૧) સૌધર્મ અને ઇશાન દેવલોકના દેવતાઓ તથા તેમની દેવીઓની	આંગુલના અસંખ્યાતમાં ભાગની	સાત હાથની
(૨) ત્રીજો અને ચોથો દેવલોકના દેવતાઓની બીજા કિલ્વિષીક ના દેવો	આંગુલના અસંખ્યાતમાં ભાગની	છ હાથની
(૩) પાંચમા અને છઠ્ઠા દેવલોક ના દેવતાઓની	આંગુલના અસંખ્યાતમાં ભાગની	પાંચ હાથની
(૪) સાતમા અને આઠમા દેવલોકના દેવતાઓની	આંગુલના અસંખ્યાતમાં ભાગની	ચાર હાથની
(૫) નવમા,દશમા, અગિયારમા અને બારમા દેવલોકના દેવની	આંગુલના અસંખ્યાતમાં ભાગની	ત્રણ હાથની
(૬) નવ ગ્રૈવેયકના દેવની	આંગુલના અસંખ્યાતમાં ભાગની	બે હાથની
(૭) ચાર અનુત્તરના દેવની	આંગુલના અસંખ્યાતમાં ભાગની	એક હાથની
(૮) પાંચમા અનુત્તર સર્વાર્થસિધ્ધ વિમાનના દેવની	આંગુલના અસંખ્યાતમાં ભાગની	મૂઢા હાથની

પ્ર : ૧૩૩ પાંચ હાથની ઊંચાઇ ધરાવતા દેવો કયા કયા છે ?

ઉ : ૧૩૩ (૧) બ્રહ્મ દેવલોક અને લાંતક દેવલોકના દેવો.

(૨) નવ લોકાંતિક દેવો.

(૩) કિલ્વિષિકના દેવો ત્રીજા કિલ્વિષિકના દેવો.

પ્ર : ૧૩૪ વૈમાનિક દેવોના જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય બાબતે જણાવો ?

ઉ : ૧૩૪ વૈમાનિક દેવોના જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય નીચે મુજબ જાણવા :-

વૈમાનિક દેવનું નામ	જઘન્ય આયુષ્ય	ઉત્કૃષ્ટ આયુષ્ય
(૧) સૌધર્મ પહલા દેવલોકનાદેવ	એક પલ્યોપમ	બે સાગરોપમ
તેની દેવી.	એક પલ્યોપમ	સાત પલ્યોપમ
અપરિગૃહિતા દેવી	એક પલ્યોપમ	પચાસ પલ્યોપમ
(૨) ઈશાન બીજા દેવલોકના દેવ	એક પલ્યોપમઝાઝેરી	બે સાગર ઝાઝેરી
તેમની દેવી	એક પલ્યોપમઝાઝેરી	નવ પલ્યોપમની
અપરિગૃહિતા દેવી	એક પલ્યોપમઝાઝેરી	પંચાવન પલ્યની
(૩) સનતકુમાર ત્રીજા દેવલોકના દેવ	બે સાગરોપમ	સાત સાગરોપમ
(૪) માહેન્દ્ર ચોથા દેવલોકના દેવ	બે સાગર ઝાઝેરી	સાતસાગર ઝાઝેરી
(૫) બ્રહ્મ પાંચમા દેવલોકના દેવ	સાત સાગરોપમ	દસ સાગરોપમ
(૬) લાંતક છઠ્ઠા દેવલોકના દેવ	દસ સાગરોપમ	ચૌદ સાગરોપમ
(૭) મહાશુક્ર સાતમા દેવલોકના દેવ	ચૌદ સાગરોપમ	સત્તર સાગરોપમ
(૮) સહસ્ત્રાર આઠમા દેવલોકના દેવ	સત્તર સાગરોપમ	અઢાર સાગરોપમ
(૯) આનત નવમા દેવલોકના દેવ	અઢાર સાગરોપમ	ઓગણીસ સાગરોપમ
(૧૦) પ્રાણત દશમા દેવલોકના દેવ	ઓગણીશ સાગરોપમ	વીશ સાગરોપમ
(૧૧) આરણ અગિયારમા દેવલોકના	વીસ સાગરોપમ	એકવીશ સાગરોપમ
(૧૨) અચ્યુત બારમા દવલોકના દેવ	એકવીસ સાગરોપમ	બાવીસ સાગરોપમ
(૧૩) પહેલી ગ્રૈવેયેકના દેવ	બાવીસ સાગરોપમ	ત્રેવીસ સાગરોપમ
(૧૪) બીજી ગ્રૈવેયેકના દેવ	ત્રેવીસ સાગરોપમ	ચોવીસ સાગરોપમ
(૧૫) ત્રીજી ગ્રૈવેયેકના દેવ	ચોવીસ સાગરોપમ	પચ્ચીસ સાગરોપમ
(૧૬) ચોથી ગ્રૈવેયેકના દેવ	પચ્ચીસ સાગરોપમ	છવ્વીસ સાગરોપમ
(૧૭) પાંચમી ગ્રૈવેયેકના દેવ	છવ્વીસ સાગરોપમ	સત્તાવીસ સાગરોપમ
(૧૮) છઠ્ઠી ગ્રૈવેયેકના દેવ	સત્તાવીસ સાગરોપમ	અઠ્ઠાવીસ સાગરોપમ
(૧૯) સાતમી ગ્રૈવેયેકના દેવ	અઠ્ઠાવીસ સાગરોપમ	ઓગત્રીસ સાગરોપમ
(૨૦) આઠમી ગ્રૈવેયેકના દેવ	ઓગત્રીસ સાગરોપમ	ત્રીસ સાગરોપમ
(૨૧) નવમી ગ્રૈવેયેકના દેવ	ત્રીસ સાગરોપમ	એકત્રીસ સાગરોપમ
(૨૨) ચાર અનુત્તર વિમાનના દેવ	એકત્રીસ સાગરોપમ	તેત્રીસ સાગરોપમ
(૨૩) સર્વાર્થસિધ્ધ પાંચમા અનુત્તરનાદેવ	તેત્રીસ સાગરોપમ	તેત્રીસ સાગરોપમ

પ્ર : ૧૩૫ સાત હાથની ઊંચાઈ ધરાવતા દેવો કયા કયા છે ?

ઉ : ૧૩૫ સાત હાથની ઊંચાઈ ધરાવતા દેવો નીચે મુજબ જાણવા :

(૧) દસ ભવનપતિ દેવો.
(૨) આઠ વ્યંતર દેવો
(૩) આઠ વાણ વ્યંતર દેવો.
(૪) દસ તિર્યંક જાંભૃક દેવો.
(૫) પાંચ સ્થિર જ્યોતિષી દેવો.
(૬) પાંચ અસ્થિર જ્યોતિષી દેવ.
(૭) પ્રથમ સૌધર્મ દેવલોકના દેવો.
(૮) બીજા ઈશાન દેવલોકના દેવો.
(૯) પહેલા કિલ્વિષિકના દેવો (ત્રણ પલિયા દેવો)

પ્ર : ૧૩૬ નવ લોકાન્તિક દેવો અને ત્રણ પ્રકારના કિલ્વિષિક દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું હોયછે?

ઉ : ૧૩૬

દેવલોકનુ નામ	ઉત્કૃષ્ટ આયુષ્ય
(૧) નવ લોકાન્તિક દેવો	દસ સાગરોપમથી ચૌદ સાગરોપમ
(૨) પ્રથમ (ત્રણ પલિયા)કિલ્વિષક	ત્રણ પલ્યોપમ
(૩) બીજા (ત્રણ સાગરીયા)કિલ્વિષક	ત્રણ સાગરોપમ
(૪) ત્રીજા (તેર સાગરીયા)કિલ્વિષક	તેર સાગરોપમ

પ્ર : ૧૩૭ જિનેશ્વર પ્રભુના જન્મોત્સવ માટે બાર દેવલોકના ઈન્દ્ર પોતાના કયા વિમાનમા કેટલા સામાનિક દેવતાઓ સાથે જાયછે ?

ઉ : ૧૩૭

દેવલોકનુ નામ	ઈન્દ્રનુ નામ	ઈન્દ્રના વિમાનનું નામ	સામાનિકદેવતાઓની સંખ્યા
(૧) સૌધર્મ	શકેન્દ્ર	પાલક	૮૪,૦૦૦
(૨) ઈશાન	ઈશાનેન્દ્ર	પુષ્પક	૮૦,૦૦૦
(૩) સનતકુમાર	સનતેન્દ્ર	સૌમનસ	૭૨,૦૦૦
(૪) માહેન્દ્ર	મહેન્દ્ર	શ્રીવાસ	૭૦,૦૦૦
(૫) બ્રહ્મ	બ્રહ્મેન્દ્ર	નંદ્યાવર્ત	૬૦,૦૦૦
(૬) લાંતક	લાંતક	કામગવ	૫૦,૦૦૦
(૭) મહાશુક્ર	શુક્ર	પ્રીતિગમ	૪૦,૦૦૦
(૮) સહસ્ત્રાર	સહસ્ત્રાર	મનોરમ	૩૦,૦૦૦

(૯) આનત (૧૦) પ્રાણત	પ્રાણત	વિમલ	૨૦,૦૦૦
(૧૧) આરણ (૧૨) અચ્યુત	અચ્યુતેન્દ્ર	સર્વતોભદ્ર	૧૦,૦૦૦

પ્ર : ૧૩૮ બાર દેવલોકના વિમાનો કેટલા ઊંચા, કેવા આકારે અને કેટલા તથા તેમનો વિસ્તાર કેટલો તે જણાવો ?

ઉ : ૧૩૮ મેરુ પર્વતની તળેટીથી અર્થાત સમભૂતલાથી(સમપૃથ્વીથી) દોઢ રાજુ યાને અસંખ્યાતા યોજન ઊંચે જઈએ ત્યાં સુધી પ્રથમ કલ્પ છે આ કલ્પમાં એકત્રીસ પટલ છે. અર્થાત એકત્રીસ જગ્યાએ એકથી ઉપર એક એમ વિમાનો રહેલા છે. આ જગ્યાએ પહેલો (સૌધર્મ) અને બીજો (ઈશાન) દેવલોક આવે છે. તે બે દેવલોક લંગડાને આકારે છે અકેકુ અર્ધ ચંદ્રમાને આકારે છે. બંને મળી પૂર્ણ ચંદ્રમાને આકારે થાય છે. તેમાં દક્ષિણ તરફનો અર્ધો ભાગ તે પહેલો સૌધર્મ દેવલોક છે. તેના ઈન્દ્રનું નામ સૌધમેન્દ્ર છે. તે દેવલોકમાં કુલ બત્રીસ લાખ વિમાન છે. જ્યારે ઉત્તર તરફનો અર્ધો ભાગ તે બીજા ઈશાન દેવલોક છે. તેના ઈન્દ્રનુ નામ ઈશાનેન્દ્ર છે. તે દેવલોકમાં કુલ અઠ્યાવીસ લાખ વિમાન છે. જે પ્રથમ દેવલોકથી હથેળીના તળિયાની જેમ ઉંચું છે.

ત્યાંથી અસંખ્યાતા યોજન (અઢી રાજુ) ઉંચે ત્રીજો અને ચોથો દેવલોક છે. આ બીજા કલ્પમાં સાત પટલો છે. ત્રીજો અને ચૌથો દેવલોક ઉપરની જેમ જ બન્ને ભેગા મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. જેમા દક્ષિણ દિશામા સનતકુમાર નામનો ત્રીજો દેવલોક છે. જેમાં બાર લાખ વિમાન છે. અને ઉત્તર દિશામાં માહેન્દ્ર દેવલોક છે જેમાં આઠ લાખ વિમાનો છે.

ત્યાંથી અસંખ્યાતા યોજન (સવા ત્રણ રાજુ) ઉપર ત્રીજા કલ્પમાં પાચમો બ્રહ્મ નામનો દેવલોક છે. આ કલ્પમા ચાર પટલ છે. તે પરિપૂર્ણ ચંદ્રમાને આકારે છે. તેમાં ચાર લાખ વિમાનો છે.

ત્યાંથી અસંખ્યાતા યોજન (સાડા ત્રણ રાજુ) ઉપર લાંતક નામનો છઠ્ઠો દેવલોક છે. આ ચોથા કલ્પમાં બે પટલ છે.તે પરિપૂર્ણ ચન્દ્રમાને આકારે છે. તેના દક્ષિણ વિભાગને લાંતક સ્વર્ગ નામથી ઓળખે છે અને ઉત્તર વિભાગનું નામ કાપિષ્ટ સ્વર્ગ છે. આ દેવલોકમાં પચાસ હજાર વિમાન છે.

ત્યાંથી અસંખ્યાતા યોજન (પોણા ચાર રાજુ) ઉપર પાંચમા કલ્પમાં સાતમો મહાશુક્ર નામનો દેવલોક આવેલો છે. તે પૂર્ણ ચંદ્રમાને આકારે છે. આ કલ્પમાં માત્ર એક પટલ છે. આના દક્ષિણ વિભાગનું નામ શુક્ર છે અને ઉત્તર વિભાગનુ નામ મહાશુક્ર છે. આ દેવલોકમાં ચાલીસ હજાર વિમાનો છે.

ત્યાંથી અસંખ્યાતા યોજન (ચાર રાજુ) ઉપર છઠ્ઠા કલ્પમાં આઠમો સહસ્ત્રાર નામનો દેવલોક આવેલો છે. તે પણ પૂર્ણ ચંદ્રમાને આકારે છે.આ કલ્પમાં માત્ર એક પટલ છે. આના દક્ષિણ વિભાગનું નામ શતાર સ્વર્ગ છે. અને ઉત્તર વિભાગનું નામ સહસ્ત્રાર સ્વર્ગ છે આ દેવલોકમાં છ હજાર વિમાન છે.

ત્યાંથી અસંખ્યાતા યોજન (સાડા ચાર રાજુ) ઉપર સાતમા કલ્પમાં નવમો અને દશમો આનત અને પ્રાણત નામના બે દેવલોક આવેલા છે. એ બે દેવલોક જોડાજોડ છે. એટલે બંને મળીને ચંદ્રમા સમાન ગોળ છે. અર્થાત બન્ને મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે આમાં ત્રણ પટલ છે. આના દક્ષિણ વિભાગનું નામ આનત સ્વર્ગ છે. અને ઉત્તર વિભાગનું નામ પ્રાણત સ્વર્ગ છે. આ બન્ને દેવલોકનાં મળીને કુલ ચારસો વિમાન છે.

ત્યાંથી અસંખ્યાતા યોજન (પાંચ રાજુ) ઉપર આઠમા કલ્પમાં અગિયારમો અને બારમો, આરણ અને અચ્યુત નામના બે દેવલોક આવેલા છે. એ બન્ને દેવલોક જોડાજોડ છે એટલે બન્ને મળીને પૂર્ણ ચંન્દ્રમાને આકારે છે. આમાં ત્રણ પટલ છે. આના દક્ષિણ વિભાગનું નામ આરણ સ્વર્ગ છે અને ઉત્તર વિભાગનું નામ અચ્યુત સ્વર્ગ છે. આ બન્ને દેવલોક નાં મળીને કુલ ત્રણસો વિમાનો છે.

પ્ર : ૧૩૯ ત્રણ કિલ્વિષી દેવો ક્યાં રહે છે ?

ઉ : ૧૩૯ (૧) ત્રણ પલિયા દેવોના વિમાન પહેલા-બીજા દેવલોકના નજીક નીચેના ભાગમાં છે.

(૨) ત્રણ સાગરિયાના વિમાન ત્રીજા-ચોથા દેવલોક નજીક નીચેના ભાગમાં છે

(૩) તેર સાગરિયાના વિમાન છઠ્ઠા દેવલોકની નજીક નીચેના ભાગમાં છે

પ્ર : ૧૪૦ નવ લોકાંતિક દેવના વિમાનો ક્યાં આવેલાં છે ?

ઉ : ૧૪૦ નવ લોકાંતિક દેવોનાં વિમાનો પાંચમા બ્રહ્મલોક દેવલોકમાં આવેલા છે. પાંચમા દેવલોકમાં આઠ કૃષ્ણરાજી નામના પર્વત છે તેના અંતરમાં નવ

લોકાંતિક દેવો રહે છે. આ દેવો એકાવતારી હોય છે. તેઓને સમક્તિ હોય છે જ્યારે તીર્થંકર ભગવાનની દીક્ષાનો સમય નજીક આવે છે ત્યારે તેઓ કાને કુંડલ, માથે મુકુટ, બાંહે બાજુબંધ, કંઠે નવસર હાર, ઘુઘરીના ધમકાર સહિત તીર્થંકર પ્રભુ પાસે આવે છે અને કહે છે અહો ત્રિલોકનાથ તીર્થમાર્ગ પ્રવર્તાવો. મોક્ષ માર્ગ ચાલતો કરો. એવી રીતે કહેવાનો નવ લોકાંતિક દેવોનો વ્યવહાર છે.

પ્ર : ૧૪૧ વૈમાનિક દેવલોકના વિમાનો કેવડાં છે ?

ઉ : ૧૪૧ અસંખ્યાતા યોજન લાંબાં-પહોળાં છે.

પ્ર : ૧૪૨ દરેક વિમાનમાં કેટલા દેવતાઓ રહે છે ?

ઉ : ૧૪૨ દરેક વિમાનમાં અસંખ્ય દેવો રહે છે.

પ્ર : ૧૪૩ ધારોકે અહિથી કોઇ દેવતા સીધી લાઇનમાં ઉચે ચઢવા માડે તો માર્ગમા કયા કયા દેવલોક આવે ?

ઉ : ૧૪૩ પહેલો,ત્રીજો,પાંચમો,છઠ્ઠો,સાતમો,આઠમો,નવમો,અને અગિયારમો એમ આઠ દેવલોક આવે

પ્ર : ૧૪૪ તીર્ચ્છાલોકના ઉત્તર તરફના અર્ધા ભાગમાંથી કોઇ દેવતા ઉચે ચઢે તો કયા દેવલોક આવે ?

ઉ : ૧૪૪ બીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, સાતમો, આઠમો, દસમો, અને બારમો એ આઠ દેવલોક આવે.

પ્ર : ૧૪૫ નવ ગ્રૈવેયક દેવલોકનાં વિમાનો ક્યાં છે ?

ઉ : ૧૪૫ અગિયારમાં અને બારમા દેવલોકથી અસંખ્યાતા યોજન ઉપર જઇએ ત્યારે નવ ગ્રૈવેયકની પહેલી ત્રિક આવે છે આ ત્રિક ગાગર બેડાંના આકારે છે તેના નામ ભદ્ર, સુભદ્ર અને સુજાત છે. આ પહેલી ત્રિકમાં એકસો અગિયાર વિમાન છે.

ત્યાંથી ઉપર અસંખ્યાત યોજન જઇએ ત્યારે બીજી ત્રિક આવે છે તે ગાગર બેડાંના આકારે છે તેના નામ સુમાનસ, પ્રિયદર્શન અને સુદર્શન છે. આ બીજી ત્રિકમાં એકસો સાત વિમાન છે.

ત્યાંથી ઉપર અસંખ્યાત યોજન જઇએ ત્યારે ત્રીજી ત્રિક આવે છે તે પણ ગાગર બેડાંના આકારે છે તેના નામ અમોધ, સુપ્રતિબુદ્ધ અને યશોધર છે. આ ત્રીજી ત્રિકમાં સો વિમાન છે.

ગ્રૈવેયકમાં કુલ નવ પટલ છે અને આ ત્રણેય ત્રિકના થઇને કુલ ત્રણસો અઢાર વિમાન થાય છે.

પ્ર : ૧૪૬ પાંચ અનુત્તર વિમાન ક્યાં છે ?

ઉ : ૧૪૬ નવ ગ્રૈવેયકથી પણ અસંખ્યાતા યોજન ઊંચે જઇએ ત્યાં પાંચ અનુત્તર વિમાન આવેલ છે. આમાં એક પટલ છે. અને પાંચ વિમાનો છે પૂર્વમાં વિજય, દક્ષિણમાં વૈજયંત,પશ્ચિમમાં જયંત,ઉત્તરમાં અપરાજિત વિમાન છે આ ચારેયની વચ્ચમાં સર્વાર્થ સિધ્ધ વિમાન છે. ચાર અનુત્તર વિમાનના દેવો મોટાભાગે બે અવતારી હોય છે અને સર્વાર્થ સિધ્ધ વિમાનનાદેવો એક અવતારી હોય છે.

પ્ર : ૧૪૭ નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમા કેટલા ઇન્દ્ર છે ?

ઉ : ૧૪૭ નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમા રહેનારા બધા દેવો સ્વતંત્ર છે. પ્રત્યેક દેવ સ્વયમ્ ઇન્દ્રની સમાન છે તે માટે તે બધા ''અહમેન્દ્ર'' ગણાય છે.

પ્ર : ૧૪૮ અનુત્તર વિમાનના દેવલોકો વિશે કહો ?

ઉ : ૧૪૮ અનુત્તર વિમાનના દેવલોકો તેત્રીસ સાગરોપમ ના આયુષ્યવાળા દેવ હોય છે તે વિમાનમાં દેવતાઓનું એક હાથ પ્રમાણ જેટલું શરીર હોયછે ચંદ્ર ના કિરણની પેઠે ઉજ્જવળ વર્ણ વાળા સુંદર આભુષણો એ ભૂષિત્ અને અહમિન્દ્ર સુખ શય્યામાં કાયમ માટે પોઢેલ રહે છે શક્તિ હોવા છતાં તેઓ ઉત્તર વૈક્રિય નિર્માણ કરીને સ્થળાત્તર કરતા નથી.પોતાની અવધિજ્ઞાનની શક્તિથી સમગ્ર લોકનું અવલોકન કર્યા કરે છે. તેમને તેત્રીસ પક્ષોએ શ્વાસ લેવો પડે છે અને તેત્રીસ હજાર વર્ષે ભોજનની ઇચ્છા થાય છે. જ્યારે તેમના આયુષ્યના છ માસ બાકી રહે છે ત્યારે તેમને અન્ય દેવતાઓની જેમ મોહ ઉત્પન્ન થતો નથી પરંતુ તેમનું તેજ વૃધ્ધિ પામે છે. અને સંપૂર્ણ સુખમાં જ પોતાનુ આયુષ્ય પુરુ કરે છે.

પ્ર : ૧૪૯ સર્વાર્થ સિધ્ધ વિમાન માં કેવા દેવતા રહે છે ?

ઉ : ૧૪૯ આ વિમાનમા એક રશ્મિ દેવતા રહે છે જે ત્યાંથી ચ્યવીને મનુષ્યમાં આવ્યા પછી તે જ ભવમાં સિધ્ધ થાય છે. મોક્ષે જાય છે.

પ્ર : ૧૫૦ દેવગતિમા જવાના મુખ્ય કારણો કયા છે ?

ઉ : ૧૫૦ દેવગતિમા જવાના મુખ્ય કારણો ચાર છે.

(૧) સરાગ સંયમ (સર્વ વિરતિ ધર્મના પાલનથી)
(૨) સંયમાસંયમ(દેશ વિરતી ધર્મના પાલનથી)
(૩) અકામ નીર્જરાથી
(૪) બાલતપથી.

પ્ર : ૧૫૧ દેવોનુ શરીર કેવું હોય છે ?

ઉ : ૧૫૧ દેવોનુ શરીર સાત ધાતુ (લોહી, પરૂ, વીર્ય, મળ, ચરબી, માંસ, હાડકા)થી રહીત કપુર જેવું સુગંધીત શરીર હોય છે તેઓ અણીમા, મહીમા, લઘીમા, ગરીમા, પ્રાપ્તી, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ એ આઠ પ્રકારની સિદ્ધિવાળા હોય, તે લોકોને જન્મ જરા મૃત્યુ ના હોય નીરંતર યૌવન જ હોય. જન્મે ત્યારેય યુવાન શરીર અને મૃત્યુ પામે ત્યારેય યુવાન શરીર. કપુરની જેમ પરમાણુ ભેગા થઈ જાય અને શરીર બની જાય.

પ્ર : ૧૫૨ દેવો કઈ ભાષા બોલે છે ?

ઉ : ૧૫૨ દેવોનો સંયત કહેવાય તેમની મુખ્ય ભાષા અર્ધ માગધી છે. ભગવતી સૂત્રના પાંચમાં શતકના ચોથા ઉદ્દેશામાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે દેવતાઓ અર્ધમાગ્ધી ભાષા બોલે છે. (કઈંક પ્રાકૃત અને કઈંક માંગધી બંને મિશ્રીત એટલે અર્ધમાગ્ધી કહેવાય.)

પ્ર : ૧૫૩ દેવોને શ્વાસોચ્છ્વાસ કેટલા હોય છે?

ઉ : ૧૫૩ દેવોની આયુસ્થિતિ પ્રમાણે શ્વાસ-ઉચ્છ્વાસ હોય છે. એક પલ્યોપમના આયુષ્યવાળા દેવોના ઉચ્છ્વાસ એક દિવસમાં એક જ હોય છે સાગરોપમ ના આયુષ્યવાળા દેવોમાં જેટલા સાગરોપમનું આયુષ્ય હોય તેનો એક એક ઉચ્છ્વાસ તેટ તેટલા પખવાડીયે થાય છે.

પ્ર : ૧૫૪ દેવો આહાર કેવો અને ક્યારે લે છે ?

ઉ : ૧૫૪ દસ હજાર વર્ષના આયુષ્યવાળા દેવો એક એક દિવસ વચમાં છોડીને આહાર લે છે. પલ્યોપમના આયુષ્યવાળા દેવો બે થી નવ દિવસ પછી આહાર લે છે. સાગરોપમના આયુષ્યવાળા દેવો જેનું આયુષ્ય જેટલા સાગરોપમનું હોય તેટલાં હજાર વર્ષ પછી આહાર લે છે. જેમકે ૩૩ સાગરોપમનું આયુષ્યવાળા દેવ ૩૩ હજાર વર્ષ પછી આહાર લે છે.

પ્ર : ૧૫૫ દેવોને વેદના થાય છે ?

ઉ : ૧૫૫ દેવોને સામાન્ય રીતે સાતા સુખ વેદના જ હોય છે. ક્યારેક અશાતા દુઃખ વેદના થઈ જાય તો તે અંતરમુર્હૂતથી વધારે સમય સુધી રહેતી નથી. સાતા વેદના પણ લાગ-લગાટ છ મહિના સુધી એક સરખી રહીને બદલાઈ જાય છે. ત્યાં આગળ સ્પર્ધા અને ઈર્ષ્યાના દુઃખ હોય છે.

પ્ર : ૧૫૬ દેવતાની નિશાની શું ?

ઉ : ૧૫૬ દેવતાઓનાં ચરણ પૃથ્વીને અડતાં નથી. તે પૃથ્વીથી ચાર આંગળ અદ્ધર

રહે છે. તેમના નેત્ર નિમેષ રહિત હોય છે. અર્થાત્ આંખ પલકારા મારતી નથી. તેમણે ધારણ કરેલી પુષ્પમાળા ગ્લાનિ પામતી નથી. અને શરીર પ્રસ્વેદથી તથા રજથી રહિત હોય છે. આ દેવતાની નિશાની છે.

પ્ર : ૧૫૭ દેવલોકમાંથી ચ્યવન પામતા દેવતાનાં કેવાં લક્ષણો હોય છે?

ઉ : ૧૫૭ દેવતાનું આયુષ્ય પુરૂં થવાને છ માસ બાકી હોય છે ત્યારથી એ દેવને વિવિધ અશુભ અનુભવ થાય છે. તેની પુષ્પમાળા મ્લાન પડતી જાય છે. કલ્પવૃક્ષ કંપે છે. લક્ષ્મી અને લજ્જા બન્ને નાશ પામતી જાય છે. વસ્ત્ર મેલાં દેખાય છે. સ્વભાવમાં દીનતા આવે છે.

પ્ર : ૧૫૮ કયા દેવલોક સુધી તિર્યંચો જઇ શકે છે ?

ઉ : ૧૫૮ આઠમા સહસ્ત્રાર નામના દેવલોક સુધી તિર્યંચો જઇ શકે છે. જ્યા ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૮ સાગરોપમનું હોય છે.

પ્ર : ૧૫૯ નવ દેવલોકથી આગળ અધિકાર કોને છે ?

ઉ : ૧૫૯ મનુષ્યો જ નવમાં દેવલોકથી માંડી અનુત્તર વિમાન સુધીના દેવલોકમાં જઇ શકે છે.

પ્ર : ૧૬૦ તીર્થંકર ભગવંતો વૈમાનિક દેવલોકથી ચ્યવીને આવે છે ત્યારે તેમની સ્થિતિ કેવી હોય છે ?

ઉ : ૧૬૦ તીર્થંકરના જીવની કાંતિ ચ્યવતા સુધી ઉત્તરોતર વધતી જાય છે તેમને ચ્યવન સુધી દુષિત ચિન્હો થતાં નથી.

પ્ર : ૧૬૧ શીઘ્ર ગતિવાળા દેવની ઝડપ કેટલી હોય છે ?

ઉ : ૧૬૧ ત્રણ ચપટી વગાડે તેટલામાં તે જંબૂદ્વીપની એકવીસ પરિક્રમા કરે એટલી શીઘ્ર ગતિવાળા દેવની ઝડપ હોય છે.

પ્ર : ૧૬૨ તમામ ઇન્દ્રોને કેટલા કટક હોય છે ?

ઉ : ૧૬૨ દરેક ઇન્દ્રોને છ કટકો હોય છે. પરંતુ વૈમાનિકના ઇન્દ્રને સાતમું કટક વૃષભનું હોય છે. જ્યારે ભુવનપતી તથા વ્યંતરના ઇન્દ્રને સાતમું કટક પાડા(મહિષ)નું હોય છે.

પ્ર : ૧૬૩ સૌધર્મદેવલોકના ચાર લોકપાલોના નામ તથા આયુષ્ય જણાવો ?

ઉ : ૧૬૩ સૌધર્મદેવલોકમાં પૂર્વનો સોમ, દક્ષિણનો યમ, પશ્ચિમનો વરૂણ અને ઉત્તરનો વૈશ્રમણ એમ આ ચાર નામના લોકપાલો છે તેમાંથી સોમ અને યમનું આયુષ્ય એક પલ્યોપમ હોય છે અને વરૂણ અને વૈશ્રમણનું આયુષ્ય બે પલ્યોપમ હોય છે.

પ્ર : ૧૬૪ વૈમાનિક દેવલોકના બાંસઠ પ્રતરો કેવી રીતે ગણાય છે ?

ઉ : ૧૬૪ વૈમાનિક દેવલોકના બાંસઠ પ્રતર નીચે મુજબ જાણવા.

દેવલોકનું નામ	પ્રતરની સંખ્યા
સૌધર્મ (દક્ષિણના) / ઈશાનના (ઉત્તરના)	૧૩
સનત (દક્ષિણના) / માહેન્દ્ર (ઉત્તરના)	૧૨
બ્રહ્મ	૬
લાંતક	૫
શુક્ર	૪
સહસ્ત્રાર	૪
આનત / પ્રાણત	૪
આરણ / અચ્યુત	૪
નવગ્રૈવેયકના	૯
પાંચ અનુત્તરના	૧
	૬૨

નોંધ- આ બાંસઠ પ્રતરને વિષે મધ્યભાગમાં વૈમાનિક દેવલોકમાં એક એક ઈન્દ્રક વિમાન એમ બાંસઠ વિમાન હોય છે.

પ્ર : ૧૬૫ વૈમાનિક દેવલોકમાં પૃથ્વીપીંડ અને વિમાન કેટલા યોજનમાં હોય છે?

ઉ : ૧૬૫

દેવલોકનું નામ	પૃથ્વીપીંડ (યોજનમાં)	વિમાન (યોજનમાં)
પહેલા અને બીજા દેવલોકે	૨,૭૦૦	૫૦૦
ત્રીજા અને ચોથા દેવલોકે	૨,૬૦૦	૬૦૦
પાંચમા અને છઠ્ઠા દેવલોકે	૨,૫૦૦	૭૦૦
સાતમા અને આઠમાં દેવલોકે	૨,૪૦૦	૮૦૦
નવમાં, દશમાં, અગિયારમાં અને બારમાં દેવલોકે	૨,૩૦૦	૯૦૦

નવગ્રૈવેયકમાં	૨,૨૦૦	૧,૦૦૦
પાંચ અનુત્તર	૨,૧૦૦	૧,૧૦૦

પ્ર : ૧૬૬ સૌધર્મદેવલોકની અપરિગ્રહિતા દેવીઓ વિશે જણાવો ?

ઉ : ૧૬૬ અપરિગ્રહિતા એટલે સાધારણ વેશ્યા સરખી સ્ત્રીઓ જાણવી. સૌધર્મદેવલોકમાં અપરિગ્રહિતા દેવીઓના છ લાખ વિમાન છે. આ દેવીઓમાં જે દેવીઓનું આયુષ્ય એક પલ્યોપમ જેટલું છે તે સૌધર્મદેવલોકવાસી દેવતાઓને ભોગયોગ્ય જાણવી. બે થી દસ પલ્યોપમ આયુષ્ય ધરાવતી દેવીઓ તે સનતકુમાર દેવલોકના દેવતાઓને ભોગયોગ્ય જાણવી. દસ થી વીસ પલ્યોપમ સુધીનુ આયુષ્ય ધરાવતી અપરિગ્રહિતા દેવીઓ બ્રહ્મદેવલોકના દેવતાઓને ભોગયોગ્ય જાણવી. વીસ થી ત્રીસ પલ્યોપમનું આયુષ્ય ધરાવતી દેવીઓ શુક્ર દેવલોકના દેવતાઓને ભોગયોગ્ય જાણવી. ત્રીસ થી ચાલીશ પલ્યોપમ સુધીનું આયુષ્ય ધરાવતી દેવીઓ આનતદેવલોકના દેવતાઓને ભોગયોગ્ય જાણવી ચાલીસથી પચ્ચાસ પલ્યોપમ સુધીનું આયુષ્ય ધરાવતી દેવીઓ આરણ દેવલોકના દેવતાઓને ભોગયોગ્ય જાણવી.

પ્ર : ૧૬૭ ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થનારી અપરિગ્રહિતા દેવીઓ વિષે જણાવો?

ઉ : ૧૬૭ ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થનારી અપરિગ્રહિતા દેવીઓના ચાર લાખ વિમાન છે. તે દેવીઓ ચોથા, છઠ્ઠા, આઠમા, દસમા અને બારમા દેવલોકના દેવોની નિશ્રાએ છે. એક પલ્યોપમનું આયુષ્ય ધરાવતી દેવીઓ ઈશાન દેવલોકના દેવતાઓને ભોગ યોગ્ય જાણવી. એક થી પંદર પલ્યોપમ સુધીનું આયુષ્ય ધરાવતી દેવીઓ માહેન્દ્રદેવલોકના દેવતાઓને ભોગયોગ્ય જાણવી. પંદરથી પચ્ચીસ પલ્યોપમ સુધીનું આયુષ્ય ધરાવતી દેવીઓ લાંતક દેવલોકના દેવતાઓને ભોગયોગ્ય જાણવી. પચ્ચીસથી પાંત્રીસપલ્યોપમ સુધીનું આયુષ્ય ધરાવતી દેવીઓ સહસ્ત્રાર દેવલોકના દેવતાઓને ભોગયોગ્ય જાણવી. પાંત્રીસથી પીસ્તાલીસ પલ્યોપમ સુધીનુ આયુષ્ય ધરાવતી દેવીઓ પ્રાણત દેવલોકના દેવતાઓને ભોગયોગ્ય જાણવી. પીસ્તાલીસ થી પંચ્ચાવન પલ્યોપમ સુધીનું આયુષ્ય ધરાવતી દેવીઓ અચ્યુત દેવલોકના દેવતાઓને ભોગયોગ્ય જાણવી.

પ્ર : ૧૬૮ પહેલા દેવલોકના ઈન્દ્રની અવધિજ્ઞાનની મર્યાદા કેટલી ?

ઉ : ૧૬૮ પ્રથમ દેવલોકનો ઈન્દ્ર ઉપરનો ભાગ પોતાના વિમાનની ધ્વજા સુધી અને નીચે પહેલી નારકી સુધી દેખી શકે છે સુક્ષ્મ નીગોદના શરીર અનંત

પરમાણુનાં બનેલા હોવાથી અને તે રૂપી હોવાથી ઇન્દ્ર સુક્ષ્મનીગોદના શરીરને જોઇ શકે છે પરંતુ એ શરીરમાં રહેલા આત્માઓને જોઇ શકે નહીં.

પ્ર : ૧૬૯ શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીરસ્વામી ભગવાનના સમયમાં પ્રથમ દેવલોકના ઇન્દ્ર કોણ હતા ?

ઉ : ૧૬૯ આ બંને ભગવાનના સમયમાં શ્રી કાર્તિકશેઠનો જીવ સૌધર્મેન્દ્ર તરીકે હતો.

પ્ર : ૧૭૦ બીજા દેવલોક સુધીના દેવોથી બત્રીસ ગણી દેવીઓ હોય છે તે વાત સાચી છે ?

ઉ : ૧૭૦ ભુવનપતિથી લઇને બે જ દેવલોક સુધી દેવીઓની ઉત્પત્તિ હોય છે. ઉપરના દેવલોકમાં દેવીઓની ઉત્પત્તિ હોતી નથી તેથી બત્રીસ ગુણી સંખ્યા બે દેવલોક સુધીના દેવો આશ્રીત સમજવી.

પ્ર : ૧૭૧ એક ઇન્દ્રના ભવમાં ઇન્દ્રની પોતાની કેટલી દેવીઓ ઉત્પન્ન થઇને મરણ પામે છે ?

ઉ : ૧૭૧ એક ઇન્દ્રના ભવમાં બે ક્રોડા ક્રોડ, પંચ્યાસીલાખ ક્રોડ, ઇક્કોતેર હજાર ક્રોડ, ચારસોક્રોડ, અઠ્યાવીસ ક્રોડ, સત્તાવનલાખ, ચઉદ હજાર બસ્સો પચ્ચીસ દેવીઓની સંખ્યા ઉત્પન્ન થઇને મૃત્યુ પામે છે.

પ્ર : ૧૭૨ દેવગતિના બધા દેવોને દેવી હોયજ છે કે કેમ ?

ઉ : ૧૭૨ નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરવાસી દેવોને દેવીઓનો સબંધ હોતો નથી. પ્રથમના બે દેવલોક વાળાને પોતાના સ્થાનમાં ઉત્પન્ન થયેલી દેવીઓનો સબંધ હોય છે. ત્યાંથી ઉપરના દેવતાઓ આ દેવીઓને ઉપર લઇ જઇ સબંધનો પ્રબંધ કરે છે તે પણ કાયાથી નહિ, સ્પર્શ, રૂપદર્શન, શબ્દ શ્રવણ અને તેમના ચિંત્વન માત્રથી તેમના વિકારો શમી જાય છે. આ મુજબની વ્યવસ્થા બાર દેવલોક સુધીની હોય છે.

પ્ર : ૧૭૩ મનુષ્યલોકમાં દેવો આવે ખરા ?

ઉ : ૧૭૩ મનુષ્યલોકમાં દેવો આવી શકે છે. તેઓ ભગવંતના દર્શન વંદના કરવા પ્રભુજીના પાંચ કલ્યાણક ઉજવવા, પૂર્વભવના પ્રેમને કારણે, મહર્ષીઓના તપના પ્રભાવે, ધર્મસંકેતથી બંધાયેલ હોવાથી તે ધર્મની પ્રાપ્તી કરાવવા માટે ઇત્યાદિ કારણોથી મનુષ્યલોકમાં દેવો આવે છે.

પ્ર : ૧૭૪ દેવો મનુષ્ય ઉપર પ્રસન્ન થાય તો કઇ ભાષામાં વાત કરે ?

ઉ : ૧૭૪ જે વ્યક્તિ ઉપર દેવ પ્રસન્ન થાય તે વ્યક્તિ જે ભાષા જાણતો હોય તે જ ભાષામાં દેવ તેના સાથે વાતો કરે છે.

પ્ર : ૧૭૫ દેવતાઓ કેવો આહાર કરે છે ?

ઉ : ૧૭૫ દેવતાઓ લોમાહાર કરનારા હોય છે. શરીરના છીદ્રો દ્વારા જે આહાર લેવાય તે લોમાહાર કહેવાય છે. ઔદારિક, વૈક્રિય અને આહારક શરિર ધારી હોય તેઓને લોમ આહાર હોય છે દેવો અને નારકીઓ વૈક્રિય શરીર ધારી હોવાથી તેઓને પણ લોમ આહાર હોય છે.

પ્ર : ૧૭૬ દેવતાઓને નિંદ્રા હોય કે નહીં ?

ઉ : ૧૭૬ દેવતાઓને વ્યક્ત રૂપે નિંદ્રા ન હોય પણ દર્શનાવરણીય કર્મનો ઉદય હોવાથી તંદ્રા રૂપે હોય છે. છ મહિનાનું આયુષ્ય બાકી રહે ત્યારે તંદ્રા આવે છે. શ્રીરાયપસેણીની ટીકામાં કહ્યું છે કે દેવોને નિંદ્રા ન હોય.

પ્ર : ૧૭૭ ઈન્દ્રો સમ્યક્દૃષ્ટિ કહેવાય છે તે દ્રવ્યથી કે ભાવથી ?

ઉ : ૧૭૭ ઈન્દ્રો ભાવથી સમ્યક્દૃષ્ટિ જ હોય છે.

પ્ર : ૧૭૮ દેવલોકમાં કલ્પવૃક્ષો હોય કે કેમ ?

ઉ : ૧૭૮ દેવલોકમાં કલ્પવૃક્ષો હોય છે અને તે વનસ્પતિકાય માનવામાં વાંધો નથી. દેવલોકની ભૂમિ સ્ફટીકની હોય છે. પરંતુ સ્ફટીક પણ પૃથ્વીકાય છે. અને પૃથ્વીકાયમાં વનસ્પતિ ઉગી શકે છે. કલ્પવૃક્ષો દેવલોકમાં શોભારૂપે છે. અને તેની પાસે માંગવા જેવું હોતું નથી અને તે દેવતાઓના જ કલ્પવૃક્ષો છે તેથી તેના અધિષ્ઠીત દેવતાઓ હોતા નથી.

પ્ર : ૧૭૯ દેવલોકમાં આવેલ સુઘોષા ઘંટનો અવાજ કેટલા સમય સુધી રહી શકે?

ઉ : ૧૭૯ આ અવાજ અંતરમૂહૂર્ત સુધી રહે છે.

પ્ર : ૧૮૦ દેવો મનુષ્ય ભવ કેમ ચાહે છે ?

ઉ : ૧૮૦ સમક્તિદૃષ્ટિ દેવો સંયમની આરાધના માટે માનવ ભવની ચાહ રાખે છે.

પ્ર : ૧૮૧ કોઈ પણ દેવ પ્રારબ્ધ ફેરવી શકવા સમર્થ છે કે કેમ ?

ઉ : ૧૮૧ નિકાચિતકર્મનો ઉદય હોય તો તેને કોઈ પણ ફેરવી શકતું નથી. તે સીવાયના કર્મોના વેદનીયમાં ફેરફાર થઈ શકે છે. "શુળી નો ઘા સોયે સરે" તે ન્યાયે.

પ્ર : ૧૮૨ વૈક્રિયશરીરવાળી દેવાંગનાઓની સાથે ઔદારિક શરીર વાળો મનુષ્ય વિષય સુખ ભોગવી શકે કે નહીં ?

ઉ : ૧૮૨ ભોગવી શકે છે. ભરતમહારાજા ગંગાદેવી સાથે આ પ્રમાણેનું સુખ ભોગવેલ તે પ્રસિદ્ધ વાત છે.

પ્ર : ૧૮૩ સંગમદેવ ત્રાયત્રિશંક દેવ હતો ?

ઉ: ૧૮૩ સંગમદેવ ઈન્દ્રનો સામાનિક દેવ હતો.

પ્ર : ૧૮૪ અભવ્ય ત્રાયત્રિશંકદેવ હોઇ શકે ?

ઉ : ૧૮૪ ત્રાયત્રિશંકદેવ ભવ્યજ હોય છે.

પ્ર : ૧૮૫ સર્વાર્થસિદ્ધના દેવની અવધિજ્ઞાનની મર્યાદા કેટલી ?

ઉ : ૧૮૫ આ દેવો ઠેઠ સાતમી નારકી સુધી નીચે અને ઉપર પોતાના વીમાનની ધ્વજા સુધી જોઇ શકે છે. કે જ્યાંથી ઉપર બાર યોજન દૂર મોક્ષ છે.

પ્ર : ૧૮૬ પાંચ અનુત્તરના દેવો કેવા હોય છે ?

ઉ : ૧૮૬ પાંચ અનુત્તરના દેવો નિયમથી જ હંમેશા સમક્તિ હોય છે ત્યાં અસંખ્યાતા દેવો હોય છે. તેમના વિમાનનું ક્ષેત્ર પણ અસંખ્યાતા યોજનનું જાણવું.

પ્ર : ૧૮૭ દસે દિશાઓ અને તેનાં સ્વામીનું નામ જણાવો ?

ઉ : ૧૮૭ મેરુ પર્વતના મધ્યમાં આઠ રૂચક પ્રદેશ છે ચાર ઉપરની તરફ અને ચાર નીચેની તરફ અહીંથી દશે દિશાઓ નિકળી છે.

(૧) પૂર્વ	ઇન્દ્ર	બે બે પ્રદેશી નીકળી છે.
(૨) અગ્નિકોણ	અગ્નિ	એક એક પ્રદેશી.
(૩) દક્ષિણ (યામ્યા)	યમ	બે બે પ્રદેશી નીકળી છે.
(૪) નૈર્ઋત્ય કોણ	નૈર્ઋત્ય	એક એક પ્રદેશી.
(૫) પશ્ચિમ	વરુણ	બે બે પ્રદેશી નીકળે છે.
(૬) વાયવ્ય કોણ	વાયુ	એક એક પ્રદેશી.
(૭) ઉત્તર (સોમા)	સોમ	બે બે પ્રદેશી નીકળે છે.
(૮) ઇશાન કોણ	ઇશાન	એક એક પ્રદેશી.
(૯) ઉર્ધ્વ	વિમલા	ચાર ચાર પ્રદેશી.
(૧૦) અધો	તમા	ચાર ચાર પ્રદેશી.

પ્ર : ૧૮૮ કયા નક્ષત્રોમાં ભણવાથી જ્ઞાન વૃધ્ધી થાય છે ?

ઉ : ૧૮૮ મૃગશીર્ષ, આદ્રા, પુષ્ય, પૂર્વાભાદ્રપદ, પૂર્વાષાઢા, પૂર્વાફાલ્ગુની, મૂળ, આશ્લેષા, હસ્ત, ચિત્રા આ દસ નક્ષત્રોમાં જ્ઞાન ભણવાથી વૃધ્ધિ થાય છે.

પ્ર : ૧૮૯ કયા નક્ષત્રો દીક્ષા માટે તથા કયી તિથિઓ શુભ ગણાય ?

ઉ : ૧૮૯ ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદ, ઉત્તરા ફાલ્ગુની, રોહિણી એ ચાર નક્ષત્રો દીક્ષા માટે શુભ ગણાય. બીજ, ત્રીજ, પાંચમ, સાતમ, દશમ, અગિયારસ, તેરસ તિથી દીક્ષા માટે શુભ ગણાય. શેરડીનો વાંઢ, ડાગરનું ખેતર, સરોવરની પાળ, પુષ્પસહિત વન નદીનો કિનારો, બાગ-બગીચાઓ એ દીક્ષા માટેનુ ઉત્તમ સ્થળ છે. પૂર્વ કે ઉત્તર દિશા તરફ મુખ એ ઉત્તમ દિશા છે.

પ્ર : ૧૯૦ વેદાંતદર્શન મુજબ છ દેવલોકનાં નામ જણાવો?

ઉ : ૧૯૦ (૧) ભુવલોક (૨) સ્વલોક (૩) મહલોક (૪) જન લોક (૫) તપલોક (૬) સત્યલોક

પ્ર : ૧૯૧ ઈન્દ્રિયો અને તેના અધિષ્ઠાયક દેવ કયા કયા ?

ઉ : ૧૯૧

ઈન્દ્રિયો	કાર્ય	અધિષ્ઠાયક દેવ
(૧) મન	વિચાર	ચંદ્ર
(૨) બુદ્ધિ	જ્ઞાન	બ્રહ્મા, ગણપતિ
(૩) ચિત્ત	કલ્પના	વાસુદેવ
(૪) અહંકાર	અભિમાન	રૂદ્ર
(૫) કાન	ધ્વનિ	દિશાઓ
(૬) ચામડી	સ્પર્શ	વાયુ
(૭) આંખ	રૂપ રંગ જોવા	સૂર્ય
(૮) જીભ	સ્વાદ	વરૂણ
(૯) નાક	ગંધ	અશ્વિની કુમારો
(૧૦) વાણી	વક્તવ્ય	અગ્નિ
(૧૧) હાથ	ગ્રહણ	ઈન્દ્ર
(૧૨) પગ	ચલન	વિષ્ણુ
(૧૩) ગુદા	મળત્યાગ	મિત્ર
(૧૪) જનનેદ્રિય	પ્રજનન	પ્રજાપતિ.

પ્ર : ૧૯૨ ઈન્દ્રના સ્વરૂપ દર્શનની વિગતો ?

ઉ : ૧૯૨

પત્ની	: શચી ઈન્દ્રાણી	સારથિ	: માતલિ
વાસ	: સ્વર્ગવાસ	વિમાન	: વ્યોમયાન
નગર	: અમરાવતી	મહેલ	: વૈજયંત
ઉપવન	: કંદસાર, નંદનવન	આયુધ	: વ્રજ
હાથી	: ઐરાવત્	પુત્ર	: જયંત, ઉપેન્દ્ર
ઘોડો	: ઉચૈશ્રવા	પુત્રી	: જયંતી.

પ્ર : ૧૯૩ સૌધમેન્દ્રની વિશેષતા જણાવો ?

ઉ : ૧૯૩ પ્રથમ દેવલોક સૌધર્મના ઈન્દ્રને સૌધમેન્દ્ર કહેવાય છે તે આ ભરતક્ષેત્રમાં જિનેશ્વરોના કલ્યાણકો ઉજવવાના મુખ્ય અધિકારી છે. તે શક નામના સિંહાસનના અધિષ્ઠાતા છે માટે શકેન્દ્ર પણ કહેવાય છે. તેમના હાથમાં વ્રજ છે. જે શત્રુઓને પાઠ ભણાવે. માટે તેમનુ ત્રીજુ નામ શતક્રતુ પણ છે.

ઈન્દ્ર પાંચસો મંત્રીની આંખે એટલે કે હજાર આંખોથી શાસન કરતા હોવાથી તેમનું ચોથું નામ સહસ્ત્રાક્ષ છે. અને મોટા મેઘ તેમને વશ હોવથી પાંચમું નામ મેઘવાન છે. છઠ્ઠુનામ પાકશાસન છે. અર્ધા દક્ષિણ લોકના સ્વામિ કહેવાય છે. ઐરાવત હાથી તેમનું વાહન છે. ૩૨ લાખ વિમાનોના અધિપતિ છે. ૮૪૦૦૦ સામાનિક દેવો સોમ, વરુણ, યમ અને કુબેર જેવા ચાર લોકપાલો છે. ૧૬,૦૦૦ દેવીઓ અને આઠ મુખ્ય પટ્ટરાણીઓ હોય છે.

પ્ર : ૧૯૪ ગણદેવતા કેટલા ગણાય છે ?

ઉ : ૧૯૪ (૧) સાધ્ય ૧૨ (૫) મહારાજીક ૨૨૦
(૨) અનિલ ૪૯ (૬) રુદ્ર ૧૧
(૩) આદિત્ય ૧૨ (૭) વસુ ૮
(૪) આત્માસ્વર ૬૪ (૮) વિશ્વદેવ ૧૦

પ્ર : ૧૯૫ બાર આદિત્યોનાં નામ જણાવો ?

ઉ : ૧૯૫ (૧) અર્યમા (૫) પૂષા (૯) વિધાતા
(૨) ઉરુક્રમ (૬) ભગ (૧૦) વિવસ્વાન
(૩) ત્વષ્ટા (૭) મિત્ર (૧૧) શુક્ર
(૪) ધાતા (૮) વરુણ (૧૨) સવિતા

પ્ર : ૧૯૬ અગિયાર રુદ્રોનાં નામ જણાવો ?

ઉ : ૧૯૬ (૧) અજ (૫) એકપાત (૯)વૃષાકપિ
(૨) અપરાજિત (૬) ત્રયંબક (૧૦) શંભુ
(૩) અહિબુર્ધન્ય (૭) પિનાકિ (૧૧) હરણ
(૪) ઈશ્વર (૮) મહેશ્વર

પ્ર : ૧૯૭ આઠ વસુનાં નામ જણાવો ?

ઉ : ૧૯૭ (૧) અનલ (૪) ધ્રુવ (૭) વિષ્ણુ
(૨) અનિલ (૫) પ્રત્યુષ (૮) સોમ
(૩) ધર (૬) પ્રભાસ

પ્ર : ૧૯૮ દસ વિશ્વદેવનાં નામ જણાવો ?

ઉ : ૧૯૮ (૧) આદ્રવ (૫) દક્ષ (૯) વસુ
(૨) કામ (૬) ધ્વનિ (૧૦) સત્ય
(૩) કાલ (૭) પુરૂરુવા
(૪) ક્રતુ (૮) રોચક

પ્ર : ૧૯૯ આઠ ભૈરવનાં નામ જણાવો ?

ઉ : ૧૯૯ (૧) અસિતાંગ (૪) ક્રોધ (૭) ભિષણ
(૨) રુ રુ (૫) ઉન્મત (૮) સંહાર
(૩) ચંડ (૬) કુમતિ/રૂપાલી

પ્ર : ૨૦૦ આઠ નાગકુળનાં નામ જણાવો ?

ઉ : ૨૦૦ (૧) શેષ (૫) પદ્મ (૧) તક્ષક (૫) કંબલ
(૨) વાસુકિ (૬) મહાપદ્મ (૨) મહાપદ્મ (૬) અશ્વતર
(૩) કંબલ (૭) શંખ (૩) શંખ (૭) ધૃતરાષ્ટ્ર
(૪) કર્કોટક (૮) કુલિક (૪) કુલિક (૮) બલાહક

નોંધ : પ્રચલિત બે મતો અનુસાર આ નામો જુદા-જુદા વર્ણવેલ છે. તેથી અહીં બંને મત અનુસારના આઠ-આઠ નામો જણાવેલ છે.

પ્ર : ૨૦૧ નવ નવદુર્ગાનાં નામ જણાવો ?

ઉ : ૨૦૧ (૧) કાત્યાયની (૪) ચંદ્રઘંટા (૭) શૈલપુત્રી
(૨) કાલરાત્રિ (૫) બ્રહ્મચારિણી (૮) સિદ્ધિદાત્રી
(૩) કૂષ્માંડા (૬) મહાગૌરી (૯) સ્કંદમાતા

પ્ર : ૨૦૨ નવ કન્યકાનાં (કુમારીકાનાં) નામ જણાવો ?

ઉ : ૨૦૨ (૧) કલ્યાણી (૪) ચંડિકા (૭) રોહિણી
(૨) કાલિકા (૫) દુર્ગા (૮) શાંભવી
(૩) કુમારી (૬) ત્રિમૂર્તિ (૯) સુભદ્રા

પ્ર : ૨૦૩ આઠ દિગ્ગજોનાં નામ જણાવો ?

ઉ : ૨૦૩ (૧) ઐરાવત (૪) કુમુદ (૭) સાર્વભૌમ
(૨) પુંડરીક (૫) અંજન (૮) સુપ્રતીક
(૩) વામન (૬) પુષ્પદંત

પ્ર : ૨૦૪ આઠ મુખ્ય અપ્સરાઓનાં નામ જણાવો ?

ઉ : ૨૦૪ (૧) અલુંબુષા (૪) તિલોત્તમા (૭) રંભા
(૨) ઉર્વશી (૫) મેનકા (૮) સુકેશી
(૩) ધૃતાચી (૬) મંજુઘોષા

પ્ર : ૨૦૫ ઋદ્ધિઓ કઈ કઈ તેના નામ જણાવો ?

ઉ : ૨૦૫ (૧) ચેતનીયા (૨) મંગલ્યા (૩) વૃષ્યા (૪) જીવદાત્રી (૫) યોગ્યા (૬) સંપદાત્યયા (૭) જીવશ્રેષ્ઠા (૮) યશસ્યા (૯) સિધ્ધા (૧૦) પ્રણદા (૧૧) રથાંગી (૧૨) સિદ્ધિ (૧૩) પ્રાણપ્રદા (૧૪) લક્ષ્મી (૧૫) પ્રાણપ્રિયા (૧૬) લોકકાંતા

પ્ર : ૨૦૬ વૈમાનિક દેવલોકોને કેટલી લેશ્યા હોય છે ?

ઉ : ૨૦૬ (૧) પહેલા અને બીજા દેવલોકમાં એક તેજો લેશ્યા.
(૨) ત્રીજા, ચોથા, અને પાંચમા દેવલોકમાં એક પદ્મ લેશ્યા.
(૩) છઠ્ઠા દેવલોકથી નવ ગ્રૈવેયેક સુધી એક શુકલ લેશ્યા.
(૪) પાંચ અનુત્તર દેવલોકને એક પરમશુકલ લેશ્યા.

પ્ર : ૨૦૭ જંબૂદ્વિપનો અધિષ્ઠાયક દેવ ક્યાં રહેતો હશે ?

ઉ : ૨૦૭ આ દેવનું ઉત્પત્તિ સ્થાન તો અધોલોક છે પરંતુ તેનું રહેવાનું તીર્ચ્છાલોકમાં હોય છે.

પ્ર : ૨૦૮ હાલમાં દેશ વિરતિ પાળનાર શ્રાવક વધુમાં વધુમાં કયા દેવલોકે જઇ શકે ?

ઉ : ૨૦૮ હાલમાં (પાંચમા આરામાં) દસે ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સંયમી અને દેશ વિરતિ પાળનાર શ્રાવક ચોથા દેવલોકથી વધારે ઉંચે જઇ શકે નહી.

પ્ર : ૨૦૯ સૌધર્મ દેવલોકના ઇન્દ્ર અને ઇશાન દેવલોકના ઇન્દ્રનું વાહન તથા શસ્ત્ર કયું ?

ઉ : ૨૦૯ સૌધર્મ દેવલોકના ઇન્દ્રનું વાહન ઐરાવણ હસ્તિ (હાથી) ગણાય અને તેનું શસ્ત્ર વજ્ર કહેવાય છે, જ્યારે ઇશાન દેવલોકના ઇન્દ્રનું વાહન વૃષભ (બળદ) ગણાય અને તેનું શસ્ત્ર શૂલ નામથી ઓળખાય છે.

પ્ર : ૨૧૦ ગોશાળાની તેજોલેશ્યાથી ભસ્મીભૂત થયેલાં બે શીષ્યો કયા દેવલોકમાં ગયેલા ?

ઉ : ૨૧૦ ઉપદેશમાલાની ટીકામાં કહ્યું છે કે, શ્રી સુનક્ષત્રમુનિ આઠમાં દેવલોકમાં અને સર્વાનુભૂતિ નામનો શિષ્ય બારમાં દેવલોકમાં ગયેલા.

卐

અધ્યાય દસમો

નરક

પ્ર : ૧ સાત નરકનાં નામ જણાવો ?

ઉ : ૧ (૧) ધમા (૫) રિષ્ટા (રીઠા)
(૨) વંશા (૬) મઘા
(૩) શિલા (૭) માઘવતી
(૪) અંજના

પ્ર : ૨ સાત નરકનાં ગોત્ર કયાં કયાં ?

ઉ : ૨ (૧) રત્નપ્રભા (૫) ધૂમપ્રભા
(૨) શર્કરાપ્રભા (૬) તમઃપ્રભા
(૩) વાલુપ્રભા(વાલુકાપ્રભા) (૭) તમઃતમસપ્રભા
(૪) પંકપ્રભા

પ્ર : ૩ પહેલા રત્નપ્રભા નરકનું વર્ણન કરો ?

ઉ : ૩ મધ્યલોકની નીચે રત્નપ્રભા નરકનો એક પિંડ એક લાખને એંશી હજાર યોજનનો છે. તેમાંથી એક હજાર યોજનનું દળ નીચે મૂકીયે અને એક હજાર યોજનનું દળ ઉપર મૂકીયે તો વચ્ચે એક લાખ ઇઠ્યોતેર હજાર યોજનનું પોલાણ છે. તે મધ્યે ૧૩ પાથડા છે. અને બાર આંતરા છે તે મધ્યે ત્રીસ લાખ નરકાવાસા છે. અસંખ્યાત નારકીને ઉપજવાની કુંભીઓ છે. અને અસંખ્યાતા નારકી જીવો ત્યાં રહે છે. આ નરકમાં ઘણી ગરમી હોય છે. તેની નીચે વીસ હજાર યોજનનો ઘનોદધિ છે. અસંખ્યાતા યોજનનો ઘનવાય છે પછી અસંખ્યાતા યોજનનો તનુવાય છે અને ચોથો અસંખ્યાતા યોજનનો આકાશાસ્તિકાય (આકાશ) છે.

પ્ર : ૪ બીજા શર્કરાપ્રભા નરકનું વર્ણન કરો ?

ઉ : ૪ બીજા નરકનો પિંડ એક લાખ બત્રીશ હજાર યોજનનો છે. તેમાંથી એક હજાર યોજન દળ ઉપર મૂકીએ અને એક હજાર યોજન દળ નીચે મૂકીએ તે વચ્ચે એક લાખ ત્રીસ હજાર યોજનનું પોલાણ છે. તે પોલાણમાં અગિયાર પાથડા અને દસ આંતરા છે તે મધ્યે પચ્ચીસ લાખ નરકાવાસા છે. આ નરકમાં કાંકરા વધુ છે તેથી તેને શર્કરાપ્રભા કહે છે. આ નરકમાં અસંખ્યાત કુંભીઓ

છે. અસંખ્યાતા નારકી છે. તેની નીચે પ્રથમ નરકની જેમ વીસ હજાર યોજનનો ઘનોદધિ છે. અસંખ્યાતા યોજનનો ઘનવાય છે અસંખ્યાતા યોજનનો તનુવાય છે અને અસંખ્યાતા યોજનનું આકાશ છે. આ નરકમાં ગરમી પહેલા નરક કરતાં વધારે હોય.

પ્ર : ૫ ત્રીજા વાલુકાપ્રભા નરકનું વર્ણન કરો ?

ઉ : ૫ ત્રીજા વાલુકાપ્રભા નરકનો પિંડ એક લાખ અને અઠ્યાવીસ હજાર યોજનનો છે તેમાંથી એક હજાર યોજનનું દળ નીચે મૂકીએ અને એક હજાર યોજનનું દળ ઉપર મૂકીયે તો વચ્ચેના એક લાખ છવ્વીસ હજાર યોજનનું પોલાણ છે. તેમાં નવ પાથડા અને આઠ આંતરા છે તેમા પંદર લાખ નરકાવાસા છે. અસંખ્યાત કુંભીઓ છે. અસંખ્યાતા નારકી છે આ નરકમાં રેતી વધારે હોવાથી તેનું નામ વાલુકાપ્રભા રાખ્યુ છે આ નરકની નીચે પણ ઉપર મુજબ ઘનોદધિ, ઘનવાય, તનુવાય અને આકાશ છે. ગરમી ખુબ છે.

પ્ર : ૬ ચોથા પંકપ્રભા નરકનું વર્ણન કરો ?

ઉ : ૬ ચોથા પંકપ્રભા નરકનો પિંડ એક લાખ ને વીશ હજાર યોજનનો છે. તેમાંથી એક હજાર યોજનનું દળ નીચે મૂકીએ અને એક હજાર યોજનનું દળ ઉપર મૂકીએ તો વચ્ચે એક લાખ અઢાર હજાર યોજનનું પોલાણ છે તેમાં સાત પાથડા અને છ આંતરા છે. તેમાં દસ લાખ નરકાવાસા છે. અસંખ્યાત કુંભીઓ છે. અસંખ્યાતા નારકી છે. આ નરકમાં કાદવ કીચડ વધુ છે તેથી તેનું નામ પંકપ્રભા રાખ્યું છે. આ નરકની નીચે પણ ઉપર મુજબ વીસ હજાર યોજનનો ઘનોદધિ અસંખ્યાતા યોજનનો ઘનવાય છે અસંખ્યાતા યોજનનો તનુવાય છે અને અસંખ્યાતા યોજનનું આકાશ છે. અહી અત્યંત ગરમી અને અત્યંત ઠંડી હોય છે.

પ્ર : ૭ પાંચમા ધૂમપ્રભા નરકનું વર્ણન કરો ?

ઉ : ૭ પાંચમા ધૂમપ્રભા નરકનો પિંડ એક લાખ અઢાર હજાર યોજનનો છે તેમાંથી એક હજાર યોજનનું દળ નીચે છોડીયે અને એક હજાર યોજનનું દળ ઉપર છોડીયે તો વચ્ચેના એક લાખ સોળ હજાર યોજનનું પોલાણ છે. તેમાં પાંચ પાથડા અને ચાર આંતરા છે. ત્રણ લાખ નરકાવાસા છે અસંખ્યાત કુંભીઓ છે. અસંખ્યાતા નારકી છે. તે નીચે ચાર બોલ છે. (૧) વીસ હજાર યોજનનો ઘનોદધિ છે. (૨) અસંખ્યાતા યોજનનો ઘનવાય છે. (૩) અસંખ્યાતા યોજનનો તનુવાય છે. (૪) અસંખ્યાતા યોજનનું આકાશ છે. આ નરકમાં ધુમાડો ખુબ હોય છે તેથી તેનું નામ ધુમપ્રભા રાખેલ છે.

પ્ર : ૮ છઠ્ઠા તમસ્પ્રભા નરકનું વર્ણન કરો ?

ઉ : ૮ છઠ્ઠી તમસ્પ્રભા નરકનો પિંડ એક લાખ ને સોળ હજાર યોજનનો છે. તેમાંથી એક હજાર યોજનનું દળ ઉપર છોડીએ અને એક હજાર યોજનનું દળ નીચે છોડીએ તો વચ્ચેના એક લાખ ચૌદ હજાર યોજનનું પોલાણ છે. તેમાં ત્રણ પાથડા અને બે આંતરા છે. તેમાં નવાણુ હજાર નવસો પંચાણુ નરકાવાસા છે એટલે કે એક લાખમા પાંચ ઓછા એટલા નરકાવાસા છે તેમાં અસંખ્યાત કુંભીઓ છે. અસંખ્યાતા નારકી છે. આ નરકમાં અંધકાર ઘણો છે તેથી તેનુ નામ તમસ્પ્રભા રાખેલ છે. તેની નીચે પાંચમા નરકની જેમ ચાર બોલ સમજવા.

પ્ર : ૯ સાતમા તમઃતમસ્પ્રભા નરકનું વર્ણન કરો ?

ઉ : ૯ સાતમા તમઃતમસ્પ્રભા નરકનો પિંડ એક લાખ અને આઠ હજાર યોજનનો છે તેમાંથી સાડીબાવન હજાર યોજનનું દળ ઉપર છોડીયે અને સાડીબાવન યોજનનુ દળ નીચે છોડીએ તો વચ્ચેના ત્રણ હજાર યોજનનું પોલાણ છે. તેમાં એક પાથડો છે આંતરુ નથી. તેમાં પાંચ નરકાવાસા છે તેના નામ (૧) કાલ (૨) મહાકાલ (૩) રૂદ્ર (૪) મહારૂદ્ર અને અપ્રતિષ્ઠાન આ પાંચ નરકાવાસા છે અસંખ્યાત કુંભીઓ છે. અસંખ્યાતા નારકી છે. તે નીચે ચાર બોલ છે. (૧) વીશ હજાર યોજનનો ઘનોદધિ છે. (૨) અસંખ્યાતા યોજનનો ધનવાય છે. (૩) અસંખ્યાતા યોજનનો તનવાય છે. (૪) અસંખ્યાતા યોજન આકાશ છે. આ નરકમાં અત્યંત ગાઢ અંધકાર છે તેથી તેનું નામ તમઃતમસ્પ્રભા રાખવામાં આવેલું છે. આ નરકમાં અત્યંત ઠંડી હોય છે.

પ્ર : ૧૦ નારકી કોને કહે છે ?

ઉ : ૧૦ જે જીવને નરક ગતિ નામ કર્મનો ઉદય હોય છે તેને નારકી કહેવાય છે. જે જીવ અત્યંત પાપ કર્મ કરે છે. તે મરીને નરકમાં જાય છે, નરકના જીવોને નારકી કહે છે.

પ્ર : ૧૧ નારકી જીવો શેમાં ઉત્પન્ન થાય છે ?

ઉ : ૧૧ નારકી જીવોનો જન્મ ઉપપાત હોય છે. નરકમાં જીવો કુંભીમાં ઉત્પન્ન થાય છે. નરકના જીવોને પરમાધામી દેવો કુંભીમાંથી (અશુદ્ધ પુદ્ગલોથી ભરેલું સાકડા મુખવાળા પાત્ર જેવું) મહાકષ્ટે ખેંચી કાઢે છે.

પ્ર : ૧૨ નારકી જીવોનું વર્ણન કરો ?

ઉ : ૧૨ નારકીના જીવોનું શરીર પારા જેવુ હોય છે. કપાઇને ટુકડા થાય અને ભેગુ પણ થઇ જાય. નારકીમાં ત્રણ શરીર(વૈક્રિય, તૈજસ અને કાર્મણ) હોય છે. નારકી જીવોને હુંડક સંસ્થાન હોય છે. નારકી જીવોને કામ, ક્રોધ, માન, લોભ આ ચાર કષાય હોય છે. નારકી જીવોને આહાર, નિદ્રા, ભય, પરિગ્રહ આ ચારે સંજ્ઞા હોય છે. નારકી જીવો નપુસંક વેદ ધરાવે છે. તેથી કામવાસ નાની તીવ્રતા ખુબ હોય છે. નારકી જીવોને પાંચ પર્યાપ્તિ અને પાંચ અપર્યાપ્તિ હોય છે. નારકી જીવોને ત્રણ દર્શન જેવાકે ચક્ષુ દર્શન, અચક્ષુદર્શન અને અવધિ દર્શન હોય છે. નારકી જીવોને શ્રુત, મતિ અને અવધિ ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. નારકી જીવોને અગિયાર યોગ હોય છે. નારકી જીવો બે પ્રકારનો આહાર લે : ઓજસ અને રોમ. છ દિશાનો આહાર લે. નારકી અચિત આહાર કરે પણ અશુભ આહાર લે છે. નારકી જીવો પહેલા નરકે સંજ્ઞી અને અસંજ્ઞી બંને હોય છે. જ્યારે બીજા નરકથી સાતમા નરક સુધી સંજ્ઞી જીવો હોય છે.

પ્ર : ૧૩ નારકી જીવોને કેટલી લેશ્યા હોય છે ?

ઉ : ૧૩ (૧) પહેલા અને બીજા નરકે કાપોત લેશ્યા.
(૨) ત્રીજા નરકે કાપોત, અને નીલ લેશ્યા.
(૩) ચોથા નરકે નીલ લેશ્યા.
(૪) પાંચમા નરકે કૃષ્ણ અને નીલ લેશ્યા.
(૫) છઠ્ઠા નરકે કૃષ્ણ લેશ્યા.
(૬) સાતમા નરકે મહાકૃષ્ણ લેશ્યા.

પ્ર : ૧૪ સાત નરકોના ૮૪ લાખ નરકાવાસા કેવી રીતે ગણાય છે ?

ઉ : ૧૪

નરકનું નામ	નરકાવાસાની સંખ્યા
(૧) રત્નપ્રભા	૩૦,૦૦,૦૦૦
(૨) શર્કરાપ્રભા	૨૫,૦૦,૦૦૦
(૩) વાલુકાપ્રભા	૧૫,૦૦,૦૦૦
(૪) પંકપ્રભા	૧૦,૦૦,૦૦૦
(૫) ધૂમ પ્રભા	૩,૦૦,૦૦૦
(૬) તમઃ પ્રભા	૯૯,૯૯૫
(૭) તમઃ તમસ્પ્રભા	૫
કુલ :	૮૪,૦૦,૦૦૦

પ્ર : ૧૫ નારકી જીવોની જઘન્ય તેમ જ ઉત્કૃષ્ટ અવગાહના (ઊંચાઈ) કેટલી ?

ઉ : ૧૫

નરકનું નામ	જઘન્ય અવગાહના	ઉત્કૃષ્ટ અવગાહના
(૧) રત્નપ્રભા	આંગુલના અસંખ્યાતમાંભાગની	પોણા આઠ ધનુષ્ય અને છ આંગુલની.
(૨) શર્કરાપ્રભા	આંગુલન અસંખ્યાતમાં ભાગની	સાડા પંદર ધનુષ્ય અને બાર આંગુલની.
(૩) વાલુકાપ્રભા	આંગુલના અસંખ્યાતમાં ભાગની	સવાએકત્રીસ ધનુષ્યની.
(૪) પંકપ્રભા	આંગુલના અસંખ્યાતમાં ભાગની	સાડીબાસઠ ધનુષ્યની.
(૫) ધુમપ્રભા	આંગુલના અસંખ્યાતમા ભાગની	સવા સો ધનુષ્યની.
(૬) તમઃપ્રભા	આંગુલનાઅસંખ્યતમાં ભાગની	અઢીસો ધનુષ્યની.
(૭) તમઃતમસપ્રભા	આંગુલના અસંખ્યાતમાં ભાગની	પાંચસો ધનુષ્યની.

નોધ : ઉત્તર વૈક્રિય કરે તો ઉત્કૃષ્ટ જેટલી હોય તેનાથી બમણી જાણવી. દાત. સાતમા નરકનો જીવ નારકી ઉત્તર વૈક્રિય કરે તો ઉત્કૃષ્ટ એક હજાર ધનુષ્યની અવગાહના કરી શકે.

પ્ર : ૧૬ નારકી જીવોનુ જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલુ તે જણાવો ?

ઉ : ૧૬

નરકનું નામ	જઘન્ય આયુષ્ય	ઉત્કૃષ્ટ આયુષ્ય
(૧) રત્નપ્રભા	દસ હજાર વર્ષ	એક સાગરોપમ
(૨) શર્કરાપ્રભા	એક સાગરોપમ	ત્રણ સાગરોપમ
(૩) વાલુકાપ્રભા	ત્રણ સાગરોપમ	સાત સાગરોપમ
(૪) પંકપ્રભા	સાત સાગરોપમ	દસ સાગરોપમ
(૫) ધૂમપ્રભા	દસ સાગરોપમ	સત્તર સાગરોપમ
(૬) તમઃપ્રભા	સત્તર સાગરોપમ	બાવીશ સાગરોપમ
(૭) તમઃતમસ્પ્રભા	બાવીસ સાગરોપમ	તેત્રીશ સાગરોપમ

પ્ર : ૧૭ નારકીના જીવો કયા દસ પ્રકારની વેદના સહન કરે છે ?

ઉ : ૧૭ નારકીના જીવોને ક્ષેત્ર વેદના દસ પ્રકારની હોય છે :-

(૧) ભૂખ (ક્ષુધા) (૬) જવર
(૨) તૃષા (તરસ) (૭) ભય
(૩) શીત (ઠંડી) (૮) શોક
(૪) ઉષ્ણ (ગરમી) (૯) ખરજ (ખંજવાળ)
(૫) દાહ (બળતરા) (૧૦) પરવશતા (પરવશપણું)

પ્ર : ૧૮ નારકીના જીવોને અન્યોન્યકૃત વેદના હોય છે તે શું ?

ઉ : ૧૮ નારકીના જીવો અંદરો અંદર લડે છે અને દાંત તથા નખો વડે એકબીજાને વલુરી ઘણું દુઃખ આપે છે તેને અન્યોન્યકૃત વેદના કહે છે.

પ્ર : ૧૯ પરમાધામી કૃતવેદના એટલે શુ ?

ઉ : ૧૯ પરમાધામી જાતના પંદર પ્રકારના ઘણા ક્રૂર દેવતાઓ હોય છે. તે પહેલા બીજા અને ત્રીજા નરક સુધીના નારકી જીવોને છેદે છે, ભેદે છે, મારે છે, કાપે છે, તાવડીમાં તળે છે એમ અસંખ્ય પ્રકારે દુઃખ આપે છે. તે પરમાધામીકૃત વેદના કહેવાય છે.

પ્ર : ૨૦ પરમાધામી દેવો નારકીના શરીરના કાપી કટકા કરી નાંખે છતાં નારકી જીવો કેમ મરતા નથી ?

ઉ : ૨૦ નારકીને વૈક્રિય શરીર હોય છે અને વૈક્રિય શરીરનો સ્વભાવ એવો છે કે તેના કાપી કટકા કરી નાંખે તો પણ પાછું હરણીયા પારાની પેઠે મળી જાય તેથી તેઓ અધુરે આયખે મરતા નથી.

પ્ર : ૨૧ પરમાધામી દેવો નારકી જીવોને દુઃખ આપે તો તેમને પાપ લાગે કે નહીં ?

ઉ : ૨૧ પરમાધામી દેવો નારકી જીવોને દુઃખ આપે તો તેમને પણ પાપ લાગે અને તેઓને પણ તેનાં ફળ ભોગવવાં પડે છે.

પ્ર : ૨૨ નરકમાં પ્રકાશ હોય ખરો ?

ઉ : ૨૨ ના. ત્યાં સદા અંધકાર હોય છે.

પ્ર : ૨૩ નારકી જીવો ગાઢ અંધકારમાં કેવી રીતે એક બીજાને જોઇ શકે ?

ઉ : ૨૩ નારકી જીવોને અવધિજ્ઞાન અથવા વિભંગજ્ઞાન હોય છે તેથી તેઓ અંધારામા પણ એક બીજાને દેખી શકે છે.

પ્ર : ૨૪ નરકમાં કેવી ઠંડી, ગરમી અને દુર્ગંધ હોય છે ?

ઉ : ૨૪ નરકની ઠંડીની એક અંશ માત્ર પણ લહર જો પૃથ્વી ઉપર આવે તો આખી પૃથ્વી ઠરી જાય એવી ઠંડી હોય છે. ત્યાંની ગરમ હવાની એક લહર આપણી પૃથ્વીને બાળવા સમર્થ છે. ત્યાની દુર્ગંધનો એક કણ જો ઊડી આવે તો આખી પૃથ્વીના જીવો ગુંગળાઇને મરી જાય. ત્યાંનાં એક જીવને અહી હિમશિખર ઉપર માગશર માસની ઠંડીમા નિર્વસ્ત્ર સુવાડ્યો હોય તો પણ તેને પસીનો વળે અર્થાત એ ઠંડી પણ તે જીવને ગરમી લાગે. એને કોઇ લોખંડ ગાળવાની ભઠ્ઠીમાં મૂક્યો હોય તો પણ તેને ઠંડક લાગે.

પ્ર : ૨૫ નરકમાં જવાના કયા મુખ્ય ચાર કારણો છે ?

ઉ : ૨૫ નરકમાં જવાના ચાર મુખ્ય કારણો નીચે મુજબ જાણવા :-

(૧) ઘણી હિંસામય પાપની પ્રવૃત્તિ-દુષ્ટ કૃત્યો કરવાથી.
(૨) માંસાહાર કરવાથી.
(૩) પંચેન્દ્રિય જીવોનો વધ કરવાથી.
(૪) મહા પરિગ્રહ રાખવાથી અથવા પરિગ્રહ ઉપર અત્યંત મૂર્છા રાખવાથી.

પ્ર : ૨૬ નરકનાં ચાર દ્વાર કયાં છે ?

ઉ : ૨૬ નરકમાં જવાના ચાર દ્વાર પદ્મ પુરાણના પ્રથમ શ્લોકમાં આ પ્રમાણે જણાવેલા છેઃ
(૧) રાત્રિ ભોજન.
(૨) પરસ્ત્રીગમન.
(૩) સન્ધાન એટલે કે બોળો નાંખીને બનાવેલાં ઢોકળાં અથાણા આદિ ખાદ્ય સામગ્રીઓનો ઉપયોગ.
(૪) અનંતકાય(કંદમૂળનું) ભક્ષણ.

પ્ર : ૨૭ નરકમાં ઉત્પતિનો ઉત્કૃષ્ટ વિરહકાળ કેટલો છે ?

ઉ : ૨૭ નરકમાં ઉત્પતિનો ઉત્કૃષ્ટ વિરહકાળ ૧૨ મુર્હૂતનો છે.

પ્ર : ૨૮ સાતવાર સાતમા નરકે જવાનો યોગ કયા કર્મથી બંધાય છે ?

ઉ : ૨૮ હે ગૌતમ દેવ-દ્રવ્યનું ભક્ષણ કરવાથી તેમજ પરસ્ત્રીગમન કરવાથી જીવ સાતવાર સાતમા નરકે જાય છે.

પ્ર : ૨૯ કષાય સહિત પ્રરૂપણા એ નરકે જવાની નિશાની છે. એટલે શું ?

ઉ : ૨૯ કષાય સહિત વ્યાખ્યાન આપવા નહીં અને વ્યાખ્યાન અપાય તો એ નરકે જવાની નિશાની છે. પ્રત્યાખ્યાનાવરણ કષાય હોય એ લોકોને વ્યાખ્યાન આપવાનો અધિકાર છે, પણ જેને અનંતાનુબંધી હોય, સમકિત ના થયું હોય એમણે વ્યાખ્યાન ન આપવું. સમકિત ના હોય એટલે અનંતાનુબંધી હોય જ. અનંતાનુબંધી કષાયની હાજરીમાં ઉપદેશ આપવો એ મિથ્યાત્વી કહેવાય.

પ્ર : ૩૦ સાત નરકોમાં કેટલા પ્રતરો છે ?

ઉ : ૩૦ સાત નરકોમાં કુલ ઓગણપચ્ચાસ (૪૯) પ્રતરો છે.

પ્ર : ૩૧ નારકીના ચૌદ ભેદ કેવી રીતે ગણાય છે ?

ઉ : ૩૧ સાત નરકના સાત પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા એમ કુલ ચૌદ ભેદ થાય છે.

પ્ર : ૩૨ નરકનું દુઃખ કેવું છે ?

ઉ : ૩૨ નરકના દુઃખનુ જેમ છે તેમ વર્ણન કરવામાં આવે તો તે સાંભળીને માણસ મરી જાય એવાં ભયંકર દુઃખો નરકમાં છે. ત્યાંનાં માણસની રાડ જો સિંહ કે હાથી સાંભળે તો તેમના કાળજાં ફાટી જાય.

પ્ર : ૩૩ સમકિત અને જિનપદની પ્રાપ્તિ થયા અગાઉ કોઇ જીવે નારકીનું આયુષ્ય બાંધ્યુ હોય તો તે જીવો તે નરકમાંથી નિકળ્યા પછી શું થાય છે ?

ઉ : ૩૩ (૧) પહેલા નરકમાંથી નીકળી જીવ ચક્રવર્તી થાય છે.
(૨) બીજા નરકમાંથી નીકળી વાસુદેવ કે બળરામ થાય છે.
(૩) ત્રીજા નરકમાંથી નીકળી તીર્થંકર થાય છે.
(૪) ચોથા નરકમાંથી નીકળી ભવાંત કરે છે અર્થાત કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે
(૫) પાંચમાં નરકમાંથી નીકળી મનુષ્યપણું અને સાધુપણું પામે છે.
(૬) છઠ્ઠા નરકમાંથી નીકળી અનંતર ભવે મનુષ્ય થવાની શક્યતા છે.
(૭) સાતમા નરકમાંથી નીકળી તિર્યંચગતિ પામે છે અને એ ગતિમાં સમ્યક્ત્વ પામી શકે છે.

પ્ર : ૩૪ સાતમા નરકના અપ્રતિષ્ઠાનના અંતીમ પાથડાના જીવને કેટલા રોગો થાય છે?

ઉ : ૩૪ આ જીવને પાંચ કરોડ, અડસઠલાખ,નવ્વાણુ હજાર પાંચસોને ચોર્યાસી પ્રકારના રોગો થાય છે. [સંખ્યા ૫,૬૮,૯૯,૫૮૪ રોગ]

પ્ર : ૩૫ વેદાંત દર્શનમાં સાત નરકનાં નામ અને તેના અધિપતિ કયા બતાવેલા છે ?

ઉ : ૩૫

નરકનું નામ	અધિપતિ
(૧) અતલ	મહામાયા.
(૨) વિતલ	હાટકેશ્વર શિવ.
(૩) સુતલ	બલિ.
(૪) તલાતલ	માયા.
(૫) મહાતલ	મોટા સર્પ.
(૬) રસાતલ	દૈત્ય દાનવ.
(૭) પાતાલ	વાસુકિ.

પ્ર : ૩૬ શ્રીમદ ભાગવત અનુસાર એકવીસ નરકના નામ જણાવો ?

ઉ : ૩૬

(૧) અંધકૂપ	(૮) કૃમિભોજન	(૧૫) લાલાભક્ષ
(૨) અંધતામિસ્ત્ર	(૯) તપ્તરશ્મિ	(૧૬) વજ્રકંટક
(૩) અયઃપાન	(૧૦) તામિસ્ત્ર	(૧૭) શાલ્મલી
(૪) અવિચિ	(૧૧) પૂયાદ	(૧૮) વિરાસન
(૫) અસીપત્રવન	(૧૨) પ્રાણરોધ	(૧૯) વૈતરણી
(૬) કાલસૂત્ર	(૧૩) રૌરવ	(૨૦) શૂકર મુખ
(૭) કુંભીપાક	(૧૪) મહારૌરવ	(૨૧) સાંરમેયાદન

પ્ર : ૩૭ પહેલું નરક કોને મળે ?

ઉ : ૩૭ વધારે કમાવું છે એ જ રૌદ્રધ્યાન. રૌદ્રધ્યાનનું ફળ બહું નહી પણ પહેલું નરક તો ખરું જ.

પ્ર : ૩૮ નરકમાં જીવ ધર્મ સન્મુખ થઇ શકે ખરો ?

ઉ : ૩૮ નરકમાં ધર્મ સન્મુખ થવાનાં ત્રણ નિમિત હોય છે.

(૧) પહેલા ત્રણ નરકમાં કોઇ દેવ જઇને પૂર્વના પ્રેમી ભાઇબંધને ધર્મ સંભળાવે અને એમ દેવ દ્વારા ધર્મ શ્રવણ પામે તો આત્મસન્મુખ થાય છે.

(૨) કોઇ નારકી જીવને જાતિસ્મરણ થાય અને પૂર્વે સાંભળેલો ગુરૂનો ઉપદેશ યાદ આવતાં આત્મસન્મુખ થાય છે.

(૩) કોઇ જીવ નરકની અસહ્ય પીડાથી નરકને, પાપના ફળનું સ્થળ જાણીને, પોતાના સ્વરૂપના ચિંતવનમાં ચઢીને અંદરમાં ઊતરી જાય છે. આ રીતે પહેલા ત્રણ નરકમાં ધર્મ સન્મુખ થવામાં ધર્મ શ્રવણ, જાતિસ્મરણ અને વેદના નિમિત થાય છે ચોથાથી સાતમા નરકમાં દેવોનું ગમન હોતું નથી તેથી ત્યાં જાતિસ્મરણ અને વેદના નિમિત હોઇ શકે. આમ નિમિત પામતાં, પરથી ખસીને અંતરમાં વળી જાય અને સમ્યકદર્શન પામે.

પ્ર : ૩૯ નરકના જીવોને મુખ્ય ચાર પ્રકારની કઇ વેદના વર્તે છે ?

ઉ : ૩૯ (૧) ક્ષેત્ર વેદના (૨) પ્રહાર વીના પરસ્પર કરેલી વેદના (૩) પ્રહારથી પરસ્પર કરેલી વેદના (૪) પરમાધામી ની કરેલી વેદના.

પ્ર : ૪૦ નરકના જીવોને મુખ્ય દશ પ્રકારના દુઃખો કયા હોય છે ?

ઉ : ૪૦ (૧) અત્યંત ભૂખ (૨) ઊંટ જેવી ગતિ (૩) તીવ્ર હુંડક સંસ્થાન (૪) ભેદન થવું તે (૫) અંધકારમય તથા અપવિત્ર વસ્તુનો સંપર્ક (૬) મરેલા કલેવરોથી પણ અત્યંત ઘણી દુર્ગંધ (૭) કડવી તુંબડી કરતા પણ અનેક ઘણો કડવો સ્વાદ (૮) વીંછીના કાંટા સરખો સ્પર્શ (૯) અગુરુલઘુ પરિણામ (૧૦) વીલાપાદિક અત્યંત ભયકારી શબ્દ.

પ્ર : ૪૧ સાતમી નરકમાં જે પાંચ નરકાવાસા છે તે કઇ દિશામાં છે અને તે દરેકનું નામ શું છે ?

ઉ : ૪૧ પૂર્વદિશામાં કાલ નામનો નરકાવાસ છે
પશ્ચિમદિશામાં અપ્રતિષ્ઠ અને મહાકાલ નામના બે નરકાવાસા છે.
દક્ષિણદિશામાં રુ નામનો નરકાવાસ છે.
ઉત્તર દિશામાં મહારુરુ નામનો નારકાવાસ છે.

પ્ર : ૪૨ સાતેય નરકમાં કેટલા પ્રતર અને પૃથ્વીનો પીંડ કેટલો છે તે જણાવો ?

ઉ : ૪૨

નરકનું નામ	પ્રતરની સંખ્યા	પૃથ્વીનો પિંડ (યોજનમાં)
(૧) રત્નપ્રભા	૧૩	૧,૮૦,૦૦૦
(૨) સર્કરાપ્રભા	૧૧	૧,૩૨,૦૦૦
(૩) વાલુકાપ્રભા	૯	૧,૨૮,૦૦૦
(૪) પંકપ્રભા	૭	૧,૨૦,૦૦૦
(૫) ધુમપ્રભા	૫	૧,૧૮,૦૦૦
(૬) તમપ્રભા	૩	૧,૧૬,૦૦૦
(૭) તમઃતમસપ્રભા	૧	૧,૦૮,૦૦૦
	૪૯	૯,૦૨,૦૦૦

પ્ર : ૪૩ સાતેય નરકના ઓગણપચાસ પ્રતરમાં આવેલા પુષ્પાવકીર્ણ નરકાવાસા અને આવલિકાના નરકાવાસાની સંખ્યા જણાવો ?

ઉ : ૪૩

નરકનું નામ	પુષ્પાવકીર્ણ નરકાવાસાની સંખ્યા	આવલિકાના નરકાવાસાની સંખ્યા
(૧) રત્નપ્રભા	૨૯,૯૫,૫૬૭	૪,૪૩૩
(૨) શર્કરાપ્રભા	૨૪,૯૭,૩૦૫	૨,૬૯૫
(૩) વાલુકાપ્રભા	૧૪,૯૮,૫૧૫	૧,૪૮૫
(૪) પંકપ્રભા	૯,૯૯,૨૯૩	૭૦૭
(૫) ધુમપ્રભા	૨,૯૯,૭૩૫	૨૬૫
(૬) તમઃપ્રભા	૯૯,૯૩૨	૬૩
(૭) તમઃતમસપ્રભા	-	૫
	૮૩,૯૦,૩૪૭	૯,૬૫૩

નોંધ : સાતેય નરકના આ ઓગણપચ્ચાસ પ્રતરમાં કુલ ચોર્યાસીલાખ નરકાવાસા આવેલા છે. (૮૩,૯૦,૩૪૭+૯૬૫૩ = ૮૪,૦૦,૦૦૦)

પ્ર : ૪૪ કેટલી નરક સુધી પરમાધામી કૃત વેદના હોય ?

ઉ : ૪૪ શ્રી સંગ્રહણી સૂત્ર મુજબ પહેલી ત્રણ નર્ક સુધીજ એટલે કે રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા સુધી પરમાધામીકૃત વેદના હોય.

પ્ર : ૪૫ સાતેય નરકના ઓગણપચાસ પ્રતરના મધ્યભાગમાં આવેલા ઈન્દ્રક નરકાવાસાના નામ જણાવો.

ઉ : ૪૫ (૧) સીમન્ત (૨) રોરુયતિ (૩) રંભ (૪) ઉજ્જંત
(૫) સભ્રાંત (૬) અસભ્રાંત (૭) વિભ્રાંત (૮) ભક્ત
(૯) શીત (૧૦) વક્કાંત (૧૧) અવક્કાંત (૧૨) વિકલ
(૧૩) રોરુક (૧૪) સ્તનિક (૧૫) સ્તનક (૧૬) મણક
(૧૭) ચણક (૧૮) ઘટ્ટ (૧૯) સંઘટ્ટ (૨૦) જિપ્મ
(૨૧) અવજિપ્મ (૨૨) લોલ (૨૩) લોલાવત (૨૪) ધણલોલુક
(૨૫) તપ્ત (૨૬) તપિક (૨૭) તપન (૨૮) તાપન
(૨૯) નિદાઘ (૩૦) પ્રજ્વલિત (૩૧) ઉજ્વલિત (૩૨) સંજ્વલિત
(૩૩)સંપ્રજ્વલિત (૩૪) આર (૩૫) સાર (૩૬) માર
(૩૭) વર્વ (૩૮) તમ (૩૯) ખાડખડ (૪૦) ખડખડ
(૪૧) ખાત (૪૨) તમક (૪૩) ઉસ (૪૪) અંધ
(૪૦) તિમિસ (૪૬) હિમ (૪૭) વદલ (૪૮) લલખ
(૪૯) અપઈટ્ઠાણ

પ્ર : ૪૬ નરકાવાસાનો આકાર કેવો હોય છે ?

ઉ : ૪૬ દરેક નરકાવાસા અંદરના ભાગમાં ગોળાકાર બહાર ચોરસ અને નીચે ખૂરપલા (ઘાંસકાપવાના એક જાતના હથિયાર જેવું) આકારવાળા પરમ દુર્ગંધમય હોય છે. આવલિકાના નરકાવાસા દેવલોકના આવલિકાગત વિમાનની જેમ ત્રિખુણા અને ચાર ખૂણા વાળા હોય છે. જ્યારે પુષ્પાપકીર્ણ નરકાવાસા અનેક પ્રકારના સંસ્થાન(આકાર)વાળા હોય છે.

પ્ર : ૪૭ નરકાવાસાની ઉંચાઈ, લંબાઈ, પહોળાઈ વિષે જણાવો ?

ઉ : ૪૭ દરેક નરકાવાસા ત્રણહજાર યોજન ઉંચા છે. પહોળાઈ અને લંબાઈ પણે કોઈક સંખ્યાતા યોજન અને કોઈક અસંખ્યાતા યોજન છે પરંતુ તેમાં સીમંત નામનો ઈન્દ્રક નરકાવાસો પીસ્તાલીસ લાખ યોજન લાંબો અને પહોળો છે. છેલ્લો અપઈઠાણ ઈન્દ્રક નરકાવાસો એક લાખ યોજન લાંબો અને પહોળો છે અપઈઠાણને ફરતા જે ચાર નરકા વાસા છે તે લંબાઈ, પહોળાઈમાં અને ફરતી પરધિએ અસંખ્યાતા કોડાકોડી યોજન જાણવા. દરેક નરકાવાસા નીચે એક હજાર યોજનની ગાઢ ઉંચી પીઠીકાવાળા વળી ઉપરના ભાગમાં એક

હજારયોજનના શીખર આકારે ઘુમ્મટવાળા અને મધ્યભાગને વિષે પણ એક હજાર યોજનની પોલાણવાળા છે એમ કરી ત્રણ હજાર યોજન ઉંચા છે.

પ્ર : ૪૮ નારકીય જીવની ઉંચાઇ કેવી રીતે ગણાય છે ?

ઉ : ૪૮ દરેક નરકાવાસાના પ્રતરે પ્રતરે જુદી-જુદી ઉંચાઇ હોય છે. રત્નપ્રભાનગરીના પહેલા પ્રતરે દેહ પ્રમાણ ત્રણ હાથનું(ઉત્કૃષ્ટ) હોય છે. પછી પ્રતરે પ્રતરે સાડા છપ્પન અંગુલની વૃદ્ધિ કરવી તેથી તેરમે પ્રતરે પોણા આઠ ધનુષ અને છઆંગુલનું પ્રમાણ પુરુ થાય આ ભવ ધારણીય શરીર પ્રમાણ છે. તેનાથી બમણું ઉત્તરવૈક્રિય શરીર જાણવું.

પ્ર : ૪૯ નારકીમાં ઉત્પાતકાળ તથા ચ્યવનનો વિરહકાળ કેટલો છે ?

ઉ : ૪૯ દરેક નરકમાં ઉત્પાતકાળ અલગ અલગ જાણવો. પહેલી નરકમાં ચોવીશ મુર્હૂત, બીજી નરકમાં સાત દિવસ, ત્રીજી નરકમાં પંદર દિવસ, ચોથી નરકમાં એક મહિનો, પાંચમી નરકમાં બે મહિના, છઠ્ઠી નરકમાં ચાર મહિના અને સાતમી નરકમાં છ મહિના જાણવો. ચ્યવનનો વિરહકાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુર્હૂતનો જાણવો.

પ્ર : ૫૦ નરકનો બંધ શેનાથી પડે ?

ઉ : ૫૦ મિથ્યાત્વી, મહાઆરંભી, બહુપરિગ્રહિ, તીવ્રક્રોધ વાળો, શીલરહિત, પાપબુદ્ધિ વાળો અને રૌદ્રપરિણામી એવો જીવ નરકનું આયુષ્ય બાંધે છે.

પ્ર : ૫૧ કયા સંઘયણ વાળા જીવો કઇ નરક સુધી જાય તે જણાવો ?

ઉ : ૫૧ (૧) છેવટ્ઠા સંઘયણવાળો જીવ પહેલી બે નરક સુધી જાય.
(૨) કિલિકા સંઘયણવાળો જીવ ત્રીજી નરક સુધી જાય.
(૩) અર્ધનારાચ સંઘયણવાળો જીવ ચોછી નરક સુધી જાય.
(૪) નારાચ સંઘયણ વાળો જીવ પાંચમી નરક સુધી જાય.
(૫) વૃષભનારાચ સંઘયણ વાળો જીવ છઠ્ઠી નરક સુધી જાય.
(૬) વજ્રવૃષભનારાચ સંઘયણ વાળો જીવ સાતમી નરક સુધી જાય.

પ્ર : ૫૨ નરકમાં જીવ કેટલી વખત જાય તે અંગે જણાવો ?

ઉ : ૫૨ જો કોઇ પ્રથમ નરકમાં સતત જાય તો આઠવાર જઇ શકે છે. અર્થાત્ કોઇ જીવ પ્રથમ નરકમાં ઉત્પન્ન થયો પછી ત્યાંથી નીકળીને મનુષ્ય અથવા તિર્યંચ થઇને ફરી પ્રથમ નરકમાં ઉત્પન્ન થયો. આ પ્રકારે આ જીવ પ્રથમ નરકમાં

જ જતો રહે તો આઠવાર સુધી જઈ શકે છે. આ પ્રમાણે બીજા નરકમાં સાતવાર, ત્રીજા નરકમાં છ વાર, ચોથા નરકમાં પાંચવાર, પાંચમા નરકમાં ચારવાર, છઠ્ઠા નરકમાં ત્રણ વાર અને સાતમાં નરકમાં બે વાર સુધી સતત ઉત્પન્ન થઈ શકે છે.

પ્ર : ૫૩ નરકમાંથી નીકળેલ જીવ કઈ અવસ્થા પ્રાપ્ત કરી શકે ?

ઉ : ૫૩ સાતમી નરકમાંથી નીકળેલો જીવ તિર્યંચ જ થાય છે અને ફરીથી નરકમાં જ જાય છે. છઠ્ઠા નરકથી નીકળેલો જીવ મનુષ્ય થઈ શકે છે અને સમ્યક-દર્શન પ્રાપ્ત કરી શકે છે, પરંતુ દેશ વ્રતી થઈ શકતો નથી. પાંચમા નરકથી નીકળેલો જીવ દેશ વ્રતી થઈ શકે છે પરંતુ મહાવ્રતી થઈ શકતો નથી. ચોથા નરકથી નીકળેલો જીવ મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે છે. પ્રથમ, બીજા અને ત્રીજા નરકથી નીકળેલો જીવ તીર્થંકર પણ થઈ શકે છે.

પ્ર : ૫૪ નરકમાં ઉત્પત્તિના સમયે જીવની અવસ્થા કેવી હોય છે ?

ઉ : ૫૪ નરકમાં ઉત્પત્તિના સમયે જીવને ઉપરની બાજું પગ અને મસ્તક નીચેની બાજું રહે છે અને જે કુંભીમાં ઉત્પન્ન થાય છે તેમાંથી તેને ખેંચીને બહાર કાઢવામાં આવે છે.

પ્ર : ૫૫ વર્તમાનમાં (પાંચમા આરામાં) વધુમાં વધુ કઈ નરક સુધી જઈ શકાય?

ઉ : ૫૫ પાંચમા આરામાં ગમે તેવા ઘોર પાપ કરે તો પણ ચોથી નરકથી વધુ આગળ જઈ શકાય નહી.

પ્ર : ૫૬ નરકના દુઃખ કરતાં પણ અનેક ગણું દુઃખ ક્યાં હોય છે ?

ઉ : ૫૬ નરકગતિમાં નારકીઓ ભયંકર જે અનંત દુઃખ પામે છે, તેનાથી અનંતગણું દુઃખ નિગોદની અંદર હોય છે.

પ્ર : ૫૭ નરકના જીવોને કિંચિતમાત્ર પણ સુખ ખરું ?

ઉ : ૫૭ નરકમાં નારકીના જીવોને, આંખના પલકારા જેટલું પણ સુખ નથી. પાંચ ભરતક્ષેત્ર કે પાંચ ઐરાવત ક્ષેત્રમાં તીર્થંકર ભગવંતોનો જન્મ થતાં એક ક્ષણ માટે નારકીના જીવોને પણ સુખ ઉત્પન્ન થાય છે. આ સિવાય કિંચિતમાત્ર પણ સુખ હોતું નથી.

卐

અધ્યાય અગિયારમો
સિદ્ધક્ષેત્ર

પ્ર : ૧ સિદ્ધક્ષેત્ર એટલે શું? તે ક્યાં આવેલું છે ? કેવડું છે ?

ઉ : ૧ સિદ્ધક્ષેત્ર એટલે સિદ્ધ ભગવંતોને રહેવા માટેની જગ્યા. લોક અને અલોકની વચ્ચે સિદ્ધક્ષેત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો બ્રહ્માંડની ધાર ઉપર છે. છેલ્લી ધાર ઉપર છે. જ્યાં જ્ઞેય નથી. સંયોગ માત્ર નથી. જે લોકાલોક સ્વરૂપ છે. લોક અને અલોક એ બેના સાંધાની આગળ સિદ્ધ ક્ષેત્ર છે. પીસતાળીસ લાખ યોજન લાંબુ પહોળું ગોળાકાર અને એક ગાઉના છઠ્ઠા ભાગ (૩૩૩ ધનુષ્ય અને ૩૨ આંગુલ) જેટલું જાડું છે. તેની ઉપર ઘનોદધિ, ધનવાત અને તનુવાત નામના ત્રણ વાયુ છે. ત્યાં તનુવાત વલયની મધ્યમાં અને લોકનાં અંતે કેવળજ્ઞાનાદિ અનંતગુણ સહિત સિદ્ધો છે.

પ્ર : ૨ સિદ્ધશિલા એટલે શું તે ક્યાં આવેલી છે ?

ઉ : ૨ સર્વાર્થસિદ્ધ નામનાં વિમાનની ટોચથી બાર યોજન ઉપર જઈએ ત્યાં છત્રને આકારે ઈષતપ્રાગભર નામની એક પૃથ્વી છે તે સિદ્ધશિલા નામથી ઓળખાય છે. આ સિદ્ધશિલા ૪૫ લાખ યોજનની લાબી અને પહોળી છે. તેનો આખો ઘેરાવો તેનાથી ત્રણ ગણા કરતા વધારે જાણવો તે સિદ્ધશિલા. મધ્ય ભાગે આઠ યોજનની જાડી અને પછી થોડું થોડું ઘટતા એકદમ છેડે માંખીની પાંખ કરતા પણ પાતળી છે. તેની પરિધિ ૧,૪૨,૩૦,૨૪૯ યોજનથી પણ વધારે છે. તે સિદ્ધશિલા નિર્મળ અને સુંદર છે. સિદ્ધશિલાથી એક યોજન ઊંચે લોકનો છેડો આવી જાય છે. તે યોજનનો છેલ્લો જે એક કોશ છે. તેનો છઠ્ઠો ભાગ એટલે ૩૩૩ ધનુષ્ય અને ૩૨ આંગળની ઊંચાઈમાં સિદ્ધ પ્રભુઓ રહ્યા છે.

પ્ર : ૩ સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્ર એક જ છે ?

ઉ : ૩ ના, સિદ્ધશિલા સિદ્ધક્ષેત્રની બરાબર નીચે આવેલી છે. પરંતુ તે બન્ને વચ્ચે એક યોજનમાં એક ગાઉના છઠ્ઠો ભાગ ઓછું એટલું અંતર છે.

પ્ર : ૪ સિદ્ધશિલા ના બાર નામ જણાવો ?

ઉ : ૪ (૧) ઈસિતિવા. (૨) ઈસિપભારાતિવા
(૩) તણુતિવા (૪) તણતણુતિવા
(૫) સિદ્ધતિવા (૬) સિદ્ધાલયેતિવા

(૭) મુતિતિવા (૮) મુતાંલયેતિવા
(૯) લોપગે તિવા (૧૦) લોગથુત્મિયે તિવા
(૧૧) ભોગ પડિતો હેતિવા (૧૨) સવ્વપાણ ભૂય જીવસતા સુરાવહોતિવા

પ્ર : ૫ સિદ્ધપદને લાયક જીવોનાં લક્ષણ શું ?

ઉ : ૫ સિદ્ધપદને લાયક જીવોનાં સામાન્ય રીતે પાંચ લક્ષણ હોય છે જે નીચે મુજબ જાણવાં

(૧) પહેલું સંઘયણ.
(૨) છ સંસ્થાનોમાંનુ એક સંસ્થાન.
(૩) ઓછામાં ઓછી ઊંચાઈ સાત હાથ અને ઉતકૃષ્ટ ૫૦૦ ધનુષ્યની હોય.
(૪) આયુષ્ય ઓછામાં ઓછું ૮ વર્ષ અને વધુમા વધુ પૂર્વ ક્રોડ વર્ષનું હોય.
(૫) ચરમશરીર હોય.

પ્ર : ૬ સિદ્ધક્ષેત્રમાં બિરાજમાન સિદ્ધ ભગવંતોની ઉત્કૃષ્ટ,મધ્યમ અને જઘન્ય અવગાહના (ઊંચાઈ) કેટલી ?

ઉ : ૬ ઉત્કૃષ્ટ ઊંચાઈ : ૩૩૩$\frac{૧}{૩}$ધનુષ્યની (૩૩૩ ધનુષ્ય ૩૨ આંગળ)
મધ્યમ ઊંચાઈ : ૪$\frac{૨}{૩}$હાથની (૪ હાથ અને ૧૬ આંગળની)
જઘન્ય ઊંચાઈ : ૧હાથ અને ૮ આંગળ

પ્ર : ૭ સિદ્ધક્ષેત્રમાં કેવી રીતે આત્મા હોય છે ?

ઉ : ૭ સિદ્ધક્ષેત્રમાં છેલ્લા દેહના ભાજન પ્રમાણે આત્મા રહે છે છેલ્લો દેહ જેટલી ઊંચાઈનો હોય તેનાથી $\frac{૨}{૩}$ ભાગનો ઓછો એટલી ઊંચાઈ હોય છે બધા જુદા જુદા આત્મા રહે છે દરેક સિદ્ધ ભગવંતોને માત્ર જ્ઞાન ક્રિયા અને દર્શન ક્રિયા હોય ત્યાં દરેકને પોતાના અસ્તીત્વનું ભાન રહે વસ્તુત્વનું ભાન રહે અને પૂર્ણત્વનું ભાન રહે.

પ્ર : ૮ સિદ્ધ ભગવંતના આઠ ગુણ કયા કયા છે ?

ઉ : ૮ (૧) જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થવાથી સિદ્ધ ભગવંત લોકાલોકનુ સ્વરૂપ કેવળજ્ઞાનથી જાણે છે
(૨) દર્શનાવરણીય કર્મ ક્ષય થવાથી લોકાલોકનાં સ્વરૂપને દેખે છે (કેવળદર્શન)
(૩) વેદનીય કર્મ ક્ષય થવાથી અવ્યાબાધપણું એટલે સર્વ પ્રકારની પીડા રહિત છે. અનંત આત્મીક સુખ.
(૪) મોહનીય કર્મ ક્ષય થવાથી ક્ષાયિક સમક્તિવાન છે અનંત સુખ.
(૫) આયુષ્ય કર્મ ક્ષય થવાથી અક્ષય સ્થિતિવાન છે.
(૬) નામ કર્મ ક્ષય થવાથી અરૂપી સ્થિતિ છે.

(૭) ગોત્ર કર્મ ક્ષય થવાથી અગુરુલઘુ અર્થાત્ ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્રથી રહિત છે.

(૮) અંતરાય કર્મ ક્ષય થવાથી અનંત આત્મીક શક્તિ છે (અનંત શક્તિ).

પ્ર : ૯ સિદ્ધના જીવોનું વર્ણન કરો ?

ઉ : ૯ સિદ્ધ ભગવંતોને શરીર નથી, સંઘયણ નથી, સંસ્થાન નથી. સિદ્ધને ઇન્દ્રિય નથી, સમુદ્ઘાત નથી. સિદ્ધ સંજ્ઞી કે અસંજ્ઞી નથી. સિદ્ધને વેદ નથી. સિદ્ધને પર્યાય નથી. સિદ્ધને સમક્તિ દ્રષ્ટી છે. સિદ્ધને એક કેવળ દર્શન છે. સિદ્ધને એક કેવળ જ્ઞાન છે. સિદ્ધને અજ્ઞાન નથી. સિદ્ધને જોગ નથી. સિદ્ધને બે ઉપયોગ તે કેવળજ્ઞાન અને કેવળદર્શન છે. સિદ્ધને આહાર નથી. ઉવવાય તે આવીને ઉપજે. એક દંડકનો તે મનુષ્યનો સિદ્ધની સ્થિતિનો છેડો નથી. સિદ્ધને મરણ નથી. સિદ્ધને ચ્યવન નથી.

પ્ર : ૧૦ સિદ્ધશિલા કેવી છે ?

ઉ : ૧૦ સાફ સોનાના પતરાથી અધિક ઉજળી, ગોક્ષીર સરખી શંખ, ચંદ્ર, અંક, રત્ન, રૂપાનાપટ, મોતીના હાર, ક્ષીરસાગરનાં પાણી થકી પણ ઘણી ઉજળી છે. તેનાં બાર નામ આ પ્રમાણે જાણવાં (૧) ઇષત (૨) ઇષતમભાર (૩) તનુ (૪) તનુ તનુ (૫) સિદ્ધિ (૬) સિદ્ધાલય (૭) મુક્તિ (૮) મુક્તાલય (૯) લોકાગ્ર (૧૦) લોકસ્તુભિકા (૧૧) લોકપ્રતિબોધિકા (૧૨) સર્વપ્રાણીભૂત જીવસત્વસૌખ્યાવહિકા.

પ્ર : ૧૧ સિદ્ધક્ષેત્રમાં સિદ્ધ ભગવંતો કઇ જગ્યાએ રહે છે ?

ઉ : ૧૧ સર્વાથસિદ્ધ વિમાનની ધ્વજા પતાકાથકી બાર યોજન ઉચે જઇએ ત્યારે સિદ્ધશિલા આવે તે સિદ્ધશિલા ઉપર એક યોજન ઉંચે જઇએ એક યોજનના ચાર હજાર ગાઉ થાય તેમાંથી ૩૯૯૯ ગાઉ હેઠે મૂકીયે અને બાકી એક ગાઉ રહ્યો. તે એક ગાઉના છ ભાગ કરીએ તેમાં પાંચ ભાગ હેઠે મૂકીએ બાકી એક ભાગ રહ્યો તેમાં સિદ્ધ ભગંવતો બિરાજે છે .

પ્ર : ૧૨ સિદ્ધ ગતિમાં સિદ્ધભગવંતોને કેટલું સુખ હોય છે ?

ઉ : ૧૨ સિદ્ધ ગતિમાં સિદ્ધ ભગવંતોના સુખનું વર્ણન થઇ શકે તેમ નથી. છતાં પણ એક ઉદાહરણ તરીકે જોઇએ તો સિદ્ધગતિના આત્માનું એક મીનીટનું જ સુખ અહીં પૃથ્વી ઉપર પડે તો આ દુનિયામાં એક વર્ષ સુધી તો બધાને આનંદ આનંદ થાય એવું અકલ્પનીય સનાતન સુખ ત્યાં છે.

પ્ર : ૧૩ એક સમયમા કેટલા સિદ્ધ ક્યા પ્રકારે થઇ શકે તે ટૂંકમાં જણાવો ?

ઉ : ૧૩ (અ) એક સમયમાં નપુંસક લિંગી- ૧૦ જીવો સિદ્ધ થઇ શકે.
સ્ત્રી લિંગી- ૨૦ જીવો સિદ્ધ થઇ શકે.

	પુરૂષ લિંગી-	૧૦૮ જીવો સિદ્ધ થઇ શકે.
(બ) એક સમયમાં	ગૃહસ્થ લિંગમાં-	૪ જીવો સિદ્ધ થઇ શકે.
	અન્ય લિંગમાં-	૧૦ જીવો સિદ્ધ થઇ શકે.
	સ્વલિંગમા -	૧૦૮ જીવો સિદ્ધ થઇ શકે
(ક) એક સમયમાં	જઘન્ય અવગાહનામાંથી-	૪ જીવો સિદ્ધ થઇ શકે.
	ઉતકૃષ્ટ અવગાહનામાંથી-	૨ જીવો સિદ્ધ થઇ શકે.
	મધ્યમ અવગાહનામાંથી-	૧૦૮ જીવો સિદ્ધ થઇ શકે.
(ડ) એક સમયમાં	ઉર્ધ્વલોકમાંથી -	૪ જીવો સિદ્ધ થઇ શકે.
	સમુદ્રમાંથી -	૨ જીવો સિદ્ધ થઇ શકે.
	નદી આદિ જળાશયમાંથી-	૩ જીવો સિદ્ધ થઇ શકે.
	અધોલોકમાંથી -	૨૦ જીવો સિદ્ધ થઇ શકે.
	તીર્યંક લોકમાથી-	૧૦૮ જીવો સિદ્ધ થઇ શકે.

પ્ર : ૧૪ અંતર સહિત એક સમયે જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય તે વિગતવાર જણાવો ?

ઉ : ૧૪ અંતર સહિત એક સમયે જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય તે નીચે મુજબ જાણવું.

(૧) પહેલા નરકના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

(૨) બીજા નરકના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

(૩) ત્રીજા નરકના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

(૪) ચોથા નરકના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

(૫) ભવનપતિના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દસ સિદ્ધ થાય.

(૬) ભવનપતિની દેવીના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ પાંચ સિદ્ધ થાય.

(૭) પૃથ્વીકાયના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

(૮) અપકાયના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

(૯) વનસ્પતિ કાયના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ છ સિદ્ધ થાય.

(૧૦) તિર્યંચ ગર્ભજના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દસ સિદ્ધ થાય.

(૧૧) તિર્યંચાણીના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દસ સિધ્ધ થાય.

(૧૨) ગર્ભ જ મનુષ્યના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દસ સિદ્ધ થાય.
(૧૩) મનુષ્યાણીના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.
(૧૪) વાંણવ્યતર દેવના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.
(૧૫) વાંણવ્યતરની દેવીના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ પાંચ સિદ્ધ થાય.
(૧૬) જ્યોતિષીના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.
(૧૭) જ્યોતિષીની દેવીના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.
(૧૮) વૈમાનિકના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ૧૦૮ સિદ્ધ થાય.
(૧૯) વૈમાનિકની દેવીના નીકળેલ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.
(૨૦) સ્વલિંગ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.
(૨૧) અન્યલિંગી એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.
(૨૨) ગૃહસ્થલિંગ એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.
(૨૩) સ્ત્રીલિંગી એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.
(૨૪) પુરૂષલિંગી એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.
(૨૫) નપુસંક લિગી એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.
(૨૬) ઊર્ધ્વ લોકમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.
(૨૭) અધો લોકમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.
(૨૮) તિર્યક(તીર્છા) લોકમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.
(૨૯) જઘન્ય અવગાહનાના એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.
(૩૦) મધ્યમ અવગાહનાના એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.
(૩૧) ઉત્કૃષ્ટ અવગાહનાના એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ બે સિદ્ધ થાય.
(૩૨) સમુદ્રમાંથી એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ બે સિદ્ધ થાય.
(૩૩) નદી પ્રમુખ જલમાંહી એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ત્રણ સિદ્ધ થાય.
(૩૪) તીર્થ સિદ્ધ થાયતો એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.
(૩૫) અતીર્થ સિદ્ધ થાય તો એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.
(૩૬) તીર્થંકર સિદ્ધ થાય તો એક સમયે જઘન્ય દશ સિદ્ધ થાય ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.

(૩૭) અતીર્થંકર સિદ્ધ થાય તે એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.

(૩૮) સ્વયંબોધ સિદ્ધ થાય તો એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.

(૩૯) પ્રતિબોધ સિદ્ધ થાય તો એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.

(૪૦) બુદ્ધબોધી સિદ્ધ થાય તો એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.

(૪૧) એક સિદ્ધ થાય તો એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય અને ઉત્કૃષ્ટ એક સિદ્ધ થાય.

(૪૨) અનેક સિદ્ધ થાય તો એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસોઆઠ સિદ્ધ થાય.

(૪૩) વિજય વિજય પ્રતિ એક સિદ્ધ થાય તો એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ વીશ સિદ્ધ થાય.

(૪૪) ભદ્રશાલ વનમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

(૪૫) નંદનવનમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

(૪૬) સોમનસવનમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ચાર સિદ્ધ થાય.

(૪૭) પંડગવનમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ બે સિદ્ધ થાય.

(૪૮) અકર્મભૂમિમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

(૪૯) કર્મભૂમિમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.

(૫૦) પહેલે આરે એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

(૫૧) બીજે આરે એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

(૫૨) ત્રીજે આરે એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.

(૫૩) ચોથે આરે એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.

(૫૪) પાંચમે આરે એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

(૫૫) છઠ્ઠે આરે એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ દશ સિદ્ધ થાય.

(૫૬) અવસર્પિણીમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.

(૫૭) ઉતસર્પિણીમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.

(૫૮) ઉતસર્પિણી અને અવસર્પિણીમાં એક સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ એકસો આઠ સિદ્ધ થાય.

પ્ર : ૧૫ અંતર રહિત આઠ સમય સુધી કેટલા સિદ્ધ થાય ?

ઉ : ૧૫ અંતર રહિત આઠ સમય સુધી નીચે મુજબ સિદ્ધ થાય.

(૧) પહેલા સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય.
(૨) બીજા સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ૧૦૨ સિદ્ધ થાય.
(૩) ત્રીજા સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ૯૬ સિદ્ધ થાય.
(૪) ચોથા સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ૮૪ સિદ્ધ થાય.
(૫) પાચમા સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ૭૨ સિદ્ધ થાય.
(૬) છઠ્ઠા સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ૬૦ સિદ્ધ થાય.
(૭) સાતમા સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ૪૮ સિદ્ધ થાય.
(૮) આઠમા સમયે જઘન્ય એક સિદ્ધ થાય ઉત્કૃષ્ટ ૩૨ સિદ્ધ થાય.

ખાસ નોંધ આઠ સમય પછી અંતર પડ્યા વિના સિદ્ધ થાય નહિ.

પ્ર : ૧૬ અંતર રહિત આઠ સમય સુધી ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય ?

ઉ : ૧૬ અંતર રહિત આઠ સમય સુધી ઉત્કૃષ્ટ છસો બે (૬૦૨) જીવો સિદ્ધ થાય.

પ્ર : ૧૭ આટલા નાના ક્ષેત્રમાં અનંત સિદ્ધ કેવી રીતે સમાઇ શકે છે ?

ઉ : ૧૭ જ્યા એક સિદ્ધ હોય ત્યાં અનંત સિદ્ધ રહી શકે છે કારણકે આત્મા અરૂપી છે તેમાં કોઇ બાધા થતી નથી જેવી રીતે એક ઓરડામાં એક દીપકનો પ્રકાશ પણ સમાઇ શકે છે અને સો દીપકનો પ્રકાશ પણ સમાઇ શકે છે તેવી રીતે આત્મા અરૂપી અથવા જ્ઞાન સ્વરૂપી હોવાથી એકજ સ્થાનમાં અનંત સિદ્ધો રહી શકે છે.

પ્ર : ૧૮ સિદ્ધોને શરીર નથી તો અવગાહના કેવી રીતે હોય ?

ઉ : ૧૮ સિદ્ધોને શરીર નથી પરંતુ ચરમ શરીરના આત્મપ્રદેશોનો ઘન $\frac{2}{3}$ ભાગ જેટલા હોય છે અને વધારેમાંવધારે ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા મનુષ્ય મોક્ષ પ્રાપ્ત કરી શકે છે એટલે તેની $\frac{2}{3}$ ભાગ જેટલી ઉત્કૃષ્ટ અવગાહના છે. તે ૩૩૩ ધનુષ્ય અને ૩૨ આંગુલ પ્રમાણ હોય છે.

પ્ર : ૧૯ કોઇ જીવ તમામ કર્મનો ક્ષય થતાં કેટલીવારમા મોક્ષે સિદ્ધ ક્ષેત્રમાં પહોચી જાય છે ?

ઉ : ૧૯ જીવ તમામ પ્રકારના કર્મોનો ક્ષય થતા તેની સીધી લીટીમાં એક સમય માત્રમાં તે જીવ સીધો ઉપર ચઢીને લોકના અગ્રભાગમાં પહોંચીને સ્થિત થાય છે.

પ્ર : ૨૦ ચૌદ માર્ગણાઓમાંથી કઇ કઇ માર્ગણાઓથી જીવ મોક્ષ પામે છે ?

ઉ : ૨૦ નીચે મુજબ ૧૦ માર્ગણાઓથી યુક્ત જીવ મોક્ષ પામી શકે છે.

(૧) મનુષ્ય ગતિ (૬) ક્ષાયિક સમક્તિ
(૨) પંચેન્દ્રિય જાતિ (૭) યથાખ્યાત ચારિત્ર
(૩) ત્રસ કાય (૮) અનાહારક
(૪) ભવસિદ્ધિક (૯) કેવળજ્ઞાન
(૫) સંજ્ઞી (૧૦) કેવળદર્શન

બાકીની ચાર માર્ગણાઓમાંથી (કષાય, વેદ, યોગ અને લેશ્યા) યુક્ત જીવ મોક્ષ મેળવી શકતો નથી.

પ્ર : ૨૧ સિદ્ધશિલા કયા આકારે છે ?

ઉ : ૨૧ સિદ્ધશિલા અર્ધચંદ્રાકારે નથી, કિન્તું ઉત્તાન છત્રાકારે છે. ઉત્તાન એટલે ગૃહસ્થો વર્ષાઋતુમાં વર્ષાથી બચવા જે છત્રીઓ માથે ઓઢે છે તેને ઉંધી કરવી તે. આ છત્રીને ઉંધી કરવાથી જે આકાર આવે તેવો આકાર સિદ્ધશિલાનો જાણવો. આ છત્ર એક છેડાથી બીજા છેડા સુધી પિસ્તાળીસ લાખ યોજનનું ગણાય છે. મનુષ્યલોકનું માપ પણ પિસ્તાળીસ લાખ યોજનનું હોવાથી, તેનું ઢાંકણું કહી શકાય.

પ્ર : ૨૨ સિદ્ધશિલા અને અલોકની વચ્ચે કેટલું અંતર છે ?

ઉ : ૨૨ ભગવતી સૂત્રના ચૌદમાં શતકનાં આઠમાં ઉદ્દેશાની ટીકામાં કહ્યું છે કે, સિદ્ધશિલા અને અલોકની વચ્ચે ઉત્સેધ અંગુલથી એક યોજનનું અંતર છે.

卐

અધ્યાય બારમો
આગમ પરિચય

પ્ર : ૧ આગમ એટલે શું ? આગમોની ઉત્પતિ કેવી રીતે થાય છે ?

ઉ : ૧ જેનો પ્રતિપાદક મૂળ પુરુષ આપ્ત હોય તે વચનો જેમાં રહ્યા છે તે આગમ છે. શ્રી તીર્થંકર ભગવંતોએ અર્થરૂપે કહેલા અને શ્રી ગણધર ભગવંતોએ સૂત્ર રૂપે ગુથેલાં વચનો તે આગમ કહેવાય છે. ક્યારેય ગમ ના પડે તે આગમ. જેનાથી આત્મા તત્વનો સ્પષ્ટ પણે બોધ થાય તેને આગમ કહેવાય. તીર્થંકર ભગવાનને કેવળ જ્ઞાન થયા પછી દેવતાઓ દ્વારા રચિત સમવસરણમાં પ્રથમ દેશના સાંભળી ગણધર નામ કર્મના ઉદયવાળા પુણ્યશાળી પુરુષો પ્રતિબોધ પામે છે. ભગવાન તેઓને દીક્ષા આપે છે તે પછી તેઓ તીર્થંકર ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દઈ પ્રશ્ન પુછે છે કે હે ભગવાન તત્વ શું છે એ પ્રશ્નના જવાબમાં ભગવાન ઉત્પન્ન થાય છે નાશ થાય છે અને સ્થિર રહે છે. આ રીતે ત્રણ પદના સમુહરૂપ ત્રિપદી આપે છે. એ ત્રિપદી પ્રાપ્ત થતાંની સાથે જ બીજબુધ્ધિ આદિ લબ્ધિઓના સ્વામી તે ગણધર ભગવંતો અન્તરમુર્હૂત જેટલા અલ્પ સમયમાં દ્વાંદશાગીની રચના કરે છે. જેને આગમ શબ્દથી સંબોધવામાં આવે છે. બધાજ તીર્થંકર ભગવંતોના શાસનમાં અર્થથી દ્વાદશાંગી એક જ સરખી હોય છે. અને શબ્દથી ભિન્ન ભિન્ન માનવામાં આવે છે.

પ્ર : ૨ આગમની સંખ્યા કેટલી ? કયાં કયાં ?

ઉ : ૨ આગમોની સંખ્યા પૂર્વકાળમાં વધારે હતી. શ્રી નંદિસૂત્રમાં ૮૪ (ચોર્યાસી) આગમોના નામ આપણને મળે છે પણ તેમાંથી કાળ બળે ઓગણચાલીસ (૩૯) આગમોનો વિચ્છેદ થતાં અત્યારે પીસતાલીસ (૪૫) આગમો વિદ્યમાન છે. ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદ સૂત્ર, ૪ મૂળ સૂત્રો, ૧નંદીસૂત્ર, ૧ અનુયોગદ્વાર સૂત્ર એમ કુલ પિસ્તાળીસ (૪૫) આગમ આ રીતે ગણવામાં આવે છે.

પ્ર : ૩ આગમોની પંચાગી કોને કહેવાય ?

ઉ : ૩ (૧) સૂત્ર (૨) નિર્યુક્તિ (૩) ભાષ્ય (૪) ચૂર્ણિ (૫) ટીકા આ પાંચને આગમોની પંચાગી કહેવાય છે કારણ કે તે આગમોના મૂળ સુત્રના અર્થને વધારે સ્પષ્ટ રીતે સમજાવે છે.

પ્ર : ૪ સૂત્ર કોને કહેવાય ?

ઉ : ૪ ગણધર ભગવંતો, પ્રત્યેક બુદ્ધ મહાપુરુષો, ચૌદપૂર્વધર ભગવંતો અને દશપૂર્વધર ભગવંતો આ ચાર પ્રકારના મહાન વિભૂતિ સ્વરૂપ પુરુષો દ્વારા રચવામાં આવેલ ગ્રંથને સૂત્ર તરીકે માનવામાં આવે છે. સૂત્ર એટલે ટૂંકમાં વધારે અર્થ સમજાવનાર ગ્રંથો.

પ્ર : ૫ નિર્યુક્તિ કોને કહેવાય ?

ઉ : ૫ કયા સૂત્રનો સબંધ કયા સૂત્ર સાથે છે આ બાબતને સમજાવનારી વાતને નિર્યુકિત કહેવાય. સૂત્ર ઉપરના સાહિત્યને નિર્યુક્તિ કહેવાય તે પ્રાયઃ અર્ધમાગ્ધીભાષામાં હોય છે.

પ્ર : ૬ ભાષ્ય કોને કહેવાય ?

ઉ : ૬ નિર્યુક્તિ ઉપરના સાહિત્યને ભાષ્ય કહે છે. તે અર્ધમાગ્ધિ કે પ્રાકૃતભાષામાં હોઇ શકે.

પ્ર : ૭ ચૂર્ણિ કોને કહે છે ?

ઉ : ૭ નિર્યુક્તિના અર્થને કંઇક વિસ્તારે સમજાવનારને ચૂર્ણિ કહે છે. ભાષ્ય ઉપરના પ્રાકૃત સાહિત્યને ચૂર્ણિ કહે છે.

પ્ર : ૮ પ્રવચન એટલે શુ ?

ઉ : ૮ જે વચન પ્રશંસા કરવા લાયક હોય તે પ્રવચન કહેવાય. તીર્થકર ભગનાનનાં વચનોમાં દુનિયાનાં તમામ જીવોનું હિત સમાયેલું હોય છે. અને તે નિષ્પક્ષપાતપણે સર્વ પદાર્થોનુ સ્પષ્ટ સ્વરૂપ જણાવે છે માટે તે પ્રશંસાને યોગ્ય છે.

પ્ર : ૯ અનુયોગ એટલે શું ? તેના કેટલા ભેદ છે ?

ઉ : ૯ અનુયોગ એટલે વ્યાખ્યાન. તેના ચાર ભેદ છે.

(૧) **દ્રવ્યાનુયોગ :** ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું વ્યાખ્યાન.

(૨) **ગણિતાનુયોગ :** જંબૂદ્વિપાદિ ક્ષેત્રોની પરિધિ, ધનુઃપૃષ્ટ, જીવા, પલ્યોપમ, સાગરોપમાદિનું વ્યાખ્યાન.

(૩) **ચરણકરણાનુયોગ :** નિર્મળ ચારિત્ર ગુણને પોષનારા ચરણસીતરી (૭૦ સાધનો) અને કરણસીતરી (સાધનોને ટકાવનારા ૭૦ ભેદો) આદિનું વ્યાખ્યાન.

(૪) **કથાનુંયોગ :** જિનધર્મની આરાધના કરનારા મહાપુરુષોના જીવન ચરિત્રનુ વ્યાખ્યાન.

પ્ર : ૧૦ ચૂલિકા એટલે શું ?

ઉ : ૧૦ મૂળ સૂત્રમાં નહીં કહેલી બાબતને (હકીકતને) જણાવે અને કહેલી બાબતને (હકીકતને) વધુ સ્પષ્ટ સમજાવે તે ચૂલિકા કહેવાય.

પ્ર : ૧૧ બાર અંગરૂપી સૂત્રોને પુરુષના કયા અંગો સાથે સરખાવેલાં છે ?

ઉ : ૧૧ શ્રી દેવવાચક મહારાજે રચેલા શ્રી નંદિસૂત્રની ચૂર્ણિ વગેરેમાં શ્રુતજ્ઞાન એટલે દ્વાદશાંગીને પુરુષના નીચે દર્શાવ્યા મુજબના અંગો સાથે સરખાવેલ છે.-

(૧) શ્રી આચારાંગ સૂત્ર અને શ્રીસૂત્રકૃતાંગ સૂત્ર -	પુરુષના બે પગ
(૨) શ્રી સ્થાનાંગ સૂત્ર અને શ્રી સમવાયાંગ સૂત્ર-	પુરુષની બે જંઘા
(૩) શ્રી ભગવતી સૂત્ર અને જ્ઞાતાધર્મ કથાંગ સૂત્ર -	જઘાની ઉપરનો ભાગ
(૪) શ્રી ઉપાસક દશાંગ સૂત્ર અને અંતકૃતાંગ સૂત્ર -	પીઠ અને ઉદર
(૫) શ્રી અનુતરોપપાતિક સૂત્ર અને પ્રશ્નવ્યાકરણ સૂત્ર-	બે હાથ
(૬) શ્રી વિપાક સૂત્ર -	ડોક
(૭) શ્રી દૃષ્ટિવાદ સૂત્ર -	મસ્તક (માથુ)

પ્ર : ૧૨ બાર અંગરૂપી સૂત્રમાં કયા કયા અનુયોગ સમાવિષ્ટ થયા છે ?

ઉ : ૧૨

(૧) શ્રી આચારાંગ સૂત્ર	ચરણકરણાનુયોગ	- ગદ્ય
(૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર	દ્રવ્યાનુંયોગ	- પદ્ય
(૩) શ્રી સ્થાનાંગ સૂત્ર	દ્રવ્યાનુંયોગ	- ગદ્ય
(૪) શ્રી સમવાયાંગ સૂત્ર	દ્રવ્યાનુંયોગ, ગણિતાનુંયોગ	- ગદ્ય
(૫) શ્રી ભગવતી સૂત્ર	ચારે યોગની વાત છે	- ગદ્ય
(૬) શ્રી જ્ઞાતાધર્મક્થાંગ સૂત્ર	કથાનુ યોગ	- ગદ્ય
(૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર	કથાનુ યોગ	- કથાત્મક
(૮) શ્રી અંતકૃતાગ સૂત્ર	કથાનુ યોગ	- ગદ્ય
(૯) શ્રી વિપાક સૂત્ર	કથાનુ યોગ	- ગદ્ય
(૧૦) શ્રી અનુતરોપપાતિક સૂત્ર	કથાનુ યોગ	- ગદ્ય
(૧૧) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર	ચરણ કરણાનુ યોગ	- ગદ્ય
(૧૨) શ્રી દૃષ્ટિવાદ સૂત્ર	ચારે યોગની વાત છે. (જે વિચ્છેદ પામ્યું છે.)	- ગદ્ય, પદ્ય

પ્ર : ૧૩ પાંચમા આરાના અંત સુધી કયા સૂત્રો રહેશે ?

ઉ : ૧૩ (૧) શ્રી આવશ્યકસૂત્ર (૩) શ્રી નંદિસૂત્ર
(૨) શ્રી દશવૈકાલિક સૂત્ર (૪) શ્રી અનુયોગદ્વારસૂત્ર

પ્ર : ૧૪ બાર ઉપાંગોમા કયા કયા અનુયોગ સમાવિષ્ટ થાય છે ?

ઉ : ૧૪ (૧) શ્રી ઔપપાતિક સૂત્ર } ધર્મકથાનુ યોગ વધારે અને ચરણકરણાનુ
(૨) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર } યોગની થોડી વાત છે.
(૩) શ્રી જીવાભિગમ સૂત્ર — દ્રવ્યાનુંયોગ
(૪) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર — દ્રવ્યાનુંયોગ
(૫) શ્રી જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ — ગણીતાનુંયોગ
(૬) શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ — ગણીતાનુંયોગ
(૭) શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ — ગણીતાનુંયોગ
(૮) શ્રી નિરયાવલિ સૂત્ર — ધર્મકથાનુયોગ
(૯) શ્રી કલ્પાંવંતસિકા સૂત્ર — ધર્મકથાનુયોગ
(૧૦) શ્રી પુષ્પિકા સૂત્ર — ધર્મકથાનુયોગ
(૧૧) શ્રી પુષ્પ ચૂલિકા સૂત્ર — ધર્મકથાનુયોગ
(૧૨) શ્રી વહિયદશા સૂત્ર — ધર્મકથાનુયોગ

પ્ર : ૧૫ બાર અંગરૂપી સૂત્રોના કુલ પદોની તથા શ્લોકોની સંખ્યા જણાવો ?

ઉ : ૧૫

બાર અંગોનાં નામ	પદોનીસંખ્યા	શ્લોકોની સંખ્યા	
(૧) આચારાંગ સૂત્ર	૧૮,૦૦૦	૧૦,૦૦૦	(૨૫૫૪)
(૨) સૂત્રકૃતાંગ સૂત્ર	૩૬,૦૦૦	૨,૧૦૦	(૨૧૦૦)
(૩) સ્થાનાંગ સૂત્ર	૭૨,૦૦૦	૩,૬૦૦	(૩૭૦૦)
(૪) સમવાયાંગ સૂત્ર	૧,૪૪,૦૦૦	૧,૬૬૭	(૧૬૬૦)
(૫) ભગવતી સૂત્ર	૨,૮૮,૦૦૦	૯,૧૨૯	(૧૫૭૫૨)
(૬) જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર	૫,૭૬,૦૦૦	૫,૪૦૦	(૫૪૬૪)
(૭) ઉપાસકદશાંગ સૂત્ર	૧૧,૫૨,૦૦૦	૮૧૨	(૮૧૨)
(૮) અંતકૃતદશાંગ સૂત્ર	૨૩,૦૪,૦૦૦	૮૯૯	(૭૯૦)
(૯) અનુતરોપપાતિક સૂત્ર	૪૬,૦૮,૦૦૦	૧૯૨	(૧૯૨)
(૧૦) પ્રશ્નવ્યાકરણાંગસૂત્ર	૯૨,૧૬,૦૦૦	૩૨૪	(૧૨૫૦)
(૧૧) વિપાક સૂત્ર	૧,૮૪,૩૨,૦૦૦	૧,૨૧૬	(૧૨૧૬)
(૧૨) દૃષ્ટિવાદ સૂત્ર	૩,૬૮,૬૪,૦૦૦	—	
	૭,૩૭,૧૦,૦૦૦	૩૫,૩૩૯	

નોંધ : બારમુ અંગ વિચ્છેદ પામેલું હોવાથી શ્લોકોની સંખ્યા મળી નથી.

પ્ર : ૧૬ બાર અંગોરૂપી સૂત્રોના કુલ પદોની સંખ્યા દિગંબર મત અનુસાર કેટલી ગણાય છે ?

ઉ : ૧૬ બાર અંગોનાં નામ — **પદોની સંખ્યા**

(૧) આચારાંગ સૂત્ર	૮,૦૦૦
(૨) સૂત્રકૃતાંગ સૂત્ર	૩૬,૦૦૦
(૩) સ્થાનાંગ સૂત્ર	૪૨,૦૦૦
(૪) સમવાંયાગ સૂત્ર	૧,૬૪,૦૦૦
(૫) ભગવતી સૂત્ર	૨,૨૮,૦૦૦
(૬) જ્ઞાતાધર્મકંથાગ સૂત્ર	૫,૫૬,૦૦૦
(૭) ઉપાસકદશાંગ સૂત્ર	૧૧,૧૭,૦૦૦
(૮) અંતકૃતદશાંગ સૂત્ર	૨૩,૨૮,૦૦૦
(૯) અનુતરોપપાતિક સૂત્ર	૯૨,૪૪,૦૦૦
(૧૦) પ્રશ્નવ્યાકરણાંગ સૂત્ર	૯૩,૧૬,૦૦૦
(૧૧) વિપાક સૂત્ર	૧,૮૪,૦૦,૦૦૦
(૧૨) દષ્ટિવાદ સૂત્ર	૧,૦૮,૬૮,૫૬,૦૦૫
	૧,૧૨,૮૨,૯૫,૦૦૫

પ્ર : ૧૭ શ્લોક એટલે કેટલા અક્ષર અને કેટલા શ્લોક એટલે એક પદ થાય તે ગણિત જણાવો ?

ઉ : ૧૭ (૧) ૩૨ અક્ષર = એક શ્લોક

(૨) ૫૧,૦૮,૮૬,૮૪૦ શ્લોક = એક પદ

(૩) ૧૬,૩૪,૮૩,૭૮,૮૮૦ અક્ષર = એક પદ

પ્ર : ૧૮ સ્થાનકવાસી સંપ્રદાય કેટલા આગમોમાં માને છે કઈ રીતે ?

ઉ : ૧૮ સ્થાનકવાસી સંપ્રદાય એમ કહે છે કે ૩૨ આગમો જ ભગવાનનાં બોધેલાં છે બાકી મિશ્ર થઈ ગયાં છે. તે લોકો, ૧૧અંગ, ૧૨ ઉપાંગ, ૪ મૂળ સૂત્ર, ૪ છેદસૂત્ર અને એક આવશ્યક સૂત્ર એમ કુલ બત્રીસ આગમોને જ માન્ય કરે છે.

પ્ર : ૧૯ ચૌદપૂર્વો કઈ ભાષામાં હતા ?

ઉ : ૧૯ ચૌદપૂર્વ સંસ્કૃત ભાષામાં હતા.

પ્ર : ૨૦ બાર ઉપાંગોના નામ, તેમના મૂળ શ્લોકોની સંખ્યા તેના ઉપર રચાયેલ ટીકાના શ્લોકોની સંખ્યા અને ટીકા રચનાર કોણ હતા તેનાં નામ જણાવો?

ઉ : ૨૦

ઉપાંગનુ નામ	મૂળશ્લોકની સંખ્યા	ટીકાનાશ્લોકની સંખ્યા	ટીકાના રચનાર મહારાજ સાહેબનુ નામ
(૧) ઔપપાતિક સૂત્ર	૧,૧૬૭	૩,૧૨૫	શ્રી અભયદેવસૂરિ
(૨) રાજપ્રશ્નીય સૂત્ર (રાય પસેણીય સૂત્ર)	૨,૧૨૦	૩,૭૦૦	શ્રી મલયગિરિ
(૩) જીવાભિગમ સૂત્ર	૪,૭૦૦	૧,૧૯૨	શ્રી હરિભદ્રસૂરી
		૧૪,૦૦૦	શ્રી મલયગિરિ
(૪) પ્રજ્ઞાપના સૂત્ર	૭,૭૮૭	૩,૭૨૮	શ્રી હરિભદ્રસૂરી
(પણવણાં)		૧૬,૦૦૦	શ્રી મલયગિરિ
(૫) સૂર્ય પ્રજ્ઞપ્તિસૂત્ર	૨,૨૯૬	૯,૦૦૦	શ્રી મલયગિરિ
(૬) જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિસૂત્ર	૪,૪૫૪	૯,૫૦૦	શ્રી મલયગિરિ
(૭) ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર	૨,૦૫૪	૯,૦૦૦	શ્રી મલયગિરિ
(૮) નિરયાવલિકા સૂત્ર	૧,૧૦૯	૬૦૦	શ્રી ચંદ્રસૂરી
(૯) કલ્પાવતંસિકા સૂત્ર	૧,૧૦૯	૬૦૦	શ્રી ચંદ્રસૂરી
(૧૦) પુષ્પિકા સૂત્ર	૧,૧૦૯	૬૦૦	શ્રી ચંદ્રસૂરી
(૧૧) પુષ્પ ચૂલિકા સૂત્ર	૧,૧૦૯	૬૦૦	શ્રી ચંદ્રસૂરી
(૧૨) વહિયદશા સૂત્ર	૧,૧૦૯	૬૦૦	શ્રી ચંદ્રસૂરી

ખાસનોધ : આઠમાં ઉપાંગ નિરયાવલિકા સૂત્રથી બારમા ઉપાંગ વહિયદશા સૂત્ર આ પાંચ ઉપાંગોનું ભેગુ નામ "શ્રી નિરયાવલિકા શ્રુતસ્કંધ " કહેવાય છે.

પ્ર : ૨૧ દસ પયન્ના કઈ કઈ તે દરેકના નામ તથા તેની મૂળ ગાથાઓની સંખ્યા જણાવો ?

ઉ : ૨૧

પયન્નાનુ નામ	મૂળ ગાથાઓની સંખ્યા	શ્લોક સંખ્યા
(૧) ચતુઃશરણ પ્રકીર્ણક	૬૪	૮૦
(૨) આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણક	૮૪	૧૦૦
(૩) મહા પ્રત્યાખ્યાન પ્રકીર્ણક	૧૪૩	૧૭૬
(૪) ભક્ત પરિજ્ઞા પ્રકીર્ણક	૧૭૨	૨૧૫
(૫) તંદુલ વૈચારિક પ્રકીર્ણક	૧૩૯	૧૩૮
(૬) સંસ્તારક પ્રકીર્ણક	૧૨૩	૧૫૫

(૭) ગચ્છાચાર પ્રકીર્ણક	૧૩૮	૧૭૫
(૮) ગણિવિદ્યા પ્રકીર્ણક	૮૨	૧૦૫
(૯) દેવેન્દ્ર સ્તવના પ્રકીર્ણક	૩૦૭	૩૦૭
(૧૦) મરણ સમાધિ પ્રકીર્ણક	૬૬૩	૮૩૭

પ્ર : ૨૨ છ છેદ સૂત્રોનાં નામ જણાવો ?

ઉ : ૨૨ છ છેદ સૂત્રોનાં નામ નીચે મુજબ જાણવાં :-

(૧) શ્રી નિશીથ સૂત્ર :- ૮૨૧ શ્લોક - ૨૦ ઉદ્દેશક
(૨) શ્રી મહાનિશીથ સૂત્ર :- ૪૫૪૮ શ્લોક
(૩) શ્રી દશાશ્રુતસ્કંધ :- ૨૧૦૬ શ્લોક - ૧૦ વિભાગ
(૪) શ્રી બૃહત્કલ્પ સૂત્ર :- ૪૩૭ શ્લોક - ૬ ઉદ્દેશક
(૫) શ્રી પંચકલ્પ સૂત્ર (જીતકલ્પસૂત્ર) :- ૧૦૫ શ્લોક
(૬) શ્રી વ્યવહાર સૂત્ર :- ૩૭૩ શ્લોક - ૧૦ ઉદ્દેશક

પ્ર : ૨૩ ચાર મૂળ સૂત્રનાં નામ જણાવો ?

ઉ : ૨૩ ચાર મૂળ સૂત્રનાં નામ નીચે મુજબ જાણવા :

(૧) શ્રી આવશ્યક સૂત્ર : ૨૫૦૦ શ્લોક- ૬ અધ્યયન
(૨) શ્રી ઓધ નિર્યુક્તિ : ૮૩૫ શ્લોક
(૩) શ્રી દશવૈકાલિક સૂત્ર : ૭૦૦ શ્લોક - ૧૦ અધ્યયન
(૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર : ૨૦૦૦ શ્લોક - ૩૬ અધ્યયન

પ્ર : ૨૪ પીસતાલીસ આગમોના કુલ શ્લોકોની સંખ્યા કેટલી ગણાય ?

ઉ : ૨૪ એકમત અનુસાર ૪૫ આગમોના કુલ શ્લોકોની સંખ્યા ૮૫૦૦૦ની થાય છે. જે નીચે મુજબ જાણવી :

(૧) ૧૧ અંગ	૩૫,૦૦૦ શ્લોકો
(૨) ૧૨ ઉપાગ	૨૫,૦૦૦ શ્લોકો
(૩) ૧૦ પયન્ના	૨,૫૦૦ શ્લોકો
(૪) ૬ છેદસૂત્ર	૧૨,૦૦૦ શ્લોકો
(૫) ૪ મૂળસૂત્ર	૮,૦૦૦ શ્લોકો
(૬) ૨ ચુલિકા	૨,૫૦૦ શ્લોકો
	૮૫,૦૦૦ શ્લોકો

નોંધ : અમુક ગ્રંથોમાં પિસ્તાળીસ આગમોના શ્લોકોની સંખ્યા ભિન્ન ભિન્ન દર્શાવેલ છે. સનાતન સત્ય કેવળી ગમ્ય.

પ્ર : ૨૫ મૂળ પિસ્તાલીસ આગમો ભગવાન મહાવીરના નિર્વાણ પછી ઉપલબ્ધ ન હતાં તે ફરીથી ક્યાં લખાયાં હતાં ?

ઉ : ૨૫ જૈન દર્શનના આ પીસતાલીસ (૪૫) આગમો ભગવાનના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે વલ્લભીપુર [ભાવનગરથી ધંધુકા તરફ આવતાં ૪૫ કિ.મિ. દૂર આવેલ છે આ ગામ સૌરાષ્ટ્રનું કહેવાય] ગામે દેવર્ધિગણિએ પોતે લખેલ કે લખાવેલ છે તેવું માનવામાં આવે છે.

પ્ર : ૨૬ પૂર્વ કોને કહેવાય ? તે કેટલાં છે ? તેના નામ જણાવો ?

ઉ : ૨૬ ભગવાન મહાવીર પહેલાનું જે શ્રુતજ્ઞાન હતું તેને જ પૂર્વ નામે ઓળખવામાં આવે છે. અને પૂર્વનું મહત્ત્વ વિશેષ હોવાથી જ તેના જ્ઞાનને એક પ્રકારની ઋદ્ધિ કે લબ્ધિ ગણવામાં આવે છે. તેમાં આશ્ચર્ય નથી. અંગોની રચના "પૂર્વ" ને આધારે થઇ છે. ભગવાન મહાવીરના ગણધર શ્રી ગૌતમ સ્વામિને ચતુર્દશ પૂર્વિ કહેવામાં આવ્યા છે. અન્ય જગ્યાએ પૂર્વ શબ્દનો અર્થ મહામંત્ર અને વિદ્યાઓથી ભરપૂર શાસ્ત્ર એવો પણ કરવામાં આવેલ છે.

આ પૂર્વ ચૌદ છે જે નીચે મુજબ જાણવાં.

(૧) **ઉત્પાદ પૂર્વ :** આ પૂર્વમાં એક કરોડ પદ છે. તેમાં પ્રત્યેક પદાર્થના ઉત્પાદ, વ્યય, ધ્રુવ અને તેના સંયોગી ધર્મોનું વર્ણન છે. તેમાં મુખ્યત્વે તમામ પદાર્થોની ઉત્પત્તિ વિશે વિશેષ સ્પષ્ટતા કરી હોવાથી આ પૂર્વનું નામ ઉત્પાદ પૂર્વ છે. આ પૂર્વમાં એક કરોડ પદ, દશ વસ્તુઓ, અને ચાર ચૂલિકા છે. આ પૂર્વ એક હાથી પ્રમાણ શાહીથી લખી શકાય.

(૨) **આગ્રાયણી પૂર્વ :** આ પૂર્વમાં છ અવિનાશી દ્રવ્ય [આત્મા, જડ (પુદ્ગલ), ગતિસહાયક તત્ત્વ, સ્થિતિ સહાયક તત્ત્વ, કાળ, આકાશ], સાત તત્ત્વ જેવા કે પુણ્ય, પાપ, સંવર, બંધ, નિર્જરા, આશ્રવ, મોક્ષ, પાંચ અસ્તિ-કાય, સાતસો સુનય, સાતસો દુર્નય આદિનું વર્ણન છે. આ પૂર્વમાં ૯૬ લાખ પદો, ચૌદ વસ્તુઓ, અને બાર ચૂલિકા છે. આ પૂર્વ બે હાથી પ્રમાણ શાહીથી લખી શકાય.

(૩) **વીર્યાનુંવાદ પૂર્વ (વીર્યપ્રવાદ પૂર્વ) :** આ પૂર્વમાં તમામ જીવોના કર્મ સહિત અને કર્મરહિત પ્રયત્નોનું સ્વરૂપ કહેલું છે. તેમાં આત્માની શક્તિ, પરપદાર્થની શક્તિ, દ્રવ્ય-ગુણ પર્યાયની શક્તિ, કાળની શક્તિ, તપસ્યાની શક્તિ વગેરે અનેક પ્રકારની શક્તિઓનું વર્ણન છે. આ પૂર્વમાં ૭૦ લાખ પદો, આઠ વસ્તુંઓ અને આઠ ચૂલિકાઓ હતી. આ પૂર્વ ચાર હાથી પ્રમાણ મષીપુંજ (શાહીના ઢગલા) થી લખાય તેવું મોટુ હતું.

(૪) **અસ્તિનાસ્તિ પ્રવાદ પૂર્વ :** આ પૂર્વમાં દરેક પદાર્થના અસ્તિ (હોવા-પણુ) અને નાસ્તિ (નહી હોવાપણું) આદિ ધર્મોના સ્વરૂપવાળી સપ્તભંગીનું અને સ્યાદવાદનું સ્વરૂપ કહ્યું છે, જેનાથી દ્રવ્યના સ્વરૂપનું જ્ઞાન થાય છે. આ પૂર્વમાં ૬૦ લાખ પદો, ૧૮ વસ્તુઓ અને ૧૦ ચૂલિકા કહી છે. આ પૂર્વ ૮ હાથી પ્રમાણ શાહીના પુંજથી લખાય તેવું મોટુ હતું.

(૫) **જ્ઞાનપ્રવાદ પૂર્વ :** આ પૂર્વમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનના સ્વરૂપ, ભેદ, વિષય, ફળ, સ્થિતિ વગેરેની સંપૂર્ણ હકીકત કહેલી છે. આ પૂર્વમાં ૯૯,૯૯,૯૯૯ [એક કરોડમાં એક ઓછું] પદો અને બાર વસ્તુઓ છે. આ પૂર્વ ૧૬ હાથી પ્રમાણ શાહીના પુંજથી લખાય તેવું મોટુ હતું.

(૬) **સત્યપ્રવાદ પૂર્વ :** આ પૂર્વમાં સત્યવચન, સત્યાદિ ભાષાનું તથા સંયમનું સ્વરૂપ વિશેષ પ્રકારે કહ્યું છે. અને ખાસ તો શબ્દોચ્ચારણના આઠ સ્થાન, બાર પ્રકારની ભાષા, દશ પ્રકારના સત્યવચન, અનેક અસત્ય વચન, વચનગુપ્તિ, મૌન વગેરે અનેક વચન-સંબંધી વિષયોનું વર્ણન છે. આ પૂર્વમાં એક કરોડ છ પદો, તથા બે વસ્તુઓ કહી છે. આ પૂર્વ બત્રીસ (૩૨) હાથી પ્રમાણ શાહીના પૂંજથી લખાય એટલું વિશાળ હતું.

(૭) **આત્મપ્રવાદ પૂર્વ :** આ પૂર્વમાં જુદા જુદા નયોના અભિપ્રાયે આત્માનું (દ્રવ્યનું) કર્તાપણું, ભોક્તાપણું, વ્યાપકપણું નિત્યપણું, અનિત્યપણું વગેરે સ્વરૂપનું વર્ણન કહ્યું છે. આત્મા સબંધી વિષયોનું વર્ણન આત્માનું શુદ્ધ સ્વરૂપ શુ છે તે બાબતે વિગતવાર વર્ણન છે. આ પૂર્વમાં ૨૬ કરોડ પદો અને ૧૬ વસ્તુઓ કહી છે. આ પૂર્વ ૬૪ હાથી પ્રમાણ શાહીના ઢગલાથી લખાય એટલું વિશાળ હતું.

(૮) **કર્મપ્રવાદ પૂર્વ :** આ પૂર્વમાં આઠેય કર્મના સ્વરૂપ, ભેદો, પ્રકૃતિ, આદિ ચાર બંધાદિ, ચાર ઉપશમનાદિ આઠ કરણોનું વિગતવાર વર્ણન કર્યું છે. આ પૂર્વમાં એક કરોડ ૮૦ લાખ પદો અને ૩૦ વસ્તુઓ કહી છે. આ પૂર્વ ૧૨૮ હાથી પ્રમાણ શાહીના પૂંજથી લખી શકાય તેટલું વિશાળ હતું.

(૯) **પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ :** આ પૂર્વમાં સર્વ પ્રકારના પ્રત્યાખ્યાનોનું સ્વરૂપ, ભેદો; દ્રવ્ય, ભાવ, નિશ્ચય. વ્યવહારથી ઉપાદેય પ્રમુખ તમામ શૈલી જણાવી હતી. ઉપરાંત આ પૂર્વમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પુરૂષના સહનન અનુસાર સદોષ વસ્તુનો ત્યાગ, ઉપવાસવિધાન, વ્રત આદિનું વર્ણન છે. આ

પૂર્વમાં ૮૪ લાખ પદો અને ૨૦ વસ્તુઓ કહી છે. આ પૂર્વમાંથી શ્રી ભદ્રબાહુ સ્વામીએ કલ્પસૂત્ર બનાવ્યું છે. આ પૂર્વ ૨૫૬ હાથી પ્રમાણ શાહીના પૂંજથી લખાય તેવું હતું.

(૧૦) **વિદ્યાનુવાદ પૂર્વ (વિદ્યાપ્રવાદ પૂર્વ) :** આ પૂર્વમાં ૭૦૦ અલ્પવિદ્યા અને રોહિણી આદિ ૫૦૦ મહાવિદ્યાઓનું સ્વરૂપ, સાધના વિધિ, મંત્ર-તંત્ર, તથા સિદ્ધ વિદ્યાઓના ફળનું વર્ણન છે. આ પૂર્વમા એક કરોડ દસ લાખ પદો તથા પંદર વસ્તુઓ કહી છે. આ પૂર્વ ૫૧૨ હાથી પ્રમાણ શાહીના પૂંજથી લખાય તેટલું વિશાળ હતું.

(૧૧) **કલ્યાણ પ્રવાદ પૂર્વ : (કલ્યાણવાદ પૂર્વ) :** આ પૂર્વમાં જ્યોતિષશાસ્ત્રનું સ્વરૂપ, ત્રેસઠ શલાકા પુરુષોનાં જીવનચરિત્ર, ચાર પ્રકારના દેવોની તમામ હકીકત, પુણ્ય અને પાપના ફળનું વિગતવાર વર્ણન, તથા પ્રમાદનું સ્વરૂપ તેના ખરાબ ફળનું વર્ણન વિગેરે વિસ્તારથી કહ્યું છે. આ ઉપરાંત તીર્થંકરોના પાંચ કલ્યાણકોનું, સોળકારણ ભાવનાઓનું ગ્રહણ, શુકન વગેરેનાં ફળોનું વર્ણન છે. આ પૂર્વમાં ૨૬ (છવ્વીસ) કરોડ પદો અને બાર વસ્તુઓ હતી. આ પૂર્વ ૧,૦૨૪ હાથી પ્રમાણ શાહી પૂંજથી લખાય તેવું મોટુ હતું.

(૧૨) **પ્રાણાનુવાદ પૂર્વ (પ્રાણવાય પૂર્વ) :** આ પૂર્વમાં આયુર્વેદની આઠ પ્રકારની ચિકિત્સા, નાડી ગતિ, ઔષધિઓના ગુણ અવગુણ તથા દસ પ્રકારના પ્રાણોનું વર્ણન તથા આયુષ્યના સ્વરૂપ વગેરેની વિગત સવિસ્તાર જણાવેલ છે. આ પૂર્વમાં એક કરોડ ૫૬ લાખ પદો (દિગંબર મતે ૬૩ કરોડ પદો) અને ૧૩ વસ્તુઓ જણાવી છે. તથા આ પૂર્વ ૨,૦૪૮ હાથી પ્રમાણ શાહી પૂંજથી લખાય તેટલું વિશાળ હતું.

(૧૩) **ક્રિયાવિશાલ પૂર્વ :** આ પૂર્વમાં સંગીત, કાવ્ય, અલંકાર, કળા, શિલ્પવિજ્ઞાન, ગર્ભાધાનાદિ ક્રિયા, અન્ય ૨૫ પ્રકારની ક્રિયાઓ, સંયમ ક્રિયાઓ અને તેના ભેદોનું સ્વરૂપ વર્ણવેલ છે. આ પૂર્વમાં ૯ કરોડ પદો અને ૩૦ વસ્તુઓ કહી છે. તે ૪,૦૯૬ હાથી પ્રમાણ શાહીના પૂંજથી લખી શકાય તેવું મોટુ હતું.

(૧૪) **લોકબિન્દુસાર પૂર્વ :** આ પૂર્વમાં કાળનું સ્વરૂપ, તથા વિવિધ પ્રકારના સંયોગોથી થતા તમામ શબ્દોના અર્થનું સ્વરૂપ વર્ણવેલ છે, ઉપરાંત ત્રણે લોકનું સ્વરૂપ, મોક્ષનું સ્વરૂપ, અને મોક્ષ પ્રાપ્ત કરવાનાં કારણ, ધ્યાન આદિનું વર્ણન છે. આ પૂર્વમાં બાર કરોડ પચાસ લાખ પદો અને ૨૫ વસ્તુઓ કહી છે તે ૮,૧૯૨ હાથી પ્રમાણ શાહીના પૂંજથી લખી શકાય તેવું હતું.

પ્ર : ૨૭ ચૌદ પૂર્વો કેટલી શાહીથી લખી શકાય ?

ઉ : ૨૭ ચૌદ પૂર્વો સોળ હજાર ત્રણસો ત્યાંસી (૧૬૩૮૩) હાથી પ્રમાણ શાહી પૂંજથી લખી શકાય તેટલાં વિશાળ હતા. આ તમામ પૂર્વોની રચના સંસ્કૃત ભાષામાં થઈ હતી.

પ્ર : ૨૮ પીસ્તાળીસ આગમોમાંથી પ્રથમના અગિયાર આગમો જે અગિયાર અંગ તરીકે ઓળખાય છે તેમાં શું વર્ણન છે તે ટૂંકમાં જણાવો ?

ઉ : ૨૮ પીસ્તાળીસ આગમોમાંથી પ્રથમ અગિયાર અંગો વિશે નીચે મુજબ જાણવું :-

(૧) **આચારાંગ સૂત્ર :** આ સૂત્રમાં મુનિઓના આચારનું વર્ણન છે જેમ કે તેમણે કેવી રીતે સમસ્ત આચરણ કરવું, યત્નપૂર્વક ભાષણ કરવું, યત્નપૂર્વક આહાર-વિહાર કરવો વગેરે. આ સૂત્રમાં દિગંબર મતે આઠ હજાર પદ છે. શ્વેતાંબર મતે અઢાર હજાર પદ છે. [સંયમી જીવનના આચાર વિચાર વિષે.]

(૨) **સૂત્રકૃતાંગ સૂત્ર :** આ સૂત્રમાં જ્ઞાન વિનય આદિ અધ્યયન ક્રિયા, કલ્પ્યાકલ્પ્ય આદિ વ્યવહારધર્મ ક્રિયા અને સ્વસમય અને પરસમયના સ્વરૂપનું વર્ણન છે. આ સૂત્રમાં છત્રીશ હજાર પદ છે. આ સૂત્રમાં ૨૩ અધ્યયનોમાં મૂલ સૂત્રોનું પ્રમાણ ૨,૧૦૦ શ્લોક છે. [અહિંસાનું મંડન, ક્રિયા-અક્રિયાવાદનું ખંડન.]

(૩) **સ્થાનાંગ સૂત્ર :** આ સૂત્રનાં મૂળ કર્તા શ્રી સુધર્માસ્વામિ ગણાય છે. આ સૂત્રમાં મૂળ સૂત્રો ૭૮૩ છે. આ સૂત્રમાં કુલ શ્વેતાંબર મતે ૭૨,૦૦૦ પદો અને દિગંબર મતે ૪૨,૦૦૦ પદો છે. આ સૂત્રમાં કુલ શ્લોકોની સંખ્યા ૩૬૦૦ છે. આ સૂત્રમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ અને ગણિતાનુયોગની બિના સંક્ષેપમાં કહી છે. પ્રત્યેક દ્રવ્યના એક, બે, ત્રણ આદિ અનેક ભેદ, વિકલ્પોનુ વર્ણન છે. જેમ કે જીવ એક છે. જીવ બે પ્રકારે છે. મુકત અને સંસારી. જીવના ત્રણ ભેદ છે. કર્મમુકત, જીવનમુકત અને સંસારી વગેરે.

(૪) **સમવાયાંગ સૂત્ર :** આ સૂત્રનાં મૂળ કર્તા શ્રી સુધર્માસ્વામિ ગણાય છે. આ સૂત્રમાં મૂળ સૂત્રો ૧૬૦ છે. આ સૂત્રમાં શ્વેતાંબર મત મુજબ ૧,૪૪,૦૦૦ પદો જ્યારે દિગંબર મત અનુસાર ૧,૬૪,૦૦૦ પદો છે. આ સૂત્રના કુલ શ્લોકોની સંખ્યા ૧,૬૬૭ છે. આ સૂત્રમાં સરખા વિસ્તારવાળા, સરખા ધર્મવાળા, સરખી સંખ્યાવાળા જે જે પદાર્થો છે તે બધાનું વર્ણન છે જેમ કે ૪૫ લાખ યોજનવાળા પાંચ પદાર્થ છે. (૧) અઢી દ્વીપ (૨) સિદ્ધ ક્ષેત્ર (૩) પહેલા દેવલોકનું ઊડું નામનું મધ્ય વિમાન (૪) સીમંતક નામના નરકાવાસાનો આયામ વિષ્કંભ ૪૫ લાખ યોજનનો છે. (૫) ધર્મનાથ પ્રભુ ૪૫ ધનુષ ઊંચા હતા. વગેરે.

(૫) **ભગવતી સૂત્ર (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ) :** આ સૂત્રના મૂળ કર્તા શ્રી સુધર્મા સ્વામિ ગણાય છે. આ સૂત્રના કુલ શ્લોકોની સંખ્યા ૧૫,૭૫૨ છે. આ સૂત્રમાં શ્વેતાંબર મતે ૨,૮૮,૦૦૦ પદો છે જ્યારે દિગંબર મતે ૨,૨૮,૦૦૦ પદો છે. આ સૂત્રમાં ગણધરોએ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓએ ભગવાન મહાવીરને પૂછેલ પ્રશ્નોના જવાબ છે. વધુ પ્રશ્નો શ્રી ગૌતમ ગણધરે પૂછેલા છે. શ્વેતાંબર મત મુજબ કુલ ૩૬,૦૦૦ પ્રશ્ન અને ઉત્તર છે. જ્યારે દિગંબર મત મુજબ કુલ ૬૦,૦૦૦ પ્રશ્ન અને ઉત્તર છે જેવા કે જીવ નિત્ય છે કે અનિત્ય ? જીવ વકતવ્ય છે કે અવ્યકત્વ્ય છે ? કુલ ૪૧ શતકો આ સૂત્રમાં છે.

(૬) **જ્ઞાતધર્મકથાંગ સૂત્ર :** આ સૂત્રનાં મૂળ કર્તા શ્રી સુધર્મા સ્વામિ છે. આ સૂત્રના કુલ શ્લોકોની સંખ્યા ૫,૪૦૦ છે. ૧૯ અધ્યયનો છે. શ્વેતાંબર મત મુજબ ૫,૭૬,૦૦૦ પદો છે. જ્યારે દિગંબર મત અનુસાર ૫,૫૬,૦૦૦ પદો છે. તેમાં વસ્તુઓના સ્વભાવ, તીર્થંકરોનું માહાત્મય, દિવ્યધ્વનિના સમય અને સ્વરૂપ, ગણધર આદિ મુખ્ય જ્ઞાતાઓની કથાનુ વર્ણન છે. ઉપરાંત ભુવનવાસી દેવોની અગ્રમહિષીઓનું તથા વ્યંતરદેવોની અને જ્યોતિષી દેવોની અગ્રમહિષીઓનું વર્ણન છે. [કથાત્મક ઉપદેશ]

(૭) **ઉપાસકદશાંગ સૂત્ર :** આ સૂત્રના મૂળ કર્તા શ્રી સુધર્મા સ્વામિ છે. મૂળ સૂત્રનું પ્રમાણ ૮૧૨ શ્લોક છે. આ સૂત્રમાં દશ અધ્યયનો છે. તેમાં શ્વેતાંબર મત મુજબ ૧૧,૫૨,૦૦૦ પદો અને દિગંબર મત અનુસાર તેમાં ૧૧,૧૭,૦૦૦ પદો છે. આ સૂત્રમાં મહાવીર પ્રભુના આનંદશ્રાવક સહિત દશ શ્રાવકોની બિના તથા શ્રાવકોની પ્રતિમા, આચરણ અને ક્રિયાકાંડોનું વર્ણન છે. શ્રાવકો-ચિત મંત્રોનું પણ આ સૂત્રમાં વર્ણન છે.

(૮) **અંતઃકૃત્દશાંગ સૂત્ર :** અંત એટલે સંસારનો અંત અથવા કર્મોનો નાશ કરનાર જે ભવ્ય જીવો તે અંતકૃત કેવલિ કહેવાય. જીવનના લગભગ અંત સમયે જેઓ કેવળજ્ઞાન પામી તરત જ મોક્ષે જાય તે બધા અંતકૃત કેવલિ કહેવાય. આ સૂત્રના કર્તા શ્રી સુધર્મા સ્વામિ છે તે સૂત્રનું પ્રમાણ ૮૯૯ શ્લોક છે. શ્વેતાંબર મતે તેમાં ૨૩,૦૪,૦૦૦ પદો તથા દિગંબર મતે તેમાં ૨૩,૨૮,૦૦૦ પદો છે. ગજસુકુમાર સ્વામિ કે જે કૃષ્ણ વાસુદેવના નાના ભાઈ થાય તે અંતકૃત કેવલિ કહેવાય તથા ઋષભદેવના માતા શ્રી મરુદેવી માતા પણ અંતકૃત કેવલિ કહેવાય. આ સૂત્રમાં પ્રત્યેક તીર્થંકરોના તીર્થમાં થયેલા અંતકૃત કેવળી જીવો વિશેનું વર્ણન છે.

(૯) **અનુતરોપપાતિક દશાંગ સૂત્ર :** આ સૂત્રના ૧૯૨ શ્લોક છે. શ્વેતાંબર મત મુજબ તેમાં ૪૬,૦૮,૦૦૦ પદો છે. જ્યારે દિગંબર મત મુજબ તેમા ૯૨,૪૪,૦૦૦ પદો છે. આ સૂત્રમાં નિર્મળ સંયમની સાત્વિકી આરાધના કરી મહાવીર પ્રભુના સમયમાં થયેલ શ્રેણિક રાજાના દશ પુત્રો નવ ગ્રૈવેયકની ઉપર રહેલા અનુતરવિમાનવાસી દેવપણું પામ્યા તેનું વર્ણન છે.

(૧૦) **પ્રશ્નવ્યાકરણાંગ સૂત્ર :** આ સૂત્રમાં પ્રાચીન કાળમાં ૧૦૮ પ્રશ્નો, ૧૦૮ અપ્રશ્નો, ૧૦૮ પ્રશ્ના પ્રશ્નો, પ્રભાવશાલી વિદ્યાઓ તથા મુનિવરોએ ભુવનપતિ દેવો સાથે કરેલાં સંલાપ (વાતચીત-ઉપદેશાદિ)ની બિના આ સૂત્રમાં છે. વળી સંવર અને આશ્રવ આ બે તત્ત્વો સબંધી પણ વર્ણન છે. ઉપરાંત અનેક પ્રશ્નો દ્વારા ત્રણ કાળ સબંધી ધનધાન્ય આદિ લાભ, અલાભ, સુખ દુઃખ, જીવન મરણ, જય-પરાજય આદિ ફળોનુ વર્ણન છે. આ સૂત્રોમાં શ્વેતાંબર મતે ૯૨,૧૬,૦૦૦ પદો છે. જ્યારે દિગંબર મતે ૯૩,૧૬,૦૦૦ પદો છે.

(૧૧) **વિપાક સૂત્ર :** આ સૂત્રમાં વિપાક એટલે પાપકર્મનું અને પુણ્યકર્મનું ફળ, તેને ભોગવનારા જીવોનું વર્ણન કર્યુ છે. આ સૂત્રમાં ૧,૨૧૬ શ્લોક છે શ્વેતાંબર મતે એક કરોડ ચોર્યાસી લાખ બત્રીસ હજાર પદો છે. જ્યારે દિગંબર મત અનુસાર તેમાં, ૧,૮૪,૦૦,૦૦૦ પદો છે. આ સૂત્રમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર શુભ-અશુભ કર્મોના, તીવ્ર ભેદ આદિ અનેક પ્રકારના ફળ (વિપાક)નું વર્ણન છે.

(૧૨) **દૃષ્ટિવાદ સૂત્ર :** આ સૂત્ર વિચ્છેદ પામ્યુ હોવાથી બાર અંગને બદલે અગિયાર અંગની ગણત્રી આગમોમાં થાય છે. આ સૂત્રમાં શ્વેતાંબર મતે ૩,૬૮,૬૪,૦૦૦ પદો છે જ્યારે દિગંબર મત અનુસાર ૧,૦૮,૬૮,૫૬,૦૦૫ પદો છે. તેમાં ૩૬૩ મિથ્યામતોનું વર્ણન અને નિરાકરણ છે. લોક, દ્રવ્ય, મંત્ર, વિદ્યા, કળાઓ, કથાઓ વગેરેનું પણ વર્ણન છે.

પ્ર : ૨૯ પીસ્તાળીસ આગમોમાંથી બાર ઉપાંગ રૂપ બાર આગમોમાં શેનું વર્ણન છે તે જણાવો ?

ઉ : ૨૯ બાર ઉપાંગોમાં શેનું વર્ણન છે તે નીચે મુજબ જાણવું.

(૧) **ઔપપાતિક સૂત્ર :** ઉપપાત શબ્દના બે અર્થ થાય છેઃ- દેવ અને નારક જીવોનો જન્મ અને મોક્ષમાં જવું. આ ઉપપાતને લક્ષમાં રાખીને જેમાં પદાર્થોનું સ્વરૂપ કહ્યું છે તે ઔપપાતિક સૂત્ર કહેવાય. આ પહેલું ઉપાંગ સૂત્ર શ્રી આચારાંગ સૂત્રનું છે. કયા કયા કર્મોને કારણે દેવયોનિ તથા નારક

ગતિમાં જન્મ થાય છે તેનું વર્ણન છે. અંબડ પરિવ્રાજકના ભાવિ જીવન વિસ્તારથી વર્ણવ્યું છે. વળી આ સૂત્રમાં શ્રેણિક રાજાના જીવનની તમામ ઘટનાનું વર્ણન છે.

(૨) **રાજપ્રશ્નીય (રાય પસેણીય) સૂત્ર :** સૂત્રકૃતાંગનું ઉપાંગ આ રાજપ્રશ્નીય સૂત્ર છે. સૂર્યાભ દેવની આ જન્મની આગળના જન્મોની અને હવે પછીના ભવોની સમગ્ર બિનાનું વર્ણન છે. આ ઉપાંગમાં કુલ ૮૫ સૂત્રો છે. વળી કેશી ગણધર અને પ્રદેશી રાજા વચ્ચેનો સંવાદ આ સૂત્રમાં છે. અર્થાત્ પ્રદેશી રાજાએ પ્રશ્ન પૂછ્યા તેના કેશી ગણધરે જવાબ આપેલા છે તે ઘટનાનું વિસ્તારથી વર્ણન હોવાથી આ ઉપાંગનું નામ રાજ પ્રશ્નીય સૂત્ર રાખ્યું. રાજાએ પ્રશ્નો પૂછેલા માટે રાજ પ્રશ્નીય નામ પડ્યું. સંભવ છે કે કોઇ મહાબુદ્ધિશાળી સ્થવિર ભગવંતે આ સૂત્રની રચના કરી હોય.

(૩) **જીવાભિગમ સૂત્ર :** કેટલાક ગ્રંથોમાં આ સૂત્રનું નામ જીવાજીવાભિગમ પણ લખ્યું છે. પણ તે વધારે પ્રસિદ્ધ નથી. અહીં જીવનું સ્વરૂપ ઘણુ વિસ્તારીને કહેલું હોવાથી જીવાભિગમ નામ પ્રસિદ્ધ છે અને અજીવના ભેદ-પ્રભેદોનું પણ વર્ણન છે તેથી તે જીવાજીવાભિગમ નામથી પણ ઓળખાય છે. આ સ્થાંનાંગસૂત્રનું ઉપાંગ છે. આ સૂત્રમાં વિજય દેવની આ ભવની આગળના ભવોની તથા હવે પછીના-ભવિષ્યના ભવોની હકીકતનું વિગતવાર વર્ણન છે.

(૪) **પ્રજ્ઞાપના સૂત્ર (પણ્ણવણા) :** આ સમવાયાંગ સૂત્રનું ઉપાંગ છે. આ સૂત્રની રચના દશ પૂર્વધર, તત્ત્વાર્થસૂત્ર, પશમરતિ વગેરે ગ્રંથોના બનાવનાર શ્રી ઉમાસ્વાતિ વાચકના શિષ્ય શ્યામાચાર્ય મહારાજે કરી છે. બાર ઉપાંગોમાં આ સૌથી મોટું છે. તેમાં ૭,૭૮૭ શ્લોકો છે. આ સૂત્રમાં જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આ સાત તત્ત્વોની વિગતવાર પ્રરૂપણા પ્રશ્નોત્તર રૂપે કરેલી છે. આ સૂત્રમાં ૩૬ મુખ્ય પદોમાં સાત તત્ત્વો ઉપર વર્ણન છે.

(૫) **સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર :** ભગવતી સૂત્રનું ઉપાંગ આ સૂત્ર છે. ખગોળનું ખરું રહસ્ય જણાવનારું આ પાંચમું ઉપાંગ છે. આ સૂત્રમાં સૂર્ય અને ગ્રહો આદિની વિગતનું વર્ણન છે. આ સૂત્રને કાલિક સૂત્ર પણ કહેવાય છે.

(૬) **જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ સૂત્ર :** જ્ઞાતાધર્મકથાંગ સૂત્રનું આ છઠ્ઠું ઉપાંગ છે. આ સૂત્રમાં જંબૂદ્વીપનુ વિગતવાર વર્ણન છે. ઉપરાંત ભરત ચક્રવર્તિના જીવનચરિત્રની કથા છે.

(૭) **ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર :** ઉપાસકદશાંગ સૂત્રનું આ ઉપાંગ છે. આ સૂત્રમાં ચંદ્ર વિષે તેના પરિવાર નક્ષત્રો, તારાઓ વિષે વિગતવાર વર્ણન છે તેની ગતિ તેની ઋદ્ધિ વગેરેનું વિગતવાર વર્ણન છે.

(૮) **નિરયાવલિકા સૂત્ર :** આ સૂત્ર આઠમા અંતગડદશાંગનું ઉપાંગ છે. તેનું બીજું નામ નિરયાવલિકા (કલ્પિકા) એવું પણ છે. આ સૂત્રમાં નરકમાં જનારા જીવોની શ્રેણીનું વર્ણન છે. આ સૂત્રમાં શ્રેણિક રાજાના દશ કુમારો ચેટક રાજા સાથેના યુદ્ધમાં ચેડા (ચેટક) રાજાના એકેક બાણથી મરણ પામીને નરકે ગયા તે હકીકત વિસ્તારથી જણાવી છે. આ સૂત્રમાં દશ અધ્યયનો છે. તે દરેક અધ્યયનમાં આ દસે કુમારોના જીવનચરિત્રની વિગત છે. આ દશકુમારોના નામ તેમની માતાના નામને અનુસરતા છે. જેવાં કે (૧) કાળ જે કાલીરાણીનો પુત્ર. (૨) સુકાળ તે સુકાલી રાણીનો પુત્ર (૩) મહાકાળ જે મહાકાલી રાણીનો પુત્ર (૪) કૃષ્ણ (૫) સુકૃષ્ણ (૬) મહાકૃષ્ણ (૭) વીરકૃષ્ણ (૮) રામકૃષ્ણ (૯) પિતૃસેનકૃષ્ણ (૧૦) મહાસેનકૃષ્ણ.

(૯) **કલ્પાવતંસિકા સૂત્ર :** અનુતરોપપાતિક દશાંગનું આ ઉપાંગ છે. આ સૂત્રમાં પણ દસ અધ્યયનો છે. આ દસ અધ્યયનોમાં શ્રેણિકના જે દસ પુત્રો દેવલોકમાં ગયા તે દસે પુત્રોના જીવનચરિત્રનું વિગતવાર વર્ણન છે. આ દસ પુત્રોના નામ આ પ્રમાણે જાણવાં (૧) પદ્મ (૨) મહાપદ્મ (૩) ભદ્ર (૪) સુભદ્ર (૫) પદ્મભદ્ર (૬) પદ્મસેન (૭) પદ્મગુલ્મ (૮) નલિનીગુલ્મ (૯) આનંદ (૧૦) નંદન.

(૧૦) **પુષ્પિકા સૂત્ર :** પ્રશ્નવ્યાકરણનું આ ઉપાંગ છે. આ સૂત્રમાં પણ દસ અધ્યયનો છે. તેમાં પહેલાં અધ્યયનમાં જ્યોતિષી દેવલોકમાં ચંદ્રાવતંસક વિમાનમાં જ્યોતિષીના ઇન્દ્ર તરીકે ઉત્પન્ન થયેલાં ચંદ્ર નામના ઇન્દ્રની આ ભવની, પાછલા ભવની અને હવે પછીના ભવની વિગતનું વર્ણન છે. બીજા અધ્યયનમાં સૂર્ય નામના ઇન્દ્રનું વિગતવાર વર્ણન છે. ત્રીજા અધ્યયનમાં શુક્ર નામના જ્યોતિષી દેવનું વર્ણન છે. ચોથા અધ્યયનમાં સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયેલી "બહુપુત્રિકા" નામે અપરિગૃહિતા દેવીનું વર્ણન છે. પાંચમાં અધ્યયનમાં સૌધર્મ દેવલોકના પૂર્ણભદ્ર વિમાનના સ્વામી પૂર્ણભદ્ર દેવનો અધિકાર વર્ણવ્યો છે. છઠ્ઠા અધ્યયનમાં પૂર્ણભદ્રની જેવા જ માણિભદ્ર દેવનો અધિકાર છે. સાતમાં અધ્યયનમાં દત્ત ગૃહસ્થ, આઠમાં અધ્યયનમાં શિવ નામે ગૃહસ્થ, નવમા અધ્યયનમાં બળ નામે ગાથાપતિ અને દશમા અધ્યયનમાં અનાઢિત નામે ગાથાપતિ આ ચાર રહીશો ચારિત્ર પાળીને સૌધર્મ દેવલોકે બે સાગરોપમના આયુષ્યવાળા થયા તેનું વિગતવાર વર્ણન છે.

(૧૧) **પુષ્પ ચૂલિકા સૂત્ર :** વિપાકસૂત્રનું આ ઉપાંગ છે. આ સૂત્રમાં પણ દસ અધ્યયનો છે. આ દશ અધ્યયનોમાં દશ દેવીઓના પાછલા ભવ, આ ભવ અને હવે પછીના ભવોનું વિગતવાર વર્ણન છે. આ દશ દેવીઓનાં નામ આ પ્રમાણે જાણવાં :- (૧) શ્રી દેવી (૨) હ્રી દેવી (૩) ધૃતિ દેવી (૪) કીર્તિ દેવી (૫) બુદ્ધિ દેવી (૬) લક્ષ્મી દેવી (૭) ઇલા દેવી (૮) સુરાદેવી (૯) રસદેવી (૧૦) ગંધ દેવી.

(૧૨) **વહિયદશા સૂત્ર :** આ દૃષ્ટિવાદ સૂત્રનું ઉપાંગ છે. આ સૂત્રમાં બાર અધ્યયનો છે. આ બાર અધ્યયનોમાં શ્રી કૃષ્ણ વાસુદેવના મોટાભાઇ બળરામના બાર પુત્રો સવાર્થસિદ્ધ વિમાનમાં એકાવતારીપણું ભોગવી રહ્યા છે. તે બાર પુત્રોના જીવનચરિત્રનું વર્ણન આમાં છે. આ બાર પુત્રોનાં નામ આ પ્રમાણે જાણવાંઃ-

(૧) નિષધ (૨) અનિય (૩) વહ (૪) વેહલ (૫) પ્રગતિ (૬) યુકિત (૭) દશરથ (૮) દઢરથ (૯) મહાધનુ (૧૦) સપ્તધનુ (૧૧) દશધનુ (૧૨) શતધનુ

પ્ર : ૩૦ પીસ્તાળીસ આગમોમાંથી દસ પયન્ના નામના દસ આગમોનો સંક્ષિપ્ત પરિચય આપો ?

ઉ : ૩૦ આ દશ પયન્ના નામના દશ આગમોનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ જાણવો.

(૧) **ચતુઃશરણ પ્રકીર્ણક :** આ ચઉસરણ પયન્નો આ નામથી વધારે પ્રસિદ્ધ છે. છતાં આનુ બીજુ નામ "કુશલાનુબંધી અધ્યયન" છે. આ પયન્નામાં શ્રી અરિહંત પરમાત્મા, સિદ્ધ ભગવંતો, સાધુઓ અને કેવળી ભગવંતોએ કહેલાં દાનાદિ પ્રકારનો અથવા અહિંસા, સંયમ, તપ, અને સમ્યકદર્શન જ્ઞાન ચારિત્ર રૂપ ધર્મ આ ચારે પદાર્થોનું શરણ સ્વીકારવુ એટલે કે આ ચાર શરણાને અંગીકાર કરવાની વાત કહી છે. આ ઉપરાંત અજ્ઞાનાદિને વશ થઇ જે જે પાપ કર્મો કર્યા છે. તેની ગુરુ સમક્ષ આલોચના કરી તેની નિંદા કરવાની હકીકત તથા સારાં કૃત્યોની અનુમોદનાની હકીકત આ સૂત્રમાં (પયન્નામાં) વર્ણવવામાં આવી છે. આ પયન્નામાં પ્રાકૃત ૬૪ ગાથાઓ છે. આ પયન્નામાં સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદનક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન આ છ આવશ્યક બાબતે સુંદર વિવેચન છે.

(૨) **આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણક :** આતુર એટલે રોગથી, પીડાથી ઘેરાયેલા આત્માને પરભવની આરાધના કરાવવાના અવસરે કરાવવા લાયક પ્રત્યાખ્યાનની બિના જેમાં કહી છે, તે આતુર પ્રત્યાખ્યાન કહેવાય. બીજા

ગ્રંથોમાં બૃહદાતુર પ્રત્યાખ્યાન એવું નામ પણ કહ્યું છે. આની રચના કરનાર શ્રી વીર ભદ્રાચાર્ય છે. આમાં પ્રાકૃત ૮૪ ગાથાઓ છે તેનું પ્રમાણ ૧૩૪ શ્લોક થાય. શરૂઆતની ૧૦ ગાથાઓ પછી કેટલોક ભાગ ગદ્ય પ્રાકૃતમાં રચ્યો છે. વળી આલોચના અંગે, મરણના ત્રણ ભેદો તે દરેકનું સ્વરૂપ તથા અનારાધક જીવોનું સ્વરૂપ વિગતવાર વર્ણવેલું છે.

(૩) **મહા પ્રત્યાખ્યાન પ્રકીર્ણક :** સાધુની અંત સમયની હકીકત વિસ્તારથી કહી છે. આ પયન્નામાં ૧૪૩ પ્રાકૃત ગાથાઓ છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ આરાધનાનું ફળ કેવું આવે છે તેનું પણ વિગતવાર વર્ણન છે.

(૪) **ભકત પરિજ્ઞા પ્રકીર્ણક :** અંતકાળે ગીતાર્થ ગુરુ મહારાજ લાયક જીવને આહારના પચ્ચક્ખાણ કઈ રીતે કરાવે આ બિના વિસ્તારથી સમજાવી છે. આ પયન્નાના રચનાર શ્રી વિરભદ્ર-ગણી છે. આમાં ૧૭૨ ગાથાઓ છે. સમાધિપાનને લગતી વિગત તથા પાંચ અહિંસાદિ ગુણોના ઉપદેશનું રહસ્ય પણ વર્ણવેલ છે.

(૫) **તંદુલ વૈચારિક પયન્ના :** આ પયન્નામાં તંદુલ (ચોખા) ની ૪૬૦ કરોડ ૮૦ લાખ સંખ્યા જણાવીને વૈરાગ્યાદિનો ઉપદેશ આપ્યો છે તેથી આનું નામ તંદુલ વૈચારિક પ્રકીર્ણક કહેવાય છે. ટૂંકમાં તંદુલોના વિચારવાળો જે પયન્નો તે તંદુલવૈચારિક પ્રકીર્ણક કહેવાય છે. આ પયન્નામાં ૧૩૯ ગાથાઓ છે. આ પયન્નાનો મુખ્ય વિષય અશુચિ ભાવના છે. ગર્ભમાં જીવની કેવી સ્થિતિ હોય છે ત્યાંથી માંડીને જન્મ થયા પછી શરીરમાં થતી ફેરફાર રચના અંગેનું વિગતવાર વર્ણન છે.

(૬) **સંસ્તારક પ્રકીર્ણક :** સંસ્તારક એટલે સંથારો. મુનિઓ પોતાના જ્ઞાનના ઉપયોગથી કે ગુરુ મહારાજના કહેવાથી અંત સયમ જાણીને અંતકાળે જે વિધિપૂર્વક આરાધના કરે છે તે બિના આમાં વર્ણવી છે. આમાં અંતીમકાળની આરાધનાનું વર્ણન છે. આ સંસ્તારક ભાવની યથાર્થ સાધના કરનારા ભવ્ય જીવો ત્રીજે ભવે મોક્ષે જાય છે. આ પયન્નામાં ૧૨૩ ગાથાઓ છે.

(૭) **ગચ્છાચાર પ્રકીર્ણક :** ગચ્છનો અર્થ સાધુઓનો સમુદાય થાય છે. તેમના આચારનું વર્ણન અહીં કર્યું છે, તેથી આનું નામ ગચ્છાચાર પ્રકીર્ણક છે. આ પ્રકીર્ણકનું નામ કેટલીક જગ્યાએ ચંદ્રાવેધ્યક પ્રકીર્ણક પણ જણાવેલું છે. આ પયન્નામાં ૧૩૮ ગાથાઓ છે.

(૮) **ગણિવિદ્યા પ્રકીર્ણક :** આમાં ૮૨ ગાથાઓ છે. ગણી એટલે આચાર્ય મહારાજને ખાસ જરૂરી એવી જ્યોતિષની વિદ્યા જેમાં ટૂંકામાં જણાવી છે તે ગણિવિદ્યા કહેવાય. આ પયન્નામાં દિવસ, તિથિ, નક્ષત્ર, કરણ, ગ્રહ, મુર્હૂત, શુકન, લગ્ન, નિમિત્ત આ નવ પદાર્થોની બિના કહી છે.

(૯) **દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક :** આ પયન્નામાં ૩૦૭ ગાથાઓ છે. તથા આ પયન્નામાં દેવોના સ્વામિ ઇન્દ્રોની હકીકત જણાવવામાં આવી છે. આ પયન્નાના રચનાર શ્રી વિરભદ્ર ગણી છે. ૬૪ ઇન્દ્રોનું, ચારે નિકાયના દેવોના વર્ણ, લેશ્યા, શરીરની ઊંચાઇ, આયુષ્ય, તેઓના પ્રવિચાર, અપ્રવિચાર વગેરેનું આમાં વિગતવાર વર્ણન છે.

(૧૦) **મરણ સમાધિ પ્રકીર્ણક :** આ પયન્નામાં ૬૫૬ ગાથાઓ છે. બીજા ગ્રંથોમા ૬૬૩ ગાથાઓ જણાવી છે. આ પયન્નાનું બીજું નામ વીરસ્તવ પ્રકીર્ણક પણ છે. આ પયન્નામાં પણ અંત સમયે કરવા લાયક આરાધનાની બિના બહુ જ વિસ્તારથી કહી છે. ઉપરાંત બાર ભાવનાનું વર્ણન છે.

પ્ર : ૩૧ ઐતિહાસિક ગ્રંથોમાં ૨૫ પ્રકારના પયન્નાઓના નામ કહ્યા છે તે ૨૫ પયન્નાઓ વિશે સંક્ષિપ્તમાં જણાવો ?

ઉ : ૩૧ ઐતિહાસિક ગ્રંથોમાં પચ્ચીસ પયન્નાઓ જણાવી છે તે દરેકનો સંક્ષિપ્તમાં પરિચય નીચે મુજબ જાણવો.

(૧) **અંગ ચૂલિકા :** અંગોની જે ચૂલિકા તે અંગચૂલિકા કહેવાય. એટલે આચાંરાંગ વગેરે અંગોમાં કહેલી સંક્ષિપ્ત બિના અહી વિસ્તારથી સમજાવી છે.

(૨) **અંગ વિદ્યા :** અંગ સ્ફુરણ (શરીરમાંના આંખ વગેરે અંગોનું ફરકવું) વગેરે હકીકતને જણાવનારું જે શાસ્ત્ર તે અંગ વિદ્યા. સામુદ્રિક શાસ્ત્રની વિગતોનું વર્ણન છે. તેમાં ૯૦૦ શ્લોક છે.

(૩) **અજીવકલ્પ :** આમાં ૪૫ ગાથાઓ છે. મુનિઓએ અજીવ પદાર્થોને વહોરવાનો કલ્પ (વ્યવહાર) આમાં વર્ણવ્યો છે.

(૪) **આતુર પ્રત્યાખ્યાન :** ૨૮ ગાથાઓ છે. ૧૮ પાપસ્થાનકોનો ત્યાગ કરી ચાર શરણાંનો સ્વીકાર કરવાની બિના અહી જણાવી છે.

(૫) **આરાધના પતાકા :** વીરભદ્રગણી આના રચનારા છે. તેમા ૯૯૦ પ્રાકૃત ગાથાઓ છે. જેમાં આરાધના રૂપી વિજય ફરકાવવાનો વિધિ કહ્યો છે.

(૬) **ઋષિભાષિત :** આ સૂત્રમાં ૪૫ અધ્યયનો છે. ૪૫ પ્રત્યેક બુદ્ધોનો ઉપદેશ આ ૪૫ અધ્યયનોમાં છે. અગાઉના ૨૦ પ્રત્યેક બુદ્ધ તથા પાર્શ્વનાથના તીર્થમાં

થયેલાં ૧૫ પ્રત્યેક બુદ્ધ અને મહાવીરના સમયમાં થયેલા ૧૦ પ્રત્યેક બુદ્ધ એમ કુલ ૪૫ પ્રત્યેક બુદ્ધો (મહાપુરુષોનાં)નાં વચનો આમા સંકલિત થયાં છે.

(૭) **કવચદ્વાર :** આના ૧૨૯ શ્લોકો છે. તેમાં કવચ એટલે રક્ષણ કરનાર તત્ત્વ પદાર્થોનુ વિગતવાર વર્ણન છે.

(૮) **ચતુઃશરણ :** આમાં શ્રી અરિહંત વગેરેના શરણાં સ્વીકારવાની મુખ્ય બિના છે.

(૯) **ચંદ્રાવેધ્યક પ્રકીર્ણક:** ચંદ્રક શબ્દનો અર્થ ડાબી આંખની કીકી થાય છે તેને વિધવાનું દ્રષ્ટાંત આપીને એટલેકે એક ઊંચા સ્તંભની ઉપરના ભાગમાં પૂતળી ગોઠવીને તે સ્તંભની પાસે રહેલા તેલથી ભરેલા તાવડામાં નીચી નજર રાખી જે સ્તંભની ઉપર રહેલી પૂતળીની ડાબી આંખની કીકીને બાણ મારીને વીંધે તેને રાધાવેધ કહેવાય આ કાર્ય સિદ્ધ કરનારા વિરલા હોય છે. તેમ મરણ સમયે મનને સ્થિર રાખી આત્માને સંપૂર્ણ સમાધિમાં રાખી ઉત્કૃષ્ટ સાત્વિકી આરાધના કરવી તેનું વર્ણન આમાં છે આમાં ૧૭૪ ગાથાઓ છે.

(૧૦) **જંબૂસ્વામિ અધ્યયન :** આના ૨૧ ઉદ્દેશાઓ છે. તેમાં ચરમ કેવલિ શ્રી જંબૂસ્વામિજીના પાંચ ભવોની હકીકત કહી છે.

(૧૧) **જીવવિભક્તિ :** આના રચનાર શ્રી જિનચંદ્ર છે આમાં ૨૫ ગાથાઓ છે તથા જીવોના ભેદનું વર્ણન છે.

(૧૨) **જ્યોતિષ્કરંડક :** જ્યોતિષની જુદી જુદી હકીકતો રૂપી રત્નોથી ભરેલો જે કરંડિયો તે જ્યોતિષ્કરંડક કહેવાય. ખગોળવિદ્યાનો પણ આ અપૂર્વ ગ્રંથ છે.

(૧૩) **યોનિ પ્રાભૃત :** આ પયન્નામાં અસમાન અનેક દ્રવ્યના સંયોગની યોનિઓ સર્પ, સિંહ, વગેરે પ્રાણીઓ મણિઓ સુવર્ણ વગેરે વિવિધ જાતના પદાર્થોની ઉત્પત્તિનું વર્ણન કર્યુ છે. અષ્ટાંગ નિમિતની હકીકતથી ભરેલો ગ્રંથ છે.

(૧૪) **તીર્થોદ ગારિક :** તીર્થ એટલે શ્રી મહાવીરપ્રભુના શાસનનું વર્ણન કરનારા ઉદ્‌ગારો એટલે વચનોથી ગૂંથાયેલો (રચાયેલો) જે પ્રકીર્ણક તે તીર્થોદગારિક પ્રકીર્ણક કહેવાય આમાં આર્યા છંદની ૧,૨૫૭ ગાથાઓ છે.

(૧૫) **તિથિ પ્રકીર્ણક :** આમાં તિથિને અનુસરતી બિના કહી છે.

(૧૬) **દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ :** જેમાં દ્વીપોની અને સમુદ્રોની બિના કહી છે. આમાં ૨૨૩ ગાથા છે.

(૧૭) **પર્યંતારાધના :** આમાં પ્રાકૃત ૭૦ ગાથાઓ છે. જેમાં અંતીમ સમયે કરવા લાયક આરાધનાનું વર્ણન કર્યુ છે.

(૧૮) **પિંડવિશોધિ :** જિનવલ્લભગણી મહારાજ આના રચનાર છે તેમાં ૧૦૩ ગાથા છે. મુનિએ શુદ્ધ આહાર વગેરે કઇ રીતે મેળવવો તે બિના આમાં વર્ણવી છે.

(૧૯) **વર્ગચૂલિકા :** અતકૃત દશાંગાદિમા અધ્યયનોના સમુદાય રૂપ આઠ વગેરે વર્ગો કહ્યા છે તેની જે ચૂલિકા તે વર્ગ ચૂલિકા કહેવાય. મહાકલ્પશ્રુતની જે ચૂલિકા તે વર્ગ ચૂલિકા કહેવાય.

(૨૦) **વંકચૂલિયા :** શ્રુતજ્ઞાનની હીલના કરતા કોણે કેવાં કેવાં દુઃખો ભોગવ્યાં તે બિના આમાં વર્ણવી છે.

(૨૧) **વિયાહચૂલિયા (વ્યાખ્યા ચૂલિકા) :** વિયાહની જે ચૂલિકા તે વિયાહ ચૂલિકા કહેવાય છે.

(૨૨) **વીરસ્તવ :** મહાવીર સ્વામિનાં વિવિધ નામો જણાવીને સ્તુતિ કરેલી છે.

(૨૩) **સંસક્ત નિર્યુક્તિ :** ૬૩ ગાથાઓ છે. આમાં અમુક સંજાગોમાં ઉપજતા સંમૂર્છિમ જીવોનું અને મુનિવરોને ખપતા આહારાદિનું વર્ણન વિસ્તારથી કર્યુ છે.

(૨૪) **સારાવલી પ્રકીર્ણક :** આમાં કુલ ૧૧૬ ગાથાઓ છે. આમાં શ્રી ઋષભદેવ પ્રભુના મુખ્ય ગણધર શ્રી પુંડરીક ગણધરનું ચરિત્ર વર્ણવ્યું છે તથા શંત્રુજયનાં ૧૧ નામ અને તેના મહિમાનું વર્ણન કર્યું છે.

(૨૫) **સિધ્ધપ્રાભૃત (સિદ્ધ પાહુડો) :** આમાં ૧૨૧ ગાથાઓ છે. આ પયન્નામાં સિદ્ધ ભગવંતોની હકીકત વિસ્તારથી વર્ણવી છે.

પ્ર : ૩૨ છ છેદ સૂત્રોનાં નામ તથા તે છ છેદસૂત્રોમાં શી હકીકત છે તેનું વર્ણન કરો?

ઉ : ૩૨ આ ઔદારિક શરીરનો કોઇ ભાગ રોગાદિ કારણથી સડી ગયો હોય તો બાકીના શરીરને બચાવવાની ખાતર દાકતરી પધ્ધતિથી સડી ગયેલા ભાગને કાપીને દૂર કરાય છે તેમ નિર્મળ ચારિત્ર રૂપી શરીરના દૂષિત ભાગનો છેદ કરીને બાકીના ચારિત્રરૂપી શરીરને સાચવવાના વિવિધ પ્રકારના ઉપાયો જે સૂત્રોમાં કહ્યા છે. તેને છેદસૂત્રો કહેવાય છે. આ છ છેદસૂત્રોના નામ આ પ્રમાણે જાણવા (૧) નિશીથસૂત્ર (૨) મહાનિશીથ સૂત્ર (૩) દશાશ્રુતસ્કંધ (૪) શ્રી બૃહત્કલ્પ સૂત્ર (૫) પંચકલ્પ સૂત્ર (૬) વ્યવહાર સૂત્ર.

(૧) **નિશીથ સૂત્ર :** આની રચના ગણધર ભગવંતોએ કરેલી છે. તેમાં વીશ ઉદ્દેશા અને પ્રાયશ્ચિત આદિનું વર્ણન છે.

(૨) **મહાનિશીથ સૂત્રઃ** આની રચના ગણધર ભગવંતોએ કરેલી છે. તેમાં આઠ અધ્યયનો છે. છેલ્લા બે અધ્યયનો ચૂલિકાના નામથી ઓળખાય છે. તેમાં અપરાધ રૂપી શલ્યને દૂર કરવા અંગેની તથા ઉપધાનની બિના કહી છે.

(૩) **દશાશ્રુત સ્કંધઃ** આની રચના શ્રી ભદ્રબાહુ સ્વામિએ કરેલી છે. આમાં ૧૦ વિભાગો છે. તેમાં ૮ મો અને ૧૦ મો વિભાગ સિવાયના આઠ વિભાગો દસા નામે ઓળખાય

છે. અને આ આઠમો અને ૧૦ મો વિભાગ અધ્યયન નામે ઓળખાય છે. અહિ અસમાધિનાં કારણો અને શબલ દોષ વગેરેની બિના કહી છે.

(૪) **બૃહત્કલ્પ સૂત્ર :** આની રચના શ્રી ભદ્રબાહુ સ્વામિએ કરેલી છે. આમા છ ઉદ્દેશા છે. તેમાં કલ્પ (આચાર) ના છ ભેદોનું વર્ણન છે. સાધુ સાધ્વીને શુ ખપે? શું ન ખપે તે બિના તથા ક્યા અપરાધનું કયું પ્રાયશ્ચિત આવે તે હકીકતો સમજાવી છે.

(૫) **વ્યવહાર સૂત્ર :** આ સૂત્રમાં દશ ઉદ્દેશા છે. તેમાં સાધુ સાધ્વીઓના વિવિધ પ્રકારના વ્યવહારનું (આચારનું) વર્ણન છે.

(૬) **પંચકલ્પ સૂત્ર :** આ સૂત્રની રચના ગણધર ભગવંતોએ કરેલી પણ તે વિચ્છેદ પામ્યું અને તેની જગ્યાએ જિતકલ્પ સૂત્ર આવ્યું, તેમાં મૂલગુણાદિના પ્રાયશ્ચિતોનું અને તેના દશ ભેદોનું સ્વરૂપ વિગતવાર સમજાવ્યું છે

પ્ર : ૩૩ ચાર મૂળ સૂત્રોના નામ તથા તેમાં વર્ણવેલ હકીકતનુ સંક્ષિપ્તમાં વર્ણન કરો ?

ઉ : ૩૩ પ્રબળ પુણ્યોદયે ઉત્તમ ચારિત્ર ધર્મની આરાધના કરવામાં તીવ્ર ઉત્સાહી નવા મુનિવરોને પહેલાં એટલે કે દીક્ષા લીધા પછી શરૂઆતમાં ક્રમસર આ આવશ્યક વગેરે ચાર સૂત્રો ભણવાં જ જોઈએ આ કારણથી તે ચાર મૂલસૂત્રો તરીકે ઓળખાય છે. જેમ વૃક્ષનો ટકાવ તેના મૂળની મજબૂતાઈને આધીન છે. તેમ આ જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના આ ચાર સૂત્રોના બોધને આધીન છે. વળી બીજી રીતે જોઈએ તો મકાન કે મહેલનો પાયો જેટલો મજબૂત તેટલું મકાન કે મહેલની મજબૂતાઈ રહેં તેમ દશ પ્રકારના ધર્મરૂપી વૃક્ષ (મહેલ) ના મૂળ (પાયા) જેવા આ ચાર સૂત્રો મૂલસૂત્રો ગણાય છે. આ ચાર મૂલસૂત્રોના નામ આ પ્રમાણે છે. (૧) આવશ્યક સૂત્ર(૨) દશવૈકાલિકસૂત્ર (૩) ઉત્તરાધ્યયન સૂત્ર (૪) ઓઘનિર્યુક્તિ

(૧) **આવશ્યક સૂત્રઃ** જે સૂત્ર સામાયિક વગેરે છ આવશ્યકોની હકીકત જણાવે તે આવશ્યક સૂત્ર કહેવાય છે આવશ્યકો જેવા કે (૧) સામાયિક (૨) નામ સ્તવન (૩) વંદના (૪) પ્રતિક્રમણ (૫) કાયોત્સર્ગ (૬) પ્રત્યાખ્યાન આ છ આવશ્યકો બાબતેની વિગતવાર પ્રરૂપણા આ સૂત્રમાં છે. ભગવાન મહાવીરે જે અર્થથી જણાવ્યું તે ભગવાન ગૌતમ ગણધરે ૧૧ અંગની રચના કરી તેજ દિવસે આ આવશ્યક સૂત્ર રચ્યું હતું.

(૨) **દશવૈકાલિક સૂત્ર :** શ્રી શય્યંભવસૂરી મહારાજે આ સૂત્રની રચના કરી છે. આ સૂત્રમાં દશ અધ્યયનો છે. આ સૂત્ર વિકાલે ભણાય છે. માટે વૈકાલિક કહેવાય છે. કાળવેલા અને અસજ્જાયના કાળ સિવાયનો જે કાલ તે વિકાલ

કહેવાય છે. વીરપ્રભુના (મહાવીર સ્વામિ) નિર્વાણથી ૭૨ વર્ષો વીત્યા બાદ આ સૂત્રની રચના થઈ આ સૂત્રમાં મન, વચન, કાયાની ઉત્કૃષ્ટ પ્રકારની શુદ્ધિ માટેના ઉપાયો છે. આ સૂત્રનો ઇતિહાસ એવો છેકે શય્યંભવસૂરી પોતે બ્રાહ્મણ હતાં તેમણે જૈન દિક્ષા લીધી પછી જ્ઞાન થયું ત્યારે તેમણે પોતાના પૂર્વાવસ્થાના પુત્ર મનકમુનિને દીક્ષા આપી જ્ઞાનથી તેનું ૬ માસનું આયુષ્ય જાણી તેટલા વખતમાં પંણ તેને આરાધક બનાવવાની શુભ ભાવનાથી પૂર્વોમાંથી ઉધ્ધરીને આ દશ વૈકાલિક સૂત્રની રચના કરી છે.

(૩) **ઉત્તરાધ્યયન સૂત્ર :** ભગવાન મહાવીર દેવે પોતાના આયુષ્યના ૧૬ પ્રહર અર્થાત ૪૮ કલાક બાકી રહ્યા હતા ત્યારે કોઈએ પણ નહી પૂછેલા પ્રશ્નોના જે ઉત્તરો આપ્યા તે ઉત્તરોના સંગ્રહરૂપ આ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર છે. તેને ભગવાન મહાવીરની અંતીમ દેશના પણ કહી શકાય. આંમા ૩૬ અધ્યયનો છે તે દરેક અધ્યયનોમાં વિવિધ પ્રકારની બિનાઓ જણાવેલી છે.

(૪) **ઓધ નિર્યુક્તિ** : સાધુ કે મુનિઓએ વસ્ત્ર આદિ બાબતમાં કેવી કાળજી રાખવી તેનું વર્ણન આમાં છે. સાધુ સાધ્વીની દિનચર્યાનું વર્ણન છે. આમાં ચરણસિતરીના ૭૦ અને કરણસિતરીના ૭૦ ભેદોની બિના વિગતવાર વર્ણવી છે. સાતદ્વાર રૂપ સાત બાબતો જેવી કે પ્રતિલેખના દ્વાર, પિંદ્રદ્વાર, ઉપધિદ્વાર, અનાયતન વર્જન દ્વાર, પ્રતિસેવા દ્વાર, આલોચના દ્વાર, વિશુદ્ધિ દ્વાર તેનું સવિસ્તાર વર્ણન આ ચોથા મૂળ સૂત્રમાં સંકલના પામ્યું છે.

પ્ર : ૩૪ પીસ્તાળીસ આગમોમાં ચૂલિકા રૂપ ગણાતા બે છેલ્લા આગમો વિશે જણાવો?

ઉ : ૩૪ પીસ્તાળીસ આગમોમાં ચૂલિકા રૂપ ગણાતા છેલ્લા બે આગમોમાં એક નંદીસૂત્ર અને બીજું અનુયોગદ્વાર સૂત્ર ગણાય છે.

(૧) **નંદી સૂત્ર :** શ્રી દેવવાચકગણિ મહારાજે પાંચમાં શ્રી જ્ઞાનપ્રવાદ પૂર્વમાંથી જ્ઞાનના વિભાગનો ઉદ્ધાર કરીને આ નંદિસૂત્રની રચના કરી છે. જેના અધ્યયન, શ્રવણ અને નિદિધ્યાસનથી આત્મા સમૃદ્ધ બને અને સ્વરૂપનાં આનંદમાં રહે તે નંદીસૂત્ર કહેવાય. નંદીસૂત્રના મૂલનું પ્રમાંણ ૭૦૦ શ્લોકોનું જાણવું આ સૂત્રમાં ૯૦ ગાથા સિવાયનો બાકીનો ભાગ ગદ્યમાં એટલે પંક્તિરૂપે છે. જિનશાસનમાં આ સૂત્ર જ્ઞાનનું નિરૂપણ કરે છે. આચાર્યની પદવી આપતી વખતે આખું નંદિસૂત્ર સંપૂર્ણ બોલાય છે. [આ સૂત્રમા ૫૯ સૂત્ર સમાયેલા છે.]

(૨) **અનુયોગ દ્વાર સૂત્ર :** આચારાંગાદિ સૂત્રોના અર્થોને સરળ પધ્ધતિએ સમજાવે

તે અનુયોગ કહેવાય અર્થાત સૂત્રાર્થનું જે વ્યાખ્યાન તે અનુંયોગ કહેવાય તેના દ્વારોનું વર્ણન જે સૂત્રમાં કર્યું છે તે અનુયોગ દ્વાર સૂત્ર કહેવાય અનુયોગ રૂપી નગરના (૧) ઉપક્રમ (૨) નિક્ષેપ (૩) અનુગમ (૪) નયરૂપ ચાર મોટા દરવાજાઓ છે. આ ચાર દ્વારોનું વિગતવાર વર્ણન આ સૂત્રમાં સંકલનાં પામ્યું છે. આમાં કુલ ૧૮૯૯ શ્લોકો છે.

પ્ર : ૩૫ કયા સૂત્ર કેટલા વર્ષના દીક્ષા પર્યાયવાળાને ભણાવવાં ?

ઉ : ૩૫ વ્યવહાર સૂત્ર તથા પાક્ષિક સૂત્ર ટિકામાં કેટલા વર્ષના દીક્ષા પર્યાયવાળાને કયા સૂત્ર ભણાવી શકાય તે અંગે નીચે મૂજબ જણાવેલ છે.

	દીક્ષા પર્યાયના વર્ષો	**કયા સૂત્ર ભણાવી શકાય તે.**
(૧)	૩ વર્ષના દીક્ષિતને	શ્રી આચાર પ્રકલ્પ એટલે નિશીથસૂત્ર.
(૨)	૪ વર્ષના દીક્ષિતને	શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર.
(૩)	૫ વર્ષના દીક્ષિતને	દશાશ્રુતસ્કંધ,કલ્પસૂત્ર, વ્યવહારસૂત્ર.
(૪)	૮ વર્ષના દીક્ષિતને	શ્રી સ્થાનાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્ર.
(૫)	૧૦ વર્ષના દીક્ષિતને	શ્રી ભગવતી સૂત્ર.
(૬)	૧૧ વર્ષના દીક્ષિતને	શ્રી ક્ષુલ્લિકા વિમાનાદિ પાંચ અધ્યયનો
(૭)	૧૨ વર્ષના દીક્ષિતને	શ્રી અરૂણોપપાતાદિ પાંચ અધ્યયનો
(૮)	૧૩ વર્ષના દીક્ષિતને	શ્રી ઉત્થાન શ્રુતાદિ ચાર અધ્યયનો
(૯)	૧૪ વર્ષના દીક્ષિતને	આશિ વિષ ભાવના.
(૧૦)	૧૫ વર્ષના દીક્ષિતને	દષ્ટિ વિષ ભાવના
(૧૧)	૧૬ વર્ષના દીક્ષિતને	ચારણ ભાવના
(૧૨)	૧૭ વર્ષના દીક્ષિતને	મહા સ્વપ્ન ભાવના
(૧૩)	૧૮ વર્ષના દીક્ષિતને	તેજોનિસર્ગ
(૧૪)	૧૯ વર્ષના દીક્ષિતને	બારમું અંગ દષ્ટ્રિવાદ
(૧૫)	૨૦ વર્ષના દીક્ષિતને	બાકીનાં તમામ સૂત્રો

પ્ર : ૩૬ આગમ સૂત્રો ક્યારે ન ભણાય ?

ઉ : ૩૬ (૧) સૂર્યોદય પહેલા અને પછી એક ઘડી સુધી ન ભણાય મતાંતરે સૂર્યોદય પહેલા અને પછી બે ઘડી સુધી ન ભણાય.

(૨) સુર્યાસ્ત પહેલા અને સૂર્યાસ્ત પછી બે ઘડી સુધી ન ભણાય.

(૩) મધ્યાન્હ સમયે એટલે બપોરે બાર વાગે અને તે પછી બે ઘડી સુધી ન ભણાય.

(૪) મધ્ય રાત્રિએ એટલે રાત્રે બાર વાગે અને તે પછી બે ઘડી સુધી ન ભણાય.

પ્ર : ૩૭ કાલિક સૂત્ર કોને કહે છે ?

ઉ : ૩૭ અમુક કાલમાં જ ભણવા યોગ્ય જે સૂત્ર જેમ કે દિવસ અને રાત્રીના પ્રથમ અને ચોથા પ્રહરમાં જ ભણી શકાય તેને કાલિક સૂત્ર કહેવાય છે. દિવસના પ્રથમ એટલે સવારે ૬ થી ૯ ના વચ્ચે અને રાત્રે ચોથા પ્રહરમાં એટલે રાત્રિના ૩ થી ૬ વાગ્યા સુધીમાં જ ભણી શકાય જેમ કે ઉત્તરાધ્યયન સૂત્ર, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર સૂત્ર અને નિશીથ સૂત્ર વગેરે સૂત્રોને કાલિક સૂત્ર કહે છે.

પ્ર : ૩૮ ઉત્કાલિક સૂત્ર કોને કહે છે?

ઉ : ૩૮ કાલ ઉપરાંત પણ ભણવા યોગ્ય જે સૂત્ર દિવસ અને રાત્રિના બીજા અને ત્રીજા પ્રહરમાં પણ ભણી શકાય. તેને ઉત્કાલિક સૂત્ર કહે છે.

પ્ર : ૩૯ આગમ વાંચવાનો કોને અધિકાર છે ?

ઉ : ૩૯ જેને બધી જ ગમ પડી ગઇ હોય તેને આગમ વાંચવાનો અધિકાર છે.

પ્ર : ૪૦ અગિયાર અંગોનું જ્ઞાન કરવું એ શું છે ?

ઉ : ૪૦ અગિયાર અંગોનું જ્ઞાન કરવું એ પણ વ્યવહાર જ્ઞાન જ છે. ત્રિકાળી અખંડ અભેદ સ્વરૂપનું જ્ઞાન થવું તે નિશ્ચય જ્ઞાન છે.

પ્ર : ૪૧ એકવીસ આગમોનો સાર શું ?

ઉ : ૪૧ એકવીસ આગમો તે આત્મા, મન, વચન, કાયાથી જુદો છે એ દેખાડવા માટે લખ્યાં છે. " ભુપેન્દ્ર એ રીલેટીવ છે ભુપેન્દ્ર બોલે છે તે રીલેટીવ છે એ પરણ્યો તે સ્ત્રી રીલેટીવ છે આટલું જ આ એકવીસ આગમનો સાર છે. ત્રણ સેકન્ડમાં એકવીસ આગમનો સાર આપું છું. એમ સર્વજ્ઞ શ્રી દાદા ભગવાન કહેતા.

પ્ર : ૪૨ કોણ પચ્ચીસ આગમ ભણી ગયો કહેવાય ?

ઉ : ૪૨ આ મન, વચન, કાયા એ વળગણ છે એટલું જ જો તું સમજ્યો તો પીસ્તાળીસ આગમમાંથી પચ્ચીસ આગમ ભણી ગયો.

પ્ર : ૪૩ કયા વાક્યમાં પીસ્તાળીસ આગમો મૂક્યાં છે ?

ઉ : ૪૩ સ્થૂલ સંયોગો, સૂક્ષ્મ સંયોગો, વાણીના સંયોગો પર છે. અને પરાધીન છે. આ વાક્યમાં પીસ્તાળીસ આગમો સમાઇ જાય છે. "સઘળું કર્તા સ્વ નહી કર્તા સૂત્ર પામે જે જન" આ વાક્યમાં પીસ્તાળીસ આગમ સમાઇ જાય છે.

પ્ર : ૪૪ કયા પાંચ શબ્દોમાં પીસ્તાળીસ આગમો સમાઇ જાય છે ?

ઉ : ૪૪ " ભાવકર્મ એ ચાર્જ બેટરી છે" આ પાંચ શબ્દોમાં પીસ્તાળીસ આગમો સમાવિષ્ટ થઇ જાય છે.

પ્ર : ૪૫ અગમ અને નિગમ એટલે શું ?

ઉ : ૪૫ અગમ એટલે આત્મા અને નિગમ એટલે મન.

પ્ર : ૪૬ કુદૃષ્ટિ પાંખડીઓના આગમમા ત્રણસો ત્રેસઠ મત કેવી રીતે ગણત્રી કરેલા છે ?

ઉ : ૪૬

ક્રિયાવાદી	૧૮૦
અક્રિયાવાદી	૮૪
અજ્ઞાનવાદી	૬૭
વિનયવાદી	૩૨
	૩૬૩

પ્ર : ૪૭ સૂત્રના અશાતનાના કેટલા પ્રકાર છે ?

ઉ : ૪૭ આવશ્યક સૂત્રમાં સૂત્રની અશાતનાના ચૌદ પ્રકાર નીચે મુજબ જણાવેલા છેઃ-

(૧) એક જ પદને વધારે વાર બોલવું તે અમિડિત.
(૨) એક કે વધુ અક્ષર ઓછા બોલવા તે હિનાક્ષર.
(૩) એક કે વધુ અક્ષર વધારે બોલવા તે અધિકાક્ષર.
(૪) એક પદ ઓછું બોલવું તે પદ હિન.
(૫) વિનય વિના બોલવું તે વિનય હિન.
(૬) ઉદાત આદિ ઘોષ વિના બોલવું તે ઘોષ હિન.
(૭) યોગકર્તા વિના ભણવું વાંચવું તે યોગહિન.
(૮) ગુરુ મહારાજે સંમુચીત આપ્યાં છતાં તે રીતે નહીં ગ્રહણ કરેલું દુષ્ટ પ્રતિચ્છિત.
(૯) મલીન અંતઃકરણે શ્રુતાધ્યયન કરવું.
(૧૦) અકાળે સ્વાધ્યાય કરવો.
(૧૧) કાળે સ્વાધ્યાય ન કરવો.
(૧૨) અસ્વાધ્યાય વેળામાં સ્વાધ્યાય કરવો.
(૧૩) સ્વાધ્યાય વેળાએ સ્વધ્યાય ન કરવો.
(૧૪) ગુરુ મહારાજે બરાબર નહી દીધેલું તે સુષ્ઠુઅદત્ત.

પ્ર : ૪૮ નય એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ? તે જણાવો ?

ઉ : ૪૮ ભિન્ન ભિન્ન પાસાને તટસ્થવૃત્તિથી જોવાની દૃષ્ટિને નય કહેવામાં આવે છે. કોઈપણ વિષયનું સાપેક્ષ નિરૂપણ કરનારો વિચાર તે નય કહેવાય છે. દરેક પદાર્થમાં જુદી જુદી અપેક્ષાએ અનેક ધર્મો રહેલા છે છતાં તેમાના એક ધર્મને જ સ્વીકારવો. તે નય છે. તેના સાત પ્રકાર છે.

(૧) નૈગમનય (૨) સંગ્રહનય (૩) વ્યવહારનય (૪) ઋજુસૂત્રનય (૫) શબ્દનય (૬) સમભિરૂઢનય (૭) એવંભૂતનય

(૧) **નૈગમનય :** નૈગમનય એટલે જે વિચાર લોકરૂઢી કે લૌકિક સંસ્કારથી પ્રવર્તે છે જેમકે કોઇ પુરૂષ કાપડ ખરીદવા જતી વખતે ક્યાં જાવ છો ? એમ પુછનારને કહે છે કે કોટ સિવડાવવા જાઉં છું. તો આ તેનું કહેવું નૈગમનયે સાચું છે કેમકે ત્યાંથી તે દરજીને ત્યાં કોટ સિવડાવવા માટે જવાનો હોય છે. જેમાં સંકલ્પ કરવામાં આવે તે નૈગમનય છે. ભૂતકાળની વાતનો વર્તમાનમાં સંકલ્પ કરવો એ ભૂતનૈગમનય છે. જેમ કે મહાવીર સ્વામિનો આજે જન્મ દિવસ છે. ભાવિનૈગમનય. ભવિષ્યની વાતને વર્તમાનમાં કહે છે. જેમ કે અરિહંતને કેવળી સિદ્ધ કહેવા વર્તમાન નૈગમનય તે છે કે જે વર્તમાનની અધૂરી વાતને પૂરી કહે છે.

(૨) **સંગ્રહનય :** જે એક જાતિના ઘણા દ્રવ્યોને એક સાથે એકઠા કહે તે સંગ્રહનય છે. જેમ કે સત એ દ્રવ્યનું લક્ષણ છે. જીવનું ઉપયોગ લક્ષણ છે. બીજા શબ્દોમાં કહીએ તો ભિન્ન ભિન્ન પ્રકારની વસ્તુઓનો તથા અનેક વ્યકિતઓનો કોઇ પણ સામાન્ય તત્ત્વના આધાર પર એક રૂપે સંકલિત કરનારો વિચાર તે સંગ્રહનય. જેમકે કોઇ કહે કે હું તને આજે લાડુ જમાડીશ. આમ કહેનાર લાડુની સાથે દાળ, ભાત, શાક વગેરે બધુ જમાડે છતાં તેનું કહેવું સંગ્રહનયે સાચું છે.

(૩) **વ્યવહારનય :** વિવિધ વસ્તુઓને એક રૂપે સંકલીત કરીને તેનો વ્યવહાર ઉપયોગ કરવા પૃથ્થકરણ કરનારો તે વ્યવહારનય જેમકે કાપડ લેવા જનારને પોતાના ખપના કાપડનો વિભાગ કરવો પડે છે કે આ ખાદી છે. આ સુતરાઉ કાપડ છે. આ ટેરીકોટન છે. આ રેશમી છે. આ મિલનું કાપડ છે. વગેરે તે વ્યવહારનયનો વિષય છે.

નોંધ :- ઉપરના ત્રણ નય દ્રવ્યાર્થિક છે કેમકે તેમની દૃષ્ટિ દ્રવ્ય ઉપર રહે છે.

(૪) **ઋજુસૂત્ર નય :** સૂક્ષ્મ તથા સ્થૂલ પર્યાયમાત્ર જે વર્તમાનમાં છે તેને ગ્રહણ કરે તે ઋજુસૂત્ર નય છે જેમ કે ક્રોધ પર્યાય સહિતને ક્રોધી. અને દયા ભાવ સહિતને દયાવાન કહેવું. જે વિચાર ભૂતકાળ અને ભવિષ્યકાળને લક્ષમાં લીધા સિવાય માત્ર વર્તમાન પૂરતો જ વિચાર કરે છે. તે ઋજુસૂત્ર નય છે. જે પુત્ર હયાત હોઇ માતા-પિતાની સેવા કરે છે તે પુત્ર છે. એમ કહેવું તે.

(૫) **શબ્દ નય :** લિંગ, વચન, કારક, કાળ આદિના વિરોધરૂપ દોષો ઉપરથી દેખાતા જણાય તો પણ વ્યાકરણ કે સાહિત્યના નિયમોની અપેક્ષાએ શબ્દોનો વ્યવહાર કરવો તે શબ્દ નય છે. જેમ કે સ્ત્રીને સંસ્કૃતમાં દારા, ભાર્યા, કલત્ર કહે છે.

અહીં દારા શબ્દ પુલ્લિંગ છે અને કલત્ર નપુંસકલિંગ છે. તો પણ બરોબર છે. કોઇ મોટા માણસ માટે માનાર્થે બહુવનચનનો પ્રયોગ કરવો વગેરે.

(૬) **સમભિરૂઢ નય :** એક શબ્દના અનેક અર્થ પ્રસિદ્ધ છે. તેમાંથી એક લઇ કોઇ પદાર્થને માટે તેનો પ્રયોગ કરવો તે સમભિરૂઢનય છે. જેમકે ગો શબ્દનો અર્થ પૃથ્વી, આકાશ, નક્ષત્ર, વિજળી, વાણી આદિ છે તો પણ ગાયને માટે વાપરવો. જેમ સ્ત્રીને સ્ત્રી, અબળા, નારી આદિ કહેવું. આ નય શબ્દની વ્યુત્પત્તિને આધારે અર્થભેદ કલ્પે છે. જેમ કે રાજ ચિન્હોથી શોભે તે ''રાજા''. પૃથ્વીનું પાલન કરે તે ''ભૂપાલ''. એમ વ્યુત્પત્તિ પ્રમાણે જુદા જુદા અર્થ ભેદ કલ્પે તે સમભિરૂઢ નય છે.

(૭) **એવંભૂત નય :** જે શબ્દનો જે વાસ્તવિક અર્થ હોય તેવી ક્રિયા કરનારનો તે શબ્દથી વ્યવહાર કરવો તે એવંભૂત નય છે. વૈદું કરતો હોય તેને વૈદ્ય કહેવાય. પૂજન કરતો હોય તેને પૂજારી કહેવાય. રાજદંડ ધારણ કરીને રાજચિન્હોથી રાજસિંહાસને બેઠેલો હોય ત્યારે રાજા કહેવો. અર્થાત્ કાર્ય પુરૂ થયે જ કાર્ય પુરૂ થયું તેમ જે કહેવુ તે. જેમ કે, સ્ત્રી ઘડામાં પાણી ભરીને જતી હોય ત્યારે જ તેને ઘડો કહેવો તે એવંભૂત નયનાં આધારે ખરું છે.

પ્ર : ૪૯ કયા નયમાંથી કયા મતો ઉદ્ભવેલા છે ?

ઉ : ૪૯ (૧) નૈગમનય નામના પ્રથમ નયમાંથી સાંખ્ય દર્શન અને વૈશેષિક ન્યાય દર્શન ઉદ્ભવેલું છે.

(૨) સંગ્રહનય નામના બીજા નયમાંથી વેદાંત દર્શન ઊંભુ થયું છે.

(૩) ઋજુસૂત્ર નય નામના ચોથા નયમાંથી બૌધ દર્શન ઉદ્ભવેલું છે.

(૪) શબ્દ નય નામના પાંચમા નયમાંથી બ્રહ્મજ્ઞાનીનો શબ્દ બ્રહ્મ મત ઊભો થયેલો છે.

(૫) સર્વ નયોમાંથી જૈન દર્શન ઉદ્ભવેલું છે.

પ્ર : ૫૦ પ્રમાણ તે શું છે ? તેના કેટલા ભેદ છે તે જણાવો ?

ઉ : ૫૦ જેનાથી અર્થ પદાર્થ જાણી શકાય તે પ્રમાણ અથવા જાણવું તે પ્રમાણ કહેવાય. તેના ચાર પ્રકાર છે.

(૧) પ્રત્યક્ષ પ્રમાણ (૨) અનુમાન પ્રમાણ (૩) આગમ પ્રમાણ (૪) ઉપમા પ્રમાણ

[૧] **પ્રત્યક્ષ પ્રમાણ :** પ્રત્યક્ષના બે પ્રકાર છે. (૧) ઇન્દ્રિય પ્રત્યક્ષ એટલે કે પાંચ ઇન્દ્રિયથી થતું જ્ઞાન તે ઇન્દ્રિય પ્રત્યક્ષ છે. (૨) નોઇન્દ્રિય પ્રત્યક્ષ એટલે કે પાંચ

ઇન્દ્રિય અને મનની સહાયતા વિના અહંકાર શુદ્ધિથી અને આત્માની યોગ્યતાના બળથી ઉત્પન્ન થતું જ્ઞાન જેવાં કે અવધિજ્ઞાન, કેવળજ્ઞાન વગેરે.

[૨] **અનુમાન પ્રમાણ :** તે ત્રણ પ્રકારનું છે. પૂર્વવત, શેષવત અને દૃષ્ટ સાધર્મ્યવત.

પૂર્વવત : જેમ નાશી જઇને ફરી પાછા આવેલા પુત્રને માતા કોઇ ઘા કે અન્ય પૂર્વનિશાનથી ઓળખી કાઢે તેમ પૂર્વે જાણેલા નિશાનથી જે જ્ઞાન થાય તે પૂર્વવત.

શેષવત : કાર્ય વગેરેની નિશાનીઓથી પરોક્ષ પદાર્થનું જે જ્ઞાન થાય તે. જેમ કે અહીં મોરનો અવાજ હોવાથી આટલામાં ક્યાંક મોર હોવો જોઇએ.

દૃષ્ટ સાધર્મ્યવત : એક પદાર્થના સ્વરૂપનું નિરીક્ષણ કરવાથી એવા સ્વરૂપવાળા બીજા પદાર્થો પણ એ પ્રકારના છે એવુ જે જ્ઞાન તે દૃષ્ટ સાધર્મ્યવત્ કહેવાય. જેમ કે ૮૦ રતીભારનો એક કર્ષ જોવાથી એના જેવા જે બીજા તે પણ કાર્પાપણ કહેવાય તેવું જ્ઞાન.

બીજા મતે જે વસ્તુ અનુમાનથી જણાય તે અનુમાન તેના પાંચ ભેદ છે.

(૧) **કારણથી :** જેમ ઘડાનું કારણ માટી છે. માટીનું કારણ ઘડો નથી.

(૨) **ગુણથી :** જેમ પુષ્પમાં સુગંધ, સુર્વણમા કોમળતા, જીવમાં જ્ઞાન છે તે રીતે.

(૩) **આસરણ :** જેમ ધુમાડાથી અગ્નિનું અનુમાન થાય, વિજળી જોતાં વાદળનું અનુમાન કરી શકાય.

(૪) **આવપવેણ :** દંતસૂળ જોવાથી હાથી અને ચૂડીઓ જોવાથી બૈરીનું અનુમાન થાય.

(૫) **છટ્ઠી સામના :** સામાન્યથી વિશેષને જાણે. એક માણસને જોઇ દેશના આખા માણસોને જાણે તે. ભલાં-બુરાં ચિન્હ જોઇ ત્રણેય કાળના જ્ઞાનની કલ્પના થઇ શકે.

[૩] **ઉપમા પ્રમાણ :** જેવી ગાય હોય છે તેવો જ ગવય (રોઝ) હોય છે. એવા ઇત્યાદિ જ્ઞાનને ઉપમા પ્રમાણ કહેવાય. ઉપમા પ્રમાણના ચાર ભેદ છે.

(૧) યથાર્થ વસ્તુને યર્થાથ ઉપમા આપવી.

(૨) યથાર્થ વસ્તુને અયથાર્થ ઉપમા આપવી.

(૩) અયથાર્થ વસ્તુને યથાર્થ ઉપમા આપવી.

(૪) અયથાર્થ વસ્તુને અયથાર્થ ઉપમા આપવી.

[૪] **આગમ પ્રમાણ :** તેના ત્રણ પ્રકાર છે. સૂત્ર, અર્થ, સૂત્રાર્થ.

(૧) મૂળ રૂપ આગમને સૂત્રાગમ કહે છે.

(૨) શાસ્ત્રના અર્થ રૂપ આગમને અર્થાગમ કહે છે.

(૩) સૂત્ર અને અર્થના બંનેના એકાકારને તદુભયાગમ અર્થાત સૂત્રાર્થ કહે છે.

પ્ર : ૫૧ સપ્તભંગી એટલે શું ?

ઉ : ૫૧ સાત ભંગ તેને સપ્તભંગી કહે છે.

(૧) અસ્તિ (છે.)

(૨) નાસ્તિ (નથી.)

(૩) અસ્તિ, નાસ્તિ (છે, નથી)

(૪) અવ્યકતવ્ય (કહી શકાતુ નથી)

(૫) અસ્તિ અવ્યકતવ્ય (છે, પણ કહી શકાતું નથી)

(૬) નાસ્તિ અવ્યકતવ્ય (નથી, પણ કહી શકાતું નથી)

(૭) અસ્તિ નાસ્તિ અવ્યકતવ્ય (છે નથી, કહી શકાતું નથી)

પ્ર : ૫૨ દિગંબર સંપ્રદાયના કયા સિદ્ધાંત ગ્રંથો વધુ પ્રચલિત છે ?

ઉ : ૫૨ (૧)ષટખંડાગમ (૨)કષાય પાહુડ નામના સિદ્ધાંત ગ્રંથો વધુ પ્રચલિત છે.

પ્ર : ૫૩ પ્રજ્ઞાપના એટલે શું ?

ઉ : ૫૩ જીવ અને અજીવ. વિશેનું નિરૂપણ હોય તે શાસ્ત્રને પ્રજ્ઞાપના કહેવાય. શ્યામાચાર્ય નામના આચાર્ય મહારાજે પ્રજ્ઞાપના ગ્રંથની રચના કરી હતી.

પ્ર : ૫૪ ધર્મ દેશના આપવાનો અધિકાર કોને ?

ઉ : ૫૪ ધર્મ દેશના દેવાનો અધિકાર નિશીથસૂત્રને જાણનારા અને પંચ મહાવ્રત ધારણ કરનારા સાધુ સિવાય બીજા કોઈને પણ નથી.

પ્ર : ૫૫ બારમુ અંગ દૃષ્ટિવાદ વિચ્છેદ કેમ પામ્યું ?

ઉ : ૫૫ બારમું અંગ દૃષ્ટિવાદ હતું તેમાં મંત્ર-તંત્ર વગેરે વિજ્ઞાન ભરપુર પ્રમાણમાં હતું પરંતુ બાર વર્ષના દુકાળમાં વિચ્છેદ પામ્યું.

પ્ર : ૫૬ હરિભદ્રસૂરિજી મહારાજે કેટલા ગ્રંથો લખેલા ?

ઉ : ૫૬ હરિભદ્રસૂરિજી મહારાજે ૧,૪૪૪ ગ્રંથોની રચના કરેલી. (કેટલાક એવું માને છે કે ૧,૪૦૦ ગ્રંથો રચ્યા કેટલાંક માને છે ૧,૪૪૦ ગ્રંથો રચ્યા છે.) તેઓશ્રીના ગ્રંથોમાં છેડે "વિરહ" અથવા તો "યાકિનીમહતેરાસૂનું" શબ્દ મૂકવામાં આવ્યો છે.

પ્ર : ૫૭ પયન્ના અથવા પ્રકીર્ણક એટલે શું ?

ઉ : ૫૭ શ્રી તીર્થંકર દેવે અર્થથી જણાવેલા શ્રુતને અથવા સૂત્રને અનુસરીને મહાબુદ્ધિશાળી મુનિવરો જેની રચના કરે તે પ્રકીર્ણક અથવા પયન્ના કહેવાય. પ્રાકૃતમાં પઈણ્ણાગ અને સંસ્કૃતમાં પ્રકીર્ણક તથા ગુજરાતી ભાષામાં પયન્ના કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો ઔપપાતિકી બુદ્ધિ વગેરે ચાર પ્રકારના બુદ્ધિના ગુણોને ધારણ કરનાર શ્રી તીર્થંકર દેવના શિષ્યો જે બનાવે તે પ્રકીર્ણક કહેવાય અથવા ઉત્તમ સૂત્રોને બનાવવાની શકિતને ધારણ કરનારા મુનિઓએ કે પ્રત્યેક બુદ્ધે જે બનાવ્યું હોય તે પ્રકીર્ણક કહેવાય.

પ્ર : ૫૮ કલ્પસૂત્ર શું છે ?

ઉ : ૫૮ કલ્પસૂત્ર સાક્ષાંત કલ્પવૃક્ષ છે. મહાવીર ચરિત્ર એનુ બીજ છે. શ્રી પાર્શ્વનાથ ચરિત્ર અંકુર છે. શ્રી નેમિનાથ ચરિત્ર થડ છે. શ્રી વૃષભદેવ ચરિત્ર શાખાઓ છે. સ્થવિરાવલી પુષ્પો છે. સમાચારી સુગંધ છે. અને ફળ મોક્ષ છે. કલ્પસૂત્ર એ પર્યુષણ પર્વમાં વાંચવાનો શ્રવણ કરવાનો ધર્મગ્રંથ છે. તેના નવ વ્યાખ્યાનો છેલ્લા પાંચ દિવસમાં પૂર્ણ કરવાનાં હોય છે. અર્થાત્ આ છેલ્લા પાંચ દિવસ વંચાય છે.

પ્ર : ૫૯ કલ્પસૂત્રની રચના કોણે કરી હતી ?

ઉ : ૫૯ શ્રી ભદ્રબાહુ સ્વામિએ નવમાં પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વમાંથી ઉદ્ધરીને શ્રી દશાશ્રુતસકન્ધ નામના આગમમાં આઠમા અધ્યયન તરીકે કલ્પસૂત્ર પ્રગટ કર્યુ છે. આ કલ્પસૂત્રમાં ૧,૨૧૬ શ્લોકો હોવાથી તેને બારસા સૂત્ર તરીકે પણ કેટલાક ઓળખે છે.

પ્ર : ૬૦ કલ્પસૂત્રને પુસ્તકરૂપે ક્યાં સંગ્રહ કરેલ તથા ક્યારે જાહેરમાં વંચાયેલ ?

ઉ : ૬૦ ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષ પછી વલ્લભીપુરમાં કલ્પસૂત્રને પુસ્તકરૂપે સ્થાન મળ્યું અને તે પછી શ્રી ધ્રુવસેન રાજાની માંગણીથી તેઓના પુત્ર મરણના શોકને નિવારવા શ્રીવીર નિર્વાણ પછી ૯૯૭માં વર્ષે આનંદપુર (વડનગર)માં પ્રથમવાર સભા સમક્ષ વંચાયું. ત્યારથી આ કલ્પસૂત્રને સાંભળવાનો અધિકાર ચર્તુસંઘને અર્થાત્ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓને પ્રાપ્ત થયો છે.

પ્ર : ૬૧ વિષયવારની અપેક્ષાથી અક્ષરાત્મક શ્રુતજ્ઞાનના કેટલા ભેદ છે ?

ઉ : ૬૧ વિષયવારની અપેક્ષાથી અક્ષરાત્મક શ્રુતજ્ઞાનના મુખ્ય બે ભેદ છે :

(૧) **અંગબાહ્ય** : તેના ચૌદ ભેદ છે.

(૨) **અંગ પ્રવિષ્ટ** : તેના બાર ભેદ છે. [૧૧ અંગ જે પીસ્તાળીસ આગમમા કહીએ છીએ અને બારમુ અંગ જે વિચ્છેદ પામ્યું તે]

પ્ર : ૬૨ અંગ બાહ્યના ચૌદ ભેદનું વિગતવાર વર્ણન કરો ?

પ્ર : ૬૨ અંગ બાહ્યના ચૌદ ભેદ નીચે મુજબ જાણવા.

(૧) **સામાયિક** : સામાયિક શ્રુતાંગમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ એ છ પદ્ધતિ દ્વારા સમતા ભાવના વગેરેનું વર્ણન છે.

(૨) **ચતુર્વિંશતિસ્તવ** : આ શ્રુતાગમાં ચોવીસ તીર્થંકરોના નામ, અવગાહના, કલ્યાણક, અતિશય અને તેમની વંદનાવિધિ અને વંદના ફળનું વર્ણન છે.

(૩) **વંદના** : આ શ્રુતાંગમાં જિનેન્દ્રદેવની અને જિનેન્દ્રદેવના અવલંબનથી જિનાલયની વંદનાની વિધિનું વર્ણન છે.

(૪) **પ્રતિક્રમણ** : આ શ્રુતાંગમાં દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક ઐર્યાપથિક અને ઔતમાર્થિક આ સાત પ્રકારના પ્રતિક્રમણોને કાળ અને શક્તિ અનુસાર કરવાની વિધિનું વર્ણન છે.

(૫) **વૈનયિક** : આ શ્રુતાંગમાં જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચાર વિનય એમ ચાર પ્રકારના વિનયનું વર્ણન છે.

(૬) **કૃતિકર્મ** : આ શ્રુતાંગમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠિઓની પૂજાવિધિનું વર્ણન છે.

(૭) **દશવૈકાલિક** : આ શ્રુતાંગમાં દશ વિશિષ્ટ કાળોમાં થવાવાળી વિશેષતા તથા મુનિજનોના આચરણની વિધિનું વર્ણન છે.

(૮) **ઉતરાધ્યયન** : આ શ્રુતાંગમાં કેવી રીતે ઉપસર્ગ સહન કરવા કેવી રીતે પરિષહ સહન કરવા વગેરે અનેક પ્રશ્નોના ઉત્તર આપવામાં આવ્યા છે.

(૯) **કલ્પવ્યવહાર** આ શ્રુતાંગમાં સાધુઓના કલ્પ એટલે યોગ્ય આચરણોનાં વ્યવહારનું વર્ણન છે.

(૧૦) **કલ્પ્યાકલ્પ્ય** : આ શ્રુતાંગમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર મુનિઓને માટે આ યોગ્ય છે અને આ અયોગ્ય છે એ રીતનું વિગતવાર વર્ણન છે.

(૧૧) **મહાકલ્પ** : કાળ અને સંહનનની અનુકૂળતાની પ્રધાનતા સાધુઓના યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, આદિનું વર્ણન આ શ્રુતાંગમાં છે.

(૧૨) **પુણ્ડરીક** : આ શ્રુતાંગમાં ચાર પ્રકારના દેવોમાં ઉત્પત્તિના કારણ રૂપ પૂજા, તપ, દાન, વ્રત આદિ અનુષ્ઠાનોનું વર્ણન છે.

(૧૩) **મહાપુણ્ડરીક** : આ શ્રુતાંગમાં ઇન્દ્રો અને પ્રતિઇન્દ્રોમાં ઉત્પત્તિના કારણભૂત વિશિષ્ટ તપોના અનુષ્ઠાનનું વર્ણન છે.

(૧૪) **નિષિદ્ધિકા :** આ શ્રુતાંગમાં દોષોના નિરાકરણમાં સમર્થ એવા અનેક પ્રકારનાં પ્રાયશ્ચિતોનું વર્ણન છે.

પ્ર : ૬૩ પરિણામની અપેક્ષાથી કહેલા અઢાર પ્રકારના અક્ષરાત્મક શ્રુતજ્ઞાનમાંથી કયા ભેદોના કયા અંગ પૂર્વ આદિમાં સમાવેશ થાય છે ?

ઉ : ૬૩ ચૌદ પૂર્વોને છોડીને બાકીનું શ્રુતજ્ઞાન વસ્તુસમાસ પર્યન્તના સોળ ભેદોમાં સમાવેશ પામી જાય છે, જ્યારે ચૌદ પૂર્વો, પૂર્વશ્રુતજ્ઞાન, એ પૂર્વસમાસ શ્રુતજ્ઞાનમાં સમાવેશ પામે છે.

પ્ર : ૬૪ ચૂલિકાના કેટલા ભેદ છે ?

ઉ : ૬૪ ચૂલિકાના પાંચ ભેદ છે

(૧) **જળગતા ચૂલિકા :** જળ ઉપર કેવી રીતે ચાલી શકાય, અગ્નિનુ સ્તંભન, ભક્ષણ કેવી રીતે થઇ શકે. અગ્નિપ્રવેશ અથવા અગ્નિ ઉપર કેવી રીતે બેસાય એ બધી બાબતો સિદ્ધ કરનારા મંત્ર-તંત્ર તપસ્યાઓ વગેરેનું વર્ણન આમાં છે.

(૨) **સ્થળગતા ચૂલિકા :** મેરૂ પર્વત, ભૂમિ વગેરેમાં પ્રવેશ થાય અને શિઘ્રગમન કેવી રીતે થઇ શકે તેના મંત્ર-તંત્રનું વર્ણન છે.

(૩) **માયાગતા ચૂલિકા :** અદ્‌ભૂત માયાવાળી બાબતો બતાવવી. જે વસ્તુ અહીં નથી તેને તુરત જ હાજર કરવી. કોઇની ગુપ્ત વસ્તુને બતાવી દેવી વગેરે ઇન્દ્રજાળ સબંધી વાતોનું આમાં વર્ણન છે.

(૪) **આકાશગતા ચૂલિકા :** આકાશગમન થઇ શકે તેવા મંત્ર-તંત્ર સાધનાનું વર્ણન છે.

(૫) **રૂપગતા ચૂલિકા :** સિંહ, બળદ, વગેરે અનેક પ્રકારના રૂપ ધારણ કરવામાં કારણભૂત મંત્ર-તંત્ર આદિનું વર્ણન છે.

નોંધ : આ પાંચેય ચૂલિકામાં કુલ મળીને ૧૦,૪૯,૪૬,૦૦૦ પદો છે.

પ્ર : ૬૫ પૂર્ણ શ્રુતજ્ઞાન કોને કહે છે ?

ઉ : ૬૫ પૂર્ણ શ્રુતજ્ઞાન શ્રુતકેવળીને હોય છે. દ્વાદશાંગના પાઠી અને જ્ઞાતા તો ઇન્દ્ર, લોકાન્તિક દેવ અને સર્વાથ સિદ્ધ વિમાનના દેવો પણ હોય છે. પરંતુ અંગબાહ્ય (જ્ઞાન) થી અપરિચિત હોવાને લીધે તેઓ શ્રુતકેવળિ કહેવાતા નથી. શ્રુતકેવળિ નિગ્રંથ સાધુ થઇ શકે છે.

પ્ર : ૬૬ કોણ પીસ્તાળીસ આગમો ભણી ગયો કહેવાય ?

ઉ : ૬૬ જે ભગવાનના રૌદ્રધ્યાન, આર્તધ્યાન, ધર્મધ્યાન, અને શુક્લધ્યાન એ ચાર શબ્દ શીખી ગયો તે પેલી બાજુ ૪૫ આગમો ભણી ગયો. પીસ્તાળીસ

આગમોની તોલે આ ચાર ધ્યાન આવે. આ ચાર ધ્યાન વિશે વિગતવાર સમજી લીધું તે પીસ્તાળીસ આગમો ભણી ગયો કહેવાય.

પ્ર : ૬૭ પીસ્તાળીસ આગમોમાં વ્યવહાર અને નિશ્ચયના કેટલા ?

ઉ : ૬૭ પીસ્તાળીસ આગમમાંથી ત્રીસ વ્યવહાર માટે લખ્યા છે. અને પંદર રીયલ (નિશ્ચય) માટે લખાયા છે.

પ્ર : ૬૮ જ્ઞાનવિધિ દરમ્યાન અનુપ્રેક્ષા સૂત્રના કયા બે સૂત્ર દાદા મૂળ પ્રાકૃત ભાષામાં આપણી પાસે ઉચ્ચારણ કરાવે છે ?

ઉ : ૬૮ એગો મે સાસઓ અપ્પા, નાણ દંસણ-સંજુઓ, સેસા મે બાહીરા ભાવા, સવ્વે સંજોગ લકખણા, સંજોગ મૂલા જીવેણમ્ , પતા, દુઃખ પરંપરા, તમ્હા સંજોગ સબંધમ, સવ્વમ્ તીવીહેણ વોસીરીયામી

પ્ર : ૬૯ ભક્તામર સ્તોત્ર કોણે બનાવ્યું ?

ઉ : ૬૯ અદ્‌ભુત પ્રભાવશાળી ભક્તામર સ્તોત્ર શ્રી માનતુંગસૂરીજી મહારાજે બનાવેલું હતું.

પ્ર : ૭૦ કયા વાક્યમાં અગિયાર અંગ અને બાર ઉપાંગ આવી જાય છે ?

ઉ : ૭૦ "ભોગવે તેની ભૂલ" નો અર્થ બરોબર સમજે તો અગિયાર અંગ અને બાર ઉપાંગ આવી ગયાં.

પ્ર : ૭૧ આવશ્યકસૂત્રની રચના કોણે કરી ?

ઉ : ૭૧ આવશ્યકસૂત્રની રચના ગણધર ભગવંતોએ કરેલી છે.

પ્ર : ૭૨ નંદીસૂત્રના રચયિતા કોણ ?

ઉ : ૭૨ નંદીસૂત્રના રચયિતા ભગવાન શ્રી દેવવાચકસૂરિ પુરંદર છે "દેવવાચક વિરચિતોઅયમ્ ગ્રંથ" ના સત્તરમાં સૂત્રની ટીકામાં શ્રી હરિભદ્રસૂરીજીએ આ પ્રમાણે ઉલ્લેખ કરેલ છે.

પ્ર : ૭૩ બૃહતશાંતિ કોણે ક્યારે અને ક્યાં બનાવી ?

ઉ : ૭૩ શ્રી નેમિનાથપ્રભુજીના માતુશ્રી "શીવાદેવી" તેના રચનાર છે. તે નેમિનાથ ભગવાનના શાસનમાં બની કહેવાય અને દ્વારીકા નગરીમાં રચી હોય એવી પણ સંભાવના હોઇ શકે છે.

પ્ર : ૭૪ આગમ ક્યારે ન ભણી શકાય ?

ઉ : ૭૪ ઉત્તરાધ્યયનસૂત્રના સોળમા અધ્યયનની ચૌદહજારી ટીકામાં લખ્યું છે કે આઠમ અને ચૌદશે વાંચના કાળનો નિષેધ છે, તે દિવસે આગમો ન ભણવા.

卐

અધ્યાય તેરમો
શાસ્ત્ર પરિચય

પ્ર : ૧ શાસ્ત્ર કોને કહેવાય ?

ઉ : ૧ જે બધાને એડજેસ્ટેબલ હોય તેને શાસ્ત્ર કહેવાય પબ્લિકને એડજેસ્ટેબલ થાય તેનું નામ શાસ્ત્ર.

પ્ર : ૨ શાસ્ત્ર એ શું છે ?

ઉ : ૨ શાસ્ત્ર એ બુદ્ધિજન્ય જ્ઞાન જ છે ચેતન એમાં ના જડે શાસ્ત્રોમાં જે શબ્દો છે તે એક એક શબ્દ ઉપર લાખ લાખ પડ છે. એક વખત વાચું એટલે એક પડ ખસે એથી તમારુ કલ્યાણ ન થાય. લાખો પડ ખસે ત્યારે મૂળ અર્થ સમજાય પણ મર્મ ન સમજાય. શાસ્ત્ર એ સંસાર સારી રીતે ચલાવવા માટેનું જ્ઞાન છે. શાસ્ત્ર તો પ્રગટ અગ્નિ છે જો તને પકડતા નહી આવડે તો એને ખોટો હાથ અડાડીશ તોય તુ બળી મરીશ એ તો એના માટે ચીપિયો જોઈએ. શાસ્ત્રો ખોટા નથી પણ એ આત્મા આપી શકે નહીં. શાસ્ત્ર તો માત્ર અંગુલી નિર્દેશ કરે છે. ડીરેકશન બતાવે છે. અને શાસ્ત્ર તો ચોખ્ખુ કહે છે કે તારે દર અસલ જ્ઞાન જોઈતું હોય તો જ્ઞાની પાસે જા બીજા શબ્દોમાં કહીએ તો શાસ્ત્ર શબ્દ રૂપ છે. એ શબ્દોના અર્થ ખૂલતા ખૂલતા શબ્દાર્થ થાય છે પછી અર્થ આગળ વધે છે. તે અર્થ ખુલતાં ખૂલતાં પરમાર્થને પહોચે છે ત્યાં સુધી દૃષ્ટિ પહોંચી જાય છે. પણ શાસ્ત્રથી દૃષ્ટિ બદલાતી નથી. દૃષ્ટિ બદલવા માટે તો જ્ઞાનીપુરુષ જોઈએ. શાસ્ત્રો આરાધના કરવા માટે નહીં પણ કોઈનીય વિરાધના ના થાય તે માટે ભણવાનાં છે. શાસ્ત્રો એટલે ચર્ચા કરવાનું સાધન એમ અત્યારે વર્તાય છે.

પ્ર : ૩ શાસ્ત્રોના વાંચનથી પાપોનો નાશ થઈ શકે ?

ઉ : ૩ ના ! શાસ્ત્રોના વાંચનથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે.

પ્ર : ૪ શાસ્ત્રોની આરાધના એ શું છે ?

ઉ : ૪ શાસ્ત્રોની આરાધના એ પારિભાષિક શબ્દોની આરાધના છે.

પ્ર : ૫ જગતમાં શાસ્ત્રો શા માટે રચાયાં છે ?

ઉ : ૫ વાંધા- વચકા ને અજ્ઞાન માન્યતાઓ આ ત્રણથી જગતની ભ્રાંતિ ઊભી રહી છે.

આ ત્રણ જ શબ્દો કાઢવા માટે આખા જગતનાં શાસ્ત્રો રચાયાં છે. અંહકાર, અને મમતા કાઢવા માટે અને મન વશ કરવા માટે બધાં શાસ્ત્રો રચાયાં છે.

પ્ર : ૬ શાસ્ત્રોમાં જે બધું લખ્યુ છે તે શેના માટે છે ?

ઉ : ૬ શાસ્ત્રોમાં જે લખ્યું છે એ બધું કરવા માટે નથી કહ્યું માણસથી થાય જ નહીં લખ્યું છે તે જ્ઞાન છે તે જ્ઞાન જાણવાનું છે. જ્ઞાન કરવાનું ના હોય જ્ઞાન જો કરવા જાય તો ચેતન છે તે અચેતન થઇ જાય શાસ્ત્રમાં જે જ્ઞાન છે તે શ્રુતજ્ઞાન કહેવાય છે અને શ્રુતજ્ઞાન વાંચનારને મતિજ્ઞાન થાય અને મતિજ્ઞાન જાણવાનું છે સમજીને જાણવાનું અગર જાણીને સમજવાનું છે. બે માંથી એક કરવાનું છે તેને બદલે આ તો કરવાનું લઇને બેઠા, તરત ને તરત. જ્ઞાન એટલે સમજવાનું છે. શાસ્ત્રોમાં જે શ્રુતજ્ઞાન છે એ નિર્મોહી બનાવવાની ચીજ છે શાસ્ત્ર નિર્મોહી બનાવવાનું સાધન છે પણ જો શાસ્ત્રોમાજ રમણતા થઇ તો એ મોહ છે.

પ્ર : ૭ તમામ શાસ્ત્રોનુ રહસ્ય શું છે ?

ઉ : ૭ અહિંસા એ તમામ શાસ્ત્રોનું રહસ્ય છે.

પ્ર : ૮ સાચાં શાસ્ત્રો કોને કહેવાય ?

ઉ : ૮ બધાં જ શાસ્ત્રોએ કળિયુગને આવવા દીધો છે પણ સાચાં શાસ્ત્રો તો તેનું નામ કહેવાય કે કળિયુગ ના આવવા દે.

પ્ર : ૯ ભગવાને ક્યા ત્રણ શાસ્ત્રો જાતે વાંચવાની ના પાડી છે ?

ઉ : ૯ ભગવાને (૧) જ્યોતિષ શાસ્ત્ર (૨) વૈદકશાસ્ત્ર અને (૩) ધર્મશાસ્ત્ર આ ત્રણ શાસ્ત્ર તેના જાણકારની ગેરહાજરીમાં જાતે વાચવાની ના પાડી છે.

પ્ર : ૧૦ કોને શાસ્ત્ર વાંચવાની છૂટ છે ?

ઉ : ૧૦ ગુરૂ ગમ હોય તેને શાસ્ત્ર વાચવાની છૂટ છે. શાસ્ત્રો એ બુદ્ધિજન્ય જ્ઞાન છે.

પ્ર : ૧૧ આ જગતનાં તમામ શાસ્ત્રોનો સાર શું છે ?

ઉ : ૧૧ "પ્રાપ્ત સંજોગોનો સુમેળ રાખીને સમતાથી નિકાલ કરો" આ ગજબનું એક જ વાક્ય જગતના તમામે તમામ શાસ્ત્રોના સાર રૂપે છે. પ્રાયી સંયોગોના આપણે જ્ઞાતાદષ્ટ્રા અને અપ્રાપ્ત સંયોગોના આપણે જ્ઞાતાદષ્ટ્રા રહેવાનું. જગતના બધા શાસ્ત્રોનો સાર શું કે મળ, વિક્ષેપ અને અજ્ઞાન કાઢવાનાં છે.

પ્ર : ૧૨ કયા બે વાક્યમાં બધાય શાસ્ત્રોનું આખુ જ્ઞાન સમાયેલું છે ?

ઉ : ૧૨ ભગવાન કહે છે " જા ડીસચાર્જ થાય છે તેની જોખમદારી અમારી પણ ચાર્જ ના થવા દઇશ " આ બે જ વાક્યમાં બધાય શાસ્ત્રનું આખું જ્ઞાન સમાયેલું છે.

પ્ર : ૧૩ શુ સમજ્યો તો બધા શાસ્ત્રો સમજી ગયો કહેવાય ?

ઉ : ૧૩ મન,વચન, કાયા, એ વળગણ છે એટલુ જ જો તુ સમજ્યો તો બધાં શાસ્ત્રો ભણી ગયો. આ ત્રણ વળગણ વળગેલાં છે તેનાથી જ છૂટવાની જરૂર છે. ઘર, બૈરી, છોકરા છોડવાની જરૂર નથી. આ ઉપરાંત '' ભોગવે તેની ભૂલ '' આ વાક્ય સમજી ગયો તે બધાં જ શાસ્ત્ર સમજી ગયો કહેવાય.

પ્ર : ૧૪ ચાર વેદનાં ચાર મહાવાક્યોનો સરવાળો શું ?

ઉ : ૧૪ 'અહંમબ્રહ્મ', 'તત્વમસિ', 'અયમ આત્મા બ્રહ્મ', 'પ્રજ્ઞાનમબ્રહ્મ' આ ચારેય વાક્યોનો એક સરવાળો તે ''બ્રહ્મવિલાસ'' છે.

પ્ર : ૧૫ કયાં પુસ્તકો તત્ત્વ જ્ઞાનનાં કહેવાય ?

ઉ : ૧૫ જે પુસ્તકો વાંચવાથી ક્રોધ, માન, માયા, લોભ, ઘટે તે પુસ્તકો તત્ત્વજ્ઞાનના કહેવાય.

પ્ર : ૧૬ ચાર વેદ વિશે માહિતી આપો ?

ઉ : ૧૬

વેદનુ નામ	રચયિતા	વિષય	મંત્રસંખ્યા	અધ્યાય	સૂક્ત	મંડળ
(૧) ઋગ્વેદ	અગ્નિઋષિ	જ્ઞાનકાંડ	૧૦,૪૬૭	૬૪	૧,૦૨૮	૧૦
(૨) યજુર્વેદ	વાયુ ઋષિ	કર્મકાંડ	૧,૯૭૫	૪૦	૩૦૩ (અંનુવાક)	-
(૩) સામવેદ	આદિત્યઋષિ	ઉપાસનાકાંડ	૧,૫૪૯	-	-	-
(૪) અથર્વવેદમાં	અંગિરાઋષિ	વિજ્ઞાનકાંડ	૫,૯૮૭	૨૦ (કાંન્ડ)	૭૬૧	

ચારેય વેદમાં કુલ મળીને ૭,૬૮,૦૦૦ શબ્દો છે.

નોધ : અન્ય ગ્રંથોમા મંત્રોની સંખ્યામા થોડો ફેરફાર જણાયેલ છે.

પ્ર : ૧૭ વેદનાં છ અંગ વિષે જણાવો ?

ઉ : ૧૭ વેદના છ અંગ નીચે મુજબ જાણવાં :-

(૧) **શિક્ષા** : વેદપાઠ કેવી રીતે કરવો તેનુ વિધાન અને શુદ્ધ ઉચ્ચાર શીખવવામાં આવે તે શિક્ષા.

(૨) **કલ્પ** : યજ્ઞયાગાદિ કર્મકાંડ અને ગૃહ સૂત્રની ગણના.

(૩) **વ્યાકરણ** : દરેક શબ્દોના અર્થ અને તેના બોધનો પ્રકાર.

(૪) **નિરુકત** : શબ્દકોશ.

(૫) **છન્દ :** વેદોના છંદોની જાતિ અને ભેદ વર્ણવેલા છે.

(૬) **જ્યોતિષ :** બ્રહ્માન્ડનું વિવરણ છે.

પ્ર : ૧૮ વેદનાં છ ઉપાંગો વિશે જણાવો ?

ઉ : ૧૮ વેદનાં છ ઉપાંગો રૂપ છ દર્શનો નીચે મુજબ જાણવાં :-

દર્શનોના નામ	**રચનાર ઋષી**	**અધ્યાયની સંખ્યા**	**સૂત્રની સંખ્યા**
(૧) ન્યાય દર્શન	ગૌતમ	૫	૫૩૯
(૨) વૈશેષીક દર્શન	કણાદ	૧૦	૩૭૦
(૩) સાખ્યં દર્શન	કપિલ	૬	૫૩૭
(૪) યોગ દર્શન	પતંજલિ	૪૧	૧૯૫
(૫) મીમાંસા	જૈમિની	૧૬	૨,૬૪૪
(૬) વેદાંત દર્શન	વ્યાસ	૪	૫૫૫

પ્ર : ૧૯ વેદની શાખાઓ કેટલી છે ?

ઉ : ૧૯ જુદા જુદા મત મુજબ વેદની શાખાઓ નીચે મુજબ છે :-

વેદનુ નામ	**એકમત**	**બીજોમત**	**ત્રીજોમત**
(૧) ઋગ્વેદ	૨૧	૨૧	૨૧
(૨) યજુર્વેદ	૧૦૧	૧૦૯	૧૦૦
(૩) સામવેદ	૧,૦૦૦	૧,૦૦૦	૧,૦૦૦
(૪) અથર્વવેદ	૯	૫૦	૬
	૧,૧૩૧	૧,૧૮૦	૧,૧૨૭

પ્ર : ૨૦ સંસ્કૃત સાહિત્યને કેવી રીતે વિભાજિત કરવામા આવે છે ?

ઉ : ૨૦ સંસ્કૃત સાહિત્યને છ પરંપરાગત અને ચાર લૌકિક વિષયોમાં વિભાજિત કરવામાં આવે છે.

(૧) શ્રુતિ (૨) સ્મૃતિ (૩) ઇતિહાસ (૪) પુરાણ (૫) આગમ (૬) દર્શન.

ચાર લૌકિક વિષયો જેવા કે (૧) સુભાષિત (૨) કાવ્ય (૩) નાટક (૪) અલંકાર.

પ્ર : ૨૧ ઉપનિષદ શુ છે તે કેટલાં છે તેના શ્લોકોની સંખ્યા જણાવો ?

ઉ : ૨૧ ઉપનિષદ એ વર્તન જ્ઞાન છે. ગુરૂ અને શિષ્ય વચ્ચે થયેલ સંવાદ છે. આવાં ઉપનિષદોની સંખ્યા મુખ્યત્વે અગિયાર છે જે નીચે મુજબ જાણવાં :-

ઉપનિષદનુ નામ	મંત્ર સંખ્યા
(૧) ઇશ (ઇશોઉપનિષદ)	૧૮
(૨) કેન (કેનોઉપનિષદ)	૩૪
(૩) કઠ (કઠો ઉપનિષદ)	૧૨૦
(૪) પ્રશ્નો ઉપનિષદ	૬૭
(૫) મુંડક ઉપનિષદ	૬૪
(૬) માંડુક્ય ઉપનિષદ	૩૧ કારિકા ૨૧૫ મંત્ર
(૭) ઐતરેય ઉપનિષદ	૧૯
(૮) તૈત્તિરીય ઉપનિષદ	અનુવાક ૧૦
(૯) છાંદોગ્ય ઉપનિષદ	અધ્યાય ૮ પ્રપાઠક ૧૦
(૧૦) બૃહદારણ્યક ઉપનિષદ	અધ્યાય ૬ બ્રાહ્મણ ૧૭
(૧૧) શ્વેતાશ્વતર ઉપનિષદ	૯૯

પ્ર : ૨૨ અન્ય વૈદિક માન્યતા અનુસાર ૧૦૮ ઉપનિષદ કેવી રીતે ગણત્રીમાં લેવાય છે ?

ઉ : ૨૨ અન્ય વૈદિક માન્યતા અનુસાર કુલ ઉપનિષદ ૧૦૮ ગણાય છે :-

શેમાંથી લીધેલા	ઉપનિષદની સંખ્યા
(૧) ઋગ્વેદમાંથી -	૧૦
(૨) યર્જુવેદમાંથી શુકલ -	૧૯
કૃષ્ણ -	૩૨
(૩) સામવેદમાંથી -	૧૬
(૪) અથર્વવેદમાંથી -	૩૧
	૧૦૮

પ્ર : ૨૩ પુરાણ એટલે શું ? પુરાણોનાં નામ તેમનો રચનાકાળ અને તેના શ્લોકોની સંખ્યા જણાવો ?

ઉ : ૨૩ સૃષ્ટિ, પ્રલય, પ્રસિદ્ધ રાજવંશ પરંપરા, મન્વતરોનું વર્ણન અને વિશિષ્ટ વ્યક્તિઓના પવિત્ર ચારિત્ર આ પાંચ વિષય પ્રધાનરૂપે જે ગ્રંથમાં વર્ણિત હોય તેને પુરાણ કહેવાય. આવાં અઢાર પુરાણોની વિગત નીચે મુજબ જાણવી :-

પુરાણનું નામ	તેનો રચનાકાળ	તેના શ્લોકોની સંખ્યા
(૧) બ્રહ્મ	ઈ.સ.ની ૧૩ મી શતાબ્દી	૧૦,૦૦૦
(૨) પદ્મ	ઈ.સ.ની ૧૬ મી શતાબ્દી પ્રશ્ચાત	૫૫,૦૦૦
(૩) વિષ્ણુ	ઈ.સ. પૂર્વે બીજી સદી	૨૩,૦૦૦

(૪) શિવ	ઈ.સ.ની ચોથી શતાબ્દી	૨૪,૦૦૦
(૫) ભાગવત	ઈ.સ.ની ચોથી સદી	૧૮,૦૦૦
(૬) નારદીય	ઈ.સ.ની સાતમીથી નવમી સદી	૨૫,૦૦૦
(૭) માર્કણ્ડેય	ઈ.સ.ની ચોથી-પાંચમી સદી વચ્ચે	૯,૦૦૦
(૮) અગ્નિ	ઈ.સ.ની ૭થી૯ મી સદી વચ્ચે	૧૫,૪૦૦
(૯) ભવિષ્ય	ઈ.સ.ની ૧૦ મી સદી	૧૪,૫૦૦
(૧૦) બ્રહ્મવૈવર્ત	ઈ.સ.ની ૧૫ મી શતાબ્દી	૧૮,૦૦૦
(૧૧) લિંગ	ઈ.સ.ની ૮-૯ મી સદી	૧૧,૦૦૦
(૧૨) વરાહ	ઈ.સ.ની ૯-૧૦ મી સદી	૨૪,૦૦૦
(૧૩) સ્કન્દ	ઈ.સ.ની ૭થી૯ મી સદી વચ્ચે	૮૧,૧૦૦
(૧૪) વામન	ઈ.સ.ની ૬ઠ્ઠી થી ૯ મી સદી વચ્ચે	૧૦,૦૦૦
(૧૫) કૂર્મ	ઈ.સ.ની છઠ્ઠી સાતમી સદી	૧૭,૦૦૦
(૧૬) મત્સ્ય	ઈ.સ.ની બીજી થી ચોથી સદી	૧૪,૦૦૦
(૧૭) ગરૂડ	ઈ.સ.ની નવમી સદી	૧૯,૦૦૦
(૧૮) બ્રહ્માંડ	ઈ.સ.ની છઠ્ઠી સદી	૧૨,૦૦૦
	કુલ શ્લોકો	૪,૦૦,૦૦૦

નોંધ : (૧) અઢાર પુરાણના કુલ શ્લોકો ચાર લાખ છે.

(૨) અઢાર પુરાણનો સાર શું કે અહંકાર અને મમતા અર્થાત હું અને મારુ છોડો.

પ્ર : ૨૪ ભાગવત પુરાણમાં કેટલા શ્લોકો છે કેટલા અધ્યાયો છે ?

ઉ : ૨૪ નારદના કહેવાથી શ્રી વ્યાસજીએ શ્રીમદ ભાગવત પુરાણની રચના કરી છે તેમાં બાર સ્કંધ છે કુલ ૩૩૫ અધ્યાયો છે અને કુલ ૧૮,૦૦૦ શ્લોકો છે. આ શ્રીમદ ભાગવત એ પુરાણ સાહિત્યનો મુકુટમણિ છે. તેના બાર સ્કંધમાં કેટકેટલા અધ્યાય છે તે નીચે મુજબ જાણવું :-

સ્કંધ	**અધ્યાય**
(૧) પહેલો -	૧૯
(૨) બીજો -	૧૦
(૩) ત્રીજો -	૩૩
(૪) ચોથો -	૩૧
(૫) પાંચમો -	૨૭
(૬) છઠ્ઠો -	૧૯

સ્કંધ	અધ્યાય
(૭) સાતમો -	૧૫
(૮) આઠમો -	૨૪
(૯) નવમો -	૨૪
(૧૦) દશમો -	૮૯
(૧૧) અગિયારમો -	૩૧
(૧૨) બારમો -	૧૩
	૩૩૫

પ્ર : ૨૫ ષટ્સંપતિ એટલે શું ?

ઉ : ૨૫ ષટ્સંપતિ એટલે છ પ્રકારની સંપત્તિ જે નીચે મુજબ જાણવી.

(૧) **શમ** : મનની ઉપશાંતતાને શમ કહેવાય.

(૨) **દમ** : ઈન્દ્રિય નિગ્રહને દમ કહેવાય.

(૩) **ઉપરતિ** : મનને બીજી દિશામાં વાળવું તે. ઉપરતિ.

(૪) **તિતિક્ષા** : સહન કરવું

(૫) **શ્રદ્ધા** : શાસ્ત્ર વચનોમાં અને ગુરુ વચનોમાં વિશ્વાસ રાખવો તે શ્રદ્ધા.

(૬) **સમાધાન** : મનોયોગથી મનની સમતુલા જાળવવી તે સમાધાન.

પ્ર : ૨૬ વેદ શું છે ?

ઉ : ૨૬ વેદ એ થીયરીકલ છે. વેદ તો બુદ્ધિ જન્ય જ્ઞાન છે. ક્રિયા સહિત છે અને ત્રિગુણાત્મક છે વેદ એ તો સાધન જ્ઞાન છે. સાધ્ય જ્ઞાન નથી. વેદ એ તો એક બોર્ડ છે. અહીં આગળ એક બોર્ડ હોય કે Way of Rajmahel તેથી કંઈ રાજમહેલ પહોંચી જાય. એ તો એ રસ્તે ચાલવું પડે. વેદ એ તો ઊંચે લઈ જવાનું સાધન છે એ પાંચમું દર્શન છે તે આગળના ચાર દર્શનોથી ઊંચું છે અને છઠ્ઠુ દર્શન એટલે પૂર્ણાહુતિ. વેદ એટલે સંસાર ચલાવવાનું ત્રણ ગુણનું જ્ઞાન. તત્વજ્ઞાનના પિપાસુ જીવોને શુ હેય અર્થાત છોડવા જેવું શું છે ? (અહંકાર અને મમતા), જ્ઞેય શું છે એટલે જાણવા જેવું શું છે ? (આત્મા, અનાત્મા તથા બીજા ચાર શાશ્વત, દ્રવ્યો) અને ઉપાદેય એટલે આદરવા જેવું શું છે. (સંયમ, તપ, પુરૂષાર્થ) આ રીતે હેય, જ્ઞેય અને ઉપાદેયની સમઝણ પૂરી પાડતું શાસ્ત્ર તે વેદ છે.

પ્ર : ૨૭ ભગવાન ઋષભદેવે વેદો કોની પાસે લખાવેલા ?

ઉ : ૨૭ ભગવાન ઋષભદેવે પોતાના દીકરા ભરત ચક્રવર્તિના પુત્ર મરીચી પાસે ચાર

વેદની ચાર ચોપડીઓ લખાવેલી. તે ભગવાનના મુખે બોલાયેલું. આ વેદ થી બુદ્ધિનો અત્યંત વિકાસ થાય અને તેમ તેમ સંસારનો વિકાસ થાય.

પ્ર : ૨૮ વેદાંત એટલે શું ?

ઉ : ૨૮ વેદ એટલે જાણવું અને તેનો અંત એટલે વેદાંત. જાણ્યાનો અંત ક્યારે આવે. કે જ્યારે ખરેખર આત્મા જાણી લીધો હોય ત્યારે. આત્મા જાણ્યા પછી કશું જાણવાનું બાકી રહેતું નથી.

પ્ર : ૨૯ ચાર વેદના ચાર ઉપવેદ કયા કયા ?

ઉ : ૨૯ ચાર વેદના ચાર ઉપવેદ નીચે મુજબ જાણવા.

(૧) આયુર્વેદ (૨) ધનુર્વેદ (૩) ગાંધર્વવેદ (૪) સ્થાપત્યવેદ

પ્ર : ૩૦ ઉતર મીમાંસા એટલે શું ?

ઉ : ૩૦ ઉદય કર્મને જે પુરૂષાર્થ માને તે ઉતરમીમાંસા.

પ્ર : ૩૧ જૈન શાસ્ત્રો કયા વ્યવહારને સાચો ગણે છે ?

ઉ : ૩૧ જૈન શાસ્ત્રો સાપેક્ષ વચન વ્યવહારને સાચો ગણે છે.

પ્ર : ૩૨ શ્રુતિ અને સ્મૃતિ શું છે ?

ઉ : ૩૨ તીર્થંકરોનું સાંભળેલુ લખે તે શ્રુતિ. યાદ રહેલું લખે તે સ્મૃતિ. આગમ એ સ્મૃતિ છે. આગમ એટલે અગમ્યનું જ્ઞાન અને નિગમ એટલે વેદ.

પ્ર : ૩૩ નવ કલમો શું છે ?

ઉ : ૩૩ નવ કલમો એ ચૌદ લોકનો સાર છે. આ નવ કલમોમાં આખા ચૌદલોકનું જે દહી હોય તેને વલોવીએ અને તે માખણ કાઢીને મેં આ મૂક્યું છે. આખા વિતરાગ વિજ્ઞાનનો સાર છે. આ નવ કલમો આ જગતના તમામ શાસ્ત્રોનો સાર છે. અને પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન બધું એમાં આવી ગયું. આ નવ કલમો રોજ વાંચે અને ભાવના ભાવે તો થોડાક ભવોમાં જ મોક્ષ થઈ જાય.

પ્ર : ૩૪ દાદાના નવાં શાસ્ત્રો કેટલાં વર્ષ ચાલશે ?

ઉ : ૩૪ દાદાનાં નવાં શાસ્ત્રો લખાશે તે ૧૯,૦૦૦ વર્ષ ચાલશે પછી વખત બદલાશે અને લોકો બાળી મૂકશે.

પ્ર : ૩૫ છ દર્શનો વિશે ટૂંક પરિચય આપો ?

ઉ : ૩૫ **(૧) ન્યાય દર્શન (નૈયાયિક) :** આ દર્શન મુજબ સર્વવ્યાપક એવા અસંખ્ય જીવ છે. ઈશ્વર પણ સર્વવ્યાપક છે.

(૨) સાંખ્ય દર્શન : આ દર્શનના અભિપ્રાયે સર્વવ્યાપક એવા અસંખ્ય આત્મા છે તે નિત્ય, અપરિણામી અને ચિન્માત્ર સ્વરૂપ છે.

(૩) **મીમાંસા દર્શન :** મીમાંસા દર્શનના બે ભેદ છે. પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા. પૂર્વ મીમાંસાનું જૈમિની અને ઉતર મીમાંસાનું વેદાંત નામ પ્રસિધ્ધ છે. મીમાંસાના અભિપ્રાયે કર્મને લઈને સંચાલન થાય છે. પૂર્વ મીમાંસાને અભિપ્રાયે જીવ અસંખ્ય છે. ચેતન છે. ઉત્તર મીમાંસાને અભિપ્રાયે એક જ આત્મા સર્વવ્યાપક છે.

(૪) **યોગ દર્શન :** આ દર્શનમાં પતંજલિ મુનિએ યોગનાં આસનો અને યોગની સિદ્ધિઓનુ વિશેષ વર્ણન કર્યું છે.

(૫) **બૌધ દર્શન :** બૌધને અભિપ્રાયે ત્રિકાળ અને વસ્તુ સ્વરૂપ આત્મા નથી ક્ષણિક છે. બુદ્ધે આત્મા નિત્ય નથી પણ ક્ષણિક છે એમ કહ્યું છે.

(૬) **જૈન દર્શન :** આ પરિપૂર્ણ દર્શન છે. આત્મા મૂર્ત અને અમૂર્ત છે. આત્મા સંકોચ વિકાસનું ભાજન છે. મૂર્તને ક્ષેત્ર મર્યાદા છે તેમ આત્મા ને પણ ક્ષેત્ર મર્યાદા છે. તેમજ આત્મા અનંત પ્રદેશી છે, જ્યારે એ સમુદ્ધાત કરે છે ત્યારે એ પણ લોકવ્યાપી બની જાય છે. જૈન દર્શન સિવાય કોઈપણ મત આત્મા ને અસંખ્ય પ્રદેશી માનતો નથી.

નોંધ :- જૈન અને બૌધ દર્શન સિવાયના બાકીના ચાર દર્શનો. વેદને મુખ્ય રાખી પ્રવર્તે છે. માટે વેદાશ્રિત દર્શન છે. બૌધ અને જૈન વેદાશ્રિત નથી સ્વતંત્ર દર્શન છે.

પ્ર : ૩૬ કેવા શાસ્ત્રોનો પરિચય કરવો ?

ઉ : ૩૬ નીચે જણાવેલા લક્ષણો ધરાવતા શાસ્ત્રો સતશાસ્ત્રો ગણાય માટે તેનો પરિચય કરવો.

(૧) જેમાં વીતરાગનો ઉપદેશ આપ્યો હોય.

(૨) જે વાંચવાથી ઉપશમ - વૈરાગ્યની વૃદ્ધિ થાય.

(૩) જેમાં મતમતાંતરની ચર્ચા દ્વારા વાદવિવાદ અને સંપ્રદાયવાદરૂપી પક્ષપાતને પોષનારુ કથન ન હોય.

(૪) જેમાં સ્પષ્ટ પણે વસ્તુનું સ્વરૂપ પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણથી સિદ્ધ કર્યું હોય.

(૫) જેમાં પૂર્વાપર વિરોધ ન હોય અને એકાંતનો હઠાગ્રહ ન હોય.

(૬) જેમાં શુદ્ધ આત્મજ્ઞાન અને સદાચારનો ઉપદેશ હોય.

(૭) જેમાં વિવિધ કક્ષાના સાધકના દોષો બતાવી તે દોષો કેવી રીતે દૂર કરવા તેના ઉપાયો સ્પષ્ટ પણે વર્ણવ્યા હોય.

પ્ર : ૩૭ સત્યાર્થ શાસ્ત્ર કોને કહેવાય ?

ઉ : ૩૭ સત્યાર્થ શાસ્ત્ર તે છે કે જે (૧) સવર્જ્ઞ વીતરાગનું બોધેલું હોય, (૨) કોઈ

વાદી-પ્રતિવાદી જેનું ઉલ્લંઘન કરી શકે નહી તેવું હોય, (૩) પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી જેમાં વિરોધ ના આવે, (૪) વસ્તુનુ સ્વરૂપ જેવું હોય તેવો ઉપદેશ હોય, (૫) સર્વ જીવને હિતકારી હોય (૬) કુમાર્ગનો નિષેધ કરનાર હોય. આ છ વિશેષણ યુક્ત હોય તે સત્યાર્થ શાસ્ત્ર છે સાચું શાસ્ત્ર છે.

પ્ર : ૩૮ બ્રહ્મસૂત્ર ગ્રંથમાં કેટલા અધ્યાય અને કેટલા સૂત્રો છે ?

ઉ : ૩૮ બ્રહ્મસૂત્ર ગ્રંથમાં ચાર અધ્યાય છે. તેનુ વિગતવાર કોષ્ટક નીચે મુજબ જાણવું :-

			સૂત્ર	
બ્રહ્મસૂત્ર -	અધ્યાય પહેલો -	પાદ - ૧ -	૩૧	
		પાદ - ૨ -	૩૨	
		પાદ - ૩ -	૪૨	
		પાદ - ૪ -	૨૮	૧૩૩
	અધ્યાય બીજો -	પાદ - ૧ -	૪૬	
		પાદ - ૨ -	૪૫	
		પાદ - ૩ -	૫૩	
		પાદ - ૪ -	૨૨	૧૬૬
	અધ્યાય ત્રીજો -	પાદ - ૧ -	૨૭	
		પાદ - ૨ -	૪૧	
		પાદ - ૩ -	૬૬	
		પાદ - ૪ -	૫૨	૧૮૬
	અધ્યાય ચોથો -	પાદ - ૧ -	૧૯	
		પાદ - ૨ -	૨૧	
		પાદ - ૩ -	૧૬	
		પાદ - ૪ -	૨૨	૭૮
				૫૬૩

બ્રહ્મસૂત્રમાં કુલ ચાર અધ્યાયોનાં કુલ સૂત્રો પાંચસો ત્રેસઠ ગણાય છે.

પ્ર : ૩૯ શાસ્ત્રમાં શું લખ્યુ છે ?

ઉ : ૩૯ શાસ્ત્રમાં લખ્યુ છે કે આ કળિયુગમાં સાડા બાર હજાર એક અવતારી થશે અને નવ લાખ નરકે જશે.

પ્ર : ૪૦ રામાયણ અને ગીતામાં કેટલા શ્લોકો છે ?

ઉ : ૪૦ રામાયણ.વાલ્મિકી કૃતમાં સાત કાન્ડ છે અને ચોવીસ હજાર શ્લોકો છે. જ્યારે ગીતામાં અઢાર અધ્યાય છે અને સાતસો એક શ્લોક છે.

પ્ર : ૪૧ સ્વામિનારાયણ સંપ્રદાયના બે ધાર્મિક ગ્રંથો વિશે પરિચય આપો ?

ઉ : ૪૧ ભગવાન સ્વામિનારાયણ તારીખ ૨ / ૪ / ૧૭૮૧ ના રોજ ચૈત્ર સુદ ૯ ને સોમવારે વિ. સવંત ૧૮૩૭ ના રોજ છપૈયામાં પ્રગટ થયા હતા. તેમણે ૧૮ / ૨ / ૧૮૨૬ ના રોજ ૪૫ વર્ષની ઉંમરે (લગભગ) મહાસુદ પાંચમ વસંત પંચમીને દિવસે " શિક્ષાપત્રીની" રચના કરી હતી. તે શિક્ષાપત્રીના કુલ શ્લોકોની સંખ્યા બસો બાર (૨૧૨) છે. આ ઉપરાંત સ્વામિનારાયણ (સહજાનંદ સ્વામી) ભગવાનના મુખે નીકળેલ વાણીને "વચનામૃત" નામના ગ્રંથમાં સંકલિત કરવામા આવી છે. આ વચનામૃતમાં ૨૬૨ શ્લોકો છે.

પ્ર : ૪૨ શ્રીમદ રાજચંદ્રે આત્મસિદ્ધિની રચના ક્યારે કરેલી ?

ઉ : ૪૨ શ્રીમદ રાજચંદ્રે (કૃપાળુદેવે) ઈ.સ. ૧૯૫૨ ના આસો વદ એકમને ગુરૂવારે નડીયાદના સ્મશાનમાં મધ્ય રાત્રિએ આ આત્મ સિદ્ધિ શાસ્ત્રની રચના કરેલ. તેમા ૧૪૨ પદની રચના કરેલી છે. જેમાં મોક્ષ માર્ગનું સ્પષ્ટ રેખાંકન કરવામાં આવેલ છે.

પ્ર : ૪૩ જૈન દર્શનના ખ્યાતનામ સ્તવનોના નામ અને તેના રચયિતાના નામ જણાવો?

ઉ : ૪૩

સૂત્ર/સ્તવનનું નામ	રચયિતાનું નામ
(૧) શ્રી અજિતશાંતિ	શ્રીનંદિષેણમુનિ
(૨) શ્રી સકલતીર્થ	પૂ. મુનિરાજ શ્રી જીવવિજયજી મહારાજ
(૩) ઉવસગ્ગહરં	પૂ. ભદ્રબાહુસ્વામી
(૪) સીમંધરસ્વામી સ્તવન	સમયસુંદર મહારાજ સાહેબ
(૫) શેત્રુંજા સ્તવન	જ્ઞાનવિમલસૂરિજી
(૬) શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન	શ્રીઉદયરત્નકૃત
(૭) શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન	શ્રી રૂપવિજયજી
(૮) બારસા સૂત્ર	શ્રીભદ્રબાહુસ્વામી
(૯) અરિહંત વંદનાવલી	ચિરંતનાચાર્યે
(૧૦) ભક્તામર સ્તોત્ર	શ્રી માનતુંગાચાર્ય
(૧૧) છઠ્ઠાકર્મગ્રંથ	શ્રી ચંદનમહત્તર આચાર્ય

પ્ર : ૪૪ દિગંબરમત સ્થાપક સહસ્ત્રમલ્લના ગુરુનું નામ શું હતું ?

ઉ : ૪૪ આવશ્યકવૃત્તિમાં સહસ્ત્રમલ્લના અધિકારમાંતેના ગુરુનુંનામ કૃષ્ણાચાર્ય કહેલું છે.

卐

અધ્યાય ચૌદમો
સિદ્ધિ-લબ્ધિઓ

પ્ર : ૧ ઋદ્ધિ, સિદ્ધિ અને લબ્ધિ એટલે શું ?

ઉ : ૧ ઋદ્ધિ એટલે વૈભવ, ઐશ્વર્ય, સંપતિ અને સામર્થ્ય. સિદ્ધિ એટલે અણિમા વગેરે યોગની શકિતઓ. લબ્ધિ એટલે યોગ વગેરે સાધનાથી પ્રાપ્ત થતી વિશિષ્ટ શક્તિઓ. આમાં ઋદ્ધિ શબ્દ અને એના અર્થ સાથે કોઈ ગૂઢ કે અદ્‌ભુત રહસ્ય સંકળાયેલું નથી, પણ સિદ્ધિઓ અને લબ્ધિઓની શક્તિઓ યોગ સાધના દ્વારા પ્રાપ્ત થતી વિશિષ્ટ, ગૂઢ અને ચમત્કારી શક્તિઓ હોવાથી એ અંગે જનસમુદાયમાં ભારે કુતૂહલ અને રહસ્ય પ્રર્વતે છે. સિદ્ધિ અને લબ્ધિ એ બંન્ને યોગ સાધનાના બળે પ્રાપ્ત થતી હોવાથી એ બે વચ્ચેની ભેદરેખા આંકવાનું કામ મુશ્કેલ છે અને તે બન્ને દ્વારા ચમત્કારો સર્જાતા હોવાથી એ બંનેમાં અદ્‌ભૂતતાનું તત્ત્વ સમાન છે.

પ્ર : ૨ તપ ઋદ્ધિ કેટલા પ્રકારની છે તે જણાવો ?

ઉ : ૨ તપ ઋદ્ધિ સાત પ્રકારની છે તે નીચે મુજબ જાણવી.

(૧) **ઉગ્રતપ ઋદ્ધિ :** એક ઉપવાસ, બે, ત્રણ, ચાર, પાંચ વગેરે ઉપવાસ નિમિત્તે કોઈ યોગનો આરંભ થયો મરણપર્યંત તે ઉપવાસથી ઓછા દિવસે પારણું ન કરે, કોઈ કારણથી અધિક ઉપવાસ થઈ જાય તો મરણપર્યંત તેનાથી ઓછા ઉપવાસ કરી પારણુ ન કરે આવું સામર્થ્ય પ્રગટ હોવું તે ઉગ્રતપઋદ્ધિ છે.

(૨) **દિપ્તિ - તપ ઋદ્ધિ :** મહાન ઉપવાસ આદિ કરતા મન, વચન, કાયાનું બળ વધતું જ રહે. મુખ દુર્ગંધ રહીત રહે કમળ આદિની સુગંધ જેવો સુગંધી શ્વાસ નીકળે અને શરીરની મહાન દીપ્તિ પ્રગટ થાય તે દીપ્તિ તપ ઋદ્ધિ છે

(૩) **નિહાર તપ ઋદ્ધિ :** ગરમ કડાઈમા પડતા પાણીના ટીપાં જેમ તરત જ સુકાઈ જાય તેમ આહાર પચી જાય, સુકાઈ જાય અને મળરૂપે ન પરિણમે. તેથી નિહાર ન થાય આવું હોય તે નિહાર તપ ઋદ્ધિ છે.

(૪) **મહાન તપ ઋદ્ધિ :** સિંહ ક્રીડિતાદિ મહાન તપ કરવામાં તત્પર હોવું તે મહાન તપ ઋદ્ધિ છે.

(૫) **ઘોર તપ ઋદ્ધિ :** વાત, પિત્ત, શ્લેષ્મ વગેરેથી ઉપજેલ જ્વર, ઉધરસ, શ્વાસ, શૂળ, કોઢ વગેરે અનેક પ્રકારના રોગવાળુ શરીર હોવા છતાં પણ અનશન કાયા કલેશાદિ છૂટે નહીં. અને ભયાનક સ્મશાન, પર્વતનુ શિખર, ગુફા, ખંડીયેર (ખંડેર), ઉજ્જડ ગામ વગેરેમાં દુષ્ટ રાક્ષસ, પિશાચાદિ પ્રર્વતે અને માઠા વિકાર ધારણ કરે તથા શિયાળના કઠોર રૂદન, સિંહ, વાઘ વગેરે દુષ્ટ જીવોના ભયાનક શબ્દ જ્યાં પ્રવર્તે એવા ભયંકર સ્થાનમાં પણ નિર્ભય થઈ વસે તે ઘોર તપઋદ્ધિ છે.

(૬) **ઘોર પરાક્રમ તપઋદ્ધિ :** ઉપર કહ્યુ તેવું રોગ સહિત શરીર હોવા છતાં અતિ ભયંકર સ્થાનમાં વસીને યોગ (સ્વરૂપની એકાગ્રતા) વધારવાની તત્પરતા હોવી તે ઘોર પરાક્રમ તપ ઋદ્ધિ છે.

(૭) **ઘોર બ્રહ્મચર્ય તપઋદ્ધિ :** ઘણા કાળના બ્રહ્મચર્યના ધારક મુનિને અતિશય ચારિત્રના જોરથી ખોટાં સ્વપ્નાંઓના નાશ થવો તે ઘોર બ્રહ્મચર્ય તપઋદ્ધિ છે.

પ્ર : ૩ રિદ્ધિ-સિદ્ધિ એટલે શું ?

ઉ : ૩ રિદ્ધિ-સિદ્ધિ એટલે ત્રણ લોકમાં કોઈ રોકી શકે નહીં. અંતરાય ના હોય તે. રિદ્ધિ એ અભ્યુદયનું ફળ છે. સિદ્ધિ એ તપનું ફળ છે. રિદ્ધિ સહેજે પ્રાપ્ત થાય સિદ્ધિ માટે પ્રયત્ન કરવો પડે. સાધના કરવી પડે.

પ્ર : ૪ સિધ્ધિઓ કેટલી છે અને તે કયી કયી છે તે જણાવો ?

ઉ : ૪ સિધ્ધિઓ જે યોગ સાધનાના તપોબળથી ઉત્પન્ન થાય તે આઠ પ્રકારની છે જે નીચે મુજબ જાણવી.

(૧) **અણિમા :** આ લબ્ધિથી શરીર એટલુ બધુ નાનું કે સૂક્ષ્મ કરી શકાય કે સોયના નાંકામાંથી પોતે પસાર થઈ શકે. અણુ માત્ર શરીર કરવાનું સામર્થ્ય.

(૨) **મહિમા :** મેરુપર્વત કરતાં પણ મોટુ શરીર કરી શકાય તે.

(૩) **લઘિમા :** આ લબ્ધિથી પોતાનું શરીર વજનમાં પવન કરતા પણ હલકુ કરી શકાય.

(૪) **ગરિમા :** આ લબ્ધિથી પોતાનુ શરીર એટલુ બધુ વજનદાર બનાવી શકાય કે વ્રજ કરતા પણ ભારે થઈ જાય.

(૫) **પ્રાપ્તિશક્તિ :** આ લબ્ધિથી પોતાના શરીરની એટલી ઊંચાઈ કરી શકે કે પોતે ભૂમિ ઉપર રહ્યા છતાં અંગુલીના અગ્ર ભાગ વડે મેરુ પર્વતની ટોચને અને ગ્રહાદિને સ્પર્શ કરી શકે અર્થાત્ સૂર્ય-ચંદ્ર આદિના વિમાનને સ્પર્શ કરી શકે.

(૬) **પ્રાકામ્યશક્તિ :** આ સિદ્ધિથી પાણીની માફક જમીનમાં ડૂબકી મારી શકે અને જમીનની માફક પાણી ઉપર ચાલી શકે.

(૭) **ઈશિત્વ :** આ સિદ્ધિથી તીર્થંકરની, ચક્રવર્તિ અને ઈન્દ્રની ઋદ્ધિ પ્રગટ કરવા માટે શક્તિમાન થઈ શકે.

(૮) **વશિત્વ :** આ સિદ્ધિથી સિંહ આદિ ક્રુર વિકરાળ જાનવરો પણ પોતાને વશ થઈ જાય આ ઉપરાંત દેવ, દાનવ, મનુષ્ય વગેરે સર્વ જીવોને વશ કરવાનું સામર્થ્ય છે.

પ્ર : ૫ સિદ્ધિઓ ક્યારે ઊભી થાય ?

ઉ : ૫ પોતાના માટે કે પોતાના સગા-વ્હાલા (રીલેટીવ) માટે કોઈ સ્વાર્થ ના હોય. અને પારકા માટે જ બધી વૃત્તિ વહેતી હોય તો સિદ્ધિ ઉત્પન્ન થાય. અહંકાર ચોખ્ખો કરે, પોતે કંઈ પણ ન વાપરે, પોતાને ભાગે આવ્યું હોય તેય બીજાને આપી દે પોતે સંકોચાઈ સંકોચાઈને રહે તો સિદ્ધિ ઉત્પન્ન થાય.

પ્ર : ૬ સાચી સિદ્ધિ કોને કહેવાય ?

ઉ : ૬ જેનાથી ચિંતા મટે, ભૂખ મટે, અને અંદર શાંતિ થાય તે જ સાચી સિદ્ધિ. જેનાંથી બોજો ઘટતો જાય. જેનાંથી જગત વિસ્મૃત થાય અને જગત વિસ્મૃત રહે, તે સાચી સિદ્ધિ.

પ્ર : ૭ લબ્ધિ એટલે શું ? લબ્ધિ કોને ઉત્પન્ન થાય ?

ઉ : ૭ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થવાવાળી શક્તિને લબ્ધિ કહેવાય છે. ગુણ પ્રત્યયિક શક્તિને લબ્ધિ કહેવામાં આવે છે. નિજસ્વરૂપ પ્રાપ્ત થવું એ લબ્ધિ કહેવાય. હાર્ટની પ્યોરીટી હોય અને જ્ઞાનીને ભેગો થયો હોય તો લબ્ધિ ઉત્પન્ન થાય.

પ્ર : ૮ ઉપલબ્ધિ એટલે શું ?

ઉ : ૮ ઉપલબ્ધિ એટલે આત્મ સ્વરૂપ થવા માટેનાં સાધનો ભેગાં થાય તે.

પ્ર : ૯ કાલ લબ્ધિ કોને કહે છે ?

ઉ : ૯ આત્માનો જે મુક્ત થવાનો સ્વભાવ દબાયેલો છે જે અનાદિકાળથી અજ્ઞાનરૂપ મહાન અંધકારમાં ભટકી રહેલો છે અને અનાદિ મિથ્યાત્વરૂપ કાલિમાથી ઘેરાયેલ

છે એવા આત્માનો ભવ્યત્વરૂપ સ્વભાવ પ્રગટ થવાનો કાળ નજીક આવવાનો હોય ત્યારે તે આત્મા ઉપરથી મિથ્યાત્વની કાલિમા ઓછી થતાં થતાં જ્યારે ઉજ્જવળતા આવે છે. ત્યારે તે કૃષ્ણ પક્ષીમાંથી શુકલ પક્ષી થાય છે. તેને કાલ લબ્ધિ કહે છે.

પ્ર : ૧૦ તેજોલેશ્યા કેવી રીતે પ્રાપ્ત થાય ?

ઉ : ૧૦ જે મનુષ્ય છ માસ સુધી સૂર્યની આતાપનાપૂર્વક નિર્જળા છઠ્ઠ કરે એક મુઠ્ઠી અડદના બાકળા તથા અંજલિમાત્ર ગરમ પાણીથી પારણું કરે તેને તેજોલેશ્યા લબ્ધિ પ્રાપ્ત થાય છે.

પ્ર : ૧૧ બુદ્ધિ લબ્ધિના અઢાર ભેદોનું વર્ણન કરો ?

ઉ : ૧૧ બુદ્ધિ લબ્ધિના અઢાર (૧૮) ભેદો નીચે મુજબ જાણવા.

(૧) **કેવળજ્ઞાન લબ્ધિ :** આનાથી લોકાલોકમાં રહેલા તમામ દ્રવ્યાદિ જાણી શકાય.

(૨) **મનઃપર્યવજ્ઞાન લબ્ધિ :** આના પ્રતાપે મનના વિચારો (ભાવ) જાણી શકાય. ગર્ભજ પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણી શકાય.

(૩) **અવધિજ્ઞાન લબ્ધિ :** આ લબ્ધિથી રૂપી દ્રવ્યોનું જ્ઞાન થઈ શકે છે.

(૪) **બીજ બુદ્ધિ લબ્ધિ :** સૂત્રનો એક અર્થ સાંભળે તો પણ બુદ્ધિ બળથી ભણ્યા વગર ઘણા અર્થો કરવાને સમર્થ થાય. આખા ગ્રંથનુ રહસ્ય સમજી જાય અને સૂત્રરચના કરી શકે.

(૫) **કોષ્ઠ બુદ્ધિ લબ્ધિ :** જેમ કોઠારની અંદર ભરેલું ધાન્ય વિખરાય નહીં તેમ આ લબ્ધિવાળા મહાત્માઓ ભણેલું ભૂલે નહીં.

(૬) **પદાનુસારિણી લબ્ધિ :** જેનો અભ્યાસ નથી કર્યો તથા જે સાંભળવામાં આવ્યું નથી એવા સૂત્રનું એક પદ સાંભળીને તે સૂત્રના પહેલા પદથી છેલ્લા પદ સુધીનું જ્ઞાન થાય.

(૭) **સંભિન્ન શ્રોતોલબ્ધિ :** આ લબ્ધિના પ્રતાપે સ્પર્શનાદિ પાંચેય ઈન્દ્રિયોના વિષયોને કોઈપણ ઈન્દ્રિયથી જાણી શકાય. એક ઈન્દ્રિયથી બીજી ઈન્દ્રિયોના વિષયને પ્રાપ્ત કરી શકાય જેમ કે આંખથી રૂપ જોવાય તેના બદલે તે ગમે તે ઈન્દ્રિયથી પદાર્થનુ રૂપ જોઈ શકે. એમ શબ્દાદિ ચારેમાં સમજવું.

(૮) **દૂરા સ્વાદન સામર્થ્ય :** રસના ઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય નવ યોજન પ્રમાણ છે. પરંતુ આ લબ્ધિના પ્રતાપે ઘણા યોજનો દૂર રહેલી વસ્તુનો સ્વાદ જાણી શકાય.

(૫) **પ્રાપ્તિશક્તિ :** આ લબ્ધિથી પોતાના શરીરની એટલી ઊંચાઈ કરી શકે કે પોતે ભૂમિ ઉપર રહ્યા છતાં અંગુલીના અગ્ર ભાગ વડે મેરુ પર્વતની ટોચને અને ગ્રહાદિને સ્પર્શ કરી શકે અર્થાત્ સૂર્ય-ચંદ્ર આદિના વિમાનને સ્પર્શ કરી શકે.

(૬) **પ્રાકામ્યશક્તિ :** આ સિદ્ધિથી પાણીની માફક જમીનમાં ડૂબકી મારી શકે અને જમીનની માફક પાણી ઉપર ચાલી શકે.

(૭) **ઈશિત્વ :** આ સિદ્ધિથી તીર્થંકરની, ચક્રવર્તિ અને ઈન્દ્રની ઋદ્ધિ પ્રગટ કરવા માટે શક્તિમાન થઈ શકે.

(૮) **વશિત્વ :** આ સિદ્ધિથી સિંહ આદિ ક્રુર વિકરાળ જાનવરો પણ પોતાને વશ થઈ જાય આ ઉપરાંત દેવ, દાનવ, મનુષ્ય વગેરે સર્વ જીવોને વશ કરવાનું સામર્થ્ય છે.

પ્ર : ૫ સિદ્ધિઓ ક્યારે ઊભી થાય ?

ઉ : ૫ પોતાના માટે કે પોતાના સગા-વ્હાલા (રીલેટીવ) માટે કોઈ સ્વાર્થ ના હોય. અને પારકા માટે જ બધી વૃત્તિ વહેતી હોય તો સિદ્ધિ ઉત્પન્ન થાય. અહંકાર ચોખ્ખો કરે, પોતે કંઈ પણ ન વાપરે, પોતાને ભાગે આવ્યું હોય તેય બીજાને આપી દે પોતે સંકોચાઈ સંકોચાઈને રહે તો સિદ્ધિ ઉત્પન્ન થાય.

પ્ર : ૬ સાચી સિદ્ધિ કોને કહેવાય ?

ઉ : ૬ જેનાથી ચિંતા મટે, ભૂખ મટે, અને અંદર શાંતિ થાય તે જ સાચી સિદ્ધિ. જેનાંથી બોજો ઘટતો જાય. જેનાંથી જગત વિસ્મૃત થાય અને જગત વિસ્મૃત રહે, તે સાચી સિદ્ધિ.

પ્ર : ૭ લબ્ધિ એટલે શું ? લબ્ધિ કોને ઉત્પન્ન થાય ?

ઉ : ૭ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થવાવાળી શક્તિને લબ્ધિ કહેવાય છે. ગુણ પ્રત્યયિક શક્તિને લબ્ધિ કહેવામાં આવે છે. નિજસ્વરૂપ પ્રાપ્ત થવું એ લબ્ધિ કહેવાય. હાર્ટની પ્યોરીટી હોય અને જ્ઞાનીને ભેગો થયો હોય તો લબ્ધિ ઉત્પન્ન થાય.

પ્ર : ૮ ઉપલબ્ધિ એટલે શું ?

ઉ : ૮ ઉપલબ્ધિ એટલે આત્મ સ્વરૂપ થવા માટેનાં સાધનો ભેગાં થાય તે.

પ્ર : ૯ કાલ લબ્ધિ કોને કહે છે ?

ઉ : ૯ આત્માનો જે મુક્ત થવાનો સ્વભાવ દબાયેલો છે જે અનાદિકાળથી અજ્ઞાનરૂપ મહાન અંધકારમાં ભટકી રહેલો છે અને અનાદિ મિથ્યાત્વરૂપ કાલિમાથી ઘેરાયેલ

છે એવા આત્માનો ભવ્યત્વરૂપ સ્વભાવ પ્રગટ થવાનો કાળ નજીક આવવાનો હોય ત્યારે તે આત્મા ઉપરથી મિથ્યાત્વની કાલિમા ઓછી થતાં થતાં જ્યારે ઉજ્જવળતા આવે છે. ત્યારે તે કૃષ્ણ પક્ષીમાંથી શુકલ પક્ષી થાય છે. તેને કાલ લબ્ધિ કહે છે.

પ્ર : ૧૦ તેજોલેશ્યા કેવી રીતે પ્રાપ્ત થાય ?

ઉ : ૧૦ જે મનુષ્ય છ માસ સુધી સૂર્યની આતાપનાપૂર્વક નિર્જળા છઠ્ઠ કરે એક મુઠ્ઠી અડદના બાકળા તથા અંજલિમાત્ર ગરમ પાણીથી પારણું કરે તેને તેજોલેશ્યા લબ્ધિ પ્રાપ્ત થાય છે.

પ્ર : ૧૧ બુદ્ધિ લબ્ધિના અઢાર ભેદોનું વર્ણન કરો ?

ઉ : ૧૧ બુદ્ધિ લબ્ધિના અઢાર (૧૮) ભેદો નીચે મુજબ જાણવા.

(૧) **કેવળજ્ઞાન લબ્ધિ :** આનાથી લોકાલોકમાં રહેલા તમામ દ્રવ્યાદિ જાણી શકાય.

(૨) **મનઃપર્યવજ્ઞાન લબ્ધિ :** આના પ્રતાપે મનના વિચારો (ભાવ) જાણી શકાય. ગર્ભજ પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણી શકાય.

(૩) **અવધિજ્ઞાન લબ્ધિ :** આ લબ્ધિથી રૂપી દ્રવ્યોનું જ્ઞાન થઈ શકે છે.

(૪) **બીજ બુદ્ધિ લબ્ધિ :** સૂત્રનો એક અર્થ સાંભળે તો પણ બુદ્ધિ બળથી ભણ્યા વગર ઘણા અર્થો કરવાને સમર્થ થાય. આખા ગ્રંથનુ રહસ્ય સમજી જાય અને સૂત્રરચના કરી શકે.

(૫) **કોષ્ઠ બુદ્ધિ લબ્ધિ :** જેમ કોઠારની અંદર ભરેલું ધાન્ય વિખરાય નહીં તેમ આ લબ્ધિવાળા મહાત્માઓ ભણેલું ભૂલે નહીં.

(૬) **પદાનુસારિણી લબ્ધિ :** જેનો અભ્યાસ નથી કર્યો તથા જે સાંભળવામાં આવ્યું નથી એવા સૂત્રનું એક પદ સાંભળીને તે સૂત્રના પહેલા પદથી છેલ્લા પદ સુધીનું જ્ઞાન થાય.

(૭) **સંભિન્ન શ્રોતોલબ્ધિ :** આ લબ્ધિના પ્રતાપે સ્પર્શનાદિ પાંચેય ઈન્દ્રિયોના વિષયોને કોઈપણ ઈન્દ્રિયથી જાણી શકાય. એક ઈન્દ્રિયથી બીજી ઈન્દ્રિયોના વિષયને પ્રાપ્ત કરી શકાય જેમ કે આંખથી રૂપ જોવાય તેના બદલે તે ગમે તે ઈન્દ્રિયથી પદાર્થનુ રૂપ જોઈ શકે. એમ શબ્દાદિ ચારેમાં સમજવું.

(૮) **દૂરા સ્વાદન સામર્થ્ય :** રસના ઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય નવ યોજન પ્રમાણ છે. પરંતુ આ લબ્ધિના પ્રતાપે ઘણા યોજનો દૂર રહેલી વસ્તુનો સ્વાદ જાણી શકાય.

(૯) **દૂર સ્પર્શન સમર્થતા :** સ્પર્શેન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય નવ યોજન પ્રમાણ છે પરંતુ આ લબ્ધિના પ્રતાપે ઘણા યોજન દૂર રહેલી વસ્તુનો સ્પર્શ પણ જાણી શકાય છે.

(૧૦) **દૂર દર્શન સમર્થતા :** નેત્ર ઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય ૪૭,૨૬૩ યોજન પ્રમાણ છે પરંતુ આ લબ્ધિના પ્રભાવે ઘણા યોજન દૂર રહેલી વસ્તુને પણ જોઈ શકાય છે.

(૧૧) **દૂર ઘ્રાણ સમર્થતા :** ઘ્રાણ ઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય નવ યોજન પ્રમાણ છે પરંતુ આ લબ્ધિના પ્રભાવે ઘણા યોજન દૂર રહેલી વસ્તુની ગંધનું જ્ઞાન થઈ શકે છે.

(૧૨) **દૂર શ્રવણ સમર્થતા :** કર્ણ ઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય બાર યોજન પ્રમાણ છે પરંતુ આ લબ્ધિના પ્રભાવે બાર યોજનથી ઘણા દૂર સુધી રહેલા શબ્દોને સાંભળી શકાય.

(૧૩) **દશ પૂર્વિપણુ :** આ લબ્ધિથી દશ પૂર્વોનુ જ્ઞાન મેળવી શકાય. આ લબ્ધિવાળાને સમક્તિ હોય છે.

(૧૪) **ચતુર્દશ પૂર્વિપણુ :** આ લબ્ધિથી વિશાળ તત્વમંત્રાદિ ગર્ભિત ૧૪ પૂર્વોનુ જ્ઞાન મેળવી શકાય.

(૧૫) **અષ્ટાંગમહાનિમિત્ત કૌશલ્ય :** આ લબ્ધિથી જુદા જુદા આઠ નિમિત્તો દ્વારા શુભાશુભનો ચોક્કસ નિર્ણય કરી શકાય છે.

(૧૬) **પ્રજ્ઞાશ્રમણ પણુ :** જેમ ચૌદપૂર્વિ અર્થની પ્રરૂપણા કરે તેમ આ લબ્ધિવાળા વિશિષ્ટ બુદ્ધિના પ્રભાવે જીવાદિ તત્વોના અર્થની પ્રરૂપણા કરી શકે.

(૧૭) **પ્રત્યેકબુદ્ધ પણુ :** પૂર્વની આરાધનાના પરિણામે કોઈ નિમિત મળતા દીક્ષા લઈ કેવળજ્ઞાન ઊપજે તે.

(૧૮) **વાદીપણું :** આ લબ્ધિના પ્રભાવે વાદ કરી શકાય છે.

પ્ર : ૧૨ ક્રિયાવિષયક લબ્ધિના ભેદો જણાવો ?

ઉ : ૧૨ ક્રિયાવિષયક લબ્ધિના મુખ્ય બે ભેદ છે.

(૧) **જંઘાચારણ લબ્ધિ :** આ લબ્ધિના પ્રભાવે સૂર્યનાં કિરણોની મદદથી એક જ ઉત્પાતે (ફલંગે) તેઓ રૂચકવર દ્વીપ સુધી તિરછી (વાંકી) ગતિ કરી શકાય. અને ઊર્ધ્વમાં મેરુ પર્વત ઉપર જવા ચાહે ત્યારે એક જ ઉત્પાતે પંડકવન પર જાય અને પાછા ફરે ત્યારે તેવી જ રીતે એક જ ઉત્પાતે નંદનવનમાં આવે અને બીજા ઉત્પાતે સ્વસ્થાને આવે.

(૨) **વિદ્યાચારણ લબ્ધિ :** વિદ્યાચારણ મુનિશ્વરો નંદીશ્વરદ્વીપ સુધી સૂર્યના કિરણ આદિના અવલંબનથી જઈ શકે છે. તેઓ બે ઉત્પાતે રૂચકદ્વીપે જાય અને પાછા ફરતા એક ઉત્પાતે સ્વસ્થાને આવવા સમર્થ થાય છે અને ઊર્ધ્વગતિ કરે ત્યારે મેરુની ઉપર જતાં પહેલાં ઉત્પાતે નંદનવનમાં અને બીજા ઉત્પાતે પંડકવનમાં જાય ત્યાં ચૈત્યવંદનાદિ કરી પાછા ફરે ત્યારે એક જ ઉત્પાતે સ્વસ્થાને આવી શકે.

(૩) **આકાશગમન લબ્ધિ :** આ લબ્ધિથી પર્યંકાસને બેઠા બેઠા અથવા કાયોત્સર્ગાદિ સ્વરૂપે પગ ઉપાડ્યા વિના અદ્ધર આકાશમાં ચાલી શકાય એના જલચારણાદિ બીજા પણ અનેક ભેદો સમજવા.

પ્ર : ૧૩ જંઘાચારણ મુનિઓને પાછા ફરતા વખત લાગે છે તેનું શું કારણ ?

ઉ : ૧૩ જંઘાચારણ મુનિઓને પાછા ફરતા લબ્ધિની ઓછાશ સંભવે છે. માટે વધારે વખત લાગે છે અને જંઘાના બળથી તેઓ ગતિ કરે છે માટે પાછા ફરતા જવાના પરિશ્રમને લઈને પણ તેમ સંભવે છે જ્યારે વિદ્યાચારણ મુનિઓને તેમ નથી તેઓ તો વિદ્યાના બળે ગતિ-આગતિ કરે છે.

પ્ર : ૧૪ બળલબ્ધિના કેટલા ભેદ છે તે સમજાવો ?

ઉ : ૧૪ બળલબ્ધિના ત્રણ ભેદ છે.

(૧) **મનોબલિપણું :** એક વસ્તુનો ઉદ્ધાર કરીને અંતમૂર્હૂતમાં સમસ્ત શ્રુત સમુદ્રનું અવગાહન કરવાનું સામર્થ્ય.

(૨) **વાગ્બલિપણું :** એક મૂર્હૂતમાં મૂળાક્ષર ગણવાની લીલાથી સર્વ શાસ્ત્રને ગોખી જવાં તે.

(૩) **કાયબલિપણું :** ઘણાય કાળ સુધી પ્રતિમા પણે કાયોત્સર્ગમાં સ્થિર રહેવાય છતાં થાક શ્રમ કે ગ્લાનિ અનુભવાય નહીં.

પ્ર : ૧૫ ઔષધિ લબ્ધિના કેટલા ભેદ છે. તે સમજાવો ?

ઉ : ૧૫ ઔષધિ લબ્ધિના આઠ ભેદ નીચે મુજબ જાણવા.

(૧) **આમર્ષૌષધિલબ્ધિ :** આ લબ્ધિવાળા શરીરના સ્પર્શમાત્રથી રોગી પ્રાણી નિરોગી બની જાય. શરીરના સ્પર્શ માત્રથી રોગ મટી જાય તે. વરસાદનું કે નદીનું પાણી પણ તેમના શરીરના સ્પર્શથી સર્વ રોગનો નાશ કરનારું બને.

(૨) **ખેલૌષધિલબ્ધિ :** શ્લેષ્મ એટલે કે કફનો બળખો શરીર ઉપર ઘસવાથી કુષ્ટ રોગીનું શરીર પણ સોના જેવું ચકચકિત થઇ જાય. શ્લેષ્મ થકી સર્વ રોગ જાય તે.

(૩) **જલ્લૌષધિ લબ્ધિ :** કાન, નાક, આંખ શરીરના અંગોનો મેલ સર્વ રોગીના રોગોને હણનારો અને કસ્તુરી જેવા સુગંધીદાર હોય.

(૪) **મલૌષધિ લબ્ધિ :** મળ, મૂત્ર થકી સર્વ રોગ જાય તે.

(૫) **વિપ્રુડૌષધિ લબ્ધિ :** કેશ, નખ, રોગ વગેરે સર્વ અંગથી સર્વ રોગ જાય તે.

(૬) **સર્વૌષધિલબ્ધિ :** શરીરના અંગને સ્પર્શ કરીને આવેલા વાયુથી વિષ વગેરેના દોષો દૂર થઇ જાય. તેમના વચનનું શ્રવણ કરવાથી મહાવિષની વ્યાધિની પીડા દૂર થાય.

(૭) **અશિવિષ લબ્ધિ :** જેવો શાપ કે આર્શિવાદ આપે તેવું થાય.

(૮) **દૃષ્ટિ વિષ લબ્ધિ :** દૃષ્ટિ માત્રથી વિષની જેમ સામે વાળી વસ્તુ કે જીવને બળતરા ઊભી થાય.

પ્ર : ૧૬ રસલબ્ધિના કેટલા ભેદો છે તે દરેકનાં નામ જણાવો ?

ઉ : ૧૬ રસલબ્ધિના છ ભેદો છે તે નીચે મુજબ જાણવા :-

(૧) **ક્ષીરશ્રવ :** ક્ષીર (દૂધ) સમુદ્ર જેવો સ્વાદ ઉત્પન્ન કરી શકે.

(૨) **મધ્વાશ્રવ :** મધ જેવો સ્વાદ ઉત્પન્ન કરી શકે.

(૩) **અમૃતાશ્રવ :** અમૃત જેવો સ્વાદ ઉત્પન્ન કરી શકે.

(૪) **ઘૃતાશ્રવ :** ઘી જેવો સ્વાદ ઉત્પન્ન કરી શકે.

(૫) **ઈક્ષુશ્રવ :** શેરડીના રસ જેવો સ્વાદ ઉત્પન્ન કરી શકે.

(૬) **વારૂણાશ્રવ :** શુદ્ધ મીઠા જળ જેવો સ્વાદ ઉત્પન્ન કરી શકે.

પ્ર : ૧૭ ક્ષેત્ર લબ્ધિના બે ભેદો જણાવો ?

ઉ : ૧૭ ક્ષેત્ર લબ્ધિના બે ભેદો નીચે મુજબ જાણવા :

(૧) **અક્ષીણમહાનસી લબ્ધિ :** થોડી ખીરથી પણ અનેકને જમાડી શકાય. અલ્પ અન્ન પણ દાન કરવાથી અક્ષય થતું ખૂટતું નહીં, તે ચક્રવર્તિના આખા સૈન્યને જમાડી શકાય.

(૨) **અક્ષીણ મહાલયત્ત્વ લબ્ધિ :** થોડી (અલ્પ) જગ્યામાં પણ અસંખ્ય પ્રાણીઓને બેસાડી શકાય. તીર્થંકરની પર્ષદામાં ઘણા જીવો એક યોજન જેટલી જગ્યામાં જ બેસી શકે છે.

પ્ર : ૧૮ વૈક્રિય લબ્ધિના ભેદો જણાવો ?

ઉ : ૧૮ વૈક્રિય લબ્ધિના મુખ્ય આઠ ભેદ છે. જે આઠ સિદ્ધિઓ ગણાય છે. જેવી કે અણિમાં, લઘિમા, ગરિમા, મહિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ. આ ઉપરાંત અન્ય નીચે મુજબ જાણવી.

(૧) **અપ્રતિઘાત લબ્ધિ :** પર્વતાદિકની વચ્ચે આકાશની માફક ગમન કરવાનું સામર્થ્ય અર્થાત્ જેમ આકાશમાં ગમન-આગમન કરે તેમ પર્વતમાં ગમન-આગમન કરવાનુ સામર્થ્ય તે અપ્રતિઘાત લબ્ધિ છે.

(૨) **અંતદ્યાન લબ્ધિ :** આ લબ્ધિના પ્રભાવે અદૃશ્ય થઈ શકાય છે.

(૩) **કામરૂપિત્વ લબ્ધિ :** યુગપત અનેક આકારરૂપ શરીર કરવાનું સામર્થ્ય તે રૂપ બદલી શકે.

(૪) **વૈક્રિય લબ્ધિ :** નાના મોટા રૂપ ધારણ કરવાની શક્તિ.

(૫) **પુલાક લબ્ધિ :** સંઘ વગેરેના ભલા માટે ચક્રવર્તિના સૈન્યને પણ ચૂરચૂર કરવાની શક્તિ.

(૬) **શીત લેશ્યા લબ્ધિ :** તેજો લેશ્યાને ઠારે એવી લબ્ધિ તે શીત લેશ્યા લબ્ધિ.

(૭) **આહારક લબ્ધિ :** સંદેહ ઊપજે ત્યારે એના નિવારણ માટે ભગવાન (તીર્થંકર પાસે) પાસે પહોંચી શકાય એવું શરીર રચવાની શક્તિ.

(૮) **અમૃતસ્ત્રવ લબ્ધિ :** ઘી, સાકર, ખીરના જેવી મધુર વાણીની શક્તિ.

પ્ર : ૧૯ પદ લબ્ધિના કેટલા ભેદ છે તે જણાવો ?

ઉ : ૧૯ પદ લબ્ધિના પણ કેટલાય ભેદ છે તેમાંના મુખ્ય નીચે મુજબ જાણવા.

(૧) **અરિહંત પદ લબ્ધિ :** અરિહંત પદ પ્રાપ્ત થાય તે.

(૨) **ચક્રવર્તિ પદ લબ્ધિ :** ચક્રવર્તિ પદ પ્રાપ્ત થાય તે.

(૩) **પૂર્વધર પદ લબ્ધિ :** પૂર્વધર બને ચૌદ પૂર્વ ભણે તે.

(૪) **ગણધર પદ લબ્ધિ :** ગણધર પદ પ્રાપ્ત થાય તે.

(૫) **વાસુદેવ પદ લબ્ધિ :** વાસુદેવ પદ પ્રાપ્ત થાય તે

(૬) **પ્રતિ વાસુદેવ પદ લબ્ધિ :** પ્રતિ વાસુદેવ પદ પ્રાપ્ત થાય તે.

(૭) **બળદેવ પદ લબ્ધિ :** બળરામ રૂપે જન્મે બળદેવ પદ પ્રાપ્ત થાય તે.

પ્ર : ૨૦ આત્મજ્ઞાન થાય તે પહેલા કઈ લબ્ધિઓ જીવને પ્રગટે છે ?

ઉ : ૨૦ આત્મજ્ઞાન થાય તે પહેલા પાંચ લબ્ધિ જીવને પ્રગટે છે. જે નીચે મુજબ જાણવી:-

(૧) **ક્ષયોપશમ લબ્ધિ :** મનુષ્યભવ, પાંચ ઈન્દ્રિય, ઊંચુ કુળ અને ઊંચુ ગોત્ર મળે તે.

(૨) **વિશુદ્ધિ લબ્ધિ :** ખોટા કામથી ત્રાસ પામે ને સારા ભાવ ભણી જીવ વળે તેથી પુણ્ય બાંધે તેથી સત્પુરૂષનો યોગ થાય.

(૩) **દેશના લબ્ધિ :** સત્પુરૂષની વાણી સાંભળ સાંભળ કરવાનું ગમે. સત્પુરૂષ કહે તે સમજવાનું મહાત્મ્ય લાગે.

(૪) **પ્રાયોગ્ય લબ્ધિ :** દેશનાનો વિચાર કરી તેમા જ જીવન ગાળે તેથી સીતેર કોડા કોડી કર્મ સ્થિતિ ઘટીને અંતઃકોડાકોડીની થઈ જાય.

(૫) **કરણ લબ્ધિ :** તેમાં આગળ વધતાં ગ્રંથીભેદ થાય.

પ્ર : ૨૧ ગોતમ સ્વામિ લબ્ધિના ભંડાર ગણાય છે તો તેમને કેવી કેવી લબ્ધિઓ હતી?

ઉ : ૨૧ વર્તમાન ચોવીસીના છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી પ્રભુના ગણધર શ્રી ગૌતમ સ્વામિ લબ્ધિઓના ભંડાર રૂપ હતા. તેમના હાથનો સ્પર્શ થતો અને જીવનાં દુઃખ દર્દ દૂર થઈ જતાં. એમના મળ-મૂત્ર દુર્ગંધ મારતાં ન હતાં પણ રોગોને દૂર કરનારાં સુવાસિત ઔષધો હતાં. એક ઈન્દ્રિયથી બીજી ઈન્દ્રિયનાં કામ લઈ શકતાં હતાં. આકાશ ગમન કરી શકતા. સામાના મનના અંતર્ગત ભાવોને જાણી શકતા હતા. દૂર દૂર બનતી ઘટનાઓ જોવી એ એમને માટે રમત વાત હતી. સૂર્યના કિરણોને આધારે તેઓ દુર્ગમ પહાડ ઉપર જઈ શકતા, ઈશારા માત્રથી તેઓ ઝેરને દૂર કરી શકતા. અંતરના વેધક તેજને તેઓ બહાર વહાવી શકતા. એમના અંગૂઠામાં એવુ અમૃત વસતું કે જે વસ્તુને એનો સ્પર્શ થતો એ અખૂટ બની જતી. આવી તો કંઈક કંઈક સિદ્ધિઓ અને લબ્ધિઓના તેઓ સ્વામિ બન્યા હતા. સૌથી મોટી તેમની લબ્ધિ તો એ હતી કે જેને તેઓ દીક્ષા આપતા અથવા બોધ આપતા તેને તે જ ભવમાં કેવળજ્ઞાન થઈ જતું. તેઓ જેને દીક્ષા કે બોધ આપતા તેને પ્રભુ મહાવીરના દર્શન માટે જ્યારે તેઓ લાવતા તે જીવને પ્રભુના દર્શન કરતાની સાથેજ કેવળજ્ઞાન થઈ જતું આટલી બધી લબ્ધિઓ હોવા છતા વાહવાહની કામના મોટાપણાનું ગુમાન એમને લોભાવી શક્યા ન હતા અને જળકમળની જેમ તેઓ અલિપ્ત અને સ્વસ્થ રહેતા હતા.

પ્ર : ૨૨ નવ નિધિઓનાં નામ આપો ?

ઉ : ૨૨ નવ નિધિઓ માગધ તીર્થમાં વાસ કરે છે. ચક્રવર્તિને આ નવ નિધિઓ પ્રાપ્ત થાય છે.

(૧) **નૈસર્ગ :** આ નિધિથી છાવણી, શહેર, ગામ, ખાણ, મંડપ વગેરે સ્થાનોનુ નિર્માણ થાય છે.

(૨) **પાંડુક** : આ નિધિથી માન, ઉન્માન, અને પ્રમાણ એ સર્વનુ ગણિત તથા ધાન્ય અને બીજનો સંભવ થાય છે.

(૩) **પિંગળ** : આ નીધિથી નર, નારી, હાથી, ઘોડા અને સર્વ જાતિના આભૂષણોનો વિધિ જાણી શકાય છે.

(૪) **સર્વ રત્નક** : આ નિધિથી ચક્રરત્ન વગેરે સાત એકેન્દ્રિય અને સાત પંચેન્દ્રિય રત્નો ઉત્પન્ન થાય છે.

(૫) **મહાપદ્મ** : આ નિધિથી સર્વ પ્રકારના શુદ્ધ અને રંગીન વસ્ત્રો ઉપલબ્ધ થાય છે.

(૬) **કાળ** : આ નિધિથી વર્તમાન, ભૂત, ભવિષ્ય ત્રણે કાળનું જ્ઞાન. કૃષિ વગેરે કર્મ અને બીજા શીલ્પાદિકનું જ્ઞાન થાય છે.

(૭) **મહાકાળ** : આ નિધિથી રૂપુ, સોનુ, મુક્તાફળ, લોખંડ, તથા અન્ય ધાતુઓની ખાણ ઉત્પન્ન થાય છે.

(૮) **માણવ** : આ નિધિથી સર્વ પ્રકારની યુદ્ધનીતિ તથા દંડનીતિ પ્રગટ થાય છે. આયુધ, કવચની પ્રાપ્તિ થાય.

(૯) **શંખ** : આ નિધિથી ચાર પ્રકારના કાવ્યની સિદ્ધિ, નાટકની વિધિ અને સર્વ પ્રકારના વાજિંત્રો નિષ્પન્ન થાય છે.

પ્ર : ૨૩ સિદ્ધિઓ પ્રાપ્ત થતાં સાધકે શું સાવધાની રાખવી ?

ઉ : ૨૩ સાધકે હંમેશા ખ્યાલ રાખવો કે સિદ્ધિઓ પ્રદર્શન માટે નથી, આત્મરક્ષા માટે છે. તેનો ઉપયોગ માન, કીર્તિ કે લૌકિક ગર્વરસ ચાખવા માટે ન થાય તે અંગે ખાસ સાવધાની રાખવી. વર્તમાન ચોવીશીના છેલ્લા ચોવીશમા તીર્થંકર ભગવાન મહાવીરના પ્રથમ ગણધર એવા ગૌતમ પાસે અનંત લબ્ધીઓ અને ઘણીજ સિદ્ધિઓ હોવા છતાં તેઓએ ક્યારેય પોતાની સિદ્ધિ કે લબ્ધિનો ઉપયોગ કર્યો નથી પરંતુ પોતે હંમેશા લઘુત્તમ ભાવમાં જ રહ્યા છે. સાધકે હંમેશા નીરંતર લઘુત્તમ ભાવમાં જ રહેવાય કિંચિંતમાત્ર પણ ગુરુત્તમ ભાવ ન ઉભો થાય તે અંગેની તકેદારી અને સાવધાની સદાય રાખવી.

卐

અધ્યાય પંદરમો
બ્રહ્માંડની અજાયબીઓ

પ્ર : ૧ વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા દસ અચ્છેરા (આશ્ચર્યજનક ઘટના) વિગતે જણાવો ?

ઉ : ૧ જે ઘટના ક્યારેય બનતી નથી તેવી અસામાન્ય ઘટના જ્યારે બને ત્યારે તેને અચ્છેરુ કે આશ્ચર્ય કહેવામાં આવે છે. વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા આવા દસ અચ્છેરા નીચે મુજબ જાણવા.

(૧) વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન જે ધર્મનું મુખ ગણાય છે, તેમના થકી આ પૃથ્વી ઉપર ધર્મની આ અવસર્પિણી કાળમાં શરૂઆત્ થઈ તે આદિનાથ ભગવાન તેમના ભરત સિવાયના નવ્વાણુ પુત્રો, અને આઠ પૌત્રો એમ કુલે એકસો આઠ (૧૦૮) આત્મા (જીવો) કે જે બધા ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની ઉંચાઈ ધરાવતા હતા. તે એકસો આઠ જીવો અષ્ટાપદ પર્વત ઉપરથી પોષ વદ તેરસના દિવસે એક જ સમયે સિધ્ધ થયા. અર્થાત એકસો આઠ જીવો કે જે ૫૦૦ ધનુષ્યની ઉત્કૃષ્ટ ઉંચાઈ ધરાવતા હતા તેઓ એકજ સમયે એકજ સ્થળેથી મોક્ષે ગયા. [નિયમ એવો છે કે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસો આઠ જીવો એક સમયે સિધ્ધ ન થાય, છતાં તેમ બન્યું માટે આશ્ચર્ય ગણાય છે]

(૨) આ અવસર્પિણીમાં નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથ અને દશમા તીર્થંકર શ્રી શીતળનાથ ભગવાન વચ્ચેના અંતર કાળમાં આરંભ પરિગ્રહથી યુક્ત બ્રાહ્મણો વગેરે ત્યાગી તપસ્વી શ્રમણોની જેમ પૂજાયા. ખરેખર બન્યું એમ કે ભગવાન શ્રી સુવિધિનાથના શાસનમાં ઉતરોતર ત્યાગી શ્રમણો ઘટતા ગયા અને શાસનનો વિરછેદ થયો. તે કાળે કંઈક શાસ્ત્રના જાણકાર એવા આરંભ પરિગ્રહમાં રક્ત ગૃહસ્થ ગુરુઓ ઉપદેશ આપવા લાગ્યા. અને અજ્ઞાન લોકો તેઓને સુપાત્ર માની પૂજવા લાગ્યા. તે આશ્ચર્ય થયું અર્થાત્ અસંયતો સંયતની જેમ પૂજાયા. બીજા શબ્દોમાં કહીએ તો અસંયમી પુરૂષો સંયમી પુરૂષોની જેમ પૂંજાયા.

(૩) વર્તમાન ચોવીસીના દશમા તીર્થંકર શ્રી શીતળનાથ ભગવાનના સમયમાં આ ત્રીજુ આશ્ચર્ય થયેલ કે યુગલીક નરકમાં ગયા. આ બાબતની વિગતવાર હકીકત આ મુજબ છે. ભરતક્ષેત્રની કૌશાંબી નગરીનો સુમુખ નામનો રાજા હાથી ઉપર બેસીને મોટા જનસમુદાય સાથે ક્રીડામહોત્સવ માટે નગર બહાર જતો હતો ત્યારે રાજમાર્ગ ઉપર એક વીરક નામના સાળવીની અત્યંત રૂપાળી સ્ત્રીને તેણે જોઈ. આ સ્ત્રીએ પણ રાજાને જોયો અને અનાદિ ભવના અભ્યાસથી બંનેને પરસ્પરકામ પ્રગટ્યો. પછી રાજાએ મંત્રીની સલાહ પ્રમાણે એક પરિવ્રાજિકાને સાધી તેના દ્વારા ગુપ્ત રીતે વનમાલા નામની એ વીરક સાળવીની સ્ત્રીને પોતાના અંતઃપુરમાં લાવ્યો અને તેની સાથે સુખ ભોગવવા લાગ્યો. આ બાજુ પોતાની પત્નીને શોધવા છતાં ન મળવાથી વીરક વિયોગના કારણે ગાંડા જેવો થઈ ગયો અને એકવાર તે વનમાલા વનમાલા નામની બૂમો પાડતો રાજમહેલ પાસે આવ્યો ત્યારે રાજા અને વનમાલા બંનેએ તેની આવી દશા જોઈ પોતે દુઃખી થયા. તેઓ બંનેને પોતાના અકૃત્યનું દુઃખ થયું તેઓ પોતાની ભૂલનો પશ્ચાતાપ કરતાં હતા. તે જ વખતે અચાનક વિજળી પડવાથી આ રાજા અને પેલી વનમાલા બંને મૃત્યુ પામી હરિવર્ષ ક્ષેત્રમાં યુગલીક દંપતી થયાં. આ બાજુ તેઓના મરણથી વીરકને હાશ થઈ તેને લાગ્યુ કે પાપીઓને તેના પાપનું ફળ મળ્યું એવો આશય પ્રગટ થતાં તેનુ ચિત સ્વસ્થ થયું પછી મતિ શુધ્ધ થવાથી વૈરાગ્યથી અજ્ઞાનપણે ઘણું તપ કરીને વ્યંતર દેવ થયો [અમુક ગ્રંથોમાં સૌધર્મ દેવલોકમાં કિલ્વિષીક દેવ થયો તેમ પણ જણાવ્યું છે] તેણે ત્યાં પોતાના વિભંગ જ્ઞાનમાં જોયું કે રાજા અને વનમાલા તો યુગલિક પણે સુખ ભોગવી રહ્યા છે. અને વળી પાછા દેવલોકમાં જઈને સુખ ભોગવશે આથી તેને વૈરભાવના જાગી ઉઠી. તેણે આ બંને જીવોને કષ્ટ આપવાના હેતુથી પોતાની શક્તિના સહારે તે બંનેને તેમનું આયુષ્ય અને શરીર ઘટાડીને તેમને ભરત ક્ષેત્રમાં લઈ આવ્યો. ભરત ક્ષેત્રમાં તે રાજાને ચમ્પાનગરનું રાજ્ય અપાવ્યુ. સાત વ્યસનો શીખવાડ્યા અને પાપાસકત બનાવ્યો. અહીં તે બંનેના નામ તેણે હરિ અને હરિણી રાખ્યાં. આથી તેમનો વંશ હરિવંશ તરીકે ઓળખાવા લાગ્યો. તે બંને વ્યસનાદિના નિમિત્તે મહાઆરંભથી પાપ ઉપાર્જન કરીને દુર્ધ્યાન વડે નરકમાં ગયા. આમ યુગલિકનું શરીર આયુષ્ય ઘટાડવુ,

તેઓને ભરતક્ષેત્રમાં લાવવા અને તેઓ દ્વારા પાપ કરાવડાવીને તેમને નરકમાં જવાના સાધનો પૂરા પાડવાં તે આશ્ચર્ય જાણવું [નિયમ એવો છે કે યુગલિક મૃત્યુ પછી દેવલોકમાં જ જાય છે]

(૪) વર્તમાન ચોવીસીના ઓગણીસમા તીર્થંકર મલ્લિનાથ ભગવાન સ્ત્રીદેહમાં તીર્થંકર થયા એ ચોથુ આશ્ચર્ય છે. આ બનાવની હકીકત નીચે મુજબ જાણવી. મહાવિદેહ ક્ષેત્રની સલીલાવતી વિજયના વિતશોક નગરમાં, બલ નામે રાજા હતો તેની ધારિણી નામની સ્ત્રીની કુક્ષિથી મહાબલ નામે પુત્ર થયો. યુવાવસ્થાએ પિતાએ તેને પાંચસો સ્ત્રીઓ સાથે પરણાવ્યો. પછી રાજા વૃધ્ધાવસ્થામાં દીક્ષા લઈ નિર્મળ ચારિત્ર આરાધી મક્તિને પામ્યા. પછી મહાબલ રાજા થયો તેને અચલ, ધરણ, અભીચંદ, પૂરણ, વસુ અને વૈશ્રમણ એમ છ રાજપુત્રો મિત્ર હતા. એકવાર ધર્મોપદેશ સાંભળતા પ્રતિબોધ પામેલા તે સાતેય મિત્રોએ દીક્ષા લીધી. તેઓ ઉત્કૃષ્ટ તપ સાથે જ્ઞાન-ધ્યાન કરતા અગિયાર અંગો ભણ્યા. પ્રત્યેકે સરખું તપ કરવું એવી કબૂલાત થઈ હતી. પરંતુ મહાબલને મોટાઈની ઈચ્છાએ સૌથી અધિક તપ કરવા ભાવના રહેતી તેથી પારણાના દિવસે માથુ દુઃખે છે વગેરે બહાનું કાઢી તે ઉપવાસ કરતો અને છ તપસ્વીઓ પારણું કરતા. અહો ! મોહની વિષમતા કેવી છે ? બહાર બડાઈ બતાવવાં અને પ્રશંસા મેળવવા આવા જ્ઞાનીઓ અને તપસ્વીઓને પણ મોહ -કપટ કરાવે છે. મહાબલ્ મુનિએ વીસ સ્થાનક તપ આરાધવાથી તીર્થંકર નામકર્મ તો નિકાચિત કર્યુ પણ સાથે માયા (કપટ) કરવાના કારણે સ્ત્રીગોત્રનો પણ બંધ થયો. પછી સમય જતાં બે માસની સંલેખના કરીને કાળધર્મ પામીને તે સાતેય જણા જયંત નામના અનુતર વિમાનમાં દેવો થયાં. ત્યાંથી ચ્યવીને તે સાતેય આ ભારતદેશમાં મનુષ્ય થયાં. તેમાં અચલનો જીવ અયોધ્યામાં (સાકેત નગરમાં) સુપ્રતિબધ્ધ રાજા, ધરણનો જીવ ચંપા નગરીમાં ચન્દ્રછાય રાજા, અભીચંદનો જીવ કામ્પિલ્યપુરમા જિતશુત્ર રાજા પૂરણનો જીવ શ્રાવસ્તિમાં રૂકિમ રાજા, વસુનો જીવ વારાણસીમાં શંખ નામે રાજા, વૈશ્રમણનો જીવ હસ્તિનાગપુરમાં અદીનશુત્ર રાજા થયો. જ્યારે ત્રણ જ્ઞાનથી યુક્ત મહાબલનો જીવ તો મિથિલા નગરીના કુંભ રાજાની પ્રભાવતી રાણીની કુક્ષિમાં ઉપજ્યો. તે સમયે માતાએ ચૌદ સ્વપ્નો જોયાં અને પૂર્ણ માસે કુંવરી રૂપે જન્મ્યો. દેવોએ મેરુપર્વત ઉપર જન્મમહોત્સવ કર્યો. ગર્ભ વખતે માતાને થયેલા દોહદના અનુસારે તેનું

મલ્લિકૂમારી નામ રાખ્યું તીર્થંકરની જેમ જન્મથી જ અતિશય, પામેલી તે કુવરી કાળક્રમે કરીને યુવાન થઈ. તે કાળે પૂર્વભવના છ મિત્રો જે રાજાઓ થયાં છે તેઓએ જુદા જુદા પ્રસંગે આ મલ્લિકુમારીનુ વર્ણન સાભળ્યું હતું અને પૂર્વજન્મના અનુરાગથી તે છયે રાજાઓ તેને પરણવા ઈચ્છા થતાં દરેક રાજાએ પોતાના દૂત મોકલ્યા તે છયે રાજાના છયે દૂતોને કુંભરાજાએ અનાદર કરી પાછા મોકલ્યા. એથી છ યે રાજાઓને કુંભ રાજા પ્રત્યે વેર થયું. આ હકીકત જાણીને મલ્લિકુમારીએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો અને એ છ રાજાઓ પોતાના પૂર્વભવના મિત્રો છે તેમ જાણી લીધું પછી પોતાના પિતાને કહ્યું કે ખેદ કરવાનું કોઈ કારણ નથી. ઉપાયથી સર્વ વિઘ્નો ટળે છે. માટે બહાર ઉદ્યાનમાં મહેલના મધ્ય ભાગમાં એક રત્નજડીત સુર્વણની મારી મૂર્તિ બનાવો મસ્તકે દ્વાર રાખી ઉપર ન દેખાય તેવુ ઢાંકણ કરાવો. મૂર્તિની સામે ભીતમાં છ જાળીયા અને પ્રત્યેક જાળીયાની સામે બહાર એક એક ઓરડો કરાવો. મૂર્તિની પાછળ એક બારણુ રખાવો વગેરે ઉપાયથી વિઘ્ન ટળી જશે. કુંભ રાજાએ તે સઘળુ કરાવી દીધુ. આ બાજુ છે એ રાજાઓએ મોટા સૈન્યો સાથે મિથિલા ઉપર ચઢાઈ કરી અને નગરની બહાર ઘેરો નાંખ્યો. મલ્લિકુમારીએ સંકેત પ્રમાણે કહ્યું કે હે પિતાજી આપ છ એ રાજાઓની માંગણીને માન્ય રાખી નિયત દિવસે એક બીજા જાણે નહી તેમ એક સમયે એકલા મહેલમા આવે તેવું દરકને આમંત્રણ આપો. પછી મલ્લિકુમારીએ પણ દરરોજ પોતાના ભોજનનો એક એક કોળિયો તે સુર્વણની મૂર્તીમાં ઉપરથી નાંખવા માંડયો. નિયત દિવસે છ એ રાજાઓ આવ્યા. એક બીજાને નહી જાણતાં તેઓને જુદા જુદા ઓરડામાં રાખ્યા ત્યાં જાળીયામાંથી તે મૂર્તિને સાક્ષાત મલ્લિકુમારી જાણી પૂર્વજન્મના સંસ્કારથી ગાઢ અનુરાગી થયા. હવે અવશ્ય લગ્ન થશે એમ માની તેઓ અપાર હર્ષિત થયા તે સમયે કોઈ ન જાણે તેમ પાછલા દ્વારથી મલ્લિકુમારીએ પ્રવેશ કરીને મૂર્તિના મસ્તકનું ઢાંકણુ ઉઘાડી નાંખ્યું. તેમાંથી એવી ઉત્કટ દુર્ગંધ ઉછળી કે છયે રાજાઓ અકળાઈ ગયા અને મુખ નાસિકાને વસ્ત્રથી ઢાંકવા અવળા મુખવાળા થયા તે સમયે મલ્લિકુમારીએ પ્રગટ થઈને કહ્યુ કે આ સુર્વણની પૂતળીમાં નાંખેલો પવિત્ર આહાર પણ આટલો દુર્ગંધી થાય છે. તો જે શરીર અશૂચિના ભંડાર એવા ગર્ભાશયમાં અશૂચિથી જ ઘડાયું છે અને કેવળ અશૂચિથીજ ભરેલું છે. માત્ર આ સુર્વણપૂતળીની જેમ બહારથી જ સારું દેખાય છે. તો મારા શરીરમાં

તમારા જેવા બુધ્ધિમાનોને આવો મોહ શા માટે ? વળી તમારા પૂર્વભવને યાદ કરો તમે કેવા મહાતપસ્વી હતા. વૈરાગ્ય અને ત્યાગથી તમે જીવનને કેવું કૃતાર્થ કર્યુ હતું. એમ કહી પૂર્વભવનો વૃતાંત કહ્યો તે સાંભળી જાતિસ્મરણને પામેલા તે છએ રાજાઓએ મલ્લિકુમારીને પૂછ્યું તો હવે અમારે શું કરવું ત્યારે મલ્લિકુમારીએ યોગ્ય સમયે દીક્ષા ગ્રહણ કરી મનુષ્ય જન્મનું ફળ મેળવવા ઉપદેશ આપ્યો. પોતે પણ સો વર્ષની વયે (ઉંમરે) ઈન્દ્રોના મહોત્સવપૂર્વક ત્રણસો રાજકુમારીઓ અને ત્રણસો રાજકુમારો સાથે દીક્ષા લીધી. તે જ દવિસે ક્ષપકશ્રેણી માંડી તે કેવળજ્ઞાન પામ્યાં. દેવોએ કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. સમવસરણ રચ્યું, અને તેમાં બેસીને તેઓએ ધર્મતીર્થની સ્થાપના કરી એમ સ્ત્રીદેહે તીર્થંકરનું પ્રાપ્ત થવું એ આશ્ચર્ય જાણવું [સર્વ ચોવીસીમાં પુરૂષ જ તીર્થંકર થયા છે]

(૫) વાસુદેવ એકમાંથી બીજા દ્વીપમાં ન જાય આમ છતાં વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાન (કે જે કૃષ્ણ વાસુદેવના કાકાના દીકરા એટલે કે ભાઈ થાય) તેમના સમયમાં થયેલા છેલ્લા નવમા વાસુદેવ ભરતક્ષેત્ર કે જે જંબૂદ્વીપમાં આવેલું છે તે જંબૂદ્વીપમાંથી ધાતકીખંડમા ગયા તે આશ્ચર્ય જાણવું. આ આશ્ચર્યની વિગતવાર બિના નીચે મુજબ જાણવી. હસ્તિનાપુરમાં પાંચ પાંડવોની ભાર્યા દ્રૌપદી સમકિતી હતી. એકવાર સૌમ્ય મુખાકૃતિવાળો છતાં કપટ નુ ઘર અને જટાધારી છતાં સુંદર કાન્તિવાળો, કલહ અને કુતૂહલપ્રિય એવો નારદ રાજસભામાં આવ્યો. પાંડવો સહિત સર્વ સભાજનોએ ઊભા થઈ તેમનું સન્માન કર્યુ. પરંતુ દ્રૌપદીએ તે (નારદ) મિથ્યાત્વી હોવાથી તેનો વિનય ન કર્યો. આથી નારદને રોષ થયો અને દ્રૌપદીને કષ્ટમાં નાંખવા તે ધાતકીખંડમાં અપરકંકા નગરીના પદમોતર રાજા પાસે ગયો. પ્રસંગ પામીને પદમોતરને કહ્યું કે તારી સાતસો રાણીઓ છે પણ પાંડવોની પત્ની દ્રૌપદીના નખાગ્ર જેટલું પણ એકેયનું રૂપ નથી. એ સાંભળી સ્ત્રીલુબ્ધ પદમોતરને સ્ત્રી (દ્રૌપદી)પ્રત્યે મોંહ થયો. તેણે પોતાનો મિત્ર દેવ હતો તેને અઠ્ઠમના તપથી આરાધ્યો અને દ્રૌપદીનું હરણ કરી લાવવા કહ્યું. એથી તે દેવે હસ્તિનાપુર જઈ દ્રૌપદીને અવસ્વાપિની નિંદ્રા આપી તેનું હરણ કર્યું. ત્યાંથી તે અપરકંકાના ઉદ્યાનમાં લઈ ગયો. ત્યાં પદમોતર મળ્યો અને દ્રૌપદી પાસે તેણે ભોગની માંગણી કરી સતી દ્રૌપદીએ સંકટ જાણી તેમાંથી પાર ઉતરવા માટે "પાંડવો કે કૃષ્ણ જો છ મહિના સુધી નહીં આવે તો પછી હું તમારી જ છું" એમ જવાબ આપ્યો. પદમોતરે પણ બળથી પ્રીતિ ન થાય

એમ સમજીને તે વાત સ્વીકારી. આ બાજુ દ્રૌપદીએ ઉત્કટ તપ વિના શીયળની રક્ષા ન થાય, તપથી સર્વ વિઘ્નો ટળે એમ સમજી છઠ્ઠ-છઠ્ઠને પારણે આંયબીલનું તપ શરૂ કર્યું. અહી પાંડવોએ દ્રૌપદીની શોધ ચલાવી. ઢંઢેરો પીટાવી દ્રૌપદીને લાવી આપનારને ઈનામ આપવાનું જાહેર કર્યું પણ તે ક્યાંય ન મળવાથી ચિંતાતુર થયેલા પાંડવો નાં માતા કૂંતાદેવી દ્વારકા કૃષ્ણ પાસે ગયાં. કૃષ્ણે તેમને સામા જઈ સ્વાગત કર્યું આવવાનું કારણ પૂછ્યું પછી કુંતાદેવીએ વિગતવાર હકીકત કહી. દ્રૌપદીનું હરણ થયું છે તે વાત જણાવી. કૃષ્ણ વાસુદેવે આશ્વાસન આપી તેમને માનભેર હસ્તિનાપુર મોકલ્યા અને દક્ષીણ ભરતના ત્રણેય ખંડોમાં શોધ કરાવી પણ ક્યાંય તેનો પતો ના લાગ્યો. તેથી ચિંતાતુર બનેલા કૃષ્ણ એકવાર પોતાની સભામાં આવેલા નારદને દ્રૌપદીનો વૃતાંત પૂછયો ત્યારે નારદે કહ્યું કે ધાતકીખંડના પદમોતર રાજાના અંતઃપુરમાં દ્રૌપદી જેવી સ્ત્રી જોવામાં આવી હતી. એથી કૃષ્ણજી સમજી ગયા કે કૂતૂહલી કલહપ્રિય નારદજીનું જ આ કાવતરું છે. પછી તો તરતજ પાંડવોને શૈન્ય સહિત પૂર્વ સમુદ્રના કિનારે આવવાનું કહેવડાવી પોતે શૈન્ય સજી ત્યાં પહોચ્યાં. પાંડવો પણ ત્યાં આવ્યા. કૃષ્ણ વાસુદેવે સમુદ્ર કિનારે અઠ્ઠમનો તપ કરીને લવણસમુદ્રના અધિષ્ઠાયક સુસ્થિત નામના દેવને આરાધી પ્રત્યક્ષ કર્યો અને ધાતકી ખંડમાં જવા માટે તેની પાસે સમુદ્રમા માર્ગ માંગ્યો. એમ દેવની સહાયની સમુદ્રની સપાટી ઉપર થઈ પાંડવો અને કૃષ્ણ વાસુદેવ રથ વગેરે સૈન્ય સહિત ધાતકી ખંડમાં પહોચ્યાં. પછી દૂત મોકલી પદમૌતરને દ્રૌપદી સતીને પાછી સોંપવા જણાવ્યું. પણ કાંમાંધ પદમોતરે તે માન્યું નહી તેથી યુધ્ધ માટે તૈયારી કરી. તેમા કૃષ્ણ વાસુદેવે પ્રથમ પાંડવોને યુધ્ધ કરવાં કહ્યું અને પાંડવોયે એ વાત સ્વીકારી પરંતુ એમ કહ્યુ કે અમે હારીએ તો તમે સહાય કરજો. એમ સાંભળી કૃષ્ણ વાસુદેવે કહ્યુ કે તમે હારવાનું પહેલા બોલ્યા માટે તમારી હાર થશે તો પણ તેઓ યુધ્ધ કરવા તૈયાર થયા અને યધ્ધમાં પદમોતરથી પરાભવ પામ્યા પછી કૃષ્ણ વાસુદેવ યુધ્ધ માટે સજ્જ થયા. તેઓએ પ્રથમ પાંચજન્ય શંખ વગાડયો તેના શબ્દ માત્રથી જ પદમોતરની સેનાનો ત્રીજો ભાગ નાસી ગયો. પછી સારંગ ધનુષ્યનો ટંકારવ કર્યો ત્યારે પણ ત્રીજો ભાગ નાસી ગયો. એમ સૈન્ય નાસવાથી નિર્બલ બની ગયેલો પદમોતર લડયા વિના જ મરણના ભયથી નાસી ગયો અને શહેરના દરવાજા બંધ કરાવી સ્ત્રીનું રૂપ ધારણ કરીને દ્રૌપદીને શરણે ગયો આ બાજુ કૃષ્ણ વાસુદેવે નરસિંહનું રૂપ ધારણ કરી દરવાજાઓ તથા કોટ તોડી નાંખી

નગરમાં પ્રવેશ કર્યો અને દ્રૌપદી સતી પાસે આવ્યાં. ત્યા પદમોતર સ્ત્રીના રૂપમાં બેઠેલો હોવાથી ઓળખી શક્યા નહીં પછી દ્રોપદીને પૂછયું કે આ સ્ત્રી કોણ છે ત્યારે દ્રૌપદીએ કહ્યું કે એ જ પદમોતર છે. સ્ત્રીના વેશમાં તે મારે શરણે આવ્યો છે માટે ક્ષમા કરો. એટલે કૃષ્ણ વાસુદેવે તેને જીવતો છોડ્યો. પછી કૃષ્ણ વાસુદેવ દ્રોપદીને લઇને પાછા ફર્યા અને તેમણે સમુદ્રને કિનારે આવીને શંખ વગાડ્યો. એ શંખનો અવાજ સાંભળીને ત્યાનાં કપિલ વાસુદેવ ત્યાં વિચરતા શ્રીમુનિસુવ્રત પ્રભુને પૂછ્યું કે આ શંખનાદ કોણે ક્યો. પ્રભુએ પણ પોતાના જ્ઞાનથી દ્રૌપદીહરણનો સર્વ વૃતાંત કહ્યો અને તેથી કૃષ્ણ વાસુદેવને મળવાની ઉત્કંઠાવાળા કપિલ તરત સમુદ્રકિનારે આવ્યા. પરંતુ કૃષ્ણ વાસુદેવ સમુદ્રમા દુર પહોચી ગયા હોવાથી તેણે કિનારે ઉભારહી શંખ વગાડ્યો એ સાંભળીને સામેથી કૃષ્ણ વાસુદેવે પણ શંખ વગાડ્યો અને બંનેના શંખનો અવાજ પરસ્પર મળ્યો પણ વાસુદેવો મળી શક્યા નહી (નિયમ બે વાસુદેવનું મળવું કોઇ દિવસ થયું નથી) એમ આ ભરતક્ષેત્રના વાસુદેવ ઘાતકીખંડમાં ગયા એ આશ્ચર્ય જાણવું.

(૬) ગર્ભનો પલટો એટલે ગર્ભને એકમાંથી બીજા ગર્ભાસયમાં મુકવો તે પૂર્વ કોઇ તીર્થંકરને થયું નથી. એ વર્તમાન ચોવીશીના છેલ્લા તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામિના પોતાના બાબતે બન્યું તે આશ્ચર્ય. વિગતવાર હકીકત આ પ્રમાણે જાણવી સામાન્ય રીતે અરિહંતો, ચક્રવર્તિઓ, બળદેવો, અને વાસુદેવો ક્યારેય પણ અધમ કે હલકા કુળમાં કે કુટુમ્બમાં જન્મતા નથી. પરંતુ મહાવીર સ્વામિ પ્રભુએ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના વખતમાં જ્યારે તેઓ મરીચી નામના ભરતચક્રવર્તિના પુત્ર હતા ત્યારે કુલ મદ કરેલો કે મારા દાદા પ્રથમ તીર્થંકર, મારાપિતા પ્રથમ ચક્રવર્તિ, હુ પ્રથમ વાસુદેવ એટલે મારુ કુળ કેટલું મહાન છે આ કુલમદના પરિણામે છેલ્લા તીર્થંકર પ્રભુના અવતારમાં તેમને દેવાનંદા નામની બ્રાહ્મણીના ગર્ભમા બ્યાસી (૮૨) દિવસ રહેવું પડ્યું ત્યાર પછી ઇન્દ્રે અવધિજ્ઞાનમાં જોઇ જાણી ગર્ભ બદલવા માટે હરિણૈગમેષી દેવને આજ્ઞા કરી તે મુજબ દેવાનંદા નામની બ્રાહ્મણીના ગર્ભમાથી પ્રભુને ત્રિશલા રાણીના ગર્ભમા મુક્યા અને ત્રિશલા રાણીના ગર્ભને દેવાનંદાની કુક્ષીમાં તે દેવે કોઇપણ પ્રકારની ઇજા પહોચાડ્યા વગર મૂક્યો તે આશ્ચર્ય જાણવું.

(૭) તીર્થંકર ભગવાનની દેશના ક્યારેય નિષ્ફળ ન જાય પરંતુ વર્તમાન અવસર્પિણી કાળના ચોવીસમાં તીર્થંકર પ્રભુ શ્રી મહાવીર ની પ્રથમ દેશના નિષ્ફળ ગઇ એ આશ્ચર્ય ગણાય છે તીર્થંકર ભગવાનને ચાર ઘાતી કર્મનો ક્ષય થતાં

કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને ત્યારે દેવતાઓ સમવશરણની રચના કરે છે. આ સમવસરણમાં સિંહાસન ઉપર બેસીને પ્રભુ દેશના આપે છે. ભગવાન મહાવીર ની આ દેશના વખતે એક પણ મનુષ્ય આ દેશના વખતે ત્યાં સાંભળવા હાજર નહોતો માત્ર દેવલોકો આ પ્રથમ દેશનામાં હાજર હતા તેથી એમ કહેવાય છે કે પ્રભુ મહાવીરની પ્રથમ દેશના નિષ્ફળ ગઇ અર્થાત્ કોઇ મનુષ્ય હાજર ન હોવાથી કોઇ બોધ પામ્યું નહી એ આશ્ચર્ય કહેવાય છે. અહિં દેશવિરતિ કે સર્વવિરતિને લાયક કોઇ મનુષ્ય હાજર ન હતો તેમ સમજવાનું છે.

(૮) મૂળ વિમાને દેવો પૃથ્વીલોકમાં ન આવે આમ છતાં કૌશાંબી નગરીમાં ભગવાન શ્રી મહાવીરને વંદન કરવા માટે જ્યોતિષી દેવોના ઇન્દ્ર એવા સૂર્ય અને ચંદ્ર બંન્ને ઇન્દ્રો પોતાના મૂળ વિમાન સાથે વંદન માટે આવ્યા હતા અને ત્યારે પૃથ્વી ઉપર થોડાક કલાક માટે અંધકાર છવાઇ ગયો હતો અને ભગવાનની પર્ષદામાં ઘણોજ ઉજાસ હતો આ આશ્ચર્ય ગણાય છે (બે કલાક માટે બધે અંધારુ થઇ ગયું હતું)

(૯) ચરમેન્દ્ર કે જે ભુવનપતિ દેવોની અસુરકુમાર નિકાયનો ઇન્દ્ર ઉર્ધ્વલોકમાં પ્રથમ દેવલોક સૌધર્મમાં ગયો સામાન્ય રીતે આવું બનતું નથી. માટે આશ્ચર્ય ગણાય છે. વિગતવાર બિના આ પ્રમાણે જાણવી પૂરણ નામનો એક તાપસ ઘોર અજ્ઞાન તપ કરીને ભુવનપતિ નિકાયમાં ચમરેન્દ્ર નામે ઇન્દ્ર થયો સભામાં બઠેલો તેણે અંવધિજ્ઞાનથી ઉપરજોયું તો સૌધર્મ દેવલોકમાં સભામાં બેઠેલા ઇન્દ્રના પગ પોતાના શીર ઉપર દેખાયા તેથી ગુસ્સે થઇને તેનો પરાભવ કરવા પરિઘ નામનુ શસ્ત્ર લઇ ઉપર જવા નીકળ્યો અને પોતાના શસ્ત્રને ઘુમાવતો તે ઇન્દ્રસભામાં પહોચ્યો ત્યાં તેણે આવેશમાં ઇન્દ્રને અપશબ્દો કહ્યા આથી તે ઇન્દ્રે તેના પર વજ્ર છોડ્યું ચમરેન્દ્ર ભયભીત થઇ છેક ધરતી ઉપર પ્રભુ સુસુમા નગરમાં કાયોત્સર્ગ કરીને રહેલા તેમના ચરણમાં શરણે આવ્યો વજ્ર પણ તેની પાછળ આવતું હતું ત્યાં તો ઇન્દ્રે જોયુંકે ચમરેન્દ્ર તો પ્રભુના શરણમાં રહ્યો છે આશાતનાના ભયે તુરત જ ઇન્દ્રે વજ્રને સંહરી લીધું અને ચમરેન્દ્રને છોડી દીધો આ વજ્ર પ્રભુના ચરણથી ચાર આગળ જ દુર હતુ ને સંહરી લીધું હતું. પ્રભુને ખમાવ્યા અને પોતે ચમરેન્દ્રને માફ કર્યો આમ અધોલોકનો ઇન્દ્ર ઉર્ધ્વલોકમાં ગયો તે આશ્ચર્ય ગણાય છે.

(૧૦)તીર્થંકરને કેવળજ્ઞાન થયા પછી ઉપસર્ગ થાય નહી છતાં છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામિ પ્રભુ ઉપર કેવળજ્ઞાન થયા પછીથી ગોશાળાંએ તેજોલેશ્યા ફેંકી ઉપસર્ગ કર્યો હતો એ આશ્ચર્ય ગણાય છે. આ બાબતે વિગતવાર હકીકત આપ્રમાણે જાણવી એકવાર શ્રી મહાવીર પ્રભુ શ્રી વસ્તિ નગરી એ પધાર્યા તે વખતે ગોશાળો હું તીર્થંકર છુ એમ લોકોમાં બોલતો ત્યાં આવ્યો તેથી લોકોમાં અહીં બે તીર્થંકરો આવ્યા છે એવી પ્રસિધ્ધિ થઇ. તે જાણીને શ્રી ગૌતમ ગણધરે પ્રભુને પ્રશ્ન કર્યો કે હે ભગવંત આ બીજો હું જિન છુ એમ કહેનારો કોણ છે? પ્રભુએ કહ્યું કે ગૌતમ ! એ જિન નથી પરંતું શરવણગ્રામવાસી મંખલીની સુભદ્રા નામની સ્ત્રીનો પુત્ર છે બ્રાહ્મણની ગૌશાળામાં જન્મેલો હોવાથી ગૌશાળો એવા નામે તે પ્રસિધ્ધ થયો છે અને મેં શિષ્ય નહીં કરવા છતાં સ્વયંમ શિષ્ય બનેલો તે બહુશ્રુતનો આડબંર ધરીને મિથ્યા પોતાને જિન કહેવરાવે છે શ્રી વીર પ્રભુએ કહેલી આ વાત સર્વત્ર વિસ્તાર પામી. તે જાણીને રોષે ભરાયેલા ગોશાલાએ ગોચરીએ ગયેલા આનંદ નામના પ્રભુના શિષ્યને કહ્યું કે હે આનંદ, સાંભળ એક દષ્ટ્રાંત કહું છું કેટલાક વેપારીઓ ધન કમાવા માટે વિવિધ કરિયાંણાથી ગાડા ભરીને પરદેશ જવા નીકળ્યા વચ્ચે એક જંગલ આવ્યું પાણીના અભાવે તૃષ્ણાથી પીડાતા તેઓ પાણીને શોધવા લાગ્યા ત્યાં એક સ્થળે ચાર વલ્મિકશીખર એટલે માટીના ચાર ઢગલા જોયાં તેમાનું એક ફોડતાં પુષ્કળ જળ નીકળ્યું દરેકે તે પાણી પીધું અને પાત્રો ભરી લીધાં પછી એક વૃદ્ધે કહ્યું કે આપણું કામ સર્યુ માટે હવે બીજા શિખરને ફોડવાની જરૂર નથી. છતાં વૃદ્ધની શીખામણને અવગણીને બીજુ શિખર ફોડ્યું તેમાથી સુર્વણ નીકળ્યુ તે લીધુ અને ફરીથી વૃદ્ધે નિવાર્યા છતાં ત્રીજુ શિખર પણ ફોડ્યું તેમાથી રત્નો નીકળ્યાં તે પણ લીધાં વૃદ્ધને આ લોભ હાનિકારક જણાયાથી તેણે ચોથું શીખર નહી ફોડવા ખુબ સમજાવ્યું પણ લોભાંધ બનેલા તેઓએ વૃદ્ધની શીખામણને અવગણીને ચોથું શીખર પણ ફોડ્યું તેમાથી તો દષ્ટિવિષ સર્પ નીકળ્યો અને તેની દષ્ટિના ઝેરથી સર્વે મરણ પામ્યા સંતોષી, ન્યાયી અને હિતશિક્ષા આપનાર પેલા વૃદ્ધને તો નજીકમા રહેલા કોઇ દેવે તેના સ્થાને મૂકી દીધો એ રીતે તારો ધર્માચાર્ય મોટી ઋદ્ધિ મળવા છતા જેમ તેમ

નિંદા કરીને મને ખીજવે છે પણ હું મારા તપતેજથી તેને બાળી નાંખીશ માટે તુ શીઘ્ર જઇને આ સંદેશો તેને જણાવ હું વૃદ્ધની જેમ તારું રક્ષણ કરીશ એ સાંભળીને ભય પામેલા આનંદ સાધુએ આવીને પ્રભુને એ સઘળી વાત કહી. જ્ઞાની પ્રભુએ કહ્યું કે હે આનંદ તુ જલ્દી ગૌતમ વગેરે મુનિઓને કહે કે આ ગોશાળો આવે છે તેની સાથે કોઇએ બોલવું નહી. સઘળાએ આમ તેમ ખસી જવું તે પ્રમાણે કર્યું તેટલામાં ગોશાળો આવ્યો અને પ્રભુને કહેવા લાગ્યો કે હે કાશ્યપ "આ ગોશાળો છે મંખલિપુત્ર છે વગેરે તુ શા માટે કહે છે તે તારો શિષ્ય ગોશાળો તો મરી ગયો હુ તે નથી પણ તેના શરીરને પરિષહ સહવામા દઢ જાણીને મે તેમાં સ્થાન કર્યું છે" પ્રભુનો આવો તિરસ્કાર થતો જોઇને સહન ન થવાથી સુનક્ષત્ર અને સર્વાનુભુતી નામે સાધુઓએ ગૌશાળાને અટકાવવા માંડ્યો ત્યારે તેણે તેજોલેશ્યા મૂકી તેનાથી બળીને તે બંન્ને સાધુઓ સ્વર્ગમાં દેવ થયા પ્રભુએ કહ્યું કે હે ગોશાલક તુ તૈજ છે, બીજો નથી, ફોગટ પોતાને શા માટે છુપાવે છે વગેરે સત્ય કહેવાથી દુષ્ટ ગોશાળાએ પ્રભુ ઉપર પણ તેજોલેશ્યા ફેકીં પરંતુ પ્રભુના અતિશયથી તે ત્રણ પ્રદક્ષિણા કરીને પાછી ફરીને ગોશાળાના શરીરમાં પેઠી તેનાથી બળેલો ગોશાળો મહા પીડાઓને ભોગવીને સાતમી રાત્રિએ મૃત્યુ પામ્યો ભગવાનને પણ તેના તાપથી છ મહિના સુધી લોહીખંડનો વ્યાધિ થયો જેના નામસ્મરણ માત્રથી પણ સકળ દુઃખોનો ક્ષય થાય તે પ્રભુને કેવળી અવસ્થાંમાં પણ ઉપસર્ગ થયો તે આશ્ચર્ય સમજવું.

(ખાસનોંધ : છેલ્લા પાંચ આશ્ચર્યો છેલ્લા તીર્થંકર પ્રભુ મહાવીરના સમયમાં થયા)

પ્ર : ૨ આ વર્તમાન અવસર્પિણી કાળનું અગિયારમું આશ્ચર્ય શું છે ?

ઉ : ૨ અસંયતી પૂજા નામનું ઘીટ આશ્ચર્ય કહેવાય છે આ અગિયારમું આશ્ચર્ય છે. બહાર સંયમ દેખાય નહીં વેશ-પહેરવેશથીયે સંસારી હોય, સામાન્ય સંસારી વેશ હોય, બહારનો એક પણ નિત્ય નિયમ પાઠ, પૂજા કે માળા વગેરે કશું જ દેખાય નહી બહારથી નામેય સંયમ નહી શુધ્ધ ઉપયોગમાં અદીઠ તપ હોય જ્ઞાન, દર્શન,ચારિત્ર,તપ મહી જ વર્તે બહાર દેખાય નહીં છતાં તેમની પૂજા થાય અસંયતી પૂજાનો કૃપાળુ દેવના હાથે ઘડો મુકાયેલો તે હવે આજે ચાલ્યો જ્ઞાની પુરૂષ સર્વજ્ઞ શ્રી દાદા ભગવાનને બહારથી નામેય સંયમ દેખાય નહી છતાં પૂજાય તે અસંયતી પૂજા નામનું ઘીટ આશ્ચર્ય કહેવાય છે.

અત્યાર સુધી લીફટમાં બેસીને મોક્ષે જવાનું બન્યું ન હતું તે આ અક્રમ માર્ગ ૧૦લાખ વર્ષે પ્રગટ થયો છે તે અગિયારમું આશ્ચર્ય છે. ૪૮ મીનીટમાં ભગવાન મળે તે આ કાળનું અગિયારમું આશ્ચર્ય છે સતયુગમાં જેનાં દર્શન દુર્લભમાં દુર્લભ હતા તેનાં આ વિકરાળ કાળમાં દર્શન થાયછે એક કલાકમાં કાયમ માટે મનોનિગ્રહ થઇ જાય છે કે જે કોઇથી એક મિનીટ માટે પણ ન થાય માટેજ આ અગિયારમું આશ્ચર્ય ગણાય છે.

પ્ર : ૩ અક્રમ માર્ગ ને આ કાળનું આશ્ચર્ય કેમ કહ્યું છે ?

ઉ : ૩ આ તો વીતરાગ સમ્યકત્વ છે. નિર્વિકલ્પ સમાધિ રહે છે માટે આ કાળનું આશ્ચર્ય કહ્યું છે આધિ, વ્યાધિ અને ઉપાધિમાં નિરંતર સમાધિ રાખે તેવું આ અક્રમ વિજ્ઞાન છે માટે તેને આશ્ચર્ય કહ્યું છે.

પ્ર : ૪ વર્તમાન કાળની એક અજાયબી શું છે ?

ઉ : ૪ હાલમાં હિન્દુસ્તાનમાં અનેક મંદીરો છે . અને નવાં અનેક મદિરો બંધાઇ પણ રહ્યા છે. પરંતુ નિષ્પક્ષપાતી વલણ ધરાવતું જો હિન્દુસ્તાનમાં કોઇ મંદીર કે સંકુલ હોય તો તે દક્ષિણ ગુજરાતમાં સૂરતથી ૨૦ કી.મી. દુર કામરેજ ચાર રસ્તાથી મુંબઈ તરફ જતા વિશાળ નેશનલ હાઈવે ઉપર આવેલુ ત્રિમંત્ર મંદિર છે. આ મંદિરમાં વચ્ચે વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા અરિહંત પરમાત્મા શ્રી સીમંધર સ્વામિની મૂળ નાયક તરીકે બાર ફૂટ એક ઈંચઊંચી વિશાળ પ્રતિમા છે. આજ મંદિરમાં સિધ્ધ ભગંવતો જેવા કે વર્તમાન ચોવીસીના પહેલા, બીજા, ત્રેવીસમા અને ચોવીસમાં તીર્થંકર ભગવાનની નાની પ્રતિમાઓ છે. બાજુના બીજા મંદિરમાં કૃષ્ણ વાસુદેવ, બાલાજી તિરુંપતિ, અને શ્રીનાથજી ની ભવ્ય પ્રતિમાઓ છે તો ડાબા હાથે ભવ્ય વિશાળ શિવલીંગ તથા પાર્વતીની પ્રતિમા છે.

જગતનું કલ્યાણ કરવું હોય તો લોકોનો મતાર્થ પહેલો કાઢવો પડશે. અને મતાર્થ કાઢવા માટે બધા ધર્મોનુ સ્થાપન કરવું પડશે એટલે આ જગતના મતાર્થ કાઢવા માટે આ ત્રિમંત્ર મંદિર બનાવ્યું છે. એ પણ કુદરતી સંકેત મુજબ જ બન્યું છે. લોકો મતાર્થમાંથી નીકળી જાય એટલે આત્માર્થમાં આવી જાય. જગતમાં મતભેદ ઓછા કરી નાંખવા માટે આ સંકુલ બનેલું છે. આ સંકુલ તો મતાર્થ જવા માટે જ છે. મતાર્થ બધા જતા રહેશે અને લોકોને ફળ આપશેજ. આ જ્ઞાનીની વાણી છે. માટે જ તેં અજાયબી ગણાય છે.

પ્ર : ૫ મહાવીરના સમયમાં બનેલ એક અજાયબ ઘટના કઈ ગણાય છે ?

ઉ : ૫ શ્રેણિક રાજા જે મૂળ બૌધ્ધ ધર્મી હતો તે પોતાની ચેલ્લણા રાણી અને અનાથી મુનિના નિમિત્તે તીર્થંકરનો અનુયાયી બન્યો તે આશ્ચર્ય અને અજાયબ ઘટના તરીકે શાસ્ત્રમાં નોંધાયું છે એવી એક મતની માન્યતા છે.

પ્ર : ૬ પ્રાચીન જગતની સાત અજાયબીઓ કઈ કઈ હતી ?

ઉ : ૬ પ્રાચીન જગતની સાત અજાયબીઓ નીચે મુજબ જાણવી:-

(૧) **ખુફુનો પિરામિડ :** આ પિરામિડ ઈજિપ્તના ફેરાઓ નામના રાજાએ બંધાવ્યો હતો. ઈ. પૂ. ૩૦૦૦ ના અરસામાં આ બંધાવ્યો હતો તેવુ મનાય છે તેમા રાજાની સમાધિ છે. એક માત્ર વિદ્યમાન આશ્ચર્ય આજે આ હયાત છે. ઈજિપ્તમા આવેલ છે (ઉ. આફ્રિકા)

(૨) **ઝૂલતા ઉદ્યાન (બાગ) :** નબુચદનઝર નામના રાજાએ ઈ. પૂ. ૬૦૦ માં પોતાની રાણી સેમિરામિસ માટે ઝૂલતા બાગ બંધાવ્યા હતા. બેબીલોન (પ. એશિયા) માં આ જગ્યા હતી. અવશેષો મળતા નથી.

(૩) **ઝિયૂસની મૂર્તિ :** ઓલમ્પીયા, ગ્રીસમા (યૂરોપ) ઈ. પૂ. ૫૦૦ માં ફીડીયાસ નામના શિલ્પીએ બાર મીટર લાંબી આરસ, સુર્વણ અને હાથીદાંત માંથી ઝિયુસની મૂર્તિ ઘડી હતી. અવશેષો મળતા નથી.

(૪) **આર્ટેમિસનુ (ડાયાનાનુ) મંદિર :** ઈફેસસ (પ. એશિયા) તુર્કિસ્તાનમાં ઈ. પૂ. ૩૫૦ માં પ્રાચીન ગ્રીકોએ આર્ટેમિસનું મંદિર બાંધ્યું હતું. ઈ. સ. ૨૬૨ માં ગોથ લોકોએ તે નષ્ટ કર્યું.

(૫) **મોઝોલિયમ (હેલિકાર્નેસસ) :** તુર્કિસ્તાન, હેલિકાર્નેસસ, (પશ્ચિમ એશિયા) માં રાજા મોઝોલસની સમાધિ તેની રાણી આર્ટેમિસિયાએ ઈ. પૂ. ૩૫૦ માં બંધાવી હતી, જેના અલ્પ અવશેષ મળે છે.

(૬) **સૂર્યની મૂર્તિ :** રોડઝ (પશ્ચિમ એશિયા) માં એરિઝ નામના શિલ્પીએ ઈ. પૂ. ૨૮૦ માં સૂર્યદેવની ૩૫ મીટર ઊંચી મૂર્તિ ઘડી હતી. ઈ. સ. ૨૨૪ ના ધરતીકંપમાં તે નાશ પામી.

(૭) **ફેરોસ દીવાદાંડી :** ઈજિપ્તમાં (આફ્રિકા) સોસ્ટ્રેટસે ઈ. પૂ. ૨૭૦ મીટર ઊંચી દીવાદાંડી બંધાવી હતી. ઈ. સ. ૧૩૭૫ માં ધરતીકંપમાં સંપૂર્ણ નાશ પામી.

ખાસ નોંધ : આમાંની પિરામિડ સિવાયની એક પણ અજાયબી હયાત નથી.

પ્ર : ૭ બ્રહ્માંડ ક્યા છ દ્રવ્યોની ભાગીદારોની લીમીટેડ કંપનીથી બનેલુ છે ?

ઉ : ૭ બ્રહ્માંડ છ અવિનાશી દ્રવ્યોથી ભરેલું છે.

(૧) ધંધા માટેની જગ્યા આપનાર ''આકાશ'' ક્ષેત્ર.

(૨) ધંધા માટે માલસામાન આપનાર ''પુદગલ''

(૩) માલસામાન લાવવા લઈ જનાર ''ગતિ સહાયક તત્વ''

(૪) માલની વ્યવસ્થાનું કામ કરનાર ''સ્થિતિ સહાયક તત્વ''

(૫) ઉપરના ચારેયનો નિકાલ કરનાર ''કાળ તત્વ''

(૬) ઉપરના પાંચેયની દેખભાળ કરનાર ''શુધ્ધાતમા''

આ છ તત્વો (દ્રવ્યો) ની ભાગીદારીની કંપની લિમિટેડ છે. બધાંનું જોખમ મર્યાદિત છે. છઠ્ઠો ભાગીદાર આત્મા એ લાગણીપ્રધાન ચેતનવંત છે તે બધા ઉપર દેખરેખ ધ્યાન રાખે છે આ તો છયે તત્વોની ઈકવલ પાર્ટનરશીપ છે.

પ્ર : ૮ સંસારના ૧૫૦૦ અદ્‌ભુત આર્શ્ચયો અંગેની ચોપડી (પુસ્તક) કોણે બહાર પાડેલી છે ?

ઉ : ૮ પુસ્તક મહેલ, ૧૦બી, નેતાજી સુભાષ માર્ગ, દિલ્હી વાળાનું આ પ્રકાશન હીન્દીમાં છે. ૨૨૪ પાનાનું આ અદ્‌ભુત આશ્ચર્યોનું પુસ્તક માત્ર રૂા. ૬૦- જેવી નજીવી કિંમતે દરેક બુક સ્ટોલ ઉપર મળે છે.

પ્ર : ૯ વર્તમાન ચોવીસીના દસ અચ્છેરાની જેમ પૂર્વે કોઈ થયેલા છે કે કેમ ?

ઉ : ૯ મહાનિશીથ સૂત્રનાં પાંચમા અધ્યયનમાં લખેલ છે કે આ અગાઉ થયેલ અનંતી ચોવીસીમાં એક ચોવીસીમાં અવસર્પિણી કાળમાં શ્રી મહાવીર સ્વામિ પ્રભુ જેમ સાત હાથની કાયાવાળા ચોવીસમાં તીર્થંકર શ્રી ધર્મશ્રી નામના તીર્થંકરના વખતમાં સાત આશ્ચર્ય થયેલા છે.

卐

દ્વિતીય ખંડ

વ્યવહાર વિજ્ઞાન

દ્વિતીય ખંડ - અનુક્રમણિકા

પ્રકરણ	વિષય	પ્રશ્નસંખ્યા	પૃષ્ઠ
પહેલું	કુદરત, કુસંગ, ક્લેશ, કપટ, કોમનસેન્સ	૩૯	૩૯૫
બીજુ	ખાનદાન, ખોરાક	૧૦૯	૪૦૩
ત્રીજું	ઘર, ઘાટ	૫	૪૨૪
ચોથું	ચિંતા	૧૦	૪૨૫
પાંચમું	જગત, જૈન, જાત્રા, જ્યોતિષ	૧૧૭	૪૨૭
છઠ્ઠું	ટેવ, ટીકા, ટ્રીક, ટેન્શન	૧૧	૪૫૦
સાતમું	ત્રાગું	૧	૪૫૨
આઠમું	દયા	૩૨	૪૫૩
નવમું	ધંધો, ધણી-ધણિયાણી	૪૯	૪૬૦
દસમું	નિંદા	૪	૪૬૮
અગિયારમું	પ્રકૃતિ, પાપ, પુણ્ય, પ્રેમ, પાશવતા, પૈસાનો વ્યવહાર, પ્રમાદ, પૂજા, પ્રેતયોનિ	૧૬૦	૪૬૯
બારમું	બાળકો સાથેનો વ્યવહાર	૨૪	૫૧૦
તેરમું	ભૂલ, ભય, ભાવના	૩૭	૫૧૫
ચૌદમું	મંત્ર, મૂર્તિ, મોહ, માયા મમતા, મૌન	૬૬	૫૨૨
પંદરમું	યજ્ઞ	૧૧	૫૩૮
સોળમું	રોગ	૪૭	૫૪૦
સત્તરમું	લાલચ	૩	૫૪૯
અઢારમું	વ્રત, વિવેક, વ્યસન, વ્યવહાર	૭૯	૫૫૧
ઓગણીસમું	સંસ્કાર, સરળતા, સૂઝ, સંતોષ, સુખ, સમતા, સંસાર, શોખ, શાંતિ,	૭૯	૫૭૫
વીસમું	શ્રદ્ધા, શ્રાવક	૫૮	૫૯૦
એકવીસમું	એકાગ્રતા, આડાઈ, આબરૂ	૧૦	૬૦૬
બાવીસમું	ઈચ્છા	૧૫	૬૦૮
ત્રેવીસમું	ઉપવાસ, ઊંઘ	૨૫	૬૧૧
ચોવીસમું	વ્યવહાર વિજ્ઞાન રહસ્ય	૨	૬૧૬

પહેલુ પ્રકરણ
કુદરત, કુસંગ, ક્લેશ, કપટ, કોમનસેન્સ

પ્ર : ૧ કુદરત એટલે શું ?

ઉ : ૧ કુદરત એ કોઈ વસ્તુ નથી. કુદરત એટલે સંજોગોનું ભેગુ થવું તે. સંજોગોનો ભેગા થવાનો પ્રયત્ન થવા માંડ્યો એનુ નામ કુદરત અને સંજોગો ભેગા થઈ ગયા એનુ નામ વ્યવસ્થિત. કુદરત એટલે સ્વાભાવિક. કુદરત એનુ નામ કે જે વિરોધાભાસી બિલકુલ હોય નહીં. આકાશમાં હાઈડ્રોજનના બે અને ઓક્સીજનનો એક પરમાણુ તથા અન્ય સંજોગો ભેગા થઈ જાય એટલે એનું પાણી જ બને અને વરસાદ પડે. કુદરત એટલે સાયન્ટીફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ. કુદરત એ જડ-ચેતનનુ મિકસચર છે (મિશ્રણ છે). કોઈ જીવનું કિંચિતમાત્ર ધાર્યુ ના થવા દે તેનું નામ કુદરત. બધા જ સંજોગો ભેગા થાય અને જે બને તેને કુદરત કહીએ છીએ, આ દૂધમાં ખટાશ પડે અને દહીં થાય તે કુદરત. શાસ્ત્રની પરીભાષામા કુદરતનો અર્થ પાંચ સમવાયનુ (કાલ, સ્વભાવ, નિયતી, કર્મ, પુરૂષાર્થ) મળવું.

પ્ર : ૨ કુદરતનો સ્વભાવ શું છે ?

ઉ : ૨ કુદરતનો સ્વભાવ એવો છે કે જે પ્રમાણે તમે ગોઠવણી કરો તે મુજબ તે તમને મદદ કરશે. અર્થાત્ તમે જેવી ગોઠવણી કરો અને તમે જેવો નિર્ણય કરો, નિશ્ચય કરો અને ધ્યેય નક્કી કરો તે પ્રમાણે તમને કુદરત મદદ કરે છે.

પ્ર : ૩ કુદરતનો નિયમ કેવો છે ?

ઉ : ૩ ભેળું થવું અને વિસર્જન થવું એ જ કુદરતનો નિયમ છે. સંસાર કેમ કરીને વધારવો તે જ કુદરતનું કામ છે અને તે જ કુદરતનો નિયમ છે. કુદરતનો નિયમ એવો છે કે જે વ્યક્તિ જયાં જન્મી હોય તેની આજુબાજુના બાર ગાઉના વિસ્તારમાં જ તેને જરૂરિયાત પ્રમાણે મળી આવે. કુદરતનો નિયમ એવો છે કે દરેકને એની જરૂરિયાત પ્રમાણે સુખ મળી જ આવે. દરેકનું ટેન્ડર ભરેલું પુરું થાય જ. કુદરતનો નિયમ એવો છે કે જેની તમે ઈચ્છા કરો તે ઈચ્છા તાત્કાલિક પૂરી ના થાય અવરોધ આવે. આપણે હવાની ઈચ્છા કરતા નથી તો તે સરળતાથી કુદરતી રીતે જ પ્રાપ્ત થાય છે. તેમાં

અવરોધ આવતો નથી પણ પાણીની થોડી ઘણી ઈચ્છા હોય છે, તેનાથી પાણી પ્રાપ્તિમાં અવરોધ ઊભા થાય છે. જ્ઞાની પુરુષને કોઈ વસ્તુની ઈચ્છા ના હોય. એટલે એમનું જીવન અવરોધ રહિત હોય. દરેક વસ્તુ તેમને સહજ રીતે પ્રાપ્ત થાય

પ્ર : ૪ કુદરતનું પ્લાનિંગ કેવું છે ?

ઉ : ૪ બ્રહ્માંડમાં મનુષ્યો એકલા જ સંખ્યાત છે. બીજી બધી વસ્તી અસંખ્યાત છે. સંખ્યાત એટલે ઘટવધ થનારી ઘટે વધે અને એ ઘટવધના નિયમો છે. હવે જ્યારે ઘટવાની શરૂઆત થશે ને ત્યારે પહેલું અનંત ભાગ ઘટશે. પછી અસંખ્યાત ભાગ ઘટશે, પછી સંખ્યાત ભાગ ઘટશે. પછી સંખ્યાત ગુણ ઘટશે. પછી અસંખ્યાત ગુણ ઘટશે અને પછી અનંત ગુણ ઘટશે. પછી પાછું વર્ધમાન થશે. એટલે ઘટ્યા પછી વર્ધમાન થાય અને વર્ધમાન થયા પછી હીયમાન થાય આવું કુદરતનું પ્લાનિંગ છે.

પ્ર : ૫ કુદરતનો કાયદો શું છે ?

ઉ : ૫ સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની,
ખીંચ લિયા સો રક્ત બરાબર, યહી હૈ ગોરખબાની

પ્ર : ૬ કુદરતી રહસ્ય શું છે ?

ઉ : ૬ જન્મ્યો ત્યારથી જ તું સાયન્ટિસ્ટ છે. અને આ દુનિયા લેબોરેટરી છે. તે મહિ મુંવા ! તું આગળી શું કામ ધાલે છે. સાધનોથી કામ લેને ! મહીં હાથ-બાથ ન ધાલીશ. નહી તો દઝાઈ મરીશ. આ અમારી પાંચ આજ્ઞા છે તે જ સાધનો છે.

પ્ર : ૭ આ લોકો જેને વિધાતા કહે છે તે કોને કહે છે ?

ઉ : ૭ એ કુદરતને જ વિધાતા કહે છે. વિધાતા નામની કોઈ દેવી નથી. સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ (વૈજ્ઞાનીક સાંયોગિક પુરાવા) એ જ વિધાતા છે. આપણા લોકોએ જે નક્કી કર્યું છે કે છઠ્ઠીના દિવસે વિધાતા લેખ લખી જાય છે, એ વાત વિકલ્પોથી બરાબર છે, અને વાસ્તવિક જાણવું હોય તો આ બરોબર નથી. એ એક ભ્રામક માન્યતા છે.

પ્ર : ૮ કુદરત કસોટી કરે, કડક પરીક્ષા શા માટે લે છે ?

ઉ : ૮ જેને ઊર્ધ્વગતિમાં જવાનું છે તેની પરીક્ષા લે છે અને જેને અધોગતિમાં જવાનું છે તેની બિલકુલ ઢીલી પરીક્ષા લે છે બાકી ભગવાન પક્ષાપક્ષીવાળા નથી. કડક પરીક્ષા થાય તે તમને સારી ગતિમાં લઈ જશે.

પ્ર : ૯ કુદરત ક્યારે સરળ થાય ?

ઉ : ૯ તમે સહજ થાઓ ત્યારે કુદરત સરળ થાય.

પ્ર : ૧૦ કુદરત શું કહે છે ?

ઉ : ૧૦ કુદરત શું કહે છે કે કાર્ય ના થતું હોય તો પ્રયત્ન કરો. જબરજસ્ત પ્રયત્ન કરો પણ ચિંતા ના કરો, કારણકે ચિંતા કરવાથી એ કાર્યને ધક્કો વાગશે. કામ બગડશે અને ચિંતા કરનાર એ લગામ પોતે પોતાના હાથમાં લે છે. હું જ જાણે ચલાવું છું એવું લગામ પોતે હાથમાં લે છે, એનો ગૂનો લાગુ થાય છે. કુદરતનો ગૂનો લાગુ પડે છે.

પ્ર : ૧૧ કુદરત કોને શક્તિવાળો બનાવે છે અને કોને અશક્ત બનાવે છે ?

ઉ : ૧૧ પાપ ઓછાં કર્યા હોય તેને કુદરત શક્તિવાળો બનાવે છે. અને પાપ વધારે કર્યાં હોય તેને અશક્તિવાળો બનાવે છે.

પ્ર : ૧૨ કુદરતની જપ્તી કોને કહેવાય ?

ઉ : ૧૨ નનામી એટલે કુદરતની જપ્તી.

પ્ર : ૧૩ વાદળ એટલે શું ?

ઉ : ૧૩ વા નું દળ એટલે વાદળ.

પ્ર : ૧૪ કુસંગ એટલે શું ? કુસંગ કોને કહેવાય ?

ઉ : ૧૪ કુસંગ એટલે બુદ્ધિ ની ચૂંથાચૂંથ, આમ ચુંથે ને તેમ ચૂંથે. સંસારમાં સ્પર્ધા વધારે તે કુસંગ. જે અસંગ ના થવા દે તે બધાજ કુસંગ છે. પૌદ્ગલિક સંગને કુસંગ કહેવાય. ધર્મથી દૂર કરાવડાવે, ધર્મમાંથી પાડી નાંખે એનું નામ કુસંગ. કુસંગ એ જ પોઈઝન છે. કુસંગ પેસે એટલે દિલ બગડે અને દિલ બગડે એટલે ભગવાન મહીંથી ખસી જાય. કુસંગનો ચેપ તો ટી. બી. કરતાંય ખરાબ કહેવાય. ટી. બી. તો એક અવતાર બગાડે જ્યારે કુસંગ તો અનંત અવતાર બગાડે. કુસંગથી તો બહુ છેટા રહેવું. કુસંગનો ડાઘ લાખો અવતાર સુધી જતો નથી, માટે સત્સંગમાં પડી રહેજો. સંત્સંગમાં ગમે તેટલાં કષ્ટ પડે તો પણ એને સારા માનજો અને કુસંગમાં ગમે તેટલું સુખ હોય તોય તે નકામું કારણકે તે ચેપી રોગ છે. ટૂંકમાં જે આપણા મન અને ચિત્તને બહેકાવે તે બધાજ કુસંગ છે. છાપું વાંચવું એ કુસંગ છે. જે સંગ નીચે અધોગતિમાં લઈ જાય તે કુસંગ. આપણને અનુભવ ના થવા દે, આપણને અસંગનો સંગ ના થવા દે તે બધાજ કુસંગ કહેવાય. હરીફાઈ એ કુસંગ છે, પછી તે પૈસાની હોય કે ધર્મની

હોય પણ હરીફાઈ એ કુસંગ જ છે. કોઈને માટે અવળો વિચાર, ખરાબ વિચાર આવે તે પણ કુસંગ છે અને ખરાબ વર્તન તે પણ કુંસંગ છે. કોઈ છંછેડે અને ખરાબ વિચાર આવે તે કુસંગજ છે. જેના સંપર્કથી આપણામાં ખરાબ ગુણો ઉત્પન્ન થાય અને જેનાંથી દુઃખ ઉત્પન્ન થાય એ બધા કુસંગ. જે આપણને અવળે રસ્તે લઈ જાય એ બધા કુસંગ. જે આપણને ધર્મથી દૂર કરાવડાવે તે કુસંગ.

પ્ર : ૧૫ મોટામાં મોટો કુસંગ કયો ?

ઉ : ૧૫ મોટામાં મોટો કુસંગ વૈશ્ય મતિ કહેવાય.

પ્ર : ૧૬ મોં ઉપર તેજ કેમ નથી આવતું ?

ઉ : ૧૬ સંગ-દોષને કારણે.

પ્ર : ૧૭ સંગ-દોષની અસર કેવી છે ?

ઉ : ૧૭ એકલા બેસી રહેવું સારુ પણ નીચલા થરનાં માણસો જોડે બેસવું નહીં, તેમના પરમાણુઓ તમને અસર કરશે.

પ્ર : ૧૮ ક્લેશ એટલે શું ?

ઉ : ૧૮ ક્લેશ એટલે અણસમજણ. ક્લેશ એટલે પોતે પોતાનું ઘર સળગાવવું. મતભેદ એ ક્લેશ કહેવાય છે. ઘરમાં જઈને મોઢું ચઢાવીને બેસે તે ક્લેશ કહેવાય. સંયોગ-વિયોગ ક્લેશ કહેવાય. આખુંય જગત સંયોગ વિયોગના ક્લેશમાં છે.

પ્ર : ૧૯ ક્લેશ ના થાય તે માટે શું કરવું ?

ઉ : ૧૯ જીવતા હોવા છતાં મરેલા જેમ રહેવું, તો ક્લેશ ના થાય.

પ્ર : ૨૦ ક્લેશની નિશાની શું ?

ઉ : ૨૦ બેચેની લાગે, ચેન ના પડે એ ક્લેશની નિશાની.

પ્ર : ૨૧ ક્લેશનું ફળ શુ ?

ઉ : ૨૧ એક જ દિવસના ક્લેશનુ ફળ એક જાનવરનો અવતાર આવે. જેટલો ટાઈમ ક્લેશ કરે એટલો ટાઈમ એ જનાવરની ગતિ બાંધે.

પ્ર : ૨૨ ક્લેશ જતો રહે ત્યારે શું દશા થાય ?

ઉ : ૨૨ ક્લેશ ભાંગ્યો એ ભગવાન પદમાં આવ્યો ગણાય.

પ્ર : ૨૩ ક્લેશ કરાવનારું કોણ ?

ઉ : ૨૩ અજ્ઞાન. કોઈને દુઃખ થાય એવું વાતાવરણ ઉભું કરીએ એટલે આપણને ક્લેશ ઉભો થઈ જાય.

પ્ર : ૨૪ કપટ એટલે શું ?

ઉ : ૨૪ કપટ એટલે જે છે તેને છુપાવવું. નિખાલસતાની બહાર જાય તેને કપટ કહેવાય. સ્ત્રી એમ કહે કે મારામાં મોહ નથી એ જ કપટ છે. હું નિખાલસ છું એમ સ્ત્રી કહે એ જ કપટ છે. કપટ એટલે પડદો. પટ એટલે પડદો. હુ દીપક છુ એમ કહ્યું એ જ મોટામાં મોટું કપટ. જેમ છે તેમ ના બોલવું તે કપટ. હું સાધુ છું, હું આચાર્ય છું, હુ સૂરી છું, આ બધાને ભગવાને કપટ કહ્યું છે. કપટ એટલે પોતાથી બધુ ગુપ્ત રાખવું, દરેક બાબતો ગુપ્ત રાખવી. બધી જ પ્રકારના કપટ, કોઈનો લાભ લેવાનું કપટ, કોઈને પોતાથી ગુપ્ત રાખવું એય કપટ. પોતાની વાત જાણી ન જાય એટલા માટે પોતે ખાનગી વાત કરતા હોય અને બીજો કોઈક આવે તો વાત બંધ કરી દે એ કપટ કહેવાય. બુદ્ધિ અવળી વપરાય એનું નામ કપટ. કપટ એ બુદ્ધિ વધ્યાનું હથિયાર છે.

પ્ર : ૨૫ કપટ કોને કહેવાય એ વિગતવાર સમજાવો ?

ઉ : ૨૫ સંસારના પોતાનાં લાભો ઉઠાવવા બીજાને પોતાના અભિપ્રાય પ્રમાણે ખેંચવા, પોતાના વિશ્વાસમાં લેવા એ કપટ. કપટ એટલે જેમ છે તેમ ન બોલવું તે. જે છે તેને છુપાવવું તે કપટ. ભાન સહીત જુઠ્ઠું બોલવું તે કપટ. કપટ એટલે જ ના હોય તે દેખાડવું તે. બુદ્ધિ અવળી વળે તો એ કપટ છે. છૂપાં કામ કરે અને છૂપા રાખે તે કપટ કહેવાય. આગળ આંધળો અને પાછળ દેખાય નહી તેનુ નામ કપટ. કપટ તો પોતે પોતાનેય ખબર ના પડે. કપટ એવી વસ્તુ છે ને કે એની સામાનેય ખબર ના પડે અને તેને પોતાનેય ખબર ના પડે કે કપટ થઈ રહ્યું છે. કપટ એ ફૂલિશનેશની નિશાની છે. કપટ હોય ત્યાં ભોળપણ હોય જ. બધા કષાયોમાં કપટ બહુ ભારે કારણકે કપટ હંમેશાં મીઠું લાગે અને દેખાય નહીં. કપટ બધાં હિસાબ બંધાવે. કપટ તો બેભાન કરી દે એટલે પોતાના કપટની પોતાને જ ખબર ના પડે તેથી તેને કાઢવુંયે મુશ્કેલ.

પ્ર : ૨૬ કપટનું સ્વરૂપ શું ?

ઉ : ૨૬ કપટનું સ્વરૂપ તો સંસારના પોતાના લાભો ઉઠાવવા માટે બીજાઓને પોતાના અભિપ્રાયે ખેંચવા તે. બીજાને પોતાના અભિપ્રાયમાં લઈ લેવા, વિશ્વાસમાં લેવા એ કરનારનેય ખબર ના હોય કે આ હું ખોટું કરી રહ્યો છું એવી ખબર જ ના હોય, તે જ કપટનું સ્વરૂપ ગણાય.

પ્ર : ૨૭ કપટ કાઢવાનો સહેલો રસ્તો શું ?

ઉ : ૨૭ પોતાની જાતને ઉઘાડી કરી દેવી. જે જે કર્યું હોય તે બધુજ ઉઘાડું કરી દેવાથી કપટ જલ્દી જાય. મોક્ષ સિવાય મને કંઈજ ખપતું નથી એવી નિરંતરની જાગૃતિ રહે ત્યારે એ કપટ જવા માંડે. પોતાના સર્વ દોષ કાઢવા જ છે અને મોક્ષે જવું જ છે, તે ભાવના ભાવવાથી જલ્દીથી કપટ થી છુટાય.

પ્ર : ૨૮ અંહકાર અને કપટને તોડનાર કોણ છે ?

ઉ : ૨૮ મૃદુતા એ અંહકારને તોડનાર છે અને ઋજુતા એ કપટ ને તોડનાર છે.

પ્ર : ૨૯ શેનાથી પૈસો અને ભગવાન બે દૂર થાય ?

ઉ : ૨૯ કપટ થી પૈસો અને ભગવાન બેય દૂર થાય છે.

પ્ર : ૩૦ કોમનસેન્સ એટલે શું ?

ઉ : ૩૦ કોમનસેન્સ એટલે એવરીવ્હેઅર એપ્લિકેબલ, થીયેરિટિકલી એઝ વેલ એઝ પ્રેક્ટિકલી. ગૂંચ આવે ત્યારે દોરોં તુટ્યા વગર ઉકેલી નાંખવી તે કોમનસેન્સ. ગમે તેવું કટાયેલું તાળુ હોય પણ કૂંચી નાંખે કે તરત જ ઉઘડી જાય એનું નામ કોમનસેન્સ. કોમનસેન્સ એટલે એ એવી ચાવી છે કે એનાથી ગમે તેવાં કાટ ચઢેલાં તાળાં ઉઘડી જાય. નઠારામાં નઠારા માણસનુ તાળુ આપણાથી ઉઘડે તો જાણવું કે આપણી પાસે કોમનસેન્સ છે. કોમનસેન્સ એ એક પ્રકારની સૂઝ છે. સંખ્યાત અસંખ્યાતની પેલી પાર અનંતમાં જાય ત્યારે કોમનસેન્સ કહેવાય. પોતે નિષ્પક્ષ થાય પોતાને પોતાનોય પક્ષ ન હોય તે કોમનસેન્સ કહેવાય. કોમનસેન્સ એટલે એવી બુદ્ધિ કે જેનાથી બધાંજ તાળાં ઉઘડે. કમ્પલીટ થઈ ગયેલી સમજને કોમનસેન્સ કહે છે. ટૂંકમાં બધીજ જાતનાં તાળાં ઉઘાડી નાંખે તે કોમનસેન્સ.

પ્ર : ૩૧ કોમનસેન્સ વાળો માણસ કેવો હોય ?

ઉ : ૩૧ કોમનસેન્સ વાળો ઘરમાં, બહાર, ઓફિસમાં બધે જ કોઈની જોડે અથડામણમાં ના આવે, અથડામણ ટાળે. ક્યારેય અથડામણમાં ના આવે, ક્યારેય મૂઝવણમાં ના આવે, ક્યારેય પસ્તાવો કરવાનો ના આવે તેવો માણસ કોમનસેન્સવાળો ગણાય. કોમનસેન્સવાળો માણસ એવરીવ્હેર એડજસ્ટેબલ હોય. કોઈ ગાળ ભાંડે તેની જોડેય એડજસ્ટ થઈને કહેશે આવો આવો બેસો ને કશો વાંધો નથી. કોમનસેન્સ એટલે સૂર મળતો આવે. કોમનસેન્સવાળા માણસને સામાઓની પ્રકૃતિનો સ્ટડી હોય તેથી જ

તો એ ગમે તેવું તાળું ખોલી શકે. સંસારનો, વ્યવહારનો બધો જ અનુભવ હોય તે કોમનસેન્સવાળો કહેવાય. ઘરમાં તો બૈરી જોડે મતભેદ જ ના પડવા દે. કોમનસેન્સ હોય તો કોઈ ગમે તેટલું અપમાન કરે તો ય ડિપ્રેશન ના આવવા દે. કોમનસેન્સ વાળા માણસને દરેક પ્રસંગોમાંથી અનુભવ જન્ય જ્ઞાન પ્રાપ્ત થયું હોય એથી એની પાસે બધી ચાવીઓ હોય. કોમનસેન્સ તો એવહીવ્હેર એપ્લીકેબલ. કોમનસેન્સવાળી વ્યક્તિને દર્શન ૩૬૦ ડીગ્રીનું હોય પણ એકસપર્ટ કોઈ બાબતમાં ના હોય. કોમનસેન્સ વાળો ક્યાંય ગૂંચાય નહીં, પણ છેતરાય ખરો. કારણકે તેનામાં સરળતા હોય. સરળતા છે તેથી છેતરાય પણ એના બદલામાં એને કોમનસેન્સ વધે. સહેજેય ઘાટ ના હોય ત્યારે કોમનસેન્સ પૂરી હોય.

પ્ર : ૩૨ કોમનસેન્સની શેના માટે જરૂર છે ?

ઉ : ૩૨ વ્યવહાર શુદ્ધ રાખવા માટે કોમનસેન્સની જરૂર છે. જ્ઞાન મળ્યા પછી શુદ્ધ વ્યવહાર માટે કોમનસેન્સ કમ્પલીટ જોઈએ. શુદ્ધ વ્યવહાર રાખવા માટે કોમનસેન્સ જરૂરી છે.

પ્ર : ૩૩ કોમનસેન્સ કેવી રીતે પ્રગટ થાય ? કોમનસેન્સ ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ : ૩૩ જ્ઞાની પુરૂષનાં ચરણોનું સેવન કરે ત્યારે કોમનસેન્સ ઉત્પન્ન થાય. કોઈ પોતાને અથડાય પણ પોતે કોઈને અથડાય નહીં એવી રીતે રહે તો કોમનસેન્સ ઉત્પન્ન થાય. પણ પોતે કોઈનેય અથડાવો ના જોઈએ, નહીં તો કોમનસેન્સ જતી રહે. ઘર્ષણ પોતાના તરફનું ના હોવું જોઈએ. સામો અથડાતો આવે તોય પણ પોતે અથડાય નહીં, એવી રીતે રહે તો કોમનસન્સ ઊભી થાય. સામો ટકરાય તો આપણે સંયમપૂર્વક રહેવું જોઈએ. બધી આત્મશક્તિ જો કદી ખલાસ થતી હોય તો તે ઘર્ષણથી થાય છે. આ ઘર્ષણ એકલું ના હોય તો માણસ મોક્ષે જાય.

પ્ર : ૩૪ કોમનસેન્સ પ્રગટ થવા માટે શું જોઈએ ?

ઉ : ૩૪ કોમનસેન્સ પ્રગટ થવા માટે સરળતા અને મૃદુતા આ બે વસ્તુ જોઈએ.

પ્ર : ૩૫ કોમનસેન્સ કેવી રીતે ખીલે ?

ઉ : ૩૫ નીસ્વાર્થપણાને લીધે કોમનસેન્સ ખીલે. બધાની સાથે મીલનસારપણાથી, ભળીને ચાલવાથી અને જાત-જાતની વાત-ચીતો કરવાથી કોમનસેન્સ ખીલે. પોતાનો અહંકાર ડાઉન લેવાથી બધા જોડે ભળી શકાય. સરળતાથીયે કોમનસેન્સ બહુ વધે. ઘાટ ના હોય તો કોમનસેન્સ વધે.

પ્ર : ૩૬ કોને કોમનસેન્સ હોય નહીં ?

ઉ : ૩૬ સેન્સીટીવ માણસને કોમનસેન્સ હોય નહી.

પ્ર : ૩૭ કોમનસેન્સ ખલાસ ક્યારે થાય ?

ઉ : ૩૭ વ્યવહારનો તીરસ્કાર કરવાથી કોમનસેન્સ ખલાસ થાય. કોઈપણ એક બાબતમાં એકસપર્ટ થયો કે તેની કોમનસેન્સ રૂંધાઈ. સ્વાર્થ અને ઘાટ હોય ત્યાં કોમનસેન્સ ના ખીલે કારણકે કોમનસેન્સ ઘાટમાં જ વપરાઈ જાય.

પ્ર : ૩૮ કોમનસેન્સ અને પ્રજ્ઞામાં શુ ફેર ?

ઉ : ૩૮ કોમનસેન્સ એ હંમેશા સંસારના તાળાં બધાં ઉકેલી આપે પણ મોક્ષનું તાળુ એકુંય ના ઉકેલી શકે. પ્રજ્ઞા હંમેશા મોક્ષ તરફ જવા ધકેલે. જ્ઞાન મળ્યા સિવાય પ્રજ્ઞા ઉત્પન્ન થાય નહીં. અગર તો સમકિત થયુ હોય તો પ્રજ્ઞાની શરૂઆત થાય.

પ્ર : ૩૯ અથડામણ નહી કરવા દેનારી કઈ વસ્તુ છે ?

ઉ : ૩૯ કોમનસેન્સ એ અથડામણ નહી કરવા દેનારી વસ્તુ છે કારણ કે કોમનસેન્સ વાળો માણસ દરેક જગ્યાએ એડજસ્ટ થઈ જાય.

આપ્તસૂત્રો

૧. કુદરત એટલી બધી રૂપાળી અને લાવણ્યમયી છે કે ના પૂછો વાત! પણ આ મનુષ્યોએ એનું એક જગ્યાએ રૂપ કેન્દ્રિત કર્યું તેથી બીજી જગ્યાએ દેખાતું નથી.

૨. કુદરતે એવી ગોઠવણી કરી છે કે તમારું સારું જ થાય પણ તમે ભડકો તો બગડે.

૩. કુદરત પરીક્ષા લે છે એમાં વાધાં વચકા ના કરે તો "પાસ" થઇ જવાય.

૪. આપણે શું ? કહેનાર જ કુદરતનો મોટો ગુનેગાર છે.

૫. કુદરત શું કહે છે કે તને અન્યાય થયો તે ય ન્યાય છે અને ન્યાય થયો તે ય ન્યાય જ છે માટે તું સંકલ્પ વિકલ્પ કરીશ નહી. નહીં તો રડી રડીને ન્યાય માનવો પડશે. એના કરતાં વ્યવસ્થિત કહી દેને તો ઉકેલ આવી જાય.

૬. જેને મનથી કોઈપણ પ્રકારનો ક્લેશ થતો નથી તેનો સંસાર આથમી ગયો.

૭. જ્યાં કંઈપણ ક્લેશ છે ત્યાં ભગવાનેય નથી અને ધર્મ પણ નથી.

૮. ક્લેશ રહિતનું મન થયું તે "મોક્ષ" અને ક્લેશ સાથેનું મન તે "સંસાર".

૯. આ કુદરત એક ક્ષણવાર પણ ન્યાયની બહાર વર્તી નથી, જો કુદરત એક ક્ષણવાર પણ ન્યાયની બહાર વર્તે તો એ કુદરત, કુદરત નથી.

બીજુ પ્રકરણ
ખાનદાન, ખોરાક

પ્ર : ૧ ખાનદાન કોને કહેવાય ?

ઉ : ૧ સામાના દુઃખનું ધ્યાન રાખે અને પોતાનું દુઃખ કોઈને કહે નહીં એનું નામ ખાનદાન. જ્યાં અક્કડ થવાની સ્થિતિ હોય ત્યાં નમ્ર થાય એનું નામ ખાનદાન. જે બેઉ બાજુએ ઘસાય, દિનરાત ઘસાયા જ કરે તે ખાનદાન. ખાનદાન એટલે સદાય બીજાને માટે ઘસાનાર. આપતાય ઘસાય અને લેતાય ઘસાય, સાસરીમાંય ઘસાય અને જમાઈને ત્યાં પણ ઘસાય તે ખાનદાન. જે ખમી ખાય તે ખાનદાન કહેવાય. જેની ક્યારેય પણ કશી જ, કશાની જ દુર્ગંધ ના આવે તે ખાનદાન. જેની વાતમાંથી અને વર્તનમાંથી સુંગધ આવે તે ખાનદાન.

પ્ર : ૨ ખાનદાની કોને કહેવાય ?

ઉ : ૨ પોતાનું દુઃખ કહેવાની શક્તિ હોવા છતાં સહન કરવું તેનું નામ ખાનદાની. સહન કરવાની શક્તિ વિશેષ વધે તેનું નામ ખાનદાની. મોટો ખાનદાન માણસ તો પોતાના દુઃખને સમાવી લે કોઈને કહે નહીં કારણકે એમાં કહેવા જેવું શું છે ? સામેવાળો કંઈ આપણું દુઃખ લઈ લેવાનો નથી !

પ્ર : ૩ ખાનદાનીનું લક્ષણ શું ?

ઉ : ૩ (૧) સારા ઘરનો હોય
(૨) સારી વાતો કરતાં આવડે.
(૩) સમજણ શક્તિ ઊંચી હોય.

પ્ર : ૪ અસન એટલે શું ?

ઉ : ૪ અસન એટલે ખાવું. દેહની જડ ધાતુને પોષણ આપવું તેનું નામ અસન.

પ્ર : ૫ આહારના કેટલા ભેદ છે ?

ઉ : ૫ આહારના છ ભેદ છે. કવલાહાર, લેપાહાર, ઓજાહાર, માનસિક આહાર, કર્માહાર અને નોકર્માહાર.

૧ કવલાહાર : કોળિયા ભરીને આહાર કરવો તે. તે મનુષ્ય અને તિર્યંચને હોય છે.

૨ લેપાહાર : વનસ્પતિને લેપાહાર હોય છે.

૩ ઓજાહાર : પક્ષીઓને ઓજાહાર હોય છે.

૪ **માનસિક આહાર** : માનસિક આહાર દેવોને હોય છે.

૫ **કર્માહાર** : નારકિયોને કર્માહાર હોય છે.

૬ **નોકર્માહાર** : કેવળિ ભગંવતોને નોકર્માહાર હોય છે.

પ્ર : ૬ આહાર વર્ગણા કોને કહે છે ?

ઉ : ૬ જે ઔદારિક, વૈક્રિયક, આહારક શરીરરૂપે પરિણમે તેને આહાર વર્ગણા કહે છે.

પ્ર : ૭ ઔદારિક શરીર કોને કહે છે ?

ઉ : ૭ મનુષ્ય અને તિર્યંચના શરીરને ઔદારિક શરીર કહે છે.

પ્ર : ૮ વૈક્રિયિક શરીર કોને કહે છે ?

ઉ : ૮ દેવ અને નારકીના શરીરને વૈક્રિયિક શરીર કહે છે.

પ્ર : ૯ આહારક શરીર કોને કહે છે ?

ઉ : ૯ આહારક શરીર નામકર્મના ઉદયથી જે છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને નીકળે છે તેને આહારક શરીર કહે છે.

પ્ર : ૧૦ ખોરાક અંગે કેવો નિયમ છે ?

ઉ : ૧૦ જીવવા માટે ખાવાનું છે. ખાવા માટે જીવવાનું નથી. પોતાના મુખમાં જેટલા દાંત હોય તેટલા કોળીયા આહાર લેવો જોઈએ. જો મુખમાં ૨૮ દાંત હોય તો અઠયાવીસ કોળિયા આહાર લેવો જોઈએ. જો મુખમાં ૩૦ દાંત હોય તો ત્રીસ કોળિયા આહાર લેવો જોઈએ.

પ્ર : ૧૧ અધ્યાત્મના વિકાસ માટે કયો ખોરાક વધારે મહત્વનો છે ?

ઉ : ૧૧ બધાય છ રસની જરૂર છે. તેમાં મરચું વધારે સારું છે કારણકે તે સમઝણ વધારનારુ છે. એકન્દ્રિય જીવનો આહાર લેવો. ખાટો, ખારો, તીખો, ગળ્યો, તૂરો અને કડવો, બધાય રસ પ્રમાણસર લેવાં જોઈએ. અધ્યાત્મના વિકાસ માટે ફળનો આહાર સૌથી ઉત્તમ કહેવાય.

પ્ર : ૧૨ ચાર પ્રકારના આહાર કયાં કયાં ?

ઉ : ૧૨ (૧) **અસન** - અસન એટલે રાંધેલી વસ્તુઓ દાળ, ભાત, શાક, રોટલી, મિઠાઈ વગેરે.

(૨) **પાન** - પાન એટલે પીવા યોગ્ય વસ્તુઓ પાણી વગેરે.

(૩) **ખાદિમ** - ખાદિમ એટલે શેકેલી વસ્તુઓ ચણા, મમરા, ફળ વગેરે.

(૪) **સ્વાદિમ** - એટલે મુંખવાસ તજ, લવિંગ, ધાણાનીદાળ, વરિયાળી પાન વગેરે.

પ્ર : ૧૩ જિનેશ્વર ભગવાને કેટલી વસ્તુઓ અભક્ષ્ય કહી છે ?

ઉ : ૧૩ નીચે જણાવેલ બાવીસ પ્રકારના અભક્ષ્ય જિનેશ્વર ભગવાને કહેલ છે.

(૧) વડના ટેટા (૨) પીપળાના ટેટા (૩) પ્લક્ષ વૃક્ષના ટેટા (૪) ઉંબર વૃક્ષના ટેટા (૫) કાલુમ્બર વૃક્ષના ટેટા (૬) મદિરા (૭) માંસ (૮) માંખણ (૯) મધ (૧૦) બરફ (૧૧) અફીણ (તમામ પ્રકારનાં વિષ) (૧૨) કરા (વરસાદી બરફ) (૧૩) સર્વ પ્રકારની માટી (૧૪) રાત્રિ ભોજન (૧૫) બહુબીજ-ખસખસ, ટીમરૂ, રાજગરો (૧૬) અનંત કાય-કંદમૂળ (૧૭) સંધાણ-બોળ-અથાણા (૧૮) કાચું દૂધ, દહીં તથા કાચી છાશ સાથે મેળવેલું દ્વિદળ (૧૯) રીંગણ (૨૦) અજાણ્યાં પુષ્પ ફળો (૨૧) તુચ્છ ફળો-ચણીબોર, ગુંદી (૨૨) ચલિત રસ (જે વસ્તુ બગડીને તેનો રસ પલટી ગયો હોય, દુર્ગંધવાળી બની ગઈ હોય જેના રૂપ, રસ, ગંધ, સ્પર્શ બગડી ગયાં હોય તેવી વસ્તુઓ) વાસી મિઠાઈ, સડેલાં શાકભાજી, ખોરી થઈ ગયેલી વસ્તુઓ.

પ્ર : ૧૪ બત્રીશ અનંતકાય વસ્તુઓનાં નામ આપો ?

ઉ : ૧૪ બત્રીશ અનંતકાય (કંદમૂળ) નાં નામ નીચે મુજબ છે.

(૧) બટાકા (૨) સૂરણ (૩) લસણ (૪) લીલી હળદર (૫) લીલો કચુરો (૬) સતાવરી (૭) કીરલી કંદ (૮) કુંવર (૯) થોર (૧૦) ગળો (૧૧)સક્કરિયા (૧૨) વાંસ-કારેલા (૧૩) ગાજર (૧૪)લુંણી (૧૫) લોઢી (૧૬) ગરમળ (ગિરિકર્ણિકા) (૧૭) કુમળાં પાંદડા (૧૮) ખરસૈયો (૧૯) થેગની ભાજી (ગોપીચંદ) (૨૦) લીલી મોથ (૨૧) લુણીના ઝાડની છાલ (૨૨) ખીલોડા (૨૩) અમૃતવેલી (૨૪)મૂળાનાં કંદ (૨૫)અલાડીના ટેટા (૨૬) નવા અંકુરા (૨૭) વથ્થુલાની ભાજી (૨૮)સુવરવેલ (૨૯) પાલકની ભાજી (૩૦) રતાળુ (૩૧) પીંડાળુ (ડુગળી) (૩૨) કુણી આંબલી.

પ્ર : ૧૫ વિગઈ એટલે શું ? તે કેટલી છે ?

ઉ : ૧૫ વિગઈ એટલે બુદ્ધિને બગાડી જીવને દુર્ગતિ મા મોકલે તે ચાર મહાવિગઈઃ મધ, માંસ, માંખણ, મદિરા (દારૂ) છ વિગઈ : ઘી, દૂધ, દહીં, તેલ, ગોળ, તળેલી વસ્તુઓ

પ્ર : ૧૬ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂક્ષ્મ તેજ આ તત્વો કયા કયા ખોરાક કે અનાજમાંથી મળે છે ?

ઉ : ૧૬ (૧) પૃથ્વી તત્વ - ખારો સ્વાદ - અનાજમાંથી મળે છે.

(૨) જળ તત્વ - ખાટો સ્વાદ - ખટાસવાળી વસ્તુઓમાંથી મળે. લીબું, દહીં,આંબળા, કેરી.

(૩) અગ્નિ તત્વ - કડવો સ્વાદ - કારેલા, મેથી, ઘી, તેલ
(૪) વાયુ તત્વ - ગળ્યો સ્વાદ - ખાંડ, ગોળ, ભાંગ, બટાકા
(૫) આકાશ તત્વ - તૂરો સ્વાદ - હરડે, તુવેરની દાળ, બહેડા.
(૬) સુક્ષ્મ તેજ - તીખો સ્વાદ - મરી, મરચા, તજ, લવીંગ, સૂઠ

પ્ર : ૧૭ છ પ્રકારના રસના ગુણધર્મો શું છે ?

ઉ : ૧૭ (૧) **ખારું** - મીઠામાં ખારાસ કરતાં ગળ્યાનું પ્રમાણ વિશેષ છે. અને તેમાં છ રસ સમાયેલા છે. માટે લોકો તેને મીઠું કહે છે તે શરીરની શક્તિ વધારે છે. શરીરના બંધારણમાં મદદ કર્તા છે.

(૨) **ખાટું** - ચાલાકી વધારવાનો ગુણ છે તથા શક્તિ આપે છે. ખાટા રસથી લોહીનું પરિભ્રમણ થાય.

(૩) **કડવું** - શરીર નોર્માલીટીમા રાખે, લોહી સ્વચ્છ કરે. સ્થૂલ બુદ્ધિ.

(૪) **ગળ્યું** - ગરમી ઉત્પન્ન કરે અને તીક્ષ્ણ બુદ્ધિ આપે. તીખા કરતાયે વધારે ગણી બુદ્ધિ આપે.

(૫) **તુરું** - જે ભાગ સજ્જડ થઈ ગયો હોય તેમાં પોલાણ ઉત્પન્ન કરે

(૬) **તીખું** - ઝીણી બુદ્ધિ ઉત્પન્ન થાય. સમજણ વધારે. સૂક્ષ્મ બુદ્ધિ વધારે.

પ્ર : ૧૮ ખોરાકમાં કયો ખોરાક ઉત્તમ ગણાય ?

ઉ : ૧૮ (૧) **અનાજમાં** - પહેલે નંબરે - ચોખા
બીજે નંબરે - ઘઉં

(૨) **કઠોળમાં** - પહેલે નંબરે - મગ
બીજે નંબરે - ચણા

(૩) **તેલમાં** - પહેલે નંબરે - તલનું તેલ
બીજે નંબરે - સરસવનું તેલ

(૪) **ઘી** - ઉત્તમ

(૫) **માંખણ** - અહિતકારી છે કારણકે તેમાં સમયે સમયે નવા જીવ ઉત્પન્ન થયા કરે છે.

પ્ર : ૧૯ બટાકા, ડુંગળી, લસણમાં કેટલા જીવો છે ?

ઉ : ૧૯ (૧) એક બટાકામાં સાત લાખ જીવ છે.
(૨) ડુંગળીના પડે પડે લાખ લાખ જીવ છે.
(૩) લસણની એક-એક કળીમાં કરોડ કરોડ જીવ છે.

આ વસ્તુઓ જેટલો ફાયદો કરે છે તેના કરતા અનેક ઘણું નુકસાન કરે છે. આખા વર્ષ દિવસમાં જેટલા ચોખા ખાય તેમા એક બટાકા જેટલી

હિસાં છે. લસણ અને ડુંગળી ખૂબ તામસી ચીજ છે. જેમને ખુબ મહેનત મજુરી કરવાની છે તેમના માટે તે કામની વસ્તુ છે.

પ્ર : ૨૦ કંદમૂળ શું નુકસાન કર્તા છે ?

ઉ : ૨૦ કંદમૂળ આંતરિક બુદ્ધિને આવરણ લાવનારું છે અને બાહ્ય બુદ્ધિનો પ્રકાશ વધારનારું છે. કંદમૂળ ખાવાથી જ્ઞાન ઉપર આવરણ આવે છે. જાગૃતિ મંદ થઈ જાય, જડતા આવે છે.

પ્ર : ૨૧ મગફળી માટે દાદા શું કહે છે ?

ઉ : ૨૧ આર્ય પ્રજા માટે મગફળી હિતકારી નથી તે માનસિક ખરાબી કરે છે. તે અનિષ્ટ ખોરાક છે. જડ ખોરાક છે. આ મગફળી એ તો આદિવાસીઓનો ખોરાક છે. પહેલા તલનુ તેલ ખવાતુ હતુ. મગફળી તો આપણા દેશમાં કોઈ ખાતુ જ ન્હોતું આ તો ગાંધીજીએ પેસાડી દીધું. ગાંધીજી મગફળી ખા-ખા કરતા હતા. મગફળી એ બહુ અહિતકર્તા છે.

પ્ર : ૨૨ મીંઠુ ખારુ છે છતાં તેને લોકો મીંઠુ કેમ કહે છે ?

ઉ : ૨૨ મીંઠુ સ્વાદમાં ખારું છે પરંતુ તેમા ૯૦% સુગર (ખાંડ) છે અને તેથી તેને લોકો સબરસ કહે છે તેમાં બધાય રસ સમાઈ જાય છે.

પ્ર : ૨૩ ખાટો રસ શરીરમાં શું કામ કરે છે ?

ઉ : ૨૩ ખાટો રસ શક્તિદાયક છે અને શક્તિવર્ધક છે. ખાટા રસથી જ લોહીનું પરિભ્રમણ થાય છે. ખાટો રસ માણસને સેન્સીટીવ બનાવે. ખટાસથી તજા ગરમી નીકળે અર્થાત્ બહાર ગરમી નીકળી જાય અને અંદર ઠંડુ પડી જાય. ખટાસ ઠંડા ગુણવાળી વસ્તુ છે.

પ્ર : ૨૪ ભાંગ કોને કામ લાગે ?

ઉ : ૨૪ બહુ ઉગ્ર અથવા બહુ પીત્તવાળી પ્રકૃત્તિ હોય તેને ભાંગ કામ લાગે. કારણકે ભાંગ બહુ વાયડી ચીજ છે. નરમ અને વાયડી પ્રકૃતિને તે કામની નથી. સામાન્ય માણસને તો પાચનશક્તિ પણ બગાડી નાંખે એવી વસ્તુ છે.

પ્ર : ૨૫ દારુ એ શું છે ?

ઉ : ૨૫ દારુ એ હાલતા-ચાલતા ત્રસ જીવોનો ભારોભાર રસ છે. નર્યો જીવોનો જ રસ છે તે પિવાથી જ્ઞાન ઉપર બહુ ભારે આવરણ લાવે. જ્ઞાનીનું વચન કાઢી નાંખે તેમજ દારુ એ વિષય તરફ લઈ જાય છે., માટે અત્યંત હાનિકારક છે.

પ્ર : ૨૬ પાંચ પ્રકારના અપચા કયા કયા ?

ઉ : ૨૬ (૧) દ્વિદળ વધારે ખાધું હોય તો આંતરડામાં અપચો થાય
(૨) શાકભાજી વધારે ખાધાં હોય તો હોજરીમાં અપચો થાય.

(૩) ઘી-તેલ વધારે ખાધાં હોય તો અપચો થાય.
(૪) મોઢામાં ચાંદી પડે એટલે અપચો થાય.
(૫) મરચા વધારે ખાવાથી પણ અપચો થાય.

પ્ર : ૨૭ બેભરમો સ્વાદ કોને કહેવાય ?

ઉ : ૨૭ સફરજન અને મગસનુ ચકતુ ભેગુ કરીને ખાઓ તો બેભરમો સ્વાદ લાગે.

પ્ર : ૨૮ વિટામિન ખાવાથી શું નુકશાન થાય છે ?

ઉ : ૨૮ બધું પચવું સહેલું છે પણ વિટામિન પચવાં બહુ અઘરાં છે. વિટામિન્સ ખાઈને શરીરની લોકોએ પત્તર રગડી નાંખી છે. વિટામિન થી મહીં ઈમોશનલ થઈ જાય છે, હાર્ટફેઈલ થવાના ચાન્સ વધે છે. શક્તિ માટે વિટામિન નથી લેવાના પણ શક્તિ ઉપર આવરણ ન આવે એ માટે વિટામિન લેવાના છે.

પ્ર : ૨૯ ભાત કેવો ખોરાક છે ?

ઉ : ૨૯ ભાત એ બુદ્ધિનો ખોરાક છે. ભાતવાળા પ્રદેશો જેવા કે બંગાળ, એ બુદ્ધિશાળી પ્રદેશ છે.

પ્ર : ૩૦ જીરુ શરીરમાં શું કામ કરે છે ?

ઉ : ૩૦ જીરું તો આંતરડાનું શુદ્ધિકરણ કરનારું છે.

પ્ર : ૩૧ વરસાદ પડ્યા પછી કઈ કેરી ખાઈ શકાય ?

ઉ : ૩૧ લંગડો કેરી

પ્ર : ૩૨ ખોરાકમાં ઉત્તમ ખોરાક કયો ? કેવો ખોરાક ખાવો ?

ઉ : ૩૨ ખોરાકમાં ઉત્તમ ખોરાક એકેન્દ્રિય જીવનો ઘઉ, ચોખા, બાજરી, જુવાર, મકાઈ, મગ, મઠ, ચણા, વાલ વગેરે. બાફેલો ખોરાક ખાવો સારો, તળેલુ ખાવું એ કાગળની કોથળીમાં ખીલા ભરવા જેવું છે.

પ્ર : ૩૩ કયા રાષ્ટ્રમાં કયું તેલ ખવાતું હતું ?

ઉ : ૩૩ (૧) મહારાષ્ટ્રમાં હરડીનું તેલ.
(૨) બંગાળમાં સરસવનું તેલ.
(૩) ગુજરાતમાં તલનું તેલ.

પ્ર : ૩૪ મગજ બ્લન્ટ કરવા માટે કયો ખોરાક લેવો ?

ઉ : ૩૪ (૧) મગફળી (૨) કંદમૂળ (૩૨ પ્રકારના છે)

પ્ર : ૩૫ માંસાહારનો કોને વાંધો નથી ?

ઉ : ૩૫ જેની મધર (માતા) માંસાહાર કરે છે અને જેને માતાના દૂધમાં જ ગળથુથીમાં માંસાહારી દૂધ હોય છે તેઓ માંસાહાર કરે તેનો વાંધો નથી.

અને જેઓ જાતે મારી-કાપીને ખાઈ શકતા હોય તેને માંસાહારનો વાંધો નથી બાકી બીજા કોઈએ માંસાહાર લઈ જ ના શકાય. માંસાહાર કરવાથી ભયંકર પાપ લાગે છે તથા ખૂબજ આવરણ આવે છે.

પ્ર : ૩૬ કઈ વસ્તુ ત્રણે દોષને સમ કરનાર છે ?

ઉ : ૩૬ આદુનો રસ. આદુ ત્રણ દોષને સમન કરનારું છે. વાત, પીત, કફને સરખા કરનારું છે. આદુ ગરમ ના પડે બહુ ઉત્તમ વસ્તુ છે.

પ્ર : ૩૭ દૂધમાં ઉત્તમ દૂધ કયું ?

ઉ : ૩૭ (૧) માનુ દૂધ ઉત્તમમાં ઉત્તમ.
(૨) ગાયનું દૂધ.
(૩) રોગીને માટે બકરીનું દૂધ.

પ્ર : ૩૮ કઢી ક્યારે તૈયાર થઈ ગણાય ?

ઉ : ૩૮ અઢાર ઉભરા ના આવે ત્યાં સુધી કઢીનો પાક થતો નથી. અઢાર ઉભરાનો સંયોગ ભેગો થાય ત્યારે કઢી તૈયાર થઈ ગણાય.

પ્ર : ૩૯ કયો ખોરાક વધારેમાં વધારે આવરણ લાવે છે તે વિગતે સમજાવો ?

ઉ : ૩૯ નીચે ઉતરતા ક્રમમાં જણાવેલ ખોરાક આવરણ લાવે છે તે દર્શાવેલ છે.
(૧) મનુષ્યનુ માંસ ખાવું તે વધારેમાં વધારે આવરણ લાવે.
(૨) જાનવરોનું માંસ ખાવું તે ઉપર કરતા થોડું ઓછું આવરણ લાવે.
(૩) ઈંડા ખાય તે ઉપર કરતાં થોડું ઓછું આવરણ લાવે.
(૪) કંદમૂળ ખાય તે ઉપર કરતાં થોડું ઓછું આવરણ લાવે.
(૫) છ વિગઈ ખાય તે ચાર નંબર કરતાં થોડુ ઓછું આવરણ લાવે.

પ્ર : ૪૦ સુઝતા આહાર-પાણી એટલે શું ?

ઉ : ૪૦ સુઝતા આહાર પાણી એટલે હિંસા વગરના સારી રીતે રાંધેલા નિર્દોષ આહાર અને તે આહાર મહારાજ માટે તૈયાર કરેલો ન હોવો જોઈએ. ઘરના લોકો માટે તૈયાર કરેલો હોય અને મહારાજ લેવા માટે આવે તે વખતે તે ચૂલા ઉપર ન હોવો જોઈએ તેવા આહારને સુઝતા આહાર-પાણી કહે છે.

પ્ર : ૪૧ કયો ખોરાક મન ઉપર અસર કરે છે ?

ઉ : ૪૧ મનનો આધાર ગળી વસ્તુ ઉપર છે. ગળ્યો રસ મન ઉપર અસર કરે છે.

પ્ર : ૪૨ પ્લાસ્ટિક અહિતકારી કઈ રીતે છે ?

પ્ર : ૪૨ પ્લાસ્ટિક અને ખાવાની ચીજ વસ્તુનો સંયોગ થવાથી તેમાં જીવાત ઊભી થાય છે, તેથી ખાવાની વસ્તુઓ માટે પ્લાસ્ટિકનો ઉપયોગ હિતકર નથી.

પ્ર : ૪૩ રાત્રિભોજન શા માટે ન લેવું જોઈએ ?

ઉ : ૪૩ સૂર્યની હાજરી હોય ત્યાં સુધી હોજરીમાં કમળ ખુલ્લુ રહે છે પછી બિડાઈ જાય છે એટલે જે ખોરાક ખાઈએ તેનું પછી બરોબર પાચન થતું નથી તેથી શારીરિક તંદુરસ્તિ માટે કહેલું કે રાત્રિભોજન ન લેવું. બીજું રાત્રે સંધ્યાકાળે ભોજન ઉપર ભોજનના રંગનાજ અસંખ્ય જીવો આવીને બેસી જાય છે. જેમ જેમ અંધારું વધતુ જાય તેમ તેમ તે આહાર ઉપર તેના જેવાજ રંગના વધુને વધુ જીવો બેસતા જાય છે. હવે તે આહાર લેવાથી ઘણા બધા જીવોની હિંસા થાય છે માટે રાત્રિભોજન ન લેવું જોઈએ.

પ્ર : ૪૪ પાણી ઉકાળીને શા માટે પીવાનું ?

ઉ : ૪૪ પાણીના એક ટીપામાં અનંત જીવો છે એટલે ખુબ ઉકાળો એટલે એ જીવો મરી જાય અને પછી એ પાણી પીવો તો શરીર સારું રહે. આઠ કલાક પછી ફરી પાછું એ પાણીમાં જીવ પડી જશે માટે ફરી એ પાણી નાં પીવુ. બીજુ પાણી ઉકાળીને પીવું આ બધી વાત શારીરિક તંદુરસ્તિ માટે કહી છે.

પ્ર : ૪૫ સાત્વિક ખોરાક એટલે શું ?

ઉ : ૪૫ સાત્વિક એટલે ખુબ હલકો ખોરાક.

પ્ર : ૪૬ લુબ્ધપણુ કોને કહેવાય ?

ઉ : ૪૬ આ જમતી વખતે તમને અમુક જ શાક ટામેટાનુ જ ગમે તે તમને ફરી યાદ આવ્યા કરે તો લુબ્ધપણું થયું કહેવાય. ટામેટા જમવાનો વાંધો નથી પણ ફરી યાદ ના આવવું જોઈએ. યાદ આવે તો તે લુબ્ધપણુ કહેવાય.

પ્ર : ૪૭ સમરસી એટલે શું ?

ઉ : ૪૭ સમરસી એટલે વેઢમી, દાળ, ભાત, શાક બધુ જ ખાવ પણ એકલી વેઢમી જ ઠોક ઠોક ના કરાય. સમરસી ખોરાક એટલે ટેસ્ટફુલ (સ્વાદિષ્ટ) ખોરાક, મરચુ વધારે નહી કલાણુ વધારે નહી બધું સરખા પ્રમાણમાં નાંખેલી વસ્તુ હોય. સમરસી એટલે છયે પ્રકારના રસ, બધા પ્રમાણસર લેવા જોઈએ. ખાટો, ખારો, તીખો, ગળ્યો, તૂરો અને કડવો આ છ એ રસ પ્રમાણસર લેવા જોઈએ એને સમરસી કહેવાય.

પ્ર : ૪૮ ખોરાકની અસર બાબતમાં સમજાવો ?

ઉ : ૪૮ મિથ્યાત્વીના ઘરનું અનાજ ખાય તે એકજ દહાડો અનાજ મિથ્યાત્વીનું ખાય તો તે મિથ્યાત્વી થઈ ગયો. મિથ્યાત્વીનો જો શબ્દ પેસી ગયો તો તે ક્યારે ગૂંચવાડો ઊભો કરશે તે કહેવાય નહીં.

પ્ર : ૪૯ જમવાની થાળીમાં જે જે વસ્તુ ભેગી થાય છે તે શેના આધારે ભેગી થાય છે ?

ઉ : ૪૯ તમે જમવા બેસો છો એ તમારુ રોજ લખી આપ્યું છે એજ પ્રમાણે થાળીમાં આવે છે. પૂર્વભવમાં તેનું આયોજન થઈ જ ગયેલું છે અને અત્યારે તો જે દેખાય છે તે રૂપકમાં આવેલું દેખાય છે. આજે તમે શું ખાવાના છો તે મહીં જોતા આવડે તેને ખબર પડે એટલું બધું એકઝેકટ વિજ્ઞાન છે કે પરમાણું પહેલા પ્રગટ થાય ત્યાર પછી જ ખવાય અને જેટલાં પરમાણું હોય એટલા જ ખોરાકમાં તમારાથી લેવાય પેલા મહીંવાળા સુક્ષ્મ પરમાણુ આ સ્થૂળ પરમાણુને ખેચે છે. આમા તમે ખાતા નથી તમે તો ઈગોઈઝમ કરો છો ખાલી અને જેટલાં પરમાણું તમારી મહી નથી એટલું થાળીમા પડી રહે છે. જેટલાં પરમાણુઓ મહી વધારે રહે છે ત્યારે તમે થોડુ માંગી લો કે કારેલા વધારે આપો આ વિજ્ઞાન છે. બધુ અંદરના ખેચાણથી બહારની વસ્તુઓ ભેગી થાય છે. આજે અહીં પરમાણુ તૈયાર થઈને આવ્યા હોય તે પરમાણું આપણને મૂળાવાળી ભેગી કરે. મૂળા જ્યાં આવતા હોય તે ત્યાં એ પરમાણુ ખેંચાય એ પરમાણું આપણને ત્યા લઈ જાય. મૂળો દેખાડે અને પછી આપણને મૂળા લેવડાવે અને ખવડાવે આ અંદરના પરમાણુ બધુ કામ કરી રહ્યાં છે. જે તમે ખાવાના છો એ બધા પરમાણું અંદર સૂક્ષ્મ રૂપે આવી ગયા છે હવે સ્થૂળને ખોળે (શોધે) છે. અહીં સૂક્ષ્મરૂપે યોજના રૂપે છે અને યોજના હવે રૂપક માં આવે એટલે કે બહું ઊંડી વાત છે. આ વાત સમજ્યા ત્યારે કહેવાય કે ખેંચે તેનેય જાણે અને ખેંચાતા પહેલાય જાણે, ખેચાયા પછીના ભાવને પણ જાણે એનું નામ જાણ્યું કહેવાય.

પ્ર : ૫૦ ભજીયામાં તેલ ક્યારે વધારે વપરાય અને ક્યારે ઓછુ વપરાય ?

ઉ : ૫૦ ભજીયાનો લોટ પાતળો હોય ત્યારે તેલ બહુ વપરાય અને લોટ જાડો હોય ત્યારે તેલ ઓછું વપરાય.

પ્ર : ૫૧ ઠંડો ખોરાક કેમ ના ખવાય તે અમને સમજાવો ?

ઉ : ૫૧ ગરમ ગરમ ખોરાક હોય ત્યાં સુધી એની અંદર તેજ તત્વ હોય અને જેટલો કાળ મોડું થાય એટલુ તેજ તત્વ ઓછું થતું જાય. પછી એને ચૂલા ઉપર મૂંકી એને ગરમી આપીએ તે ઘડીએ તેજ તત્વ ભરાઈ જાય પણ જેટલો કાળ જાય તેટલુ તેજ તત્વ ઓછું થતું જાય અને તેજ તત્વ ઓછું થાય એટલુ પચવામાં ભારે પડી જાય અને બહુ ઠંડું પડી જાય એટલે એ પાચનશક્તિને બગાડે. ખોરાક તૈયાર થયા પછી ચાર કલાક બાદ ખાય તો તે પાચનશક્તિ ઓછી કરે, પચે નહી જલ્દી, માટે હંમેશા ગરમ-ગરમ ખોરાક ખાવો જોઈએ. તેજ તત્વ ઉમેરવા માટે તથા ખાવાનું જલ્દી પચી જાય માટે દરેક વસ્તુ ગરમ ખાવી જોઈએ.

પ્ર : ૫૨ મરચું ખાવાથી શું લાભ થાય ?

ઉ : ૫૨ મરચું એ સૂક્ષ્મ તેજ તત્વ છે. મરચુ પ્રમાણસર લેવાય તો બહુ સારી વસ્તુ છે. મરચુ ખાવાથી સૂઝ પડે છે. તીખી વસ્તુ સૂક્ષ્મ સમજને ઊભી કરનારી છે. તીખું ના ખાય એ પછી સૂઝ પડતી હોય તો બંધ થઈ જાય. મરચું જાગૃતિને આપનારું છે. લાલ મરચામાં સમજણ ખીલવવાની શક્તિ છે.

પ્ર : ૫૩ ભોજન કયું ઉતમ અને આરોગ્યપ્રદ ગણાય ?

ઉ : ૫૩ જો ભોજનમાં છ રસો પ્રમાણસર હોય એટલે કે ખારો, ખાટો, તીખો, ગળ્યો, તૂરો અને કડવો આ બધા રસો પ્રમાણસર હોય તે ભોજન ઉત્તમ અને આરોગ્યપ્રદ ગણાય.

પ્ર : ૫૪ બુદ્ધિને વધારનારો કયો ખોરાક ગણી શકાય ?

ઉ : ૫૪ ઘી છે, તેલ છે, આ મેથી છે, એ બુદ્ધિ વધારનારું છે. બુદ્ધિને હેલ્પ કરનારુ છે. મરચુ એ બુદ્ધિને હેલ્પ નથી કરતું એ સૂક્ષ્મ સમજને હેલ્પીંગ કરે છે. ઘી, તેલ, મરી વગેરે ખાવાથી સમજણ વધે.

પ્ર : ૫૫ આપણે અમુક આહાર લેતા હોઈએ એ પ્રમાણે સ્વભાવ થાય કે અમુક સ્વભાવના હિસાબે આહાર લેવાય છે ?

ઉ : ૫૫ સ્વભાવ પ્રમાણે આહાર લેવાય છે અને આહારથી ફરી પાછો સ્વભાવ દઢ થતો જાય છે.

પ્ર : ૫૬ ગળપણ ખાવાનું વધારે કોને ગમે ?

ઉ : ૫૬ વાયુની પ્રકૃતિ હોય, વાયડી પ્રકૃતિ હોય ત્યારે ગળપણ ખાવાનું વધારે

જોર રાખે છે. એટલે દરેક પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. વાયડી ચીજો ગરમ પડે છે.

પ્ર : ૫૭ અન્ન એવું મન અને પાણી તેવી વાણી એ વાત સાચી છે ?

ઉ : ૫૭ હા. આ વાત તદ્દન સાચી છે. જેટલો પ્યોર અને સાત્વિક આહાર હોય તેટલું મન સારું રહે અને આ હોટલોનું અને આ માંસાહાર એ બધું ખાય તો મન જાડું થઈ જાય, સારા વિચારો આવતા બંધ થઈ જાય. આ મન બધું આહાર ઉપર જ આધાર રાખે છે. ગળ્યો ખોરાક એ મન ઉપર વધારે અસર કરે છે. પાણી તેવી વાણી નીકળે. મુસલમાનના ઘરનું પાણી પંદર દિવસ પીએ તો આપણે અબે સાલે બોલતા શીખીએ એટલે પાણી અમુક જ ઘરનું પીવું જોઈએ. ચોખ્ખુ પાણી અને શક્ય હોય તો ખાસ ઉકાળેલુ જ પાણી પીવું જોઈએ.

પ્ર : ૫૮ ખોરાકમાં કઈ વસ્તુઓ ખોટી કહેવાય ?

ઉ : ૫૮ ઠંડુ એંકદરે ખોટું કહેવાય. ઠંડા પીણા, આઈસ્ક્રીમ, ફ્રીઝનું ઠંડુ પાણી, એ બધુ પાચનશક્તિને બગાડે છે. શરીરમાં અમુક કેલેરી ગરમીતો રહેવી જ જોઈએ. દરેક ઠંડી વસ્તુ ખરાબ કહેવાય. આ શિયાળાની ઠંડી એ પણ સારી વસ્તુ નથી. ટૂંકમાં ઠંડી ખાવા-પીવાની ચીજો જે શરીરમાં ખુબ નુકસાન કરે છે એ ખોટી કહેવાય.

પ્ર : ૫૯ ભગવાને ખોરાક કેટલો લેવાનો કિધેલો છે ?

ઉ : ૫૯ સંસારીઓને બે ટાઈમ અને સાધુઓને એક ટાઈમ જમવાનું કહ્યું છે. મુખમાં જેટલા દાંત હોય તેટલા કોળિયા ભોજન લેવાનું કહ્યું છે. મોંઢામાં અઠ્યાવીસ દાંત હોય તો અઠ્યાવીસ કોળિયા અને બત્રીસ દાંત હોય તો બત્રીસ કોળિયા ભોજન લેવાનું કહેલ છે.

પ્ર : ૬૦ જમતી વખતે ચિત્ત હાજર ના હોય તો શું થાય અને સંડાસ જતી વખતે ચિત્ત હાજર ના હોય તો શું થાય ?

ઉ : ૬૦ જમતી વખતે ચિત્ત હાજર ના હોય તો બ્લડ પ્રેસર અને હાર્ટફેઈલ થાય છે. સંડાસ જતી વખતે ચિત્ત હાજર ના હોય તો બંધકોષનો રોગ થાય છે.

પ્ર : ૬૧ મોક્ષે જવું હોય તેમણે કયો ખોરાક ના લેવો ?

ઉ : ૬૧ બે ઈન્દ્રિયથી ઉપરના જીવોનો આહારમાં, જેને મોક્ષે જવુ છે એને અધિકાર નથી. એટલે બે ઈન્દ્રિય થી વધારે ઈન્દ્રિયવાળા જીવોની જવાબદારી આપણે

ના લેવી જોઈએ. કારણકે જેટલી જેની ઈન્દ્રિય એટલા પ્રમાણમાં પુણ્યની જરૂર છે. એટલું માણસનું પુણ્ય વધારે વપરાઈ જાય.

પ્ર : ૬૨ એકેન્દ્રિય જીવો ખાઈએ તેથી એટલી હિંસા તો થાય જ ને ?

ઉ : ૬૨ ભગવાને એકેન્દ્રિય જીવોને ખાવાની છૂટ આપી છે કારણકે તમે મનુષ્યો મહાન સિલ્લકવાળા છે ને તમે એ જીવોનો નાશ કરો છો એ વાત સાચી પણ આ ખોરાક રાંધો એટલે તમને દંડ પડે છે એટલે નેવું તમારી પાસે રહે છે અને તમારી કમાણીમાંથી દસ એમને મળવાથી એ જીવોની ઉર્ધ્વગતિ થાય છે. એ તો કુદરતના નિયમના આધારે જ ઉર્ધ્વગતિ થઈ રહી છે, એ એકેન્દ્રિયજીવમાંથી બે ઈન્દ્રિયમાં આવી રહ્યા છે. તેઓ મનુષ્યના લાભમાંથી લાભ ઉઠાવે છે. એમ હિસાબ બધો ચુકતે થયા કરે છે. આ બધું સાયન્સ છે. ભગવાને કહ્યું હતું કે એકેન્દ્રિયમાં હાથ ના ઘાલશો. એકેન્દ્રિય ત્રસ જીવો નથી માટે એકેન્દ્રિય માટે તમે કશો વિકલ્પ કરશો નહીં.

પ્ર : ૬૩ ખોરાક બાબતે કઈ રીતે ભાગ પાડી શકાય ?

ઉ : ૬૩ (૧) ફળો ઉપર જીવન - સૌથી શ્રેષ્ઠ

(૨) અનાજ, શાકભાજી - ઉત્તમ

(૩) અનાજ, શાકભાજી, કંદમૂળ - સાધારણ

(૪) અનાજ, શાકભાજી, કંદમૂળ, ઈંડા ખાય - ખરાબ

(૫) અનાજ, શાકભાજી, કંદમૂળ, ઈંડા, માંસાહાર - અડધો જાનવર

(૬) માણસનું માંસ ખાય તે - ખરાબમાં ખરાબ જાનવર જ કહેવાય.

પ્ર : ૬૪ માંસાહાર કરવાથી શું નુકસાન થાય છે ?

ઉ : ૬૪ માંસાહાર કરવાથી નરકગતિ થાય છે. માંસાહાર એ વિચાર્યા વગરનું છે બધી નરી પાશવતા છે. એક જ દહાડો માંસાહાર કરવાથી માણસનું મગજ ખલાસ થઈ જાય. પશુ જેવો થઈ જાય એટલે મગજ સારું રાખવું હોય તો ઈંડા પણ ખાવાનાં બંધ કરી દેવાં, ઈંડાથી પણ મગજ બગડે છે. માંસાહાર કરવાથી હાર્ટફેઈલ અને હાર્ટએટેક થાય છે. આ માંસાહારથી એ જીવને મારવાનો દોષ છે તેના કરતા તો મહી આવરણનો દોષ વધારે બેસે છે. મારવાનો દોષ તો બધા ભાગે વહેંચાઈ જાય છે એ અર્થમાં ઓછો છે કે જે મૂળ વેપાર કરે છે પછી તેને કાપે છે, પછી તેને રાંધે

છે અને છેલ્લે ખાંનાર એમ તે દોષ બધા વચ્ચે વહેચાંઈ જાય છે. માંસાહાર કરવાથી અંદર જે ભયંકર આવરણ આવે છે એટલે જ્ઞાનની કોઈ વાત સમજાતી નથી. ગ્રાસ્પીંગ પાવર બિલકુલ ઓછો થઈ જાય છે. માંસાહાર કરવાથી વેર બંધાય છે. જે મુસલમાન બકરીને મારીને ખાય છે પછીના બીજા ભવમાં તે બકરો મીંયાભાઈ થાય અને પેલો મુસલમાન બકરામાં જાય તે પાછો પેલો મીંયાભાઈ થઈને પેલા બકરાને ખાય આંમ એ બંન્ને જીવો સામસામી વેરથી જ બંધાય છે.

પ્ર : ૬૫ બટાકા અને કંદમૂળ ખાવાથી શું નુકસાન થાય છે ?

ઉ : ૬૫ બટાકા અને કંદમૂળમાં અનંત જીવો હોય છે. કંદમૂળ ખાવાથી મગજ ક્ષીણ થઈ જાય છે, જાગૃતિ ઓછી થઈ જાય છે, બુદ્ધિમાં સ્થૂળતા આવશે, જાડી બુદ્ધિ થઈ જશે. કંદમૂળમાં સૂક્ષ્મ જીવો બહું છે નર્યુ જીવોનો જ ભંડાર છે, તેથી કંદમૂળ ખાવાથી જડતા આવે અને કષાય ઉત્પન્ન થાય માટે ના ખવાય તો સારું. કંદમૂળ જ્ઞાનને બાધક છે. આ કંદમૂળ છે તે આવરણ લાવનારું અને આવરણ વધારનારું છે, માટે ખાવાની ના પાડી છે. માટે કંદમૂળ કે બટાકા ઓછામાં ઓછા શરીરમાં જાય એવો પ્રયત્ન રાખવાનો અને ન ખવાય તો ઘણું જ ઉત્તમ. જેને મોક્ષે જવું છે અને જાગૃતિની ઘણી જ જરૂર છે, તેથી મોક્ષે જનારા માટે આ કામની વસ્તુ નથી. કંદમૂળ ત્યાગ એ જાગૃતિ વધારનાર છે માટે કંદમૂળનો ત્યાગ કરવાનો કહ્યો છે.

પ્ર : ૬૬ ખોરાક કેટલો લેવો ?

ઉ : ૬૬ ખોરાક એવો લો કે ઈન્દ્રિયો બેભાન ના થઈ જાય પણ આ તો મુવાં એવું ખાય છે અને એટલું ખાય છે કે ઈન્દ્રિયો તો શુ પણ દેહનુય ભાન ભૂલી જાય છે.

પ્ર : ૬૭ મોક્ષે જવું હોય તો ખાવાનું શેને માટે ?

ઉ : ૬૭ ભૂખ મટાડવા માટે ખાવાનું છે. જીવવા માટે જ ખાવાનું, દીવો ઓલવાઈ ના જાય માટે ખાવાનું છે.

પ્ર : ૬૮ ચટણી શેની બનેલી હોય છે ?

ઉ : ૬૮ કોથમીર અને મરચાની જે ચટણી બનેલી હોય છે તે ચટણી લીલા લોહીની બનેલી છે. સ્થાવર એકેન્દ્રિયનું લોહી લીલા રંગનું હોય છે.

પ્ર : ૬૯ સમાધિપાન એટલે શું ?

ઉ : ૬૯ અનશન કરવાને લાયક જીવને સમાધિપાન કરાવવાની હકીકત કહી છે,

જેમાં (૧) એલચી (૨) સાંકર (૩) તજ (૪) નાંગકેશર (૫) તમાલપત્ર આં પાંચ વાના (વસ્તુઓ) દૂધમાં ઉકાળીને તે દૂધ થોડુ ઠડું કરી અનશનને લાયક જીવને પીવરાવવું આનુ નામ સમાધિપાન કહેવાય. અનશનકાળે ચિત્તની સ્થિરતાને ટકાવનારુ આ સમાધિપાન છે.

પ્ર : ૭૦ મધ ખાવામાં કેટલી હિંસા રહેલી છે ?

ઉ : ૭૦ મધમાં સૂક્ષ્મ જીવો ઘણી સંખ્યામા હોય છે તેથી એક મધનું ટીપુ ખાવાથી સાત ગામ બાળવાથી જે પાપ લાગે તેટલું પાપ લાગે છે.

પ્ર : ૭૧ જીવ ગર્ભમાં દાખલ થાય ત્યારે શેનો આહાર કરે છે ?

ઉ : ૭૧ જીવ ગર્ભમાં દાખલ થતાની સાથેજ માતાનુ રજ અને પિતાનું વીર્ય એ બેનો આહાર કરે છે તે ઓજાહાર કહેવાય છે.

પ્ર : ૭૨ પાણી કેવી રીતે પીવું જોઈએ ?

ઉ : ૭૨ છત્રીસ આંગળ લાંબુ અને વીસ આંગળ પહોળુ એવુ ગરણુ રાખી તેના ચાર પડ કરી પાણી ગાંળવુ અને ગરણામાં આવેલા જીવોને પાછાં પાણીમાં સાવધાની પૂર્વક મૂકી દેવા, આવું ગાળેલું પાણી પીવું જોઈએ.

પ્ર : ૭૩ મિષ્ટાન્ન કે અન્ન વિષ (ઝેર) મિશ્રિત છે તે કયાં લક્ષણો ઉપરથી જાણી શકાય છે ?

ઉ : ૭૩ શાસ્ત્રોમાં જણાવ્યુ છે કે ઝેર ભેળવેલું અન્ન જોઈને ચકોર પક્ષી આંખો ફેરવી લે છે, આંખો બંધ કરી દે છે, પોપટ અને મેના આક્રોશ કરવા લાગે છે, કોયલ (કોકિલ) ઉન્મત બને છે અને ઉન્માદમા મરી જાય છે, ક્રૌચ પક્ષી તુરત જ મરણ પામે છે, નોળિયાના રોમાંચ ખડા ખઈ જાય છે, મયુર (મોર) નાંચી ઉઠે છે, બિલાડીને ઉદવેગ થાય છે, વાનર (વાંદરો) વિષ્ટા કરવા માંડે છે, હંસની ગતિ સ્ખલિત થઈ જાય છે, કૂકડો રડવા લાગે છે, ભમરો ઝેરી અન્નની સુગંધથી જોર-જોરથી ગુંજારવ કરવા લાગે છે, કાગડો પ્રસન્ન થાય છે, વગેરે બાહ્ય ચિન્હો અને કેટલાંક આંતરિક ચિન્હોથી વિષ જણાઈ આવે છે.

(ખાસનોંધ : નોળિયા અંને મોરની નજર ઝેર ઉપર પડવાથી એ ઝેરની અસર તરત જ મંદ પડી જાય છે.)

પ્ર : ૭૪ પ્રાસુક જળ કોને કહેવાય ?

ઉ : ૭૪ અગ્નિ પર પાણી ત્રણવાર ઉકળે ત્યારે પ્રાસુક થાય તે પાણી સાધુ-મુનિ મહારાજોને વાપરવા માટે યોગ્ય છે.

પ્ર : ૭૫ મહાભારતમાં સૂર્ય-અસ્ત પામ્યા પછી પાણી અને આહાર લેવા બાબતે શું જણાવેલ છે ?

ઉ : ૭૫ મહાભારતમાં માર્કંડેય ઋષિ કહે છે કે સૂર્ય અસ્ત પામ્યા પછી પાણી પીવું તે લોહી સમાન છે અને અન્ન ખાવું તે માંસ ખાધા સમાન છે.

પ્ર : ૭૬ દ્વિદળ સાથે કાંચુ દૂધ, દહી કે છાશ ખાવાનું ફળ ?

ઉ : ૭૬ જેને ભરડવાથી બે દળ જુદા પડી જાય તે દ્વિદળ કહેવાય. આવા ચણા, તુવેર, વાલ, મગ, મઠ, આદિ કઠોળમાં કાચુ દહી, છાંશ નાંખીને ખવાય તો તે ખરેખર માંસ તુલ્ય થાય છે, કારણકે દ્વિદળ સાથે કાચું દૂધ, દહીં કે છાશ ભેગા થવાથી તરતજ બે ઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે.

પ્ર : ૭૭ ધાન્ય (અનાજ) કેટલા વર્ષે અચિત થાય છે ?

ઉ : ૭૭ (૧) જવ, ઘઉં, ડાંગર ત્રણ વર્ષ પછી અચિત થાય છે.
(૨) તલ, કઠોળ, પાંચ વર્ષ પછી અચિત થાય છે.
(૩) અળસી, કોદરા, સાત વર્ષ પછી અચિત થાય છે.
(૪) કપાસના બીજ ત્રણ વર્ષ પછી અચિત થાય છે.

પ્ર : ૭૮ અજીર્ણનાં સ્પષ્ટ ચિન્હો કયાં કયાં ?

ઉ : ૭૮ વૈદક શાસ્ત્રમાં અજીર્ણનાં છ સ્પષ્ટ ચિન્હો નીચે મુજબ જણાવેલાં છે :-
(૧) અપાન વાયુ દુર્ગંધવાળો હોય.
(૨) મળ દુર્ગંધવાળો હોય.
(૩) મળ કાચો આવે
(૪) શરીર ભારે લાગે.
(૫) અન્ન ઉપર રુચિ ના થાય અને અરુચિ લાગે.
(૬) ખરાબ ખાંટા ઓડકાર આવે.

પ્ર : ૭૯ ખાવા-પીવા સબંધી નીતિશાસ્ત્ર શું કહે છે ?

ઉ : ૭૯ શરદ ઋતુમાં જે જળ પીવાયું, પોષ અને મહા મહિનામાં જે ખવાયું અને અષાઢ મહિનામાં જે સુવાયું તેનાથી મનુષ્યની તંદુરસ્તિ સારી રહે છે.

પ્ર : ૮૦ વૈદકશાસ્ત્ર ખોરાક કઈ ઋતુમા અમૃત સમાન બને તે અંગે શું સૂચવે છે ?

ઉ : ૮૦ (૧) વર્ષા ઋતુમાં લવણ અમૃત છે.
(૨) શરદ ઋતુમાં જળ અમૃત છે.
(૩) હેમંત ઋતુમાં ગાયનું દૂધ અમૃત છે.
(૪) શિશિર ઋતુમાં આંબળાનો રસ અમૃત છે.

(૫) વસંત ઋતુમાં ઘી અમૃત છે.
(૬) ગ્રીષ્મ ઋતુમાં ગોળ અમૃત છે.

પ્ર : ૮૧ ક્યાં જમવા ન બેસવું ?

ઉ : ૮૧ અગાસીમાં, તડકામાં, અંધારામાં, ઝાડનીચે, સ્મશાનમાં ક્યારેય જમવા બેસવું નહી. આસન ઉપર બેઠા બેઠા તર્જની આંગળી ઊંચી કરીને નાસિકાનો શ્વાસ ઉચો ચાલતો હોય ત્યારે ભોય ઉપર બેસીને તથા જોડા પહેરીને કદી પણ જમવું નહીં.

પ્ર : ૮૨ કેવું ભોજન ન જમવું ?

ઉ : ૮૨ બે કલાકથી વધારે સમયથી ઠંડુ પડી ગયેલું, મળ મૂત્રાંદિ વડે અપવિત્ર થયેલું, ગર્ભાદિ હત્યારાએ જોયેલું, રજસ્વલા સ્ત્રીએ અડકેલું, ગાય કૂતરાએ કે પક્ષીએ બોટેલું કે સુંઘેલુ ભોજન જમવું નહી. તેમજ ઘણા સમયથી ઠંડુ પડી ગયેલું ભોજન ફરી ગરમ કરાવીને જમવું નહી.

પ્ર : ૮૩ ક્યાં મૌન રાખવું ?

ઉ : ૮૩ ભોજનમાં, મૈથુનમાં, સ્નાન કરવામાં, વાંચનમાં, દાતણ કરવામાં, મલોત્સર્ગમા અને પેશાબ કરવાના સમયમા મૌન રાખવું.

પ્ર : ૮૪ કઇ દિશામાં મુખ રાખી ભોજન કરવું ?

ઉ : ૮૪ પૂર્વ દિશાતરફ મુખ રાખીને ભોજન કરવાથી લાંબુ આયુષ્ય પ્રાપ્ત થાય છે. દક્ષિણ દિશા તરફ મુખ રાખીને જમવાથી યશ કીર્તિ,માન પ્રતિષ્ઠા મળે છે.

પ્ર : ૮૫ કયા મુનિઓ રાજ્યની (રાજાની) ગોચરી લેતા નથી ?

ઉ : ૮૫ પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયના મુનિઓ રાજાના ઘરનુ અન્ન ગોચરી તરીકે લેતા નથી.

પ્ર : ૮૬ મુનિ મહારાજ આહાર શા માટે લે છે ?

ઉ : ૮૬ (૧) ભૂખની વેદના મટાડવા માટે
(૨) પોતાની અને અન્ય સાધુઓની વૈયાવૃત્તિ (સેવા) કરવા માટે.
(૩) સામાયિક વગેરે આવશ્યક ક્રિયાઓના પાલન માટે.
(૪) સંયમ પાલન માટે
(૫) પોતાના દશ પ્રાણોની રક્ષા કરવા માટે.
(૬) દશધર્મ આદિના ચિંતન માટે મુનિ મહારાજ આહાર લે છે.

પ્ર : ૮૭ મુનિ મહારાજ ક્યારે આહારનો ત્યાગ કરે છે ?

ઉ : ૮૭ નીચેના સંજોગામાં મુનિ મહારાજ આહારનો ત્યાગ કરે છે.
(૧) ઓંચિતો રોગ થયો હોય, જ્વર(તાવ) આવ્યો હોય કે અજીર્ણ થયું હોય ત્યારે.

(૨) માતા પિતા, સ્વજન, અથવા દેવી દેવતાઓ વગેરે વ્રત ભંગ માટે ઉપસર્ગ કરતા હોય ત્યારે.

(૩) મોહનીય કર્મના ઉદયથી પરુષ વેદ જાગે ત્યારે બ્રહ્મચર્યની (બ્રહ્મચર્ય વ્રતની) રક્ષા કરવા માટે.

(૪) ચોમાસામા ઘણા બધા જીવો બહાર નીકળે ત્યારે ચાલીને ગોચરી લેવા જતાં માર્ગમા ઘણા જીવોની હિંસા થાય તેથી જીવ દયાના હેતુ માટે.

(૫) અનશન આદિ તપ કરવા માટે .

(૬) મરણ વખતે સંયમ પાળવાને અસમર્થ થયેલા દેહનો ત્યાગ કરવા માટે આહાર લે નહીં.

પ્ર : ૮૮ દસ પ્રકારના વિકૃત રસ કયા કયા ?

ઉ : ૮૮ (૧) મધ (૨) માંખણ (૩) મદીરા (૪) માંસ (૫) દહી (૬) ઘી (૭) દૂધ (૮) તેલ (૯) ગોળ (૧૦) પકવાન

આ દસ પ્રકારના રસ વિકૃતિ ઉત્પન્ન કરાવનારા છે તેનો સર્વથા અથવા પર્વ તિથિઓએ ત્યાગ કરવો.

પ્ર : ૮૯ મુનિ મહારાજ કેવો આહાર લે છે ?

ઉ : ૮૯ મુનિ મહારાજ નવધા ભક્તિપૂર્વક આપેલો આહાર લે છે.

પ્ર : ૯૦ નવધા ભક્તિ એટલે શું ?

ઉ : ૯૦ (૧) પડગાહન કરી ત્રણ પ્રદક્ષિણા કરવી (૨) ઉંચા આસન ઉપર બેસવા કહેવું (૩) ચરણ ધોવા (૪) પૂજા કરવી (૫) નમસ્કાર કરવા (૬) મનશુદ્ધિ (૭) વચન શુદ્ધિ (૮) કાયાશુદ્ધિ એ ત્રણ શુદ્ધિ બોલવી અને (૯) આહાર જળ શુદ્ધ છે એમ કહેવું તે નવધા ભક્તિ છે.

પ્ર : ૯૧ મુનિરાજ કેટલા દોષ રહિત આહાર લે છે ?

ઉ : ૯૧ મુનિરાજ છેતાલીસ દોષ રહિત આહાર લે છે. (ઉદગમ દોષ- ૧૬, ઉત્પાદનદોષ-૧૬, અશનદોષ-૧૦, ભુક્તિ દોષ-૪)

પ્ર : ૯૨ પાણી પીવા બાબતે વૈદકશાસ્ત્ર શું કહે છે ?

ઉ : ૯૨ ભોજન પહેલાં પાણી પીવું તે ઝેર સમાન છે. ભોજનને અંતે પાણી પીવું તે પત્થર સમાન છે અને મધ્ય સમયે પાણી પીવુ તે અમૃત જેવું છે. જમ્યા પછી પગના ઢીંચણ ઉપર હાથ ફેરવવો શ્રેયકારી છે. ભોજન કર્યા બાદ ડાબે-પડખે બે ઘડી સુવુ અથવા સો ડગલા ચાલવું જોઇએ.

પ્ર : ૯૩ કયા ખાદ્ય પદાર્થો બુદ્ધિને નિસ્તેજ અને બરઠ બનાવે છે ?

ઉ : ૯૩ તડબુચ, કાલિંગડુ, શીત અને વાયડુ ભોજન, કોઠું, બોર, જાંબુ આ બધા ફળ-ફળાદિ તથા ભોજન બુદ્ધિને નિસ્તેજ તથા બરઠ બનાવે છે.

પ્ર : ૯૪ મદીરા (દારૂ) પીધો હોય તેનું વમન કરાવવા શું કરવું ?

ઉ : ૯૪ મીઢળના ચૂર્ણને સુંઘાડવાથી મદીરાનું વમન થઇ જાય છે.

પ્ર : ૯૫ માનવ શરીરમાં સાત ધાતુઓ કંઇ કંઇ છે તે કેવી રીતે બને છે તે સમજાવો ?

ઉ : ૯૫ (૧) રસ (૨) લોહી (૩) માંસ (૪) મેદ (ચરબી) (૫) હાંડકા (અસ્થિ) (૬) મજ્જા (૭) વીર્ય (શુક્રાણું) ધાતુઓ શરીરમાં હોય છે. જે દિવસે જે ખોરાક લેવાય તે પછી સાત દિવસમાં તે ખોરાકનું રસમાં રૂપાન્તર થાય છે, અમુક ખોરાક મળ રૂપે બહાર નીકળી જાય છે. આઠમાં દિવસથી ચૌદમાં દિવસ સુધીમાં એ રસમાંથી લોહી બનવાની પ્રક્રિયા ચાલે છે. પંદરમા દિવસથી એકવીસમાં દિવસ સુધી માંસ બનવાની પ્રક્રીયા ચાલે. એ રીતે મેદ, અસ્થિ, મજ્જા, અને વીર્ય દરેકની સાત સાત દિવસની પ્રક્રિયા ચાલે. આમ ઓગણપચાસ દિવસ પુરા થાય ત્યારે વીર્યમાં રૂપાંતર થઇ જાય છે. આમ કુલ ઓગણ પચાસ દિવસે ખોરાકનું સાત ધાતુઓમાં રૂપાંતર થાય છે. જે ખોરાક લેવાય તેમાથી ૪૦ તોલા લોહી બને છે અને તેમાંથી એક તોલો વીર્ય બને છે એટલે સાત ધાતુ માથી સૌથી કિંમતી ધાતુ વીર્ય છે.

પ્ર : ૯૬ માધુકરી વૃત્તિ એટલે શું ?

ઉ : ૯૬ માધુકરી વૃત્તિ એટલે ભમરો જેમ પુષ્પ પરાગમાંથી રસ ગ્રહણ કરે છે પણ તેને કિંચિતમાત્ર પણ પીડા ઉપજાવતો નથી તેમ મુનિ પણ કોઇ એક ગૃહસ્થને ત્યાંથી આહાર ગ્રહણ કરે પણ તેને બિલકુલ પીડા ઉપજે તેમ કરે નહીં તે માધુકરી વૃત્તિ કહેવાય.

પ્ર : ૯૭ કબીરે ભુખ માટે શું લખ્યું છે ?

ઉ : ૯૭ ભુખ લગે તબ કછુ નાહી સૂઝે, જ્ઞાન, ધ્યાન સબ રોટીમેં કહત કબીર સુનો ભાઇ સાધુ, આગ લગે ઇસ પોટીમે.

પ્ર : ૯૮ કુષ્માંડ એટલે શું ?

ઉ : ૯૮ કુષ્માંડ એટલે કોળાનું ફળ

પ્ર : ૯૯ કુલ્માંષ એટલે શું ?

ઉ : ૯૯ અડદના બાકળા.

પ્ર : ૧૦૦ ખાંડ અને ગોળ બન્નેમાં શો ફેર ?

ઉ : ૧૦૦ ખાંડ વધારે ખાવાથી મન ફેકચર થઇ જાય છે, જ્યારે ગોળ ખાવાથી મન સારું રહે છે.

પ્ર : ૧૦૧ કઇ વસ્તુ ભોજનમાં આવવાથી શું પીડા કે રોગ થાય છે ?

ઉ : ૧૦૧ (૧) ખાવાની વસ્તુમાં કીંડી આવી જાય તો બુદ્ધિમાં મંદતા લાવે છે.

(૨) ખાવાના પદાર્થમાં માથાની જૂ આવી જાય તો જલોદર નામનો રોગ થાય છે.

(૩) ખાવાની વસ્તુમાં માંખી આવી જાય તો ઉલ્ટી થાય છે.

(૪) ખાવાની વસ્તુમાં કરોળિયો આવી જાય તો કોઢ થાય છે.

(૫) ખાવાની વસ્તુમાં વીંછી પડ્યો હોય અને તે ખાવામાં આવી જાય તો તાળવું વીંધી નાખે છે. તાલુવધ થાય.

(૬) ખાવાની વસ્તુમાં વાળ આવી જાય તો સ્વર ભંગ થાય છે. (અવાજ બેસી જાય.)

(૭) ખાવાની વસ્તુમાં મચ્છર આવી જાય તો તાવ આવે છે.

(૮) ખાવાની વસ્તુમાં ઝેરી પદાર્થ આવી જાય તો ઝાડા-ઉલ્ટી થાય છે.

(૯) ખાવાની વસ્તુમાં ઢેઢ ગરોળીનો ગલ આવી જાય તો ગંભીર સ્થિતિ ઉભી કરે છે.

(૧૦) ખાવાની વસ્તુમાં સર્પ વિષ આવી જાય તો મૃત્યુ થાય છે.

પ્ર : ૧૦૨ જીભનું આકર્ષણ બહુ રહ્યા કરે તેનો શું ઉપાય ?

ઉ : ૧૦૨ ખાવા પીવાની ચીજોનું જે આકર્ષણ રહ્યા કરે છે તેમાં ફક્ત જાગૃતિ રાખવાની છે કે મન, વચન, કાયાની તમામ સંગી ક્રિયાઓથી હું તદ્દન જુદો અસંગ છું એ જાગૃતિ રહેવી જોઇએ. વિચાર આવ્યા સિવાય કોઇ દિવસ આકર્ષણ થાય નહીં. વિચારો વધારે આવે એટલે એની ગાંઠ મોટી હોય, તે સામાયિક કરી ખાલી જોવાથી જ ગાંઠો ઓગળી જાય.

પ્ર : ૧૦૩ દરેક આરામાં ભોજન સમય અને સંખ્યા એક જ હોય કે ભિન્ન હોય ?

ઉ : ૧૦૩ (૧) પહેલા આરામાં માણસોને ત્રણ ત્રણ દિવસોને આંતરે તુવેરના દાણા જેટલો આહાર લેવો પડે છે.

(૨) બીજા આરામાં માણસોને (યુગલિકો) બે, બે દિવસોને આંતરે બોરના પ્રમાણ જેટલો આહાર લેવો પડે છે.

(૩) ત્રીજા આરામાં એક-એક દિવસને આંતરે આંબળા જેટલા પ્રમાણમાં આહાર હોય છે.

(૪) ચોથા આરામાં એક દિવસમાં એક વખત ભોજનની ઇચ્છા થતી હતી. ચોથા આરાના અંતે અનિયત ભોજન પ્રમાણ.

(૫) પાંચમા આરામાં પણ અનિયત ભોજન પ્રમાણ રહે છે.

(૬) છઠ્ઠા આરામાં માત્ર માછલીઓનો આહાર હોય છે.

પ્ર : ૧૦૪ રાત્રિ ભોજન કરવાથી શું નુકશાન થાય છે ?

ઉ : ૧૦૪ રાત્રિ ભોજન કરવાથી જિનાજ્ઞાભંગનો મહાન દોષ લાગે છે અને શુભ પરિણામનો હાસ થાય છે. બીજા જન્મમાં કાગડા, ઘુવડ, ગીધ, બિલાડી, શિયાળ, સાપ, વીંછી, અને ગરોળી જેવા દુષ્ટ અવતાર પ્રાપ્ત થાય છે. અને આ ભવમાં રાત્રિ ભોજનને કારણે જે અસંખ્ય જીવોની હિંસા થાય છે તેના કારણે ભયંકર આવરણ આવે છે. તથા સૂર્યાસ્ત પછી અંદર હોજરીમાં રહેલું કમળ બિડાઇ જતાં ખોરાકનું પાચન બરોબર થતું નથી તેથી આરોગ્ય દિવસે દિવસે કથળતુ જાય છે.

પ્ર : ૧૦૫ કઇ અવસ્થામાં આહાર ન હોય ?

ઉ : ૧૦૫ (૧) ઉત્પત્તિ કાળમાં વિગ્રહ ગતિએ રહેતા જીવો આહાર કરતા નથી,.

(૨) કેવળિ દ્વારા સમુદ્ઘાત થાય છે ત્યારે ત્રીજા, ચોથા, પાંચમા સમયમાં કેવળિ ભગવંતો આહાર કરતા નથી.

(૩) શૈલીષી અવસ્થામાં અયોગી કેવળિ આહાર કરતા નથી.

(૪) સિદ્ધ થયેલા ભગવંતો સદાને માટે અનાહારક થઇ જાય છે.

આ ચાર અવસ્થા સિવાય જીવો બધો કાળ આહાર લેનાર જાણવા.

પ્ર : ૧૦૬ માંસાહાર વૃત્તિ કોને કહેવાય ?

ઉ : ૧૦૬ પારકુ પડાવી લેવું. તે માંસાહાર વૃત્તિ કહેવાય.

પ્ર : ૧૦૭ પ્રાસુક જળ અને એષણિય આહાર એટલે શું ?

ઉ : ૧૦૭ પ્રાસુક જળ એટલે નિર્જીવ જળ અને એષણિય આહાર એટલે નિર્દોષ આહાર.

પ્ર : ૧૦૮ ગર્ભ ઉપર કયા ખોરાકની કેવી અસર થાય છે ?

ઉ : ૧૦૮ (૧) વાયુકારક ખોરાકથી ગર્ભ કુબડો, અંધ, જડ અને વામણો થાય છે.

(૨) પીત્તજનક ખોરાકથી ટાલિયો, પીત્તવર્ણવાળો થાય છે.

(૩) કફજનક ખોરાકથી કોઢી તથા પાંડુરોગવાળો થાય છે.

(૪) અતી ખારૂ ખાવાથી નેત્રનું તેજ હણાય છે.

(૫) અતિ ઠંડું ખાવાથી વાયુ કરે છે.

(૬) અતી ગરમ ખાવાથી નિર્બળતા આવે.

પ્ર : ૧૦૯ ભોજન કરતી વખતે શું જાગૃતિ રાખવી કે શું વિધિ બોલવી જોઈએ ?

ઉ : ૧૦૯ (૧) સાબુથી હાથ-પગ-મોઢું ધોઈ હંમેશા જમવા બેસવું.

(૨) પૂર્વ દિશા તરફ મુખ રાખીને જમવા બેસવાથી આયુષ્ય લાબુ પ્રાપ્ત થાય છે. અર્થાત્ શ્વાસોચ્છવાસ ઓછા વપરાય છે.

(૩) દક્ષિણ દિશા તરફ મુખ રાખીને જમવા બેસવાથી યશ-કીર્તિ, માન, પ્રતિષ્ઠા મળે છે.

(૪) જમતા પહેલાં થાળી સામે પીરસાઈને આવે ત્યારબાદ નીચે મુજબની વિધિ બોલીને જ ત્યારપછી ભોજન લેવાની શરૂઆત કરવી. વિધિ કરવાથી અન્નના દોષ ધોવાઈ જાય છે અને તે અન્નનું પ્રસાદમાં રૂપાંતર થાય છે. આ પ્રસાદ રૂપી અન્ન લેવાથી "અન્ન એવુ મન" એ કહેવત મુજબ પવિત્ર અન્ન થયેલું હોવાથી મન પણ સારું રહે છે.

અ. ત્રિમંત્ર બોલવો.

બ. પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ છ દેવલોકમાં રહેલા સર્વે દેવી-દેવતાઓને અત્યંત ભક્તિપૂર્વક વારંવાર કોટી કોટી નમસ્કાર કરી પ્રાર્થના કરું છું કે આ ભોજન ગ્રહણ કરો, ગ્રહણ કરો, ગ્રહણ કરો.

ક. દાદા ભગવાન જમો.

ડ. આહારી આહાર કરે છે અને હું નિરાહારી માત્ર તેને જાણું છું.

ઈ. હે, દાદા ભગવાન મારા પ્રારબ્ધ કર્માનુસાર મને જે જમવાની થાળીનો સંયોગ ભેગો થયો છે તેનો સમભાવે નિકાલ થાય તેવી મને પરમ શક્તિ આપો.

ફ. હે દાદા ભગવાન, મને શુદ્ધ ઉપયોગપૂર્વક ચિત્તની હાજરીમાં શાંતિપૂર્વક ચાવી-ચાવીને જમાય તેવી પરમ શક્તિ આપો.

ગ. હે દાદા ભગવાન, આ અન્નનું મારા શરીરમાં સંપૂર્ણ શુદ્ધ લોહીમાં રૂપાંતર થાય તેવી પરમ શક્તિ આપો.

ઉપરના વાક્યો શાંતિથી બોલવાં. પછી જમવાનું શરુ કરવું.

ખાસ નોંધ : ખોરાકને પીવાનો છે અને પાણી ચાવવાનું છે એ રીતે ખાઓ પીવો મઝા કરો.

ત્રીજુ પ્રકરણ
ઘર, ઘાટ

પ્ર : ૧ ઘર એટલે શું ?

ઉ : ૧ જેમાં ખાંડણી, ઘંટી, ચૂલો, પાણીયારું અને સાવરણી એમ પાંચ વાના (વસ્તુ) હોય તે ઘર કહેવાય. ઘર એટલે કર્મો ખપાવવાની દુકાન. ઘર એટલે સુખ દુઃખ ભોગવવાની દુનિયા. ઘર એટલે રાગ-દ્વેષથી ભેગા થયેલા માણસોને રહેવાની જગ્યા. ઘર એટલે શાંતિ માટેનું સાધન, ત્યાં મુવો ઘરમાં જ ઝઘડો કરે છે.

પ્ર : ૨ ઘર અને કુંટુંબ શું છે ?

ઉ : ૨ આપણને એમ છે કે આ આપણું ઘર છે અને આ મારુ કુટુંબ છે. પણ ખરેખર તો એ કર્મો ખપાવવાની દુકાન છે. ઘરાક અને વેપારી જેવો સંબધ છે. જેનો જેટલો વેપાર એટલા એના ઘરાક. નાનો વેપાર હોય તો ઓછા ઘરાક અને મોટો વેપાર હોય તો ઘણા ઘરાક અને વેપાર બંધ થયો ચોપડાના ખાતાં પૂરાં થયાં તો ઘરાક બંધ થાય.

પ્ર : ૩ ઘાટ એટલે શું ?

ઉ : ૩ ઘાટ એટલે તો આ સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરીએ અને ઘાટ કરીએ એ બે સરખું છે. આ ડોકટર છે તે કામના છે તે કયારેક કામ લાગશે એમ મનમાં માનીને ડોકટર આવે ત્યારે તેમનુ માન સન્માન કરીએ તે ઘાટ કહેવાય.

પ્ર : ૪ ઘાટ રાખવાનુ ફળ શું ?

ઉ : ૪ ઘાટથી ભગવાન વેગળા હોય. ઘાટમાં હોય તે આઠ અવતાર જનાવરમાં જઈ આવે, પાછો મનુષ્ય થાય.

પ્ર : ૫ ઘાટ નીકળી જાય તો શું ફળ મળે ?

ઉ : ૫ ઘાટ નીકળી જાય તેની સુવાસ પંદરે ક્ષેત્રોમાં ફેલાય કારણ કે ઘાટ નીકળી જાય એટલે નિર્મળ પ્રેમ જ બાકી રહે.

ચોથુ પ્રકરણ
ચિંતા

પ્ર : ૧ ચિંતા એટલે શું ?

ઉ : ૧ જે જીવ બાળે તે ચિંતા. ચિંતા એટલે બળવું. પોતે પોતાની જાતને સળગાવવી તેનું નામ ચિંતા. એબોવનોર્મલ વિચાર એ ચિંતા કહેવાય છે. મનના વિચારોમાં કે મનની સ્થિતિમાં તન્મયાકાર થવું તે ચિંતા. હું બીજાનું કંઈ કરી શકું તેમ છું એવું જે થાય તે ચિંતા. ચિંતા એ મોટામાં મોટો ઈગોઈઝમ છે. ખોટો અંહકાર એનું નામ ચિંતા. જબરજસ્ત અંહકાર કર્યો એનું નામ ચિંતા. "હું જ આ બધું ચલાવું છું" એમ જબરજસ્ત રહયા કરે એનું નામ ચિંતા. ચિંતા એ તો અનનેસેસરી પ્રોબ્લેમ છે, વગર કામનો કોયડો છે. ચિંતા એ સંસારનું મોટામાં મોટું બીજ છે. ચિંતા એ સમજણને નાશ કરનારી વસ્તું છે.

પ્ર : ૨ ચિંતા શાથી થાય છે ? ચિંતા ના થાય તે માટે શું કરવું ?

ઉ : ૨ પરસત્તા વાપરવાથી ચિંતા થાય છે. પ્રકૃતિની મહીં પુરૂષ આંગળી કરે તો ચિંતા થાય. કર્તા ભાવ હોય તેથી ચિંતા થાય. પોતે પોતાની જાતને કર્તા માને છે તેથી ચિંતા થાય છે. મનમા વિચારો આવે અને તેમાં તન્મયાકાર થાય ત્યારે ચિંતા થાય. વિચારો જડ છે અને પોતે ચેતન છે. જડ-ચેતન મીક્સચર થઈ જાય એટલે ચિંતા થાય. ચિંતા એ મનનો પરિષહ છે. આરોપિત ભાવ છે કે "હું ચંદુભાઈ છું" તેથી ચિંતા થાય છે. રીયલ સ્વરૂપને જાણતા નથી એટલે ચિંતા થાય છે. પુદ્ગલના પર્યાયને પોતાના માનવામાં આવે એટલે ચિંતા થાય છે.

ચિંતા ના થાય એટલા માટે નક્કી કરે કે મનના વિચારો એ સૂક્ષ્મ સંયોગો છે, તે જ્ઞેય છે અને હું જ્ઞાતા છું. વિચાર તો આવે પણ તેનું પ્રતિક્રમણ કરવું પડે અગર તો એને નિર્માલ્ય કરી નાંખવા પડે. વિચાર આવે કે તરતજ કહેવું કે " આ મારુ સ્વરૂપ ન્હોય, હું શુદ્ધાત્મા છું". વિચાર આવે છે એ નિર્જીવ ભાગ છે એવું સમજાય તો ચિંતા ના થાય. જે ચિંતા કરે છે એ ભગવાનને માનતો નથી અને ભગવાનને માને છે તે ક્યારેય ચિંતા ના કરે, આ રહસ્ય સમજાય તો ચિંતા ના થાય.

પ્ર : ૩ ચિંતાનું ફળ શું ?

ઉ : ૩ ભગવાન મહાવીરે તો એક ચિંતાનું ફળ તિર્યંચ ગતિ કહ્યું છે. ચિંતા કરવાથી દરેક કામ મોડું થાય. ચિંતા થવા માંડે તો સમજો કે કાર્ય બગડવાનું છે.

ચિંતા એ કાર્યને અવરોધક છે. ચિંતાથી ધંધો બેસી જાય. ચિંતા કરવી એ એક મેડ (ગાંડો) અહંકાર છે એટલે કુદરત એને બહુ દંડ આપે છે. ભગવાનને ગાળો દે એના કરતા ચિંતા કરનારને વધારે દંડ છે.

પ્ર : ૪ અગ્રશોચ કોને કહેવાય ?

ઉ : ૪ છ મહિના પછીની ચિંતાઓ અત્યારે કરવા માંડે એ અગ્રશોચ કહેવાય. બેબી પાંચ વર્ષની હોય અને તેને પરણાવવાની ચિંતા અત્યારે કરવા માંડે એ અગ્રશોચ કહેવાય.

પ્ર : ૫ ચિંતાનો ઉપાય શું ?

ઉ : ૫ આ ચિંતાનો એક જ ઉપાય હોઈ શકે કે અંહકારના હું પદમાંથી સ્વના સ્વયંમ્પદમાં આવી જવું.

પ્ર : ૬ ચિંતાના ચૂરા કેવી રીતે કરવા ?

ઉ : ૬ થોડા થોડા સમયે શ્વાસ બંધ કરજે, એટલે ચિંતાની લીન્ક તૂટી જશે.

પ્ર : ૭ કોને એકેય ચિંતા ના થાય ?

ઉ : ૭ નીતિ પરાયણતા, સીન્સિયારિટી અને મોરાલિટી આ ત્રણ ગુણ ધરાવતો હોય તેને એકુંય ચિંતા ના થાય.

પ્ર : ૮ ચિંતા ક્યાં ન હોય ?

ઉ : ૮ વ્યવસ્થિત કર્તા છે એ જ્ઞાન હોય ત્યાં ચિંતા હોય જ નહી.

પ્ર : ૯ ચિંતા ક્યારથી બંધ થઈ જાય ?

ઉ : ૯ ચિંતા તો છઠ્ઠા ગુણસ્થાનક (સર્વ વિરતિ) થી જ બંધ થઈ જાય.

પ્ર : ૧૦ ચિંતા ન કરવા માટે કોણે કોણે શું કહ્યું છે ?

ઉ : ૧૦ **કબીર** : પ્રારબ્ધ પહેલે બના, પીછે બના શરીર
કબીર અંચબા યહ હૈ, મન ન બાંધે ધીર.

સહજાન્દ સ્વામી : મારી મરજી વિના રે કોઈથી તરણું ના તોડાય''

કૃષ્ણ ભગવાન : જીવ તુ શીદને સોચના (ચિંતા) કરે, કૃષ્ણને કરવું હોય તે કરે.

ભગવાન મહાવીર : રાઈ માત્ર વધ ન ઘટ, દીઠા કેવળજ્ઞાન જો.
એ નિશ્ચય કરી જાણીએ ત્યજીએ આરતધ્યાન જો.

પાંચમુ પ્રકરણ
જગત, જૈન, જાત્રા, જ્યોતિષ.

પ્ર : ૧ જગત એટલે શું ?

ઉ : ૧ ભેદ પાડી આપે એનું નામ જગત. દરેક વસ્તુમાં ઓપોઝ (વિરોધ) હોય જ તેનું નામ જગત. તેમાંય આ કળિયુગમાં ઓપોઝીસન વધારે જ હોય. ''જેમ છે તેમ'' તેનાથી તદ્દન ઊંધુ દેખાય, તેનુ નામ જગત. પોતાની ભૂલ પોતાને જડે નહીં તેનુ નામ જગત. જગત એટલે સંયોગો અને વિયોગોનું સંગ્રહસ્થાન છે. સંયોગો સાયન્ટિફિક છે વિયોગો નિયમથી છે. જગત એટલે જ ઊંધો રસ્તો. ઊંધે જ રસ્તે ચાલવું એનું નામ જ જગત. જગત એટલે ઊંધે રસ્તે જ ખેચવું તેનુ નામ જ જગત. બગાડીને સમું કરવું તેનુ નામ જગત. જેનો જવાબ ના આવે એનું નામ જગત. નિરંતર પરિવર્તન પામ્યા જ કરે એનું નામ જગત. જગત એનું નામ, જીતમા કે હારમાં છોડતું નથી. બીજો જીતી જાય, એ પોતે સહન કરી જ ના શકે એનું નામ જગત. જીતની અંદર પણ હારના બીજ બતાવે અને વાવે એનું નામ જગત.

પ્ર : ૨ જગત શું છે ?

ઉ : ૨ જગત એ કંઈ વસ્તુ નથી એ તો આત્માનો વિકલ્પ છે. જગત એટલે વિકલ્પ. જગત એ રીલેટિવ સત્ય છે. રીલેટિવ સત્ય એટલે વિનાશી સત્ય. જગત મિથ્યા નથી જગત સાપેક્ષ સત્ય છે. રીલેટીવ સત્ય એટલે "All These relative are Temperary adjustment". જગત એ અજંપાનું સંગ્રહસ્થાન છે. આ જગત ભટકામણનું કારખાનું અને દુઃખનું સંગ્રહસ્થાન છે. સંગ્રહસ્થાનમાં જુઓ અને જાણો, ખાવો અને પીવો પણ કશું અહીંથી લઈ જવાનું નથી. મમતા ના કરશો. ભોગવજો બધુંય બહાર જોડે કશું લઈ જશો તો સંગ્રહસ્થાનમાં પાછા આવવું પડશે. જગત એ વીઝન ઓફ ઈગોઈઝમ છે. દ્રવ્ય, કાળ, ભાવથી પ્રતિબદ્ધ જગત છે. જગત પોલમપોલ છે તથા ફસામણ છે. દહીંનું વાસણ હોય છે તે વાંસણનુ મોંઢુ નાનું હોય તે બિલાડીને સુગંધ આવે તે પછી વાસણ હલાવીને દહી

ખાઈ જાય અને પછી થોડુ ચપટી દહીં રહે તો બિલાડી મોઢું જોરથી ખોંસી દે ને પછી મ્હોં ફસાઈ જાય અને પછી અંધારુ તે આમથી તેમ દોડે અને તેમથી આમ, પણ ફસાયા ફસામણમાં પછી શી રીતે છૂટે ? આવું આખું જગત ફસામણ જ છે. આવી પ્રત્યક્ષ ફસામણ જાણ્યાં છતાં પાછો ફસાય છે. એવો મૂરખ કોણ? જગત મુર્ખાઓનું સ્વર્ગ છે. મા થતા નથી આવડતુ, બાપ થતા નથી આવડતુ, દીકરો થતા આવડતુ નથી. Difficulties has no End એવુ જગત છે. આ જગતમાં પુરણ, ગલન, શૌચાલય, ભોજનાલય, અને શુદ્ધાત્મા આ પાંચ વસ્તુઓ છે. આ પાંચ વસ્તુની બહાર કશું જ નથી. ક્ષણે ક્ષણે નિરંતર ફેરફાર થયાં જ કરે એનુ નામ જગત. જગત એ તો સજ્જનો અને દુર્જનોનો મેળો છે ક્યારેક પ્રમાણ ઓછા વતી હોય. દુર્જન છે તો સજ્જનની કિંમત છે બધા જ સજ્જન હોય તો પાલખી કોણ ઊચકે અને બેસનાર કોણ ?

પ્ર : ૩ આ દુનિયા શું છે ?

ઉ : ૩ મોટામા મોટુ મ્યુઝીયમ. તે મ્યુઝીયમમાં ટીકીટ લઈને પેસતી વખતે શી શરત હોય છે કે તમે અંદર જાવ અંદર જુઓ કરો, ફરો, ખાવાની ચીજો ખાવો-પીવો ભલે પણ છેલ્લે દરવાજે બહાર નીકળવાનું થાય તે ઘડીએ કશુ લઈને નહીં નીકળતા. નહી તો ગુનો લાગુ પડશે. એવુ જ આ દુનિયા રૂપ આ સંગ્રહસ્થાનમાં તમે પેઠા છો પણ મનમાં કે વાણીમાંય કશુ ભરીને કે લઈને ના નીકળતા, નહી તો કુદરતના ગુનેગાર બનશો. The world is the puzzle it self. There are two view point to solve this puzzle. One relative view point and one real view point. By real view point you are ''શુદ્ધાત્મા'' and by relative view point you are kamlesh.

આ દુનિયા વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવાથી ચાલે છે. દુનિયા જશ અને અપજશનું સંગ્રહસ્થાન છે. તેમાંથી લોકો અપજશનો માલ ખરીદી લાવે છે.

પ્ર : ૪ આ જગત કેવું છે ?

ઉ : ૪ આ જગતના વ્યવહારથી જગત પોલમપોલ છે અને કુદરતના નિયમથી જગત બિલકુલ કાયદેસર છે, ન્યાય સ્વરૂપ છે. પોતાના બોલ પોતે જ ઉથાપે એવું આ જગત છે. સ્થાપના પણ પોતે કરે અને ઉત્થાપન પણ પોતે જ કરે, તેવું આ જગત છે. જગત અનાદિ અનંત છે. આખું જગત ઘાણી સ્વરૂપ છે પુરૂષો બળદની જગ્યાએ છે અને સ્ત્રીઓ ઘાંચીની જગ્યાએ છે.

જેમ તેલની ઘાણીમાં ઘાંચી બળધીઆને આંખે દાંબડા પહેરાવી દે અને બળધીઓ દાંબડા પહેરીને તાનમાને તાનમાં ચાલે તે જાણે કે કાશીએ પહોચ્યાં હોઈશુ તે દાંબડા ખોલીને જુએ તો ભાઈ ઠેરના ઠેર અને ઘાંચી પછી ખોળનું ઢેફુ બડધીઆને ખવડાવે એટલે બડધીઓ ખુશ. તેવી રીતે આ જગતમાં પુરૂષો આખો દિવસ મોહમાં અને મોહમાં નોકરી કે મહેનત કર્યા કરે અને જ્યારે પાછો આવે ત્યારે બૈરી હાડવાનું ઢેફુ સાંજે આપી દે એટલે ભાઈ નિરાંતે સૂઈ જાય. જગત વાવ સ્વરૂપ છે, તે નીરંતર ખ્યાલમા રાખશો. વાવમાં તમે જેં કંઈ પણ બોલશો તો તે સ્વરૂપે જેમ છે તેમ પડઘા સ્વરૂપે તમને જ પાછું મળવાનું છે.

પ્ર : ૫ આ જગત કોણે બનાવ્યું હશે ?

ઉ : ૫ આ જગત કોઈએ બનાવ્યું જ નથી. The would is the puzzle itself. આ જગત અનાદિ અનંત છે, જેની આદિ એટલે શરૂઆત પણ નથી અને અંત પણ નથી. જગત છ અવિનાશી તત્વોમાંથી ઊભું થયું છે. જગત મૂળભૂત છ અવિનાશી તત્વોનું બનેલું છે, જેવા કે જડ, ચેતન, ગતિ સહાયક, સ્થિતિ સહાયક, આકાશ અને કાળ. આ છ તત્વો એ અવિનાશી તત્વો છે. આ છ તત્વો આમ એકમેકને આમ પરિવર્તનશીલ થયા કરે છે અને તેને લઈને અવસ્થાઓ ઊભી થાય છે. તે અવસ્થાઓથી જગત દેખાય છે. જગતમાં ખાલી અવસ્થાઓ જ દેખાય છે.

પ્ર : ૬ કયા ત્રણ થાંભલા ઉપર જગત ઊભું રહ્યું છે ?

ઉ : ૬ વાંધા, વચકા અને અજ્ઞાન માન્યતા, આ ત્રણ પીલર (થાંભલા) ઉપર જગત ઊભું રહ્યું છે. આ ત્રણ વસ્તુ કાઢી નાંખીએ તો સંસાર કશો અડતો નથી. અજ્ઞાન માન્યતા એટલે શું કે હું જંયતીભાઈ છું, હું સાઈઠ વર્ષનો છું, હું ફલાણો છું, હું આચાર્ય છું, હું શાસ્ત્ર વિશારદ કહેવાઉ એ બધુ અજ્ઞાન માન્યતાઓ છે. વચકા એ કાઠીયાવાડી શબ્દ છે. આ ડખોડખલ શબ્દ બોલીએ ને એવું આ વચકો શબ્દ છે. વાંધાનું પરિણામ વચકો કહેવાય અને ડખાનું પરિણામ ડખલ કહેવાય. વાંધો પડ્યો કે વચકાઇ જાય. ઉદા : આ ભેસને પાડુ મરી ગયુ હોય તો તે પછી એ બીજા બચ્ચા દે નહીં. એ વચકાઈ જાય. કારણ કે ભેંસને બિચારીને વાંધો પડ્યો તે વચકાઈ જાય. કંઈક વાંધો પડ્યો કે એનું પરિણામ આવ્યું પછી વચકાઈ જાય.

પ્ર : ૭ જગતનું બેઝમેન્ટ શું છે ?

ઉ : ૭ વેર.

પ્ર : ૮ આ જગત કોણ ચલાવે છે ?

ઉ : ૮ આ જગત સાયન્ટીફીક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ માત્રથી ચાલે છે. વ્યવસ્થિત નામની શક્તિ ચલાવે છે. જડ અને ચેતનના સંયોગ સંબંધ માત્રથી જગત ચાલે છે.

પ્ર : ૯ આ જગત કેવું છે ?

ઉ : ૯ બધે જ નિરીક્ષણ કરી કરીને મેં જોયું કે આ આખુયે જગત પોલમપોલ છે. આ જગતમાં કોઈ કાયદો જ મેં જોયો નહીં એટલે તમને કહુ છું કે બુદ્ધિ ચલાવશો નહીં. જગત પોલમપોલ છે. ધંગધડા વગરનું છે. કશું જ ચોક્કસ છે જ નહીં. ગામના ઉપકારીઓના ખૂન થયેલાં અને અપકારી ઉપર ફૂલો ચઢે છે. બહારવટીઆય પૂંજાયં એવું આ જગત છે. આ જગતમાં યમેય નહીં અને સંયમેય નહીં અને નિયમ પણ નહીં. સતયુંગમાં સંસાર નિયમમાં રહેતો. આ કળિયુગમાં તો નિયમબિયમ કંઈ રહ્યું જ નથી. અજ્ઞાન પણ નિયમિત આરાધન કરવામાં આવે તોય તે કલ્યાણ થાય. બુદ્ધિથી આ જગતમાં ચોંટી ના રહીશ.

પ્ર : ૧૦ જગતનો નિયમ શું છે ?

ઉ : ૧૦ આ દુનિયાનો નિયમ એવો છે કે ગૂનાના ફળને પુરું જાણતો હોય તો ગૂનો કરે જ નહીં. ગૂનો કરે છે એટલે ગૂનાના ફળને પૂરું જાણતા નથી. આ અમે બધુ નરકનું ફળ જાણીએ છીએ એટલે અમે તો કોઈ દહાડોય નરકનું ફળ આવે એવી વાત તો આ શરીર તૂટી જાય તોય ના કરીએ. એક અવસ્થા અડતાળીસ મિનિટથી વધારે ટકે નહીં એવા નિયમવાળુ આ જગત છે. આ જગતમાં બે જ વસ્તુ છે. શુદ્ધાત્મા અને સંયોગ. બહાર ભેગા થાય તે સંયોગ. શુદ્ધાત્મા સંયોગોથી ઘેરાયો અને પોતાને ભૂલી ગયો એનું નામ સંસાર. સંયોગો બધા વિયોગી સ્વભાવના છે. જગતનો નિયમ છે કે જેવું તમે જોશો એટલું તમને આવડે. જગતનો કાયદો શું છે કે જેનું તમે નિદિધ્યાસન કરશો તેની શક્તિ તમારામાં ઉત્પન્ન થશે.

આખા જગતનો નિયમ એવો છે કે કોઈ મોટા ભેજાવાળાં માણસ સાથે તમે ફરશો તો તમારું તેજ ખેંચાઈ જશે. તમારું તેજ મોટા માણસમાં જતુ

રહેશે. પરંતુ જ્ઞાની સાથે ફરવાથી ફરનારનું તેજ વધે છે. સંસારમાં મોટા માણસ સાથે ફરવા કરતાં એકલા ફરવું વધુ હિતકર છે. જગતનો નિયમ છે કે ડાહ્યાને ડામ અને ગાંડાને ગામ મળે. મારે ભાગે આખી જિંદગી ડામ જ આવેલા. જગતનો નિયમ છે કે કોઈ પણ Action નું Reaction જ્યારે ત્યારે આવ્યા વગર રહેવાનું નથી. માટે નિરંતર ખ્યાલ રાખજો જેવુ Reaction જોઈતું હોય તેવુ Action કરજો. જગતનો નિયમ છે કે આ જગતમાં ધારેલું જ ધોકો દે છે. જગતનો પારિણામિક ભાવ નીચે ખેંચી જવું તે છે. જગતનો નિયમ જ ભાંગફોડનો છે. દરેકના પારા ઉતારી દેવા એવો આ જગતનો કાયદો છે.

પ્ર : ૧૧ આ જગતનું અધિષ્ઠાન કોણ છે ?

ઉ : ૧૧ આ જગતનું મોટામાં મોટું અધિષ્ઠાન એ પ્રતિષ્ઠિત આત્મા છે. હું અને મારું એ વિકારી સબંધ પ્રતિષ્ઠિત આત્માનો છે. પ્રતિષ્ઠિત આત્મા પર પ્રકાશક છે. ભાવના ભાવિ શકે છે.

પ્ર : ૧૨ આ જગતની અધિકરણ ક્રિયા કઈ ?

ઉ : ૧૨ હું ચંદુલાલ છું એ આરોપિત દર્શનથી, જ્ઞાનથી કે ચારિત્ર્યથી જે કંઈ પણ કરવામાં આવે તેનાથી જગતની અધિકરણ ક્રિયા થઈ રહી છે. એ પ્રતિષ્ઠાથી નવા પ્રતિષ્ઠિત આત્માનું બંધારણ થાય છે જે આ જગતનું અધિષ્ઠાન છે.

પ્ર : ૧૩ જગતનો સિદ્ધાંત શું છે ?

ઉ : ૧૩ આ જગતમાં કોઈ જીવ કોઈ જીવમાત્રને ડખલ કરી શકે તેમ છે નહીં. બિલકુલ સ્વતંત્ર છે. ભગવાન પણ ડખલ ના કરી શકે એટલી બધી સ્વતંત્રતા છે.

પ્ર : ૧૪ જગત સચરાચર છે એ સમજાવો ?

ઉ : ૧૪ જગત જેને ચેતન કહે છે, જે ખાય છે, પીએ છે, શ્વાસ લે છે, હલન-ચલન કરે છે એ ડિસ્ચાર્જ થતી ચીજ છે. એ બધુય નિશ્ચેતન-ચેતન છે એને મિકેનિકલ ચેતન કહેવામાં આવે છે. આ નિશ્ચેતન-ચેતન એ મૂળ ચેતન (આત્મા)ની હાજરીને લઈને જ આ બધું મશીન ચાલી રહ્યું છે. આ મિકેનિકલ ચેતન સચર (ચંચળ) છે. જ્યારે દર અસલ ચેતન અચર (અચળ) છે. એટલે જગત સચરાચર છે. ખરું ચેતન આખા શરીરમાં છે અને મિકેનિકલ ચેતન એ તો ઉપરનું પડ છે.

પ્ર : ૧૫ આ જગતમાં જાણવા જેવું કેટલું છે ?

ઉ : ૧૫ મહાવીર ભગવાનના સિદ્ધાંત જાણવા જેવાં છે. મહાવીર ભગવાનનો સિદ્ધાંત એ કે કેવી રીતે આ સંસારચક્રથી છુટાય એટલું જ જાણવા જેવું છે.

પ્ર : ૧૬ વીતરાગ ભગવંતો એ આ જગતને કઈ દૃષ્ટિથી જોયું છે ?

ઉ : ૧૬ વીતરાગોએ જગત જોયું એ તો ક્ષાયિક દર્શન છે. એટલે ક્ષાયિક સમકિતથી જોયું. વીતરાગોની દૃષ્ટિ બહુ સુંદર હોય, કેવળદર્શન હોય તેમને ઉપશમ સમક્તિ કે ક્ષયોપક્ષમ સમકિતથી નહીં પરંતુ ક્ષાયિક સમકિતથી આ જગતને જોયું છે.

પ્ર : ૧૭ જગત નિર્દોષ છે એ શાથી કહેવાય ?

ઉ : ૧૭ આ તો સ્વપ્નમાં તમને એવું લાગે છે દોષિત દેખાય છે, પણ ખરેખર એવું નથી. આ ઘટના એ બધું સ્વપ્નુ જ છે. આખું જગત એ ઉઘાડી આંખનું સ્વપ્નું જ છે, માટે જગત નિર્દોષ છે. વળી સૌ જીવો પોત-પોતાના કર્મોને આધીન પ્રકૃતિ નચાવે તેમ નાચી રહ્યા છે કોઈ સ્વતંત્ર નથી એથી પણ નિર્દોષ છે.

પ્ર : ૧૮ જગતને નિર્દોષ જોવા કયો કીમિયો છે ?

ઉ : ૧૮ જગતને નિર્દોષ જોવા આપણે ત્રણ બટન દાંબવા.

(૧) **વ્યવસ્થિતનું બટન** - ગજવામાંથી કંઈ પડી ગયું તો વ્યવસ્થિતનું બટન દબાવવું.

(૨) **કોઈ કર્તા નથી નિમિત્ત છે.** - કોઈ ગાળ ભાંડે તો આપણું ઉદયકર્મ છે અને સામેવાળો એ તો નિમિત્ત છે એ બટન દબાવવું.

(૩) **તત્વદૃષ્ટિ (શુદ્ધાત્મા)** - કોઈ લૂલો-લંગડો કે કદરૂપો જતો હોય તો તે વખતે હાસ્ય ન ઉપજવું જોઈએ પણ તત્વદૃષ્ટિથી તેનામાં શુદ્ધાત્મા જોવો જોઈએ.

પ્ર : ૧૯ જગતમાં મનુષ્યોના કેટલા થર છે ?

ઉ : ૧૯ જગતમાં મનુષ્યોના ચૌદ લાખ થર છે. તેમાંથી ઉપરના પચાસ હજાર થર વાળા જ આત્મા-પરમાત્માની વાત સાંભળવાને લાયક છે. બધા મનુષ્યો ડેવલપમેન્ટના આધારે છે. આ જગતમાં છ સ્ટાન્ડર્ડ છે અને તેમને તેમના સ્ટાન્ડર્ડના ભગવાન પણ હોય.

પ્ર : ૨૦ જગતમાં કેટલા પ્રકારના મનુષ્યો છે ?

ઉ : ૨૦ જગતમાં ત્રણ પ્રકારના મનુષ્યો છે.

(૧) આખુય જગત થિયરીમાં છે.

(૨) હું જેને જ્ઞાન આપું છું તે મહાત્માઓ થિયરી ઓફ રિયાલિટીમાં છે.

(૩) જ્ઞાની પુરૂષ જે થિયરી ઓફ એબસોલ્યુટીઝમમાં છે અને વર્લ્ડમાં એક જ હોય.

પ્ર : ૨૧ આ જગતમાં કયા ત્રણ પ્રકારના માણસો છે ?

ઉ : ૨૧ (૧) ઘાસ ખાનારા - પાંચ વિષયના કષાયોમાં પડી રહે તે ઘાસ ખાનારા આખો દિવસ વાગોળ્યા કરે.

(૨) સંસારી એબસ્ટ્રેકટ પીવે, ઘાસ ના ખાય.

(૩) આ જગતનો એબસ્ટ્રેકટ પીનારા અને પોતાનોય એબસ્ટ્રેકટ પીનારા.

પ્ર : ૨૨ આ જગતમાં કયા ત્રણ પ્રકારના માણસોની દુકાન ચાલે ?

ઉ : ૨૨ આ જગતમાં નીચે જણાવેલ ત્રણ પ્રકારના માણસોની દુકાન ચાલે :-

(૧) જે તડબૂચ જેવો થઈને ફરતો હોય તેની દુકાન ચાલે.

(૨) કોઈનેય પણ ખરાબ ન કહે તેની દુકાન ચાલે.

(૩) કંઈક ચમત્કાર જાદું કે કંઈક એકાદ સિદ્ધિ હોય તેની દુકાન ચાલે.

પ્ર : ૨૩ આ જગતમાં કયા ચાર પ્રકારના પેસેન્જરો છે ?

ઉ : ૨૩ જગતમાં ચાર જાતના ડબા છે અને ચાર જાતના પેસેન્જરો છે દુનિયા ચાર પ્રકારની છે :-

(૧) **ડીલક્ષ એર કન્ડિશન ડીપાર્ટમેન્ટ પેસેન્જર :** જે લોકો શુદ્ધ ને જ જુએ. પોતે ભગવાન થયા તેવા આપણા મહાત્માઓ જે શુદ્ધ જુવે છે તે દેવ ગતિમાં જવાના (શુદ્ધ ઉપયોગ)

(૨) **ફર્સ્ટ કલાસ પેસેન્જર :** જે લોકો ઉઠે ત્યારથી લોકોનું કામ કરે. પારકા માટે સારી ભાવના રાખે. દિલ સાચું રાખે. લોકોનું ભલુ કરે. ઓબ્લાઈઝીંગ નેચર રાખે. ભગવાનના નામે જપ-તપ કરે તે મનુષ્ય ગતિમાં પાછા આવવાના (શુભ ઉપયોગ).

(૩) **સેકન્ડ કલાસ પેસેન્જર :** જે લોકો ખોટું કરે છે અને પસ્તાવો કરે છે. સામાનું બાળી મેલીને પસ્તાય સામાનુ નુકસાન કર્યાનો પોતાને પસ્તાવો થાય તે તિર્યંચ (જાનવર) ગતિમાં જવાના (અશુભ ઉપયોગ).

(૪) **થર્ડ કલાસ પેસેન્જર :** જે લોકો સામાનું ખોટું કરીને ગર્વ લે. ગર્વ અનુભવે. કોઈકનું ઘર બાળી મેલીને ખુશ થાય આનંદ અનુભવે,

ખોટુ કરીને હસે, સામાનુ નુકસાન કરીને પાછો મૂંછ ઉપર તાવ દે. મૂંછ પર લીંબુ રાખે તે નરકગતિમાં જવાના (અશુદ્ધ ઉપયોગ).

પ્ર : ૨૪ આ જગતમા મોટામાં મોટી સિદ્ધિ કઈ ?

ઉ : ૨૪ ભારત દેશમાં સંસ્કારી કુટુંબમાં મનુષ્ય જન્મ થવો તે મોટામાં મોટી સિદ્ધિ છે.

પ્ર : ૨૫ જગત મિથ્યા છે એવું કહ્યું તે કોના માટે ?

ઉ : ૨૫ એ જે મિથ્યા કહ્યું છે તે સાધુ આચાર્યોને માટે કહ્યું છે. ત્યાગીઓને માટે કહ્યું છે એટલે એ શાસ્ત્રકારોએ આ વાત સંસારીઓ માટે નથી કહી એ તો સાધકોને માટે આ વાત કહી છે, તેને આ સંસારીઓ લઈ પડ્યા છે, લોકો અવળું સમજ્યા. લોકો તો ચોપડવાની દવા પી જાય એવા છે. આ જેમણે દવા મૂકી હશે, આ શબ્દ એ અપેક્ષાથી કહેલું છે. ત્યાગી લોકોને ત્યાગ કરવા માટે અપેક્ષાથી કહેલું છે. જગતને મિથ્યા કહે ત્યારે સાધકોને આમાંથી રસ ઊડી જાય અને પેલી બાજુ એમનું ચિત્ત રહ્યા કરે એટલા માટે મિથ્યા કહ્યું છે એ તો એક હેલ્પીંગ પ્રોબ્લેમ છે. એ કંઈ ખરેખર એકઝેક્ટનેસ નથી.

પ્ર : ૨૬ જગત સત્ય પણ છે અને અસત્ય પણ છે કઈ રીતે ?

ઉ : ૨૬ આ ઈન્દ્રિય જ્ઞાનથી જગત સત્ય છે અને અતિન્દ્રિય જ્ઞાનથી જગત અસત્ય છે. જગત મિથ્યા બિલકુલ છે જ નહીં. રિલેટીવ સત્ય છે. રિયલ સત્ય નથી. વર્લ્ડ ઈઝ ઇફેક્ટ બાય રિલેટિવ વ્યુ પોઈન્ટ નોટ બાય રિયલ વ્યુ પોઈન્ટ.

પ્ર : ૨૭ આ જગતનું સારભૂત શું છે ?

ઉ : ૨૭ મુક્તિ એ જ એક આ જગતનું સારભૂત છે. સંસાર અડે નહીં એનુ નામ મુક્તિ. સંસારની ઉપાધિ અડે નહીં એનુ નામ મુક્તિ. દેહ હોય છતાં પરવશતા ના લાગે તેનું નામ મુક્તિ.

પ્ર : ૨૮ જગત કઈ ત્રણ પ્રકારની વાતોથી ચાલે છે ?

ઉ : ૨૮ ત્રણ જાતની વાતો (૧) જ્ઞાન પૂર્વકની વાતો (૨) બુધ્ધિપૂર્વકની વાતો (૩) અબુદ્ધિપૂર્વકની વાતો.

આ ત્રણ પ્રકારની વાતોથી જગત ચાલી રહ્યું છે. અબુદ્ધિપૂર્વકની વાતો બુદ્ધિપૂર્વકનાને ખોટી લાગે. બુદ્ધિપૂર્વકવાળાની વાતો અબુદ્ધિપૂર્વકનાને ખોટી લાગે અને જ્યાં જ્ઞાનપૂર્વકની વાત છે ત્યાં કશું જ ખરું કે ખોટું નથી.

પ્ર : ૨૯ જગતનો આધાર સ્તંભ શું છે ? તેનાથી છૂટવા શું કરવું ?

ઉ : ૨૯ જગતનો આધાર સ્તંભ "વેર" છે. જો વેર નિર્મૂળ થાય તો સંસાર સહજ રીતે નિર્મૂળ થઈ જાય છે. વેરથી છૂટવાનો એક જ માર્ગ છે અને તે છે સમભાવે ફાઈલોનો નિકાલ કરો. એ શસ્ત્રનું શરણું આ કાળમાં ગજબનું છે. જગતથી છૂટવાનો બીજો રસ્તો એ છે કે પોતાની ભૂલ ના હોય તોય કબુલ કરીને આગળ ચાલવું. સ્વબચાવ કરવો નહીં.

પ્ર : ૩૦ આ જગતમાં કઈ એવી વસ્તુ છે કે જે આપવાથી વધે ?

ઉ : ૩૦ આ દુનિયામાં બધીજ વસ્તુ એવી છે કે જે આપવાથી ઘટે જ. જ્ઞાન જ એક એવું છે કે જે આપવાથી વધે. આપવાથી આપનારની પાસે વધે અને પેલા લેનારની પાસેંય વધે. બાકી બીજી બધી વસ્તુઓ છે તે આપવાથી ઘટે અને જ્ઞાન એવી વસ્તુ છે કે જે આપનારનુય વધે અને લેનારનુય વધે.

પ્ર : ૩૧ જગત આખું ઉઘાડી આંખે ઊંઘે છે એનો અર્થ શો ?

ઉ : ૩૧ ઊંઘવુ એટલે હું આ કરું છું "હુ કર્તા છું" એવુ ભાન રહે છે તે. આ વર્લ્ડમાં કોઈ માણસ એવો જન્મ્યો નથી કે જેને સંડાસ જવાની સ્વતંત્ર શક્તિ હોય અને પોતાની જે શક્તિ છે તેને પોતે જાણતો નથી એટલા માટે કહ્યું છે કે જગત આખું ઉઘાડી આંખે ઊંઘે છે.

પ્ર : ૩૨ જગતના લોકોને હિતાહિતનુ ભાન નથી કારણ આપો ?

ઉ : ૩૨ લોકો ક્રોધ, માન, માયા, લોભ એ અહિતકર ચાર હથિયારોને નિરંતર પોતાની સાથે લઈને ફરે છે તેથી ભગવાન કહે છે કે જગતના મનુષ્યોને હિતાહિતનું ભાન નથી.

પ્ર : ૩૩ આ જગતમાં મહેનત કોને અને જાહોજલાલી કોને ?

ઉ : ૩૩ આ જગતમાં કર્તા પુરૂષ માટે મહેનત છે અને અકર્તા પુરૂષો માટે જાહોજલાલી છે.

પ્ર : ૩૪ જગત વ્યવસ્થિત છે એવું ક્યારે કહેવાય ?

ઉ : ૩૪ જગત વ્યવસ્થિત છે એવું ક્યારે કહેવાય કે, અહંકાર બંધ થાય ત્યારે. જ્યાં સુધી અહંકાર બંધ ન થાય ત્યાં સુધી વ્યવસ્થિત કહેવાય નહીં. આપણા આ જ્ઞાન આપેલા લોકો જ વ્યવસ્થિત કહી શકે બાકી બીજાનાથી ના કહેવાય કારણ કે એને અંહકાર છે ત્યાં સુધી ડખલ કર્યા વગર રહે

જ નહી. આપણે વ્યવસ્થિત કહીએ છીએ એ ક્રમબદ્ધ પર્યાય છે. અહંકાર ખલાસ થાય ત્યાર પછીનું બધુ ક્રમબદ્ધ પર્યાય કહેવાય.

પ્ર : ૩૫ જગત શેનાથી ચાલ્યા કરે છે ?

ઉ : ૩૫ સંકલ્પ શક્તિથી જગત ચાલ્યા કરે છે.

પ્ર : ૩૬ જગતનું સ્વરૂપ કેવું છે ?

ઉ : ૩૬ આંધળો દોરડુ વણ્યે જાય અને પાછળ વાછરડુ તે દોરડું ચાવ્યા કરે, તેવું સ્વરૂપ છે. આ દુનિયામાં બે રૂપ છે. દુનિયા બે સ્વરૂપે છે (૧) ભાંગફોડ (૨) ઘડભાંજ ભાંગફોડ કરનારા નવ્વાણું હોય અને ઘડભાંજ કરનારો એક હોય. ઘડીને ભાંગવુ અને ભાંગીને ઘડવું એ જ સંસારનો સ્વભાવ છે. આખુંય જગત ઘડભાંજ અને ભાંગફોડમાં જ પડ્યું છે પછી તે બાવો હોય કે બાવલી હોય, આચાર્ય હોય કે સાધુ હોય તે બધાં જ ભાંગફોડ અને ઘડભાંજમાં પડ્યાં છે.

પ્ર : ૩૭ આ જગત કયા ચાર ભાવોમાં રમે છે ?

ઉ : ૩૭ (૧) હિંસક ભાવો (૨) પીડાકારક ભાવો.
(૩) તિરસ્કાર ભાવો (૪) અભાવ ભાવો.

પ્ર : ૩૮ આ જગતમાં કઈ બે ચીજ સમજવાની છે ?

ઉ : ૩૮ આ જગતમાં બે જ ચીજ સમજવાની છે.
(૧) પોતાનું નિજ સ્વરૂપ (૨) આ દેહ-તે પહેલાની ગનેગારી ટાળવા માટે છે અને તે ભોગવવાની રહી.

પ્ર : ૩૯ આ જગતમાં ત્યજવા જેવી કંઈ ચીજ છે ?

ઉ : ૩૯ વિનાશી ચીજો બધી ત્યજવા જેવી છે આ છેલ્લો જવાબ છે આની ઉપર કોઈ ચેકો મારી શકે નહીં.

પ્ર : ૪૦ જગતમાં વધુમાં વધુ શ્રીમંત કોણ ?

ઉ : ૪૦ જે કોઈની હરિફાઈમાં ના પડે અને ધંધો કર્યા કરે તે વધારેમાં વધારે શ્રીમંત.

પ્ર : ૪૧ આ જગતમાં વધુમાં વધુ દરિદ્ર કોણ ?

ઉ : ૪૧ જે સુખ હોવા છતાં સુખની પાછળ દોડ દોડ કરે છે અને હરિફાઈમાં પડે છે તે વધુમાં વધુ દરિદ્ર છે. જે રેસકોર્સમા પડ્યા હોય તે વધુમાં વધુ દરિદ્ર.

પ્ર : ૪૨ આ જગતમાં નવરો કોણ ?

ઉ : ૪૨ જેને આખા જગતનું સરવૈયુ સમજાઈ ગયું તે નવરો જ હોય. જ્યાં સુધી સરવૈયુ ના નીકળે ત્યાં સુધી the world is the puzzle it self.

પ્ર : ૪૩ આ જગતમાં મોટામાં મોટી મુર્ખાઈ કઈ ?

ઉ : ૪૩ આ જગતમાં મોટામાં મોટી મુર્ખાઈ હોય તો આ રાહ જોવી તે છે. કોઈ પણ માણસની કે કોઈ પણ વસ્તુની રાહ જોવી એના જેવી ફુલીશનેશ બીજી કોઈ આ દુનિયામા નથી. (બાવીસ વર્ષની ઉંમરથી અમે આ દુનિયામાં રાહ જોવાનું બંધ કરી દીધુ હતુ-પૂજ્ય દાદાશ્રી)

પ્ર : ૪૪ આ જગતમાં વઢવાડ ક્યાં હોય ?

ઉ : ૪૪ જ્યાં આસક્તિ હોય ત્યાં વઢવાડ હોય.

પ્ર : ૪૫ આ જગતમાં કઈ બે વસ્તુ વેડફાવી ના જાઈએ ?

ઉ : ૪૫ એક લક્ષ્મી અને બીજુ વીર્ય.

પ્ર : ૪૬ આ જગતમાં કોનું નામ કોઈ દેનાર નથી ?

ઉ : ૪૬ જેને પોતાના દોષ જોવા છે, સામાના દોષ જોવા નથી તેનું આ જગતમાં કોઈ નામ લેનાર નથી.

પ્ર : ૪૭ આ જગત કોને ગાંઠે ?

ઉ : ૪૭ આ દુનિયામાં લોકો કોઈનેય ગાંઠે એવા નથી. વીતરાગને જ ગાંઠે. જેને કિંચિતમાત્ર રાગ-દ્વેષ નથી એને જ જગત ગાંઠે.

પ્ર : ૪૮ દુનિયામાં સારામાં સારી સેવા કઈ ?

ઉ : ૪૮ કોઈ જાણે નહીં અને મૂંગે મોઢે સેવા કરે તે સારામા સારી સેવા કહેવાય.

પ્ર : ૪૯ જગત ક્યારે બંધ થઈ જશે ?

ઉ : ૪૯ શબ્દોથી તો જગત ઊભું થયું છે. જ્યારે શબ્દ બંધ થઈ જશે ત્યારે જગત બંધ થઈ જશે.

પ્ર : ૫૦ જગતમાં કિંમત કોની કહેવાય ?

ઉ : ૫૦ કિંમત તો જેને રાગ-દ્વેષ ના થાય એની કહેવાય અર્થાત્ વીતરાગની કિંમત કહેવાય.

પ્ર : ૫૧ જગત જેમ છે તેમ ક્યારે દેખાય ?

ઉ : ૫૧ સંપૂર્ણ ભીખ ગયા પછી જ આ જગત જેમ છે તેમ દેખાય.

પ્ર : ૫૨ જગતમાં ડાહ્યો કોણ ? ગાંડો કોણ ? અને મજૂર કોણ ?

ઉ : ૫૨ જગતમાં જે ભોગવે છે એ ડાહ્યો કહેવાય. બહાર નાખી દે છે એને ગાંડા કહેવાય અને લક્ષ્મી માટે મહેનત કર્યા કરે છે એને મજૂર કહેવાય.

પ્ર : ૫૩ જગત ક્રોધી કરતા ક્રોધ ન કરનારથી કેમ ભડકે છે ?

ઉ : ૫૩ જગત ક્રોધી કરતા ક્રોધ ન કરનારથી ભડકે છે કારણ કે ક્રોધ બંધ થઈ

જાય એટલે પ્રતાપ ઉત્પન્ન થાય એવો કુદરતનો નિયમ છે. પ્રતાપની ગરમી ખુબ લાગે માટે જગત ક્રોધી કરતા ક્રોધ ન કરનારથી ભડકે છે.

પ્ર : ૫૪ જગત આફરીન થતુ ક્યારે થાય ?

ઉ : ૫૪ અટકણ ગયા પછી જગત આપણી ઉપર આફરીન થતું જાય. આ અટકણને લઈને લોકોને એટ્રેકશન (આકર્ષણ) થતું નથી. એટ્રેકશન થવું જોઈએ. પછી એનો શબ્દ એ બ્રહ્મવાક્ય કહેવાય. અટકણ એટલે મૂર્છીત થઈ જવું. સ્વભાવ ખોઇ નાંખવો. અટકણ આવે એટલે પાંચ-દશ મિનિટ જ્ઞાનદર્શન બધું બંધ થઈ જાય. અટકણ માટે જબરજસ્ત પરાક્રમની જરૂર છે. સામાયિક કરી ઓગાળી શકાય. અટકણને, માયા શલ્ય કહેવાય. ગલગલિયાં થાય ત્યાં અટકણ છે માટે ત્યાં ચેતતા રહેવા જેવું છે. અટકણ ગઈ તો જગત આફરીન થયા વગર રહેવાનું નથી.

પ્ર : ૫૫ જગત કોને પૂંજે છે ?

ઉ : ૫૫ જેને પોતાની બધી ભૂલો દેખાય છે તેને જગત પૂંજે છે. તમારી બધી ભૂલો-દોષો જતા રહેશે ત્યારે તમારી ઈચ્છા નહી હોય તોય લોકો તમને પૂજશે.

પ્ર : ૫૬ જગત કલ્યાણ કોણ કરી શકે ?

ઉ : ૫૬ જે આખા જગતમાં કોઈ ચીજના ભીખારી નથી તે જ જગત કલ્યાણ કરી શકે.

પ્ર : ૫૭ જગત જીતવુ હોય તો શું કરવું ?

ઉ : ૫૭ અણસમજુને વધારે માન આપવું પડે.

પ્ર : ૫૮ જગતમાં કયાં બે પ્રકારનાં દુઃખ છે ?

ઉ : ૫૮ જગતમાં બે પ્રકારનાં દુઃખ છે :-

(૧) જીવન જીવવાની કળા ન આવડવાથી દુઃખ છે.

(૨) પોતાના સ્વરૂપના અજ્ઞાનથી દુઃખ છે.

પ્ર : ૫૯ આખું જગત ક્યારે સ્વાહા થઈ જાય ?

ઉ : ૫૯ દરેક અવસ્થાઓ આવે ત્યારે ભાન રહે કે આ અવસ્થા માત્ર કુદરતી રચના છે જેનો કોઈ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત જ છે, તો તમામ અવસ્થાઓની આહુતિ અપાઈ જાય અને સ્વાહા થઈ જાય. એટલે કે જગત આખુંએ સ્વાહા થઈ જાય.

પ્ર : ૬૦ જગતની વિસ્મૃતિનું સાધન શું ?

ઉ : ૬૦ જ્ઞાની પુરૂષની વાણી અને જ્ઞાની પુરૂષનું સાનિધ્ય એ જ જગત વિસ્મૃતિનું સાધન છે.

પ્ર : ૬૧ જગતમાં કોણ જીતી ગયો ?

ઉ : ૬૧ કોઈ પણ અવસ્થામાં ડીપ્રેસ ના થાય તે જગત જીતી ગયો.

પ્ર : ૬૨ જગત જીતવા માટે શેની જરૂર છે ?

ઉ : ૬૨ જગત જીતવા માટે ચારિત્રની જરૂર છે. ચારિત્રથી આંખુય જગત જીતી જવાય. આખું જગત જીતવા માટે એક જ ચાવી છે તે ''બ્રહ્મચર્ય અને શીલવાન પણું.'' ''વિષય'' વિષય રૂપ ના થાય તે શીલવાન કહેવાય.

પ્ર : ૬૩ આ જગત શેનાથી બંધાયેલું છે ?

ઉ : ૬૩ આ જગત અગ્રશોચથી બંધાયેલુ છે.

પ્ર : ૬૪ જગતનું પાવર ચેતન શું છે ?

ઉ : ૬૪ જગતનું પાવર ચેતન એ વ્યતિરેક ગુણ છે. વ્યતિરેક ગુણ એ જગતનું પાવર ચેતન છે.

પ્ર : ૬૫ આ જગતમાં ગુપ્તમાં ગુપ્ત વસ્તુ કઈ અને ઓપનમાં ઓપન વસ્તુ કઈ?

ઉ : ૬૫ આ જગતમાં ગુપ્તમાં ગુપ્ત વસ્તુ હોય તો તે ''ધર્મ'' છે અને ઓપનમાં ઓપન હોય તો તે ''અધર્મ'' છે.

પ્ર : ૬૬ જગત દોષિત કેમ દેખાય છે ?

ઉ : ૬૬ જગતમાં કોઈ દોષિત છે જ નહીં પરંતુ અણસમજણને લીધે દોષિત દેખાય છે અને તેથી જ કષાય ઊભા રહ્યા છે.

પ્ર : ૬૭ જગતમાં પરિચય કરવા જેવો પદાર્થ કયો ?

ઉ : ૬૭ જગતમાં પરિચય કરવા જેવો પદાર્થ હોય તો તે એક માત્ર ''આત્મા'' જ છે.

પ્ર : ૬૮ આ જગતમાં કઈ પાંચ વસ્તુઓ દેખાય છે ?

ઉ : ૬૮ આ જગતમાં ભોજનાલય, શૌચાલય, પૂરણ, ગલન અને શુદ્ધાત્મા આ પાંચ વસ્તુ દેખાય છે.

(૧) બધી ભોગવવાની ચીજો ભોજનાલયમાં જાય. બીડીની દુકાન એ ભોજનાલય, કાપડની દુકાન એ ભોજનાલય.

(૨) બીડીનું ઠુઠું નાંખવાની એશટ્રે એ શૌચાલય. વાળ કપાવવાની દુકાન એ શૌચાલય.

(૩) શ્વાસ લેવો તે પૂરણ, પાણી પીવું એ પૂરણ, ખોરાક ખાવો તે પૂરણ

(૪) ઉચ્છવાસ નીકળે તે ગલન, પેસાબ કરવા જવું એ ગલન, સંડાસ જવું એ ગલન.

(૫) શુદ્ધાત્મા - દર અસલ આત્મા છે તે.

પ્ર : ૬૯ જગતમાં જીતવા જેવું શું છે ?

ઉ : ૬૯ વેદ. પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નઃપુસક વેદ, આ ત્રણ વેદ જીતવા જેવાં છે.

પ્ર : ૭૦ જગતમાં શું ખ્યાલ રાખવા જેવો છે ?

ઉ : ૭૦ કાળ વિકરાળ છે અને કર્મો બિહામણાં છે. બહુ માથાકૂટમાં પડવા જેવું નથી. જગતમાં રસ્તો મળવો મુશ્કેલ છે. જગત આખું જ ગટર છે તો તમે કોઈની ગટરનું ઢાંકણું ઉઘાડશો નહીં. નહીં તો માથુ ફાટી જશે. બીજી માથાકૂટ કરવા જેવી નથી એ તો જગત એમ જ ચાલે.

પ્ર : ૭૧ ચીનના રહસ્યવાદી મરમી લાઓત્સેનું બોધ જ્ઞાન શું છે ?

ઉ : ૭૧ જગતમાં પહેલા થવાની હિમંત ન કરવી. પહેલો થવા ગયો તે મર્યો સમજો કેમકે તમે જોશો તો કોઈ સદા સનાતન કાળ માટે પહેલું રહી શક્યું નથી.

પ્ર : ૭૨ પૂજ્ય શ્રી દાદા ભગવાન જગત વિશે શું કહે છે ?

ઉ : ૭૨ જગત એક રેસકોર્સ-ઘોડાદોડનુ મેદાન છે જેમાં બધા જ ઘોડા હાંફી-હાફીને મરી જાય છે. પણ કોઈનોય પહેલો નંબર લાગતો નથી અને આ દુનિયામાં કોઈનો પહેલો નંબર લાગ્યો નથી અને ઈનામ તો એક ને જ મળવાનું છે માટે આ દોડમાં પડવા જેવું નથી.

પ્ર : ૭૩ જગતમાં ક્યારે બધી બાબતનો ઉકેલ આવી જાય ?

ઉ : ૭૩ ખેંચ અને ચોંટ ના હોય તો જગતમાં બધી બાબતનો ઉકેલ આવી જાય.

પ્ર : ૭૪ આ જગત કોના માટે છે ?

ઉ : ૭૪ આ જગત ભોક્તા પુરૂષો માટે છે. કર્તા પુરૂષો માટે નથી. કોઈક કરે છે અને બીજો જ ભોગવે છે, તેવું આ જગત છે.

પ્ર : ૭૫ કોને આ જગતમાં કશું નડતું નથી ?

ઉ : ૭૫ માન-અપમાન સહન કરવાની જેનામાં શક્તિ છે. તેને જગતમાં કશું જ નડતું નથી.

પ્ર : ૭૬ આ જગતમાં શું કરવા જેવું છે ?

ઉ : ૭૬ આ જગતમાં કઈપણ કરવા જેવું નથી. એક જ કરવા જેવું હોય તો તે વિધિ એકલી જ અને સમતાથી સમભાવે ફાઈલોનો નિકાલ કરો આ બે જ ચીજ કરવા જેવી છે.

પ્ર : ૭૭ જગતના લોકોને શું કહેવાનું છે ?

ઉ : ૭૭ જગતના મનુષ્યોને અહંકાર ફેરવવાનો નિશ્ચય કરાવવાનો છે. હિંસા, ચોરી, અસત્ય અને અબ્રહ્મચર્યમાં આખું જગત આવી જાય છે. આ ચાર ન

હોવાનો અહંકારનો નિશ્ચય લોકોને કરાવવો ઘટે છે. શુદ્ધ જ્ઞાન જોઈએ છે તેવો અંહકાર કરવાનો નિશ્ચય કરીને ચાલ્યો જજે તો શુદ્ધ જ્ઞાન થશે.

પ્ર : ૭૮ કોણ જગતને જીતી શકે ?

ઉ : ૭૮ વિષયની યાચના કરતાં જ માત્ર જેને મરી જવાનું લાગે તે આ જગતને જીતી શકે.

પ્ર : ૭૯ આ જગતમાં ઊંચામાં ઊંચું હથીયાર કયું ?

ઉ : ૭૯ મુક્ત હાસ્ય જેવુ આ જગતમાં એક પણ હથિયાર નથી.

પ્ર : ૮૦ જગતના કેટલા લોઝ જાણવા જોઈએ ?

ઉ : ૮૦ (૧) નેચરલ લોઝ
(૨) સામજિક લોઝ
(૩) ગર્વન્મેન્ટ લોઝ
(૪) ઈશ્વરી લોઝ

પ્ર : ૮૧ દુનિયાની ઉત્પત્તિ ક્યાંથી થઈ ?

ઉ : ૮૧ ઉત્પત્તિ અને વિલય એ બદ્ધિનો ડખો છે. ઉત્પત્તિ અને વિલય દેખાય છે જે સ્વરૂપની ભ્રાંતિથી ઉત્પન્ન થાય છે અને સ્વરૂપની ભ્રાંતિથી વિલય થાય છે. તેથી ભગવાને કહ્યું કે જગત અનાદિ અનંત છે.

પ્ર : ૮૨ આખું જગત શેનાથી બંધાયું છે ?

ઉ : ૮૨ એક તો અજ્ઞાનથી અને બીજુ મન, વચન, કાયાથી આ આખુ જગત બંધાયું છે.

પ્ર : ૮૩ કોને દુનિયાની બિક ના હોય ?

ઉ : ૮૩ જેને અપમાન પચે તેને દુનિયાની બિક શું. જગતના લોકોને અપમાન પચતું જાય તેમ તેમ નફફટ થતા જાય અને પછી નંગોડ થઈ જાય અને જ્ઞાનીને જેમ જેમ અપમાન પચતાં જાય તેમ તેમ તે નિર્મળ થતો જાય.

પ્ર : ૮૪ આ જગતમાં કિંમતીમાં કિંમતી કઈ વસ્તુ છે ?

ઉ : ૮૪ મનુષ્યમાં ચારિત્ર બળ જેવી કિંમતી વસ્તુ એકુંય નથી. પણ એની કિંમત જ સમઝતો નથી ને ! મનુષ્યના ચારિત્ર બળથી તો વાઘણ પણ ભડકે.

પ્ર : ૮૫ જગત કલ્યાણ એટલે શું ?

ઉ : ૮૫ જગત કલ્યાણ એટલે જગતને સાચો ધર્મનો ઉપદેશ આપવો અને સાચા રસ્તે વાળવું એનું નામ જગત કલ્યાણ.

પ્ર : ૮૬ જગત શાનાથી બંધાયેલું છે ?

ઉ : ૮૬ લક્ષ્મી અને વિષયથી બંધાયેલું છે.

પ્ર : ૮૭ આ દુનિયાનું ભવિષ્ય શું છે ?

ઉ : ૮૭ ઈ. સ. ૨૦૦૦ સુધીમાં ભ્રષ્ટાચાર અને બધુ ચોખ્ખુ થઈ જશે. અત્યારે ભીડ પડે છે ને તે ભીડ નહીં પડે. ગાડીઓમાં, કશામાં ફલેટો-બ્લેટોમાં કશામાં ભીડ નહીં પડે. હિન્દુસ્તાન ઈ. સ. ૨૦૦૫ માં ઑલરાઈટ થઈ ગયું હશે. ઈ. સ. ૨૦૦૫ માં હિન્દુસ્તાન આખા વર્લ્ડનું કેન્દ્ર થઈ ગયું હશે. ઈ. સ. ૨૦૦૫માં ઊંચામાં ઊંચો કાળ આવી ગયો હશે. તે દહાડે હિંસા જેવી વસ્તુ જ નહીં હોય. બધા લોકો સંસ્કારની બાબતમાં અહીં ભારતમાં પૂછવા માટે આવશે.

પ્ર : ૮૮ જૈન કોને કહેવાય ?

ઉ : ૮૮ ભગવાન જિનેશ્વરનુ જેણે સાંભળ્યુ અર્થાત જિનેશ્વરની વાણી સાંભળી તે જૈન કહેવાય. જ્ઞાનીનું એક કલાક સાંભળે તે જૈન. જિનની (આત્મજ્ઞાનીની) પ્રત્યક્ષ વાણી એક કલાક સાંભળે તે જૈન કહેવાય. જૈન તો તેનું નામ કે આજુબાજુ પચીસ માઈલ સુધી સુગંધી આવે. કષાયોની કરકસર કરે તે જૈન. નકલ કોઈનીય કરે નહી તેનું નામ જૈન. તમને કોઈ ગાળ ભાંડે અને તમારું ધ્યાન બદલાય નહીં તેનું નામ જૈન. જૈન તો કોનું નામ કે રોજના પાંચશો પ્રતિક્રમણ કરતો હોય. પ્રતિક્રમણ તો ડાઘ પડે ને તરત જ ધોઈ નાંખે ત્યારે ક્યું કહેવાય. આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન જૈનને નિરંતર હોય. જેને જોતાં જ આનંદ ઉભરાય તે સાચો જૈન. જૈન એ તો ગુણવાચક શબ્દ છે જિન અર્થાત આત્મજ્ઞાનીની પ્રત્યક્ષ વાણી સાંભળે તે શ્રોતા જૈન કહેવાય.દુઃખને સુખ કરી આપે તેનું નામ જૈન. ભગવાન મહાવીર કહે છે " જેને ચિંતા ના થાય તે જૈન". અમે જૈન કોને કહીએ કે ક્રોધ,માન,માયા,લોભ થાય અને તેનુ તરત પ્રતિક્રમણ કરી લે આં ભગવાનની આજ્ઞા પાળે તે જૈન. જૈન તો કોણ જેને એક પણ ચિંતા થતી નથી તે.

પ્ર : ૮૯ સાચો જૈન કોને કહેવાય ?

ઉ : ૮૯ સાચો જૈન તો એને કહેવાય કે જે સામેવાળાનું શાંતિથી સાંભળે. પોતાનું ખોટુ હોય અને સામો સાચુ સમજાવવા આવ્યો હોય તો તેને કહે કે હા ભાઈ આવો સમજાવો. જૈન તો કોણ કે જે પોતાની પોળમાં કોણ દુઃખી

છે તેમને શી રીતે સુખી કરું એવી ભાવના હોય, જો પોતે સુખી હોય તો. અને જો જૈન પોતે દુ:ખી હોય તો એ પોતે કેવી રીતે ભક્તિ કરે તો સુખી થાય એ પ્રયત્નમાં જ રહે તે સાચો જૈન કહેવાય. નકલ કોઈની કરે નહીં તેનું નામ ખરો જૈન. સાચા જૈનને તો મોટાભાગનું ધર્મધ્યાન અને જૂજ પ્રમાણમાં આર્તધ્યાન હોય તો જ તે ખરો જૈન કહેવાય. જીવમાત્રને મારા થકી તકલીફ ના થાય તેમ સમઝે તે સાચા જૈન. જૈન તો એનું નામ કે કોઈનીય જરાય પણ વિરાધના ના કરે. દરેક ભૂલના તરત જ આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કરી લે અને પરલોક ખરાબ ન થવા દે તેનું નામ જૈન. જૈન તો નિરાગ્રહી હોય. જૈન આગ્રહ ના પકડે, પોતે પક્ષ ના પાડે, અને સામાવાળો પક્ષ પાડતો હોય તો સામાને ત્યાં પોતે જાય અને તેને સમજાવે, પોતે વિગતવાર બધું સમજ પાડે અને ભેદને ટાળે. સામાનું હડહડતુ તદ્દન જુઠ્ઠું હોય અને પોતે તદ્દન સાચો હોય, તોય તે સામાની પાસે જાતે જાય લોકો ગમે તે કહે તોય તે કહેશે કે હું જૈન છું મારે તો સામે ચાલીને જવું જ જોઈએ.

આચાર, વિચાર અને ઉચ્ચાર ત્રણેય એક સાથે હોય ત્યારે યથાર્થ જૈન કહેવાય અર્થાત્ મન, વચન, કાયાની એકતા હોય ત્યારે જૈન કહેવાય. આપણાથી કોઈ કંટાળે નહીં આપણાથી બધા રાજી રહે અને આપણાથી કોઈનેય દુ:ખ ના થાય તે સાચો જૈન. જેને ભય ના લાગે અને ચિંતા ના થાય તે સાચો જૈન. સામો મુસ્કેલીમાં ન મુકાય એવું વર્તન હોય તેનું નામ જૈન. પોતાના પૈસા ખર્ચીને સામાને આનંદ ઉત્પન્ન થાય તેવું કરે એનું નામ જૈન. ભગવાનનું કહેલું ધર્મધ્યાન પાળે એ જૈન. સાચો જૈન લાગણીવાળો હોય. જૈન કદાગ્રહી, મતાગ્રહી કે હઠાગ્રહી ના હોય બહાર અંધારુ ના હોય અને તમે કહો અંધારૂ છે તો જૈન વિનંતીથી કહે જુઓ અજવાળું છે અને પછી એનો આગ્રહી ના હોય.

પ્ર : ૯૦ ચાર જાતના જૈનો કયા કયા ?

ઉ : ૯૦ ચાર જાતના જૈનો.

(૧) નામ જૈન - તે કહેવાતા જૈન. જૈનનો એકુય ગુણ તેમનામાં ના હોય.

(૨) સ્થાપના જૈન - ખાલી ફોટા જ.

(૩) દ્રવ્ય જૈન - ભાવથી અવળો હોય પણ સંસ્કાર બધા જૈનના હોય. પરણેલીને દગો દે અને નાના જીવડાને બચાવે તેનું નામ દ્રવ્ય જૈન

(૪) ભાવ જૈન - દ્રવ્ય હોય અને ભાવ પણ સારો હોય ભાવ બગડવા જ ના દે.

પ્ર : ૯૧ જિનેશ્વર, જિન, જૈન, શ્રાવક, અને સાધુ કોને કહેવાય ?

ઉ : ૯૧ જિનેશ્વર એટલે તીર્થંકર. જિન એટલે આત્મજ્ઞાની. જેણે જિનનું અથવા જિનેશ્વરનું સાભળ્યું હોય તે જૈન. જેણે સાભળ્યું શ્રદ્ધયું અને જેટલા અંશે પાલન થયુ અથવા પાલન કર્યું એ શ્રાવક, અને જેણે સંપૂર્ણ પાલન કર્યું તે સાધુ.

પ્ર : ૯૨ જૈનોમાં કેટલા ગચ્છ છે ?

ઉ : ૯૨ જૈનોમાં ૮૪ ગચ્છ પડ્યા છે .

પ્ર : ૯૩ જૈન અને વૈષ્ણવ એ શું છે ?

ઉ : ૯૩ વૈષ્ણવ બીલો નોર્મલની બોર્ડર ઉપર હોય છે અને જૈન એંબોવ નોર્મલની બોર્ડર ઉપર હોય છે.

પ્ર : ૯૪ જાત્રા કોને કહેવાય ?

ઉ : ૯૪ જે ટાઇમે જે મળે તે ખાઇ લે, જે મળે તેનાથી ચલાવી લે, જે હોય તે નભાવી લેવું તે જાત્રા. સંસારી ભાવ જ ન આવે એનું નામ જાત્રા.ક્ષણે ક્ષણે સમયે સમયે જ્ઞાનીની આજ્ઞા પાળવી તેનું નામ જાત્રા. જાત્રા એટલે આદતો તોડવાનો ધંધો. જે છે તેને નભાવી લેવું તેનું નામ જાત્રા.

પ્ર : ૯૫ આપણા મહાત્માને જાત્રા કેવી હોય ?

ઉ : ૯૫ કબીરે કહ્યું : તીરથ ચલા ન્હાનેકું, મન મેલા ચિત ચૌર એક હુ પાપ ના ઉતારીયો લાયા દસ મણ ઔર. જ્યારે મહાત્માઓને "તીરથ ચલા ન્હાનેકુ, મન શુભ ઓર ચિત્ત શુદ્ધ, એક હું પાપ ન કમાયા, પુન્ય લાયા સો મણ ઓર."

પ્ર : ૯૬ જ્ઞાની પુરૂષ સાથેની યાત્રાનું શું મહત્વ છે ?

ઉ : ૯૬ એક લાખ અવતાર સત્સંગ કરે અને જાત્રાઓ કરે અને આપડી આ વીસ દિવસની જ્ઞાની પુરૂષ સાથેની જાત્રા એ બંન્ને સરખુ ગણાય.

પ્ર : ૯૭ શેત્રુજય પાલીતાણા શ્રી સિદ્ધગિરિ પર્વતનું છ આરામાં કેટલું પ્રમાણ હોય છે ?

ઉ : ૯૭ પહેલા આરામાં ૮૦ યોજન.
બીજા આરામાં ૭૦ યોજન.
ત્રીજા આરામાં ૬૦ યોજન.

ચોથા આરામાં ૫૦ યોજન.

પાંચમા આરામાં ૧૨ યોજન.

છઠ્ઠા આરામાં ૭ હાથ યોજન પ્રમાણે રહેશે.

પ્ર : ૯૮ શેત્રુજય પાલીતાણા તીર્થક્ષેત્ર ઉપરની નવ ટુંકોના નામ આપો ?

ઉ : ૯૮ (૧) શ્રી આદીશ્વર દાદાની ટુંક

(૨) મોતીશા શેઠની ટુંક.

(૩) બાલાભાઈની ટુંક .

(૪) પ્રેમચંદ મોદીની ટુંક.

(૫) હેમાભાઇ શેઠની ટુંક.

(૬) ઉજમબાઈની ટુંક .

(૭) સાકરચંદ પ્રેમચંદની ટુંક.

(૮) છીપા વસહીની ટુંક.

(૯) સદા સોમજીની ટુંક.

પ્ર : ૯૯ શેત્રુજય તીર્થક્ષેત્ર ઉપર સોળ મોટા ઉદ્ધાર કોણે કોણે કરાવ્યા ?

ઉ : ૯૯ (૧) ભરત ચક્રવર્તીએ (૨) દંડ વીર્ય રાજાએ (૩) ઇશાનેન્દ્રે (૪) માહેન્દ્રે (૫) બ્રહ્મેન્દ્રે (૬) ચમરેન્દ્રે (૭) સગર ચક્રવર્તીએ (૮) વ્યંતરેન્દ્રે (૯) ચંદ્રશા રાજાએ (૧૦) ચડાયુધ રાજાએ (૧૧) રામચંદ્રજીએ (૧૨) પાંડવોએ (૧૩) જાવડ શાહે (૧૪) બાહડ મંત્રીએ (૧૫)સમરા શાહે (૧૬) કર્મા શાહે.

પ્ર : ૧૦૦ જૈન માન્યતા મુજબ પ્રચલીત અડસઠ તીરથ કયા ગણાય છે ?

ઉ : ૧૦૦ અડસઠ તીરથના નામ નીચે મુજબ જાણવા :-

(૧) શંત્રુજય (૨) ગિરનારજી (૩) આબુ (૪) અષ્ટાપદ (૫) સમેતશિખર (૬) માંડવગઢ (૭) ચંડપાચલ (૮) અયોધ્યા (૯) કલિકુંડ પાર્શ્વનાથ (૧૦) નાકોડા પાર્શ્વનાથ (૧૧) જીરાવાલા પાર્શ્વનાથ (૧૨) વારાણસી (૧૩) ગોડી પાર્શ્વનાથ (૧૪) નવપલ્લવ પાર્શ્વનાથ (૧૫) ચિંતામણી પાર્શ્વનાથ (૧૬) દ્રાવડ તીર્થ (૧૭) પાનસર (૧૮) ભાભા તીર્થ (૧૯) સાચોરી (૨૦) પાવાગઢ (૨૧) મહુડી (૨૨) શેરીસા (૨૩) રાવણ તીર્થ (૨૪) અજારા પાર્શ્વનાથ (૨૫) બારેજા તીર્થ (૨૬)

માલા તીર્થ (૨૭) પ્રતિષ્ઠાનપુર (૨૮) અંતરીક્ષજી (૨૯) કૃલ્પાકજી (૩૦) શુલાહારો (૩૧) ઉલરવડીયો (૩૨) ક્ષત્રિયકુંડ (૩૩) શંખેશ્વરજી (૩૪) લોઢણ પાર્શ્વનાથ (૩૫) ભટેવા પાર્શ્વનાથ (૩૬) સહસ્ત્રફણા પાર્શ્વનાથ (૩૭) વરકાણા પાર્શ્વનાથ (૩૮) બંભણવાડા પાર્શ્વનાથ (૩૯) પંચાસરા પાર્શ્વનાથ (૪૦) ધૃતકલોલ પાર્શ્વનાથ (૪૧) અવંતિ પાર્શ્વનાથ (૪૨) થંભણ પાર્શ્વનાથ (૪૩) નવખંડા પાર્શ્વનાથ (૪૪) સપ્તફણા પાર્શ્વનાથ (૪૫) અપાપાપુરી (૪૬) કરહેડા પાર્શ્વનાથ (૪૭) કોસંબી (૪૮) કોસલપુર (૪૯) મક્ષીજી (૫૦) કાકંદી (૫૧) ભદ્રપુરી (૫૨) સિંહપુરી (૫૩) કંપિલપુરી (૫૪) રત્નપુરી (૫૫) મથુરાપુરી (૫૬) રાજગૃહી (૫૭) શૌરીપુરી (૫૮) હસ્તિનાપુર (૫૯) તળાજા (૬૦) કંદલગિરિ (૬૧) બગડો (૬૨) વડનગર (૬૩) ધુલેવા (૬૪) લોહિયા (૬૫) બાહુબલિજી (૬૬) મરૂદેવા (૬૭) પુંડરીક (૬૮) ગૌતમતીર્થ.

પ્ર : ૧૦૧ જ્યોતિષ વિદ્યા સાચી છે કે કેમ ?

ઉ : ૧૦૧ જ્યોતિષ વિદ્યા સાચી છે પણ તેના જાણકાર હવે રહ્યા નથી.

પ્ર : ૧૦૨ મનુષ્યને કયા ગ્રહ નડે છે ?

ઉ : ૧૦૨ ઉપર આકાશમાં રહેલા જ્યોતિષ્ક દેવો (ગ્રહો) નડતા નથી પરંતુ મનુષ્યની અંદર રહેલા નવ ગ્રહો જ નડે છે. જેવાકે હઠાગ્રહ (શનિ), દૂરાગ્રહ (મંગળ), મિથ્યાગ્રહ, કદાગ્રહ, મતાગ્રહ,સત્યાગ્રહ, આગ્રહ, પ્રત્યાગ્રહ(પરિગ્રહં) અભિગ્રહ આ જ નવ ગ્રહોથી આપણે ગ્રહાયેલા છીએ ઉપર બેઠેલા ગ્રહોને આપણી અંદર બેઠેલા ગ્રહો જોડે કનેકશન છે.

પ્ર : ૧૦૩ ગ્રહમંડળ શું છે ?

ઉ : ૧૦૩ એ ચેતનનો ભ્રમિત પરૂષાર્થ છે.

પ્ર : ૧૦૪ સપ્તઋષિમંડળ કોને કહેવાય ?

ઉ : ૧૦૪ સ્થૂલમન, વાણી, કાયા, સૂક્ષ્મમન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ સાતેય ઋષિ સપ્તઋષિમંડળ કહેવાય. સ્થૂલ અને સૂક્ષ્મ ભાગ એકાકાર થાય તે સપ્તર્ષિમંડળ.

પ્ર : ૧૦૫ ગ્રહ કોને કહેવાય ?

ઉ : ૧૦૫ આપણને કોઇ ઉકેલ ના લાવવા દે અને ત્યાંથી ખસવા પણ ના દે તેને ગ્રહ કહેવાય.

પ્ર : ૧૦૬ કન્યા રાશિ કોને કહેવાય ?

ઉ : ૧૦૬ સાહજિકતા વધારે હોય તેને કન્યા રાશિ કહેવાય.

પ્ર : ૧૦૭ કયો માણસ રૂપાળો સપ્રમાણ કહેવાય ?

ઉ : ૧૦૭ કપાળ, નાક, મોઢું આ ત્રણ ભાગ સરખા હોય તે માણસ રૂપાળો સપ્રમાણ કહેવાય.

પ્ર : ૧૦૮ મોડામાં મોડો ભાગ્યોદય કેટલા વર્ષે હોય ?

ઉ : ૧૦૮ છેલ્લામાં છેલ્લું અડતાળીસ વર્ષે ભાગ્યોદય થાય.

પ્ર : ૧૦૯ વિષુવવૃત્ત એટલે શું ?

ઉ : ૧૦૯ તુલા અને મેષ રાશિના સૂર્ય થાય ત્યારે દિવસ અને રાત્રિ સરખા થાય છે તેને વિષુવવૃત્ત કહે છે.

પ્ર : ૧૧૦ જ્યોતિષમાં શુ ફળ કથન છે ?

ઉ : ૧૧૦ (૧) જેના જન્મ સમયે ત્રણ ગ્રહો ઉચ્ચના હોય તે રાજા થાય.

(૨) જેના જન્મ સમયે પાંચ ગ્રહો ઉચ્ચના હોય તે વાસુદેવ થાય.

(૩) જેના જન્મ સમયે છ ગ્રહો ઉચ્ચના હોય તે ચક્રવર્તી થાય.

(૪) જેના જન્મ સમયે સાતેય ગ્રહો ઉચ્ચના હોય તે તીર્થંકર થાય.

પ્ર : ૧૧૧ આકાશમાં કેટલા ગ્રહો હોય છે. ?

ઉ : ૧૧૧ આકાશમાં ૮૮ ગ્રહો છે. તેમાં ત્રીસમો ગ્રહ એ ભસ્મકરાશિ ગ્રહ છે અને એક નક્ષત્રમાં તે બે હજાર વર્ષ રહે છે.

પ્ર : ૧૧૨ જ્યોતિષ દેહ ઉપરથી કેવી રીતે જણાય ?

ઉ : ૧૧૨ દેહનાં બત્રીસ લક્ષણો ઉપરથી જ્યોતિષ જાણી શકાય.

(૧) નખ, હાથ, પગનાં તળિયા, જીભ, હોઠ, તાળવું, અને નેત્રના ખૂણા આ સાત લાલ રંગના હોય તે સપ્તાંગ રાજ્ય પામે.

(૨) હૃદય, ડોક, નાક, નખ, મુખ, કક્ષા, આ છ ઊંચાં હોય તેની સર્વ રીતે ઉન્નતિ થાય.

(૩) દાંત, ચામડી, કેશ, આંગળીના વેઢા (વર્વો) અને નખ એ પાંચ બારીક હોય તે મહાધનિક થાય.

(૪) આંખ, હૃદય, નાક, હડપચી, ભૂંજા, આ પાંચ લાબી હોય તે દીર્ઘાયુ, ધનવાન અને પરાક્રમી થાય.

(૫) કપાળ, છાતી અને મુખ એ ત્રણ પહોળા હોય તે રાજા થાય.

(૬) ડોક, જાંઘ, અને લિંગ એ ત્રણ ટૂકા હોય તો પણ રાજા થાય.

(૭) શબ્દ, સ્વર, અને નાભિ ગંભીર હોય તે સર્વ પુથ્વીનો ધણી થાય.

પ્ર : ૧૧૩ બત્રીસ ચિન્હો કયા કયા ?

ઉ : ૧૧૩ (૧) છત્ર (૨) ચામર (૩) રથ (૪) ઇન્દ્રનુ વ્રજ (૫) કાચબો (૬) અંગકુશ (૭) ધનુષ્ય (૮) વાવડી(૯) સ્વસ્તિક (૧૦) તોરણ (૧૧) કમળ (૧૨) કેસરિ સિંહ (૧૩) વૃક્ષ (૧૪) ચક્ર(૧૫) શંખ (૧૬) હાથી(૧૭) સમુદ્ર (૧૮) કળશ (૧૯) પ્રાસાદ (૨૦) માછલી (૨૧) યવ (૨૨) યૂપ(૨૩) સ્તૂપ (૨૪) કંમડળ (૨૫) પર્વત(૨૬) દર્પણ (૨૭) વૃષભ (૨૮) ધ્વજ (૨૯) લક્ષ્મીનો અભિષેક (૩૦) પુષ્પની માળા (૩૧) મયુર (મોર) (૩૨) ગદા

પ્ર : ૧૧૪ સૂર્યનાં કિરણો કયા મહીનામાં કેટલાં હોય છે ?

ઉ : ૧૧૪ (૧) કારતકમાં ૧૧૦૦ કિરણો
(૨) માગશરમાં ૧૦૫૦ કિરણો
(૩) પોષમાં ૧૦૦૦ કિરણો
(૪) મહામાં ૧૧૦૦ કિરણો
(૫) ફાગણમાં ૧૦૫૦ કિરણો
(૬) ચૈત્રમાં ૧૨૦૦ કિરણો
(૭) વૈશાખમાં ૧૩૦૦ કિરણો
(૮) જેઠમાં ૧૪૦૦ કિરણો
(૯) અષાઢમાં ૧૫૦૦ કિરણો
(૧૦) શ્રાવણમાં ૧૪૦૦ કિરણો
(૧૧) ભાદરવામાં ૧૬૦૦ કિરણો
(૧૨) આસોમાં ૧૪૦૦ કિરણો

પ્ર : ૧૧૫ ભવિષ્ય ફળના નિર્દેશક નિમિત્તોના આંઠ અંગો કયા છે ?

ઉ : ૧૧૫ (૧) વ્યંજન (૨) અંગ (૩) સ્વર (૪) છિન્ન (૫) ભૌમ (૬) અંતરિક્ષ (૭) લક્ષણ (૮) સ્વપ્ન

(૧) **વ્યજંન નિમિત્તઃ** શરીરના અંગોમાં તલ, માસો, લાખુ વગેરે વ્યંજનો(ચિહ્નો) જોઈને તે વડે શુભઅશુભ ફળને જાણી લેવું તેને વ્યંજન નિમિત્ત કહે છે.

(૨) **અંગ નિમિત્તઃ** મોઢું, ગળુ, હાથ, પગ, પેટ, આંગળી, વગેરે શરીરના અંગોને જોઈને શુભ અશુભ ફળ જાણવું તે અંગ નિમિત્ત કહેવાય છે.

(૩) **સ્વર નિમિત્તઃ** મનુષ્ય, તિર્યંચ કે અચેતન વસ્તુનો અવાજ સાંભળીને ત્રણ કાળ સબંધી શુભ અશુભ ભાવો જાણવા તેને સ્વર નિમિત્ત કહે છે.

(૪) **છિન્નનિમિત્તઃ** છિન્ન ભિન્ન અને વેરણ છેરણ પડેલી ચીજ વસ્તુઓ ઉપરથી અનુમાન કરી શુભઅશુભ ફળ જાણવું તે.

(૫) **ભૌમ નિમિત્તઃ** ભૂમિનું સુકાપણુ ચીકણા પણું વગેરે દેખીને ભૂમિની અંદર પાણી, નિધાન વગેરે જાણી લેવું શુભ અશુભ હારજીત જાણી લેવા તેને ભૌમ નિમિત કહે છે

(૬) **અંતરિક્ષ નિમિત્તઃ** સૂર્ય, ચંદ્રના ગ્રહણ તથા ગ્રહોના ઉદય અસ્ત ઉલ્કાપાત વગેરે જોઇને ત્રણ કાળ સબંધી શુભ અશુભ જાણી લેવું તે અંતરિક્ષ નિમિત્ત કહેવાય છે.

(૭) **લક્ષણ નિમિત્તઃ** હથેળી વગેરે શરીરના અવયવોમાં કમળ, ચક્ર, માછલી, કળશ વગેરે ચિહ્નોને જોઇને શુભઅશુભ જાણી લેવું.

(૮) **સ્વપ્ન નિમિત્તઃ** શુભા શુભ સ્વપ્નો અનુસાર શુભ અશુભ ફળ જાણી લેવું તેને સ્વપ્ન નિમિત્ત કહે છે.

પ્ર : ૧૧૬ જ્યોતિષ અંગેની અદ્‌ભૂત માહિતી દર્શાવતો ગ્રંથ કયો ?

ઉ : ૧૧૬ ભૃગુ સંહિતા નામના ગ્રંથમાં જ્યોતિષ અંગેની અદ્‌ભૂત માહિતી છે. આ ઉપરાંત જૈન દર્શનમાં જ્યોતિષકરંડક નામનો ગ્રંથ છે. પિસ્તાળીસ આગમમાંથી દશ પયન્નામાં જેનો સમાવેશ થાય છે, તેવા ગણીવિદ્યા પ્રકીર્ણક નામના ગ્રંથમાં પણ જ્યોતિષ અંગેની અદ્‌ભૂત માહિતી મળી શકે તેમ છે.

પ્ર : ૧૧૭ જ્યોતિષ વિદ્યા અંગે શ્રીમદ્ રાજચંદ્ર (કૃપાળુદેવ) શું કહે છે ?

ઉ : ૧૧૭ શ્રીમદ્ રાજચંદ્ર (કૃપાળુદેવ) આ વિદ્યા ફોરવવા અંગે મનાઇ ફરમાવે છે.

છઠ્ઠુ પ્રકરણ
ટેવ, ટીકા, ટ્રીક, ટેન્શન

પ્ર : ૧ ટેવ કોને કહેવાય ?

ઉ : ૧ ટેવ એટલે પોતાનુ ચલણીપણું નથી તે. જેટલી વસ્તું અજંપો કરાવે તે બધી ટેવો કહેવાય. તુ રોજ કરુ છું અને એક દહાડો ના થાય તો ચેન ના પડે તે ટેવ. જે છોડાવી છુટે તે ટેવ કહેવાય: એક દિવસ મંદિરે ન જવાયું તો આખો દિવસ સાંભળ સાંભળ થયા કરે તે ટેવ કહેવાય. ના કરીએ ત્યારે ખૂચેં એ બધી ટેવ કહેવાય. જેના વગર ના ચાલે તે ટેવ. પંચીંગ થાય એનું નામ ટેવ. આ દેરાસર ના જાય તો પંચીંગ થયા કરે તો એ ટેવ કહેવાય. જેની ટેવ તે આખો વખત સાંભળ સાંભળ થયા કરે.

પ્ર : ૨ કુટેવ એટલે શું ?

ઉ : ૨ આપણને મુર્ખ બનાવે, ગધેડો બનાવે તેનું નામ કુટેવ.

પ્ર : ૩ જેને ભેગું કરવાની ટેવ હોય તે શું થાય ?

ઉ : ૩ કાં તો કીડી થાય કે કાગડો થાય.

પ્ર : ૪ ટીકા શું છે ? તેનું ફળ શું ?

ઉ : ૪ ટીકા એ તા અહંકારનો મૂળ ગુણ છે. એ સ્પર્ધાનો ગુણ છે. ટીકા કરનારો હલકો થઇ જાય, ટીકાથી તમારી જ શક્તિઓ વેડફાય છે. આ ટીકા એ તો પોતાનું બગાડવાનું સાધન છે. ટીકા કરવાથી તો પહેલા આપણા પોતાના કપડા બગડે છે, એથી ઉંડા ઊતરવાથી પછી દેહ બગડે છે, એથી વધુ ઉંડા ઊતરવાથી પછી હૃદય બગડે છે. કોઇની સ્હેજ પણ ટીકા કરવી એ કેવળજ્ઞાનને બાધક છે.

પ્ર : ૫ ટ્રીક કોને કહેવાય ?

ઉ : ૫ ટ્રીક એટલે પોતાની વધારે બુદ્ધિથી સામાની ઓછી બુદ્ધિનો ફાયદો લેવો તે. ''બહુ ચોખ્ખો માલ છે'' એમ કહી ભેળસેળવાળો માલ આપીને ખુશ થાય તે ટ્રીક કરી કહેવાય. ટ્રીક એટલે વધારે પડતી હોંશિયારી વાપરવી.

આપણે કામ હોય ત્યારે સામા પાસેથી હોશિયારીથી કઢાવી લેવું અને સામાને કામ હોય ત્યારે હોશિયારીથી ખસી જેવું તેનું નામ ટ્રીક. ટ્રીક કરતાં કસાઈનું કામ સારું ગણાય, એટલી ભૂંડી આ વસ્તુ છે ટ્રીક.

પ્ર : ૬ ટ્રીક એટલે શું ?

ઉ : ૬ બુદ્ધિ વાપરી સામાની પાસેથી પડાવી લેવું તેજ ટ્રીક. ટ્રીક એટલે તો મોટામાં મોટું કપટ. ટ્રીક એટલે પોતે પોતાની જ સાથે કપટ. આત્માની સાથે જે પડદો હોય તો તે ટ્રીક છે. ટ્રીક કરવી તે આ જગતમાં મોટામાં મોટી વિઘાતક ચીજ છે. સામાની ઓછી બુદ્ધિનો લાભ લેવો એને ટ્રીક કહેવાય.

પ્ર : ૭ ટ્રીક શું નુકશાન કરે છે ?

ઉ : ૭ ટ્રીક માત્ર પોતાની જ નિજ શક્તિનુ સેબોટેજ કરે છે. ટ્રીક એ હાર્ડ રૌદ્રધ્યાન છે તેથી તેનું ફળ નરકગતિ આવે. જ્યાં સુધી એક પણ ટ્રીક છે ત્યાં સુધી તમે મૂળ વસ્તુને (આત્માને) પામી શકશો નહીં.

પ્ર : ૮ ચાલાકી કોને કહેવાય ?

ઉ : ૮ જે સહજતા તોડે તે બધી જ ચાલાકી. હાથચાલાકી, મનચાલાકી, અને વાણીની ચાલાકી એ આત્માની વિરોધી છે. ચાલાકીથી મન ચંચળ થઈ જાય. ચાલાકીને શાસ્ત્રકારોએ "વંચકપણું" કહ્યું છે. સહજની બહાર ગયો તેને ચાલાક કહેવાય. ચાલાકી તો સંસારમા પણ નુકસાન કરે અને પાર વગરનો અપજશ અપાવે.

પ્ર : ૯ ટેન્શન એટલે શું ?

ઉ : ૯ ટેન્શન એટલે વગર વિચાર્યે અણસમજણથી વહોરી લીધેલી આફત.

પ્ર : ૧૦ ટેન્શનની જન્મદાતા (માતા) કોણ છે ?

ઉ : ૧૦ Disadustment is a mother of "tension"

પ્ર : ૧૧ ટેન્શન કેવી રીતે દૂર થાય ?

ઉ : ૧૧ આ જગતમાં તમે કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે પદાર્થ સાથે એડજસ્ટ ના થયા એટલે ટેન્શન ઉભુ થઈ જ જાય. એને આમંત્રણ આપવું પડતું નથી, એ આપોઆપ જ ઉત્પન્ન થાય છે. હવે જો તમે દરેક સંજોગોમાં એડજસ્ટ થતાં શીખી જાવ તો ટેન્શન ઉભુ થવાની કોઈ શક્યતા રહેતી નથી. આ જગતમાં ટેન્શનથી મુક્ત થવા માટે એક જ ચાવી છે દરેક જગ્યાએ અનુકૂળ થવું (Adjust every where).

સાતમું પ્રકરણ

ત્રાગુ

પ્ર : ૧ ત્રાગુ એટલે શું ?

ઉ : ૧ ત્રાગુ એટલે પોતે એવું કરવું કે સામો ભડકીને પછી પોતાની વાત એકસેપ્ટ કરી લે. પોતાનું ધાર્યું કરાવવા માટે ગમે તેવું કરે, માંથુ કૂટે, આમ કૂદે, કૂદાકૂદ કરે, રડે, છેડો વાળે, આપણને ચોગરદમથી બિવડાવી મારે એનું નામ ત્રાગું કહેવાય. અત્યારે બધા જમવા બેસે અને એકભાઈ કહેશે કે હુ ખાવાનો નથી એ ત્રાગુ કહેવાય. ત્રાંગામાં એને પોતાને કશી અસર ના થાય, ત્રાગુ એટલે ખાલી નાટક જ. ત્રાગામાં તો રડતો જાય ને બૂમો પાડતો જાય પણ એને મહી અંદર અસર ના હોય. ત્રાગામાં એને પોતાને કશું અડે નહીં. ત્રાગુ એટલે પોતાને જ્યારે જે કંઈ પણ કામ કરાવવું જ હોય અને બધા રાજી ના હોય તો મારી-ઠોકીને કરાવવું, બિવડાવી બિવડાવીને છેવટે ધાર્યુ કરાવવું. ધાર્યુ બધુ કરાવી લે કરાવ્યા વગર છોડે નહીં એનું નામ ત્રાગુ. સામ, દામ, દંડ, ભેદ બધુ વાપરીને પણ ધાર્યું કરાવી લે. ત્રાગુ એટલે પોતાની જાતે જાણી જોઈને બનાવટ. ત્રાગું એનું નામ કહેવાય કે બધા માણસોને પોતાની ઈચ્છા વગરેય દબાઈ જવું પડે અને હા કે હા કહેવી પડે. જેમ પોલિસવાળાને વશ થઈ જાય છે એવું વશ થઈ જવું પડે એને ત્રાગુ કહેવાય. ટૂંકમાં ધાર્યું કરાવવા માટે બીજા બધા માણસોને બિવડાંવવા માટે તાગડો રચવો એનું નામ ત્રાગુ. ત્રાગુ કરવું એ એક કળા છે. બોતેર કળામાંની એક કળા છે. ત્રાગુ કરવું એટલે જ પોતે પોતાની ઈચ્છાપૂર્વક કરવું. ત્રાગુ એટલે સામાને બિવડાવી મારવું. ત્રાંગુ કરવું એટલે બહુ મોટું દબાણ કરવું. ત્રાગુ એટલે બધાની ઈચ્છા ના હોય અને એ વસ્તુ ભોગવી લેવી હોય તો માર તોફાન કરે હું આપઘાત કરું છું અને હું આમ કરું છું અને તેમ કરું છું, મારદબડાવીને પણ ભોગવી લે. ધાર્યું કરાવવા માટે કરે એ ત્રાગુ કહેવાય. પોતાનું ધાર્યું કરાવવા માટે બીજા બધા માણસોને બિવડાવવા માટે તાગડો રચવો એનુ નામ ત્રાગું. ત્રાગાનું ફળ નરકગતિ છે.

આઠમું પ્રકરણ
દયા, દુઃખ, દેરાસર

પ્ર : ૧ દયા શું છે એ વિગતવાર સમજાવો ?

ઉ : ૧ દયા એટલે સામાનું દુઃખ જોઈને પોતાને દુઃખ ઉત્પન્ન થવું તે અને પોતાને ઉત્પન્ન થયેલ દુઃખને મટાડવા માટે જે ઉપકાર સામા ઉપર કરવામાં આવે છે તે દયા છે. પોતાને દુઃખ થાય છે તેથી દયા આવે છે. દયા તો એનું નામ કહેવાય કે ઓબ્લાઈઝીંગ નેચર હોય.

દયા એ તો ધર્મનું મૂળ જ છે. ધર્મની શરૂઆત દયાથી થાય છે અને અંતમા પણ દયા છે, પરંતુ દયા છે તે કર્મ બંધન કરાવનારી છે. દયા એ એક જાતનો શુભ અહંકાર છે. તે હિતકારી છે પણ એ અહંકારેય જ્યારે ત્યારે છોડવો પડશે. ધર્મના મુખની દયાથી શરૂઆત થાય છે પણ દયા એ દ્વન્દ ગુણ હોવાથી સાથે નિર્દયતા હોય જ. આપણે ઉપર ચઢીએ પછી બધા પગથિયા છોડવા પડે એમ છેલ્લે દયા પણ છોડવી પડશે. દયા એ પૌદગલિક ગુણ છે. દયા ૮૦ % હોય તો ૨૦ % નિર્દયતા હોય. દયા ૮૫ % હોય તો ૧૫ % નિર્દયતા હોય. દયા ૯૦ % હોય તો ૧૦ % નિર્દયતા હોય અને જો ૧૦૦ % દયા થઈ ગઈ તો એ કરૂણા થઈ ગઈ એ પછી અહંકાર રહે જ નહીં. નિર્દયતા છે ત્યાં સુધી જ અહંકાર રહે. દયા અને નિર્દયતા બંન્ને છૂટે ત્યારે કરુણા ઉત્પન્ન થાય. ત્યાર પછી ભગવાન થાય.

દયા એ શુભેચ્છાની શરૂઆત છે તે નિરીચ્છક સુધી દયા હોય. જ્યા સુધી આત્મજ્ઞાન ના થાય ત્યા સુધી દયાની જરૂર છે, ત્યાં સુધી દયા હિતકારી અને ફાયદાકારક છે. અને ખરેખર ભાવદયા રાખવાનું ભગવાને કહ્યું છે. સંસારમાં જ્યા જ્ઞાન નથી ત્યાં આગળ તો દયા રાખવી જ જોઈએ દયાથી બધો લાભ સારો થશે.

પ્ર : ૨ અનુકંપા એટલે શું ?

ઉ : ૨ આપણી અંદર મહીં કંપાયમાન સંવેદન થાય ત્યારે એ અનુકંપા કહેવાય

છે. અનુકંપા રૂપી દુઃખ પોતાને થાય એટલે એ સહન ન થાય પછી એનું દુઃખ કેમ કરીને મટે એમ અનુકંપા રહ્યા કરે.

પ્ર : ૩ જીવદયાનો અર્થ શો ?

ઉ : ૩ જીવદયાનો અર્થ પોતે પોતાની દયા ખાવાની છે. પોતે બંધાયેલો છે એ એની પોતાને માટે દયા ખાવાની છે કે અરેરે આ દશા શું થઈ છે ! મારો પોતાનો છૂટકારો કરવાનો છે, કે કેમ કરીને હુ છૂટું એ દયા ખાવાની છે. પછી બહારની દયા. ભગવાને કહ્યું કે તારા આત્માની દયા પાળ એટલે કે ભાવદયા રાખ. દ્રવ્ય દયામાં પડીશ નહીં, નહી તો રખડી મરીશ.

પ્ર : ૪ ભાવદયા એટલે શું ? દ્રવ્ય દયા એટલે શું ?

ઉ : ૪ ભાવદયા એટલે મનમાં નક્કી કરવું કે મન, વચન, કાયાથી કોઈ પણ જીવને કિંચિતમાત્ર પણ દુઃખ ન હો એ ભાવદયા કહેવાય. આ ભાવ દયા એ પોતાના આત્માની દયા છે. કોઈ પણ જીવને મારવાનો જે ભાવ આવે છે એ પોતાના આત્મભાવનું જ મરણ થાય છે. આ આત્મભાવનું મરણ ન થાય માટે દયા રાખજે, જેને ભાવદયા કહી છે. બીજી દ્રવ્ય દયા. એ પારકાની દયા તે દ્રવ્ય દયા છે. આંખે દેખાય કે જીવડું બચાવ્યું એ દ્રવ્ય દયા કહેવાય. દ્રવ્ય દયા પુણ્ય બંધાવનારી છે. દ્રવ્ય દયા એ કંઈ પોતાના હાથમાં સત્તા નથી એ તો પોતાની ના ઈચ્છા હોય ને છતાંય જીવડુ વટાઈ જ જાય. જીવડું તો મરવાનું છે પણ તુ પ્રતિક્રમણ કરજે એનું નામ દ્રવ્ય દયા.

પ્ર : ૫ દયા અને કરૂણા વચ્ચેનો તફાવત સમજાવો ?

ઉ : ૫ દયા એ દ્વન્દ ગુણ છે. દ્વન્દગુણ એટલે એક હોય તો બીજું હોય જ. બીજો સામાવડીઓ ગુણ હોય જ. જેમ ઉત્તર છે તો દક્ષિણ હોવુ જ જોઈએ. પૂર્વ છે તો પશ્ચિમ હોવું જ જોઈએ. આ નફો છે તો ખોટ હોવી જ જોઈએ એવું દયા હોય ત્યાં નિર્દયતા હોય જ. દયા અઢાણુ ટકા કોઈનામા વધી ગઈ હોય તો બે ટકાય નિર્દયતા હોય. દયા જ્યાં સુધી હોય ત્યા સુધી નિર્દયતા હોય જ અને જ્યારે કરૂણા આવે ત્યારે આ બેઉ ના હોય. કરૂણા એ દ્વન્દ ગુણ નથી. કારુણ્ય તો બધે સરખું. કરૂણા એટલે આ શેનુ ફળ ભોગવી રહ્યો છે એ બધું જ્ઞાનથી દેખાય અને આ કેમ કરીને છૂટે એને કરૂણા કહેવાય. કરૂણા સામુદાયિકભાવ છે પ્રેમભાવ છે.

પ્ર : ૬ દયા કોને કહેવાય ?

ઉ : ૬ અનર્થ હિંસા ના કરે તેને દયા કહેવાય. પોતાના દુઃખ મટાડવા માટે જે કંઈ કરો એ દયા કહેવાય. દયા એ બાહ્ય દૃષ્ટિ છે કોઈ પણ જીવને કિંચિતમાત્ર પણ દુઃખ ન હો એજ ભાવ તે દયા. કોઈ કૂવામાં પડતો હોય ને તેને બે તમાચા મારીને અટકાવે તેનું નામ દયા. તમાચા મારીને તેનું હિત જુવે તે દયા.

પ્ર : ૭ દયા ક્યાં સુધી હોય ?

ઉ : ૭ દશમાં ગુણસ્થાનક સુધી દયા હોય છે. અને દયા હોય ત્યાં સુધી નિર્દયતા ભરેલી જ હોય.

પ્ર : ૮ જીવદયા માટે મહાભારતમાં શું બોધ છે ?

ઉ : ૮ હે યુધિષ્ઠિર કોઈ સોનાનો મેરૂ દાનમાં આપે કે કોઈ આખી પૃથ્વીનું દાન કરે તેના કરતાં એક જીવને જીવતદાન આપનાર વધી જાય છે.

પ્ર : ૯ દયાના આઠ ભેદ કયા છે ?

ઉ : ૯ દયાના આઠ ભેદ નીચે મુજબ છે.

(૧) **દ્રવ્ય દયા :** કોઈ પણ કામ કરવું તેમાં યત્નાપૂર્વક જીવરક્ષા કરીને કરવું તે દ્રવ્ય દયા.

(૨) **ભાવ દયા :** બીજા જીવને દુર્ગતિમાં જતો દેખીને અનુંકંપા બુદ્ધિથી ઉપદેશ આપવો તે ભાવ દયા.

(૩) **સ્વ દયા :** આ આત્મા અનાદિકાળથી મિથ્યાત્વથી ગ્રહાયો છે તત્ત્વ પામતો નથી એમ ચિંતવી ધર્મમાં પ્રવેશ કરવો તે સ્વદયા.

(૪) **પર દયા :** છ કાય જીવની રક્ષા કરવી તે પર દયા.

(૫) **સ્વરૂપ દયા :** સૂક્ષ્મ વિવેકથી સ્વરૂપ વિચારણા કરવી તે સ્વરૂપ દયા.

(૬) **વ્યવહાર દયા :** ઉપયોગપૂર્વક અને વિધિપૂર્વક જે દયા પાળવી તેનું નામ વ્યવહાર દયા.

(૭) **નિશ્ચય દયા :** શુદ્ધ સાધ્ય ઉપયોગમાં એકતા ભાવ અને અભેદ ઉપયોગ તે નિશ્ચય દયા.

(૮) **આત્મ દયા :** પોતાના આત્માની દયા ખાવી કે અનંતા જન્મોથી હું અજ્ઞાનતાથી બંધાયેલો છું અને ક્યારે મુક્ત થઈશ એમ ચિંતવવુ તે આત્મ દયા.

પ્ર : ૧૦ દુઃખ કોને કહેવાય ?

ઉ : ૧૦ ખાવાનું ના મળે, પીવાનું પાણી ના મળે, કપડાં પહેરવાનાં ના મળે, સૂવા ના મળે એ બધાં દુઃખ કહેવાય. જેના ઉપાય જડે એને દુઃખ કહેવાય. ઉપાય હોય તો જ દુઃખ કહેવાય, જેનો ઉપાય નથી એ દુઃખ જ ન કહેવાય. આ પગે ફોલ્લો પડ્યો હોય તો તે દુઃખ કહેવાય કારણ કે તે મટાડી શકાય છે, એનો ઉપાય છે. દેહને સ્પર્શે છે તે બધાં દુઃખ કહેવાય. વેદના થાય તે દુઃખ કહેવાય. કાન કાપી લે તો તેને દુઃખ કહેવાય. કુસંગથી ઊભાં થાય તે દુઃખ. આવશ્યક ખૂટતું હોય તેને જ દુઃખ કહેવાય. ખરેખર તો દુઃખ તેને કહેવાય કે ભૂખ લાગી હોય અને ખાવા ના મળે, તરસ લાગી હોય અને પીવા પાણી ના મળે, નાક દાબી દે અને હવા ન મળે. સંડાસ જવાનું ના મળે, પેશાબ કરવાનો ના મળે તેને ખરેખર દુઃખ કહેવાય બાકી જગતમાં જે કાંઈ દુઃખો દેખાય છે, તે બધાં અણસમજણથી ઊભાં થયેલાં છે. મનનાં દુઃખ તે ખરેખર દુઃખ કહેવાય છે. અજ્ઞાન અને કષાય એ જ દુઃખ છે.

પ્ર : ૧૧ કષ્ટ, ઘા અને દુઃખ એ ત્રણ શબ્દો સમજાવો ?

ઉ : ૧૧ **કષ્ટ :** દેહનાં દુઃખોને કષ્ટ કહેવાય છે. જેને પ્રત્યક્ષ દુઃખ કહેવાય. દાઢ દુઃખતી હોય, આંખો દુઃખતી હોય. પક્ષાઘાત થયો હોય તે બધાં દુઃખો તે દેહનાં દુઃખો. સહન કરવું પડે એ કષ્ટ કહેવાય.

ઘા : વાણીનાં દુઃખોને "ઘા" કહેવાય છે. કોઈએ વાણી દ્વારા ટોણો માર્યો હોય તેને ઘા કહેવાય. તે હૃદયમા કાયમ માટે ડંખ પાડી દે છે.

દુઃખ : મનના દુઃખને દુઃખ કહેવાય છે. મનમા ચેન ના પડે. મન હેરાન કરી મૂકે એને દુઃખ કહેવાય.

પ્ર : ૧૨ આ જગતમાં દુઃખો આવ્યાં ક્યાંથી ?

ઉ : ૧૨ દુઃખિયા માણસનાં શરણાં લીધાં તેથી જ. સુખિયાં માણસનું શરણું લીધું હોય તો દુઃખ આવે જ ક્યાંથી. એક જ્ઞાની પુરૂષ જ આ દુનિયામાં સુખિયા હોય છે.

પ્ર : ૧૩ જગતમાં જે દુઃખો છે તેનું મૂળ કારણ શું ?

ઉ : ૧૩ આ સંસારમાં કંઈ પણ જાતનાં દુઃખ છે તો એનું કારણ મોહ છે. સંસારમાં દુઃખો શંકા-કુશંકાથી ઊભાં થયેલાં છે, અને વાસ્તવમાં બધાં દુઃખો

અજ્ઞાનતાને કારણે, પોતાના સ્વરૂપની અજ્ઞાનતાને કારણે તથા જીવન જીવવાની કળા ન આવડવાને કારણે અણસમજણથી ઊભાં થયેલા છે.

પ્ર : ૧૪ દુઃખો શેમાંથી ઊભા થાય છે ? અને શેનાથી નાશ થાય છે ?

ઉ : ૧૪ વ્યાકુળતાથી આ બધાં દુઃખો ઊભાં થાય છે અને જ્ઞાની પાસે જ્ઞાન મળવાથી નિરાકુળતાથી નાશ થઈ જાય છે.

પ્ર : ૧૫ દુઃખ કેમ છે ?

ઉ : ૧૫ બુદ્ધિ હોય ત્યાં સુધી ઈમોશનલ હોય. ઈમોશનલ હોય ત્યાં સુધી ચંચળ હોય અને ચંચળ હોય ત્યાં સુધી દુઃખ જ હોય.

પ્ર : ૧૬ દુઃખ ક્યાં સુધી છે ?

ઉ : ૧૬ અહંકાર, અભિમાન નિવૃત ન થાય ત્યાં સુધી નર્યું દુઃખ દુઃખ અને દુઃખ જ હોય છે.

પ્ર : ૧૭ દુઃખો શેનાથી જાય ?

ઉ : ૧૭ દુઃખો પૈસાથી ના જાય, વસ્તુથી ના જાય, સમજણથી જાય. એ સમજણ જ્ઞાની પાસેથી મળે તો દુઃખો જાય.

પ્ર : ૧૮ વેદના કોને કહેવાય ?

ઉ : ૧૮ એક ટિકડીથી વેદના બેસી જાય તેને વેદના જ કેવી રીતે કહેવાય ! સો-સો ટિકડી ખાય તોય વેદના ના શમે તેનું નામ વેદના કહેવાય. આમ હાથ ઘસી ઘસીને કાપતા હોય એવા સંજોગોમાં આવ્યા હોઈએ ત્યારે તેને વેદના કહેવાય.

પ્ર : ૧૯ વિષાદ એટલે શું ?

ઉ : ૧૯ વિષાદ એટલે એના દુઃખનો તોલ આપણે ના કરી શકીએ. બીજા કોઈ એનો તોલ ના કરી શકે. વિષાદ માટે તો કોઈક એવો પ્રસંગ બની ગયો હોય, કંઈક એવું થઈ ગયું હોય અને પછી પોતાની ભયંકર ભૂલ લાગે ને એમાં ને એમાં રહ્યા કરે એ વિષાદ કહેવાય.

પ્ર : ૨૦ શાતા-અશાતા વેદનિયનો નિયમ કેવો છે ?

ઉ : ૨૦ આ દેહે જે જે શાતા ભોગવી છે તે છેલ્લે અશાતા આપીને જાય અને અશાતા ભોગવી હોય તો છેલ્લે શાતા આપીને જાય, એવો નિયમ છે. અશાતાના પ્રમાણમાં શાતા આપીને જાય. કોઈક જ એવો પુણ્યવાન હોય તે છેલ્લે શાતા પામીને જાય, એવા શિલવાન કોઈક જ હોય.

પ્ર : ૨૧ શાશ્વત અરિહંત ભગવંતોનાં ચૈત્યો ક્યાં આવેલા છે ?

ઉ : ૨૧ નંદીશ્વર દ્વીપમાં ૮૪,૦૦૦ યોજન ઊંચા એવા ચાર નાના મેરુ પર્વતો આવેલા છે. પૂર્વ દિશામાં દેવરમણ નામના અંજનગિરિ ઉપર ચાર શાશ્વત અરિહંતના ચૈત્યો આવેલા છે. એવી રીતે ઉત્તર દિશામાં નિત્યરમણિક એવા રમણીય નામના અંજનગિરિ ઉપર પણ ચૈત્યો છે. દક્ષિણ દિશામાં નિત્યોદ્યોત નામના અંજનગિરિ ઉપર તથા પશ્ચિમ દિશામાં સ્વયમપ્રજા નામના અંજનગિરિ ઉપર પણ ચાર શાશ્વત અરિહંત ભગવાનની પ્રતિમાઓ ચૈત્યોમાં બિરાજમાન છે. આ ચાર શાશ્વત તીર્થંકરોના નામ (૧) ઋષભ (૨) ચંદ્રાનન (૩) વારીષેણ અને (૪) વર્ધમાન છે.

પ્ર : ૨૨ વૈમાનિક દેવલોકમાં કેટલાં જિનબિંબ છે ?

ઉ : ૨૨ વૈમાનિક દેવલોકમાં એક અબજ, બાવન કરોડ ચોરાણુ લાખ, ચુમ્માલીશ હજાર, સાતસો સાઈઠ શાશ્વત જિનબિંબ છે.

[સંખ્યા : ૧, ૫૨, ૯૪, ૪૪, ૭૬૦ જિનબિંબ વૈમાનિક દેવલોકમાં છે]

પ્ર : ૨૩ તીર્છાલોકમાં શાશ્વત જિનબિંબો કેટલાં છે ?

ઉ : ૨૩ તીર્છાલોકમાં ત્રણ લાખ, એકાણું હજાર, ત્રણસો વીસ શાશ્વત જિનબિંબો (જ્યોતિષ દેવલોક સિવાય) રહેલાં છે. [સંખ્યા : ૩,૯૧,૩૨૦ શાશ્વત જિનબિંબ]

પ્ર : ૨૪ ભવનપતિ દેવલોકમાં કેટલાં શાશ્વત જિનબિંબો આવેલા છે ?

ઉ : ૨૪ ભવનપતિ દેવલોકમાં કુલ ૭,૭૨,૦૦,૦૦૦ ભવનો છે. દરેક ભવનમાં એક એક શાશ્વત જિનાલય છે તથા દરેક જિનાલયમાં ૧૮૦ પ્રતિમા (જિનબિંબો) છે. એ રીતે ગણતા ભવનપતિ દેવલોકમાં કુલ ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ જિનબિંબો છે.

પ્ર : ૨૫ જ્યોતિષ દેવલોકમાં કેટલા શાશ્વત જિનબિંબો છે ?

ઉ : ૨૫ જ્યોતિષ દેવલોકમાં અસંખ્ય શાશ્વત જિનબિંબો સદાકાળ બિરાજમાન છે.

પ્ર : ૨૬ ચૌદ લોકમાં કુલ કેટલાં શાશ્વત જિનબિંબો છે ?

ઉ : ૨૬ પંદર અબજ, બેતાલીસ કરોડ, અઠ્ઠાવન લાખ, છત્રીસ હજાર એંસી શાશ્વત જિનબિંબો છે.

પ્ર : ૨૭ ચૈત્ય શબ્દનો અર્થ શો ?

ઉ : ૨૭ ચૈત્ય શબ્દનો અર્થ જિનાલય અને જિનબિંબ એમ બંન્ને થાય છે. પરંતુ વ્યાકરણની દૃષ્ટિએ ચૈત્યનો અર્થ અરિહંતની પ્રતિમા એવો થાય છે. પ્રચલીત માન્યતા મુજબ ચૈત્ય નો અર્થ દેરાસર થાય જે વધારે પ્રસિદ્ધ છે.

પ્ર : ૨૮ પાંચ પ્રકારના ચૈત્યો કયા કયા ગણાય ?

ઉ : ૨૮ (૧) **ભક્તિ ચૈત્ય :** ગૃહસ્થે પોતાના ઘરમાં જ ત્રિકાળ જિન પૂજા માટે બનાવેલ ઘર દેરાસરને ભક્તિ ચૈત્ય કહેવાય છે.

(૨) **મંગલ ચૈત્ય :** ગૃહસ્થે પોતાના ઘરના દરવાજા ઉપર ઓતરંગમાં જે જિન મૂર્તિ કોતરાવી હોય તેને મંગલ ચૈત્ય કહેવાય છે. પહેલાંના કાળમાં દરેક શ્રાવકના ઘરની બહાર બાર શાખમાં જિનમૂર્તિ અવશ્ય રહેતી.

(૩) **નિશ્રાકૃત ચૈત્ય :** જ્યાં કોઈ એક જ ગચ્છના આરાધકો દર્શન, પૂજા, પ્રતિષ્ઠા, દીક્ષા મહોત્સવ આદિ કરતા હોય તેને નિશ્રાકૃત ચૈત્ય કહેવાય છે.

(૪) **અનિશ્રાકૃત ચૈત્ય :** જ્યાં બધાજ ગચ્છના આરાધકો દર્શન પૂજાદિ કાર્યો કરતા હોય તેને અનિશ્રાકૃત ચૈત્ય કહેવાય છે.

(૫) **શાશ્વત ચૈત્ય :** જે જિનાલયો કયારેય નાશ નથી પામવાનાં એવા દેવલોકના સિદ્ધાયતોને, મેરુ શિખર અને નંદીશ્વર દ્વીપ આદિ સ્થળે આવેલાં જિંનાલયોને શાશ્વત ચૈત્ય કહેવાય છે.

પ્ર : ૨૯ ત્રણેય લોકમાં શાશ્વતા દેરાસરો (જિનાલયો) કેટલાં ?

ઉ : ૨૯ આઠ કરોડ સત્તાવન લાખ બસો બ્યાસી (૮,૫૭,૦૦,૨૮૨)

પ્ર : ૩૦ અઢી દ્વીપમાં શાશ્વત જિનાલયો કેટલા ?

ઉ : ૩૦ જંબૂદ્વીપમાં ૬૩૫, ધાતકી ખંડમાં ૧૨૭૦, અર્ધ પુષ્કરવર દ્વીપમાં ૧૨૭૦ અને ચાર ઈષુકારપર્વતે ૪ એમ કુલ મળીને ૩૧૭૯ શાશ્વત જિનાલયો અઢી દ્વીપમાં આવેલા છે.

પ્ર : ૩૧ અઢી દ્વીપની બહાર કેટલા જિનાલયો આવેલા છે ?

ઉ : ૩૧ આઠમાં નંદીશ્વર દ્વીપમાં બાવન જિનાલયો, તેરમાં કુંડલ દ્વીપમાં ચાર જિનાલયો, અને એકવીસમાં રૂચકદ્વીપમાં ચાર જિનાલયો એમ કુલ મળી સાઈઠ જિનાલયો અઢી દ્વીપની બહાર આવેલા ગણાય છે.

પ્ર : ૩૨ દેરાસરની અંદર મોટી આશાતનાઓ કઈ અને કેટલા પ્રકારની છે ?

ઉ : ૩૨ જિનભવનતણી જઘન્ય ૧૦, મધ્યમ ૪૦ અને ઉતકૃષ્ટ ૮૪ આશાતનાઓ છે.

નવમુ પ્રકરણ
ધંધો, ધણી-ધણીયાણી

પ્ર : ૧ ધંધો એટલે શું ?

ઉ : ૧ ધંધો એ તો એક પ્રકારની જેલ છે, એ જેલમાં બેસીને પૈસા કમાવવા. આ કાળમાં ધંધા બધા એવા છે કે એક મિનિટ નવરાશ મળે નહીં અને આખો દહાડો મગજમારી, ભલે પૈસા કમાતો હોય પણ અધ્યાત્મનું કામ કશું થાય નહિ. ધંધાનો સાચો અર્થ ધન ને ધો અર્થાત્ તારી પાસે જે કંઈ ધન આવ્યું તે પારકાના સુખ માટે ખર્ચીને ધનને ધો. ધનને ધોવાનું એટલે કે પરોપકારાર્થે વાપરવું.

પ્ર : ૨ ધંધો કયો સારો કહેવાય ?

ઉ : ૨ જે ધંધામાં હિંસા ના સમાતી હોય અને કોઈને આપણા ધંધાથી દુઃખ ના થાય તે ધંધો સારો દા. ત. હીરા, માણેક, સોનાં-ચાંદીનો.

પ્ર : ૩ જેમાં ઓછામાં ઓછી હિંસા હોય તેવો ધંધો કયો ?

ઉ : ૩ (૧) હીરા-માણેકનો (૨) સોના-ચાંદીનો (૩) સ્ટીલના વાસણોનો

પ્ર : ૪ સૌથી વધારે હિંસા હોય એવો ધંધો કયો ?

ઉ : ૪ (૧) કસાઈનો - જે ઘેટાં બકરા, કૂકડા-મરઘા કાપે છે તે.
(૨) કુંભારનો - જે નિભાડામાં સળગાવે છે તે.
(૩) કરિયાણાનો - જે જીવડા પણ વસ્તુ સાથે વેચે છે.

પ્ર : ૫ હલકી જાતનો ધંધો કોને કહેવાય ?

ઉ : ૫ પાન-બીડી, દૂધનો વેપાર. એ બધા ધંધા હલકી જાતના કહેવાય.

પ્ર : ૬ ધંધા માટે લાયક કોણ ?

ઉ : ૬ જે વ્યક્તિ ત્રણ કલાક એક સ્થાન પર સ્થિર બેસી શકે તો એ વ્યક્તિ ધંધા માટે લાયક ગણાય.

પ્ર : ૭ ધંધા માટે ભગવાને શું કહ્યું હતું ?

ઉ : ૭ નીતિ, નિયમ અને પ્રમાણિકતાથી વેપાર કરજે, પછી જે થાય તે ખરું પણ હિસાબ ના માંડીશ.

પ્ર : ૮ ધંધામાં શું ધ્યાન રાખવું ?

ઉ : ૮ બધા જે ટાઈમે દુકાન ખોલતા હોય તે ટાઈમે આપણે દુકાન ખોલવાની, બધા જે ટાઈમે બંધ કરતા હોય તે ટાઈમે આપણે બંધ કરવાની. ઘરાક આવે તો શાંતિથી પ્રેમથી તેને માલ આપવાનો અને ઘરાક ના હોય ત્યારે ભગવાનનું નામ લેવાનું. પ્રમાણિકતાથી વેપાર કરવાનો. બધો હિસાબ નક્કી જ છે જે ઘરાક આપણે ત્યાં આવવાનો છે તે આવવાનો જ છે. માણસે કમાણીની બહું ઉતાવળ ના કરવી. લક્ષ્મી સહજભાવે ભેગી થતી હોય તો થવા દેવી પણ આર્તધ્યાન અને નોકરો પ્રત્યે રૌદ્રધ્યાન ના કરવું. નોકરો વેર બાંધે જે આપણા અનંત જન્મો બગાડી નાંખે. બહુ મોટું કારખાનું હોય તો બે સીફ્ટ (બે પાળી) ચલાવવી. તમે ભાવ અઢારને બદલે સાડા અઢાર લો પણ માપ-તોલમાં ઓછું ના આપવું. કપડું ખેંચીને ના આપવું માપ-તોલમાં ઓછું આપ્યુ ને તો અહીંથી ચાર પગવાળા જાનવર થવું પડશે. ઘરાકની બાબતમાં નિશ્ચિત રહેજો એની ગેરંટી મારી.

પ્ર : ૯ કયા ત્રણ વાક્યો દુકાનમાં લગાડવાં ?

ઉ : ૯ (૧) પ્રાપ્તને ભોગવો - અપ્રાપ્તની ચિંતા ના કરશો.
(૨) ભોગવે તેની ભૂલ.
(૩) ડીસ ઓનેસ્ટી ઈઝ ધ બેસ્ટ ફુલિસનેસ.

પ્ર : ૧૦ ધંધામાં કેટલો ટાઈમ ગાળવો ?

ઉ : ૧૦ ધંધામાં આઠ કે દસ કલાક રાખવાના વધુ જરૂર જણાય તો બે પાળી રાખવી. ત્રણ પાળી એ ધનચક્કર પણું કહેવાય. ઘરનાં બધાએ ભેગાં મળી નક્કી કરવું કે પંદર લાખ ભેગા કર્યા પછી આપણે વધારે કંઈ જોઈતું નથી. ધંધો એટલો કરવો કે ખાતી વખતે ચિત્ત કારખાને ના જવું જોઈએ.

પ્ર : ૧૧ કોની સાથે ખરીદ-વેચાણનો વ્યવહાર ન કરવો ?

ઉ : ૧૧ સટોડિયા, જુગારી, નટ, ધુતારા, વેશ્યા, કલાલ, કસાઈ, માંછીમાર, પારધી, વાઘરી, અને રાજદ્રોહી વગેરે સાથે ખરીદ-વેચાણનો વ્યવહાર કે વ્યવસાય કરવો નહીં.

પ્ર : ૧૨ ધંધો કેટલો વધારવો જોઈએ ?

ઉ : ૧૨ ખાતી-પીતી વખતે ચિત્ત કારખાને ના જતું હોય તો તે કારખાનું બરોબર છે. નોર્માલિટી સમજીને ધંધો વધારવો. ધંધો એટલો કરવો કે નિરાંતે ઊંઘ

આવે અને આપણે ખસેડવા ધારીએ ત્યારે એ ખસેડી શકાય એવો હોવો જોઈએ. જે આવતી ના હોય તે ઉપાધિને બોલાવવાની નહીં.

પ્ર : ૧૩ ધંધામાં કેવી ગોઠવણી કરવી ?

ઉ : ૧૩ આપણે લોકસંજ્ઞાથી વિરૂદ્ધ ચાલવું. લોકો ખોળે નફો તો આપણે કહીએ ખોટ હોજો. અને ખોટ ખોળનારને કોઈ દહાડો ચિંતા ના આવે. નફો ખોળનાર કાયમ ચિંતામા જ હોય અને ખોટ ખોળનારને કોઈ દહાડો ચિંતા જ ન આવે, તેની અમે ગેરંટી આપીએ છીએ. અમે ધંધામાં શું કરતા કે જ્યાં પાંચ લાખ નફો મળે એવું હોય ત્યાં પહેલેથી નક્કી કરું કે લાખેક રૂપિયાનો નફો મળે તો બસ છે. નહીં તો છેવટે સરભર થઈ રહે અને ઈન્કમટેક્ષનું નીકળશે. પછી મળ્યા હોય ત્રણ લાખ તે પછી જો મનમાં આનંદ રહે કારણ કે ધાર્યા કરતાં બહુ પૈસા મળ્યા. આ તો ચાલીસ હજારનો નફો માનેલો અને વીસ હજાર મળે તો દુઃખી થઈ જાય. એટલે રીત જ જીવન જીવવાની ગાંડી છે, જો ખોટ જ નક્કી કરે તો એના જેવો એકેય સુખિયો નહીં. પછી ખોટ જ નહીં આવવાની જિંદગીમાય, કારણ કે ખોટનો જ ઉપાસક છું એવું કહે તો આખી જિંદગી ખોટ પછી આવવાની જ નહીં. ધંધો એ તો બાય પ્રોડક્ટ છે, ધંધો એ કંઈ મુખ્ય વસ્તુ નથી.

પ્ર : ૧૪ હિંસાવાળો ધંધો કેમ ભેગો થાય છે ?

ઉ : ૧૪ બહુ પાપ કર્યાં હોય ત્યારે હિંસાવાળો ધંધો હાથમાં આવે. જંતુનાશક દવાઓનો, કસાઈનો, કરિયાણાનો, આ હિંસક ધંધામાંથી છૂટી જવાય તો ઉત્તમ કહેવાય. બીજા ઘણા ધંધાઓ હોય છે. હિંસક ધંધાઓવાળાની ગતિ સારી ના થાય અમે ચોખ્ખું ના બોલીએ આટલું ટૂંકુ બોલીએ.

પ્ર : ૧૫ વ્યાપારમાં કયા ચાર નિયમ અવશ્ય પાળવા ?

ઉ : ૧૫ વ્યાપારમાં નીચેના ચાર નિયમ અવશ્ય પાળવા.

(૧) ગાહક સાથે સત્ય, હિત, પ્રિય અને મિત બોલવું. સાચું કહેવું કે આ માલ આટલાનો મે ખરીદ્યો છે. તેમાં મારો આટલો નફો છે ટૂંકમાં એને પ્રિય લાગે તેમ બોલવું.

(૨) કોઈને છેતરવા-ઠગવા નહિ. જે માલ બતાડયો હોય તે જ આપવો તેનાથી હલકી જાતનો માલ ન આપવો. તોલ-માપ ખોટાં ના વાપરવાં. ભેળસેળ ન કરવી.

(૩) અન્ય વેપારીની ચાડી-ચુંગલી ન ખાવી.

(૪) સદ્‌ભાવ અને મૈત્રીપૂર્ણ વ્યવહાર રાખવો. કોઈ ગમે તેટલો માલ જુવે, વારંવાર ભાવ-તાલ પૂછે. પરિશ્રમ કરાવે અને છતાં કંઈ પણ ખરીદ ના કરે તો પણ તેના પ્રત્યે અભાવ તિરસ્કાર ન થવો જોઈએ.

પ્ર : ૧૬ ધંધામાં નોર્માલિટી કોને કહેવાય ?

ઉ : ૧૬ બજારમાં બધાં દુકાનો ખોલે ત્યારે આપણે ખોલવી અને બધા બંધ કરે ત્યારે બંધ કરવી એનું નામ નોર્માલિટી. ધંધા માટે વિચાર અડધો કલાકથી વધારે થાય ને એટલે આગળ વિચાર કરવાના બંધ કરી દેવાના, એથી આગળ ગયો તે મર્યો. પ્રમાણિકતાથી ધંધો કરવો, ઘરાકની ક્યારેય રાહ ના જોવી, ઘરાક સાથે સત્ય, હિત, મિત અને પ્રિય વ્યવહાર હોવો ઘટે. ઘરાક ના આવે ત્યાં સુધી ભગવાનનું નામ લેવું.

પ્ર : ૧૭ ધંધામાં શું ફાયદો કરાવે અને શું નુકશાન કરાવે ?

ઉ : ૧૭ ધંધામાં બુદ્ધિ ફાયદો કરાવે, કમાણી કરાવે અને અહંકાર તથા ઘમંડથી નુકશાન થાય-ખોટ આવે.

પ્ર : ૧૮ વેપાર કોને કહેવાય ?

ઉ : ૧૮ જે વેપારમાં ધર્મ હોય તેને જ વેપાર કહેવાય.

પ્ર : ૧૯ ધર્મમાં વેપાર પેસે એનું ફળ શું ?

ઉ : ૧૯ ધર્મમાં વેપાર પેસે તેને તો ઉચ્છેદીયુ થશે. ઉચ્છેદીયું છોકરા એકલાંનું નહીં પણ પથરાનો અવતાર આવે અને લાખો વર્ષ સુધી ડુંગર થઈને પડી રહેવું પડે.

પ્ર : ૨૦ શેઠ કોને કહેવાય ?

ઉ : ૨૦ શેઠ એનું નામ કહેવાય કે કોઈનેય વઢે નહીં. ખરો શેઠ તો કોઈનેય વઢે જ નહીં. શેઠ તો કેવા ઠંડા દેખાય કે તેમને જોઈને જ લોકો ખુશ થઈ જાય. શેઠ આવે ને તો આખું વાતાવરણ જ ઠંડુ થઈ જાય. વઢવાની જરૂર જે કામમા પડતી હોય તો એક મેનેજર કે વચ્ચે કોઈને રાખવો પણ પોતે તો શેઠ એટલે શેઠ જ દેખાવા જોઈએ. વઢવાની જરૂર પડે તો વઢનારી એજન્સી વઢે પણ શેઠ તો વઢે જ નહીં અને શેઠ તો બંન્નેનું સમાધાન કરી આપે. મજૂરોના લોહી ચૂસવાની પદ્ધતિ જ ન રાખે તો તમને કોઈ કશું નામ નહીં દે અરે ભયંકર કળિયુગમા પણ તમારું નામ દેનાર નથી.

પ્ર : ૨૧ વેપારીઓ વજનમાં ઓછું આપે છે તેનુ ફળ ક્યારે આવવાનું ?

ઉ : ૨૧ દરેક ફળ બાર માસમાં આવી જ જાય.

પ્ર : ૨૨ કોને નાણાં ધીરવા નહિ ! આપવા તો કેવી રીતે આપવાં ?

ઉ : ૨૨ નીતિશાસ્ત્રમા કહ્યું છે કે બ્રાહ્મણ અને શસ્ત્રધારી સાથે ડાહ્યા માણસે કદી પૈસાનો વ્યવહાર રાખવો નહી. બ્રાહ્મણ પાસે પૈસાની સગવડ ભાગ્યે જ થાય. અને શસ્ત્રધારીને બગડતાં વાર નહીં. કેટલાક સારા માણસોની સાક્ષી વિના કે સોના-ચાંદીનાં ઘરેણા આદિ રાખ્યા વિના દ્રવ્ય-નાંણા કદી કોઈને અપાય જ નહીં.

પ્ર : ૨૩ પુરુષ કોને કહેવાય ?

ઉ : ૨૩ દર્શન માત્રથી સામો સુધરી જાય તેનું નામ પુરુષ કહેવાય. પ્રકૃતિને જોયા કરે એનું નામ પુરુષ. મોઢું ચઢાવીને ના ફરે તે પુરુષ. શાસ્ત્રની પરીભાષામાં ક્રોધ અને માનના અધિક પરમાણુનું બનેલુ પૂતળું તે પુરુષ.

પ્ર : ૨૪ સ્ત્રી શું છે ?

ઉ : ૨૪ સ્ત્રી એ અધિકતમ માયા અને લોભના પરમાણુઓનું બનેલું પૂતળુ. એકાકાર મન હોય તેનું નામ સ્ત્રી. સ્ત્રી તો કળિયુગમા ફસાવનાર હેલ્પર છે.

પ્ર : ૨૫ સ્ત્રીને માથે કયાં પાંચ પાપ હોય છે ?

ઉ : ૨૫ (૧) ઘંટી (૨) ખાંડણિયો (૩) સાવરણી (૪) પાણિયારું (૫) ચૂલો.

પ્ર : ૨૬ સ્ત્રીને કઈ ત્રણ પાંખો હોય છે ?

ઉ : ૨૬ (૧) મોહ (૨) કપટ (૩) ઈર્ષા.

પ્ર : ૨૭ સ્ત્રીઓમાં કઈ ત્રણ સહજતા હોય છે ?

ઉ : ૨૭ સ્ત્રીઓમાં અજ્ઞાન સહજતા, સમજણની સહજતા અને જ્ઞાન સહજતા હોય છે.

પ્ર : ૨૮ સ્ત્રીઓએ કાન શાથી કોંચાવવા જોઈએ ?

ઉ : ૨૮ સ્ત્રીઓનાં કાન કોંચાવવાથી સ્ત્રીઓના ઘણાં ખરા રોગ જતા રહે છે માટે સ્ત્રીઓએ કાન કોંચાવવા જોઈએ.

પ્ર : ૨૯ લગ્ન એટલે શું ?

ઉ : ૨૯ લગ્ન એટલે એક અભિપ્રાય. મન, વચન, કાયાએ એક જ લગની તેનુ નામ લગ્ન. બધી જ બાબતમાં અભિપ્રાય એક હોય તેનું નામ લગ્ન. જેની મન, વચન, કાયાની લગની લાગે તેનું નામ લગ્ન. જે લગન લગાડે માર માર કરે તો પણ લગની નાં છૂટે તે લગ્ન. લગ્ન એટલે અર્પણ

બુદ્ધિ એમાં જુદાઈ ના હોય. ફરી ક્યારેય મતભેદ ના પડે એનું નામ લગ્ન. એક જ આત્મા હોય તેનું નામ લગ્ન. સંસાર એ પ્રત્યક્ષ બંધન સ્વરૂપે છે એવું અનુભવવાનું સાધન તે લગ્ન.

પ્ર : ૩૦ પત્નીનો રંગ ગોરો સારો કે ઘઉંવર્ણો સારો ?

ઉ : ૩૦ સ્ત્રી - પત્નીનો રંગ ઘઉંવર્ણો ઉત્તમ. ઉજળો-ગોરો રંગવાળી સ્ત્રી મોહિત વિશેષ હોય. ચામડી ગોરી ના જોઈશ માત્ર સંસ્કાર અને ચારિત્ર જોઈ પસંદ કરીશ.

પ્ર : ૩૧ લગ્નપ્રસંગ એટલે શું?

ઉ : ૩૧ લગ્નપ્રસંગ એટલે સ્ત્રીઓનુ મોહ બજાર અને પુરુષોનું માનબજાર

પ્ર : ૩૨ લગ્ન અંગે પહેલાંના સમયમાં કેવી ગોઠવણ હતી ?

ઉ : ૩૨ લગ્ન અંગે પહેલાના સમયમાં ૧૨ માઈલની અંદરના વિસ્તારમાંથી વાઈફ પસંદ કરતા અથવા વધારેમાં વધારે પોતાના મૂળ ગામની આજુબાજુના વીસ માઈલની અંદરના વિસ્તારમાં આવેલ ગામમાંથી પસંદ કરતા.

પ્ર : ૩૩ ધણી કોને કહેવાય ?

ઉ : ૩૩ જે લગની લગાડે તે ધણી. ધણી તો તેનું નામ કહેવાય કે સ્ત્રીને સામુ થવાનો ક્યારેય વારો ના આવે. પોતાની બૈરી વખાણે તે ધણી કહેવાય. સ્ત્રી સાથે ક્યારેય પણ લઢવાડ ન થાય તે જુએ તે ધણી. 'મિનિટેય' ભાંજગડ ના પડે તેનું નામ ધણી.

પ્ર : ૩૪ વર તત્વ એટલે શું ?

ઉ : ૩૪ વર તત્ત્વ એટલે વખાણવા લાયક ઊંચુ તત્ત્વ.

પ્ર : ૩૫ હસબંડ કોને કહેવાય ?

ઉ : ૩૫ હસબંડ એટલે વાઈફની યે વાઈફ. આ તો બધા હસબંડ થઈને બેઠા છે. અને વાઈફ જોડે પોલીસવાળા જેવુ વર્તન રાખે છે.

પ્ર : ૩૬ ધણિયાણી કોને કહેવાય ?

ઉ : ૩૬ ધણીએ આણેલી તે ધણિયાણી.

પ્ર : ૩૭ સતી કોને કહેવાય ?

ઉ : ૩૭ સંસારનાં બધાં જ દુઃખો જે કંઈ પણ આવે તે મન બગાડ્યા વગર હસતે મોઢે સહન કરે તે સતી.

પ્ર : ૩૮ બબુચક કોને કહેવાય ?

ઉ : ૩૮ પોતાની પત્નીને અક્કલ કે સમજ વગરની કહેનાર ને બબુચક કહેવાય.

પ્ર : ૩૯ સ્ત્રી અને પુરૂષ અથડાઈ કેમ પડે છે ?

ઉ : ૩૯ સ્ત્રીઓ બુદ્ધિથી ચાલે છે અને પુરૂષો મનથી ચાલે છે એટલે અથડાઈ પડે છે પરંતુ જે પુરુષ બુદ્ધિથી ચાલે છે તે અથડાતો નથી.

પ્ર : ૪૦ ઘરમાં પત્ની સાથે વઢવાડ થાય પછી શું કરવું ?

ઉ : ૪૦ વઢવાડ થાય પછી થોડીવાર પછી તેની પાસે જઈને કહેવું "ગમે તેમ હોય તુ ગમે તે બોલે પણ તારા વગર મને ગમતું નથી" એમ ધીરે રહીને બોલીએ એટલે એ ખુશ થઈ જાય.

પ્ર : ૪૧ સ્ત્રીનું ડિપાર્ટમેન્ટ કયું ? શેમાં શેમાં પુરુષોએ હાથ ન ઘાલવો?

ઉ : ૪૧ ખાવાનું શું કરવું, ઘર કેમ ચલાવવું તે બધુ સ્ત્રીનું ડિપાર્ટમેન્ટ છે. ઘઊં ક્યાંથી લાવે છે ક્યાંથી નથી લાવતી તે આપણે જાણવાની શી જરૂર ? એ જો આપણને કહેતી હોય કે ઘઊં લાવવામાં અડચણ પડે છે તો એ વાત જુદી છે. પણ આપણને એ કહેતી ન હોય રેશન બતાવતી ન હોય તો આપણે એ ડિપાર્ટમેન્ટમાં હાથ ઘાલવાની જરૂર જ શી ? આજે દૂધપાક કરજો, આજે જલેબી કરજો એય આપણે કહેવાની જરૂર શી ? ટાઈમ આવશે ત્યારે એ મુકશે. એમનું ડિપાર્ટમેન્ટ એ એમનું સ્વતંત્ર. વખતે બહુ ઈચ્છા થઈ હોય તો કહેવું કે આજે કંઈ લાડુ બનાવજે કહેવા માટે ના નથી કહેતો પણ બીજી આડી અવળી અમથી બૂમાબૂમ કરે કે કઢી ખારી થઈ તે બધું ગમ વગરનું છે. એમના રસોડા ડિપાર્ટમેન્ટમાં પુરુષોએ હાથ ના ઘાલવો જોઈએ.

પ્ર : ૪૨ સ્ત્રીએ પુરુષની કઈ બાબતમા હાથ ના ઘાલવો ?

ઉ : ૪૨ પુરુષની કોઈ બાબતમાં ડખો જ ના કરવો. દુકાનમાં કેટલો માલ આવ્યો? કેટલો ગયો ? આજે મોડા કેમ આવ્યા ? ધંધાની બાબતમા તથા પૈસા કેટલા કમાવો છો વગેરે બાબતમાં હાથ ના ઘાલવો.

પ્ર : ૪૩ સ્ત્રીને કામ બતાવીએ અને બહાના બતાવે કે હું થાકી ગઈ માથુ દુઃખે છે કેડો દુઃખે છે આવું નાટક કરે તો તેનો ઉપાય શું ?

ઉ : ૪૩ એવું છે ને કે આપણે તેને સવારથી જ કહીએ કે જો તારાથી કામ નહી થાય, તુ થાકી ગયેલી છું ત્યારે એને પાણી ચઢશે કે ના તમે બેસી રહો છાનામાના હું કરી લઈશ એટલે આપણે કળથી કામ લેતાં આવડવું જોઈએ. આ શાક સમારવામાં ય કળ ના હોય ને તો અહીં લોહી નીકળેલું હોય.

પ્ર : ૪૪ આપણે ઝઘડો ના કરવો હોય આપણે કોઈ દહાડો ઝઘડો જ ના કરતા હોઈએ છતાં ઘરમા બધાં ઝઘડા સામેથી રોજ કર્યા કરે તો ત્યાં શું કરવું?

ઉ : ૪૪ આપણે ઝઘડાપ્રુફ થઈ જવું. ઝઘડાપ્રુફ થઈએ તો જ આ સંસારમાં રહેવાશે. અમે તમને ઝગડાપ્રુફ કરી આપીશું. ઝઘડો કરનારોય કંટાળી જાય એવું આપણું સ્વરૂપ હોવું જોઈએ. કોઈ વર્લ્ડમાં ય આપણને ડિપ્રેસ ના કરી શકે એવું થવું જોઈએ. પૂર્વે જે ઝઘડા કરેલા તેનાં વેર બંધાય છે અને તે આજે ઝઘડા રૂપે ચૂકવાય છે. આપણે સમભાવે નિકાલ કર્યા કરવો. ઘરનાં માણસોનાં ખૂબ ખૂબ પ્રતિક્રમણ કરવાં.

પ્ર : ૪૫ પતિ પ્રત્યે પત્નીની (સ્ત્રીની) ફરજ શું એ સમજાવો ?

ઉ : ૪૫ સ્ત્રીએ હંમેશા પતિને સિન્સિયર રહેવુ જોઈએ. પતિએ પત્નીને કહેવુ જોઈએ કે "તમે સિન્સિયર નહી રહો તો મારું મગજ બગડી જશે". સ્ત્રીને માત્ર ચેતવણી આપવી જોઈએ, ચેતવવાની હોય પણ દબાણ ના કરાય કે તમે સિન્સિયર રહો. સિન્સિયર એટલે રાત-દિવસ તેમને તકલીફ ના પડે તેનુ ધ્યાન રાખવું તો જ સંસાર સારો ચાલે.

પ્ર : ૪૬ પત્નીએ કપાળમાં ચાંદલો કેમ કરવાનો ?

ઉ : ૪૬ કપાળમાં બે ભ્રૂકુટીની વચ્ચે મનનું સ્થાન છે. તે એક પતિમાં મન એકાગ્ર રહે એટલે ચાંદલો કરવાનો.

પ્ર : ૪૭ ધણી થતાં આવડ્યું ક્યારે કહેવાય ?

ઉ : ૪૭ બાઈનો ધણી થતાં આવડ્યું ત્યારે કહેવાય કે બાઈ નિરંતર પૂજ્યતા અનુભવતી હોય.

પ્ર : ૪૮ પરણવાની કિંમત ક્યારે હોત ?

ઉ : ૪૮ હજારો માણસોમાં એકાદ જણને પરણવાનું મળતું હોત તો ! આ તો બધાં જ પરણે એમા શું ?

પ્ર : ૪૯ પતી પત્નીનાં દામ્પત્ય જીવનની સફળતાનું રહસ્ય શું ?

ઉ : ૪૯ પતી પત્ની બંનેને ક્યારેય કોઇ પણ સંજોગોમાં એકબીજા પ્રત્યે અભાવ, શંકા-કુશંકા ઉત્પન્ન ન થાય અને બંનેનું મન જાણે એક જ હોય એવો અતૂટ આત્મવિશ્વાસ બંનેના હૃદયમાં સ્થિર થયેલો હોય અને બંને જણા દેહ જુદા હોવા છતાંય જાણે એક જ આત્મા હોય તેવું બંનેનું વર્તન અને નિઃસ્વાર્થ પ્રેમ હોય ત્યારે જ દામ્પત્ય જીવનની સફળતા ગણાય.

દસમુ પ્રકરણ
નિંદા

પ્ર : ૧ નિંદા એટલે શું ? તેનુ ફળ શું ?

ઉ : ૧ સામાને માટે કંઈપણ એનું નુકસાન થાય એવું વાક્ય બોલવું અગર તો એને ખરાબ લાગે એવું વાક્ય બોલવું એ બધું નિંદા જ કહેવાય. જે વાક્યથી સામેની વ્યક્તિ નાખુશ થઈ જાય તે બધી જ નિંદા કહેવાય. નિંદા તો હિંસકભાવ છે, તેની પાછળ હિંસકભાવ છે. વ્યક્તિગત વાત કરવી એ તો નિંદા કહેવાય. એ માણસ સારા નથી એવી વાત કરવી એ નિંદા કહેવાય. નિંદા એ તો અધોગતિમાં જવાની નિશાની છે. નિંદા કરો એટલે તમારે ખાતે ઉધાર થયુ અને પેલાને ખાતે જમા થયું. નિંદા એ તો પાપ જ છે. નિંદા કરવી એ માણસને માર્યા બરોબર છે. નિંદા કરવાથી લક્ષ્મી ટકે નહીં, લક્ષ્મી જતી રહે. જબરજસ્ત નુકસાન જો કદી આ જગતમાં હોય તો તે નિંદા કરવામાં છે. માટે ક્યારેય કોઈની નિંદામાં પડશો નહી. નિંદા એ વિરાધના ગણાય. એ અવર્ણવાદ જેવું છે.

પ્ર : ૨ નિંદા અને તિરસ્કાર ક્યારે બંધ થાય ?

ઉ : ૨ લોભ વધે એટલે નિંદા અને તિરસ્કાર બેઉ બંધ થઈ જાય.

પ્ર : ૩ દેશના જીવનધોરણનો આધાર શું ?

ઉ : ૩ જે દેશનું જીવનધોરણ વધે તે દેશમાં નિંદા ઘટી જાય. આખા અમેરિકાની નિંદા ભેગી કરે ત્યારે અહીંના (ભારતના) એક માણસની એક કલાકની નિંદા જેટલી થાય. જ્યાં નિંદા નહીં ત્યાં લક્ષ્મી હોય.

પ્ર : ૪ એક કલાકની નિંદાનું ફળ શું ?

ઉ : ૪ એક કલાકની નિંદામાં આઠ પશુઓનું આયુષ્ય મનુષ્ય બાંધે છે.

અગિયારમું પ્રકરણ

પ્રકૃતિ, પાપ, પુણ્ય, પ્રેમ, પાશવતા, પૈસાનો વ્યવહાર, પ્રમાદ, પૂંજા, પ્રેતયોનિ.

પ્ર : ૧ પ્રકૃતિ એટલે શું ? પ્રકૃતિનું સ્વરૂપ શું ?

ઉ : ૧ પ્રકૃતિ (પ્ર+કૃતિ) પ્ર એટલે વિશેષ અને કૃતિ એટલે કરેલું. સ્વાભાવિક કરેલી વસ્તુ નહીં પણ વિભાવમાં જઇને વિશેષે કરીને કરેલી વસ્તુ તે પ્રકૃતિ. પ્રકૃતિ એટલે આરોપણ કરીને પૂતળું બનાવેલું તે. પ્રકૃતિ એટલે આપણે ના ઇચ્છા હોય તોય કરવું પડે તે. આદત, ટેવ અને સ્વભાવ આ ત્રણનું મિશ્રણ તે જ પ્રકૃતિ. આત્મા સિવાય બીજી બધી પ્રકૃતિ જ છે. પ્રકૃતિ એટલે આત્માના અજ્ઞાન ભાવથી જે ઊભી થાય તે. "હુ રતિભાઇ છું " એ આરોપિત ભાવ એ પ્રકૃતિ. પ્રકૃતિ એટલે પોતાના સ્વભાવની અજાગૃતિ અને ભ્રાંતિ. પ્રકૃતિ એટલે પરિણામ. પ્રકૃતિ તે તો સ્ત્રી છે. પ્રકૃતિ એ ભમરડા સ્વરૂપ છે. પ્રકૃતિ એટલે ભમરડો. દોરીથી વીંટીએ ત્યાં સુધી સર્જન કહેવાય અને પછી ભમરડો ફેકાંય અને ફરે તે પ્રકૃતિ. પ્રકૃતિ એ રિલેટિવ રિયલ છે. એકઝેક્ટ રિયલ નથી. આ વિનાશી રિયલ છે. પ્રકૃતિ એટલે મિક્ક્ષચર સ્વરૂપે છે. એ સ્વતંત્ર કોઇ વસ્તુ નથી પ્રકૃતિ તો વિનાશી છે. પ્રકૃતિ નિશ્ચેતન-ચેતન એટલે ડિસ્ચાર્જ ચેતન છે. પ્રકૃતિ પૂરન-ગલન સ્વભાવની છે માટે પ્રકૃતિ એ પુદ્ગલ છે.

પ્રકૃતિ એટલે કુદરત. પરિણામ પામે એ પ્રકૃતિ કહેવાય. હાઇડ્રોજનના બે પરમાણું અને ઓક્સિજનનો એક પરમાણુ જુદાં હોય ત્યારે તે કુદરત કહેવાય અને બે ભેગા થયા અને પાણી થઇ ગયું એ પ્રકૃતિ કહેવાય. આપણા શરીરનું બંધારણ થઇ ગયું- પાંચ ધાતુનો મેળાપ થઇને એ પ્રકૃતિ ગણાય, અને જ્યારે જુદી જુદી ધાતુ હોય - અગ્નિ, તેજ, આકાશ, જળ, વાયુ તેને કુદરત કહેવાય. આ પાંચેય ભેગું થઇ ગયું અને આ શરીર બન્યું તે પ્રકૃતિ કહેવાય. પ્રકૃતિમાં કરનાર જોઇએ અને કુદરતમાં કરનાર નહિ. કુદરત એ જ કુદરતી રચના છે.

મન, વનચ, કાયા એ પ્રકૃતિના ત્રણ ભાગ છે. આખુ જગત પ્રકૃતિથી જ પ્રકૃતિને ઓળખવા જાય છે માટે ગુંચાય છે. પુરુષ થઈને પ્રકૃતિને ઓળખવાની છે તો જ પ્રકૃતિના પરમાણુએ પરમાણુ ઓળખાય. પ્રકૃતિની પૂંજાનુ ફળ સંસાર છે.

પ્ર : ૨ પ્રકૃતિનો સ્વભાવ કેવો છે ?

ઉ : ૨ પ્રકૃતિ બાળક જેવી છે. પ્રકૃતિ પાસેથી કામ કાઢી લેવું હોય તો બાળકની જેમ સમજાવી, પટાવીને, ફોસલાવીએ છીએ તેમ પ્રકૃતિને પણ સમજાવી, પટાવી, ફોસલાવીને કામ કાઢી લેવાનું છે. પ્રકૃતિનો સ્વભાવ લજામણીના છોડ જેવો છે. હાથ અડાડીએ ને તો તેના પાંદડા સંકોચાઇ જાય. આપણે ઘરમાં કોક છોકરાને કહીએ કે તારાથી તો હું કંટાળી ગયો છું તો તરત જ પ્રકૃતિ લજવાય-લજામણીની પેઠે. પણ ફરીથી એને કહેવું જોઇએ કે ના ભાઇ હું ખરેખર તારાથી કંટાળ્યો નથી એટલે પ્રકૃતિ લજવાય નહીં. આપણે થાકી ગયા હોઇએ તોય ના બોલીએ કે થાકી ગયો છું નહીં તો પ્રકૃતિ લજવાઇ જાય. ખવાઇ ગયું અને અજીર્ણ જેવું લાગે તો બોલીએ નહીં કે અજીર્ણ થઇ ગયું છે, નહીં તો પ્રકૃતિ લજવાઈ જાય. આપણે તો બોલીએ કે ના, બા સરસ પચી ગયું છે.

પ્ર : ૩ પ્રકૃતિના ગુણો કયા ? તેના દેવો કયા ?

ઉ : ૩ સત્ત્વ, રજસ, અને તમસ એ પ્રકૃતિના ગુણો છે, એતો વિનાશી ગુણો છે. પ્રકૃતિને મજબૂત કરવા માટે આ મૂર્તિઓ મૂકેલી છે. વિષ્ણુ રજોગુણ છે. મહેશ તમોગુણ છે. અને બ્રહ્મા સત્ત્વગુણ છે. એ ત્રણેય ગુણોને મજબૂત કરવા માટે ત્રણ મૂર્તિઓ સ્થાપી છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણે ગુણોના અધિપતિ દેવતા છે. તમોગુણ વાળા મહાદેવને ભજે. સત્ત્વગુણવાળા બ્રહ્માને ભજે અને રજોગુણવાળા વિષ્ણુને ભજે. જેને ભજે તેને તે ગુણ પ્રાપ્ત થાય. ભારતમાં રજોગુણવાળા વધારે હોય છે. આ ત્રણ દેવતા છે તે જન્મ્યા નથી રૂપક મૂક્યા છે. આ પ્રાકૃત ગુણો વાત, પિત્ત, કફને આધીન છે.

પ્ર : ૪ પ્રકૃતિ કેવી રીતે ઓળખાય ?

ઉ : ૪ વાતપ્રકૃત્તિ (રજોગુણી)- આ વ્યક્તિ એક જગ્યાએ ઝંપીને બેસી ના શકે.
પિત્તપ્રકૃત્તિ (સત્ત્વગુણી)- આ વ્યક્તિ ધર્મ પ્રત્યે રૂચી ધરાવતી હોય.
કફપ્રકૃત્તિ (તમોગુણી)- આ વ્યક્તિ ભાંગફોડવાળી વૃત્તિ ધરાવતી હોય.

પ્ર : ૫ પ્રકૃતિ પ્રસવધર્મી છે એટલે શું ?

ઉ : ૫ અહીં આજુબાજુ કાચ જડ્યા હોય તો દોઢસો માણસ દેખાય. હવે ખરેખર

દોઢસો માણસ બનાવવા કોઇ ગયુ હતું. આ તો એકમાથી અનંત થઇ જાય તેવું છે. આ તો બધુ સ્પંદન સ્વરૂપ છે, એક સ્પંદન ઉછાળે તો પછી નવા સ્પંદન ઊભા થાય પણ જો તુ સ્પદંન બંધ કરે તો પછી એ બંધ થઇ જાય. આ પંચેન્દ્રિયોથી જે દેખાય છે એ બધી અવસ્થાઓ પ્રાકૃત છે અને ટેમ્પરરી છે. જગતમાં બધે જ પ્રકૃતિ જ્ઞાન છે. પ્રકૃતિ નિયમવાળી છે. પ્રકૃતિ ઓળખાય તો વશ થાય એવી છે. પ્રકૃતિ ચેતન ભાવને પામેલી છે મિશ્ર ચેતન છે. પ્રકૃતિના બધા પરમાણું મિશ્રસા છે.

પ્ર : ૬ મિશ્રસા, વિશ્રસા અને પ્રયોગસા એટલે શું ?

ઉ : ૬ પ્રકૃતિના બધા પરમાણુ મિશ્રસા કહેવાય. મિશ્રસા જ્યારે રસ આપીને જાય ત્યારે એને વિશ્રસા કહેવાય છે. ચોખ્ખા પરમાણુને વિશ્રસા કહેવામાં આવે છે અને તેમા ભાવ કર્યો તે વખતે તે પ્રયોગસા થઇ ગયા.

પ્ર : ૭ પ્રકૃતિ ક્યારે મજબૂત થાય અને આત્મા ક્યારે મજબૂત થાય?

ઉ : ૭ પરોક્ષ ભક્તિથી પ્રકૃતિ મજબૂત થાય અને પ્રત્યક્ષ ભક્તિથી આત્મા મજબૂત થાય.

પ્ર : ૮ પ્રકૃતિ વિકૃત થવાનું કારણ શું ?

ઉ : ૮ ક્રોધ, માન, માયા, લોભ, અને કપટ એ પ્રકૃતિ વિકૃત થવાનું કારણ છે.

પ્ર : ૯ પ્રકૃતિ સહજ ક્યારે થાય ?

ઉ : ૯ બુદ્ધિબેન વિશ્રાંતિ લે ત્યારે પ્રકૃતિ સહજ થાય. બુદ્ધિને આશ્વાસન આપીને તેને પિયર પધારી જવા કહેવું, બુદ્ધિને કહી દો કે બુદ્ધિબેન તમે ભવોભવથી મને પજવો છો, બેન હવે તમે જાવ પિયર પધારી જાવ, જેમને તમારી જરૂર છે તેમની પાસે જાવ.

પ્ર : ૧૦ પ્રકૃતિને સહજ કરવા શું કરવું ?

ઉ : ૧૦ પ્રકૃતિને સહજ કરવા માતાજીની ભક્તિ કરવી. દર્શન કરતા આવડે તો ચાર માતાઓ હાજરા-હજુર છે. (૧) અંબા માં (૨) બહુચર માં (૩) કાલિકા માં (૪) ભદ્રકાળી માં તેમની ભક્તિ આપણે આપણી ફાઇલ (શરીર-દેહ) પાસે કરાવવી. અંબિકા દેવી એટલે સહજ પ્રકૃતિ. સ્પંદન બંધ થયા તો ધીમે ધીમે સહજતામાં પ્રકૃતિ આવશે.

પ્ર : ૧૧ પ્રકૃતિ ઉપર પ્રભુત્વ હોય તે જ્ઞાની એ વાત સાચી છે ?

ઉ : ૧૧ ના. પ્રકૃતિ ઉપર પ્રભુત્વ તો મહાવીરનેય નહોતું, પ્રકૃતિના પ્રભુત્વને તો મહાવીરેય ના તોડે પણ પોતાની સ્વતંત્રતા ના છોડે. દેહમાં હોવા છતાં સંપૂર્ણ સ્વતંત્ર રહે.

પ્ર : ૧૨ પ્રકૃતિ અને વ્યવસ્થિતમાં ફેર શો ?

ઉ : ૧૨ આ શુદ્ધાત્મા સિવાય બીજી બધી પ્રકૃતિ જ છે. જે જે કરે છે એ બધુ પ્રકૃતિ જ કરે છે. પ્રકૃતિ અહંકાર સહિત છે એટલે વ્યવસ્થિતને ફેરવી નાંખે છે. પ્રકૃતિમાંથી અંહકાર જતો રહે તો બધુ વ્યવસ્થિત કહેવાય. અર્થાત્ પ્રકૃતિ માઇનસ અહંકાર બરાબર વ્યવસ્થિત. અહંકાર ડખો કરનારો છે એ ડખો કરનારો જતો રહે તો બધુ વ્યવસ્થિત જ છે.

પ્ર : ૧૩ પ્રકૃતિ અને પુરૂષ એટલે શું ?

ઉ : ૧૩ પુરુષ અને પ્રકૃતિ એ બે જુદી વસ્તુઓ છે. પુરુષ શુદ્ધાત્મા છે અને પ્રકૃતિ પુદ્ગલ છે. પ્રકૃતિ પૂરણ ગલન સ્વભાવની છે. પુરુષ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવનો છે. પ્રકૃતિ વિનાશી છે. પુરુષ અવિનાશી છે.

પ્ર : ૧૪ પાપ કોને કહેવાય ? તે કેટલા પ્રકારના છે ?

ઉ : ૧૪ કોઇ પણ જીવને કિંચિતમાત્ર દુઃખ આપવું તે પાપ છે. ઇચ્છા વિરૂદ્ધ થાય તે પાપ. જે પુણ્યનું શોષણ કરે અથવા જીવરૂપી વસ્ત્રને મલિન કરે તે પાપ. આત્માને દુઃખ થાય તેવા જે જે કારણો સેવો છો તે બધાં પાપ છે. દેહથી થાય તે પાપ નથી પણ મનથી થાય છે તે પાપ છે. ભવિષ્યની કંઇ પણ ચિંતા કરવી એ મોટું પાપ છે.

(૧) **પાપાનુબંધી પાપ :** અત્યારે પાપ ભોગવે છે અને પાછો અનુબંધ પાપનો નવો બાંધે છે કોઇને દુઃખ આપે છે અને પાછો ખુશ થાય છે.

(૨) **પુણ્યાનુ બંધી પાપ :** પૂર્વના પાપને લીધે અત્યારે દુઃખ ભોગવે છે પણ નીતિથી અને સારા સંસ્કારથી અનુબંધ પુણ્યનો બાંધે છે.

પ્ર : ૧૫ આ યુગનાં મહાપાપો કયાં છે ?

ઉ : ૧૫ (૧) રાત્રિ ભોજન.

(૨) અભક્ષ્ય ભક્ષણ.

(૩) સ્ત્રી જીવનમાં માસિક ધર્મ પાળવાની ઉપેક્ષા.

(૪) નિર્લજ્જ વેષભૂષા અને સિનેમાનો શોખ.

(૫) મિથ્યાત્વનું પોષક અનાર્ય ભણતરનું આર્કષણ.

પ્ર : ૧૬ ત્રણ પ્રકારનાં પાપો કયા ? જ્ઞાનથી કયાં પાપો બળે છે ?

ઉ : ૧૬ માનસિક, વાચિક, અને દૈહિક એમ ત્રણ પ્રકારનાં પાપ છે. જ્ઞાન આપે ત્યારે માનસિક અને વાચિક પાપો ભસ્મિભૂત થાય છે. દૈહિક પાપ તમારે ભોગવવાં પડે છે. અર્થાત્ પાણી અને વરાળ રૂપે રહેલાં પાપો બળી જાય છે, પરંતુ બરફ જેવાં પાપો ભોગવવાં પડે છે .

પ્ર : ૧૭ કોના દર્શન કરવાથી પાપ ધોવાઇ જાય ?

ઉ : ૧૭ એક જ અકષાયી માણસના દર્શન કરવામાં આવે ને તો પાપ ધોવાઇ જાય અને જ્ઞાની પુરૂષ સિવાય અકષાયી માણસ હોય નહીં. અકષાયી માણસના દર્શન થવાથી એમને એમ પાપ ધોવાઈ જાય છે.

પ્ર : ૧૮ અંદરના પાપ ધોવાનો રસ્તો શું ?

ઉ : ૧૮ કવિરાજ નવનીત સંઘવીએ લખેલાં આ પદો ધારણ કરીને ગાવાથી મહીના પાપ ધોવાઇ જાય. આ કવિના પદો તો દાદા કૃપાનું ફળ છે.

પ્ર : ૧૯ પાપ ક્યારે ખરી પડે ?

ઉ : ૧૯ સંસાર ભુલાયો ત્યારથી પાપ બધા ખરી પડવાનાં અને સંસાર લક્ષમાં રહ્યો તો નિરંતર પાપ ભરાયા કરે.

પ્ર : ૨૦ કોને પાપ ના અડે ?

ઉ : ૨૦ જ્ઞાનીની આજ્ઞાને અબુધ થઇને પાળે, તે જગત આખાને બાળી મૂકે તોય તેને પાપ ના અડે.

પ્ર : ૨૧ પાપ કેટલા પ્રકાર થી બંધાય છે ?

ઉ : ૨૧ પાપ અઢાર પ્રકારે બંધાય છે.

(૧) પ્રાણાતિપાત (હિંસા)	(૧૦) રાગ.
(૨) જુઠું બોલવાથી.	(૧૧) દ્વેષ.
(૩) ચોરી કરવાથી.	(૧૨) ક્લેશ.
(૪) અબ્રહ્મચર્ય	(૧૩) અભ્યાખ્યાન.
(૫) પરિગ્રહ.	(૧૪) પૈશુન્ય.
(૬) ક્રોધ.	(૧૫) પરપરિવાદ.
(૭) માન.	(૧૬) રતિ-અરતિ
(૮) માયા.	(૧૭) માયા મૃષાવાદ.
(૯) લોભથી.	(૧૮) મિથ્યાદર્શન શલ્ય.

પ્ર : ૨૨ અઢાર પ્રકારથી બાંધેલ પાપનું ફળ કેવી રીતે ભોગવવું પડે છે ?

ઉ : ૨૨ પાપકર્મની ૮૨ પ્રકૃતિઓ છે ફળ પણ ૮૨ પ્રકારે ભોગવાય છે, તે બ્યાંસી પ્રકૃતિઓ આ પ્રમાણે છે.

જ્ઞાનાવરણીય	૫	આયુષ્યની	૧
દર્શનાવરણીય	૯	નામ કર્મની	૩૪
વેદનીય	૧	ગોત્ર કર્મની	૧
મોહનીયની	૨૬	અંતરાય કર્મની	૫

પ્ર : ૨૩ જીવ પાપ શાંથી બાંધે છે ?

ઉ : ૨૩ પોતાના અને પારકા જીવને ક્લેશ ઉપજાવવાથી, ચોરી, જૂઠ, વિશ્વાસઘાત, કન્યાવિક્રય, જુગાર, માંસાહાર, મદ્યપાન, શિકાર, વેશ્યાગમન, પરસ્ત્રીસેવન વગેરે નઠારા કામો કરવાથી, અનીતિને માર્ગે ચાલવાથી તથા ખરાબ વિચાર કરવાથી પાપ બંધાય છે.

પ્ર : ૨૪ પાપકર્મ કોને કહે છે ?

ઉ : ૨૪ જે આત્માને મલીન કરે, જે બાંધતી વખતે તો સુખકારી લાગે પરંતુ ભોગવતી વખતે દુઃખ કારી હોય તેને પાપકર્મ કહેવાય છે.

પ્ર : ૨૫ પુણ્ય એટલે શું ? પુણ્યના પ્રકાર કેટલા ?

ઉ : ૨૫ મન, વચન, કાયા, લોકોને માટે વાપરવા એનું નામ પુણ્ય. કોઈપણ જીવને કિંચિતમાત્ર પણ સુખ આપવું તેનું નામ પુણ્ય. ઈચ્છા મુજબ થાયછે તે પુણ્ય. પુણ્ય તો કોનું નામ કહેવાય કે નિરાંતે ભોગવે. શ્વાસોશ્વાસપ્રાણ, આયુષ્યપ્રાણ, ઈન્દ્રિયપ્રાણ, અને બળપ્રાણ આ ચાર પ્રાણની વૃદ્ધિ કરે તે પુણ્ય.

(૧) **પાપાનુબંધી પુણ્ય :** પૂર્વના પુણ્યથી આજે સુખ ભોગવે છે પણ ભયંકર પાપનો અનુબંધ બાંધે છે તે પાપાનુબંધી પુણ્ય કહેવાય. બંગલો હોય, મોટરો હોય, છોડીઓ સારી હોય, છોકરા હોય છતાંય આખો દિવસ પૈસાને માટે બહાર ફરતો હોય, નવરોજ ના હોય ધુનમાં ને ધુનમાં રખડતો હોય અને ભોગવેય નહી. આખો દિવસ હાય પૈસા હાય પૈસા માંજ પસાર થાય, લોભ અને મોહમાં સમય જાય, વિષયોની લૂટબાજી કરે, નર્યા પાપના જ વિચારમાં હોય કે કોનું લઈ લેવું અને કોનું ખાઈ જવું અને કોનું ભેગુ કરવું તે અણહક્કનું ભોગવી લે તે પાપાનુબંધી પુણ્ય કહેવાય. ટુંકમાં પુણ્ય છે છતાં ભોગવતો નથી અને આવતા ભવ માટે નવાં પાપ જ બાંધ્યાં કરે છે એ પાપાનુબંધી પુણ્ય કહેવાય.

(૨) **પુણ્યાનુબંધી પુણ્ય :** પુણ્યાનુબંધી પુણ્ય એટલે પાછલા ગયા અવતારના પુણ્યના આધારે અત્યારે પૈસો પુષ્કળ આવે અને સામાને સુખ આપતી વખતે કોઈપણ જાતના બદલાની ઈચ્છા ના રાખે એનું નામ પુણ્યાનુબંધી પુણ્ય. અત્યારે બધી જ સુખ સગવડ હોય તેને નિરાંતે ભોગવે તથા લોકોને મદદ કરે, પરોપકારી કામો કરે તે પુણ્યાનુંબંધી પુણ્ય. પોતાની સાથે અવળું કરનાર ઊધુ કરનારની ઉપર પણ અવળા વિચાર ના આવે તે પુણ્યાનું બંધી પુણ્ય. નિરંતર અંતરશાંતી સાથે જાહોજલાલી હોય અને આખો દહાડો સાધુસંતોની સેવા કરતો હોય કે મોક્ષ માટે તૈયારી કરતો હોય અથવા

તો આત્મકલ્યાણ અર્થે અભ્યાસ ક્રિયા વગેરે કરે કે જેથી નવું પુણ્ય બંધાય એ પુણ્યાનું બંધી પુણ્ય કહેવાય.

પ્ર : ૨૬ શેનાથી પાપાનુ બંધી પુણ્ય બંધાય અને શેનાથી પુણ્યાનુ બંધી પુણ્ય બંધાય ?

ઉ : ૨૬ હઠથી કરેલા કામ, હઠાગ્રહીતપ, હઠાગ્રહી ક્રિયાથી પાપાનુબંધી પુણ્ય બંધાય અને સમજીને કરેલ તપ ક્રિયા કે આત્મ કલ્યાણના હેતુસર કરેલા કર્મોથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય. પુણ્યાનુ બંધી પુણ્યને કારણે કોઈક કાળે જ્ઞાની પુરુષ ભેગા થઇ જાય ને મોક્ષે જાય.

પ્ર : ૨૭ પુણ્ય કેટલા પ્રકારે બંધાય છે ? તેની પ્રકૃતિઓ કેટલી?

ઉ : ૨૭ પુણ્ય નવ પ્રકારે બંધાય છે.

(૧) અન્ન દાન કરવાથી (૨) તરસ્યાને પાણી પીવડાવવાથી કે પાણીનું દાન આપવાથી (૩) રહેવા માટેની જગ્યાનું દાન કરવાથી (૪) સુવા માટેની સાધન સામગ્રી દાનમાં આપવાથી (૫) વસ્ત્ર (કપડાનું) દાન કરવાથી (૬) મનમાં દરેક માટે સારા ભાવ રાખવાથી (૭) લોકોને ઉપકારી એવી વાણી બોલવાથી (૮) સાધુ સાધ્વી કે લોકોની સેવા કરવાથી (૯) ગુણીજનોને, પૂજ્ય પરુષોને નમસ્કાર કરવાથી. પુણ્યની બેતાલીસ (૪૨) પ્રકૃતિઓ છે.

પ્ર : ૨૮ પુણ્ય શેનાથી બંધાય છે ?

ઉ : ૨૮ કોઈપણ જીવને કિંચિતમાત્ર સુખ આપવાથી અને સુખ આપવાની ભાવના કરવાથી પુણ્ય બંધાય છે. બીજા જીવોને શાતા ઉપજાવવાથી , પરોપકાર, દયા, સત્ય, શીલ, ક્ષમા, તપ, નિયમ, વ્રત, પચ્ચખાણ, વિનય આદિ સદ્‌ગુણોના સેવનથી તેમજ માતા પિતા અને ગુરુની વિનયપૂર્વક સેવા ભક્તિ કરવાથી પુણ્ય બંધાય છે.

પ્ર : ૨૯ ચૌદ લોકનું પુણ્ય ક્યારે ભેગું થાય ?

ઉ : ૨૯ ભગવાને શું કહ્યું છે કે એક કલાક પણ જો ઉલ્લાસ ભેર આત્માની વાંતો સાંભળે ને તો આખા ચૌદ લોકનું પુણ્ય ભેગું થઇ જાય.

પ્ર : ૩૦ સાચી પુણ્યૈ કોને કહેવાય ?

ઉ : ૩૦ પર્સનાલીટી પડે તેનું નામ સાચી પુણ્યૈ

પ્ર : ૩૧ કયા પ્રકારની પુણ્યૈથી જ્ઞાની પુરુષ મળે ?

ઉ : ૩૧ પુણ્યાનુબંધી પુણ્યૈથી જ્ઞાની પુરુષ મળે. કોઇ જીવને ત્રાસ નથી દેવો, કોઈને મદદ કરવી છે એવા ભાવ ક્યાં હોય તેને પછી જ્ઞાનીપુરુષ મળે અને ત્યારબાદ એની સેફ સાઇડ થઇ જાય.

પ્ર : ૩૨ પુણ્ય શેના આધારે પરિણમે છે ?

ઉ : ૩૨ પુણ્ય બુદ્ધિના આશય અનુસાર પરિણામ પામે છે.

પ્ર : ૩૩ કેવા પાપ પુણ્યનું ફળ તરત જ મળે છે ?

ઉ : ૩૩ અતિ ઉગ્ર પુણ્ય કે અતિ ઉગ્ર પાપનું ફળ ત્રણ દિવસે, ત્રણ પખવાડિયે ત્રણ મહિને કે ત્રણ વર્ષે અહીંજ પ્રાપ્ત થાય છે.

પ્ર : ૩૪ પ્રેમ કોને કહેવાય ?

ઉ : ૩૪ વધે નહિ, ઘટેનહિ, તે સાચો પ્રેમ. જેમાં કોઇ અપેક્ષા નથી, સ્વાર્થ નથી, ઘાટ નથી કે દોષ દ્રષ્ટિ નથી, નિરંતર એક ધારો વહે છે તે સાચો પ્રેમ છે. ફૂલો ચઢાવે ત્યાં ઉછાળો નથી અને ગાળો દે ત્યા અભાવ નથી એવો અઘટ અને અઘાટ પ્રેમ એજ સાક્ષાત પરમાત્મ પ્રેમ છે. કોઇનોય દોષ દેખાય છે એ પ્રેમ અહેતુકી હોવો જોઇએ. પ્રેમ સંસારમાં હોય નહિ એ અલૌકિક તત્વ છે કબીર શું કહે છે પ્રેમ તો અનાસક્ત યોગ છે.

"પુસ્તક પઢ પઢ જગ મુઆ પંડિત ભયા ન કોઇ અઢાઇ અક્ષર પ્રેમકા પંઢે સો પંડિત હોઇ " પ્રેમ એનું નામ કે કોઇનો દોષ ના દેખાય. પ્રેમ એટલે સંકુચિત હોય જ નહી એનું નામ પ્રેમ. સંકુચિત થાયતો તો આસક્તિ થઇ જાય. પ્રેમ હોય ત્યાં વિશાળતા હોય. કબીરે પ્રેમની સુંદર વ્યાખ્યા આપી છે ?

" ઘડી ચઢે ઘડી ઉતરે વોહ તો પ્રેમ ના હોય
અઘટ પ્રેમ હદયે વસે, કહીએ સોય "

સત્ય પ્રેમ નિર્ભય હોય એ સત્ય પ્રેમમાં વિષય ના હોય, લોભ નાહોય માન ના હોય, એવો નિર્ભય પ્રેમ એ તમને ભગવાન બનાવે. પ્રેમ તો એનું નામ કહેવાય કે ક્યારેય તૂટે નહીં. જ્યાં પ્રેમ છે ત્યાં નોધ જ ના હોય.

પ્ર : ૩૫ પ્રેમ એટલે શું ?

ઉ : ૩૫ કિંચિતમાત્ર કોઇના તરફ સહેજ પણ ભાવ બગડે નહી એનું નામ પ્રેમ. સામો અવળું કરે તોય તેના પ્રત્યે કિંચિતમાત્ર પણ ભાવ ના બગડે એનું નામ પ્રેમ. જાતને સાચવ્યા વિના સંપૂર્ણભાવે આત્મ સર્મપણ કરી દેવું એનું નામ પ્રેમ. બધા પરિણામમાંથી બહાર આવે એનું નામ પ્રેમ. પ્રેમ એટલે ખોવાઇ જવું ઓત પ્રોત થઇ જવું.

પ્ર : ૩૬ શુદ્ધ પ્રેમ એટલે શું ? તે ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ : ૩૬ શુદ્ધ પ્રેમ એટલે વધે નહિ, ઘટે નહિં, ગાળો ભાડીએ તોય ઘટી ના જાય અને ફુલો ચઢાવીએ તોય વધી ના જાય એનું નામ શુદ્ધ પ્રેમ. કોઇ માણસ હમણાં ગાળ ભાડીને ગયો હોય અને થોડીવાર પછી તમારી પાસે આવ્યો તોય

તમારો પ્રેમ જાય નહિં એનું નામ શુદ્ધ પ્રેમ. જેટલો દ્વેષ જાય તેટલો શુદ્ધ પ્રેમ ઉત્પન્ન થાય. અંહકાર ઓગળવા માંડે ત્યારથી શુદ્ધ પ્રેમ આવવા માંડે.

પ્ર : ૩૭ પ્રેમ સ્વરૂપ એટલે શું ?

ઉ : ૩૭ પ્રેમ સ્વરૂપ એટલે બધું અભેદ ભાવે જોવું, અભેદ ભાવે વર્તન કરવું, અભેદભાવે ચાલવું, અભેદભાવ જ માનવો તે. આ જુદા છે એવી તેવી બધી માન્યતાઓ કાઢી નાંખવી એનું નામ જ પ્રેમ સ્વરૂપ. એકજ કુટુંબ હોય તેવું લાગે. પ્રેમ સ્વરૂપ એટલે આ બધું હું જ છું, હુંજ બધે દેખાઉં છું. પ્રેમ સ્વરૂપ એટલે કોઈની ખોડ જ ના દેખાય. જાણે ખરો કે આ ખોડ છે પણ બોલે નહીં અને પોતાના ખાવા પિવાનો વિચાર જ ના આવે. સંસારથી છૂટવું હશે તો છેલ્લે પ્રેમ સ્વરૂપ થવું જ પડશે.

પ્ર : ૩૮ પ્રેમની શરૂઆત ક્યાંથી થાય છે ?

ઉ : ૩૮ તિરસ્કારની પરાકાષ્ટા એ જ પ્રેમની શરૂઆત છે. રાગ દ્વેષ જાય તો પ્રેમની શરૂઆત થાય.

પ્ર : ૩૯ પરમાર્થ પ્રેમનું પૂતળું કોને કહેવાય ?

ઉ : ૩૯ સંસારી પ્રેમ નામેય ના હોય એનું નામ પરમાર્થ પ્રેમનું પૂતળું.

પ્ર : ૪૦ આસક્તિ કોને કહેવાય ?

ઉ : ૪૦ જે પ્રેમ વધી જાય અને જે પ્રેમ ઘટી જાય તેને આસક્તિ કહેવાય. જ્યાં સામાની પાસે કંઈપણ બદલાની આશા હોય ત્યાં આસક્તિ હોય. મા નો બાળક પ્રત્યેનો પ્રેમ પણ આસક્તિ જ છે એ તો મોહની આસક્તિ છે. બાપ સ્વાર્થી હોય જ્યારે મા છોકરા તરફ સ્વાર્થી ના હોય એટલો જ ફેર. એટલે તો કહેવત છે કે "મા જુએ આવતો અને બાપ જુવે લાવતો." મા નો પ્રેમ તેય પણ પૌદ્ગલિક પ્રેમ છે. મા નો પ્રેમ એ પ્રેમ કહેવાય ખરો પણ એ નોર્માલિટી છુટી જાય એટલે આસક્તિ કહેવાય. વિકૃત પ્રેમ એનું નામ જ આસક્તિ. જે પ્રેમ વધઘટ થાય એ આસક્તિ કહેવાય.

પ્ર : ૪૧ આસક્તિનું પરિણામ શું ?

ઉ : ૪૧ જ્યાં આસક્તિ ત્યાં આક્ષેપો થયા વગર રહેજ નહીં. આસક્તિના બદલામાં ઝઘડો મળે છે. આસક્તિનું પરિણામ જ ઝઘડો છે.

પ્ર : ૪૨ આસક્તિ ક્યારે જાય ?

ઉ : ૪૨ અંહકાર અને મમતા બંને જાય ત્યારે આસક્તિ જાય અને અનાસક્તિ આવે.

પ્ર : ૪૩ સ્નેહ એટલે શું ?

ઉ : ૪૩ સ્નેહ એટલે ચીકાશ. ચીકાશ એટલે ચોંટે તે.

પ્ર : ૪૪ મોહ અને પ્રેમ એ બે વચ્ચેની ભેદરેખા શું ?

ઉ : ૪૪ આ ફુદુ છે ને તે દીવાની પાછળ પડી અને યા હોમ થઈ જાય છે એ પોતાની જિંદગી ખલાસ કરી નાંખે છે., એ મોહ કહેવાય. મોહ એટલે યુઝલેસ જીવન, એ તો આંધળા થવા બરોબર છે. મોહ એટલે ઉઘાડા દગા ફટકા. મોહ એટલે હંડ્રેડ પરસેન્ટ દગો. પોતાની પાસે ઘણી સાડીઓ હોય છતાં સાડીઓ લેવા માટે જાય છે એ મોહ છે. સ્વાર્થ છે ત્યાં મોહ છે. જ્યારે પ્રેમ તો ટકાઉ હોય એમાં તો આખી જિંદગીનું સુખ જોઈતું હોય. એ તાત્કાલિક સુખ ખોળે એવું નહીં. સામેવાળો ખખડાવે તોય શાંત રહીને પોતે તેને નુકસાન ન થાય એવું કરે.

સાચો પ્રેમ હોય ત્યાં ગળી જાય. જ્યાં એટેક થાય ત્યાં આગળ પ્રેમ જ ના હોય અને આ જગતમાં ખરેખર પ્રેમ છે જ નહીં બધો મોહ છે.

પ્ર : ૪૫ ભાવ અને પ્રેમમાં શો તફાવત ?

ઉ : ૪૫

ભાવ	પ્રેમ
(૧) ભાવ એ આપણે આધીન નથી.	(૧) પ્રેમ એ આપણે આધીન છે.
(૨) ભાવમાં ક્યારે અભાવ આવે એ કહેવાય નહીં.	(૨) પ્રેમમાં અવળું બોલો તોય એ પ્રેમ રહે. પ્રેમ તો નિરંતર સરખો જ રહે.
(૩) ભાવમાં આપણે નક્કી કરીએ કે કોઇ જોડે આપણે ભાવ બગાડવો નથી છતાં બગડ્યા વગર રહે જ નહિ.	(૩) પ્રેમ ક્યારેય વધઘટ થાય નહિ.
(૪) ભાવ એ ઉત્પન્ન થનારી વસ્તું છે. ઉત્પન્ન થાય છે તે વિનાશેય થાય.	(૪) પ્રેમ એ ઉત્પન્ન થનારી કે વિનાશ થનારી વસ્તું નથી.

પ્ર : ૪૬ પાશવતા એટલે શું ?

ઉ : ૪૬ પાશવતા એટલે લક્ષ્મી અને વિષયોની પાછળ પડવું તે.

પ્ર : ૪૭ પાશવતા કોને કહેવાય ? અણહક્કના વિષયનું શું ફળ ?

ઉ : ૪૭ અહિ હિન્દુસ્તાનમાં ડેવલપ થયા અને પાશવી વિચારો આવે કે કોનું લઈ લઉ, લૂંટી લઉ, વિષયો ભોગવી લઉં અને એ પણ અણહક્કના વિષયો ભોગવે છે એ પાશવતા કહેવાય. પાશવતાના વિચારો વધારે આવે અને આખો દિવસ ઘાટમાં ને ઘાટમાં રહ્યા કરે તેને પાશવતા કહેવાય. પૈસા પડાવી લેવા, સામાનું કેમ કરીને વધારે લઈ લઉં એ પાશવી વિચારો કહેવાય. પોતાની વધારે બુદ્ધિથી ઓછી બુદ્ધિવાળાનો લાભ લેવો એ પાશવતા કહેવાય. અણહક્કના વિષય ભોગવવાની ભાવના કરવી એ બધી પાશવતા કહેવાય.

હક્કનું છોડીને બીજી જગ્યાએ ''પ્રસંગ'' થાય તો એ સ્ત્રી જ્યાં જાય ત્યાં આપણે અવતાર લેવો પડે. એ અધોગતિમાં જાય તો આપણે ત્યાં જવું પડે. નિયમ કેવો છે કે જેની જોડે અણહક્કના વિષય ભોગવ્યા હોય તે જ હવે પછીના જન્મમાં (ભવમાં) મા થાય કે છોકરી થાય. અણહક્કનું લીંધુ ત્યારથીજ મનુષ્યપણું જાય. અણહક્કનો વિષય એ તો ભયંકર દોષ કહેવાય. દરેક છોકરીઓ કોકની સ્ત્રી થવા માટે જ જન્મેલી હોય છે. એ પારકો માલ કહેવાય. અણહક્કના વિષયમાં હંમેશા કષાયો હોય અને કષાયો હોય એટલે નરકમાં જવું પડે.

પ્ર : ૪૮ શાંનાથી પાશવતાનો અવતાર થાય ?

ઉ : ૪૮ આ જૈનો એકલા જ એવું બોલે છે કે ''કરવુ છે છતાં થતું નથી'' આનાથી તો પાશવતાનો અવતાર થાય. કરવું છે છતાં નથી થતું એવું બોલ્યો એટલે આત્મા પણ તેવો થઈ જાય. ''કરવું છે પણ થતું નથી'' એવુ બોલ્યો એટલે મનુષ્યપણું ગુમાવે.

પ્ર : ૪૯ લક્ષ્મીજી શું છે ? તેમની સાથે કેમ વર્તવું ?

ઉ : ૪૯ લક્ષ્મી એ તો ધર્મધ્યાનનુ ફળ છે. લક્ષ્મી એ તો પુણ્યની દાસી છે. લક્ષ્મીજી તો આખી દુનિયામાંના વ્યવહારનું નાક કહેવાય. લક્ષ્મીજીતો વીતરાગ છે. અચેતન વસ્તુ છે. પોતે તેને તરછોડ ના મારવી જોઈએ. લક્ષ્મી માટે પ્રયત્ન કરજે પણ ઈચ્છા ના કરીશ. લક્ષ્મીજીનો તિરસ્કારેય નહીં અને ઈચ્છાય નહી કરવી, એમને તો નમસ્કાર કરવા જોઈએ, તેમનો વિનય રાખવો જોઈએ. લક્ષ્મી એ મનુષ્યનો અગિયારમો પ્રાણ છે. આપણે તો દરરોજ રાત્રે સૂતી વખતે કહેવું ''હે લક્ષ્મીજી દેવી, તમને જ્યારે અનુકૂળ હોય ત્યારે મારે ઘેર આવજો અને જ્યારે અનુકૂળ હોય ત્યારે જજો. તમારું જ ઘર છે. પધારજો તમે ધ્યાન રાખજો એવું કહીને સૂઈ જવાનું.'' આપણે તો વિનંતી કરવાની હોય કે આ ઘર તમારું છે. જ્યારે અનુકૂળતા આવે ત્યારે પધારજો.

પ્ર : ૫૦ લક્ષ્મી કોનું નામ કહેવાય ?

ઉ : ૫૦ લક્ષ્મી તો કોઈ દહાડોય ખૂટે નહીં એનુ નામ લક્ષ્મી. પાવડેથી ખોપી ખોપીને ધર્માદો કર કર કરે ને તોય ના ખૂટે એનું નામ લક્ષ્મી કહેવાય.

પ્ર : ૫૧ નાંણુ કોનું કહેવાય ?

ઉ : ૫૧ જે કમાય તેનું નાંણુ નહી, જે વાપરે તેનું નાંણુ.

પ્ર : ૫૨ સુગંધી સહિતની લક્ષ્મી કેવી હોય ?

ઉ : ૫૨ એ લક્ષ્મી આપણને સહેજેય ઉપાધિ ના કરાવડાવે. એ લક્ષ્મી જેની પાસે હોય તેનું વર્તન, વાણી સુગંધવાળી હોય અને એને પૈસા કમાવાનો વિચાર

જ ના આવે. એ પુણ્યાનુબંધી પુણ્યૈવાળી લક્ષ્મી હોય. પોતે એમ કહે કે હે પ્રભુ આત્મલક્ષ્મી હોય પણ આ રાજલક્ષ્મી તો અમને સ્વપ્ને પણ ના હો તોય એ આવ્યા કરે એ પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય, અને એ જ સુગંધી સહિતની લક્ષ્મી કહેવાય. ઘરમાં માત્ર સો રૂપિયા જ પડ્યા હોય ને તોય આપણને સહેજેય ઉપાધિ ના કરાવડાવે. કોઈ કહે કાલથી ખાંડનો કંટ્રોલ આવવાનો છે તોય મનમાં ઉપાધિ ના થાય. અને એનો નીવેડો કેવો હોય કે એનાથી લક્ષ્મી પાછી એવીને એવી જાય અને પાછી ફરી ઊગી ઊગીને આવે. પાછી એવીને એવી જાય અને પાછી ફરી ઊગી ઊગીને આવે એ સુગંધી સહિતની લક્ષ્મી કહેવાય.

પ્ર : ૫૩ લક્ષ્મીનો સ્વભાવ કેવો છે ?

ઉ : ૫૩ લક્ષ્મીનો સ્વભાવ કેવો છે કે જે આનંદી હોય અને જે ભગવાનને યાદ કરતો હોય એને ત્યાં લક્ષ્મીજી વધારે જાય. જો કદી સારી જગ્યા એ દાનમાં જાય તો પાર વગરનું વધે એવો નાંણાનો સ્વભાવ છે. અને જો ગજવાં કાપે તો તમારે ઘેર કશું નહીં રહે. લક્ષ્મીનો પ્રવાહ દાન છે અને જે સાચુ દાન આપનારો છે તે કુદરતી રીતે જ એકસપર્ટ હોય છે. અને જે ધર્માદામાં નાખતો હોય તેને અડચણ પડે નહી. પૈસાનો સ્વભાવ કેવો છે કે દસ વર્ષથી વધુ અગિયારમે વરસે ટકે નહીં. સોનાનો સ્વભાવ ચાલીસ-પચાસ વર્ષ ટકે અને સ્થાવર મિલકત સો વર્ષ ટકે.

પ્ર : ૫૪ લક્ષ્મી શેના જેવી છે ?

ઉ : ૫૪ લક્ષ્મી ઊંઘ જેવી છે. કેટલાકને સૂતાની સાથે જ તરત જ આવી જાય, કેટલાકને પાસા ઘસે તોય ઊંઘ ના આવે અને કેટલાકને ઊંઘ લાવવા માટે ગોળીઓ ખાવી પડે. એટલે લક્ષ્મી એ તમારી સત્તાની વાત નથી એ પરસત્તા છે. જેમ સહજ ભાવે ઊંઘ આવે છે તેમ જ લક્ષ્મી આવે છે. શરીર નિરોગી હોય તો લક્ષ્મી આવે.

પ્ર : ૫૫ લક્ષ્મી કેવી છે ?

ઉ : ૫૫ કમાતાં દુઃખ, સાચવતાં - રક્ષણ કરતાં દુઃખ અને વાપરતાંય દુઃખ. પૈસાનો ભરાવો થાય તોય દુઃખ અને ભીડ થાય તોયે દુઃખ. આ તો નોરમલ હોય એ જ સારું. લક્ષ્મી તો આવે તે જાય ત્યાં સુધી દુઃખ આપી જાય એવું છે. લક્ષ્મીજી તો હાથમા જેમ મેલ આવ્યા કરે છે તેમ સૌ સૌના હાથમાં હિસાબસર આવ્યા જ કરે છે. ૧૯૪૨ પછીની લક્ષ્મી પાપની લક્ષ્મી છે., એથી ટકતી નથી. સાચી લક્ષ્મી તો મનના ભાવ સુધરે તો આવે. ઘેલછા હોય ત્યાંથી લક્ષ્મીજી ખસી જાય.

પ્ર : ૫૬ લક્ષ્મીજી ના કાયદા શા છે ?

ઉ : ૫૬ (૧) મન, વચન, કાયાએ કરીને ક્યારેય પણ ચોરી નહીં કરું એ જ એક મોટો લક્ષ્મીજીનો કાયદો છે.

(૨) લક્ષ્મીજીની ઈચ્છા કરે તેને ત્યાં લક્ષ્મીજી મોડાં પહોંચે અને ઈચ્છા ના કરે તેને ત્યાં સમયસર આવી પહોંચે.

(૩) લક્ષ્મી મહેનત કે બુદ્ધિથી નહીં પરંતુ પુણ્યૈથી ભેગી થાય છે.

(૪) લક્ષ્મીજી માટે નિઃસ્પૃહ ના થઈ જવાય તેમજ તેમને તરછોડ પણ ના મરાય.

(૫) લક્ષ્મીજી ખોટી રીતે લેવાય નહીં.

(૬) મનની સ્વચ્છતાં, દેહની સ્વચ્છતા અને વાણીની સ્વચ્છતા હોય તો લક્ષ્મી મળે.

(૭) તિરસ્કાર અને નિંદા હશે ત્યાં લક્ષ્મી નહી રહે. આ બંને જ્યારે જશે ત્યારે લક્ષ્મી મળશે.

(૮) નિરંતર સેવાભાવ નક્કી કરો તો લક્ષ્મી મળે.

(૯) જેમ શરીરની તંદુરસ્તી હોય ત્યારે ઊંઘ આવે એવું મનની તંદુરસ્તી હોય તો લક્ષ્મી આવે.

(૧૦) લક્ષ્મીજી ખોટી રીતે લેવાય નહીં એ કાયદો છે. હક્કની અને સહેજાસહેજ મળે તે જ લેવાય. જે કોઈનીય ઝૂંટવીને ઠગીને ના લઈશ.

(૧૧) લક્ષ્મીજીનો તિરસ્કાર નહીં કરવાનો અને ઈચ્છાય નહીં કરવાની. એમને તો નમસ્કાર કરવા જોઈએ.

પ્ર : ૫૭ લક્ષ્મીજીની એક્સપાયરી ડેટ કઈ ગણાય?

ઉ : ૫૭ લક્ષ્મીજીની અગિયાર વર્ષની એક્સપાયરી ડેટ હોય છે. આજે ઇ. સ. ૧૯૯૬માં કોઇની પાસે રૂપિયા એક લાખ છે. હવે આની અંદર નવી આવક ઉમેરાય નહીં તો ઇ. સ. ૨૦૦૭ની સાલમાં એક પણ રૂપિયો બચે નહીં. આ લક્ષ્મી કોઇપણ રીતે અગિયાર વર્ષની અંદર વપરાઇ જ જાય. બીજા શબ્દોમાં કહીએ તો, આજે ઇ. સ. ૧૯૯૬ની સાલ ચાલે છે તો આપણી પાસે ઇ. સ. ૧૯૮૫ની સાલની લક્ષ્મી ના હોય એ નિર્વિવાદ વાત છે. અર્થાત્ કોઇપણ હિસાબે લક્ષ્મીજી સનાતન સિદ્ધાંત મુજબ અગિયાર વર્ષથી વધુ સમય ટકીને રહે જ નહીં. અગિયાર વર્ષની અંદર કોઇને કોઇ બહાના હેઠળ તે વપરાઇ જ જાય, પરંતુ તમારી પાસે તો અગિયાર વર્ષ પહેલાની લક્ષ્મી રહે જ નહી.

પ્ર : ૫૮ લક્ષ્મીની બાબતમાં કયુ એડજસ્ટમેન્ટ યોગ્ય ગણાય ?

ઉ : ૫૮ આપડે તો ભીડ ના પડે અને ભરાવો ના થાય એટલું થયું તો બહુ થઇ ગયું. આપણે ભીડ ના પડે એટલું જોવાનુ તેમજ ભરાવો પણ ના થાય તેટલું ધ્યાન રાખવાનું એ યોગ્ય ગણાય.

પ્ર : ૫૯ લક્ષ્મીની બાબતમાં શું જાગૃતિ રાખવી ?

ઉ : ૫૯ મનુષ્યનાં દશ પ્રાણ છે પછી લક્ષ્મી તો અગિયારમો પ્રાણ કહ્યો છે માટે કોઇનીય લક્ષ્મી આપણી પાસે ન રહે, આપણી લક્ષ્મી કોઇની પાસે રહી તેનો વાંધો નથી, એ ધ્યેય નિરંતર રહેવો જોઇએ. કોઇની પાસે ખોટું કરીને પૈસો લેવાય જ નહીં. સામાને દુઃખ થાય એ પોતાને દુઃખ થયા બરાબર છે. ખોટો એક પૈસોય લેવાય નહી, આપણા પુણ્યનું આવીને મળે એ સાચુ.

પ્ર : ૬૦ પૈસા કોઇની પાસેથી લીધા હોય તો તે આપણાથી પાછા અપાશે કે કેમ તે કેવી રીતે ખબર પડે ?

ઉ : ૬૦ આપણે કોઇકના રૂપિયા લીધા હોય તો આપણો ભાવ ચોખ્ખો રહે તો જાણવું કે આ પૈસા આપણાથી અપાશે પછી એના માટે ચિંતા વરીઝ નહીં કરવાની, ભાવ ચોખ્ખો છે કે નહીં એટલું જ જોવાનું આ એનુ લેવલ છે. તમારો ભાવ ચોખ્ખો છે તો ગમે ત્યારેય તમારી પાસે રૂપિયા આવશે અને દેવું ચૂકવાશે.

પ્ર : ૬૧ જીવનમાં આર્થિક પરિસ્થિતિ નબળી હોય ત્યારે શું કરવું ?

ઉ : ૬૧ એક વરસે વરસાદ ના પડે પણ બીજે વરસે વરસાદ તો પડશે ને એટલે આર્થિક પરિસ્થિતિ નબળી હોય ત્યારે ધીરજ રાખવી જોઇએ. ખર્ચ ઓછો કરી નાંખવો જોઇએ અને ગમે તે રસ્તે મહેનત પ્રયત્નો વધારે કર્યા કરવા જોઇએ. રાતે આટલી ખીચડી આપી હોય તો તમને આખી રાત સુવા દે; એવું આ શરીર છે. શરીર કઇં બીજું માગતું નથી. બીજું બધું તો મનનું તોફાન છે. બે ટાઇમ ખાવાનું મળે એટલે બસ. આ ત્રિમંત્રો બોલજો એટલે આર્થિક સ્થિતિ સુધરી જાય. ઉપાય આ કરવાનો, ઉપાય કરજો એટલે સુધરી જશે. લક્ષ્મી પુણ્ય-પાપને આધીન છે. એટલે છેવટે સારા વિચારો કરવા જોઇએ. કોઇને સુખ આપવું, કોઇનું કામ કરવું, કોઇના માટે ધક્કો ખાંવો કંઇ લાવવા મુકવામાં મદદ કરવી એટલે આ સેવા અને પરોપકારની ભાવનાથી તમને શાંતિ રહેશે.

પ્ર : ૬૨ સંપત્તિ કોને કહેવાય ?

ઉ : ૬૨ ભગવાનની ભાષામાં સંપત્તિ કોને કહેવાય કે જે સંપત્તિ ગુણાકારવાળી હોય તેને. ગુણાકારવાળી સંપત્તિ જોડે લઇ જવાય અને પોતાને સંતોષ પણ રહે. જે સંપત્તિ ભાગાકારવાળી હોય તેને ભગવાને સંપત્તિ ગણી નથી. ભાગાકારવાળી સંપત્તિથી તો અહીં ટૈડ થઇને મરી જાય અને એની સંપત્તિ પણ જાય.

પ્ર : ૬૩ લક્ષ્મી કેવી રીતે સહજતાથી આવીને મળે ?

ઉ : ૬૩ તમે નિરંતર સેવા ભાવનો હેતુ રાખો. મનુષ્ય માત્રની સેવા કરો બસ લક્ષ્મીજી મળ્યા કરશે. આત્મા પ્રાપ્ત કરવા માટે જે કરવામાં આવે છે તે પ્રોડકશન અને તેને લીધે બાય પ્રોડકટ લક્ષ્મી મળ્યા જ કરશે.

પ્ર : ૬૪ લક્ષ્મીનો સદ્ઉપયોગ કોને કહેવાય ?

ઉ : ૬૪ લોકોના ઉપયોગ માટે કે ભગવાન માટે વાપરો તે સદ્ઉપયોગ કહેવાય. પૈસા લોકોના હિત માટે વાપરવા, પારકા માટે વાપરવા, ધર્મના માર્ગે વાપરવા એ સદ્ઉપયોગ કહેવાય. શ્રી સીમંધર સ્વામીના દેરાસર બંધાતા હોય તેમાં પૈસા આપવા. જ્ઞાની પુરૂષની વાણીનાં પુસ્તકો છપાવવાં જ્ઞાનદાન તરીકે પૈસા આપવા કે જ્ઞાની પુરૂષના મહાત્માઓને જમાડવા એ લક્ષ્મીનો સદ્ઉપયોગ ગણાય.

પ્ર : ૬૫ આવતા ભવની સિલક કોને કહેવાય ?

ઉ : ૬૫ જે નાણું પારકા માટે વપરાયું એટલું જ નાણું આપણું, એટલી આવતા ભવની સિલક કહેવાય. કોઇને આવતા ભવની સિલક જો જમાં કરવી હોય તો નાણું પારકા માટે વાપરો. પછી ભલે તમે કાગડાને ખવડાવ્યું હશે તો પણ તે આવતા ભવ માટે જમા થશે. આ જન્મમાં જે પૈસા આવે તેમાથી પાંચમો ભાગ ભગવાનને ત્યાં મંદિરમા નાખી આવવો. પાંચમો ભાગ લોકોના સુખને માટે વાપરવો. જે પાસે છે એને ભેલાડી દેવું અને તે સારા કામ માટે મોક્ષ ના માટે અગર તો મોક્ષાર્થીઓ, જિજ્ઞાસુઓ માટે, અગર જ્ઞાન દાન માટે ભેલાડી દેવું એ બધી આવતા ભવની સિલક. આવકનો પાંચમો ભાગ પરાર્થે ભગવાનને ત્યાં વાપરે તો આવતા ભવનો ઓવરડ્રાફ મળે.

પ્ર : ૬૬ લક્ષ્મીજીની મહેર ક્યારે થાય ?

ઉ : ૬૬ જ્યા મન,વચન,કાયાથી ચોરીઓ ના થાય ત્યારે લક્ષ્મીજીની મહેર થાય. લક્ષ્મીજીના કાયદા પાળે તેને ત્યાં તે ખુટે નહીં. કદી ખોટા રસ્તાની લક્ષ્મી ના લેવાય, સહજ પ્રયત્ને પમાય તે જ લેવાય. આવતી લક્ષ્મીજીને ઠુકરાવાય

નહીં. કોઇના ઉછીના પૈસા લીધા હોય તો તે આપી દેવાના અને અપાયા ના હોય ત્યાં સુધી ક્યારે ચુકવી દેવાય એવા ભાવ કરવાના આ રીતે જો થાય તો લક્ષ્મીજીની મહેર થાય.

પ્ર : ૬૭ લક્ષ્મી શેનાથી ભેગી થાય? પુણ્ય શેનાથી બંધાય ?

ઉ : ૬૭ પૈસો મહેનત કે બુદ્ધિથી નથી આવતો, પણ પુણ્યૈથી આવે છે. જેમ શરીરની તંદુરસ્તી હોય ત્યારે ઊંઘ આવે એવું મનની તંદુરસ્તી હોય તો લક્ષ્મીજી આવે. મનની સ્વચ્છતા, દેહની સ્વચ્છતા અને વાણીની સ્વચ્છતા હોય તો લક્ષ્મી મળે. લક્ષ્મી પુણ્યૈથી ભેગી થાય ભગવાનને સમજ્યા વગર ભજ્યા અગર તો પારકા ઉપર ઉપકાર ક્યાં, કોઇનું ભલુ ક્યું તેનાથી પુણ્ય બંધાય પરોક્ષ ભક્તિ પણ ભાવ સહિત કરી તો તેને ઘેર લક્ષ્મી કદીય ના ખૂટે. મન, વચન, કાયાથી જે ક્યારેય ચોરી નથી કરતો તેને ત્યા લક્ષ્મી આવે. જે બીજાને માટે જીવે છે તેને લક્ષ્મીનો તોટો ક્યારેય ના પડે. લોકોની કુંથલી કે નિંદામાં ના પડે તેને લક્ષ્મી ભેગી થાય.

પ્ર : ૬૮ લક્ષ્મીના અંતરાય શાથી પડે છે? લક્ષ્મીનો મોટામાં મોટો અંતરાય શું?

ઉ : ૬૮ ટ્રીકો વાપરવાથી લક્ષ્મી અંતરાય છે. આ ઘડીયાળ તમે નેવુ રૂપિયામાં લીધુ અને વેચવા કાઢ્યુ રૂપિયા ૧૧૦/- માં તે મુઓ ટ્રીક કરે કે મે તો રૂપિયા ૧૧૦/- માં લીધું એનાં કરતા ચોખ્ખુ કહી દેવું કે મે નેવુંમાં લીધું છે અને રૂા.૧૧૦/- માં વેચવું છે. વ્યવસ્થિત એવું છે કે રૂપિયા ૧૧૦/- તને મળવાના જ છે તુ ટ્રીક વાપર કે ન વાપર. આતો ટ્રીકનું જોખમ વહોર્યુ તેનું ફળ અધોગતિ છે. લક્ષ્મી માટેનો મોટામાં મોટો અંતરાય ચોરી છે. જે મન, વચન, કાયાથી કિંચિતમાત્ર પણ ચોરી કરે તેને મહેનત ઘણીય કરે તોય માંડ લક્ષ્મી મળે. નિંદા અને તિરસ્કારથી પણ લક્ષ્મી સબંધી અંતરાય પડે છે.

પ્ર : ૬૯ લક્ષ્મીનું ઉત્પાદન કેન્દ્ર કયું છે ?

ઉ : ૬૯ અચૌર્યભાવ એ લક્ષ્મીનું ઉત્પાદન કેન્દ્ર છે. જે મન, વચન, કાયાથી ચોરી નથી કરતો તેને ત્યાં ધન, લક્ષ્મી બધુંજ વધે. ભગવાનની ભક્તિથી ધન ક્યારેય ના વધે. જગતમાં જેટલી લક્ષ્મી મળેલી છે તેટલી બધી જ ના ચોરી કરવાથી મળેલી છે. ક્યારેય ચોરી નહીં કરેલી એટલે ધન આવેલું.

પ્ર : ૭૦ અચૌર્યવ્રત કોને કહેવાય ?

ઉ : ૭૦ મન, વચન, કાયાથી જેને ચોરી કરવાનો જેને અભિપ્રાય નથી તો તે અચૌર્યવ્રત થયું.

પ્ર : ૭૧ લક્ષ્મીનું ધ્યાન એ શું છે ?

ઉ : ૭૧ લક્ષ્મીનું ધ્યાન મોટામાં મોટું રૌદ્રધ્યાન છે. લક્ષ્મીજી એ તો ભગવાનની સ્ત્રી કહેવાય એનું નામ તો દેવાતુ હશે.

પ્ર : ૭૨ લક્ષ્મી સંઘરી રાખવી તે શું છે ?

ઉ : ૭૨ લક્ષ્મી સંઘરી રાખવી તે હિંસા છે. બીજા લોકોને કામ લાગે નહીં ને.

પ્ર : ૭૩ બુદ્ધિથી પૈસા કમાવવા જાય તો શું થાય ?

ઉ : ૭૩ બુદ્ધિથી પૈસા કમાવવા જાય તો પાપ બંધાય.

પ્ર : ૭૪ અણહક્કની લક્ષ્મીનું ફળ શું ?

ઉ : ૭૪ તિર્યંચગતિ, જાનવર ગતિમાં જવાનું થાય.

પ્ર : ૭૫ લક્ષ્મી ક્યારે ના મળે ?

ઉ : ૭૫ લોકોની નિંદા કુથલીમાં પડે ત્યારે લક્ષ્મી ના મળે. નિંદા અને તિરસ્કાર કરવાથી લક્ષ્મીજી ભેગા ના થાય.

પ્ર : ૭૬ લક્ષ્મીજી શેનાથી આઘાં રહે ?

ઉ : ૭૬ જ્યાં ઘેલછા ત્યાં લક્ષ્મીજી આઘાં રહે એવો નિયમ છે. ઘેલછા હોય ત્યાંથી લક્ષ્મીજી ખસી જાય. આ ભક્તો બધા ઘેલછાવાળા હોય છે માટે તેમને લક્ષ્મીજી ભેગા નથી થતાં.

પ્ર : ૭૭ "શ્રી" શબ્દનો અર્થ શું ?

ઉ : ૭૭ "શ્રી" તો લક્ષ્મીનું સૂચક છે. લક્ષ્મી વળી એક જાતની નથી. ધનલક્ષ્મી, વિદ્યાલક્ષ્મી, મોક્ષલક્ષ્મી, રાજલક્ષ્મી, વગેરે વગેરે. આ "શ્રી" વગેરે શબ્દોમાં બહું ઊંડા ઉતરવા જેવું નથી. આ તો એવા કેટલાય શબ્દો છે આ તો સંસાર સૂચક શબ્દ છે.

પ્ર : ૭૮ રાજલક્ષ્મી કોને કહેવાય ?

ઉ : ૭૮ જેનાથી તૃષ્ણા વધે એને રાજલક્ષ્મી કહેવાય. અજ્ઞાનીમાં જ્ઞાની કલ્પે અને જ્ઞાનીને અજ્ઞાની કલ્પે તે રાજલક્ષ્મી કહેવાય. તે સૂઝ આવરે, સૂઝ ઉપર આવરણ લાવે છે. જગતમાં મોટામાં મોટી વસ્તુ તે સૂઝ છે અને આ સૂઝ ઉપર આવરણ લાવે તે રાજલક્ષ્મી કહેવાય.

પ્ર : ૭૯ જગતમાં ડાહ્યો કોણ? ગાંડો કોણ અને મજૂર કોણ?

ઉ : ૭૯ જગતમાં જે ભોગવે છે તે ડાહ્યો કહેવાય, બહાર નાંખી દે એને ગાંડો કહેવાય અને મહેનત કર્યા કરે એ તો મજૂર કહેવાય. પાપાનુંબંધી પુણ્યવાળી જે લક્ષ્મી છે તે લક્ષ્મી માણસને ધીમે ધીમે મજૂર બનાવી દે છે.

પ્ર : ૮૦ ખરેખર પૈસાવાળો કોણ કહેવાય ?

ઉ : ૮૦ મનનો જે રાજેશ્રી છે તે ખરેખર પૈસાવાળો કહેવાય કારણ કે હોય તો વાપરે અને ના હોય તોય વાપરે.

પ્ર : ૮૧ ધનવાન કોને કહેવાય ?

ઉ : ૮૧ રૂપિયા આવે અને વપરાય અને અડચણ ના પડે એનાં જેવો ધનવાન કોઇ નહીં. જરૂર પૂરતા રૂપિયા આવે ને જરૂર પુરતા જાય પછી અડચણ ના પડવી જોઇએ એનું નામ ધનવાન.

પ્ર : ૮૨ લક્ષ્મી કેટલી આવશે તે નક્કી હોય છે ખરું?

ઉ : ૮૨ જેટલો હિસાબ હોય એટલી જ લક્ષ્મી આવે અને હિસાબ હોય એટલી જ લક્ષ્મી ટકે. તમારે કામ કર્યે જવું એ ફરજ છે. અને પૈસા એની મેળે આવે છે. લક્ષ્મી માટે વિચાર કરાય નહીં એ વ્યવસ્થિત ને આધીન આવે છે અને જાય છે. એ ધર્મમાં પડો તોય એટલી જ આવે અને અધર્મમાં પડો તોય એટલી જ આવશે. પરંતુ ધર્મનાં ફળથી સુખી થવાશે અને અધર્મના ફળથી દુઃખી થવાશે. જેમ ઊંઘ એની મેળે જ આવે તેમ લક્ષ્મી એની મેળે જ આવે એને સંભારવી ના પડે.

પ્ર : ૮૩ દાનેશ્વરી ક્યારે પાકે ?

ઉ : ૮૩ દાનેશ્વરી તો મન, વચન, કાયાની એકતા હોય ત્યારે પાકે તેને ભગવાન શ્રેષ્ઠિ કહેતા હતા.

પ્ર : ૮૪ સરપ્લસ કોને કહેવાય ?

ઉ : ૮૪ સરપ્લસ તો તમે આજે આપો ને કાલે ચિંતા થાય એવું ઊંભુ થાય એ ના કહેવાય. હજી છ મહિના સુધી આપણને ઉપાધિ નથી પડવાની એવું આપણને લાગે તો કામ કરવું, નહી તો નહી કરવું.

પ્ર : ૮૫ આ દુનિયામાં યાદ ન કરવા જેવી કઇ ચીજ છે ?

ઉ : ૮૫ આ દુનિયામાં જો કશું યાદ ન કરવા જેવી ચીજ હોય તો તે ''લક્ષ્મી''. બીજું બધુ યાદ કરશો તો ચાલશે પણ લક્ષ્મી યાદ ન કરશો. એ લક્ષ્મી તો ભગવાનની પત્ની છે એને યાદ કરવાની ના હોય એ તો આયા જ કરે એના નિયમ મુજબ.

પ્ર : ૮૬ આ જગતમા જરૂરિયાત વગરની કઇ વસ્તુ છે ?

ઉ : ૮૬ આ દુનિયામા જો જરૂરિયાત વગરની વસ્તુ હોય તો તે લક્ષ્મી છે. જરૂરિયાત જે લાગે છે એ તો ભ્રાંતિ અને અણસમજણથી માની બેઠા છે. આ લક્ષ્મી જરૂરિયાતનું સાધન છે એવું કહે છે. એ તો બધી મેડનેસ છે.

પ્ર : ૮૭ આપણો દેશ ક્યારે પૈસાવાળો અને સુખી થશે ?

ઉ : ૮૭ જ્યારે નિંદા અને તિરસ્કાર આ બે વસ્તુ બંધ થઇ જશે ત્યારે આ દેશમાં નર્યા પૈસા અને લક્ષ્મી પાર વગરની આવશે. લોભ વધે એટલે નિંદા અને તિરસ્કાર બેઉ બંધ થઇ જાય.

પ્ર : ૮૮ કુદરતના વ્યાજનો દર શું છે ?

ઉ : ૮૮ નેચરલ ઇન્ટરેસ્ટ ઇઝ વન પર્સન્ટ પર બાર મહિને એટલે સો રૂપિયે એક રૂપિયો.

પ્ર : ૮૯ પૈસાને કેવી રીતે રોકવો કે જેથી ક્યારેય તકલીફ ના પડે ?

ઉ : ૮૯ પહેલાના કાળમાં વણિકો પોતાની મૂડી ૨૫ ટકા લેખે નીચે જણાવેલ ચારેયમાં રોકે કારણ કે રોકડ રકમનો નિયમ એવો છે કે અગિયારમે વર્ષે પૈસો જતો રહે. રોકડ રકમ દશ વર્ષ સુધી જ ચાલે.

૨૫ ટકા રકમ- રોજબરોજના વ્યવહાર કરવા માટે બેંકમાં મૂકવાના અથવા ડીપોઝીટ કરવા.

૨૫ ટકા રકમ- સ્થાવર મિલ્કત વસાવવાની મકાન બાંધવું તે ૧૦૦ વર્ષ ટકે.

૨૫ ટકા રકમ- સ્થાવર જંગમ મિલ્કત વસાવવાની એટલે સોનું અને ચાંદી તે પણ લગડી સ્વરૂપે ખરીદવાનું જે ૫૦ વર્ષ ટકે.

૨૫ ટકા રકમ- વેપાર ધંધામાં રોકવાના.

પ્ર : ૯૦ આપણે પૈસા ઉછીના લાવ્યા હોઇએ પણ આપણને ખુબ અડચણ હોય તો શુ કરવું ?

ઉ : ૯૦ આપણે તો વહેલામાં વહેલી તકે પાછા અપાય એવી ભાવના કરવી. ગમે તે ભોગે મારે આ પૈસા પાછા આપવા જ છે; એવું નક્કી કરવું મન ક્યારેય ન બગાડવું તો આપી શકાશે. ભાવ ચોખ્ખો જોઇએજ. ભાવ એટલે આજે બધા રૂપિયા હોય તો, તો આજે જ આપી દઉં એનું નામ ચોખ્ખો ભાવ. ભાવમાં તો એવું જ હોવું જોઇએ કે ક્યારે વહેલાંમાં વહેલી તકે અપાય. કાયદો શું કહે છે કે રૂપિયા પાછા આપવા માટે તમારે ભાવ ના બગડવો જોઇએ. તો જરૂર તમારી પાસે રૂપિયા આવશે અને દેવું ચૂકવાશે.

પ્ર : ૯૧ આપણે કોઇને રૂપિયા આપ્યા હોય ત્યાં એ પાછા લેવા પ્રયત્ન કરવો કે દેવું ચૂકતે થયું એમ સમજી સંતોષ માનવો ?

ઉ : ૯૧ એમ નહીં માણસ સારા હોય તો આપણે પ્રયત્ન કરવો અને નબળો માણસ હોય તો પ્રયત્ન જ છોડી દેવો. સારો માણસ હોય તો આપણે એને કહેવુ જોઇએ કે અમને પૈસાની ભીડ છે જો આપની પાસે છુટ થઇ હોય તો

અમને મોકલી આપજો એવી રીતે વિનયથી વિવેકથી કહેવું જોઈએ અને પછી ના આવે તો આપણે જાણવું કે આપણો કોઇ હિસાબ હશે તો ચૂકતે થઇ ગયો. લેનારાનો જેટલો વિવેક હોય તેવો જ વિવેક આપણે રાખવો. અને ખરેખર તો શું છે કે આપણે આપ્યા પછી નક્કી કરવું કે દરિયાની અંદર કાળી ચીંથરી બાંધીને મૂકીએ છીએ પછી આશા રખાય ? આપતા પહેલાં જ આશા રાખ્યા વગર જ આપો નહી તો આપવા નહીં. એક વખત રૂપિયા અપાઇ ગયા પછી એની ચિંતા-ઉપાધિ કરવાની ના હોય. તમને રૂપિયા પાછા આપે છે તે ય ન્યાય છે અને પાછા ન આપે તે ય ન્યાય છે. તમારે જો છૂટવું હોય તો બન્યુ છે એ ન્યાય સમજો, અને ભટકવું હોય તો કોર્ટના ન્યાયથી નીવેડો લાવો. ટૂંકી વાત "જે બન્યુ એ જ ન્યાય."

પ્ર : ૯૨ ઉઘરાણી બાબતે કેવો વ્યવહાર હોવો જોઈએ ?

ઉ : ૯૨ આખું જગત ઉઘરાણીથી સપડાયું છે. સહજ પ્રયત્ને ઉઘરાણી કરાય અને ઉઘરાણી કરતા સામે વાળા માટે પરિણામ મહી ના બદલાય તો ઘેર બેઠા આવી મળે એવું આ સાયન્સ છે. ઉઘરાણીમાં પૈસા ના મળતા હોય તો તેના પાછળ ના પડાય. નહી તો એ ભૂત થઇને વેર વાળશે.

પ્ર : ૯૩ Economy (ઈકોનોમી) કોનું નામ કહેવાય ?

ઉ : ૯૩ ટાઇટ આવે ત્યારે ટાઇટ અને ઠંડુ આવે ત્યારે ઠંડુ આડોસી-પાડોશીને આનંદ થાય તેનું નામ નોર્મલ ઇકોનોમી.

પ્ર : ૯૪ કંજૂસાઇ અને કરકસરમાં શો ફેર ?

ઉ : ૯૪ કરકસર એટલે હજાર કમાય અંને આઠસોમાં પુરુ કરે, પાંચસો કમાય તો ચારસોમાં પુરુ કરે, દેવું કરીને ના વાપરે તે. જ્યારે કંજૂસ તો પૈસાનો લોભી હોય. એ તો ચારસો જ વાપરે પછી ભલે ને હજાર-બે હજાર કમાતો હોય. ઘરમાં રસોડા સિવાય કરકસર બધેય આવકાર્ય છે. કંજૂસ માણસને જોઇને બીજાને ચીઢ ચઢે જ્યારે કરકસરિયા માણસને જોઇને ચીઢ ના ચઢે. પારકા માટે લાંફા અને પોતાની જાત માટે કરકસરિયા રહેવુ.

પ્ર : ૯૫ લોભિયો અને કંજૂસમા શો ફેર ?

ઉ : ૯૫ લોભિયો તો એકેન્દ્રિય જીવ કહેવાય. પૈસા સંઘરે તે સુખી થાય એ લોકસંજ્ઞાથી માનતો થઇ ગયો તે લોભિ કહેવાય. લોભિને દરેક બાબતમાં લોભ હોય, પૈસામાં, માનમાં, પાણી વાપરે તેય ઓછું વાપરે, અરે દિવાસળી વાપરે તે ય ગણી ગણીને વાપરે. બધામાં જ લોભ હોય એને લોભી કહેવાય. લોભિયો

કોઇ રંગમાં ક્યારેય રંગાય જ નહિં. સત્સંગમાં ય, ઘરબાર બધું ભૂલાય નહી તે લોભી. સત્સંગમાં જ નહીં પણ બૈરી, છોકરા, કે મિત્ર જોડે પણ રંગાય જ નહીં એનું નામ લોભી. કીડીઓ જો જીવડાની પાંખ હોય તોય ભેગી ખેચી જાય. પંદર વર્ષ ચાલે તેટલું કીડી ભેગુ કરે. કારણ કે તેને લોભ બહુ હોય. જ્યારે કંજુસ તો ફક્ત લક્ષ્મીનો જ હોય.

પ્ર : ૯૬ લોભ એટલે શું ? લોભિયો કોને કહેવાય ?

ઉ : ૯૬ જે વસ્તુ પ્રિય થઇ પડી હોય તેના તાનમાં ને તાનમાં રહેવુ તેનું નામ લોભ. એ મળે તોય સંતોષ ના થાય. લોભિયો તો સવારમાં ઉઠ્યો ત્યાંથી રાત્રે આંખ મિચાય ત્યાં સુધી લોભમાં હોય, એનું નામ લોભિયો. સવારમાં ઉઠ્યો ત્યાંથી ગાંઠ જેમ દેખાડે તેમ એ ફર્યા કરે. લોભિયો હસવામાંય વખંત ના બગાડે. આખો દહાડો લોભમાં જ હોય. માર્કેટમાં પેઠો ત્યાંથી લોભ. એને ખબર હોય કે આ બાજુ બધું મોઘું શાક હોય અને આ બાજુ સસ્તી ઢગલીઓ વેચાય છે તે પછી તે પોતે સસ્તી ઢગલીઓ ખોળી કાઢે ને રોજ એ બાજુ જ શાક લેવા જાય. લોભિયો ફસાય નહીં એ તો ક્યાં કઇ વસ્તુ સસ્તી અને સારી મળે તે એની ખબર જ તેને હોય. જન્મથી જ લોભ. ન્હાવા માટે જાય તો સાબુ ઓછો વાપરે, એની વૃત્તિ બધી લોભમાં જ હોય. એ તો જ્યારે સ્મશાનમાં જાય ત્યારે એનો લોભનો આંકડો પૂરો થાય. લોભિયો ભવિષ્યના સારુ બધું ભેગુ કરે.

પ્ર : ૯૭ શાસ્ત્રમાં વ્યાજ લેવાની ના લખી છે તેની પાછળ શું રહસ્ય છે ?

ઉ : ૯૭ વ્યાજ લેવાની એટલા માટે ના લખી છે કે જે માણસ વ્યાજ ખાય છે એ માણસ પછી કસાઈ જેવો થઈ જાય છે માટે ના પાડી છે એ અહિતકારી છે એટલા માટે ના પાડી છે.

પ્ર : ૯૮ ઘેર ધનના ઢગલા ક્યારે થાય ?

ઉ : ૯૮ મન, વચન, કાયાથી ધનની ચોરી ન કરવાની પ્રતિજ્ઞા કરે તો ઘેર બેઠા ધનના ઢગલા થાય.

પ્ર : ૯૯ મૂડી કોને કહેવાય ?

ઉ : ૯૯ દેવલોકનો અવતાર એ મૂડી ના કહેવાય. મનુષ્ય અવતાર એ મૂડી કહેવાય.

પ્ર : ૧૦૦ કરકસર એ શું છે ?

ઉ : ૧૦૦ કરકસર એ એડજસ્ટમેન્ટ છે. આપણે ગરમ પાણીથી ન્હાતા હોય અને લાઈટ ગઈ હોય તો બે ડોલને બદલે એક ડોલથી નાહી લે તો એ કરકસર છે. લોભ જુદી વસ્તુ છે.

પ્ર : ૧૦૧ જૈન સાધુઓ લક્ષ્મી માટે શું કહે છે ?

ઉ : ૧૦૧ જૈન સાધુઓ કહે છે કે લક્ષ્મીને અડાય નહી ત્યારે ભગવાન કહે છે કે મારી જોડે તેમને પ્રેમ કરવો છે અને મારી બૈરી જોડે વેર બાંધે છે એટલે ફરી તેમને સંસારમાં એવો નાંખીશ કે તેને પછી લક્ષ્મીના દર્શન પણ ના થાય.

પ્ર : ૧૦૨ કયા વૃક્ષોના મૂળિયા ધન (દ્રવ્ય) તરફ જાય છે ?

ઉ : ૧૦૨ બીલીવૃક્ષ અને પલાશના વૃક્ષના મૂળિયા જે તરફ દ્રવ્ય (ધન) હોય તે તરફ ફેલાય છે.

પ્ર : ૧૦૩ ધન કેટલા પ્રકારનું હોય છે ?

ઉ : ૧૦૩ ગણિમ, ધણિમ, મેય, અને પારિચ્છેદ એ ચાર પ્રકારે ધન ગણાય છે.

ગણિમ : એટલે ગણી શકાય તેવું દા. ત. : રૂપિયા, જાયફળ, સોપારી આદિ.

ધરિમ : એટલે ત્રાજવામાં તોલીને આપી-લઈ શકાય તેવું જેમ કે કેસર, ગોળ, તેલ, ઘી, મીઠુ વગેરે.

મેય : માપીને લેવડ-દેવડ થઈ શકે તેવું દા. ત. કાપડ, અથવા જમીનનો ટૂકડો.

પારિચ્છેદ : છેદી ને કે પરીક્ષા કરીને લઈ-દઈ શકાય સોનુ, ચાંદી, રત્ન વગેરે.

પ્ર : ૧૦૪ કોઈના પૈસા પાછા ન આપવાનું ફળ શું ?

ઉ : ૧૦૪ કોઈના માગતા પૈસા પાછા ન આપવા એ તો ભારે દોષ છે કારણ કે લક્ષ્મી એ તો મનુષ્યનો અગિયારમો પ્રાણ છે. અગિયારમા ભાગનો પ્રાણ લીધા જેટલું જ ભોગવવું પડશે.

પ્ર : ૧૦૫ કળિયુગની લક્ષ્મી કેવી છે ?

ઉ : ૧૦૫ કમાંતાંય દુઃખ, સાચવતાંય દુઃખ, ભોગવવામાંય દુઃખ અને જાય ત્યારે પણ અપાર દુઃખ આપીને જાય છે.

પ્ર : ૧૦૬ કોને લક્ષ્મીનો તોટો ક્યારેય ના પડે ?

ઉ : ૧૦૬ જે બીજાને માટે જીવે છે તેને લક્ષ્મીનો તોટો ક્યારેય ના પડે.

પ્ર : ૧૦૭ પ્રમાદ કોને કહેવાય ?

ઉ : ૧૦૭ જે જાગૃતિ અટકાવે એનું નામ પ્રમાદ. શુદ્ધ ઉપયોગ ચૂકવો એને પ્રમાદ કહ્યો છે. પ્રમાદ એટલે જેનાથી આત્મા ભુલાય તે. શુદ્ધાત્મા ગાય-ભેંસમાં,

જીવમાત્રમાં છે એની ખાત્રી થયા પછી દેખાવા જ જોઈએ અને ના દેખાય એ પ્રમાદ કહેવાય. આરોપિત ભાવમાં રંજન કરે તેને ભગવાને પ્રમાદ કહ્યો. આત્માના સ્વરૂપમાં અણઉત્સાહ તે પ્રમાદ કહેવાય. કુસંગમાં રાચવું અને ધર્મ પ્રત્યે ઉદાસીનતા એ પ્રમાદ કહેવાય. અશુભ ઉપયોગ થાય તેને ફેરવી ના નાખે તેને પ્રમાદ કહેવાય. પોતાના દોષ ના દેખાય તો તેને પ્રમાદ કહેવાય. ઊંઘ ખૂબ આવે તે પ્રમાદ કહેવાય. પ્રમાદ એ આત્માને ગાંસડી બાંધ્યા બરોબર છે. ભૂલોને લીધે ઊંઘ આવી જાય છે. પ્રમાદને અશુદ્ધ ઉપયોગ કહે છે.

એક તો આરોપિત ભાવ છે કહે છે કે હું વિરચંદ છું, એવું માને છે એ મદ છે. અને લગ્નમાં લહેર કરે છે એ પ્રમાદ. જે અવસ્થા હોય એ સારી હોય તો ઠંડક ભોગવતો હોય અને ખરાબ અવસ્થામાં ઉકળાટ ભોગવે એ પ્રમાદ. આરોપિત ભાવમાં સ્થિરતા કરે તે મદ અને આરોપિત ભાવમાં રંજન કરે એને પ્રમાદ કહ્યો.

પ્ર : ૧૦૮ આળસ અને પ્રમાદમાં શો ફેર ?

ઉ : ૧૦૮ સાંસારિક બાબતમાં પ્રમાદ તેને આળસ કહેવાય. કોઈ મોડો ઊઠે તો તે આળસ કહેવાય. ધર્મની બાબતમાં ઉપયોગ કે જાગૃતિ ના રહે તેને પ્રમાદ કહેવાય. આરોપિત ભાવમાં રંજન કરે તેને પ્રમાદ કહેવાય.

પ્ર : ૧૦૯ પેપર (છાંપુ) વાંચવામાં કેટલા પ્રકારના પ્રમાદ છે ?

ઉ : ૧૦૯ ભગવાને કહ્યું છાંપુ (પેપર) વાંચવામાં ૮૪ (ચોર્યાસી) પ્રકારના પ્રમાદ આવી જાય છે.

પ્ર : ૧૧૦ જ્ઞાનીની દષ્ટિએ મુખ્ય કેટલા પ્રકારના પ્રમાદ છે ?

ઉ : ૧૧૦ જ્ઞાનીની દષ્ટિએ મુખ્ય પ્રમાદ ચાર છે. એમાંથી બીજા ચોર્યાસી પ્રકારના પ્રમાદ ઉત્પન્ન થાય છે.

(૧) લોકકથા (૨) રાજકથા (૩) ભોજનકથા (૪) સ્ત્રી કથા.

પ્ર : ૧૧૧ શાસ્ત્ર કોને પ્રમાદ કહે છે ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ : ૧૧૧ ધર્મકાર્યમા આળસ કરવી તેનું નામ પ્રમાદ. શુભ કાર્યમાં ઉદ્યમ ન કરવો તેને પ્રમાદ કહેવાય. તેના પાંચ પ્રકાર છે.

(૧) મદ (અભિમાન) (૨) વિષય (૩) કષાય (૪) નિંદા (૫) વિકથા.

પ્ર : ૧૧૨ જૈન દર્શનમાં પ્રમાદના કેટલા ભેદ કહ્યા છે ?

ઉ : ૧૧૨ પ્રમાદ એટલે મિથ્યાત્વ, અવિરતિ અને કષાય અને તેના આઠ ભેદ દર્શાવ્યા છે.

(૧) અજ્ઞાન (૨) સંશય (૩) મિથ્યાજ્ઞાન (૪) રાગ-દ્વેષ (૫) મતિભ્રંશતા (૬) ધર્મનો અનાદર (૭) મન, વચન, કાયાનો દુરાચાર (૮) દુર્ધ્યાન.

પ્ર : ૧૧૩ આગમોમાં પ્રમાદના કેટલાં ભેદ વર્ણવ્યા છે ?

ઉ : ૧૧૩ શુદ્ધ આત્માના અનુભવથી ચલિત થવું અને વ્રતસાધનામાં અસાવધાની થવી તેને પ્રમાદ કહે છે. પ્રમાદના મૂળ પંદર ભેદ છે.

(૧) **સ્ત્રી કથા :** સ્ત્રીના સુંદર, રૂપ, કળા, ચતુરાઈ વગેરેની રાગ ભરી કથા કરવી તેને સ્ત્રી કથા કહે છે.

(૨) **દેશ કથા :** દેશ - વિદેશોના સ્થાન, મહેલ, રીતભાત, નીતિ વગેરેની વાતો કરવી તેને દેશ કથા કહે છે.

(૩) **ભોજન કથા :** સ્વાદિષ્ટ ભોજનના સ્વાદની, ભોજન બનાવવાની ક્રિયાની, ભોજનની સામગ્રીની વગેરેની વાતો કરવી તેને ભોજન કથા કહે છે.

(૪) **રાજ કથા :** રાજાઓના વૈભવ, વ્યવહાર વગેરેની ચર્ચા કરવી તેને રાજ કથા કહે છે.

(૫) **ક્રોધ પ્રમાદ :** ક્રોધ વશ શુદ્ધ આત્માનુભવથી ચલિત થઈ જવું અને આવશ્યક કર્તવ્યોમાં શીથિલતા કરવી તે ક્રોધ પ્રમાદ છે.

(૬) **માન પ્રમાદ :** માન વશ શુદ્ધ આત્માનુભવથી ચલિત થઈ જવું અને આવશ્યક કર્તવ્યોમાં શિથિલ થવું અથવા દોષ લગાવવો તેને માન પ્રમાદ કહે છે.

(૭) **માયા પ્રમાદ :** માયા વશ શુદ્ધ આત્માનુભવથી ચલિત થઈ જવું તે માયા પ્રમાદ

(૮) **લોભ પ્રમાદ :** લોભ વશ શુદ્ધ આત્માનુભવથી ચલિત થઈ જવું તે લોભ પ્રમાદ.

(૯) **સ્પર્શેન્દ્રિયવશતા :** સ્પર્શેન્દ્રિયના વિષયોનું ચિતંન, પ્રવર્તન વગેરેને આધિન થઈ આત્મા ભુલાય તે.

(૧૦) **રસનેન્દ્રિયવશતા :** ભોજનના સ્વાદમા રતિ કરીને શુદ્ધ ઉપયોગ ચૂકવો તે.

(૧૧) **ઘ્રારણેન્દ્રિયવશતા :** સુગંધિત પદાર્થોને સૂંઘવાની ઈચ્છા અને પ્રવૃતિ કરીને આત્મા ભૂલવો તે.

(૧૨) **ચક્ષુ ઈન્દ્રિયવશતા :** સુંદર રૂપ, નાટક, કળા વગેરે જોવામાં રતિ (ગમો-રુચી) કરીને આત્મા ભૂલાય તે.

(૧૩) **શ્રોત્રેન્દ્રિયવશતા :** રાગ-ભાવ ઉત્પન્ન કરવાવાળા શબ્દો, સંગીત વગેરે સાંભળવાથી રતી કરીને શુદ્ધ ઉપયોગ ચૂકી જવો તે.

(૧૪) **નિંદ્રા પ્રમાદ :** નિંદ્રાને વશ થઈ જઈને આત્માને કોથળામાં પૂરી દેવો તે.

(૧૫) **સ્નેહ પ્રમાદ :** કોઈ પદાર્થ અથવા કોઈ વ્યક્તિ ઉપર સ્નેહ કરીને શુદ્ધ ઉપયોગ ચૂકી જવો તે.

પ્ર : ૧૧૪ પ્રમાદના સંયોગી ભેદ કેટલા છે ?

ઉ : ૧૧૪ પ્રમાદના સંયોગી ભેદ એંશી છે. ચાર વિકથા, ચાર કષાય અને પાંચ ઈન્દ્રિય વિષય એનો પરસ્પર ગુણાકાર કરતા (૪×૪×૫=૮૦) એંશી ભેદ થાય છે. આ ભેદ સાથે મિથ્યાજ્ઞાન, મતિભ્રંશતા, ધર્મનો અનાદર અને દુર્ધ્યાન એ ચાર ઉમેરતાં ચોર્યાસી ભેદ થાય.

પ્ર : ૧૧૫ ત્રણેય લોકમાં શાશ્વતા દેરાસરો કેટલાં છે ?

ઉ : ૧૧૫ ૮,૫૭,૦૦,૨૮૨ (આઠ કરોડ, સતાવન લાખ બસો બ્યાસી) શાશ્વતા દેરાસરો ત્રણે લોકમાં છે.

પ્ર : ૧૧૬ ત્રણેય લોકમાં શાશ્વતી પ્રતિમાઓ કેટલી છે ?

ઉ : ૧૧૬ ૧૫, ૪૨, ૫૮, ૩૬, ૦૮૦ (પંદર અબજ, બેતાલીશ કરોડ, અઠ્ઠાવન લાખ, છત્રીસ હજાર, એંશી) જેટલી શાશ્વતી પ્રતિમાઓ ત્રણેય લોકમાં કુલ મળીને આવેલી છે.

પ્ર : ૧૧૭ દેરાસરમાં પેસતા શું બોલવું ? અને પ્રભુ નજરે પડે ત્યારે શું બોલવું?

ઉ : ૧૧૭ દેરાસરમાં પેસતાં ત્રણવાર નિસિહી એમ બોલવુ અને પ્રભુ નજરે પડે ત્યારે બે હાથ જોડીને "નમો જિણાણમ્" બોલવું.

પ્ર : ૧૧૮ નિસિહી એટલે શું ? તે કેટલી છે ? તે ક્યારે ક્યારે કહેવાય ?

ઉ : ૧૧૮ નિસિહી એટલે સાવદ્ય ક્રિયાનો ત્યાગ કરવો તે ત્રણ છે.

(૧) દહેરાસરના મુખ્ય દ્વારમાં પેસતા નિસિહી બોલવું -
આ નિસિહી થી ઘરના તમામ કામકાજનો ત્યાગ થાય છે.

(૨) દેરાસરના મુખ્ય ગભારા આગળ નિસિહી બોલવું -
આ નિસિહી થી દેરાસર સબંધી તમામ કામકાજનો ત્યાગ થાય છે.

(૩) ચૈત્યવંદન કરતા પહેલા નિસિહી બોલવું -
આ નિસિહી થી દ્રવ્ય પૂજાનો ત્યાગ થાય છે.

પ્ર : ૧૧૯ દેરાસરમાં કયી વસ્તુઓ સાથે ન લઈ જવાય ?

ઉ : ૧૧૯ (૧) ખાવા - પીવાની વસ્તુઓ જે આપણા વપરાશમાં લેવાની હોય તે
(૨) લાકડી, છત્રી, જોડા, બૂટ, ચંપલ, હથિયાર વગેરે

પ્ર : ૧૨૦ દેરાસરમાં શુ બોલવું ?

ઉ : ૧૨૦ વર્તમાન જ્ઞાનીઓ, તીર્થંકર ભગવંતો, તથા શાસન દેવી-દેવતાઓ અને હે સિદ્ધ ક્ષેત્રમાં બિરાજમાન થયેલા સર્વ સિદ્ધ ભગવંતો આપને અભેદભાવે અત્યંત ભક્તિપૂર્વક વારંવાર કોટિ કોટિ નમસ્કાર કરી પ્રાર્થના કરું છું કે અમોને જગત કલ્યાણ કરવાનું નિમિત્ત બનાવો. હે શાસન દેવી-દેવતાઓ સર્વ અવતારોમાં અમારી જે ભૂલ થઈ હોય તેની ક્ષમા આપો, જગત કલ્યાણનું અમને નિમિત્ત બનાવો તથા જગતનું કલ્યાણ કરવાની અમને શક્તિ આપો.

પ્ર : ૧૨૧ દેરાસરમાં શા માટે દર્શન કરવા જવાનું ?

ઉ : ૧૨૧ હે ભગવાન તમારી વાત અમારે જાણવી છે, આપનો શો અભિપ્રાય છે આપનો શો મત છે કે જેનાથી આપ વિતરાગતા પામ્યા એવો ધર્મ અમારે પામવો છે આના માટે દેરાસરમાં જવાનું છે.

પ્ર : ૧૨૨ દર્શન કોને કહેવાય ?

ઉ : ૧૨૨ કોઈ પણ વસ્તુને જોવી તેનું નામ દર્શન નથી. દર્શન એ એક પ્રકારની શક્તિ છે. દષ્ટ્રા (જોનારો), દશ્ય (મૂર્તિ) ની અંદર એકાકાર થાય અર્થાત્ દષ્ટ્રા અને દશ્યનું તન્મયાકારપણુ થાય છે ત્યારે દર્શન નામની શક્તિ ઉત્પન્ન થાય છે અને તેજ તમારા મેલા અંતઃકરણને સાફ કરે છે.

પ્ર : ૧૨૩ ત્રિકાળ જિનપૂંજાના સમયો કયા ?

ઉ : ૧૨૩ સવારે પૂજા સૂર્યોદય પછી કરવી - વાસક્ષેપ આદિ સુંગંધી વડે.
બપોરે પૂજા દિવસના મધ્યભાગે કરવી - અષ્ટ દ્રવ્યો વડે.
સાંજે પૂજા સૂર્યાસ્ત પહેલા કરવી - ધૂપ-દીપ વડે.

પ્ર : ૧૨૪ તિલક કરવા પાછળ શું ભાવના છે ?

ઉ : ૧૨૪ પ્રભુને માલિક તરીકે સ્વીકાર્યાના પ્રતીક રૂપે લલાટમાં (કપાળમાં) તિલક કરવું. માનવીય મસ્તક એ વિચારશક્તિનું ધામ છે. કપાળના આ પડદા પાછળ કોઈ કાળો વિચાર ન જન્મે માટે પરમાત્મા સ્મરણના સ્મૃતિ ચિહ્નરૂપે તિલક (ચાંલ્લો) એક અતિ આવશ્યક પ્રક્રિયા છે. હે પ્રભુ આપની આજ્ઞાને મસ્તકે ચડાવું છું એવી ભાવના ભાવતાં ભાવતાં લલાટમાં દીપ શીખા જેવું લાંબુ તિલક કરો. કપાળ, કર્ણ, કંઠ, હૃદય, અને નાભિના

સ્થાને તિલક કરવામાં તેમ જ સ્વદેહે આભૂષણાદિ ચીતરવામાં કેશર-ચંદન પોતાનાં ઘરનાં વાપરવાનો આગ્રહ રાખવો.

પ્ર : ૧૨૫ પૂજાવિધિનો પ્રારંભ અને અંત કઈ ક્રિયા વડે થાય છે ?

ઉ : ૧૨૫ પૂજાવિધિનો પ્રારંભ અભિષેક પૂજાથી થાય છે અને સમાપ્તિ આરતી-મંગળ દિવાથી થાય છે. પ્રભુનો અભિષેક તો અનંતા કર્મોનું કાસળ કાઢી નાંખનારો છે. ક્રોધ, માન, માયા, લોભના ચીકણા કાદવને ધોઈને સાફ કરી નાંખનારો છે. પ્રભુને હૃદય સિંહાસનમાં બિરાજમાન કર્યા તેની જાહેરાત રૂપે પ્રભુનો અભિષેક કરવાનો છે. આ અભિષેક પૂંજા એટલે આપણા હૃદય રાજ્યમાં મોહરાજાનો પરાજય અને જિનરાજનો જ્વલંત વિજય.

પ્ર : ૧૨૬ શ્રી જિન પૂંજા પ્રભુના કયા કયા નવ અંગે કરાય છે ?

ઉ : ૧૨૬ (૧) જમણા અને ડાબા પગના અંગુઠે.
(૨) જમણા તથા ડાબા ઢીચણે.
(૩) જમણા અને ડાબા કાંડે.
(૪) જમણા અને ડાબા ખભે.
(૫) મસ્તકે (શિખાએ).
(૬) લલાટે (કપાળે).
(૭) કંઠે (ગળા ઉપર).
(૮) હૃદયે. કુલ અંગ - નવ
(૯) નાંભિએ. કુલ તિલક - તેર

પ્ર : ૧૨૭ પ્રભુને નવ અંગે પૂજા કરતી વખતે મોઢેં બાંધવાનું કપડુ કેવું લેવું ?

ઉ : ૧૨૭ ખેસના આઠ પડ કરીને મોં તથા નાક બરાબર બંધ કરવું. અષ્ટ પડો મુખકોશ બાંધવો. સવા મીટર લાંબો પહોળો રેશમી રૂમાલ રાખવો જેના આઠ પડ થઈ શકે જેથી આપણા ઉચ્છવાસ તથા મોની દુર્ગંધ પ્રભુના પવિત્ર શરીરને સ્પર્શે નહીં.

પ્ર : ૧૨૮ પ્રભુને નવ અંગે પૂજા કરવાનું કારણ શું ?

ઉ : ૧૨૮ પ્રભુ નવ તત્વના ઉપદેશક છે આ નવ તત્વોમાં દુનિયાના સર્વ તત્વોનો સમાવેશ થઈ જાય છે. જીવ, અજીવ, પાપ, પુણ્ય, આશ્રવ, સંવર, નિર્ઝરા, બંધ, મોક્ષ આ નવ તત્વોનું જ્ઞાન જેમ છે તેમ હૃદયમાં ધારણ થાય તેમજ વીતરાગોએ કહેલ આ નવ તત્વો અંગેની ઊંડી સમઝ પ્રાપ્ત થાય તે માટે પ્રભુને નવ અંગે પૂજા કરવામાં આવે છે.

પ્ર : ૧૨૯ ભગવાનના નવ અંગે પૂજા કરતી વખતે કેવી ભાવના ભાવવી ?

ઉ : ૧૨૯ (૧) જમણા તથા ડાબા પગના અંગૂઠે : હે જિનેશ્વર આપના આ ચરણકમળની પૂજા કરતાં મારા પાપ કર્મો પણ મેરુ પર્વતની જેમ ધ્રુજી ઉઠો. આપના બિંબમાંથી છૂટી રહેલા શુદ્ધ પરમાણુઓ મારા શરીરમાં સંક્રાંત થાઓ અને આ અચિંત્ય પ્રક્રિયા વડે અવશ્ય મારું કલ્યાણ થશે એવો પાકો વિશ્વાસ ધારણ કરીને આપના ચરણ કમળની પૂંજા કરૂ છું સંસારરૂપ સમુદ્ર તરી જવા માટે પૂંજા છે.

(૨) જમણા તથા ડાબા જાનુએ (ઢીંચણે) : હે પ્રભુ આપના જાનુની પૂજા કરતાં મારામાં પણ એવું બળ પ્રગટે કે હું પણ કેવળજ્ઞાન પર્યંત કાઉસગ્ગ (કાયોત્સર્ગ) ધ્યાનમાં ઊભો રહી શકું. ખાડા-ટેકરા અને કાંટાઓથી ઉભરાતા આ સંસાર માર્ગને આપની જેમ પાર કરીને વહેલામાં વહેલી તકે મોક્ષની મંઝીલ પર પહોંચી જઉં.

(૩) જમણા તથા ડાબા કાંડે : હે પરમકૃપાળુ પરમાત્મા આપના કરકાંડાની પૂજા કરતાં એવી પ્રાર્થના કરું છુ કે મને વહેલામાં વહેલી તકે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા અરીહંત ભગવાનનો સંયોગ મળે તેમનો પવિત્ર હાથ મારા મસ્તક ઉપર પડે તેમના વરદ હસ્તે મને વાસક્ષેપ આર્શીવાદ અને પ્રવજ્યા મળે. આપના કર કાંડે પૂજા કરતા પુનઃ પુનઃ એ જ પ્રાર્થના કરું છું કે આપ હવે મારો હાથ ના છોડશો મને હાથ પર રાખશો અને આ સંસારની કેદમાંથી જલ્દી છોડાવશો. અનંત દાન ગુણ પ્રગટાવવા માટે આ પૂંજા છે.

(૪) જમણા તથા ડાંબા ખભે : હે કરૂણાસાગર, હે નિરામય આપની સ્કંધ પૂજાના પ્રભાવે મારો અંહંકાર નષ્ટ થાઓ અને મને પરમ વિનય ગુણની પરિપ્રાપ્તિ થાઓ. નિરભિમાની બનીએ તેટલા માટે આ પૂંજા છે.

(૫) મસ્તકે (શિખાએ) : હે વિશ્વવંદ્ય, હે વિશ્વપૂજ્ય આ મસ્તકની પૂજા કરતા કરતાં મારા મસ્તકમાં રહેલા તમામ પ્રકારના દુષ્ટ વિચારો નાશ પામો. કોઈનુંય પણ ભુંડુ કરવાના ભાવ મારા મસ્તકમાં ક્યારેય પણ ન જન્મો. સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવનાના મીઠાં ઝરણાં મારા મસ્તક પ્રદેશમાં વહેલા લાગો. પ્રભુ આપના મસ્તકની પૂજાને યથાર્થ કરવા સારું મારું મસ્તક હવેથી આપના ચરણે ધરી દઉં છું મોક્ષસુખ પામવા માટે આ પૂંજા છે.

(૬) **લલાટ પ્રદેશ (કપાળે) :** હે મંગલમૂર્તિ આપના લલાટે તિલક કરી પ્રાર્થના કરું છુ કે હે પ્રભુ મારા લલાટમાં પણ હવે જલ્દીથી કેવળજ્ઞાનનો પ્રકાશ વહેવા લાગો. મે આપના લલાટમાં મારી સમગ્ર જાતનું સમર્પણને સૂંચવતુ તિલક કર્યું છે. હવે મને મોક્ષ સુધી પહોંચાડવાની જવાબદારી પ્રભુ આપની જ થઈ જાય છે. મને ખાતરી છે કે મારો પ્રભુ મને રઝળતો નહીં જ મૂકે. ત્રણેય ભુવનમાં તિલક જેવા ઉત્તમ બનવા માટે આ પૂંજા છે.

(૭) **કંઠ પ્રદેશે (ગળા ઉપર) :** હે વીતરાગ પ્રભુ, આપના કંઠની પૂજાના પ્રભાવે મારી વાંણીમાંથી પણ કર્કશતા, અસત્યતા, દુષ્ટતા, ઉગ્રતા અને મૌખર્યતા નાશ પામો. આપના પવિત્ર કંઠથી પ્રગટ થયેલી વાણીનું મને શ્રવણ મળો. હે પ્રભુ! આવતાં જ ભવે મને સાંક્ષાત તીર્થંકર ભગવાનની વાણી સાંભળવાનો અપૂર્વ અવસર મળશે જ એવી ખાતરી થાય છે માટે એવી કૃપા અને કરુણાનો ધોધ આ જીવ ઉપર નિરંતર વરસાવો.

(૮) **હૃદય પ્રદેશે :** હે જનરંજન આપના હૃદય પ્રદેશની પૂજાંના પ્રભાવે મારા દિલમાં દર કરીને બેસી ગયેલી માયારૂપી નાગણો દૂર થાઓ. દુર્ભાવો નાશ પામો અને વિશ્વમાં સર્વજીવો પ્રત્યે વાત્સલ્ય ભાવ જાગ્રત થાઓ. હે નાથ આપના હૃદય ઉપર હાથ રાખીને આજે કબૂલાત આપું છું કે હવે પછી મારા હૃદયમાં આપના સિવાય કોઈને પણ રાખીશ નહી. હે પ્રભુ મારા હૃદયમાં હું આપને રાખું છું તેથી મને ચોક્કસ ખાત્રી અને વિશ્વાસ બેસે છે કે હવે આપ પણ આપના હૃદયનાં મને રાખશો જ. રાગ-દ્વેષનો નાશ થાય તે માટે આ પૂંજા છે.

(૯) **નાભિ પ્રદેશે :** હે સચ્ચિદાનંદ સ્વરૂપ આપના નાભી કમળની પૂંજા કરતા પ્રાર્થના કરું છું કે આપની જેમ મારા પણ સર્વ આત્મપ્રદેશો શુદ્ધ અને સ્વચ્છ બની જાય. હે પ્રભુ કર્મોથી આચ્છાદિત બની ગયેલા મારા આત્મપ્રદેશોને વહેલામાં વહેલી તકે શુદ્ધ કરી આપવા યોગ્ય કૃપા અને કરૂણાનો ધોધ નિરંતર આ જીવ ઉપર વરસાવી મારું સર્વ પ્રકારે કલ્યાણ કરશો એવી પ્રાર્થના કરી અહી નવ અંગની પૂજા સમાપ્ત કરું છું.

હે પ્રભુ કોઈ દોષ, ભૂલ કે અપરાધ જાણતાં-અજાણતાં થયો હોય તો ક્ષમા કરજો ક્ષમા કરજો. આપના સ્પર્શનો આનંદ દિવસ-રાત મારા દિલમાં ઉભરાયા કરજો.

પ્ર : ૧૩૦ પૂંજા કરનારે કેટલા પ્રકારની પવિત્રતા સાચવવી જોઈએ ?

ઉ : ૧૩૦ પૂંજા કરનારે સાત પ્રકારની પવિત્રતા જાળવવી જોઈએ.

(૧) શરીર પવિત્ર રાખવું.
(૨) પૂજાના વસ્ત્રો ચોખ્ખાં રાખવાં.
(૩) મનમાં પ્રભુના ગુણના જ વિચારો રાખવા.
(૪) દેરાસરની તથા આસપાસની ભૂમિ સાફ રાખવી.
(૫) પૂંજાની સામગ્રી સારી અને શુદ્ધ રાખવી.
(૬) પૂજાની સામગ્રી પ્રમાણિકપણાથી ઉપાર્જન કરેલા પૈસાથી લાવવી.
(૭) પ્રભુ પૂંજા વિધિ પ્રમાણે કરવી.

પ્ર : ૧૩૧ જિનેશ્વરની પૂંજા માટે પુરુષોએ કેટલા વસ્ત્ર અને સ્ત્રીઓએ કેટલા વસ્ત્ર પહેરવાં જોઈએ ?

ઉ : ૧૩૧ જિનેશ્વર પ્રભુની પૂંજા માટે પુરુષોએ બે વસ્ત્ર (ધોતી, ઉપવસ્ત્ર) પહેરવા તથા સ્ત્રીઓએ ત્રણ વસ્ત્રો (ચણિયો, બ્લાઉઝ, સાડી) પહેરવાં જોઈએ.

પ્ર : ૧૩૨ અશાતના એટલે શું ? તે કેટલી છે ? કઈ કઈ ?

ઉ : ૧૩૨ અશાતના એટલે લાભને બદલે નુકસાન થાય તેવું અયોગ્ય વર્તન. જિનમંદિર સંબધી મોટી અશાતના દસ છે તે ન થાય તેનું ધ્યાન રાખવું.

(૧) દેરાસરમાં તંબોલ (પાન) ખાવું કે પાન અથવા મસાલો ચાવતા ચાવતા દહેરાસરમાં જવું.
(૨) દેરાસરમાં પાણી પીવું.
(૩) દેરાસરમાં ભોજન લેવું
(૪) દેરાસરમાં જોડાં - પગરખાં પહેરવા.
(૫) દેરાસરમાં બિભત્સ ચેષ્ટા કે ક્રિડા કરવી.
(૬) દેરાસરમાં સૂઈ જવું.
(૭) દેરાસરમાં થુંકવુ અગર બળખો નાંખવો.
(૮) દેરાસરમાં લઘુશંકા - પેશાબ કરવો.
(૯) દેરાસરમાં વડીનીતિ - ઝાડે જવું.
(૧૦) દેરાસરમાં જુગાર રમવો.

પ્ર : ૧૩૩ સ્નાત્ર આદિ પૂંજામા થાળીમાં કેટલા ડંકા વગાડવા ?

ઉ : ૧૩૩ સત્યાવીસ ડંગા વગાડવાં.

સ્ટેપ ૭+૭+૭+૨+૧+૨+૧ = ૨૭

પ્ર : ૧૩૪ જિનાલયમાં પ્રવેશ કરવાથી માંડીને બહાર નીકળીએ તે દરમ્યાન કઈ દસ બાબતોનુ ધ્યાન રાખવું ?

ઉ : ૧૩૪ [૧] **નિસિહી :** નિસિહી અર્થાત રોકવુ, અટકવું. જિનાલયના મુખ્ય દ્વાર પાસે નિસિહી શબ્દ બોલી સંસારના તમામ પાપકાર્યોનો ત્યાગ કરવો. ત્યારબાદ જિનાલયના ગર્ભ દ્વાર પાસે ફરીથી નિસિહી શબ્દ બોલી જિનાલયના કાર્યોનો ત્યાગ કરું છું એ ભાવના ભાવવી. ત્યારબાદ અષ્ટપ્રકારી પૂંજા પૂરી થયા બાદ ચૈત્યવંદન કરતા પહેલા નિસિહી શબ્દ બોલી દ્રવ્ય પૂંજા સબંધી વિચારનો ત્યાગ કરું છું એવી ભાવના ભાવવી.

[૨] **પ્રદક્ષિણા :** ઉત્કૃષ્ટ ભાવપૂર્વક પરમાત્માની જમણી બાજુએથી શરૂ કરી ત્રણ પ્રદક્ષિણા કરવી. આ પ્રદક્ષિણાના ચાર હેતુ છે.

અ અનાદિ અનંત કાળથી ચારગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા આત્માનું ભવ ભ્રમણ ટાળવા અને સંસારના ચોર્યાસી લાખ યોનિઓના ફેરાનો અંત લાવવા માટે પરમાત્માની ચારે કોર પ્રદક્ષિણા કરવામાં આવે છે.

બ જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ રત્નત્રયીને પામવા માટે પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા કરવામાં આવે છે.

ક મૂળ નાયકની ત્રણે બાજુ દિવાલમાં સ્થાપિત કરવામાં આવેલા મંગળ જિનબિંબોને જોઈને આપણે સમવસરણમાં ફરી રહ્યા હોઈએ એવી ભાવના ભાવવાની છે.

ડ પ્રાપ્ત મન, વચન, કાયામાં રહેલા તમામ પ્રકારના સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતમ કષાયોને - દોષોને સંપૂર્ણ નિર્મૂળ કરવા માટે પ્રદક્ષિણા કરવામાં આવે છે.

આવી ત્રણ પ્રદક્ષિણા સમઝણ પૂર્વક અને ભાવ સહીત કરવાથી સો વર્ષની યાત્રાનું ફળ મળે છે.

[૩] **પ્રણામત્રિક :** ભાવપૂર્વક પરમાત્માને બે હાથ જોડી, માથું નમાવી પ્રભુના ચરણ પ્રત્યે દષ્ટિ રાખીને નમવું તેનુ નામ પ્રણામ કહેવાય છે. પ્રભુને પોતાના આઠ અંગ ભૂમિને સ્પર્શ કરે તેવી રીતે પાંચ વખત સાંષ્ટાંગ નમસ્કાર કરવા.

[૪] **પૂજાત્રિક :** અષ્ટ પ્રકારે જિનેશ્વર પ્રભુની દ્રવ્ય પૂંજા કરવી તેના બે ભેદ છે. (૧) **અંગપૂજા :** શુધ્ધ સામગ્રી વડે પ્રભુના શરીરે જે પૂજા કરવામાં આવે તેને અંગપૂજા કહે છે. દા. ત. : જળપૂંજા,

ચંદનપૂંજા, પુષ્પપૂંજા. (૨) **અગ્ર પૂજા :** પરમકૃપાળુ પરમાત્માની સન્મુખ ઊભા રહીને જે પૂંજા કરવામાં આવે તેને અગ્રપૂંજા કહેવાય છે દા. ત. : ધૂપ પૂંજા, દીપક પૂંજા, અક્ષત પૂંજા, નૈવેદ્ય પૂંજા અને ફળ પૂંજા. જ્યારે પરમાત્માની સન્મુખ ઉભા રહી કરાતા સ્તુતિ, સ્તોત્ર, સ્તવન કે ચૈત્યવંદનને ભાવપૂંજા કહેવાય છે.

(ક) **જળ પૂંજા :** જળપૂંજા એટલે પ્રથમ પંચામૃતથી (દૂધ, દહીં, ઘી, સાંકર અને પાણી) પ્રભુને પ્રક્ષાલ કરી પછી શુદ્ધ જળથી પ્રક્ષાલ કરવો તે. હે નિર્મળ દેવાધિદેવ આપના તો દ્રવ્યમેલ અને ભાવમેલ ઉભય ધોવાઈ ગયા છે આપને અભિષેકની કોઈ જરૂર નથી પણ મારા નાથ તમને સ્નાન કરવીને હુ મારા કર્મ મેલ ધોઈને નિર્મળ થાઉં છું એ ભાવના આ પૂંજા વખતે ભાવવી.

(ખ) **ચંદન પૂંજા :** ચંદન પૂંજા એટલે કેસર, સુખડ, ચંદન, બરાસ, કસ્તુરી જેવા સુગંધી દ્રવ્યો વડે પ્રભુના નવ અંગે તેર તિલક ભાવ પૂર્વક કરવા તે. હે પ્રભુ આપે તો મોહનો નાશ કરી શિતળતા પ્રસરાવી દીધી છે પરંતુ મારામાં કષાયની અગ્નિ જવાળાઓથી હું સળગી રહ્યો છુ તે દૂર કરવા આપની ચંદનથી પૂજા કરી હું આત્મિક શિતળતા અને સૌરભની યાચના કરું છુ આ ભાવ રાખવો.

(ગ) **પુષ્પ પૂંજા :** પુષ્પ પૂંજા એટલે સુગંધી - રંગબેરંગી ભાતભાતનાં ફૂલો પ્રભુને ચઢાવવાં તે. હે પરમકૃપાળુ પરમાત્મા પુષ્પ અર્પણ કરી હું સમ્યક્ત્વની સુવાસ માંગી રહ્યો છું.

(ઘ) **ધૂપ પૂંજા :** ધૂપ પૂંજા એટલે પ્રભુની સામે ઊભા રહીને દશાંગ ધૂપ- કપૂર - અગરબતી - ચંદન વગેરેનો ધૂપ કરવો તે. હે પરમાત્મા આ ધૂપની ઘટાઓ જેમ ઉંચે જઈ રહી છે તેમ મારે પણ ઉર્ધ્વગતિ પામી સિદ્ધ શિલાને પ્રાપ્ત કરવી છે માટે આપની ધૂપ પૂંજા કરી રહ્યો છું. આપ મારામાંથી મિથ્યાત્વ રૂપી દુર્ગંધ દૂર કરીને શુદ્ધ આત્મ સ્વરૂપને પ્રગટ કરનારા થાઓ. ધૂપ પૂંજા રંગમંડપમાં પ્રભુની ડાબી બાજુ ઊભા રહીને કરવી.

(ચ) **દીપક પૂંજા :** પ્રભુની સામે ઊભા રહી દીપક ધરવો અને આરતી-મંગળ દિવો ઉતારવો તે દીપકપૂંજા કહેવાય. હે પરમાત્મા આ દ્રવ્ય દીપકનો પ્રકાશ ધરીને હું આપની પાસે મારા અંતરમા કેવળજ્ઞાન રૂપી ભાવદીપક પ્રગટે અને અજ્ઞાનનો અંધકાર ઉલેચાઈ જાય એવી યાચના કરું છું જમણી બાજુ ઊભા રહીને દીપકપૂંજા કરવી. હે

પ્રભુ હુ તારા મંદિરમાં અજવાળુ કરુ છું આપ મારા હૃદયમંદિરમાં અજવાળું કરો.

(છ) **અક્ષત પૂંજા :** પરમકૃપાળુ પરમાત્માની સન્મુખ બાજઠ ઉપર ચોખાનો સાથિયો કરવો. સાથિયા ઉપર ચોખાની ત્રણ ઢગલી કરવી. તે ત્રણ ઢગલીઓ ઉપર ચોખાનો અર્ધ ચંદ્ર જેવો આકાર કરવો. તે અક્ષત પૂંજા છે. હે કરૂણાસાગર આપની સન્મુખ શુદ્ધ અખંડ અક્ષતનો નંદાવર્ત સ્વસ્તિક આલેખીને અક્ષત અર્થાત્ ક્યારેય નાશ ન પામે તેવું સિદ્ધશિલાનું મોક્ષ સુખ મને પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરું છું. આ અક્ષત જેમ વાવ્યા છતાં ફરી ઉગતા નથી તેમ મારે પણ આ સંસારમાં પુનઃ જન્મ પામવો નથી.

(જ) **નૈવેદ્ય પૂંજા :** પ્રભુની સન્મુખ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ મૂકવાં તે નૈવેદ્ય પૂંજા છે. હે પરમાત્મા જન્મ - મરણની જંજાળમાં જકડાયેલા મને પરાભવ જતાં અનંતવાર અણાહારી રહેવાની કર્મ સત્તાએ ફરજ પાડેલી હવે સંસારમાં પરિભ્રમણ કરાવતી આહાર સંજ્ઞાને ત્યજવા માટે અને અણાહારીપદ મોક્ષ મેળવવા માટે આપના ચરણે આ નૈવેદ્ય ધરું છું જેના પ્રભાવે મારી આહાર સંજ્ઞા નાશ પામો. અણાહારી પદ સંપ્રાપ્ત થાઓ એવી હું પ્રાર્થના કરું છું. નૈવેદ્યમાં **અશન** અર્થાત્ રાંધેલા ભાત, કંસાર, દાળ-શાક, **પાન :** સાકરના પાણી, લીંબુનું પાણી વગેરે **ખાદિમ** ફળો સુકોમેવો અને **સ્વાદિમ :** નાગરવેલનું પાન, સોપારી, તજ-લવિંગ વગેરે.

(ઝ) **ફળ પૂંજા :** પ્રભુના ચરણે અર્થાત્ સન્મુખ સુંદર તાજાં ફળો મૂંકવાં તે ફળ પૂંજા છે. હે પરમાત્મન વૃક્ષનું અંતીમ સંપાદન ફળ હોય છે તેમ આપની ફળ પૂંજાના પ્રભાવે મને પણ મારી પૂંજાના અંતીમ ફળ રૂપે મોક્ષ પ્રાપ્ત થાઓ.

(ટ) **ચામર પૂંજા :** હે રાજરાજેશ્વર આ ચામર આપના ચરણમાં નમીને જેમ તરત જ પાછો ઉંચે જાય છે તેમ આપના ચરણમાં લળી લળીને નમનારો હું પણ અવશ્ય ઊર્ધ્વગતિને પામીશ.

(ડ) **દર્પણ પૂંજા :** પરમાત્માની સન્મુખ દર્પણ ધરતાં વિચારવું કે હે વિમલદર્શન કૃપાનો એવો ધોધ વરસાવો કે જેના જલપ્રવાહમાં મારો કર્મ કર્દમ ધોવાઈને સાફ થઈ જાય. આપ જેવા દર્પણમાં દેખાઈ રહ્યા છો તેવા જ મારા દિલ દર્પણમાં પણ હરહંમેશ કાયમ માટે દેખાતા રહેજો.

ત્યાર પછી આરતી અને મંગળ દિવો કરવો.

[૫] **અવસ્થાત્રિક :** ભાવપૂજાની શરૂઆત થાય છે. પરમકૃપાળુ જિનેશ્વર પ્રભુની કુલ પાંચ અવસ્થાઓનો વિચાર કરી આત્રિક કરવાનો છે. (૧) ચ્યવન કલ્યાણક (૨) જન્મ કલ્યાણક (૩) દીક્ષા કલ્યાણક (૪) કેવળજ્ઞાન કલ્યાણક (૫) નિર્વાણ કલ્યાણક. આ દરેક કલ્યાણક વખતે દેવી-દેવતાઓ જે સુંદર રચના ગોઠવે છે એનો ભાવ સહિત ભજના કરવાનો હેતુ છે.

[૬] **દિશાત્યાગત્રિક :** ચૈત્ય વંદનનો પ્રારંભ કરતાં પૂર્વે જે દિશામાં દેવાધિદેવ બિરાજમાન છે તે સિવાયની બાકીની ત્રણ દિશામાં જોવાનો પ્રયત્ન ન કરવો તેનુ નામ દિશાત્યાગત્રિક કહેવાય છે. આનો આશય ચિત્ત અન્ય દશ્ય જોઈ ભટકે નહીં તે જ છે.

[૭] **પ્રર્માર્જનત્રિક :** ઉપયોગપૂર્વક પૂંજવું તે પ્રર્માર્જનત્રિક છે. ચૈત્યવંદન શરૂ કરતાં પહેલા ખેસના છેડા વડે ચૈત્યવંદન કરવા માટે બેસવાની જગ્યાનું ત્રણવાર પ્રમાર્જન કરવું તે જગ્યા સાફ કરવી. કોઈ જીવ જાણતા - અજાણતા કચડાઈ ન જાય તે માટે આ વિધિ છે.

[૮] **આલંબનત્રિક :** ચૈત્યવંદન દરમ્યાન મન, વચન, કાયાના તોફાની ઘોડા ઉન્માર્ગે ચાલ્યા ન જાય તે માટે તે ત્રણેય યોગના ઘોડાઓને ત્રણ આલંબનોના આલાન સ્તંભ સાથે બાંધી દેવાના છે. મનના ઘોડાને સૂત્રના અર્થના આ-લંબને બાંધવો. વચનના ઘોડાને સૂત્રના શુદ્ધ ઉચ્ચારના આલંબને બાંધવો. અને કાયાના ઘોડાને જિનબિંબના તથા ચૈત્ય વંદનની વિવિધ મુંદ્રાઓના આલંબને બાંધી દેવો આમ ત્રણેય યોગને ત્રિવિધ આલંબનો દ્વારા સ્થિર કરીને ભક્તિયોગમાં તન્મયાકાર રહેવું તેનુ નામ આલંબનત્રિક છે.

[૯] **મુદ્રાત્રિક :** યોગ મુદ્રા, મુક્તાશક્તિ મુદ્રા, જિન મુદ્રા. આવિ મુદ્રાઓ દ્વારા કાયાને આલંબન આપવાનું છે.

[૧૦] **પ્રણિધાનત્રિક :** મન, વચન, કાયાને પ્રભુ ભક્તિમાં એકાકાર કરી દેવાં તેનું નામ પ્રણિધાનત્રિક. કોઈ વિચાર મનમા પેસવા ના દેવો. જે સૂત્રોચ્ચાર ચાલતો હોય તે આંખો બંધ હોવા છતાં જાણે અક્ષરે અક્ષર વંચાય તેમ જોવો. શરીરને વિના કારણે હલનચલન ન કરાવવું.

પ્ર : ૧૩૫ પ્રભુની અષ્ટપ્રકારી પૂંજા શા માટે કરવી ?

ઉ : ૧૩૫ પ્રભુની અષ્ટપ્રકારી પૂંજા કરવાથી આઠેય પ્રકારના કર્મોનો નાશ થાય અને મોક્ષે જવાય તે માટે અષ્ટપ્રકારી પૂજાનું મહત્વ છે. [આઠ પ્રકારનાં કર્મોઃ જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણિય કર્મ, મોહનીય કર્મ, વેદનીય કર્મ, આયુષ્ય કર્મ, નામ કર્મ, ગોત્ર કર્મ, અંતરાય કર્મ].

પ્ર : ૧૩૬ અષ્ટમંગળ એટલે શું ? તેના નામ આપો ?

ઉ : ૧૩૬ અષ્ટમંગળ એટલે આઠ માંગલિક વસ્તુઓ - પરમ મંગલકારી વસ્તુઓ.

(૧) સ્વસ્તિક (સાથીઓ)
(૨) શ્રી વત્સ.
(૩) કુંભ
(૪) ભદ્રાસન
(૫) નંદ્યાવર્ત
(૬) મીન યુગલ
(૭) દર્પણ
(૮) વર્ધમાન

પ્ર : ૧૩૭ સાથિયો (સ્વસ્તિક) શા માટે કરવો જોઈએ ?

ઉ : ૧૩૭ ચાર ગતિનું પ્રતિક છે. આ ચાર ગતિમાંથી છૂટવા માટે સ્વસ્તિક કરવો જોઈએ.

પ્ર : ૧૩૮ સ્વસ્તિક ઉપરની ત્રણ ચોખાની ઢગલીઓ કેમ કરવાની ?

ઉ : ૧૩૮ સ્વસ્તિક ઉપર રચવામાં આવતી ત્રણ ચોખાની ઢગલીઓ એ દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ રત્નત્રયીનું પ્રતીક છે. જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ માટે કરવાની છે.

પ્ર : ૧૩૯ ચોખાની ઢગલીઓ ઉપર અર્ધ ચંન્દ્રની રચનાં શા માટે ?

ઉ : ૧૩૯ ચોખાની ઢગલીઓ ઉપર રચવામા આવેલ અર્ધ ચન્દ્ર એ સિદ્ધશિલાનું પ્રતીક છે. જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરી સિદ્ધશિલા ઉપર પહોંચવા શક્તિમાન કરો એ ભાવ રૂપકમાં દર્શાવવા આ રચના કરવાનો હેતુ છે.

પ્ર : ૧૪૦ બાજઠ ઉપર રચવામાં આવેલ સ્વસ્તિક, ત્રણ ઢગલીઓ અને અર્ધ ચન્દ્ર કર્યા પછી શું બોલવું ?

ઉ : ૧૪૦ હે પ્રભુ ચાર ગતિમાંથી [મનુષ્યગતિ, તિર્યંચ(જાનવર) ગતિ, દેવગતિ, નરકગતિ] માંથી છૂટવા જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરી સિદ્ધ શિલા ઉપર પહોંચવા મને શક્તિમાન કરો.

પ્ર : ૧૪૧ અધ્યાત્મની ભાષામાં દર્શન કોને કહેવાય ?

ઉ : ૧૪૧ કોઈ એકના દર્શન કરે તો ચાલે પણ કોઈનાય વિરોધી ના રહ્યાં તેનું નામ દર્શન. જેને જોતાં જ સમાધિ થાય એનું નામ દર્શન. જોતાં જ સમાધિ થાય તે દર્શનને દર્શન કહેવાય.

પ્ર : ૧૪૨ મુદ્રા એટલે શું ? તે કેટલી છે ? તેના નાંમ આપો ?

ઉ : ૧૪૨ સૂત્રો બોલતી વખતની હાથ - પગ આદિ અંગોની વિશિષ્ટ રચના તે મુદ્રા કહેવાય તે ત્રણ છે.

(૧) યોગમુદ્રા (૨) જિનમુદ્રા (૩) મુક્તા શક્તિ મુદ્રા.

પ્ર : ૧૪૩ પાંચ સ્તવનો (દંડક સૂત્રોના) નામ આપો અને તે કયાં સૂત્રો છે ?

ઉ : ૧૪૩ (૧) નામ સ્તવ - લોગસ્સ

(૨) શક્ર સ્તવ - નમુત્થુણ

(૩) ચૈત્ય સ્તવ - અરિહંત - ચેઈઆણ

(૪) શ્રુત સ્તવ - પક્ખરવરદી.

(૫) સિદ્ધ સ્તવ - સિદ્ધાણં - બુદ્ધાંણમ્

પ્ર : ૧૪૪ આરતી અને મંગળ દીવો કેવી રીતે ઉતારવા ? તેનું ફળ શું ?

ઉ : ૧૪૪ તે ડાબી બાજુએથી ઉંચે લઈ જઈને જમણી બાજુએ ઉતારવો. તેમ જ તે નાભિની નીચે અને મસ્તકની ઉપર લઈ જવો જોઈએ નહીં. ઉલ્ટી રિતિએ ઉતારવાથી અશાતના થાય છે. આરતીનું ફળ વિરતિ છે. આરતિ ઉતારવાથી શરીરની તથા મનની પીંડા દૂર થાય છે અને મનને શાંતિ મળે છે. મંગળ દિવો ઉતારવાથી આપણું સર્વ પ્રકારે મંગળ થાય છે અને સુખ ઉપજે છે.

પ્ર : ૧૪૫ આરતી લખી જણાવો ?

ઉ : ૧૪૫ જય જય આરતી આદિ જિણંદા.
નાભિરાયા મરુદેવી કો નંદા.... જય જય.
પહેલી આરતી પૂજા કી જે
નરભવ પામીને લ્હાવો લીજે.... જય જય.
દૂસરી આરતી દિન દયાળા
ધૂલેવા મંડપમાં જગ અજવાળ્યાં....જય જય
તિસરી આરતી ત્રિભુવન દેવા
સુરનર ઈન્દ્ર કરે તોરી સેવા.... જંય જય
ચોથી આરતી ચઉગતિ ચૂરે
મનવાંછિત ફલ શિવસુખ પૂરે.... જય જય
પાંચમી આરતી પુણ્ય ઉપાયા
મૂળચંદે ઋષભ ગુણ ગાયા.... જય જય

પ્ર : ૧૪૬ મંગળ દિવો લખી જણાવો ?

ઉ : ૧૪૬ દિવો રે દિવો પ્રભુ માંગલિક દિવો
આરતી ઉતારણ બહુ ચિરંજીવો.... દિવો રે દિવો
સોહામણુ ઘેરે પર્વ દિવાળી
અંબર ખેલે અમરા બાળી.... દિવો રે દિવો
દિપાળ ભણે એણે કુળ અજવાળી
ભાવે ભગતે વિઘ્ન નિવારી.... દિવો રે દિવો
દિપાળ ભણે એણે એ કળિકાળે
આરતી ઉતારી રાજા કુમાર પાળે... દિવો રે દિવો
અમ ઘેર મંગલિક, તુમ ઘેર મંગલિક
મંગલિક ચર્તુવિધ, સંઘને હોજો... દિવો રે દિવો
દીવો રે દીવો પ્રભુ માંગલિક દીવો
આરતી ઉતારણ બહુ ચિરંજીવો.... દિવો રે દિવો

પ્ર : ૧૪૭ ઘંટ શા માટે વગાડવો ?

ઉ : ૧૪૭ દર્શન, પૂજા કરીને થયેલા આનંદને જાહેર કરવા માટે અને ''તુંજ એક મારો નાથ છે'' એમ જણાવવા માટે ઘંટ વગાડવો. ખરેખર વાસ્તવમાં તો ઘંટ એકાગ્રતા કરવા માટેનું સાધન છે. બહારનો કોલાહલ સંભળાય નહીં તે માટે આરતી વખતે ઘંટ વગાડવામાં આવે છે.

પ્ર : ૧૪૮ ચૈત્યવંદન એટલે શું ? અને તેના કેટલા પ્રકારો છે ?

ઉ : ૧૪૮ ચૈત્યવંદન એટલે શ્રી જિનેશ્વરરદેવને વિધિપૂર્વક પ્રણામ નમસ્કાર થાય તેવી ક્રિયા. તેના ત્રણ પ્રકાર છે.

(૧) **જઘન્ય ચૈત્યવંદન :** અરિહંત ચેઈઆણં, અન્નત્થ. કહી એક નવકારમંત્રનો કાઉસગ્ગ કરી તે પારીને થોય કહેવી તે.

(૨) **મધ્યમ ચૈત્યવંદન :** ત્રણ ખમાસમણ દઈ ચૈત્યવંદન - જંકિંચિ - નમુત્થુણમ્ જાવંતિ ચેઈઆઈ, ખમાસમણ, જાવંત કેવિ સાહુ, નમોર્હત્ સ્તવન [ઉવસગ્ગહર] જય-વીયરાય કહી ઉભા થઈ અરિહંત ચેઈયાણં - અન્નત્થ કહી નવકાર મંત્રનો કાઉસગ્ગ પારી નમોર્હત કહી છેલ્લે થોય કહેવી તે.

(૩) **ઉત્કૃષ્ટ ચૈત્યવંદન :** દેવવંદન કરવું તે.

પ્ર : ૧૪૯ વંદન કરવાથી શો લાભ થાય છે ?

ઉ : ૧૪૯ (૧) વિનય આવે.
(૨) અભિમાનનો નાશ થાય.

(૩) જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થાય.
(૪) ધર્મની આરાધના થાય.
(૫) વડીલજનની પૂજા થાય.
(૬) મોક્ષની પ્રાપ્તિ થાય.

પ્ર : ૧૫૦ શાશ્વત તીર્થ શ્રી સિદ્ધગિરિ (પાલીતાણા) ઉપર ચૈત્યવંદન કરવાનાં મુખ્ય સ્થાનો કેટલાં ? અને કયાં કયાં ?

ઉ : ૧૫૦ શાશ્વત તીર્થ શ્રી સિદ્ધગિરિ (પાલીતાણા) ઉપર ચૈત્યવંદન કરવાનાં પાંચ સ્થાનો છે :-
(૧) તળેટીમાં પગલા આગળ.
(૨) ગિરીરાજ ઉપર શ્રી શાંતિનાથ પ્રભુના દેરાસરમાં.
(૩) મૂળનાયક શ્રી આદિશ્વર દાદા સન્મુખ.
(૪) શ્રી પુંડરિકસ્વામીજી સન્મુખ.
(૫) રાયણ પગલે.

પ્ર : ૧૫૧ પ્રણામ એટલે શું ? તેના કેટલા પ્રકારો છે ?

ઉ : ૧૫૧ પ્રણામ એટલે વંદન કરવું તે. તેના ચાર પ્રકાર છે :-
(૧) બે હાથ જોડવા તે અંજલિબદ્ધ પ્રણામ.
(૨) બે હાથ જોડીને અર્ધુ અંગ નમાવવું તે અર્ધાનવત્ પ્રણામ.
(૩) બે ઢીંચણ, બે હાથ અને માથું એમ પાંચ અંગો ભૂમિને સ્પર્શે તે રીતે નમસ્કાર કરવા તે પંચાગ પ્રણામ.
(૪) શરીરના આઠ અંગ ભૂમિને સ્પર્શ કરે તે રીતે નમસ્કાર કરવા તે સાંષ્ટાંગ પ્રણામ.

પ્ર : ૧૫૨ પ્રભુની અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા કરવાથી કયો લાભ થાય છે?

ઉ : ૧૫૨ પ્રભુની અંગપૂજા કરવાથી સર્વ વિઘ્નોનો નાશ થાય છે તેટલા માટે તેને વિઘ્નોપશામિની પૂજા કહેવાય છે. પ્રભુની અગ્રપૂજા કરવાથી આપણી આબાદી થાય છે તેટલા માટે તેને અભ્યુદયદાયીની કહેવાય છે. પ્રભુની સમક્ષ ભાવપૂજા કરવાથી આપણા કર્મો નાશ થઈ જાય છે અને મોક્ષસુખ પમાય છે તેટલા માટે તેને નિવૃત્તિદાયીની પૂજા કહેવાય છે.

પ્ર : ૧૫૩ પ્રભુનાં દર્શન કરવાથી શો લાભ થાય ?

ઉ : ૧૫૩ પ્રભુનાં દર્શન કરવાથી તેમના જેવાં ગુણો આપણામાં પ્રગટે છે, દોષો જતા રહે છે અને મોક્ષ તરફ ઉતરોત્તર પ્રગતિ થાય છે.

પ્ર : ૧૫૪ કાયાના બાર દોષો કયા કયા ગણાય ?

ઉ : ૧૫૪ (૧) સ્થિર આસને ન બેસે.
(૨) ચારેય બાજુ જોયા કરે.
(૩) પાપવાળું કામ કરે. - ઘર કે ધંધાને લગતી વાતોનો ઈશારો કરે.
(૪) આળસ મરડે.
(૫) અવિનયથી બેસે - કારણ વગર હાથપગ લાંબા ટુંકા કરે.
(૬) ભીંત વગેરેનો ટેકો લઈને બેસે.
(૭) શરીરનો મેલ ઉતારે.
(૮) ખરજ ખણે.
(૯) પગ ઉપર પગ ચઢાવે.
(૧૦) કામ - વાસનાથી અંગ ઉઘાડુ રાખે -લમણે હાથ દઈને શોકમગ્ન બેસે.
(૧૧) ચોતરફથી આખું શરીર ઢાંકે.
(૧૨) નિદ્રા લે.

પ્ર : ૧૫૫ જિનાલયની ધ્વજામાં વચ્ચે સફેદ કલર અને બે બાજુ લાલ કલરનું (રંગનુ) કાપડ વાપરવાનુ કારણ શું ?

ઉ : ૧૫૫ સફેદ રંગ અરિહંત પરમાત્માનો સૂચક છે અને લાલરંગ સિદ્ધ પરમાત્માનો સૂચક છે. મંદિરમાં વચ્ચે મૂળનાયક ભગવાન પરિકર યુક્ત જ રાખવા જોઈએ.

પ્ર : ૧૫૬ દેરાસરમાં દર્શન કરવા જતી વખતે સાંચવવાના પાચ વિનય (અભિગમ) વિશે સમજાવો ?

ઉ : ૧૫૬ વ્યવહારમાં કોઈ મોટા માણસ પ્રધાન કે કલેક્ટરને મળવા જઈએ ત્યારે ખુબ વિનય રાખીએ છીએ તો આ તો દેવાધિદેવ જિનેશ્વર પરમાત્માના દર્શને જતા કેવો વિનય (અભિગમ) રાખવો જોઈએ તે નીચે મૂજબ છે.

(૧) **સંચિતનો ત્યાગ :** મંદિરમા પ્રવેશ કરતા રાજાએ પોતાની તવલાર, છત્ર, પગરખા, મુગટ, અને ચામર આ પાંચ રાજ ચિહ્નોનો ત્યાગ કરવો જોઈએ. અન્ય મનુષ્યોએ પોતાના શરીરની શોભા માટે રાખેલા પુષ્પ હાર, માથાની વેણી, વાળમા ખોંસેલા ફુલ, મુગટ, સાફો, કલગી, જુતા, મોજા, ખીસ્સામાં રાખેલા મુખવાસ, માવા-મસાલા, સીગારેટ, પાન, દવા, ઔષધ, છીંકણી, સેન્ટ, અત્તર વગેરે તમામ પદાર્થોનો મંદિરમાં પ્રવેશ કરતાં પહેલા ત્યાગ

કરી દેવો જોઈએ. પેઢી ઉપર કે આસપાસમાં કોઈ જગ્યાએ તેને મૂકી દેવાં જોઈએ. છેવટે બહાર કોઈને ઊભા રાખીને તેમને અથવા પહેરેગીરને સોંપીને જ પછી જ જિનાલયમાં પ્રવેશ કરવો એ પ્રથમ વિનય છે. પોતાના ઉપયોગમાં લેવાના એ પદાર્થો જો ભૂલથી ખીસ્સામાં રહી જાય તો પછી તેનો ઉપભોગ બિલકુલ કરી શકાય નહીં. પરંતુ પરમાત્માની પૂજામા ઉપયોગી બને તેવા અંબર, કસ્તુરી, કેશર જેવા પદાર્થ હોય તો તે જિન પૂજામા વાપરી શકાય.

(૨) **અચિતનો ત્યાગ :** પરમાત્માની પૂજા માટે ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય, આદિ અચિત અને ફળ તથા જળ આદિ સચિત ચીજોનો સ્વીકાર કરીને જિનાલયમાં પ્રવેશ કરવો. નીતિશાસ્ત્રનું વિધાન છે કે ખાલી હાથે દેવ - ગુરૂ ના દર્શન કરવા ન જવું. પૂજાના કપડા પહેરી પૂજાની પેટી, ચરવળો અને કટાસણુ સાથે લઈને જવું.

(૩) **ઉતરાસન :** પુરૂષે જિનાલયના દ્વારમાં પ્રવેશ કરતા પહેલા ઉતરાસન કરવુ એટલે કે ખેસ વડે પોતાના શરીરને અલંકૃત કરવું. ખભે ખેસ અવશ્ય રાખવો જોઈએ. સ્ત્રીઓએ સાડીના છેડાથી માંથુ ઢાંકેલુ રાખવુ તથા ખુબજ ચુસ્ત તંગ કે પારદર્શક વસ્ત્રોનું પરિધાન ન કરવુ. ખેસ વડે પરસેવો ના લુછવો.

(૪) **અંજલિ :** જિનાલયમાં પ્રવેશ કરતાં જ્યારે સૌ પ્રથમ દેવાધિદેવનું મુખારવિંદ દેખાય ત્યારે બે હાથ જોડી કપાળે લગાડીને સહેજ મસ્તક નમાવીને નમો જિણાણંમ્ બોલવું એ ચોથા પ્રકારનો વિનય છે. બંને હાથ પૂજન સામગ્રી ઉપાડવામાં રોકાયેલા હોય તો મસ્તક નમાવીને પણ નમો જિણાણંમ તો અવશ્ય બોલવું. દરવાજેથી પ્રભુને નમ્યા વિના તો ક્યારેય પ્રવેશ કરવો નહી. કેટલાક ગ્રંથોમાં ''નમો ભુવન બંધે'' એમ બોલવાનો પણ ઉલ્લેખ છે.

(૫) **પ્રણિધાન :** પ્રણિધાન એટલે મનની એકાગ્રતા, ચિત્તની હાજરી સાથે જગત ને બે ઘડી ભૂલી જઈ પરમાત્માના સ્વરૂપમાં તન્મયાકાર થઈ જવું. કોઈ મળવા કે બોલાવવા આવે તો મને બોલાવવા માણસ મોકલશો નહીં એમ ઘેર કહીને જિનાલયમાં જવું.

નોધ : જિનાલયે ખુલ્લા પગે, શુદ્ધ પૂજાના વસ્ત્રો પહેરી મનમાં મંત્રાધિરાજનું સ્મરણ કરતા રસ્તે કોઈપણ વ્યક્તિ સાથે વાતચીત કે સ્પર્શ કર્યા વિના યથાશક્તિ પુષ્પાદિ દ્રવ્યને લઈને જિનાલયે જવુ જોઈએ. તિલક કરીને પછી પ્રભુ પૂંજા કરવી.

પ્ર : ૧૫૭ ગણધરબિંબની પૂજા બાદ તે ચંદનથી અરિહંતબિંબની પૂજા થઈ શકે?

ઉ : ૧૫૭ ગણધરબિંબ (પ્રતિમા) પદ્માસને સિદ્ધ મુદ્રામાં હોય તો તે ચંદન અરિહંત બિંબની પૂજામાં વાપરી શકાય છે પરંતુ જો ગણાધરબિંબ ગુરુ મુદ્રામાં કે વરદ મુદ્રામાં કે પ્રવચન મુદ્રામાં હોય તો તેમની પૂજા કર્યા પછી તે ચંદનથી અરિહંત પ્રભુની પૂંજા ન થઈ શકે.

પ્ર : ૧૫૮ પ્રેતયોનિ શું છે ?

ઉ : ૧૫૮ પ્રેતયોનિ એટલે આ સ્થૂળ દેહ ના હોય, એની પાસે સૂક્ષ્મ દેહ અને કારણ દેહ બે જ હોય. અતૃપ્ત વાસનાને કારણે સ્થૂલ શરીર વગર ભટક્તો જીવ તે પ્રેત કહેવાય. અને આ જીવ સંસારી છે એટલે સ્થૂલદેહ હોય કે ના હોય પણ આહારી જીવ છે એટલે આહાર વગર બાર કલાક કે બે દહાડાથી વધુ ટકી શકતો નથી એટલે પ્રેતયોનિ વાળાનેય આહારની જરૂર પડે. ભૂખ લાગે ત્યારે પછી બીજા કોઈ જીવના શરીરમાં પેસી જઈને ખાય, પીવે, ઊંઘે ટૂકમાં પ્રેત એટલે શરીર વગર ભટકે તે.

પ્ર : ૧૫૯ પ્રેત યોનિમાં કોને જવું પડે ?

ઉ : ૧૫૯ મૃત્યુ પછી સામાન્ય રીતે તરત જ બીજી યોનિમાં દેહ પ્રાપ્ત થઈ જાય છે, પરંતુ કોઈક એવો જીવ હોય કે જેને ખુબ વાસના રહી ગઈ હોય અથવા એકદમ પાણીમા પડીને મરી ગયો હોય કે સાંપ કરડીને મરી ગયો હોય તો તે પ્રેતયોનિમાં જાય છે અને તે પાછો બે-ત્રણ વર્ષ માટે જ અને તેય હજારમા બે-ત્રણ જીવ પ્રેત યોનિમાં જાય.

પ્ર : ૧૬૦ પ્રેત અને ભૂત એ બેમાં શો ફેર ?

ઉ : ૧૬૦ પ્રેત એ તો અતૃપ્ત વાસનાને કારણે સ્થૂલ શરીર વગર ભટકતો જીવ છે. જ્યારે ભૂત એ તો વ્યંતર દેવ ગણાય છે. ભૂત એ વ્યંતર દેવ હોવાથી ગમે તેવું રૂપ ધારણ કરી શકે છે, જ્યારે પ્રેત રૂપ ધારણ કરી શકે નહી. પ્રેતને ભૂખ, તરસ કે ઉંઘની મઝા માણવા માટે કોઇ વ્યક્તિના શરીરમાં પ્રવેશ કરીને જ આ મઝા માણી શકે છે, જ્યારે ભૂતને વ્યંતર દેવ હોવાથી કોઇના શરીરમાં પ્રવેશ કરવાની આવશ્યકતા રહેતી નથી. પ્રેતને તાંત્રિક વિદ્યા દ્વારા સાધવામાં આવતું નથી, જ્યારે ભૂતને તાંત્રિક વિદ્યા દ્વારા વશ કરીને ધાર્યા કામ કરાવી શકાય છે. આ દુનિયામાં થઇ ગયેલ મહંમદ છેલ જાદુગરે ચૌદ ભૂત સાધેલ હતા.

બારમું પ્રકરણ
બાળકો સાથેનો વ્યવહાર

પ્ર : ૧ બાપ કોને કહેવાય ?

ઉ : ૧ બાપ તો એનું નામ કહેવાય કે છોકરો આપણા કહ્યા પ્રમાણે ચાલે. વચનબળ હોય તેને બાપ કહેવાય. જે ક્યારેય બદલો ના ખોળે કે બદલાની આશા ના રાખે તે બાપ કહેવાય. સહેજાસ્હેજ બદલો મળતો હોય તો સારી વાત છે. આખી જિંદગીમાં છોકરો સામો ના થાય તો જ જાણવું કે બાપ થતાં આવડ્યું. ગુજરાતીમાં કહેવત છે કે ''બાપ જુએ લાવતો અને માં જુએ આવતો''.

પ્ર : ૨ કોણ બાપ થવાને લાયક કહેવાય ?

ઉ : ૨ જે જાણી-સમજીને બાપ થાય છે અને જે જાણે છે કે આ કઇ સગાઇ છે, રિલેટિવ સગાઇ છે કે રિયલ સગાઇ છે તે વાત જે સમઝે છે તે જ બાપ થવાને લાયક છે.

પ્ર : ૩ સર્ટીફાઇડ ફાધર-મધર એટલે શું ?

ઉ : ૩ સર્ટીફાઇડ એટલે સંસ્કારી. સંસ્કારી મા-બાપ હોવાં જોઇએ.

પ્ર : ૪ છોકરાં શું છે ?

ઉ : ૪ છોકરાં (બાળકો) તો કલ્પવૃક્ષ જેવાં કહેવાય. જેવાં ડેવલપ કરીએ તેવાં થાય. એમના સારા આચરણને ઉત્તેજન આપવું જોઇએ.

પ્ર : ૫ દીકરો કોને કહેવાય ?

ઉ : ૫ દીકરો તો તેને કહેવાય કે જે બાપની બધી જ ઝંઝટ છોડાવી દે.

પ્ર : ૬ પુત્રની મા-બાપ પ્રત્યે ફરજ શું છે ?

ઉ : ૬ પુત્રે મા-બાપની સેવા કરવી જોઇએ. બધી રીતે પોતાના મા-બાપને સહાયરૂપ થવું જોઇએ. મા-બાપનો ઉપકાર ક્યારેય ભૂલવો ન જોઇએ. જે છોકરાઓ મા-બાપની સેવા કરે છે તેને કોઇ દહાડોય પૈસાની ખોટ આવે નહીં. એની બધી જરૂરિયાતની વસ્તુ મળી આવે.

પ્ર : ૭ આપણે અમેરિકા રહેતા હોય અને મા-બાપ ભારતમાં રહેતાં હોય એમની સ્થિતિ ભારતમાં સારી હોય તો આપણે કેવી રીતે સેવા કરવી ?

ઉ : ૭ એમની પસંદગી શું છે, શું એમને ગમે છે એ બધું આપણે અમેરિકાથી

મોકલ મોકલ કરવું જોઈએ. એમની ચોઈસ (પસંદગી) પૈસા હોય નહીં કારણ કે તેમની પાસે પૈસા છે એટલે તેઓ પૈસાની ઈચ્છા રાખે નહીં. પરંતુ તેમને મનપસંદ જે જે વસ્તુઓ હોય તે બધી આપણે તેમને મોકલી આપવી જોઈએ.

પ્ર : ૮ ઘરનું વાતાવરણ ફેરવવા અને બાળકોને ઉંચા સંસ્કાર મળે તે માટે શું કરવું ?

ઉ : ૮ દરરોજ ઘરમાં નિયમિત નિયમ મુજબ નક્કી કરેલા સમયે શ્રી સીમંધર સ્વામીની અને દાદા ભગવાનની આરતી કરવી તેનાથી વાતાવરણ પવિત્ર થઈ જશે અને બાળકોને ઊંચાં સંસ્કાર મળશે.

પ્ર : ૯ નાના છોકરા સુંદર સંસ્કારી ક્યારે થાય ?

ઉ : ૯ નાના છોકરાને અહંકાર સુસુપ્ત દશામાં હોય. અહંકાર તો હોય પણ તે કોમ્પ્રેસ (compress) થઈને રહેલો હોય. નાના છોકરાને ખોટા અહંકારનાં પાણી ના પાઈએ તો જ ડાહ્યાં થાય. તેમના અહંકારને પોષવા તમારા થકી ખોરાક ના મળે તો છોકરા સુંદર અને સંસ્કારી થાય.

પ્ર : ૧૦ ઘરમાં નાનાં બાળકો આપણું ના માને તો શું કરવું ?

ઉ : ૧૦ આ બાળકોને સમજાવવું એ આપણી ફરજ છે એક કે બે વાર પ્રેમથી સમજાવવું છતાં ના માને તો અથવા ના સમજે તો આપણે છોકરાની અંદર બેઠેલા શુધ્ધાત્મા ભગવાનને પ્રાર્થના કરીને કહેવું કે એને શક્તિ આપો. પરંતુ ક્યારેય મારવું નહી. મારવાથી છોકરા ન સુધરે ઉલટા નફ્ફટ થાય.

પ્ર : ૧૧ ઘરમાં શાંતિ રાખવા શું કરવું ?

ઉ : ૧૧ ઘરમાં શાંતિ રાખવા આપણુ ચલણ ના રાખવું. ચલણ રાખીએ તો વઢવાડ થઈ જાય. ના ચલણી નાણું ભગવાનના ચરણોમાં જાય. એમ આપણે શાંતિથી રહી શકીએ અને ભગવાનની ભક્તિ થાય.

પ્ર : ૧૨ બાપ છોકરા કે છોકરીના હિત ખાતર ગુસ્સો કે ક્રોધ કરે તો પાપ બંધાય ?

ઉ : ૧૨ બાપ છોકરા કે છોકરીના હિત ખાતર ક્રોધ કરે ત્યારે જો હિંસક ભાવ અને તાંતો ન હોય તો પુણ્ય બંધાય પાપ નથી બંધાતુ અને કેટલીકવાર હિંસકભાવ નથી અને ખાલી તાંતો છે તોય પુણ્ય બંધાય છે.

પ્ર : ૧૩ બાપે દિકરા સાથે કેવી રીતે વર્તવું ?

ઉ : ૧૩ બહુ તારણો કાઢ્યા પછી હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે બાપે છોકરા જોડે ફ્રેન્ડશીપ જ રાખવી જોઈએ. બાપે દિકરા જોડે મિત્ર તરીકે વર્તવું.

પ્ર : ૧૪ છોકરા- છોકરીને મા બાપે શું સમજાવવું જોઈએ ?

ઉ : ૧૪ છોકરા-છોકરીને સમજાવવું કે સવારે વહેલા નાહી ધોઈને સૂર્યની પૂંજા કરવી

અને બોલે કે " મને તથા જગતને સદબુદ્ધિ આપો જગતનું કલ્યાણ થાઓ " એમ શીખવાડવું એનાથી સંસ્કાર પડે.

પ્ર : ૧૫ છોકરાને (બાળકોને) પંદર વર્ષ સુધી કેવો આહાર આપવો ?

ઉ : ૧૫ બાળકોને પંદર વર્ષ સુધી મગસ અને ગુંદરપાક કે અન્ય એવા કૌચાપાક વગેરે ના ખવડાવવા જોઈએ, એમને દૂધ આપવું જોઈએ.

પ્ર : ૧૬ બાળકોને કંઈ ઉંમર સુધી મરાય ?

ઉ : ૧૬ બાબો પાંચ-સાત વર્ષનો હોય તો બે ટપલી મરાય પછી તો માત્ર સમજાવવું. બહુ તોફાન કરતો હોય તો ઉઠબેસ કરાવવી. અંગુઠા પકડાવવા પણ મારવાનું નહીં. દંડ આપવો હોય તો ભૂખે રાખવાનો દંડ આપશો. છોકરું તોફાની થાય તો તેને મારવામાં પાપ નથી પણ દૂષણ પેદા થાય તે મોટું પાપ છે.

પ્ર : ૧૭ બાળકોને કેટલી ઉંમર સુધી કહેવું ?

ઉ : ૧૭ બાળકોને પંદર વર્ષની ઉંમર સુધી સાધારણ ભાવે કહેવું. સોળ વર્ષનો છોકરો થાય પછી કશું કહેવું નહીં. બાળકો પ્રત્યે પ્રીજ્યુડીસ છોડી દો તો એ તમારા કહ્યા પ્રમાણે કરે એવું છે. સોળ વર્ષ પછી જ્ઞાન આવે. "સોળે સાન અને વીસે વાન" એવી કહેવત છે.

પ્ર : ૧૮ નાના છોકરાની મા મરી જાય તે કેવું કર્મ ?

ઉ : ૧૮ કોઈ દોરડાના આધારે ઉપર ચઢતો હોય અને અધવચ્ચેથી દોરડું કાપી નાખ્યું હોય તો તેની મા મરી જાય.

પ્ર : ૧૯ છોકરાને સુધારવા હોય તો શું કરવું ?

ઉ : ૧૯ જે ક્ષણથી બાળકો સાથે કચ કચ કરવાનું બંધ કર્યું તે ક્ષણથી બાળકોમાં નોધપાત્ર સુધારો માલુમ પડશે. આપણે તો બાળકોને ખાવાનું પીવાનું બનાવી આપીએ અને આપણી ફરજ બજાવીએ બીજુ કશું કહેવા જેવું નથી. ઘરમાં છ મહિના મૌન લઈ લો. છોકરા પૂછે તો જ બોલવાનું અને તે પણ તેમને કહી દેવાનું કે મને ના પૂછો તો સારું અને છોકરા માટે અવળો વિચાર આવે કે તરત જ એનું પ્રતિક્રમણ કરી નાંખવું. છોકરાને પાંચ વર્ષ સુધી ટોકવા પડે પછી ટોકાય પણ નહીં, અને વીસ વર્ષ પછી તો કંઈ જ બોલાય નહીં. છોકરા જોડે ઉપલક રહેવાનું, છંછેડવાથી છોકરાં બગડે છે, છંછેડશો નહીં. પોતે સુધરે એ જ બીજાને સુધારી શકે. આ કળિકાળમાં તો માંગતા લેણાવાળા છોકરા થઈને આવ્યા હોય છે. એટલે આ કાળમાં ઓરમાઈ સગાઈ રાખજો. આસક્તિ ના હોવી જોઈએ.

અતિશય વ્હાલ પણ નહીં અને નિઃસ્પૃહ પણ નહી થઇ જવાનું. છોકરાને કહેવુ કે કંઈ કામકાજ હોય તો પૂંછજો હું બેઠો છું. જગતને સુધારવાનો રસ્તો જ પ્રેમ છે. છોકરા-છોકરીને " ગ્લાસ વીથ કેર " જેમ રાખવાનાં છે. સામાની પ્રકૃતિના આધારે વર્તન કરવું નાટકીય બોલવાનું. રાત્રે બેસાડી સમજાવીને વાતચીત કરવાની. જરાક હલાવવાની જરૂર છે. મન,વચન,કાયાની એકતા હોય ત્યારે સામો સુધરશે એ નિયમ છે. છોકરા જોડે મિત્રાચારી જેવો સંબંધ રાખવો.

પ્ર : ૨૦ છોકરાને કેટલું આપવું જોઇએ ?

ઉ : ૨૦ છોકરાને ભણાવી-ગણાવીને નોકરી ધંધે વળગાવી પછી જવાબદારી નહીં. છોકરાને રહેવા માટે ઘર કરી આપવું. મેઇન્ટેનન્સ માટે ધંધો કરી આપવો અને બેંકની લોન અપાવી દેવી. રોકડા રૂપિયા આપ્યા તો છોકરો દારૂડિયો થઇ જાય. છોકરાને ઘર આપજે, ધંધો આપજે અને જોડે થોડું દેવું આપજે, પૈસા આપીશ તો તે દારૂડિયો થશે. તારી પાસે પૈસા હોય તોય જોડે દેવું આપજેઃ બેંકનું કે લોનનું દેવું આપજે ને હપ્તા ભર્યા કરે. છોકરો દેવાના આધારે સીધો થાય. તું ટૈડકાવીશ તો તે સામો થશે અને બેંકવાળો ટૈડકાવશે તો તે સીધો થશે. છોકરાને ધંધો અપાય, મકાન અપાય, વહુ લાવી આપવી પણ સાથે દેવું આપવું પૂછે કે પપ્પાજી પૈસા હતા તે ક્યાં ગયાં તો કહેવું કે શેરબજારમાં ગયા. હવે કોઇને કહીશ નહીં. તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપ.

પ્ર : ૨૧ બાપ તરીકે કેવું ચારિત્ર હોવું જોઇએ ?

ઉ : ૨૧ છોકરા કહે કે પપ્પાજી અમને તમારા વગર ગમતું નથી ત્યારે જાણવું કે બરોબર છે. આપણે છોકરાને કહીએ કે પેપ્સી લાવો તો તે કહે કે નથી તો આપણે કહીએ કઇં વાંધો નહીં, પાણી લાવો એવું હોવું જોઇએ. આ છોડવાને તો આપણે ખાતર પાણી નાંખવાની જરૂર એને પછી એમ ના કહેવાય કે કેમ વધે છે ? ને કેમ ના વધ્યો? છોકરાઓ ગમે ત્યાં પરણવાનું નક્કી કરે તે નેચરલ વ્યવસ્થા છે. મા બાપને જો આવડતું હોય તો છોકરા બીજે ફ્રેન્ડશીપ કરે જ નહીં.

પ્ર : ૨૨ બાળકો સાથે વ્યવહાર કેવી રીતે કરવો ?

ઉ : ૨૨ પોતાના છોકરાઓનું યોગ્ય રીતે પાલન પોષણ કરવું જોઇએ. અને છોકરો ઉંમરલાયક થાય પછી એને અહંકાર ફુટે ત્યારે આપણે છે તે એની જોડે મિત્ર તરીકે રહેવું જોઇએ. એની સાથે મિત્રતાનો વ્યવહાર કરવો જોઇએ. પંદર સોળ વર્ષ પછી છોકરાને મરાય નહીં. આપણે ચેતવણી આપવી જોઇએ. સારી રીતે ભણાવવા જોઇએ. ઊંધે રસ્તે ના જાય તે માટે સમજાવી-પટાવીને વાતચીત

કરવી જોઈએ. અને સારું કરતો હોય તો એનકરેજમેન્ટ (પ્રોત્સાહન) આપવું જોઈએ. છોકરા ઉપર આસકિત રાખવી નહીં. આસકિત રાખવાથી છોકરા કંટાળી જાય. આપણા બાપદાદાએ આપણને કંઈક આપ્યું હોય તો આપણે પણ કંઈક થોડુંક આપવું જોઈએ એટલે એને રહેવા માટે એક મકાન કરી આપવું અને ધંધો કરી આપવો બેંકમાંથી લોન લઈ આપવી જેથી તે હપ્તા ભર્યા કરે. બહુ આપીએ તો દારૂડિયો થઈ જાય. પોતાની પાસે વધારે પૈસા હોય તો સારા માર્ગે ખર્ચી નાંખવા, પણ છોકરાને બહુ પૈસા ના અપાય નહીં તો તે દારૂ અને મોજ મજામાં પડી જાય. સારા સંસ્કારી કુટુંમ્બમાં સારી જગ્યાએ તેને પૂછીને તેની સંમતિ લઈ લગ્ન કરી આપવાં નહી તો પાછળથી ડાયવોર્સની જવાબદારી મા બાપને માથે આવે એટલે પોતાની સેફસાઈડ કરી તેની પસંદગી, સારું કુળ વગેરે જોઈ ગોઠવી આપવું અને આપણે તો સરકારી કોલેજોમાં જ ભણાવવા. શ્રીમંતો તો ગાંડા કાઢે એટલે પ્રાઈવેટ કોલેજોમાં વધુ ફી આપીને ભણાવે. આપણે તો ઓછી ફીવાળી સરકારી કોલેજોમાં જ ભણાવવા જોઈએ. આપણે ખટપટ કરીને પણ સરકારી કોલેજોમાં ભણાવવા.

પ્ર : ૨૩ કયા માણસોને વ્યવહાર ના આવડે ?

ઉ : ૨૩ જેના ઘરમા મા કડક હોય તેના છોકરાને વ્યવહાર ના આવડે.

પ્ર : ૨૪ મા-બાપની બાળક પ્રત્યે કઈ પવિત્ર ફરજ છે ?

ઉ : ૨૪ જે બાળક પોતાના ઘરમાં જન્મ્યું છે, તેના પૂર્વજન્મના સંસ્કારો પોતાના પ્રમાદથી નાશ ન પામે પરંતુ ટકી રહે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા રહે તેમજ તેમને ભવાંતરમાં જિન શાસન મળે અને વીતરાગની સુંદરમાં સુંદર આરાધના કરીને વહેલામાં વહેલી તકે આ દુઃખમય સંસારથી છૂટીજઈને મુક્તિના શાશ્વત સુખને પામી જાય તે માટે અધ્યાત્મના ઉંચા સંસ્કારો આપવા. બાળકોને ધનનો વારસો ન આપતાં ધર્મનો વારસો આપવાની જરૂર છે. મા-બાપોએ પોતાના બાળકોને ઉંચા પ્રકારનું ધાર્મિક સાહિત્ય વાંચી સંભળાવવું તથા ધર્મ અને અધ્યાત્મમાં રૂચી ઉત્પન્ન થાય તેવી કથાઓ કહેવી અને તેવું ઉત્કૃષ્ટ વાતાવરણ પૂરું પાડવું. પોતે જ્યાં રહેતા હોય તેની નજીકમાં કોઈ ધાર્મિક પાઠશાળા કે અન્ય ધાર્મિક સંસ્થા હોય તો તેમાં પોતાનાં બાળકોને મોકલવા. આ ઉપરાંત દરરોજ બાળકોને મંદિરે લઈ જવા અને સાચા દર્શન કેવી રીતે થાય તે સમજાવવું અને આ દર્શનનું શું ફળ પ્રાપ્ત થઈ શકે તેમ છે તે પણ સમજાવવું.

卐

તેરમુ પ્રકરણ
ભૂલ, ભય, ભાવના.

પ્ર : ૧ ભૂલ કોને કહેવાય ?

ઉ : ૧ કોઈને આપણાથી કિંચિતમાત્ર પણ દુઃખ થાય તો જાણવું કે આપણી ભૂલ છે. આપણી ભૂલથી સામાને કંઈપણ અસર થાય તો તરત જ મનથી માફી માંગી લેવી. ભૂલને ભાંગવા માટે ભૂલને ભૂલ કહેવી પડે, તેનું ઉપરાણુ ના લેવાય. ભૂલને ભૂલ જાણો તો તે ભૂલ ભાંગે. સ્વચ્છંદ એ જ મોટામાં મોટી ભૂલ છે. જે જ્ઞાન હાજર રહે નહી એ ભૂલ કહેવાય.

પ્ર : ૨ ભૂલ દેખાઈ ક્યારે કહેવાય ?

ઉ : ૨ ભૂલ દેખાઈ ક્યારે કહેવાય કે ફરી ના થાય ત્યારે.

પ્ર : ૩ કંઈ ભૂલો ચલાવી લેવાય ?

ઉ : ૩ અણસમજણની બધી જ ભૂલો ચલાવી લેવાય પણ વિશ્વાસઘાતની ભૂલો ન ચલાવી લેવાય.

પ્ર : ૪ માણસને ભૂલ કેમ દેખાતી નથી ?

ઉ : ૪ હંમેશા ય કર્યાનું આવરણ આવે છે. કર્તાપણાના અહંકારને લીધે આવરણ આવે છે. આવરણ આવે એટલે ભૂલ દબાઈ જાય અને એટલે ભૂલ દેખાય જ નહીં. ભૂલ તો આવરણ તૂટે ત્યારે દેખાય અને જ્ઞાની પુરુષની પાસે એ આવરણ તૂટે, બાકી પોતાનાથી આવરણ તૂટે નહીં.

પ્ર : ૫ કોણ ભૂલ ના કરે ?

ઉ : ૫ બ્રહ્મનિષ્ઠ ભૂલ ના કરે.

પ્ર : ૬ દોષ કોને કહેવાય ?

ઉ : ૬ કોઈનીય સાથે માથાકૂટ થાય એને દોષ કહેવાય.

પ્ર : ૭ સર્વ દોષોનું મૂળ શું છે ?

ઉ : ૭ સર્વ દોષોનું મૂળ અહંકાર છે.

પ્ર : ૮ મોટામાં મોટો દોષ કયો ?

ઉ : ૮ રાગ - દ્વેષ એ મોટામાં મોટો દોષ છે. ક્રોધ અને માન એ દ્વેષ છે અને માયા તથા લોભ એ રાગ છે. અને આ રાગ - દ્વેષ જ સંસારનું રૂટ કોઝ છે.

પ્ર : ૯ સર્વ દોષો કરતાં મોટો દોષ કયો છે ?

ઉ : ૯ રાગ - દ્વેષ આદિ સર્વ દોષ કરતાં અજ્ઞાન એ મોટો દોષ છે કારણકે તેનાથી આવૃત થયેલો જીવ હિત કે અહિત જાણી શકતો નથી. સ્વરૂપનું અજ્ઞાન એ જ મોટો દોષ છે.

પ્ર : ૧૦ આપણને કોઈનો દોષ દેખાય છે તે શું છે ?

ઉ : ૧૦ કોઈનોય દોષ દેખાય છે તે આપણી જ ભૂલ છે કારણ કે ખરેખર આ જગતમાં કોઈ દોષિત છે જ નહી બધા કર્મને આધીન છે. પકૃતિ નચાવે તેમ નાચી રહ્યાં છે અને નિમિત્ત છે માટે એ બિચારાનો દોષ છે જ નહીં. આ રહસ્ય ન સમજવાથી આપણે બીજાના દોષ જોઈએ છીએ એ આપણી જ ભૂલ છે. આપણે દાદાની આજ્ઞાથી જાણ્યા કરવું કે ભઈ એ તો નિમિત્ત છે દોષ મારો જ છે બસ આટલું જ કહ્યું કે તેની સાથે મહીં ટાઢુ ટપ થઈ જશે.

પ્ર : ૧૧ ઘણા દોષો સમજાતા કેમ નથી ?

ઉ : ૧૧ લોભ અને માયા અર્થાત્ રાગ હોય છે તે આ દોષોને સમજવા દે નહીં પરંતુ ક્રોધ અને માન એટલે કે દ્વેષ હોય તો તત્કાળ જ તે દોષો દેખાય.

પ્ર : ૧૨ ભાવ દોષ અને દ્રવ્ય દોષ કોને કહેવાય ?

ઉ : ૧૨ દ્રવ્ય દોષ પ્રકૃતિનો છે અને ભાવ દોષ એ અજ્ઞાનતાને લીધે છે. ભાવ દોષનો કર્તા પોતે ગણાય છે અને દ્રવ્ય દોષનો કર્તા વ્યવસ્થિત ગણાય છે.

પ્ર : ૧૩ કૃપાળુ દેવ દોષ માટે શું કહે છે ?

ઉ : ૧૩ હું તો દોષ અનંતનું ભાજન છું કરૂણાળ દીઠાં નહી નિજ દોષ તો તરીએ કોણ ઉપાય.

પ્ર : ૧૪ દોષ અંગે શો નિયમ છે ?

ઉ : ૧૪ જેના દોષ તમે જુઓ તે દોષ તમારામાં દાખલ થઈ જાય.

પ્ર : ૧૫ મોક્ષે જવાના બે કલાક બાકી રહ્યા હોય ત્યારેય કેટલા દોષ હોઈ શકે છે ?

ઉ : ૧૫ મોક્ષે જવાના બે કલાક બાકી રહ્યા હોય ત્યારેય પાંચ લાખ દોષો વધુમાં વધુ હોઈ શકે છે.

પ્ર : ૧૬ દોષ કેવી રીતે ઘટે ?

ઉ : ૧૬ જે કાર્ય થયું હોયતે ખુલ્લુ કરી દો તો તે ફરી ના થાય. તમે કંઈક ખોટું કર્યું હોય તો તેને જાહેર કરી દેવું, ખુલ્લું કરી દેવું તો આમ કરવાથી ધીમે ધીમે દોષ ઘટતા જશે.

પ્ર : ૧૭ કયો ગુન્હો મોટો ગણાય ?

ઉ : ૧૭ ધર્મમાં ચમત્કાર એ બહુ મોટો ગુન્હો છે.

પ્ર : ૧૮ આ જગતમાં મોટામાં મોટો ગુન્હો કયો ?

ઉ : ૧૮ કોઈ પણ વસ્તુને ખોટી કહેવી તે મોટામાં મોટો ગુન્હો છે.

પ્ર : ૧૯ મોટામાં મોટો ટોચનો ગુન્હો કયો ?

ઉ : ૧૯ ચિંતા કરો તે મોટામાં મોટો ગુન્હો છે. ચિંતા કરવાથી બુદ્ધિ અને જ્ઞાન બંને ફ્રેકચર થાય છે.

પ્ર : ૨૦ કયા ચાર પ્રકારના દુષણો જાય તો મોક્ષ થઈ જાય ?

ઉ : ૨૦ નીચેના ચાર પ્રકારના દુષણો જાય તો મોક્ષ થઈ જાય :-

અ મિથ્યાત્વ : અજવાળામાય અંધારુ હોય તેવો મિથ્યાત્વ.

બ અવિરતિ : નિરંતર વિચારો આવ્યા જ કરે. ઘડીવાર બંધ ના થાય વહેતા પાણીની જેમ.

ક કષાય : ક્રોધ, માન, માયા, લોભ.

ડ યોગ : મન, વચન, કાયાનો યોગ.

આ ચાર દુષણો થકી આ સંસાર ઊભો છે અને મોક્ષ અટક્યો છે અને જો પહેલું દૂષણ મિથ્યાત્વ જાય તો પછી પાછલા ત્રણ જાય. ભગવાને શું કહ્યું કે વ્યવહારથી નહીં પણ નિશ્ચયથી આ ચારેય દુષણો જાય તો મોક્ષ થાય. આ મહારાજ સાહેબોને વ્યવહારથી તો દુષણ ગયાં દેખાય પણ નિશ્ચયથી ઊભા રહ્યા છે માટે કામ થતું નથી.

પ્ર : ૨૧ ભય એટલે શું ?

ઉ : ૨૧ ભય એટલે આપત્તિને પ્રસંગે ઉત્પન્ન થયેલ દુઃખદાયક લાગણી. આવી પડનાર દુઃખ કે આફતનો વિચાર આવતા ભયની લાગણી સ્ફુરે છે. રાગ, આસક્તિ અને તિરસ્કારને લીધે જ ભય ઉત્પન્ન થાય છે.

પ્ર : ૨૨ ભય શું છે ?

ઉ : ૨૨ ભય એ છૂપો તિરસ્કાર છે. દ્વેષ પૂર્વકના ત્યાગમાં, તિરસ્કારમાં નિરંતર ભય રહે. આત્માની અજ્ઞાનતાથી ભય રહે છે. સામેના જીવમાં ભગવાન છે તેવું દેખાતું નથી માટે ભય લાગે છે. જ્યાં જ્યાં તિરસ્કાર ત્યાં ભય લાગે. કોર્ટ પ્રત્યે કે પોલિસવાળા પ્રત્યે તિરસ્કાર છે માટે કોર્ટનો કે પોલિસવાળાનો ભય લાગે છે. ભય તો જેટલો પોતાની જાતને ટેમ્પરરી (વિનાશી) સમજે એટલો ભય વધારે લાગે. શંકાથી જ ભય ઉત્પન્ન થાય અને ભયથી શંકા થાય એ બેઉ કારણ-કાર્ય જેવું છે.

પ્ર : ૨૩ વિપરીત ભય એટલે શું ?

ઉ : ૨૩ જે ભય નથી આવવાનો તે દેખાય તે વિપરીત ભય. એક જણ જમવા આવવાનો હોય અને લાગ્યા કરે કે સો જણ આવવાના છે તે વિપરીત ભય. લોકોને એમ થયા કરે કે આ નહીં મળે તો, આમ નહીં થાય તો, બસ આ જ વિપરીત ભય.

પ્ર : ૨૪ ભય લાગવાનું કારણ શું ? તેનો ઉપાય શું ?

ઉ : ૨૪ પોતાની જાતને વિનાશી માની લીધી. પોતે છે અવિનાશી અને માની લીધી વિનાશી એટલે દેહાધ્યાસને લઈને ભય થાય છે. દેહાધ્યાસ છે એટલે માને છે કે હું મરી જઈશ તો, હું દાઝી જઈશ તો, મને ચોર મારશે તો, પણ જેનો દેહાધ્યાસ ગયો પછી ભય ના લાગે. દેહાધ્યાસ ગયા પછી નિર્ભયતા અને વીતરાગતા આ બે ગુણો ઉદ્ભવતા હોય છે. આત્માને કોઈ ગોળી મારી શકવાનું નથી કે ચોરી જવાનું નથી, માટે ભય ના રહેવો જોઈએ. અજ્ઞાનતા જાય તો નિર્ભય થઈ શકે. કર્તા છે ત્યાં સુધી ભય છે. જગતમાં કર્તાપણું મટયું કે નિર્ભય થઈ ગયો. પોતાના નિજ સ્વરૂપનું ભાન થાય કે હું આ છું તો ભય છૂટે.

પ્ર : ૨૫ ભય કોને હોય ?

ઉ : ૨૫ જેનું મહીં ગોલમાલ હોય તેને ભય હોય. જેનું બિલકુલ કરેકટ હોય છે એને જગતમાં ભય શો ? ભય રાખવા જેવું જગત જ નથી. બિલકુલ નિર્ભય રીતે ફરવા જેવું છે અને જે લોકો ભય રાખનાર છે ને એમને તો સંપૂર્ણ જાગૃતિ હોય છે. તેઓને આ જગત ક્ષણે ક્ષણે નિરંતર ભયવાળું જ દેખાય. જો તમે તમારા સ્વરૂપમાં રહો તો તમને ભય રહેતો જ નથી. જેનો તમે તિરસ્કાર કરશો તેનો ભય લાગશે. આત્માની અજ્ઞાનતાથી ભય રહે છે. જે વધારે જાગ્રત હોય તેને વધારે ભય રહે. આ સ્ત્રીઓને તો સપૂરો ભય ન દેખાય વધારે મૂર્છામાં છે તેથી. જેને લોભ હોય તેને ભય હોય.

પ્ર : ૨૬ શાસ્ત્રોમાં કયાં સાત ભય વર્ણવ્યા છે ?

ઉ : ૨૬ (૧) ઈહલોક ભય - મનુષ્યને મનુષ્યનો ભય.
(૨) પરલોક ભય - મનુષ્યને દેવાદિનો ભય.
(૩) આદાન ભય - ધન, માલ ચોરી જવાનો ભય.
(૪) અકસ્માત ભય - અણધાર્યા સમયે શારીરિક કે આર્થિક નુકસાન થવાનો ભય.
(૫) આજીવિકા ભય - નોકરી કે વેપાર છૂટી જવાનો ભય.
(૬) મરણ ભય - મરી જવાનો ભય.
(૭) અપયશ કે અપકીર્તિ ભય - લોકો અપજશ આપશે અગર ખરાબ બોલશે, ખરાબ દેખાશે એવો ભય.

પ્ર : ૨૭ ડર અને ભયમાં શો તફાવત ?

ઉ : ૨૭ ભય તો જાય જ નહીં. ડર તો ઘણીવાર પોતાના ભાવથી કે પોતાની ભૂલોથી જ રહે છે. જ્યાં ચીઢ છે ત્યાં ડર લાગે. પોલિસવાળા પ્રત્યે ચીઢ છે એટલે ત્યાં ડર લાગે છે, પછી એનામાં શુધ્ધાત્મા જોઈએ એટલે પછી ડર જતો રહે. કોર્ટ પ્રત્યે ચીઢ હોય એટલે કોર્ટનો ડર લાગ્યા કરે.

પ્ર : ૨૮ ભડકાટ-ફફડાટ શું છે ?

ઉ : ૨૮ ભડકાટ-ફફડાટ એ સંગીચેતનાનો ગુણ છે. સંગીચેતનાથી ભડકાટ રહે છે. રાતે સૂતા પહેલા ભૂતનો ભો પેઠો હોય કે સાપનો ભો પેઠો હોય તો આખી રાત એને ભડકાટ રહ્યા કરે, ઊંઘેય નહીં અને સવારે પ્રકાશમાં તે ભય નાશ પામે ત્યારે તેનો ભડકાટ જાય.

પ્ર : ૨૯ ઈન્ફિરિયારિટી કોમ્પલેક્ષ એટલે શું ?

ઉ : ૨૯ જેટલી જેટલી ઈનમોરાલિટી એટલી ઈન્ફિરિયારિટી.

પ્ર : ૩૦ નિર્ભયતા ક્યાં હોય ?

ઉ : ૩૦ જ્યા નિઃશંકતા ત્યાં નિર્ભયતા.

પ્ર : ૩૧ નિરાલંબ એટલે શું ?

ઉ : ૩૧ નિરાલંબ એટલે એને કોઈ જગ્યાએ કોઈ ભય જ ના લાગે. કોઈ પણ પ્રકારની કંઈ અસર જ ના રહે, એને કોઈ અવલંબનની જરૂર જ ના હોય.

પ્ર : ૩૨ ભાવના એટલે શું ?

ઉ : ૩૨ સંસાર ઉપરનો મોહ ઘટે અને મોક્ષ મેળવવાની ઈચ્છા થાય તેવી વિચારણા તે ભાવના કહેવાય.

પ્ર : ૩૩ સાચી ભાવના કોને કહેવાય ?

ઉ : ૩૩ તમામ જ્ઞાનીઓ પ્રત્યે સંપૂર્ણ આરાધક ભાવ અને તમામ અજ્ઞાનીઓ પ્રત્યે સંપૂર્ણ અવિરાધક ભાવ એ જ સાચી ભાવના કહેવાય. હે અર્મૂત ભગવાન અમારું દર્શન સાચવજો એ સાચી ભાવના કહેવાય. તે ક્યારેય નિષ્ફળ ના જાય ને બીજે જન્મે ગર્ભમાંય હાજર રહે.

પ્ર : ૩૪ કઈ ભાવના કરવા જેવી છે ?

ઉ : ૩૪ આખું જગત સુખ અને શાંતિને પામો, આખું જગત મોક્ષને પામો, એવી ભાવના કરવા જેવી છે.

પ્ર : ૩૫ મૈત્રીભાવના, પ્રમોદ ભાવના, કરુણા ભાવના અને ઉપેક્ષા ભાવના બાબતે સમજાવો ?

ઉ : ૩૫ (૧) **મૈત્રી ભાવના :** આખું જગત મારુ મિત્ર છે, મને કોઈ તરફ વેરભાવ નથી એવું ચિંતવન એ મૈત્રી ભાવના છે.

(૨) **પ્રમોદ ભાવના :** ગુણી જનોના ગુણો જોઈને હર્ષ પામવો તે. જે જીવોમાં આત્મિક સદગુણો પ્રગટેલા જણાય તેવા ગુણીજનોને દેખી હૃદયમાં પ્રેમ ઉભરાય પ્રસન્નતા થાય તે પ્રમોદ ભાવના.

(૩) **કરુણા ભાવના :** દીન, દુઃખી, ગરીબ, રોગી જનોને જોઈ તેમના પ્રત્યે દયા-ભાવ લાવી તેમને યથાશક્તિ મદદ કરવી તથા તેમના માટે પ્રભુને પ્રાર્થના કરવી કે હે પ્રભુ તેમને આ દુઃખ દર્દમાં શક્તિ આપો.

(૪) **ઉપેક્ષા ભાવના :** દુર્જન, કપટી, હિંસક, પાપી, મિથ્યાત્વી વગેરે દુર્ગુણોવાળા જીવોને જોઈને તેમના પ્રત્યે ઘૃણા કે તિરસ્કાર ન કરવા અને વિચારવું કે સર્વ જીવો કર્માધીન છે તેમના દુર્ગુણોની ઉપેક્ષા કરવી.

પ્ર : ૩૬ જેવા ભાવ તેવું ફળ મળે તે માટેની પંકિત કઈ ?

ઉ : ૩૬ રામ ઝરૂકે બેઠકે સબકા મુંજરા લેત.
જૈસી જીસકી ચાકરી, વૈસા ઉસકો દેત.

પ્ર : ૩૭ મોક્ષ માર્ગે અત્યંત લાભકારી બાર ભાવના કઈ કઈ ?

ઉ : ૩૭ (૧) **અનિત્ય ભાવના :** શરીર, ધન, ધાન્ય, વૈભવ, કુટુંબ, પરિવારાદિક વગેરે કાયમ રહેવાનું નથી અને નાશવંત છે. એમ વિચારી તેના ઉપરના મમત્વનો (મમતાનો) ત્યાગ કરવો. જીવનો મૂળ ધર્મ અવિનાશી છે એમ ચિંતવવું.

(૨) **અશરણ ભાવના :** સંસારમાં મરણ સમયે જીવને શરણ આપનાર કોઈ નથી એક ધર્મ જ શરણ આપે તેમ છે. મરણના દુઃખોથી બચવા માટે ધર્મ સિવાય કોઈનું શરણુ નથી એવુ ચિંતવવું તે.

(૩) **સંસાર ભાવના :** આ સંસારમાં માતા મરીને સ્ત્રી થાય છે. સ્ત્રી મરીને માતા થાય છે. આવા વિચિત્ર સંસારમાં અનેક ભવ કર્યા છે. એ સંસારથી ક્યારે છુટીશ, આ સંસાર મારો નથી એવું ચિંતવવું તે.

(૪) **એકત્વ ભાવના :** જીવ એકલો જન્મ્યો છે અને એકલો મરણ પામે છે. એકલો કર્મ બાંધે છે અને એકલો કર્મ ભોગવે છે. તે એકલો આવ્યો છે એકલો જશે અને પોતાના કર્મો એકલો ભોગવશે. માટે જન્મમરણથી કેમ છૂટાય તે પ્રમાણે ચિંતવવું તે.

(૫) **અન્યત્વ ભાવના :** આ સંસારમાં કોઈ કોઈનું નથી એમ ચિંતવવું તે. આત્મા શરીર થકી જૂદો છે. શરીર અનિત્ય છે. હુ નિત્ય છું. શરીર જડ છે, હું ચેતન છું એ પ્રમાણે આત્મરમણતામા સ્થિર રહેવા માટે ચિંતવવું તે.

(૬) **અશુચિ ભાવના :** આ શરીર મળમૂત્રની ખાણ છે. લોહી, માંસ, પરૂ વગેરેથી અપવિત્ર છે. રોગ-જરાનું નિવાસ ધામ છે. હંમેશા તેમાંથી અશુચિ વહ્યા કરે છે એવુ વિચારીને શરીર ઉપરની મમતા દૂર કરવા માટે ચિંતવવું તે.

(૭) **આશ્રવ ભાવના :** રાગ - દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઈત્યાદિક આશ્રવ છે. એમ ચિંતવવું. દયા-ધર્મથી શુભ કર્મ બંધાય છે. જ્યારે ક્રોધ, માન, માયા, લોભ એ કષાયોથી અશુભ કર્મ બંધાય છે. એમ વિચારી આત્મા મલીન ન થાય તે માટે ચિંતવવુ તે.

(૮) **સંવર ભાવના :** સમિતિ, ગુપ્તિ વગેરે પાળવાથી કર્મ રોકાઈ જાય છે. એમ ચિંતવીને કર્મ ન બંધાય તે માટે પ્રયત્ન કરવો તે સંવર ભાવના.

(૯) **નિર્જરા ભાવના :** જ્ઞાન ક્રિયા કરવી. દરેક વસ્તુના જ્ઞાતા - દ્રષ્ટા રહેવું તે નિર્જરા છે એમ ચિંતવવું. બાર પ્રકારનાં તપ વડે-કર્મોને ખપાવવાનો વિચાર કરવો તે.

(૧૦) **લોક સ્વરૂપ ભાવના :** ચૌદ રાજલોકનું સ્વરૂપ વિચારવુ તે લોક સ્વરૂપ ભાવના. આ જગતનું સ્વરૂપ, ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના સ્વભાવવાળુ છે. એમ વિચારીને સદાય જાગ્રત રહેવું તે.

(૧૧) **બોધ દુર્લભ ભાવના :** સંસારમાં ભમતા આત્માને સમ્યક જ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે. સમકિત પામવું ઘણુ દુર્લભ છે. અને કદાચ સમ્યકત્વ પામ્યો તો ચારિત્ર સર્વ વિરતી પરિણામરૂપ ધર્મ પામવો દુર્લભ છે એવું વિચારી સમકિત પ્રાપ્ત કરવા માટે પુરૂષાર્થ કરવો તે.

(૧૨) **ધર્મ દુલર્ભ ભાવના :** ધર્મના ઉપદેશક તથા શુદ્ધ શાસ્ત્રના બોધક એવા ગીતાર્થ ગરૂ ભેગા થવા કે એમનું જ્ઞાન સાંભળવા મળવું એ દુર્લભ છે. એમ ચિંતવવું તે.

ચૌદમું પ્રકરણ
મંત્ર, મૂર્તિ, મોહ, માયા, મમતા, મૌન

પ્ર : ૧ મંત્ર એટલે શું ? મંત્ર ક્યારે ફળ આપે ?

ઉ : ૧ મનને શાંત રાખે તે મંત્ર. મંત્ર એ મનને આનંદ પમાડે, મનને શાંતિ આપે, મનને શક્તિ આપે અને મનને તર કરે એ મંત્ર. મંત્ર એ તો દેવોને ખુશ કરવાનું સાધન છે. જેનો અધિષ્ઠાયક દેવ હોય તે મંત્ર કહેવાય. મંત્ર તો દેવલોકોની આરાધના છે. મન, વચન, કાયાની એકાગ્રતાથી મંત્ર બોલાય તો જ તે ફળ આપે. જ્ઞાની પુરુષોનો આપેલો હોય તો તે યર્થાથ ફળ આપે. મંત્ર બોલવાથી વિઘ્નોનો નાશ થાય છે. શૂળીનો ઘા સોયે સરે. ભગવાનની ભક્તિ કરતા સંસારમાં વિઘ્ન ન આવે.

પ્ર : ૨ ત્રિમંત્ર શું છે ? તે બોલવાથી શું લાભ થાય ?

ઉ : ૨ વૃષભદેવ ભગવાને ત્રણ મંત્રો આપેલા. આ ત્રિમંત્રો સંપૂર્ણ નિષ્પક્ષપાતી મંત્રો છે. તેમાં પ્રથમ નવકાર મંત્ર છે. બીજો ૐ નમો ભગવતે વાસુદેવાય છે અને ત્રીજો મંત્ર ૐ નમઃ શિવાય. આ ત્રણ મંત્રો સાથે બોલવાથી બધાં જ ધર્મોના શાસન દેવો આપણા ઉપર ખુશ થાય છે. એટલે જે કર્મ ઉદય સોળ આની છે તે ચાર આની થઈ જાય છે. આ નિષ્પક્ષપાતી ત્રિમંત્રો બોલવાથી સંસારનાં તમામ વિઘ્નો દૂર થાય છે. વ્યવહારમાં અડચણો આવતી હોય તો ઓછી થઈ જાય, પાપ ધોવાઈ જાય, આવતી ઉપાધિ હલકી થઈ જાય. આ ત્રિમંત્રો મન, વચન, કાયાની એકાગ્રતાથી બોલવાથી તમામ પ્રકારનાં કર્મો હળવા થઈ જાય છે.

પ્ર : ૩ ગુરુ મંત્ર શું છે ?

ઉ : ૩ એ તો લપસી ના પડાય અને આ ઘેંટાના ટોળામાં જ રહે અને સચવાઈ રહે એટલે સ્થિર કરવાનો રસ્તો છે. પણ એ સાધ્ય નથી, એ સાધન માત્ર છે. જ્ઞાની સિવાય બીજા કોઈ પણ રસ્તે સાક્ષાત્કાર થાય તેમ નથી.

પ્ર : ૪ મંત્ર કોને કહેવાય ? તેનાં છ અંગો કયાં ?

ઉ : ૪ મંત્ર એ શબ્દના માળખામાં સમાયેલી દિવ્યતા છે. મંત્ર તે અક્ષર રૂપી શરીરમાં પ્રગટ થતી દૈવી શક્તિ છે. તેના છ અંગો નીચે મુજબ છે :-

(૧) **ઋષિ :** જે ઋષિએ જે મંત્ર દ્વારા સિદ્ધિ મેળવી અને તે મંત્ર દુનિયાને આપ્યો તે ઋષિ તે મંત્રના ઋષિ કહેવાય. ઋષિ એટલે એ મંત્રના દ્રષ્ટા. દા. ત. : વિશ્વામિત્ર ઋષિ ગાયત્રી મંત્રના ઋષિ છે.

(૨) **છંદ :** છંદ આરોહ - અવરોહ દ્વારા મંત્રના (શબ્દોના) ધ્વનિનું નિયમન કરે છે.

(૩) **દેવતા :** દરેક મંત્રને તેનો અધિષ્ઠાયક દેવ હોય છે.

(૪) **બીજ :** મંત્રનો સાર એ બીજ છે. જેના દ્વારા મંત્રમાં વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન થાય છે.

(૫) **શક્તિ :** શક્તિ એટલે મંત્રના અવાજનાં સ્પંદનો દ્વારા ઉત્પન્ન થતું બળ. આ શક્તિ મંત્રનો જાપ કરનારને તેના ઈષ્ટદેવતા પાસે લઈ જાય છે.

(૬) **કીલક :** કીલક એટલે ખીલો. આ મંત્રમાં છુપાયેલા વચનબળને અંદર જડી રાખે છે.

પ્ર : ૫ વૈષ્ણવ મંત્ર કયો ?

ઉ : ૫ "મન, વચન કાયાથી તદ્દન જુદો એવો હું બ્રહ્મસબંધવાળો એવો શુધ્ધાત્મા છું" આ મંત્ર સંસાર વ્યવહારમાં અને આબરૂ મુઠ્ઠીમાં રહે તેવું કરી આપે તેવો છે.

પ્ર : ૬ આ જગતમાં માગ્યા મેઘ વરસાવવાની શક્તિ કયાં મંત્રમાં છે ?

ઉ : ૬ ત્રિમંત્ર મન, વચન, કાયાની એકાગ્રતા સાથે બોલવાથી સુખ, શાંતિ તથા માગ્યા મેઘ વરસે તેમ છે.

પ્ર : ૭ મંત્ર કોને કહેવાય ? વિદ્યા કોને કહેવાય ?

ઉ : ૭ જેનો અધિષ્ઠાયક દેવ હોય તેને મંત્ર કહેવાય અને જેની અધિષ્ઠાયક દેવી હોય તેને વિદ્યા કહેવાય.

પ્ર : ૮ નવકાર મંત્ર શું છે ? નવકાર મંત્ર કેમ બોલવો ?

ઉ : ૮ નવકાર મંત્ર એ ૐ નું વિસ્તૃત સ્વરૂપ છે. નવકાર મંત્ર એ સંન્યસ્ત મંત્ર છે સંન્યસ્ત લીધા પછી એકલો નવકાર બોલે તો ચાલે, બાકી જ્યાં સુધી વ્યવહારમાં છો ત્યાં સુધી ત્રણેય મંત્રો સાથે બોલવા જોઈએ. નવકાર મંત્ર મનમાં બોલવાથી બીજાં મછરાં પેસી જાય તેટલા ખાતર નવકાર મંત્ર જોરથી બોલવાનો. માત્ર ૧૦% લોકો હિન્દુસ્તાનના આ નવકાર મંત્ર ભાવથી સમઝણપૂર્વક બોલે તો માગ્યા મેઘ વરસે તેમ છે. સો મણનો પથરો પડવાનો હોય તો આ મંત્રના પ્રભાવે કાંકરો વાગીને મૂળ વિઘ્ન દૂર થાય તેમ છે.

પ્ર : ૯ ત્રિમંત્ર લખી જણાવો અને તેનો અર્થ જણાવો ?

ઉ : ૯ [૧] નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો.
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલમ્ ॥

[૨] ૐ નમો ભગવતે વાસુદેવાય

[૩] ૐ નમઃ શિવાય.

(૧) **નમો અરિહંતાણં :** જેમણે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ રૂપી દુશ્મનોનો નાશ કર્યો છે તેવા અરિહંત ભગવાનને હું નમસ્કાર કરુ છું.

(૨) **નમો સિદ્ધાણં :** જે સિદ્ધ થઈ ગયા છે, જેને ફરીથી જન્મ લેવાનો નથી જેઓ મોક્ષે ગયા (નિર્વાણ પામ્યા) અને જેઓ સિદ્ધક્ષેત્રમાં બિરાજે છે તે તમામ સિદ્ધ ભગવંતોને હું નમસ્કાર કરું છું.

(૩) **નમો આયરિયાણં :** અરિહંત ભગવાને કહેલા આચાર જે પાળે છે અને તેવા આચાર પળાવે છે તથા જેમને આત્મદશા પ્રગટ થયેલી છે. પોતે આત્મા પ્રાપ્ત કર્યો છે, ઉપરાંત સંયમ સહિત છે અર્થાત જેમને સમકિત પ્રાપ્ત થયેલું છે તેવા આચાર્ય ભગવંતોને હું નમસ્કાર કરું છું.

(૪) **નમો ઉવજ્ઝાયાણં :** જેને આત્મા પ્રાપ્ત થઈ ગયો છે અને પોતે શાસ્ત્રો ભણે અને પછી બીજાને ભણાવડાવે એવા ઉપાધ્યાય ભગવંતોને હું નમસ્કાર કરું છું.

(૫) **નમો લોએ સવ્વ સાહૂણં :** આ લોકમાં રહેલા જેમને દેહાધ્યાસ બિલકુલ નથી અને આત્મદશા સાધે છે એવા બધા સાધુઓને હું નમસ્કાર કરું છું.

(૬) **એસો પંચ નમુક્કારો :** આ પાંચ નમસ્કાર જે ઉપર બોલ્યા તે.

(૭) **સવ્વ પાવપ્પણા સણો :** સર્વ પાપોને નાશ કરનારા છે.

(૮) **મંગલાણં ચ સવ્વેસિ :** એટલે બધાં મંગલોમાં સર્વ પ્રથમ મંગળ છે. સૌથી મોટું ખરું મંગલ આ છે.

(૯) **પઢમં હવઈ મંગલમ્ :** આ બોલવાથી આપણુ પણ મંગલ થાય છે, કલ્યાણ થાય છે.

[૨] **ૐ નમો ભગવતે વાસુદેવાય :** વાસુદેવ ભગવાન એટલે નરમાંથી જે નારાયણ થાય તેમને નમસ્કાર કરું છું.

[૩] **ૐ નમઃ શિવાય :** આ દુનિયામા જે કલ્યાણ સ્વરૂપ થયેલા હોય અને જે જીવતા હોય, જેનો અહંકાર જતો રહેલો હોય એ બધા શિવ કહેવાય. શિવ તો પોતે કલ્યાણ સ્વરૂપ જ છે અને બીજાને કલ્યાણનો માર્ગ બતાવે છે એમને નમસ્કાર કરું છું.

પ્ર : ૧૦ નવકાર મંત્રના કેટલા અક્ષર છે ? કેટલી માત્રા છે ? કેટલા સ્વર છે ? કેટલા વ્યંજન છે ?

ઉ : ૧૦

પદ	અક્ષર	માત્રા	સ્વર	વ્યંજન
નમો અરિહંતાણં	૭	૧૧	૭	૬
નમો સિદ્ધાણં	૫	૮	૫	૫
નમો આયરિયાણં	૭	૧૧	૭	૫
નમો ઉવજ્ઝાયાણં	૭	૧૨	૭	૬
નમો લોએ સવ્વસાહૂણં	૯	૧૬	૯	૮
એસો પંચ નમુક્કારો	૮	—	—	—
સવ્વ પાવપ્પણાસણો	૮	—	—	—
મંગલાણં ચ સવ્વેસિં	૮	—	—	—
પઢમં હવઈ મંગલમ્	૯	—	—	—
	૬૮	૫૮	૩૫	૩૦

નવકાર મંત્રમાં ૬૮ અક્ષર છે ૫૮ માત્રા છે ૩૫ સ્વર છે અને ૩૦ વ્યંજન છે.

પ્ર : ૧૧ ૐ માં પંચ પરમેષ્ઠીનો સમાવેશ કેવી રીતે થાય છે તે બતાવો ?

ઉ : ૧૧ અરિહંત નો 'અ', સિદ્ધ (અશરીરી) નો 'અ', આચાર્યનો 'આ' એ ત્રણેનો મળીને ''આ'' થયો. ઉપાધ્યાયનો ''ઊ'' અને મુનિનો 'મ' એ રીતે આ+ઊ+મ=ૐ.

પ્ર : ૧૨ નવકાર મંત્રના પ્રભાવથી કોને વિદ્યા સિદ્ધ થઈ હતી ?

ઉ : ૧૨ નવકાર મંત્રના પ્રભાવથી ''અંજનચોર'' ને વિદ્યા સિદ્ધ થઈ હતી.

પ્ર : ૧૩ નવકાર મંત્રના પ્રભાવથી ક્યો તિર્યંચ દેવ થયો છે ?

ઉ : ૧૩ કૂતરો (જીવંધર શેઠ દ્વારા).

પ્ર : ૧૪ નવકાર મંત્રનું અપમાન કરવાથી કોણ નરકમા ગયા છે ?

ઉ : ૧૪ સુભૂમ ચક્રવર્તિ નરકમાં ગયા છે.

પ્ર : ૧૫ નવકાર મંત્ર વિશે વિગતવાર જણાવો ?

ઉ : ૧૫ નવકાર મંત્ર ચૌદ પૂર્વનો સાર છે. નવકાર મંત્ર એ મંત્રાધિરાજ છે. નવકાર મંત્ર શાશ્વત છે. નવકાર મંત્ર આ દુનિયાની તમામ મંગલ (શુભ) વસ્તુઓમાં સૌ પ્રથમ મંગલ છે. નવકાર મંત્ર એ ભાવ મંગલ ગણાય છે. નવકાર મંત્ર અડસઠ તીર્થના સારભૂત છે. નવકાર મંત્રમાં પાપ નાશ કરવાની અદભૂત તાકાત છે. પાપક્ષય માટે તો નવકાર મંત્ર એટમબોમ્બ સમાન છે. નવકાર મંત્રમાં કુલ અડસઠ (૬૮) અક્ષરો છે અને નવપદો છે. નવકારમંત્રની આઠ સંપદાઓ છે. નવકારમંત્ર માં સાત જોડાક્ષરો આવેલા છે. નવકારમંત્ર માં ચાર પદોની ચુલિકા છે. નવકારની ચુલિકામાં તેત્રીસ (૩૩) અક્ષર છે. નવકારના પહેલા પાંચ પદો ને પંચતીર્થી તરીકે કહ્યાં છે. નવકારમાં જણાવેલ પંચ પરમેષ્ઠીઓનાં ગુણોનો સરવાળો એકસો આઠ (૧૦૮) થાય છે. નવકાર મંત્રનો એક અક્ષર ઉપયોગ પૂર્વક બોલવાથી સાત સાગરોપમની નરકની અશાતાના પાપ ધોવાય છે અને એકસો આઠ વખત નવકાર મંત્ર ગણવાથી ચોપ્પનહજાર (૫૪૦૦૦) સાગરોપમની નરકની અશાતાના પાપ ધોવાય છે. નવકારના પ્રભાવથી સુદર્શન શેઠની શૂળીનુ આસન સિંહાસનમા રૂપાંતર પામ્યુ હતુ. નવકારના પ્રભાવથી સમડી મરીને રાજકુમારી થયેલી તેમજ અમરકુમારે ગણેલા નવકારના પ્રભાવે અગ્નિકુંડ સિંહાસનમાં પલટાઈ ગયો હતો. શ્રીમતીએ ગણેલા નવકારના પ્રભાવે સર્પ ફૂલની માળા બન્યો હતો. નવકારમંત્રના પ્રભાવે સર્પ ધરણેન્દ્ર નામનો દેવ બન્યો. શુદ્ધ ઉપયોગ પૂર્વક એકજ વખત નવકારમંત્ર બોલવાથી પાચસો (૫૦૦) સાગરોપમના નરકની અશાતાના પાપો ધોવાય છે. એક લાખ વાર નવકારમંત્રને વિધિપૂર્વક જે ગણે છે, તે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે તેમ માનવામાં આવે છે. દરરોજ ઉઠતા આઠ અને સુતા સાત નવકાર ગણવાના હોય છે. જઘન્યથી સાડાબાર હજાર નવકાર જપ કરવો જોઈએ અને ઉત્કૃષ્ટથી નવ લાખ નવકારનો જપ કરવો જોઈએ. આ જપ યોગ્ય આશન ઉપર ઉત્તરાભિમૂખ બેસી સૂતર કે સુખડ ની માળા દ્વારા કરવો જોઈએ. નવકાર સૂત્રનું બીજુ નામ પંચમંગલ મહાશ્રુત સ્કંધ છે. નવકાર મંત્રનો મહિમા વર્ણવવા માટે ખરેખર કોઈ સમર્થ નથી એમ કહીએ તો તે અતિશયોક્તિ નહી ગણાય.

પ્ર : ૧૬ મૂર્તિ કોને કહેવાય ?

ઉ : ૧૬ આંખે દેખાય તેવી મૂર્ત વસ્તુને માનવું તેનું નામ મૂર્તિ. તમે જેની સામે ઊભા રહીને પગે લાગો છો તે મૂર્તિ જ છે. મૂર્તિ એટલે ચિત્ત એકાગ્ર કરવાનું સાધન છે.

પ્ર : ૧૭ મૂર્તિ શું સૂચવે છે ?

ઉ : ૧૭ મારા જેવું પરમાત્મ તત્ત્વ જેમાં રહેલુ છે તેને તું ઓળખ, જેનામા જ્ઞાન પ્રગટ થયું છે તેને તુ ભજ.

પ્ર : ૧૮ મૂર્તિનાં દર્શન શેના માટે છે ?

ઉ : ૧૮ આ બધી મૂર્તિઓના દર્શન તો પૂંઠીયું મજબૂત કરવા માટે છે. મૂર્તિની પૂજાથી કષાયો ઓછા થાય. મૂર્તિની સ્તુતિ ભક્તિ કરવાથી મન ક્રૂણું થાય.

પ્ર : ૧૯ મૂર્તિના દર્શનની ક્યાં સુધી આવશ્યકતા છે ?

ઉ : ૧૯ જ્યાં સુધી અર્મૂતનાં દર્શન ન થાય ત્યાં સુધી મૂર્તિનાં દર્શન કરવાં જોઈએ. અર્મૂતના દર્શન ન થાય ત્યાં સુધી મૂર્તિપૂજાનું અવલંબન રાખવાનું. મૂર્તિપૂજા એ તો હિન્દુસ્તાનનું મોટામાં મોટું વિજ્ઞાન છે. મૂર્તિ એ પરોક્ષ ભક્તિ છે એટલે જેટલા ભાવથી અને સંપૂર્ણ પદ્ધતિસર ભક્તિ કરો તો કોઈ દહાડો પ્રત્યક્ષ મળશે.

પ્ર : ૨૦ વીતરાગ ભગવાનની મૂર્તિ શું સૂચવે છે ?

ઉ : ૨૦ મૂર્તિ સૂચવે છે કે "જગત એની મેળે ચાલી રહ્યું છે કશું કરવા જેવું નથી. અને એથી ચલાવવાનું ઈગોઈઝમ છોડી દીધું છે અમને જગત શું છે તે સમજાઈ ગયું છે." વીતરાગ ભગવાનની મૂર્તિ શું કહે છે કે જો તારે મોક્ષે જવું હોય તો આ ભવ પૂરતુ હાથ-પગ વાળીને બેસી રહેજો. એટલે કે મશીનરી બંધ કરીને બેસી રહેજે તોયે તારું બધું ચાલે એવું છે.

પ્ર : ૨૧ મૂર્તિપૂજા એટલે શું તે વિશે આપ કંઈક કહો ?

ઉ : ૨૧ મૂર્તિપૂજા એ હિન્દુસ્તાનનું ઊંચામાં ઊંચુ સાયન્સ છે. એ પગથિયા તરીકે (**STEPPIENG STON**) લીધા સિવાય માણસ પ્રગતિ માંડી શકે નહીં. એટલે એ અમુક (**STANDARD**) ધોરણ છે. મૂર્તિપૂજાથી સંસારમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય અને ભૌતિક સુખો પ્રાપ્ત થાય. મનની વ્યગ્રતાઓ, ચિત્તની વ્યગ્રતાઓ બધી ઓછી થઈ જાય. અને ધીમે ધીમે આગળ વધે. એ મૂર્તિના અવલંબનથી આપણને વિચાર આવે છે કે ભગવાન આવા હશે કે કેવા હશે ? પછી આપણને અમૂર્તના વિચાર આવે. મૂર્ત જોઈને અર્મૂતના વિચાર આવે, નહીં તો અમૂર્ત

સમજાય જ નહીં ને? બીજું એ કે કોઈ માણસ એમ કહે કે મૂર્તિની જરૂર નથી તો તેને કહું કે આ મૂર્તિ ના હોય ને તો આ લોકો એટલા તો મોહવાળા છે કે અહીંથી બે માઈલ સુધી શહેરમાં ચાલે પણ તેને ભગવાન યાદ ના આવે. પોતાની દુકાન જ યાદ આવ્યા કરતી હોય, ઘર યાદ આવ્યા કરતું હોય અને વચ્ચે દેરાસર દેખે કે તરત ભગવાન યાદ આવે એટલે આપણે ઠેરઠેર દેરાસર બાંધ્યાં છે. મૂર્તિની તો બહુ જરૂર છે, પણ મૂર્તિ મોક્ષ ના આપે. ભૌતિક સુખો આપે અને ધીમે ધીમે મોક્ષ તરફ લઈ જાય. પછી આગળ આપણને બીજાં સાધનો મેળવી આપે.

જ્યાં સુધી અર્મૂતનાં દર્શન ના થાય ત્યાં સુધી મૂર્તિની હિન્દુસ્તાનમાં જરૂર છે. અર્મૂતનાં દર્શન થાય ત્યારે મૂર્તિ છોડી દેજો. આપણું સ્ટેશન આવે ત્યાં સુધી ગાડીમાં બેસવાની જરૂર છે, ભીડ હોય તોય સ્ટેશન ના આવે ત્યાં સુધી બેસી રહેજો અને સ્ટેશન આવે એટલે ઊતરી પડજો પણ ત્યાં અટકીને કાયમ બેસી રહેવાનું નથી. આ એકડો છે પણ મીંડા વગરનો એકડો છે તે પછી મીંડા હશે તો કામ લાગશે. મીંડા જોડાશે તો કિંમત વધશે.

પ્ર : ૨૨ મૂર્તિ ધર્મ શું છે ? અમૂર્ત ધર્મ શું છે ?

ઉ : ૨૨ મૂર્તિ ધર્મ એ તો ભારતનું સાયન્સ છે. અમુક સ્ટાન્ડર્ટ સુધીના લોકો માટેનું ધર્મનું અવલંબન છે. વધુમાં સ્થૂળ ક્રિયા કરતી વખતે તમારું ધ્યાન ક્યાં વર્તે છે તે નોંધમાં લેવાય છે. ભગવાનની પાસે ક્રિયા જોવામાં આવતી નથી. ધ્યાન શેમાં વર્તે છે. તે જોવામાં આવે છે. મૂર્તિની ભજના ક્યાં સુધી કરવાની કે જ્યાં સુધી અમૂર્ત ધર્મને-આત્મ ધર્મને અર્થાત્ આત્મજ્ઞાનને પામ્યા ન હોય. આત્મા જાણ્યો નથી ત્યાં સુધી ચિત્તની એકાગ્રતા કરવા માટે જે સાધન જોઈએ તે ભગવાનની મૂર્તિ છે.

પ્ર : ૨૩ મૂર્તિ પાછળ શું વિજ્ઞાન છુપાયેલું છે ?

ઉ : ૨૩ મૂર્તિને જોવાથી ભગવાન યાદ આવે અને પોતાના શરીરની અંદર ભગવાન છે તેનું ભાન થાય. દરેકનાં દ્રષ્ટિબિન્દુ જુદાં જુદાં હોવાથી જુદી જુદી મૂર્તિઓ છે. મૂર્તિમાં શ્રદ્ધા રાખવાથી તમારી અંદરના ભગવાનને પહોંચે છે. આ મૂર્તિઓની ભક્તિ કરે છે તે મૂર્તિઓ સ્વીકારતી નથી તે ઈનડિરેકટ થઈને તમારા જ આત્માને પહોંચે છે. મૂર્તિની પૂજા હંમેશા કષાયો ઓછા કરે. આંખથી દેખાય કે પાંચ ઈન્દ્રિયથી જે જે અનુભવમાં આવે તે બધી જ મૂર્તિ, પુસ્તક એ પણ મૂર્તિ છે. મૂર્તિની ભક્તિ, સ્તુતિ કરવાથી મન ફૂણું થાય છે.

પ્ર : ૨૪ મૂર્તિમાં પ્રાણ - પ્રતિષ્ઠા કોણ કરી શકે ?

ઉ : ૨૪ મૂર્તિમાં પ્રાણ - પ્રતિષ્ઠા એક જ્ઞાનીપુરુષ જ કરી શકે કારણ કે તેઓ અનંત બ્રહ્માંડના સર્વ ૐ પરમેષ્ઠિ ભગવંતો જોડે, સર્વ દેવ-દેવીઓ સાથે સર્વ જીવો સાથે ડાયરેકટ આત્માએ કરીને જોડાયેલા હોય છે. પ્રતિષ્ઠા તો આત્મજ્ઞાની એવા જ્ઞાની પુરુષ કરે તો જ તે ફળ આપે. જેને આ જગતમાં કોઈ ચીજની જરૂર નથી અને જેમને આ જગતમાં કોઈ જાતની ભીખ નથી તે નિર્વાસનિક કહેવાય એવા જ્ઞાનીપુરુષ જ પ્રાણ પ્રતિષ્ઠા કરી શકે.

પ્ર : ૨૫ પ્રાણ પ્રતિષ્ઠા કરવાનો કોનો અધિકાર ?

ઉ : ૨૫ જેના કલુષિત ભાવ સંપૂર્ણ નીકળી ગયા છે એટલું જ નહીં પણ એના નિમિત્તે કોઈનેય કલુષિત ભાવ ના થાય, એ તો પંચ પરમેષ્ઠીમાં ગણાય એને પ્રાણ પ્રતિષ્ઠા કરવાનો અધિકાર છે.

પ્ર : ૨૬ જિનમુદ્રા શું કહે છે ?

ઉ : ૨૬ વીતરાગોની પદ્માસન વાળેલી હાથ-પગ આમ એક પર એક મૂકી દીધેલી મુદ્રા ઉપદેશ આપે છે કે હે મનુષ્યો જો સમજણ હોય તો સમજી જાવ. તમારું ખાવા-પીવાનું જરૂરિયાતની હરેક ચીજ તમે લઈને જ આવેલા છો માટે હું કર્તા છું એ ભાન છોડી દેજો અને મોક્ષનો પ્રયત્ન કરજો.

પ્ર : ૨૭ મૂર્તિને આંગી શા માટે કરે છે ?

ઉ : ૨૭ મૂર્તિને કપડા પહેરાવે છે કે આંગી કરે છે તે પણ ચિત્ત ઠરે એટલા માટે કરે છે અને આંગીને લીધે નિદિધ્યાસન ઉત્પન્ન થાય છે માટે આંગી કરવામાં આવે છે.

પ્ર : ૨૮ દાદાનું જ્ઞાન મળ્યા પછી કોના જેવા થઈ જવાનું છે ?

ઉ : ૨૮ આ દાદાનું જ્ઞાન મળ્યા પછી મૂર્તિ જેવા જ થઈ જવાનું છે. મૂર્તિ શું કહે છે કે તમે અમારા જેવા જ થઈ જાઓ.

પ્ર : ૨૯ સ્થાનકવાસી કોને કહેવાય ?

ઉ : ૨૯ જેને મૂર્તિ અહીં કપાળમાં બે ભ્રમરની વચ્ચે જ્યાં આજ્ઞાચક્ર છે ત્યાં ધારણ થયેલી હોય. માનસિક ધારણા થઈ ગયેલી હોય તે સ્થાનકવાસી કહેવાય.

પ્ર : ૩૦ સહસ્ત્રકૂટ એટલે શું ? તે કેવી રીતે રચાય છે ?

ઉ : ૩૦ શ્રી સિધ્ધાચલજી (શત્રુંજય) મહાતીર્થ તથા અન્ય કેટલાંય તીર્થોમાં સહસ્ત્રકૂટની રચના કરવામાં આવે છે. આ ચોરસ રચનામાં ચારે બાજુ મળીને કુલ ૧૦૨૪ જિન પ્રતિમાઓ હોય છે.

આ ૧,૦૨૪ જિન પ્રતિમાઓ નીચે પ્રમાણે હોય છે.

કયા તીર્થંકર ભગવંતોની	જિન પ્રતિમા
(૧) પાંચ ભરતક્ષેત્રમાં અને પાંચ ઐરાવત ક્ષેત્રમાં એમ કુલ દસ ક્ષેત્રમાં અતીત ચોવીસી, વર્તમાન ચોવીસી અને અનાગત ચોવીસીના મળીને કુલ ૭૨૦ તીર્થંકરો.	૭૨૦
(૨) અવસર્પિણીના ચોથા આરામાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાળે શ્રી અજિતનાથ ભગવાનના વખતમાં વિચરેલા ૧૬૦ તીર્થંકરો	૧૬૦
(૩) વર્તમાનકાળમાં પાંચમા આરામાં પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા ૨૦ તીર્થંકરો.	૨૦
(૪) વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકરોના પ્રત્યેકના પાંચ કલ્યાણકની મૂર્તિ એમ કુલ ૧૨૦ કલ્યાણકની ૧૨૦ પ્રતિમા [ઉપર ગણાયેલી ૭૨૦ પ્રતિમાઓમાં આ ૨૪ તીર્થંકરોની પ્રતિમા આવી જાય છે પણ તે પ્રતિમા સિદ્ધાવસ્થાની ગણવામાં આવે છે.]	૧૨૦
(૫) ચાર શાશ્વત તીર્થંકર ભગવંતો જેવા કે ઋષભાનન સ્વામિ, ચન્દ્રાનન સ્વામિ, વારિષેણ સ્વામિ, વર્ધમાન સ્વામિની પ્રતિમા.	૪
	૧,૦૨૪

પ્ર : ૩૧ મોહ એટલે શું ? મોહ કોને કહેવાય ?

ઉ : ૩૧ બીન જરૂરિયાતવાળી ચીજને લાવે અને જરૂરિયાતવાળી ચીજની કસર વેઠે એનું નામ મોહ કહેવાય. માર ખાય અને ભૂલી જાય, પાછો માર ખાય અને ભૂલી જાય એનું નામ મોહ કહેવાય. પોતાનું અહિત કરવું તેનું નામ મોહ. આપણને મૂર્છિત કરે, બેભાન કરે એ મોહ કહેવાય. મોહ એટલે બેભાનપણું. બેભાનપણું એટલે પોતે કોણ છે તે નહીં જાણવું તે. જે છે તે દેખાતું નથી અને જે નથી તે દેખાય છે એનું નામ જ મોહ. સાંસારિક હિતાહિતનું ભાન જતું રહે તે મોહ. મોહ એટલે નવું નવું ઉત્પન્ન થાય અને નવું ને નવું જ દેખાય અને તેમાં તન્મયાકાર રહે તે મોહ. મોહ એટલે સમયે સમયે આત્માને મૂઝવે તે મોહ. આત્મા તરફ ગતિ ન થવા દે તે મોહ. સજીવ-નિર્જીવ પદાર્થમાં મારા-તારાપણાનું ચિંતવન કર્યા કરે તે મોહ. અતત્વ શ્રદ્ધાન રૂપ મિથ્યાત્વ તે મોહ. આત્મ રમણતા સિવાય જે જે કંઈ પણ કરવામાં આવે છે તેને ભગવાને મોહ કહ્યો છે.

પોતાનું સ્વરૂપ ભૂલી બીજામાં ગુલતાન રહેવું એનું નામ મોહ. પોતે પોતાનું જ અહિત કરવું તેનું નામ મોહ. મોહ એટલે પોતાના નિજ સુખને ઢાંકે તે. જે ટકાઉ ના હોય અને અસરવાળો હોય તે મોહ. નાશંવત ચીજવસ્તુઓમાં સુખ ખોળવું એનું નામ મોહ. ઉપાધિ વેચાતી લાવવી એનું નામ મોહ. દુકાનમાં સાડી લટકાવી હોય અને તે સાડીમાં ચિત ચોંટે તે મોહ કહેવાય.

પ્ર : ૩૨ મૂર્છા એટલે શું ?

ઉ : ૩૨ મૂર્છા એટલે ભાન ભૂલવું. નાશવંત (વિનાશી) વસ્તુઓ માટે ભાન ભૂલી જવું એનુ નામ મૂર્છા.

પ્ર : ૩૩ મોહનું મૂળિયુ શું છે ?

ઉ : ૩૩ આકર્ષણ એ મોહનું મૂળિયું છે. આકર્ષણ એ પ્રગટ અગ્નિ છે ત્યાં ચેતવું જોઈએ.

પ્ર : ૩૪ મોહ કેટલા પ્રકારના છે ?

ઉ : ૩૪ પચાસ પ્રકારના મોહ છે તે જાય તો જ ઉકેલ આવે.

(૨૫ ચાર્જ મોહ અને ૨૫ ડિસ્ચાર્જ મોહ)

પ્ર : ૩૫ પચ્ચીસ પ્રકારના મોહ કઈ રીતે ?

ઉ : ૩૫ ક્રોધ, માન, માયા, લોભના સોળ પ્રકારનાં, દરેકના ચાર ચાર પ્રકારનાં અને નવ નોકષાય હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રી વેદ, પુરૂષ વેદ, નપુંસક વેદ એમ કુલ પચ્ચીસ પ્રકારના મોહ ગણાય.

પ્ર : ૩૬ મોહના મુખ્ય બે પ્રકાર કયા કયા ?

ઉ : ૩૬ (૧) **દર્શન મોહ** - જે ચાર્જ થયા જ કરે છે એ દર્શન મોહ.

(૨) **ચારિત્ર મોહ** - જે ડિસ્ચાર્જ થયા કરે છે એ ચારિત્ર મોહ.

પાણી છે એ દર્શન મોહ છે અને બરફ એ ચારિત્ર મોહ છે. (અગિયારમાં ગુંઠાણામાં પણ દર્શન મોહ રહે છે.)

દર્શન મોહના ત્રણ ભાગ પડે છે :-

અ મિથ્યાત્વ મોહ અથવા મિથ્યાત્વ મોહનીય.

બ મિશ્ર મોહ અથવા મિશ્ર મોહનીય.

ક સમ્યક્ત્વ મોહ અથવા સમ્યક્ત્વ મોહનીય.

પ્ર : ૩૭ મોહ કેમ થાય છે ?

ઉ : ૩૭ આરપાર દેખાતું નથી એટલે મોહ થાય છે. જુવાનીમાં લોહીની ગરમીને લીધે મોહ રહ્યા કરે.

પ્ર : ૩૮ મોહી કોણ વધારે હોય ?

ઉ : ૩૮ વિચારશીલ તે વધારે મોહી હોય. વાણીયા બહું વિચારશીલ હોય.

પ્ર : ૩૯ મોહ કોને વધારે હોય ? રૂપાળી ચામડીવાળીને કે કાળી ચામડી વાળાને ?

ઉ : ૩૯ રૂપાળી ચામડીવાળાને મોહ વધારે હોય. જેની રૂપાળી ચામડી હોય તો જાણવું કે લોકોના હાથે એ વધારે ભોગવાઈ જશે. મોહ વધારે હોય તેથી જ એ આકર્ષક માલ થાય. ગોરાગબ જેવા હોય તે મોહી વધારે હોય તેથી જ એ વધારે ભોગવાઈ જાય. ચામડી ગોરી કે રૂપાળી હોય એ રૂપ ના કહેવાય એ તો એક જાતનો બજારૂ માલ કહેવાય. જેની લે-વેચ થયા જ કરે.

પ્ર : ૪૦ દર્શન મોહ કોને કહેવાય એ વિગતવાર સમજાવો ?

ઉ : ૪૦ સંસારની દરેક ક્રિયામાં રુચિભાવ તે દર્શન મોહ છે. દર્શન મોહ રુચિ ઉપર આધાર રાખે છે. અર્થાત્ ક્યાં રુચિ છે તેના ઉપર આધાર રાખે છે. મોહ ચાર્જ થયાં કરે તે દર્શન મોહ છે. દર્શન મોહને લીધે જેમ છે તેમ દર્શનમાં આવતું નથી. દર્શન મોહ એટલે જેમ છે તેનાથી ઊંધું દેખાવું તે. જ્યાં સુખ છે ત્યાં ખોળતો નથી અને જ્યાં સુખ નામેય નથી, સુખનો જેમાં સ્વભાવ નથી, તેવી નાશવંત ચીજોમાં સુખ ખોળે છે તે દર્શન મોહ. આત્મા સબંધી કંઈ પણ સૂઝ ના પડે તે દર્શનમોહ.

પ્ર : ૪૧ ચારિત્ર મોહ કોને કહેવાય ?

ઉ : ૪૧ મન, વચન, કાયાના, યોગનું મૂર્છિત પ્રવર્તન એ ચારિત્ર મોહ. હું કરું છું અને મારું છે એવું પ્રવર્તન તે ચારિત્ર મોહ. હુ સામાયિક કરુ છું એવું જે ભાન છે તે ચારિત્ર મોહ. સામાયિક, પ્રતિક્રમણ કે સંસારની હરેક ક્રિયામાં કર્તાભાવ તે ચારિત્ર મોહ. ચારિત્ર મોહ એટલે પરિણમી ગયેલો મોહ. જે ફળ આપવા સન્મુખ થયેલો હોય તે ચારિત્ર મોહ. ડિસ્ચાર્જ થયા કરે એ ચારિત્ર મોહ. સ્વરૂપ જ્ઞાન થાય પછી દર્શન મોહ ખલાસ થઈ જાય છે એટલે જે બાકી રહ્યો તે ચારિત્ર મોહ છે એને ડિસ્ચાર્જ મોહ કહેવામાં આવે છે. ચારિત્ર મોહ એટલે અશુદ્ધ થયેલા પરમાણુઓને શુદ્ધિકરણ કરવાનું. ડિસ્ચાર્જ મોહને તીર્થંકરોએ ચારીત્ર મોહ કહ્યો છે.

પ્ર : ૪૨ મિથ્યાત્વ મોહ કોને કહેવાય ?

ઉ : ૪૨ સંસારની વિનાશી ચીજો ઉપર રુચિ તે મિથ્યાત્વ મોહ. જે મારું કે મારા નથી તેને જ મારું કે મારા માનવાં તે જ મિથ્યાત્વ મોહ.

પ્ર : ૪૩ મિશ્ર મોહ કોને કહેવાય ?

ઉ : ૪૩ આત્મા જાણવાની અને સાથે સંસારની વિનાશી ચીજોની રુચિ તે મિશ્ર મોહ. આ સત્ય છે અને તેય સત્ય છે એમ વર્તાય તે મિશ્ર મોહ. ઉપાશ્રયમાં જાય તો નરી મોક્ષની ઈચ્છા અને પાછો ઘેર આવે તો સંસારની ઈચ્છા. આ જ મિશ્ર મોહ કહેવાય.

પ્ર : ૪૪ સમ્યક્ મોહ કોને કહેવાય ?

ઉ : ૪૪ આત્મા જાણવાની ઉત્કંઠા થાય અને આજ સત્ય છે એમ વર્તાય તે સમ્યક મોહ. જ્ઞાન અને જ્ઞાનીની ઉપરનો મોહ તે છેલ્લો મોહ છે તેને સમ્યક મોહ કહેવાય. આત્મા શું હશે ? આત્મા કેવો હશે ? એ જ કેવળ જાણવાની ઈચ્છા તે સમ્યક્ મોહ કહેવાય. આત્મા જાણવાની એકલી જ ઈચ્છા રહે તે સમ્યક્ મોહ કહેવાય. આત્મા જાણવાનો મોહ, આત્મા આવો હશે કે તેવો હશે તે સમ્યક્ મોહ કહેવાય. શ્રી આનંદ ઘનજી મહારાજ સમ્યક્ મોહનીય સુધી પહોંચેલા.

પ્ર : ૪૫ પ્રશસ્ત મોહ કોને કહેવાય ?

ઉ : ૪૫ તીર્થંકર ભગવાન અને જ્ઞાની પુરુષના સત્સંગનો મોહ છે તે પ્રશસ્ત મોહ અને પ્રશસ્ત મોહથી મોક્ષ થાય. વીતરાગો ઉપર મોહ, જેનાથી વીતરાગતા આવે એવી બધી વસ્તુ પર મોહ એનું નામ પ્રશસ્ત મોહ. પછી એ મોહ મૂર્તિ ઉપર કેમ ના હોય પણ એ વીતરાગતા લાવનારી વસ્તુ છે માટે એ પ્રશસ્ત મોહ કહેવાય. જ્ઞાની પુરુષ ઉપર મોહ હોય તે પણ પ્રશસ્ત મોહ કહેવાય. પ્રશસ્ત મોહ ચાર્જ સ્વરૂપે હોય. આખા જગતના મોહને કાપનારો, તમામ પ્રકારના મોહનો સર્વનાશ કરનારો મોહ એ પ્રશસ્ત મોહ છે. આ પ્રશસ્ત મોહ પુણ્યાનુબંધી પુણ્યે બાંધે એટલે ફરી જેનો મોહ કર્યો હતો તે જ ભેગા થાય. જે મોક્ષે લઈ જનારા હોય તેની ઉપર મોહ થઈ જાય તેને પ્રશસ્ત મોહ કહ્યો છે.

પ્ર : ૪૬ "દેખત ભૂલી ટળે તો સર્વ દુઃખોનો ક્ષય થાય" એમ શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે તેનો અર્થ શો ?

ઉ : ૪૬ દેખત ભૂલી એટલે દર્શન મોહ. આ દર્શન મોહ જાય એટલે બધું ગયું, તમામ દુઃખોનો ક્ષય થાય. પચ્ચીસ પ્રકારના ચાર્જબલ મોહ બધા જાય ત્યારે કામ થાય.

પ્ર : ૪૭ મોહના રસને ભગવાન કેવો કહે છે ?

ઉ : ૪૭ મોહના રસને વીતરાગ ભગવાને તીખા - મદીરાપાન જેવો કહેલ છે.

પ્ર : ૪૮ સ્થૂલ મોહ, સૂક્ષ્મ મોહ, સૂક્ષ્મતર મોહ અને સૂક્ષ્મતમ મોહ સમજાવો ?

ઉ : ૪૮ આ ફોરેનવાળાનો બધાનો મોહ તે સ્થૂલ મોહ કહેવાય. જે લોક પુનર્જન્મ

સમજતા નથી અને બધુંય વિચાર્યા કર્યા વગર જ મોહ ઉત્પન્ન થાય, દેખતા જ મોહ ઉત્પન્ન થાય એ બધો સ્થૂલ મોહ કહેવાય. વિચાર્યા વગરનો મોહ તે સ્થૂલ મોહ. હિન્દુસ્તાનના લોકોને સૂક્ષ્મ મોહ હોય. મજૂરોને સૂક્ષ્મ મોહ હોય.

હવે જે ઊંચી જાતના હોય અને જેને મનમાં ઈચ્છા થાય કે છૂટાય તો સારુ અને જેને મોક્ષે જવાની ઈચ્છા છે તેને સૂક્ષ્મતર મોહ કહેવાય.

મોક્ષે જવું જ છે તોય મોહ ઉત્પન્ન થાય છે તે સૂક્ષ્મતમ મોહ કહેવાય.

પ્ર : ૪૯ દર્શન મોહ અને ચારિત્ર મોહ શેનાથી જાય ?

ઉ : ૪૯ દર્શન મોહ જ્ઞાની પુરુષના જ્ઞાનથી જાય. દર્શન મોહ ગયો એટલે ચારિત્ર મોહ રહ્યો અને ચારિત્ર મોહ જ્ઞાની પુરુષની આજ્ઞાથી જાય. એટલે અમે સ્વરુપનું જ્ઞાન અને આજ્ઞા બેઉ આપીએ છીએ, તે ઠેઠ મોક્ષે પહોંચાડી દે એવું અમારું છે આ બધું અને અહીં જ મોક્ષ અનુભવમાં આવી જાય. ચારિત્ર મોહથી હંવે બીજ પડતું નથી કારણ કે બીજ શેકાઈ જાય છે. જ્યા સુધી આત્મજ્ઞાન ચારિત્રમાં ના આવે ત્યાં સુધી બધું ચારિત્ર મોહ છે. ચારિત્ર મોહમાં ડખો કરે તો ચાર્જ થઈ જાય. કેવળજ્ઞાન થતાં પહેલાં તીર્થંકરોના જે ચારિત્ર એ બધાય ચારિત્ર મોહ ગણાય છે.

પ્ર : ૫૦ માયા એટલે શું ?

ઉ : ૫૦ નિજસ્વરૂપની અજ્ઞાનતા એનું નામ માયા. માયા-એટલે પોતાના સ્વરૂપની અજ્ઞાનતા. મૂળ સ્વરૂપે ના દેખાતા અન્ય સ્વરૂપે દેખાય એનું નામ માયા. માયા એટલે વસ્તુઓના તત્ત્વોની અજ્ઞાનતા. ખરી રીતે માયા એટલે રૉંગ બિલિફ. હું કોણ છું એ ના જાણવું અને ભટકાયા કરવું એનું નામ માયા. પોતે પોતાને જાણતો નથી એ જ માયા. અહંકાર એ જ માયા છે.

માયા એટલે પોતે જે છે તેને તે રીતે ના જાણવું અને બીજી રીતે જાણવું તે. જ્યાં જે વસ્તુ નથી ત્યાં તે વસ્તુને કલ્પવામાં આવે તેનું નામ માયા. માયા એટલે જે વસ્તુ જેવા સ્વરૂપે છે તેવી ના દેખાય પણ જુદા જ સ્વરૂપે દેખાય તે. મૂળ સ્વરૂપે ના દેખાતાં અન્ય સ્વરૂપે દેખાય તેનું નામ માયા. અજ્ઞાન એ જ માયા. પોતાના નિજ સ્વરૂપનું અજ્ઞાન તે માયા. પોતાનું સ્વરૂપ કેવું છે, કેવું નથી એ બધાનું જ્ઞાન નહીં તે જ માયા. માયા એટલે ઘોર અજ્ઞાનતા. માયા એટલે Self Ignorance. પોતાની જાતનું બેભાનપણુ એ જ માયા. માયા એટલે શું કે વસ્તુને યથાર્થ રૂપે નહિ સમજવું એનું નામ માયા. આ માયા જ યથાર્થ રૂપે જેમ છે તેમ સમજવા દેતી નથી માટે એને માયા કહેવાય. વગર કામનું ભડકાવે તેનું નામ માયા. માયા એટલે હકીકત સ્વરૂપને ભુલાવે તે.

પ્ર : ૫૧ માયા શું છે ?

ઉ : ૫૧ માયા તે ભગવાનનું રીલેટીવ સ્વરૂપ છે. વસ્તુ કે આંખો માયા નથી પણ ઈન્દ્રિયોનુ ખેંચાણ છે તે માયા છે. અજ્ઞાનીની દૃષ્ટિએ જગતની બધી જ વસ્તુ માયા છે. ભ્રાંતિ એ જ માયા છે.

પ્ર : ૫૨ માયા કોની દીકરી છે ?

ઉ : ૫૨ માયા એ બુધ્ધિ ની દીકરી છે.

પ્ર : ૫૩ કબીરે માયા માટે શું લખ્યું છે ?

ઉ : ૫૩ 'માયા માંથે શિંગડા, લંબા નવ નવ હાથ
આગે મારે શિંગડા, ને પીછે મારે લાત.'

માયાના સાડા તેર-તેર ફૂટ લાંબા શિંગડા, તે આગળ શિંગડા મારે અને પાછળ લાતો મારે.

પ્ર : ૫૪ માયા શું કહે છે ?

ઉ : ૫૪ માયા કહે છે મારા છ પુત્રો છે. ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ એ મારા છ છોકરા અને હું સાતમી અમને કોઈ નિર્વંશ કરી શકયા નથી. હા એક ફક્ત જ્ઞાની પુરૂષ એકલા જ અમને નિર્વંશ કરી શકે બાકી કોઈ અમને નિર્વંશ કરી શકે નહીં. તું ગમે એટલા મારા ક્રોધને મારીશ, તુ લોભને મારીશ, તુ કામને મારીશ પણ જ્યાં સુધી મારો માન નામનો છોકરો જીવતો છે ત્યાં સુધી બધા જીવંત થઈ જશે; સજીવ થઈ જશે.

પ્ર : ૫૫ માયામાંથી મુક્તિ (છૂટકારો) ક્યારે મળે ?

ઉ : ૫૫ માયાનો સૌથી મોટો છોકરો જે માન (અહંકાર) છે, તેને જ્ઞાની પુરુષ જડમૂળથી ઉખાડી નાંખીને મારી નાંખે એટલે પછી બીજા પાંચેય છોકરા અને માયા ડોશી બધાય ધીમે ધીમે મરી જાય એટલે માયાથી છૂટકારો થાય.

પ્ર : ૫૬ જીવને અધોગતિ તરફ કોણ લઈ જાય છે ?

ઉ : ૫૬ આગ્રહ અને માયા જીવને અધોગતિ તરફ લઈ જાય છે.

પ્ર : ૫૭ મોટામાં મોટી માયા કઈ ?

ઉ : ૫૭ લક્ષ્મી અને સ્ત્રી આ બે મોટામાં મોટી માયા. એ માયા છે ત્યાં ભગવાન ના હોય અને ભગવાન હોય ત્યાં માયા ના હોય. લક્ષ્મીની હાજરી છે ત્યાં ધર્મ એટલો કાંચો. જ્યા પૈસાની લેવડદેવડ છે ત્યાં ભગવાન નથી અને ધર્મેય નથી.

પ્ર : ૫૮ શાસ્ત્રોમાં માયાની શું વ્યાખ્યા કરી છે ?

ઉ : ૫૮ મોહનીય કર્મના ઉદયથી મન, વચન, કાયાની કુટિલતાથી બીજાની સાથે કરેલ ઠગાઈ અને કપટરૂપ આત્માના પરિણામને માયા કહેવાય છે.

પ્ર : ૫૯ મમતા વિશે સમજ આપો ? મમતાની બાઉન્ડ્રી શું ?

ઉ : ૫૯ મમતા તો એનું નામ કહેવાય કે જેમાં જીવ ભરાઈ જાય, જેમ આપણે કહીએ કે આ મારું એટલે મહીં જીવ ભરાયો. લાલચને આધારે મમતા ઊભી થાય છે. લાલચ હોય ત્યાં મમતા રહે જ અવશ્ય. જ્યા આગળ કંઈક મમતા છે ત્યાં કંઈ પણ કલ્યાણ ના થાય. દરેક વસ્તુ બાઉન્ડરીથી શોભે તેમ મમતાને પણ બાઉન્ડરી હોવી જોઈએ.

મમતાની બાઉન્ડરી એટલે શું કે તમે જીવતા હો ત્યાં સુધી તમારું જ રહે અને ત્યાર પછી તમારું રહે નહીં. એટલે આપણા ગયા પછી જેનું અસ્તિત્વ રહે નહીં એટલી મમતા આપણી એટલે કે જે મમતા કરેલી વસ્તુ આપણી જોડે આવે એટલી જ મમતા કરવાની. આ શરીર પૂરતી જ અને એ મમતા પૂરેપુરી રાખવાની બાકી મમતાનો વિસ્તાર કરવો એ મિનિગલેસ છે.

પ્ર : ૬૦ મમતા શું છે ?

ઉ : ૬૦ મમતા એ અહંકારની દાસી છે. મમતા એ રાગ છે. લોભ અને કપટ એ બંનેનું ભેગું મિશ્રણ એ મમતા છે. મમતા એટલે કશું ખોવાઈ ગયું હોય તો ત્યાં છોકરું મરી ગયું હોય તેમ લાગ્યા કરે. કોઈ માણસની જણસ (દાગીનો) ખોવાઈ ગયી હોય ને તો છોકરું મરી ગયું હોય એવુ લાગ્યા કરે એનુ નામ મમતા. મમતા એ બિલીફ છે. યાદ રહ્યા કરે મહીં ગોટાળા થાય એ મમતા કહેવાય છે.

પ્ર : ૬૧ મમતા છૂટી ગઈ તેની નિશાની શું ?

ઉ : ૬૧ નિરંતર આનંદ રહે. રાગ-દ્વેષ ના થાય કોઈની ઉપર કિંચિત માત્ર પણ રાગ-દ્વેષ ના થાય. કોઈ ધોલ મારે તો પણ રાગ-દ્વેષ ના થાય તો જાણવું કે આ મમતા છૂટી ગઈ. કર્તાપણું છૂટે એટલે મમતા છૂટી ગઈ.

પ્ર : ૬૨ મમતાને પાશવતા સાથે સંબંધ ખરો ?

ઉ : ૬૨ હા, જેમની જેટલી મમતા એટલી પાશવતા. જેટલી મમતા જાડી એટલી વધારે પાશવતા અને જેટલી ઓછી મમતા, પાતળી મમતા એટલી ઓછી પાશવતા.

પ્ર : ૬૩ મૌન કોને કહેવાય ? મૌન તપોબળ કહે છે તે કયા અર્થમાં ?

ઉ : ૬૩ આત્માર્થે જે જે બોલે છે તે બધું જ મૌન જ ગણાય. ખરેખર મૌન કોને કહેવાય કે જે સંસારી કે સંસાર સબંધી વાત જ નથી કરતા માત્ર આત્મા-પરમાત્મા સબંધી જ વાત કરે છે; એને ભગવાને મૌન કહ્યું છે. વાણી બોલવી તો ફક્ત આત્મા સબંધી બોલવી તે મૌન છે. મૌન કોને કહેવાય કે જેમાં કષાય ના હોય. હાસ્ય, રતી, અરતી, શોક, ભય, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ એ બધુ

ના હોય. મહીં સૂક્ષ્મવાણી પણ ના હોય. મૌનમાં બધી જ ચંચળતા બંધ કરી દે. લખીને કહેવાનું, ઈશારો કરવાનું, સંજ્ઞા કે સંકેત કરવાનું આ બધું જ ના હોય ત્યારે એ સાચું મૌન કહેવાય. અર્થાત્ કોઈ પણ જાતનો ચેન-ચાળો નહીં, લખે નહીં એનું નામ મૌન કહેવાય. મન, વચન, કાયાની ચપળતા ના હોવી જોઈએ. સહેજ પણ ચંચળ પરિણામ જ્યાં સુધી હોય ત્યાં સુધી મૌન ના કહેવાય. મૌનથી માનસિક બળ વધે છે. મૌન તપોબળ એટલે માણસ અમુક જગ્યાએ મૌન ના રહી શકે ત્યાં જો મૌન રહે તો એ મૌન તપોબળમાં જાય. નોકરે પ્યાલો ફોડ્યો ત્યાં મૌન રહે તો તે તપમાં જાય એટલે મૌન જેવી કડકાઈ આ જગતમાં કોઈ નથી. મોટામાં મોટું તપ તે મૌન. બાપ જોડે ઝઘડો થાય ત્યાં મૌન પકડે તો તપ થાય. તે તપમાં બધું ઓગળે અને એમાંથી સાયન્સ ઊભું થાય.

પ્ર : ૬૪ મૌન ક્યારે આવે ?

ઉ : ૬૪ વાણીની વ્યર્થતા સમજાય ત્યારે મૌન આવે.

પ્ર : ૬૫ જ્ઞાનનુ પરિણામ મૌન આવે ને ?

ઉ : ૬૫ હા, મૌન જ આવે. અહંકાર ગયો કે મૌન થયું. શ્રીમદ રાજચંદ્રે પણ કહ્યું છે કે આત્મજ્ઞાન ત્યાં મુનિપણું. મુનિપણું એટલે અંદરથી બોલવાનું બંધ થયું અને બહારથી રહ્યું તે.

પ્ર : ૬૬ મૌનથી વ્યવહારિક શું લાભ થાય ?

ઉ : ૬૬ વાણી દ્વારા ભયંકર શકિતઓ વેડફાય છે માટે મૌન રહેવાથી માનસિક શાંતિ અને બળ મળે. મૌન રહેવાથી અક્કલ હીણા માણસો તે પણ શાણા કહેવાય છે. મૌનથી ગજબનું મનોબળ વધે છે. જ્યારે મૌન થશો ત્યારે જગત સમજ્યા એમ ગણી શકાય. જેટલું મૌન પકડશો એટલી બુદ્ધિ બંધ થશે. આત્મ શક્તિનું લિકેજ એ વાણી છે તેથી જ્યારે મૌન થવાય છે ત્યારે આત્માની એટલી શક્તિ ઓછી વેડફાય છે, જે માટામાં મોટો લાભ છે.

ૐ

પંદરમું પ્રકરણ
યજ્ઞ

પ્ર : ૧ યજ્ઞ કોને કહેવાય ? હોમ કોને કહેવાય ?

ઉ : ૧ સમભાવે ફાઈલોનો નિકાલ થયા કરે તે યજ્ઞ કહેવાય અને કડવી - મીઠી અસર હોમાયા કરે તે હોમ કહેવાય.

પ્ર : ૨ ક્રિયાંકાંડ શું છે ? તે શાના માટે છે ?

ઉ : ૨ જ્યારે જ્ઞાની ના હોય, મોક્ષ માર્ગનો નેતા ના હોય ત્યારે લપસી ના પડાય તેના માટે ક્રિયાંકાંડ જોઈએ. એ શુભ ક્રિયા છે. ક્રિયાંકાંડ એ ખોટી વસ્તુ નથી. પરંતુ ક્રિયાંકાંડ ક્યાં સુધી ટકે કે જ્યાં સુધી મન, વચન, કાયાની એકાત્મવૃત્તિ રહે ત્યાં સુધી. એકાત્મવૃત્તિ તૂટી એટલે ક્રિયા કામ લાગશે નહીં. ક્રિયાંકાંડ એ જ્ઞાન કાંડનું પરિણામ છે. એ તો તું લઈને જ આવેલો છે માટે જ્ઞાનકાંડ કરવાનું છે આમ છતાં જેને દેવગતિમાં જવું હોય, ભૌતિક સુખો જોઈતાં હોય તેના માટે ક્રિયાંકાંડ બરોબર છે.

પ્ર : ૩ પરમાર્થ યજ્ઞ એટલે શું ?

ઉ : ૩ સમતા ભાવે ફાઈલોનો નિકાલ એ જ પરમાર્થ યજ્ઞ.

પ્ર : ૪ મહાયજ્ઞ કોને કહેવાય ?

ઉ : ૪ મમતા છોડીને આહુતિ આપવી તે મહાયજ્ઞ છે.

પ્ર : ૫ ભાવયજ્ઞ એટલે શું ?

ઉ : ૫ ઈન્દ્રિયોને પશુરૂપ કરીને અને તપરૂપી વેદિ કરીને અહિંસારૂપી આહુતિ આપવી એ સનાતન ભાવયજ્ઞ કહેલો છે.

પ્ર : ૬ મુનિ હોમ શું છે ?

ઉ : ૬ અહંકાર અને મૂર્છાનો ત્યાગ રૂપ તપ એ અગ્નિ છે. જીવ અગ્નિનું સ્થાન છે કારણ કે તપ રૂપી અગ્નિ તેને આશ્રયે રહે છે. મન, વચન, કાયાના યોગ એ સરવો (હોમવાનુ પાત્ર) છે. તેના વડે થતા શુભ વ્યાપાર તે ઘી ને સ્થાને છે. ઈન્દ્રીયો એ અગ્નિ પ્રજવલીત કરવા માટેની ભૂંગળી છે. કર્મો સમિધ(કાષ્ટ) ને સ્થાને છે અને સંયમ તથા યોગ એ શાંતિ ક્રિયા છે, એવી રીતે મુનિઓને હોમ કરવાની વિધિ છે.

પ્ર : ૭ આધ્યાત્મિક યજ્ઞ કોને કહેવાય ?

ઉ : ૭ જ્ઞાનાગ્નિમાં ફાઈલોનો નિકાલ હોમતા જવો એ આધ્યાત્મિક યજ્ઞ છે. ફાઈલોનો નિકાલ કરવાનો કહ્યો છે તે જ આધ્યાત્મિક યજ્ઞ. આધ્યાત્મિક યજ્ઞ આંખેથી દેખાય નહીં. આ યજ્ઞ પૂરો થશે એટલે મોક્ષ.

તીર્થંકર ભગવાન નેમિનાથ તે કૃષ્ણ (વાસુદેવ) ના કાકાના દિકરા થાય. તે કૃષ્ણ એક વખત નેમિનાથ પાસે ગયા અને કહે છે કે ભગવાન તમે અધ્યાત્મ યજ્ઞ કરો છો તે અમોને અધ્યાત્મ યજ્ઞ આપોને. ત્યારે નેમિનાથ ભગવાને કહ્યુ કે તમારા હાથે હજી મહાભારત રચાવાનું છે અને તેનાં ફળ તમારે ભોગવવાનાં છે તે મહાભારતનો યજ્ઞ પૂરો કર્યા પછી અધિભૂત યજ્ઞ એટલે કે ઘી, દ્રવ્ય, હવીષ્યાન્ન વગેરેનો યજ્ઞ કર્યા પછી આત્મજ્ઞાની દ્વારા અધ્યાત્મ યજ્ઞ પ્રાપ્ત થશે.

પ્ર : ૮ આ પૃથ્વી ઉપર યજ્ઞમાં પશુ હોમ ક્યારથી શરૂ થયા ?

ઉ : ૮ મુનિસુવ્રત સ્વામિના સમયમાં શ્રી ક્ષીરકદંબ નામના ગુરુના પુત્ર પર્વત થકી યાજ્ઞિક બ્રાહ્મણોએ હિંસાત્મક યજ્ઞ પ્રવર્તાવ્યા છે.

પ્ર : ૯ યજ્ઞમાં શ્રીફળ (નાળીયેળ) હોમવામાં આવે છે તેનુ શું મહત્વ છે ?

ઉ : ૯ શ્રીફળ એ મસ્તકના પ્રતિક રૂપે છે શ્રીફળને છોતરા કાંઢી નાંખવાથી બે આંખો અને મોઢુ દેખાય તેવો આકાર જણાય છે આ અહંકારનુ પ્રતિક છે. કોઈ મનુષ્ય પોતાના મસ્તકને છેદીને હોમતો નથી પરંતુ અહંકારના પ્રતિક રૂપે શ્રીફળને હોમીને અહંકારનો નાશ થાય એવી ભાવના સહિત આ શ્રીફળ હોમવાનો રીવાજ(પરંપરા) અનાદિ કાળથી ચાલી આવેલ છે.

પ્ર : ૧૦ યજ્ઞમા ઉપદ્રવ્ય હોમવાથી જે ધુમાડો ઉત્પન્ન થાય છે તે અંગેનુ રીસર્ચ કયાં કરવામા આવે છે ?

ઉ : ૧૦ હરદ્વારમા આવેલ સપ્ત સરોવરના વીસ્તારમા સ્થાપિત ગાયત્રી પીઠ સંસ્થા દ્વારા વૈજ્ઞાનીક રીસર્ચ કરવામાં આવે છે.

પ્ર : ૧૧ વેદી ક્યારે બને અને કુંડ ક્યારે બને ?

ઉ : ૧૧ યજ્ઞના સ્થળની ઉપર કે જ્યાં હોમ(હવન) કરવાનો છે તે સ્થળની ઉપર જો આકાશ ખુલ્લુ દેખાતુ ન હોય અર્થાત્ યજ્ઞ ઘરની અંદર કરવાનો હોય કે જ્યાં ઉપરતો કોકીંટની સીલીંગ આવેલી છે, તો ત્યાં હંમેશા વેદી બનાવવામાં આવે અને જ્યારે ઉપર આકાશ ખુલ્લુ દેખાતું હોય ત્યાં હંમેશા કુંડ બનાવવામાં આવે.

ૐ

સોળમું પ્રકરણ
રોગ

પ્ર : ૧ રોગ કોને કહેવાય ?

ઉ : ૧ પોતાના સ્વરૂપ સિવાય બીજુ જે કંઈ યાદ રહે છે તેને રોગ કહેવાય .

પ્ર : ૨ મોટામાં મોટો રોગ કયો ?

ઉ : ૨ સંસાર રોગ.

પ્ર : ૩ ખરાબમાં ખરાબ રોગ કયો ?

ઉ : ૩ તિરસ્કાર જેવો એકેય રોગ ખરાબ નથી.

પ્ર : ૪ જગત કયા રોગથી ફસાયેલું છે ?

ઉ : ૪ સ્વચ્છંદ નામના રોગથી જગત ફસાયેલું છે.

પ્ર : ૫ કોણ નિરોગી બની શકે ?

ઉ : ૫ જે સમસ્ત સંસારને ભૂલી જાય છે. તે જ નિરોગી બની શકે છે.

પ્ર : ૬ સોળ પ્રકારના રોગોથી શરીર ઘેરાઈ જાય છે તે કયા કયાં ?

ઉ : ૬ (૧) શ્વાસ (૭) મસા (૧૩) ખુજલી
(૨) ઉધરસ (૮) અજીર્ણ (૧૪) કાનમા ચસકા.
(૩) તાવ (૯) આંખની પીડા (૧૫) દાઢની પીડા
(૪) બળતરા (૧૦) શરીરે સોઝા (૧૬) જલોદર
(૫) પેટનુ શૂળ (૧૧) અન્ન ઉપર અત્યંત અરુચિ
(૬) ભગંદર (૧૨) ખસ.

પ્ર : ૭ કયા રોગો સ્પર્શ માત્રથી બીજામાં સંક્રમણ થાય છે ?

ઉ : ૭ ભગંદર, કુષ્ટ અને ક્ષય એ રોગો સ્પર્શ કરવાથી એક માણસથી બીજા માણસમાં સંક્રમણ થાય છે.

પ્ર : ૮ ભસ્મક નામનો રોગ કોને કહેવાય ?

ઉ : ૮ ઘણુ ખાવા છતાં પણ તૃપ્તિ ન થાય તેવા વ્યાધિવિશેષને ભસ્મક રોગ કહે છે.

પ્ર : ૯ માણસો માંદા શા માટે પડે છે ?

ઉ : ૯ માણસોની માંદગી અંગેનાં મુખ્ય ત્રણ કારણો છે :-

(૧) ખાવા-પીવામાં નોર્માલિટી નહીં રાખવાથી તથા કુદરતના કાયદાનો ભંગ કરવાથી -જેવા કે પેશાબ, ઝાડો જવાનું થાય અને તેને રોકી રાખે.

(૨) સમાજના કાયદાનો ભંગ કરે અને તેને જેલમાં ઘાલી દે ત્યારે ભયંકર વિષાદ ઉત્પન્ન થાય છે તેને લીધે.

(૩) મગજ ડીસ્ટર્બ થઈ જાય કે ઈશ્વરી કોપ થયો હોય તેને લીધે.

પ્ર : ૧૦ રોગ ઉત્પન્ન થવા અંગેનું સાયન્સ શું છે ?

ઉ : ૧૦ આખું સાયન્સ ગળાથી તે પેટ પાસે જ છે. પગથી ઉપર અને માથાથી નીચે વચલા ભાગમા જ બધુ છે. મોટા ભાગના બધા રોગો પેટમાં, પેટની અંદર જ ઉત્પન્ન થાય છે. એટલે જો પેટ સચવાઈ જાય તો માણસની તંદુરસ્તિ ઠેઠ સુધી સારી રહે. પાછળ પીઠમાં ત્રણ મુખ્ય નાડીઓ છે. તેના ઉપર બધો આધાર છે. સુષુમણા, ઈંડા અને પીંગળા તેમાંથી બધી ઈલેકટ્રિસિટી આખા શરીરમાં ફેલાય છે. આંતરડામાં બધી બહુ નસો છે. આ આંતરડામાં બંધકોષ થઈ જાય છે. એટલે પછી પાચનશક્તિ ઘટે છે અને પછી રોગ ઉત્પન્ન થવા માંડે છે. પેટ કઠણ અને શરીર ઠંડુ તેટલો રોગી કહેવાય. પેટ પથરા જેવું કઠણ હોય અને આંગળી અંદર ના જતી હોય તે રોગી જ કહેવાય.

પ્ર : ૧૧ તાવ આવે છે એ બાબતમાં શું સાયન્સ છે ?

ઉ : ૧૧ આ તાવ જ્યારથી પ્રગટ થાય છે ત્યારથી જ જવાની શરૂઆત થાય ત્યારે આપણા લોક કહે છે કે તાવ આવ્યો છે પણ કયે દહાડે તાવ આવે છે તેની લોકોને ખબર જ પડતી નથી. આતો તાવ આવવાની ક્રિયા તો થઈ ગયેલી છે જ્યારથી તમે ખોટુ ખાવા માંડ્યુંને ત્યારથી જ ક્રિયા શરૂ થઈ ગયેલી હવે તાવ નિકળવાની વ્યવસ્થા થઈ છે અને તાવ જાય છે તે ખબર પડે છે. આ તાવ ખરેખર તો જઈ રહ્યો છે. જ્યારથી જવાની શરૂઆત થાય ત્યારથી નિર્જરા થાય છે એટલે ડિસ્ચાર્જ થવાની શરૂઆત થાય ત્યારે આપણા લોકો તેને તાવ આવ્યો કહે છે પછી કહેશે કે ડોક્ટર સાહેબ તાવ બંધ કરી દો. અલ્યા આ તો તાવ નીકળવાની શરૂઆત થઈ ગઈ છે. પણ લોકોને આ વાત સમજાય નહી કારણ કે લોક બધું કર્તા ભાવમાં પડયું છે. એટલે બગડ્યું તે તો કે દહાડાનું બગડતું હતું પણ આ તો હવે સુધરવા માંડયું ત્યારથી ડોક્ટર ભેગા થાય હથિયાર ભેગાં થાય, દવાઓ ભેગી થાય એ સુધરવાની શરૂઆત થઈ ગઈ. આપણા લોકો તો મહીં ગરમી લાગે છે ત્યારે શું કહે છે. મને તાવ ચઢ્યો. ઘરમાં માણસોને કહેશે

કે મારો તાવ થર્મોમિટરથી માપો. પછી માપે ને કહેશે કે તાવ ચઢ્યો છે. ખરેખર તાવની શરૂઆત નથી થઈ તાવ વિનાશ થઈ રહ્યો છે, હવે આ વાત લોકોને ના સમજાય. વિકૃત આહાર શરૂ કર્યોને ત્યારથી આપણેના જાણીએ કે આ તાવનાં કારણો સેવી રહ્યો છે, ત્યારથી જ તાવ ચઢ્યો કહેવાય પછી જે તાવ દેખાય છે ત્યારે તો એ તાવ ઉતરવાનાં કારણો છે. એ તો મહીં તાવ ઊતરે છે. હવે આ તાવ ઉતરતો હોય ત્યારે તેને તાત્કાલિક દાબી દેવાના પ્રયત્નો કરવાથી કેટલીકવાર નુકસાન થાય છે એટલે આપણે ચોવીસ કલાક અડતાળીસ કલાક રાહ જોવી એની મેળે ઊતરીને જતો રહેશે.

પ્ર : ૧૨ આ તાવ આવે છે તે હિતકારી છે કે અહિતકારી ? તેમાં કેવાં પગલાં ક્યારે લેવાં ?

ઉ : ૧૨ તાવ હિતને માટે આવે છે. વાઈટાલિટી પાવર તે તમારા હિતને માટે કેટલી બધી શકિત વાપરીને ગરમી કરીને તાવ ઉત્પન્ન કરે છે ત્યારે આ ડફોળો ડોક્ટર પાસે જઈને કહેશે સાહેબ આ જુઓને તાવ ચઢી ગયો, તે ડોક્ટર સાહેબ તરતને તરત ઈન્જેકશન મારીને તાવ ઉતારી નાખે. તાવ વસ્તુ તો એવી છે કે એની કાંઈક ડિગ્રી ઉપર ગઈ એટલે એને ઠંડુ પાડવું જોઈએ. વિશેષ પરિણામ વધી ગયું હોય તો એમ માનો કે ૧૦૫ ડીગ્રીથી ઉપર જવાં માંડયો તો આપણે પોતા-બોતા મૂકીને ઠંડુ પાડવું જોઈએ, નહીં તો મગજની નસોને નુકસાન કરે છે એટલે આપણે અમુક હેલ્પ આપવી જોઈએ. સામાન્ય તાવ ચઢ્યો અને તરત ડોક્ટર પાસે પહોંચી જવું એ સારી વાત નથી. બે દહાડા સુધી ચઢવા દઈએ તો મહીં ચોખ્ખું થઈ જાય. તાવ આવે ત્યારે અમુક ખોરક જેવા કે તેલ, ઘી અથવા ચીકાસવાળો ખોરાક ના લેવો જોઈએ. વાઈટાલિટી પાવરને હેલ્પ કરવા માટે જાગૃતિ રાખવી જોઈએ. પછી તે વખતે દૂધપાક પૂરી ખાઈએ તો બધુ બગડી જાય.

પ્ર : ૧૩ ડોકટરી વિજ્ઞાનની કરેક્ટનેસ કેટલી ?

ઉ : ૧૩ અમારે ડોક્ટરને જાતે કહેવું પડે છે કે ૧ થી ૫૦ સુધીનો સામાન તમારી પાસે કશો નથી અને તમે ૫૧ થી ૭૦ સુધી જ ગયા છો. અને તે ૨૦ પોઈન્ટ બરાબર કમ્પલિટ છે અને ૭૦ થી આગળ તો તમારી પાસે સામાન હોવાનો જ નથી.

૧ થી ૫૦ એ કોઝીઝ છે તમે કારણોને તો સમઝતા નથી. આ દર્દનું શુ કારણ છે તેનું ભાન જ નથી તમને તમે તો કાર્યને જ નાશ, ખતમ કરો છો. ઉપરથી ડાળાં કાપ કાપ કરો છો એ ડાળા તો ફરીથી ફૂટશે તે કાર્યનો નાશ

કરવાનુંય બરોબર ના આવડ્યું, તેમને ફક્ત આ વાઢકાપનું અમુક અમુક બહુ સરસ જ્ઞાન છે. અમુક અમુક અંદર જોવાનુ બધું. એ આધારે એમને ૫૧ થી ૭૦ સુધીનુ કહું છું બાકી ૭૦ થી આગળ ગયા નથી.

ડોકટરો પુરણને તપાસ નથી કરતા. ગલનને તપાસ કરે છે એ ગલન શું થઈ રહ્યુ છે એને જુએ છે. પેશાબ અને ઝાડા ઉપરથી તે તપાસ કરે છે કે આ કયો રોગ છે. પણ પુરણ શું કર્યું તેની તપાસ કોઈ કરતું નથી જો પુરણની તપાસ કરે તો બહુ જલ્દી કારણો જડે.

આ વૈદ્યો કારણ અને કાર્ય બેઉનો નાશ કરવા જાય છે એટલે જલદી મટે નહીં એટલે વૈદ્ય ઉપર વિશ્વાસ આવે નહીં અને પાછું આ કાળમાં તદ્દન સાચુ વૈદુ જાણનાર ઓછા છે બાકી આર્યુવેદ એ અમોઘ કળા અને ઊંચુ વિજ્ઞાન છે.

પ્ર : ૧૪ દવા અને દર્દ પાછળ કયુ વિજ્ઞાન કામ કરી રહ્યુ છે ?

ઉ : ૧૪ કુદરતનો નિયમ એવો છે કે દર્દ ઊભા થાય છે તે પહેલાં ઔષધિ તૈયાર થાય છે. ઔષધિ ક્યારે ઉગી નીકળે છે કે દર્દ જ્યારે નવા ઉત્પન્ન થવાનાં હોય. પહેલી ઔષધિ અને પછી દર્દ ઉભા થાય છે. આ દવા આપણે મોઢેથી લઈએ છીએ છતાં ક્યાં જશે કે જ્યાં આગળ દુઃખે છે ત્યાં જ જાય. દર્દ દવાને આકર્ષણ કરે છે એવો નિયમ જ છે. અહીંથી દવા નાંખી તે દર્દ ખેચી લે હડહડાટ. માથાનું દર્દ હોય તો દવા ઉપર ચઢી જાય એ ક્યારેય નીચે ના ઉતરી જાય એવો નિયમ છે. ટૂંકમા દર્દ જ દવાને ખેંચે છે એ સિદ્ધાંત છે.

પ્ર : ૧૫ દવા લેતી વખતે શું વિધિ બોલવી જોઈએ ?

ઉ : ૧૫ જ્ઞાની પુરૂષ કહે છે કે "અમે જ્ઞાનીઓ એમ ને એમ દવા ન લઈએ સંપૂર્ણ વિધિ કરીને દવા લઈએ"

(૧) સર્વ ઔષધિઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરુ છું.

(૨) સર્વ ઔષધિઓની વીતરાગતાને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરુ છું.

(૩) સર્વ ઔષધિઓના અધિષ્ઠાયક દેવી-દેવતાઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૪) સર્વ ઔષધિઓના ઈષ્ટ દેવતાઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૫) સર્વ ઔષધિઓના બનાવનારને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૬) સર્વ ઔષધિઓના વેચનારને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૭) સર્વ ઔષધિઓના આપનારને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૮) સર્વ ડોક્ટરોને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.
(૯) સર્વ વૈદ્યોને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.
(૧૦) સર્વ દર્દોને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.
(૧૧) સર્વ દર્દોની વીતરાગતાને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.
(૧૨) સર્વ દર્દોના ઇષ્ટ દેવતાઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.
(૧૩) કાળને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.
(૧૪) સર્વ વિભૂતી સ્વરૂપ ભગવાનને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.
(૧૫) સર્વે દેવી-દેવતાઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.
(૧૬) પરમ વીતરાગ ભગવાનને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

હે દાદા ભગવાન મને યથાર્થ દર્દ ઉપર, યથાર્થ દવા, યથાર્થ કાળે, યથાર્થ પ્રમાણસર લેવાય તેવી પરમ શક્તિ આપો એવી પ્રાર્થના કરું છું.

પ્ર : ૧૬ દવા અને ઇન્જેકશનો એ બેમાંથી શું સારું ?

ઉ : ૧૬ ઇન્જેકશનો બહુ જ ખરાબ છે. દર્દ મટે છે પણ બીજા પરમાણુઓ શરીરમાં ઘુસે છે, જે ભયંકર નુકસાનકર્તા છે. બને ત્યાં સુધી દવા લેવી ના છૂટકે જ ભાગ્યે જ ઇન્જેકશન લેવાં.

પ્ર : ૧૭ દવા કોને કહેવાય ?

ઉ : ૧૭ જે દવા પાંચ કે દસ મિનિટમાં અસર ના કરે તે દવા જ ના કહેવાય. દર્દ દવાને ખેચે છે. બહાર ચોપડવાની દવા બ્લડમાં પેઠા સિવાય દર્દ તે દવાને ખેચે છે.

પ્ર : ૧૮ વાઇટાલિટીનું સ્થાન શરીરમાં ક્યાં છે ?

ઉ : ૧૮ માથું તો વાઇટાલિટીનું સ્થાન છે.

પ્ર : ૧૯ શરીરમાં કઇ ચાર ગ્રંથિઓ સ્વતંત્ર કામ કરે છે ?

ઉ : ૧૯ પિચ્યુરિટી ગ્લેન્ડ જેવી બીજી ત્રણ ગ્રંથિઓ એમ કુલ ચાર ગ્રંથીઓ છે. આ ચારેય ગ્રંથિઓ સૂર્યમાંથી સીધી ડાયરેક્ટ શક્તિઓ મેળવે છે. સૂર્યનારાયણ જેમ આકાશમાં અદ્ધર છે, છૂટા છે તેમ આ ચારેય ગ્રંથીઓ જુદી જુદી છે એક બીજાને કંઇ સાંધો કે તાર નથી, છતાં કામ કરે છે. એટલે આ ચારેય ગ્રંથિઓ સ્વતંત્ર છે. બાકી શરીરનું બધું કામ વાયટાલિટી પાવરને આધારે થાય છે.

પ્ર : ૨૦ વાઇટાલિટી પાવર કેવી રીતે વધે ?

ઉ : ૨૦ " દાદા ભગવાનના અસીમ જય જય કાર હો " ની કીર્તન ભક્તિ મોટે મોટેથી જ્ઞાની પુરુષના મુંખારવિંદનું નિદિધ્યાસન કરતાં કરતાં બોલવાથી અંદર શુદ્ધ

પરમાણુઓ આકર્ષાય છે અને અશુદ્ધ પરમાણુઓ બહાર નીકળે છે તેથી વાઇટાલિટી પાવર વધે છે. આ કીર્તન ભક્તિ એ પોતાના સ્વરૂપની, આત્માની ભક્તિ છે. આત્માની ભક્તિ કરતાં અનંત શક્તિવાળા આત્માને કારણે અંદર અમૃતબિંદુ ટપકે છે અને એને કારણે વાઇટાલીટી પાવર વધે છે.

પ્ર : ૨૧ શરીરમાં ઇલેક્ટ્રિસિટી વધારવા શું કરવું ?

ઉ : ૨૧ પીપળાના પાનમાં ખુબ જ ઇલેક્ટ્રિસિટી હોય છે તેથી તાજા કુંણા પીપળાના વૃક્ષના પાનનો તાજો રસ કાઢી પીવાથી શરીરમાં ઇલેક્ટ્રિસિટી વધે છે.

પ્ર : ૨૨ શરીર મજબૂત બનાવવા શું કરવું ?

ઉ : ૨૨ ગણપતિ ભગવાનને જે ધરો ચઢાવવામાં આવે છે તે ધરોનો રસ પીવાથી શરીર ગણપતિ જેવું મજબૂત બનશે.

પ્ર : ૨૩ બીડી કે સીગારેટ પીવી એ શું છે ?

ઉ : ૨૩ બીડી કે સીગારેટ પીવી એ રોગ છે. જ્ઞાનતંતુની નબળાઇ છે. અસાહજિક લોકોને આ રોગ હોય છે. જે સાહજિક છે તેને આ નબળાઇ નથી. બહુ બીડી પીતો હોય તે બહુ વિકલ્પી હોય. હવે જ્ઞાનતંતુ અંગેની દવા આપવામાં આવે તો જ બીડી કે સીગારેટ બંધ થાય.

પ્ર : ૨૪ માંથાનો પારો શાનાથી થાય છે ?

ઉ : ૨૪ મગફળી ખાવાથી માંથાનો પારો થાય છે.

પ્ર : ૨૫ ટી. બી. કોને થાય છે ?

ઉ : ૨૫ મધપુડો બાળીને નીચે પાડીને તેને નીચોવીને મધ મેળવવા માટે જે અસંખ્ય જીવોની હિંસા કરે છે તેને ટી. બી. થાય છે. સામુદાયિક જીવ મારવાનો વિચાર કર્યો અને માર્યા તેનું ફળ ટી. બી. છે. આ એક જ મુખ્ય કારણ છે. શરીરનો જે ભાગ મરી ગયો તેમાં જંતુ ઉત્પન્ન થાય છે તે ટી. બી.

પ્ર : ૨૬ સનેપાત ક્યારે થાય છે ?

ઉ : ૨૬ વાત, પિત્ત, અને કફ નોર્માલિટી કરતાં વધી જાય તો સનેપાત થાય છે.

પ્ર : ૨૭ શલ્ય એટલે શું ? તેના પ્રકાર કેટલા ?

ઉ : ૨૭ શલ્ય એટલે પર દ્રવ્ય. સ્વમાં આવે તો ખૂંચે તે શલ્ય કહેવાય.

(૧) મિથ્યા શલ્ય — ક્રોધ, માન, માયા, લોભ, કપટ એ મિથ્યા શલ્ય ગણાય છે.

(૨) માયા શલ્ય — આડાઇ, અજ્ઞાનતા અને માયા એ માયા શલ્ય. અજ્ઞાનતા એ જ માયા તે માયા શલ્ય ગણાય.

(૩) નિદાન શલ્ય નિદાન એટલે નિંયાણુ નક્કી કરવું પોતાના જપ-તપ અને પુણ્યના બદલામાં કંઇક માંગવું તે.

આ ત્રણેય શલ્યો પ્રતિષ્ઠિત આત્માના છે હું તેમનાથી રહીત એવો શુદ્ધાત્મા છું .

પ્ર : ૨૮ શીતળા નીકળે એ શું છે ?

ઉ : ૨૮ શીતળા નીકળે છે એ નિરોગી માણસની નિશાની છે. ડોક્ટરો સાચી વાત જાણતા નથી.

પ્ર : ૨૯ માંદગી કોને હોય ?

ઉ : ૨૯ જે પોતાના માટે જીવે છે તેને માંદગી હોય, પરાયા માટે જીવે છે તેને માંદગી હોતી હશે!

પ્ર : ૩૦ હાર્ટફેઇલ અને બ્લડપ્રેસર કેમ થાય છે ?

ઉ : ૩૦ જમતી વખતે ચિત્તની ગેરહાજરી હોય છે, એનાથી હાર્ટફેઇલ અને બ્લડપ્રેસર થાય છે. ભગવાન સૂર્યનારાયણની હાજરીમાં દિવસે સ્ત્રી સાથે વિષય ભોગવવાથી હાર્ટફેઇલ અને હાર્ટએટક આવે છે. હાર્ટએટેક એ ભયંકર કુચારિત્રનું ફળ છે.

પ્ર : ૩૧ સંધિવા કેમ થાય છે ?

ઉ : ૩૧ જગતના લોકોની ટીકા અને નિંદા કરવાથી સંધિવા થાય છે.

પ્ર : ૩૨ હાર્ટએટેક ક્યારથી વધ્યા ?

ઉ : ૩૨ ૧૯૩૯ માં હીટલરે વલોણું વલોવ્યું ત્યારથી એટેકની શરૂઆત થઇ ગયેલી અને ૧૯૪૬ ની સાલથી જ ચાલુ થઇ ગયેલા.

પ્ર : ૩૩ ફેકચર થઇ ગયું એને ભગવાનની ભાષામાં શું કહે છે ?

ઉ : ૩૩ આ હાથ-પગ ભાંગે છે ફેકચર થાય છે તે લોકોની હસી મજાક અને મશ્કરીઓ કરેલી તેનું પરિણામ છે. ભગવાનની ભાષામાં તો સંધાવાની શરૂઆત થઇ, ફેકચર મટવાની શરૂઆતને આપણા લોકો ફેકચર થયું એમ કહે છે. ફેકચર તો જ્યારે પડી ગયા ત્યારે થયું હતુ, આ તો ફેકચર થાય તે મિનિટથી લાંબો ગાળો નહી પણ બીજીજ સેકન્ડથી અંદર સંધાવાની શરૂઆત થઇ જાય છે.

પ્ર : ૩૪ શરદી શું છે ? શરદી એટલે શું ?

ઉ : ૩૪ આ મગજમાં છે તે અહીં આગળ બધું નર્યુ ભરાઇ જાય છે અને પછી તે બહારના કારણો અને સંજોગો મળતા ઓગળવા માંડે છે તે ઓગળે છે ત્યારે શરદી રૂપે બહાર નીકળવા માંડે છે તે નીકળે તો ખરુને એટલે તેનો ઉપાય ના કરવો. નીકળવા દેવુ બે થી ત્રણ દિવસ નીકળવા દેવું પછી વધારે થાય તો જ દવા લેવી એ હિતાવહ છે.

પ્ર : ૩૫ઉધરસ શેનાથી થાય છે ?

ઉ : ૩૫સોપારી ખાવાથી ઉધરસ થાય છે. સોપારી એ ઉધરસ થવા માટેની દવા છે .

પ્ર : ૩૬ મરડો કેમ થાય છે ?

ઉ : ૩૬આ બહાર હોટલમાં ખાય છે તે પછી મરડો થાય છે. હોટલનું ખાવાથી મહી પેટમાં બધો કાચો આમ ભેગો થાય અને એક બાજુ પડી રહે પછી જ્યારે એ પરિપાક થાય ત્યારે મરડો થાય. ચૂંક આવે એ કેટલાય વર્ષો પછી પરિપાક થાય તે બધો પછી મહીં મરડાઇ મરડાઇને બહાર નીકળે ત્યારે આપણે તેને મરડો કહીએ છીએ.

પ્ર : ૩૭પેરાલીસીસ(પક્ષાઘાત) કેમ થાય છે ?

ઉ : ૩૭મનના ફફડાટ ભડકાટને કારણે બધાંજ જ્ઞાનતંતુઓ નબળા પડી જાય છે તે મુખ્ય કારણ છે. વાત,પિત્ત, કફ વધી જાય, અનબેલેન્સ થાય અને વિપરીત ભયને કારણે એવા બીજા ઘણા બધા કારણોને લીધે પેરાલીસીસ થાય.

પ્ર : ૩૮કેન્સરનું સાયન્સ કેવું છે ?

ઉ : ૩૮કેન્સર એ જુદી વસ્તુ છે. કેન્સર એટલે પરમાણું જ ભેગા થાય છે. કેન્સર થવું એ કંઇ એક્સીડન્ટ નથી. કેન્સર એટલે આખી મ્યુનિસિપાલિટીનો કચરો બધો જે અનડાઇજેસ્ટેબલ અને અન સર્વિસેબલ હોય તે બધો એક જગ્યાએ ભેગો થાય છે, પછી જે માલ હોજરી પચાવી શકતી નથી અને જુલાબ લેવાથી પણ જે બહાર નીકળી જતો નથી તેવો કાચો માલ એક જગ્યાએ ભેગો થયા કરે છે અને તે પછી કોમ્પેક્ટ થયા કરે છે અને પછી ગાંઠ થઇ જાય છે. બીડીઓ બહુ પીવે, ચા બહુ પીએ, આઇસ્ક્રીમ બહુ ખાય, દારૂ અફીણ, ગાંજો, તમાકુ ખુબ ખાય એ બધી કેન્સર થવાની નિશાની છે. ટૂંકમાં એક જ જગ્યાએ બધા જ રોગો નો ભરાવો થવો તે કેન્સર છે.

પ્ર : ૩૯અતિસારનો વ્યાધિ ભગવાને કયા પાકથી નીવાર્યો હતો ?

ઉ : ૩૯મંખલી પુત્ર ગોશાળાએ ભગવાન મહાવીર ઉપર તેજો લેશ્યા ફેંકી હતી. તેના કારણે ભગવાનને સંડાસમાં લોહી પડતું હતું. આ વ્યાધિ તેમણે રેવતી શ્રાવિકાના ઘરેથી બીજોરા પાક મંગાવી તે વ્હોરીને રોગનું નિવારણ કરેલ.

પ્ર : ૪૦કયા વાયુ બગડે તો શું નુકસાન થાય છે ?

ઉ : ૪૦(૧) પ્રાણ વાયુ બગડે તો મન બગડે છે.

(૨) ઉદાન વાયુ બગડે તો બુધ્ધિ બગડે.

(૩) અપાન વાયુ બગડે તો અહંકાર બગડે.

(૪) સમાન વાયુ બગડે તો ચિત્ત બગડે.

(૫) વ્યાન વાયુ બગડે તો પ્રતિષ્ઠિત આત્મા ખલાસ થઇ જાય.

વ્યાન વાયુ એ પોતે જ ગરમી છે. અપાન એ પોતે જ શીત(ઠંડો) છે. અપાન મળ છુંટા કરીને કાઢે. સમાનવાયુ મુખ્ય વસ્તુ છે તે ના બગડે ત્યાં સુધી વ્યાન ના બગડે. સમાનવાયુ થી શરીરમાં બ્લડ સરક્યુલેશન થાય. અપાન સારું તેનો સંસાર સારો.

પ્ર : ૪૧ દાંત બગડે તો તેની અસર ક્યાં થાય ?

ઉ : ૪૧ દાંત બગડે તો તેની અસર આંખો ઉપર થાય છે. ફ્રીઝના ઠંડા પાણી, ઠંડા પીણાથી દાંત ઉપર અસર થાય છે.

પ્ર : ૪૨ જ્ઞાનીની ખરી નિશાની શું ?

ઉ : ૪૨ શરીરમાં જેટલો રોગ છે તેટલા જ્ઞાની કાચા કહેવાય. મરણ વખતે જો શરીરમાં રોગ હોય તો તે જ્ઞાની ના કહેવાય. જ્ઞાનીને મરણ વખતે રોગ ના હોય.

પ્ર : ૪૩ વીતરાગી દવા શું કામ કરે છે ?

ઉ : ૪૩ (૧) જૂના રોગને મટાડે.

(૨) આરોગ્યતા ઉત્પન્ન થઇ તેનુ રક્ષણ કરે.

(૩) નવો રોગ ઉત્પન્ન ના થવા દે.

પ્ર : ૪૪ સો વર્ષ સુખેથી જીવવા માટેનું રસાયણ ચૂર્ણ શું ?

ઉ : ૪૪ ગોખરૂ, આંમળા, શતાવરી, અશ્વગંધા, અને ગળો આ પાંચ વસ્તુઓ સરખા ભાગે લઇ તેમનું બારીક ચૂર્ણ બનાવી સવારે નરણા કોઠે પાણી સાથે લેવાથી આરોગ્ય સારું રહે.

પ્ર : ૪૫ માનસિક રોગોમાં આર્યુવેદની કઇ ઔષધિ વધુ કામ લાગે ?

ઉ : ૪૫ (૧) સુર્વણ બ્રાહ્મીવટી (૨) જટામાંસી.

પ્ર : ૪૬ લોહીના કોઇ પણ પ્રકારના દર્દો માટે આર્યુવેદ કઇ ઔષધિ સૂચવે છે ?

ઉ : ૪૬ આર્યુવેદમાં લોહી શુદ્ધિ માટે મજીઠ અગત્યનુ ઔષધ ગણાય છે. મજીઠનો પાવડર કે બજારમાં મળતાં મહામંજીષ્ઠાદી કવાથ લોહીના શુદ્ધિકરણ માટે ઘણા સારા ફળ આપી શકે તેમ છે.

પ્ર : ૪૭ એક શરીરમાં વધુમાં વધુ કેટલા રોગ હોઇ શકે ?

ઉ : ૪૭ એક શરીરમાં રોગોની સંખ્યા ૫,૬૮,૯૯,૫૮૪ બતાવેલ છે અને એક આંગળ શરીરમાં ૯૬ રોગ હોય છે.

ૐ

સત્તરમુ પ્રકરણ
લાલચ

પ્ર : ૧ લાલચ એટલે શું ? તેની ભયાનકતા સમજાવો ?

ઉ : ૧ લાલચ એટલે ભૌતિકમાં આખો દહાડો સુખ ખોળ ખોળ કર્યા કરે. આ ભોગવી લઉ, પેલું ભોગવી લઉં, ફલાણું ભોગવી લઉં એ જ લાલચ. રાગ અને કપટ બેઉ ભેગું થાય એટલે લાલચ ઊભી થાય. લાલચ એ રાગ કષાય છે. લાલચ મન કરાવે પણ મૂળ તો અહંકારનો ગુણ છે. નફ્ફટ થઈનેય ત્રાગું કરીનેય પણ સુખ ભોગવી લેવું એ લાલચ. લાલચ એટલે પોતે પોતાનો આપઘાત કરવો તે. લાલચ એટલે તો મૂર્તિમંત પાશવતા અને લાચારી. લાલચ માણસને માણસમાં જ ના રહેવા દે. લાલચ તો જાનવર જ કહી દો ને એને, મનુષ્ય રૂપે જાનવર જ ફર્યા કરે છે. લાલચ એટલે ખુલ્લુ વિષ. એ ઘણી ઝેરી વસ્તુ છે. લાલચ અજ્ઞાનતાની નિશાની છે. લાલચ તો નર્કે લઈ જાય અને જ્ઞાન પચવા ન દે.

પ્ર : ૨ લાલચુ માણસની મનોવૃત્તિ કેવી હોય ?

ઉ : ૨ સુખ ચાંખવાના આધારે લાલચ ઊભી રહી છે. લાલચુ સંપૂર્ણ બેહોશી અને સુખ ભોગવી લેવાની ખુજલીમાં હડકાયા કૂતરાની જેમ હીઝરા હીઝરા કરે. લોભિયો તો ખાલી પૈસા એકલાની જ ભૂખ હોય જ્યારે લાલચુ તો સર્વભક્ષી, ભાંગ આપી તો ભાંગ, વિષય આવ્યો તો વિષય, ગાંજો આવ્યો તો ગાંજો, ગમે તેવા ગારવ રસમાંથી પણ લાલચુ છાંટો પાણી લીધા વગર છોડે નહીં, મૂળ લાલચ જ કે જે આવે તે ભોગવી લેવું. જ્યાંથી ત્યાંથી સુખ ચાખી લેવું ધ્યેય કે કશુ નહીં, માન અપમાનેય નહીં નફ્ફટ થઈને સુંખ ચાંખવું કોઈ કાયદોય નહીં. કોઈ કાયદો કે બંધારણ લાલચુને ના નડે. અન્યનું પડાવી લેવામાં શરમ પણ ના હોય. લાલચુ સદા બેહોશ હોય તેની આખી જિંદગી જ અપમાન ભરેલી હોય. જ્ઞાનીના કાન કાપી લેવા ફરતો હોય તે લાલચુ. લાલચુ તો કોઈ સ્ત્રી વિષય ના આપે ને તો એને " બા " કહે એવા બેભાન હોય છે. લાલચુ તો શુ કરે પેલી સ્ત્રીને અહીં હાથે પરુ નીકળ્યુ હોય ને તે આ બહુ લાલચે ચઢ્યો હોય અને પેલી કહે કે ચાટી જા તો એ ચાટી જાય, કૂતરાંય જે ચાંટે નહીં એને આ ચાટી જાય એ લાલચુ કહેવાય. લાલચુ તો સબ બંદરકે વેપારી. લાલચની પ્રજનન શક્તિ પ્રકાશવર્ષ

જેટલી છે. લાલચુ એટલો બધો ઝેરી હોય છે કે તે નાના છોકરા છોકરીને અડે તો તે બાળકોના સંસ્કાર બગડી જાય.

લાલચુ એટલે દગાખોર. એની પાસે જ્ઞાનીની કૃપા પણ કશું ના કરી શકે. જ્ઞાનીની કૃપાયે હારી જાય ત્યાં તો લાલચુ આજ્ઞા પાળી જ ના શકે. તે કૃપા શી રીતે ઊતરે. લાલચુ દુનિયામાં કોઈનેય સુખ ના આપે. પોતાની લાલચ ખાતર એ બધાને દુઃખ આપે એટલે બધાનો છેડો આવશે પણ લાલચુનો છેડો નહીં આવે. આ લાલચ રૂપી અહંકાર તૂટતો નથી. એ તો જ્ઞાનીના વાક્યનેય ખઈ જાય, વાટીને ખાઈ જાય. જ્ઞાન આપીએ છીએ ત્યારે આ અહંકાર તૂટતો નથી. આ ભાગ જીવતો રહે છે તેથી પછી આ વેષ થાય છે. જે લાલચ જીવતી રહે છે તેને લીધે જ્ઞાનની અસર થતી નથી. શાસ્ત્રકારોએ કહ્યું છે કે લાલચુ ઉતરતા ઉતરતા નરકગતિમાં જાય. લાલચ છે એટલે ત્યાં આગળ આજ્ઞામાં રહી શકે જ નહીં. લાલચ તો ચિત્ત શુધ્ધ થવા જ ના દે. લાલચ પોતાના નિર્ણયને તોડી નાંખે. લાલચુને આપણું આખુયે જ્ઞાન હાજર રહે છે, પણ ખરે ટાઈમે એ ઉડી જાય છે, અર્થાત્ બુધ્ધિનું જ જ્ઞાન હાજર રહે છે. કુસંગથી લાલચ પેસી જાય છે. કુસંગનો પાસ તો ઝેર કરતાંય અતિ વસમો છે.

પ્ર : ૩ લાલચુને છૂટવા માટે કોઈ ઉપાય ખરો ?

ઉ : ૩ એ તો પોતે લાલચ છોડે તો જ જાય. એતો પોતે પોતાનું બધું બંધ કરી દે, લલચાવનારી ચીજો બધી જ બંધ કરી દે, બાર મહિના સુધી સંપૂર્ણ અપરિચય થઈ જાય તો પછી ભૂલી જવાય વિસારે પડી જાય. જેટલી ચીજ લલચાવનારી હોય એ બધી જ બાજુએ મૂકી દે એને યાદ ના કરે અને યાદ આવે તો પ્રતિક્રમણ કરે તો છુટે. લાલચને અહંકારે કરીને કાઢી નાંખવાની. આ જગતની કોઈપણ વિનાશી ચીજ મને ખપતી નથી એ નિશ્ચય કર્યો કે લાલચ જાય. પોતે આજ્ઞામાં રહેવાનો પ્રયત્ન કરે અને નિરંતર આજ્ઞામાંજ રહેવું તેવુ નક્કી કરે તેમજ આજ્ઞા ભંગ થાય તો પ્રતિક્રમણ કરે ત્યારે દહાડો વળે. લાલચનો અંત પોતે લાવે તો આવે. લાલચને પોતે ઉખાડશે અને ફેકી દેશે તો કંઈ ફેર પડે. બધી ભૂલો કરી હોય એ બધી ભૂલોનું પ્રતિક્રમણ જ્ઞાનીની પાસે કરી લે અને પાછો નિશ્ચય કરીને જ્ઞાનીએ જે બતાવ્યું એ પ્રમાણે ચાલે તો કામ થાય. ફાઈલનો સમભાવે નિકાલ કરવાની એ આજ્ઞા મુખ્ય છે અને ઘરનાં બધાનામાં શુધ્ધાત્મા જોવા જોઈએ. ઘરના બધા જોડે એડજસ્ટ થઈ જાય અને ઘરનાને બધાને સુખ આપે તથા ઘરના દરેક સભ્યને પ્રેમથી જીતી લે તો છેવટે લાલચ જાય.

અઢારમું પ્રકરણ
વ્રત, વીવેક, વ્યસન, વ્યવહાર

પ્ર : ૧ વ્રત કોને કહેવાય ?

ઉ : ૧ ત્યાગ વર્તતો હોય તે યાદ ના આવે તે વ્રત. જેને ત્યાગ વર્તેલો હોય અને પોતે શેનો ત્યાગ કર્યો છે તે યાદેય ના હોય, સહેજે ભૂલી જવાતું હોય તેને ભગવાને વ્રત કહ્યું છે. જેમાં હુંપણું નથી અને હું ત્યાગ કરું છું, એવું ભાન નથી અને સહેજાસહેજે વર્તે છે, એ વ્રત કહેવાય. જે વર્તે તેનું નામ વ્રત. વર્તન એટલે વ્રત. સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, અને બ્રહ્મચર્ય આ પાંચેય મહાવ્રત એની મેળે સહેજાસહેજ રીતે વર્તે તો તેને વીતરાગ ભગવંતોએ વ્રત કહ્યાં છે.

પ્ર : ૨ અસ્તેય મહાવ્રત કોને કહેવાય ?

ઉ : ૨ મન, વચન, કાયાથી ચોરી નથી કરી એને અસ્તેય મહાવ્રત કહેવાય.

પ્ર : ૩ પૌષધ-વ્રત એટલે શું ?

ઉ : ૩ પૌષધ-વ્રત એટલે આત્માને પોષવાનો. ઘરનો બધો વ્યવહાર એક દિવસ માટે બાજુ ઉપર મૂકી દઇ ઉપાશ્રયમાં જઇને સાધુ જેવું જીવન જીવવું તે પૌષધ-વ્રત કહેવાય.

પ્ર : ૪ મહાવ્રત કોને કહેવાય ?

ઉ : ૪ સંસારી ભાવ ઉત્પન્ન ના થાય એનું નામ મહાવ્રત. મન, વચન, કાયાથી કોઇને દુઃખ ના પહોંચે એમાં બધાંય વ્રત આવી ગયાં. સંસાર યાદ જ ના આવે તેને મહાવ્રત કહેવાય. શાસ્ત્રની પરિભાષામાં (૧) સત્ય (૨) અહિંસા (૩) અસ્તેય (૪) અપરિગ્રહ અને (૫) બ્રહ્મચર્ય ચુસ્તપણે કોઇ પણ પ્રકારની છૂટછાટ વગર પાળવાં તેને મહાવ્રત કહે છે.

પ્ર : ૫ બાર વ્રતો શાસ્ત્રમાં કયાં વર્ણવ્યાં છે ?

ઉ : ૫ **પાંચ મહાવ્રત** (૧) સત્ય (૨) અહિંસા (૩) અસ્તેય (૪) અપરિગ્રહ (૫) બ્રહ્મચર્ય.

ત્રણ ગુણવ્રત (૧) દિગ્વ્રત (૨) ભોગોપભોગ પરિણામ (૩) અનર્થ દંડ વિરમણ.

ચાર શિક્ષાવ્રત (૧) સામાયિક (૨) દેશાવકાશિક વ્રત (૩) પૌષધ વ્રત (૪) અતિથિ સંવિભાગ.

દિગ્વ્રત : પ્રવૃત્તિઓ મર્યાદિત ક્ષેત્રમાં રાખવી, મર્યાદા બાંધવી દરેક બાબતમાં.

ભોગોપભોગ : ભોગ અને ઉપભોગની ચીજ વસ્તુઓમાં નિયમિત રહેવું.

અનર્થદંડ વિરમણ : પ્રયોજન વગર પાપાચરણ ન કરવું.

પ્ર : ૬ અનશન શું છે ?

ઉ : ૬ કર્મ રૂપી પર્વતનો ભેદ કરવામાં વજ્ર સમાન વ્રત અનશન ગણાય છે. અનશન એટલે અન્ન જળનો મૃત્યુ પર્યન્ત ત્યાગ કરવો તે.

પ્ર : ૭ અણુવ્રતધારી કોને કહેવાય ?

ઉ : ૭ અણુવ્રતધારી એટલે પોતે શું શું નિયમો લીધા છે તે યાદ જ ના હોય, એક માત્ર ભગવાન જ યાદ તે અણુવ્રતધારી કહેવાય.

પ્ર : ૮ ભગવાન મહાવીરે પાંચમું વ્રત બ્રહ્મચર્ય કેમ મૂક્યું ?

ઉ : ૮ ભગવાન પાર્શ્વનાથના વખતમાં ચાર મહાવ્રત હતાં. જ્યારે ભગવાન મહાવીરે પાંચમું બ્રહ્મચર્ય વ્રત ઉમેર્યું કારણ કે ભગવાન જાણતા હતા કે મારા શિષ્યો વાંકા અને જડ થશે. વાંકા એટલે ઉત્તર ને દક્ષિણ માનશે અને અર્થનું અર્થાન્તંર કરશે તથા જડ એટલે ક્રિયાઓને જ આત્મા માનશે. માટે પાંચમું વ્રત જૂદું બ્રહ્મચર્યનું મૂક્યું કે જેથી જાગ્રત રહે. સિદ્ધાંત છે કે પહેલા અને છેલ્લા તીર્થંકરના વખતમાં પાંચ મહાવ્રત હોય અને બીજાથી ત્રેવીસમા તીર્થંકર સુધી ચાર મહાવ્રત હોય છે.

પ્ર : ૯ વિવેક એટલે શું ?

ઉ : ૯ વિવેક એટલે વિભાવમાંથી સ્વભાવમાં આવવું તે. ડખલ ના થવી જોઈએ પણ થઈ જ ગઈ તો આગળ ડખલનો ડખો પાછો ના થઈ જાય તે જોવું તે વિવેક. એક ડખલ દૂર કરવા જતાં ડખલ કરતાં દોઢો ડખો ઘૂસી જાય, આવું ના થાય એનું નામ વિવેક. સાર-અસારનો વિચાર આવે તે વિવેક. ખાવાના ટાઈમે ખાય, કામના ટાઈમે કામ કરે જ્યાં જ્યાં જે યોગ્ય છે ત્યાં ત્યાં તે પ્રમાણે વર્તે તેને વિવેક કહેવાય. શરીર અને આત્માની ભિન્નતાનું જે વિવેચન કરવું તેને વિવેક કહેવાય.

પ્ર : ૧૦ સદ્વિવેક એટલે શું ?

ઉ : ૧૦ સદ્વિવેક એટલે સાર અને અસાર તથા આ મને હિતકારી છે કે અહિતકારી છે એવી સમજણ તે સદ્વિવેક. જમતી વખતેય પોતે જાણતો હોય કે મારી

વાયડી પ્રકૃતિ છે એટલે આ બટાકાનું શાક છે તે થોડું ખાઈશું અને બીજું રહેવા દઈશું એમ ખાવામાં, પીવામાં, દરેક બાબતમાં સદ્વિવેક હોય. પરિણામદર્શિ બુદ્ધિ એનું નામ સદ્વિવેક. દરેક કાર્યનું પરિણામ શું આવશે તેનો વિચાર કરીને કાર્ય કરવું તે સદ્વિવેક.

પ્ર : ૧૧ વ્યસન એટલે શું ?

ઉ : ૧૧ આ દેહને જેના વગર ચાલે તે દરેક બીન જરૂરી વસ્તુઓને વ્યસન કહે છે. જેના વગર ચાલે તેવું નથી તેને અસન કહે છે. ચા, બીડી, પાન, તમાકું, વગેરે જેના વિના ચાલે છે માટે તેને વ્યસન કહે છે. વ્યસન એટલે પ્રતિબદ્ધતા. વ્યસન એટલે કોઈ પણ વસ્તુમાં એક્સેસ થઈ મઝા માંણવી તે. વ્યસન એટલે કોઈ જગ્યાએ અમુક ડીસાઈડેડ પોલિસી કરી મઝા માણવી તે. શોખ કરવો હોય તે વ્યસન નહીં પણ શોખીન થયો તે વ્યસન. માની તે માનની સાચવણીના વ્યસનમાં પડેલો હોય, ગાયક તે ગાયનની, ટ્રીકબાજ તે ટ્રીકમાં પડેલો હોય તે બધાં જ વ્યસનો છે. આ કૃપાળુદેવનાં પુસ્તકો વાંચે છે તે પણ વ્યસન જ કહેવાય. ઈન્ટોકશીકેશન વ્યસનો તો ઊતરી જાય પણ આ શાસ્ત્રના વ્યસનો તો ઊતરે જ નહી. અસન કરતાં વધારે ખવાય તે વ્યસન છે.

પ્ર : ૧૨ વ્યસન કોને કહેવાય છે ?

ઉ : ૧૨ બિન જરૂરી અસન એ બધું વ્યસન કહેવાય. વ્યસન એટલે ગમે ત્યાં ઝલાઈ પડવું. જે જ્ઞાનને ફીટ ન થવા દે તે વ્યસન. વ્યસન એટલે રંગ લાગવો, કશામાં કોઈ વસ્તુમાં રંગ લાગવો એનું નામ વ્યસન.

પ્ર : ૧૩ વ્યસન કેવું છે ?

ઉ : ૧૩ પ્રથમ માણસ વ્યસનને વળગે છે ત્યાર પછી વ્યસન તેને વળગે છે. પોતાના છૂટવાના બધા પ્રયાસ નિષ્ફળ જાય છે છેવટે હારી જઈ થાકી જઈ લાચારી ભોગવી પાયમાલ થઈ જાય છે.

પ્ર : ૧૪ વ્યસનથી મુક્ત કેવી રીતે થવું ?

ઉ : ૧૪ વ્યસનથી મુક્ત થવા વ્યસન એ ખોટી ચીજ છે એવી આપણને પ્રતીતિ થવી જોઈએ. એ પ્રતીતિ ખસવી ના જોઈએ, આપણો નિશ્ચય ન ખસવો જોઈએ. દાખલા તરીકે સીગારેટથી છૂટવું હોય તો પ્રથમ સીગારેટ પીવી એ ખોટું છે તે સતત સમજીને જાગૃતિ રાખવી પડે પછી જ્યારે જ્યારે પીવાય ત્યારે ખુબ પસ્તાવા સાથે માફી માંગવી પડે અને ફરી નથી પીવી

એવો દૃઢ નિશ્ચય કરવો પડે અને છેવટે મુખ્ય વસ્તુ તો ક્યારેય પણ કોઇ પણ વિપરીત સંજોગોના દબાણમાં પણ તે સીગારેટ પીવાનું ઉપરાણું ન લેવું જોઇએ કે એમાં શું વાંધો છે, આમાં શું ખોટું છે. જેણે અંદરથી પોતાના કરાર છોડવા માંડ્યા છે તો કોક દહાડો સીગારેટ પછી ખરી પડશે કાયમની અને કોઇ આપણને પૂછે તો કહેવું કે સીગારેટ પીવી એ મારી મોટામાં મોટી નબળાઇ છે, એ મારી નિર્બળતા છે, આમ પોતાની નિર્બળતા જાહેરમાં ખુલ્લી કરવાથી તથા તેનું ઉપરાણું ક્યારેય ન લેવાથી તે વ્યસન ધીમે ધીમે છુટી જશે.

પ્ર : ૧૫ સાત વ્યસનો કયાં કયાં ?

ઉ : ૧૫ (૧) જુગાર રમવો (૨) માંસ ભક્ષણ (૩) દારૂ પીવો (૪) વેશ્યા ગમન (૫) શિકાર કરવો (૬) ચોરી કરવી (૭) પરસ્ત્રી ગમન.

પ્ર : ૧૬ દારૂ પીવાથી શું નુકશાન થાય છે ?

ઉ : ૧૬ મહીં જાગૃત્તિ ઉપર આવરણ આવી જાય છે અને પછી કાયમ માટે એ આવરણ ખસતું નથી. આપણા મનમાં એમ લાગે કે આવરણ ખસી ગયું, પરંતું તે ખસતું નથી અને આ આવરણ વધતાં વધતાં છેવટે માણસ જડ જેવો થઇ જાય છે. દારૂ અને માંસાહારનાં જે સુખ ભોગવે છે એ સુખ ચૂક્તે કરતી વખતે જાનવરમાં જવું પડે છે.

પ્ર : ૧૭ વ્યવહાર એટલે શું ? તેમાં શું જાગૃત્તિ રાખવાની છે ?

ઉ : ૧૭ વ્યવહાર એટલે તને અને મને અનુકૂળ આવ્યું એનું નામ વ્યવહાર. વ્યવહાર એટલે સામાને સંતોષ આપવો તે. વ્યવહાર એટલે લૌકિક. વ્યવહાર એટલે ઉપલક (સુપર ફલુયસ). વ્યવહાર એટલે લેવડ દેવડ. સામાને બાધક ના થાય, સામાને આનંદ થાય અને આપણને પણ આનંદ થાય એનું નામ વ્યવહાર. બંનેને સામ-સામી સંતોષ થાય તેનું નામ વ્યવહાર. જે જીવોનું કંઇપણ નામ પડ્યું છે એ બધા વ્યવહારમાં આવેલા જીવો કહેવાય. વ્યવહાર રાશીમાં જેટલા જીવો છે, એમાંથી એક જીવ ઓછો થતો નથી કે એક જીવ વધતો નથી. વ્યવહારમાં દરેક ચીજ નિયમથી જ છે. વ્યવહાર એટલે ભ્રાંતિ. As and when applicable તેનું નામ જ વ્યવહાર. જ્યાં અને જ્યારે જરૂર પડે તેમ વર્તવું તે વ્યવહાર. ક્રોધ, માન, માયા, લોભ વગરના વ્યવહારને વ્યવહાર કહ્યો છે. કોઇનેય દુઃખદાયી ના થઇ પડે અને કષાય રહિત થાય તેને વ્યવહાર

કહ્યો છે. વ્યવહાર એટલે ક્યારે કઇ મિનિટે પડી જશે એ કહેવાય નહીં. કોઇ પોતાનું થાય નહીં, પોતાના આત્મા સિવાય કોઇ પોતાનું થાય નહીં એટલે અહીં તો આપણે આપણું કરી લેવાની જરૂર છે. ''સબ સબકી સંભાલો મૈં મેરી ફોડતા હું'' એવું રાખવા જેવું છે, કોઇ પોતાનું થાય જ નહી એવો આ સંસાર આખો દગોજ છે. વ્યવહાર એ પરાધીન છે, વ્યવહાર નિકાલી બાબત છે માટે વ્યવહારને પકડી રાખવા જેવો નથી, એનો ઝટપટ નિકાલ કરી નાંખવો.

પ્ર : ૧૮ વ્યવહાર કોને કહેવાય ?

ઉ : ૧૮ નવ હોય તેને નવથી ભાગવાનું શેષ ના વધે તે વ્યવહાર. વ્યવહાર તો એનું નામ કહેવાય કે એડજસ્ટ થઇએ તે. આપીને લો અગર તો લઇને આપો એનું નામ વ્યવહાર. વ્યવહાર એવો બદલો છે કે આપણે આપીને લેવાનું છે એટલે પાછો આપવા આવે તે ઘડીયે જો પોસાતું હોય તો આપો. આ બધુ તમારું જ પ્રોજેક્શન છે આપણે વાવમાં જઇને બોલીએ કે તું બદમાશ છે તો વાવ પણ પડઘો પાછો આપશે કે તુ બદમાશ છે અને તમે રાજા છો એમ બોલશો તો સામો પડઘો તમે રાજા છો એવો જ આવશે. વ્યવહાર એટલે બંનેની વાત શૂન્યતાને લાવે તે. જન્મથી મરતા સુધીનાને વ્યવહાર કહેવાય. દેહનાં ધર્મ, મનનાં ધર્મ અને વાણીનાં ધર્મને વ્યવહાર કહેવાય છે. નિશ્ચય પ્રાપ્ત થયા પછી જે બાકી રહે તે વ્યવહાર કહેવાય છે, તે પછી નિકાલ કરવાનો રહે છે, એજ વ્યવહાર કહેવાય. જે માણસને જેટલો વ્યવહાર સ્પર્શે નહીં એ વ્યવહારને વ્યવહાર કહેવાય. વ્યવહાર સ્પર્શે નહીં એટલે શું કે લોકોને લાગે કે આમણે કર્યું અને આપણે જાણીએ કે કરનાર કોણ છે તે.

પ્ર : ૧૯ વ્યવહાર કેટલા પ્રકારનો કહ્યો છે ?

ઉ : ૧૯ મોક્ષાભિલાષી જીવોની પ્રવૃત્તિ અને નિવૃત્તિઓને તથા પ્રકૃત્તિ નિવૃત્તિના જ્ઞાનને વ્યવહાર કહે છે. આ વ્યવહાર પાંચ પ્રકારે કહ્યો છે.

(૧) **આગમ વ્યવહાર :** આગમ જ્ઞાન દ્વારા ચલાવેલી પ્રવૃત્તિ-નિવૃત્તિને આગમ વ્યવહાર કહે છે.

(૨) **શ્રુત વ્યવહાર :** આ ચાર કલ્પ આદિ શ્રુત જ્ઞાન કહેવાય છે. શ્રુતજ્ઞાન દ્વારા ચલાવેલી પ્રવૃત્તિ-નિવૃત્તિને શ્રુત વ્યવહાર કહે છે.

(૩) **આજ્ઞા વ્યવહાર :** જ્ઞાની અને ગીતાર્થ ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવું એ આજ્ઞા વ્યવહાર ગણાય છે.

(૪) **ધારણા વ્યવહાર :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કરીને ગીતાર્થ સાધુએ જે અપરાધમાં જે પ્રાયશ્ચિત કહ્યું છે તેની ધારણાથી તેવા અપરાધમાં તેવા પ્રકારનું પ્રાયશ્ચિત લેવું તે ધારણા વ્યવહાર કહેવાય છે. ગુરુ જે પ્રાયશ્ચિત પદ શીખવાડે છે તેને ધારણ કરવું (યાદ રાખી લેવું) તે ધારણા વ્યવહાર કહેવાય છે.

(૫) **જીત વ્યવહાર :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવની અપેક્ષાએ શારીરિક બળ, ધૈર્ય આદિની હાનિનો વિચાર કરી જ પ્રાયશ્ચિત અપાય છે તે જીત વ્યવહાર કહેવાય છે.

પ્ર : ૨૦ વ્યવહાર કેવી રીતે કરવો ?

ઉ : ૨૦ વિષમતા ઊભી ના થવી જોઈએ. સમભાવે નિકાલ કરવો, લાંચ આપવી એ ગુનો નથી. આજે આ સમયે જે વ્યવહાર આવ્યો તે વ્યવહાર તને એડજસ્ટ કરતા ના આવડ્યો હોય તો એ તારો ગુનો છે. બહારવટિયાઓ રસ્તામાં પૈસા માગે તો આપી દો છો કે નહીં કે પછી સત્યની ખાતર નહીં આપવાના! કેમ ત્યાં આપી દો છો અને કેમ અહીં નથી આપતા. આ સેકન્ડ પ્રકારના બહારવટિયા છે. તમે લાંચ આપો એ ખોટ તો છે જ પણ પેલી માથાકૂટો કરવી અને અહીં માગતાવાળા બધાને ધક્કા ખવડાવવા એ બહુ મોટી ખોટ છે. તે આપણે લાભાલાભનો વિચાર કરી વ્યવહાર કરવો.

પ્ર : ૨૧ વ્યવહાર સારો ક્યાંથી ગણાય ?

ઉ : ૨૧ જ્યારથી સંયમિત થાય ત્યારથી વ્યવહાર સારો થયો ગણાય. અસંયમીનો વ્યવહાર પૂરેપરો ન ગણાય.

પ્ર : ૨૨ વ્યવહાર શુદ્ધ થવા માટે શું જોઈએ ?

ઉ : ૨૨ કોમનસેન્સ કમ્પ્લીટ જોઈએ. સ્થિરતા ગંભીરતા જોઈએ. કોમનસેન્સ એટલે એવરી વ્હેઅર એપ્લિકેબલ. સ્વરૂપ જ્ઞાન સાથે કોમનસેન્સ હોય તો બહુ દીપે.

પ્ર : ૨૩ વ્યવહાર શુદ્ધિ કઈ રીતે કરવી ?

ઉ : ૨૩ દગો નથી દેવો, છતાં આપણાથી કોઈને દગો થઈ ગયો અને આપણે પ્રતિક્રમણ કરીને તેની રૂબરૂ માફી માંગી લીધી તો તે વ્યવહાર શુદ્ધ થયો કહેવાય. નીતિ-નિયમ, પ્રામાણિક્તાથી ચાલે તો વ્યવહાર શુદ્ધિ રહે. વ્યવહાર શુદ્ધિ માટે સામાને દુઃખ ના થાય એવો વ્યવહાર રાખીએ એ વ્યવહાર શુદ્ધિ કહેવાય. વ્યવહારમાં હંમેશા જાગૃત્તિ રાખે કે મારે કોઈને દગો નથી જ કરવો તો, વ્યવહાર આપો આપ જ શુદ્ધ થઈ જાય.

પ્ર : ૨૪ કબીર સાહેબે વ્યવહાર માટે શું કહ્યું છે ?

ઉ : ૨૪ "ખા, પી ઔર ખીલા દે, કરલે અપના કામ, ચલતી વખત હે નરો, સંગ ન ચલે બદામ."

પ્ર : ૨૫ આદર્શ વ્યવહાર એટલે શું ?

ઉ : ૨૫ આદર્શ વ્યવહાર એટલે કોઇ જીવને કિંચિતમાત્ર દુઃખ ના થાય તે. ઘરના, બહારના, આડોશી-પાડોશીને કોઇને પણ આપણા થકી દુઃખ ન થાય તે શુદ્ધ વ્યવહાર કહેવાય. આદર્શ વ્યવહાર એ મોક્ષે જવાની નિશાની છે. આદર્શ વ્યવહાર એટલે દુશ્મનને પણ ખૂંચે નહીં અને દુઃખ થયું હોય તો પ્રતિક્રમણ કરી લેવું તેનું નામ આદર્શ વ્યવહાર. જેના વાણી, વર્તન અને વિનય મનોહર થઇ જાય એનો બધોય વ્યવહાર આદર્શ થઇ જાય. સમભાવથી જે વ્યવહાર થાય તે આદર્શ વ્યવહાર કહેવાય. નિશ્ચયને નિશ્ચયમાં રાખવો અને વ્યવહારને વ્યવહારમાં રાખવો તેનું નામ આદર્શ વ્યવહાર. જેમના વ્યવહારની અંદર કોઇ પણ જગ્યાએ, કોઇ પણ સમયે, કોઇ પણ પ્રસંગે, કોઇ પણ પ્રકારની વિશેષતાનું નિદર્શન ન થતું હોય અર્થાત્ સંપૂર્ણપણે અહંકાર ઓગળી ગયો હોય એવા વ્યવહારને આદર્શ વ્યવહાર કહ્યો છે. ટૂંકમાં જેનામાં સંપૂર્ણ અહંકાર નિર્મળ થયો હોય, જેમના વ્યવહારમાં કોઇ જગ્યાએ કંઇપણ વિશેષતા જોવા ન મળે તે જ વ્યવહારને આદર્શ વ્યવહાર કહેવાય. રાગ-દ્વેષ ના થાય તે આદર્શ વ્યવહાર. કષાય વગર જે જે કંઇ પણ કરો તે આદર્શ વ્યવહાર. કોઇનેય દુઃખ ના થવું જોઇએ તે જોવાનું અને દુઃખ થયું હોય તો પ્રતિક્રમણ કરી લેવું તેનું નામ આદર્શ વ્યવહાર.

પ્ર : ૨૬ આદર્શ વ્યવહાર ધરાવતી વ્યક્તિનાં લક્ષણો કેવાં હોય ?

ઉ : ૨૬ આદર્શ વ્યવહારવાળી વ્યક્તિમાં નીચેના પાંચ લક્ષણો જોવા મળે છે.

(૧) પ્રાપ્ત મન, વચન, કાયાથી આ જગતના કોઇપણ જીવને કિંચિતમાત્ર પણ દુઃખ ના થાય તેવી નિરંતર ભાવના રહે અને તે પ્રમાણે વર્તન હોય અને જાણતા-અજાણતા દુઃખ થઇ જાય તો મનોમન ખરા અંતઃકરણપૂર્વક માફી માંગી લે.

(૨) ખાવાનું, પીવાનું, હરવાનું, ફરવાનું, સૂવાનું, જાગવાનું દરેક બાબતમાં નોર્માલિટી હોય.

(૩) મન, વચન, કાયા લોકો માટે વાપરે ઓબ્લાઇઝીંગ નેચર હોય. કેમ

કરીને લોકો સુખ અને શાંતિને પામે એવી જ નિરંતરની ભાવના અને વર્તન હોય. સુખના વેપારની દુકાન માંડીને બેઠો હોય.

(૪) વ્યાપાર-ધંધામાં નીતિમત્તા અને પ્રામાણિક્તા હોય.

(૫) મનુષ્ય જન્મ એળે ના જાય તે માટે સતત ધર્મ અને અધ્યાત્મ તરફ વિશેષ રુચિ હોય. આત્મજ્ઞાન જાણવા માટેનો સતત પુરૂષાર્થ હોય. આલોક અને પરલોક બંનેમાં કલ્યાણ થાય તેવી ધર્મ ક્રિયામાં નિરંતર રચ્યો-પચ્યો હોય.

પ્ર : ૨૭ સંપૂર્ણ આદર્શ વ્યવહાર કોને કહેવાય ?

ઉ : ૨૭ ડ્રામેટિક વ્યવહાર હોય તેને સંપૂર્ણ આદર્શ વ્યવહાર કહેવાય.

પ્ર : ૨૮ આદર્શ વ્યવહાર માટે કઈ ચાર વાતો હોવી ઘટે ?

ઉ : ૨૮ આદર્શ વ્યવહાર માટે નીચેની ચાર બાબતો હોવી ઘટે.

(૧) સંકડાસમાં મોકળાશ રાખજો : આટલું કરશો તો તમને દુઃખ નહીં આવે. ગરીબાઈમાં ભિખારીપણું, મનનું સાંકડાપણું આવી જાય છે. સંકડામણને લીધે જગત ઊભુ છે, દરેકને મોકળાશનો માર્ગ હોય જ. આપણા ફાટેલા જોડા આપણને સંકડામણ લાગે અને બીજાને આપીએ તો તેને મોકળાસ લાગે.

(૨) કોઈનીય અથડામણમાં આવશો નહીં.

(૩) નોર્માલિટી રાખજો.

(૪) યોજનાઓ ના ઘડશો.

પ્ર : ૨૯ વ્યવહારનો સાર શું ?

ઉ : ૨૯ વ્યવહારનો સાર નીતિ છે. નીતિ હશે તો પૈસા ઓછા હશે તોય પણ અંદર શાંતિ રહેશે અને નીતિ નહીં હોય તો પૈસા ખૂબ હોય તોય પણ અશાંતિ રહે.

પ્ર : ૩૦ શુદ્ધ વ્યવહાર એટલે શું ?

ઉ : ૩૦ નિશ્ચયને નિશ્ચયમાં રાખવો અને વ્યવહારને વ્યવહારમાં રાખવો એનું નામ શુદ્ધ વ્યવહાર. જે વ્યવહારમાં ક્રોધ, માન, માયા, લોભ નહીં વપરાય તે શુદ્ધ વ્યવહાર કહેવાય. શુદ્ધ નિશ્ચય જ્યાં આગળ છે ત્યાં બધો વ્યવહાર શુદ્ધ છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન ના થાય તેનું નામ શુદ્ધ વ્યવહાર. નિરંહંકારી હોય જેમાં અહંકારનો છાંટોય ના હોય એનું નામ શુદ્ધ વ્યવહાર. સ્વરૂપનું ભાન થયા પછી શુદ્ધ વ્યવહાર શરૂ થાય છે. કષાય રહિતના વ્યવહારને શુદ્ધ વ્યવહાર કહ્યો છે. આત્મા-પરમાત્માની જ્યાં વાત હોય ત્યાં શુદ્ધ

વ્યવહાર હોય. જેમાં બિલકુલ બુદ્ધિની જરૂર નથી તે શુદ્ધ વ્યવહાર. મનથી, દેહથી અને વચનથી કોઈનેય નુકશાન ના કરે તે શુદ્ધ વ્યવહાર. અમારી પાંચ આજ્ઞા પાળે તો તે શુદ્ધ વ્યવહાર કહેવાય. રાગ-દ્વેષ રહિત વ્યવહાર તે શુદ્ધ વ્યવહાર. નિશ્ચયમાં જ જેની રહેવાની ઈચ્છા છે છતાં વ્યવહારમાં રહેવું પડે એ શુદ્ધ વ્યવહાર. શુદ્ધ વ્યવહાર એટલે નિરંતર સંયમ રહે, આંતરીક સંયમ રહે, બાહ્ય સંયમ ના હોય. દોષિતને નિર્દોષ જોવા તે શુદ્ધ વ્યવહાર. નિશ્ચય પ્રાપ્ત થયા પછી બાકી જે રહે તેનું નામ શુદ્ધ વ્યવહાર.

પ્ર : ૩૧ શુદ્ધ વ્યવહાર માટે શ્રીમદ્ રાજચંદ્રે શું કહ્યું છે ?

ઉ : ૩૧ ગચ્છમતની જે કલ્પના તે નહીં સદ વ્યવહાર, ભાન નહી નીજ સ્વરૂપનું તે નહીં શુદ્ધ વ્યવહાર.

પ્ર : ૩૨ વ્યવહારિક કાયદો કેવો છે ?

ઉ : ૩૨ શેર બજારની ખોટ થયેલી હોય તે કરિયાણાના વેપારથી ના વાળી શકાય શેરબજારમાં જ તે વાળી શકાય. કંટ્રાક્ટના ધંધાની ખોટ કંટ્રાક્ટથી જ નીકળે, એ કંઈ પાનનો ગલ્લો કરવાથી ખોટ એમ ના નીકળે. એટલે નિયમ કેવો છે જ્યાં જે બજારમાં ઘા પડ્યો હોય ને તે જ બજારમાં ઘા રૂઝાય તેવું છે. જ્યાં જ્યાં ઘા થયો હોય ને તે એરિયામાં જ એની રૂઝવવાની દવા હોય.

પ્ર : ૩૩ વ્યવહાર ધર્મ એટલે શું ?

ઉ : ૩૩ વ્યવહાર ધર્મ એટલે લોકમત. લોકમતના વિરુદ્ધ જાય તે મમત કહેવાય. મમત એટલે આગ્રહ કરે તે. જીવન જીવવાની કળા આવડે તેને વ્યવહાર ધર્મ કહેવાય. જીવન એવું જીવી જાણે કે ક્યાંય અથડામણ, ક્લેશ કે ઘર્ષણ ના થાય અને ધીમે ધીમે કષાય રહિત વ્યવહારમાં આવી ગયોતો એનો વ્યવહાર ઉકલી ગયો. જીવન પારકાના ઉપકાર માટે જાય એવો ઓબ્લાઈઝીંગ નેચર રાખવાનો છે. કકળાટ વગરની જીંદગી અને કકળાટ વગરનું જીવન એ જ વ્યવહાર ધર્મ.

પ્ર : ૩૪ સમગ્ર વ્યવહાર ધર્મ શેમાં સમાય છે ?

ઉ : ૩૪ ત્રણ વસ્તુમાં સમગ્ર વ્યવહાર ધર્મ સમાય છે :-

(૧) નિયમિતતા અને પ્રામાણિકતા.

(૨) ઓબ્લાઈઝીંગ નેચર. (પરોપકારી સ્વભાવ)

(૩) પરોપકારનો બદલો નહીં લેવાની ઈચ્છા તે.

પ્રામાણિક્તા, નૈતિક્તા અને ઓબ્લાઈઝીંગ નેચર આ ત્રણ ગુણ હોય તેના બીજા બધા દુર્ગુણો અવશ્ય જાય અને તેનાથી ઊંચો વ્યવહાર ધર્મ ઉત્પન્ન થાય.

પ્ર : ૩૫ આ વ્યવહારમાં વ્યવહારિક જ્ઞાન કયું ઊંચું ?

ઉ : ૩૫ સ્હેજ પણ હિંસા થાય નહીં અને એવું હથિયાર ઊભું કરો કે કાયમ સામાવાળાને ભય રહે કે આ હથિયાર ક્યારે પડશે અને આપણને વાગશે તેવું રાખવું જોઈએ.

પ્ર : ૩૬ વ્યવહાર દર્શન શુદ્ધ કરવું હોય તો શું કરવું ?

ઉ : ૩૬ ખોરાકનું તપ કરવું. ખોરાક ઓછો કરી નાંખવો એટલે દર્શન વધે.

પ્ર : ૩૭ વ્યવહારમાં જાગૃત્તિ રાખવા શું ખ્યાલ રાખવો ?

ઉ : ૩૭ જ્યાં અજ્ઞાનીઓ કચ કચ નથી કરતા ત્યાં જ્ઞાની તે વળી કચ કચ કરતાં હશે ? દરેક પોત પોતાનો સ્વભાવ નિકાલ કરે છે. એક અક્ષરેય બોલવા જેવું આપણું જ્ઞાન નથી. મૌન જ રહેવા જેવું છે. પોતે પોતાનું કામ કાઢી લેવા જેવું છે.

પ્ર : ૩૮ વ્યવહારમાં કોની ભાઈબંધી કરવી સારી ?

ઉ : ૩૮ ક્રોધી અને માનીની ભાઈબંધી કરજે પણ લોભી અને કપટીની ભાઈબંધી ના કરીશ.

પ્ર : ૩૯ સાચો વ્યવહાર કોને કહેવાય ?

ઉ : ૩૯ જે તે રીતે સામાના મનનું સમાધાન કરવું. તે વખતે સત્ય કે અસત્ય બોલવા ન બેસવું. વ્યવહારનું સત્ય તે આપણા માટે અસત્ય છે.

પ્ર : ૪૦ વ્યવહાર જ્ઞાન ક્યાંથી શરૂઆત થશે ?

ઉ : ૪૦ આપણે વ્યવહાર જ્ઞાન શરૂ થયું નથી તે કરવું પડશે. તે રાણકપૂર આગળ સાદડીથી શરૂ થશે એમ લાગે છે.

પ્ર : ૪૧ શુદ્ધ વ્યવહાર અને સદ્ વ્યવહાર કોને કહેવો ?

ઉ : ૪૧ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી જ શુદ્ધ વ્યવહાર શરૂ થાય ત્યાં સુધી સદ્ વ્યવહાર થાય. સદ્ વ્યવહાર અહંકાર સહિત હોય અને શુદ્ધ વ્યવહાર નિરઅહંકારી હોય. શુદ્ધ વ્યવહાર સંપૂર્ણ ધર્મ-ધ્યાન આપે અને સદ્ વ્યવહાર અલ્પ અંશે કરીને ધર્મ-ધ્યાન આપે. શુદ્ધ વ્યવહારમાં નિશ્ચય શુદ્ધ ઉપયોગ હોય. શુદ્ધ વ્યવહારમાં વ્યવહાર બધોય હોય પણ તેમાં વીતરાગતા હોય. નિર્વિકલ્પ પદ પ્રાપ્ત થયું તો તેમાં રહેવાથી શુદ્ધ વ્યવહાર અને આદર્શ વ્યવહાર બનશે.

પ્ર : ૪૨ ઘર્ષણ અને સંઘર્ષણનો તફાવત શો ?

ઉ : ૪૨ જે વસ્તુમાં જીવ (ચેતન) ના હોય તે બધા અથડાય તે ઘર્ષણ કહેવાય અને જેનામાં આત્મા છે એવા જીવો અથડાય ત્યારે સંઘર્ષણ થાય.

પ્ર : ૪૩ નીતિ ચાર પ્રકારની કઇ કઇ છે ?

ઉ : ૪૩ નીતિ વિશારદોએ શામ, દામ, દંડ, ભેદ એ ચાર પ્રકારની વ્યવહારિક નીતિ જણાવી છે.

શામ : શીખામણ આપવી.

દામ : પૈસા આપવા.

દંડ : શિક્ષા કરવી.

ભેદ : પ્રપંચ ખેલી પક્ષમાં ફૂટ પડાવવી.

પ્ર : ૪૪ ચાણક્ય નીતિમાં કઇ ચાર વસ્તુ તરછોડી દેવા કહ્યું છે ?

ઉ : ૪૪ (૧) દયા વગરના ધર્મને,

(૨) ક્રિયા વિહીન ગુરુને,

(૩) અતિક્રોધી પત્નીને,

(૪) સ્નેહ વગરના સગાં સબંધીઓને. આ ચારને તાત્કાલિક છોડી દેવા.

પ્ર : ૪૫ વ્યવહાર અને નિશ્ચય કેવી રીતે પ્રાપ્ત થાય ?

ઉ : ૪૫ મેલથી મેલ જાય, સાબુથી મેલ જાય. સાબુ પણ મેલ છે. પુદ્ગલથી પુદ્ગલ જાય. હું શુદ્ધાત્મા છું તે તું બોલું છું તેતું મેલથી મેલ કાઢું છું કારણ સંપૂર્ણ શુદ્ધતા હજી આવી નથી. તમે જે કંઇ વ્યવહારથી કરશો તો વ્યવહાર પ્રાપ્ત થશે અને નિશ્ચયથી કરશો તો નિશ્ચય પ્રાપ્ત થશે.

પ્ર : ૪૬ વ્યવહાર અને નિશ્ચય વચ્ચેની ભેદરેખા સમજાવો ?

ઉ : ૪૬

વ્યવહાર	**નિશ્ચય**
(૧) અકષાયી વ્યવહાર તે વ્યવહાર.	(૧) પોતાના સ્વરૂપનું લક્ષ તે નિશ્ચય.
(૨) વ્યવહાર એટલે સામાને સંતોષ આપવો તે.	(૨) જ્ઞાતા-દ્રષ્ટા રહેવું તે નિશ્ચય.
(૩) સક્રિય એ બધો વ્યવહાર.	(૩) અક્રિય તે નિશ્ચય.
(૪) વ્યવહાર બધો સામાજિક છે.	(૪) નિશ્ચય અભેદ છે. સમાજથી પર છે.
(૫) વ્યવહાર એટલે ડ્રામેટિક.	(૫) નિશ્ચય એટલે અલૌકિક રીયલ.
(૬) વ્યવહાર નિકાલી બાબત છે.	(૬) નિશ્ચય ગ્રહણીય બાબત છે.
(૭) જન્મથી મરણ સુધીનો બધો વ્યવહાર જ છે.	(૭) વ્યવહાર સ્પર્શે નહીં તેનું નામ નિશ્ચય.
(૮) વ્યવહાર એટલે અવસ્થા.	(૮) નિશ્ચય એટલે તત્ત્વ.

પ્ર : ૪૭ વ્યવહારમાં અને નિશ્ચયમાં ઉપયોગી સૂત્રો કયાં ?

ઉ : ૪૭ (૧) કોઈની અથડામણમાં આવવું નહીં.
(૨) બન્યું તે જ ન્યાય સમજી નિમિત્તને બચકાં ન ભરવાં.
(૩) ભોગવે તેની ભૂલ સમજી જઇ જગતને નિર્દોષ જોવું.
(૪) દરેક જગ્યાએ એડજસ્ટ થઇ જવું.
(૫) દરેક બાબતમાં નોર્માલિટી રાખવી.

પ્ર : ૪૮ સંસાર સહેલો અને સંયમ કઠિન કોને લાગે છે ?

ઉ : ૪૮ સંસાર સહેલો અને સંયમ કઠિન તેને જ લાગે કે જેને વીતરાગ માર્ગની પૂરેપૂરી પ્રતીતિ ન હોય.

પ્ર : ૪૯ કઈ ત્રણ વસ્તુ જાણી ન શકાય ?

ઉ : ૪૯ (૧) પાણીમાં માછલીનું પગેરું ન જડે.
(૨) આકાશમાં પક્ષીનાં પગલાં.
(૩) સ્ત્રીના હૃદયનો મર્મ ન જણાય.

પ્ર : ૫૦ નીતિકારો સ્વભાવ બાબતે શું જણાવે છે ?

ઉ : ૫૦ (૧) સ્ત્રી જાતિમાં દંભ.
(૨) વણિકમાં ડર.
(૩) ક્ષત્રિયમાં રોષ.
(૪) બ્રાહ્મણમાં લોભ.

પ્ર : ૫૧ નીતિશાસ્ત્રમાં કોને જુઠાણાંનાં ઘર કહ્યાં છે ?

ઉ : ૫૧ (૧) વણિક (૨) વેશ્યા (૩) ચોર (૪) જુગારી (૫) વ્યભિચારી (૬) દ્વારપાળ અને (૭) દારૂડિયા, આ બધા જુઠાણાંનાં ઘર કહેવાય.

પ્ર : ૫૨ જીવનનો સાર શું છે ?

ઉ : ૫૨ કષાયને ઉપશમ કરવા એ જ જીવનનો સાર છે.

પ્ર : ૫૩ કયાં અંગને કઈ ઉપમા આપી શકાય ?

ઉ : ૫૩ (૧) મુખને ચંદ્રની.
(૨) હોઠને બિંબફળની.
(૩) કંઠ પ્રદેશને શંખની.
(૪) ભુજાને બિસલતાની.
(૫) કટિ પ્રદેશને વ્રજના મધ્ય ભાગની.
(૬) ઉરુને હાથીની સૂંઢની.

(૭) નાભિને નદીની ભ્રમરીની.
(૮) જંઘાને દર્પણની.
(૯) જંઘાને મૃગલીની જંઘાની.
(૧૦) હાથ-પગને કમળની.

પ્ર : ૫૪ વિશિષ્ટ ઉપમાઓ આપો ?

ઉ : ૫૪ (૧) સંસાર-અસાર છે.
(૨) ધન-નદીના તરંગ જેવું ચંચળ છે.
(૩) સંયોગ-સ્વપ્નમાં પ્રાપ્ત થયેલાં દ્રવ્ય જેવો છે.
(૪) યૌવન-મેઘની છાયા જેવું નાશવંત છે.
(૫) શરીર-જળના પરપોટા જેવું છે.

પ્ર : ૫૫ શરીરની છ અવસ્થાઓ જણાવો ?

ઉ : ૫૫ (૧) જન્મ (૨) સ્થિતિ (૩) વર્ધન (૪) વિપરિણમન (૫) અપક્ષય (૬) નાશ.

પ્ર : ૫૬ શરીરનાં ૩૨ લક્ષણો જે કહે છે તે કોને બત્રીસ લક્ષણવાળો કહેવાય તે જણાવો ?

ઉ : ૫૬ (૧) લાંબા અંગ (નાક, હાથ, હડપચી, આંખ, ઘૂંટણ). ૫
(૨) નાનાં અંગ (ચામડી, વાળ, આંગળીના વેઢા, દાંત, રૂંવાટી). ૫
(૩) લાલ અંગ (આંખના ખૂણા, હથેળી અને પગના તળિયા, તાળવું, હોઠ, જીભ અને નખ). ૭
(૪) ઉન્નત અંગ (છાતી, ખભા, નખ, નાક, કેડ, મોં). ૬
(૫) ટૂંકા અંગ (ગળું, જાંઘ અને લિંગ). ૩
(૬) વિશાળ અંગ (કેડ, કપાળ, છાતી). ૩
(૭) ગંભીર અંગ (નાભિ, સ્વર, બુદ્ધિ). ૩

પ્ર : ૫૭ ૭૦ વર્ષનું આયુષ્ય ધરાવતા માણસનો કાળ કેવી રીતે વ્યતિત થાય છે?

ઉ : ૫૭ સામાન્ય રીતે નીચે પ્રમાણે વ્યતિત થાય છે તેમ જાણવું :-

કાર્ય	સમય
(૧) ઉંઘ	૨૩ વર્ષ
(૨) કામધંધો, નોકરી	૧૪ વર્ષ
(૩) ભોજન	૬ વર્ષ
(૪) નાટક સીનેમા વગેરે	૫½ વર્ષ

(૫) અવરજવર	૫ વર્ષ
(૬) કપડા, હજામત કરવામાં	૫ વર્ષ
(૭) વાતચીત કરવામાં	૪ વર્ષ
(૮) પત્તાં વગેરે રમત રમવામાં	૪½ વર્ષ
(૯) રાહ જોવામાં અને દર્પણ જોવામાં	૩ વર્ષ
	૭૦ વર્ષ

પ્ર : ૫૮ નાડીના ધબકારા જીવનમાં કેવી રીતે ગણાય છે ?

ઉ : ૫૮

ઉંમર	દરમિનીટે ધબકારાની સંખ્યા
(૧) જન્મ વખતે	૧૩૦ થી ૧૪૦
(૨) પહેલું વર્ષ	૧૧૫ થી ૧૩૦
(૩) બીજુ વર્ષ	૧૦૦ થી ૧૧૫
(૪) ત્રીજું વર્ષ	૯૫ થી ૧૦૫
(૫) ૭ થી ૧૪ વર્ષ	૮૦ થઈ ૯૦
(૬) ૧૪ થી ૨૧ વર્ષ	૭૫ થી ૮૦ કે ૮૫
(૭) ૨૧ થી ૬૦ વર્ષ	૭૦ થી ૭૫
(૮) ૬૦ અને તેથી વધુ ઉંમર	૭૫ થી ૮૫

પ્ર : ૫૯ દર મિનિટે શ્વસનની સંખ્યા ઉંમર પ્રમાણે કેટલી હોય છે ?

ઉ : ૫૯

ઉંમર	દરમિનીટે શ્વસનની સંખ્યા
(૧) ૨ મહિનાથી ૨ વર્ષ	૩૫
(૨) ૨ વર્ષથી ૬ વર્ષ	૨૩
(૩) ૬ વર્ષથી ૧૨ વર્ષ	૨૦
(૪) ૧૨ વર્ષથી ૧૫ વર્ષ	૧૮
(૫) ૧૫ વર્ષથી ૨૧ વર્ષ	૧૭ થી ૧૮
(૬) ૨૧ વર્ષથી ઉપર	૧૬-૧૭

પ્ર : ૬૦ શરીરનાં અવયવોનું વજન કેટલું છે ?

ઉ : ૬૦

અવયવ	વજન (ગ્રામમાં)
(૧) મૂત્રપિંડ	૧૫૦ ગ્રામ.
(૨) બરોળ	૧૭૫ ગ્રામ.
(૩) હૃદય (સ્ત્રી)	૨૫૦ ગ્રામ.
(૪) હૃદય (પુરૂષ)	૩૦૦ગ્રામ.

(૫) ફેફસું (ડાબું)	૪૦૦ ગ્રામ
(૬) ફેફસું (જમણું)	૪૬૦ ગ્રામ.
(૭) મગજ (સ્ત્રી)	૧૨૭૫ ગ્રામ.
(૮) મગજ (પુરૂષ)	૧૪૦૦ ગ્રામ.
(૯) કાળજું	૧૬૫૦ ગ્રામ.

પ્ર : ૬૧ શરીરમાં આવેલ મુખ્ય ગ્રંથીઓ તથા સ્ત્રાવો જણાવો ?

ઉ : ૬૧

(૧) માથામાં	(૧) પિનિયલ - વિવિધ.	
	(૨) પીયૂષિકા - (પિચ્યુટરી) વિવિધ.	
(૨) ગળામાં	(૧) અવટુકા - (થાયરોઇડ) - થાયરોક્સિન.	
	(૨) ઉપાવટુકા - (પેરા થાયરોઇડ) વિવિધ.	
	(૩) થાયમસ - વિવિધ.	
(૩) પેટમાં	(૧) અધિવૃક્ક - (એડ્રિનલ) - એડ્રિનલિન.	
	(૨) અગ્ન્યાશય - (પેનક્રિયાસ) - લિપોકેઇક દ્રવ્ય.	
	(૩) લેંગર હેન્સ દ્વીપો - ઇન્સ્યુલીન.	
(૪) પેડુમાં	(૧) વૃષણ- પુરૂષોમાં (ટેસ્ટીન) - ટેસ્ટોસ્ટેરોન.	
	(૨) અંડકોષ - સ્ત્રીઓમાં (ઓવરી) - એન્ડ્રોસ્ટેરોન.	

પ્ર : ૬૨ શરીરની અંગ રચના અને શરીરનાં તત્ત્વોનું વર્ણન કરો ?

ઉ : ૬૨

શરીરની અંગ રચના	શરીરના તત્ત્વો	
(૧) ૨૪ ધમની	(૧) પ્રાણવાયુ	૬૦.૦૦
(૨) ૧૦૭ મર્મસ્થાન	(૨) કાર્બન	૨૦.૨૦
(૩) ૨૧૦ હાડકાંના સાંધા	(૩) આદ્રવાયુ	૧૦.૦૦
(૪) ૩૦૦ હાડકાં	(૪) નમવાયુ	૨.૫૦
(૫) ૫૦૦ માંસપેશી	(૫) કેશ્લિયમ	૨.૫૦
(૬) ૭૦૦ શીરા.	(૬) ફોસફરસ	૧.૧૪
(૭) ૯૦૦ સ્નાયુઓ	(૭) ક્લોરીન	૦.૧૬
	(૮) ગંધક	૦.૧૪
	(૯) પોટેશિયમ	૦.૧૪
	(૧૦) સોડિયમ	૦.૧૦
	(૧૧) મેગ્નેશિયમ	૦.૦૭
	(૧૨) લોખંડ (આર્યન)	૦.૦૧

પ્ર : ૬૩ શરીરમાં લોહીનું પ્રમાણ તથા લોહી વિષે અન્ય માહિતી આપો ?

ઉ : ૬૩ શરીરમાં લોહીનું પ્રમાણ વજનના ૭ ટકા જેટલું હોય છે.

વિશિષ્ટ ઘનતા	: ૧.૦૫૦ થી ૧.૦૬૦.
કણોનું પ્રમાણ	: ૪૨ થી ૪૫ ટકા (પુરુષોમાં વધારે).
લાલ કોશની સંખ્યા	: ઘન મી. મી. માં ૫૦ લાખ.
સફેદ કોશની સંખ્યા	: ઘન મી. મી. માં ૫૦૦૦ કે વધારે.
હીમોગ્લોબીન	: ૧૦૦ થી ૧૦૫ ટકા (૧૫ ગ્રામ)
લાલ કોશનો વ્યાસ	: ૭.૨ માઈક્રોન
શ્યાનતા (વિસ્કોસિટિ)	: ૪ થી ૫
પરાસરણી (ઓસ્મોટિક)	: દબાણ ૭.૬ વાતાવરણ
રક્તસ્ત્રાવ (બ્લીડીંગ)	: સમય ૨ થી ૫ મિનિટ
જામવાનો સમય	: ૫ થી ૧૦ મિનિટ/ ૧ થી ૩ મિનિટ.
થર (સેડિમેન્ટ) નો જથ્થો	: કલાકે ૧ થી ૧૨ મિ. મિ.
ઘાતક રક્તસ્ત્રાવ	: $^{1}/_{3}$ જથ્થો.

(૨) **લોહીના પ્રકારો :** એ, બી, એબી, ઓ [આર. એચ-ઘન, આર. એચ-ઋણ]

(૩) **લોહીના ઘટક રસાયણો :** આલ્બ્યુમિન, એમિલેઝ, એસજીચોટી, એસજીપીટી, કેલ્શિયમ, કોલેસ્ટોરેલ, ક્રીયેટીનીન, ક્લોરાઇડ, ગ્લુકોઝ, ગ્લોબ્યુલિન, પોટેશ્યમ, પ્રોટિન, ફોસ્ફેટસ, ફીબ્રીનોજેન, બાઇકાર્બોનેટ, બિલિરુબીન, યુરિક એસિડ, યુરિયા, સોડિયમ.

પ્ર : ૬૪ શરીરમાં કેટલા કાંણા હોય છે ?

ઉ : ૬૪

પુરૂષના ૯ દ્વાર (કાણાં)		**સ્ત્રીના બાર દ્વાર (કાણાં)**	
(૧) બે આંખો	૨	(૧) બે આંખો	૨
(૨) બે કાન	૨	(૨) બે કાન	૨
(૩) બે નાક	૨	(૩) બે નાક	૨
(૪) એક મોઢું	૧	(૪) બે સ્તન	૨
(૫) શિશ્ન (લિંગ)	૧	(૫) એક મોઢું	૧
(૬) ગુદા (મળદ્વાર)	૧	(૬) યોનિદ્વાર	૧
		(૭) મૂત્ર દ્વાર	૧
		(૮) ગુદા (મળ દ્વાર)	૧
			૧૨

પ્ર : ૬૫ આ મનુષ્ય અવતાર શેના માટે છે ?

ઉ : ૬૫ આ મનુષ્ય અવતાર વેર છોડવા માટે છે અને વેર છોડવા માટે રસ્તો છે દરેક જોડે સમભાવે નિકાલ.

પ્ર : ૬૬ મનુષ્ય જીવનનું લક્ષ શું હોવું જોઈએ ?

ઉ : ૬૬ કોઈ જીવને દુઃખ ના આપવું જોઈએ એ મનુષ્ય જીવનનું મોટામાં મોટું લક્ષ હોવું જોઈએ. કાળજી રાખવી તેમ છતાંય કોઈને ધક્કો વાગી ગયો તો આપણે માફી માંગી લેવી. તમે જોઈને ચાલતા રહો છતાં નીચે જીવડું વટાઈ ગયું તો એની માફી માંગી લેવી. ઘરમાં મતભેદથી છેટા રહેવું ક્લેશ-કંકાસ-કકળાટ વગરનું જીવન હોવું જોઈએ.

પ્ર : ૬૭ જીંદગી શું છે ?

ઉ : ૬૭ જીંદગી એ જેલ છે. જેલ તે ચાર પ્રકારની જેલો છે.

(૧) નજરકેદ.	તે દેવલોકો.
(૨) સાદિકેદ.	તે મનુષ્યોને.
(૩) સખ્ત મજૂરીની કેદ.	મનુષ્ય સિવાયના ઇતર પ્રાણીઓ જે ધરતી ઉપર દેખાય છે તેને.
(૪) જન્મટીપ.	નરક ગતિના જીવોને.

પ્ર : ૬૮ મનુષ્ય જીવનનો ધ્યેય શું હોવો જોઈએ ?

ઉ : ૬૮ હું પોતે કોણ છું એ શોધવું છે એ જ ધ્યેય, બીજું કોઈ ધ્યેય નહીં. આત્મા પ્રાપ્ત કરવો છે અને મોક્ષે જવું જ છે આ એક જ ધ્યેય રાખવા જેવું છે. મનુષ્યપણું મુક્તિ મેળવવા માટે છે.

પ્ર : ૬૯ સફળ માનવ જીંદગી કોને કહેવાય ?

ઉ : ૬૯ ઋણાનુબંધ ધરાવતી તમામ ફાઈલોનો સમભાવે નિકાલ કરવાની પ્રવૃત્તિઓના સરવાળાનું જ નામ છે સફળ માનવ જીંદગી.

પ્ર : ૭૦ આ શરીરમાં સુંદરમાં સુંદર શું છે ?

ઉ : ૭૦ ''આત્મા'' એ આ શરીરમાં સુંદરમાં સુંદર વસ્તું છે.

પ્ર : ૭૧ અવસ્થા કેટલો સમય ટકે ?

ઉ : ૭૧ એક અવસ્થા ૪૮ મિનિટથી વધારે ટકે નહીં, એવા નિયમવાળું જગત છે.

પ્ર : ૭૨ સુપરહ્યુમન કોને કહેવાય ?

ઉ : ૭૨ પોતાનું જે સુખ છે તે બીજાને આપે તે સુપરહ્યુમન.

પ્ર : ૭૩ પારકાને માટે નિમિત્ત બનવાની શક્તિઓ ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ : ૭૩ જ્યારે ડીસ્ચાર્જ હિંસકભાવ, ડીસ્ચાર્જ ચોરીઓ, ડીસ્ચાર્જ અબ્રહ્મચર્ય આ બધાં ડીસ્ચાર્જ ખાલી થાય ત્યારે પારકાને માટે નિમિત્ત બનવાની શક્તિ ઉત્પન્ન થાય.

પ્ર : ૭૪ વ્યવહારમાં વપરાતા કેટલાક શબ્દોની વ્યાખ્યા જ્ઞાનીને મુખે શું નીકળી છે તે જણાવો ?

ઉ : ૭૪ (૧) **સ્વતંત્ર :** સ્વતંત્ર એ કે જે બીજાની સ્વતંત્રતાને ડખલ ના કરે.

(૨) **સમર્પણ ભાવ :** કોઈનીય છાયા ન પડે એવી દુનિયા તને બાજુએ મૂકતાં આવડે તેનુ નામ સમર્પણ ભાવ.

(૩) **ક્ષમા :** ક્રોધનો અભાવ એનું નામ ક્ષમા. જે જગ્યાએ ક્રોધ થવો જોઈએ ત્યાં ના થાય એનું નામ ક્ષમા.

(૪) **ઠોકર :** ઠોકર ખાવી એટલે કષાય કરવા. આર્તધ્યાન રૌદ્રધ્યાન કરવા એનું નામ ઠોકર કહેવાય.

(૫) **ઘેલો :** વ્યવહાર ના સાચવે એનું નામ ઘેલો કહેવાય. ઘેલો એટલે મનમાં રાખવાની ચીજ ઉઘાડી કરી દે તે.

(૬) **ધૂની :** એકજ વિષય પર પડી જવું એનું નામ ધૂન. પોતાના મનથી માનીને એમાં એકાંગી ધ્યાન થઈ જવું તેને ધૂની કહેવાય.

(૭) **પ્રાર્થના :** ભગવાન પાસે વિશેષ અર્થની માંગણી કરવી તે.

(૮) **આરંભ અને પરિગ્રહ :** આરંભ એટલે હું અને પરિગ્રહ એટલે મારું.

(૯) **ઐશ્વર્ય :** ઐશ્વર્ય એટલે શું કે દરેક વસ્તુ એને ઘેર બેઠાં મળે. બીજાનું કલ્યાણ કરવાની શક્તિ તે ઐશ્વર્ય.

(૧૦) **સ્વચ્છતા :** સ્વચ્છતા એટલે આ દુનિયાની કોઈ ચીજની જરૂર ના હોય. જેને ભિખારિપણુ જ ના હોય તે.

(૧૧) **કંટાળો :** કાંટાની પથારી ઉપર સૂઈ જવું એનુ નામ કંટાળો.

(૧૨) **તંતરવું :** તંતરવું એટલે મનને વશ કરવું.

(૧૩) **હંસ અને પરમહંસ :** હંસ એટલે આત્મા અને પરમહંસ એટલે પરમાત્મા.

(૧૪) **વિધિ :** ખાસ કરવા યોગ્ય ક્રિયા તે વિધિ કહેવાય.

(૧૫) **કમાણી :** પોતાના દોષો એક પછી એક દેખાય તો જ કમાણી કરી કહેવાય.

(૧૬) **જબરાઈ** : પોતે ધોલ ખાય છતાં પણ સામાને આશીર્વાદ આપે તે જબરાઈ કહેવાય.

(૧૭) **સાખી** : સાખી એટલે સાક્ષીમાં રાખવા જેવાં વાક્યો.

(૧૮) **ઈન્સાન** : જે ક્યારેય ઊંઘની ગોળી ખાતો નથી, જે ક્યારેય ચોરી કરતો નથી કે જે ક્યારેય કોઈને દુઃખ આપતો નથી તે ઈન્સાન છે.

(૧૯) **રાજા** : મનની મોટાઈ હોય તે રાજા. નઠારામા નઠારાને ક્ષમા આપે તે રાજા

(૨૦) **સજ્જન** : કોઈના માટે ઘસાઈ છૂટવાની દાનત હોય અને ઓબ્લાઈઝીંગ નેચરવાળો હોય તે સજ્જન્.

(૨૧) **કળિયુગ** : કળિયુગ એટલે દગાનો સંપૂર્ણ વેપાર.

(૨૨) **માણસ** : મન, વચન, કાયાનું તોલ કરેલું વર્તન કરે તેને માણસ કહેવાય. ધોલ મારનારને થાય કે ધોલ ખાનારની જગ્યાએ હું હોઉ તો શું દશા થાય એવો તોલ કરે તે માણસ.

(૨૩) **મુશ્કેલી** : આંખુ માઈન્ડ ફ્રેક્ચર થઈ જાય અને સવારે સાંધવા જાય ને તો સંધાય નહીં એનું નામ મુશ્કેલી કહેવાય.

(૨૪) **અજંપો અને કઢાપો** : અંદર બળ્યા કરવું તે અંજપો અને બહાર કાઢવું તે કઢાપો.

(૨૫) **નિવૃતિ** : સર્વે વૃત્તિઓથી નિવૃત્ત રહેવું તે નિવૃતિ.

(૨૬) **મહાત્મા** : મન આવેગમાંથી વેગમાં લાવી આપે તે મહાત્મા.

(૨૭) **મુત્સદીપણું** : સામાની બુદ્ધિને બ્લન્ટ કરીને કામ કઢાવી લેવું તે.

(૨૮) **ડફોળ** : પોતે પોતાનું અહીત કરે તે ડફોળ.

(૨૯) **ઋણાનુબંધ** : રાગ-દ્વેષ પરિણામ ઊભાં થાય તેનું નામ ઋણાનુબંધ

(૩૦) **પરવશતા** : બુદ્ધિના આધારે ચાલવુ એજ પરવશતા.

(૩૧) **ઉપાશ્રય** : જ્યાં કાળજુ ઠરે તે ઉપાશ્રય કહેવાય.

(૩૨) **સમજણ** : ગમે તેવી ઉપાધિમાં પણ સમાધિ રહે તેનું નામ સમજણ. શંકા ના કરાવડાવે તે સમજણ.

(૩૩) **આનંદ** : ચિત્તની એકાગ્રતા એનું નામ આનંદ.

(૩૪) **કથા** : વ્યથા દૂર કરે તે કથા.

(૩૫) **કહેવતો** : કહેવતો એટલે અનુભવનું તારણ.

(૩૬) **મસ્તી** : મનના સામ્રાજયમાં મસ્ત રહેવું તે મસ્તી.

(૩૭) **સદાચાર** : કષાય રહિત આચાર તે સદાચાર.

(૩૮) **ખેંચ** : પોતે પોતાનું નુકસાન કરવું એનુ નામ ખેંચ

(૩૯) **સભ્યતા** : કોઈનેય દુઃખ ના થાય તેવું વર્તન હોય તે સભ્યતા.

(૪૦) **એકતા** : કોઈનીય જોડે મતભેદ ના પડે તેને એકતા કહેવાય.

(૪૧) **જક્ક** : તમારા હિતની હું વાત કરતો હોઉ અને તમે આડા થાઓ તે જક્ક કહેવાય.

(૪૨) **જીદ** : જીદ એ અહંકાર ગુણ્યા અહંકાર છે. જીદ એ ચેપી રોગ છે.

(૪૩) **હઠાગ્રહ** : સ્વચ્છંદ બહુ પ્રમાણમાં થાય એટલે હઠાગ્રહ કહેવાય.

(૪૪) **પ્રગતિ** : કોઈનેય દુઃખ આપ્યા વગર કંઈપણ કરવામાં આવે તો તેને પ્રગતિ કહેવાય.

(૪૫) **સદાચાર** : સદ્વાણી, સદ્વર્તન અને સદ્મનન તે સદાચાર કહેવાય. કષાય રહિત આચાર તે સદાચાર.

(૪૬) **દુરાગ્રહ** : સત્ય માટેનો આગ્રહ એ જ દૂરાગ્રહ છે.

(૪૭) **વિભ્રમ** : આજે જેની જરૂરિયાત ના હોય તેનો વિચાર કરીએ તે વિભ્રમ કહેવાય.

(૪૮) **બિલિફ** : જે ક્યારેય પણ કોઈપણ સંજોગોમાં બદલાયજ નહિં તેનુ નામ બિલિફ.

(૪૯) **ચક્કર** : જેને હિતાહિતનું ભાન ન હોય તેને ચક્કર કહેવાય.

(૫૦) **ઘન ચક્કર** : પહેલાના કાળમાં મનુષ્યોને દુશ્મન જોડે રહેતા આવડતું હતું ત્યારે ભગવાન તેમને ચક્કર કહેતા અને અત્યારના માણસને તો વહુ જોડેય રહેતાં આવડતું નથી એટલે એને ઘન ચક્કર કહીએ છીએ. ભ્રાંતિ ઘન થઈ તો ઘન ચક્કર કહેવાય.

(૫૧) **ડફોળ** : તરવું, તંતરવું, તસ્કરવું અને કલમ, કડછી અને બરછી આ છ કળા ના આવડે તે ડફોળ કહેવાય.

(૫૨) **નંગોડ** : જે વિદ્યાનો દૂરૂપયોગ કરે તે નંગોડ કહેવાય.

(૫૩) **પ્રપંચ** : પ્રપંચ એટલે લોકોનો દુરૂપયોગ કરવો.

(૫૪) **મેન્ટલ** : ઘરનું ખાઈ પીને ચિંતા કરે તેનું નામ મેન્ટલ.

(૫૫) **સમજણ** : દુઃખ ઘટાટે તેનુ નામ સમજણ કહેવાય.

(૫૬) **માન્યતા** : મનનો ડખો એ માન્યતા કહેવાય.

(૫૭) **સગાઈ** : તિરાડ ના પડે તેનું નામ સગાઈ.

(૫૮) **નોનસેન્સ** : વધુ પડતો સેન્સિટિવ એ નોનસેન્સ છે.

(૫૯) **આર્ય** : જેના આચાર, વિચાર અને ઉચ્ચાર શ્રેષ્ઠ હોય તે આર્ય કહેવાય.

(૬૦) **ઘેંટા** : મતભેદ પડ્યો હોય એનો ઉકેલ ના આવડે તો એ ઘેંટા કહેવાય.

(૬૧) **વૈકુંઠ** : વૃત્તિઓ કુંઠિત થાય તેને વૈકુંઠ કહે છે.

(૬૨) **ગુંચ** : મોઢા ઉપર આનંદ ના આવે એને ગૂંચ કહેવાય.

(૬૩) **સ્પૃહા** : વિનાશી ચીજોને ભોગવવાની ઈચ્છાને સ્પૃહા કહેવાય.

(૬૪) **તુર્યા અવસ્થા** : જગત સ્વપ્નવત લાગે તે તુર્યા અવસ્થા.

(૬૫) **ફરજિયાત** : આપણી ઈચ્છા ના હોય અને કરવું પડે તેનું નામ ફરજિયાત.

પ્ર : ૭૫ રાત્રે સૂતી વખતે કેવી જાગૃતિ રાખવી ?

ઉ : ૭૫ જ્યારે પણ અને જેટલા વાગે આપણે સૂઈ જઈએ ત્યારે નીચે મુજબ જાગૃતિ રાખવી અને નીચે મુજબ ગોઠવણી તથા વિધિ કરવી.

(૧) દરરોજ રાત્રે હાથ, પગ, મોંઢુ ધોઈને સૂઈ જવું.

(૨) પૂર્વ દિશા તરફ માથુ અને પશ્ચિમ દિશા તરફ પગ રહે તે રીતે સૂઈ જવું.

(૩) ક્યારેય પણ ઉત્તર દિશા તરફ માંથુ રાખીને સૂવું નહીં, મરશો નહી પણ માંદા પડાય અર્થાત્ શ્વાસોચ્છ્વાસ વધુ વપરાય. લોહીના પરિભ્રમણમાં રૂકાવટ ઊભી થાય છે તેથી બ્લડપ્રેસર નામનું દર્દ થાય છે.

(૪) પથારીમાં સૂઈ ગયા પછી આખા દિવસ દરમ્યાન પ્રાપ્ત મન, વચન, કાયાથી જે કોઈ ભૂલ, દોષ કે અપરાધ થયા હોય, તે જે વ્યક્તિ સાથે થયા હોય તે વ્યક્તિની અંદર બેઠેલા ભગવાનને યાદ કરી સાચા દિલથી તેની માફી માંગી લેવી. પોતાને જે ભગવાનમાં શ્રદ્ધા હોય તે ભગવાનની સાક્ષીએ તે વ્યક્તિની મનોમન માંફી માંગી લેવી.

(૫) ત્યાર પછી આ પ્રમાણે બોલવું હે દાદા ભગવાન આજની રાત્રિ દરમ્યાન તમામ પ્રકારની સ્થૂલ, સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ જીવ સૃષ્ટિથી મારી સર્વ પ્રકારે રક્ષા કરજો.

(૬) સૂતાં સૂતાં આંખો બંધ કરી દઈ જમણા હાથે જમણું નસકોરુ બંધ કરી ડાબા નસકોરાથી શ્વાસ લેવો તે વખતે મનમાં ૐ બોલવું ત્યારબાદ તે શ્વાસ થોડી વાર રોકી રાખી જમણાં નસકોરાથી બહાર કાઢવો તે વખતે મનમાં એક ગણવું. એમ શ્વાસ લેતી વખતે ૐ બોલવું, અને બહાર કાંઢતી વખતે ગણત્રી કરવી થોડીક જ વારમાં પચાસ સુધી પહોંચતા પહોંચતા ગાઢ નિદ્રાં આવી જશે. આ પ્રયોગથી મન, બુદ્ધિ, અહંકાર આ પ્રક્રિયામાં વ્યસ્ત થતા બીજા વિચારો બંધ થઈ જાય છે એટલે તરત જ ઊંઘ આવી જાય છે.

પ્ર : ૭૬ બહારગામ જવા વિષે કઈ બાબતો ધ્યાનમાં રાખવી ?

ઉ : ૭૬ બહારગામ જવા અંગે નીચેની ત્રણ બાબતો ધ્યાનમાં રાખવી. આ વ્યવહાર જાગૃતિ ગણાય છે.

[અ] (૧) રવિવારે ઉત્તર દિશામા ન જવું. કાળ સામો આવે છે તેથી નુકસાન થાય.
(૨) સોમવારે વાયવ્ય ખૂણામાં ન જવું.
(૩) મંગળવારે પશ્ચિમ દિશામાં ન જવું.
(૪) બુધવારે નૈઋત્ય ખૂણામાં ન જવું.
(૫) ગૂરૂવારે દક્ષિણ દિશામાં ન જવું.
(૬) શુક્રવારે અગ્નિ ખૂણામાં ન જવું.
(૭) શનિવારે પૂર્વ દિશામાં ન જવું.

[બ] ઘરની બહાર નીકળતી વખતે શું ખાઈને નીકળવું
(૧) રવિવારે પાન અથવા ચોખા ખાઈને બહાર નીકળવું.
(૨) સોમવારે અરિસામાં-મોઢું જોઈને નીકળવું.
(૩) મંગળવારે મિષ્ટાન્ન અથવા ધાણા ખાઈને નીકળવું.
(૪) બુધવારે ધાણા અને ગોળ ખાઈને નીકળવું.
(૫) ગુરૂવારે દહીં અથવા ગોળ ખાઈને નીકળવું.
(૬) શુક્રવારે દહીં અથવા રાઈ ફાંકીને નીકળવું.
(૭) શનિવારે ઘી ચાખવું, પછી બહાર નીકળવું.

[ક] સોમવારે, ગરૂવારે કે શુક્રવારે બહારગામ અથવા યાત્રાએ જવા નીકળવું.

પ્ર : ૭૭ કપડાં અંગે કઈ બાબતની જાગૃતિ રાખવી જોઈએ ?

ઉ : ૭૭ કપડાં પહેર્યા વગર કોઈને ચાલતું નથી અને દરેક ભણેલો વર્ગ જાણે છે કે કપડાં વ્યક્તિત્વનાં પ્રભાવમાં એક અગત્યનું અંગ છે. આ કપડાં અંગે નીચે મુજબની ચાર પ્રકારની વ્યવહારિક જાગૃતિ રાખવાથી લાભ થશે.

[અ] **નવાં કપડાં સીવડાવવા આપવા અંગે.**

(૧) રવિવારે કપડાનું માપ લેવામાં આવે તો ખરાબ સમય લાવે છે.

(૨) સોમવારે કપડાનું માપ લેવામાં આવે તો ખાવા-પીવાની અને બીજી સગવડો સારી મળે છે.

(૩) મંગળવારે કપડાનું માપ લેવામાં આવે તો કપડાં બળી જાય કે ચોરાઈ જાય.

(૪) બુધવારે સીવડાવવા આપવાથી સુખ-શાંતિ વધે.

(૫) ગુરૂવારે સીવડાવવા આપવાથી શુકનવંતા નીવડે છે.

(૬) શુક્રવારે સીવવા આપવાથી કોર્ટના લફરાં વધે અને જેલમાં જવાનો પ્રસંગ બને.

(૭) શનિવારે સીવવા આપવાથી ખૂબ જ મુશ્કેલીઓ અને કમનસીબી ઊભી થાય છે.

[બ] **કપડાં પહેરવાની શરૂઆત ક્યારે કરવી (નવાં કપડાં)**

(૧) રવિવારે નવાં કપડાં પહેરવાની શરૂઆત કરતાં સુખ-શાંતિ સંતોષ વધશે.

(૨) સોમવારે પહેરવાની શરૂઆત કરતાં કપડાં જલ્દીથી ફાટી જાય.

(૩) મંગળવારે નવાં કપડાં પહેરવાની શરૂઆત કરતાં કપડાં બળી જવાની શક્યતા રહે છે.

(૪) બુધવારે નવા કપડા પહેરવાની શરૂઆત કરતા બીજાં નવા કપડાં જલ્દી સીવડાવાય છે.

(૫) ગુરૂવારે શરૂઆત કરવાથી સુંદર છાપ પડે છે.

(૬) શુક્રવારે નવાં કપડાં પહેરવાની શરૂઆત કરવાથી જ્યા સુધી કપડાં નવાં દેખાય ત્યાં સુધી સારો સમય જાય છે.

(૭) શનિવારે નવાં કપડાં પહેરવાની શરૂઆત કરવાથી માંદગી આવે છે.

[ક] **નવાં કપડાં પહેરવાની શરૂઆત કયા સમયે કરવી**

(૧) સવારમાં નવા કપડાં પહેરવાની શરૂઆત કરવાથી નસીબદાર ગણાય નાંણાનો ફાયદો થાય.

(૨) બપોરે ૧૨-૦૦ વાગ્યે પહેરવાથી પ્રતિભા વધે.

(૩) સૂર્યાસ્ત સમયે પહેરવા અશુભ ગણાય.

(૪) મોડી રાત્રે નવા કપડાં પહેરવાની શરૂઆત કરવાથી માંદગી આવે છે.

[ડ] **કયા દિવસે કયા રંગના કપડા પહેરવાં જોઈએ.**

(૧) રવિવારે - સફેદ (વાઈટ) બેકગ્રાઉન્ડ રંગનાં કપડાં.

(૨) સોમવારે - સફેદ (વાઈટ) બેકગ્રાઉન્ડ રંગનાં કપડાં.

(૩) મંગળવારે - લાલ બેકગ્રાઉન્ડ રંગ, ગુલાબી, રાની, કંકુ કલર, ગુલાલનો રંગ, મરૂન રંગના કપડાં.

(૪) બુધવારે - લીલા બેકગ્રાઉન્ડ રંગ, લીલો, ચટણી, પોપટી, બાટલી, પીસ્તા.

(૫) ગુરૂવારે - પીળા બેકગ્રાઉન્ડ રંગ, પીળો, ક્રીમ, લેમન, હળદર, ચંદન.

(૬) શુક્રવારે - વાદળી બેકગ્રાઉન્ડ રંગ, લાઈટ બ્લ્યુ, સ્કાય બ્લ્યુ, આસમાની, ગ્રે, મોરપિચ્છ, આછો વાદળી.

(૭) શનિવારે - કોઈ પણ ઘેરા રંગના કપડાં (ડાર્ક રંગનાં કપડાં).

નોંધ :- ઉપરોક્ત બાબતમાં સ્ત્રીઓએ ખાસ જાગૃતિ રાખવી જોઈએ તો તેઓને વ્યવહારમાં ઘણો લાભ થઈ શકે.

પ્ર : ૭૮ વ્યવહાર શુદ્ધિ એટલે શું ?

ઉ : ૭૮ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ના થાય તેનુ નામ વ્યવહાર શુદ્ધિ. શુદ્ધ વ્યવહાર નિર અહંકારી હોય જેમાં અહંકારનો છાંટો ય ના હોય એ શુદ્ધ વ્યવહાર. જે વ્યવહારમાં ક્રોધ, માન, માયા, લોભ ના વપરાય એ શુદ્ધ વ્યવહાર કહેવાય. શુદ્ધ નિશ્ચય જ્યાં આગળ છે ત્યાં બધો વ્યવહાર શુદ્ધ છે.

પ્ર : ૭૯ વ્યવહાર ચારિત્ર કોને કહેવાય ?

ઉ : ૭૯ દેહ ડાહ્યો થયો તેનુ નામ વ્યવહાર ચારિત્ર. વીતરાગ માર્ગમા હોય તેને વ્યવહાર ચારિત્ર કહેવાય. વીતરાગોને માન્ય રાખે ને બીજા કોઈને અન્યાય ના કરે, કોઈ ધર્મ પર, કોઈના પર દ્વેષ ના રહે ત્યારે વ્યવહાર ચારિત્ર કહેવાય. કોઈ ધર્મને પરાયો માનતો ન હોય છતાં વીતરાગ ધર્મને પોતાનુ ધ્યેય રાખતો હોય તેને વ્યવહાર ચારિત્ર કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો વ્યવહાર ચારિત્ર એટલે આ જગતના કોઈપણ ધર્મ પ્રત્યે કે સંમ્પ્રદાય પ્રત્યે તેને કિંચિંતમાત્ર પણ અભાવ કે તિરસ્કાર અથવા તો દ્વેષ ન હોય તેમજ દુનિયામાં પ્રવર્તતા જેતે ધર્મમાં શ્રદ્ધા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે પણ તેને અભાવ તિરસ્કાર કે દ્વેષ ન હોય. વીતરાગ ધર્મ જગતમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે, એવું પોતે જાણે છે, છતાં તેને અન્ય ધર્મો કે જેતે ધર્મમાં માનનારા વ્યક્તિઓ પ્રત્યે કોઈપણ સંજોગોમાં વિષમભાવ ઉત્પન્ન થતો નથી, તેજ સાચુ વ્યવહાર ચારિત્ર છે.

ૐ

ઓગણીસમું પ્રકરણ

સંસ્કાર, સરળતા, સૂઝ, સંતોષ, સુખ, સમતા, સંસાર, શોખ, શાંતિ

પ્ર : ૧ સંસ્કાર એટલે શું ?

ઉ : ૧ શબ્દો વિશેષ ભાવથી ગ્રહણ થાય અને તેથી જે અસર થાય એ સંસ્કાર. સંસ્કાર દૃઢ થતાં પ્રારબ્ધ થાય, જેને ભોગવવા નવો જન્મ લેવો પડે.

પ્ર : ૨ સંસ્કાર કોને કહેવાય ?

ઉ : ૨ નિરંતર સંસ્કરણ ક્રિયા થયા જ કરે તેનું નામ સંસ્કાર. જેને જોવા જાણવાથી અંદર શક્તિ ઉત્પન્ન થાય છે તે સંસ્કાર કહેવાય.

પ્ર : ૩ સંસ્કાર ક્યારે બદલાય ?

ઉ : ૩ રાતદિવસ પ્રશ્ચાતાપ કરે ત્યારે અગર તો "સ્વરૂપ જ્ઞાન" થાય ત્યારે સંસ્કાર બદલાય.

પ્ર : ૪ સરળ કોને કહેવાય ?

ઉ : ૪ સરળ એટલે જેને જેમ વાળે તેમ વળી જાય. જે વાત સમજ્યો હોય તેમાં પછી ફેરફાર ન કરે તે સરળ કહેવાય. સરળ એટલે સાચી વાત હોય ત્યાં તરત વળી જાય. આપણો આત્મા કબૂલ કરે એવી વાત હોય ત્યાં તરત વળી જાય, ત્યાં પકડી ના રાખે તે સરળ કહેવાય. ક્યાંય પક્કડ ના પકડે વાળો તેમ વળી જાય તેને સરળ કહેવાય. કપટ વગરનો માણસ તે સરળ હોય. સામાં માણસને આનંદ આપે તે સરળ પણ તે નિષ્પાપ આનંદ હોવો જોઈએ.

પ્ર : ૫ સરળતા શું છે ?

ઉ : ૫ કેટલાય અવતારની કમાણી હોય તો સરળતા ઉત્પન્ન થાય. સરળતા તો બહું ઊંચી વસ્તુ છે. વાંકા જોડે સરળ રહેવું એ કંઈ જેવી તેવી વસ્તુ નથી, એ સહેલી વસ્તુ નથી. વાંકા તો તમારી કમાણી ખોવડાવી નાંખવા ફરે છે માટે આપણે પોતાની સરળતા છોડવી નહીં લોકોને જે કહેવું હોય તે કહે.

પ્ર : ૬ નિખાલસ કોને કહેવાય ?

ઉ : ૬ નિખાલસ એટલે એકદમ પ્યોર માણસ હોય. નિખાલસને સંસારનો એક પણ વિચાર ના આવે, હૃદય એકદમ પ્યોર હોય. એ માણસ માણસ ના

હોય પણ સુપર હ્યુમન હોય ત્યારે જ નિખાલસ થાય. નિખાલસ તો એકદમ ખ્યોર ટ્રાન્સપેરન્ટ જેવો હોય કે જેને એક વિચાર પણ ઈમ્પ્યોર ના આવે. વિચારોમાં જ્યાં સુધી તન્મયાકાર થઈ જાવ છો ત્યાં સુધી ટ્રાન્સપેરન્ટ થાય નહીં. સ્વરૂપ જ્ઞાન મળ્યા પછી ધીમે ધીમે નિખાલસ થઈ શકાય.

પ્ર : ૭ નિર્મળ કોને કહેવાય ?

ઉ : ૭ વખાણ સાંભળીને જે અંદરથી સંકુચન પામે એને નિર્મળ કહેવાય. વખાણ સાંભળીને અહંકાર અંદરથી ફૂલીને ફાળકો થાય એની જગ્યાએ સંકુચન પામે એને નિર્મળ કહેવાય.

પ્ર : ૮ ભોળપણ કોને કહેવાય ?

ઉ : ૮ કોઈ અવળું કાનમાં રેડી જાય અને પોતે સાચુ માની જાય તે ભોળપણ કહેવાય. કાચા કાનનો હોય તેને ભોળપણ કહેવાય.

પ્ર : ૯ સૂઝ એટલે શું ? વિગતવાર સમઝાવો ?

ઉ : ૯ સૂઝ એ કુદરતી બક્ષિસ છે. સૂઝ તો પરમેનન્ટ વસ્તુ છે. સૂઝની આગળના અવતારોથી લીન્ક હોય છે. બીજી કોઈ ચીજ એવી નથી કે જેને માટે લીન્ક હોય. મહી એકદમ લાઈટ મારી દે, અને તેનાથી પ્રેરણા થાય છે એ લાઈટ થાય છે તે સૂઝ છે. આ મનુષ્યના શરીરમાં સૂઝ એકલી જ ડીસ્ચાર્જ નથી, બીજુ બધુ જ ડીસ્ચાર્જ છે. સૂઝ પોતે ચાર્જ નથી કરતી પરંતુ સૂઝમાંથી ઊભું થઈ જાય છે. સૂઝમાં અહંકાર ભેગો થવાથી પછી ચાર્જ ઊભું થાય છે. સૂઝ એટલે દર્શન. સૂઝ તો દરેકને સમસરણ માર્ગના માઈલે ઉત્પન્ન થતી કુદરતી બક્ષિસ છે. સૂઝ પાપ અને પુણ્યના ઉદયને આધારે બદલાતી રહે છે. પાપનો ઉદય આવે ત્યારે ખોટું સુઝે અને પુણ્યનો ઉદય આવે ત્યારે સાચું સૂઝે. જગતના સાયન્ટિસ્ટોને સૂઝમાં દેખાય. સુઝ તો મહા પુણ્યશાળીઓને હોય. મિથ્યાત્વમાં જ સૂઝ હોય અને સમકિતીને સૂઝ ના હોય એને દર્શન હોય અને આપણા મહાત્માઓને કેવળદર્શન હોય.

પ્ર : ૧૦ સૂઝ નામની શક્તિ ખીલે શેનાથી ?

ઉ : ૧૦ જેટલી ભૂલ ભાંગે તેમ સૂઝ ખીલતી જાય અને ભૂલ કબૂલ કરી લે અને માંફી માંગી લે ત્યારથી તો એ શક્તિ વધુ વધતી જાય.

પ્ર : ૧૧ સૂઝ બાબતે વૈજ્ઞાનિક ફોડ આપો ?

ઉ : ૧૧ કેટલાય અવતારોના અનુભવનું તારણ એટલે સૂઝ. સૂઝ હાર્ટમાંથી ઉત્પન્ન થાય છે. સુઝ એ કુદરતી બક્ષિસ છે. સૂઝ એ દર્શન છે, બુદ્ધિ નથી. ચિત્તશુદ્ધિના પરિણામે ઊંચી સૂઝ મળે. સૂઝ અંતે પરિણમે છે શુદ્ધ દર્શનમાં.

સૂઝ સર્વદર્શી બનાવે. સૂઝ જન્મથી જ હોય. સુઝ ફસામણમાંથી બહાર કાઢે. કોયડો આવે ત્યારે જરાક એકાગ્રતા કરો કે તરત મહી સૂઝ પડે. સૂઝ સડસડાટ મોક્ષે લઇ જાય.

પ્ર : ૧૨ સંતોષ કોને કહેવાય ? તૃપ્તિ એટલે શું ?

ઉ : ૧૨ સંતોષ એટલે સમતૃષ્ણા. સંતોષનો ખરો અર્થ જ સમતૃષ્ણા. રસ-રોટલી ખાવા મળે એટલે સંતોષ થાય પણ તૃપ્તિ ના થાય. ફરી ભોગવવાની ઈચ્છા ના થાય તેનું નામ તૃપ્તિ. સંતોષ એ તો પરિણામ છે. પૂર્વે સંતપુરુષોનું સાંભળેલું હોય તેના પરિણામે સંતોષ ઉત્પન્ન થાય. દૂધપાક પિધા પછી સંતોષ થાય પણ તેની ઈચ્છા ફરી રહે આને સંતોષ કહેવાય. લોભનો પ્રતિપક્ષી શબ્દ છે સંતોષ. પૂર્વ ભવમાં જગતનું જ્ઞાન સમજ્યો હોય તેને સંતોષ ઉત્પન્ન થયેલો હોય અને જ્યાં સુધી આ ના સમજ્યો હોય ત્યાં સુધી એને લોભ રહ્યા કરે. અનંત અવતાર સુધી પોતે ભોગવેલું હોય તે એનો સંતોષ રહે કે હવે કશી ચીજ જોઈએ નહી અને ના ભોગવેલું હોય તેને જાત જાતના લોભ પેસી જાય. ટૂંકમાં પોતે ભોગવેલું હોય છે પહેલા એટલે સંતોષ રહ્યા કરે. જબ આવે સંતોષ ધન, તબ સબ ધન ધૂળ સમાન આને ખરેખર સંતોષ કહેવાય. સંતોષ તો કરોડોમાં કોઈ એકાદ જીવને જ હોય. અપમાન કરે, માર મારે અને માન ના આપે તોય તેને સંતોષ રહે.

પ્ર : ૧૩ સંતોષ ક્યારે રહે ?

ઉ : ૧૩ વસ્તુ સ્થિતિમાં સંતોષ રાખ્યો રહે એવો નથી. તેમાંયે કોઈનો કહેલો રહે એવો નથી. સંતોષ તો જેટલું જ્ઞાન હોય તેટલા પ્રમાણમાં એની મેળે સ્વાભાવિક રીતે સંતોષ રહે જ. સંતોષ એ કરવા જેવી ચીજ નથી, એ તો પરિણામ છે. જેવી તમે પરીક્ષા આપી હશે તેવું પરિણામ આવશે એવી રીતે જેટલું જ્ઞાન હશે એટલું પરિણામે સંતોષ રહે. સંતોષ થવા માટે જ્ઞાનની જરૂર છે, જેમ જેમ જ્ઞાન સમઝણ આવે એટલે મન વાંધો ન ઉઠાવે એટલે સંતોષ થાય. સમજણથી સંતોષ રહે. જીવનમાં આવશ્યક કેટલું છે તે જાણી લેવાનું છે તે સમજી લેવાથી સંતોષ રહે.

પ્ર : ૧૪ સંપૂર્ણ સંતોષ ક્યારે થાય ?

ઉ : ૧૪ આ દુનિયામાં કોઇ પણ ચીજનુ અવલંબન ના લેવું પડે ત્યારે સંપૂર્ણ સંતોષ થાય. ક્યારેય કોઈ પણ વસ્તુનો સહારો ના લેવો પડે અને હૂંફ ના લેવી પડે ત્યારે સંપૂર્ણ સંતોષ થાય.

પ્ર : ૧૫ સમ્યક્ સંતોષ એટલે શું ?

ઉ : ૧૫ સમ્યક્ સંતોષ એટલે મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો ત્યાગ. કષાય અને લોભનો ત્યાગ તેનુ જ નામ સંતોષ છે.

પ્ર : ૧૬ સુખ કોને કહેવાય ?

ઉ : ૧૬ જે આવ્યા પછી ક્યારેય જાય નહીં એનુ નામ સુખ કહેવાય. બે દુઃખ વચ્ચેના ઈન્ટરવલને સુખ કહેવાય. સાચું સુખ તો એનું નામ કે જે એન્ડલેસ હોય. કોઈ પણ સંજોગોમા સુખ જાય નહીં એનુ નામ સુખ કહેવાય. એક વખત સુખ સ્પર્શી ગયું પછી દુઃખ ક્યારેય પણ ના આવે એનું નામ સુખ કહેવાય. સુખ તો પૈસાનો વિચાર ના આવે તેનું નામ સુખ. સુખ એનું નામ કહેવાય કે જેનો અંત ના આવે. જે સુખ આવ્યા પછી દુઃખ ના આવે એને સુખ કહેવાય. સાચું સુખ એટલે અંતરમાં દુઃખ ના થાય, કઢાપો અંજપો ના થાય; કલેશ-કકળાટ ના થાય, કોઈ દુઃખ સ્પર્શે નહીં. સુખ તો એને કહેવાય કે જેના આયા પહેલાં દુઃખ ના હોય અને જેના અંત પછી દુઃખ ના હોય. સુખ તો અનાદિ અનંત હોય અગર તો સાદિ અનંત હોય. કોઈપણ ઈચ્છા ના થાય અને કોઈનુંય અવલંબન ના લેવું પડે તે સુખ. જે નિરંતર ટકી રહે તેને સુખ કહેવાય. જેનો ક્યારેય અભાવ ન થાય તેને સુખ કહેવાય. સુખ એટલે નિરાકુળતા. સુખ તો એનું નામ કે ગમે તેટલું વધે તોય કંટાળો ના આવે. મન બુમો પાડતું અટકે તેનું નામ સુખ. સુખ પછી દુઃખ આવે જ નહીં તેનું નામ સાચું સુખ. ગાળો ભાંડે તોય તે સુખ ના જાય તેનું નામ સુખ કહેવાય. દુઃખમાં સુખ રહે તેનું નામ સાચું સુખ.

પ્ર : ૧૭ સનાતન સુખ કોને કહેવાય ?

ઉ : ૧૭ સંસારી દુઃખનો અભાવ એનું નામ સનાતન સુખ. જે સુખને માટે કોઈ પ્રયત્ન આપણે ના કરવો પડે, કોઈ પણ જગ્યાએ સહજ રીતે પ્રાપ્ત થયા કરે અને નિરંતર રહ્યા કરે તથા દુઃખ જોવામાં જ ના આવે એનુ નામ સનાતન સુખ.

પ્ર : ૧૮ કલ્પિત સુખ કોને કહે છે ? તે કોની ભજનાથી મળે ?

ઉ : ૧૮ જે સુખની પાછળ દુઃખ આવે તેનું નામ કલ્પિત સુખ. ઈચ્છિત ઈન્દ્રિય સુખો મળે તેને કલ્પિત સુખ કહે છે. પૈસો, સ્ત્રી, માન, પ્રતિષ્ઠા અને સત્તા આ પાંચ પ્રકારના કલ્પિત સુખો નારાયણની ભજનાથી પ્રાપ્ત થાય છે.

પ્ર : ૧૯ ત્રણ પ્રકારનાં સુખ ક્યાં ક્યાં ?

ઉ : ૧૯ (૧) **ઈન્દ્રિય સુખ :** પંચેન્દ્રિયોથી જે વિષયો ભોગવે છે તેને ઈન્દ્રિય સુખ કહેવાય. ગધ્ધા મસ્તાનીને ઈન્દ્રિય સુખ કહેવાય. જગત આખું એમા રાચી રહ્યુ છે. બહાર હીમ પડે તો ઈન્દ્રિય સુખવાળો પાંચ પાચં મિનિટે બરાડી ઉઠે "ઓ બાપરે મરી ગયો રે, આ ટાઢમાં તો હું મરી ગયો રે" અને સવારમાં ખરેખર તે મરી ગયેલો હોય.

(૨) **નિરિન્દ્રિય સુખ :** ઇન્દ્રિય સુખની ડાળ છોડી દીધી અને અતિન્દ્રિય સુખ હાથમાં આવ્યું નથી તે અધવચ્ચે લટક્યાં. અહંકારની મસ્તીમાં જ રહ્યા કરે, લોકો બાપજી બાપજી કરે અને બાપજી ગધ્ધા મસ્તાનીમાં રહે. બહાર હીમ પડે તો થોડી થોડી વારે બોલે "અબે સાલી ઠંડી બહુત હૈ પર છીટ મેરે કો કહાં લગતી હૈ, યે કહાં લગતી હૈ, યે તો દેહકો લગતી હૈ" એમ કહીને અહંકારમાં આખી રાત કાઢે અને સવારે જુઓ તો આખુ શરીર ઠંડુ પડી ગયું હોય પણ મુઆના ધીમા ધીમા શ્વાસ ચાલતા હોય, સંન્યાસી ત્યાગીઓ એ બધા આ નિરિન્દ્રિય સુખમાં પડેલા છે.

(૩) **અતિન્દ્રિય સુખ :** અતિન્દ્રિય સુખ તે કેવળ પોતાના આત્માનું અનંત સુખ. એ તો આત્મા જાણ્યા વગર ઉત્પન્ન થાય જ નહીં. બહાર હીમ પડવા માંડે એટલે એ પોતે પોતાની જ્ઞાન ગુફામાં (આત્મામાં જ) પેસી જાય. સપૂર્ણ દેહથી છૂટો રહે. આખી રાત પોતાના અનંત સુખના ધામમા જ રહે અને સવાર પડે ચાલતી પકડે.

પ્ર : ૨૦ સુખી કોણ કહેવાય ?

ઉ : ૨૦ બધી જ જરૂરિયાતની વસ્તુ આ જગતમાં મળ્યાં કરે તે સુખી. જેને ફાળ પડે તેવો પ્રસંગ જ ના આવે તે સુખી.

પ્ર : ૨૧ આનંદના કેટલા પ્રકાર છે ?

ઉ : ૨૧ (૧) સ્વરૂપાનંદ (૨) રૂપાનંદ (૩) પરમાનંદ (૪) આત્માનંદ.

પ્ર : ૨૨ સુખ દુઃખને ભગવાન શું કહે છે ?

ઉ : ૨૨ આખા જગતે જેને સુખ દુઃખ કહ્યું છે તેને ભગવાન શાતા વેદનીય અને અશાતા વેદનીય કહે છે. બંનેવ વેદનીય ને લોકો સુખ માની બેઠા છે. સુખ તો કોને કહેવાય કે ગમે તેટલું ભોગવવામાં આવે છતાંય ભરાવો ના થાય, કંટાળો ના આવે. વેદનીય એટલે દુઃખ.

પ્ર : ૨૩ ખરું સુખ કોને કહેવાય ?

ઉ : ૨૩ ચિતની પ્રસન્નતાને ખરું સુખ કહેવાય. કોઈ ગાળ ભાંડે ગજવુ કાપે તોય ચિત - પ્રસન્નતા ના જાય. રાતે બે વાગેય ચિત પ્રસન્નતા ના જાય એનું નામ ખરું સુખ કહેવાય.

પ્ર : ૨૪ સમતા એટલે શું ?

ઉ : ૨૪ સમતા એટલે ફૂલ ચઢાવે તેની પર રાગ નહીં અને પત્થર મારે તો તેના પર દ્વેષ નહીં, ઉપરથી એને આશીર્વાદ આપે તે સમતા કહેવાય. સમતા એ મનની સ્થિતિ છે. સમતા એ જ્ઞાનથી ઉત્પન્ન થનારો સ્વભાવ છે. આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હોય અને ખુબ જાગૃતિ હોય ત્યારે સમતા રહે. સંસારી આસક્તિ તૂટતી જાય તેમ તેમ સમતા આવતી જાય. ટૂંકમાં સમતા એટલે વીતરાગતા. સમતા સમ્યક જ્ઞાનનો માપદંડ છે. સમતા શાશ્વતં સહજાનંદનું મંદિર છે. સમતા શુદ્ધાત્માનું સ્વરૂપ છે. સમતા એ મુક્તિ મહેલનું એક પ્રવેશદ્વાર છે.

પ્ર : ૨૫ સમતા અને સમભાવમાં ફેર શું ?

ઉ : ૨૫ ઘણો ફેર છે. સમભાવ એટલે રાગની જગ્યાએ રાગ ના થાય અને દ્વેષની જગ્યાએ દ્વેષ ન થાય તે સમભાવ. સમભાવે નિકાલ નથી થતો તે જાણવુ એનું નામ જ સમભાવ. સમભાવ એટલે આ ત્રાજવુ આ બાજુ નમ્યું એટલે બીજી બાજુ થોડું કશુક નાંખીને સરખું કરે તે પણ આ દેડકાની પાંચશેરી કેટલો વખત ટકે તેના જેવું છે. છતાંય સમભાવને ઉત્તમભાવ ગણ્યો છે, કારણ કે બેલેન્સ રાખવા પ્રયત્ન કરે છે. જ્યારે સમતા એટલે તો ફુલ ચઢાવે તેની પર રાગ નહી અને ગાળો દે તેના પર દ્વેષ નહી ઉપરથી એને આશીર્વાદ આપે. સમભાવ કરતા સમત્તા એ ઘણી ઊંચી વસ્તુ છે.

પ્ર : ૨૬ સમતાધારી પુરુષ કોને કહેવાય ?

ઉ : ૨૬ ચેતન અને અચેતન પદાર્થો વડે જેનું મન મોહ પામતું નથી. બાહુ ઉપર ગોશીર્ષચંદનનો લેપ કરે અથવા ખડગથી તેનો છેદ કરે તો પણ જેની મનોવૃત્તિ ભેદાય નહી તે સમતાધારી છે. સ્તુતિ કરનાર તથા પ્રેમ રાખનાર અને ક્રોધાંધ તથા ગાળો આપનાર ઉપર જેનું ચિત્ત સમાન વર્તે છે તે પુરુષ સમતાધારી છે. જેના કંઠમાં સર્પ નાંખે કે મંદાર પુષ્પની માળા પહેરાવે તથાપિ જેને પ્રીતિ કે અપ્રીતિ થતી નથી તે ખરેખર સમતાધારી પુરુષ છે.

પ્ર : ૨૭ સંસાર એટલે શું ?

ઉ : ૨૭ મનમાં તન્મયાકારપણું એ સંસાર. સંસાર એટલે સામસામી હિસાબ ચૂકવવાનું સ્થળ. સંસાર એટલે જંજાળ. માછલાની જાળમાંથી તો કાપી કરીને નિકળાય પણ ખરું પણ આમાંથી નીકળાય જ નહીં, ઠેઠ નનામી

નીકળે ત્યારે નીકળાય. મરવાય નથી દેતા અને જીવવાય નથી દેતા એનું નામ સંસાર. સંસાર એટલે સજ્જનો અને દુર્જનોનું મિશ્રણ. એક આંટી ગુંચ કાઢવા માટે બીજી નવી નવ આંટી પાડે તેનું નામ સંસાર. પોતે જ બાંધે અને પોતે જ તોડે તેનું નામ સંસાર. સંયોગોમાં તન્મયતા કરી એનું નામ સંસાર. સંસાર એ તો બધો હિસાબ ચૂકવવાનું કારખાનું છે. સંસાર એટલે ઊંઘમાં ચાલતો વ્યવહાર. સંસાર એટલે મોટા માણસની શોકસભા ભરે અને નાના માણસની કાંણ કરે એનું નામ સંસાર. સંસાર એટલે પોતાનાં સ્વરૂપની બહારની ભાંજગડ. સંસાર એટલે સંકલ્પ - વિકલ્પનું કારખાનું. પોતાની મેળે પોતાનું જાળું ઊભુ કરવું અને તેમાં સપડાવું તે વિકલ્પ, અને તે જાળમાં તન્મયાકાર થવું તે સંકલ્પ. આપણા ધાર્યા પ્રમાણે ન થાય તેનું નામ સંસાર. સંસાર એટલે આકુળતા-વ્યાકુળતા. બનેવી થવું છે અને કોઇના સાળા થવું ગમતું નથી તેનું નામ સંસાર. સંસાર એટલે ગરજા-ગરજીના સોદા. સંસાર એટલે ઘર્ષણનું કારખાનું. સંસાર એટલે કચકચનું કારખાનું. સંસાર એટલે મુશ્કેલીઓનું જ સંગ્રહસ્થાન. સંસાર એટલે વિષયોનો સાગર. સંસાર એ તો નવા નવા રોગો ઉત્પન્ન કરવાનું કારખાનું છે. સંસાર એટલે ઇન્દ્રિય સુખનું બજાર. ઇચ્છા પ્રમાણે ના થાય તેનું નામ સંસાર. સંયોગો અને આત્મા તેનું નામ સંસાર. સંસાર એટલે ડીસ્ટર્બન્સનું કારખાનું. સંસાર એટલે સ્વયમ ભરહાડ તે એની મેળે જ સળગે અને તે ના થાય રાખ કે ના થાય કોયલો (કોલસો). સંસાર એટલે ભાંગફોડ. પરસ્પર ટેકો કરો અને મદદ કરો એનું નામ સંસાર. વા વાયાથી નળિયું ખસ્યુ અને તે દેખીને કૂતરું ભસ્યું, કોઇ કહે મે દીઠો ચોર ને ત્યાં થયો શોરબકોર એનું નામ સંસાર. સંસાર એટલે પરવશતાનું સંગ્રહસ્થાન. સંસાર એટલે રૉન્ગ બિલીફોનું (અજ્ઞાન માન્યતાઓનુ) પઝલ. આ વ્યવહારમાં જેટલા જીવો છે તે તેટલા જ રહે છે એમાં વધઘટ કશું થતું નથી, એનું નામ સંસાર કહેવાય. આંધળો વણે અને વાછરડો પાછળ ચાવ્યા કરે એનું નામ સંસાર. હીતાહીતનું ભાન નથી, હંમેશા અહિતને જ નોતરે તેનું નામ સંસાર. મોજા ચઢાવેલા ઉતારવા પડે છે, તેનું નામ સંસાર. સંસાર એટલે સંસરણ. નિરંતર પરિવર્તન થયા જ કરે તે સંસાર. બે વિરોધાભાસી બળો સામા-સામી કામ કરે તેનું નામ સંસાર. એક વાત અવળા રૂપે સમજવી અને એવેજ રૂપે દેખવી એનું નામ સંસાર. નથી ગમતું છતાં કરવું પડે છે તેનું સંસાર. સંસાર એટલે ભાંગફોડ, ભાંજગડ અને ઘડભાંજ. બળપૂર્વક સંજોગો ભેગા કરવા જવું તેનું નામ સંસાર. આ

મારું છે અને આ તારું છે એનું નામ જ સંસાર. સંસાર એટલે સમસરણ માર્ગ. અવસ્થાઓમાં તન્મયાકાર એનું નામ સંસાર. માંડે ત્યારે વાંજા વાગે અને રાંડે ત્યારે કકળાટ માંડે, તેનું નામ સંસાર. પુદ્ગલ પરીણામમાં તન્મયાકાર થયો તેનું નામ સંસાર. અણસમજણ એનું નામ સંસાર. સંસાર એટલે ચિંતાનો ટોપલો. કષાયભાવ એનું નામ જ સંસાર. હિંસકભાવ એનું નામ જ સંસાર. આપણા અહંકારને તોડવાનું સાધન તેનું નામ સંસાર.

પ્ર : ૨૮ સંસાર શું છે ?

ઉ : ૨૮ સંસાર એ ઝઘડાનું સંગ્રહસ્થાન છે. ગમવું અને ન ગમવું, ગમો અને અણગમો તે જ સંસાર. પાણીને ગરમ કરવું તેનું નામ સંસાર. સ્વરૂપનું બેભાનપણું એજ સંસાર છે. સંસાર એ ભટકવાનો માર્ગ છે. મમતા એજ સંસાર છે. મૂળ પ્રકૃતિની વિરૂદ્ધ વર્તવું એનું બીજું નામ સંસાર છે. સંસાર એટલે બુદ્ધિનો ડખો. બુદ્ધિના ડખા પરિણામ એનું નામ સંસાર. સંસાર દુઃખનો સમુદ્ર છે. સંસાર નરી ફસામણ છે. દેખાવમાં આકર્ષક લાગે પણ મહીં પેંઠા પછી છુટાય જ નહીં. કાદવમાં ફસાયા હોય તો બહાર નીકળાતું નથી જેમ પ્રયત્ન કરે તેમ કાદવમાં વધારે ઊંડો ઊતરતો જાય. સંસાર એટલે ઉપાધિ. સંસાર એ ઉપાધિનું સંગ્રહસ્થાન છે. સંસાર તો ભઠ્ઠી છે. સંસાર તો પરક્ષેત્ર છે. સંસાર એ તો વગર મહેનતનું ફળ છે. સંસાર સ્વાર્થનો મધપૂડો છે, છળ, કપટ અને ચાલાકીનો ચોતરો છે, તેમજ કુનેહ અને કાવાદાવાનું કારખાનું છે. સંસાર સ્વાર્થનો સગો છે. સંસાર એ તો ઉકળતુ સીસાનું આંધણ છે.

પ્ર : ૨૯ શ્રીમદ્ રાજચંદ્રે (કૃપાળુદેવે) સંસાર માટે શું લખ્યું છે ?

ઉ : ૨૯ સંસાર કેવળ અશાતામય છે.

પ્ર : ૩૦ આ સંસાર શાનું ફળ છે ?

ઉ : ૩૦ આ સંસાર અડપલાં કર્યાનું ફળ છે.

પ્ર : ૩૧ સંસારનું રૂટ કોઝ શું ?

ઉ : ૩૧ સંસારનું રૂટ કોઝ તે રાગ-દ્વેષ. રાગ-દ્વેષનું રૂટ કોઝ તે અંહકાર અને મમતા. અંહકાર તથા મમતાનું રૂટ કોઝ તે અજ્ઞાનતા. પોતે કોણ છે એનું ભાન નથી એ જ અજ્ઞાનતા. સંસારનું રૂટ કોઝ દર્શન મોહ છે. દર્શન મોહ અહંકાર સ્વરૂપે છે. દર્શન મોહ એટલે પોતે પોતાની વિસ્મૃતિ થઇ ગઇ એનાથી ઊભું જે થયું એ મોટી ભૂલ. એ ભૂલને લઇને સંસાર ઊભો રહ્યો છે. દર્શન મોહ એટલે હું ઇન્દુભાઇ જ છું એ નક્કી છે એ જ દર્શન મોહ. જ્યાં પોતે છે તે જાણતો નથી અને જ્યાં નથી ત્યાં આરોપ

કરે છે એ જ દર્શન મોહ. દર્શન મોહ એટલે ઊંઘાડી આંખે અંધ.

પ્ર : ૩૨ સંસારનું સ્વરૂપ શું છે ?

ઉ : ૩૨ સંસાર એ મૂળ સંસરણ ઉપરથી આવેલો શબ્દ છે. નિરંતર પરિવર્તનશીલ જે છે તેનું નામ સંસાર અને દરેક જીવ આ સંસરણ માર્ગ ઉપર નિરંતર ચાલ્યાજ કરે છે અને ઊર્ધ્વતાને પામે છે. સંસાર એ રિલેટીવ વસ્તું છે. ટેમ્પરરી છે. સંસાર આખો દગો છે, એમાં કોઇ આપણો સગો નથી. શક્કરિયા બાફવાની જગ્યા તે સંસાર છે. સંસાર તો પ્રત્યક્ષ અગ્નિ છે. સંસાર એટલે કે જેની સો ટકા અંધકારમાંથી શરૂઆત થાય છે અને તે સો ટકા પ્રકાશમાં પૂર્ણતા પામે છે ત્યાં સુધીનો લાંબો રોડ છે અને સો ટકા પ્રકાશે પહોંચવાનું તેનું નામ મોક્ષ. સંપૂર્ણ અંધકાર(નીગોદ)થી બહાર નીકળે છે, એટલે કે વ્યવહાર રાશિમાં અર્થાત્ ચોરાસી લાખ યોનિમાંથી ગમે તે એક યોનિમાં પ્રવેશ પામે છે. આ થ્રુ રોડ ઉપર એકાદ બે જીવ જ સીધા સંપૂર્ણ પ્રકાશે પહોંચે છે એટલે કે મોક્ષ સુખને પામે છે, બાકીના બીજા બધાં જ જીવો આડફંટા રોડમાં પ્રવેશ પામી ચોરાસી લાખ યોનિમાં ભટક ભટક કર્યા કરે છે. આ રોડની સમજનું વર્ણન કરવા માટે ભગવાનને ત્રણ દિવસ લાગ્યા હતા. જેનું પઠન કરતાં સાધુઓને અઢાર દિવસ લાગે છે. છીનવીને છેતરીને ગમે તે રીતે કોઇનું કંઇ લઇ લેવું તે મોક્ષના વિરોધનો માર્ગ છે. સંસાર ભટકવાનો માર્ગ છે આડફંટા રોડો ઉપર કમાણીનો ધંધો નથી, નર્યો ખોટનો જ ધંધો છે તમને ઠીક લાગે તો જજો.

પ્ર : ૩૩ સંસાર કોના જેવો છે ?

પ્ર : ૩૩ સંસાર ઘોડા જેવો છે અને સંસારીઓ એ ઘોડા ઉપર બેઠેલા મિયાંભાઇ જેવા છે. ઘોડાને નિર્બળ (દુર્બળ) જાણી મિયાંભાઇ ઊંચા શ્વાસે ઘોડા ઉપર બેસે છે. રસ્તામાં લાલચ આપનારો મળ્યો કહે છે કે ભાઇ ઘોડા માટે આટલું ઘાસ લઇ જાવ. ઘાસ આપનાર મળ્યો અને લાલચથી ઘાસનો ભારો લીધો અને પોતાને માથે ઘાસનો ભારો મૂકે છે તે ઘોડાના સુખ માટે પણ આ ગણત્રી ખોટી છે ભાર તો છેવટે ઘોડા ઉપર જ જાય છે. તેમ તમે બધો ભાર સંસાર ઉપર જ નાંખો. મગજ ઉપર બોજો લઇને ફરશો નહીં, અંતે તો ભાર સંસાર ઉપર જ જવાનો છે. માટે ઊંચા શ્વાસે બેસશો નહીં. ઊંચા શ્વાસે ના જીવશો. આ તો ક્ષેત્રજ્ઞ પુરુષ પરક્ષેત્રે બેઠો છે.

પ્ર : ૩૪ સંસાર કેવો છે ?

ઉ : ૩૪ જેનું મોઢુ જોવું ના ગમે તેને એકના એક પુત્ર રૂપે ચાટવો પડે તેવો આ સંસાર છે. હીમ પડે તેવી ઠંડી રાત અને પાછા અગાસીના મહેમાન અને ઓઢવાનું ટુંકુ-ટચ, તે માથે ઓઢવા જાય ત્યારે પગ ઉઘાડા રહે અને પગ ઢાંકવા જાય ત્યારે માથું ઉઘાડુ રહે તેવો આ સંસાર છે.

પ્ર : ૩૫ સંસારી કોને કહેવાય ?

ઉ : ૩૫ આ દુનિયામાં જે સંડાસ જાય ને એ બધાંય સંસારી. જેને સંડાસ જવાની જરૂર પડે અને જે સંડાસ ખોળે એ બધા જ સંસારી કહેવાય. આ દેહ મારો છે એ ભાન જેને રહે છે તે બધા સંસારી. જેને રાગ-દ્વેષ અને કષાયો હોય તે બધા સંસારી. ક્રોધ, માન, માયા લોભના સંયમ પરિણામ ના હોય તે બધા સંસારી. ત્યાગ કરીને સંયમ ના હોય તે સંસારી. આ સંસરણ માર્ગમાં જેટલા છે તે બધા જ સંસારી કહેવાય. જેની મુક્તિ થઇ નથી તે બધા જ સંસારી. સંસરણ માર્ગ જેને વ્યવહાર માર્ગ કહે છે. આ અવ્યવહાર માર્ગમાંથી (નિગોદમાંથી) આવે છે. સંસરણ માર્ગ એટલે નિરંતર પરિવર્તન થયા કરે. એક ઇન્દ્રિયથી તે પાંચ ઇન્દ્રિય સુધીના બધા જ જીવ સંસારી છે. અસંસારી તો ઉપર સિદ્ધ ક્ષેત્રમાં છે તે સિદ્ધ ભગવાન.

પ્ર : ૩૬ કયા ટેકાથી સંસાર ઊભો છે ?

ઉ : ૩૬ (૧) પેંતરો (૨) કિમિયો (૩) ટ્રિક અને (૪) કષાય (ક્રોધ, માન, માયા, લોભ) આ ચાર ટેકાથી સંસાર ઊભો રહ્યો છે.

પ્ર : ૩૭ સંસારમાં કેટલા પ્રકારના તાપ છે ?

ઉ : ૩૭ સંસારમાં પચ્ચીસ (૨૫) પ્રકારના તાપ છે. ઉતાપ, સંતાપ, કુતાપ, પશ્ચાત્તાપ, તાપ, વલોપાત વગેરે પચ્ચીસ પ્રકારના તાપ છે.

પ્ર : ૩૮ સંસારનો સાર શું ?

ઉ : ૩૮ મોક્ષે જવું એ જ સંસારનો સાર છે. આત્મજ્ઞાન જાણવું એ જ સાર છે.

પ્ર : ૩૯ સંસાર વૃક્ષનું ધોરી મૂળ શું ?

ઉ : ૩૯ અહંકાર. સંયોગોના દબાણથી અદર્શન ઊભુ થાય છે અને અદર્શનથી અહંકાર ઊભો થઇ જાય છે.

પ્ર : ૪૦ સંસારમાં લપસાવનારી ચીજ કઇ છે ?

ઉ : ૪૦ કચકચ, એ જ સંસારમાં લપસાવનારી ચીજ છે.

પ્ર : ૪૧ સંસારમાં મોટામાં મોટું અટકણ કયું ?

ઉ : ૪૧ સંસારના સર્વ રસોમાં મીઠો અને મધુરો ગર્વરસ સંસાર પરિભ્રમણ કાજે મોટામાં મોટું અટકણ છે.

પ્ર : ૪૨ સંસારમાં બાધક શું છે ?

ઉ : ૪૨ કષાયો (ક્રોધ, માન, માયા, લોભ).

પ્ર : ૪૩ સંસારમાં અટકાવનારી કઈ વસ્તુ છે ?

ઉ : ૪૩ વાંધા અને વચકા સંસારમાં અટકાવનારી વસ્તુ છે.

પ્ર : ૪૪ સંસારમાં શેને લઈને ભટકવું પડે છે ?

ઉ : ૪૪ પરધન અને પરસ્ત્રીને લઈને જ આ સંસારમાં ભટક ભટક કરવું પડે છે.

પ્ર : ૪૫ સંસારમાં મોટામાં મોટું નુકશાન કરનાર કોણ ?

ઉ : ૪૫ અહંકાર.

પ્ર : ૪૬ સંસાર શાનાથી ઊભો છે ?

ઉ : ૪૬ ક્લેશથી, મનના રોગોને લઈને સંસાર ઊભો રહ્યો છે.

પ્ર : ૪૭ સંસારના ભેદનું કારણ શું છે ?

ઉ : ૪૭ મત એ જ સંસારના ભેદનું કારણ છે. મતભેદ પડે ત્યાં આપણે સમજી લેવું કે આપણે ભીંત જોડે અથડાયા છીએ. મતભેદ પડે તો ત્યારે આપણે છોડી દેવું. મતભેદ ત્યાં આપણી પોતાની જ ભૂલ છે, એમ માનશું ત્યારે જગતનો છેડો આવશે. મતભેદ એટલે જ અહંકારની હાજરી.

પ્ર : ૪૮ સંસારનું બેઝમેન્ટ શું છે ?

ઉ : ૪૮ સંસારનું બેઝમેન્ટ દ્વેષ છે.

પ્ર : ૪૯ સંસારમાં અડચણ કેમ પડે છે ?

ઉ : ૪૯ સ્વચ્છંદ કરેલા તેથી અડચણ પડે છે.

પ્ર : ૫૦ નરસિંહ મહેતા સંસાર અંગે શું કહે છે ?

ઉ : ૫૦ સંસારમાં સરસો રહે અને મન મારી પાસ સંસારમાં લેપાય નહિ તે જાણ મારો દાસ.

પ્ર : ૫૧ સંસાર રમણીય બનાવવો હોય તો શું કરવું ?

ઉ : ૫૧ ધન અને વીર્યની કરકસર કરજો.

પ્ર : ૫૨ સંસારી ઘેલછા કોને કહેવાય ?

ઉ : ૫૨ તપ કે ત્યાગના ગમે તે એક ખૂણામાં પડી રહ્યો હોય તે સંસારી ઘેલછા કહેવાય. ઘેલછા એ જ અટકણ છે.

પ્ર : ૫૩ સંસારી જાગૃત્તિ કોને કહેવાય ?

ઉ : ૫૩ ઘરમાં ક્લેશ થવાનો પ્રસંગ જ આવે નહીં એ સંસારી જાગૃત્તિ. ક્લેશ થવાનો પ્રસંગ જ ઊભો ના થવા દે તેનું નામ સંસારની જાગૃત્તિ.

પ્ર : ૫૪ સંસારની અખંડ જાગૃત્તિ કોને હોય ?

ઉ : ૫૪ સંસારની અખંડ જાગૃત્તિ મારવાડીને હોય અને આત્માની અખંડ જાગૃત્તિ જ્ઞાનીને હોય.

પ્ર : ૫૫ સંસારમાં સુખ ક્યારે મળશે ?

ઉ : ૫૫ સંસારમાં સુખ હોય જ નહીં પણ ભગવત ઉપાય લો તો કંઇક શાંતિ લાગે અને જ્ઞાન ઉપાયથી કાયમની શાંતિ રહે. અત્યારે ૯૯% દુઃખ અને ૧% સુખ છે. સતયુગમાં ૯૯% સુખ અને ૧% દુઃખ હતુ.

પ્ર : ૫૬ સંસારમાં સુખી થવા માટે નો રસ્તો શું ?

ઉ : ૫૬ નોર્માલિટી, ખાવામાં, પીવામાં, હરવામાં, ફરવામાં, સૂવામાં કામકાજ કરવામાં પ્રત્યેક ચીજ વસ્તુમાં નોર્મલ રહે તો દુઃખ નથી.

પ્ર : ૫૭ કોનો સંસાર આથમી ગયો કહેવાય ?

ઉ : ૫૭ જેને મનથી કોઇપણ પ્રકારનો ક્લેશ થતો નથી તેનો સંસાર આથમી ગયો. કરનારો અહંકાર અને જાણનારો શુદ્ધાત્મા આટલા જ ભેદ જે પામી ગયો તેનો સંસાર આથમી ગયો. નોંધ નહીં રાખો એટલે સંસાર આથમી જશે.

પ્ર : ૫૮ સંસારનો અંત ક્યારે આવે ?

ઉ : ૫૮ સંકલ્પ-વિકલ્પનો અંત આવે એનું નામ જ સંસારનો અંત. હું માવશીભાઇ છું એ વિકલ્પ અને આ મારો બંગલો છે તે સંકલ્પ.

પ્ર : ૫૯ સંસાર છુટે ક્યારે ?

ઉ : ૫૯ કોઇનોય દોષ ના દેખાય ત્યારે.

પ્ર : ૬૦ આ સંસાર સાગર તરવા માટેનું શ્રેષ્ઠ સાધન કયું છે ?

ઉ : ૬૦ આ સંસાર સાગર તરવા માટે જ્ઞાનીપુરુષ માત્ર સાધન છે.

પ્ર : ૬૧ સંસારનો નાશ શેનાથી થાય ?

ઉ : ૬૧ અતિક્રમણથી આ સંસાર ઊભો થયેલો છે અને પ્રતિક્રમણથી નાશ થાય.

પ્ર : ૬૨ સંસારમાંથી કઇ વસ્તુ મુક્તિ અપાવી શકે ?

ઉ : ૬૨ જ્ઞાનીનું સતત નિદિધ્યાસન, સ્મરણ તથા સ્વરમણતા આ ત્રણ વસ્તુ સંસારમાંથી મુક્તિ અપાવી શકે તેમ છે.

પ્ર : ૬૩ સંસારમાં ડેવલપ થયો ક્યારે ગણાય ?

ઉ : ૬૩ સંસારમાં ઇન્ટરેસ્ટ ઓછો આવે તો તે ડેવલપ થયેલો ગણાય.

પ્ર : ૬૪ સમશ્રેણી એટલે શું ?

ઉ : ૬૪ સંસારનું ત્રાજવું નમે નહીં અને નિશ્ચયનું ત્રાજવું ઉંચુ જાય નહીં તે સમશ્રેણી. પોતાનું સુખ સમશ્રેણીમાં છે. વ્યવહારપક્ષી થાય તો નિશ્ચયનું કાચું પડી જાય. બેમાંથી કોઇ એક પાસુ વધે તે વિષમ શ્રેણી કહેવાય.

પ્ર : ૬૫ સંસાર બંધ કરવાનો ઉપાય શું ?

ઉ : ૬૫ ભગવાન શું કહે છે કે સંસાર બંધ કરવો હોય તો આરોપ આપવાનું બંધ કર. હું મુળજીભાઇ છું એ જ આરોપ છે.

પ્ર : ૬૬ સંસાર નાશ શાંનાથી થાય ?

ઉ : ૬૬ નિસ્વાર્થ અને સાચા પ્રેમથી સંસાર નાશ થાય અને ઐશ્વર્ય પ્રાપ્ત થાય.

પ્ર : ૬૭ આ સંસાર સંઘર્ષનો અંત ક્યારે આવે ?

ઉ : ૬૭ જ્ઞાની પુરુષ પાસેથી જ્ઞાન મળે ત્યારે.

પ્ર : ૬૮ સંસાર રોગ નિર્મૂળ કરવો હોય તો શું કરવું ?

ઉ : ૬૮ એક ભવ જ્ઞાનીની અધીનતામાં કાઢવો તેમનાથી જુદી દડુંકી ના વગાડવી.

પ્ર : ૬૯ કોણ સંસાર તરી ગયો ?

ઉ : ૬૯ જે એડજસ્ટ એવરી વ્હેઅર થતા શીખી ગયો તે સંસાર તરી ગયો.

પ્ર : ૭૦ સંસારમાંથી નીકળવાની ચાવી શું ?

ઉ : ૭૦ સંસાર એટલે સામ-સામી હિસાબ ચૂકવવાનું સ્થળ એમાં ક્યાંય કોઇની જોડે વેર ના બંધાય એટલું જ જોઇ લેવાનું છે. સમભાવે નિકાલ કરવો એ મોટામાં મોટી ચાવી છે, નિર્વેર રીતે નીકળી જવાની.

પ્ર : ૭૧ સંસારમાંથી છૂટવું હોય તો ઘરમાં કેવી રીતે વર્તવું ?

ઉ : ૭૧ ઘરમાં આપણે આપણું ચલણ ના રાખવું. જે માણસ ચલણ રાખે તેને ભટકવું પડે. ઘરમાં વાઇફ જોડે ફ્રેન્ડ તરીકે રહેવાનું. સમભાવે નિકાલ કરવાનો અને એડજસ્ટ થઇ જવાનું. કોઇ પૂછે તો કહેવાનું કે ઘરમાં ચલણ તો વાઇફનું જ છે અને તેના માટે ભાવના ભાવવી કે હે દાદા ભગવાન મારી વાઇફને સદ્બુદ્ધિ આપજો આપણે અથડામણમાં આવવું નથી એવું નક્કી રાખવું. ભગવાનને સતત પ્રાર્થના કર્યા કરવી "હે ભગવાન જ્ઞાન તમારું અને ક્રિયા મારી" તોય કામ થઇ જાય તેમ છે.

પ્ર : ૭૨ સંસાર વ્યવહાર કરતાં શુદ્ધ આત્મા હેતુ કેવી રીતે જાળવી રાખવો ?

ઉ : ૭૨ શું બને છે તેને જોયા કરવું. એડજસ્ટ થવાનો ભાવેય સારો નહીં, આપણે એડજસ્ટ થવાય તો સારું અને ન થવાય તો વાંધો નહીં પણ સામાને દુઃખ થયું તો પ્રતિક્રમણ કરવું એમ ભગવાને કહેલું. સામાનું સુધારવા જતાં આપણું ના બગડે એ પહેલામાં પહેલું ધ્યાન રાખવું સબ સબકી સંભાલો.

પ્ર : ૭૩ શોખ કોને કહેવાય ?

ઉ : ૭૩ હંમેશા રોજ રોજ કરવું પડે એ બધું શોખ કહેવાય. સ્ત્રીનો શોખ, દારૂનો શોખ, બીડીનો શોખ એ બધા અશુભ શોખ કહેવાય અને જપ, તપ એ શુભ શોખ કહેવાય. કોઈપણ વસ્તુનો શોખ એ નબળાઈ કહેવાય.

પ્ર : ૭૪ મોજ કોને કહેવાય ? મોજ - શોખ કોને કહેવાય?

ઉ : ૭૪ એક દિવસ પત્તા રમે તો મોજ કરી કહેવાય પણ જો તેની ટેવ પડીગઈ તો મોજ શોખ કહેવાય. મોજ કરવાનો વાંધો નથી, પણ મોજ-શોખ ના કરશો. ખેલ કરવામાં વાંધો નથી પણ ખેલાડી ના થઈ જશો. જગત મોજ કરવા માટે છે, ખેલ કરવા માટે છે.

પ્ર : ૭૫ શાંતિ કોને કહેવાય ? શાંતિ થાય તે માટે શું રસ્તો છે ?

ઉ : ૭૫ કોઈ ગાળ ભાંડે, રૂપિયા લઈ લે, મારે, ગમે તે કરે પણ શાંતિ ના જાય એનું નામ શાંતિ કહેવાય. કોઈ પણ અવસ્થામાં અશાંતિ ઉત્પન્ન ના થાય એનું નામ શાંતિ કહેવાય. કાયમની હોય તેને શાંતિ કહેવાય. જે શાંતિ પછી અશાંતિ આવે જ નહીં તેને સાચી શાંતિ કહેવાય. જેમાં ક્રેડિટ ડેબીટ ન હોય તે સાચી શાંતિ. સંસારમાં રહેવું અને શાંતિપૂર્વક જીવવું એને માટે નીચે મુજબના ત્રણ રસ્તા છે :-

(૧) વ્યવહારમાં પ્રામાણિક્તા જોઈએ. બધામાં પ્રામાણિક્તા હોવી જોઈએ.

(૨) કોઈ પણ જીવને કિંચિતમાત્ર પણ ત્રાસ કે દુઃખ આપવું નથી એવો ભાવ હોવો જોઈએ અને ભૂલથી અપાઈ જાય તો પસ્તાવો કરવો અને તે જીવની મનોમન માફી માંગવી.

(૩) આપણને કોઈ દુઃખ આપે તોય તેને સુખ આપો. જીવમાત્રને કોઈપણ પ્રકારે સુખ આપો અને સુખ આપવું જ છે એવી ભાવના ભાવો. સુખની દુકાન કાઢો.

પ્ર : ૭૬ શાંતિ કોને રહે ?

ઉ : ૭૬ કુદરતના કાયદા, સામાજિક કાયદા અને સરકારી કાયદાનો જે ભંગ નથી કરતો તેને નિરંતર શાંતિ રહે. જે અહિંસા પાળે છે તેને શાંતિ રહે.

પ્ર : ૭૭ શાંતિ માટે શું કરવું ?

ઉ : ૭૭ આ સંસારમાં કંઈક શાંતિ જોઈતી હોય તો કાં તો સંસારનો ત્યાગ કરવો જોઈએ અથવા તો લોકોપયોગી જીવન જીવવું. મન, વચન, કાયા લોકોના માટે વાપરવાં જોઈએ. મન, વચન, કાયાથી કોઈનુંય પણ કામ કરી છૂટવું.

પ્ર : ૭૮ શાંતિ મેળવવાનો સહેલો રસ્તો શું ?

ઉ : ૭૮ પરિગ્રહ ઓછો રાખવો. જેટલો પરિગ્રહ ઓછો એટલી શાંતિ વધારે રહે. આપણે જે પરિગ્રહ રાખીએ છીએ એ ખોવાઈ જાય, બળી જાય, ચોરાઈ જાય તો એના ઉપર અશાંતિ ના થાય, દુઃખ ના થાય એટલો પરિગ્રહ રાખવો. દિલ ભગવાનમાં નથી. દિલ તો બહાર ઠેર ઠેર બંગલામાં, મોટર-ગાડીઓમાં વેરાયેલું છે. દિલ્લગી અંદર ભગવાનમાં થાય તો શાંતિ થાય.

પ્ર : ૭૯ અંતરંગ શાંતિ કોને કહેવાય ?

ઉ : ૭૯ કઢાપો-અજંપો ના થાય એ જ અંતરંગ શાંતિ.

ૐ

વીસમું પ્રકરણ
શ્રદ્ધા, શ્રાવક

પ્ર : ૧ શ્રદ્ધા કોનું નામ ? સાચી શ્રદ્ધા કોને કહેવાય ?

ઉ : ૧ શ્રદ્ધા એનું નામ કે ચોટાંડી ચોટે પછી ઉખડે જ નહીં ઉપર સિક્કો માર માર કરે તો સિક્કો થાકે પણ એ ના ઉખડે. જ્યાં વાણી, વર્તન અને વિનય મનોહર હોય, મનનું હરણ થાય એવાં હોય ત્યારે સાચી શ્રદ્ધા બેસે. મારી નાંખે તોય શ્રદ્ધા ના જાય તેનું નામ શ્રદ્ધા. શ્રદ્ધા એટલે મારી વાત તમારો આત્મા કબૂલ કરે એટલે એની મેળે જ બેસી જાય. પછી બીજી ભાંજગડ ક્યાં રહી. હું તમારું અપમાન કરું તોયે તમને શ્રદ્ધા આવે તો એ સાચી શ્રદ્ધા. શ્રદ્ધા એનું નામ કે જે કાયમ ટકી રહે. જેને જોતાં, જેને સાંભળતા શ્રદ્ધા બેસે તે સાચી શ્રદ્ધા કહેવાય. શ્રદ્ધા સામેવાળાનું ચારિત્રબળ હોય કે પ્રભાવશિલ હોય તે જોતાં જ દીલ ઠરી જાય ત્યાં તરત જ બેસી જાય.

પ્ર : ૨ અવિચળ શ્રદ્ધા કોને કહેવાય ?

ઉ : ૨ અવિચળ શ્રદ્ધા એટલે એક ફેરો શ્રદ્ધા બેઠી પછી એ વ્યક્તિ આપણને ગાળો ભાંડે, માર-મારે તોય આપણી શ્રદ્ધા તે વ્યક્તિ પ્રત્યે ના તૂટે તેનું નામ અવિચળ શ્રદ્ધા અને આવી શ્રદ્ધા સત્પુરુષ ઉપર બેસે એટલે મોક્ષ થાય જ. અવિચળ શ્રદ્ધા એનું નામ સમ્યક્દર્શન. અવિચળ શ્રદ્ધા એ સમ્યકદર્શન કહેવાય.

પ્ર : ૩ શ્રદ્ધા એટલે શું ?

ઉ : ૩ શ્રદ્ધા તળિયા વિહોણો(તળિયા વગરનો) મહાસાગર છે. શ્રદ્ધા એ ''બોટમલેસ ઓસન'' છે.

પ્ર : ૪ આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધા એ બેમાં શો ફેર છે ?

ઉ : ૪ પ્રભુશ્રદ્ધામાં પ્રભુ જુદા અને હું જુદો એમ જુદાઇ માનવામાં આવે છે અને આત્મશ્રદ્ધા તો પોતે સ્વયમ્ આત્મા થઇને આત્માની ભક્તિ કરવી તે. આત્મશ્રદ્ધા તે આ પ્રત્યક્ષભક્તિ છે અને પ્રભુશ્રદ્ધા એ પરોક્ષ ભક્તિ કહેવાય. જેને આત્મ અનુભવ થયો નથી તે વ્યક્તિ જેને પ્રભુ કહે છે તે જ તેનો પોતાનો આત્મા છે પરંતુ તેને તેની ખબર નથી તેથી પ્રભુના નામથી ભજે છે પણ પરોક્ષ પણે તેના જ આત્માને પહોંચે છે.

પ્ર : ૫ જ્ઞાન અને શ્રદ્ધામાં શું ફેર ?

ઉ : ૫ શ્રદ્ધા એ અનડીસાઈડેડ જ્ઞાન છે અને જ્ઞાન એટલે ડીસાઈડેડ જ્ઞાન અર્થાત્ અનુભવનું જ્ઞાન. બગીચામાં બેઠા હોઈએ અને કંઈક ખખડે તે હું કહું કે કંઈક છે તમેય કહો કે કંઈક છે આનું નામ શ્રદ્ધા. અથવા તો દર્શન થયા પછી બધા તપાસ કરવા ઊઠીને ગયા. હાથ ફેરવીને બધાએ નક્કી કર્યું કે આ ગાય છે તે જ્ઞાન કહેવાય. સામાન્ય રીતે જાણવું તે દર્શન (શ્રદ્ધા) કહેવાય અને વિશેષ રીતે જાણવું તેને જ્ઞાન કહેવાય.

પ્ર : ૬ શ્રદ્ધા અને દર્શનમાં શો ફેર ?

ઉ : ૬ શ્રદ્ધા કરતાં દર્શન ઊંચી વસ્તું છે. શ્રદ્ધા તો અશ્રદ્ધા પણ થઈ જાય. શ્રદ્ધા કોઈના પર બેઠી હોય તો એ શ્રદ્ધા ફરી જાય અને દર્શન ફરે નહીં. મહી જે સૂંઝ પડે છે તે દર્શન છે. સૂઝ એ કુદરતી બક્ષિસ છે એ અહંકારી વસ્તુ નથી નેચરલ ગીફ્ટ છે.

પ્ર : ૭ શ્રાવક કોને કહેવાય ?

ઉ : ૭ શ્રુ ધાતુથી બનેલો શબ્દ છે. શ્રવણ કરે અર્થાત્ આત્મ કલ્યાણના માર્ગને રસપૂર્વક સાંભળે તે શ્રાવક. આત્મજ્ઞાની કે તીર્થંકરની વાણી સાંભળી હોય, શ્રદ્ધાયું હોય અને જેટલા અંશે થયું એટલા અંશે પાલન કર્યું એ શ્રાવક કહેવાય. જિનની કે જિનેશ્વરની વાણી સાંભળીને શ્રદ્ધાને અંશે (થોડા ઘણા અંશે) પાળી તે શ્રાવક કહેવાય. ભગવાન જિનેશ્વરનું સાંભળીને આચારમાં મૂકવા પ્રયત્ન કર્યો તે શ્રાવક કહેવાય. જે મોક્ષ માટે ઝૂરતો હોય અને મોહ સામે ઝઝૂમતો હોય તે શ્રાવક. શ્રાવક એટલે સાધુપદનો સાચો ઉમેદવાર.

પ્ર : ૮ શ્રાવક શબ્દનો અર્થ આપો ?

ઉ : ૮ " શ્રુ " અક્ષરથી શ્રદ્ધા રાખે.
" વ " અક્ષરથી વિનય-વિવેક કરે.
" ક " અક્ષરથી ક્રિયા કરે.
જે શ્રદ્ધાપૂર્વક વિનય-વિવેક સહિત ક્રિયા કરે તે શ્રાવક.

પ્ર : ૯ શ્રાવકનાં લક્ષણો જણાવો ?

ઉ : ૯ (૧) જે કોઈને છેતરતો નથી.
(૨) સદ્વર્તની અને સરળ હોય, સદાચાર ધર્મ પાળતો હોય.
(૩) સાધુ પ્રત્યે વિનય અને પૂજ્ય ભાવ હોય.
(૪) જિનેશ્વર દેવ અને જ્ઞાની પુરૂષમાં પૂર્ણ શ્રદ્ધા હોય.
(૫) પોતે ધર્મ પાળે અને અન્યને પળાવે.

(૬) ગુરૂની આજ્ઞા પાળવાવાળો તથા અન્યને તેનું મહાત્મ્ય સમજાવનારો હોય.

(૭) સંયમ માર્ગે ચાલનારો હોય.

(૮) ભૌતિક સુખનો અર્થી ના હોય.

(૯) ધર્મને અવલંબતો શ્રદ્ધાવાન હોય.

(૧૦) પરમાર્થે રત્નત્રયનો આરાધક હોય. અથવા જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનામાં તત્પર હોય તથા મુમુક્ષુ હોય.

પ્ર : ૧૦ શ્રાવકના એકવીસ ગુણો જણાવો ?

ઉ : ૧૦ (૧) **અશુદ્ર** : શ્રાવક તુચ્છ હૃદયવાળો ન હોય. પરંતુ દીલાવર હૃદયવાળો હોય.

(૨) **રૂપવાન** : પાંચેય ઈન્દ્રિયો જેને સંપૂર્ણ પ્રાપ્ત થઈ હોય. શરીરનો સુંદર બાંધો અને નીરોગી શરીર.

(૩) **પ્રકૃતિ સૌમ્ય** : સ્વભાવે શાન્ત હોય, શીતળ સ્વભાવ સૌમ્ય સ્વભાવ. ચિડિયા સ્વભાવનો ન હોય.

(૪) **લોકપ્રિય** : દાન, સદાચાર, વિનય, મિષ્ટ-પ્રિય બોલવું આદિ ગુણોને લીધે લોકોમાં પ્રિય હોય.

(૫) **અક્રુર** : સ્વભાવથી દયાળુ હોય, કોમળ હૃદય. ક્રૂર ન હોય.

(૬) **ભીરુ** : પાપની કાર્યવાહીથી તેમજ અપયશથી ડરનારો હોય.

(૭) **અશઠ** : ઠગવિદ્યા કરી અન્યને છેતરનારો ન હોય. મૂર્ખ ન હોય.

(૮) **સદાશ્રિણ્ય (દાક્ષિણ્ય)** : કોઈની પણ પ્રાર્થનાનો છતી શક્તિએ ભંગ કરનારો ન હોય.

(૯) **લજ્જાળુ** : અપકાર્ય કરતાં ડરનારો હોય. શરમાળ તથા ઉત્તમ કુળની મર્યાદા સાચવનારો હોય.

(૧૦) **દયાળુ** : તમામ જીવો ઉપર દયા રાખનારો હોય તેમજ દુઃખીને જોઈને તેનું હૃદય પીગળતું હોય અને તેના દુઃખને દૂર કરવા માટે તૈયાર હોય.

(૧૧) **મધ્યસ્થ** : ખરાબ વૃતિવાળા પ્રાણીઓની કર્મની ગહન ગતિનો વિચાર કરી તેના ઉપર દ્વેષ નહીં કરનારો હોય છે તેમજ તેનામાં નિષ્પક્ષપાતી પણું હોય છે.

(૧૨) **ગુણાનુરાગી** : જ્યાં ગુણો દેખાય તેને જ ગ્રહણ કરવા તૈયાર રહેનારો અને નિર્ગુણી ઉપર ઉપેક્ષા ભાવ રાખનારો

(૧૩) **સક્રિય :** વિકથાઓને છોડી ધર્મકથાને જ કરનારો હોય. સત્ય, હીત, મીત અને પ્રિય એવા વચન બોલનારો હોય.

(૧૪) **સુપત્નયુક્ત :** શુશીલ અને અનુકુળ પરિવારવાળો હોય. રૂંડા કુટુંબવાળો હોય. કુટુંબની સર્વ પ્રકારે સહાય અને રક્ષણ કરનારો હોય.

(૧૫) **સુદીર્ઘાદર્શી :** લાભાલાભનો વિચાર કરીને કાર્ય કરનારો. દરેક કાર્યના પરિણામનો વિચાર (દીર્ઘદૃષ્ટિ) કરી કાર્ય કરનારો હોય. આંખ મીચીંને ભૂસકો મારનાર ના હોય.

(૧૬) **વૃદ્ધાનુગ :** જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ અને ચારિત્રવૃદ્ધ જીવોનો સેવક હોય અને તેઓની આજ્ઞાને અનુસરનારો હોય.

(૧૭) **વિનીત :** પોતાનાથી અધિક ગુણોવાળાની ઉચિત સેવા વિનય, વિવેક અને મર્યાદા સાચવનારો હોય.

(૧૮) **કૃતજ્ઞ :** પોતા ઉપર કરેલ ઉપકારને ક્યારેય ભૂલે નહીં અને સહેજ કરેલ ઉપકારને મોટા રૂપમાં બતાવનારો હોય.

(૧૯) **પરહિતકારી :** બદલાની જરા પણ આશા રાખ્યા વગર ગમે તેનું પ્રસંગ આવે ભલું કે હિત કરવામાં તત્પર હોય.

(૨૦) **વિશેષજ્ઞ :** ગુણ તથા દોષને અને ધર્મ-અધર્મને સારી રીતે સમજનારો હોય. ધર્મ, અર્થ, કામ વિશેષને જાણનાર હોય.

(૨૧) **લબ્ધલક્ષ્ય :** દરેક પ્રકારના ધર્મ કૃત્યમાં સુશિક્ષીત હોય. જે કોઈ ધર્મ ક્રિયા કરે તે ધ્યેય-બિન્દુને લક્ષ્યમાં રાખીને કરે અને ઈંગીત આકારથી અન્યના માનસિક ભાવોને જાણવાવાળો હોય. નિપુણમતિ અને કાર્યચતુરી હોય. સર્વ કાર્યમાં સાવધાન હોય.

પ્ર : ૧૧ કયો શ્રાવક કલ્પવૃક્ષ સમાન છે ?

ઉ : ૧૧ જે શ્રાવકમાં ઊંચા સદ્‌ગુણોરૂપી મૂળ સુદૃઢ છે. જેના શાખા-ડાળીઓ સતકીર્તિરૂપ છે. વિનય-વિવેક રૂપ જેનાં પાંદડા છે. જ્યાં દાનરૂપી ફળ છે. જેનો લાભ પાચકરૂપી પક્ષીઓ મેળવે છે. આવું ઉત્તમ શ્રાવકરૂપ કલ્પવૃક્ષ ચીર-કાળ જયવન્ત વર્તો.

પ્ર : ૧૨ શ્રાવકને શું અભક્ષ્ય છે ?

ઉ : ૧૨ શ્રાવકને નીચે જણાવેલ બાવીસ વસ્તુઓ અભક્ષ્ય છે.

(૧) વડ વૃક્ષનાં ફળ (૨) પીપળાનાં વૃક્ષનાં ફળ (૩) પ્લક્ષ વૃક્ષનાં ફળ (૪) ઉંબર વૃક્ષનાં ફળ (૫) કાલુમ્બર વૃક્ષનાં ફળ (૬) મધ (૭) મદિરા

(૮) માંસ (૯) માખણ (૧૦) હિમ (બરફ) (૧૧) સર્વ પ્રકારનું ઝેર (૧૨) કરા - પાણીનો કાચો ગર્ભ (૧૩) સર્વ પ્રકારની માટી (૧૪) રાત્રિ ભોજન (૧૫) બહુબીજ (૧૬) અનંતકાય-કંદમૂળ (૧૭) અથાણાં (૧૮) કાચાં દૂધ દહીં, છાશ સાથે મળેલું દ્વીદળ (૧૯) રીંગણ (૨૦) અજાણ્યાં પુષ્પ-ફળો (૨૧) તુચ્છ ફળો--ઘણી બોર, ગુંદી (૨૨) ચલીત રસ-કાળ વ્યતીત થયેલ મિઠાઈ.

પ્ર : ૧૩ વિવેકી શ્રાવકે દર વર્ષે કયા અગિયાર સુકૃત્ય વિધિપૂર્વક કરવાં જોઈએ?

ઉ : ૧૩ નીચે મુજબના અગિયાર સુકૃત્યો વિવેકી શ્રાવકે દર વર્ષે કરવા જોઈએ.

(૧) સંઘ પૂજા - સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા આ ચતુર્વિધ સંઘની પૂજા.

(૨) સાધર્મિક ભક્તિ.

(૩) યાત્રા - આઠ દિવસનો મહોત્સવ. પ્રભુને ચાંદીના રથમા બેસાડી શોભાયાત્રા કાઢવી. છરી પાળતો સંઘ.

(૪) સ્નાત્ર મહોત્સવ - તીર્થંકરના જન્મોત્સવ જેમ જિનમંદિરમાં સ્નાત્ર મહોત્સવ ઉજવવો.

(૫) દેવ દ્રવ્યની વૃદ્ધિ

(૬) મહા પૂજા.

(૭) રાત્રિ જાગરણ.

(૮) શ્રુત પૂજા - સિદ્ધાંત પૂજા.

(૯) ઉદ્યાપન - ઉજવણુ કરવું

(૧૦) શાસન પ્રભાવના - સાધુ - પ્રવેશ મહોત્સવ.

(૧૧) આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન. ગુરુ પાસે જે કંઈ દોષો, ભૂલો થયા હોય તે જાહેર કરવા, તેની માફી માગવી તથા ભવિષ્યમાં આવી ભૂલો ન કરવા અંગે દૃઢ નિશ્ચય કરવો.

પ્ર : ૧૪ શ્રાવકનાં છ આવશ્યક નિત્ય કર્તવ્યો કયાં કયાં ?

ઉ : ૧૪

(૧) જિન પૂજા.	(૧) પર્વ તિથિએ પૌષધ કરવો.
(૨) જિનેશ્વરની સ્તુતિ	(૨) દાન.
(૩) ગુરુની ભક્તિ	(૩) શીલ.
(૪) સાધર્મિક વાત્સલ્ય	(૪) તપ - ઉપધાન તપ.
(૫) સર્વ વિરતિનો મનોરથ	(૫) ભાવના, સ્વાધ્યાય
(૬) જયણા	(૬) નમસ્કાર, પરોપકાર.

પ્ર : ૧૫ પર્યુસણ પર્વમાં શ્રાવકનાં પાંચ કર્તવ્યો કયાં કયાં ?

ઉ : ૧૫ (૧) અમારી પ્રવર્તન : નિર્દોષ મુંગાં પ્રાણીઓની રક્ષા કરવી. કતલખાનાં બંધ કરાવવાં.

(૨) સાધર્મિક વાત્સલ્ય : ધર્મ પ્રેમી બંધુઓનું બહુમાન કરવું.

(૩) પરસ્પર ક્ષમાપના : સર્વ જીવો પ્રત્યે ક્ષમાભાવનું આદાન પ્રદાન.

(૪) અઠ્ઠમ તપ : ત્રણ દિવસના ઉપવાસ.

(૫) ચૈત્ય પરિપાટી : જિનમંદિરમાં સમુહમાં ભક્તિ ભાવના, દેવદર્શન.

પ્ર : ૧૬ કયા સાત ક્ષેત્રમાં શ્રાવકે પૈસા વાપરવાં ?

ઉ : ૧૬ (૧)જિનમૂર્તિ દ્રવ્યઃ જિનેશ્વર ભગવાનની મૂર્તિનો લેપ, તિલક માટે.

(૨) જિનમંદિર દ્રવ્યઃ દેરાસર બનાવવા માટે.

(૩) સાધુ દ્રવ્યઃ સાધુની સેવા માટે.

(૪) સાધ્વી દ્રવ્યઃ સાધ્વીઓની સેવા માટે.

(૫) જ્ઞાન દ્રવ્યઃ પુસ્તકો છપાવવા માટે.

(૬) શ્રાવક દ્રવ્યઃ ગરીબ શ્રાવકને મદદ કરવા માટે.

(૭) શ્રાવિકા દ્રવ્યઃ ગરીબ શ્રાવિકાને મદદ કરવા માટે.

પ્ર : ૧૭ શ્રાવકના બાર વ્રતો વિશે વિગતવાર સમજાવો ?

ઉ : ૧૭ શ્રાવકના બાર વ્રતો નીચે મુજબ છે.

(૧) **સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત** : અપરાધ વિનાના ત્રસ જીવને ઈરાદાપૂર્વક નિર્દયપણે મારવા નહિ તે અને સ્થાવર જીવોની શક્ય જયણા કરવી.

(૨) **સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત** : કન્યા, ગાય, ભૂમિ સંબંધી અર્થાત્ માનવ, પ્રાણી, જર-જમીન આદિ કોઈ પણ બાબતમાં જુઠ્ઠુ બોલી કોઈને છેતરવા નહીં. પારકી થાપણ ઓળવવી નહીં અને કોઈ બાબતમાં ખોટી સાક્ષી ભરવી નહીં.

(૩) **સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત** : કોઈની મૂકેલી કોઈપણ વસ્તુ અગર પડેલી કે ભૂલાયેલી અથવા ખોવાયેલી કે છોડી દેવાયેલી પારકી વસ્તુ માલિકની રજા સિવાય લેવીં નહીં.

(૪) **સ્વદારા સંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રત** : પોતાની પરણેલી સ્ત્રી સિવાય જગતની તમામ સ્ત્રીને માતા સમાન કે બહેન સમાન ગણવી તે.

(૫) **પરિગ્રહ પરિમાણ વ્રત :** ધન-ધાન્યાદિ નવ પ્રકારનો પરિગ્રહ મર્યાદિત પ્રમાણમાં રાખવો અને તેમાં અધિક મૂર્છા રાખવી નહિ.

(૬) **દિક્ પરિમાણ વ્રત :** સંસાર વહેવારનાં કામ અંગે દરેક દિશામાં જરૂરિયાત મુજબ જવાનું મોકળું રાખી બાકીના ક્ષેત્રોમાં જવાનો ત્યાગ કરવો તે.

(૭) **ભોગોપભોગ પરિમાણ વ્રત :** ભોગમાં અને ઉપભોગમાં લેવાતી વસ્તુઓની મર્યાદા નક્કી કરી બાકીનાનો ત્યાગ કરવો. આ વ્રતથી મહા આરંભ અને હિંસાજનક પાપ વ્યાપારોનો ત્યાગ થાય છે.

(૮) **અનર્થ દંડ વિરમણ વ્રત :** જીવન જીવવામાં જરૂરી ન હોય તેવી નકામી દુષ્ટ પ્રવૃત્તિઓનો શક્ય પરિત્યાગ કરવો જેવી કે :-

(૧) ખોટી ચિંતારૂપ આર્ત અને રૌદ્ર ધ્યાન.

(૨) બિન સંબધિને હિંસામય વ્યાપાર આદિની સલાહ.

(૩) અજાણ્યા માંગનારને હિંસક ઉપકરણો છરી, શસ્ત્ર, ઘંટી વગેરે આપવાં.

(૪) ખેલ, જુગાર આદિ કુતુહલ જોવાં. કામક્રીડા કરવી વગેરે પ્રમાદા ચરણ સેવવું એ બધી અશુભ પ્રવૃત્તિઓ આ વ્રતથી ત્યજાય છે.

(૯) **સામાયિક વ્રત :** પાપમય સંસારની પ્રવૃત્તિઓમાંથી ફારેગ થઈ "વારંવાર સામાયિક કરવું" એટલે કે અડતાલીસ મિનિટ સુધી મન, વચન, કાયાથી સર્વ પાપ વ્યાપારોનો ત્યાગ કરીને ધર્મધ્યાન એટલે કે સ્વાધ્યાય અને ધ્યાનમાં રહેવું તે.

(૧૦) **દેશાવકાશિક વ્રત :** દિક્પ્રમાણ (પરિમાણ) અને ભોગપરિમાણ વ્રતમાં જે નિયમોમાં મર્યાદાઓ રાખેલી હોય તેમાં અતિ સંકોચ કરી "એક દિવસ પૂરતો" વિશિષ્ટ અભિગ્રહ કરી "દસ સામાયિક" કરવા અને ચૌદ નિયમ વગેરે ધારવા તે દેશાવકાશિક વ્રત કહેવાય છે.

(૧૧) **પૌષધોપવાસ વ્રત :** પર્વતિથિએ આહાર, શરીર, સત્કાર, ગૃહ વ્યવહાર, ગૃહ વ્યાપાર તથા અબ્રહ્મચર્યના ત્યાગ પૂર્વક ગુરુનિશ્રામાં ધર્મનું પૌષણ થાય એ રીતે ચાર પ્રહર કે આઠ પ્રહરની ધર્મ પ્રવૃત્તિ કરવી. એક દિવસ માટે ઉપાશ્રયમાં જઈ સાધું જેવું જીવન વ્યતીત કરવું.

(૧૨) **અતિથિ સંવિભાગ વ્રત :** ઉપવાસને પારણે એકાસણુ કરી અતિથિ એવા મુનિવરને સુઝતુ આહાર-પાણી વહોરાવી તેઓએ વહોરેલી વસ્તુઓથી એકાસણાનું વ્રત કરવું તે.

આ બાર વ્રતોમાંના ૧ થી ૫ વ્રત અણુવ્રત કહેવાય છે. પછીના ૬ થી ૮ વ્રત ગુણવ્રત કહેવાય છે. છેલ્લા ૯ થી ૧૨ વ્રત શિક્ષાવ્રત કહેવાય છે.

પ્ર : ૧૮ શ્રાવકની અગિયાર પ્રતિમાઓ કઈ કઈ ?

ઉ : ૧૮ (૧) **સમકિત પ્રતિમા (દર્શન પ્રતિમા) :** જ્યાં સમ્યક દર્શન પ્રગટ થઈ ગયું છે. સંસાર, શરીર અને ભોગથી જ્યાં પ્રબળ વૈરાગ્ય ઉપજ્યો છે અને તે કારણથી જેમાં ત્રસ જીવોનો ઘાત થાય તેવા અભક્ષ્ય પદાર્થોનો જ્યાં ત્યાગ થઈ ગયો છે તેને દર્શન પ્રતિમા કહે છે. છ આગારનો ત્યાગ કરી જરાય અતિચાર વિના એક મહિનો શુદ્ધ સમકિતનું પાલન કરવું તે સમકિત-પ્રતિમા.

(૨) **વ્રત પ્રતિમા :** બારે વ્રત સમકિત રહિત અખંડ પણે બે મહિનાં સુધી પાળવાં તે વ્રત-પ્રતિમા.

(૩) **સામાયિક પ્રતિમા :** ઉપરોક્ત બંને પ્રતિમાની આરાધનામાં બંને ટાઈમની સામાયિક ભળે છે તે સામાયિક પ્રતિમા કહેવાય. આ પ્રતિમા ત્રણ મહિનાની છે.

(૪) **પૌષધ પ્રતિમા :** ઉપરોક્ત ત્રણે પ્રતિમાની આરાધનામાં ચાર મહિનાની ચારે પૂનમને દિવસે પૌષધ કરવાનો તેને પૌષધ પ્રતિમા કહેવાય. આ પ્રતિમા ચાર મહિનાની છે.

(૫) **કાઉસ્સગ્ગ પ્રતિમા :** ઉપરોક્ત ચારે પ્રતિમાની આરાધના સાથે ચાર પર્વના પૌષધમાં રાત્રિના ચારે પ્રહર અર્થાત્ આખી રાત્રિ (બાર કલાક) કાઉસ્સગ્ગ કરવાનો હોય છે. પાંચ મહિનાની છે. દીગંબરના મતે અહી રાત્રિભોજન ત્યાગ પ્રતિમા કહે છે.

(૬) **બ્રહ્મચર્ય પ્રતિમા :** ઉપરોક્ત પાંચેય પ્રતિમાના આરાધન સાથે છ મહિના સુધી શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાનું હોય છે અને આ પ્રતિમા છ મહિનાની છે.

(૭) **પદાર્થ ત્યાગ પ્રતિમા :** ઉપરોક્ત છ પ્રતિમાની આરાધના સાથે સાત મહિના સુધી સચિત પદાર્થનો ત્યાગ કરવાનો હોય છે. આ પ્રતિમા સાત મહિનાની છે.

(૮) **આરંભ ત્યાગ પ્રતિમા :** ઉપરોક્ત સાત પ્રતિમાની આરાધના સાથે આઠ મહિના સુધી આરંભનો સર્વથા ત્યાગ હોય છે અર્થાત ધનના નવીન ઉપાર્જન માટે કોઈ પ્રયત્ન કરવાનો નહીં તથા બળદગાડી, ઘોડાગાડી, ઘોડો, હાથી, ઊંટ વગેરે સવારીનો પણ ત્યાગ કરવાનો હોય છે. આ પ્રતિમા આઠ મહિનાની છે. કોઈ નોકર કે અન્ય કોઈ વ્યક્તિને મોકલીને પણ કોઈપણ પ્રકારના કાર્ય કરવાનો સર્વથા આ પ્રતિમામાં ત્યાગ હોય છે.

(૯) **ભિક્ષા ગ્રહણ પ્રતિમા :** ઉપરોક્ત પ્રતિમાની આરાધનાની સાથે પોતે માંથુ મૂંડી (અસ્ત્રાથી કે લોંચથી) રજોહરણ અને ઉપકરણ ગ્રહણ કરી સાધુની જેમ ભિક્ષા માંગી નવ મહિના સુધી ધર્મધ્યાન કરવું આ પ્રતિમા નવ મહિનાની છે.

(૧૦) **પરિગ્રહ ત્યાગ પ્રતિમા :** ઉપરોક્ત નવ પ્રતિમાની આરાધના સાથે આવશ્યક વસ્ત્ર અને પાત્ર સિવાયના બધાય પરિગ્રહોનો ત્યાગ કરવાનો હોય છે આ પ્રતિમાં દશ મહિનાની છે.

(૧૧) **અનુમતિ ત્યાગ પ્રતિમા :** ગૃહકાર્ય, આરંભ, વ્યાપાર, ભોજનવ્યવસ્થા વગેરેની અનુમતિનો પણ ત્યાગ કરવો તેને અનુમતિ ત્યાગ પ્રતિમા કહે છે. આ પ્રતિમાં અગિયાર મહિનાની છે.

પ્ર : ૧૯ શ્રાવક સવા વસાની દયા પાળે છે તે શી રીતે ?

ઉ : ૧૯ મુનિ મહારાજ ત્રસ અને સ્થાવર એમ બંન્ને પ્રકારના જીવોની દયા પાળે એટલે તેમને વીસ વસાની દયા પાળનાર કહેવાય છે. શ્રાવક માત્ર ત્રસ જીવોની દયા પાળી શકે એટલે રહ્યા દશ - વસા, ત્રસ જીવોની દયામાં પણ નિરપરાધી ત્રસ જીવોને જ બચાવી શકે એટલે અપેક્ષા વિના હણવાની બુદ્ધિએ ન મારવા તેથી રહ્યા પાંચ વસા, નિરઅપરાધી જીવો પણ આરંભ-સમારંભથી હણાય છે, એટલે રહ્યા અઢી વસા, પોતાના સ્વજન સંબધી અગર પશુ વગેરેના રોગની દવા કરવી પડે તેમાં જીવો હણાય એટલે રહ્યો સવા વસો. આમ શ્રાવકો સવા વસાની દયા પાળી શકે.

પ્ર : ૨૦ શ્રાવકના ચાર વિસામા કોને કહેવાય છે ?

ઉ : ૨૦ (૧) ભાર ઉપાડવાવાળો ભારને એક ખભેથી બીજા ખભા ઉપર મૂકે તે પહેલો વિસામો કહેવાય.

(૨) બીજો વિસામો એટલે જેમ ભારને ઓટલે કે ચોતરા ઉપર મુકીને કુદરતી હાજતનું નિવારણ કરવા જાય છે તેમ શ્રાવક સામાયિક અને

દેશાવકાશિક વ્રત વગેરે કરે તે એટલા વખત સુધી સાવધ ત્યાગ રૂપ બીજો વિસામો કહેવાય.

(૩) ત્રીજો વિસામો ગામ દૂર હોય રસ્તામાં ધર્મશાળા અથવા યક્ષના મંદિર વગેરેમાં ભાર મૂકી રાત રહે તે. શ્રાવક અઠ્ઠમ-પાખીના પૌષધ કરે તે રાત રહેવા રૂપ ત્રીજો વિસામો.

(૪) ચોથો વિસામો જેમ ભારને નિશ્ચિત સ્થાને પહોંચાડી દે તે. શ્રાવક આલોચના કરી સંથારો કરે ત્યારે સર્વ પાપથી નિવર્તના રૂપ ચોથો વિસામો.

પ્ર : ૨૧ શ્રમણ કોને કહેવાય ?

ઉ : ૨૧ શ્રમણ કોનું નામ કહેવાય કે વધુ સમતા ધરાવે એ શ્રમણ કહેવાય. સમતાધારી પુરુષને શ્રમણ કહેવાય.

પ્ર : ૨૨ દશ પ્રકારના શ્રમણ ધર્મ કયા કયા ?

ઉ : ૨૨ (૧) ક્ષમા (૬) સત્ય
(૨) નિર્લોભતા (૭) સંયમ
(૩) સરળતા (૮) તપ
(૪) નિરભિંમાનપણુ (૯) ત્યાગ
(૫) લઘુતા (૧૦) બ્રહ્મચર્ય

પ્ર : ૨૩ આનંદ શ્રાવકને અવધિજ્ઞાન થયેલું તે કેટલે સુધી જોઈ શકતા હતા ?

ઉ : ૨૩ આનંદ શ્રાવક ઉર્ધ્વલોકમાં ઉપર સૌધર્મ દેવલોક સુધી, અધોલોકમાં રત્નપ્રભા નામની પ્રથમ નર્કાવાસનો પાથડો તથા તીર્છાલોકમાં સમુદ્રમાં ત્રણ દિશાએ પાંચસો યોજન તથા ઉત્તર દિશામાં ચુલ્લ હિંમવંત પર્વત સુધી જોઈ શકું છું તેમ કહેતા હતા.

પ્ર : ૨૪ શ્રાવકના મુખ્ય સાત ગુણ કયા કયા ?

ઉ : ૨૪ (૧) શ્રદ્ધાવાન (૨) શક્તિવાન (૩) અલોભી (૪) દયાવાન (૫) ભક્તિવાન (૬) ક્ષમાવાન અને (૭) વિવેકવાન.

પ્ર : ૨૫ શ્રાવકની ત્રેપન ક્રિયાઓ કઈ કઈ છે ?

ઉ : ૨૫ આઠ મૂલગુણ, બાર વ્રત, બાર તપ, અગિયાર પ્રતિમા, રત્નત્રય, ચતુર્વિધ દાન અને ત્રણ અન્ય મળીને ત્રેપન ક્રિયાઓ છે.

પ્ર : ૨૬ આઠ મૂલગુણનાં નામ બતાવો ?

ઉ : ૨૬ પાંચ ઊદમ્બર ફળ અને ત્રણ મકાર (મદ્ય, માંસ અને મધ) આ આઠનો હંમેશા ત્યાગ તેને આઠ મૂલગુણ કહે છે.

પ્ર : ૨૭ બાર વ્રતના ભેદ લખો ?

ઉ : ૨૭ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત મળી બાર વ્રત છે.

પ્ર : ૨૮ બાર તપનો ભેદ લખો ?

ઉ : ૨૮ અનશન, ઉણોદરી, વ્રત પરિસંખ્યાત, રસત્યાગ, વિવિક્ત શૈયાસન અને કાયક્લેશ એ છ બાહ્ય તપ અને પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ છ અંતરંગ તપ મળીને બાર તપ છે.

પ્ર : ૨૯ અગિયાર પ્રતિમાના ભેદ લખો ?

ઉ : ૨૯ દર્શન, વ્રત, સામાયિક, પૌષધોપવાસ, સચિત ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, બ્રહ્મચર્ય, આરંભ ત્યાગ, પરિગ્રહ ત્યાગ, અનુમતિ ત્યાગ, ઉધિષ્ટ ત્યાગ. એ અગિયાર પ્રતિમા છે. (દિગંબર મત મુજબ)

પ્ર : ૩૦ રત્નત્રયના ભેદ લખો ?

ઉ : ૩૦ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણ ભેદ છે.

પ્ર : ૩૧ ચતુર્વિધ દાનના ભેદ લખો ?

ઉ : ૩૧ આહારદાન, ઔષધદાન, જ્ઞાનદાન અને અભયદાન. એ ચાર દાનના પ્રકાર ગણાય છે.

પ્ર : ૩૨ શ્રાવકની ત્રેપન ક્રિયામાં બીજી ત્રણ કઈ છે તેનાં નામ લખો ?

ઉ : ૩૨ (૧) પાણી ગાળીને પીવું. (૨) અભક્ષ્યનો ત્યાગ કરવો. (૩) દેવદર્શન કરવાં.

પ્ર : ૩૩ શ્રાવકે દરરોજ કેટલા નિયમ ધારવા જોઈએ ?

ઉ : ૩૩ શ્રાવકે રોજ ચૌદ નિયમ ધારવા જોઈએ.

પ્ર : ૩૪ શ્રાવકે કયુ પચ્ચક્ખાણ કરવુ જોઈએ ?

ઉ : ૩૪ શ્રાવકે સવારે નવકારશીનુ પચ્ચક્ખાણ કરવુ જોઈએ તથા સાંજે તિવિહાર નુ પચ્ચક્ખાણ કરવુ જોઈએ.

પ્ર : ૩૫ શ્રાવકે જમતી વખતે શું જાગૃતિ રાખવી ?

ઉ : ૩૫ શ્રાવકે જમતી વખતે ઓછુ ખાવા રૂપ ઉણોદરી તપ કરવો જોઈએ. શ્રાવકે આયંબિલ તપની અનુમોદના કરવા રોજ એક કોરી રોટલી ખાવી જોઈએ તથા રોજ થાળી ધોઈને પીવા દ્વારા શ્રાવકે આયંબિલનો લાભ મેળવવો જોઈએ.

પ્ર : ૩૬ શ્રાવકે કેવો ચરવળો વાપરવો તથા શ્રાવીકાએ કેવો ચરવળો વાપરવો?

ઉ : ૩૬ શ્રાવકે ગોળ દાંડીવાળો ચરવળો વાપરવો તથા શ્રાવીકાએ ચોરસ દાંડીવાળો ચરવળો વાપરવો જોઈએ.

પ્ર : ૩૭ મહાવીર પ્રભુના સમયમાં થયેલા દશ શ્રાવકોનો ટૂંક પરિચય આપો ?

ઉ : ૩૭

ક્રમ	શ્રાવકનું નામ અને ગામનું નામ	શ્રાવકની પત્નીનું નામ	શ્રાવકની ધન-સંપતી (રૂપિયામાં)	ગોકુલ કેટલા	હાલમા કયા દેવલોકમાં છે.
૧	આનંદ (વાણીજ્ય ગ્રામ)	શિવાનંદા	૧૨ કરોડ	૪ ગોકુલ	સોધર્મ દેવલોક અરૂણ વિમાન
૨	કામદેવ (ચંપાનગરી)	ભદ્રા	૧૮ કરોડ	૬ ગોકુલ	સોધર્મ દેવલોક અરૂણાભ વિમાન
૩	ચુલ્લણી પિતા (વારાણસી)	સ્યામા	૨૪ કરોડ	૮ ગોકુલ	સોધર્મ દેવલોક અરૂણપ્રભવિમાન
૪	સુરાદેવ (વારાણસી)	ધન્યા	૧૮ કરોડ	૬ ગોકુલ	સોધર્મ દેવલોક અરૂણકાંત વિમાન
૫	ચુલ્લશતક (આલંભીકા નગરી)	બહુલા	૧૮ કરોડ	૬ ગોકુલ	સોધર્મ દેવલોક અરૂણસિદ્ધવિમાન
૬	સદ્દાલપુત્ર (પોલાસપુર)	અગ્નિ મીત્રા	૩ કરોડ	૧ ગોકુલ	સોધર્મ દેવલોક અરૂણરૂચિવિમાન
૭	મહાશતક (રાજગૃહી નગરી	રેવંતિ	૨૪ કરોડ	૮ ગોકુલ	સોધર્મ દેવલોક અરૂણાવસંત
૮	નંદિની પિતા (શ્રીવસ્તી નગરી)	અશ્વીની	૧૨ કરોડ	૪ ગોકુલ	સોધર્મ દેવલોક અથેરવિમાન
૯	તેતલીપિતા	ફાલ્ગુની	૧૨ કરોડ	૪ ગોકુલ	સોધર્મ દેવલોક કીલ વિમાન
૧૦	કુંડકોલિક	-	-	-	અરૂણધ્વજ

નોંધ :-ઉપર જણાવેલ દશ શ્રાવકો નવ તત્વના જાણકાર હતા. આ દશ શ્રાવકોએ ચૌદ વર્ષો સુધી વ્રત આરાધન કરેલું તથા અગિયાર પ્રતિમાઓને આધીન વિવિધ પ્રકારના તપ કરીને અંતે અનશન કરી પ્રથમ દેવલોકમાં ગયા છે. ત્યાંથી ચ્યવીને તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે અને ત્યાંથી મોક્ષે જશે. શ્રાવક પાસે જે ગોકુલ એટલે કે ગાયોનુ ધણ હતુ તેની ગણત્રી એક ગોકુલ બરાબર દશ હજાર ગાયો એ રીતે સંખ્યા ગણવામાં આવતી હતી. આ ઉપરથી શ્રાવકો પાસે કેટલો વૈભવ હતો તે સમજી શકાય તેમ છે.

પ્ર : ૩૮ ખમાસમણા દેતી વખતે શ્રાવકે શું ખ્યાલ રાખવો ?

ઉ : ૩૮ ખમાસમણા દેતી વખતે શ્રાવકે પોતાના શરીરના પાંચ અંગો જમીનને અડાડવા જોઈએ.

પ્ર : ૩૯ શ્રાવકે દેરાસરમાં શું ધ્યાન રાખવું જોઈએ ?

ઉ : ૩૯ શ્રાવકે દેરાસરમાં દશ ત્રીકનું પાલન કરવું જોઈએ.

પ્ર : ૪૦ શ્રાવકે દરરોજ કેટલા ચૈત્યવંદન કરવાના હોય છે ?

ઉ : ૪૦ શ્રાવકે દરરોજ સાત ચૈત્યવંદન કરવાના હોય છે.

પ્ર : ૪૧ પર્વતિથીએ શ્રાવકે શું કરવુ ?

ઉ : ૪૧ પર્વતિથીએ શ્રાવકે અચૂક પૌષધ વ્રત કરવું જોઈએ.

પ્ર : ૪૨ શ્રાવકનું ગુણસ્થાનક કયું ગણાય ?

ઉ : ૪૨ ભગવાનની ભાષા મુજબ શ્રાવક ખરેખર દેશવિરતિ મુજબનુ જીવન વ્યતીત કરતો હોય તો તેનુ પાંચમું ગુણસ્થાનક ગણાય.

પ્ર : ૪૩ શ્રાવકને ઓળખવાનું ચિન્હ કયું ગણાય ?

પ્ર : ૪૩ શ્રાવકને ઓળખવાનું ચિન્હ ચરવળો છે.

પ્ર : ૪૪ શ્રાવકે દરરોજ કેટલી વખત પ્રભુ પુજન કરવું જોઈએ ?

ઉ : ૪૪ શ્રાવકે દરરોજ ત્રણ વખત પ્રભુ પુજન કરવું જોઈએ.

પ્ર : ૪૫ શ્રાવકને દૈનિક કર્તવ્યો કેટલા હોય છે ?

ઉ : ૪૫ શ્રાવકને દૈનિક કર્તવ્યો છત્રીસ કરવાના હોય છે.

પ્ર : ૪૬ શ્રાવકે કેટલા સંડાસાપૂર્વક ખમાસમણ દેવા જોઈએ ?

ઉ : ૪૬ શ્રાવકે સત્તર સંડાસાપૂર્વક ખમાસમણ દેવા જોઈએ.

પ્ર : ૪૭ મુહપત્તિનું પડિલેહણ શ્રાવકે કેટલા બોલ બોલવા પૂર્વક કરવાનું હોય છે ?

ઉ : ૪૭ મુહપત્તિનું પડિલેહણ શ્રાવકે પચાસ બોલ બોલવા પૂર્વક કરવાનું હોય છે.

પ્ર : ૪૮ શ્રાવકે રોજ કેટલા પ્રકારે પૂજા કરવી જોઈએ ?

ઉ : ૪૮ શ્રાવકે દરરોજ અષ્ટ પ્રકારી પૂજા કરવી જોઈએ.

પ્ર : ૪૯ પાર્યા વિના સતત શ્રાવક કેટલી સામાયિક કરી શકે ?

ઉ : ૪૯ પાર્યા વિના સતત ત્રણ સામાયિક શ્રાવક કરી શકે છે.

પ્ર : ૫૦ શ્રાવકે ઉત્કૃષ્ટથી કેટલી આશાતના દેરાસરમાં ન થાય?

ઉ : ૫૦ શ્રાવકે દેરાસરમાં ઉત્કૃષ્ટથી ચૌર્યાસી (૮૪) આશાતના કરવી નહી.

પ્ર : ૫૧ ગુરુજી આદેશ આપે ત્યારે શ્રાવકે શું બોલવુ જોઈએ ?

ઉ : ૫૧ ગુરુજી આદેશ આપે ત્યારે શ્રાવકે તહત્તિ બોલવુ જોઈએ.

પ્ર : ૫૨ વર્તમાન ચૌવીશીના છેલ્લા તીર્થંકર શ્રીમહાવીર સ્વામીના સમયમાં થયેલ પુણીયા શ્રાવક વિશે જણાવો ?

ઉ : ૫૨ હાલમાં જેમનુ શાસન વિદ્યમાન છે, તેવા ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના સમયમાં થયેલ પુણીયા શ્રાવકનો ઈતિહાસ આ મુજબ જાણવો. આ શ્રાવક પોતે કપાસમાંથી રૂની પુણીઓ બનાવીને વેચવાનું કામ કરતો હતો અને તેમાંથી જે આવક થાય તેમાં પોતાનું ગુજરાન ચલાવતો હતો, તેથી જ તે પુણીયા શ્રાવક તરીકે જનસમુદાયમાં ખ્યાતી પામેલ. એક વખત શ્રેણિક મહારાજા મહાવીર પ્રભુની પર્ષદામાં પધારે છે. ભાવપૂર્વક પ્રભુને વંદન કરી અત્યંત વિનય પૂર્વક પ્રભુને પશ્ન પુછે છે કે 'હે પ્રભુ મારા મૃત્યુ પછી મારી શી ગતિ થશે ?' આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે કે 'હે શ્રેણિક તારે મૃત્યુ પછી નરકમાં જવાનું છે.' આ ઉત્તર સાંભળીને શ્રેણિક મહારાજા તરતજ બીજો પ્રશ્ન પુછે છે કે 'પ્રભુ તમારા દર્શન કર્યા પછી પણ અને આટલી ભાવથી ભક્તિ કરવા છતાં પણ મારે નરકમાં શા માટે જવું પડશે ?' આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે કે 'હે શ્રેણિક મને મળ્યા પહેલા તારા દ્વારા ગર્ભ સહિત હરણીની હિંસા થયેલી છે, અને આ કૃત્ય તેં ઉલ્લાસ ભેર અને ગર્વ સાથે શિકારના હેતુથી કરેલ છે, તેથી આ કાર્ય દ્વારા નરકનો બંધ પડી ગયેલ છે અને આજ કારણથી તારે મૃત્યુ પછી નરકમાં જવું પડશે.' આ ઉત્તર સાંભળી શ્રેણિક મહારાજા ફરીથી ભગવાનને વિનય પૂર્વક પ્રશ્ન પૂછે છે કે 'હે પ્રભુ આ નરકમાં ન જવુ પડે તેવો કોઈ ઉપાય ખરો ?' શ્રેણિકના આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન જણાવે છે કે 'હે શ્રેણિક ઉપાય તો છે પરંતુ તેમા તને સફળતા મળશે નહીં, આમ છતાં એક કામ તુ કર તારા નગરમાં પુણીયાનામનો એક શ્રાવક રહે છે. જો તુ તેનું એક સામાયિક ખરીદી લાવે તો આ નરક ગતિ માંથી બચી શકાય.' આ સાંભળીને શ્રેણિકે પ્રભુને વિનય પૂર્વક કહ્યું કે આ કામ હું સરળતાથી કરી શકીશ. શ્રેણિક મહારાજા પોતાના પ્રધાન મંત્રીને પુણીયા શ્રાવકના રેહઠાણ અંગેની વિગતવાર પુછપરછ કરી પોતે સ્વયમ્ પુણીયા શ્રાવકના ઘેર સામાયિક ખરીદવા માટે જાય છે અને તેના ઘેર પહોંચીને તેને એક સામાયિક વેચાતું આપવા વિનંતી કરે છે. આ સાંભળીને પુણીયા શ્રાવક રાજાને જણાવે છે કે આ સામાયિકની કિંમત હું જાણતો નથી. પરંતુ જેમણે આ સામાયિક ખરીદવા માટે આપને જણાવ્યું હોય તેમને આપ મારા એક સામાયિકની કિંમત જઈને પૂછી આવો, તે જે કિંમત જણાવશે.

તે કિંમતે હું આપને સામાયિક આપવા રાજી છું. આ સાંભળી હર્ષ ઘેલા થયેલા શ્રેણિક મહારાજા બીજા દિવસે ઉતાવળથી ભગવાન મહાવીરની પર્ષદામાં જાય છે. ભાવ પૂર્વક વંદના કરી પ્રભુને આગલા દિવસે પુણીયા શ્રાવક સાથે થયેલી વાતચીત જણાવે છે. ત્યારે પ્રભુ શ્રેણિકને કહે છે કે 'હે શ્રેણિક આ સામાયિક ખરીદવા માટે તું સ્વયમ્ અને તારુ તમામ રાજપાટ એ બધું તું આપી દે છતાં પણ આ તમામ તો માત્ર ત્રણ ટકા દલાલી મા જાય તો મૂળ કિંમતતો તું કેવી રીતે આપી શકે ?' આ સાંભળીને શ્રેણિક સમજી ગયો કે મારાથી પુણીયા શ્રાવકનું સામાયિક ખરીદી શકાય નહીં. આ પ્રસંગ ઉપરથી આપણને ખ્યાલ આવે કે 'પુણ્યા શ્રાવકના સામાયિકની કિંમત કેટલી હશે ?'

પ્ર : ૫૩ ભગવાન મહાવીરે કઈ શ્રાવિકાને ધર્મ લાભ કહેવડાવેલા ?

ઉ : ૫૩ ભગવાન મહાવીરે અંબડ પરિવાજક દ્વારા સુલસા શ્રાવિકાને ધર્મ લાભ કહેવડાવેલા.

પ્ર : ૫૪ દેરાસરના ગભારામાં શ્રાવકે કેટલા પડવાળો મુખકોશ બાંધવો જોઈએ?

ઉ : ૫૪ દેરાસરના ગભારામાં પ્રવેશ કરતાં શ્રાવકે આઠ પડવાળો મુખકોશ બાંધવો જોઈએ.

પ્ર : ૫૫ મહાવીર સ્વામીના પ્રમુખ શ્રાવક અને શ્રાવીકાનું નામ શું હતું ?

ઉ : ૫૫ મહાવીર સ્વામીના પ્રમુખ શ્રાવકનું નામ આનંદ હતુ તેમજ પ્રમુખ શ્રાવિકાનું નામ સુલસા હતું.

પ્ર : ૫૬ મહાવીર પ્રભુના દિવ્ય જીવનની અલૌકિકતા વિશે જણાવો ?

ઉ : ૫૬ વર્તમાનમાં જેમનું શાસન વિદ્યમાન છે. તેવા મહાવીર સ્વામી પ્રભુના આ ચોવીશીમાં સૌથી વધુ સ્થુલભવ સત્યાવીશ (૨૭) અને અસંખ્ય સુક્ષ્મ ભવો થયા હતા. સંમ્યક્ત્વ પ્રાપ્તિ બાદ ત્રીજા ભવે ત્રિદંડિક મત પ્રારંભ્યો હતો. તેમજ સંમ્યક્ત્વ બાદ વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકરની એમ ત્રણ પદવી તેઓને મળી હતી. આ ઉપરાંત સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી ચૌવીશ તીર્થંકર પૈકી સાતમી નરકે જવાવાળો વીર પ્રભુનો જ આત્મા હતો. તીર્થંકર નામ કર્મ નિકાચના કરતાં સૌથી વધુ અને તીવ્ર તપ તેઓએ કર્યો એટલે કે અગિયાર લાખ એંશી હજાર છસોપીસ્તાળીશ માસક્ષમણની પચ્ચીસમાં ભવમાં આરાધના કરેલ. એ એકજ એવા તીર્થંકર હતા કે જેઓને એકજ ભવમાં બે માતા પિતા હતા. તેમજ તેમનાં માતા પિતા તેઓને નીશાળે ભણવા મૂકવા માટે લઈ ગયા હતાં. આ તીર્થંકરની વિશેષતામાં તેઓએ એકાકિ

ચારિત્ર ગ્રહણ કર્યું હતું અને મોક્ષે પણ એકલાજ ગયા હતા. તેઓના સંયમ જીવનમાં ઉપસર્ગની શરૂઆત અને પૂર્ણતા ગોવાળિયા દ્વારા થઈ. આ તીર્થંકરે સંયમ પ્રાપ્તિ બાદ પ્રથમ પારણું ગૃહસ્થના પાત્રમાં કર્યું હતું. સંયમી બન્યા બાદ અર્ધ વસ્ત્રનું દાન કર્યું. મૌન રહેવાનો અભિગ્રહ હોઈને ચંડકૌશિકને બુજઝ-બુજઝ શબ્દ કહી પ્રતિબોધ્યો. છદ્મસ્થ અવસ્થામાં ગોશાળો શિષ્ય થયો તેના નિમિત્તથી પરમાત્માને અનેક ઉપસર્ગ થયા. ગોશાળા દ્વારા પરમાત્માના નામે ઘર-પાડા-ગામ બાળવાની પ્રવૃત્તિ થયેલ. તેજોલેશ્યા દ્વારા બળતા એવા ગોશાળાને ભગવાને શીતલેશ્યા મુકી બચાવ્યો હતો. અપાત્ર અને અયોગ્ય એવા મંખલીપુત્ર ગોશાળાને ભગવાને તેજોલેશ્યા વિદ્યા પ્રાપ્ત કરવાની વિધિ બતાવી હતી. સંગમ દેવે છ મહિના સુધી ગોચરીને અનેષણીય બનાવી હતી તેમજ ઘણા ઉપસર્ગ કર્યા હતા. આ તીર્થંકરે આ ચોવીશીમાં સૌથી વધુ અને દીર્ઘકાલસુધી ઉપસર્ગને સહન કર્યાં હતા. એકજ દેવ દ્વારા એકજ રાત્રિમાં વીસ-વીસ ઘોર મરણાંત ઉપસર્ગ થયા હતા. કેવળજ્ઞાન થયા પછી પ્રથમ દેશના નિષ્ફળ જવાથી શાસનની સ્થાપના માટે એકજ રાત્રિમાં બાર કિલોમીટરનો દીર્ઘવિહાર કર્યો અને કેવળ જ્ઞાનના બીજા દિવસે શાસનની સ્થાપના થઇ હતી. વર્તમાન ચોવીશીમાં મહાવીરના શાસનમાં તીર્થંકર નામકર્મ બાંધનારની સંખ્યા વધુ છે. આ તીર્થંકરે શિષ્યના આગ્રહથી રેવતી શ્રાવિકાને ત્યાંથી કોળાપાક ગોચરીમાં મંગાવ્યો હતો. પ્રભુ મહાવીરે અંતિમ સમય જાણી આ અવસર્પિણી કાળમાં સૌથી મોટી સોળ પ્રહરની દેશના આપી હતી. તેમનાં નિર્વાણના દિવસે ચેડમહારાજાના સામંત એવા અઢાર ગણરાજાઓએ પૌષધપવાસ કર્યો હતો તથા તેમના નિર્વાણનો દિવસ સમસ્ત જગત દિપાવલિકા પર્વ તરીકે આરાધે છે. આ ચોવીશીમાં ફક્ત વીર પ્રભુના નિર્વાણની આરાધના થાય છે. અને તે પણ છઠ્ઠ તપથી થાય છે.

પ્ર : ૫૭ શ્રાવકે દેરાસરમાં જતાં કેટલા અભિગમ સાચવવાના હોય છે ?

પ્ર : ૫૭ શ્રાવકે દેરાસરમાં જતાં પાંચ અભિગમ સાચવવાનાં હોય છે.

પ્ર : ૫૮ શ્રાવકે મહિનામાં કુલ કેટલા પ્રતિક્રમણ કરવાના હોય ?

ઉ : ૫૮ શ્રાવકે મહિનામાં બધા મળીને કુલ ૬૦ પ્રતિક્રમણ સામાન્ય રીતે કરવા જોઈએ.

ૐ

એકવીસમું પ્રકરણ
એકાગ્રતા, આડાઈ, આબરૂ

પ્ર : ૧ એકતા એટલે શું ?

ઉ : ૧ એકતા એટલે શું કે ક્યારેય મતભેદ ના પડે. મતભેદ થાય ત્યારે ઝઘડા થાય. મનભેદ થાય ત્યારે ડાયવોર્સ લે અને તનભેદ થાય ત્યારે નનામી નીકળે.

પ્ર : ૨ એકાગ્રતા માટે શું કરવું ?

ઉ : ૨ એકાગ્રતા માટે જપ, તપ, કરવાં. જપયોગ કરવો જોઈએ. જેમ જેમ એકાગ્રતા વધતી જાય તેમ તેમ ભાવ નિંદ્રા પાતળી થતી જાય. એકાગ્રતા માટે આંખો બંધ કરીને ૧૦૦, ૯૯, ૯૮, ૯૭, ૯૬, ૯૫, એમ ઉંધેથી ગણત્રી કરવી અથવા આંખો બંધ કરીને જાણે ચોપડી વાંચતા હોઈએ તેવી રીતે ચોપડીમાં લખેલ મંત્રના અક્ષરો દેખાય અને વાંચવા પ્રયત્ન કરવો.

પ્ર : ૩ ભગવાનમાં એકાગ્રતા કેમ રહેતી નથી ?

ઉ : ૩ નિયમ એવો છે કે જ્યાં રુચિ હોય, જ્યાં પ્રીતિ હોય, જ્યાં પ્રેમ હોય ત્યાં એકાગ્રતા રહે. લક્ષ્મીમાં રુચિ છે, પ્રીતિ છે અને પ્રેમ પણ લક્ષ્મી પ્રત્યે છે. એટલે લક્ષ્મી યાદ રહે છે. અને જેની કિંમત સમજાઈ હોય તે વસ્તુ યાદ રહે, તેમા એકાગ્રતા આવે. પૈસાની કિંમત સમજાઈ છે, પણ ભગવાનની કે પરમાત્માની કિંમત સમજાઈ નથી. જ્યારે ભગવાન પ્રત્યે રુચિ, પ્રીતિ અને પ્રેમ ઉત્પન્ન થશે અને ભગવાનની કિંમત સમજાશે ત્યારે આપોઆપ જ ભગવાનમાં એકાગ્રતા રહેશે.

પ્ર : ૪ આડાઈ એટલે શું ?

ઉ : ૪ આડાઈ એટલે ઈગોઈઝમનો દુરૂપયોગ. આડાઈ એટલે વિકૃત અહંકાર. ખેંચ અને ચોંટ બે ભેગી કરો એટલે આડાઈ. સાચાને કે જૂંઠાને પકડી રાખવું તે આડાઈ. આડાઈ એટલે પોતાનું નુકશાન કરવું તે. મોક્ષનો વિચાર કરતાં જે વચમાં આવે તે આડાઈ.

પ્ર : ૫ આડાઈ કોને કહેવાય ? તેનું મૂળ શું ?

ઉ : ૫ દિલ ઠરે એવી સાચી વાતનોય સ્વીકાર ના કરે તે આડાઈ કહેવાય. વહેતા અહંકારનો વાંધો નહીં પણ અહંકારને સહેજ પકડ્યો એનું નામ આડાઈ. અજ્ઞાનતામાં પોતાની ભૂલ થઈ હોય તેની પોતાને ખબર પડે કે આ ભૂલ થઈ ગઈ તોય બીજું કોઈ પૂછે કે આવું કેમ કર્યું ત્યારે એમ કહે કે આવું કરવા જેવું હતું એજ આડાઈ કહેવાય.

રાત્રે કોઈની જોડે આપણને ભાંજગડ પડી હોય અને સવારમાં ત્હાં મુકવામાં આવે તો કહે મારે તારી ત્હાં ના જોઈએ અને કંઈ ના જોઈએ આમ શનિવારની વાત રવિવારે ખેંચી લાવે એ આડાઈ કહેવાય. પોતાનું ધાર્યું બીજા પાસે કરાવવા જાય ત્યારે આડાઈ ઊભી થાય. તું છું ભરમડો અને વળી પાછો કહે છે કે હું જ બધું કરું છું અને હું જ બધું છું તે આડાઈ. આડાઈનું મૂળ અહંકાર છે. જેટલી બુદ્ધિ વધારે એટલી આડાઈ વધારે. રીસાવું એ પણ આડાઈનો જ પ્રકાર છે.

પ્ર : ૬ મોક્ષે જતાં શું નડે છે ?

ઉ : ૬ આ જગતમાં મોક્ષે જતાં કોઈ વસ્તુ નડતી નથી ફક્ત તમારી આડાઈ તમને મોક્ષે જતાં રોકે છે.

પ્ર : ૭ બળદનો કે પાડાનો અવતાર ક્યારે આવે ?

ઉ : ૭ બહુ આડાઈ વધે ત્યારે બળદનો કે પાડાનો અવતાર આવે.

પ્ર : ૮ આડાઈઓ શેનાથી જાય ?

ઉ : ૮ આડાઈઓ સરળતાથી નીકળે. પારકાના ધાર્યા પ્રમાણે કરવા જતાં આડાઈઓ ખલાસ થતી જાય. બીજાના કહ્યા પ્રમાણે વર્તવાથી આડાઈઓ જતી રહે.

પ્ર : ૯ આબરૂ કોને કહેવાય ?

ઉ : ૯ કોઈ ઘેર આવે તોય શેરડો ના પડે તેનું નામ આબરૂ. કોઈ સંયોગ શેરડો ના પાડે તેને જ આબરૂ કહેવાય. ઘેર ગમે તે માણસ આવે, ગમે ત્યારે આવે તોય તે મહી શેરડો ના પડવો જોઈએ, તો જ આબરૂ કહેવાય. મહીં નિરાંત હોય તેનું નામ આબરૂ. ઉઘાડો કરે તોય આબરૂ રહે તે આબરૂ કહેવાય. જગતની કોઈ ચીજ આપણી નહીં અને બ્રહ્માંડના માલિક તેનુ નામ આબરૂ.

પ્ર : ૧૦ આબરૂદાર કોને કહેવાય ?

ઉ : ૧૦ જે કોઈ પણ જીવને કિંચિતમાત્ર પણ દુઃખ નથી આપતો તેને આબરૂદાર કહેવાય. જેને ઢાંકવું ન પડે તે આબરૂદાર. આબરૂદારની આંખમાં હંમેશા શરમ હોય પોતે બેઠેલો હોય તો તે ઊભાં રહેલાને બેસાડી પોતે ઊભો રહે તે આબરૂદાર. ફાટેલાં કપડાં હોય કે વાળ વધેલા હોય તોય પોતાને શરમ ના આવે તેનું નામ આબરૂદાર. કપડાં કાઢી નાંખીને ફરે અને લોક કંટાળે નહી તે આબરૂદાર. જેની પાસેથી ઊઠવાનું મન ના થાય, ભૂખ કે વિષયની વેદના પણ ના લાગે તે આબરૂદાર. જેણે આબરૂનો ભો છોડ્યો તેને આબરૂદાર કહેવાય. આંખ માત્રથી વિશ્વ કલ્યાણ કરે તે આબરૂદાર. દુશ્મનને તો દુઃખ ના આપે પણ પોતાનો હાથ કાપે તેને પણ દુઃખ ન દે તે આબરૂદાર. આબરૂદાર કોણ કે જેને પોતાની જાત ઉપર વિશ્વાસ છે. જાત એટલે હું શુદ્ધાત્મા છું તે.

બાવીસમું પ્રકરણ
ઈચ્છા

પ્ર : ૧ ઈચ્છા એટલે શું ?

ઉ : ૧ ઈચ્છા એટલે રૂમાં દીવાસળી ચાંપવી, એનું નામ ઈચ્છા. આ રૂ પડ્યું છે તેનો વાંધો નથી પણ જો દીવાસળી લઈને સળગાવીએ એને ઈચ્છા કહેવાય. ઈચ્છા એ તાપ છે. ઈચ્છા એ સાક્ષાત પ્રગટ અગ્નિ છે. ઈચ્છા થઈ એટલે અગ્નિ સળગ્યો. કોઈપણ જાતની ઈચ્છા થઈ એટલે એ અગ્નિ સળગ્યો કહેવાય પછી એ અગ્નિ ઓલવાય નહીં ત્યાં સુધી સળગ્યાં જ કરે. ઓલવે ત્યારે શાંતિ થાય નહીં તો શાંતિ થાય નહીં. ઓલવાય નહીં ત્યાં સુધી ઉપાધિ. ઈચ્છા જ્યાં સુધી પૂરી ના થાય ત્યાં સુધી એ અગ્નિ સળગ્યા જ કરે. ઈચ્છા એ પરિણામ છે. ઈચ્છા એ તો પાછળનો હિસાબ છે. ઈચ્છા આવે છે કરવાની જરૂર નથી. જે થવાનું હોય તેની પહેલાં ઈચ્છા થાય. ઈચ્છા એ પરવશપણું છે. કિંચિંતમાત્ર પણ ઈચ્છા એ ભીખ છે. ઈચ્છા એટલે ભિખારીપણું. ભગવાન કહે છે ઈચ્છા એ જ અંતરાય કર્મ છે.

પ્ર : ૨ ઈચ્છાનું મૂળ શું ?

ઉ : ૨ અજ્ઞાનતા.

પ્ર : ૩ ઈચ્છાનું ઉદભવસ્થાન શું?

ઉ : ૩ ઈચ્છા બધી સંજોગવશાત થાય છે. ઈચ્છા સંજોગોના દબાણથી ઉત્પન્ન થાય છે. અત્યારે આ બધાને ઓઢવાની ઈરછા થતી નથી પણ ઠંડી એકદમ પડે તો બધાને એની ઈચ્છા થાય. ઈચ્છા એ સંજોગોના દબાણને લીધે છે. ઈચ્છાઓ બુધ્ધિના આશયમાં જે તું લાવ્યો હોય તેની થયા કરે. રાગ હોય તો સારું કરવાની ઈચ્છા થાય. દ્વેષ હોય તો ખરાબ કરવાની ઈચ્છા થાય. ઈચ્છાઓ પુદ્ગલ કરે છે. ઈચ્છા એ પુદ્ગલ વસ્તુ છે. બધી ઈચ્છા ફરજિયાત છે. કોઈ પણ પ્રકારની ઈચ્છા તમને ઉત્પન્ન થાય એ બધી જ ફરજિયાત છે. પછી સંડાસ જવાની હો કે પછી ચા પીવાની હોય કે પછી માંથે બામ ઘસવાની હોય. કર્યા વગર ચાલે નહીં એ ફરજિયાત ઈચ્છાઓ કહેવાય છે. એ આથમતી ઈચ્છાઓ કહેવાય જે ફરજિયાત છે. ઉગતી ઈચ્છાઓ મરજિયાત છે. એક ચાર્જ ઈચ્છા અને બીજી ડીસ્ચાર્જ ઈચ્છા. ઉગતી ઈચ્છા ચાર્જ ઈચ્છા માટે બંધનકારક છે. આત્મા પ્રાપ્ત થયા પછી આથમતી ઈચ્છાઓ જે ફરજિયાત છે તે ડીસ્ચાર્જ છે અને નિકાલી ઈચ્છા છે. ઈચ્છાનું ઉદ્ભવસ્થાન અશુદ્ધ ચિત્ત જ છે.

પ્ર : ૪ ઉગતી ઈચ્છા એટલે શું?

ઉ : ૪ ઉગતી ઈચ્છા એ ભાવકર્મ છે એ ચાર્જ ઈચ્છા છે. તમે ચંદુલાલ છો એ નક્કી થાય ત્યાર પછી ઉગતી ઈચ્છા થાય હવે જેને હું ચંદુલાલ છું અને હું કર્તા છું એવું ભાન છે તે કર્તા થયો એટલે બીજ પડે માટે જેને જ્ઞાન નથી તે બધાને ઉગતી ઈચ્છા હોય છે, જે બંધનકારક છે. ઉગતી ઈચ્છાઓને આશા કહેવાય છે. એ ચાલુ વેલો ઉગ્યા કરે. અંહકારમાં ઈચ્છા ઊભી થાય છે. આતો અહંકારની ઈચ્છા છે.

પ્ર : ૫ જગતના વિષયોની, ભૌતિક ચીજવસ્તુઓની ઈચ્છા હોય તો શું કરવું ?

ઉ : ૫ મન, વચન, કાયા, અને આત્માનો ઉપયોગ લોકો માટે કર. આ બધું જ પારકાને માટે વાપર તો તમને તમારી દરેક વસ્તુ મળી આવશે. તમારી જીવન જરૂરિયાતમાં કિંચિતમાત્ર પણ અડચણ નહીં પડે. મનુષ્ય જીવનનો હિસાબ અને અર્ક એટલો જ છે કે મન, વચન, કાયા પારકા માટે વાપરો.

પ્ર : ૬ ઈચ્છા થતાંની સાથે વસ્તુ હાજર થાય તે શું કહેવાય?

ઉ : ૬ ઈચ્છા થઈ અને વસ્તુ તરત મળે તો જાણવું કે અધોગતિમાં જવાનું છે એનું મગજ વધતું વધતું ચક્રમ થઈ જાય. આ કળિયુગ છે અને તે ઈચ્છાઓની જો પ્રાપ્તિ થાય ને તો આપણો અહંકાર વધી જાય અને પછી ગાડુ ઉધુ ચાલે એટલે કળિયુગમાં હંમેશા જેને ઠોકરો વાગે ને તે જ સારું કહેવાય. એટલે દરેક યુગમાં જુદું જુદું હોય. કુદરતનો કાયદો એવો છે કે ઈચ્છા થાય અને તરત વસ્તુ મળે તો એ લપસી રહ્યા છે. અધોગતિમાં જઈ રહ્યા છે, એમ માનવું.

પ્ર : ૭ ઈચ્છા બાબતમાં કુદરતની ગોઠવણી શું છે ?

ઉ : ૭ કુદરતે કેવી સુંદર ગોઠવણી કરી છે કે જેને ઊર્ધ્વગતિમાં જવાનું છે તેની બધી જ ઈચ્છા પ્રમાણે પુરૂ પાડવાનું, પણ તે ઈચ્છા, ખલાસ થઈ ગયા પછી, જ્યારે અધોગતિમાં જેને જવાનું છે તેને તરત જ વસ્તુ પૂરી પાડવાની માટે કુદરતની વાતને સમજો. આ કુદરતના કાયદા જુદી જાતના છે. ઊર્ધ્વગતિમાં લઈ જવાના હોય તેના કાયદા જુદા અને અધોગતિમાં ઘસડી જવાના કાયદા જુદા હોય છે. ઈચ્છા તો બધાયની પૂરી થવાની જ.

પ્ર : ૮ ઈચ્છા શાંથી થાય છે ?

ઉ : ૮ આ જુવારને ડુંડુ આવે છે એના જેવી વસ્તુ છે. ઈચ્છા તો જેનું બીજ પડી ગયું હોય તેની જ ઈચ્છા થાય. ભાવ પડી ગયા હોય તેની ઈચ્છા થાય. ભાવ એ કોઝ છે અને ઈચ્છા એ પરિણામ છે. કોઝીઝ બંધ થાય તો ઈચ્છા બંધ થાય. તમામ પ્રકારની ઈચ્છાઓ એ બધી જ ઈફેક્ટ છે, તે કોઝ નથી. મારે આ જગતમાં કંઈ જ જોઈતું નથી એવું નક્કી કરી નાંખવું ત્યાં આગળ સીલ થઈ ગયું પછી ડિસ્ચાર્જ ઈચ્છા જ રહી, ચાર્જ નહીં થાય.

પ્ર : ૯ કલ્પના કોને કહેવાય ?

ઉ : ૯ ''હું ચંદુલાલ છું'' એ કલ્પના. સંકલ્પ-વિકલ્પને જ કલ્પના કહેવામાં આવે છે.

પ્ર : ૧૦ કલ્પના અને ઈચ્છા એ બંન્નેમાં શો ફેર ?

ઉ : ૧૦ કલ્પના તે મૂળ સ્વરૂપની અજ્ઞાનતાથી ઊભી થાય છે અને ઈચ્છા થાય છે તે ડિસ્ચાર્જની થાય છે. પણ મૂળ ઈચ્છા ઊભી થાય છે તે કલ્પનામાંથી ઊભી થાય છે. વરસાદનું પાણી નીચે જમીન ઉપર પડ્યા કરે છે. એમાં પાણીની ઈચ્છા છે કે હવાની ઈચ્છા છે કે આકાશની ઈચ્છા છે! તેવુ છે આ બધું.

પ્ર : ૧૧ ઈચ્છા અને ચિંતવનમાં શો ફેર ?

ઉ : ૧૧ ચિંતવન એ આગળનો હિસાબ ચીતરે છે અને ઈચ્છા એ પાછલો હિસાબ શું શું છે તે દેખાડી આપે છે. ઈચ્છા એ તો પાછલો હિસાબ છે જ્યારે ચિંતવનમાં યોજનાઓ ઘડે તન્મયાકાર થઈ કોઝ નાંખે છે. ઈચ્છા એ ઈફેક્ટ(પરિણામ) છે જ્યારે ચિંતવન એ કોઝ છે, ચાર્જીગ પોઈન્ટ છે.

પ્ર : ૧૨ ભાવનો અર્થ શો?

ઉ : ૧૨ ભાવનો છેલ્લો અર્થ ''અસ્તીપણું'' તે. વ્યવહારમાં ભાવનો અર્થ ઈચ્છા કહેવાય છે.

પ્ર : ૧૩ યાદ અને ઈચ્છા એ બેમાં શો ફેર?

ઉ : ૧૩ યાદ આવે છે એ પ્રતિક્રમણ દોષ છે અને ઈચ્છા થવી એ પ્રત્યાખ્યાન દોષ છે.

પ્ર : ૧૪ ''ક'' એટલે શું ? એ જાય ક્યારે ?

ઉ : ૧૪ ''ક'' એટલે ઈચ્છા ના હોય છતાં કરાવડાવે. આ ''ક'' એ તો અમે જ્ઞાન પહેલાં જોયેલાં તે તમને કહીએ છીએ કે આ ભાવકો મહી વંશાવળીની પેઠે અંદર બેઠેલા છે. શુદ્ધાત્માનો સ્પષ્ટ અનુભવ થાય ત્યારે બંને ભાગ છુટા વર્તે એટલે પેલા બધા ''ક'' રીટાયર્ડ થાય. ''ક'' એ તો એવી સધ્ધર વસ્તુ છે કે આપણે સો વખત નક્કી કરીએ છતાં ''ક'' કરાવ્યા વગર રહે નહીં.

પ્ર : ૧૫ તૃપ્તિ અને સંતોષમાં શો ફેર ?

ઉ : ૧૫ તૃપ્તિ એટલે એના તરફના વિચારો ના આવે. સંતોષમાં તો સંતોષ થાય પછી એનું એ જ ખોળવું પડે. દૂધપાકમાં આજે સંતોષ થયો હોય તો ફરી પાછો દૂધપાકની ઈચ્છા થાય અને તૃપ્તિ એટલે દૂધપાકની ફરી ઈચ્છા થાય નહીં અને પ્રાપ્તિ થયા કરે એ તૃપ્તિ કહેવાય. ફરી ભોગવવાની ઈચ્છા ના થાય એનું નામ તૃપ્તિ. લોકોને સંતોષ થાય છે પણ તૃપ્તિ થતી નથી. ઈચ્છા પૂરી થઈ એનું નામ સંતોષ. સંતોષ એ પરિણામ છે. તૃપ્તિ તો જ્ઞાનીને હોય. પૂર્વે સંતપુરૂષોનું સાંભળેલું હોય તેના પરિણામે સંતોષ ઉત્પન્ન થાય છે. સંતોષનો

ત્રેવીસમું પ્રકરણ
ઉપવાસ, ઊદાં

પ્ર : ૧ ઉપવાસ એટલે શું ?

ઉ : ૧ ઉપવાસ એટલે '' સ્વરૂપ' માં વાસ તે, સ્વક્ષેત્રમાં રહેવું તેનું નામ ઉપવાસ. ઉપવાસ ઉપયોગમાં રહેવા માટે છે, કંઇ ભૂખે મરવા માટે ઉપવાસ નથી.

પ્ર : ૨ ઉપવાસ બાબતે શ્રીમદ્ રાજચંદ્રે શું કહ્યું હતું ?

ઉ : ૨ એકવાર એક જૈનના મહારાજ સાહેબે ઉપવાસ કરેલા તે ઘણા લોકો તેમના દર્શન માટે જાય. ત્યારે શ્રીમદ્ રાજચંદ્ર તેમને જોવા માટે ગયેલા કે આ મહારાજ સાહેબ જ્ઞાનમાં છે કે અજ્ઞાનમાં. પછી બોલ્યા કેઃ

''દુર્બળ દેહ અને માસ અપવાસી જો છે માયાના રંગ રે.
તો પણ ગર્ભ અનંતા લેશે બોલે બીજું જ્ઞાન અંગ રે''

પ્ર : ૩ ઉપવાસનો અધ્યાત્મિક અર્થ શો?

ઉ : ૩ ઉપવાસનો અધ્યાત્મિક અર્થ એ છે કે વૃતિઓને ઇન્દ્રિયો તરફથી અંતરમુખ કરો. ઉપ એટલે પાસે અને વાસ એટલે રહેવું. ભગવાનની પાસે અર્થાત્ આત્માની પાસે રહેવું, આત્મામાં રહેવું તે જ સાચો ઉપવાસ કહેવાય.

પ્ર : ૪ ભગવાને ઉપવાસ બાબતે શું કહ્યું છે?

ઉ : ૪ ભગવાને કહેલું કે સમકિત થયા પછી ત્રણ ઉપવાસ કરજે, બહુ થઇ ગયું. સમક્તિ વગર ઉપવાસ કરે છે એ ઢોર લાંઘણ છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન વગરના ઉપવાસ કરવાના હોય અથવા જે દહાડે ખાવાનું ના મળે તો ઉપવાસ કરવાનો, બાકી તો ઢોર લાંઘણ છે.

પ્ર : ૫ શાસ્ત્રમાં કયાં કેટલા ઉપવાસ માટે જણાવ્યું છે ?

ઉ : ૫ પખ્ખી પ્રતિક્રમણમાં એક ઉપવાસ કરવો. ચાર્તુમાસિક પ્રતિક્રમણમાં બે ઉપવાસ કરવા અને સાવંત્સરી પ્રતિક્રમણમાં ત્રણ ઉપવાસ કરવા એમ જણાવેલું છે.

પ્ર : ૬ ઉપવાસ કરવાથી શું લાભ?

ઉ : ૬ ઉપવાસ કરીએ તો શરીરની મહી જે અજીર્ણ થયું હોય તે બળી જાય અને જાગૃતિ રહે. ઉપવાસ તો શરીરને મુશ્કેલી પડી હોય, કંઇ વિકારો થયા હોય, તો એ વિકારો બાળી મેલવા માટે ઉપવાસ કરવાનો. આ વિકારો બળી જવાથી માણસ સ્થિર થઇ શકે છે. ઉપવાસ શરીરનું બંધારણ કેવું છે તે જોઇને કરવા જોઇએ.

પ્ર : ૭ આયબીલ એટલે શું? તેનાથી શું લાભ?

ઉ : ૭ આયંબીલ એટલે એક જ વસ્તુ, એક જ ધાન ખાવાનું બીજુ ધાન ખાવાનું નહીં. એનાથી બધી જાતના પોઇઝન બધા દ્રવ્યો બળીને ખલાસ થઇ જાય છે. આયંબીલથી કેટલાંક ચામડીનાં દર્દો મટી જાય છે. કોઢને માટે પણ એ ફાયદાકારક છે.

પ્ર : ૮ અગિયારસ કોને કહેવાય ?

ઉ : ૮ પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, અને અગિયારમું મન, આ અગિયારને નિરાહારી રાખવાં તે અગિયારસ કહેવાય. આંખ, કાન, મોં, સ્પર્શ અને નાંક એ જ્ઞાનેન્દ્રિય અને હાથ, પગ, ગુદાં, શિશ્ન, જીભ એ કર્મેન્દ્રિય અને અગિયારમું મન આ બધાને એક દહાડો ખોરાક આપવાનો નહીં. કાંને સંભળાય તો ખરું પણ આપણે સાંભળવા જવાનું નહીં. ચોવીસ કલાક નિરંતર જાગૃત્તિમાં કાઢવા. દાદા દાદા મનમાં બોલે રાખવું, મનમાં દાદાનું સ્મરણ ચાલ્યા જ કરે.

પ્ર : ૯ ઉણોદરી એટલે શું ?

ઉ : ૯ મહીં ભૂખથી સળગતું જાય ત્યારે મહીં ખોરાક નાંખતા જવાનું. સળગતું જાયને મહીં નાંખતા જવાનું અને નિરંતર જાગૃતિ હોય. દરરોજ ચાર રોટલી ખાતા હોઇએ તો બે રોટલી ખાવાની. હોજરીમાં ચાર ભાગ કરી નાખવાં. દરરોજ જેટલું ખાતા હોઇએ તેનાથી અડધા ભાગનું જમવાનું અને બાકીનો અડધો ભાગ હવા અને પાણી માટે ખાલી રહેવા દેવાનો, એનું નામ ઉણોદરી. ઉણું એટલે ઓછું જમવાનું અર્થાત્ અડધું પેટ ભરીને જમવાનું અને બાકીનો અડધો ભાગ હવા અને પાણી માટે ખાલી રાખવાનો. ઉણોદરીને ભગવાને બધા તપમાં શ્રેષ્ઠ તપ કહ્યું છે.

પ્ર : ૧૦ ઊંઘ શું છે?

ઉ : ૧૦ ઊંઘ એટલે આત્માને કોથળામાં પુરી દેવો તે. ઊંઘમાં તો બિલકુલ અંધારૂ ઘોર થઈ જાય છે. ઊંઘ એ કર્મફળ છે. ઊંઘ એ કર્મનું ફળ આવ્યું છે. એ બેભાનપણાનાં કર્મનું ફળ છે, અજ્ઞાનતાનું ફળ છે. ઊંઘમાં આવરણ બધું આવી ગયું, અંધારૂ ઘોર થઈ ગયું કહેવાય. બારણાં વસાઇ ગયા પછી જ્ઞાતા-દ્રષ્ટાપણું બંધ થાય છે. કોઇ પણ જાતનું દુઃખ ના હોય તેને ઊંઘ કહેવાય.

પ્ર : ૧૧ ઊંઘ કેટલી હોવી જોઇએ ?

ઉ : ૧૧ ભગવાને ત્રણ કલાક ઊંઘવા માટે છૂટ આપી છે. આ દેહને એના કાર્ય પછી થાક ઉતારવા પૂરતી જ ઊંઘ હોવી જોઇએ. થાકે અને ઊંઘ આવે એ પ્રમાણેનો ખોરાક હોવો જોઇએ.

પ્ર : ૧૨ ગણધર શ્રી ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૂછયું કે ભગવાન ઊંઘતો સારો કે જાગતો સારો ?

ઉ : ૧૨ ભગવાને કહ્યું કે "હજારમાંથી નવસો નવ્વાણું માણસો આ જગતમાં ઊંઘતા જ સારા પણ એકાદ પરકોપકારી જીવ જાગતો સારો."

પ્ર : ૧૩ ઊંઘ ક્યારે આવે ?

ઉ : ૧૩ શરીર થાકે ,મન થાકે, બુધ્ધિ થાકે, બધું થાકે ત્યારે જ ઊંઘ આવે. દેહ પોતાના સ્વભાવમાં હોય તો ઊંઘ આવે. લોહીની ગરમી વિશેષ હોય તો ઊંઘ વધારે આવે.

પ્ર : ૧૪ ઊંઘ કેવી હોવી જોઈએ?

ઉ : ૧૪ ઊંઘ તો એવી હોવી જોઈએ કે ભીડમાં બેઠા પછી ન આમ ખસાય કે નહીં તેમ ખસાય અને તેવી ભીંડમાં બેઠા બેઠા જે ઊંઘ આવી જાય તે ખરી ઊંઘ કહેવાય.

પ્ર : ૧૫ પ્રમાદિ નિંદ્રા કોને કહેવાય ?

ઉ : ૧૫ આઠ કલાકની ઊંઘ એ તો પ્રમાદી નિંદ્રા છે.

પ્ર : ૧૬ અનિંદ્રાપણાનો અર્થ શો ?

ઉ : ૧૬ અનિંદ્રાપણાનો અર્થ શું કે નિરંતર જાગ્રત એલર્ટ.

પ્ર : ૧૭ પૂજ્ય દાદાશ્રી ચોવીસ કલાકમાં કેટલુ ઊંઘતા હતા ?

ઉ : ૧૭ દાદાશ્રી પોતે ચોવીસ કલાકમાં માંડ દોઢેક કલાક ઊંઘ લેતા. તે પણ દેહને પા કલાક ઝોકું આવી જાય પછી પા અરધો કલાક જાગ્રત હોય પાછુ દસ મીનીટ ઝોકું આવી જાય, પાછા જાગૃતિપૂર્વક વિધિઓ કરતા હોય, આમ આખી રાતમાં બધુ મળીને દોઢેક કલાક ઊંઘ આવી જાય, છતાં એવરફ્રેશ જ રહેતા.

પ્ર : ૧૮ ઊંઘ વિશે સમજાવો ?

ઉ : ૧૮ ઊંઘ એ જીવમાત્રની જરૂરિયાત છે. ઊંઘ એ તો કુદરતી બક્ષિસ છે. ઊંઘનું પ્રમાણ તો એવું હોવું જોઈએ કે દિવસે તો ઊંઘ જ ના આવે. થાકે અને ઊંઘ આવે તે પ્રમાણેનો ખોરાક હોવો જોઈએ. ઊંઘ એ પર પરિણામ છે એ આપણી સત્તાની વાત નથી. ઊંઘ એ તો સ્ત્રી કરતાંય વસમી છે.

પ્ર : ૧૯ ઊંઘ શેના આધારે આવે છે ?

ઉ : ૧૯ આ ખોરાક જે બધો હોજરીમાં જાય છે તે બધાની અંદર બ્રાંન્ડી (દારૂ) થઈ જાય છે. જેને નથી ઊંઘવું તેને ના ઊંઘવાની બ્રાંન્ડી થઈ જાય અને જેને ઊંઘવું છે તેને ઊંઘવાની બ્રાંન્ડી થઈ જાય. પણ બંન્નેય બ્રાંન્ડી થઈ જાય. પોતાના નિશ્ચય ઉપર બ્રાન્ડ્રીનો કેફ ચઢે. આ નિંદ્રા બધી ખોરાકને લીધે જ

છે. ખોરાકને લીધે દારૂ થાય છે અને દારૂને કારણે ઘેન ચઢવાથી પછી ઊંઘ આવે. ભાત હંમેશાં ડોઝીંગ કર્યા વગર રહેજ નહી. આહાર અને અનિશ્ચય એ બેને લઈને ઊંઘ આવે છે. ઊંઘને અને શરીરને કંઈ લેવા દેવા નથી.

પ્ર : ૨૦ ઊંઘથી સુખ કેમ ઉત્પન્ન થાય છે ?

ઉ : ૨૦ ઘસઘસાટ ઊંઘી જાય છે ત્યારે અહંકાર રૂપી મશીનરી બંધ થઈ જાય છે. અહંકારી રૂપી મશીનરી બંધ થતાની સાથે સુખ ઉત્પન્ન થાય. અહંકાર ક્રિયા કરતો બંધ થઈ ગયો એટલે એકાગ્રતા થાય અને એકાગ્રતાને લીધે આનંદ થાય. ઊંઘમા બધુ બંધ થઈ ગયું એટલે સંપૂર્ણ એકાગ્ર થયું એટલે આનંદ થાય.

પ્ર : ૨૧ વધારે પડતુ ઊંઘ ઊંઘ કરવાથી શેનો અવતાર આવે ?

ઉ : ૨૧ તિર્યંચનો અવતાર આવે. જાનવર ગતિમા જવું પડે. ગુણો લઈને ફર્યા કરવાનું. ગધેડાનો, ઘોડાનો અને માંછલાનો અવતાર આવે.

પ્ર : ૨૨ ઊંઘમાં શું નુકસાન થાય છે ?

ઉ : ૨૨ જે પૌદ્ગલિક સુખ ભોગવે એનો આત્મા ખસી જાય. આત્મવીર્ય ઘટી જાય. આત્માનું સુખ વેગળું કરીને આ સુખ ચાખ્યા કરે. સ્ત્રી કરતાંયે ઊંઘ ભૂંડી વસ્તુ છે. ઊંઘ એ તો વિષય ભોગવ્યો કહેવાય. વિષયસુખ કરતાંય કઠણ કહેવાય. ઊંઘવાથી જ સુસ્તી આવે છે. ઊંઘ એ તો ગુનો છે.

પ્ર : ૨૩ ભાવ નિંદ્રા અને દ્રવ્ય નિંદ્રા વિષે સમજાવો ?

ઉ : ૨૩ ભાવનિંદ્રા એટલે સ્વભાવમાં ઊંઘ્યો તે. જેને હિતાહિતનું ભાન નથી તે અજાગૃતિને ભાવનિંદ્રા કહેવાય છે. સ્વભાવની અજાગૃતિ તે ભાવનિંદ્રા. જ્યાં નથી ત્યાં છું એમ માને છે તે ભાવનિંદ્રા. પોતે પોતાનું બેભાનપણે અહિત જ કર્યા કરે છે તે ભાવનિંદ્રા. એમ ને એમ સંસાર હેતુ બંધાઈ જાય છે તેને ભાવનિંદ્રા કહેવામાં આવે છે. અજ્ઞાનતાનું પરિણામ જ ભાવનિંદ્રા છે. જ્યાં સુધી માણસને કોઈ પણ પ્રકારનો આગ્રહ છે, ત્યાં સુધી માણસ ભાવનિંદ્રામાં જ છે. ઉઘાડી આંખે ઊંઘે તે ભાવનિંદ્રા અને બંધ આંખે ઊંઘે તે દ્રવ્યનિંદ્રા. ક્રોધ, માન, માયા, લોભ એ ભાવનિંદ્રાને કારણે જ થાય છે. કોઈને કિંચિતમાત્ર પણ દુઃખ અપાય છે, તેય ભાવનિંદ્રાને લીધે જ અપાય છે. ભાવનિંદ્રાને લીધે ઉપદેશ ગ્રહણ ના થાય.

પ્ર : ૨૪ નિંદ્રા, સુષુપ્તિ, સ્વપ્ન, જાગૃતિ, તુર્યા અને તુર્યાતિત અવસ્થા સમજાવો ?

ઉ : ૨૪ **નિંદ્રા :** આ ઝાડ-પાન બધાં નિંદ્રામાં છે. એકેન્દ્રિય જીવો બે ઈન્દ્રિય જીવો એ બધાં નિંદ્રામાં છે. હરે ફરે તોય નિંદ્રા. પણ જ્યાં બુદ્ધિ થઈ ત્યાં એ નિંદ્રામાંથી એક ફેરો જાગ્રત થયો કહેવાય. નિંદ્રા અવસ્થા એ પ્યોર બ્લડની નિશાની છે. નિંદ્રા એ દુઃખનું વિસ્મરણ કરાવનાર એક સખી છે.

સુષુપ્તિ : જે સુષુપ્ત અવસ્થા છે એને ગાઢ નિંદ્રા કહેવામાં આવે છે. સુષુપ્તિ અવસ્થા હોય ત્યારે આત્માની દશા આત્માને કોથળામાં બાંધ્યો હોય એવી હોય. સુષુપ્ત અવસ્થા એટલે સંપૂર્ણ બેભાનપણું જ. બધાં બારણાં બંધ. ભાન જ નહીં કોઈ જાતનું, છતાં ગાઢ નિંદ્રામાં આનંદ હોય એ ઊઠે ત્યારે કહેશે કે આજે બહુ સરસ ઊંઘ આવી.

સ્વપ્ન : ગાઢ નિંદ્રા ના આવે ત્યારે સ્વપ્ન અવસ્થા આવે. આખો બંધ હોય અને સ્વપ્નું મહીં ચાલ્યા કરે. એ સ્વપ્ન બે દેહનું કર્મ છે. સ્થૂળ દેહ એબસન્ટ-ગેરહાજર હોય.

જાગૃતિ : સ્વપ્નમાંથી જ્યારે જાગે ત્યારે જાગ્રત અવસ્થા કહેવાય, પણ વાસ્તવમાં તો એ પણ ઊઘાડી આંખનું સ્વપ્ન જ છે. જગત આખુ ઊઘાડી આંખનું સ્વપ્ન છે.

તુર્યાવસ્થા : આ જગત એક ઊઘાડી આંખનું સ્વપ્ન છે એવું જેને લાગશે અને એમાંથી જે જાગશે ત્યારે તુર્યાવસ્થામાં આવશે. તુર્યાવસ્થા એટલે નિરંતર જાગૃતિ, ઊંઘમાય જાગૃતિ હોય. તુરીય એટલે સંસારની બધી અવસ્થાઓથી પર એનું નામ તુર્યાવસ્થા. તુર્યાવસ્થાવાળા જ્યાં જગત જાગે છે ત્યાં એ પોતે ઊંઘે છે. એટલે કે જગતને જે ગમે છે તે તુર્યાવસ્થા વાળાને જરૂરિયાત નથી. એટલે ત્યાં આગળ એ ઉદાસીન રહે છે અને પોતાની જે દશા છે એને જગત જાણતું નથી. હું શુદ્ધાત્મા છું એ તુર્યાવસ્થા. તુર્યાવસ્થા તો સમકિત ના હોય તોય ઉત્પન્ન થાય છે પછી સમકિત આવે ત્યારે એ અવસ્થા વધતી જાય છે. તુર્યાવસ્થાથી માંડીને કેવળજ્ઞાન સુધી બધી બહુ અવસ્થાઓ છે એ પણ જાગ્રત અવસ્થાઓ કહેવાય છે.

તુર્યાતીત અવસ્થા : સંપૂર્ણ જ્ઞાની થયો એ તુર્યાતીત અવસ્થા કહેવાય. વસ્તુત્વનું ભાન થઈ જાય એટલે સભાનતા થઈ એટલે પૂર્ણત્વ એની મેળે થાય.

પ્ર : ૨૫ નિંદ્રા (ઊંઘ) કેટલા પ્રકારની છે ?

ઉ : ૨૫ (૧) જે ઊંઘમાંથી સુખેથી જાગી શકાય તે નિંદ્રા.

(૨) જે ઊંઘમાંથી દુઃખે કરીને જગાય તે નિંદ્રાનિંદ્રા.

(૩) ઊભા ઊભા ઊંઘ આવે તે પ્રચલા.

(૪) ચાલતા ચાલતા ઊંઘ આવે તે પ્રચલાપ્રચલા. (ઘોડાને)

(૫) દિવસે ચીંતવેલુ કાર્ય રાત્રે ઊંઘમાંથી ઊઠીને કરી આવે છતાં તેને ભાન ના હોય તે સત્યાનિંદ્રા.

(આ વ્યક્તિમાં વાસુદેવથી અડધું બળ હોય)

પ્રકરણ ચોવીસમું
વ્યવહાર વિજ્ઞાનનુ રહસ્ય

પ્ર : ૧ વ્યવહાર વિજ્ઞાનનુ રહસ્ય શું છે ?

ઉ : ૧ લોકો જે ખાય છે, પીવે છે, ઊંઘે છે, હરે છે, ફરે છે, લગ્ન કરે છે, એક બીજાના સ્વમાન જાળવે છે, અહંકાર પોષે છે, અહંકાર ભગ્ન કરે છે, આને જ લૌકિક ભાષામાં વ્યવહાર કહેવામાં આવે છે જ્યારે વીતરાગોની ભાષામાં નિશ્ચય પ્રાપ્ત થયા પછી અર્થાત્ આત્મા પ્રાપ્ત થયા પછી જે બાકી રહ્યો તેને વ્યવહાર કહેવામાં આવે છે. આ બાકી રહેલ વ્યવહારને નિકાલી ગણવામાં આવે છે, જેને ભગવાનની ભાષામાં ડિસ્ચાર્જ ચારિત્ર મોહ કહેવાય છે, આજ વસ્તુ ગુહ્યતમમાં ગુહ્યતમ રહસ્ય છે.

પ્ર : ૨ લૌકિક વ્યવહારનું ઉત્કૃષ્ટપણુ કોને કહેવાય ?

ઉ : ૨ પ્રાપ્ત મન, વચન, કાયાથી આ જગતના કોઈપણ જીવને કિંચિતમાત્ર પણ દુઃખ ના થાય એ ભાવ નિરંતર રહ્યા કરે અને જાણતા અજાણતા જો કોઈ જીવને દુઃખ થઈ જાય તો તેનું સાચા દિલથી પ્રતિક્રમણ થાય અર્થાત્ તે જીવની સાચા અંતઃકરણપૂર્વક પ્રભુની સાક્ષીએ માફી માંગી લેવામાં આવે, તેજ લૌકિક વ્યવહારનું ઉત્કૃષ્ટપણું કહેવાય.

જય સચ્ચિદાનંદ



દાદા ભગવાનના અસીમ જય જયકાર હો





જય સચ્ચિદાનંદ



મુદ્રક: કિરીટ ગ્રાફીક્સ, અમદાવાદ. ✆ :૫૩૫૨૬૦૨